માની મૃત્યુ તિથિ.

લેખક: શ્રીયુત " બાલશ્રી "–મુંબાઇ.

આજે એજ દિવસ, મા ! તવ અવસાનનો.
તજી ગયાં, જ્યારે અમને પરદેશ જો;
રોતાં ને રડવડતાં રાખી એકલાં,
સ્મરણે સ્મરણે, વધતો વધતો કલેશ જો;
આવ્યો એજ દિવસ, મા ! તવ અવસાનનો. આજે૦

લીધો લ્હાવ અધુરો, મા ! ઉછરંગનો,
લીધી હુંફ ન, મા ! એ હૈયાં મ્હાંય જો;
લાડકવાયાં ઉગીને ઉભાં થયાં,
આપે લીધી, માતા ! ત્યાંજ વિદાય જો. આજે૦

વ્હીલાં બનતાં તાત કને જાતાં અમે,
એ પણ બનતા વ્હીલા દેખી હાલ જો;
વસમી વેળા આવી. માડી ! સાંપડી.
મા વિણ બનતાં બાળુડાં કંગાલ જો. આજે૦

માનું હેત ન માતા વિણ ક્યાંઈ મળે,
મરી મરી પણ મા જીવતી લેખાય જો;
માના ગુણનાં ગીતલડાં ગાતાં સહુ,
પાર પરંતુ કોઈ થકી ન પમાય જો,
આવ્યો એજ દિવસ મા ! તવ અવસાનનો. આજે૦

નિરાશા.

લેખક: સ્વર્ગસ્થ સૌ. વિજયાલક્ષ્મી ત્રિવેદી.-રાજકોટ.

હું મ્હાલું છું શા માટ, પ્રિયતમ ! મ્હાલો ના જ્યારે ત્હમે ?
હા ! હાય ! હું હતભાગ્ય, મ્હારે માટ ના તમ પ્રેમ તે;
રસિયા ! ત્હમારે માટ મ્હેં, આશા ખુવારી મેળવી,
તન મન બની બેહાલ, મ્હેં આ શી જુગારી કેળવી !

જેના પ્રણયને માટ મ્હેં, મમ પ્રાણ મૂક્યા પાથરી,
ત્હેનાં વચન શાં ક્રૂર આજે, કર્ણમાં રહી સાંભળી ?
જેનાં નયનનાં તેજ ઝીલું, નેનમાં રહું ચિન્તતી,
તે પ્રાણના એ પ્રાણ, નયનો ઢાળતા પૃથ્વી ભણી !

વ્હાલા ! મનોહર મુખ માટે, રંક હું રખડી મરૂં,
તે પ્રાણને મન પ્રેમ નહિં, મમ મુખ જોવા ના ગમ્યું !
ખોટી ખુવારી મેળવી, ખોટાં પ્રણયનાં સ્વપ્નમાં—

વસન્તનાં વ્હાલ.

લેખક: શ્રીમતી " મંજરી "—પોરબંદર.

હરિ વ્હાલી વસન્ત ! વધાવો રૂડી વસન્ત ! આવી ઉર આંગણે અ-
વનપેલી વસન્ત, રસિક રંગી વસન્ત, રસિક હૃદયને રમાડવાં;
નાચન્તિ ત્યાં નવેલી ન્હાના રંગે રંગેલી, રંગી હૃદયને રંગાવવા.
શીળો સમીર સમાવી, ઉષ્ણતા ઉર લાવી, ચંચળ ચિત્ત ચેતાવવા,
કેસરી રંગે રોળી ગુલાલો, ગૃહે હોળી સુનાં હૃદયને સ્નેહાળવા,
વસન્ત હોરી લલકાવી, કોકીલ ટહુકા ગજાવી, રાશ હૃદયના રણુકાવ
બાગો મૂકી બ્હેંકાવી, ફુલવાડી દઈ ફેલાવી, પ્રેમીના પ્રેમ પુલકાવવા.
મોર મધુરા મુકાવી, બુલબુલ બુલંદ બોલાવી પ્રેમ અબોલ બોલાવવા,
પરાગ પુષ્પો પ્રસારી, વન લતા દઈ લચાવી, વ્હાલ વ્હાલાનાં વીકસાવ
મંજરી શીરે મુકાવી, આમ્રવન ખુબી ખિલાવી, પ્રેમના ખેલ ખેલાવવા,
સુગંધી સમીર લાવી, અન્તર ઉર્મિ ડોલાવી, પ્રેમી દીલ ડોલાવવા.
રતુમાં વસન્ત વીરાજી, જીવનનું યૌવન જામી, જીવન વસન્ત જગાવવા,
વ્હાલાને વસન્ત વ્હાલી, વસન્ત લે બાળક મ્હાલી, સૃષ્ટિની વસન્ત વસાવવ

" યોગીની "

લેખક: શ્રીમતી " બ "—મુંબાઈ.

બનું જોગણ હું રે,– બનું જોગણ હું રે,
હૃદયે ધારી મૂર્તિ મમ પ્રીતમની રે
સજી ફફનીરે, સજી ફફની રે,
હૃદયે ધારી મૂર્તિ મમ પ્રીતમની રે.
અંગ પ્રેમની ભસ્મ લગાવી, ભાલનું ત્રિપુંડ,
આશાની ભીક્ષા હું માગું, કર શીક્ષાનો દંડ:
મન મ્હારૂં રે, મન મ્હારૂં રે,
મંદિર બનાવું મમ નાથનું રે.
પ્રેમ પ્રતિમા ત્યાં પધરાવી, પ્રીતે કરૂં પુજન,
ગંગા યમુના બે નયનોની પખાળું ચરણ:
સ્નેહ દીપેરે, સ્નેહ દીપેરે;
ઉતારૂં આરતિ મમ દેવની રે.

નિર્ધન વિધવા.

(એકાન્ત ઉદ્ગાર.)

આવે
તજી સંપાદકઃ રા. રા. મૂળજી ભોગીલાલ.–મુંબાઇ
રોતાં
સ્મરયાં વૈધવ્યનાં દુઃખ, દશા ખરી જાણેરે,
આ તે ભૂખનું દુઃખ, જમે પૂર્ણ માણેરે.
લી મ્હાલ, વિનોદ, ને હર્ષ તણાં તો શમણાંરે,
લી મુજને સુખ, દુઃખ દે બમણાંરે.
લ નેહ–નીર સુકાવ્યું, જે તે થાતા નગણ્યારે,
ન જળતી મૂકી, નાથ! થયા કયમ ઠગણ્યા?—
પ્રભુ! મૂકી એકલીરે.

ત વાડીનાં અનુપમ ફૂલ, સાલે જ્યમ કાંટારે,
ખઝરણાં ઝીલે ચોમેર, મને વિષ છાંટારે.
મરી લાખ્ખોનીવસતિ ત્યાંય, પડી છું એકલીરે,
કરે અવનવા આત્મ પ્રકાશ, આ ઉર તમિસ્રા ઢળીરે.
દ ઋતુનાં સુન્દર અભ્રો, ચાતક મિથ્યા વિનવેરે,
ઓશિયાળી જ્યાં ત્યાં જોઉં, કોઈ સહાય કરે હવે—
પ્રભુ! ભૂલી પડીરે!

વ્હાલી વિધવા બ્હેનને–

લેખકઃ રા. રા. સુન્દરરાય બાલાભાઈ દેસાઈ—મુંબાઇ.

મધુરી! ભમરો તુજ ઊડી ગયો,
તહીં પુષ્પ સુગંધી કયહાં વિચર્યો?
વિધિએ નિરમેળજ કોપ થયો,
પરલોક ગયો, મન શોક ભર્યો!

દુઃખદાયક વાત સુણી હૃદયે
અતિઘાત થયો, જ્યમ વજ્ર પડે;
થઇ શી સ્થિતિ તારી હશે, ભગિની?
નવ અંતર કાંઈ શકું કલ્પી.

સમજું તુજને નવ શિખ ઘટે,
પણ ભ્રાત હો કહું બોલજ બે,

જન્મ્યું જગમાં જન તે જ જશે,
નવ મરણ તણી ગતિ તો ટળશે.
મમ ભ્રાત ગયો, તવ નાથ ગયો,
પ્રિય બ્હેની ! જવું પણ આપણને;
કંઈ એક ગયા, કંઈ એક જશે,
ઘટમાળજ કાળની એમ ફરે !
પ્રિયમરણ અતિશય છે વસમું,
પણ શું કરવું ? સહવુંજ રહ્યું !
તુજ સ્વામિ જતાં " વિધવા " થઇ તું,
નવ ધર્મ પથેથી કદી ચળ તું.
જન નિંદક શબ્દ ઘણા વદશે,
અપમાન કરી બદનામ ધરે,
અતિ કષ્ટ પડે, પણ ના ડગજે,
નિતિ પંથમહીં, પ્રિય ! વિચરજે.
પરમેશ પરીક્ષક તુજ બની,
ધરશે ઘણીં લાલચ મોહમયી:
પણ વ્હાલી ! સદા તપમાં તપજે,
લલચાઇ " પતિવ્રત "ના તજજે,
પ્રભુએ તુજને નિજની કરવા;
કરી મુક્ત, તને ભવ આ તરવા;
પરિધ્યાન દયાળુ ગણ્યાયજ છે,
નવ ક્રૂર બને કુમળા ફુલપે.
શુભ હેતુ હશે હરિએજ ધર્યો,
ધરી ધીર હવે હરિનેજ ભજને:
મન મોહ જગ માયિક વિષયથી,
કરી દૂર, ધરો પ્રભુથી લગની.
ગત જન્મ તણું તપ બાકી હશે,
તુજ કાજ સુમાર્ગ દીધોજ હશે;
પદ શ્રી પ્રભુમાં તવ લક્ષ ધરી,
કર સાધન મોક્ષ તણુંજ હરિ !

"પુષ્પને—"

લેખક: ગં. સ્વ. હીરાબ્હેન મથુરભાઈ—જુવાળડી.

(શિખરિણી.) સુનેરી અંગે તું, કુસુમ ! મૃદુ વલ્લીપર હસે,
સુધા કુંજે સીંચી, પ્રભુપદ વિષે નિત્ય વિલસે;
ખીલી અંગે ઝાઝું, સુખકર મીઠો ગંધ દઈને,
રમાડે ભૃંગોને, રસિક ! મદમાં મસ્ત થઇને.
વિલોકી સર્વાંગે, કવિવર રૂડાં કાવ્ય રચશે,
અને પ્રેમી જોડાં; અધિક તવ સત્કાર કરશે;
બળેલાં હૈડાંને, પરિમલ સીંચી શાંત કરતું,
વસંતે સ્વચ્છન્દે, સુરભ રસ સર્વત્ર ભરતું.
રમે ત્હારી સાથે અનિલ લહરી પ્રેમ ધરીને,
ત્હને આલિંગે છે, સુમન ! અતિ હૈયે હરખીને,
ન જાણે તું, ભાઇ ! વિષમ દુઃખ આ કોઇ જગનું,
ખરે ! ખીલ્યું તેથી સુભગ તુજ મ્હોડું સ્મિત ભર્યું.
અહા ! આવે કોઇ તુજ તરફ જો દૃષ્ટિ કરતું,
ચુંટે ત્હારાં અંગો, તવ સ્વમ અહો કેમ હસતું !
મીઠું લાગે શું એ, મરણ મુખમાં આમ પડવું,—
ન આવે નેત્રોમાં દુઃખમય ત્હને કેમ રડવું ?
બની ઘેલો પ્રેમે, તુજ ઉર પદે જે પડી રહે,
અરે ! છેટો ઉડે પ્રણય, વિરહી તું બન્યું હવે;
દશાનો આ આવો, ક્રમ વિરલ કોઇ નક્કી હશે !
પ્રભુની માયામાં કુદરત સદા આધીન થશે !

ગૃહકાર્ય શિક્ષણ હોંસથી આળસ્ય નિદ્રા પરહરી,
ને ભરત શીવણ ગુંથવાપર લક્ષ પણ દેશો જરી.
શુભ પાકશાસ્ત્રની સુઘડ રીતે શીખવો હેતે કરી,
નિજ કુટુમ્બીનો પ્રેમ લેવા વિનવો વિધ વિધ જરી;
લાખોપતિ કદિ બાપ હોએ ને શ્વશુર છો હિનધની.
ધરવો ન ગર્વ પિતા તણો, બની નમ્ર શુભ રીતિ ધરી.
કરકસર રૂડી રીતથી ગૃહકાર્ય સાથે શીખવી,
ખોટી બડાઇ મુર્ખતાથી દૂર નાસે ભણી ગણી;
ગૃહકાર્યથી નિવૃત્ત થઇને વખતની કીંમત ગણી,
શુભ પુસ્તકો નીતિ તણાં વાંચે વિચારે મન દઈ.
આ જગતમાં જનમી સદા શુભ વર્તને મન રીઝશે,
નિજ પતિપ્રભુને પ્રિય માની શુભ સ્નેહે જામશે;
બિન સ્વાર્થી નિર્મળ સ્નેહ પક્ષ શ્વસુર પ્રત્યે દાખવે,
નિજ ધર્મ પાળી માતની સત્કીર્તિને વિસ્તૃત કરે.
વસ્ત્રો વળી સાદાં સરલ નિજ દેહપર ધારણ કરે,
નિજ શક્તિથી અધિકાં ઘરેણાં દૂષણ સમ સમજી તજે;
સદ્ગુણ ભૂષણ ભક્તિ પતિની હૃદયમાં ધારણ કરે,
એવા ગુણો શુભ સત્ય અમુલા પ્રેમથી પ્રેરો તમે.
નસ નસ નીતિની રીત સીંચી બાળીકા નિજ ખીલવો,
રગ રગ રૂડા વિચાર રેડી સુખ સુરસ્તે હેળવો;
આવીજ ઇચ્છા રટણ આવું રાખી પુત્રી કેળવો,
તો માત ગુર્જર પુત્રીની, સુખ પુત્રીનું ખુબ મેળવો.
જાગો હવે, જાગો ત્હમે, શુભ સમય ચાલ્યો જાય છે,
જુઓ વિચારી મન વિષે ફરજો શી માને શીર છે?
ઘરઘરે ગુર્જર બન્ધુના કંકાસ કાળો થાય છે,–
તેનું જુઓ મૂળ તો કુશિક્ષણ માતનુંજ ભળાય છે!
નહિ પતિ પત્નિ પ્રેમ, ગુણના જ્યાં કજોડાં થાય છે,
માથે પડેલી વેઠ સમ દુઃખો ભર્યાં દિન જાય છે!
નહિ સુખ શાંતિ લેશ દમ્પતિમાં જગે હોવી ઘટે,
વિચાર શ્રેણી હૃદયની તેમાં બહુ બહુ ફેર છે.
એવાં અનેકાનેક દુઃખો દમ્પતિનાં કાપવા,
ગુર્જરી માતા! જાગજો નિજ પુત્રીને સુખ આપવા;
આશિષ મળશે અતિ ઘણી, નિજ બાળનું બહુ હિત થશે
ફરજો અદા થાતાં તમારી શ્રી પતિ પણ રીઝશે.

માતા.

લેખકઃ રા. રા. મુનિકુમાર મણિશંકર ભટ્ટ.—ભાવનગર.

મહા હેત વાળી દયાળીજ મા તું.—કે. દ. ડા.

સાયંકાળના પાંચનો સમય હતો. સર્વત્ર શૂન્ય હતું. બરફ પણ વર્ષતું હતું. પવનના ઠંડા સપાટાઓ દુનિયાને શાસન કરતા શા, દરેક મનુષ્યના મુખને તેની ઇચ્છા ઉપરાંત શીતળ કરતા. એક શેરીમાં ઝુપડાં સરીખડું એક ગૃહ નજરે પડતું હતું. એક બાલક તેમાં દર્દથી પીડાતું હતું. તેની આંખો બન્ધ હતી. તેનો ચહેરો શ્વેત સુકોમલ પાતળો હતો. તેની માતા તેની સમીપેજ બેઠી હતી. તેનું વદન ખિન્નતાથી આચ્છાદિત થયેલ હતું. પાસેજ પડેલું સંભાળથી ઉછરેલું વ્હાલું બાલક મરી જશે, એવો તેને પ્રતિક્ષણે ભય લાગતો. જેમ જેમ તે બાલક તરફ જોતી તેમ તેમ તેનું હૃદય દ્રવતું. વિચાર વમળમાં ગોથાં ખાતાં તે બોલતીઃ—"નહી. મારી પાસેથી બાલકને કોઇ ન લઈ શકે. હું તેને મારી પાસેજ રાખીશ."

કોઇએ દ્વાર ખખડાવ્યું. એક વૃદ્ધ પુરૂષ અન્દર દાખલ થયો. તેના મુખ ઉપર કરચલી પડી ગઈ હતી. તેના રૂપેરી કેશ હવામાં ઉડતા હતા. તેની આંખો મ્હોટી, નાક સહેજ વાંકું હતું. ટાહાડને લીધે તેણે ઊનનાં કપડાં પહેર્યાં હતાં, છતાં તે લગભગ ઠરી ગયો હતો. માતાને તેને જોતાં દયા ઉદ્‌ભવિ. બાલકને સૂઇ ગયેલ જાણી થોડું દૂધ ગરમ કરવા ગઈ, લઇ આવી. ફરી બાલકપાસે બેઠી. દુઃખદાયક શ્વાસો. તેણે બાલકનો હાથ પકડયો, વિચારમાં ઊભી, બોલી ઊઠીઃ "નહીં મારી પાસેથી બાલકને કોઇ ન લઇ શકે. હું તેને મારી પાસેજ રાખીશ." "નહીં?" વૃદ્ધને તેણે સવાલ પૂછ્યો. તે વૃદ્ધ યમ હતો. તેણે પોતાનું માથું હલાવ્યુંઃ એવી રીતે કે તેનો અર્થ હા અથવા ના ન હોઇ શકે. માતાએ તેની આંખો બન્ધ કરી, તેમાંથી અશ્રુ પ્રવાહ ચાલ્યો. જાણે શ્રાવણ ભાદરવાના મેઘ! પરન્તુ તેને રૂદનજ ઉચિત હતું કારણ કેઃ—

> पुरोत्पीडे तडागस्य परीवाहः प्रतिक्रिया ।
> शोकक्षोभे च हृदयं प्रलापैरेव धार्यते ॥

તેનું માથું પણ દુઃખતું હતું. છેલ્લા ત્રણ દિવસ થયાં તેણે આંખ સરખી બન્ધ કરી ન હતી. તે સુઇ ગઈ. અને જો કે તે ક્ષણો માત્ર હતી. પણ એક પવનનો ઠંડો સપાટો આવ્યો અને ધ્રુજતી તે બેઠી થઇ. આશ્ચર્ય! ચોતરફ જોતાં તેને માલૂમ પડ્યું કે વૃદ્ધ મનુષ્ય અને પોતાનું બાલક ગેબ થયાં હતાં. યમ તે બાલકને લઇ ગયો હતો. બે બાકળી સરખી તે ગૃહમાંથી બહાર નીકળી. બરફથી ઢંકાયલી શેરી તેને દૃષ્ટિગોચર થઇ ત્યાં એક સ્ત્રી હતી. તેનાં વસ્ત્રો સર્વ કૃષ્ણ હતાં.

"તમારા ઘરમાં યમ હતો." તે બોલી. "મેં તેને તમારાં બાળક સાથે જતાં

હમણાંજ જોયો છે." પવન કરતાં પણ વધારે ઝડપથી તે જાય છે. અને જે સાથે લઇ જાય છે તે કદિ પાછું લાવતો નથી."

"મહેરબાની કરીને તે કયાં ગયો તે મને બતાવો. ફક્ત રસ્તોજ મને બતાવો. હું તેમને શોધી કહાડીશ."

"હું તમને તે બતાવીશ. પરંતુ તે પહેલાં બધાં ગીતો તમે તમારાં બાલક પાસે ગાતાં હતાં, તે ગાવાં પડશે. હું રજની છૂં. મને તે ગીતો ગમે છે. તમે ગાતાં હતાં, ત્યારે તમારાં અશ્રુઓ પણ મેં જોયાં હતાં."

"હું તે સઘળાં ગાઇશ. પરન્તુ હમણાં મને રોકો ના. મને મારા બાળકને પાછું લાવવા દયો." પરન્તુ રાત્રિ ચૂપ અને સ્થિર બેસી રહી. છેવટ માતાએ પોતાના હાથ જોડયા, અને સર્વે ગીતો ગાયાં ! ગીતો ઘણાં હતાં; અશ્રુ પણ તેટલાંજ હતાં.

"કદલી વનની જમણી બાજુએ ચાલ્યાં જાઓ. મેં તેમાં યમને નાનાં બાળક સાથે દાખલ થતાં જોયો છે."

માતા આગળ ચાલી. કદલી વનમાં વચ્ચે બે રસ્તા ફંટાતા હતા. તેમાં વચ્ચે એક ગુવરનું ઝાડ હતું. તદ્દન સોટા જેવું, પાંદડાં પણ ખરી ગયાં હતાં. તેની જગ્યાએ બરફના મ્હોટા કકડાઓ શાખાઓ ઉપર લટકતા હતા. માતા ત્યાં આવી પહોંચી. કયે રસ્તે જવું તેના સંભ્રમમાં પડવાથી તેણે ગુવરને પૂછયું:—"યમને એક બાલક સાથે પસાર થતાં તેં જોયો છે?" "હા." તે ગુવરે જવાબ દીધો. પણ મને ટહાડ વાય છે. તમારી હૂંફ મને નહિ આપો ત્યાં સુધી તે તમને હું કહીશ નહિ. હું બરફ થતો જાઉં છૂં." માતાએ તેને ગરમ કરવા માટે દાબ્યો. ઘણા વખતના વિયોગી પુત્રને જે સ્નેહથી દાબે તેવી રીતે. ગુવરના કંટકો તેના વક્ષસ્થળમાં ભોંકાયા. છેવટ બધો બરફ પીગળી ગયો. ગુવરે તેને રસ્તો બતાવ્યો.

માતા ઘણી ઝડપથી ચાલી. સન્મુખ એક સરોવર હતું. પેલે પાર જવા માટે ત્યાં વહાણ, હોડી વિગેરે કાંઈ સાધન ન હતું. અનેએટલું ઊંડું હતું કે, પેલે પાર કોઇ ન જઇ શકે. માતાએ તે બધું પાણી પી જઇ સૂકવવા ધાર્યું. કદાચ બીજાએ તો તે અશકય ધાર્યું હશે; પરન્તુ આ એક માતા હતી. તેણે તે શકય માન્યું. સર ગર્જી ઊઠયું. "નહિ, તે નહિ બની શકે. હું તમને પેલે પાર જ્યાં યમનો મહેલ છે ત્યાં મૂકીશ. પરન્તુ મ્હને મોતીઓ ગમે છે. તમારી આંખો મોતીથી પણ સુંદર છે. તમારી આંખો મ્હને આપો."

"હું મ્હારા બાલક માટે દરેક વસ્તુનો ભોગ આપીશ." એમ કહી તે માતાએ તેની ... કાઢી આપી. સરોવરે પોતાનાં ઉછળતાં મોજાંઓથી તેને પેલે પાર ધકેલી દીધી. તેની ...મે એક મહેલ હતો. જેનો વિસ્તાર માઇલો સુધી હતો અથવા કંઇ ન હોતું ! કારણ માતાએ પોતાની આંખો ગુમાવી હતી. "હું મ્હારાં બાલકને કયાં શોધીશ ? યમ કયાં રહેતો હશે ?"-વિગેરે બોલતી તે આગળ ચાલી. ત્યાં તેને કાને મનુષ્યનો અવાજ આવ્યો. બોલનારી એક ડોશી હતી. તે સ્હેજ ઊંચી અને તેના બાલ ભુરા હતા. મ્હોંપર કરચલી વળી હતી. આંખોમાં ખાડા પડયા હતા. ડાચાં મળી ગયાં હતાં. યમની ગેરહાજરીમાં તેના ઘરની સંભાળ તે રાખતી હતી. અવાજ તે ડોસીનો હતો. "યમ અહીં નથી. હમણાં તે આવશે. પણ કહો, તમે અહીં કેવી રીતે આવ્યા, અને તમને કોણે મદદ કરી ?"

"પરમેશ્વરે, પરમાત્માએ. તે દયાળુ છે. હું ધારૂં છું કે તમે પણ દયાળુ થશો. મ્હારૂં બાલક ક્યાં છે !" માતાએ ઉત્તર આપ્યો.

"હું તમારાં બાલકને ઓળખતી નથી, પણ તમે જાણતાં હશો કે દરેક વ્યક્તિને તેનું જીવનવૃક્ષ કે જીવનપુષ્પ હોય છે. જો કે તેઓ વૃક્ષો અને પુષ્પોજ માત્ર હોય છે. પરન્તુ તેમનાં હૃદયો ધડકે છે. તેથી તમે તમારાં બાલકનાં ધડકતાં હૃદયને ઓળખી શકશો. ઘણાં એક ફૂલો ગઇ રાત્રે ચીમળાયાં છે. અને આજે યમ આવી તેમને સમાં કરશે. હું તમને તે જગ્યાએ લઇ જઇશ. પરન્તુ તમારા સુંદર કાળા વાળ મને આપો."

"બસ ! એ તો હું ખુશીથી આપીશ !" માતા બોલી—પછી તેઓ એક મ્હોટા ઓરડામાં ગયાં. તેમાં જુદી જુદી જાતનાં વૃક્ષો અને પુષ્પો હતાં. કેટલાં એક સુંદર પુષ્પો પોતાના રોપની બહાર ઝુલતાં હતાં. વૃક્ષો સઘળાં સુંદર કુંડાંમાં અથવા સુંદર પ્યાલામાં ગોઠવવામાં આવ્યાં હતાં. તેઓના વૃન્દની આસપાસ કરચલા, સર્પો વિગેરે વીંટળાએલા હતા. દરેક વૃક્ષને તથા દરેક પુષ્પને તેનું નામ હતું. અને તેમાંનું દરેક એક મનુષ્યનો આત્મા હતું. માણસો હયાત હતાં. કોઇ ચીનમાં, તો કોઇ જેપાનમાં, કોઇ એશિઆમાં, તો કોઇ અમેરિકામાં, કોઈ યૂરોપમાં, તો કોઈ આફ્રિકામાં, એમ જુદે જુદે સ્થળે વીખરાયલાં હતાં. કેટલાં એક મજબૂત ઝાડોને બળાત્કારે ન્હાનાં કુંડાંમાં સમાવવામાં આવ્યાં હતાં, જ્યારે કેટલાં એક ચીમળાયલાં ફૂલોને સુંદર મોટાં કુંડાંમાં સમાવવામાં આવ્યાં હતાં અને તેઓની આસપાસ દર્ભ છવાયલા હતા. માતા દરેક ફૂલ અને દરેક વૃક્ષ પાસે નીચી વળી અને હજારો ધડકતાં હૃદયોમાંથી અન્તે તેણે પોતાના બાળકનું ધડકતું હૃદય શોધી કહાડ્યું.

"હા ! એજ ! એજ !" તેનાથી બૂમ પડાઇ ગઇ. એક ગુલાબ પોતાના છોડ ઉપર ઝુલતું હતું. તેનું ધડકતું હૃદય જોતાં માતાએ ઓળખ્યું કે તે તેના બાળકનું હૃદય છે. "ફુલને અડક ના. પણ તું અહીં બેસ. જ્યારે યમ આવે—હું ધારૂં છું કે જે પળો જાય છે તેમાં તે આવતો હશે, ત્યારે આ પુષ્પ તેને તું ચુંટવા નહિ દેતી. છતાં જો તે ચુંટવા માગે તો તેને બધાં ફુલો ચૂંટી નાંખવાની ધમકી આપજે. દરેક ફુલને માટે તે સ્વામીનો જવાબદાર છે. તેની રજા સિવાય કોઇ પણ ફુલ તોડવા તે શક્તિમાન નથી." સ્ત્રીએ સલાહ આપી. એવામાં બરફ જેવો ઠંડો શ્વાસોચ્છ્વાસ સંભળાયો. ને માતાએ માન્યું કે યમ આવ્યો. "કેવી રીતે આ જગ્યા તને માલૂમ પડી મ્હારી અગાઉ તું કેવી રીતે અહીં આવી ?"

"હું માતા છું"

યમે પોતાનો હાથ લંબાવ્યો. અને જે ફુલને માતાએ જોરથી—જોરથી પરન્તુ નાજુકાઇથી જેથી ત્હેને ઇજા ન થાય તેમ પકડ્યું હતું, તે છોડવવા પ્રયત્ન કર્યો. માતાના હાથ ખોટા ખોટા થવા માંડ્યા. ફુલ હાથમાંથી છૂટી ગયું. કારણ કે યમ બરફથી પણ વધુ ઠંડો શ્વાસ લેતો હતો.

"તું મને કંઇ નહિ કરી શકે." યમે કહ્યું.

"પરન્તુ ઈશ્વર તેમ કરવા સશક્ત છે." માતાએ જવાબ દીધો.

"હું તેનો આજ્ઞાંકિત છું. તેનો બાગ બાન છું. હું ફુલો લઈ જાઉં છું, અને

સ્વર્ગીય ઉપવનમાં રોપું છું. પરન્તુ તે કયાં છે ? વિગેરે—હું તને કહી શકું નહિ."

સાધના કરતી શી માતા ઊભી હતી. રડતી રડતી તે બોલી " મ્હારૂં બાળક મને પાછું સોંપો." પછી તરત બે ફુલોને પકડી બોલી, " હું તારાં ફુલોને ઊખેડી નાખીશ. કારણ કે હું મુશ્કેલીમાં છું."

" અડક નહિ તું કહે છે કે તું દુઃખી છે, પણ તું તારી જેવી બીજી બે માતાને દુઃખી કરે છે."

'બીજી માતા !" તેના મુખમાંથી શબ્દો સરી પડયા. ફુલ હાથમાંથી મુકાઇ ગયાં.

" હા, બીજી માતા. " યમ ભાર દઇને બોલ્યો.

." જો, આ રહી તારી આંખો. તે સરોવરમાં ચળકતી હતી. મેં તે લઈ લીધી છે. તું એ લે. પહેલા કરતાં તે વધારે સ્વચ્છ છે, અને આ કુવામાં તું ઊંડી નજર કર. અને જો કે ત્હેં શું કર્યું હોત. તે બે ફુલોનાં જીવન છે. હું તેનાં નામ તને પછી કહીશ."

માતાએ કુવામાં ઊંડો દૃષ્ટિપાત કર્યો, અને જોયું કે એક જીવન દુનિયાને કલ્યાણ રૂપ હતું, અને બીજું દુઃખીત હતું.

" બન્ને ઈશ્વર ઇચ્છાને આધીન છે. " યમે કહ્યું. " કોનું જીવન સુખી છે, અને કોનું દુઃખી ? " " તે હું કહી શકું નહિ, પરન્તુ એક તારા પુત્રનુંજ જીવન છે. તેના કપાળ પર તેજ લખાયલું હતું, તેજ તેનું ભાવી હતું. "

" કહો, કહો, મારા બાળકનું જીવન કયું છે ? "

માતાથી બુમ પડાઈ ગઇ. આ દુઃખમાંથી તેને છોડવો, ઈશ્વર પાસે તેને લઈ જાઓ, મ્હારા અપરાધોની મને માફી બક્ષો "

" હું કંઇ સમજી શકતો નથી. તને સોંપું કે સ્વર્ગીય ઉપવનમાં લઇ જાઉં. "

" જેમ એ સુખી થાય, તેમ કરો. "

પછી તે ઘુંટણ પર પડી, પોતાના હાથ જોડયા, દૃષ્ટિ આકાશ તરફ વાળી, અને કહ્યું:

"પિતા અમ્હારા તું સ્વર્ગોમાંના, ત્હારૂં નામ પાવન થાઓઃ ત્હારી ઇચ્છા કરાઓ, જેમ સ્વર્ગમાં તેમ આ પૃથ્વી ઉપર પણ ! જ્યારે જ્યારે ત્હારી ઇચ્છા વિરૂદ્ધ મ્હારાથી કંઈ પણ પ્રાર્થના થાય, ત્યારે મને સાંભળ ના. ત્હારીજ ઇચ્છા સર્વમાન્ય સર્વોપરી હોવી જોઇએ."

તેની આંખો મીંચાઇ ગઇ, એક દિવ્ય પ્રકાશ તેની નજરે પડયો, તે બુઝર્ગ મનુષ્ય હતો. પ્રકાશ ઓછો થતો ગયો, અદૃશ્ય થયો.

ધીમે ધીમે એક બીજો પ્રકાશ દેખાવા માંડયો.

પછી—

ईश्वर करे ते सारा माटे.

એ સુત્રો અક્ષરો સ્પષ્ટ દેખાયા.

ॐ शान्तिः शान्तिः शान्तिः ।

पति अने पत्नी.

લેખકઃ રા. રા. હરિત.—ભાવનગર.

" સદા સંસારમાં સુખ દુઃખ સરખાં માની લઇએ,

રાખે જેવી રીતે રામ રંગે તેવી રીતે રહીએ. " (રા. રા. ડાહ્યાભાઇ)

ચંદ્ર રજનીને શોભાવી રહ્યો છે; ગગનસુન્દરી તારા ટપકીવાળો સાળુ પહેરી આનંદ મગ્ન થએલી છે; અનિલ મન્દ મન્દ સુરભિ ભર્યો વાય છે; પંખીડાઓ માળામાં આરામ લે છે; ગરીબડાં જનાવરોનાં કંઠમાં બાંધેલી ઘંટડીઓના નાદ કોઈ કોઇ વાર શ્રવણપટ પર આવી અથડાય છે; આખો દિવસ કરેલી મહેનતનો શ્રમ ઉતારવાને માનવીઓ આરામ શોધે છે; પુષ્પોમાંથી મીઠો પમરાટ ચોતરફ પ્રસરી રહ્યો છે; સર્વત્ર શાંતિ, આનંદ, મીઠાશ અને દિવ્યતા ફેલાઇ રહ્યાં છે.

આવે સમયે બીજા માળપર આવેલી અગાશીમાં એક યુવક બેઠો હતો. કુદરત દેવીના અનેક ચમત્કારનો આનંદ રસ પીતો હતો. શહેરના સીમાડા પાસે વહેતી સરિતા, દક્ષિણ બાજુએ આવી રહેલી ટેકરીઓની હાર, પૂર્વમાં આવી રહેલાં સુંદર વન અને આકાશપ્રદેશમાં વિહાર કરતાં ચન્દ્ર વચ્ચે તેની દૃષ્ટિ હેરાફેરા ખાતી હતી. પ્રભુની અનેક દિવ્ય વિભૂતિઓથી ગવાતા ગાનના તાનમાં તે લયલીન થઇ ગયો હતો.

માનવી સંપૂર્ણ રીતે સુખનો ઉપભોગ કરે એવું કવચિત જ બને છે. શાન્તિ રસનાં પ્રવાહમાં જરાપણ અન્તરાય વિના તણાતો જાય એવો કોઇક જ વિરલ સુભાગી હશે ! યુવક કુદરતના અનેક મનોરમ્ય દેખાવો નિહાળતાં નિહાળતાં કોઈ અનંત આનંદોદધિમાં જવાની તૈયારી કરતો હતો, તેવામાં ભંગ થયો. એક યુવતી આવી અને યુવકના ગળામાં હાથ નાંખી રૂદન કરવા લાગી. એકાએક આમ થવાથી યુવકનો આનંદ ઉડી ગયો અને તેને ક્ષોભ થયો.

યુવક સારી રીતે જાણતો હતો કે ઘણા લાંબા સમયથી ગૃહમાં માતા, ભગીની અને પત્ની વચ્ચે કુલેશનો આરંભ થઈ ચૂકયો છે, અને તેનું વિપરિત પરિણામ વ્હેલું યા મોડું આવવાનું છે. તે માતાને, ભગીનીને અને પત્નીને જુદી જુદી રીતે સમજાવી શાન્ત રાખતો હતો કુલેશની ચીણગારી ન સળગી ઉઠે તે માટે ખાસ કરીને પોતાની પત્નીને શાંતિનો પાઠ પઢાવતો હતો. પરન્તુ જયારે માનવી પ્રકૃતિના મૂળ સ્વરૂપમાં આવી જાય છે, ત્યારે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઇએ તેનું તેને ભાન રહેતું નથી.

પતિ પવનથી ઉડતાં વાળને સમાં કરતાં બોલ્યો, " વ્હાલી ! આજ એકાએક આ શું થયું ! બોલ જોઉં ! " તથાપિ જવાબ ન મળ્યો. પુનઃ પતિ કહેવા લાગ્યો, " કહ્યા વિના શું થયું છે તેની ખબર કેમ પડે ! આટલા બધા દિલગીર થવાનું કારણ શું છે ? " પ્રતિ ઉત્તર ન મળ્યો અને પત્નીના નયનમાંથી અશ્રુ ધોધ બંધ વ્હેવા માંડયા. પતિ મુંઝાણો; જરા હૃદયનો ભાર ઓછો થશે એટલે કહેશે એમ ધારી મૌન્ય ધારણ કર્યું.

સ્ત્રીજાતિની પ્રકૃતિ અનુસાર થોડીવાર થઇ એટલે પત્ની આસુંડા વ્હેતી ટપકા ભરેલી આંખે પતિ તરફ દૃષ્ટિ કરી બોલવા લાગી, " તમે સૌના હૃદયને એકી સાથે કેવી

રીતે સંતુષ્ટ કરી શકશો ? થીગડાં દેવાની તમારી રીત કેટલેક વખત ચાલશે ? શું મારે જીવન કલેશમાં જ ગાળવું ? શું સૌનાં મ્હેણાં સાંભળવાનો આરો મારે માટે નહિજ આવે ! આના કરતાં તો પ્રભુ ઉપર ખેંચી લ્યે તો થયું; છુટકો થયો. ” યુવકનું હૃદય કંપી ઉઠ્યું; તેને થથરાટ વછુટયો. પતિએ પ્રશ્ન કર્યો, “ આ બધાનું કારણ શું છે તે કહેશો કે નહિ ? ” પત્ની ચીડાઇને બોલી, “ શું કહું, મારૂં કપાળ ! નજીવી બાબતમાંથી પણ કજીયો ઉઠાવવો એજ આપણા ઘરની રીત પડેલી છે. દુધમાંથી પુરા ન કાઢે તો સાસુ નણંદ કેમ કહેવાય ? ! તમારા મિત્ર કુસુમરાયની પત્ની કાન્તા બ્હેને તમને મારે માટે સાડીની કોર આપી હતી તે આજે બ્હેનના જોવામાં આવી, અને પછી વિચાર કરી લ્યો કે બ્હેનની જીભલડીનો પ્રવાહ કેવો ધડધડાટ ચાલ્યો હશે. સાડીની કોર તમે પૈસા ખરચીને મારે માટે નથી લાવ્યા પણ કદાચ જો કોઇ પણ વસ્તુ પૈસા ખરચીને લાવ્યા - હો. તો મારા માથે શા ગંગાજળનાં ટીપાં પડે તે તો મારો રામ જ જાણે..............”

પતિ પત્નીના વાંસા પર હાથ ફેરવતાં બોલ્યો, “ હોય, ઘર છે; કોઇ વખત ભાણા ખડખડે; શાંતિ ધરવી. ” પત્નીના-ક્રોધનો પાર ન રહ્યો, “ શાન્તિ ! બળી તમારી શાન્તિ ! શું પતિ પોતાની પત્ની માટે કંઈ લાવે તેમાં સાસુ નણંદે બળી મરવું ! કેટલી બધી અદેખાઇ ! હું તો હવે આ ઘરમાં રહેનાર નથી. મને ગાળો દે એટલુંજ નહિ પણ મારા બાપના બાપને અને માની માને પણ ન ભૂલે તો ! આ ઉંચ કુળ ગણાતાં કુટુંબીઓના મુખડાંઓમાંથી નિકળતાં અમૃતમય વચન સાંભળી હું તો ધરાઇજ ગઇછું ! ! બસ, હવે તો આપણે ઘર જુદું માંડવું એ સિવાય અન્ય ઉપાય છે જ નહિ. તમારે બેશું ગાડું ચલવવું છે અને મારે જુદું ચલવવું છે. તમને જરા પણ મારે માટે દયા આવે છે ! પુરૂષોને શી ખબર પડે કે બાપડીઓને માથે શી વીતતી હશે. તમે ભોળાનાં ભોળાંજ રહ્યા, જરા પણ પક્કા ન બન્યાં તે ન જ બન્યાં; હવે જુદાં થવું છે કે નહિ તે ઝટ કહી દો. ”

પતિએ જોઇ લીધું કે આજનો રંગ ઓર છે. પોતાની માતા ભગીની કે પત્નીનું દિલ ન દુભાય તે માટે સર્વદા તે પ્રયત્ન કરે છે; પણ જ્યાં સિતારના તાર ન જ મળે, ત્યાં વગાડનાર શું કરે ! તેણે મૃદુ અવાજે કહ્યું, “ વ્હાલી ! તારૂં કહેવું ઠીક છે. નજીવી બાબતમાં માતાએ તેમજ બ્હેને કજીયો ઉઠાવવો નહોતો જોઇતો; જરા તારે પણ સાંખી લેવું જોઇએ; તેઓએ પણ બોલતાં જરા વિચાર રાખવો જોઇએ. જ્યારે એક પક્ષ તપી જાય ત્યારે બીજા પક્ષે શાન્તિ ગ્રહણ કરવી જોઇએ. તું જુદું ઘર માંડવાની ઇચ્છા ધરાવે છે પણ તારે સમજવું જોઇએ કે તેમાં મારી કેટલી બધી અપકીર્તિ થાય. માતાપિતા પાળીપોષીને બાળકોને મોટાં કરે છે, તે એવી ઇચ્છાથી કે વૃદ્ધપણે તેઓ તેની સેવા કરે, તેઓને પ્રત્યેક રીતે સુખી કરે. આપણે જુદાં થઇએ તો કદાચ માતા અથવા બ્હેનનું

ઓછું દુભાય પણ પિતાજીનું અંતઃકરણ કેટલું બધું બળ્યાં કરે તે આપણે જોવું જોઇએ. જે પિતાએ દેવું કરી મને ભણાવ્યો અને જેની આશીશ વડે હું સારે દરજ્જે પહોંચી શક્યો છું તેનાથી જુદાં રહેવાનું તું બોલે છે ત્યાંજ મારૂં હૃદય ચીરાઇ જાય છે. તેનાથી જુદો કેમ રહી શકું ! માતાના પ્રેમને વિસરી કૃતઘ્ની કેમ બનું ! બ્હેન [illegible] રહેનાર છે. કદાચ તેનો સ્વભાવ જરા વિશેષ આકરો છે તે હું કબુલ કરૂં

છું તોપણ તે નાની છે; નાનાના દોષ તરફ દૃષ્ટિ નહિ કરવી. વ્હાલી **બીજાને દુઃખી નહિ કરવાં પણ આપણે દુઃખી થવું; બીજાં સહન કરે તેના કરતાં આપણે સહન કરવું**, એમાંજ મોટાઇ છે. હું જોઉંછું કે માતા તેમજ બ્હેન અયોગ્ય રીતે તારાપર જુલમ કરે છે; તને ન કહેવાનાં વેણ કહે છે; તેઓ તને પોતાની નથી ગણતાં તેઓએ પણ સહનશક્તિ ધારણ કરવી જોઈએ; પુત્રવધૂને અને પુત્રીને સરખાં ગણવાં જોઇએ. જરા તારો પણ વાંક છે. તારે માતુશ્રીની સામું ન બોલવું જોઇએ. જુદાં જુદાં ઘર ચાલવાથી ઘરખર્ચ વધી પડે તે તારે સમજવું જોઇએ............"

પત્ની સમજી ગઇ કે પતિ સર્વ જાણે છે. મારી પણ ભૂલ છે અને બીજાઓની પણ ભૂલ છે. પતિ કોઇપણ રીતે જુદા થાય તેમ નથી તો થોડો સમય પિયર જઇ આવવું એવા વિચારથી વચમાં બોલી ઉઠી, " તો મને થોડો સમય પિયર જવાની રજા આપો એટલે આ હોળામાંથી થોડો વખત તો છૂટું. " પતિએ કોમળ અવાજે કહ્યું, " જવું જ હોય તો મારી કાંઈ ના નથી; પણ તારે એટલું ધ્યાનમાં રાખવાનું છે કે અન્તે પિયરમાંથી અહિંયા આવવાનું તો છે જ. પ્રેમ, શાંતિ, સહનશીલતા રાખીશ તો તું ફાવીશ. જંગલી પ્રાણીઓ તરફ પણ જો જરા પ્રેમ બતાવીએ છીએ તો તેઓ આપણને કેટલા બધા ચાહે છે અને આપણી આગળ પોતાનો જાતિસ્વભાવ પણ છોડી દે છે તો માણસજાત માટે તે બાબત અસંભવિત કેમ બને ! જો પહેલાં તેઓની અગણિત ભૂલો ભૂલી જઈ, શાંતિ ધારણ કરી, તું તેઓના તરફ પ્રેમ લાવીશ તો એકવાર એવો સમય આવશે કે જ્યારે તેઓને ભૂલને માટે પસ્તાવો થશે અને તું તેઓને ચાહતી હોઇશ તેના કરતાં તેઓ તને અત્યંત પ્રેમથી ચાહશે. પહેલ તારે કરવી જોઇએ. વિશ્વનો નિયમ છે **કે જો આપણે વેંત નમીએ તો સામો હાથ નમે, નમે તે પ્રભુને ગમે.** વ્હાલી, તું સર્વ સદ્‌ગુણથી ભરેલી છે, પણ જરા આકળો સ્વભાવ છે તે છોડી દઇ દેવી બની જા. મારી સ્થિતિ સુડીના બે પાંખીઆવચ્ચેની સોપારી જેવી છે. બન્ને પલ્લાં મારે સરખાં રાખવાનાં છે. માતાપિતાનું દિલ ન દુભાય તેમજ પત્નીનું દિલ પણ ન દુભાય તેવી રીતે મારે વર્તવાનું છે. મારાથી વડીલને કંઈ ન કહી શકાય; તેઓને સમજાવવા તે મારૂં કર્તવ્ય છે, પણ તું જુએ છે કે સમજાવવા જતાં લાકડું આડું વેરાય છે; તો વ્હાલી ! તારે સમજવું જોઇએ. તું શાણી છે, ડાહી છે, સમજુ છે; તો મારે ખાતર સહન કર અને મારા માતાપિતાનું દિલ ન દુભાય તેમ કર, શાન્તિ રાખ અને તેનો બદલો હું સમય આવે વાળી દઇશ. "

પાંચેક મિનિટ સુધી શાન્તિ ફેલાઈ રહી. એમાંથી કોઇ બોલતું નહોતું. પત્નીને આવેલો ક્રોધનો આવેશ ચાલ્યો ગયો-ઉડી ગયો; પતિની સર્વ દલીલો ધ્યાનમાં લેતાં તથા તેના શાંત અને મીઠડા સ્વભાવનું અવલોકન કરતાં તેને પસ્તાવો થવા લાગ્યો કે ખરેખર આ શાન્ત જનને ખાતર પણ મારે સહન કરવું જોઇએ. મારી ઘણી સખીઓ, નજીવા વાંક માટે પણ, જેમ પતિના પ્રહારનો ભોગ થઈ પડે છે તેમ મારા ઘણા અપરાધ છતાં મારા પર પ્રહાર થતો નથી તેથી હું કેટલી બધી ભાગ્યશાળી છું તે હું મુર્ખ સમજતી નથી. અહાહા ! આનો સ્વભાવ કેટલો બધો શાન્ત, પ્રેમી અને મધુરો છે.

પત્ની આ પ્રમાણે પસ્તાવો કરતી હતી; પતિ ગગનમાં વિરાજતા ચંદ્ર તરફ દૃષ્ટિ કરી શાંતિરસ પીતો હતો; એટલામાં એક નાના વાદળાએ ચંદ્રને આચ્છાદન કરી દીધો;

સ્થિતિને માટે દીલગીર થતા અને બડબડાટ કરતા કેટલાક પરણેલા માણસો ઝુરીઝુરીને દિવસો કહાડે છે.

મ્હારા એક જૂના મિત્રને ત્યાં હું મળવા ગયો હતો, તે ઉપરથી મ્હને ઉપરનો વિચાર આવ્યો. એ નિશાળમાં મ્હારો ગોઠિયો હતો. ગયા અઠવાડીયામાં, તે શીયાળો ગાળવાને એના કુટુમ્બને લઇને અત્રે આવ્યો; અને એની પત્નીએ મ્હને જમવાનું નોતરૂં કર્યું છે એવી ખબર મ્હને ગઈ કાલે સ્હવારે કહાવી હતી. એમને ત્યાં મ્હને તો ઘર જેવું જ લાગે છે, અને એ બધાં મ્હને એમનો હિતચિન્તક ગણે છે. હું ત્યાં જાઉં છું ત્યારે મ્હને મળવાને છોકરાં એટલા બધા આનન્દથી આવે છે કે તેથી થતા હર્ષનું હું વર્ણન કરી શકતો નથી. બારણું હું ઠોકું છું એવું તેઓ ધારે છે ત્યારે છોકરાઓ અને છોકરીઓમાંથી દરેક સૌથી પ્હેલાં આવવાને મથે છે, અને મ્હારી પાસે આવવાની સરતમાં જે હારે છે, તે 'એ તો મિસ્ટર બિકરસ્ટાફ છે!' એવું એમનાં પિતાને કહેવાને પાછાં દોડે છે. આ વખત એક સુંદર છોકરી મ્હને અંદર લઈ ગઈ. અમ્હેં બધાં તો એમ જ ધારતાં હતાં કે એ મ્હને ભૂલી ગઈ હશે, કારણ કે બે વર્ષ થયાં આ કુટુમ્બ બ્હારગામ રહેતું હતું. એણે મ્હને ફરી શી રીતે ઓળખ્યો, એ અમ્હારે વાતનો મ્હોટો વિષય થઈ પડ્યો, અને હું અંદર ગયો ત્યારે બધી એનાસંબંધી જ વાત થઈ. ત્યાર પછી, હું મ્હારા પાડોશીની એક છોકરીને પરણવાનો છું એવી સેંકડો ન્હાની ન્હાની વાતો ગામડાંમાં એમણે સાંભળી હશે તે વિષે મ્હારી ટોળ કરવા માંડી. વાત કરતે કરતે મ્હારા મિત્ર, તે સદ્‌ગૃહસ્થે, કહ્યું, "ના, કોઈ જૂના મિત્રની જ કન્યાને મિસ્ટર બિકરસ્ટાફ પરણે, તો હું ધારૂં છું કે, મ્હારી છોકરીને એ વધારે પસંદ કરશે. મેરીને હવે સોળ વર્ષ થયાં છે, અને બીજી ઉત્તમ વિધવાઓ જેવુંજ એ એમને સુખ આપશે. પણ હું એમને સારી પેઠે ઓળખું છું; અમ્હેં ન્હાના હતા તે વખતે જે માણસો જીવતાં હતાં તેમની યાદગીરીમાં જ એમને એવો આનન્દ પડે છે કે, હાલની છોકરીઓ તરફ તો એ નજરે ન કરે. વૃદ્ધ માણસ, જ્યારે ટેરામિન્ટા તમારા અંતઃકરણ ઉપર રાજ્ય ચલાવતી હતી, ત્યારે તમારૂં મ્હોડું અને કપડાં સાફસુફ કરવાને તમ્હેં કેટલી વાર જતા તે મ્હને સાંભરે છે. અમ્હેં ગાડીમાં આવતાં હતાં, ત્યારે એના (ટેરામિન્ટાના) વિષે તમ્હારી રચેલી કેટલીક કવિતાઓ મ્હેં મ્હારી પત્નીને સંભળાવી છે."

ઘણા વખત પ્હેલાં બનેલા ન્હાના ન્હાના બનાવો ઉપર આવા આવા વિચાર કરતાં કરતાં, તે સરસ ભોજનનો વખત અમ્હેં આનન્દમાં ગાળ્યો. જમી રહ્યા પછી એની પત્ની ઓરડીમાંથી બ્હાર ગઈ, અને છોકરાંઓએ પણ એમ જ કર્યું. અમ્હેં એકલા પડ્યા કે તરત જ એણે મ્હારો હાથ ઝાલ્યો, અને કહ્યું, "પ્રિય મિત્ર, હું ખરેખર ઘણોજ ખુશી થયો છું. આજે તમ્હારી સાથે આ મંડળી જમી તેમાંથી બધાંને તમ્હેં ફરીથી નહિ જુઓ એવી મ્હને ધાસ્તી હતી.—એ કોણ છે એ મ્હારે માટે શોધી કહાડવાને તમ્હેં નાટકશાળામાંથી એની પાછળ પાછળ ગયા હતા) ત્યાર પછી મ્હારી બશી રૂહિણીમાં રહેજ ફેરફાર થયો છે એવું તમ્હેં નથી માનતા?" બોલતે બોલતે એની આંખમાંથી આંસુનું એક ટીપું પડ્યું તે મ્હેં જોયું, અને ત્હેને લીધે મ્હને કંઇ ખોટી લાગણી થઇ નહિ. પણ વાત ફેરવવાને હું બોલ્યો, "તમ્હારી પાસેથી હું લઈ ગયો હતો એ પુત્ર

તો એક સારા માણસ તરીકે તમ્હેં મ્હને પજવવાના કામમાં ઉભા નહિ રહો એવી હું આશા રાખું છું; પરન્તુ, આ કામમાં એ સદ્‌ગૃહસ્થ ફાવવાના નથી, તો તેમના એક મિત્ર તરીકે આ કામમાંથી મન ઉઠાડી લેવાની એમને સલાહ આપશો.' તે વખતે એ જેવી હતી તેવી ને તેવી તો તે નથીજ. તમ્હને સાંભરતું હશે, કે મ્હેં તો ધાર્યું હતું કે એ ખરેખરૂં જ બોલે છે, અને તમ્હારે તમ્હારા પિત્રાઇ ભાઇ વિલને આ કામમાં લગાડવાની જરૂર પડી હતી, અને તમ્હારે માટે એણે (વિલે) પોતાની બ્હેનનું એની (પેલી સ્ત્રીની) જોડે ઓળખાણ કરાવ્યું. એ પંદર વર્ષની જ રહેશે એવું તો તમ્હારે ધારવું ન જોઇએ.'" "પંદર વર્ષની!" મ્હારા ભલા મિત્રે જવાબ દીધો; "હા! તમ્હે તો કુંવારા જ રહ્યા છો, એટલે આપણને કોઇ ખરેખર ચ્હાતું હોય ત્યારે કેટલો બધો, કેટલો અદ્વિતીય આનન્દ પડે છે એ તમ્હેં થોડું જ સમજી શકો! તે ઉત્તમ સ્ત્રીના તરફ હું જોઉં છું, ત્યારે જે આનન્દદાયક વિચારો મ્હને આવે છે એવા વિચારો કુદરતે બનાવેલું સુન્દરમાં સુન્દર મ્હોં જોઈને પણ આવે એ અશક્ય છે. એના મ્હોં ઉપર જે ફીકાશ દેખાય છે તે તો મ્હને તાવ આવ્યો ત્યારે મ્હારી સાથે એણે ઉજાગરા કર્યા હતા ત્હેને લીધે મ્હોટે ભાગે આવી ગઇ છે. આને લીધે એને મંદવાડ આવ્યો, અને તેમાંથી ગયા શીયાળામાં તો એ મરતી મરતી બચી. હું ખરેખર કહું છું કે મ્હારાઉપર એના એટલા બધા ઉપકાર થયા છે કે એની હાલની તબિયત ઉપર હું શાન્તિથી વિચાર કરી શકતો નથી. બાકી પંદર વર્ષની તમ્હેં વાત કરો છો, તેમાં તો મ્હારે કહેવું પડશે કે જ્યારે હું જુવાનીના આવેશમાં હતો ત્યારે એના સૌન્દર્યને લીધે જે આનન્દ મળશે એવું મ્હેં ધાર્યું હતું, ત્હેને તો કંઇએ વટાવી દે એવું સુખ એ મ્હને દરરોજ આપે છે. એના જીવનની દરેક ક્ષણે મ્હારી ઇચ્છાને અનુસરવાની એની વૃત્તિ, અને મ્હારા પૈસાની બાબતમાં એના ડહાપણના નવા નવા દાખલા મ્હને મળી આવે છે. મ્હેં પ્હેલવ્હેલું જોયું ત્હેના કરતાં તો એનું મ્હોં ઘણુંજ સુન્દર લાગે છે. એના ચ્હેરામાં કંઇ પણ એવો બગાડ થયો નથી કે જે મ્હારા સુખ અને લાભને માટે કંઇ ને કંઇ કાળજીભરી ચિન્તાથી જે ક્ષણે શરૂ થયો ત્યારથી તે છેક અત્યાર સુધી એ કેવી રીતે વધ્યો અને હું કહી ન શકું. આમ હોવાથી સાથે સાથે, એ જેવી હતી ત્હેને માટે એના તરફ જે પ્રેમની લાગણી મ્હને થઇ હતી, તેમાં તે જેવી છે ત્હેને લીધે મ્હારી ઉપકારની વૃત્તિને લીધે ઘણો વધારો થયો છે, એમ હું ધારૂં છું, એક સદ્‌ગૃહસ્થનું સુંદર સ્મિત એક મૂર્ખ માણસના ખડખડાટ હસવા કરતાં જેટલું ચ્હડતું છે, તેટલુંજ પ્રેમને નામે સાધારણ રીતે ઓળખાતી વિષયવાસના કરતાં પત્નીનો પ્રેમ ચ્હડતો છે. અરે, તે (એની પત્ની) તો એક અમૂલ્ય રત્ન છે! ઘરની બાબતોમાં દેખરેખ રાખે છે. તેમાં કોઈનો વાંક કહાડતાં તો જાણે એ બ્હીતી હોય એમ લાગે છે, એટલે નોકરો ન્હાનાં છોકરાંની પેઠે એનું કહ્યું માને છે. અને અમ્હારો ખરાબમાં ખરાબ નોકર પણ, ગુન્હો કરે છે ત્યારે, અંતઃકરણથી શરમાય છે એવું દેખાડે છે; અને એવી લાગણી તો બીજાં કુટુમ્બોમાં છોકરાંમાં પણ હમ્મેશાં દેખાતી નથી. મ્હારા જુના મિત્ર, હું તમ્હારી સાથે ખુલ્લા દિલથી વાત કરૂં છું; જ્યારથી એ માંદી પડી ત્યારથી, જે વસ્તુઓ જોઇને મ્હને તરતજ આનન્દ થતો, તે જોઇને મ્હને કંઇક ચિન્તા થાય છે, જોડેની ઓરડીમાં છોકરાં રમતાં હોય ત્યારે એમનાં પગલાં ઉપરથી હું તે બિચારાંને ઓળખી શકું છું, અને એમની દુઃખી દશામાં એ મા વિનાનાં થાય

તો એમનું શું થાય એવા વિચાર આવ્યાં કરે છે. મ્હારા છોકરાને લ્હડાઇની વાતો કહેતે કહેતે, અને મ્હારી છોકરીને એની પૂતળીની ખબર પૂછતે પૂછતે, અને આમ તેના સંબંધી તડાકા મારતે મારતે પ્હેલાં મ્હને આનન્દ પડતો હતો ત્હેને બદલે હાલમાં અંદરથી વિચાર આવ્યાં કરે છે અને દિલગીરી થઈ આવે છે.

આમને આમ કોમળતાથી એ વાત કર્યા કરત, પણ એટલામાં તે ભલી બાઇ અંદર આવી અને એણે અવર્ણનીય મધુર સ્હેરે અમ્હને કહ્યું કે, "તમ્હારા (મિસ્ટર બિકરસ્ટાફ) જેવા જૂના મિત્રનું મનરંજન કરવાને મ્હારી ઓરડીમાંથી કોઇ બહુ સારી વસ્તુ હું ખોળતી હતી." એના મુખ ઉપરનો આનન્દ જોઇને એના પતિની આંખો હર્ષથી ચળકી રહી, અને એના બધા ભય એક પલકમાં જતા રહેતા મ્હેં જોયા. તેબાઇને અમ્હારા દેખાવમાં કંઇક એવું લાગ્યું કે જેથી અમ્હે સાધારણ રીતે હોઇએ છીએ તેના કરતાં એને અમ્હે વધારે ગંભીર લાગ્યા. અને આનન્દમાં હોવાનો દેખાવ કર્યા છતાં એને જોઇને એના પતિને લાગણી થઈ આવી એ એણે જોયું: આ ઉપરથી અમ્હે શી વાત કરતા હતા તે એણે એકદમ ધારી લીધું, અને મ્હને ઉદ્દેશીને હસતે, હસતે બોલી, "મિસ્ટર બિકરસ્ટાફ, એ કહે છે એમાંથી એક શબ્દ પણ માનશો નહિ. શહેરમાં આવ્યા પછી પોતાને વિષે જેટલી કાળજી રાખે છે ત્હેના કરતાં મ્હારે માટે તેઓ ઘણી વધારે ચિન્તા રાખે છે. જુઓ તો ખરા, એતો કહે છે કે ગામડાં કરતાં લંડનનું પાણી વધારે નીરોગી છે, કારણ કે, એમના કેટલાક ઓળખીતાઓ અને નિશાળના મિત્રો આખું માથું ઢાંકે એવી વાળની ટોપી (માથે પડેલી તાલ સંતાડવાને) પ્હેરીને જુવાન દેખાય છે એ પોતે જુએ છે. આજે સવારે શરીર ઉઘાડું રાખીને એ બ્હાર જતા હતા તે મહા મ્હેનતે મ્હેં અટકાવ્યા!' એને આનન્દમાં જોઇને મ્હારો મિત્ર બહુ હરખાય છે, અને તેથી એને મ્હારા મિત્રે અમ્હારી જોડે બેસાડી. સમજુ સ્ત્રીઓમાં જ જોવામાં આવે છે એવી સરળતાથી એ બેઠી; અને પોતાની સાથે આણેલું આનન્દનું વાતાવરણ વિખરાઇ ન જાય માટે મ્હારી મશ્કરી કરવા માંડી. "મિસ્ટર બિકરસ્ટાફ તમ્હને સાંભરે છે કે એક દિવસ નાટકશાળામાંથી મ્હારી પાછળ પાછળ તમ્હે આવ્યા હતા? ધારો કે હાલે રાત્રે તમ્હે મ્હને ત્યાં લઇ જાઓ, અને સૌથી આગળની જગ્યાએ બેસાડો તો?' આ ઉપરથી જે સુંદર સ્ત્રીઓ હાલની રૂપવતી સ્ત્રીઓની મા થતી હતી, અને જે વીશ વર્ષ પ્હેલાં એ બોક્સોમાં શોભતી હતી, તેમની વાત નીકળી, અને તે ઘણો વખત ચાલી; મ્હેં એને કહ્યું: "તમ્હારૂં આટલું બધું લાવણ્ય તમ્હે તમ્હારી મ્હોટી છોકરીમાં ઉતાર્યું છે, એ જોઇને હું ઘણો ખુશી થયો છું. અને એ છોકરીને સૌથી સુન્દર ગણાવા માટે ફક્ત અધો વર્ષનીજ વાર છે એ નિર્વિવાદ છે."

એ છોકરી સૌથી સુન્દર કહેવાશે એવી કલ્પનામાં અમ્હે આનન્દ કરતાં હતાં, એટલામાં ઢોલનો અવાજ સાંભળીને અમ્હે ચમક્યાં; અને તરતજ મ્હારો ન્હાનકડો ધર્મપુત્ર+ મ્હને લડાઇનું ગીત સંભળાવવાને અંદર આવ્યો. કંઇક હસતે હસતે અને કંઇક

+આપણા ધર્મમાં બ્રાહ્મણના પુત્રને જનોઈ ન દીધું હોય ત્યાં સુધી એને પુરેપુરો બ્રાહ્મણ ગણવામાં આવતો નથી, અને વેદાધ્યયન તેમજ હવન આદિ કેટલીક ધર્મક્રિયાઓનો એને અનધિકારી ગણે છે. એવીજ રીતે ખ્રિસ્તી ધર્મમાં પણ બાળક જન્મે છે કે તરતજ પુરેપુરૂં ખ્રિસ્તી ગણાતું નથી. આપણામાં જેમ બ્રાહ્મણના પુત્રને ધર્મક્રિયાઓનો અધિકારી થવાને જનોઇ વખતે દીક્ષા લેવી પડે છે, તેમ ખ્રિસ્તી

વ્હડતે વ્હડતે એની માતા એને ઓરડી બ્હાર કહાડી મૂકત; પણ એમ એને જવા દેવાનું મ્હને ગમ્યું નહિ. એની જોડે વાતચીત કરતાં મ્હને જણાયું કે એ જરા બરાડીઓ તો હતો, પણ એની બુદ્ધિ ઘણી સારી હતી અને આઠ વર્ષની પેલી બાજુએ (આઠ વર્ષથી ન્હાનાં હોઇએ ત્યારે) મેળવી શકાય એવા બધા જ્ઞાનમાં તો એ એક્કો હતો. 'ઇસપનીતિ' ની વાતોઓનો તો એ મ્હોટો વિદ્વાન્ હતો એવું મ્હને લાગ્યું; પરન્તુ, એણે એનું મત સ્પષ્ટ રીતે મ્હને જણાવી દીધું. અને કહ્યું કે "મ્હને એ વાતો ગમતી નથી, કારણ કે એનો ખરેખરી બનેલી વાતો નથી!" આથી એણે લગભગ ગયા બાર મહિનાથી એના અભ્યાસની દિશા સારી પેઠે ફેરવી હતી એમ મ્હને જણાયું, અને 'ડૅાન બેલિઆનિસ ઑફ ગ્રીસ,' 'ગાય ઑફ વૉરિક,' 'ધી સેવન ચૅમ્પિયન્સ' વગેરે તે વખતના ઇતિહાસકારોનાં જીવનો તથા પરાક્રમો વાંચ્યાં કરતો હતો. છોકરો શરમથી લેવાઇ જાય એવો ન હતો એ જોઇને એના પિતાને સંતોષ થયો, એ મ્હારા ધ્યાનમાં આવ્યા વિના રહ્યું નહિ. અને મ્હેં જોયું કે એ છોકરાએ કેટલીક એવી બાબતો ધ્યાનમાં રાખી હતી કે જે ત્હેની આખી જીંદગી સુધી કામ લાગે; એ ઉપરથી મ્હને લાગ્યું કે એના આ વિનોદમાંથી એને કંઇક ફાયદો થશે. જહૉન હિકેથ્રિફ્ટના ગેરવહીવટ વિષે એ વાત કરશે, બેવિસ ઑફ સાઉધેમ્પ્ટનમાં ન્હાનાઉપણાનો વાંક કહાડશે, અને સેંટ જ્યૉર્જ ઇંગ્લેન્ડનો વીર પુરુષ હતો, માટે એને એ ગ્હાતો; આવી રીતે એના વિચારોમાં વિવેક, સદ્દગુણ અને સુકીર્તિની ભાવનાઓ અજાણપે ઘડાતી હતી. હું એની હુંશિયારીનાં વખાણ કરતો હતો, ત્યારે એની માતાએ કહ્યું કે જે છોકરી સવારમાં મ્હને ઘરમાં લઇ ગઇ હતી, તે વળી એના અભ્યાસમાં આ છોકરા કરતાં પણ ચ્હડે એવી હતી. તેણે કહ્યું, "બેશીને મ્હોટે ભાગે પરીઓ અને ભૂતોની જ વાતોમાં રસ પડે છે, અને કોઇકવાર તો શીયાળાની રાત્રે એની વાતો કહીને ઘરની નોકર તરીકે રહેતી સ્ત્રીઓને એટલી બધી ભડકાવે છે કે તેઓને સૂવા જતાં પણ બ્હીક લાગે છે."

ઘણું મોડું થયું ત્યાંસુધી હું તેમની જોડે બેઠો. કેટલીકવાર અમ્હે આનન્દની વાતો કરતાં હતાં, ત્યારે કેટલીક વાર ગંભીર વિષયોની વાત કરતાં હતાં. અને અમ્હારૂં બધાનું એક બીજા ઉપર વ્હાલ છે, એ લાગણીથી ખાસ આનન્દ આવ્યો હતો; અને એને લીધેજ બધી વાતમાં ખરેખરો રસ પડે છે. પરણેલાં અને કુંવારાં મનુષ્યોનાં જીવનની જૂદી જૂદી સ્થિતિઓ ઉપર વિચાર કરતો કરતો હું ઘેર ગયો: અને મ્હારે કબુલ કરવું પડશે કે 'હું જ્યારે મરી જઇશ ત્યારે મ્હારૂં નામનિશાન નહિ રહે'—એ વિચાર આવ્યાથી મ્હને એક શુભ દિલગીરીની લાગણી થઇ આવી. આમ વિચારમાં ને વિચારમાં મ્હારા ઘર પાસે આવી પ્હોંચ્યો-એટલે મ્હારે ત્યાં નોકર તરીકે રહેતી સ્ત્રી, મ્હારો કૂતરો, અને મ્હારી બિલાડી યાદ આવ્યાં. મ્હને કાંઇ થાય, તો તેથી લાભ કે ગેરલાભ માત્ર તમને જ છે!

દુઃખી બાલુડું !

લેખકઃ-શ્રીયુત " C. "

સાયંકાળ થઈ ગયો હતો, પોતાનાં મંદ થતાં તેજસ્વી કિરણોથી સૃષ્ટિને પોતાની મારફક વિશ્રાંતિ લેવા જવાનું ફરમાવી, સૂર્યનારાયણ આખા દિવસના રટનથી કંટાળી જઈ પશ્ચિમ દિશા ભણી પૃથ્વીની સોડમાં ભરાઈ જતા હતા, અને દુશ્મન હારતાં જેમ જીતનાર સૈન્યનું જોર વધે છે, તેમ સૂર્ય કિરણો મંદ થતાં શશિબિંબનું શાન્તિમય ગૌરવ વધવા લાગ્યું હતું.

આ સમયે એક મકાનમાં એક માણસ કપાળે હાથ મુકી, શોકગ્રસ્ત સ્થિતિમાં બેઠો હતો. તેનું વય લગભગ પાંત્રીસેક વર્ષનું જણાતું હતું, પણ તેના શરીરના બાંધા ઉપરથી મોટી ઉમરનો હોય તેવું સહજ ધારવામાં આવતું હતું. મોં ઉપર થોડી થોડી કરચલીઓ પડેલી હતી અને દાંત તો ફક્ત અરધો ડઝન (છએક) પણ ભાગ્યે રહેવા પામ્યા હશે. નસીબ દેવી વિમુખ થવાથી તે બહુ ગરીબ સ્થીતિમાં આવી પડેલ હોય તેમ તેના ચ્હેરા પરથી સ્પષ્ટ થતું હતું. નસીબદેવીનું જોર એટલું પ્રબળ છે કે જ્યાં સુધી તેની મહેરબાની હોય છે ત્યાંસુધી દુઃખો દુર નાસે છે પણ જ્યારે આ દેવી વિફરે છે, ત્યારે ઘણાં દુઃખો એક સાથે હુમલો કરવા માંડે છે ! આ માણસપર નસીબદેવીનો કોપ થવાથી તે ગરીબસ્થીતિમાં આવી પડ્યો હતોઃ તેવામાં તેની સ્ત્રી એક નાનું પાંચ વર્ષનું બાળક મુકી મરણ પામી.

આ શખ્સ એક સમયે કાઠીઆવાડના એક સુંદર શહેરમાં આવેલા પોતાના મકાનમાં આવી પડેલી હાલતપર વિચાર કરતો શોકમાં બેઠો તેવામાં એક બુઢા ગૃહસ્થે આવી મકાનનાં બારણાં ખખડાવ્યાં જેથી તે પોતાના શોકને દબાવી બારણું ઉઘાડવા ઉઠયો. બારણું ઉઘડયું અને તે બુઢો ગૃહસ્થ અંદર દાખલ થયો. આ બુઢો ગૃહસ્થ તેનો કાકો થતો હતો.

કાકાએ આવતાં જ સવાલ કર્યો. "કેમ ભાઇ ! હવે તેં શો વિચાર કર્યો છે. વધારે વખત જેમ જતો જાયછે તેમ પછી કન્યા મેળવવી ઘણી મુશ્કેલ થશે. (કાઠીઆવાડમાં સાધારણ સ્થીતિનો માણસ જરા મોટી ઉમરે વિધુર થાય અને વિધુર થયા પછી થોડા વખતમાં જો પોતાનું વેશવાળ ન કરી શકે તો પછી થવું અશકય છે.) માટે જલદી વિચાર કર એટલે ગમે તેમ કરી ક્યાંય પણ બંદોબસ્ત કરી નાંખીએ. વળી મેં એક જગ્યાએ તપાસ કરેલ છે અને કન્યાના બાપને રૂપિઆ આઠસો આપવાથી નક્કી થાય એવા દરેક સંભવછે પણ હવે તારા વિચારની રાહ છે."

આ ભાઈને તો એટલું જોઇતું હતું કે ક્યાંય કન્યા મળે તેમ હોય તો ગમે તેમ કરી, પૈસા આપવાની શક્તિ ન હોય તો કરજ કરીને પણ સ્ત્રી પરણવી ! અહા ! લગ્નમાં ઈશ્વરે એવી માયા મુકીછે કે પુરૂષ પોતાના હિત અહિતનો વિચાર, તેની પાછળ ભુલી જાયછે. આ વખતે એક મકાન સિવાય આ માણસની પાસે કંઈ રહ્યું ન હતું. ભાઇને કંઈ કામ કરવું ગમતું નહિ અને આળસાઈમાં ડુબેલા હતા. જેથી જે કંઇ હતું તે સમભગ બધું ખવાઇ ગયું હતું, અને તેથી કન્યા લેવા જતાં પૈસાનો કઈ રીતે બંદોબસ્ત કરવો. તેની ચિન્તામાં, બુઢાકાકા આવ્યા તે વખતે ગુંથાયા હતા

જ્યારે કાકાએ પોતાના વિચાર દર્શાવ્યા ત્યારે કન્યા મેળવવા તલપાપડ થઇ રહેલા આ ભાઇએ પોતાની મુસ્કેલીઓ જાહેર કરવા માંડી.

" કાકા, તમો કહોછો જે એક જગ્યાએ જલદી સગવડ થઈ શકે તેમ છે ને રૂપિઆ આઠસો પ્રથમ કન્યાના બાપને દેવા પડશે; પણ તમો જાણોછો કે મારી સ્થીતિ શું છે? તો આ પૈસા તેમજ લગ્ન વખતે થતાં ખરચ, કપડાં ઘરેણાંનો કેવી રીતે બંદોબસ્ત કરવો? મારી પાસે ફક્ત એક ઘર બચવા પામ્યું છે તે ઘર જો ગીરવી મુકીએ તો રૂપિઆ લગભગ હજાર મળી શકે તેમ છે ને તેમાંથી રૂપિઆ આઠસો આપતાં બકી રૂપિઆ બસો રહેશે. પણ કપડાં તથા લગ્ન ખરચમાં રૂપિઆ લગભગ પાંચસો થવા સંભવ છે તો બાકીના રૂપિઆ કોઇના કરજે લઇએ તોજ બની શકે તેમ છે પણ ઘરેણાં જોઇશે તેનું શું કરવું?"

કાકાએ ટહુકો કર્યો; " જે ઘરેણું જે જોઇશે તે કામ ચલાવી લેવા થોડા દિવસ માટે હું આપીશ. માટે જો તું હા પાડે તો કાલે ને કાલેજ આ બધી વાતનો બંદોબસ્ત કરી વેવિશાલનું નક્કી કરી નાંખીએ."

આ ઉમેદવારને આવા ટેકાનીજ જરૂર હતી એટલે ભવિષ્યનો પોતાનો કે પરણીને લઈ આવવાની તે સ્ત્રીનો કે પોતાનાં વ્હાલાં કુમળાં બાળકનો વિચાર ઘણે દૂર રહેતો હતો. અગર બિલકુલ હતોજ નહિ! અને તેથી તેણે સ્ત્રી પરણવાની ઉમેદમાં હા પાડી અને આશાનાં અંકુરો ફુટતાં, તેનાં મોંપરનો શોક દુર થતાં, ખુશાલી અને ઉત્સાહ પથરાયો.

અરે અફસોસ! આપણા ભાઇઓ પોતે, પોતાનો વિચાર કરતા નથી પણ ક્ષણિક સુખની ખાતર કે વિષયસુખની ખાતર મોટી ઉમરે, ને તેમાં પણ પોતાની ગરીબ સ્થિતિ હોય તે વખતે પોતાનાં વ્હાલાં બચ્ચાંઓનો કે પરણી લાવવા ચાહતી, નિર્દોષ બાળાઓનો અને તેની ભવિષ્ય જીંદગીનો વિચાર કરતા નથી. આવા પુરૂષોનું ઈશ્વર શું કલ્યાણ કરશે? વળી વિશેષ અફસોસ એ છે જે રૂપિઆની લાલચમાં અમુક માબાપો પોતાની વહાલી દીકરીઓને વેચી તેનો સંસાર બગાડી નાંખે છે. રૂપિઆની ખાતર પોતાની દીકરી, કોને, કેવી સ્થિતિના માણસને, ને તે માણસ પોતાની દીકરીનું ભરણ-પોષણ કરી શકે તેવો છે કે નહિ તેનો પણ વિચાર કર્યા વિના, યાહોમ કરી જેમ યજ્ઞમાં બળિ હોમેછે તેમ દુઃખ દરિયામાં જાણીબુજી, ધક્કો મારી હડસેલી દેછે! આપણી સ્ત્રીઓમાં સહનશક્તિનો ગુણ સારી રીતે હોવાથી પોતાના નસીબનો દોષ કહાડી, દુઃખ વેઠે છે, પણ છતાં તેવી બાળાઓ તેના માબાપો પ્રત્યે અંતરનો કેવો નિઃશ્વાસ નાંખેછે તે તો ઈશ્વરજ જાણેછે. આવાં માબાપોનો ન્યાય પણ ઈશ્વરને ઘેર થશેજ.

બીજે દિવસે કાકા, રૂપિઆ આઠસો દેવા કરી, સોદો નક્કી કરી લાવ્યા. અને બંદોબસ્ત કર્યા મુજબ ઘર ગીરો મુકી તથા કરજ કરી, જ્ઞાતિરિવાજ મુજબ લેવડદેવડ કરી.

લગ્ન આવ્યાં અને વચન આપ્યા મુજબ કાકાએ પોતાનાં ઘરેણાં વગેરે, કામ ચલાવી લેવા ખાતર આપ્યાં. લગ્ન થઇ ચુક્યાં. ઉમેદવાર કન્યા લઇ ઘેર આવ્યા. કાકાને પોતાના દાગીનાની ફિકર થતાં બીજે દિવસે પોતાની થાપણ પાછી લઇ આવ્યા. ગરીબ ...ી બાળા પાસે થોડાં કપડાં સિવાય કંઈ રહ્યું નહિ.

થોડા દિવસ તો ખુશાલીમાં પસાર થયા, પણ પાછળથી લેણદારોના દબાણથી તેમજ ભરણપોષણ કરવાના સાધન ન રહેવાથી પેલા ભાઇસાહેબને બહારગામ કમાવા અર્થે જવું પડયું. પણ નસીબ એ ડગલાં આગળ ને આગળ ! મહા મુશીબતથી નોકરી મળી. નોકરીની હાડમારીથી તેમજ હવા પાણી માફક ન આવવાથી ભાઇસાહેબ દિવસે દિવસે ઘસાવા લાગ્યા. તેવામાં તેની સ્ત્રી મરણ પામી. એટલે વધારે ફિકરમાં પોતાનું શરીર તદ્દન ઘસાઇ ગયું ને તે પણ તેજ રસ્તે રવાના થયા !

હવે બિચારૂં કુમળું બાળક જે આ વખતે નવ દશ વર્ષનું થએલ તેના શા હાલ ? બાપે સ્ત્રી પરણવાના લોભથી ઘર વગેરે તમામ સફાઇ કરી રાખેલ હતું. સગા કુટુંબી પણ પૈસો હોય ત્યાંજ દોડે છે ને સગાઈ રાખે છે. લક્ષ્મી જ્યાં વિમુખ હોયછે ત્યાં સર્વે કોઈ વિમુખ થાયછે. કાકા જે એક વખત પરણાવવા મદદ કરવા તૈયાર થએલ તેણે અત્યારે અખાડા કર્યા. ગરીબ બાળક તેની કોણ સંભાળ રાખે ?

બાપે પરણવા પાછળ જેટલી જીજ્ઞાસા બતાવી તેટલી જો પોતાનાં આ વ્હાલાં બચ્ચા તરફ બતાવી હતે તો આ બાળકની આવી સ્થીતિ થવા પામી ન હોત. આખરે કોઇ દયાજનક પુરુષ આ બાળકને મુંબઈમાં લેડી નોર્થકોટ હિંદુ ઓરફનેજ (અનાથાશ્રમમાં)માં મુકી આવ્યો. આવા ખાતાને ધન્યવાદ છે જે આવા અનેક નિરાધાર બાળકોનું રક્ષણ કરેછે.

આવા આળસુ તેમ પોતાના ભવિષ્યનો બિલકુલ વિચાર ન કરનારા, ફક્ત પોતાના ક્ષણિક સુખની ખાતર, ગરીબ બિચારી અબળાનો હાથ ગ્રહણ કરવા ઉમેદવારી કરનારા, હજુ ઘણા મળી આવેછે. અફસોસ !

વિદ્યાકલા—વૈદક.

" હિસ્ટીરિઆ " અથવા તાણ.

આ રોગ થવાનાં કારણો તથા ત્હેનાં કુદરતી ઉપાયો.

લેખકઃ—વૈદરાજ રા. રા. અમૃતલાલ સુન્દરજી પઢિયાર—મુંબઇ.

(મુંબાઈની વૈદસભામાં આપેલું ઝાહેર વ્યાખ્યાન.)

માનવન્તા પ્રમુખ સાહેબ અને વૈદ્યરાજ બન્ધુઓ:

આજે હીસ્ટીરીઆ થવાના કારણો અને તેના કુદરતી ઉપાયો. એ સંબંધી કેટલીક જાણવા લાયક હકીકત રજુ કરૂં છું; કારણ કે હાલના વખતમાં ઉંચ વર્ગના ગણાતા લોકોની જુવાન સ્ત્રીઓમાં હીસ્ટીરીઆનો રોગ બહુ વધી પડેલો છે. ઠેકાણે ઠેકાણે હીસ્ટીરીઆના કેસ જોવામાં આવે છે, એટલુંજ નહીં પણ કેટલાંક કુટુંબોમાં તો એકજ ઘરમાં ત્રણ ચાર સ્ત્રીઓ હીસ્ટીરીઆવાળી હોય છે. હવે વીચાર કરો કે જેના ઘરમાં ઘણી સ્ત્રીઓને હીસ્ટીરીઆ થતો હોય તેને કેટલી બધી હેરાનગતી ભોગવવી પડે ? કારણ કે હીસ્ટીરીઆનો રોગ ઘણો ખરાબ છે. એ રોગના હુમલા વખતે કોઈ બાઇઓ તદ્દન બેશુદ્ધ થઇ જાય છે, કોઇને દાંતની દાઢી વળગી જાય છે, કોઈ ચીસો પાડવા માંડે છે, કોઈ

હસવા માંડે છે, કોઈ પોતાનાં લુગડાં તથા મોવાળા તોડવા માંડે છે, કોઈ ગમે તે ઠેકાણે ધમકાઈને પડી જાય છે, કોઇ ઘણા કલાકો સુધી મુર્છામાં પડી રહે છે, કોઇ ઉછાળા મારે છે. કોઈનું શરીર તણાઈને કમાન જેવું બની જાય છે, કોઇની છાતીમાં બીસોટા આવે છે, કોઇના પેટમાં દરદ થાય છે, કોઇનું મગજ ગુમ થઇ જાય છે, કોઈ પોતાનાં મુએલાં પીતૃઓને યાદ કરી કરીને રોય છે, કોઇ મારામારી કરવા માંડે છે અને કોઈ કોઇની અંદર એ વખતે દીવાનાપણાનાં ચીન્હો દેખાય છે; તથા ઘણી બાઇઓને એ વખતે પોતાનાં લુગડાંનું કે શરીરનું પણ ભાન રહેતું નથી. આવી સ્થીતી થવાથી ઘરનાં બીજાં સઉ માણસો બહુ ગભરાટમાં પડી જાય છે અને સારા સારા કેળવાયલાં માણસો પણ વહેમાઈ જાય છે તથા ન કરવાના ઉપાયો કરે છે; કારણ કે આવા કેસોમાં કુટુંબની બીજી સ્ત્રીઓ ભુતપ્રેતને વહેમ માન્યા કરે છે અગર પીતૃઓ નડે છે એમ સમજ્યા કરે છે. ઘણાંએ અજ્ઞાન માણસો તો એમ સમજે છે કે આ બાઇને કોઇની નજર લાગેલી છે અગર કાંઇ વળગેલું છે. એમ સમજીને તેઓ ભુવાભવાડી પાસે જાય છે અને દોરાધાગા કરવાની બાબતમાં ઉતરી પડે છે અને એમ કોઈ ઠગારા મળી જાય તો ફોકટના ઘણા પૈસા ગુમાવી દે છે. અજ્ઞાન લોકો હીસ્ટીરીઆના કેસમાં જ્યારે આવી રીતે હેરાન થાય છે ત્યારે સુધરેલા ગણાતા પઈસાદાર લોકો ઉપરા ઉપરી જુદી જુદી જાતની દવાઓ કરવાથી હેરાન થાય છે; કારણ કે હીસ્ટીરીઆ માટે હજી સુધી કોઇપણ દવા સીદ્ધ થએલી નથી. પણ હીસ્ટીરીઆ માટે મારો અનુભવ એવો છે કે જે કારણથી હીસ્ટીરીઆ થાય છે તે કારણો જ્યારે દુર થાય ત્યારે પોતાની મેળેજ હીસ્ટીરીઆ મટી જાય છે. માટે મને એવી ખાતરી થયેલી છે કે દવાઓના જોરથી હીસ્ટીરીઆના કેસમાં જેટલો ફાયદો કરી શકાય તે કરતાં કુદરતી ઉપાયોથી હીસ્ટીરીઆના કેસમાં ઘણોજ વધારે ફાયદો કરી શકાય છે. આ વાત બરોબર રીતે લોકો સમજતા નથી તેથી કુદરતી ઉપાયો કરવાને બદલે શ્રીમંત લોકો ઉપરાઉપર જુદા જુદા ડાકટરોની તથા જુદા જુદા વઇદોની જુદી જુદી દવાઓ અજમાવ્યા કરે છે. જેમકે થોડા દીવસ એક ડાકટરની દવા લે છે તેથી ફાયદો ન જણાય એટલે બે ચાર દીવસમાં બીજા ડાકટરને બોલાવે છે, એથી ફાયદો ન જણાય એટલે બહુ મોટી ફીવાળા ડાકટરને બોલાવે છે એથી ફાયદો ન જણાય એટલે નામીચા હકીમને બોલાવે છે, એથી ફાયદો ન જણાય એટલે કોઈ જાણીતા વઇદરાજને બોલાવે છે. એથી ફાયદો ન જણાય એટલે વળી બહાર-ગામના વઇદને બોલાવે છે, એથી ફાયદો ન જણાય એટલે કોઈ મહાત્મા ગણાતા બાવા સાધુને બોલાવે છે, એથી ફાયદો ન જણાય એટલે આસપાસના લોકો જે જે દવાઓ બતાવે તે કરવા માંડે છે, એથી ફાયદો ન જણાય ત્યારે પોતે બહારગામ જાય છે અને ત્યાંના ડાકટરો તથા વઇદોની દવા કરે છે. આવી રીતે મહીનાઓના મહીનાઓ સુધી તથા વરસોનાં વરસો સુધી તેઓ નવી નવી જાતની દવાઓજ કરાવ્યા કરે છે, તેમાં કોઇ વૈદ કંઇ આપે છે, કોઇ ડાકટર કંઈ આપે છે, કોઇ હકીમ કંઈ આપે છે, કોઈ બાવો કંઇ આપે છે અને કોઇ પાડોશીઓ કંઇ કંઈ બતાવે છે. કોઇ જુલાબ આપવાનું કહે છે, કોઈ સોહ્નભસમ આપે છે, કોઈ નકસવોમીકા આપેછે, કોઇ ફોસફરસ આપેછે, કોઇ દમીકચાક આપે છે, કોઈ મજોનું સેવ આપે છે, કોઇ દીંગબોક, ખવરાવે છે, કોઈ આ

રસનીક આપે છે, કોઈ એરંડીયા આપે છે, કોઇ તાંબાની ખાખ આપે છે, કોઇ ત્રીફળુ આપે છે, કોઇ પેટ ઉપર બધારણુ બંધાવે છે, કોઇ છાતી ઉપર અળસીની પોટીશ લગાવે છે, કોઇ માથાનો જુલાબ આપે છે અને કોઇ બીજી કાંઇ સખત દવાઓ આપે છે. આ બધી દવાઓ ડાકટરો હકીમો કે વૈદો ફાયદો થવાની ઇચ્છાથીજ આપે છે, એટલુંજ નહી પણ વૈદક શાસ્ત્રના નીયમો ધ્યાનમાં રાખીને તથા પોતાના અનુભવ પ્રમાણેજ ભલી ઇચ્છાથી તેઓ એ બધી દવાઓ વાપરે છે તેમજ દવા લેનાર માણસો પણ ફાયદો થવાની ઇચ્છાથીજ એ બધી દવાઓ લે છે. પણ અફસોસ કે તેમ છતાં એનું પરીણામ દરદીના હકમાં ઘણુંજ માઠું આવે છે, કારણકે એકજ માણસના પેટમાં બહુ જ ટુંક વખતની અંદર ઘણી દવાઓ જવાથી અને તેમાંની ઘણી દવાઓ પરસ્પર એકબીજાની વીરૂદ્ધ હોવાથી દરદીની પ્રકૃતી ઉપર તે બહુ માઠી અસર કરે છે. આવી રીતે ઘણાં માણસોની ઘણી જાતની દવાઓ ઉપરાઉપર ખાવી એ આંધળાના ગોળી-બહાર જેવું છે. એટલે કે આંધળો માણસ બંદુક ફોડે ને નીશાન પાડવા જાય તેમાં સેંકડે નવાણું ટકા તો તે ફેલજ થાય છે. માત્ર કોઇ વખત આંધળાનો ઘા પાધરો પડી જાય છે તેમજ કોઈ વખત દવા લાગુ પડી જાય છે. બાકી બહુ મોટા ભાગમાં તો વધારે પડતી દવાને લીધેજ ઉલટી ખરાબી થાય છે અને આવા આગળ વધેલા જમાનાની અંદર લોકો વીના કારણ અજ્ઞાનમાં પડયા રહે અને દુઃખી થયા કરે એ બહુજ દિલગીરીની વાત છે. માટે જે ઉપાયોથી દરેક રોગમાં બહુ જલદીથી ફાયદો થાય છે અને તેમાં પણ હીસ્ટીરીઆમાં તો જેથી કરીને ખાસ ફાયદો થાય છે એવા કુદરતી ઉપાયો તરફ લોકોનું ધ્યાન ખેંચવું જોઇએ. તેઓને સમજાવવા જોઈએ કે આવી જાતના કેસોમાં દવા જેટલું કામ કરી શકે છે તે કરતાં કુદરતી ઉપાયો ઘણુંજ વધારે સારાં કામ કરી શકે છે. હવે આપણે હીસ્ટીરીઆના કુદરતી ઉપાયો તરફ લોકોને દોરવાની કોશીશ કરવી જોઇએ; કારણ કે એવી રીતે સાચે રસ્તે લોકોને દોરવવા એ વૈદસભાની ફરજ છે અને એ વૈદસભાનું ભુષણ છે. માટે હવે આપણે હીસ્ટીરીઆના કુદરતી ઉપાયો તરફ વળવું જોઈએ; પણ તેમાં આટલી વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે પ્રથમ જ્યારે હીસ્ટીરીઆ થવાનાં કારણો જાણી શકાય તે પછીજ તેના ખરા કુદરતી ઉપાયો મળી રહે છે, માટે હીસ્ટીરીઆ થવાનાં કારણો આપણે પ્રથમ જાણવાં જોઈએ. એ માટે અનુભવ તથા વીચારથી અને વૈદકશાસ્ત્રની મદદથી મને એમ જણાયું છે કેઃ—

૧. હીસ્ટીરીઆ થવાનાં કારણોઃ—

૧. ઘણી સ્ત્રીઓનાં મગજ બહુ નબળાં હોય છે. અને નબળાં મગજ ઉપર કોઇ પણ સારા માઠા બનાવોની અસર બહુ જલદી થઇ જાય છે. તેને લીધે માનસિક નબળાઇથી ઘણી સ્ત્રીઓને હીસ્ટીરીઆ થાય છે.

૨. ઘણી સ્ત્રીઓ બહુજ વહેમી હોય છે તેથી તેઓ ભુતપ્રેત ડાકણુ વીગેરેના વળગાડને માન્યા કરે છે; તથા મુએલાં પીતૃઓ નડે છે એમ માન્યા કરે છે અને તેમાં પણ જો પોતાની અગાઉ પોતાની કોઇ શોકયો મરી ગયેલી હોય અગર પોતાના કુટુંબમાં કોઈ માણસે સાપ કરડવાથી, પાણીમાં ડુબી મરવાથી, કે ઝેર ખાવાથી, આપઘાત કરીને મરી

ગયેલો હોય અગર કોઈ જુવાન માણસ વાંઢો મરી ગયો હોય તો એ બધી બાબતો યાદ કરીને તેઓ એમ સમજ્યા કરે છે કે આ બધાં અમને નડે છે. એવા વહેમને લીધે પણ હીસ્ટીરીઆ થઈ આવે છે અને એવા કેસ આપણા દેશમાં ઘણા વધારે હોય છે.

૩. ઘણી સ્ત્રીઓનાં પેટની અંદર કેટલીક જાતના રોગો હોય છે. એવા રોગોને લીધે પણ ઘણી સ્ત્રીઓને હીસ્ટીરીઆ થઇ આવે છે, કેમકેઃ—

(અ) ગરભાશયમાં બગાડ હોય તેને લીધે છોકરાંઓ થતાં નથી. એ ગરભાશયના બગાડને લીધે પણ ઘણીએ બચ્ચાં થવા લાયક જુવાન સ્ત્રીઓને હીસ્ટીરીઆ થઈ આવે છે.

(આ) ઘણી બાઇઓને દર મહીને વખતસર ઋતુસ્રાવ થતો નથી તથા કેટલીક બાઇઓને ઋતુસ્રાવ બહુજ ઓછો થાય છે તથા કેટલીક બાઇઓને ઋતુસ્રાવ બહુજ વધારે થાય છે અને કેટલીક બાઇઓને અનીયમીત મુદતે રતુસ્રાવ થાય છે તેને લીધે પણ મગજ ઉપર માઠી અસર થાય છે અને તેમાંથી પણ હીસ્ટીરીઆ થઇ જાય છે.

(ઇ) ઘણી સ્ત્રીઓની જઠરાગ્નિ બહુજ મંદ હોય છે. અને તેમ છતાં ખાવાપીવાની બાબતમાં તેઓ બહુજ બેદરકારી રાખે છે તથા પોતાની તબીયતને માફક આવે એવી ચીજ કઇ છે તે તેઓ જાણતી નથી. એટલુંજ નહીં પણ માત્ર સ્વાદની ખાતર વધારે પડતું ખાઇ લે છે અને તેમ છતાં અમે અમારી જઠરાગ્નિના પ્રમાણમાં ઘણું જ વધારે ખાઈએ છીએ એમ તેઓને સમજાતું નથી, તેથી પરીણામ એ થાય છે કે, તેઓને અજીરણ લાગુ પડે છે અને લાંબા વખતના અજીરણમાંથી બીજા અનેક રોગો થઈ શકે છે તેમજ એવા અજીરણમાંથી કેટલીક બાઇઓને હીસ્ટીરીઆ પણ થઇ જાય છે.

૪. ઘણી સ્રીઓના પેટમાં લીવર મોટું થઇ ગયેલું હોય છે અને ઘણી સ્ત્રીઓનાં પેટમાં બરોળની ગાંઠ વધી ગયેલી હોય છે, તથા ઘણી સ્ત્રીઓના પેટમાં વાયુનું જોર હોય છે. કેટલીક બાઇઓને વાયુનો ગોળો ચઢયા કરે છે. એવા પેટના વાયુને લીધે પણ ઘણી બાઈઓને હીસ્ટીરીઆ થઇ જાય છે. કારણ કે એ વાયુની અસર મગજનાં જ્ઞાનતંતુઓ ઉપર પહોંચી જાય છે. તેમાંથી નબળા મનની સ્ત્રીઓને હીસ્ટીરીઆ થઈ જાય છે.

૪. ઘણી સ્ત્રીઓને પ્રદરનું જોર હોય છે, તેમાં કેટલીક સ્ત્રીઓને રકતપ્રદર હોય છે અને કેટલીક સ્ત્રીઓને શ્વેતપ્રદર હોય છે અને એ પ્રદર જ્યારે બહુ વધી જાય ત્યારે તેવી સ્ત્રીઓનાં શરીર તથા મન બહુ નબળાં પડી જાય છે અને નબળાં મન ઉપર હીસ્ટીરીઆનો હુમલો બહુ જલદીથી થઈ શકે છે; એટલે પ્રદરની બીમારીને લીધે પણ ઘણી સ્ત્રીઓને હીસ્ટીરીઆ થઇ જાય છે. ઘણીએ નવી પરણેલી જુવાન છોકરીઓને પોતાને સાસરે જવું ગમતું નથી. કારણકે કોઈ બાઇને પોતાના વર સાથે બનતું નથી અને કોઇની સાસુ બહુ જુલમી હોય છે તેને લીધે સાસરે જવું ગમતું નથી અને તેમ છતાં સાસરીઆં તથા માબાપો દબાણ કરે છે કે તારે સાસરે જવુંજ પડશે. એ સાસરે જવાના ભયને લીધે પણ ઘણી સ્ત્રીઓને હીસ્ટીરીઆ થઇ આવે છે. એવો એક કેસ મેં જોયેલો છે.

૫. ઘણીએ જુવાન સ્ત્રીઓ મોટી ઉમર સુધી કુંવારી રહે છે કારણ કે તેઓને

મન ગમતો વર મળતો નથી. એટલે કુંવારાપણું ભોગવે છે. પણ કુંવારાપણું ભોગવવાની મનમાં ઇચ્છા હોતી નથી. મનમાં તો પતિ પ્રેમનાજ ખ્યાલો હોય છે અને પોતાના જેવી પોતાની બીજી બેનપણીઓ પોતાના વર સાથે આનંદ ભોગવતી હોય તથા પોતાનાં છોકરાંઓ સાથે રમુજ કરતી હોય તે દેખાવ તેઓની નજર આગળ તર્યા કરે છે. અને આવી તક અમોને ક્યારે મળે, એમ ઇચ્છા કરે છે. છતાં પણ બહુ લાંબી મુદત સુધી તેઓને વર મળતો નથી તેને લીધે તેઓના મન ઉપર બહુ દબાણ થાય છે, તેમાંથી પણ ઘણી કુંવારી જુવાન સ્ત્રીઓને હીસ્ટીરીઆ થઈ જાય છે.

૬. ઘણાં કુટુંબોમાં હંમેશનો કલેશ ચાલ્યા કરે છે; જેમ કે કોઇના ઘરમાં દેરાણી-જેઠાણી લડયા કરે છે, કોઇના ઘરમાં નણંદ ભોજાઇ લડયા કરે છે, કોઇના ઘરમાં બેન-બેનો લડયા કરે છે, કોઇના ઘરમાં સાસુવહુ લડયા કરે છે, કોઇના ઘરમાં મા દીકરી લડયા કરે છે. અને કોઇના ઘરમાં ધણીધણીઆણી લડયા કરે છે, એવા કુટુંબકલેશને લીધે પણ ઘણીએ લાગણીવાળી સ્ત્રીઓ ઉપર બહુ જબરી અસર થઇ જાય છે. એ કુટુંબ કલેશની અસરને લીધે ઘણી સ્ત્રીઓને હીસ્ટીરીઆ થઇ જાય છે, એવા કેસ મેં જોયેલા છે.

૭. ઘણીએ ઉંમર લાયક સ્ત્રીઓને છોકરાં માટે બહુ ઇચ્છા હોય છે. છતાં પણ ઘણાં કારણોસર તેઓને છોકરાં થતાં નથી અને તેમ છતાં છોકરાંઓ થવા માટે તેઓ અતીશય ફીકર કર્યા કરે છે અને તેમાંથી આગળ જતાં એ ફીકરને તેઓ એટલી બધી વધારી દે છે કે પછી તેઓ પોતે પોતાની ફીકર ઉપર કાબુ રાખી શકતી નથી, તેમાંથી પણ ઘણી સ્ત્રીઓને હીસ્ટીરીઆ થઇ જાય છે.

૮. ઘણીએ જુવાન વીધવા સ્ત્રીઓને હીસ્ટીરીઆ થઇ જાય છે તેનાં કારણો પણ જાણવા જેવાં છે, કારણ કે જ્યાં સુધી રોગનાં કારણો સમજી શકાય નહી ત્યાં સુધી તેની બરાબર રીતે દવા થઈ શકતી નથી. માટે એ બાબત સમજવાની જરૂર છે જેમકેઃ-

(અ) ઘણીએ વીધવા સ્ત્રીઓ હીંમત હારી જાય છે અને પોતાના મનમાં એમ ડરી જાય છે કે હવે મારૂં કોણ અને હવે મારૂં શું થશે ? હવે હું જીવીને શું કરૂં ? હે પ્રભુ ! હવે મને મોત આપ. એમ દીલગીર થઇ થઇને ખાવાપીવાની બાબતમાં બેદરકારી રાખે છે અને ખાસ ચાહીને શરીર તથા મનને નબળું પાડી નાંખે છે, તેમાંથી કેટલીક બાઇઓને હીસ્ટીરીઆ થઈ જાય છે.

(આ) કેટલીક વીધવાઓને ઘણાં બચાંઓ હોય છે અને પોતે અતીશય ગરીબ સ્થીતિમાં હોય છે. ખાવાપીવાનું કંઈ ઠેકાણું હોતુ નથી, તેને લીધે તેઓને એમ લાગે છે કે હવે અમે શું કરીશું ? હવે અમારી આબરૂ કેમ રહેશે ? અને હવે મારાં છોકરાં કેમ નભી શકશે ? એવી જાતના ભયના રાતદીવસ વિચારો કર્યા કરે છે. તેમાંથી આગળ જતાં જીવ વધારે ઉંડાણમાં ઉતરી જાય તો હીસ્ટીરીઆ થઈ જાય છે.

(ઇ) જો કે આ બાબત બહુ નાજુક છે છતાં પણ વૈદોની પાસે બધી જાતના કેસો આવે છે; માટે નાજુક બાબતો ઉપર પણ તેઓને બોલવાની ફરજ પડે છે તેમજ ફરજને ખાતર મારે જણાવવું પડે છે કે કેટલીક જુવાન વીધવા સ્ત્રીઓ પોતાની ચંચળ વૃત્તિઓને રોકી શકતી નથી. તેથી વીષયવાસનાના પાપમાં ફસાઇ જાય છે, પણ કુદરત

કુદરતનું કામ કર્યા વીના રહેતી નથી, તેથી એવી સ્રીઓને ઘણી વખત ગર્ભ રહી જાય છે ને ગર્ભનો નાશ કરવા માટે તેઓ ઘણીએ દવાઓ ખાય છે તથા ગર્ભ ન રહે તેને માટે પણ એવી હલકી વૃત્તિવાળી સ્રીઓ કેટલીક જાતની દવાઓ વાપરે છે. એ અજાણી તથા ગંભીર અસર કરનારી દવાઓને લીધે પણ કોઈ કોઈ સ્રીઓને હીસ્ટીરીઆ થઇ જાય છે. એવા પણ ઘણા કેસો બન્યા કરે છે. જોકે આવી જાતના કેસો થાય તે બહુ શરમભર્યું છે, અને આવી હકીકતો જાહેરમાં મુકવી પડે એ માટે મને બહુ દીલગીરી લાગે છે, પણ હીસ્ટીરીઆ થવાનાં ખરાં કારણો આપણે સમજી શકીએ અને તેના ઉપાયો આપણા બન્ધુઓને બતાવી શકીએ તે સારૂ વૈદકશાસ્ત્રના નીયમ પ્રમાણે આવી નાજુક બાબતો ઉપર બોલવું ન ગમે છતાં પણ ફરજીઆત રીતે બોલવું પડે છે.

(૭) ઘણી વીધવાઓ ઉપર તેનાં સાસરીઆઓ ઘણી જાતના જુલમ ગુજારે છે. જેમ કે ખાવાપીવામાં ભીનભાવ રાખે છે, પહેરવા ઓઢવામાં હેરાન કર્યા કરે છે, વાતચીતમાં મેણાં માર્યા કરે છે, અને જે બાઇ થોડા વખત ઉપર બહુ સુંદર શેઠાણી બનીને બેઠી હોય તેજ બાઇ જ્યારે વીધવા થાય ત્યારે તેની અજ્ઞાનતાનો લાભ લઇ તેનાં દુરનાં સગાંવહાલાંઓ તેની મીલકતનાં ધણી થઇ બેસે છે અને આગળ જતાં તે બાઇને રોટલા વીના રખડાવે છે. આવા પ્રસંગો પણ ઘણે ઠેકાણે બન્યા કરે છે તેથી એવા પ્રસંગોને લીધે પણ ઘણી વીધવાઓને હીસ્ટીરીઆ થઇ જાય છે.

૯. ઘણી જુવાન સ્રીઓને રોવાકુટવાની બહુ ટેવ હોય છે અને એ ટેવ એટલી બધી વધી ગયેલી હોય છે કે સહેજ વાતમાં પણ તેઓ રોઇ પડે છે અને તે પણ કાંઇ ઉપલકપણે રોઇ પડે છે એમ નહી પણ છેક અંતઃકરણના ઉંડાણમાંથી રોઇ પડે છે અને બહુજ નાની નાની વાતોના ચીલાપણ પોતાના અંતઃકરણના ઉંડાણમાં પડવા દેય છે. મતલબ કે જેમ બહુ ટાઇટ કરેલા સારંગીના પાતળા તારને જરાક ધક્કો વાગે તોપણ તે ધ્રુજી જાય છે અને આખો તાર કંપી ઉઠે છે. તેમ એવી જાતની અફસોસ કરનારી સ્રીઓએ પણ પોતાના હૃદયને તથા પોતાની લાગણીઓને એવી નાજુક બનાવી દીધેલી હોય છે, તેથી તેઓ વાતવાતમાં દુઃખી થયા કરેછે અને બહુજ નજીવાં નજીવા દુઃખો માટે પણ પોતાના હૃદયમાં બહુ ઉંડા ચીરા પાડયા કરે છે. આવી જાતની સ્રીઓ ઉપર જ્યારે કાંઇ દુઃખો આવી પડે, અગર કોઇ પ્રકારના વીચારના પ્રવાહમાં તેઓનું મન તણાઇ જાય ત્યારે તેઓનો જીવ બહુ ઉંડાણમાં ઉતરી જાય છે, અને તેને લીધે હીસ્ટીરીઆ થઇ આવે છે. આવી નાજુક લાગણીવાળી તથા દુનીઆદારીના અતીશય મોહવાળી અને નાનાં નાનાં દુઃખોને પણ બહુ મોટાં મોટાં માની લેનારી બાઇઓ પણ ઘણી હોય છે અને એવી બાઇઓનું મન કોઇ કારણસર જ્યારે મુંઝાઇ જાય અને તેઓનો જીવ જ્યારે ઉંડાણમાં ઉતરી જાય ત્યારે તેઓને હીસ્ટીરીઆ થઇ આવે છે.

૧૦. ઘણી બાઇઓ બહુ નાજુક પ્રકૃતીની હોય છે અને બહુ નબળાં મનવાળી હોય છે. એવી બાઇઓ કોઇપણ પ્રકારના માઠા દેખાવો જ્યારે પોતાની નજરે જુએ ત્યારે તેઓને બહુ ગંભીર અસર થાય છે એટલુંજ નહી પણ કેટલીક વખત તો તેઓની તબી- ... બહુ નુકશાન થાય એટલી હદ સુધી તેઓને ખરાબ અસર થઇ જાય છે. કારણ કે

તેઓએ પોતાનાં મનને એટલાં બધાં ઢીલાં કરી નાખેલાં હોય છે અને પોતાની લાગણીઓ ઉપરનો એટલો બધો કાબુ ખોઈ દીધેલો હોય છે કે માત્ર કાંઇ ખરાબ દેખાવ જોય કે તુરતજ તેની અસર પોતાની ઉપર થવા દેય છે. આવી જાતની સ્ત્રીઓની આસપાસ જ્યારે હીસ્ટીરીઆના કેસો બને છે અને એ કેસો નજરે જોવાનો વખત આવે છે ત્યારે તેઓને હીસ્ટીરીઆ થઈ આવે છે અને એવા પ્રસંગો કોઇ કોઇ વખતેજ બને છે એમ નથી. કારણકે હાલના વખતમાં સ્ત્રીઓમાં હીસ્ટીરીઆનું જોર બહુ વધી ગયેલું છે એટલે ઠેકાણે ઠેકાણે હીસ્ટીરીઆના કેસો જોવામાં આવેછે તેથી દેખાદેખીને લીધે પણ ઘણી બાઇઓને હીસ્ટીરીઆ થઇ જાય છે. જેમકે કોઇની બહેનને હીસ્ટીરીઆ થાય છે. કોઇની કાકીને હીસ્ટીરીઆ થાય છે, કોઈની ભાભીને હીસ્ટીરીઆ થાય છે, કોઈની વહેવાણને હીસ્ટીરીઆ થાય છે, કોઇની પાડોસણને હીસ્ટીરીઆ થાય છે, કોઇની બહેનપણીને હીસ્ટીરીઆ થાય છે, અને ઓળખાણવાળી બાઇને હીસ્ટીરીઆ થાય છે. અને એ બધાંની અસર તેઓ પોતાની ઉપર લઇ લેય છે. તેથી જ્યારે જ્યારે હીસ્ટીરીઆના કેસનાં વરણનો સાંભળવામાં આવે તથા એવા કેસ નજરે જોવામાં આવે ત્યારે એવી નાજુક પ્રકૃતીવાળી બાઇઓને હીસ્ટીરીઆ થઇ આવે છે. એ માટે એક બાઇએ મને કહ્યું હતું કે હું જો કોઇ બાઇને હીસ્ટીરીઆ થયેલો જોઉં તો એ જોઇને મને પણ હીસ્ટીરીઆ થઇ જાય છે.

૧૧. જેમ માનસીક નબળાઈને લીધે ઘણી બાઇઓને હીસ્ટીરીઆ થઇ જાય છે તેમ અતીશય ખોટી નાજુકાઈને લીધે પણ ઘણી બાઇઓને હીસ્ટીરીઆ થઇ જાય છે. એવી જાતની અતી નાજુક લાગણી વાળી બાઇઓ રીસામણીના છોડ જેવી હોય છે. એ છોડને જરાક સ્પર્શ થતાં તુરતજ તેનાં પાંદડાં સંકોચાઇ જાય છે. તેમજ જે બહુજ નાજુક લાગણીવાળી જુવાન સ્ત્રીઓ હોય છે તેઓને પણ જરાક શરદી લાગે તો વશમું લાગી જાય છે. જરાક ગરમી લાગે તો વશમું લાગી જાય છે, જરાક કાંઇ વધારે ઓછું ખવાઈ જાય તો મુશકેલી થઇ પડે છે, જરાક કાંઇક વધારે સુગંધી કે દુર્ગંધી લેવાઈ જાય તો મુશકેલી થઈ પડે છે, અને જરાક કાંઇક માઠો દેખાવ નજરે પડી જાય તો અંતઃકરણની બધી વૃત્તિઓ ગભરાઇ જાય છે. આવી જેનામાં નાજુકાઇ હોય તે બાઇઓને વારંવાર નાનાં નાનાં કારણોમાંથી પણ હીસ્ટીરીઆ થયા કરે છે અને પછી તો હીસ્ટીરીઆને થવાની ટેવ પડી જાય છે. એટલે જેને હીસ્ટીરીઆ થવાની ટેવ પડી જાય તેને પછી સહેજ કારણસર પણ હીસ્ટીરીઆ થયા કરે છે.

૧૨. ઘણી સ્ત્રીઓમાં વિષયવાસના ભોગવવાની અતીશય લાલસા હોય છે અને કેટલીક સ્ત્રીઓ હદ ઉપરાંત વીષય ભોગવે છે તેને લીધે શરીરનાં બધાં જ્ઞાનતંતુઓ ઉશ્કેરાયલા રહે છે તથા બધી લાગણીઓ જોઈએ તે કરતાં વધારે જાગૃત રહે છે. આવી રીતે એવી વીષયવાસનાને લીધે લાગણીઓ ઉપર તથા જ્ઞાનતંતુઓ ઉપર જોઇએ તે કરતાં ઘણોજ વધારે બોજો પડે છે અને આગળ જતાં એ બોજો સહન કરવાની શકતી ઓછી થઇ જાય છે તેથી જે સ્ત્રીઓમાંથી સહન કરવાની શકતી ઓછી થઈ જાય તેવી સ્ત્રીઓને હીસ્ટીરીઆ થઇ જાય છે. મતલબ કે જે સ્ત્રીઓ હદ ઉપરાંત વીષય ભોગવતી હોય તેને પણ હીસ્ટીરીઆ થાયછે અને જે સ્ત્રીઓને વીષય ભોગવવાની અતીશય પ્રબળ ઇચ્છા હોય છતાં પણ જેને મનમાનતું વીષય

ભોગવવાનું સુખ ન મળે તેને પણ હીસ્ટીરીઆ થઇ જાય છે. આ બધી બાબતો આવી ચોકખી રીતે કહેવાનું કારણ એ છે કે હીસ્ટીરીઆ થવાનાં ખરાં કારણો જાણી શકાય અને હીસ્ટીરીઆને દુર કરવાના ઉપાયો મેળવી શકાય તે સારૂજ આવી બાબતો વીસ્તારપુર્વક કહેવી પડે છે.

૧૩. ઘણી વખત ઘણી બાઇઓને ધર્મની ઘેલછામાંથી પણ હીસ્ટીરીઆ થઇ જાય છે. જે સ્ત્રીઓ પોતાના ગજા ઉપરાંત વરતો કર્યા કરે, પોતાના શરીરની શકતી ઉપરાંત ઉપવાસો કર્યા કરે, પોતાથી સમજી શકાય નહી તેવા ઉંડા વીષયોમાં ધ્યાન આપ્યા કરે, મનમાં સમજ વીનાની ખોટી ખોટી ભાવનાઓ રાખ્યા કરે, અને ગુરૂ ઉપર તથા દેવો ઉપર આંધળી શ્રદ્ધા રાખ્યા કરે, અને ન બની શકે એવા બનાવો અમારે માટે બની જશે એવી આશામાં રહ્યા કરે, તેવી ધરમ ઘેલછાવાળી બાઇઓને પણ ઘણી વખત હીસ્ટીરીઆ થઇ જાય છે. એવી ધર્માંધ સ્ત્રીઓ પોતાના મન ઉપર કાબુ રાખી શકતી નથી અને પોતાની લાગણીઓ જેમ ઉશકેરાય તેમ ઉશકેરાવા દેય છે, તથા જે જાતના વેહેમમાં પડી જવાય તે જાતના વ્હેમમાં પડી જાય છે તેમ તેઓને હીસ્ટીરીઆ થઇ જાય છે.

૧૪. કેટલાક લોકો સાંભળીને અજબ થશે પણ આ સાવ સાચી વાત છે કે અતીશય વૈભવો ભોગવવાના મળે તેને લીધે પણ ઘણી શેઠાણીઓને તથા કોઇ કોઇ રાણીઓને હીસ્ટીરીઆ થઇ જાય છે. કારણકે જ્યારે હદ ઉપરાંતના વૈભવો ભોગવવાના મળે ત્યારે મન ઉપર કાબુ રહી શકતો નથી. એ વખતે સુખની લાગણીઓ પણ અતીશય ખીલી જાય છે. તેમજ બીજી તરફથી એ વૈભવો ભોગવવામાં જો જરા પણ અડચણ આવી પડે તો દુઃખની લાગણી પણ અતીશય વધી જાય છે. આમ હોવાથી જરૂર કરતાં વધારે વૈભવનો બોજો ઘણી સ્ત્રીઓ ખમી શકતી નથી. તેને લીધે ઘણી વખત ઘણે ઠેકાણે એમ બને છે કે જે વખતે હીરા મોતીના ઘણાજ દાગીના પહેરવાના હોય, ઉંચી જાતનાં કપડાં પહેરવાનાં હોય, અને માનપાન લેવા માટે સારામાં સારે ઠેકાણે જવાનું હોય તેવે જ વખતે ઘણી શેઠાણીઓને હીસ્ટીરીઆ થઇ જાય છે, કારણકે એ બધું તેઓથી જીરવી શકાતું નથી. એટલે હદ ઉપરાંતના વૈભવોમાંથી પણ ઘણીવાર હીસ્ટીરીઆ થઇ જાય છે અને એવા કેસ વારંવાર ઘણે ઠેકાણે બન્યા કરે છે. જેમકે અતીશય મોજશોખ ભોગવવાનાં હોય, ખુબ ખાનપાન ઉડી રહ્યા હોય, અને સારે સારે ઠેકાણે જવા આવવા માટે ખુબ દોડાદોડ થઇ રહી હોય, અગર પોતાને ઘેરે ખુબ મહેમાનો આવવાનાં હોય અને બાઇ સાહેબ બાઇ સાહેબ થઇ રહ્યું હોય તે વખતેજ ઘણી બાઇઓને હીસ્ટીરીઆ થઇ જાય છે. આનું કારણ એજ છે કે એટલા બધા વૈભવોનો ભાર ખમવાની તેઓના મગજમાં તાકાત હોતી નથી. તેને લીધે એ બધો દામાડ જોઇને એ વખતે તેઓનાં હૃદયમાં અનેક જાતની અસરો થઇ જાય છે અને એ અસરોનું જોર જ્યારે બહુ વધી જાય અને એ જોર તેઓથી જીરવી શકાય નહી ત્યારે તેમાંથી હીસ્ટીરીઆ થઇ જાય છે.

૧૫. ઘણી બાઇઓને ઇશ્વર કૃપાથી બહુ સારી તકો હોય છે અને કામકાજ કરવા માટે ઘરમાં રસોઇયા, ચાકર વીગેરે હોય છે, તેથી તેઓને બહુજ ફુરસદ મળે છે. પણ એ ફુરસદનો લાભ લેતાં ઘણી બાઇઓને આવડતું નથી. તેથી ફુરસદને વખતે તેઓ સારાં કામોમાં રોકાયેલી રહેતી નથી. તેમજ ફુરસદ વખતે સારૂં વાચન વાંચવાની પણ

તેઓ તસ્દી લેતી નથી અને સારી સોબતમાં રહેવાની પણ તેઓને દરકાર હોતી નથી. એટલે પછી પોતાની ફુરસદનો વખત તેઓ નકામી કુથલી કરવામાં જ કાઢે છે અને જે જાતની વહેમી વાતો ન સાંભળવી જોઇએ તેવી વાતોનેજ પોતાના મગજમાં ભર્યા કરે છે. એમાંથી આગળ જતાં પરીણામ એ થાય છે કે બહુ નવરાશ ભોગવવાનેજ લીધેજ ઘણી સ્ત્રીઓનાં મન કટાઇ જાય છે તથા નીર્બળ થઇ જાય છે અને તેમાંથી હીસ્ટીરીઆ થઇ જાય છે. એ માટે આપણામાં કહેવત છે કે ' નવરૂં બેઠું નખોદ વાળે ' એ કાંઈ ખોટી વાત નથી, કારણ કે વગર કારણે હદઉપરાંતની નવરાશ ભોગવવામાંથી પણ ઘણી સ્ત્રીઓને હીસ્ટીરીઆ થઇ જાય છે કારણ કે નવરાશ એ આળસનું બીજું નામ છે. આળસમાંથી અનેક ખરાબી થાય તથા અનેક રોગો થાય તેમાં કાંઈ નવાઈ નથી. માટે યાદ રાખજો કે અતીશય નવરાશ ભોગવવાથી અને એ નવરાશનો દુરુપયોગ કરવાથી પણ ઘણી સ્ત્રીઓને હીસ્ટીરીઆ થઇ જાય છે.

૧૬. બહુ દીલગીરી સાથે કહેવું પડે છે કે કેટલીક સ્ત્રીઓમાં કેટલાક પ્રકારની વીના કારણની તથા ઇરાદાપુર્વકની ઉધાઇ હોય છે. તેથી પોતાના મનના ફાંટા પ્રમાણે વરતવા સારૂ તેઓ જાણી જોઈને ઘણી જાતના ઢોંગ કરે છે અને સગાંવહાલાંઓને ડરાવે છે, તથા પોતાનું મન માન્યું કરવા માટે બીજાઓને ગભરાવી મારે છે ને હેરાન કર્યા કરે છે. જો કે આવી સ્ત્રીઓ બહુ થોડી હોય છે, તેમ છતાં યાદ રાખજો કે એવી તોફાની સ્ત્રીઓ પણ હોય છે તેઓ હીસ્ટીરીઆ થયો હોય તેવો ઢોંગ કર્યા કરે છે. જાણીજોઇને કોઇ સાથે બોલતી નથી. અને ધુણવાના ઢોંગ કરે છે. અને એ બધું કેટલાક દહાડા સુધી હીસ્ટીરીઆને નામે કુટાયા કરે છે. પણ ખરી રીતે જોતાં તેમાં કાંઇ પણ હીસ્ટીરીઆ જેવું સાચું કારણ હોતું નથી. હીસ્ટીરીઆનાં કારણો જાણતી વખત સ્ત્રી ચરીત્રવાળી સ્ત્રીઓનાં ઢોંગને પણ ધ્યાનમાં રાખવા જોઈયે અને સાચા હીસ્ટીરીઆનાં તથા ઢોંગથી કરેલા હીસ્ટીરીઆમાં શું ફરક હોય છે તે વાત જાણી લેવી જોઇએ, કારણ કે એ જાણવાથી હીસ્ટીરીઆના ખરા ઉપાયો થઇ શકે છે. માટે આવી અણગમતી પણ સાચી વાતો કહેવી પડે છે. જો કે આવી હઠીલી, ઢોંગી, મનમોજી અને ખોટે રસ્તે પોતાનું કાર્ય સાધનારી સ્ત્રીઓ હજારોમાં કોઇકજ હોય છે. છતાં પણ એવા કેસ પણ કોઈ કોઇ વખત જોવામાં આવે છે. માટે આ ઠેકાણે આ બાબતની હકીકત જણાવવાની પણ જરૂર છે.

૧૭. કેટલીક સ્ત્રીઓને સેહેજસાજ મંદવાડ હોય તોપણ તેને વધારી બતાવવાની ટેવ હોય છે; કારણ કે મંદવાડને વધાર્યા કરવો અને થોડા મંદવાડને પણ બહુ ઝાઝો કરીને બતાવવો એમાં કેટલીક સ્ત્રીઓને એક જાતની મઝાહ પડે છે. એવા સ્વભાવની સ્ત્રીઓ ઘણી હોય છે. તેથી એવી સ્ત્રીઓને જરાક મગજમાં ફેર આવતો હોય તો સઉને એમ કહ્યા કરે છે કે મને હીસ્ટીરીઆ થઈ જાય છે. જરાક પેટમાં કે છાતીમાં દુઃખતું હોય તો બેભાન થઈ ગયા જેવો દેખાવ કરી નાખે છે. એમ કરવામાં તેઓને કોઇ સ્વાર્થ હોતો નથી, પણ મંદવાડ વધારે બતાવવાની તેઓને ટેવજ પડી ગયલી હોય છે કારણ કે બાઇ બહુ માંદાં છે, એમ જાણીને સગાંવહાલાંઓ ખબર પુછવા આવે. કોઈ માથું દાબવા લાગે, કોઈ નાડ જોવા લાગે, કોઇ દવા બતાવે અને કોઈ તેની દયા ખાવા લાગે કે અરર ! બીચારીને શરીરની જરાય લેણાદેણી નથી. બધી વાતનું ઘણુંએ સુખ છે, પણ શરીર કોઇ દીવસ સાજું રહે નહીં. આવી આવી વાતો સાંભળવી તેઓને ગમે છે,

કારણ કે આરામ થવા માટે પ્રથમ રોગને ઓળખવો જોઇએ, પછી દવા લાગુ પડવી જોઇએ, પછી દવા લાગુ પડવાને કાંઇ સમય જોઇએ, અને એ પછી બીજી પણ કુદરતની પ્રકૃતિની તથા રોગીની કેટલીક જાતની શારીરીક તથા માનસીક સગવડતાઓ સચવાવી જોઇએ. જ્યારે એ પ્રમાણે થાય ત્યારે રોગ મટી શકે છે. પણ એમ કરવાને બદલે ખોટી ધાંધલ કરવાથી, અતીશય દોડા દોડી કરવાથી, મોટી મોટી આકરી આકરી દવાઓ ખવરાવ્યાથી અને ઉપરા ઉપર જુદા જુદા ડાકટરોને બદલ્યાથી દરદીનાં મન ઉપર બહુ માઠી અસર થાય છે અને તેમાંથી આગળ જતાં ઘણી વખત હીસ્ટીરીઆ થઈ જાય છે. માટે હીસ્ટીરીઆનાં કારણો જાણતી વખત આવા વહુઘેલા અધીરીઆઓને પણ ન ભુલી જવા જોઇએ.

માનવંત વૈદરાજ બંધુઓ. આવાં આવાં ઘણાં કારણોને લીધે હીસ્ટીરીઆ થઇ જાય છે. જો કે આ સીવાય બીજાં પણ ઘણાં કારણો છે પણ એ બધાં કારણો આ અઢાર જાતનાં મુખ્ય કારણોમાં સમાઇ જાય છે. એટલે તેનું બારીક વીવેચન કરવાની જરૂર નથી. આવી રીતે હીસ્ટીરીઆનાં મુખ્ય મુખ્ય કારણો જાણ્યા પછી હીસ્ટીરીઆ મટવાના કુદરતી ઉપાયો જાણવા જોઇએ. કારણકે આ બધાં કારણો જાણ્યાથી એમ સમજી શકાય છે કે એકલી દવાઓના જોરથી આ બધાં કારણો દુર થઇ શકે તેમ નથી, પણ હીસ્ટીરીઆના કેસોમાં દવા જેટલી મદદ કરી શકે તે કરતાં એ કેસોમાં કુદરત ઘણી વધારે મદદ કરી શકે તેમ છે. માટે હવે આપણે હીસ્ટીરીઆના કુદરતી ઉપાયો જાણવા જોઇએ. એ માટે વીચાર કરતાં અનુભવથી મને એમ જણાયું છે કે કુદરતી ઉપાયોથી હીસ્ટીરીઆના કેસોમાં ઘણોજ વધારે ફાયદો થઇ શકશે, માટે હવે કુદરતી ઉપાયો જણાવું છું.

હીસ્ટીરીઆના કુદરતી ઉપાયો:

૧. જે સ્ત્રીઓ બહુ નબળાં મનની હોય અને જેને સારા કે માઠા વીચારોની બહુ જબરી અસર થઈ જતી હોય અને તેનાથી હીસ્ટીરીઆ થઈ જતો હોય તે સ્ત્રીઓને તેવી જાતના બનાવો જોવા, સાંભળવામાં ન આવે એવા ઉપાયો કરવા જોઇએ, તથા એવી સ્ત્રીઓના નબળાં મગજની નબળાઇ દુર થાય તે માટે તેઓને સારી સોબત, સારાં વાંચન, અને પુષ્ટીકારક ખોરાક આપવાની સંભાળ રાખવી જોઈએ. જો એમ કરવામાં આવે અને સારા માઠા બહુ મોટા પ્રસંગોથી તેઓને દુર રાખવામાં આવે તો તેઓને હીસ્ટીરીઆ મટી જાય છે.

૨. જે સ્ત્રીઓ બહુ વહેમી હોય અને ભુત, પ્રેત તથા પીતૃઓના વ્હેમને લીધે હેરાન થતી હોય તેઓનાં મનનો વહેમ દુર થાય એવા ઉપાયો કરવા જોઇએ. એ માટે કોઇ તીર્થોમાં જવું પડે, અગર કાંઈ ધર્મની ક્રીયાઓ કરવી પડે તે તેમના મનનો વ્હેમ દુર કરવા સારૂ કરવું જોઇએ. એવી રીતે વહેમ નીકળી જાય તો હીસ્ટીરીઆ મટી જાય છે. એ શિવાય વ્હેમ મટાડવા માટે જ્ઞાન આપવાનાં તથા બીજા જે કાંઇ ઉત્તમ ઉપાયો હોય તે કરવાથી પણ ફાયદો થાય છે.

૩. જે સ્ત્રીઓને સાસરે જવું ન ગમતું હોય અને સાસરે જવાના ભયને લીધેજ હીસ્ટીરીઆ થઈ જતો હોય તેવી સ્ત્રીઓને એ ભયમાંથી છોડાવવા માટે જે જાતના ઉપાયો કરવા ઘટે તે ઉપાયો કરવા જોઇએ. એ બાબતમાં કાંઇ બધાઓને એક સરખા ઉપાયો લાગુ પડી શકે નહીં. પણ જેના જેવા સંજોગો હોય અને જે કોમની જેવી નીતિ રીતી હોય તે પ્રમાણે તેઓને ઉપાયો બતાવવા જોઇએ. પણ એને બદલે માત્ર દવાઓ

હીસ્ટીરીઆના જે દરદી શરીરમાં બહુ જોરાવર હોય તેઓની પાસે અપવાસ કરાવવે અગર તેઓને બહુ ઓછો ખોરાક આપવો અને તેઓના શરીરની વધારે પડતી મસ્તી ઓછી થઈ જાય એમ કરવું.

૪. હીસ્ટીરીઆનાં દરદીઓને સારી સોબતમાં રાખી શકાય એવા ઉપાયો કરવા, ખાસ કરીને તેઓની સોબત બદલી નાંખવી કારણકે ઘણી વખત હલકી જાતનાં ચીચાર વાળી સોબતને લીધે હીસ્ટીરીઆનું દરદ લાગુ પડે છે. માટે સોબત બદલી નાંખવી.

૫. હીસ્ટીરીઆવાળા દરદીઓને જ્યારે હીસ્ટીરીઆની અસર ન હોય ત્યારે કોઈ પણ જાતનાં સારાં કામોમાં રોકાયેલાં રાખવાં. તેઓને નવરાં રહેવા દેવાં નહી અને ઉદાસ જેવાં થઇને બેસે તેમ કરવા દેવું નહીં, પણ હમેશાં આનંદમાં રહી શકે અને વારે વારે તેઓને પેટ ભરીને હસવું આવી શકે એવા પ્રયોગો અજમાવવા અને તેવ જાતની રમતગમત કર્યા કરવી.

૬. જે દરદીઓના મનમાં જે જાતના વહેમ હોય તે જાતના વહેમ ઓછા થાય તેમ કરવું, તથા જેના મનમાં ભય હોય તેના મનમાંથી ભય ઓછો થાય તેમ કરવું.

૭. નીતી તથા ધર્મનું બળ વધે અને સારાં વાચનનું બળ વધે તેમ કરવું.

૮. દસ્ત સાફ આની જાય તેવો ખોરાક ખાવો અને દસ્ત સાફ લાવવા માટે ખાસ કાળજી રાખવી.

૯. હીસ્ટીરીઆના દરદીઓને હવા બહુ ફાયદો કરી શકે છે. માટે બહારગામ સમુદ્ર કીનારે પહાડો ઉપર, જે જંગલોમાં હવા ખાવા ન જઇ શકે તેવાં દરદીઓને ગામની બહાર લીલાં ખેતરોમાં હવા ખાવા મોકલવાં.

૧૦. હીસ્ટીરીઆના દરદીઓને શેહેરમાં રાખવાં નહી, પણ બનતાં સુધી કુદરતી દેખાવોવાળાં નાનાં ગામડાંઓમાં તેઓને રાખવાં જોઈએ.

૧૧. ફીકરને લીધે હીસ્ટીરીઆ થતો હોય તે બાઇઓની ફીકર દુર થઈ શકે તેવા ઉપાયો કરવા જોઇએ.

૧૨. કેટલીક જાતના હીસ્ટીરીઆના કેસોમાં બેદરકારી રાખવાથી ફાયદો થાય છે અને બહુ વજન આપવાથી ઉલટો હીસ્ટીરીઆ વધી જાય તેમ હોય તેવા કેસોમાં જરૂર જેટલી બેદરકારી રાખવી ને તેને વધવાનું ઉત્તેજન આપવું નહી. એ પણ એક જાતનો કુદરતી ઉપાય છે.

આવા આવા સાદા સાદા કુદરતી ઉપાયોથી હીસ્ટીરીઆનાં દરદીઓને ઘણોજ ફાયદો કરી શકાય છે, એટલુંજ નહી પણ આવી રીતે સમજપુર્વક કામ લેવાથી બહુ ટુંક વખતની અંદર હીસ્ટીરીઆના દરદીઓને બહુ સારો ફાયદો કરી શકાય છે; કારણકે હીસ્ટીરીઆ થવાનાં મુળ કારણો જોવાથી સમજી શકાય છે કે એ જાતના કેસોમાં દવાથી જેટલો ફાયદો થઈ શકે તે કરતાં કુદરતી ઉપાયોથી વધારે ફાયદો થઇ શકે એવા સંજોગો ઘણા વધારે છે, માટે હવે આપણે હીસ્ટીરીઆના કેસોમાં કુદરતી ઉપાયોની વધારે મદદ લેવી જોઇએ એમ મારી માન્યતા છે.

બંધુઓ, હીસ્ટીરીઆના કેસોમાં કુદરતી ઉપાયો વધારે કામ કરી શકે છે એ વાત સાવ સાચી છે છતાં પણ ઘણા કેસોમાં દવાની બહુ જરૂર પડે છે એમાં પણ કાંઈ...

નથી; કારણકે વાયુને લીધે હીસ્ટીરીઆ થયેલો હોય, અશક્તીને લીધે હીસ્ટીરીઆ થયલો હોય, ગરભાશયના બગાડને લીધે હીસ્ટીરીયા થયેલો હોય, લીવરને લીધે, જઠરાગ્નિ મંદ પડવાને લીધે, રજસ્વળામાં બીગાડ થવાને લીધે, તથા કાંઈ આડી અવળી દવાઓ ખાવાને લીધે, હીસ્ટીરીઆ થયલો હોય તેવા કેસોમાં કેટલીક સારી દવાઓ બહુ કામ કરી શકે છે અને હીસ્ટીરીઆના કેસોમાં સેંકડે ૨૫ ટકા કેસો આ જાતના હોય છે એટલે તેમાં કેટલીક દવાઓ સારો ફાયદો કરી શકે છે. એ માટે એક દવા મારા અનુભવમાં આવેલી છે. એ દવા તદન નીર્દોષ છે. એકજ જાતની વનસ્પતીમાંથી બનાવેલી છે અને તે ઘણી જાતના વાયુના તથા પેટના રોગો ઉપર વાપરી શકાય છે. એ દવા માટે મારી ઇચ્છા એવી છે કે એ દવા બહુ અકસીર છે માટે તેનો લાભ સઉને ફોકટ આપવો જોઈએ. એ માટે તેની બનાવટ હું જાહેર કરવા ઇચ્છું છું. પણ તેની અગાઉ મને એમ લાગે છે કે પ્રથમ એ દવાની બહુ મોટા પાયા ઉપર અજમાએશ કરવી જોઈએ અને તે અજમાએશ થઇ ગયા પછી જો તેનું પરીણામ સંતોષકારક માલુમ પડે તો તેની બનાવટ જાહેર કરવી. એ માટે મેં પાંચ હજાર ગોળીઓ તઈયાર કરેલી છે અને તે હીસ્ટીરીઆના દરદીઓને મફત આપવા તીયાર છે. એ ગોળી પાણી સાથે દરરોજ એકેક લેવી. દાતણ કરીને તુરત લેવી. તેની ઉપર કોઇ ખાસ પરહેજી નથી. એ ગોળી અઠવાડીયું ખાવાથી હીસ્ટીરીઆના ઘણા કેસોમાં બહુ ફાયદો થઇ જાય છે પણ તેમ છતાં પંદર દહાડા દવા આપવાથી વધારે લાભ થાય છે અને એથી વધારે મુદત સુધી કોઇને આપવી પડે તો એમાં પણ કાંઈ અડચણ નથી. એટલે હીસ્ટીરીઆના દરેક દરદી માટે એકવીસ ગોળી હું આપી શકીશ તથા વઇદોને અને ડાકટરોને તેઓની પાસે હીસ્ટીરીઆના વધારે કેસો હોય તો વધારે ગોળી આપીશ, પણ તેમાં શરત એ કે એક પખવાડીયું તે દવા વાપર્યા પછી તેનું પરીણામ મને લખી જણાવવાની મેહેરબાની કરવી જોઈએ. કારણ કે જો એથી સારો ફાયદો થાય છે એમ મારી ખાતરી થાય તો હું એ જાતની શોધખોળ પાછળ વધારે ધ્યાનથી કામ કરી શકું તથા એ દવાની બનાવટ જાહેરમાં મુકી શકું. મેં એ દવાની અજમાએશ કરેલી છે, પણ એ અજમાએશ બહુ ટુંકી છે કારણ કે એ દવા શોધ્યા પછી હીસ્ટીરીઆના ઘણા કેસો મારા હાથમાં આવેલા નથી માટે તેનો વધારે અનુભવ લઈ શકાય ને દેશી દવાનું મહત્વ બતાવી શકાય તે સારૂ ખાસ મહેનત કરીને તથા કેટલોક ખરચ કરીને તઇયાર કરેલી દવા મફત આપવા ઇચ્છુ છું. માત્ર દવા પોસ્ટમાં મોકલતાં પોસ્ટ ખર્ચના જે પઇસા થાય તેટલાજ પઇસા લેવામાં આવશે. દવાની કાંઇ પણ કીમત લેવામાં આવશે નહી. એટલે હું આશા રાખું છું કે આ દવાનો પુરતો લાભ લેવાશે. વઈદસભા મારફત આ બધાં કામો થઇ શકે છે. અને વઇદોમાં જાગતી આવે છે, તથા લોકોને તેનો લાભ મળે છે, એ માટે વઇદ સભાના આગેવાનો તથા તેના સભ્યજનોને હું ધન્યવાદ આપું છું અને આયુર્વેદની ઉન્નતિને ખાતર વઈદસભાની ફતેહ ઇચ્છું છું.

હીસ્ટીરીઆની દવાની ગોળીઓ કાંઇ પણ કીંમત લીધા વગર મુંબઈ વૈદ્ય સભાના કાર્યાલયમાંથી મળી શકશે. ઠેકાણું. ૨૪૯, કાલબાદેવી રોડ. મુંબઈ.

पाकशास्त्र.

દુધના દુશ્મન !

લેખકઃ—સૌ. કૃષ્ણાગૌરી હીરાલાલ રાવળ-સુંદરામપુર.

સુજ્ઞ અને પ્રતિષ્ઠિત નાગરિક કુટુમ્બોના રસોડામાં થતાં ભોજનાદિની વ્યવસ્થાનો જાતિ અનુભવ કરવાથી માલુમ પડશે કે તેમનામાં અને ન્હાના ગામોમાં વસતા લોકોને ત્યાં થતી રસોઇના સંબંધમાં મસાલો વગેરે નાખવાની રીતિ–નીતિ કેટલે દરજ્જે ભિન્ન ભિન્ન છે ? અને અજ્ઞાન-મૂર્ખ મનુષ્યોને ત્યાં જમવા જવામાં અથવા તેમના હાથનું જમવામાં વૈદકશાસ્ત્રની દ્રષ્ટીએ કેટલું જોખમ ભરેલું છે. તેતો ઘણા અનુભવે અને સારા નસીબે ઉત્તમ પુસ્તકો-કે માસિકોનું વાચન બળ હોય તોજ આપણને માલુમ પડી આવે છે.

એક અનુભવી ગ્રંથકારના એક વૈદક "છાલો પાલો મરી મસાલો* "એ નામના પુસ્તકમાં લખેલું છે કે—

"દુધના દુશ્મન—મીઠું, ગોળ, મગ, મૂળા, માછલાં, દુધના ખોરાક સાથે ખવાય નહિ. ખાયતો ચામડીનાં દર્દો અને કોઢ થાય.

(દુધ સાથે તાડી દારૂ ન પીવાય, કારણકે અજીર્ણ થાય) "

તો હવે વિચારી જોશો તો માલુમ પડશે કે, સાધારણ ગામડાં વગેરેના લોકો ભાતમાં તથા રોટલા-રોટલીમાં મીઠું નાખે છે અને કોઇ વખતે એવો ભાત કે રોટલી ગોળ અને દુધ સાથે પણ ખાવામાં અડચણ જોતા નથી. વળી સાથે કોઇ વાર મગની દાળ તથા મૂળા પણ ખાય છે. તો હવે જુઓ કે-આ સામાન્ય જનસમુહનું જમણ સંબંધનું વર્તન ભવિષ્યને માટે કેવું દુઃખદાયક છે ! !

હવે નગરજનો અથવા શાસ્ત્રીય કુટુમ્બોના રસોડા તરફ નજર કરશો તો માલુમ પડશે કે જે પવિત્ર બ્રાહ્મણોને ત્યાં ' વિશ્વદેવ ' કરવાના હોય તેમને ત્યાં ભાતમાં મીઠું નખાતું નથી. તેમજ તે સિવાય બીજાં ઘણાં સમજુ નાગરિક કુટુમ્બોના રસોડામાં પણ ભાતમાં મીઠું નખાતું નથી; તેમજ રોટલા-રોટલીમાં પણ મીઠું નાખવાનો રીવાજ હોતો નથી. અને કદાચ કોઈ નાખે છે તો તે ઘણુંજ કમી–નહિં જેવું નાખે છે. હવે ભાત કે રોટલી સાથે (મળી શકે તો) દૂધ ખાવાની ટેવ સામાન્ય રીતે ઘણે ઠેકાણે પ્રચલીત છે; પણ વૈદક દ્રષ્ટીએ જોવાથી માલુમ પડે છે કે, ઊંચ કુટુમ્બોમાં અને નાગરિક જનોમાં રોટલી અને ભાતમાં મીઠું નહિં નાંખવાનો જે નિયમ ચાલતો આવેલો છે તે તેમને (સાથે દૂધ ખાવાનું હોવાથી–, સાનુકુળ અને સુખદાયક છે. કોઇ કોઇ પ્રસંગે જૂદી જૂદી જાતના બંને પદાર્થોના મિશ્રણથી અમુક જાતનું ' વિષ '(ઝેર) બને છે અથવા તો થોડે અંશે પણ તે શરીરને નુકશાનકારક તો થઈ જ પડે છે. માટે રસોઇના સંબંધમાં દરેક બ્રાના

आनन्दाश्रम.

[આ વિભાગમાં,-બીજા આનંદનાં વિષયોની સાથે,-સ્ત્રીઓ અથવા પુરુષોના ન્હાના મ્હોટા દોષ વિશે હાસ્યોત્પાદક ટીકાઓને પણ સ્થાન મળે છે. આવી ટીકાઓમાંથી પુરુષ વર્ગ જો કે તદ્દન મુક્ત તો રહી શકતો નથી (જુવો—**મોજીલાલનાં ભાષણો !**), તો પણ ત્હેનો પ્રહાર સ્ત્રીજાતિ ઉપર વિશેષ પડતો જોવામાં આવે છે.

આનું કારણ એમ હોઇ શકે કે પુરુષ લેખકોને કાંતો પોતાના દોષ નજરે પડતા નથી. અથવા તેઓ તે પ્રકટ કરવા આનાકાની કરે છે !—અને ત્હેની સાથે એમ પણ હોય કે સ્ત્રી લેખકોની સ્વાભાવિક વિનયવૃત્તિ ત્હેમને આવી પ્રવૃત્તિમાં ઉતરતાં અટકાવે છે !

પરન્તુ અમને ખાત્રી છે કે, સ્ત્રીઓનાં દૂષણો દૂર કરવા પ્રયાસ કરનાર સજ્જનો પોતાની માતાઓ, બ્હેનો, પત્નીઓ અને પુત્રીઓને સુધારવાને જેટલા નિખાલસપણાથી ટીકા કરે છે. તેટલીજ ન્યાયબુદ્ધિ અને પ્રમાણિકતાથી તેઓ પોતાની જાતિના દોષ ઓછા કરવાને પ્રયત્ન કર્યા વિના રહેશે નહિં.

અને અમારી લેખક ભગિનીઓને પણ પુરુષોમાં જણાતી ખામીઓ ત્હેવીજ રીતે પ્રદર્શિત કરવાને સપ્રેમ આમંત્રણ છે. **તન્ત્રિ, સુંન્દરીસુબોધ.**]

" બીલાડીના પેટમાં ખીર ટકે, તો સ્ત્રિયોના પેટમાં વાત ટકે ! "

લેખકઃ શ્રીયુત " ગોળમટોળ શર્મા. " અમદાવાદ.

(આ કહેવત ખરી છે, તે વાંચનાર સ્ત્રીયોમાંની ઘણી ખરી જાણતી હશે. જોકે પોતાની બેનપણી આગળ અને પોતાના પતિ આગળ તો દરેક સ્ત્રી ડાહી થતી હશે અને કહેતી હશે કે " આ કહેવત બીજાં બૈરાંને લાગુ પડે છે. એમાં ભૂલ નહિ; પણ મ્હને તો બા, જરાએ લાગુ નથી પડતી" પછી તે મનમાંતો બરોબર સ્હમજતી જ હશે કે કહેવત સત્યજ છે.

હવે પછીથી એ પોતાને લાગુ ન પડે તેમ યત્ન કરાવવાને અને પતિઓને બને ત્યાં સુધી સાવધાન રાખવાને આ સાચો બનેલો ઇતિહાસ પ્રકટ કરવાની જરૂર જણાઈ છે.

આથી કાંઇ સ્ત્રીયોને નિંદવાનો મ્હારો ઉદ્દેશ નથી. પરંતુ કેટલીક વખતે આવી બાબતો તો સાચો-બનેલો અહેવાલ વધારે અસરકારક નીવડે છે. માટેજ સ્ત્રિયોમાં ઘણે ભાગે જોવામાં આવતા આ દોષની તવારીખ રજુ કરી છે.]

૧.

પિંનાકી આજ કાલનો ઉભરતો લેખક-કાવ્ય લેખક હતો, અને હાલનાં સમયમાં આવની કવિતાઓએ એટલી સજ્જડ છાપ એનાઉપર બેસાડી દીધી હતી કે એનાં કેટલાક વિચારોએ અજબ મોગોજ પકડયા હતા.

આમાંનો એક એ હતો કે પોતાની પત્ની શિવગંગાને પોતાનું અંગ ગણીને તેની તરફ એ પ્રમાણે આચરણ કરતો હતો. આ કરવું કાંઈ વિચારોમાં ખોટું નથી પરંતુ એ રીતે આચરણ કરતાં સ્ત્રીયોને એટલી ઉચ્ચ સ્થિતિએ મુકવી જોઇએ; અને તે પ્હેલાં જો આમ કરાય છે તો પરિણામ પતિ ધારે છે તેનાથી વિપરીત આવે છે !

પિનાકી આ સત્યથી અજ્ઞાન હતો. એના હૃદયમાં તો यत्रनार्यस्तु पूज्यन्ते વિગેરે શ્લોકો હંમેશા રમી રહ્યા હતા. હાલના લેખકો અલબત કવિતામાં પોતાની પત્નીની આરતીઓ કરે છે પણ આતો બિચારો ખરેખરી આરતી કરી નૈવેદ ધરાવે એમાંનો હતો.

આપણા ધર્મશાસ્ત્રમાં સ્ત્રીને અર્ધું અંગ ગણી છે. પરંતુ પિનાકી તો એક પગલું આગળ વધેલો હતો. એની ગણત્રી નીચે મુજબ હતી.

" સ્ત્રી પુરૂષ બન્ને મળીને એક આખું સ્વરૂપ થાય છે. બધા લોકો સ્ત્રીને અર્ધું અંગ ગણે છે, પણ શિવલી તો મ્હારૂં પોણું અંગ છે. આ એક સ્વરૂપમાં ફક્ત પા ભાગજ મ્હારો છે અને તે પણ હું જતે દિવસે ભૂલી જઈશ.–શિવલીનું સ્વરૂપજ હું બની જઈશ."

ખરેખર, શિવગંગા પણ પોતાના પતિના વિચાર પ્રમાણે વર્તતી હતી. સ્વામીના આખા સ્વરૂપમાંથી પોતાનો ભાગ પોણો હતો તે આખો કરવાને મથતી હતી. અર્થાત પોતાના પતિનો જે પા ભાગ તેને ભૂલી જવાને હમ્મેશાં મન કરતી હતી.

તાત્પર્ય એટલું કે આચાર વિચારમાં પતિને જરા પણ ભાગ લેવા ન દેતાં પોતે સ્વતંત્ર જ બધાં ડહાપણ અથવા ભૂલભરેલાં કામો કર્યે જતી હતી.

માણસની એક ઈન્દ્રિય જો જતી રહે છે તો તેની બીજી ઇન્દ્રિયો તીક્ષ્ણ થાય છે. દાખલા તરીકે આંધળા માણસના કાન સર્વા હોય છે અને બ્હેરા માણસની આંખોચંચળ હોય છે.

એવું જ અહિં આ એક સ્વરૂપ—એક અંગધારી દંપતીનું હતું. પિનાકી જ્યારે થોડાબોલો હતો ત્યારે શિવગંગાની છલ હાથ લાંબી હતી! શિવગંગા એક આંખે કાણી હતી ત્યારે પિનાકી બે આંખે ત્રણ આંખ જેટલું જોતા હતો, એટલે કે થોડું હોય તો એ તેને બહુ દેખાતું હતું.

આમ એક ભાગની ખોટ બીજો પૂરી પાડતો હતો એટલે તરસાળો બધો દંપતી જેટલોજ આવી રૂહેતો હતો.

એક વખતે રાત્રે નવેક વાગ્યે દંપતી Curtain Lecture–શય્યાનું શાસન–(રાત્ર ભાષણ)ચલાવતાં હતાં. યુવાન લેખક પોતાની પત્નીને સદ્દગુણ સંપાદન કરવા અને દુર્ગુણનો ત્યાગ કરવા દાખલા દલીલો સાથે શિખામણ આપતો હતો. પોતાનું પોણું અંગ શિવગંગા છે એટલે કોઇ પણ વાત કોઇ આગળ કદિપણ કહેશે નહિં, એની એને ખાત્રીજ હતી. પોતાની સ્ત્રી એને મન ખરેખર એક **દેવી** હતી (–એટલી ઉંચી પંક્તિએ એને શિક્ષણ આપી પહોંચાડી હોત તો તો બલા દૂર–પણ ગમે તેવી હોય છતાં એ દેવી ગણવી એતો કેવળ મૂર્ખતા જ છે.)

" જો શિવગંગા !" પિનાકી બોલતો હતો. " કદિપણ કોઇ પુરૂષ સાથે કામ શિવાય વાત કરવી નહિં. બહુ છૂટથી બોલવું નહિં. અતિશય હસવું નહિં, નહિં તો પછી પરિણામ શું આવે તે તને ખબર છે !–દાખલા તરીકે, આપણી પોળના પેલા ધરણીધર બારિસ્ટર ! એમની વહુના કેટલાક ભવાડા થયા હતા. એમને ત્યાં પેલો લલ્લુ માસ્તર કેટલો પેંધો પડયો હતો. બારિસ્ટર દારૂ ઢીંચી બ્હાર ન જવા જેવી જગાઓએ રખડે, ત્યારે એમનાં પત્નિશ્રી અહિંઆ ધંધા કરે ! જોજે હોં, શિવગંગા, દરેક સ્ત્રીને આ બાબત સંભાળવા જેવી છે. શિયલ, સતીત્વ એ સ્ત્રીઓનું ખરેખરૂં ભૂષણ છે. સ્વામી શિવાય

અન્ય તરફ ચિત્ત રાખતી સ્ત્રીઓ રૈરવ નરકમાં પડે છે. "... વગેરે.

બિચારો શિખામણ તો સારી આપતો હતો પણ એમની શિવગંગા દેવીએ શો સાર લીધો, તે આગળ જણાશે.

૨.

બીજે દિવસે વ્હેલી વ્હેલી કામ પરવારી શિવગંગા પોતાના પડોશીને ઘેર ગઈ અને બારણેથી " માનકોર માશી ! છો કે ?" કહી ઘાંટો કાઢ્યો. માનકોરે બારણું ઉઘાડ્યું તો શિવગંગાની નજરે પાંચ સાતેક બૈરાં નજરે પડ્યાં. બધાંએ પોળનાં ને પોળનાંજ હતાં. (કદાચ બ્હારનાં હોય તો એ સ્ત્રીઓને ભળી જતાં ક્યાં વાર થાય છે ?)

" અલિ શિવલી ! અલિ, કયમ ઘરમાં ને ઘરમાં ઘલાઇ રૂહે છે., પિનાકી પૂરીને જાય છે કે શું ?" માનકોર બોલી. જો કે એ મ્હોટી ઉમરની હતી, છતાંયે, બૈરાંઓમાં તો આ પ્રમાણે-બલ્કે આનાથી પણ વધારે છૂટથી વાતો થઇ શકે છે.

" તારે, માનકોર માશી !–એ શું મ્હને પૂરી મુકતા હતા ? હું એમને પૂરી મુકું એવી છું. (વાહરે દેવી !) આતો, કામનો પાર આવે ત્યારે બ્હાર નીકળુને ! ચાર-દ્હાડાથી આંબલી આવી'તી તે ભાગ્ય ભાગ્ય કરી. આજે પૂરી થઈ ત્યારે, મેં'કુ, લાવ્ય-જરા માનકોર માશીને ઘેર જઇ આવું. કયમ છે જંબુડી બ્હેન ! તમે ક્યાંથી ?"

" હું આજ કથામાં ન્હોતી ગઇ (વિધવા હતી), ત્યારે જરા એકલાં ઘરમાં ગમ્યું નહિ, તે અહિં આવી. ખબર છે કે, અલિ ! પેલા રામપરશાદે એની બાયડીને કમશાળે ને કમશાળે મારી છે તે ? મ્હેં તો કાલે કથામાં વાત હાંભળી." (જુવો એ કથા " હાંભળી " આવ્યાં !)

" હા અલિ ! કયમ ?–એ બાયડી હમણાંની રોજ માર ખાય છે ! મ્હને તો લાગે છે જે એ એના વરનું કહ્યું નથી માનતી, ને છાનીમાની પીયર હટકી જાય છે." માનકોરે કહ્યું.

" ને પેલા બારિસ્ટરનું હાંભળ્યું કે !" શિવગંગા લાગ આવ્યો જાણી બોલી." મ્હને તો કાલે મ્હારા ઘરમાં વાત કરતા'તા."

" શું અલિ !" એક ત્રીજીએ પૂછ્યું.

"ક્હે છે જે એની વહુ જરા એવી છે ! જ્યાં ત્યાં રખડતી ફરે છે ! રાતે ને દહાડે પેર તો એને રૂહેવાનું જ નહિં. કંઇક લલ્લુ માસ્તરનું નામ કહ્યું. બીજા બે-ચાર જણનાં નામ ગણાવ્યાં. બળ્યો એનો અવતાર ! અને બારિસ્ટરે જ્યાં ત્યાં દારુ પી રઝળ્યાં કરે છે !"

" કોણ પિનાકી ક્હેતો'તો ?" માનકોરે પૂછ્યું.

" હા. માનકોર માશી, કાલ રાતે એ વરવણી મ્હને બધી વાત કરી."

" કોણ જાણે બા ! આપણે તો કશું જાણતાં નથી." જંબુડીએ કહ્યું.

આ પછી બીજાં ઘણું સ્ત્રીપુરુષોની સાથે સાથે આ મંડળીમાં વાતો થઇ ગઈ, પણ એ અહિં જણાવવાનું કાંઈ પ્રયોજન નથી.

વાળુ કરવાનો વખત થયો હતો, એટલે બધાં પછીથી વીખરાઈ ગયાં.

એજ દિવસે રાતે જંબુડી ધરણીધર બારિસ્ટરને ઘેર ગઈ. થોડીવાર બેઠી ન બેઠી અને વાત છેડી.

"પરધાન બ્હેન, હમણાં તો ત્હમારે ને ત્હમારા વરને વાસ્તે બહુ હાંભળીએ છીએ. કાનના કીડાએ ખરી જાય !

જુવો બ્હેન ! ખોટું ન લગાડશો. મ્હારા ઘરનું હું જરાય કહેતી નથી પણ આ તો પેલી શિવલી પાંચ હાત બૈરાં વચ્ચે લવતી'તી."

"શું જંબુડી બ્હેન ?"

"કહે છે, પિનાકી એને કહેતો'તો."

"પણ વાત શી છે ?"

"કે ત્હમે ખરાબ ચાલના છો અને ત્હમારા વર દારૂ પીને જ્યાં ત્યાં રઝળ્યા કરે છે ! બે ચાર જણનાં નામ દીધાં. મ્હને તો એ બધું કહેતાંયે લાજ આવે છે. હું તો, બા, કશુંએ બોલી નહોતી. બીજાંએ બૈરાં હાંભળતાં'તાં."

"એમ કે ! કોણ, એ પેલી શિવલી કાણી ? એના બાપનું શું બગાડ્યું છે જે મ્હને એ ને પિનાકી એવડું બધું કહે છે ? ઠીક, એની વાત કરૂં છું. આવો, જંબુડી બ્હેન ! જરા ઉપર. એમને વાત કરીએ. હમણાં હમણાંનું એ અમ્હારે વાસ્તે બહુ બોલે છે. શા માટે એટલું બધું બોલવું પડે ? અમે એવાં છીએ તો છો રહ્યાં. અમ્હારા ઘરને મારે !–તેમાં ત્હમારે શું ? ત્હમે ત્હમારૂં સંભાળીને બેશી રહો ને"...વિગેરે, વિગેરે.

"જંબુડી. ના, બા, જો મ્હારૂં નામ જ દેશો. મ્હેં કશું કહ્યું નથી. કહો તો સોગન ખઉં."

પરધાન—"પણ ત્હમને કોણ કહે છે !–જરા ઉપર તો આવો."

હાથ ખેંચી પરધાન ઉપર લઈ ગઈ. ઓરડામાં જતાં ને વાત જ "કયમ એનું કંઇ કરવું છે કે નહિં ?"–પરધાન ધુરકી, એટલું બધું એ બોલવા શિખ્યો છે તે ?"

"પણ છે શું ?" બારિસ્ટરે પૂછ્યું.

"જુવો. આ જંબુડી બ્હેન કહે તે સાંભળો. બાર જણ વચ્ચે ત્હમારૂં ને મ્હારૂં પિનાકી ને એની શિવલી ભુંડું બોલે છે. કહે છે જે,–ત્હમે દારૂ પીઓ છો, ને હું જ્યાં ત્યાં ભટકતી ફરૂં છું !"

"એમ કે ?" કહી ધરણીધરે એક કાગળ લીધો.

"લખાવોને એનું અને બીજા બૈરાંઓનાં નામ."

બ્હીતાં બ્હીતાં જંબુડીએ સર્વ હકીકત લખાવી. શિવગંગાના શબ્દો પણ જેટલા યાદ હતા તેટલા લખાવ્યા. અને પછી જંબુડી અને પરધાન નીચે ઉતર્યાં.

"જુવો, બા, મ્હારૂં નામ કોઇને ના દેશો. નહિં તો મ્હારા ભોગ મળશે !" જંબુડીએ કહ્યું.

"એને વાસ્તે ત્હમે જરાએ બ્હીશો નહિં."

બીજે દિવસે કોર્ટમાં બારિસ્ટરે દાવો નોંધાવ્યો. પોતાની Slander (નિન્દા) કર્યા બાબત પિનાકી ઉપર સમન્સ કાઢ્યો. બૈરાંઓ ઉપર પણ સાક્ષી તરીકે આવવાના સમન્સ આવ્યા !

બિચારો પિનાકી પ્હેલાં તો વિચારમાં જ પડી ગયો. પણ પછી ત્હેને ત્રણેક દહાડા ઉપર શિવલી આગળ કહેલું યાદ આવ્યું અને એને પૂછતાં માલુમ પડ્યું કે બૈરાંઓના

જ ટોળામાં એણે પાછી ઉપલી વાત કહી હતી—" એનીજ આ મ્હોંકાણ મડાઇ ! હવે શું કરું ?" બિચારો બોલતો હતો.

લાગલો જ તે બારિસ્ટરને ઘેર ગયો. અને ટોપી ઉતારી માફ માગવા લાગ્યો. બારિસ્ટરે હજાર રૂપિઆ નુકશાનીના માગ્યા અને જો પિનાકી તે આપવા કબુલ થાય તો એ દાવો પાછો ખેંચી લેવા એમણે કબુલ કર્યું. હાના કરતાં બસેં રૂપિઆ બારિસ્ટરે એનીપાસેથી છોડાવ્યા અને હવે પછી સાવચેત રહેવા ચેતવણી આપી જવા દીધો.

વાહરે શિવલી દેવિ ! અને પિનાકી દેવ !

રેલસવરીની વાક્‌બાણ વૃષ્ટિ:

(યાને ધીરજરામનું ધૈર્ય.)

લેખકઃ શ્રીયુત " ઓલ્યા જોશી " (બી. એ; એલ. એલ. બી.)-ધોરાજી.

(નવેમ્બર-ડીસેમ્બરના અંકથી ચાલુ)

વૃષ્ટી બીજી.

" મી. ધીરજરામ પોતાના દોસ્તને ઘેર રાત્રે.

ચોપાટ રમવા જાય છેઃ ' નળ રાજાના જેવા હાલ થાય' છે ! "

" દુન્યામાં કોઇ ગરીબ થશો નહીં. બાયડીને ઘરમાં ગોંધાઇ રહેવું પડે જ્યારે ભાયડા તો ગમે ત્યાં ફર્યા ફર કરે તોય કોઇ પુછનાર છે ? અમારે તો બારે માસ ચુલો ને ?ગો, અને ત્હમારે રમત આડે ઘર પણ સાંભરતું નથી. ' શું ત્હમે ચોપાટ નથી—રમતા' ! કેમ જાણું કે નથી રમતા. પણ એટલું જાણજો કે આમ છોકરાંની પેઠે રમવામાં ત્હમારી શોભા નથી.

દોસ્તોમાં ગાંડા થઇ ગયા છો. દરરાત્રે તમારા પેલા પોમલા દોસ્તને ત્યાં પડયા રહો છો, અને કોણ જાણે કયારે ઘેર આવોછો. હું હવે ત્હમારી વાંસે ઉજાગરો કરવાની નથી. આવી સખત—ટાઢમાં હું હવે પથારીમાંથી કમાડ ઉઘાડવા ઉઠીશ નહીં. (બહાર તાળું દઇને જવું) ના, ના, તેમ બીલકુલ બનશે નહીં, સલામતી શું ? ગમે તે બ્હારથી તાળું ત્રોડીને ઘર લુંટી જાય અને ખુન કરી જાય. તેનું ત્હમારે શું ? તમે તમારે લ્હેર ઉડાવ્યા કરો.

અંહહહ ! કેવી ખરાબ વાસ આવેછે. તમાકુની વાસ હું બીલકુલ સહન કરી શકતી નથી. તમને ખબર છે કે તમાકુ હું સુંઘતી નથી કે દાંતે પણ દેતી નથી. મ્હને તેની બહુ છીટ છે. તમે પોતે બીડી નથી પીતા પણ તેથી શું ? તમારા બધા દોસ્તો બીડીયો ફુંકયા કરેછે, એટલે એનું એ. તેના કરતાં તમે પોતે બીડી પીના હો તો વધારે સારૂં. પારકાનો ધૂમાડો તમારી મુછમાં લાવોછો તેના કરતાં તમે પોતેજ બીડી ફુંકતા હો તો ઠીક ! ! !

ચોપાટની લત જેને લાગી તે કોઇ દીવસ સુખી થયું નથી એ તમને શેની ખબર હોય. હું જાણુંછું. ચોપાટમાં નળરાજા રાજ્યપાટ ખોઇ બેઠો હતો. તમારા પણ તેના જેવા હાલ

થશે સમજ્યા ? વાહ ! શું તમારા ચોપાટીયા દોસ્તો, જેના બૈરાં છોકરાં દુઃખી છે, જેની ઓરતોને ગુલામ તરીકે ગણવાનો ફાંકો રાખેછે. એજ તમારા મીત્રો કે કોઇ બીજા ! જોઈ લ્યો તમારો દોસ્ત દલસુખરાય. શું તેની સ્થીતી છે ? તેની બૈરી રોજ મારી પાસે તેના ધણીના રોદડાં ગાયછે તે જો તમને કહેવા બેસુ તો પાર આવે તેમ નથી રાત્રે બબે વાગ્યા સુધી ઘરની બહાર રખડયા કરેછે. ધંટી ધરાય તે વખતે ઘેર આવેછે, અને બીચારી બૈરી જો શીખામણનો શબ્દ કહેવા જાય તો ઉલટો તેનો અ ડતાલો જોખેછે. પણ તમે જાણો છો કે આહીં પોલું છે, દલસુખની બૈરી સહન કરે-આંકીં એ નહીં ચાલે, તમારે લાજ આબરૂની ખેવના નહીં હોય પણ મારે છે. હું કહું છું કે તમારા એ જુગટીયા દોસ્તોનો સંગ છોડી દો અને ઉંઘ વેચીને ઉજાગરો કરવો રહેવા દો.

શું ? હવેથી તમે રાત્રે મોડા નહીં આવો ? પણ તમારી એ ટણુક ટોળીમાં ગયા પછી તમને વહેલા છોડશે તેની શું ખાત્રી ? હું કેમ માનું ? તમે ભલેને કહો પણ તમારા એ મીત્રોને પુછયું છે ! તમારો સાદ બારે તો થઇ ગયો છે, અને કાંતો સવાર પડયે મથું ચડશે. સવાર પડવા આવ્યું હશે. કેટલા વાગ્યા છે ? ત્રણ ચાર વાગી ગયાં હશે. (માથું નહીં ચડે) વાહ—આ તમારા માથા ઉપર જરા હાથ મુકો તો ખબર પડશે કે અગ્નિ તપે છે, આમાંથી તાવ આવતાં વાર શી ? તમે તમારે પથારીમાં પડયા રહેશો. તીખાં વાટવાં, શેક કરવાં, રાબ કરવી એ તમારે કયાં ફીકર છે. તમારી જીભ અને અમારા હાથ પગ. અમે ભન્ને ખુવાર થયા કરીએ.

એ તમારો દલસુખ તે કેટલી બીડીયો ફુંકે છે ? તેના ધુવાડાંની વાશ હજી તમારી મુછમાંથી ગઇ નથી ! એ દુર્ગંધે તો તોબાં કીધી. મને બીલકુલ ઉંઘ નહી આવે.

હું ચોક્શ કહું છું કે તમે પથારીમાંથી વહેલા ઉઠી શકશો નહીં. તમારી આંખ પોલા જેવી થઇ ગઇ છે. સવાર પડયે તો કોણ જાણે કેટલોય તાવ ચડશે, તમે એમ સમજો છો કે પથારીમાં પડયા પડયા હું તમને ચાહ પાઇશ. ના, ના, આ કાંઇ દલસુખનું ઘર નથી. તેને ધંધો ધાપો કાંઇ નથી એટલે તેને બધું ચાલે. હાથે કરીને એવી આળસ આપણે ન પોશાય. આ તમારા ઉજાગરામાં જો તાવ ચડયો તો ઉબકા ઉલટીનું તો પુછવું જ નહીં, દલસુખની બૈરી ઉલટીમાં સોડાની બાટલી તેના ધણીને ભલે પાય. હું સવારના પહોરમાં એવી બાટલી મંગાવીશ નહીં. લોકમાં તમારે હાંસી કરાવવી છે કે શું ? ફળીનાં માણસો શું જાણે ? તે કહેશે કે —(લવરીબાઇનો ધણી રાત્રે ચોપાટ કુટીને પરોઢીયે આવ્યા ને પછી માથું ચડયું ને તાવ આવ્યો ? મારે એવી સોડાની બાટલી મંગાવીને ગામમાં ફંફેરો નથી કરવો. ગામને મોઢે કાંઇ ગયણું ન બંધાય. મારે લાજ આબરૂની દરકારછે. હું કાંઇ તમને સવારે રાબ શીરો કાંઈ કરી દેવાની નથી. તમને કોણે કીધું હતું કે ચોપાટ રમવા જજો. !!

"શું ! તમને સોડા જોતું નથી કે શીરો કે રાબ કશાની જરૂર નથી !" વાહ ! બોલતાં કાંઇ વાર છે. હજી ભુલી ગયા હશો કે માંદા પડોછો ત્યારે ઘરના માણસોને કેટલા હેરાન થવું પડે છે તે. દાબો માથું, દાબો પગ, વાટો તીખાં, કરો રાબ, લાવો ચા—ઉજાગરો ન કરતા હોતો આ કાંઈ કરવું પડે તેમ છે. પણ હાથે કરીને દરદ વ્હોરી લ્યો છો પછી ઘરના માણસોને સુખે જંપવાનો વખત ——— !

તમને મારૂં કહેવું ગળે ઉતરે તેમ નથી. પણ આ ચોપાટે જે હલ્યાછો તેમાંથી બીલકુલ સારૂં નીતરે તેમ નથી, એ મારૂં કહેવું હમણાં નહીં તો પછી માનવામાં આવશે. એ રમતમાંથી જુગટે ચડી જશો, અને તમારો દલસુખ કેવો જુગારી છે તે હું જાણું છું. કોણ જાણે કેટલી હારજીત કરાવશે. તમને બધા ભેગા મળી છેતરી પાડશે. હારી જશો તો રૂપીયા ક્યાંથી કાઢશો? રૂપીયા નહીં કાઢો તો પછી તમારી દોસ્તી તુટશે એ ચોક્કસ છે, અને દોસ્તી તુટી તો પછી ગાળાગાળી અને તેમાંથી મારામારી થતાં કાંઇ વાર લાગશે નહિ, અને ખૂન ખરાબો થઈ જશે તોપછી જોઈ લ્યો પંચાત. શું પોલીસ તમને પકડતા મેલશે? કોર્ટમાં ઘસડશે તોપછી ન્યાયાધીશ શું તમારા ઉપર દયા ખાશે? ફજેતીના ફાળકા થવા છે. કેદમાં મોકલશે તો તમારી આબરૂ શું વધશે? અરરર, જો સખત કેદ કરશે તો તમારૂં કારણ પોતાની જાત વીશે કાંઇ પણ વખાણ કરવા એ આત્મશ્લાઘા ગણાય.

ચુંથી ત્રીજી.

" મી. ધીરજરામ પોલીસ કચેરીએ-મી. દલસુખરામને જામીન પર છોડાવવા જાય છે. "

" હું કહેતી હતી તેનુંજ તમારી આ દોસ્તીનું પરીણામ આવ્યું ? ભુંડા માણસો ભલા માણસને કેવા ભોગ બનાવે છે તે જોઇ લ્યો ? અત્યારે અધરાતે જામીન પર છોડવવા જવાની શી ઉતાવળ છે ? રાત્રે બે વાગ્યે પોલીસનું માણસ ઘરનું બારણું ઠોકે તેથી આડોશીપાડોશી શું સમજશે ? તમારા દોસ્તપર જુલમ ગુજર્યો તે હું સાંભળવાની નથી. દલસુખ જુલમ ખમે તેવો નથી. શું ? તમે જઇને તેને જામીનપર છોડવશો ? એનું પરીણામ શું આવશે તેનો કાંઇ વીચાર કર્યો ? તે ભાગી જશે અને નાણાં તમારે ભરવાં પડશે અને મ્હારા છોકરાંને ભુખ ભેળાં કરી દેવા છે કે શું? આવી પારકી પંચાત ક્યાં સુધી કરવી છે ? ઘરમાં જીવ કેમ ટરતો નથી ? અત્યારે કેવી ઠંડી છે તેનો કાંઇ વીચાર કર્યો ? ઉધરસ છે અને ટાઢ લાગી તો ન્યુમોનીયા થઇ જતાં કાંઇ વાર લાગશે ? પછી તમારી દાશ હું નહી કરૂં, સમજ્યા ? પૈસા ઉડાવવાના બીજા ઘણાય રસ્તા છે, પણ આવાં જુગટીયા ચોરટીમા ઉપર કાં નાણા ફેંકી દયો, (" કાંઈ પણ નાણા ફેંકવાનાં છેજ નહી ") એ બધું બોલવાનું છે. પણ તે ન્હાશી જશે તે ખાત્રી માનજો. કોર્ટમાં હાજર થશે નહી-એટલે કોર્ટ તમારૂં ગળું પકડશે. (પોલીસે ખોટો કેસ કર્યો છે) તમે કહોછોને? પોલીસ કહે છે ? શું અમસ્થા અમસ્થા પોલીસ કોઈને પકડે છે ? કારણ વગર હેડમાં શું કામ પુરે ? કોણ જાણે કેવી લુંટ કે ચોરી કરી હશે ! ! આવા માણસના જામીન થવામાં નવાણું ટકા ખોટ છે. લોકો શું કહેશે. " ચોરના ભાઇ ઘંટીચોર " શું ! જામીન પડયા શીવાય છુટકો નથી ? મારે એ દલીલ સાંભળવી શરીર કેમ કામ કરશે. જેલમાં ચોરની સાથે તમારા જેવા આબરૂદાર વેપારીને જોઇને જગતમાં કેવી હાંસી થશે તે સમજ્યા ! અને પછી અમારી આબરૂના કેવા કાંકરા થશે તેનો કાંઇ ખ્યાલ છે ! છોકરાં વરશે પરણશે કેમ ! મને તો આ ફીકર આડે અત્યારે બીલકુલ ઉંઘ આવવાની નથી. શું મ્હારૂં અનુમાન ખોટું છે ! આ બનવું શું અસંભવીત છે ? મારૂં એક વેણ ખોટું પડે તો મ્હારી છાતીએ ડામ દઉં.

હું બધુંય સમજુ છું. બીજું હોય તો મારે આટલું બધું કહેવાનું કારણ શું હોય. પરેને ખાડમાં. પણ આ ન્હાના છોકરાને ખાતર આટલું હાંઇફ બોલવું પડે છે.

હુંતો જે કાંઇ કહું છું તે તમારી ટેવ સુધારવા ખાતર આજે તમે અધરાતે આવ્યા. અને જો ચસકો વધ્યો તો રાતની રાત ઘરબ્હાર કાઢશો, તમે સમજો છો કે હું ગમે ત્યારે કમાડ ઉઘાડીશ. ના–ના. એ વાતના દાળીયા ફાકવા. તમે દલસુખની રીત પકડતા જાઓ છો. ગઇ ભીમ અગ્યારસને દીવસે દલસુખના શું હાલ થયા હતા તે તમે જાણો છો ? મને બરાબર ખબર છે. કોણ જાણે કેટલું જુગટું રમ્યો હશે, અને કોણ જાણે કેટલી ભાંગ પીધી હશે તે ટં થઇને મધરાતે ઘેર આવ્યો. કેફ એવો ચડેલો કે ઘરના ઓટલા ઉપર પડી ગયો, માથું ફુટી ગયું તેની બૈરી બીચારીએ આખી રાત જાગીને પાટાપીંડી તથા શેક કર્યાં. એટલું છતાં ઘરનું કમાડ જરા મોડું ઉઘાડ્યું માટે નાહક તેનો વાંસો હલકો થયો. આવા ગંજેરીની સોબતમાં તમારી શી શોભા વધે છે ? રાત્રે આમ મોડા આવ્યા કરશો તો તમારા પણ એના જેવા લક્ષણ થઇ જશે સમજ્યા ! પણ એટલું યાદ રાખજો કે આ દલસુખની બૈરી નથી. હું કાંઇ તેનું ચાલવા દઇશ નહી. મોડી રાત્રે ઘર ઉઘાડવાં હું ઉઠીશ નહી.

શું તમે જુગટીયાં નથી ? ભલે હમણાં નહીં હો, પણ આ–જ–થી–તે–થં–વા–નાં ! –સ–મ–જ્યા ?

[ઝોકું અને પછી ઉંઘ.].

આ વૃષ્ટી નીચે મી. ધીરજરામે કશી ટીકા કરી નથી તમારી આબરૂ તો ત્યારે વધે કે એવા ચોર લુંટારાને કેદમાં પુરાવો તો

લોકતો ક્યારનાએ જાણે છે કે તમારે જુગટીયા ગંજેરીની દોસ્તી છે. તમારા મીત્રો તમને એક રાત પણ નીરાંતે પથારીમાં જંપવા દેશે નહીં. દલસુખનો ભવાડો બધો છાપામાં છપાશે અને સાથે તમારૂં નામ પણ આવ્યા વગર રહેશે નહીં. આમાં તમારી તથા તમા । બૈરાં છોકરાંની શું આબરૂ વધશે ? આ ફીકરને લીધે મારી તો ઉંઘ ગઈ તમેતો દારૂમાંથી બોલો છો કે સુઇ જાઓ પણ મને હવે ઉંઘ શેની આવે. હું હવે બીલકુલ ઉંઘવાની નથી"

[મી ધીરજરામ ટીકા કરે છે કે—" નહીં સુવાની–તેણીની ઇચ્છા મજબુત છતાં કુદરત તેનાથી વધારે મજબુત હતી એટલે તેણી સુઇ ગઇ અને વૃષ્ટી સાંભી, નં થાશી !]

સ્ત્રી–સામ્રાજ્ય.

(આ વિભાગમાં હમ્મેશાં સન્નારીઓનાંજ લખાણ, અને કોઇ પણ વિષય સંબંધી, હેમના વિચાર, દરખાસ્તો, તથા અભિપ્રાય પ્રકટ કરવામાં આવશે.— તન્ત્રિ–મુ–સુ.

લાજ કાઢવાથીજ સ્ત્રીઓનું મહત્વ જળવાય છે ?

લેખક: અ સૌ, સવિતાગૌરી રાજકોટ.

પ્રિય બ્હેનો ! ઘણા દેશમાં સ્ત્રીઓને લાજ કાઢવાનો રીવાજ ચાલ્યો આવે છે. તેમાં કાઠિયાવાડમાં મુખ્યત્વે કરીને વધારે હોય, એમ માલુમ પડે છે; અને કોઈ પણ સ્ત્રીને સાધારણ રીતે બોલવા ચાલવાની છુટ જોઇયે તેવી હોતી નથી. એવું તેમની વર્તણુક જોતાં જણાય છે. જ્યારે કોઇ માણસ પોતાને મુકામે મળવા આવે છે, ત્યારે

તેમને યોગ્ય રીતે જવાબ પણ આપી શકાય નહિ, તો તેમનું યોગ્ય રીતે સન્માન થાય જ કયાંથી ? આવો રીવાજ ઘણીવાર હાસ્યજનક પણ થઇ પડે છે ! શું લાજ કાઢનાર સ્ત્રીઓજ કુલીન હશે, અને લાજ નહિં કાઢનાર સ્ત્રીઓ કુલીન નહિં હશે? એમ કોઇનું માનવું ભાગ્યેજ હશે કે ફક્ત લાજ કાઢવાથી સ્ત્રીઓની કુલીનતા ગણાય ખરૂં જોતાં દરેક મનુષ્યની વર્તણૂકનો પોતાની આસપાસના લોકોની માન્યતા ઉપર આધાર રાખે છે. લાજ કાઢવાનો રીવાજ પ્રાચીન કાળમાં ન હોતો, એમ આગલાં દૃષ્ટાંતો સ્હેજ જોતાં માલૂમ પડે છે. આગળની સન્નારીઓ જેવી કે, સીતા, સાવિત્રી, દમયંતી, દ્રૌપદી, અનુસુયા, વિગેરે સતી સ્ત્રીઓ પોતાના સદ્‌વર્તનની પ્રખ્યાતી મેળવી આજ સુધી પણ પોતાનું નામ અમર મૂકી ગઇ છે. તેઓ પોતાના પતિ સાથે સુખ દુઃખમાં ભાગ લઇ મહાન કર્તવ્યો કરી પોતાના ખરા ધર્મ સાચવી દરેક સ્ત્રીઓને દૃષ્ટાંતરૂપ થઇ પડી નથી ? એ વાતની કોઇપણ ના કહી શકશે નહિ. લાજ કાઢવાનો રિવાજ પ્રથમ મુસલમાનો રાજ્યમાં દાખલ થયો હોય એમ અનુમાન થઇ શકેછે. એ રાજ્યની શરૂઆતમાં હિન્દુ સ્ત્રીઓના ઉપર ભારે જુલમ ગુજારવામાં આવતો, કોઇપણ સ્ત્રીથી સાધારણ રીતે બ્હાર છૂટથી જઈ શકાતું નહિ, અને મુસલમાનોના ભયથી પોતપોતાના ધર્મનું યથાસ્થિત પાલ થતું નહોતું. ઘરેઘર મહા ત્રાસ વ્યાપી રહેલો હતો. અને સ્ત્રીઓ કેવળ દુઃખી સ્થીતિમાં હતીઃ એમ ઇતિહાસ ઉપરથી સાબીત થાય છે. ટુંકાણમાં સ્ત્રીઓનું સંન્માન એ સમયમાં બીલકુલ જળવાતું નહીં. એટલે આવો વિચિત્ર રિવાજ પણ તે વખતમાં જરૂરનો અને ઉપયોગી હતો. પરન્તુ ઈંગ્લીશ રાજ્યમાં સ્ત્રીઓ જાન માલના રક્ષણરૂપી મહાસુખ અનુભવે છે. એ રાજ્યમાં હવે સ્ત્રીઓએ લાજ કાઢવાનું ચાલુ રાખવા કશું પ્રયોજન નથી.

આ રાજ્યમાં સ્ત્રીઓ પોતાના દેહનું, ધર્મનું, સર્વ રીતે રક્ષણ પામી શકે છે; તેઓ નીડરપણે હરવા ફરવા જઇ શકે છે, અને તમામ રીતે પ્રજા સુખી છે, એમ કહીએ તો તે ખોટું ગણાશે નહિ. સ્ત્રી ઉન્નતિનો મજબુત પાયો આ રાજ્યમાં નંખાયલો છે, જે દિન પ્રતિદિન વધતો જણાય છે. સ્ત્રીઓમાં પુસ્તકો વાંચવાની વૃત્તિ, તથા લખાણ લખવાની શક્તિ પણ કેલવણીના પ્રતાપે ધીમે ધીમે વધતી જણાય છે. શાળાઓ નિત્ય નવી નવી સ્થપાતી જાય છે. શ્રીમંતનો પૈસો યોગ્ય રીતે વિદ્યાદાન દેવામાં વપરાય છે. સ્ત્રીઓ મન માનતી સુકેલવણી લઈ સુખી થાય છે અને ભવિષ્યમાં પોતાના પ્રિય બાળકોને પાશ્ચિમાત્ય માતાઓની પેઠે સુધારી, સારી કેલવણી આપી, વીર સન્તાનની માતાઓ બનશે એવી આશા રહે છે. માટે પ્રિય બ્હેનો ! તમે પણ પ્રાચીન કાળની સ્ત્રીઓનું દૃષ્ટાંત લઇ લાજ કાઢવાનો કઢંગો, હાસ્યજનક રિવાજ આંખો મીંચીને ચલાવ્યા કરતાં તેમના જેવાં થાઓ. તમે જેમ કરવાને ચાહતાં હશો તેમ સારાં કામ માટે તમને આ પ્રખ્યાત ઈંગ્લીશ રાજ્યમાં સઘળી સગવડ મળશે. પ્રભુએ સ્ત્રીઓના સુખને માટેજ આ રાજ્ય આપણા દેશમાં સ્થાપન કર્યું હોય એમ લાગે છે.

તમારા ઉત્તમ ગુણ સદાચારથીજ પૂર્ણ પ્રકાશ આપશે. ખરૂં જોતાં સદાચાર સ્ત્રીનું આ મુખ્ય ભૂષણ છે. લાજ કાઢો અગર ન કાઢો એ બધુંએ સરખું છે. સ્ત્રીઓની ઉન્નતિનો માર્ગ સદાચાર છે, તેનું યથાસ્થિત પાલન કરવું. આપણે ઘેર કોઇ સુજ્ઞ માણસ મળવા આવે તો તેમનો સત્કાર યોગ્ય રીતે કરવામાં આપણને કોઇ પણ દ્દોષ આપશે નહિ. સ્ત્રીઓનું સતીત્વ લાજ કાઢવાથી જળવાય છે, એવું કાંઇ છે નહિ. પરન્તુ નીતિ, વિવેક,

મર્યાદા, મીઠી વાણી, અને સદ્ભાવ-એજ સતી સ્ત્રીઓનાં ખરાં ભૂષણ છે. છૂટ મેળવતાં અને મળેલી છૂટ પ્રમાણે વર્તવામાં પણ બહુ વિચાર રાખવાનો છે. તેનો ગેરઉપયોગ થાય નહીં, એમ કાળજી રાખવી. મર્યાદા છેક મૂકી દઇ, સ્વચ્છંદી રીતે વર્તવું; એ બહુજ હાનિકારક થઇ પડે છે. સમુદ્ર પણ પોતાની મર્યાદા મૂકતો નથી. મર્યાદા મૂકવાથી જ પોતાની આબરૂમાં હાની થવાનો સંભવ રહે છે. માટે પ્રિય બ્હેનો! સરળ હૃદયનાં અને વિવેકી થવા ચૂકશો નહીં. લાજ કાઢયા વિના યોગ્ય રીતે વર્તશો, તો અયોગ્ય ગણાશે નહીં. લાજ કાઢનાર સ્ત્રીઓ પોતાનાં પેહેરેલાં ઝીણાં કપડાંમાંથી જોવા ધારે તેટલું જોઈ શકે છે! ફક્ત બોલતી નથી પરન્તુ બીજી સ્ત્રી બોલતાં છતાં નીચી નજર રાખી સામું પણ જોઇ શકતી નથી. એમાં આટલો બધો તફાવત રહે છે! કેટલીક નાતોમાં તો લાજ કાઢવાં છતાં ખેલવા અથવા સાથે કામ કરવામાં પણ વાંધો આવતો નથી. એટલે તેઓમાં લાજ એક જાતનું બહારનું ધતિંગ છે. આમ છે તો સાધારણરીતે કયો રીવાજ વધારે પસંદ કરવા યોગ્ય છે? સ્ત્રીઓને પોતાની દ્રષ્ટિ અને હૃદયની વૃત્તિ એજ લાજને માટે બસ છે. પહેરેલું લુગડું માં ઉપર ઢાંકીને લાજનો ઘૂમટો તાણવાની જરૂર નથી. જોકે પોતપોતાની દેશરૂઢીને અનુંસરીને અને પોતાના વડિલોની આજ્ઞાથી એ રીવાજ રાખવો પડે છે, પરન્તુ હવે ઘણુંખરાં કેળવાયલાં સ્ત્રી પુરૂષોને એ રીવાજ પસંદ પડતો નથી, એમાં કાંઈ સંશય નથી. કુલીન સ્ત્રી કદીપણ દૃષ્ટિમાં વિકાર રાખતી નથી; મનમાં પોતે દૂષિત થતી નથી; તથા ગમેતેવા સુખ દુઃખના પ્રસંગમાં પોતાનો ધર્મ સાચવતાં હિમ્મત હારતી નથી. આટલું લખવાનો મતલબ એટલીજ છે કે-લાજ કાઢવાથી જ સ્ત્રીઓનું ગૌરવ જળવાય છે એમ નહિ; પણ ઉલટું તેનાથી કેટલીક રીતે અગવડ તથા હાનિ થાય છે. માટે સ્ત્રીઓને બાળપણથીજ યોગ્ય કેળવણી આપવામાં આવી હોય, તો લાજ કાઢયાવીના પણ ગમેતેવા સંકટ અગર મુસ્કેલીના સમયમાં પોતાની શુદ્ધ ટેક, વિવેકથી તેઓ જાળવી શકે છે.

ઉંચી કોમની સ્ત્રીઓમાં કેળવણીની ક્યાશ.

લેખક—સૌ શાન્તાબ્હેન,-કડી.

*પ્રિય બ્હેનો,—આજકાલ ઉંચી કોમમાં સ્ત્રીવર્ગમાં કેળવણીની ઘણીજ ક્યાસ જ*ણાય છે. આ સ્થિતિ ઘણા વખતથી ચાલે છે. તેઓ કેળવણીનો ખરો ઉપયોગ જાણતાં નહોવાનું મુખ્યત્વે કરીને ખાસ કારણ છે. અને કેટલાંક જો કેળવણીનો ઉપયોગ જાણતાં હશે તો તેઓને તેમના મુરબ્બી તરફથી કેળવણી લેવાની છુટ મળતી નથી અને જો કેટલાંકને તે બાબત છુટ મળે તો તેઓ શીખતાં નથી તેથીજ હાલ ઉંચી નાતમાં કેળવણીમાં પછાતતા આવતી જાય છે.

ઇંગ્રેજીજ્ઞાન તો એક સરફ રહ્યું પણ જ્યાં ગુજરાતી શિખવવાનાજ સાંસા છે ત્યાં ઇંગ્રેજીનું તો કહેવુંજ શું?

ઘણીજ ન્હાની વયમાં લગ્ન કરી એને હમેશને માટે ગૃહસંસારનું જ્ઞાન ન છતાં પણ તેને ગૃહસંસારરૂપી ધંધામાં જોડીદે છે. પછી તેને ગૃહસંસારરૂપી જ્ઞાન ન હોવાથી જીંદગી પર્યંત તે

કેટલાંક સ્ત્રીઓને ભણીને શું કામ છે ? એવીજ રીતે પુછશે. કયાં નોકરી કરવી છે. ભણવાથી હમેશને માટે છોકરીઓ બગડે છે, એમજ કહેશે. એટલે છોકરીઓની મરજી ગમે તેટલી હશે તોપણ તેની મરજીને કોમળ ઇચ્છાને એકદમ પછાત પાડી દેશે.

બે ત્રણ ચોપડી ભણ્યાં છે, અને થોડું ઘણું લખતાં તથા વાંચતાં પણ આવડે છે એટલું દીકરીની જાતને ઘણું છે એમ કહેશે.

હાલમાં તો, ઘણે ભાગે એવો એટલે કેળવણી વગરનો વર્ગ થોડોજ જોવામાં આવે છે. અને તેપણ જે માણસ ઘણેભાગે દેશમાંથી બહાર એટલે બીજા દેશમાં ગયું હશે. તેના કુટુંબમાં હશે. તોપણ કેટલીક નાતમાં થોડું વધારે ભણ્યાં એમ કોઇ ચોખે-ચોખું પુછે તો કહેવાતું નથી. એટલું મુરબ્બીથી અને નાતથી બીહીવાનું છે.

છોકરીની ઉમ્મર મોટી થતાં સ્કુલમાં કેમ જવાય તેને એવી છુટ કેમ અપાય, તે ભણશેતો જરૂર બગડશે. કેટલાંક જેમને ભણાવવાનું ગમે છે. તેપણ એમજ કહેશે કે તેને ભણવા હવે મોકલશો નહિ. એના સાસરાંમાં કોઇને પસંદ પડશે નહિ. એવી રીતે બીહે છે પણ આગળ પડતો ભાગ લઇ શકતા નથી અને તેથીજ કેળવણીની કચાસ સ્ત્રીયોમાં હમેશને માટે રહે છે.

કેટલીક વખતે ઘણેભાગે માતાઓની મરજી છોકરીને ભણાવવામાં પીતા કરતાં ઓછા પ્રમાણમાં હોય છે. તેથી છોકરીજ ના કહે છે તેથી હમેશને માટે મોટી ઉમર થયા પછી ભણ્યાં હોત તો કેટલું સારૂં એ રીતનો સખત ફટકો વાગ્યા કરે છે. પણ પછી શા કામનું ! કેટલાંક જુના વખતનાં મુરબીઓને ભણવાનું પૂછતાં તેઓ સાફ ના કહે છે. અને અમારી આગળ એવું બોલવું નહિ. આખો દહાડો ભણવાનીજ વાત કરોમાં એમ કહે છે.

પણ જો સુખના આનંદનાં શાંન્તીના સારા વિચારને ઇચ્છતાં હોતો કેળવણીની જરૂર છે.

જ્ઞાન મેળવવાની જરૂર.

લેખકઃ શ્રી નિર્મળા બ્હેન—રાજકોટ.

જાડા હોઠવાળા, બોથડ નીતિભ્રષ્ટ, મંદ બુદ્ધિ અને દુષ્ટ સ્વભાવવાળાં આફ્રિકા કે અમેરિકાના જંગલી લોકો તરફ નજર કરો અને પછી ચિત્તવેધક આકૃતિવાળા, સુનીતિવાન, સુરવભાવી, તેજસ્વી અને બુદ્ધિશાળી આર્ય લોક તરફ નજર કરો. એ બે વચ્ચે આટલો બધો ભેદ પડવાનું કારણ શું ? કારણ એજ કે એકે જ્ઞાન મેળવ્યું નથી અને બીજાએ જ્ઞાન મેળવ્યું છે. જ્ઞાન વગરની અવસ્થા એજ જંગલી અવસ્થા. અજ્ઞાન દશા ભોગવનાર લોકો આ દુનિયામાં પોતાનું કે પારકું કલ્યાણ કરી શકતા નથી—અને પરલોકને તો તેઓ કદી પણ ઓળખી શકતા નથી.

જ્ઞાન મેળવવાની અને જ્ઞાનમાં વૃદ્ધિ કરવાની મનુષ્ય માત્રને ઘણીજ જરૂર છે. મુંડ-મુંડાવી ત્યાગી થયા એટલે તરી ગયા એમ સારા સંન્યાસીઓ કે બાવાઓ માનતા નથી પણ જ્ઞાન અને ચારિત્રમાં ઉન્નત સ્થિતિએ પહોંચવા માટે સંપૂર્ણ શ્રમ લે છે તો પછી સંસારીઓએ પણ જ્ઞાન-વૃદ્ધિ માટે બની શકતો ઉદ્યમ કરવાની જરૂર છે. જેમ સારા સાધુઓ બીજાઓના રોટલા ખાઈ ઉંઘતા નથી પણ કર્તવ્યપરાયણ રહે છે તેમ સંસા-

રીઓએ પણ માત્ર પેટ ભરવામાં જ કર્તવ્યતાની પૂર્ણતા માનવાની નથી. જ્ઞાનેન હીના પશુભિ સમાનાઃ જ્ઞાનની ઉત્તમતા દરેક ધર્મમાં બતાવવામાં આવી છે માટે જ્ઞાન વૃદ્ધિ અર્થે તન મન અને ધનથી યોગ્ય શ્રમ લેવો અને તેવાં સાધનો અન્યને પ્રાપ્ત કરાવવ એ ખરેખરૂં પુણ્યનું-ધાર્મિક કામ છે.

જે જે પ્રજા જે જે પ્રમાણમાં જ્ઞાનની વૃદ્ધિ કરતી જાય છે તે તે પ્રમાણમાં તે તે પ્રજા ઉચ્ચ દશામાં આવતી જાય છે. એવાં પુષ્કળ ઉદાહરણ આપણને ઇતિહાસના ગ્રંથો માંથી મળી આવે છે. જ્ઞાનથીજ ઐહિક અને પારલૌકિક સુખ સંપાદન કરી શકાય છે. જેમ જેમ જ્ઞાન વધતું જાય છે તેમ તેમ વધારે સુખ સાંપડતું જાય છે. આગગાડી, તાર યંત્ર, વગેરેનો લાભ જ્ઞાનવૃદ્ધિથીજ મળ્યો છે અને નિજાનંદમાં મગ્ન રહી આત્મિક સુખની લ્હેરોનો લાભ જે યોગી મહાત્માઓ પામ્યા છે તે પણ જ્ઞાનવૃદ્ધિનોજ પ્રતાપ છે. જ્યારે અજ્ઞાનને લીધેજ જંગલી લોકો, પશુની માફક તડકો, ટાઢ, વરસાદ વગેરે સહન કરે છે અને તેના નિવારણનો ઉપાય રચી શકતા નથી. ત્યારે યોગીએ જ્ઞાન વૃદ્ધિથીજ શરીર પરનો મોહ છોડી દઈ આનંદથી એ દુઃખને સુખના અનુભવમાં બદલાવી શકે છે. ઐહિક સુખની વાંછનાવાળા જ્ઞાની માણસો જ્ઞાનવડે જ ટાઢ તડકાથી બચવાના ઉપાયો લઈ શકે છે. માટે જ્ઞાનવૃદ્ધિના રસ્તા લેવા એ બહુજ કલ્યાણકારક સત્કાર્ય છે. આપણા દેશમાં સ્ત્રીવર્ગમાં તો ખાસ કરીને અક્ષર શત્રુઓની સંખ્યા ઓછી થાય અને સ્ત્રીપુરૂષોમાં કોઈ અભણ ન રહે તેવો પ્રયત્ન આગેવાનોએ કરવો જોઇએ.

સ્ત્રીઓનું કર્તવ્ય.

લેખકઃ-સૌ. ઉમંગા—મુંબાઈ.

હમણાના જમાનામાં કન્યાઓને પૂરેપૂરૂં સંગીન શિક્ષણ મળી શકતું નથી. એટલે કે કન્યાશાળા અને ઘરશાળામાં જોઇતી માવજત તથા સંભાળ લેવાતી નથી, જેને પરિણામે ઓછું જ્ઞાન બધી વસ્તુમાં નજરે પડે છે. સ્વચ્છંદપણું, સ્વતંત્રપણું, ઉછાંછળાપણું, અકુલિનતાના દોષો ઉતરે છે, અને કુનારિ અથવા ફુઅડનું ઉપનામ ધારણ કરાય છે: સ્વતંત્ર વિચારની મરજી મુંજબ વર્તનારી. મોજશોખોના સપાટામાં સપડાઇ, નવલકથા વાંચી, પ્યારનો ગેરઉપયોગી અર્થ કરી બહુ વાચાળ, કુથલિ કરવામાં હોશિયાર, યુક્તિ પ્રયુક્તિની દલિલોથી પતિની મશ્કરી કરી, હસવા હસવામાં બાંધી લઇ, કહ્યા ગરો કરી મેલે છે. આવા પ્રપંચો ઓછી કેળવણી અને પતિનું ઓછું વ્યવહારિક જ્ઞાન, એ દોષથી, બન્નેમાં સમાન માલુમ પડે છે. ફેશનેબલ ઝીણા અલંકાર ઠાઠમાઠમાં પહેરવા, ગમે ત્યાં હરવા ફરવા, ઘરકામ વેઠ ગણી, નિર્જીવ કે નમાલું માની, તુચ્છકારિ કાઢવામાં, આધુનિક કેળવણી સમાય છે. આવી ખામિ ભણેલી સ્ત્રીમાં હોવી નહિ જોઇએ. કારણકે શિક્ષણ જળથી પવિત્ર થયેલીના સંસ્કાર ઉઘડે જ. એવી ખામિ કવચિત માલુમ પડે છે કે ભણેલી વધારે ખર્ચાળ અને ઓછું ભણેલી. બહુ ટાયલાંમાં જ મચેલી. ... રમ

ણમાંજ સુખ આશા માનતી, લગ્નના હેતુથી તદ્દન અજાણી; માત્ર સાસરૂં અને છોકરાંમાંજ મન વિચારનું માપ માપે છે. આ દોષવાળી બાજુ કેળવણીના અભાવે, હાલમાં બહુ વધી ગયેલ છે માટે તે સુધારવા માટે, સ્ત્રીઓની ખાલી તર્ક કરતી ખાસ્પતો અટકાવવા, મગજ ખાલી કરી, શરીર સ્થિતિ બગાડી, સ્વતંત્ર વિચારથી સસકી નહિ જવા માટે ઉત્તમ કેળવણી, ઘરશાળા કે કન્યાશાળામાં આપવી જરૂરની છે. ફીક્કા ચ્હેરાવાળી હીસ્ટિરિયા અને ક્ષયરોગથી ઉતરી ગયેલી, નિર્માલ્ય, નિસ્તેજ, હાલમાં મોટે ભાગે માલુમ પડે છે, તેમાં શી નવાઇ ? દરરોજ ભૂખ નથી લાગતી એ ફરિયાદ કરી અશક્તિ લાવનારી, ઉદાસી ચ્હેરાવાળી, નાજુકાઈથી બહુ શ્રમ ન આપનારી, એવું શરીર બગાડી નાંખે છે કે હલકામાં હલકો બોજો ભારે પડે છે અને ઉપાડતાં મરડાય છે. તન અને મનની બેદરકારી રાખવાથી, બાળઅવસ્થામાં માતા લેખાવાથી પરિણામ સારૂં કયાંથી આવે ? આથી કરીને શરીર કુરૂપ બની જાય છે. યોગ્ય કેળવણી નહિ આપવાથી તંદુરસ્તિના નિયમો જળવાતા નથી, વિષય વિકાર વશ થઇ, હિંમત હારે છે. આપણી કન્યાઓને ઘરગથુ કેળવણીનો લાભ નજીવોજ મળે છે. ન્હાનપણથી વિવાહ કરેલ હોવાથી સાસરૂં અને છોકરાંમાંજ દુનિયા સમાય છે, અને વર તો બાયલો, માવડી મુખો, લંકુતો કજીયાખોર, માથાની મળી છે. વિગેરે શબ્દોથી શ્વસુરપક્ષ તરફ સદ્‌ભાવ ઉપજાવવાને બદલે અભાવ, ભિન્નતા પેદા કરે છે. સાધારણ રીતે વરં પહેલાં ઘર જોવામાં આવે છે, જેથી સ્વ. સા. ગોવર્ધનરામના વિલાપો કાં ખરા ન હોય ? 'દીકરી ને ગાય દોરે ત્યાં જાય.' એ કહેવત ખરી છે પરંતુ માબાપે વિચાર કરી, ભવિષ્યનો આશિર્વાદ શામાટે ન લેવો ? ખરા શિક્ષણનું નામે શિખવવામાં આવતું નથી. પરંતુ દોંગાઇ, સાસુ નણંદ સાથે લ્હડાઇ, પતિને વશ કરવાની દગાબાજી, વાદવિવાદ, મેણાંટુણાં, દેરાણી જેઠાણી સાથે વઢવાડ વિગેરે હાનિકારક રીતો શિખવવામાં આવે છે. સાસરામાં જીવન પુરૂં કરવાનું અને આખો દિવસ વઢવાનું કેવું વિરૂદ્ધ વર્તન ? સહનશીલતાનો ધર્મ શીખો, સાસરાને પોતાનું ઘર ગણી કીર્તિવાળું વિચાર વાણી વર્તનથી બનાવો, નકામું ભટકવાની ટેવ ટાળી સખી બ્હેનોને દરેક કાર્યમાં મદદ કરો, સાસરિયાંને ભાઈ જેવા લેખો. ખરૂં કહેલ છે કે.

સ્ત્રીઓ સુધરશે તોજ કુળ ઉત્તમ થશે અથાગ;
ધરતી સુધરશે તોજ ત્યાં પાકે સારો પાક,

સુરવભાર... અને બુદ્ધિશાળી આપણી બણી ગણી રહી હોય;
બન્ને ભેદ પડવાનું કારણ શું ? કારણ એજ જાણી ગણી નહિ હોય..
જ્ઞાન મેળવ્યું છે. જ્ઞાન વગરની અવસ્થા એજ જ
લોકો આ દુનિયામાં પોતાનું કે પારકું કલ્યાણ કરીને પરમેશ્વર કે દેવ માની વર્તવું. પુરૂષોએ
કદી પણ ઓળખી શકતા નથી. એ એકતાથી અભિન્ન થઈ રહેવું જેવી. રીતે

જ્ઞાન મેળવવાની અને જ્ઞાનમાં વૃદ્ધિ કરવાનીતેવી રીતે સંસારસ્થમાં પણ સ્ત્રીપુરૂષ-
મુડાવી ત્યાગી થયા એટલે તરી ગયા એમ સારા કરી શકે નહિ તો એની શું ગુંજાશ ?
પણ જ્ઞાન અને ચારિત્રમાં ઉન્નત સ્થિતિએ પહોંચવું, પુરૂષોથી રાંધવા અગર છોકરાં રમાડવા
સંસારીઓએ પણ જ્ઞાન-વૃદ્ધિ માટે બની શકતો (પતિની જે જે ખારવતો અને જરૂરો
સાધુઓ બીજાઓના રોટલા ખાઈ ઉંઘતા નથી પ.

હોય તે પૂરી પાડી, નવરાસને વખતે ભરત ગુંથણ, શીવણ કાઢી પતિનું મન રંજન કરવામાંજ પોતાના ધર્મ ગણવો. પુરૂષની ફરજ સ્ત્રીને વ્યવહારમાં, તેની મરજી પ્રમાણે વર્તવા દેવી જોઇએ, જુલમ ન ગુજારવો, નણંદ સાસુના ત્રાસમાંથી બચાવવી, ભૂલ સુધારવી, વઢી કે ધમકાવી સામે થતી ન કરવી. કઠોર માર મારવો નહિ. મીઠા શબ્દોથી ઠપકો આપી સુધારવી; બનેએ મિત્ર થઇ રહેવું અને સંસારરથ ચલાવવો. ' ઘર સૂત્રને તાંતણે ઘણી ગુંચવણ વીર, તાણી તોડે આકળો, ધીમે છોડે ધીર, એવી રીતે ઘણી મુશ્કેલી કે મત ભેદ થાય પણ ધીરજથી શાંતિથી દોય દૂર કરવા એ બ નેનું કર્તવ્ય છે. પુરૂષનું પૌરૂષ સ્ત્રીના સમાગમથી ઉઘડે છે, તો પણ લગ્નહેતુ સમજાતો નથી. કારણ બાલ્યાવસ્થામાં પરણાવ્યાથી ઉંચી નામનાની ગડમથલમાં પડવાથી કજેડું થાય છે, પરંતુ બંને એક ભાવથી, એક રાગથી રહે તો પરિણામ સુધરી જાય. ભણેલી માતા, બાળક રાજી રહી કેવી રીતે સલક્ષણું થાય એ વિચારે છે, જ્યારે અભણ અબળા રેઢું, રઝળતું મૂકી દઇ કુથલિમાં મશગુલ થાય છે. એવી રીતે ઝીણી વસ્તુમાંથી સ્ત્રીની કિંમત ગણાય છે. कार्येषु मंत्री करणेषुदासी भोगेषुमाता शयनेषुरंभा, मनानुकुलाक्षमयाधरित्री,. गुणैश्च भार्या कुलमुद्धरति ॥ એટલી બધી મહત્તા સ્ત્રીને અર્પી છે તો એવી સતીનાં લક્ષણો શા માટે ન લેવાં ? ઘરગથુ કામની ટેવ, અનુભવ નાનપણમાંથી હોય તો પછી મોટી ઉમ્મરે સુનીતિ, રીતિ, ઇશ્વરપરાયણ મન રાખી શિખાય. અને ઉચ્ચ સંસ્કારિ જીવન બંધાય. સુઘડતા, મૃદુ ભાષણ, ઘટતી લજ્જા, કર્તવ્ય કરવાની મરજી, ઘર શોભાવવાની વૃત્તિ એ સદ્‌ગુણી સ્ત્રીનું લ્હાણું, ઉત્તમ ગૃહિણિપદને છાજતું વર્તન, વાણિ વિચાર લાવવાથી શિખાય છે, માટે સુજ્ઞ ભગિનિ વિદ્યાદાન સાથે કર્તવ્ય કરી, દેશ સેવામાં પ્રવૃત્ત રહેશો તો ઉન્નતિ સાધ્ય થશે.

છોકરાંને ઘરેણાં પહેરાવવાની ગાંડાઇ.

લેખકઃ સો. ઇશ્વરલક્ષ્મી—બારડોલી.

આપણા દેશમાં નાનાં બાળકોને ઘરેણું પહેરાવવાનો રિવાજ ઘણો ચાલે છે. યુરોપમાં અને અમેરિકાના સુધરેલા દેશોમાં ઘણા પૈસાદાર વર્ગ છે, પણ તેઓ આપણી પેઠે, પોતાના બાળકને ઘરેણા લટકાવવાના મોહમાં પડતા નથી. આપણા દેશમાં તો બાળક અવતર્યું કે તરત તેને હાથે, પગે કલ્લી કે સાંકળાં પહેરાવવાની તજવીજો થાય છે. બાળકને હજી બેસતાં કે ચાલતાં તો આવડતું નથી, તેવામાં તો તેને પગે મોટી બેડીઓ લગાવી દેછે, અને હાથ, કાન, ડોક, વગેરે ઠેકાણે પણ દાગીના લટકાવી, બિચારા અજ્ઞાન કોમળ બાળકને નાહક હેરાન કરે છે. એથી શોભાને બદલે, કોઇ વખત હેરાન થવું પડે છે. કોઇ વાર એવી બુમો સાંભળવામાં આવે છે કે,—ફલાણાના દીકરાને ઘરેણાંની લાલચે મારી નાંખ્યો,—ફલાણા શેઠના વિશ્વાસુ ચાકરે તેના શેઠના છોકરાની કલ્લીઓ માટે તેનો જીવ લીધો ! એવા એવા ઘણા દાખલા સાંભળીએ છીએ. આવે વખતે તાજો બનાવ હોય ત્યાં સુધી પોતાના બાળકને કંઇ પહેરાવતાં નથી, પણ તે બનાવને થોડા દિવસ વિત્યા કે તરત

ઝ આપણા લોકો ઘરેણું પહેરાવવાના મોહમાં પડે છે! થોડી શોભાને બદલે એવા ણુસો પોતાના પ્યારા બાળકનો જીવ હાથે કરીને જોખમમાં નાંખે છે, અને કાંઈ માઠું તાં "હાય-વોય!" કરવા મંડી જાય છે. એકલા ધરેણાં પહેરાવવાથી બાળકની ભા વધતી નથી, પણ ઉલટી ઘટે છે. કેમકે એવા લોકો, બાળકની સફાઇ ઉપર પુરતું ‡ દેઈ શકતા નથી. તેથી હાથ, પગ, ગળું વગેરે ધરેણાવાળી જગોએ મેલ ભરાવવાથી ઠું ખરાબ પરિણામ થાય છે. અને સ્વચ્છ કપડાં પહેરાવવાની તો કોઇ દરકાર જ રાખતા ી! મોટા શેઠીઆના દીકરા પાસે પાંચશે રૂપીઆનું ઘરેણું હોય, પણ ભાગ્યે પાંચ રૂપી- ાનાં સ્વચ્છ કપડાં હોય છે! એટલે બાળકની શોભા શી રીતે વધે! જુઓ; અંગ્રેજ ા પારસી લોકોનાં છોકરાં કેવાં દેખાવડાં અને પ્રિય લાગે છે? તેમને હાથે, પગે કે જે ઠેકાણે કંઈપણ ઘરેણું પહેરાવતા નથી, છતાં તેઓ શરીરની તથા લુગડાંની સફાઇવડે ાં સુંદર લાગે છે? માટે ઘરેણાંના ખોટા મોહથી દૂર રહેવું, એ સારી વાત છે. બાળ- ા જીવને નુકસાન થાય છે, ને તેના શરીરની પણ ખરાબી થાય છે; કેમકે મેલને લીધે ઘરેણાંના ભારને લીધે, વખતે બાળકના પગ સુણી જાય છે, કાન પાકે છે, ગળે ગુમડાં કળે છે, અને હાથે પણ તેવુંજ દરદ થઈ ને હેરાન થાય છે, તથા તેમનું શરીર કદરૂપું ‡ જાય છે. બાળકને બહાર રમવા મોકલતાં ફીકર રાખવી પડે છે, કેમકે દાગીના પહેરી હાર જાય, તો વખતે ઉપર પ્રમાણે નુકસાન થાય, એથી તેમને ઘરમાં ગોંધી રાખે છે, ને તેમનાં શરીર, જાણીબુજીને બગાડે છે, પણ ઘરેણું ન હોય તો બેધડક તેઓ બહાર ‡લી હવામાં રમી શકે. વળી એથી બાળકને ખોટી પતરાજી આવે છે, ને પોતે બીજાનું ાઈ નકામી હઠ લેઈ, પોતાનાં માબાપને હેરાન કરે છે, એથી કજીઆ કંકાસ વધે છે, ા એવા ઘણા ગેરફાયદા થાય છે. માટે કોઇ પણ માણસે બાળકનો જીવ જોખમમાં ‡ખવાની એ ખોટી પતરાજી કરવી નહિ. પોતાનાં બાળકની જો શોભાજ વધારવી હોય, ‡ દરરોજ તેમને નવરાવી ધોવરાવી સ્વચ્છ કપડાં પહેરાવવાં કે તેમના તન મનને ફાયદો ાય, એથી પણ ઉત્તમ રસ્તો એજ છે કે, ઘરેણાં લુગડાંથી મોજશોખી અને પતરાજીખોર નાવવા કરતાં તેમને સારી કેળવણી આપી, મન સુધારવા તરફ લક્ષ રાખવું, આપણા ોકો ઘરેણાંમાં જેટલા રૂપીઆ ખર્ચે છે, તેટલા રૂપીઆ વ્યાજે મૂકી, જો તેને તનમનનો ધારો કરવામાં વાપરે, તો એથી ઘણો લાભ હાંસલ થાય. વળી ઘરેણાંમાં ઘસારો વગેરે ાગી, રૂપીઆમાં વૃદ્ધિ થવાને બદલે બેવડું નુકસાન થાય છે. આ બાબતમાં સમજુ સ્ત્રી- ાએ પોતાનો સારો દાખલો આપી ઘરેણાંનો ખોટો મોહ બંધ પાડવો જોઇએ. માટે બ્હેનો ને સમજાવીએ! તમારે તમારા છોકરાંઓને જો સારા રાખવા હોય તો, ઘરેણા પહેરાવો ાાં કરતાં, સ્વચ્છ કપડા પહેરાવીને તેમને સારી પેઠે રાખો. તેથી તમને કાંઇપણ નુકસાન ો નહિ; અને બાળકને કાંઇપણ જોખમ થવાની ધાસ્તી રહેશે નહિં.

बालोद्यान.

સુવર્ણપુર નરેશ અઢીપક્ષજી.

(મહારાજા અઢી પક્ષની અદ્‌ભૂત કથા.)

લેખકઃ રા. રા. હિંમતરાય કલ્યાણરાય.—અમદાવાદ.

ઇ. સ. ૧૪ મી સદીની શરૂઆતમાં મધ્ય હિન્દુસ્તાનમાં એક ક્ષત્રિય મહારાજ્ય હતું. આ રાજ્યનું પાટનગર સુવર્ણપુર હતુ. અનૂપસિંહ નામનો શુરવીર પુરૂષ આ સમયે રાજ્યાસન ઉપર હતો. એક સમયે ઉન્હાળાના ઉગ્રતાપથી વિશ્રાન્તિ મેળવવાને રાજ દંપતિ સન્ધ્યાસમયે મેહેલની અગાશીમાં ફરતાં હતાં. અને કુદરતની લીલા નિહાળી આનન્દ લેતાં હતાં, એવામાં રાજમન્દિરના બાગમાં આવેલા એક સુંદર જળાશય ઉપર, રાણીની દૃષ્ટિ પડી. આ તળાવને કીનારે એક હંસયુગ્મ ત્હેની નજરે પડયુ, હંસનું સૌંદર્ય જોઇ રાણીએ રાજાને એ યુગલ બતાવી ત્હેનાં વખાણ કર્યાં. રાજાએ ત્હેને નીહાળી કહ્યું આતો બગલાં છે. તે ઉપરથી રાજારાણી વચ્ચે તે સંબધમાં વિવાદ ઉત્પન્ન થયો. આખરે એવો નિર્ણય થયો કે બન્ને પક્ષ તરફથી એક એક માણસ મોકલવું અને તે બન્નેએ ત્યાં જઇ ખાત્રી કરી કયું પક્ષી છે તે જણાવવુ અને એવી શરત કરી કે જે હારે તે વનવાસ જાય. આ ઉપરથી પ્રધાન અને એક દાસી બન્નેને ત્યાં મોકલવામાં આવ્યાં. તેઓએ ત્યાં જઈ જોયું તો હંસ યુગ્મ ત્હેમને દૃષ્ટિગોચર પડયું. આ ઉપરથી તે બન્ને વિચારમાં પડયાં, કારણ ત્હેમના નિર્ણયથી રાજાને વનવાસ જવુ પડે. પ્રધાને દાસીને સંબોધી કહ્યું, કેતકી આ સમયે જરાક અસત્ય બોલવું દુરસ્ત છે કારણ બધુ જ સત્ય કહેવાથી મહાન્ અનર્થ થશે. રાજાના વનવાસ જવાથી ત્હને કાંઈ લાભ હાસલ થવાનો નથી. કેટલોક વિવાદ થયા બાદ બન્નેએ નક્કી કર્યું કે આપણે રાજા પાસે જઇ ઝાહેર કરવું કે તેતો બગલાનું જોડું હતું. ત્યારબાદ રાજયુગલ પાસે જઇ ઉક્ત પક્ષીઓ બગલાં છે એમ જણાવ્યું. રાણીએ આ ઉપરથી કહ્યું કે આની અંદર પ્રપંચ રચાયો છે અને અસત્ય કહેવામાં આવ્યું છે પણ હરકત નહી જેવી. પ્રભુની મરજી—ત્યારબાદ રાણી કરાર પ્રમાણે વનવાસને સારૂ તૈયાર થઈ. આ સમયે રાણી ગર્ભવતી હતી. રાજાએ ત્હેને આવુ સહાસ ન કરવા ઘણીએ સમજાવી પણ ત્હેણે માન્યું નહીં અને કહ્યું હું ક્ષત્રીઆણી છુ અને શરત તોડી મ્હારી જાતિને નામોશી લગાડવા માગતી નથી.

રાણી રાજ્યમદિર છોડી ચાલી ગઇ, કોઇ લક્ષ્યસ્થાન શિવાય અરણ્યમાં પ્રયાણ કર્યું. રસ્તામાં એક મ્હોટી નદી આવી. આ નદી તરીને ઓળંગવાના વિચારથી ત્હેણે તેમાં ભુસકો માર્યો, પણ પાણીનું તાણ ઘણું હોવાથી તે તણાવા લાગી- થોડે દુર ગયા પછી ત્હેના હાથમાં એક લાકડું આવ્યું તે ત્હેણે પકડી લીધું. પણ થાકી, ગયેલી હોવાથી કીનારા તરફ વાળી શકી નહી. મનુષ્ય ધારે છે કાંઇ અને વિધાતાની ઘટના કાંઇ જુદીજ હોય છે. બાઇ તણાતી તણાતી સમુદ્રમાં ગઇ ત્યાં એક પ્રચંડ મોજાના પ્રભાવે તે એક બેટના કીનારા ઉપર જઇ પડી. આ બેટમાં પરીઓનો વાસ હતો. કીનારા ઉપર રાણી બેભાન અવસ્થામાં પડેલી હતી, તેવામાં કેટલીક પરીઓની નજર ત્હેના ઉપર પડી, કુતુહલને લીધે પેલી પરીઓ

શું ચીજ છે તે જોવા આવી તો હેમને માલમ પડ્યું કે તે કોઇ મનુષ્ય છે. આથી
ને તે પરીઓએ હેને ઉંચકી જઈ માવજત કરી શુદ્ધિમાં આણી. થોડા સમય બાદ જ્યારે
ને આરામ થયો ત્યારે પરીઓએ તે કોણ છે તે સંબંધમાં હેને પ્રશ્ન કર્યો. રાણીએ
ાનો સર્વવૃત્તાન્ત હેમને કહી સંભળાવ્યો. પરીઓએ હેને આશ્વાસન આપ્યું અને
તાની બ્હેન સમાન ગણી હેની સાથે વર્તવા માંડ્યું.

નિર્જન સ્થાન હોવાને લીધે જેમ જેમ પ્રસુતિ સમય નજદીક આવવા લાગ્યો તેમ
રાણીની ચિન્તામાં વધારો થવા લાગ્યો. તે ઘણી અસ્વસ્થ રહેવા લાગી. આ બીના
ી પરીઓથી ગુપ્ત રહી નહિ. હેમના જાણવામાં આવી. તેઓ સઘળી એકઠી થઇ
ુતિકાળની કેવા પ્રકારે ગોઠવણ કરવી તે વિષે વિચાર કરવા લાગી. આખરે હેમણે એવો
ર્ણય કર્યો કે રાણી પાસેથી હેના શેહેરમાંની કોઇ દાઇની ખબર મેળવી હેને ત્યાંથી
આવવી. પોતાનો સંકલ્પ અમલમાં મુકવાને હેમનામાંની એક રાણી પાસે આવી.
ને યુક્તિથી રાણી પાસેથી જાણી લીધું કે સુવર્ણપુરમાં ધનકોર નામની એક દાઇ છે
ઉક્ત કાર્યમાં કુશળ હોઇ અનુભવી પણ છે.

રાણી પાસેથી ખબર મેળવ્યા બાદ આ પરીઓએ રાત્રીને સમયે સુવર્ણપુરમાં
વેશ કર્યો અને ધનકોરને શોધી કહાડી હેને ઉંઘતી ઉપાડી પેલા બેટમાં લઇ આવી.

સ્હવાર પડી અને ધનકોર જાગી આજુ બાજુ જુએ છે તો હેને સર્વ નવું લાગ-
માંડ્યું: સુવર્ણપુર જેવા મહાન નગરને બદલે સમુદ્રથી વીંટળાયલું નિર્જન સ્થાન હેને
ષ્ટિગોચર થયું. તે આ સર્વ બીનાથી દિઙ્મૂઢ બની વિચાર કરે છે કે પોતે ક્યાં આવી
. એટલામાં હેની નજર રાણી ઉપર પડતાં હેણે તેને એકદમ ઓળખી. રાણીને ઓળ-
તાં જતે હેની પાસે ગઇ. રાણીએ હેને આશ્વાસન આપી શાન્ત પાડી તે ત્યાં કેવી
તે અને શા કારણસર આવી છે તે બીનાથી વાકેફ કરી. યોગ્ય સમય વિત્યા બાદ
ણીને પુત્ર પ્રસવ થયો. આ પુત્રનું નામ પેલી પરીઓએ અદીપદ્મ પાડ્યું.

પ્રસુતિ સમયને બે ત્રણ માસ વિત્યાબાદ ધનકોર ડોશીએ પોતાને દેશ જવાની
ચ્છા પરીઓ પાસે જણાવી. તે ઉપરથી હેમણે હેને પુષ્કળ દ્રવ્ય આપી સંતોષી અને
ેક દિવસ રાત્રે જ્યારે તે ભરનિદ્રામાં હતી ત્યારે ત્યાંથી ઉંચકી હેને જે સ્થળેથી તેઓ
ઇ આવી હતી ત્યાં જઇ મુકી દીધી. સ્હવારમાં ઉઠી ડોશી જુએ છે તો પોતે પોતાના
રમાં. ત્યારબાદ હેણે 'બીખા, બીખા' કરી પોતાના છોકરાને જગાડ્યો. બીખાએ હેની
ાતાને જોઇ કહ્યું, મા ! તું આટલા દિવસ કહ્યા કર્યા વિના ક્યાં ગઇ હતી- ધનકોરે હેનો
ત્તર ન આપતાં કહ્યું. હમણાં છાનો રહે. જો આ ધન હું લાવી છું. હેને પ્હેલાં ઠેકાણે
રીએ-પછી બીજી વાત કરીશું. આટલું બધું ધન જોઇ તે હર્ષઘેલો થઈ ગયો અને ડોશી
ક્યાં ગઇ હતી તે સંબંધી વાત પુછવી ભુલી ગયો.

બેટની અંદર પરીઓ રાણી અને રાજપુત્ર આનન્દથી પોતાનો કાળ વ્યતિત કરવા
ાગ્યાં. રાજપુત્ર જ્યારે પાંચવર્ષનો થયો ત્યારે પેલી પરીઓએ હેને યોગ્ય શિક્ષણ આપ-
વાનો વિચાર કર્યો. બાળરાજા બુદ્ધિમાન હોવાને લીધે પોતાનાં અભ્યાસમાં અલ્પ સમયમાં
વધારો કરી શક્યો. ધનુર્વિદ્યાના અભ્યાસ સારૂ એને એક નાનું ધનુષ્ય લાવી આપ-
વામાં આવ્યું હતું. આ ધનુષ્ય લઈને તે બેટમાં યથેચ્છ ફરતો અને હેની ઇચ્છામાં

આવે તે વસ્તુ ઉપર ત્હેનો ઉપયોગ કરતો. આ પ્રમાણે ધીરેધીરે તે વિદ્યામાં પણ તે કુશળ થયો.

એક દિવસ પરીયો જ્યારે ઇન્દ્રના દરબારમાં જતી હતી ત્યારે તે કુમારે કહ્યું માશી ! હમ્મેશાં ત્હમે ક્યાં જાઓ છો ? મ્હારે ત્હમારી સાથે આવવું છે. પરીઓને માથે તો એક આથી કરી મ્હોટી વિટંબના આવી પડી. કારણ ના કહે તે માને એવો ન હતો. તેથી કરીને હા કહી પણ આજ નહીં કાલે તેડી જઈશું. આ પ્રમાણે વાયદા કરવાનું કેટલાક દિવસ ચાલ્યું. આખરે પેલો કુમાર ઘણોજ ગુસ્સે થયો અને એક વખત જ્યારે તે સઘળી આકાશમાર્ગે જતી હતી તે સમયે એમના ઉપર ત્હેણે બાણ મુકયું. આથી કરીને તે સઘળી પરીઓ નીચે પડી.

હવે પરીઓએ વિચાર કર્યો કે આ કુમારને અહીંઆ વધારે વખત રાખવો ઠીક નથી. એક દિવસ જ્યારે સર્વે સુઇ ગયા ત્યારે પરીઓ માતા પુત્રને લઈ સુવર્ણપુરના દરવાજા આગળ મુકી આવી. સ્હવાર પડી માતા પુત્ર જાગ્યાં અને જુએ છે તો પોતે સુવર્ણપુરમાં. રાણી તેઓ ત્યાં ક્યાંથી અને શી રીતે ત્યાં આવી પડયાં ત્હેનો વિચાર કરે છે એટલામાં તે રાજ્યનો પ્રધાન ત્યાં થઇને કાંઇ કાર્ય પ્રસગે જતો હતો ત્હેની દષ્ટિ તેમના ઉપર પડી. ઉત્તમશાહે રાણીને ઓળખી અને તેની પાસે ગયો. રાણી પાસે રાજપુત્ર હતો તેને જોઇ પુછ્યું બ્હેન આ કોણ છે ? રાણીએ જવાબ આપ્યો ભાઇ! એ ત્હમારો ભાણેજ છે. ત્યારબાદ પ્રધાને રાણીને તેની સાથે તેને ઘેર આવવા વિનતિ કરી અને જણાવ્યું કે પ્રસંગ જોઈ આપના પધાર્યાની વાત હું રાજાને નિવેદન કરીશ. રાણી પ્રધાનનું નિમંત્રણ સ્વીકારી તેની સાથે ગઇ. કેટલોક વખત વિત્યા બાદ રાણીએ પ્રધાનને પુછ્યું કે તમે રાજાને અમારા આવવાની ખબર કરી ? પ્રધાને નમ્રતાથી જવાબ આપ્યો. યોગ્ય સમય ન મળવાથી કરી શકયો નથી.

આ પ્રમાણે રાણી તથા રાજપુત્ર પ્રધાનને ત્યાં થોડા સમયમાં રાજમંદિરમાં પ્રવેશ કરવાની આશાએ રહેતાં હતાં, તેવામાં ઉત્તમશાહનાં નવાં વહાણ મોતી કહાડવાને મોકલવા સારૂ તૈયાર થયાં. વહાણના કપતાને આવી પ્રધાનને નિવેદન કર્યું કે સાહેબ વહાણ સફરને સારૂ તેયાર છે પણ આ પહેલી સફર હોવાને લીધે તેને બત્રીસ લક્ષણા પુરૂષનો ભોગ આપ્યા શિવાય હંકારી શકાય નહીં. પ્રધાન તે સાંભળી વિચારમાં પડી ગયો. આખરે તેને એક વિચાર સુજી આવ્યો અને તેણે રાજપુત્રને કહ્યું:—ભાઇ જરા આ માણસ સાથે જઇ આપણાં વહાણ તપાસી આવો. રાજકુમાર વહાણ ઉપર આવી જુએ છે તો કાંઇ નવોજ રંગ તેને નજરે પડયો. તેનો વધ કરવાની તૈયારી જોઇ તેણે વહાણના કપ્તાનને પુછ્યું કે ભાઈ તમારે વહાણ ચલાવવાનું કામ છે કે મને મારવાનું ? તેણે જવાબ આપ્યો કે જો વહાણ ચાલતાં હોય તો તને મારવાનું અમારે કાંઈ પ્રયોજન નથી. ત્યાર બાદ ત્હેણે પોતાની ટચલી આંગળી કાપી દરિયામાં લોહી છાંટયું કે તુર્ત વહાણ ઉપડયાં. કેટલાક દિવસ થયા બાદ વહાણ મોતી કહાડવાને સ્થળે આવી લાંગર્યાં.

મોતી કહાડવાનું કામ શરૂ થયું-દરેક માણસે પોતાની યથાશક્તિ ડુબકી મારી મોતી કહાડયાં બધાને મોતી કહાડતાં જોઇ રાજપુત્ર પણ કપ્તાનને પોતાને દરિયામાં ઉતારવા વિનતિ કરી. તે ઉપરથી તેને પણ નીચે ઉતાર્યો. જેવો તે ડુબકી મારે છે ; ૨૦૧

નજર એક સ્વરૂપવાન કન્યા ઉપર પડી. આ કન્યા નાગકન્યા હતી.

નાગકન્યાને જોઈ તે તેને પકડવા ગયો, પણ તે છટકી ગઇ. નાસતાં નાસતાં તેના પગમાંથી ઝાંઝર નીકળી પડયું. તે તેણે લઇ લીધું અને ઉપર આવ્યો. તેને લઇ વહાણ પાછાં ફર્યાં અને કેટલેક દિવસેં સુવર્ણપુર આવી પહોચ્યાં. વહાણના કપ્તાને મોતી તથા ઝાંઝર ઉત્તમશાહ પાસે રજુ કર્યાં. ઝાંઝર જોઇ પ્રધાન ઘણું આશ્ચર્ય પામ્યો અને તે સંબંધમાં કપ્તાનને કેટલાક પ્રશ્ન કર્યા. કપ્તાને કહ્યું ભાણાભાઇને મોતી કહાડવાનું મન થયાથી તે પણ નીચે ઉતર્યા અને આ હેરત પમાડે એવી ચીજ લઈ આવ્યો. પ્રધાને વિચાર્યું કે જો આ ઝાંઝર રાજાને નજર કરીશ તો રાજા મારા ઉપર અતિ પ્રસન્ન થશે. તેથી કરીને સાંજે જ્યારે દરબાર ભરાયો ત્યારે દિવાને પેલું ઝાંઝર સવિનય રાજાના પગ આગળ મુકયું. દરબારમાં મોટા મોટા ઝવેરી, નાણાવટી વિગેરે વ્યાપારી વર્ગ હાજર હતા. તેમની પાસે એની કીંમત અંકાવવામાં આવી તો તે નવલાખ સુવર્ણ મ્હોર થઈ. રાજા તો આ ઝાંઝર જોઇ એટલો બધો ચકિત થઈ ગયો કે પ્રધાનને એવું બીજું ઝાંઝર લાવી આપવા આજ્ઞા કરી. આ ઉપરથી પ્રધાને રાજપુત્ર સાથે વહાણ ઝાંઝર લેવાને પાછાં મોકલ્યાં. વહાણ પહેલાં જ્યાં લાંગર્યાં હતાં ત્યાંજ પાછાં આ વખતે જઇ અટકયાં. રાજકુમાર દરિયામાં ઉતર્યો તો વળી તેજ જગાએ પેલી નાગકન્યા નજરે પડી. કુમારને જોતાંજ તેણે નાશી જવા પ્રયત્ન કર્યો, પણ આ વખતે તેને પકડવાના ઉદ્દેશથીજ તે ઉતરેલો હતો તેથી ત્હેને તેના પ્રયત્નમાં ફાવવા દીધી નહીં.

નાગકન્યાએ પોતાને છોડી દેવા ઘણો સમજાવ્યો—ભય બતાવ્યો પણ ફાવી નહીં. એટલામાં તેના પિતા ત્યાં આવી પહોચ્યો. બન્ને વચ્ચે યુદ્ધ થયું અને નાગ મરણ પામ્યો: ત્યારબાદ નાગકન્યાએ પોતાના પિતાની ઉત્તરક્રીયા કરી લગ્ન કર્યું. ત્યારબાદ બન્નેજણે બ્હાર નીકળવા તૈયારી કરી. રાજપુત્રે નાગકન્યાને કહ્યું કે આ ટોપલીમાં બેશી મ્હેલી તું ઉપર જા અને પછી હું આવીશ. નાગકન્યાએ કહ્યું મારા પહેલા ઉપર જવાથી ઘણુંજ અનિષ્ટ પરીણામ આવશે માટે ત્હમેજ પહેલા ઉપર જાઓ. પણ તેણે માન્યું નહીં. તે ઉપરથી નાગકન્યાએ જવાનું કબુલ કર્યું પણ જતાં પહેલાં તેને ત્હેનું નામ ઠામ વિગેરે સર્વ હકીકતથી વાકેફ કરવા વિનતિ કરી તે ઉપરથી રાજપુત્રે પોતાનો સર્વ ઇતિહાસ કહી સંભળાવ્યો. પછી નાગકન્યાએ ટોપલીમાં બેસી દોરડું હલાવ્યું, એટલે ત્હેને ઉપર લઇ લેવામાં આવી. કુમારને બદલે તેને જોતાંજ સર્વ કોઇ ભ્યાનું બન્યું. આવી સ્વરૂપવાન કન્યાને જોઇ કપ્તાને વહાણ હંકારવા હુકમ કર્યો. નાગકન્યાએ કહ્યું મ્હારો સ્વામી અંદર રહેલો છે તેને લીધા બાદ જવું જોઇએ. પણ વહાણના અમલદારે તેનું કહેવું ધ્યાનમાં ન લેતાં પોતાના હુકમનો અમલ કરવા ફરમાવ્યું સુવર્ણપુર આવ્યા બાદ તેણે નાગકન્યાને પ્રધાનને હવાલે કરી. આવી રૂપવતી કુમારીકાને જોઇ પ્રધાન દિગ્મૂઢ બની ગયો. તેણે તેની પાસેથી ઝાંઝર માગી લીધું અને રાજા પાસે જઇ તે તેને ભેટ કર્યું. રાજાએ એ ઝાંઝર શી રીતે પેદા કર્યું તે પુછતાં પ્રધાને કહ્યું ગરીબ પરવર ! આપની કૃપાથી ઝાંઝર તેમજ તે ઝાંઝર ધારણ કરનારને પણ મેળવવા શક્તિવાન થયો છું. આ સાંભળી રાજાએ તે બાળાને પોતાની હજુર રજુ કરવા હુકમ કર્યો અને તેની સાથે પોતાને લગ્ન કરવાની ઇચ્છા જાહેર કરી.

રાજાની આજ્ઞાનુસાર નાગકન્યાને હાજર કરવામાં આવી. રાજાએ તેને પોતાની સાથે લગ્ન કરવા ફરમાવ્યું. નાગકન્યાએ તે ઉપરથી લગ્ન અટકાવવાને યુક્તિ કરી કારણ કે પોતાનું લગ્નતો થયેલુ હતું એટલે ફરી લગ્ન તો થઈ શકે નહીં અને જો પોતે કહે કે મારૂં લગ્ન તો થયેલુ છે તો કોઈ માને નહીં. તેણે કહ્યું મહારાજ! લગ્ન કરવા હું તૈયાર છું પણ તે પહેલાં મ્હારે એક વ્રત છે તે પૂર્ણ કરવું જોઇએ. તેનું વ્રત પુર્ણ કરવા રાજાએ વચન આપ્યું તે ઉપરથી તેણે કહ્યું કે મ્હારો નિયમ એવો છે કે લગ્ન પહેલાં મારે અદ્દીપદ્મની કથા સાંભળવી. સાંજે દરબાર ભરાયો તે વખતે રાજાએ પેલી કન્યાનું વ્રત પુર્ણ કરનાર માણસ સોધી કહાડવા પ્રધાનને આજ્ઞા કરી.

હવે નાગકન્યા ઉપર ગયા બાદ રાજકુમાર પોતાને બહાર કહાડવાની ઘણી રાહ જોઇ પણ ફોકટ. આખરે નિરાશ થઇ એક પત્થર પડેલો હતો તેના ઉપર બેઠો. અને ધાર્યું કે હવે મારૂં આવી બન્યુ હું હવે ભૂખે મરી જવાનો પણ માણસ ધારે છે કાંઇ અને ઇશ્વરની રચના કાંઈ જુદીજ હોય છે. નાગની ચીતામાથી નીકળી ધુણીના પ્રભાવે ત્યાં આગળ શમળીઓ એકઠી થઈ. આ શમળીઓમાં પેલા રાજપુત્રને ઉછેરનાર પરીઓ જે શમળી થઇ ત્યાં ફરતી હતી તે પણ હતી. આ શમળીએ ધુણી શેની છે તથા ક્યાંથી આવે છે તેની તપાસ કરવા માંડી તો સાપની ધુણી તેમને માલમ પડી. આ ઉપરથી જે સ્થળેથી ધુણી નીકળતી હતી ત્યાં આગળ પાણીમાં ડુબકી મારી ચીતામાંથી નાગના કડકા વીણવા માંડયાં. વીણતાં વીણતાં એમની નજર રાજપુત્ર ઉપર પડી અને તેમણે તેને ઓળખ્યો. તે ઉપરથી એક પરી પોતાનું મુળ સ્વરૂપ ધારણ કરી તેની પાસે ગઈ અને પુછ્યું ભાણ્યા! તું અહીં કયાંથી! રાજપુત્રે પણ પરીને ઓળખી અને પોતાના ઉપર ગુજરેલી સર્વ હકીકતથી તેને વાકેફ કરી. પરીએ કહ્યું હું સમળીનું રૂપ ધારણ કરૂં છું તું મારા પગ ઝાલ, તેણે તે પ્રમાણે કર્યું. એટલે પરીએ તેને બહાર કહાડી સમુદ્ર કીનારે મુકી દીધો. બહાર આવ્યા બાદ રાજકુમાર યોગીનો વેશ ધારણ કરી, સુવર્ણપુર તરફ ગયો. નગર પાસે આવી મુકામ કર્યો. પ્રધાને અદ્દીપદ્મની વાત કહેનારની તપાસ ચલાવી, પણ કોઇ પણ માણસ ન મળી આવવાથી આખરે તેણે દાંડી પીટાવી કે જે કોઇ અદ્દીપદ્મની કથા રાજાજીને સંભળાવશે તો તેને રાજ તરફથી મોટું ઇનામ મળશે, દાંડી પીટનાર ફરતો ફરતો પેલા યોગીના સ્થાન આગળ આવી પહોંચ્યો. તેનો ઢંઢેરો સાંભળી યોગીએ કહ્યું અદ્દીપદ્મની કથા મને ખબર છે પણ જો રાજા અહીંઆં આવે તો સંભળાવું. યોગીની આ વાતથી પ્રધાનને વાકેફ કરવામાં આવતાં તેણે તે બીના રાજાને નિવેદન કરી.

તે ઉપરથી પ્રધાન સાથે રાજા તે યોગી પાસે ગયો. યોગીએ કથા કહેવા કબુલ કર્યું, પણ એ કથા ખરી છે કે ખોટી છે તેનો નિર્ણય કરનાર લઈ આવો એટલે કહીશ. પછી બીજે દિવસે નાગકન્યાને લઈ રાજા ત્યાં ગયો એટલે યોગીએ વાત શરૂ કરી.

યોગી બોલ્યો. એક સમયે એક રાજા અને રાણી ઉન્હાળાની ગરમીથી વિશ્રાન્ત થવા અગાશીમાં બેઠાં હતાં ત્યારે તેમની દૃષ્ટિ એક પક્ષીના જોડા ઉપર પડી તે ઉપરથી તે કઇ જાતનાં પક્ષી છે તે સંબંધમાં બન્ને વચે મતભેદ પડયો. આ પ્રમાણે તેણે વાત શરૂ કરી. રાણીના પરીએના બેટમાં પ્રસુતિના સમય સુધીની હકીકત કહી અટકયો, અને

નજર એક સ્વરૂપવાન કન્યા ઉપર પડી. આ કન્યા નાગકન્યા હતી.

નાગકન્યાને જોઈ તે તેને પકડવા ગયો, પણ તે છટકી ગઇ. નાસતાં નાસતાં તેના પગમાંથી ઝાંઝર નીકળી પડયું. તે તેણે લઇ લીધું અને ઉપર આવ્યો. તેને લઇ વહાણ પાછા ફર્યા અને કેટલેક દિવસે સુવર્ણપુર આવી પહોચ્યાં. વહાણના કપ્તાને મોતી તથા ઝાંઝર ઉત્તમશાહ પાસે રજુ કર્યાં. ઝાંઝર જોઇ પ્રધાન ઘણું આશ્ચર્ય પામ્યો અને તે સંબંધમાં કપ્તાનને કેટલાક પ્રશ્ન કર્યા. કપ્તાને કહ્યું ભાણાભાઈને મોતી કહાડવાનું મન થયાથી તે પણ નીચે ઉતર્યા અને આ હેરત પમાડે એવી ચીજ લઈ આવ્યો. પ્રધાને વિચાર્યું કે જો આ ઝાંઝર રાજાને નજર કરીશ તો રાજા મારા ઉપર અતિ પ્રસન્ન થશે. તેથી કરીને સાંજે જ્યારે દરબાર ભરાયો ત્યારે દિવાને પેલું ઝાંઝર વિનય રાજાના પગ આગળ મુકયું. દરબારમાં મોટા મોટા ઝવેરી, નાણાવટી વિગેરે વ્યાપારી વર્ગ હાજર હતા. તેમની પાસે એની કીંમત અંકાવવામાં આવી તો તે લાખ સુવર્ણ મ્હોર થઈ. રાજા તો આ ઝાંઝર જોઇ એટલો બધો ચકિત થઈ ગયો પ્રધાનને એવું બીજું ઝાંઝર લાવી આપવા આજ્ઞા કરી. આ ઉપરથી પ્રધાને રાજપુત્ર સાથે વહાણ ઝાંઝર લેવાને પાછાં મોકલ્યાં. વહાણ પેહેલાં જ્યાં લાંગર્યાં હતાં ત્યાંજ પાછાં આ વખતે જઇ અટકયાં. રાજકુમાર દરિયામાં ઉતર્યો તો વળી તેજ જગાએ પેલી નાગકન્યા નજરે પડી. કુમારને જોતાંજ તેણે નાશી જવા પ્રયત્ન કર્યો, પણ આ વખતે તેને પકડવાના ઉદ્દેશથીજ તે ઉતરેલો હતો તેથી ત્હેને તેના પ્રયત્નમાં ફાવવા દીધી નહીં.

નાગકન્યાએ પોતાને છોડી દેવા ઘણો સમજાવ્યો=ભય બતાવ્યો પણ ફાવી નહીં. એટલામાં તેના પિતા ત્યાં આવી પહોચ્યો. બન્ને વચ્ચે યુદ્ધ થયું અને નાગ મરણ પામ્યોઃ ત્યારબાદ નાગકન્યાએ પોતાના પિતાની ઉત્તરક્રીયા કરી લગ્ન કર્યું. ત્યારબાદ બન્ને જણે બહાર નીકળવા તૈયારી કરી. રાજપુત્રે નાગકન્યાને કહ્યું કે આ ટોપલીમાં બેસી પ્હેલી તું ઉપર જા અને પછી હું આવીશ. નાગકન્યાએ કહ્યું મારા પહેલા ઉપર જવાથી ઘણુંજ અનિષ્ટ પરીણામ આવશે માટે ત્હમેજ પહેલા ઉપર જાઓ. પણ તેણે માન્યું નહીં. તે ઉપરથી નાગકન્યાએ જવાનું કબુલ કર્યું પણ જતાં પહેલાં તેને ત્હેનું નામ ઠામ વિગેરે સર્વ હકીકતથી વાકેફ કરવા વિનતિ કરી તે ઉપરથી રાજપુત્રે પોતાનો સર્વ ઇતિહાસ કહી સંભળાવ્યો. પછી નાગકન્યાએ ટોપલીમાં બેસી દોરડું હલાવ્યું, એટલે ત્હેને ઉપર લઇ લેવામાં આવી. કુમારને બદલે તેને જોતાંજ સર્વ કોઇ આભું બન્યું. આવી સ્વરૂપવાન કન્યાને જોઇ કપ્તાને વહાણ હંકારવા હુકમ કર્યો. નાગકન્યાએ કહ્યું મ્હારો સ્વામી અંદર રહેલો છે તેને લીધા બાદ જવું જોઇએ. પણ વહાણના અમલદારે તેનું કહેવું ધ્યાનમાં ન લેતાં પોતાના હુકમનો અમલ કરવા ફરમાવ્યું. સુવર્ણપુર આવ્યા બાદ તેણે નાગકન્યાને પ્રધાનને હવાલે કરી. આવી રૂપવતી કુમારીકાને જોઇ પ્રધાન દિગ્મૂઢ બની ગયો. તેણે તેની પાસેથી ઝાંઝર માગી લીધું અને રાજા પાસે જઇ તે તેને ભેટ કર્યું. રાજાએ એ ઝાંઝર શી રીતે પેદા કર્યું તે પુછતાં પ્રધાને કહ્યું ગરીબ પરવર ! આપની કૃપાથી ઝાંઝર તેમજ તે ઝાંઝર ધારણ કરનારને પણ મેળવવા શક્તિવાન થયો છું. આ સાંભળી રાજાએ તે બાળાને પોતાની હજુર રજુ કરવા હુકમ કર્યો અને તેની સાથે પોતાને લગ્ન કરવાની ઈચ્છા જાહેર કરી.

રાજાની આજ્ઞાનુસાર નાગકન્યાને હાજર કરવામાં આવી. રાજાએ તેને પોતાની સાથે લગ્ન કરવા ફરમાવ્યું. નાગકન્યાએ તે ઉપરથી લગ્ન અટકાવવાને યુક્તિ કરી કારણ કે પોતાનું લગ્નતો થયેલું હતું એટલે ફરી લગ્ન તો થઈ શકે નહીં અને જો પોતે કહે કે મારૂં લગ્ન તો થયેલું છે તો કોઈ માને નહીં. તેણે કહ્યું મહારાજ ! લગ્ન કરવા હું તૈયાર છું પણ તે પહેલાં મ્હારે એક વ્રત છે તે પૂર્ણ કરવું જોઇએ. તેનું વ્રત પુર્ણ કરવા રાજાએ વચન આપ્યું તે ઉપરથી તેણે કહ્યું કે મ્હારો નિયમ એવો છે કે લગ્ન પહેલાં મારે અટીપદ્મની કથા સાંભળવી. સાંજે દરબાર ભરાયો તે વખતે રાજાએ પેલી કન્યાનું વ્રત પુર્ણ કરનાર માણસ સોધી કહાડવા પ્રધાનને આજ્ઞા કરી.

હવે નાગકન્યા ઉપર ગયા બાદ રાજકુમાર પોતાને બહાર કહાડવાની ઘણી રાહ જોઇ પણ ફોકટ. આખરે નિરાશ થઇ એક પત્થર પડેલો હતો તેના ઉપર બેઠો. અને ધાર્યું કે હવે મારૂં આવી બન્યું હું હવે ભૂખે મરી જવાનો પણ માણસ ધારે છે કાંઇ અને ઇશ્વરની રચના કાંઈ જુદીજ હોય છે. નાગની ચીતામાંથી નીકળી ધુણીના પ્રભાવે ત્યાં આગળ શમળીઓ એકઠી થઈ. આ શમળીઓમાં પેલા રાજપુત્રને ઉછેરનાર પરીઓ જે શમળી થઇ ત્યાં ફરતી હતી તે પણ હતી. આ શમળીએ ધુણી શેની છે તથા ક્યાંથી આવે છે તેની તપાસ કરવા માંડી તો સાપની ધુણી તેમને માલુમ પડી. આ ઉપરથી જે સ્થળેથી ધુણી નીકળતી હતી ત્યાં આગળ પાણીમાં ડુબકી મારી ચીતામાંથી નાગના કડકા વીણવા માંડ્યાં. વીણતાં વીણતાં એમની નજર રાજપુત્ર ઉપર પડી અને તેમણે તેને ઓળખ્યો. તે ઉપરથી એક પરી પોતાનું મુળ સ્વરૂપ ધારણ કરી તેની પાસે ગઈ અને પુછ્યું બાળા ! તું અહીં ક્યાંથી ! રાજપુત્રે પણ પરીને ઓળખી અને પોતાના ઉપર ગુજરેલી સર્વ હકીકતથી તેને વાકેફ કરી. પરીએ કહ્યુ હું સમળીનું રૂપ ધારણ કરૂં છું તું મારા પગ ઝાલ, તેણે તે પ્રમાણે કર્યું. એટલે પરીએ તેને મ્હાર કહાડી સમુદ્ર કીનારે મુકી દીધો. બહાર આવ્યા બાદ રાજકુમાર યોગીનો વેશ ધારણ કરી, સુવર્ણપુર તરફ ગયો. નગર પાસે આવી મુકામ કર્યો. પ્રધાને અટીપદ્મની વાત કહેનારની તપાસ ચલાવી, પણ કોઇ પણ માણસ ન મળી આવવાથી આખરે તેણે દાંડી પીટાવી કે જે કોઇ અટીપદ્મનીની કથા રાજાજીને સંભળાવશે તો તેને રાજ તરફથી મોટું ઇનામ મળશે, દાંડી પીટનાર ફરતો ફરતો પેલા યોગીના સ્થાન આગળ આવી પહોંચ્યો. તેનો ઢંઢેરો સાંભળી યોગીએ કહ્યું અટીપદ્મનીની કથા મને ખબર છે પણ જો રાજા અહીંઆં આવે તો સંભળાવું. યોગીની આ વાતથી પ્રધાનને વાકેફ કરવામાં આવતાં તેણે તે બીના રાજાને નિવેદન કરી.

તે ઉપરથી પ્રધાન સાથે રાજા તે યોગી પાસે ગયો. યોગીએ કથા કહેવા કબુલ કર્યું. પણ એ કથા ખરી છે કે ખોટી છે તેનો નિર્ણય કરનાર લઈ આવો એટલે કહીશ. પછી બીજે દિવસે નાગકન્યાને લઈ રાજા ત્યાં ગયો એટલે યોગીએ વાત શરૂ કરી.

યોગી બોલ્યો. એક સમયે એક રાજા અને રાણી ઉન્હાળાની ગરમીથી વિશ્રાન્ત થવા અગાશીમાં બેઠાં હતાં ત્યારે તેમની દૃષ્ટિ એક પક્ષીના જોડા ઉપર પડી તે ઉપરથી તે કઇ જાતનાં પક્ષી છે તે સંબંધમાં બન્ને વચ્ચે મતભેદ પડ્યો. આ પ્રમાણે તેણે વાત શરૂ કરી. રાણીના પરીઓના બેટમાં પ્રસુતિના સમય સુધીની હકીકત કહી અટક્યો અને

કહ્યુંકે હવે મારો નિત્યકર્મનો સમય થયો છે માટે હવે વધારે કાલે. રાજા મંદીરમાં પાછો આવ્યો અને યોગીએ કહેલી હકીકતના સત્યનો નિર્ણય કરવાના ઉદેશથી પેલી ધનકોર ડોશીને હાજર કરવા હુકમ કર્યો. રાજઆજ્ઞાનુસાર તેને હાજર કરવામાં આવી. રાજાએ રાણીની પ્રસુતિ સંબંધી હકીકત તેને પુછતાં તેણે પેલા યોગીએ કહેલી હકીકતને મળતીજ બીના રજુ કરી. રાજાને આ ઉપરથી ખાત્રી થઇ કે આ વાતતો તેની પોતાનીજ છે. અને તેથી કરીને તે પુરી સાંભળવા તેની ઇન્તેજારી વધી. બીજે દિવસે રાજા પાછો નિયમિત વખતે યોગી પાસે હાજર થયો. યોગીએ વાત આગળ શરૂ કરી. પરીઓ રાણી અને રાજપુત્રને નગર આગળ મુકી ગઇ અને પ્રધાને તેમને પોતાને ઘેર તેડી ગયો ત્યાં સુધી આવી અટકયો અને સમય થઈ ગયો માટે હવે કાલેઃ–કહી તે પોતાના અન્ય કાર્યમાં રોકાયો. પેહેલા દિવસની માફક તે દિવસે પણ રાજાએ સત્ય ખોળી કહાડવા પ્રધાનને પુછતાં પ્રધાને સર્વે બીના કબુલ કરી અને રાણીને પણ રજુ કરી. રાજપુત્ર વિષે પુછતાં પ્રધાને ખેદયુક્ત ચહેરે કહ્યું કે કુમારશ્રીતો કોણ જાણે કયાં ચાલ્યા ગયા છે અને આજે કેટલા દિવસથી તેમનો પત્તો નથી. આ હકીકત સાંભળી રાજા અસ્વસ્થ થયો, પણ યોગી પાસેથી વાત આગળ સાંભળતાં તેનો ખુલાસો મેળવવાની આશાએ ધૈર્ય ધારણ કરી શકયો. વળી ત્રીજે દિવસે પણ મુકરર કરેલે વખતે રાજા યોગી પાસે ગયો. યોગીએ વાત શરૂ કરી બત્રીસ લક્ષણા પુરૂષના વધ સુધી આવી અટકયો. યોગી પાસેથી પુત્રના વધ સંબંધી હકીકત સાંભળી રાજા અતિ ક્રોધિત થયો અને પ્રધાનને એકદમ કેદ કરવા હુકમ કર્યો. અદીપદ્મની પુરેપુરી કથા સાંભળવાની ઇન્તેજારીને લીધે પ્રધાનના સંબંધમાં તુર્ત કાંઈપણ ન્યાય કરવામાં આવ્યો નહીં. બીજે દિવસે પ્રભાત થતાં વળી પાછો રાજા યોગી પાસે ગયો. નિયમસર યોગીરાજે વાત શરૂ કરી રાજપુત્રને સમુદ્રમાં છોડી પ્રધાનનાં વહાણ નાગકન્યાને લઇ પાછાં આવ્યાની બીના સુધી આવી અટકયા. આથી રાજપુત્ર જીવતો છે કે મૃત્યુ પામ્યો તે હકીકત સાંભળવાની ઉત્કંઠા વધવાને લીધે તે પુત્રનું શું થયું તે કહેવા રાજાએ યોગીને ઘણો આગ્રહ કર્યો. રાજાની કરૂણાજનક સ્થિતિ જોઇ યોગીને દયા આવી અને કહ્યું રાજકુમાર કાલે આવશે માટે તેના દરજ્જાને છાજતો પોષાક કાલે લેતા આવજો. રાજમંદીરમાં આવી પ્રધાનના વહાણનાં સઘળાં મનુષ્યને કેદ કરવાનું ફરમાન રાજાએ બહાર પાડયું. તે દિવસ રાજાએ ઘણીજ અસ્વસ્થતામાં ગાળ્યો. બીજે દિવસે સ્હવાર થતાંજ રાજા યોગીના કહ્યા પ્રમાણે વસ્ત્ર લઇ ગયો અને તેને આપ્યાં. યોગી કપડાં લઇ પોતાની મઢુલીમાં ગયો અને યોગીનો વેશ કહાડી રાજપુત્રના પોષાકમાં સજ્જ થઇ રાજા પાસે આવી તેને પગે લાગી કહ્યું મહારાજ! અદીપદ્મ તમને નમન કરે છે. રાજા અતિ હર્ષથી વહાલથી તેને ભેટયો અને પુરા ઠાઠથી તેને નગરમાં લઇ ગયો. ત્યારબાદ નાગકન્યા સાથે ધર્મ વિધિથી તેહનાં લગ્ન કર્યાં. ઘેર ઘેર આનન્દ પ્રસરી રહ્યો. કેટલોક સમય વિત્યા બાદ પ્રધાન અને તેનાં માણસોનો ન્યાય કરવા સારૂ દરબાર ભરવામાં આવ્યો અને સર્વાનુમતે તેમને દેહાન્ત દંડ ફરમાવવામાં આવ્યો. પણ રાજપુત્રે તેમના ઉપર દયા કરવાને રાજાને વિનતિ કરવાથી તેહેમની માલ મીલકત જપ્ત કરી તેમને દેશપારનો હુકમ ફરમાવવામાં આવ્યો. ત્યારબાદ રાજકુટુમ્બ પોતાનો કાળ રાજ્યની અને તેની આબાદી અને વ્યવસ્થા કરવામાં દિવસ આનન્દમાં ગાળવા

રમુ અને નિમુએ નાટક જોયું.×

લેખક: રા. રા. કેશવ પ્રસાદ દેસાઈ (બી. એ; એલ એલ. બી.) મુંબાઇ.

વડોદરા કરીને એક મોટું શહેર છે. તેમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડ રાજ કરે છે. આ ગામમાં એક મોટા રસ્તા ઉપર નાનું સરખું ઘર હતું. આ ઘરમાં રમણુ અને નિર્મળ નામે બે ભાઇબેન તેમનાં માબાપ સાથે રહેતાં હતાં. રમણને આઠ વરસ થયાં હતાં અને નિર્મળ ૭ વરસની હતી. તે બે જણા ઓટલા ઉપર બેઠા બેઠા વાતો કરતાં હતાં.

નિર્મળ—ભાઇ ! બાને તું શું કહેતો હતો ?

રમણુ—મેં બાને કહ્યું કે અમારી કલાસમાં એક છોકરો છે તે ગયે રવીવારે નાટક જોવા ગયો હતો. તે કહેતો હતો કે નાટક બહુ સારૂં છે.

નિર્મળ—પછી બાએ તને શું કહ્યું ?

રમણુ—બાએ કહ્યું કે આપણી પાસે બહુ પૈસા નથી. નાટકમાં તો પૈસા ખરચ થાય. અને તારા બાપાજી પાસે હમણાં બહુ પૈસા નથી.

નિર્મળ—ત્યારે ભાઇ ! આપણે શું કરીશું ? નાટકમાં જવાનું તો મને પણ ઘણું મન થાય છે.

આ પ્રમાણે આ બે જણાં વાતો કરતાં હતાં, તેટલામાં બારણા આગળ સીપાઇઓ અને ઘોડેસ્વારો બધા આમ તેમ ગોઠવાઇ ગયા. આ જોઈને રમણુ એકદમ બોલી ઉઠયો. "નિમુ, નિમુ ! જો, જો. સીપાઇઓ ગોઠવાઇ ગયા છે. મહારાજા સાહેબ આવતા હશે."

આમ કહીને પોતાની બ્હેનને લઇને તે રસ્તા ઉપર ગયો અને એક જગોએ બાજુ ઉપર બેનના ખભા ઉપર હાથ મુકીને ઉભો રહ્યો.

આ બે છોકરાંને મહારાજા સાહેબની સ્વારી જોવામાં બહુજ રસ પડતો હતો. કારણુ કે એક દિવસ મહારાજા એમના ઘર આગળથી એકલા પગે ચાલતા ફરવા જતા હતા, તે વખતે રમણુ અને નિર્મળ દોડાદોડી કરતાં હતાં અને નિર્મળનો પગ એકદમ ખસી જવાથી તે પડી ગઈ હતી. એ પડી ગઇ એટલે મહારાજાએ એની પાસે જઇને એને ઉઠાડી હતી અને માથુ પંપાળીને પૂછયું હતું કે "કાંઈ વાગ્યુ છે ?" આથી નિર્મળ ઘણી ખુશી થઇ ગઈ હતી અને તે દિવસથી રોજ મહારાજા સાહેબની વાતો કરતી હતી અને જો એમની સ્વારી જતી હોય તો ગમે તેટલું કામ હોય તે મૂકીને પણ તે જોવા જતી હતી. મહારાજા સાહેબ તો એ બનાવ ભૂલી પણ ગયા હશે. પણ આ બે બાળકો તો એમ જ જાણતાં હતાં કે આપણને મહારાજા ઓળખે છે અને આપણા સામું તે જોશે તો આપણને બોલાવશે. આજે પણ રોજની માફક તે બે ભાઇબેન સ્વારી જોવા દોડયાં. પણ સીપાઇઓ અને સ્વારો બધા ઉભા રહેલા હતા તેમણે એમને આઘે જ ઉભાં રાખ્યાં. બે જણાંયે ત્યાં ઉભાં ઉભાં સ્વારી જોઇ. મહારાજા સાહેબની ગાડીપણ આવી ગઇ; તોયે મહારાજાએ એમની તરફ કાંઈ જોયું નહિ. રમણુ આજે દીલગીર તો થયેલો હતો, તેમાં વળી આથી વધારે નાખુશ થયો. થોડીવાર સુધી તો ઘરમાં જઇને તે કાંઈ બોલ્યો નહિ પણ તરતજ એને કાંઇ વિચાર આવ્યો અને એકદમ બોલી ઉઠયો. "નિમુ ! તને ખબર છે ?–મહારાજા સાહેબ છે ને, એમને માટે તો નાટકશાળામાં બે ત્રણ સરસ કોચ રોજ રાખી મુકે છે. તે દિવસે બાપા જોડે આપણ નાટકમાં ગયાં, તાં ત્યારે બાપાએ આપણને બતાવ્યા તારતો."

× "ચીલ્ડ્રન્સ મેગેઝીન"ની એક બાલવાર્તાનો અનુવાદ.

નિર્મળ—પણ તેથી આપણે શું ?

રમણ—હું એક રસ્તો બતાઉં તેમ તું કરીશ ?

નિર્મળ—હા, બોલને ભાઇ ! તું કહીશ તેમ કરીશ.

રમણ—જો ત્યારે તે દિવસે તું પડી ગઈ હતી ત્યારે મહારાજા સાહેબે તને કેવી ઉંચકીને પંપાળી'તી ? તને તે તે દહાડાથી બરોબર ઓળખે છે. માટે જો તું મહારાજા સાહેબને એક કાગળ લખે કે ' જો તમે કોઇ દહાડો નાટકમાં ના જવાના હો તો અમને તમારા કોચ ઉપર બેસવાની રજા આપશો. ' જો એ રજા આપે તો પૈસા ખરચ થાય નહિ અને નાટક જોવાય.

નિર્મળ—પણ ભાઈ ! મને બરોબર લખતાં આવડતું નથી ને !

રમણ—તે હું તને લખાવીશ. પણ કાગળ તો તારે જ લખવો જોઇયે.

નિર્મળ અને રમણે આ પ્રમાણે બધી ગોઠવણ કરી, પછી તરત જ એક કાગળ લઇ આવ્યાં અને તેના ઉપર મોટી ભુરી સીસાપેનથી નિર્મળે રમણના કહ્યા પ્રમાણે મોટા મોટા અક્ષરે લખવા માંડ્યું.

" મારા વ્હાલા મહારાજા સાહેબ !

"રમુને અને મને નાટકમાં જવાનું મન થયું છે. રમુએ બાને કહ્યું. પણ બા કહે છે કે બાપા પાસે હમણાં બહુ પૈસા નથી અને નાટકમાં જવાના તો પૈસા બેસે. પણ રમુ કહે છે કે મહારાજા સાહેબના બે કોચ નાટકશાળામાં છે, અને તમે જ્યારે નાટક જોવા જતા નથી ત્યારે તે ખાલી પડી રહે છે. માટે જ્યારે તમે જવાના ના હો, ત્યારે એકવાર મને ને રમુને એ કોચ ઉપર બેસવા દો તો અમને નાટક જોવાનું મળે અને બાને પૈસા ખરચ થાય નહિ. "

રમણ—બસ હવે તું તારૂં નામ નીચે લખી દે.

નિર્મળ—ના આપણને મહારાજા એમને એમ મફત કોચ ઉપર બેસવા દે તેના બદલામાં આપણે કાંઇ તો આપવું જોઇયેને !

રમણ—આપણી પાસે શું છે તે આપીયે ? તું તો ગાંડી છું.

નિર્મળે તો એના ભાઇનું બોલવું સાંભળ્યા વગરજ લખવા માંડ્યું.

રમુ કહે છે કે એના બદલામાં આપવાનું અમારી પાસે કાંઇ નથી. પણ હું કહું છું કે મને છબી ઉપર દોરીથી સરસ રંગરંગના ફ્રેમ કરતાં આવડે છે. મને મારી બાએ શીખવાડ્યું છે. તે જો તમે અમને તમારા કોચ ઉપર બેસવા દેશો તો હું તમારી છબી ઉપર ફક્કડ ફ્રેમ કરી આપીશ. "

" લી. નિર્મળ માણેકલાલ—રાજમહાલ રોડ. "

ચકરડા જેવા અક્ષરે જેમ તેમ કરીને કાગળ લખાયો તો ખરો. હવે તે રવાના કરવાનો. તેથી તેને એક કાગળના પાકીટમાં મુક્યો. અને પાકીટ બીડી દીધું. પછી રમણે પુછ્યું, "તારી ગલ્લા પેટીમાં કેટલા પૈસા છે ?"

નિર્મળ—મારી પાસે તો હવે એક આનો જ છે. કાલે બા બહાર ગઇ તે વખતે હું રડેલી, તેથી એક આનો તો દંડ થયો તો.

રમણ—મારી પાસે બે આના છે. આપણે ત્રણ આનાની ટીકીટો લાવીને આ કાગળ ઉપર ચોડી દઇને ટપાલમાં નાંખી દઇશું. આપણા ઉપર પાકીટ આવે છે તે ઉપર બે પૈસાની ટીકીટ હોય છે. પણ મહારાજા સાહેબના પાકીટ ઉપર તો વધારે પૈસાની જોઇયે કની.

નિર્મળને બિચારીને કાંઈ બરોબર સમજણ પડી નહી પણ એ એનો એક આનો ઝટ લઇને લઈ આવી. રમણ પાસેની ટપાલ ઓફીસમાં જઇને છાનો માનો ટીકીટો લઈ આવ્યો અને તે પરબીડીયાને લગાવી કાગળ ટપાલમાં નાંખી દીધો. આ પછી તે બે જણાના મનમાં બહુ બહુ વિચાર આવ્યા. ગુપચુપ આની આજ વાતો કરે. રાતે પણ આ-વાત કરતાં કરતાં સુઈ ગયાં અને શમણામાં પણ બન્ને જણને નાટકશાળા અને મહા-રાજા સાહેબ જ દેખાયા. બીજે દિવસે પણ એમનાં મન બહુ ફીકરમાં હતાં મહારાજા સાહેબ હા કહેશે કે નહિ ? એને એજ વાતો કર્યા કરે આંગળીઓ પકડાવે. એકી બેકી કરી જુવે. જ્યારે હા કહેશે એમ આવતું હતું, ત્યારે તેઓ બહુજ આનંદમાં આવતાં; અને કોઇ કોઇ વાર ના કહેશે એમ આવતું, ત્યારે ઘણાંજ દિલગીર થતાં. એમ કરતાં કરતાં બીજા દિવસની સાંજ પણ પડી: બંને જણને એમની બાએ ખાવા બેસાડ્યા હતાં, એટ-લામાં હાથમાં એક મોટો કાગળ લઇને, એક ચકચકતો પટો પહેરેલો સીપાઈ ઓટલા ઉપર આવી ઉભો રહ્યો. એને જોતાંજ નિર્મળ ખાતાં ખાતાં ઉઠી જઇને દોડતી દોડતી ઓટલે ગઇ અને પૂછ્યું કે કોનું કામ છે ? સીપાઇએ કહ્યું કે "નિર્મળ માણેકલાલ કોનું નામ છે ?" નિર્મળે કહ્યું કે "મારૂં નામ" ત્યારે સીપાઇએ એક કાગળ એના હાથમાં આપ્યો તે લઇને તે ઘરમાં દોડી ગઇ. એની બા તો આ બધું જોયાજ કરતી હતી. કાગળ લઇને નિર્મળ આવી એટલે એણે પૂછ્યું કે આ બધું શું છે ? નિર્મળે કાગળ પોતાના ભાઇને આપ્યો અને પોતાની બાને બધી વાત કહી. કાગળમાં જવાબ આવ્યો હતો કે 'મહારાજા સાહેબના કોચ ઉપર આજે નિર્મળ અને રમુએ જઇને બેસવું અને નાટક જોવું. વખત થશે એટલે એમને ગાડી તેડવા આવશે, માટે તૈયાર રહેવું. અને નાટક પુરૂં થશે એટલે ગાડી ઘેર મુકી જશે. જોડે સીપાઈ આવશે. અને બેચાર બેનપણી અને દોસ્તારને લઇ જવાં હોય તો તેમને પણ લઈ જવા છુટ આપી હતી." આ વાંચી રમણ અને નિર્મળ તો ખુશી થઇ ગયાં, પણ એમની બાએ બહુ ખુશી થઇ. એટલામાં એના બાપ ઘેર આવ્યા. તેમણે બધી વાત જાણી એટલે એ પણ ખુશી થયા. ઝટપટ ખાઇને નિમુ અને રમુએ સરસ લુગડાં પહેર્યાં અને પોતાના બે ત્રણ ઓળખીતાં ભાઇબંધ બેનપણીઓને બોલાવી લાવ્યાં. વખત થઇ એટલે ગાડી આવી અને બધાં બેસીને નાટકશાળામાં ગયાં. ત્યાં મહારાજાના કોચ ઉપર બેસીને નાટક જોયું અને ઘેર આવીને ખુશી થઇને પોતાના બા-પને બધી વાત કહી. પછી બીજે દિવસે નિર્મળે મહારાજાસાહેબની છબી માટે સરસ રંગનું એક ફક્કડ ફ્રેમ કરીને મોકલાવ્યું. આ ભાઇબેનની બહાદુરીની બીજી વાતો પછી કરીશું.

મોતી.

લેખક: સૌ. પ્રમીલા દ્વિવેદિયા—લાનોલી.

ભાઇઓ અને બહેનો ! તમે મોતી તો જોયાં હશે.

તમારા કાનમાં મોતીની વાળી ઘણી વાર પહેરી હશે, ત્હમારી બહેન કે માના ગળાંમાં મોતીની કંઠી અને કદાચ હાથમાં મોતીની બંગડીઓ જોઈ હશે. કોઇ કોઈ વાર મોતીનાં બટનો પણ નજરે પડે છે. આ બધું ખરૂં, પણ મોતી શી રીતે બને છે તે જાણો છો ? તમારાં માબાપ કે શિક્ષક જાણતા હશે પણ તમે બધાં જાણતાં નહિ હો. તમારા-માંથી કોઇને પુછશો, તો તે બહુ બહુ તો એમ કહેશે કે મોતી દરીયામાં થાય. તમારાં ઘરડાં માજી તો વળી એમ કહેશે કે આસો મહિનામાં પુનેમ આવે છે તેને માણેકઠારી પુનેમ કહે છે. તે દિવસે દરિયામાં વરસાદનાં ટીપાં છીપોમાં પડે છે ને તેનાં મોતી થાય

છે. વળી આપણા કેટલાક જુના પુરાણી મહારાજો તો એમ પણ કહે છે કે હાથીઓના (માથાના) લમણાંમાંથી મોતી નીકળે છે. આ બધી વાતોમાં ખરી વાત હું તમને કહું છું.–બ્હેનો ! ભાઇઓ ! તમે બધાંજ કંઈ દરિયા પાસે રહેતાં નથી એટલે આ વાંચનારમાંના કેટલાંકે દરિયો જોયો પણ નહિ હોય. ખેર. પણ નકશામાં દરિયો જોયો હશે તોયે બસ. દરિયો શું તે વળી આગળ ઉપર કહીશું. મોતી દરિયામાં થાય છે. જેમ દરેક ખેતરમાં ઘઉં પાકતા નથી, તેમ દરેક દરિયામાં અગર તેના દરેક ભાગમાં મોતી થતાં નથી. હિંદુસ્થાનમાં જેને આપણે લંકા કહીએ છીએ ત્યાં અને અરબસ્તાનના દરિયામાં મોતી પાકે છે. વારૂ, તમે છીપો તો જોઇ હશે. કોઇ વાર નદી આગળ રમવા જાઓ છો ત્યારે છીપો ભેગી કરવી ત્હમને બહુ ગમે છે, નહિ વારૂ ? એ છીપો ઘેર લાવી મીઠું વિગેરે લેવાના ઘર કામમાં વાપરો છો. એવીજ જાતની મોટી છીપો થાય છે. એ છીપો શું છે, તે તમે જાણો છો ? એ છીપોને બે પડ હોય છે. બે પડની એક આખી છીપ બને છે. એ છીપો નાનાં જંતુઓનાં ઘર છે. એમાં નાના જીવ રહે છે, ને દરીયામાં હરે છે ફરે છે. જેમ જેમ તે મોટાં થતાં જાય, તેમ તેમ એ છીપો પણ મોટી થતી જાય છે. તમે તમારૂં મ્હોં ઉઘાડો છો ને વાસો છો, તેમ એ જીવડાં પણ છીપોનાં પડ ઉઘાડે વાસે છે. હવે જ્યારે એ છીપો દરિયામાં ઉઘડે ત્યારે તેમાં પાણી ભરાય ને પાણી બહાર પણ નીકળી જાય. કોઈ કોઇવાર રેતી અને એવી જાતનો કચરો, પત્થરની કરચો, છીપોમાં ભરાઇ જાય છે, તે કેમે કરી નીકળતી નથી. છીપમાં રહેનારાં જીવડાંને ચોખ્ખું રહેવું બહુ ગમે છે. તમારી પેઠે ધબ દઇને પથારીમાં તે પડતાં નથી ! જરા પણ કચરો, તેને ગમતો નથી. હવે પેલી કરચો જીવડાંને ખુચે છે. આથી તે સુંવાળી બનાવવા ફાંફા મારે છે. બ્હેનો અને ભાઇઓ ! તમે કરોળીઆ તો જોયા હશે. કરોળીયાની માફક આ છીપનાં જીવડાં મોંમાંથી એક જાતનો ચીકણો ચળકતો રસ કાઢે છે. અને પેલી કણી ઉપર ચોપડે છે. આ રસ સુકાય એટલે ધોળું ચળકતું સુંવાળું પડ બધાય છે. આમને આમ એક પછી એક પડ બધાય છે ને તમને ગમે છે એવું ધોળું મોતી થાય છે. જો છીપ વહેલી પકડાય તો નાનું મોતી મળે મોડી પકડાય તો મોટું મળે. કણીના ઘાટ ઉપર મોતીનો ઘાટ થાય છે. કોઈ લાંબુ તો કોઈ ગોળ, તો કોઇ એકું. છીપનો અંદરનો ભાગ પણ આરસને લીધે મોતી જેવો ધોળો હોય છે. કોઈ કોઈ સારા બાગમાં ગોળ છીપો તમે જોઈ હશે, તો મારી વાત મનાશે, તમને ખરૂં ન લાગતું હોય તો, તમે પૈસાદાર હો ને તમારાં માબાપને વાંધો ન હોય, તો એક મોતી લઈ જામફળ ભાગો છો તેમ ભાગો, ને પછી જુવો. વચમાંથી કાળો ભાગ અગર માટી જેવું નીકળે છે કે નહિ તે જણાશે. ચીના લોકો બહુ હુશીયાર હોય છે. તેઓ ઘણીવાર એમ કરે છે કે દરિયામાં જઈ આવી મોટી છીપો જ્યારે જરા ઉઘડે, એટલે બહુજ નાની બુદ્ધ, કૃષ્ણ, અથવા પારસનાથ, એવી દેવની મૂર્ત્તિઓ અંદર મુકે છે. પેલાં જીવડાંથી તે બહાર કહાડી શકાતી નથી એટલે લીસો રસ ચોપડવાનું શરૂ કરે છે. તે જાણે મોતીનાજ કૃષ્ણ બુદ્ધ કે પારસનાથ હોય એમ આપણને લાગે છે અને પછી તેની ઘણી કીમત ઉપજાવે છે. આવાં મૂર્ત્તિ જેવાં મોતી વિલાયતના સંગ્રહસ્થાનમાં રાખ્યાં છે, તે જોવાં જેવાં છે. જેમ બધા દરિયામાં મોતી થતાં નથી, તેમ બધી છીપોમાં પણ મોતી થતાં નથી. એટલે જ મોતીની કીમત વધારે હોય છે, ખોટાં મોતી એટલે દરિયામાં ન થયેલાં જુદી જુદી વસ્તુઓનાં બનાવેલાં મોતી સાચાં મોતી તરીકે વપરાય છે ખરાં, પણ સાચાં મોતી તો ઉપર પ્રમાણે જ થાય છે.

ठ. आनंदजी कूल्जी पांगी तरफथी भेट.

સુન્દરી સુબોધ * માસિક વધારો.

અંક ૭-૮ (સુન્દરીસુબોધ પુસ્તક ૧૧, અંક ૭-૮) માર્ચ-એપ્રિલ ૧૯૧૪.

सरस्वती.

જગ-માન્ય બંગાલી મહાકવીઃ શ્રીયુત્ રવીન્દ્રનાથ ટાગોરકૃતઃ

" ગીતાંજલિ " માંથી-

૧.

ભાષાન્તર કરનારઃ રા. રા. ઉદ્ધવજી તુલસીદાસ.—મુંબાઈ.

પ્રભુની બક્ષીસોઃ—

તેં મને અનન્તતાની ભેટ કરી છે. એ તારી આનંદ-ઇચ્છા છે ! આ માટીનું વાસણ (શરીર) તું વારંવાર ખાલી કરે છે અને પુનઃ તેને નવજીવનથી ભરે છે !

ઘાસની આ ન્હાની બંસરી તારી પ્રેરણાથી ખીણોમાં અને સુરમ્ય ટેકરીઓપર ફેરાઇ છે અને તારીજ પ્રેરણાથી, તેમાંથી પ્રતિપળે નવિન એવું અનન્ત સંગીત ઉત્પન્ન થાય છે !

તારા જીવન્ત કરસ્પર્શથી મારૂં લઘુ અંતઃકરણ આનંદની સીમા ઓળંગી, અકથ્ય સંગીતને ઉત્પન્ન કરે છે !

તારી અનન્ત બક્ષીસો મારા આ ન્હાના,-ન લઇ શકે એવા, હાથમાં આવે છે ! અનન્ત જીવનો વ્યતીત થઇ ગયાં છેઃ તથાપિ તું જીવનદાતા ! જીવનની ધારા રેડે છે અને રેડયા છતાં પણ અપૂર્ણતા રહે છે !

સંગીતનાં ઉડ્ડયનઃ

જ્યારે તું મને ગાવાની આજ્ઞા કરે છે ત્યારે જણાય છે કે મારૂં અંતઃકરણ અભિમાનના ઉભરાથી છલકાઇ જશે ! હું તારા મધુર મુખ તરફ દ્રષ્ટિ કરૂંછું અને મારાં નેત્રો અશ્રુથી ભરાઈ જાય છે !

મારા જીવનમાં જે કંઈ કટુ અને કર્કશ છે, તે સંગીત-ઐક્યની સમાધિમાં ગળી જાય છે; અને મારૂં સંગીત, સાગરપર ઉડનાર આનંદી પખીડાની પેઠે પોતાની પાંખ પ્રસારે છે !

હું જાણું છું કે મારા સંગીતમાં તું આનંદ માને છે.. અને એક ગાનાર, તરીકેજ હું તારી સમક્ષ આવું છું

મારા સંગીતની વિસ્તૃત ધારાથીજ ત્હારા ચરણને હું સ્પર્શી શકું છું કે જેમ કરવા અન્યથા હું કોઈ પણ રીતે યોગ્ય નથી !

આ સંગીત-ગાનમાં ગુલ્તાન થઇ હું મારા સ્તવનને ભૂલી જાઉં છું અને તું કે જે મારો સ્વામી છે તેને મિત્ર કહેવાની ઘેલછા કરૂં છું !

૨.

અનુવાદકઃ શ્રીમતી "લીલા"-અમદાવાદ.

આમન્ત્રણ*

જીવન સકળ શુષ્ક થાય, કરુણા-ધારા ! આવો;
માધુરી મર્યો નષ્ટ થાય, ગીત-સુધા ! આવો.
કર્મે પ્રબળ રૂપમાં ગર્જી છવાય ચારે પાસ;
હૃદય ગુહા, નિરવ નાથ, ! શાન્ત ચરણે આવો.
કૃપણુ કરી આત્મ, ખૂણે દીનહીન મન ભરાય;
ખોલી દ્વાર, ઉદાર નાથ ! રાજસ્વારી ! આવો.
વિપુલ ધૂલિથી વાસનાઓ, અન્ધ-બોધહીન થાય;
હે પવિત્ર ! હે અનિદ્ર ! તેજપુંજ ! આવો.

૩.

અનુવાદકઃ શ્રીયુત્ "મલયાનિલ" (બી. એ.)-અમદાવાદ.

ગીત બીજામાંથીઃ ‡ —

અપરાધ કરૂં કદિ, તો તમ કાજ,
કરૂં શુભ કાર્ય નહી તમ કાજ;
છતાં બની નિષ્ઠુર ચાલી જતા,
મુજ સન્મુખથી સરી દૂરી જતા.
નથી નિષ્ઠુર આપ, કહું કયમ નિષ્ઠુર !
નિષ્ઠુર થઇ કરુણા કરતા;
મહવા મુજને, મુજને તજતા,
દૃઢ પ્રેમ થવાજ છુપાઇ જતા.
મુજની અધુરી અભિલાષ ગણી,
મુજમાં નથી પ્રીત પૂરી પ્રકટી,
મુજ જીવન, ના તમ યોગ્ય,-ગણી,
તરછોડી જતા નહી આમ,હરિ !

* ગુજરાતી પંચના દીવાળી (નવેમ્બર, ૧૯૧૩) ના ખાસઅંકમાં રા. રા. કૃષ્ણલાલ રીતે આપેલા મધુ ભાષાન્તર ઉપરથી. ‡ ગીત બીજની-ઓછ કરી છપાવી.

ગીત-સાતમું:

આવો નવનવ રૂપે પ્રાણે,
આવો ગન્ધે, વરણે, ગાને;
આવો અંગે પુલકમય સ્પર્શે,
આવો ચિત્તે સુધામય હર્ષે
આવો મુગ્ધ મુદિત મ્હારે નયને,
આવો નવ નવ રૂપે કરણે !
આવો નિર્મલ, ઉજ્જવલ,કાન્ત,
આવો સુન્દિર, સ્નિગ્ધ, પ્રશાન્ત,
આવો આવો વિચિત્ર વિધાને,
આવો નવનવરૂપે પ્રાણે !
આવો દુઃખસુખે, આવો મર્મે,
આવો નિતનિત સર્વે કર્મે,
આવો સઘળાએ કર્માવસાને,
આવો નવનવરૂપે પ્રાણે !

ગીત-દસમા ઉપરથી:

આજે વ્હેતી દુઃખડે આંસુની ધારા,
માત ! ત્હારી છાબડી ઉઘાડને;
આજે વ્હેતી દુઃખડે આંસુની ધારા,
ગૂથું એવાં મોતીડાનો હારરે.
હાર એ પ્હેરાવું ત્હારા શિરને.
રવિચંદ્ર તારલાં શાં આંસુ-મોતી,
ચરણે ત્હારે ચઢી રીઝાયરે,
દુઃખડે છે વેગીઆં આભરણો એ,
ઉર ત્હારૂ આજ શણગાર રે;
આજે વ્હેતી દુઃખડે આંસુની ધારા.
આપી, એ મડન માગું તુજથી,
ધન્ય ધાન્ય કેરી નવ આશરે,
આપે તો તો આપ અણમૂલ કંઈ,
અણમૂલ ત્હારો સ્નેહ ભાવરે.
આજે વ્હેતી દુઃખડે આસુની ધારા.
માત ! ત્હારી છાબડી ઉઘાડને,
આજે વ્હેતી દુઃખડે આસુની ધારા.

હૃદયનું અમૃત.

લેખકઃ શ્રીયુત "કુંજ"—ઇન્દોર.

વસી નિત્યે રૂહેતું પ્રતિ હૃદયમાં દિવ્ય ઝરણું,
અજાણ્યે જાણ્યે વા સતતજ રહે વ્હેત વહતું !
સદા વ્હેતાં વ્હેતાં ગતિ કરી અનિશ્ચિત ભૂમિમાં,
વળી સામાન્યે એ વલણ ધરતું એક પથમાં.
વહેતાં વ્હેતાં એ વલણ નિજ સંયોગ રચતું.
અને સંયોગો એ પ્રતિ હૃદયનું સ્થાન સુખનું !
સદા સંયોગોનું સુભગ ઉરને સ્થાન મળતું,
સુખે આપી લેઇ ઉરનું ઉર આરામ ધરતું !
અહો ! મોંઘું અર્પી ઉરનું ઉરને એજ મહતું.
સદા પામીને એ હૃદય નિજતામાંજ ધરતું !
કટુ, મીઠું કિન્તુ, ઉરનું ઉરને પાન કરવું,
નકી મોંઘું જે જે સકલ પ્રિયનું ને હૃદયનું !
વહે મ્હારૂં યે આ ઉર તણું અનિશ્ચિત્ ઝરણું,
હવે શોધે કિન્તુ વલણ સ્થિર એ કોઇ સ્થલનું !
ન જાણે ક્યાં વ્હેતું, ધરવી સઘળી ક્યાં સ્વજનતી !
હવે એકાકી એ અમીવહન થાતુંજ રણમાં !
અરે ! ઢોળું ક્યાં હું મુજ હૃદયનું અમૃત બધું ?
વહી જાતું મોંઘું ! કહીં નવ જડે પાત્ર રસનું !
અહીં વિશ્વે સાચું હૃદય તણું ના મિત્ર મળતું,
વૃથા ખોવાતું સૌ અમૃત ઉરનું નિત્ય વહતું !
અહીં ચારે બાજૂ નજર કંઇ જોતાં ન પડતું,
અહો કિન્તુ ભાસે અજબ, પ્રિય કોઈ રમકડું !
નિરાશામાં આંહી સ્થલ વલણનું નિશ્ચિત કરૂં,
અને અર્પું પ્રેમે તહીં હૃદયનું અમૃત બધું !
અતિ વ્હાલું લાગે સરલ દિલનું એ રમકડું,
અહો ! પ્રાણી છે એ સહૃદય અને શાન્તિ ધરતું !
નકી દેશે શાન્તિ ઉરનું ઉરને એ રમકડું,
તહીં અર્પું પ્રેમે મુજ હૃદયનું અમૃત બધું !
વહે બે સાથે એ, સુખદ, સમભાગી વેળી સદા,
રમાડે બે નિત્યે રમકડું મ્હને એ પ્રણયમાં !
ભલે બીજે ક્યાંહી સ્થલ નવ જડે તો વદનમાં,
સુખે ઢોળું સર્વે મુજ હૃદયનું અમૃત હું ત્યાં !

મોહ-મૂર્તિ.

લેખકઃ રા. રા. કલ્યાણજી વિઠ્ઠલજી.સુરત.

તુજ નૈનતણા પલકાર મહીં,
તુજ હાસ્યતણા ચમકાર મહીં;
અધરે, તુજ કેશ-કલાપ મહીં,
વદને ભરી મોહ તણી સુરખી.
તુજ બોલ વિષે, તુજ ગાન વિષે,
તુજ રોદનમાં, તુજ વાદનમાં;
પગ-પાની વળી, તુજ હસ્ત તણી,
પણ મોહ-રસેજ રસી, રમણી!
તુજ અંગ અનંગનું ધામ દીસે,
તુજ અન્તર પ્રેમ પ્રફુલ હસે;
સ્ફુરતી-સરતી-વિંધતી પ્રણયી,
સરવાંગ ભરી તુજ મોહ-દ્યુતિ.

ગોરસ.

લેખકઃ શ્રીયુત. " કૃષ્ણસખા." વડોદરા.

(અંજની ગીત)

મહીનાં ગોરસ મીઠાં લાગેઃ
ગોપ મળી કોડે ને માગેઃ
પીચકારીનાં કેસુ જેવાં—
એ ગોરસ કેવાં ?

વ્હાલભરી વાંસલડી વાગેઃ
અંતરમાં કૈં અચરજ જાગે
મીટમીટ મળતાં મલકાતી—
ગોપિકા કેવી ?

ગોરસનાં મહી ગોપી વલોવેઃ
કહાનો ઘેલાતુર બનાવેઃ
" મા, મા, " કહીને માખણ માગે—
ગોવાળો ચાખે !

ગોરસનાં ઓજસ્ એ કેવાં ?
ગોરસ એ કેવાં ?

હેત ભર્યું હૈયું.

લેખકઃ શ્રીયુત " પાદરાકર "

હેત ભર્યું હૈયું મોંઘેરૂં !
અમિરસથી ઉભરાય અનેરૂં !
પ્રીત જળે છલકાયે ચારૂ !
રસમય જીવનનું !

હેત ભર્યું હૈયું આ આજું !
દિવ્ય મૃદુલ શા ભાવ ભાજું !
નીરખી જગત્રય તાપ પ્રજાળું !
સ્નેહ સમાધિનું !

હેત ભર્યું હૈયુ આ કેવું !
સકળ સૃષ્ટિનું તત્ત્વ અનેરૂં
વિલસે હો ! જગ સત્ત્વ મધુરૂં !
એ હૈયું ચારૂ !

હેત ભર્યું હૈયું ચેતનને !—
જડ સૃષ્ટિના ભાવ ભણાવે !
દિવ્ય સમૃદ્ધિ-સમાધિ અપાવે !
ભેદ વિનાનું એ !

એ હૈયે રસ દિવ્ય ઝરે શો !
પ્રભુતાથી મન પ્રાણ ભરે શો !
ઉજ્વલ ઉન્નત આતમ કરેશો ?
પૂર્ણ સમાધિને !

હેત ભર્યું એ જ્વલંત હૈયું !
પ્રાણ ! પ્રેમ ! ને પ્રભુનું બનેલું !
અગ્નિમય દિવ્ય પ્રભાથી ભરેલું !
જીવન ! જીવન ! એ !

" આમીન."

લેખકઃ શ્રીયુત " કાસાર-" વાસણાકેલીયા.

અયે સનમ ! ઉર સ્નેહથી છલકાવજે,
કુવિચાર દૂર કરાવજે;
શુભ વૃતિઓ પ્રસરાવજે;
તુજ પુણ્યધામ બનાવજે,
સત્યજીવનમાં મલકાવજેઃ ઝળકાવજે.
આશીષ એ ! આમીન એ !

અભિલાષા.*

લેખકઃ રા. રા. ચં. અ. મહેતા—રંગુન.

પ્રણયિ પ્રેમ પ્રવિણ જન્મ-જન્માંન્તરમાં પણ,
એ ઇચ્છા કે બની રહું તુજ અંતરમાં પણઃ—
ઇષ્ટ દેવ થઇ રહો હૃદય મંદીરની અંદર,
"ધ્યાન ધરૂં હું સદા ત્હમારૂં" એજ મનોરથ.
જો હું થાઉં વૃક્ષ, લતા બની મળજો સુંદર,
પામી પ્રેમ પ્રમોદ, સાથમાં ખીલજો સુખકર.
જો હું થાઉં ફુલ કુંજમાં સરસ સુગન્ધિત,
તો બનીને મકરન્દ સદા રહેજો અંતઃસ્થિત.
જો હું થાઉં કર્મભોગથી કાળો વિષધર,
તો પ્રાણાધિક ! મહામૂલ્ય મણિ થાજો શીર પર.
જો હું થાઉં કઠીન પહાડિ, મરતાં, પત્થર;
તો તો થાજો વિમલ સુશીતળ ઝરણું સુન્દર.
જો હું થાઉં સ્વચ્છ સરોવર મીઠા જળનું,
તો ધરજો સુ-રૂપ પ્રફુલ્લત અમલ કમલનું.
નીલાકાશ અનંત મધ્યમાં જો ભળવાનું,
નિષ્કલંક નવ ઇન્દુ-રૂપમાં તો મળવાનું.
જો હું થાઉં અતિ ગંભિર સાગર તો, કેવું ?
"મુજમાં થઇને મંજુ મનોહર મોતી રહેવું.
જે રૂપમાં, જ્યાં રહું, થશો ના મુજથી ન્યારા,
સર્વ સ્થાનમાં તને ચાહું છું, ઓ પ્રિય !...

તે સખિ !

લેખકઃ શ્રીયુત "શિરીષ"-વાસણકિલીયા.

સખિ ! તે છે સખિ ! સ્નેહ છે સાચો જ્યાં નહિ,
ઉર-જ્યોતિથી દે અજવાળી આંખલડી ! એ સખિ !
સખિ ! તે છે સખિ ! સ્નેહ છે સાચો જ્યાં નહિ.
સ્વર્ગનાં સુખડાંઓ ધરતી, ઉર અશ્રુ થકિ,
આનન્દો અર્પતા દિલને, પ્રેમ-પત્રિકા લખિ;
સખિ ! તે છે સખિ ! સ્નેહ છે સાચો જ્યાંનહિ.
અંતરૂને અંતરૂથી મળવા ઢંગે હરનિશ ઝંખિ,
એ સ્નેહથી સાક્ષાત પ્રતિમા વન્દતી; વ્હાલી સખિ !
સખિ ! તે છે સખિ ! સ્નેહ છે સાચો જ્યાં નહિ !

---

* [illegible] "અભિલાષા" [illegible]

समाज, साहित्य अने विज्ञान.

હિન્દુ લગ્નની ભાવના.*

અનુવાદકઃ શ્રીયુત "કાંચન." (બી. એ.)-અમદાવાદ.

કોઇ પણ દેશની પ્રગતિ અને ઉત્કર્ષ, ત્યાંની પ્રજાના વિચારમાં લગ્નના આદર્શ તથા ઉદ્દેશ શા છે અને તે ઉદ્દેશ તેઓ કેટલે સુધી જીંદગીમાં ઉતારી શકે છે, તે પર આધાર રાખે છે. સ્ત્રી અને પુરૂષનો સંબંધ દુનિયાની ઉત્પતિ વેળાથી થયેલો છે, અને ત્યાર પછીજ સંસારમાં રીતરિવાજો, સલાહ સંપ વિગેરે ઉદ્ભવ પામ્યાં છે. તેટલા માટે લગ્નનો આશય ફેરવતી વખતે ઘણી સાવધાનતા, પુખ્ત વિચાર અને દીર્ઘદષ્ટિ રાખવાં જોઇએ છીએ. પરંતુ વાસ્તવિકરીતે એ સાવધાનતા અને પુખ્તવિચાર તથા દીર્ઘદષ્ટિ રાખવાં તે તો ભાગ્યેજ બની શકે છે, કારણ કે લગ્ન એ અમુક અમુક વ્યક્તિનો સંબંધ છે અને તેથી ઉત્પન્ન થતાં સુખ દુઃખ એ અમુક અમુક વ્યક્તિને ભોગવવાં પડે છે.

કેટલીક વખતે સાહસિક અને અવિચારી સુચનાઓ બહાર જણાઈ આવેલીજ હરકતોને દૂર કરવાને આગળ કરવામાં આવે છે અને કદાચ ત્હેમાંની એકાદ સૂચના એકદેશીય અથવા એકજાતીય વિઘ્ન નિવારવા માટે અમલમાં મુકાય છે,તો ઘણે ભાગે લાંબા કાળ સુધી ઘણાં સંકટો વેઠવાં પડે છે !–અને તેમાં ખાસ કરીને જુવાન વર્ગ આવા વિચારોમાં ઝટ દોરવાઈ જાય છે. તેમનું ઉછળતું લોહી, સંસાર વ્યવહારનો બીન અનુભવ વિગેરે કારણો એકઠાં મળ્યાથી બહાર જણાયલી હરકતો દૂર કરવાને તેઓ 'સુધારા' કરવાને માથું મારે છે પણ તેઓ એમ નથી વિચાર કરતા કે આવા સુધારા, જે વિઘ્નોને દૂર કરે છે તેનાથી આવી પડતાં વધારે મ્હોટાં વિઘ્નો દૂર કરવાને તે સમર્થ થશે કે કેમ ? સમાજ એ ઘણા પાસે પાસે જોડાયલા અવયવોની રચના છે અને કોઈક અગત્યના ભાગમાંનો ફેરફાર બીજા ભાગોને અસર કર્યા વગર રહેતો નથી. લગ્નના નિયમોમાં કોઈ પણ લાભદાયક અને ઉપયોગી ફેરફાર કરતી વખતે બ્હોળા અને પાકા અનુભવ, સમતુલના કરતી વિવેચક બુદ્ધિ, દીર્ઘદષ્ટિ અને શાંત સ્વભાવ ઘણાંજ જરૂરનાં છે. વગર વિચારે કરેલા ફેરફારોથી લગ્નરૂપી પાયા ઉપર બંધાયલી અને તેને લીધેજ જળવાયલી સંસારરૂપી ઇમારતને નુકશાનકારક ધક્કો લાગે છે.

મ્હારાથી બનતે પ્રયત્ને હું તમને જણાવીશ કે લગ્નના ઉદ્દેશની છાપ સંસારનાં સુખ અને ઉન્નતિ પર, સામાન્ય ચાલચલગત પર અને સામાજીક વિકાસપર, અને સાથે સાથે સુધારા સંબંધી આજ કાલના વિચારો છે તે પર, કેવી પડે છે; જેથી કરીને લગ્ન એ શું અને તેના પર કેટલી કેટલી બાબતો આધારરાખે છે તે તમને સારી રીતે સમજાણ પડી શકશે. અને વારંવાર ચર્ચાના આ વિષય પર તમારે કેવા વિચારો બાંધવાના છે તે પણ તમને માલુમ પડી આવશે. કારણ કે અમુક વર્ષો પછી તમારે પણ આ પ્રશ્ન તરફ ઉતરવું પડશે અને તેનો નીવેડો આણવાને તમારી પોતાની મદદ પણ આપવી પડશે. હું ઇચ્છું છું કે આ પ્રશ્નનો ઉત્તર શોધી કાઢતી વેળાએ ઈશ્વર તમને એવી રીતે બુદ્ધિ આપે કે જેથી હિંદનું શ્રેય થાય અને અવનતિ થતી અટકે.

આટલા વાસ્તેજ, આપણે જો સમાજના કોઇ પણ વિષયનું પૂરેપૂરી રીતે નિરીક્ષણ કરવું હોય, તો સ્ત્રી અને પુરૂષ બન્નેને એકઠાં ગણીનેજ કરવું જોઇએ. એકઠાં હોવાથી સમાનતા થાયછે. એકઠાં હોવાથીજ તેઓ બન્ને ન્યાયપૂર્વક વિચાર કરે છે અને અગમચેતીથી વર્તે છે. આવી એકની બીજાથી થતી અનુપૂર્ત્તિનો પ્રાચીનકાળના હિંદુઓએ સ્વીકાર કરેલો છે. જો પતિ આચાર્ય હોય, તો પત્નિ આચાર્યા ગણાય છે. કાંઇ પણ ધાર્મિક ક્રિયા કરતી વેળાએ પુરૂષની સાથે સ્ત્રી હોવી જોઇએ છીએ. બ્રહ્મચારી આવી ક્રિયાઓ કરી શકતો નથી, કારણ કે જેમ રાજાને પ્રધાનની જરૂર છે તેમજ પુરૂષને સ્ત્રીની જરૂર છે. અગાઉ ઇજીપ્તમાં પણ એવો રિવાજ હતો; કોઇપણ જાતનાં પવિત્ર ધાર્મિક કર્મો એકલા આચાર્યોથી કરી શકાતાં નહિ. ત્યાં તો એથી પણ એક પગલું આગળ હતું. પુરૂષ કરતાં સ્ત્રી ત્યાં વધારે પવિત્ર ગણાતી અને ધાર્મિક અનુષ્ઠાનોમાં તો પતિ પત્નિ કરતાં ઉતરતા પદનો ગણાતો. કેટલાંક ગૂઢ અનુષ્ઠાનોમાં તો સ્ત્રીઓની હાજરીની ખાસ જરૂર હતી, અને જો આચાર્ય પરણેલા નહોય તો કોઇક વૃદ્ધ સ્ત્રીને તેની સાથી બનાવવામાં આવતી.

પછીના વખતમાં સ્ત્રીઓને જૂદેજ પ્રકારે ગણવામાં આવી, અને ખ્રીસ્તિ ધર્મ જોકે સ્ત્રીઓનો વધારે અપરાધી છે, છતાં તે વખતના હિંદુઓ પણ આ ગુન્હામાંથી મુક્ત થઇ શકશે નહિ તે સમયના કહેવાતા તપસ્વી પુરૂષો જેઓ પોતાનો હલકો સ્વભાવ છોડી શકયા નહતા અને અકાલે તપસ્વી બનીને બેઠા હતા, તેમણે સ્ત્રીઓને ઘણાજ ભયંકર શત્રુ જેવી, અને પોતાના લક્ષ્ય તરફ પહોંચતાં રસ્તામાં પથરાયલી જાળ સરખી ગણવા માંડી. હિંદી અને ખ્રીસ્તિ બન્નેએ સ્ત્રીઓને વાસ્તે, પુરૂષને છેતરનાર, બ્રહ્મચર્ય અને વિરાગમાંથી મન હરણ કરનાર, રાક્ષસી, વગેરે અત્યંત નિંદ્ય ઉપનામ વાપર્યાં છે ! આ વખતે એટલું સ્મૃતિમાં આણવું જોઇએ કે આ બાબતો જેમણે લખી છે તેઓ બધા પુરૂષો હતા અને પોતાના નીતિ બળની શિથિલતાને અને ઉચ્છૃંખલ વિકારોને દોષ દેવાને બદલે સ્ત્રીઓનો વાંક તેઓ કાઢતા હતા. જો સ્ત્રીઓએ પોતાના અનુભવની વાતો લખી હોત તો તેવાંજ ઉપનામો તેઓ પુરૂષોને લગાડત. યોગી થવાને ઇચ્છતો પુરૂષ સ્ત્રીમાં ઘણે ભાગે ઇન્દ્રિય ભોગનાં સાધન જેને એ તજવા માગતો હતો તેજ દેખતો હતો. તેવીજ રીતે યોગિની થવા ઇચ્છતી સ્ત્રી પુરૂષને પણ પોતાની યોગપ્રાપ્તિમાં વિઘ્ન જેવો કેમ ન દેખે ?

ઉચ્ચ દૃષ્ટિથી જોતાં પ્હેલાં કહી ગયા તેમ સ્ત્રી એક સહાય સરખી મનાઈ છે, પણ અધમ દૃષ્ટિએ તે એક બંધનરૂપજ છે, એમ મનાયું હતું.

આ વિષય સંબંધી ભગવાન્ મનુ અનિશ્ચિત શબ્દથી લખે છે, કારણ કે કેટલાક શ્લોકો મનુસ્મૃતિમાં એવા છે કે જેમાં તેમણે સ્ત્રીઓનાં વખાણ કર્યાં છે અને તેમને ઉચ્ચ પદવી આપી છે જ્યારે કેટલાક એવા છે કે જેમાં સ્ત્રીઓ તરફ તેઓ વિરક્ત દૃષ્ટિથી જુવે છે. દાખલા તરીકે એ કહે છે:—

शय्यासनमलङ्कारं कामं क्रोधमनार्जवम् ।
द्रोहभावं कुचर्यां च स्त्रीभ्यो मनुरकल्पयत् ॥

મનુએ જ્યારે સ્ત્રીઓને ઉત્પન્ન કરી ત્યારે તેમનામાં શય્યા અલંકાર અને આભૂષણોને માટે અત્યંત પ્રીતિ મુકેલી છે. તેજ પ્રમાણે તેઓમાં વિષય વાંચ્છના, ક્રોધ, અપ્રમાણિકપણું, ઇર્ષાભાવ, સામાનું ખરાબ કરવાની વૃત્તિ અને વ્યભિચાર એ સર્વ ગુણો મુકેલા છે.

આમ છતાંય એ કહે છે કેઃ-

प्रजनार्थं महाभागा पूजार्हा गृहदीप्तयः ।
स्त्रियः श्रियश्च गेहेषु न विशेषोऽस्ति कश्चन ॥

જ્યારે સ્ત્રી સારા ગુણવાળી અને ભાગ્યશાળી હોય અને તેનું વંશવૃદ્ધિને માટે તેવાજ લાયક પતિની સાથે લગ્ન કરવામાં આવ્યું હોય ત્યારે આ પ્રમાણે બનેલા જોડાથી આખું ઘર દીપી રહેછે. આવી સ્ત્રીને લક્ષ્મી સમાન જાણવી જોઈએ. જેવી રીતે નિર્ધન માણસના ઘરમાં કાંઇ પણ ઉજાશ હોતો નથી તેવી રીતેજ સારી સ્ત્રી ઘરમાં હોતી નથી તો સર્વત્ર શૂન્યતા જણાય છે.

આ બન્ને કથનો ચોખ્ખાં અસંગત છે. કોણ જાણે જૂના વિચારના હિંદુભાઇઓ આ બાબતને કેવી રીતે સમજાવે છેઃ પણ હુંતો ત્હેમાંના કેટલાક શ્લોકોને, તે વખતના વિચારને લઇને ઘુસાડી દીધેલા છે એમ માનું છું. કારણ કે તે વખતે સ્ત્રીને ઇન્દ્રિય સુખ મેળવવાનું સ્થાન, વિરાગીની મ્હોટી વેરણ, અને સ્વભાવથીજ દુષ્ટ, તથા પુરી રાખવા યોગ્ય ગણવામાં આવી હતી. પણ મનુ નીચેની બાબત જણાવતાં તેમને માટે ઘણો ઉચ્ચ વિચાર દર્શાવેછે. તે કહેછે કેઃ—

अरक्षिता गृहे रुद्धाः पुरुषैराप्तकारिभिः ।
आत्मानमात्मना यास्तु रक्षेयुस्ताः सुरक्षिताः ॥

ઘરમાં સ્ત્રીઓને વિશ્વાસુ અને આજ્ઞાંકિત સેવકોની સંભાળમાં પુરી મુકવાથી તેઓ સુરક્ષિત થતી નથી, પરંતુ જેઓ પોતાની મરજીથીજ પોતાના મન ઉપર દાબ રાખેછે તે ખરી રીતે તો સુરક્ષિત છે.

સીતા અને દમયંતીથી માંડીને આજ સુધીની સતી સ્ત્રીઓએ બતાવ્યું છે કે શત્રુઓનાં ટોળાં વચ્ચે પણ પોતાના નિષ્કલંક સતીત્વ શિવાય તેમને અન્ય રક્ષકોની જરૂર નથી. આવા સ્ત્રીત્વ વિષેના શુદ્ધ વિચાર રાખનારા દેશમાં પડદાનો રિવાજ રાખવો યોગ્ય છે?

આવી રીતનો સ્ત્રી અને પુરૂષનો સંબંધ જોતાં લગ્નનો આશય શો છે?

મનુ કહે છે કેઃ—

एतावानेव पुरुषो यज्जायात्मा प्रजेतिह ॥
विप्राः प्राहुस्तथा चैतद्यो भर्ता सा स्मृताङ्गना ॥

પુરૂષ પોતે પોતાના પંડ માત્રથી પુરૂષ છે એમ કહેવાય નહિ પણ પોતે તથા પોતાની ભાર્યા જેને પોતાનું અર્દ્ધાંગ કહેલું છે, તેમજ તેમની પ્રજા જે પણ તેમનાં અંગજ કહેવાય છે, તે સંપમાં હોય ત્યારે પુરૂષ એમ કહેવાય.

લગ્ન એટલે વિભક્તનો સયોગ. બે અર્ધભાગ એક થવાને પુરૂષનો જીવાત્મા સ્ત્રીના જીવાત્મા વગરનો હોય છે ત્યાં સુધી પૂર્ણતા પામતો નથી ગૃહિણીને વાસ્તે લખ્યું છે કે સ્ત્રી અને શ્રી(લક્ષ્મી)માં કાંઈ ફેર નથી. બન્ને પૂજવા યોગ્ય છે.

સ્ત્રીઓ પ્રજા ઉત્પન્ન કરી તેમનું રક્ષણ ન કરતી હોય તો સંસાર આગળ ચલાવવાને કયું પાત્ર લાવત ? સંતાન, ધર્મકર્મ, પિતૃઓની અને પોતાની સદ્‌ગતીએ સ્ત્રીઓપરજ આધારભૂત છે. આટલા માટેજ દરેક પુરૂષે સ્ત્રીને માન આપવું જોઇએ છે. સંપત્તિની ઈચ્છાવાળા પિતાએ, ભાઈએ, પતિએ અને દીયર જેઠે સ્ત્રીને સંપૂર્ણ માન આપવું જોઇએ જે કુળમાં વધૂઓને દુઃખ દેવામાં આવે છે તે કુળ જલદીથી વિનાશ પામે છે પણ જ્યાં તેમ નથી ત્યાંતો કુળની વૃદ્ધિજ થાયછે. અપમાન પામેલી ગૃહપત્નિ જો કુટુંબને શાપ આપેછે તો તે કુટુબ નક્કીજ વિનાશ પામેછે.

સ્ત્રી પુરૂષનો સંબંધ જીવનપર્યંતનો છે. દેવતાઓનીજ પાસેથી મનુષ્યને સ્ત્રી મળેછે અને તેથી તેણે તેની તરફ હંમેશ નિમકહલાલ રહેવું જોઇએ છે.

પરસ્પર દૃઢ પ્રેમ મરણ સુધી રહે, એજ દમ્પતીને વાસ્તે કરેલા કાયદા કાનૂનોનો સાર છે. અખંડિત જીવનપર્યંતનો સ્નેહ અને અંતરનું ઐક્ય એજ હિંદુઓના લગ્નનો આશય છે.

એટલુંજ નહિં પણ વળી પતિ પત્નિનો ગુરૂછે અને તેનો ધાર્મિક શિક્ષક છે, અને પોતે પણ સદુપદેશ અને નીતિના ઉચ્ચ માર્ગે ચાલવાની સહાય સ્ત્રી પાસેથી લેતો હોવાથી તેના ઋણમાં છેઃ પરંતુ ખરેખર દિલગીરીજ થાય છે કે આજના ભરતખંડમાં સ્વામિ પોતેજ શંકાશીલ અને શ્રદ્ધા વગરનો, પોતાની પત્નિને ધર્મને માર્ગે દોરવાને તદ્દન નાલાયક-થઇ પડયો છે ! ખરૂં પુછો તો હિંદુ ધર્મ, અબળાઓનાજ હૃદયરૂપી નિર્લેપ મંદીરમાં પોતાનો આશ્રય લીધોછે, જ્યાંથી તેને કદી પણ બ્હાર નીકળવું પડે એમ લાગતું નથી.

અન્યોન્ય પ્રેમ, અન્યોન્ય સન્માન, અન્યોન્ય આદર, એજ લગ્નનો ઉદ્દેશ છે. પતિ, પત્નિને રક્ષણ આપેછે. પત્નિ તેને અંતઃકરણથી પૂજ્યભાવ સાથે જુવેછે અને તેની આજ્ઞાઓનું પાલન કરેછે. વળી તેઓ એક એકને જીંદગીના જૂદાજૂદા સયોગોમાં શિખામણ અને સહાય આપેછે. જેવી રીતે મન ઇન્દ્રિયોને દોરેછે અને ઈન્દ્રિયો સ્વશક્તિથી મનને પ્રેરેછે, તેવીજ રીતનો સંબંધ વિવાહિત સ્ત્રી પુરૂષમાં રહેલોછે.

આવીજ રીતનો લગ્નનો આશય પ્રાચીન કાળના મહાત્માઓના મનમાં જણાયલોછે. તે આશય પ્રમાણે વર્ત્તલા હજારો દાખલાઓ ઈતિહાસ પુરાણોમાંથી મળી આવે છે શ્રી રામ અને સીતાનો દાખલો તો ઘણોજ જાણીતો છે. લગ્ન પછીના સુખ અને આનંદના દિવસો વીત્યા પછી તેમને રાજગાદીએ બેસવાના દિવસો આવેછે અને તેજ વખતે રામચંદ્રજીને વનવાસ જવાનો ઓચિંતો ઘા સહન કરવો પડે છે. વનવાસને માત્ર એક સ્થાનાન્તર ગણુતી સાધ્વી સીતાને તેની લેશ માત્ર પણ ચિંતા નહોતી. એટલુંજ તે જાણતી કે પોતાનો સન્માર્ગ પોતાના પતિની સાથે રહેવામાં છે.

જૂદાં પડતી વખતે ખિન્ન વદને "હવે તો હું જાઉં છું" કહેતાં રામચંદ્રજી તૈયાર થયા ત્યારે સીતાજીના, તેમની સાથે જવાને, આજીજીના કેવા કોમળ શબ્દો નીકળે છે ?

જંગલનાં 'સંકટો નહિ સહન થાય' એ પતિના વિચારને તે કેવી રીતે ખોટો સિદ્ધ કરી આપેછે ! જ્યાં પોતાનો પ્રિયતમ પોતાની સાથે હશે ત્યાં તો તીક્ષ્ણ કાંટા પણ શિરીષ ફુલ સરખા કોમળ લાગશે. ઉડની રજોટી ચંદનરજ જેવી થઇ જશે. કંદમૂળ અમૃત સરખાં સ્વાદિષ્ટ લાગશે અને પૃથ્વીપર શયન તેજ પર્યંકશયન જેટલું સુખ આપશે.

" એ નાથ ! આટલી મ્હારી વિનંતી સ્વીકારો. મ્હારૂં હૃદય તમને સોંપેલું છે. તમનેજ વળગી રહેલી. ત્હમારા શિવાય હું કેમ જીવી શકીશ. પ્રાણપ્રિય ! ત્હમારો સહચાર મને સ્વર્ગતુલ્ય છે. જો મને તજીને જવાના હો તો પહેલાં મને પ્રાણત્યાગ કરવાદો. ત્હમારા વિરહનું દુઃખ મ્હારાથી એક ક્ષણ પણ સહન નહિ થાય. તો ચોદ વર્ષ તો કયાંથીજ જશે ?

આવી આવી નમ્ર વિનંતીઓથી તેમનું હૃદય પીગળ્યું અને જ્યારે તેમણે પોતાની સાથે આવવાની હા કહી ત્યારે કેટલી ત્વરાથી સીતાજીના હૃદયને શાંતિ મળી ગઈ: પોતાનું અંતરરત્ન પોતાની પાસે હતું, તેથી કેટલા આનંદ સાથે તેમણે પોતાનાં વસ્ત્રાભૂષણ ફેંકી દીધાં ?

શ્યામ વસ્ત્ર ધારણ કરી છુટા વાળ સાથે કાંઇ પણ દમામ રાખ્યા વગર જ્યારે રામચંદ્રજી વનવાસે નીકળ્યા ત્યારે સીતાજીની આંખમાં આંસુ આવ્યાં નહતાં. એ એકલાં હતાં કે જ્યારે ક્રૂર રાવણ અને તેનાથી પણ ક્રૂર તેના રાક્ષસોથી કેદી થએલાં હતાં, ત્યારે પ્રાણ રક્ષણ કરતાં પણ શીલરક્ષણ વાસ્તે જેમણે મૃત્યુના મુખમાં માથું ઘાલ્યું હતું. એ કાંઇ અબળા જેવી અબળા નહતાં. હાલની સ્ત્રીઓને પેરે અસ્થિર પ્રીતિ તેમના હૃદયમાં નહતી. પરંતુ તે હિંમતવાન્ અને બહાદુર હતાં. તેમનું ધૈર્ય તેમના જેટલું જ પ્રબળ હતું.

"સૂર્યની કિરણમાળા સૂર્યની છે, તેવીજ રીતે હું મ્હારા રામચંદ્રની છું. એમને લીધેજ તેજસ્વી છું."

આવી રીતનાં તે ધીર અને સદભિમાની હતાં. હનુમાન્ તેમને છુપી રીતે લઇ જવા આવ્યો ત્યારે તેમણે ચોખ્ખી નાજ કહી. એકલા રામચંદ્રજીજ તેમને બચાવવાને આવવા જોઇએ. જો એ મદદે ન આવ્યા હત તો તેમણે બાકીના દિવસો કારાગૃહમાંજ કાઢયા હોત.

સીતાજી જો કે સર્વોપરી સતી હતાં, પરંતુ ત્હેવાં તે કાંઈ એકલાં નહતાં. ભારતની બીજી પણ સતીઓ તેમની સાથે તુલનામાં મુકી શકાય તેવી હતી.

દમયંતીએ પોતાના પતિના સ્વચ્છંદ અને દુર્ભાગ્યમાં પણ નવિન નવિન સ્નેહ નળરાજા તરફ બતાવ્યો છે સાવિત્રીએ પોતાના સ્વામિને યમના પાશમાંથી છોડાવ્યો છે. દુષ્યન્તે જો કે શકુન્તલાને વિસરી હતી અને તજી દીધી હતી, છતાં પણ તેણે પતિ તરફ અકલંકિત પ્રેમ બતાવ્યો છે. દ્રૌપદીને જો કે મહેલમાંથી કારાગૃહમાં જવું પડ્યું છતાં પણ પોતાનું શરીર તેણે પતિ તરફના અનુરાગને સ્વાધીન કર્યું હતું

આવી આવી સાધ્વીઓનાં નામ એક પછી એક ગણતાં મૃદુ સંગીત સરખું લાગે, તેમાં કાંઇ નવાઈ નથી.જેવી રીતે સ્ત્રીઓ સદ્ગુણી હતી તેવીજ રીતે,પુરૂષો પણ કેટલીક વખતે

સદ્ગુણી હતા. રામચંદ્રજીનો અક્ષય પ્રેમ, સત્યવાનના મનની ઉદારતા, યુધિષ્ઠિરનું ધીરજ યુક્ત શૌર્ય,-વિગેરે ઘણા દાખલા જડી આવેછે.

કેટલીક વખતે પતિની નિર્બળતાને લીધે તેની પત્નિની શુદ્ધ ભક્તિ ઘણી સરસ દીપી ઉઠે છે. જેવી રીતે માતા તરીકે છોકરાને મારી આપે છે, તેવીજ રીતે દુર્ગુણી પતિને પોતે તાબે થાય છે.

પ્રાચીન સમયની સ્ત્રીઓ પતિઓને આનંદ આપતી હતી, એટલુંજ નહિં પણ તેઓ ગૃહદીપ સરખી હતી. વિપત્તિને સમયે તે મંત્રિણી હતી. દ્રૌપદી યુધિષ્ઠિરને શિખામણો આપે છે, સીતા રામચંદ્રને યોગ્ય સલાહ આપે છે. જ્યારે બીજા સર્વ દુર્યોધનને સમજાવવામાં અને અકૃત્ય કરતો રોકવામાં નિરાશ થયા, ત્યારે ગાન્ધારી સભા વચ્ચે આવીને દુર્યોધનને વારવા લાગી. તે વખતે કાંઇ જનાનાનો રિવાજ ન હતો, ઘરની અંદર સ્ત્રીઓને કેદખાનાં ભોગવવાં પડતાં ન હતાં. તે વખતે તો પોતાના પતિના વ્હોળા જ્ઞાનમાં તેને ભાગ લેવા દેવામાં આવતો; તેથીજ તે ઉત્તમ ગુણવાળા પુત્રોની માતા થવાને, દુઃખ અને સંકટ સમયે તેમને શાંતિ આપવાને યોગ્ય થતી હતી.

જૂના વખતના હિંદુઓમાં એક રિવાજ જોવામાં આવે છે જે હાલના વિચારના માણસને ખરેખર કંપાવે છે. તે રિવાજનો લગ્નના ઉદ્દેશની સાથેનો સંબંધ ઘણોજ જલદીથી માલુમ પડી આવે છે. એ રિવાજ સતી થવાનો હતો. સ્ત્રીને પોતાના પતિની સાથે બાળી મુકવી, એ ખરેખર પાપજ છે. આવું છે છતાં તે રિવાજ કેવી રીતે દાખલ થયો, અને તેની અંદર છુપું સત્ય શું હતું, તેતરફ આપણે બેદરકાર રહેવાનું નથી. આજકાલના મનુષ્યો જેનજરથી જુવે છે તેથી કંઇક ગૂઢજ ભેદ હતો. આવું એક કારણ એ છે કે તે ગૂઢ ભેદની તેમને ખબર ન હતી, અને બીજું કારણ એ છે કે જૂના વખતમાં જે લાગણીથી કોઈ સ્ત્રી સતી થતી, તે લાગણી હાલ ભાગ્યેજ જોવામાં આવે છે.

લગ્નનો ઉદ્દેશ જ્યારે સંપૂર્ણ રીતે સિદ્ધ થાય છે, ત્યારે પતિ અને પત્નિનું જીવન એવું તો એકમેક થઇ જાય છે કે એ-ને બીજાનો વિયોગ અસહ્ય થઈ પડે છે. આમ્રવૃક્ષપર ચઢી ગએલી જુઇની વેલ જેમ એ વૃક્ષની સાથે પડીજ જાય છે, તેવી રીતનું તેમના જીવનમાં હતું. આમ હતું તેથી જ્યારે પતિ વિદેહ થતો ત્યારે સ્ત્રી પણ વિદેહ થતી. નહિં કે બહારના દબાણને લીધે પરંતુ અંતરની તીવ્ર ઇચ્છાને લીધે, નિષ્કલંક સતીત્વ અને નિષ્કલંક સ્નેહને લીધે, ઉત્પન્ન થતો અગ્નિ પ્રિયતમની પાછળ મૃત્યુ પામવાને ઇચ્છતી પત્નિના શરીરમાં પોતાની મેળેજ સળગી ઉઠતો અને આવીજ રીતે તેનો દેહ બળીને ખાક થઇ જતો. ખરેખર, આજના મનુષ્યને એ નવાઈ જેવું લાગશે, પણ જેઓ જાણે છે કે વિદ્યુત્ પ્રવાહ અને તેનું પરસ્પર સંમેલન, જે અત્યંત તાપ ઉત્પન્ન કરે છે, તેનાથી આપણું શરીર ભરપૂર છે, તેમને તરતજ લાગશે કે આ વાતમાં કાંઈ અચંબા જેવું નથી. આપણને ખબર છે કે દમયંતીની ઉપર જ્યારે શિકારીએ બળાત્કાર કરવાનો યત્ન કર્યો ત્યારે તેના રૂદ્ર શરીરમાથી અગ્નિની ઝાળ નીકળી હતી અને તેને બાળીને ભસ્મ કરી દીધો હતો કુદરતમાં કેટલીક છુપી શક્તિઓ હોય છે કે જેને માણસો જાણતા નથી અને છતાં તે સંબંધી વાત કરતાં તેઓ આવી બાબતોને મશ્કરીમાં કાઢી નાખે છે !-જો કે વિજ્ઞાન શાસ્ત્રનીઅચંબા જેવી શોધોથી તેઓ હવે કુદરતની ગૂઢ વાતો ઉપર અ વિશ્વાસ આણતાં અટકયાછે.

અને જો અહિંની અને ત્યાંની સ્થિતિ જૂદીજ હોય, તો કેળવણી પણ જૂદાજ પ્રકારની હોવી જોઇએ છીએ. ભલે કેટલીક હિંદુ છોકરીઓ યુનિવર્સીટીની પરીક્ષાઓ પાસ કરે, પણ સામાન્ય છોકરીઓને તો જૂદાજ પ્રકારનું શિક્ષણ જરૂરનું છે.

પશ્ચિમમાં હજારો સ્ત્રીઓ, પુરૂષોની સાથે હરીફાઇ કરતી હોય તેમ પૈસો કમાવાને મહેનત કરે છે. ત્યાં તો સ્ત્રી પુરૂષ એકજ કામ માટે સ્પર્ધામાં ઉતરે છે અને મહેનત કરવામાં એક એકથી ચઢીઆતાં થવાનો યત્ન કરે છે. સ્ત્રીઓ પુરૂષો કરતાં ઓછે પગારે નોકરી રહે છે કારણ કે પોતાનું ગુજરાન ચલાવવાને તેમને થોડા પૈસા બસ થાય છે. ત્યાં પતિની કમાણી કુટુંબનું ભરણ પોષણ કરવાને પુરતી ન હોવાથી પત્નિને પણ સાથે કમાવાને નીકળવું પડે છે. સ્ત્રી આમ બ્હાર જાય છોકરાં ઘેર રખડતાં ફરે !–અને આ વાસ્તે પાછાં તેમને નવાં પગલાં લેવાં પડયાં છે. એક તો બાલક્ષેત્ર અને બીજું બાલશાળા, જે બન્ને સુધારાને યથાશક્તિ મદદ આપે છે. આવી રીતે બાલકો તરફ બેદરકારીને લીધે તથા અનારોગ્યને લીધે ખાસ કરીને ગરીબ વર્ગમાં બાળકોનાં મરણ વધવા લાગ્યાં. શહેરમાં તો પાંચ વર્ષથી નાનાં પૈકી અડધાં બાળકો મરણને શરણ થતાં ! પુરૂષ અને સ્ત્રીની આવી પૈસો કમાવાની સ્પર્ધા ધીમે ધીમે વધારે ને વધારે ફેલાઇ અને કેળવાયલા કુટુંબોમાં તેનો પ્રચાર થયો. ઉંચા કુટુંબની છોકરીઓને પણ પોતાની જીંદગી જેટલું કમાવાની ફરજ પાડવામાં આવી. તેઓને તો ઉંચી જાતનાં કામો કરી પૈસો કમાવો જોઈએ. આથી વિશિષ્ટ પ્રકારની સ્ત્રી કેળવણી આપવાની શરૂઆત થઈ.

બાલિકાને છોકરાઓની પેઠેજ શિક્ષણ આપવામાં આવ્યું, કારણ કે મોટાં થયે તેમને તેમની સાથેજ સ્પર્ધા કરવાની હતી. કેળવણીનો ઉદ્દેશ તેમને સારી માતાઓ અથવા ગૃહિણીઓ બનાવવાનો નહતો, પરંતુ સારી મીડવાઇફો, વકીલો, મહેતીઓ વિગેરેમાંનામના મેળવવાની હતો. આવી કેળવણી સારી છે કે નરસી, તે દરેક દેશને પોતાની મેળે નક્કી કરવાનું છે અને તે નક્કી થયા ઉપર તેનું ભવિષ્ય અવલમ્બેલું છે. આપણે તો માત્ર એટલુંજ જોવાનું છે કે આવી રીતની કમાણી એકઠી કરાવવાનો અને હજારો સ્ત્રીઓને પુરૂષો સાથે કામમાં ઉતારવાનો આપણો વિ·ાર છે કે કેમ ? જો નજ હોય, તો સ્ત્રીઓને વાસ્તે દેશકાળને યોગ્ય કેળવણી આપણે ઘડી કાઢવી જોઈએ. હાલ જે બાળકીઓ છે તેજ ભવિષ્યમાં ગૃહિણીઓ અને માતાઓ થવાની છે. ઘરકામનો, છોકરાંઉંયાં વિગેરેનો ભાર તેમનેજ માથે પડવાનો છે અને તેમનાજ ઉપર કુટુંબનું આરોગ્ય અને શાંતિ આધાર રાખે છે. આપણે અહિંઆં તો ગૃહણી એ ઘરની રાણી છે અને તેમનાં કર્તવ્યને યોગ્ય જ તેમને કેળવણી આપવાની છે.

ત્યારે પ્હેલાં તો લખતાં વાંચતાં આવડવું જોઇએ અને સ્વભાષાનાં સાહિત્યનું જ્ઞાન તેમને થોડું ઘણું હોવું જોઇએ. ત્યાર પછી પ્રાકૃત ભાષાન્તર વાંચવાને બદલે મૂળ તમાંજ લખાયલી ચોપડી વાંચવા જેટલું તે ભાષાનું જ્ઞાન હોવું જોઇએ, અને તે પછી ક ઇંગ્રેજી શિક્ષણ પણ આપવું. કારણકે પશ્ચિમનાજ શિક્ષણમાં તન્મય થએલા તેમના ાોના જીવનમાં તેઓ તેથી સારી રીતે ભાગ લઈ શકે. પછી ઘર કામમાં જરૂર જેટલું ્ન કિતાબનું જ્ઞાન પણ આપવું જોઇએ. ત્યાર બાદ કુટુંબીઓના સંરક્ષણ વાસ્તે જેટલા

આરોગ્યના નિયમો પણ શિખવવા જોઇએ, કયા પદાર્થો બાળકોને પોષક છે તેનું થોડું જ્ઞાન, થોડુંક વૈદકનું જ્ઞાન, વાગ્યું હોય તો તરત શા ઇલાજો લેવા વિગેરે તરત કરવાના ઉપાયોનું, માંદા માણસની માવજત કરવાનું, ઘરકામમાં ઉપયોગી થોડુંક વિજ્ઞાનનું-એ વિગેરે કેટલુંક અગત્યનું શિક્ષણ આપવું જોઇએ.

અને ત્યાર પછી કંઇક કળાઓ: દાખલા તરીકે સંગીત, ચિત્રકામ ભરતગૂંથણ. અથવા બીજું કાંઇક સ્ત્રીની નિપુણતામાં વધારો કરે તેવું જ્ઞાન આપવું જોઇએ.

આવી રીતે છોકરીઓને, સાહિત્યનું, વિજ્ઞાનનું, કળા હુન્નરનું, ધર્મકર્મનું, તેમની ચાલ ચલગતને સુંદર કરે તેવું જ્ઞાન સંપૂર્ણ રીતે મળે પોતાનો લગ્નનો ઉદ્દેશ જાળવવાને આવીજ કેળવણી હિંદુસ્તાન, તેની ગૃહિણીઓને આપશે.

પરંતુ આ બધું જ્યારે કરીએ ત્યારે લગ્ન કરવાનો સમય જરા મોડો કરવાની જરૂર જણાય છે વળી બીજાં કેટલાંક કારણોને લઇને પણ એ ફેરફાર કરવો જરૂરનો છે.

આવો ફેરફાર ધીમેધીમે કરવાને વિવાહ જરા મોડો કરવો અને લગ્ન તો ચોદ વર્ષની પહેલાં નજ થવા દેવું. મોડું લગ્ન કરવાથી છોકરીઓ બાળક અવસ્થામાં માતાઓ થતી અટકશે અને આવી રીતે હિંદુસ્તાન પોતાનાં સંતાનના આરોગ્યને બચાવશે. એથી, કુદરતના પવિત્ર નિયમો ભાગ્યા હોવાથી, તેની શિક્ષા સરખા બાળકોના રોગો અને અને અકાલે થતાં મરણો ઓછાં થશે. કેળવણી લીધેલી માતા, પોતાનાં છોકરાંને સારી કેળવણી આપવાને, તેમની તંદુરસ્તી જાળવવા[illegible] તેમના ખાવાપીવાપર દેખરેખ રાખવાને શક્તિવાળી થશે. એ કાંઇ અશિક્ષિત[illegible] તો તેના લગ્નના ઉદ્દે[illegible] થઇ શકવાનું નથી. આવી નિપુણ અને સંભાળ લેનારી માતાર[illegible] કુલિનતા અને સ્વાત્માપ[illegible]માં, પોતાના કુળ તેમજ દેશને ઉદ્ધારે તેવાં પુત્રપુત્રીઓ ઉત્પ[illegible]ળાઓજ હાલ હિંદુધર્મનું સારી[illegible]

સ્ત્રી-શિક્ષણની વ્યવહારિક વ્યવસ્થા.

લેખક: રા. રા. મગનલાલ માણેકલાલ ઝવેરી.—મુંબઈ.

૧.

જેટલી નવાઇથી આપણે અમેરિકાના નિગ્રો-સીદી-ને જોઇએ છીએ તેટલીજ નવાઇથી યુરોપીયનો આપણને જુએ છે. જેટલો ફરક આપણી અને યુરોપીયનોની ચામડીમાં છે, તેટલોજ ફરક-બલ્કે તેથી ઘણો વધુ-આપણા અને સીદીઓમાં છે. જેવી ઉતરતી દૃષ્ટિથી આપણે સીદીઓને જોઇએ છીએ તેવાજ પ્રકારની દૃષ્ટિથી લગભગ આપણે યુરોપીયનોથી જોવાઇએ છીયે. પણ આથી એટલું તો જણાય છે કે આપણે એ નિગ્રો-સીદીઓ કરતાં ઉચ્ચ હોવાનો દાવો રાખીયે છીયે. જોરના વિષયમાં તો આપણે એક દાખલો હમણાંજ જોઈ ગયા છીએ કે એક હબશી મુક્કાબાજે એક અગ્રેજ હરીફને સખત હાર આપી છે. એ હબશીઓ-સીદીઓએ-કેળવણીનો કયો વ્યવહારિક ઇલાજ પોતાની જાતિને સારૂ લીધો છે તે પણ બુકર. ટી. વૉશીંગટનના દાખલાથી જણાય છે. પણ આપણને તે સાથે અત્ર કશો સંબંધ નથી. હબશીઓ-કે જેઓને આપણે જંગલી લેખીયે છીયે તેઓએ—સ્ત્રી-શિક્ષણના સંબંધમાં કેવો અને કયો વ્યાવહારિક ઉપાય કામે લગાડયો, તેજ માત્ર આપણે જોઇશું. એક જંગલી જાતિનું જોડું-અને તે પણ સાધારણ સ્થિતિનું-કેટલાં જાતિબંધુ અને ભગિનિઓને સુધારી શકે છે, તેનો આછો ખ્યાલ આપણને નીચલા વાંચનથી મળી શકશે. આપણી સાધારણ સ્થિતિની બ્હેનો કે જેઓમાં શિક્ષાનો થોડોઘણોએ સંચાર થયેલો છે, તેઓ જો આમાંથી કાંઈ ગ્રહણ કરી ઉપયોગી કાર્ય કરવાનું બીડું ઝડપશે તો આ હતભાગી હિન્દને કાંઇક લાભ પહોંચાડવાનું પુણ્ય જરૂર તેમને હાંસલ થશે. તેઓએ ધ્યાનમાં રાખવું જોઇએ છે કે "આપણી પાસે કાંઇ પૈસા છે કે આપણે કંઈ કરી શકીએ ?" એ તેઓનો ખ્યાલ ભૂલ ભરેલો છે. પૈસાદારો કશું વ્યવહારિક કાર્ય ભાગ્યેજ કરી શકે છે, ઘણાંખરાં લોકોપયોગી કાર્યનો ઉદ્ભવ સાધારણ સ્થિતિનાં માણસો તરફથીજ થાય છે. પૈસાદારો તો માત્ર મદદજ કરી શકે છે, અને તે પણ એક વ્યવહારૂ યોજના બહાર આવ્યા પછીજ. માટે અગાઊથી તેમનાપર વિશ્વાસ રાખી બેસી રહેવું ઉચિત નથી.

એક સ્યામકાય (હબસી)બાનુએ પોતાની જાતિના ઉદ્ધારાર્થે એક અદ્‌ભુત યુક્તિ શોધી કાઢી છે. તેણે હેમ્પટનના વિદ્યાલયમાં સારી રીતે શિક્ષણ મેળવ્યું છે. સદ્‌ભાગ્યથી તેનો વિવાહ હૅરસ ઍરિટ નામના એક ઉન્નતિશીલ સજ્જનથી થયો છે. તેણે પણ તેજ વિદ્યાલયમાં શિક્ષણ મેળવ્યું છે. એ સ્ત્રીની ઇચ્છા હતી કે તે એક એવી સ્કુલ ખોલે કે જ્યાં તેનાં જાતીબંધુ પ્રારંભિક શિક્ષણ પ્રાપ્ત કરી શકે. પણ તે સ્થાનમાં તે તેમ કરી શકી નહિ એથી તેણે એક નવી યુક્તિ શોધી કાઢી. જો કે તેનો નિર્વાહ સારી રીતે ચાલતો હતો. પરંતુ બીજાને વાસ્તે ખર્ચ કરવા તેની પાસે ધન નહોતું. તેને એ કામને સારૂ સમય પણ નહોતો અને શક્તિ પણ નહોતી. કારણ કે એક ગૃહપત્નીનો ભાર ધારણ કરી ચૂકી હતી, ઘરમાં પતિ અને બચ્ચાંઓને આનન્દ આપવાનું તેણે માથે લીધું હતું. એથી ઘરનાં કામને બીજા છોડીને તેને પરોપકાર ધનમાં મંડવું ઉચિત ન લાગ્યું. તેણે પોતાનાં ઘરનાં કામને દ્રષ્ટિથી બરોબર કર્યું,-જેવું કે તેને હેમ્પટનના વિદ્યાલયમાં શીખવવામાં આવ્યું હતું. તેણે પોતાનાંજ ઘરને પોતાની કર્તવ્યતાનું સ્થળ બનાવ્યું, અને સાંજ સ્વજા-

તિની સ્ત્રીયોને ઉત્તમતાથી જીવન વ્યતીત કરવા યોગ્ય શિક્ષણ દેવાની યોજના કરી.

પ્રથમ તેણે પોતાની સુશિક્ષાની સહાયતાથી પોતાનાં ઘરની ન્યુનતાઓને પૂર્ણ કરવા માંડી, અને પોતાનાં પરોશીયોને કહ્યુ કે જ્યારે તેમને આવવું હોય ત્યારે ખુશીથી તેને ત્યાં આવવું. તેણે એ નિમંત્રણ પોતાની જાતિનાં થોડાંકને આપ્યું, પણ પોતાના મનની અભિલાષા કોઇને જણાવી નહીં. સાધારણ રીતેજ તેણે બીજાને પોતાને ઘેર આવવાની પ્રાર્થના કરી. સ્વાભવથું હબશીયોની સ્ત્રીઓ વાર્તાલાપ કરવો, અને એક બીજાને મળવું વગેરે આપણા લોકોની માફકજ ઘણું પસંદ કરે છે. એથી પડોશી સ્ત્રીયોની બૅરિટને ઘેર ભીડ થવા લાગી, અને તે વધતાં વધતાં એટલી બધી વધી કે જે બીજું કોઇ હોત તો ગભરાઇ જાત. પણ આ દૃઢવ્રતવાળી સ્ત્રી આવનારાંઓથી બીલકુલ ન કંટાળતાં તેમનો અંતઃકરણપૂર્વક સત્કાર કરતી અને જીવ ખોલીને તેમની સાથે વાતો કરતી. એ સ્ત્રીયોને ઘેર બોલાવવાનું મિસિસ બૅરિટને એટલુંજ પ્રયોજન હતું કે ગૃહકાર્ય કેવી રીતે કરવું જોઇએ તે તેઓને બતાવે. તેણે વિચાર કર્યો કે એ લોક જરૂર મારાં કામની નકલ કરશે- અને તેઓમાં સ્પર્દ્ધા તથા અનુકરણની વૃત્તિ જરૂર જાગૃત થશે. પણ તેણે એ વાતનો નિશ્ચય કર્યો કે તે કદી પણ એવું પ્રગટ કરશેજ નહિ કે તેની પોતાની રીતિ બીજીઓનાં કામ કરવાની રીતિથી સારી છે. તે મનુષ્ય-સ્વભાવને સારી પેઠે જાણતી હતી. તેને વિશ્વાસ હતો કે તેનાં કાર્યના સંબધમાં સ્ત્રીયો જરૂર તેને પ્રશ્ન કરશે. જે સમયે તે સ્ત્રીયોને મળતી તે સમયે તેઓના દેખતાં પોતાનું કામ કે જે તેને તે સમયે કરવાનું હોય તે બરાબર કરતીઃ પછી તે ભલે કપડાં ધોવાનું હોય, ભલે ઇસ્તરી કરવાનું અથવા ગ્રાવ્રા મૂકવાનું, યા ભોજન કરવાનું હોય. આ સંબંધી વાતોનું પરિણામ તેણે ધાર્યું હતું તેમજ આવ્યું. અને બધી સ્ત્રીઓ તેને તરેહ તરેહવાર પ્રશ્નો પૂછવા લાગી. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે સ્વજાતિની બીજી સ્ત્રીયોથી જુદી રીતે શા સારૂ તે કામ કરે છે, ત્યારે બૅરિટની સ્ત્રીએ સરલતા-પૂર્વક, સ્પષ્ટ શબ્દોમાં ગૃહકાર્ય-કૌશલ્યની યુક્તિઓ બતાવી. થોડાજ વખતમાં જે છોકરીઓ તેને મળવા આવી હતી, તેમાંથી ઘણીઓએ તેના કામમાં મદદ આપવાની ઇચ્છા દર્શાવી. તેની કામ કરવાની ખૂબી એ હતી કે તેજ કામ કરતી તે જોનારને એક રમત જેવું લાગતું. અને તેથી જોનાર પણ એ ખેલમાં શામિલ થવા ઉત્સુક થઇ જતું. એવી રીતે પહેલાં જોઇ અને પછી હાથથી કરવાથી, તે સ્વજાતીય સ્ત્રીયોએ નવીન વસ્ત્રો વેતરવાં, અને સીવવાં, ભોજન બનાવવું અને સ્વચ્છતાથી પીરસવું, લાદીને સાફ કરવી, ઘર શણગારવું, બચ્ચાં સંભાળવાં, અને બાગમાં ફળ, ફુલ, શાકભાજી આદિ બનાવવાની વિદ્યા ત્વરાથી શીખી લીધી. અને જ્યારે તેઓને આ બધું ગૃહકાર્ય આવડયું, ત્યારબાદ તેમને થોડું થોડું ત્હેણે ભણાવવા પણ માંડ્યું

થોડા સમયમાંજ, વરજીનીયા પ્રાન્તના હૅમ્પટન નગરની લોકારર (હનકી વસતિવાળી) ગલીમાં શ્રીમતી બૅરિટનું ઘર એક સ્ત્રી-સમાજ જેવું થઇ પડયું. પણ જગ્યા ટુંકી પડતી લાગવાથી તેણે બીજું એક ઘર પોતાના ધણીની મદદથી બંધાવ્યું. આગળ જોઇ ગયા તેમ એ બંન્ને સ્ત્રી-પુરૂષ શિક્ષિત હોવાથી એક બીજાનાં ભલાં કામમાં સહાનુભૂતિ રાખતાં. આથી છોકરાંઓને તો જાણે સાદી રમતો વગેરે રમવાનો એક અખાડોજ મળી ગયો ! આવી રમતોમાં પણ એવો અર્થ સમાવવામાં આવ્યો હતો કે જેથી તેમની શીઘ્ર ઉન્નતિ થઇ શકે. હાલમાં

ત્યાં આશ્રવાડીયામાં ત્રણ વખત સ્ત્રી-શિક્ષા સારૂ એક ક્લાસ મળે છે, તેમજ છોકરીઓ અને છોકરા તથા સ્ત્રીયો તેમજ પુરૂષો પોતાનું જીવન ઉત્તમતાથી વ્યતીત કરવાનું શીખે છે. મિસિસ બૅરિટ બધું કામ પોતેજ કરે છે, પણ હાલમાં તેને થોડી મદદ કેટલાક પરોપકારી જનો તરફથી મળે છે, જેઓએ વગર પગારે એ કામ કરવાનું સ્વીકાર્યું છે. નાનાં છોકરાંઓને કિંડરગાર્ટન રીતે શીખવવામાં આવે છે, ને તેઓ મોજથી શીખે છે. ગરમીના દિવસોમાં તેઓને બાગ સંબંધી કામ (Gardening) શીખવવામાં આવે છે. ભજન-ગાયન, અને ધાર્મિક શિક્ષણ રવિવારે અપાય છે.

આ બાઈની એવી દૃઢ માન્યતા છે કે નકામાં બેશી રહેવાથી ચિત્ત ચંચળ થઈ જઈ બુરા વિચારોમાં પ્રવર્ત્તે છે. આથી તે ખેલ જેવાં કામ કરાવે છે, જે મનોરંજક લાગવાથી સ્ત્રીબાળકો ખુશીથી કરે છે. શિષ્યો ખેતરમાં બાગ બનાવવાનું કામ કરતા હોવાથી તેઓને તે અતિ આનંદકારી લાગતું હતું. કોઇ કોઇ માસિકો, અને પુસ્તકો વાંચે છે. મકાનની પાસે આરોગ્યતાજનક અને દિલ લોભાવનારાં ખેતર છે, ત્યાં સર્વે હરે ફરે છે. નાના પ્રકારનાં કસરતનાં સાધન પણ ત્યાં રાખેલાં છે, જેથી રમતસાથે કસરત થાય છે. છોકરાંઓને સ્વચ્છ અને પવિત્રાચરણ થવાની શિક્ષા આપવામાં આવે છે. બધાં પ્રેમપૂર્વક રમે છે. કોઈ લડાઇ કરતું નથી અને ગાળો બોલી શકતું નથી. જો કોઇ તેવું કરે તો તેને સભામાંથી કાઢી મૂકવામાં આવે છે પણ જો તે માફી માગે અને પાછો એવો ગુન્હો નહીં કરે એવી ખાત્રી આપે તો તેને ફરીથી દાખલ કરવામાં આવે છે. એ બાઈનો સિદ્ધાંત છે કે જો નાનપણથીજ છોકરાંઓને—સભ્યતાનું સત્ય ચિન્હ-સદાચાર, શીખવવામાં આવે તો મોટાં થતાં પણ તેઓ તેને ભૂલી શકતાં નથી. અને સદાચાર એ નીતિનું મૂળ છે. જો જનસમાજ નીતિવાળો થાય તો તેની આર્થિક, સાંસારિક અને ધાર્મિક સ્થિતિ પણ નૈતિકની સાથે એકદમ પોતાની મેળે સુધરી જાય. વર્ષમાં એકવાર " Baby-Day " (છોકરાંઓનો દિવસ) પાળવામાં આવે છે. અને તે દિને તેમને મિષ્ટાન વિગેરે આપી, બ્હાર ફેરવી, મેળા જેવું કરવામાં આવે છે. આ સમયે ભોજન-પ્રબંધ " King's Daughters " (કીંગ્સ ડૉટર્સ)-રાજપુત્રિઓ નામની એક મંડલી કરે છે, અને તે દરેક, દશ બચ્ચાં અને તેનાં માબાપને નોતરે છે. મિસીસ બૅરિટ એકસો યજમાનોને નોતરે છે, અને તેમાં જેમને મેળો જોવાનો કદી અવસર ન મળે એવાં વૃદ્ધ અને નિર્બળ માણસોને પણ નોતરે છે. આ મહોત્સવ પર આવનારા જન-સમૂહને ભોજન દેવાસાર અનેક લોક તે વર્ષે પોતે મેળવેલી પોતાની વસ્તુઓ વેચી નાંખે છે. આથી જો કે ઘણી થોડીજ પ્રાપ્તિ થાય છે, છતાં બાકીનાં લોક, ખૂટતી રકમ પૂરી કરી આપી, ભોજન-પ્રબંધને પૂર્ણ કરે છે. ખાસ બચ્ચાંઓને સારૂ ઇસ્ટરના તહેવારોમાં એકબીજો ઉત્સવ મનાવવામાં આવે છે.

બૅરિટ કુટુંબના આવા પ્રયાસથી અનેક મંડલીઓ સ્થાપિત થઈ ગઇ છે અને જુદી જુદી દિશામાં પોત પોતાનું કાર્ય કર્યા કરે છે. જુવાન, વૃદ્ધ, સ્ત્રી, પુરૂષ વગેરે સર્વે માટે એક જૂદી સ્વતંત્ર મંડલી સ્થાપિત થઈ છે અને પોતાની ઉન્નતિના માર્ગો સર્વે પોતાની મેળે શોધી કાઢે છે.

મીસીસ બૅરિટે આવી રીતે સુધારેલી કેટલીએ સ્ત્રીયોએ પોતાનો સંસાર સુખમય બનાવી લીધો છે, અને તેમનાં ચરિત્રપરથી સાફ પ્રતીત થાય છે કે તેમનામાં ઉન્નતિ

ઘણે અંશે થઇ છે. હજુપણ મિસિસ બૅરિટ તેમને નિત્ય ઉત્સાહ આપતી રહે છે. આ-જદિનસુધી તેણે શિક્ષિકાના ભાવથી નહી પણ સખીભાવથીજ બધું શિક્ષણ આપ્યું છે અને હજીપણ તે એક પરમ પ્રિય-મિત્રજ લેખાય છે.

આવાં કાર્યથી તેણે સવારથી સાંજ સુધીનાં દરેક ગૃહકાર્યમાં સભ્યતાનો અને શુદ્ધતાનો વધારો કર્યો છે, અને હવે તો તેને મદદ કરનાર પણ ઘણી સ્ત્રીયો તૈયાર થઇ ગઇ છે, જેઓ યથાશક્તિ નાણાંની મદદ પણ તન મનની મદદની સાથે કરે છે. તેમાંની એકનું નામ શ્રીમતી ક્રોલીસ પી. હરીરિન છે; તથાપિ મિસિસ બૅરિટ એ સર્વેનું એકમાત્ર જીવનમૂલ છે. આ અદ્ભુત અને નિષ્કામ શિક્ષણ-કર્મની એજ એક જીવન-શક્તિ છે. તેનો એક માત્ર ઉદ્દેશ સ્વજાતિની સ્ત્રિયોનો ઉદ્ધાર કરવોજ છે, જ્યારે તેનો પતિ પુરૂષોને સારૂ તેવાજ મોટા પ્રયત્નો કરે છે.

જંગલી ગણાતી કોમમાંની એક સાધારણ શિક્ષિત સ્ત્રીએ શું કરી બતાવ્યું, તે આ પરથી આપણે જોયું. મૂળ જોવાનું તો તેની શિક્ષણ આપવાની ખૂબીયોનું અવલોકન છે. જો તેણે એ રીત પકડી ન હોત તો તે કશું કરી શકી નહોત. અને વધારામાં ઈતર સ્ત્રીયોની ઈર્ષ્યાનો ભોગ થઈ પડી હોત. પણ પોતે કશુ સારૂ કરે છે, એમ તે કદી પોતાને મ્હોયે કોઇને કહેતી નહોતી. જુઓ, અને શીખવાની મરજી થાય તો શીખો! એવોજ સિદ્ધાંત તેણે બાંધ્યો હતો. અને આપણે જોઈ ગયા તેમ એ સિદ્ધાંતથી તે ફત્તેહ પામી છે.

૨.

હવે આપણે આ પરથી શું શું ગ્રહણ કરવું જોઇએ તે તરફ આપણી નજર દોડાવીશું, તો જણાશે કેઃ—

૧. સાધારણ સ્થિતિની શિક્ષિત સ્ત્રીયો પણ જો ધારે તો ઘણું ઉપયોગી કામ કરી અને પોતાનામાં જે ચીજની (ધન વગેરે સાધનોની) ન્યૂનતા હોય તે સહજ પૂરી શકે. માત્ર તે નિઃસ્વાર્થ બુદ્ધિથી અને ખંતપૂર્વક કરવું જોઇએ.

૨. પણ તેમ કરતાં પહેલાં પૂર્ણ વિચાર કરી લેવો કે જે કામ પોતે કરે છે તે એવું તો નથી થતું કે " ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો! " અર્થાત્ તેવી રીતે બીજાને ઉપદેશ કરવા જતાં પહેલાં પોતાનાં ઘરનાં કાર્યો રહી જવાં જોઇએ નહિ. પહેલાં તે સંભાળી લેવાં.

૩. પાડાપાડોશણો અને સગાં વહાલાંની જોડે વારંવાર વાતો કરવાની ચાલ આપણામાં છે. માટે પોતાનાં કામમાંથી પરવારતાં તેમની જોડે નકામાં ટાયલાં ન કરતાં આવી ઉપયોગી બાબતોમાં તેમનું ધ્યાન પરોવવું.

૪. પણ તેમ કરતાં ધ્યાન રાખવું કે પોતે તેમને ઉપદેશ આપે છે એમ જણાય નહિ માત્ર બ્હેનપણી તરીકે સાધારણ વાતોજ કરે છે, એમ જણાવવું જોઇએ. દરેક બોલ બોલતાં ' તમે " શબ્દ ન આવતાં " આપણે " જ આવે, એમ ધ્યાન રાખવું.

૫. કારણ કે લોકો સાથે મળીને તેમને રાજી રાખીને જેટલું કામ થાય છે, તેટલું જૂદાં પડીને થતું નથી.

૬. ઉપરાંત સ્ત્રીયોનો સ્વભાવ મૂળેજ કંઇક ઈર્ષ્યાળુ ખરો. તેઓ એક નવીન સારી રીતને એકદમ ગ્રહણ કરશે નહિ. ઉપરની ટાપટીપ તરતજ ગ્રહણ કરશે. માટે પોતે દરેક

વસ્તુ બાબત મોઢેથી ફક્ત બોલીનેજ જણાવવું નહિ પણ કરી દેખાડવું. એક કામ કરી દેખાડવાથી માણસોપર જેટલી અસર થાય છે તેટલી કહી બતાવવાથી થતી નથી.

૭. ઈર્ષ્યાળુ સ્વભાવને લીધે સ્ત્રીયોમાં અનુકરણ-વૃત્તિ હોય છે. માટે દરેક રીતે પોતાનું સારૂં અનુકરણજ તેઓ કરે તેમ કરવું. પોતાનાં આવાં શુદ્ધ અને સારાં શિક્ષણનો મૂગે મોઢે કામ કરી બતાવવાથી, તેમનાપર જલદી પ્રભાવ પડશે. અને અનુકરણ કરવાની તેમની વૃત્તિ હોવાથી તરેહતરેહવાર પ્રશ્નો તેઓ કરશે.

૮. તેઓ પ્રશ્ન કરે, ત્યારે શાંતવૃત્તિથી બ્હેનપણી પ્રમાણે તેમને-તેમના પ્રશ્નના જવાબ પૂરતું-સમજાવવું.

૯. કારણ કે હમેશાં પ્રશ્ન પૂછવાની અભિલાષા ત્યારેજ થાય છે કે જ્યારે એક ચીજ તરફ આપણું ધ્યાન દોરાય છે અને તેને સમજવાની ઇચ્છા થાય છે. ઇચ્છા થઇ એટલે ખેતર ખેડાયું, અને પછી જેમ ખેડુત વાવણી કરે તેમ, તેમના પ્રશ્નના જવાબરૂપી સારાં બી તેમના અંતઃકરણમાં વાવવાં. આથી ઉત્સાહ વધી આગળ બીજું શીખવાનાં જેઓ અધિકારી થાય છે.

૧૦. પણ દરેક કામને એવા રૂપમાં કરી દેખાડવું કે જાણે રમતગમતમાં તે થઇ જાય, અને તે કરવામાં તેમને મજા પડે. હમેશાં ગંમત સાથે જ્ઞાન આપવાની રીત અખત્યાર કરવી.

૧૧. નકામું કદિ પણ બેશી રહેવું નહિ. કારણ કે તેમ કરવાથી ચિત્તની વૃત્તિઓ ચંચળ થઇ, નકામાં-અને કદાચ ખરાબ કામમાં પણ તે પરોવાય છે.માટે તેને અવકાશ ન આપવો.

૧૨. ગમે તેટલી બ્હેનો એકઠી મળે પણ તેમનામાં કદી પણ કડવી લાગણી ઉત્પન્ન થાય એવો પ્રસંગ ન આવવા દેવો, અને જેથી કડવાશ પેદા થાય એવું કાર્ય કરવાની ફુરસદજ તેમને ન મળે તે ધ્યાન રાખવું. કારણ કે જો કડવી લાગણી પેદા થાય તો, ક્લેશ થાય અને પછી તકરાર થઇ પક્ષ પડી જાય અને આપણી યોજના અંતે નિષ્ફળ થાય.

૧૩. ધ્યાન રાખવું કે સ્ત્રીયોને ભણવા કરતાં ગણવું-ઘરસંસારનું જ્ઞાન મેળવવું-વધારે જરૂરનું છે, માટે તેમને તે કામ શીખવવામાં પછાત પડવું નહિ, અને તેપર ખાસ ધ્યાન આપવું. આપણાં લોકો ભણાવવા માંડે છે તો ઘરસંસારનાં કામોપર લક્ષ દેવડાવતાં નથી અને તેમ કરે છે તો ભણાવતાં નથી! તેમ ન થવું જોઇએ. એ બેઉ કામ પરસ્પર મદદગાર હોવાથી બેઉની જરૂર છે.

૧૪. નાનપણથીજ બચ્ચાંઓને સદાચાર રાખતાં શીખવવું. સદાચારથી બચ્ચાં નીતિવાળાં થાય છે, અને નીતિવાળાં થવાથી તેમનો ભવ બધી રીતે સુધરી તેઓ સુખી થાય છે, અને માબાપની ઇચ્છા તો તેમને સુખીજ જોવાની હોય છે. તેથી પહેલાં છોકરાંઓને સદાચારી થતાં શીખવવું.

૧૫. આપણાં ઘરસંસારનાં કામ સાથે હમેશાં પરોપકારની કાળજી રાખી જલદી પરવારવું, કે જેથી બેમાંથી કોઇ કામ રહી જાય નહિ. નિયમિત રીતે ત્યારબાદ એક વો ઘરસંસારી શિક્ષણ વર્ગ કોઇને ઘેર યા બને તો જૂદો સ્થાપવો. તેમ ન બને જુદી જુદી બ્હેનોને ત્યાં નિયમિત સમયે મળવું. પણ તેથી એમ ન થાય કે તે એક નું નિન્દાખાનું થઇ પડે! તે તો એક શિક્ષણ-વર્ગ છે તે ધ્યાન રાખવું.

નિયમિત રીતે તેમ થયા પછી, આ મંડળનો દરવરસે એક વાર્ષિકોત્સવ કરવો. તેમાં બીજી વ્હારની પણ ઓળખાણ પીછાનવાળી પુષ્કળ સ્ત્રીયોને નોતરવી કે જેથી તેઓ પણ જોડાય. એટલુંજ નહિ પણ વૃદ્ધ અને જૂના વિચારની સ્ત્રીયોને પણ તેમાં ખાસ આગ્રહથી બોલાવી તેમના પર પોતાનાં સદ્વર્ત્તન અને નમ્રતાની છાપ બેસાડી પ્રસન્ન કરવી. અને પોતાના કામ બદલ તેમની અનુમતિ લઈ, તેઓ કાંઇ કહે તે શાંતિથી સાંભળી લઇ, તેપર ધ્યાન આપવાનો નિશ્ચય કરી, તેમનો આશીર્વાદ મેળવવો. સાસુઓ આથી હેવે સ્થળે પોતાની વહુઓને જવા દેવામાં બાધ નહી લે. માટે પહેલાં તેમને પણ પ્રસન્ન રાખવી ઘટે છે. દરેક સ્ત્રીએ પોતાના પતિની રજા પોતાના સદ્વર્ત્તનના યોગે મેળવવાની ધારણા રાખવી, અને તેમને તથા ઘરનાં વડિલોને નાખુશ કરી આવાં કામમાં બનતાં સુધી જોડાવું નહિ. તેમ કરવાથી તેઓ આપણાપર શંકા રાખે છે.

કોઇને જવાની છૂટ ન મળી શકતી હોય તો તેણે પોતાને ઘેર બ્હેનપણીઓને બોલાવી તેમની નમ્રતા અને સદ્વર્ત્તનની વડિલોપર છાપ પાડવી. સ્ત્રીયોના બ્હાર જવા વિશેના નિયમો પુરૂષોના કરતાં–પરિસ્થિતિ જુદી હોવાથી–જુદા છે એ ધ્યાન રાખવું અને તેથી વડિલો સાથે એ વિષયમાં તકરાર કરવાનું પરિણામ ગંભિર આવે છે તે પણ ધ્યાનમાં રાખવું. દરેક સ્ત્રીએ પહેલાં નમ્રતા ધારણ કરતાં શીખવું તોજ તેમનાં કામને બીજાં તરફથી ટેકો મળશે. કપડાં વિગેરેમાં પણ વધારે પડતી ટાપટીપ રાખવી નહિ પણ સાદી અને જરૂરી સ્વચ્છ ચીજોનો ઉપયોગ કરવો. વર્ગમાં પૈસાદાર તેમજ ગરીબનો ભેદ કળાય નહિ, એ ધ્યાન રાખવું. સમભાવથીજ સખીભાવ ઊપજે છે અને સખીભાવથીજ પ્રીતિ ઉત્પન્ન થઈ કાર્યસિદ્ધ થાય છે. માટે બીજાંનાં કપડાંના પહેરવાશથી–વધારે ટાપટીપથી જુદા ન પડી જવાય એ પણ ધ્યાન રાખવું.

કાઠિયાવાડની ખેડૂત બાલાઓ.

તનદુરસ્તમાં તનદુરસ્ત ગુજરાતી સ્ત્રીઓ—

લેખક.– રા રા. જીભાઇ ગિરિજાશંકર આચાર્ય—દેવકીગાલોલ,

(નોંધઃ—સાક્ષર શ્રી ચન્દ્રશંકર નર્મદાશંકર પંડયાએ સન ૧૯૧૩ ના 'સુન્દરી સુબોધ'ના ઓક્ટોબર માસના અંકમાં " દુનીયાની તનદુરસ્તમાં તનદુરસ્ત સ્ત્રીઓ " ના લેખનો અનુવાદ આપ્યો છે. તે વાંચવાથી આ દેશમાં એવું જે જીવન છે, તે વીરો લખવાનું બની આવ્યુ.)

ગુજરાતની હાઇલેન્ડ–ગિરિપ્રદેશ કાઠીઆવાડમાં ખેતીના ધંધામાં મશહુર થએલી કડવા ને લેઉઆ કણબીની બીન કેળવાયલી જાત રસાળ પ્રદેશમાં વધારે વસે છે. તેઓમાં બાળલગ્ન થાય છે, પણ બાળા ઋતુમતી થયા પછી સોળ કે સત્તર વર્ષની ઉમરની લગભગમાં સાસરે જાય એવો તેમનામાં ચાલ થઇ ગયો જણાય છે.

એવા આ કર્મ ક્ષેત્રના ગામ..............ના કૃષિકારો પોતાના નિત્ય કર્મમાં રાત દિવસ એટલા બધા તો પ્રવૃત્ત રહે છે કે સ્ત્રીઓ સવારમાં મળસ્કામાં—પ્હો ફાટયા પહેલાં ઉઠીને દરરોજ ઘરવરા પ્રમાણે પાંચ દશ કે વીશ શેર અનાજ આનંદમાં ગીત લલકારતી ઘંટીએ બેસી ઝપાટાબંધ દળી કાઢે છે પછી સંપત્તિ પ્રમાણે દુઝાણું હોય,

તેનું રોજનું શેર બશેર કે અઢીશેર ઘી થાય એટલું માખણ ઉતરતું દહીં વલોવી છાશ તૈયાર
કરે છે. ને દાતણ ચાવતી ચાવતી ઢોર ઢાંખરનું વાશીદું વાળી, ફળીયું સાફ કરી, પૂંજો
ઉકરડે નાંખી આવે છે. સવા વેંતનું દાતણ ચાવતાં ચાવતાં અરધુંક રહે ત્યારે તે
ચીરી ' દાતણ ફાટયાં ને પાપ નાઠાં ! ' એમ કહેતી, સુર્યનારાયણ ઉદયાચળમાંથી ઊંચાયું
સાફ ઊગ્યું કે, તૈયારેય ન થયા હોય, ત્યાંતો તે દિશા તરફ બે હાથ જોડી નમસ્કાર કરી ઋણ-
કામ કરી બતાવસુકા પણ થઈ જાય છે.
વૃત્તિ હોવાથી તરેહતરેહમની સાથે સાથે દાળ કે શાક કરવાનું હોય, તે તૈયાર થતાં પાંચ સાત
૮. તેઓ પ્રશ્ન કરે, ઘડી તૈયાર કરે છે. ને પુરૂષ વર્ગ જમી જમીને ખેતીના કામપર
પૂરતું-સમજાવવું. સુર્યનારાયણ પોતાના રથ સાથે રતાશ પડતા એક પૂર્ણ ગોળા-
એટલું કામ સુર્ય ઉગતાની સાથે ન કરી શકનારી સ્ત્રીઓની
૯. કારણ કે હમેશાં પ્રશ્ન પૂછવાના
તરફ આપણું ધ્યાન દોરાય છે અને તેને સમ-
ખેતર ખેડાયું, અને પછી જેમ ખેડુત વાવણી સખત પડે છે, છતાં મળસકામાં લોકોનો
બી તેમના અંતઃકરણમાં વાવવાં. આથી ઉત્સાહ વધ્યા વગેરે વેપારી વર્ગની સ્ત્રીઓ અને
અધિકારી થાય છે. નના પુજારી સાધુઓ સખત ટાઢને
૧૦. પણ દરેક કામને એવા રૂપમાં કરી દેખાડવું છે. તે દેવને એક થાળમાં બેગા
જાય, અને તે કરવામાં તેમને મજા પડે. હમેશાં ગંમત ડોળ રમાડતા કરી, સૂતાં સૂતાં
અખત્યાર કરવી. જણાય છે.
૧૧. નકામું કદિ પણ બેશી રહેવું નહિ. કારણ કે તેમ કરવાલતી હોવાથી નિર્દોષ છોકરાં
થઇ, નકામાં-અને કદાચ ખરાબ કામમાં પણ તે પરોવાય છે. માટે અંધારામાં ગુપચુપ સ્કૂલના
૧૨. ગમે તેટલી બ્હેનો એકઠી મળે પણ તેમનામાં કદી ‘જ ન આવવા દેવા કોઈક

પોતાને હાથે શીવેલા, અને રંગ બેરંગી હીર કે સુતરનાં ફુલ બુટ્ટા કે વેલનાં ભરત ભરેલા ચરણીયા[1] કે થેપાડા[2] કે પ્હેરણાં[3] પહેરેલાં છે. કેટલીક દેશી જાડા લુગડાપર ભરત ભરેલાં કાપડાં અને કેટલીકે ભરતની અંદર ભરેલી ઝીણી ખાપો. (ઝીણા કાચ) વાળા કંચવા (કાચ ભરેલાં કાપડાં) પ્હેરેલાં છે; અને માથે ઓઢવાનું દેશી જાડું પણ ભાતવાળું અને કેટલાંકે તો જાડાં રાતાં ચોળ મદ્રાસીઆં ઓઢેલાં જણાય છે.

બ્રાહ્મણ, વાણીઆ કે બીજા વેપારી વર્ગની સ્ત્રીઓમાં તો હાલમાં એટલી બધી કોમળતા અને નાજુકાઇ આવી ગઇ છે કે, રખેને જમીનનું પેટ દુઃખાઇ જાય, એવી કૃત્રિમ હળવે હળવે ચાલ ચાલતું, પચાસ સ્ત્રીઓનું ટોળું ચાલ્યું જતું હોય, તોપણ કાંઈ ખબર ન પડે કે ક્યારે આવ્યું ને પસાર થઈ ગયું. પણ ખેડુતની એક કિશોર વયની કે યુવાન બાળા કુદરતી રીતે છુટથી દૃઢ અને હિંદોળા ખાતી-ઝુલતી ચાલે ચાલી જતી હોય તો તે જોઇ એમ લાગ્યા વિના રહેતું નથી કે તેની ચાલની સમર્થતા આગળ તેની બરાબર વયની અંગ્રેજ બાળાઓ પણ પાણી ભરે ! અર્થાત્ એની સાથે હરિફાઈમાં અંગ્રેજ બાળા ચડે નાહ.

વીશ પચીશ કે ત્રીશ હાથ ઉંડા કુવામાંથી બે કે ત્રણ લસરકે સીંચરણીઆથી ભરેલી ગાગર કે ઘડાને તે કાઢે છે અને પાણી સીંચી રહ્યા પછી પાણી ભરેલ હાંડા ઉપર ભરેલ ગાગર કે ઘડાવાળું બેડું માથે ચઢાવીને ચાલી નીકળે છે. કેટલીકને માથે બે બેડાં પાણી-ભાર એવડી ગોળી ઉપર ઘડો કે ગાગર હોય; અને એક ત્રીજું ભરેલું વાસણ બગલમાં લઈ ચાલી જતી હોય છે. આવી પાંચ સાત જણીઓ ભેગી થઇ જતાં, વાતોના ગુલતાનમાં હાથતાળી લેતી, આનંદ કરતી છુટે હાથે ચપળતાથી ચરણીઆના ઝરડ ફરડના અવાજમાં ધમધમાટ ચલી જતી હોય છે, ત્યારે તો ત્યાંથી દશ હાથ દૂર જ્યાં ઘરના અંદર બેઠા હોઇએ ત્યાં જતો અવાજ સંભળાય છે, એમ અનુભવાયું છે. તેઓને મારે જાડા ખાદીના ચરણીયા વિના બીજું ઝીણું લુગડું કાંઈ કામ કરી શકે નહિ એવું છે.

સૌરાષ્ટ્રમાંની કેટલીક સ્ત્રીઓની સૌંદર્યતા માટે પ્રાચીન કવિઓ વર્ણવી ગયા છે કે, " જેની ઓઢવાની પામરીમાંથી છુટતા પમરાટને પવન દૂર લઇ જતો, તો તેને અટકાવવા—પરિમલ લેવા અનેક ભ્રમરાઓ તે વસ્ત્ર ઉપર ગુંજારવ કરી રહે છે. " એવી જાતની રાજદરબારમાં કે ખુણે ખાંચરે પડેલી સ્ત્રીઓનું આ વર્ણન નથી. પણ વિશાળ ભાલ નીચે કાનની ટીશીએ સુધી પ્હોંચેલી લાંબી કાળી ભ્રમરો કે જે ઉપસતી મ્હોટી અણી શુદ્ધ આંખોનું રક્ષણ કરે છે, તેવી સર્વાંગે ઘાટદાર આ કૃષિકારોની બાળાઓ ક્યાંઇક ક્યાંઇક હજી પણ જણાય છે.

ટાઢ તડકામાં સખત મહેનત કરવા છતાં, મલીન વિચારોની કાળપ જેના મુખ ઉપર જણાતી નથી. તેમજ મ્હોં ઉપર, હાલમાંની શહેરની સ્ત્રીઓની પેઠે સેંટ. સાબુ લગાડેલું કે પાલીસની તેજ નથી ! પણ ગામડાંમાંના અનેક પ્રકારના નિર્દોષ શારીરિક સુખાનંદનું ને અમુક મુદત બ્રહ્મચર્યનું પાલન થવાથી તેનાં તેજની ખુબી મુખપર સહજ દેખાઇ આવે

---

1 ચરણીયા=ઘાઘરા. 2 થેપાડાને કાઠીઆણીયો છીબી કહે છે, ને ચારે છેડે છુટ હોય તે પહેરે છે. એ ટેંટો કે છીબી મલમલ કે જગન્નાથીની રાતા રંગની હોય છે અને થેપાડાંને બે છુપલી છેડે કમરે તે ખાદીનાં જાડાં લુગડાનાં રાતા રંગનાં હોય છે. 3. પ્હેરણાને કસો નહોય.

છે. એવી સ્ત્રીઓમાંની એકને બે એક માસ થયાં ઋતુધર્મ નહિ જણાયાથી, મ્હોડે બોલી કોઇને ન જણાવવાવાળી, તે શરમાળ ને મર્યાદશીળ સ્ત્રી, મલકતે મ્હોડે વિશેષ પરિચયવાળી સખી સ્ત્રીને પાણી ભરતાં ભરતાં મળી, ત્યારે પોતાને માથે ભરેલું પાણીનું બેડું બે હાથે એકદમ સહજ અધર ટેકાવી બીજું કોઇ જાણે ન જાણે એમ પાછું માથાપર લાવી મૂકી દીધું. એટલે તરત સામેની સ્ત્રી હસતે મ્હોડે તેની પાસે જઇ ગુપચુપ અન્યોન્ય વાતો શરૂ કરે છે. ત્યાંતો ભરેલ બેડાંવાળી બીજીઓ પણ તે વાતમાં ભાગ લેવા સામેલ થઇ ગઇ: અને શિખામણ આપે છે કે બ્હેન ! હમણાં રીઝવું ખાજે, ને પાણી ભરતાં કે ભાર ઉચકતાં ઉંચી નીચી જમીન સંભાળતી રહેજે. (પાણી ભરવું, ભાર ઉચકવો–એથી શરીરના દરેક અવયવને કસરત મળે છે.) ટાઢું, ખોરૂં, ખાટું, તીખું તમતમતું બહુ ખાઇશ નહિ. (તમોગુણી ખોરાક બહુ ખાવોનહિ.) ઘી દૂધ ખૂબ ખાજે. (સત્ત્વ ગુણી ખોરાક ખાવો.) પેલીએ જવાબ દીધો, પણ બ્હેન ! મને તો કોઇ ખાવા ઉપર બીલકુલ રૂચીજ થતી નથી તેનું શું કરૂં ? ત્યાંતો એક જણીએ તેના કાન નજદીક મ્હોં લાવી કાંઇક છાની છાની વાત કરી; તે સ્દમજાઈ નહિ.. જૂદા જૂદા અનુભવવાળી સ્ત્રીઓ જૂદીજૂદી રીતે શિખામણ આપે છે. એવામાં એક બાળા બોલી, જો બ્હેન ! આજે સાંજ ઉપર......ની દીકરીનું આણું[1] વળાવવાના છે. બીજીએ કહ્યું. હા બ્હેન ! –આવી આવી ગામમાં બીજી કેટલીક ન જાણતા હોઇએ એવી ગામની પરગામની કે દૂર દેશની પણ આશ્ચર્યકારક હકીકત જાણવાનું વર્તમાનપત્રોનું કાર્ય આમ પાણીઆરી ઘાટ આગળ થતું જણાય છે, એ ઉક્તિ સત્ય જણાઈ. પાણી ભરી લીધું કે તરત દુઝણાં ઢોરને દોહી પોતાનું ને છોકરાનું જમવા જમાડવાનું થાયછે.

શહેરની સ્ત્રીઓના મ્હોંડાના મલાવડાના ભાઇ જમવા આવ્યા હોય, તોહોય પાતળી કાગળ જેવી એકાદ બે ઘીએ ખાંખરેટેલી (ચોપડેલી) રોટલી, હાગા હળીઆ જેવો હોય દોથો (પહોળી મૂઠી જેટલો) ભાત, દાળનો દાણો ગોત્યો હાથ ન આવે એવી પાતળી પાણીજેવી હોય દાળ, કાં હોય ઉતાર ઓસામણ; ને વધુમાં વધુ ભેંસના ખાણ જેવું આલાવાલા–ઝાડપાલાનું શાક હોય એટલે બસ ! ભાઇ ભાઇને થાય સંતોષ. પણ આ કૃષિકારોની સ્ત્રીઓ તો છોકરાને કહેતી જાય કે ઝટ ઝોંહટી (ખાઈ) લે ! પણ પાશેર માખણનો લચકો રોટલા ઉપર મૂકીદે એક તાંસળી (કાંસાનો મ્હોટો વાડકો) ભરી ભેંસ કે ગાયનું દૂધ કે દહીં રાખેલું હોય તે પીરસે; તેમાંનું કાંઇ ન હોય તો આંબાના રસ જેવી સુગંધીદાર છાશ તો ગામડામાં જોઇએ તેટલી મળી રહે, તે આપે છે. જેથી આપણા વૈદકશાસ્ત્ર પ્રમાણે એ છાશના અનુપાનથી ગામડાંમાં આંધળાં રતાંધળાં થોડાં થાય છે.

પોતે શિરામણીમાં (સવારના જમવામાં) અધશેર અધશેરના બે રોટલા લે. ને અનુપાન તો જૂદું ! ખાઇ પીઇને ઢોરને ગામને ગોંદરે મૂકી આવે છે. બપોરને વાર હોય તો ભરત ભરવાનું કે એવું બીજું કામ તો હાથમાં હોયજે. વેપારીવર્ગની સ્ત્રીઓની જેમ જમ્યા પછી ઘોરવાનો (ઉંઘ લેવાનો) વખત તો આ સ્ત્રીઓને મળતોજ નથી. તેઓ રાતના દશ બજે સુવેછે.

બપોરે સવારની શિરામણી પ્રમાણે જઠરને ભાડું આપી બરોર જળનો લોટો અડાણી

---

1 આણું=કન્યા યથાપળી યુવાન થયાને પ્રથમ સાસરે જવા માણુસો આવી તેડી જાયછે તે.

જાય તે એનું મધ્યજળ. કારણ કે ભૂખ લાગે ત્યારે રોંઢો[1] તથા વાળુ[2] કરવું બાકી રહેછે.' ત્યાં વૈદ્ય હકીમની કાંઇ કીંમત નથી.

પોતાના બપોરના જમણમાંથી પરવાર્યા પછી સીમમાં બપોરનું ભાત (ભાતું) પહોંચાડવા સપાટાબંધ ખરા ઉપાડ ચાલવાળા જોડા પહેર્યા હોય ને એક પછી, એક નીકળી જૂદી જૂદી દિશામાં ચાલી નીકળે છે. ભાત જમાડી રહ્યા પછી લીલોછમ જેવો ગદબ કે. રજકાનો અગર સૂકી ચારનો બેમણનો ભારો માથે ચડાવી મૈલ બે મૈલ જેટલે દૂરથી ઘેર આવવા ચાલી નીકળે છે.

ચાલથી, ભારાના લળકથી, ભારાના મજબુત બંધની જ્યાં કસકસાટી બોલતી હોય, એ વખતે લેડી બુટ (સ્ત્રીઓ માટેની નાજુક જોડીઓ) ખાસ પહેરવામાં આવ્યા હોય તો હું ધારૂં છું કે ભાગ્યે તે બુટ ધરભેગાં પણ સાજાનાજા પહોંચે !

ગિરનાર પર્વતની છાંયાતળેના આ પ્રદેશના અને ગીરના ખેડુત, માલધારી, તથા ઢોર સુદ્ધાં એવાં બળવાન, હિંમતવાન ને ચપળ હોય છે, કે વ્યાઘ્ર ને સિંહ જેવાં હિંસક પ્રાણીઓની પણ મગદૂર નથી કે કોઇ કોઇને લોપી શકે ! આવાં જોરાવર ને કદાવર ગાય ભેંસો વગેરે જાનવરોનાં ટોળાં વચ્ચે જેમ આ ખેડુત બાળા હથિયાર વિના, ચપળતા, હિંમત ને દઢતાથી ચાલી જાય છે, તેમ તેટલીજ વયની કોઇ પણ પ્રજાની બાળા હથિયાર વિના ભાગ્યેજ ચપળતાને દઢતાથી સોંસરી ચાલી જવાને હામ બીડી શકે.

આ જુવાન બાળાઓ પોતાનાં માવિતર (માબાપ)ને ખેડના કામમાં એટલી બધી મદદરૂપ હોય છે કે તેને સાસરે વળાવતી વખતે જૂદાં પડતાં ઓછું લાગી આવે એ સ્વાભાવિક છે. આ બાળાઓને એટલી નાનીવયમાં પરણાવેલી હોય છે કે વિવાહનો લ્હાવો લેવાનું તો આણાં કે પોંખણા+ વખતે જ અનુભવવાનું જણાય છે.

વસંતઋતુનો ફૂલડોળનો ઉત્સવ ગયા પછી ધૂલી પૂજનના દિવસેથી યુવાન બાળાઓનાં આણાં આવવા શરૂ થાય છે, તે પ્રમાણે આજ રવિવારે પટેલની યુવાન બાળાનું આણું વળાવવાની વાત પાણીયારી દ્વારા કુટુંબ જેવા ગામમાં તરત પ્રસરી ગઈ છે. (રવિવારે કે મંગળવારે દીકરીનું આણું વળાવવાનો રિવાજ હોય છે.) સૌ ગામની બૈરાંઓ અને તેના તેવડી બાળાઓ એકેકું નાળીએર લઇ, પટેલને ઘેર દિવસના પાછલા પ્હોરમાં એક પછી એક જવા લાગી, ને એક પ્હોર ટાણે તો જમાવ થઇ પડ્યો. વળાવવા વખતે યુવાન બાળાની માતાએ દુઃખણાં લેઇ, એક બીજાં ભેટી પડતાં–બાળા હૃદયફાટ રોવા લાગી. ત્યાં કોમળ હૃદયની માતાનું તો શું પૂછવું? તેણે પણ તેમજ રડવું, એ સ્વાભાવિક છે. કારણકે આ જુની દુનિયાનાં સગાં વહાલાંમાં લાલન પાલનથી ઉછરેલીને, નવી દુનીયાંના અપરિચિત માણસની સાથે જઈ વસી ભેળાઇ જવામાં કેટકેટલી મુશ્કેલીઓ વટાવવી પડતી હશે તે તો અનુભવીજ જાણે. આમ જુના ને નવા પ્રસંગોની સંધીની લાગણીનું, કઠોર હૃદય પીગળાવનારૂં સ્વાભાવિક કારમુક નવું હૃદયભેદન પ્રકટી આ લાગણીના

1. રોંઢો=બપોરને સાંજ વચ્ચે જમે તે. 2. વાળુ=રાતે જમે તે.

+ પોંખણું=લગ્ન વખતે કન્યા ન્હાની હોવાથી સાસરે ન ગઈ હોય, તેનું આણું આવ્યા પછી સાસરે જાય ત્યારે માંડવો નાંખી, તરાક, રવાયો, ધોંસરૂં, હળ, મુસળ ને ઘડીઆં પીંડીઆંવતી પોંખણ કરે છે તે. અર્થાત્ વર કન્યાના નવા સંસાર ગૃહપ્રવેશની વિધિ.

પ્રચલિત છતાં, ઘણી યુવતીઓ સ્વેચ્છાથી વૈધવ્ય વ્રત પાળે છે. તેઓની અંદર કેટલીક તો આદર્શ સતીઓ હોય છે અને એવી ઘણી સ્ત્રીઓને, ઘોષબાબુ જણાવે છે કે "મેં જોઈ છે."

જો જાપાની સ્ત્રીઓનું ચારિત્ર ઉચ્ચ ન હોય તો જાપાનીઓ તેમનો નૈતિક જીવનમાં ક્યારે પણ ઉન્નતિ પ્રાપ્ત કરી શકયા ન હોત. જાતીય ઉન્નતિ કરવા માટે સમાજના દોષોનું શોધન કરવાની પહેલી જરૂર છે. સમાજના દોષોનું શોધન કર્યા વિના જાતીય ઉન્નતિની આશા બાંધવી વ્યર્થ છે. કોઇપણ જનસમાજ કેવળ સ્ત્રી કિંવા કેવળ પુરૂષદ્વારા રચાતો નથી. સ્ત્રી અને પુરૂષ બન્નેના સમવ્યયને સમાજ કહેછે. જાપાની સમાજ પૂર્વે અતિ વિશૃંખલ હતો. અને જાપાનમાં સ્ત્રીઓની અવસ્થા અતિ શોચનીય હતી. સ્ત્રી-શિક્ષણનો પ્રચાર કરી ત્યાંના સમ્રાટે સ્ત્રી જાતિની સ્થિતિ ઘણી ઉન્નત કરી છે. જાપાનની સ્ત્રીઓ સઘળી થોડેઘણે અંશે શિક્ષિત હોય છે. તેઓને તેમની પાશ્ચાત્ય ભગિનીઓનો સર્વ અધિકાર પ્રાપ્ત થયો છે. અત્યારે જાપાની સમાજ પાશ્ચાત્ય સમાજના આદર્શોથી પૂર્ણ રીતે સંચરિત થયો છે, અને તેથીજ આજે પાશ્ચાત્ય દેશોની પેઠે ઉન્નતિ કરવા તે સમર્થ થયો છે.

જોવા જેવું એ છે કે જાપાનમાં સ્ત્રી-સ્વાધીનતા છે, છતાં પણ સ્ત્રીઓ પુરૂષની સાથે સમાન હક ભોગવવાનો પ્રયત્ન કરતી નથી. તેઓ સકળ એશિઆની સ્ત્રીઓની પેઠે પુરૂષની પાછળ છાયા માફક અનુસરે છે. સ્ત્રીસુલભ લજ્જા અને કોમળતા તેઓનામાં પૂર્ણ અંશે પરિલક્ષિત થાય છે. સ્વાધીનતા મળ્યા છતાં પણ તેઓ પોતાના સ્વભાવગત સદ્‌ગુણોને ખોઇ બેઠી નથી. પાશ્ચાત્ય દેશોની સ્ત્રીઓની સ્વાધીનતાનું ફળ જોઇ સૌને આ શંકા રહેવાનાં અનેક કારણો મળી શકે. પણ જાપાની રમણી જે પ્રકારે સ્વાધીન છતાં પણ ધીર-શાંત રહે છે, તે જોવાથી એવું કશું જણાતું નથી. સ્ત્રીઓને સ્વાધીનતા દઇને મૌન ધારણ કરી બેસી રહેવાથી પણ ચાલતું નથી. તેની મર્યાદા રક્ષવાને ઉપયુક્ત શિક્ષણની પણ જરૂર છે. જાપાની સ્ત્રીઓમાં કેટલાક ચમત્કારી ગુણો છે, જે આપણા દેશની સ્ત્રીઓમાં પણ ઘણી વખત જોવામાં આવતા નથી. તેઓ સદા હસમુખી અને પ્રફુલ્લ હૃદયવાળી રહેછે. તેઆમાં ઉદાસીનતા ભાગ્યેજ જોવામાં આવે છે. રોગ, શોક અને દુઃખથી તેમની સ્વાભાવિક પ્રસન્નતામાં જરા પણ ઘટાડો થતો નથી. ગીત વાદ્ય અને નાના પ્રકારની નિર્દોષ ગમ્મતોથી તેઓ સંસારને સર્વદા સુખમય કરી રાખે છે. અસાર સંસારનો સાર એક રીતે તેઓ સમજે છે. તેથીજ જીવિતાવસ્થામાં વૃથા શોક કિંવા દુઃખથી અભિભૂત થઇને કે અર્ધ-મૃતા થઈને તે રહેતી નથી. જે બનવાનું છે તે અવશ્ય બનશે; એમાં મનુષ્યનો જ્યારે કાંઈ ઉપાય નથી, ત્યારે વૃથા કલેશ કરવો એ અયોગ્ય છે, એમ તેઓ માને છે. તેથીજ પ્રિયતમ પુત્ર કે પિતાના વિયોગથી અશ્રુપાત કર્યા વિના પણ તેઓ રહી શકે છે. તે સંબંધે એક પ્રત્યક્ષ કરેલી ઘટના વિદિત કરૂંછું.

ઘોષબાબુ લખે છે કેઃ—" હું શિક્ષાકાળે એક જાપાની ગૃહસ્થને ત્યાં રહેતો હતો. તે ગૃહસ્થની ઉમ્મર લગભગ સાઠ વરસની હતી. સંસારમાં તેને એક સ્ત્રી, એક પુત્ર અને એક પુત્રી હતાં. પુત્ર ૧૧ વરસનો થયો, એટલે દેશના રીવાજ પ્રમાણે યુદ્ધવિદ્યા શીખવાને ટાકીઓની મીલીટરી કોલેજ (લશ્કરી પાઠશાળા) માં ગયો. આ તરફ ડોસો, ડોશી તથા પુત્રી સહિત રહેવા લાગ્યો. એક દિવસ કામપરથી પાછાં આવતાં તેની શારીરિક સ્થિતિ

સારી જણાઈ નહિ. ક્રમે ક્રમે એ અવ્યવસ્થિત સ્થિતિએ ગંભીર બિમારીનું રૂપ પકડયું. બિમારી વધતી જતી દેખાઈ. સૌએ તે ખબર તેના પુત્રને આપવા જણાવ્યું પણ ડોસાએ પુત્રના અભ્યાસમાં વિઘ્ન પડે એમ ધારી ના કહી.

તે વૃદ્ધનો મારા તરફ ખુબ પ્યાર હતો. અને શિલ્પ વિદ્યામાં તે ઘણી વખત મને સહાય કારક થઇ પડતો. વૃદ્ધે મૃત્યુને દિવસે પણ શિલ્પ સબંધ કેટલીક વાત ચીત મારી સાથે કરી હતી. રાત્રિના અગ્યાર વાગ્યા સુધી હું તેની પાસે હતો. ત્યાર પછી હું મારી પથારીમાં આવીને સૂતો. રાત્રિમાં વૃદ્ધની અવસ્થા વધારે ભયંકર થતી ગઈ. પ્રભાત પહેલાં તો તેનો પ્રાણ ચાલ્યો ગયો. હું જાગ્રત થયો, તે સમયે તેની પુત્રી કાંઈ કામ પ્રસંગે સીડીપર ચડ ઉતર કરતી હતી. આશ્ચર્યની વાત એ હતી કે, તેઓના આ વિપત્તિના સમયમાં પણ ઘણી સાવધાનતાથી તે સીડીપર ચાલતી હતી. રખેને મારી નિદ્રાભાંગે—મારી ઉંઘમાં ખલેલ પહોંચે, એ ભયે તે પોતાની માતા સાથે વાત ચીત પણ બહુ ધીમા સ્વરથી કરતી હતી.

" સવાહના પહોરમાં ઉઠતાંજ ઘર આગળ ઘણાં માણસો એકઠાં થયલાં જોઇ મને આશ્ચર્ય થયું. ઘરનાં દ્વારમાંજ તે વૃદ્ધ બાનુ ઘરમાં આવતાં માણસોનો આદર સત્કાર કરતી ઊભી હતી. મેં ધાર્યું, કાંઇ કાર્ય પ્રસંગ ઉત્સવ હશે. કુતુહલ પરવશ થઈ વૃદ્ધા પાસે આવ્યો, તેને લોક સમાગમનું કારણ પૂછ્યું. તેણે સ્વાભાવિક સ્વરે જાપાની ભાષામાં ઉત્તર આપ્યોઃ "શું તમને ખબર નથી ? વૃદ્ધે પરલોક પ્રયાણ કર્યું " મ્હેં પૂછ્યું, ' કયો વૃદ્ધ ? " તેણે કહ્યું, " આ ઘરના ! " હું તો સાંભળીને સ્તબ્ધજ થઈ ગયો. આત્મસંવરણ કરી હું ઘરમાં ગયો, ત્યાં ત્હેની પુત્રી મળી. વૃદ્ધના મૃત્યુથી થયેલું દુઃખ જણાવીને મેં કહ્યું "રાત્રિએ મને જગાડયો હોત, તો હું આપને કાંઇ મદદ કરી શકત" તેણે હંમેશની શાંત શૈલીથી ઉત્તર આપ્યોઃ "આપ વિદેશી—વળી અમારે ઘેર અતિથિ સ્વરૂપ છો, એવી સ્થિતિમાં આપને નાહક હેરાન કરવા એ ઠીક નહિ. રાત્રિમાં આપ અમને મદદ કરત, એ સાંભળી અમે બહુ ખુશી થયાં છીએ." તે વૃદ્ધ સન્નારી અને તેની પુત્રીને સ્વાભાવિક સ્વરે વાત કરતાં જોઇ મને બહુ આશ્ચર્ય થયું.

"ત્યાર પછી તે માતા અને તેની પુત્રીએ બહુમૂલ્યવાળાં રેશમી વસ્ત્રો પહેરી પૂજાની તૈયારી કરી. એ તૈયારી સમયે તેઓના મુખપર પ્રસન્નતા હતી. તેઓના મુખપર દુઃખનું ચિન્હ જરા પણ જણાતું ન હતું. પિતા કે પતિના વિયોગે બીજા કોઇ દેશની સ્ત્રી આવું ધૈર્ય ભાગ્યેજ રાખી શકતી હશે.

ગૃહ કાર્યની અંદર જાપાનની સ્ત્રીઓ મૂર્ત્તિમતી લક્ષ્મી જેવી છે. અતિ ધનવતી હોય તોપણ તેઓનાથી એક તૃણનો પણ દુરુપયોગ તો થવાનોજ નહિ. તેઓ કોઇ પણ ચીજને નકામી જવા દેતી નથી. કઈ વસ્તુનો કેવો વ્યવહાર કરવાથી પોતાને કે સ્વજાતિને કોઇ અંશે પણ લાભ થઇ શકે, તે તેઓ સારી રીતે જાણેછે. અને એ કારણથીજ સમગ્ર જાપાનની મુસાફરી દરમિયાનમાં પણ કોઇના ઘરમાં કે બહાર એક ચોખાનો દાણો અથવા કાગળનો કકડો પડેલો જોવામાં આવતો નથી ! તેઓ સવારનું બાકી રહેલું અન્ન

પાણીથી ખુબ ધોઈ તડકે સુકવી ફરીથી ઉપયોગમાં લેછે. રસોઇ કરતી વખતે જો ભાત બળી જાય તો તેને વાટી ત્હેમાં ખાંડ મેળવી ત્હેનું એક પ્રકારનું સુંદર મિષ્ટાન્ન બનાવે છે. કપડાં અને કાગળના ટુકડા સયત્ને સાચવી રાખે છે. કાગળ બનાવનારના માણસો તેનું મૂલ્ય આપી ખરીદી લઇ જાયછે. એ પ્રમાણે કોઈ પણ ચીજ જાપાનની સ્ત્રીઓ નકામી જવા દેતી નથી.

આધુનિક જાપાનની સ્ત્રીઓ ઘણે ભાગે સઘળી ભણેલી છે. સરળ રીતિથી બાળક બાલિકાને ખરી રીતે તેઓજ શિક્ષણ આપેછે. વાર્તારૂપે દેશના પ્રસિદ્ધ વીરપુરૂષોનાં જીવનચરિત્રોનાં વર્ણન કરી તેઓનાં સંતાનના શુદ્ધ હૃદયમાં પ્રથમથીજ સ્વદેશ પ્રેમ અને ભક્તિનાં બીજને વાવે છે.

સભ્યતા અને ભવ્યતામાં જાપાની સ્ત્રીઓની તુલના થઈ શકતી નથી. તેઓ અતિથિનો આદર સત્કાર બહુ માન અને સ્નેહથી કરેછે. આવનાર મનુષ્ય દરિદ્ર હોય તોપણ તેના તરફ યથોચિત સન્માન પ્રદર્શિત કરેછે. મ્હોટા માણસની સ્ત્રી કે પુત્રી તરીકે કયારે પણ તે અભિમાન કરતી નથી. જાપાની સ્ત્રીઓમાં અહંકાર ક્યાંય પણ જોવામાં આવતો નથી. પોતાનામાં કોઇ વિશેષ ગુણ હોય તો તે બીજાને કહીને બડાઇ મારવાની વાત તો દૂર રહી; પણ વારંવાર પૂછવાથી પણ તે કહેતી નથી !

હલકી જાતિની સ્ત્રીઓ ઘણા દેશમાં પરસ્પર વિવાદ કલહાદિ કરેછે, પરંતુ જાપાનમાં એ નિયમનો પણ વ્યતિક્રમ થયોછે. જાપાનની સ્ત્રીઓ કલહ તો શું, પણ ઉચ્ચ કંઠે તર્ક વિતર્ક પણ કરતી નથી ! હાલમાં કદિ કોઇ સ્થળે સ્ત્રીઓમાં એક બીજાની નિન્દા થતી જોવામાં આવેછે, તથાપિ આ તેઓના પાશ્ચાત્ય શિક્ષણનું ફળ કલ્પી શકાયછે !

સ્વદેશ ભક્તિમાં તો જાપાની સ્ત્રીઓ જગત્‌માં પહેલે નંબરે છે એમ કહેવાથી અત્યુક્તિ નહિજ થાય. એવું કહેવાય છે કે રશિઆ અને જાપાનના વિગ્રહ સમયે રશિઆનો એક સૈન્યાધ્યક્ષ દુશ્મનના દેશનાં રહસ્ય જાણી લેવા માટે જાપાનના એક શહેરમાં રહ્યો હતો. એક વખતે એક મચ્છીમારની છોકરીના હાથમાં સુવર્ણ મુદ્રા આપી, જાપાની સાગરમાં કયાં કયાં કેટલું ઉંડાણછે, તે જાણવા તેણે પ્રયત્ન કર્યો. છોકરીએ બાપ પાસેથી બધી વાત જાણી લઇ, તે સેનાપતીને તે હકીકત તદન વિપરીત રીતે કહી: જેને લીધે રશિયાને લાભને બદલે ભારે હાનિ થઈ ! એ સ્વદેશ પ્રેમીલી બાલિકાને જોવાને માટે દૂરનાં સ્થાનોથી પણ માણસોનાં ટોળાં અને ટોળાં આવતાં હતાં.

આપણા દેશની પ્રાચીન દાનેશ્વરી સુંદરીઓ.

લેખકઃ શ્રીયુત્ " E " (બી. એ.)—મુંબાઈ.

ભારતવર્ષમાં ઠેર ઠેર પ્રાચીન ખંડેરો છે. એ ખંડેરોમાં મંદીરો વગેરે બંધાવનાર અથવા મંદીરોમાં રહેનાર સાધુ સાધ્વીઓના નિર્વાહ અર્થે દાન કરનાર ઉદાર ચરિત્ સ્ત્રી પુરુષોનાં નામ સલાટના ટાંકણાએ અમર કરેલાં છે ઈ. સ. ના પાંચમા સૈકા લગીના શિલાલેખોનો સંગ્રહ મ્હારા જોવામાં આવ્યો. તેમાંથી ઉડતી નજરે જેટલાં સ્ત્રીઓનાં નામ દાનેશ્વરી તરિકે જોવામાં આવ્યાં તે ઉતારી આ સાથે પ્રગટ કરવા મોકલ્યાં છે. પ્રકાશનનો ગૌણ હેતુ તે કાળનું જીવન અને તે કાળે સુંદરીઓનાં અભિધાન કેવાં હતાં તે બતાવવાનો છે. પણ પ્રધાન હેતુ આપણી પ્રાચીન કાળની દાન કરવાની ઉજ્વળ અને ગૌરવાન્વિત ટેવને જાગૃત અને સંસ્કૃત કરાવવાનો છે. ઉતારેલી નામાવલિમાંનાં નામ બૌદ્ધ અથવા જૈન ધર્મની ઉપાસિકા અને સાધ્વીઓનાં છે. તે જમાનામાં મંદિરો બાંધવાં, દેવમૂર્તિની પ્રતિષ્ઠા કરવી અથવા સાધુ સાધ્વી માટે નિવાસસ્થાન બંધાવી તેમના નિર્વાહનો બંદોબસ્ત કરવો, એ આદર્શ હતો. આજે એથી ઉલટો આદર્શ થયો છે. આપણા દેશમાં જેટલી ધર્મપરાયણતા છે, તેથી વિશેષ મંદિરોની સંખ્યા છે; સાધુ સાધ્વી અને ધર્મગુરૂઓ કર્તવ્ય વિમુખ થઇ મોંપાયલા દ્રવ્યનો દુરુપયોગ કરે છે. માટે દાનનું વ્હેણ તે તરફ વળતું બંધ થવું જોઇએ. આ જમાનામાં નિશાળો, ઇસ્પિતાલો, આરોગ્યભવન (Sanatarium), શોધ ખોળનાં સ્થાનો, અનાથાશ્રમો, ગ્રંથ સંગ્રહો, વગેરેની દિનપર દિન જરૂરિયાત વધતી જાય છે. માટે મ્હારી બ્હેનોને વિનંતિ છે કે એમની દાનવૃત્તિ હવે એ તરફ વળવી ઘટે છે. ભવિષ્યમાં હજાર બે હજાર વર્ષે પછી આ જમાનાના શિલાલેખો ભેગા કરવા કોઇ નીકળે, તો તેના હાથમાં આવી સંસ્થાઓના લેખો આવે એવી ઉત્સુકતા થાય તો કેવું સારૂં ? સૂચવેલી સંસ્થાઓની જરૂરિયાત કેવી અને કેટલા પ્રમાણમાં છે ?—એની સ્થાપના માટે કેવી રીતે અને કેટલે દરજ્જે પ્રયત્ન થઈ શકે ?—તેનો વિચાર વાંચનારી બ્હેનોમાંથી કોઇ કરી જણાવશે તો હું ઉપકૃત થઇશ.

૧. સ્થવીર ભદ્રની સ્વાતિમિત્રની અને અગ્નિમિત્રની બ્હેન પરિવ્રાજિકા નાગનિકાની પુત્રી પદ્મણિકા અને તેની શિષ્યાઓ બોધિ તથા અષાઢમિત્રા.
૨. શાકય ઉપાસિકા વ્યાધકા.
૩. લેખક શિવભૂતિ અને વિજયાની પુત્રીઓ સર્મા, શિવપાલિતા, શિવદત્તા, સુસસદત્તા.
૪. વૈદ્ય સોમદેવની પુત્રીઓ ઋષિપાલિતા, પુષ્પા, ધર્મા, અને સર્પા.
૫. બ્રાહ્મણ ઉપાસક અયિતિલુની વહુ ભયિલા (બ્રાજિલા).
૬. માંડવી.
૭. રાજામાત્ય ... ...
૮. મહાભોજ સાડકર (શાતકર્ણી ?) સુદર્શનની પુત્રી વિજયનિકા.
૯ અહિલના પુત્ર રામદત્તની વહુ વેલીદતા
૧૦. અન્તેવાસિની બોધિ.
૧૧. પરિવ્રાજિકા સર્પિલા, લોહિતા, વેરહુય (વિષ્ણુકા) અને અન્તેવાસિની બોધિ.
૧૨. સાર્થવાહ વેદમિત્રની વહુ શિવદત્તા.
૧૩. શ્રેષ્ઠી સંઘરક્ષિતની પુત્રવધૂ વાદશ્રી.
૧૪. શિવદત્તની વહુ ધર્મશ્રી.
૧૫. હાલિકની વહુ બાધા.
૧૬. ગૃહપતિ મહાદેવણકની માતા બ્રાજિલા
૧૭. ભિક્ષુણી અષાઢમિત્રા.
૧૮. ધુણિકની માતા ભિક્ષુણી કોડી.
૧૯. ...

૨૦. કુમાર વિદિશ્રીની માતા.
(યજ્ઞકાલે દક્ષિણા વેળા.)
૨૧. ખેડુત ઋષભની વહુ સિંહગુપ્તા.
૨૨. મહાદેવી ગૌતમી બાલશ્રી.
૨૩. નીગમ વીરની પત્ની નંદશ્રી અને પુત્રી પુરુષદત્તા.
૨૪. નહપાનની પુત્રી અને ઋષભદત્તની વહુ દક્ષમિત્રા.
૨૫. શક અગ્નિવર્માની પુત્રી, રૈભિલની વહુ અને વિશ્વવર્માની મા વિષ્ણુદત્તા.
૨૬. રાજઅમાત્ય અરહલયની પુત્રી, રાજઅમાત્ય અગિયતણકની વહુ અને કમણકની મા ભટપાલિકા.
૨૭. નંદાશ્રીકા.
૨૮. ઉપાસિકા અમ્મા.
૨૯. મહાસેનાપતિ ભત્રગોપની વહુ વાસુ.
૩૦. ગિરિભૂતિની વહુ શિવપાલિતા.
(ભિક્ષુણી-ઉપાશ્રય બંધાવ્યો)
૩૧. લક્ષ્મી.
૩૨. નડબાલિકા, ઋષિમલ સ્વામીની પત્ની.
૩૩. રાજવૈદ્ય ભૂગિલની પુત્રી દત્તા.
૩૪. અરિતિ ગૃહપતિની પુત્રી ઉપાસિકા સંઘરક્ષિતા. (ભાઇ બ્હેનો તથા ત્રણ પુત્ર ચંદ, અર્જુન, અને ચંદ્રમુખ સાથે.)
૩૫. લોણ વલવકની સ્ત્રી સંઘા, સંઘરક્ષિતની સંઘદાસી અને અરિતિની કમલા.
૩૬. ગૃહપતિ પાથીની પત્ની કૃષ્ણા.
૩૭. ભિક્ષુણી બુધા.
૩૮. અન્તેવાસિની બુદ્ધરક્ષિતા.
૩૯. સિદ્ધાર્થની વહુ ભગોમ્પૂ.
૪૦. નાગતિષ્યની વહુ નાખા.
૪૧. ભદની બોધિ અને પરિવ્રાજિકા વસ્માની પુત્રી સંધા.
૪૨. શ્રમણિકા સિદ્ધાર્થી.
૪૩. સિદ્ધાર્થની વહુ સ્કંદા.
૪૪. આર્ય ધર્મા.
૪૫. ભિક્ષુણી બુદ્ધ રક્ષિતા અને તેની દીકરી.
૪૬. ઇંદ્ર અને કૃષ્ણાની પુત્રી કામ્યા અને ભિક્ષુણી નાગમિત્રા.
૪૭. પરિવ્રાજિકા સંઘરક્ષિતા, તેની પુત્રી પરિવ્રાજિકા સંધા અને તેની પુત્રીજિયવા.
૪૮. સુજાતાની પુત્રી ભિક્ષુણી રોહા.
૪૯. ઉપાસિકા શિવલા.
૫૦. " ચંદ્રા.
૫૧. ભિક્ષુણી નંદા.
૫૨. ચંદ્રની પુત્રી વાણીયણ સિદ્ધિ.
૫૩. સમુદિકાની અન્તેવાસિની આસા.

મ્હારો સ્વામી.*

સંપાદકઃ શંકરપ્રસાદ છગનલાલ રાવલ-ઝાડેશ્વર.

૧.

દુઃખની વિનતિ રે કોની આગળ કહીએ ?
કોની આગળ કહીએ ને વ્હાલા આગળ કહીએ:
હોય મ્હારો વ્હાલોરે બોલે નહિ કે ચાલે.—
બોલે નહિ કે ચાલે ને આંખ ના ઉઘાડે;
કહો મ્હારી સહીરે! આ દુઃખ કોને કહીએ ? દુઃખની૦

* સુન્દરી સુબોધના ગત વર્ષના નવેમ્બર-ડિસેમ્બર માસના વાર્તાઓના અંકમાં શીર્ષકનો "રાસડો" રા. ઠાકરથી પુંજાભાઈ છોટાએ મોકલેલો પ્રસિદ્ધ થયો છે.

મહિયર જઈએ તો માતાને કહીએ,
દુઃખની વિનતી રે આ બ્હેનીને કહીએ;
બ્હેની રે ! તમારા હૈયામાં રાખો,
પરોશણ જાણે તો ઝઘડો લગાડે. દુઃખની૦
ચાર ચાર માસે ચોમાસું રે આવ્યું,
પ્રભુજીના ઢોલીઆ નેવલે ઢળાવું;
નેવલે ઢળાવું ને મેહુલા વરસાઉં,
ત્હોય મ્હારો વ્હાલોરે બોલે નહિ કે ચાલે. દુઃખની૦.
ચાર ચાર માસે શિયાળો રે આવ્યો,
પ્રભુજીના ઢોલીઆ ચોકમાં ઢળાવું;
ચોકમાં ઢળાવું ને વીંજણા નંખાવું,
ત્હોય મ્હારો વ્હાલો રે બોલે નહિ કે ચાલે. દુઃખની૦
ચાર ચાર માસે ઉન્હાળો રે આવ્યો,
પ્રભુજીના ઢોલીઆ ઓરડે ઢળાવું,
ઓરડે ઢળાવું ને અગ્નિ ધીખાવું,
ત્હોય મ્હારો વ્હાલો રે બોલે નહિ કે ચાલે. દુઃખની૦

૨.

મહેરબાન " સુન્દરી સુબોધ "ના તંત્રી સાહેબ,

આ સાથેનો લેખ આપની ઉપર મોકલી આપ્યો છે તે યોગ્ય લાગે પ્રસિદ્ધ કરશો. રા. છેડાએ જે સ્વરૂપમાં આપ્યો હતો તેથી આ લેખ કેટલોક જુદો પડે છે. પહેલામાં "હૃદય ખોલવાનાં દોલતાં સ્થાન " સખીઓને કંઇ સંબોધન નથી, આમાં છે. પહેલામાં નાયિકા નાયકની અકૃપા જોઈ નિરૂપાય થઇ પતિપ્રસન્નતાર્થે અનેક ઉપચારો કરે છે, આમાં કંઈ નહિ ફાવવાથી ચોમાસામાં નેવલે પોઢાડીને, શિયાળામાં ચોકમાં અને ઉન્હાળામાં ઓરડે પોઢાડીને જુદાજ–પ્રગલ્ભ–ઉપચારો આદરે છે. પ્રણય કલહનો બાળનો અગ્નિ શમાવવા કોઇ પણ રીતે પતિને મનાવવા પ્રયત્ન કરે છે, તોયે એનો વ્હાલો "બોલે નહિ કે ચાલે !" તેથી નિરૂપાય થાય છે. કોને કહેવું ? સખી મંડળને કહી દુઃખે દુઃખી કરી, દુઃખને હલકું કરે છે. " **કાંઈ મીઠું સુખ નકી હશે પ્રેમીનાં રુસણાંમાં !** " આવા આવા મનોગમ ભાવનું આ રમ્ય કરુણ ગીત હોવાથી તે પુનઃ પ્રસિદ્ધિ યોગ્ય માન્યું છે.

સેવક,

(ઝાડેશ્વર) શંકરપ્રસાદ છગનલાલ રાવળ.

એમણે એ કચ્છ પ્રાન્તમાંથી સંપાદન કર્યો હતો. આપણા ગુજરાતમાં–અમદાવાદ ફરતાં ગામડાઓમાં–એ ઉપર પ્રમાણે ગવાય છે. એના રાગ વિષે મ્હારી પત્નીને પૂછતાં તથા ગવડાવતાં એમાં ઘણો ફેરફાર જણાયો. વાચક ભગિની તથા બન્ધુઓના લાભાર્થે હું ફરીથી પ્રસિદ્ધિ માટે મોકલવા રજા લઉં છું. આશા છે કે વિદ્વાન્ તંત્રી સાહેબ એ પ્રસિદ્ધ કરી ઉપકારવશ કરશે. સુન્દરીસુબોધે આપણા નવીન કાવ્યયુગની **ગીતમાળાઓ** જનસમાજ આગળ મૂકી આપણી ઉત્તમ સેવા કરી છે, તેમ કેટલાંક પ્રાચીન સ્ત્રીગીતો, રાસડાઓ, કંઠસ્થ મનોહર ગીતો–મહિનાઓ, ઋતુઓ વગેરેનાં લોકગીત પ્રસિદ્ધ થાય તો કેવું સારૂં ? આ બાબતમાં વિદુષી બ્હેનો ધારે તો ઘણું કરીશકે. —શં. છ. રા.

ભારતનો પુરાણધર્મ.

(આર્યધર્મ તરફ મહાન સિકન્દરને થયેલી શ્રદ્ધા.)

(બંગાલીનો અનુવાદ).

લેખક: રા. રા. ત્રિભોવનદાસ દામોદરદાસ—રાજકોટ.

પ્રાચીન કાળમાં મહાવીર એલેક્ઝાંડર (સિકંદર) દિગ્વિજય કરવા દેશાંતર વટાવી જ્યારે ભરતખંડમાં આવી પહોંચ્યો, ત્યારે આ પુણ્યક્ષેત્ર ભૂમિમાં દંડી નામે એક વયોવૃદ્ધ અને જ્ઞાની બ્રાહ્મણ રહેતો હતો. અલેક્ઝાન્ડરના દૂત ઓનેસિક્રિટાસને તે બ્રાહ્મણે નિઃસ્વાર્થતાથી ઉત્તર આપ્યો હતો. તેણે ગ્રીક દાર્શનીક ઓનેસિક્રિટાસ સાથે સૉક્રેટીસ, પાયથાગોરાસ અને ડાયોજેનીસના મત સંબંધી ચર્ચા ચલાવી, ખુલ્લા દીલથી તેમના ઉચ્ચ જ્ઞાનની પ્રશંસા કરી કહ્યું હતું કે, "હું તેમનામાં માત્ર એકજ દોષ જોઉંછું. તે એકે તેઓ પ્રકૃતિ કરતાં વિધિ અને પદ્ધતિનો વિશેષ આદર કરેછે. નહિતર મારી માફક નાગા રહેવામાં તેઓ લજ્જા પામત નહિ."

મહાત્મા દંડીએ દૃઢતા સાથે દૂતને પાછો વાળ્યો.

અલેક્ઝાંડર સાથે મેળાપ કરવાનું કોઈપણ શરતથી તેણે સ્વીકાર્યું નહિ, તેથી દૂતે ગુસ્સે થઇ કહ્યું:-"અમારો બાદશાહ સ્વર્ગાધિપતિ ઈંદ્રનો પુત્ર અને સાગરસહિત સમસ્ત પૃથ્વીનો અધીશ્વર છે. તેની આજ્ઞા પ્રમાણે વર્તશો તો તે તમને પુષ્કળ ધન આપશે. નહિતો એક ક્રોસ ઉપર ખીલાઓથી જકડી મારી નાંખશે."

દૂતની આ વાત સાંભળી દંડીએ કહ્યું. એલેકઝાન્ડર ઇંદ્રનો પુત્ર છે તે હું માનતો નથી. અને તેની પાસે જે અઢળક સંપત્તિ છે તે બાબત પણ મને શંકા રહેછે ! કારણ કે જો તેની પાસે એટલી સંપત્તિ હોય તો તેનાથી તે સંતુષ્ટ રહેત અને કયારેય આ પ્રકારે પોતાને તથા સમગ્ર પૃથ્વીને દુઃખ આપત નહિ." દંડીએ વિશેષમાં કહ્યુંકે, "મ્હારે ધનની કશી જરૂર નથી તેથી હું ધનનો લોભ રાખતો નથી, અને મ્હને જે બીક બતાવવામાં આવેછે તેથી હું બ્હીતો નથી, કેમકે મારો વધ કરવાથી આ વૃદ્ધ દેહરૂપી પીંજરામાંથી મુક્ત થઇ હું વિશેષ શાંતીમય સ્થાને જઇશ. તેમાં મને બીલકુલ દુઃખ થવાનું નથી."

એલેકઝાન્ડર બ્રાહ્મણોના અગાધ જ્ઞાન સંબંધી ઉંચો મત ધરાવતો હતો. તેથી દંડીના આવા જવાબથી બીલકુલ ગુસ્સો નહિ કરતાં, તેના સાહસ અને દૃઢ સંકલ્પની ભારે પ્રશંસા કરવા લાગ્યો. પછી તેણે દંડી ઉપર એ મતલબનો પત્ર લખી મોકલાવ્યો કે તેણે બ્રાહ્મણોના ઉંચા મત તથા અસાધારણ જીવન રીતિ નીતિ સંબંધે ઘણી આશ્ચર્યજનક વાતો સાંભળી છે. તે બાબત તેની પાસે ખાત્રી કરવા અને એ બધાની શ્રેષ્ઠતા મેળવવા તેનો શિષ્ય થવાને પોતે બહુ ઈંતેજાર છે.

એલેકઝાન્ડર જેવા દોર્દન્ડ પ્રતાપ, સૂર્ય જેવા તેજસ્વી, દિગ્વિજયીમહારાજાનાં આવાં વિનય ભરેલાં વાક્યોવાળો પત્ર પહોંચતાંજ, દંડીએ તેનો જે ઉપદેશ પૂર્ણ જવાબ મોકલ્યો તેનો ભાવાર્થ નીચે પ્રમાણે છે:—

"એલેકઝાન્ડર ! મ્હારાં જ્ઞાનથી વાકેફ થવા માટે તું બહુ ઉત્સુક રહેછે. પરંતુ મને તો ખાત્રી છે કે અત્યાર સુધીમાંજ જ્ઞાનીઓની કક્ષામાં તારી ગણત્રી થઇ ચુકીછે. તોપણ તને જ્ઞાની લેખવામાં માત્ર એક મુખ્ય આવરણ એ છે કે તું મનુષ્ય જાતિના પરાભવ કરવા માટે અને સકળ જગત્ તારા પોતાના અધિકાર તળે લાવવા માટે વિશેષ ઉત્સુક રહેછે. જ્ઞાની પોતાને જીતેછે અને અન્યને આપત્તિ કર્યા સિવાય વિવેકના શાસન તળે રહેછે. આ બાબતમાં તારી પ્રકૃતિ તને સ્વાભાવિકરીને ઉચ્ચ આકાંક્ષા ઓળંગી ન શકાય તેવા અંતરાયરૂપેછે. અમારી રીતિ અને પદ્ધતિ સંબંધી જાણવાને માટે તારી ઇચ્છા થઇછે પરંતુ એ બાબતનું તને જ્ઞાન આપવાનું હું સાહસ કરતો નથી કેમકે એ બાબતમાં જેમ મારી વાક્પટુતા નથી તેમ તું પણ હંમેશાં અસ્ત્રશસ્ત્રની ચર્ચામાં જીવન ગાળેછે, તેથી મારો શાસ્ત્રોપદેશ સાંભળવાને તને અવકાશ મળશે નહિ. છતાં પણ આ બાબતમાં તારી ઇચ્છા બળવાન છે તો હુ ના કહેતો નથી. તોપણ તું એવી આશા રાખતો નહિ કે હું તારી મરજી પ્રમાણે વાક્યો કહી તારૂં ચિત્ત રંજન કરવાની તરદી લઉં. હું એક સરળ પ્રકૃતિનો માણસ છું. હું ક્યારે પણ કોઇ એક વિષય વિસ્તારીને કે છુપાવીને ઉપદેશ આપતો નથી. બ્રાહ્મણોનું જીવન પવિત્ર અને સરળ છે. સાંસારીક સુખની ઇચ્છા સાધારણ લોકોને ડોલાયમાન કરેછે, પરંતુ તેનાથી બ્રાહ્મણો લેશ પણ ડોલાયમાન થતા નથી. માત્ર વિવેક ઉપર નજર રાખીનેજ અમે વર્તીએ છીએ. અમે જ્યારે-જે કોઈ અવસ્થામાં હોઇએ ત્યારે તેમાંજ સંતોષ માનીએ છીએ. કોઇપણ પ્રકારની દુર્ઘટના થવાથી અમે સ્હેજ પણ અધીર થતા નથી. આહાર બાબત અમારે કોઇપણ જાતની આસક્તિ નહિં હોવાથી રસનાં તૃપ્તિકર સ્વાદીષ્ટ ભોજન કોને કહેવાં, તે અમને કશી ખબર નથી. કાંઇ પણ કલેશ કે પરિશ્રમ વગર આ ધરતી ઉપર જે કંદ, ફળ, મૂળ પોતાની મેળે ઉગી નીકળેછે તે દ્વારા અમે ભૂખ મટાડીએ છીએ, તેથી અમારા શરીરમાં કોઇપણ જાતનો વ્યાધિ થતો નથી. અમારા હૃદયમાં જે નિર્મળ આનંદ બિરાજે છે, તે પારકાંનાં દુઃખ જોવા સિવાય બીજા કશાથી મંદ પડતો નથી. એક માત્ર નિર્વ્યૂઢ એકતા, "સોઽહં" ભાવ, અમારી સ્વાધીનતા સ્થાપી અમારાં હૃદયમાંથી હિંસા, દ્વેષ, આંકાક્ષા અને પારકા ધનનું હરણ કરવાની ઇચ્છા-નો નાશ કરેછે. અમારે કોઇપણ જાતનું ધર્માધિકરણ જરૂરનુ નથી, કેમકે અમે કોઇ પ્રકારનું દુષ્કર્મ કરતા નથી. ગુન્હાઓ માટે જે જે કઠોર કાયદાઓ ઘડેલાછે તે અમને બાધ કરતા નથી, કેમકે માત્ર ન્યાય પંથેજ અમે આચરણ કરીએ છીએ. તે ત્યાં સુધી કે હૃદયમાં કુવાસનાને પણ જગ્યા મળતી નથી. માત્ર એક કાયદો અમે માન્ય રાખીએ છીએ. તે એ કે કુદરતનો કોઇપણ નિયમ-એ કાયદાની એક પણ કલમનો ભંગ અમે કરતા નથી. અમે કોઇનું નુકસાન કરતા નથી, તેથી અમારે કોઇની ક્ષમા માગવી પડતી નથી. ધનદ્વારા સજાથી મુક્તિ મેળવવાની કે માફી માગવાની અમને જરૂર રહેતી નથી. ન્યાયાધીશના હૃદયમાં ધનને લોભે જે દયા ઉદ્ભવે છે, તે ગુન્હેગાર કરતાં ન્યાયાધીશને વિશેષ દોષિત બનાવે છે. અમે હમેશાં આળસની વિશેષ નિંદા કરીએ છીએ. સુખથી દુર્બળતા આવે છે તેથી તેનાથી બ્હીએ છીએ. જે મહેનતથી શરીરને કસરત થાય તેવી મહેનત અમને પ્રિય છે. પરંતુ લાભને લોભે જે પરિશ્રમ કરવો પડે તેને અમે તુચ્છકારીએ છીએ. કેવળ માત્ર જીવન ધારણ કરવા માટે જરૂરનું હોય તેજ સંગ્રહ કરવા અમે મહેનત કરીએ છીએ

અને એ બધાને પાપનો દરવાજો માનીએ છીએ. અમારાં ખેતરોમાં કોઇ જાતના સીમાડા બાંધેલા નથી તેમ તે બાબત કોઈ કાયદા નથી. એવા કાયદા કુદરતી નિયમથી તદ્દન ઉલટા હોવાની અમારી માન્યતા છે. આ પૃથ્વી બધાં માણસો માટે પુષ્કળ ધાન્ય ઉત્પન્ન કરે છે અને બધાં પોતપોતાના પ્રયોજનાનુસાર તેમાંથી ગ્રહણ કરી શકે છે. પક્ષીઓ આકાશમાં સ્વચ્છંદે ઉડે, ગાય વગેરે પશુઓ નિર્વિઘ્ને પૃથ્વી પર ચરે, અને જળમાં માછલાંઓ ક્રીડા કરે, તેમાં અમે ક્યારેય તેને પીડા કરતા નથી. જે જે અમારે જોઇએ તે બધું અમારૂં જ છે. અમારા પ્રયોજન ઉપરાંતની અમારે કોઇ આકાંક્ષા રહેતી નથી. સંપત્તિ એકઠી કરવાની વાસના અમે છોડી દીધી છે. વાસનાને વશ થવાથી હૃદયમાં હજારો અભાવ ઉત્પન્ન થાય છે. મનુષ્ય જેમ જેમ તવંગર બને છે તેમ તેમ તેનું દારીદ્રય વૃદ્ધિ પામેછે. સૂર્યનાં કિરણ અમારી ટાઢ દૂર કરે છે. શિશિર અમને શીતળ કરે છે અને નદી અમને સ્વચ્છ કરે છે. ખેતરમાં ઉત્પન્ન થતું શાક ફળફુલ વગેરે અમારો આહાર છે. ભૂમી અમારી શય્યા છે. અમારી નિદ્રાને દુશ્ચિંતા કયારેય અડચણ કરતી નથી અને માનસિક શાંતિ અમારા હૃદયમાં ચિંતાને લેશપણ ઉદ્‌ભવવા દેતી નથી. ચિત્તની સ્વાધીનતાએ અમને બધા પ્રકારના ભયના બંધનથી મુક્ત રાખેલ છે. બધાં તરફ ભ્રાતૃભાવથી અમે જોઇએ છીએ, કેમકે પ્રકૃતિ દેવી કોઇ તરફ ભેદભાવ રાખતી નથી. તેમ બધાંઓ પરમ પિતા પરમેશ્વરનાં સંતાન છીએ. તેણેજ આપ્યું છે, તેમાં બધાંનો સમાન અધિકાર છે. ઘર બાંધવા માટે અમે ઝાડ કાપતા નથી તેમ પર્વતના ટુકડા કરી નાખતા નથી. કુદરતે ગુફાઓને ઘર રીકે વાપરવા માટેજ બનાવી છે, જેમાં રહીને વરસાદ, તોફાન, ટાઢ, તડકો વગેરેની બીક અમે રાખતા નથી. છવતાં છવત આ બધાં કુદરતી ઘરમાં અમે રહીએ અને મૃત્યુ બાદ સમાધી લઇએ છીએ.

संत्यज्य ग्राम्यमाहारं सर्वंचैव परिच्छदम्
पुत्रेषुभार्यां निक्षिप्य वनंगच्छेत् सहैव वा ।

જેમાં લેશ પણ કામળતા નથી, એવી ઝાડનીછાલ અને પાંદડાં પહેરી અમે લોકલજ્જા દૂર કરીએ છીએ. અમારી સ્ત્રીઓને અલંકારો પહેરાવતા નથી અને તેઓ પણ તે પહેરાની ઇચ્છા કરતી નથી. તેઓ જાણે છે કે આડંબર વાળા પહેરવેષથી સૌંદર્ય વધતું નથી પરંતુ દુઃખજ વધે છે. બધી કળાઓ ભેગી થાય તો પણ રૂપનું ઉત્કર્ષ સાધન કે અભાવ પૂર્ણ થઇ શકતો નથી, તેથી એ ઉપાયેનું અવલંબન કરવું નકામું અને પાપજનક છે. અમારી સ્ત્રીઓનો સ્વભાવ એવો છે કે તે અમારો સ્નેહ મેળવે છે. પરદાર પ્રીતિ, વ્યભિચાર, વગેરે ધર્મ વિરૂદ્ધનાં પાપ અમારામાં ક્યારેય પણ આચરવામાં આવતાં નથી. અમારી સમાજમાં સર્વદા શાંતિ બિરાજે છે. નર હત્યાની વાત સાંભળતાંજ અમારા મનમાં ભરેકાર છૂટે છે. અપરિચિત માણસો સાથે અમે કયારે પણ તકરાર કરતા નથી. એટલે સુધી કે હથિયાર પકડવાની અમને બીલકુલ આવડતજ નથી. અમે હંમેશાં પડોશીઓ સાથે શિષ્ટાચારથી સદ્‌ભાવ રાખીએ છીએ. માત્ર લક્ષ્મીજ અમારી દુશ્મન છે-તેનીજ સાથે માત્ર અમારે લડાઇ છે. પરંતુ જે બધાં બાણ અમારા ઉપર તે ફેંકે છે તે અમને ઇજા કરતાં નથી. અમે કોઇ એવું કામ નથી કરતાં કે જેથી અનિષ્ટ પરિણામ આવે,

તેથી અમારા ઉપર આરોપ મુકાવાનો પ્રસંગ ક્વચિત્તજ બને છે. અકાળ મૃત્યુ થવાથી અમને તેથી ઉદ્દભવતા દુઃખનો અનુભવ થાય છે, તેમ પિતાએ પુત્રના અન્ત્યેષ્ટિ સંસ્કાર કરવાનો જોગ રહેતો નથી. જે કાંઇ ઘટના બને છે તે "ભવિતવ્યં" માનીએ છીએ. આડંબર કે ભભકા કરીને અમે ક્યારેય સ્મૃતિ મંદિર બાંધતા નથી—કેમકે તેથી તેમાં રાખવામાં આવેલ ભસ્માવશેષ (શબનાં ફુલ-રાખ)નું અપમાન થાય છે. એવી અમારી માન્યતા છે. વસ્તુતઃ પૃથ્વી અભડાઇ જવાના ભયથી જે રોગિષ્ટ શબને અગ્નિદ્વારા બાળવામાં આવે છે, તેના અવશિષ્ટ અંશ જેવી નિંદ્ય અને દુષણ યુક્ત વસ્તુ બીજી કઇ હોઇ શકે!"

એલેકઝાંડરે જ્યારે આનેસિક્રિટાસના મ્હોંથી સાંભળ્યું કે લોભ કે ભય બતાવવાથી પણ દંડી તેની પાસે આવવાને કબુલ થયો નહિ, ત્યારે તે ભુવનવિજયીને આ કૌપીનધારી વૃદ્ધ બ્રાહ્મણને જોવાની અતિશય તીવ્ર ઇચ્છા થઈ. કેટલાક સાથી સાથે તે જે અરણ્યમાં દંડી રહેતો હતો ત્યાં ગયો. આશ્રમ નજીક આવતાં તે ઘોડા ઉપરથી ઉતરી ગયો અને રાજ મુકુટ વગેરે ઉતારી એકલો તે બ્રાહ્મણ પાસે જઈ પહોંચ્યો. તે વૃદ્ધને જોઈ ઉત્સાહ પૂર્વક તેના ચરણમાં પડયો અને કહ્યું "હે દંડી, પરમેશ્વર તમારૂં ભલું કરે! મ્હારી પાસે આવવાને તમે નાકબુલ થયા, તેથી હું પોતે તમારી પાસે આવ્યો છું."

દંડીએ પૂછ્યું:—શા માટે આવેલ છો! આ નિર્જન સ્થાનમાં કંગાળ વનવાસી પાસે એવી કઇ વસ્તુ છે કે જેનું અપહરણ કરવા તારે આવવું પડ્યું છે! તારે જોઇતી ચીજો મારી પાસે નથી અને મારી જે વસ્તુઓ છે તેનો તને લોભ નથી. હું ભગવાનને પૂજું છું, મનુષ્યને ચાહું છું, સુવર્ણને તુચ્છ લેખું છું, અને મૃત્યુની દરકાર કરતો નથી. ત્યારે તેથી ઉલટું તું મૃત્યુથી ડરે છે, સુવર્ણનું સન્માન કરે છે, મનુષ્યને તુચ્છ લેખે છે, અને ભગવાનનો તિરસ્કાર કરે છે."

એલેકઝાંડરે કહ્યું:-તમારા જ્ઞાનના કાંઇક અંશનું મને દાન આપો. લોકો પાસેથી મેં સાંભળ્યુ છે કે આપ દેવ ભાવે પૂર્ણ છો અને હમેશાં ભગવદ્ધ્યાનમાં રોકાયલા રહો છો. હું અત્યારે એ જાણવા માગું છું કે તમે કયા ગુણને લીધે ગ્રીક લોક કરતાં વધુ ચઢીઆતા છો અને શું કારણે બીજા માણસો કરતાં તમે વધારે જ્ઞાની છો!"

દંડી ઉત્તર આપ્યો:- તારા હૃદયમાં જો ભગવાને આપેલી વસ્તુ રાખવાનું સ્થાન ખાલી હોત તો મને પરમેશ્વર પાસેથી જે મળ્યુ છે તે ઘણી રાજી ખુશીથી હું તને આપત. તારૂં ચિત્ત અસંયત, ઉચ્ચ આકાંક્ષાવાળું, અગણિત વસ્તુની લાલસાવાળું અને મહાન સામ્રાજ્યની તૃષ્ણા રાખતું છે. આ બધાંને હું પરમાર્થના શત્રુ માનુંછું. તારા અંતઃકરણમાંથી એ બધાં કાઢી નાંખવાની મારી પોતાનીજ ઇચ્છા થાય છે. અત્યારે તારી વાસના એટલી પ્રબળ છે કે સમુદ્રને પેલેપાર પૃથ્વીનો જે કાંઇ અંશ હોય તે જીતી લેવા તું તૈયાર રહે છે. પણ જ્યારે જીતી લેવા સરખું કાંઇ પણ બાકી રહેશે નહિ, ત્યારે તારી અતૃપ્ત વાસના તને બહુ દુઃખ દેશે. સમસ્ત પૃથ્વીનો અધિપતિ થયા છતાં પણ જ્યારે તેને સંતોષ નથી, ત્યારે હું શી રીતે તને સંતોષ આપું? આ જગતની તુલનામાં તું કેટલો ક્ષુદ્ર છે, છતાં એ જગત જીતી લેવા અને સમગ્ર માનવ જાતિનું સર્વસ્વ તારા અધિકાર તળે લેવાની તને વાસના રહેછે. પરંતુ મને જેટલી જમીન ઉપર બેઠેલો તું જુએછે અથવા જેટલી જમીન ઉપર તું બેસેલ છે, તે કરતાં વધારે વિસ્તારની ભૂમિ તારાથી અધિકાર તળે રાખી શકાય

નહિ. બધા મનુષ્યો સાથે સમાન રીતે ભૂમિ, જળ, વાયુ વગેરે પૃથ્વીનું જે કાંઇ છે તે હું ભોગવું છું. તેથી જે મારૂં છે તેનો હું ન્યાયાનુસાર અધિકારી છું. તું જો કે સમગ્ર પૃથ્વી ઉપરના જનોનો અધિપતિ હોય, તો પણ તારા પ્રયોજન ઉપરાંતનું વિશેષ પાણી તું પી શકશે નહિ. પ્રયોજન ઉપરાંતની આકાંક્ષા નહિં રાખવાથી બધા અભાવ પૂર્ણ થાયછે. વાસના દારિદ્રની જનની છે. વાસના રૂપી વ્યાધીનું ઔષધ ન જાણતાં તું વ્યાધિમુક્ત થવાની ઇચ્છા રાખેછે. જે વ્યક્તિ પૃથ્વી ઉપરતાં તમામ પદાર્થોનાં અધિકારી થવાની ઇચ્છા કરે તેની વાસના કદાપિ પૂર્ણ થતી નથી ! વધારેમાં જે કાંઇ તેને મળેલ છે તેથી શાંતિ ન થાય તો વિશેષ લાભની આશાએ તે અસીમ દુઃખ ભોગવે છે. તું મારા જેવો થઇ મારી સાથે રહે અને તેમ કરી અસામાન્ય ધનનો અધિકારી બની પરમાનંદે તે ધનનો ઉપભોગ કર; તેથી હું તને જ્ઞાનનો ખરો સ્વાદ ચખાડવા સમર્થ થઇશ અને મારૂં જેટલું ઐશ્વર્ય છે તેનો તું અધિકારી બનીશ. આકાશ મારૂં ચંદ્રાતપ છે, ધરણી મારી શય્યા છે, નદીનું પાણી પેય અને સામેનાં ખેતર મારા આહારનો ભંડાર છે. વાઘ વગેરે બીજાં પ્રાણીઓની પેઠે હિંસા કરી હું આહાર કરતો નથી. બીજા જીવોનું રક્તમાંસ મારા જઠરમાં નાંખી, મારા દેહને હું તેમનું કબરસ્તાન કરતો નથી. બચપણમાં જેમ હું નિર્દોષ માતૃદૂધ પીઇને જીવ્યો હતો તે રીતે હાલપણ ફળફૂલ ખાઈ હું જીવું છું. અને તેજ કુદરતી કાર્ય છે. તું એમ જાણવા માગે કે બીજાઓ કરતાં મારામાં શું વધુ છે અને તેમના કરતાં મારામાં કેટલું અધિક જ્ઞાન છે ?-તો તારા જોવામાં આવે છે કે હું જે ભાવે જન્મ્યો છું, બરોબર તેજ રીતે જીંદગી ગાળું છું. ગર્ભવાસમાંથી જેવો સંપતિહીન ને ચિંતાશૂન્ય હું પૃથ્વી ઉપર અવતર્યો છું તેવોને તેવોજ હાલપણ છું. ભગવાને શું કર્યું છે—શું કરે છે-અને ભવિષ્યમાં શું કરશે, તે બધું હું જાણું છું. ભવિષ્યવાણી સાંભળી તું આશ્ચર્ય પામે છે; કારણ કે દુષ્કાળ, મહામારી, લડાઇ, અનાવૃષ્ટિ, બ્હેળોપાક વગેરે ભગવાનનાં કાર્યોનાં કારણનું લેશપણ નિરાકરણ તું કરી શકે તેમ નથી. એ બધાં કેમ, કેવી રીતે, ને શા માટે બને છે એ બધાનો કાર્ય કારણ સંબંધ મારાથી અજાણ્યો નથી. ”

એલેક્ઝાન્ડર આ બધું ધીરજથી સાંભળી લેશપણ અસંતુષ્ટ થયો નહિ. પ્રત્યુત્તરમાં તેણે તે પ્રાજ્ઞ પંડિત ડંડીને કહ્યું:-“ તમે જે બધું કહ્યું તેની સત્યતા મારા સમજવામાં પૂર્ણ રીતે આવેલ છે. તમારો પવિત્ર વંશમાં જન્મ, જ્યાં તમારો વાસ છે ત્યાં આહાર વગેરે વસ્તુઓનો વિશાળ ભંડાર કુદરતે પોતેજ ખુલ્લો રાખ્યો છે, તેથી તમને કોઇપણ પ્રકારનો કલેશ રહેતો નથી, અને જીંદગી આનંદ ઉપભોગમાં ચાલી જાય છે. આપ પૂર્ણ શાંતિમાં કુદરતના સમસ્ત ઐશ્વર્યથી ઐશ્વર્યવાન થયા છો. હું અવિરામ કોલાહલ અને અનંત કલેશમાં રહું છું જે બધા મારા પગારદાર રક્ષકો છે તેમનાથી પણ હું ડરતો રહું છું. મારા મિત્રો તરફથી મને જેટલી આશંકા રહે છે તેટલી મારા શત્રુ તરફથી રહેતી નથી. હર હંમેશ શત્રુસેના કરતાં મિત્રના વિશ્વાસઘાતનો ભય મને વધારે રહે છે. સુખે રહેવા માટે પહેરાવાળા રાખ્યા છતાં પણ તે પહેરાવાળાઓના ભયથી અસ્થિર રહું છું. હું અવિરામ, દુશ્ચિંતા વાળીજ જીંદગી ગાળું છું. મારી જીંદગીના દિવસનો વખત કેવળ માત્ર બીજાઓને દુઃખ ઉત્પન્ન કરવું અને વિનાશ કરવો તેમાંજ વહી જાય છે. કોણ જાણે કોઇ ક્યારે અકસ્માત રીતે મને મારી નાંખે, એ ભયથી હું હંમેશાં શંકિત રહું છું.

મને જેનો ભય રહે છે તેમને શત્રુ લેખીને પણ હું મારતો નથી. વખત છેને લોકો મારો તિરસ્કાર કરે. ધીર અને શાંત સ્વભાવ રાખવાથી પણ લોકો નિંદા કરે તે બીક રહે છે. આવી અનેક વિપદમાંથી શી રીતે ઉદ્ધાર થઈ શકે, તેનો મને નિશ્ચય થતો નથી. હું સંસાર ત્યાગ કરી તમારી સાથે આ જનશૂન્ય પ્રદેશમાં રહેવા ઇચ્છા કરૂં, એતો બની શકે તેવું નથી. હું જે પદવી ઉપર છું તેનો ત્યાગ કરવો પણ અસંભવિત છે. તેથી મારી એટલીજ આશા છે કે ભગવાને જ્યારે મને આ પદ આપ્યું છે, તો પછી તે મ્હારી બધી અપૂર્ણતા દરગુજર કરશે.

" હે મહાનુભાવ પ્રાજ્ઞવર ! આપે મારી દુઃખી સ્થીતિ ધીરજથી સાંભળી છે. આપના જ્ઞાનપૂર્ણ ઉપદેશથી મારા શોકમગ્ન હૃદયમાં શાંતિ ફેલાઇ છે. હવે આપ આ અમૂલ્ય ઉપદેશની ગુરૂ દક્ષિણા તરીકે હું જે આ કાંઈ વસ્તુઓ લઈ આવેલ છું, તે અનુગ્રહ કરી સ્વીકારી મને કૃતાર્થ કરો. તે પાછી વાળી મારા તરફ તિરસ્કાર બતાવશો નહિ."

એલેક્ઝાન્ડરે એ પ્રમાણે કહ્યા બાદ તેના નોકરોએ બહુ મૂલ્યવાન સોનારૂપાનાં સુંદર કારીગીરી વાળાં પાત્રોમાં ઉપહારની વસ્તુઓ ગોઠવી અને તેની સાથે પુષ્કળ ઘી તથા મીઠાઇ રાખી. આ જોઇને દંડીને હસવું આવ્યું તેણે કહ્યું:—" આ અરણ્યમાં રહેતાં પક્ષીઓને સોના રૂપાના લોભમાં નાખી તેમનું મધુરૂં સંગીત સંભળાવવાને કોણ ઉત્તેજીત કરે ? જો તે અસંભવિત હોય તો મને તે પક્ષીઓ કરતાં પણ હલકો ગણવાનું શું કારણ છે ? હું જે ખાતો પીતો નથી એવી વસ્તુઓ શી રીતે ગ્રહણ કરૂં ? અત્યાર લગી મુક્ત રહી, હવે આ વૃદ્ધ ઉંમરે શામાટે પ્રયોજન ઉપરાંત દ્રવ્ય લઇ આ છેવટની દશામાં મને પોતાને બદ્ધ અને જડિત બનાવું ? આ નિર્જન પ્રદેશમાં હું જે બદલામાં ન આપી શકું તે બીલકુલ લઈ શકું નહિ. અહીઆં મારે માટે ભગવાને પુષ્કળ ફળ મૂળ તૈયાર રાખ્યાં છે. એ બધાંનુ હું મારી મરજી અનુસાર ભોજન કરૂં છું. પરમેશ્વર કોઇપણ વસ્તુ પૈસો લઇ વેચાતી આપતો નથી. તેનો બોધ ગ્રહણ કરવાને જે સમર્થ છે તેને તે વિના મૂલ્યે આપે છે. જે પોષાકથી મને આ સંસારમાં તે લાવેલ છે તેજ મારો પોષાક છે. અંગ પ્રત્યંગ ઉપર વસ્ત્ર ન પહેરવાથી હું સ્વચ્છંદપણે વાયુનો ઉપભોગ કરૂં છું. ભૂખ તરસ મટાડવા માટે હું જે ખાઉં પીઉં છું તે કરતાં વધુ મીઠું બીજું કાંઈ હોઇ શકે નહિ. આ મીઠાઇ જો પોતેજ સ્વાદુ હતી, તો શા માટે તેને અગ્નિથી પકાવી ?

" મ્હારો ખોરાક હું અગ્નિથી પકાવતો નથી. પશુ માંસનું ભક્ષણ કરવાથી જે પ્રમાણે આહાર કરેલી વસ્તુઓ ખાધી કહેવાય, તેજ પ્રમાણે અગ્નિના સંયોગથી તૈયાર કરેલી વસ્તુઓ ખાધા બરોબર છે. તેથી આ બધી પકાવેલી રસોઇ તમે લઇ જાઓ. વળી પાછું તમને એમ લાગશે કે હું તમારી ભેટની દરકાર કરતો નથી. તેટલા ખાતર આ ઘી છે તે હું લઉં છું. "

એટલું કહી તેણે અરણ્યમાંથી કેટલાંક સુકાં લાકડાં આણ્યાં અને તે સળગાવી, એલેક્ઝાન્ડરને કહ્યું:—બ્રાહ્મણને બધી વસ્તુઓ છે, તે જેની અભિલાષા રાખે તે તેને મળે છે: એમ કહી સળગતા અગ્નિમાં ઘીની આહુતીઓ આપી, તેની રૂબરૂ અતિ સુંદર સ્વરે સર્વ અભાવથી મુક્ત રાખનાર સર્વદાતા પરમેશ્વરનું તે સ્તવન કરવા લાગ્યા.

આ બધું જોઈ સાંભળી એલેકઝાંડરની શ્રદ્ધા, પ્રેમ અને આશ્ચર્યથી ભરપૂર થઇ ગઇ. ઘી સિવાયની બાકીની બધી વસ્તુઓ પાછી મોકલી, પોતે પણ ત્યાંથી વિદાય થયો.

તેના વિદાય થવા વખતે દંડીએ તેને બીજો પણ ઉપદેશ આપ્યો અને છેવટે કહ્યું:- "વત્સ ! યાદ રાખજે કે બ્રાહ્મણોનો સ્વભાવ આવોજ હોય છે. તેં જે જોયું અને સાંભળ્યું, એજ બ્રાહ્મણોનો ધર્મ છે.

સાવિત્રીનું પતિવ્રત.

(હિન્દી ઉપરથી.)

લેખકઃ શ્રીયુત્ " જ્યોતિ "—કલકત્તા.

સતીત્વ, પતિપ્રેમ, અને પતિવ્રત આ સર્વે આર્ય પત્નિઓના સદ્‌ગુણોછે. આ ત્રણ શબ્દોના અર્થમાં કંઇક સૂક્ષ્મ ભેદછે, જે સ્ત્રીના મનમાં પતિથી અતિરિક્ત કોઈ અન્ય પુરૂષ પર પાપ ભાવના નથી થતી, તેને સતી કહેછે. પતિપર એકનિષ્ઠાથી પ્રેમ કરવાવાળીને પતિપ્રેમવતી કહેછે. પતિપર જેનો વિશુદ્ધ પ્રેમ હોયછે તે સ્ત્રી સતી તો હોયછે, પરન્તુ આથી એ સિદ્ધ થતું નથી કે સતીનો પતિપર પ્રેમ હોવોજ જોઇએ. કારણ પોતાના પતિપર પ્રેમ ન કરવાથી પણ પરપુરૂષથી પાપ ભાવના નહિ રાખવા વાળીને પણ સતી કહી શકીએ છીએઃ અર્થાત્ પતિપ્રેમમાં સતીત્વ અન્તર્ભૂત છે, પરન્તુ તેમાં સતીત્વ પણ હોવું જોઇએ એ કંઇ આવશ્યક નથી. જે રીતે પતિપ્રેમમાં સતીત્વ સન્નિવિષ્ટ હોયછે, તેજ રીતે પતિવ્રતમાં સતીત્વ અને પતિપ્રેમ પણ રૂહેવા ઉપરાન્ત એક ઓર ત્રીજો ગુણ પણ રૂહેછે જેનું આપણે આગળ વર્ણન કરીશું.

પાતિવ્રત્ય શબ્દનો અર્થ "પતિવ્રતાનો ધર્મ" એ છે. જે સ્ત્રી પતિવ્રત સ્વીકારેછે, અર્થાત્ પતિની સેવા કરવામાં તે પતિના ઐહિક અને પારલૌકિક મંગલ નિમિત્તે રાત અને દિન પોતાનું જીવન વિસર્જન કરેછે અને શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલા કોઈ પુણ્યવ્રતની સમાન આ પતિવ્રતનું એક નિષ્ઠાથી આચરણ કરેછે તેજ પતિવ્રતા કહેવાયછે. પત્નિનો પતિપર પ્રેમ હોવો સ્વાભાવિક છે. પ્રેમ અન્તઃકરણનો એક વિકારછે, પરન્તુ આથી એ ન સમજવું જોઇએ કે આ વિકાર અથવા આ ભાવના રૂહેવાથીજ સ્ત્રી પતિપર પ્રેમ કરવા લાગેછે. પરન્તુ પતિવ્રત માત્ર આ કાર્યને કરાવેછે. અર્થાત્ પતિપ્રેમની કૃતિ કરાવવાવાળું પતિવ્રત હોયછે. જો આ કાર્ય ન થયું તો યદ્યપિ સ્ત્રી સતી થઇ વા પતિપ્રેમિકા પણ થઇ, તથાપિ ત્હેને પતિવ્રતા કહી શકતા નથી. પતિવ્રતમાં સતીત્વ હોયછે અને પતિપ્રેમ પણ હોયછે, પરન્તુ જ્હાં સતીત્વ અને પતિપ્રેમ હોય, ત્હાં પતિવ્રત હોવુંજ જોઇએ એ કંઈ આવશ્યક નથી. પતિવ્રતમાં પતિપ્રેમ તો હોવો જોઇએ, પરન્તુ એથી અતિરિક્ત એક બીજા ગુણની આવશ્યકતા છે જેનું વર્ણન પ્હેલાં કરી ગયા છીએ. અને તે એછે કે-સ્ત્રીમાં એવી બુદ્ધિ હોવી કે પતિજ તેના ઐહિક-પારલૌકિક કલ્યાણ અને મોક્ષનો ઉપાયછે.

नास्ति स्त्रीणां पृथक्‌यज्ञो न व्रतं नाप्युपोषितम् ।
पति शुश्रूषते येन तेन स्वर्गे महीयते ॥

અર્થાત્ સ્ત્રીઓને પતિ વિના યજ્ઞ નથી, પતિની અનુમતિ વિના વ્રત નથી. કેવળ પતિની સેવાના પ્રતાપથીજ સ્ત્રી સ્વર્ગ લોકમાં જાય છે. "પતિજ એક પત્નિનું મોક્ષદ્વાર છે", એ કલ્પના આપણા આર્ય ધર્મમાં પ્રધાનતાથી મળી આવે છે અને એથીજ આપણા શાસ્ત્રકારોએ પતિવ્રતાના કર્ત્તવ્યમાં ઐહિક અને પારલૌકિક વાતો સંયુક્ત કરી છે, સતીત્વને આર્ય પત્નિનો શ્રેષ્ટ સદ્‌ગુણ બતલાવ્યો છે. પતિ પ્રેમને તેથી પણ શ્રેષ્ટત્તર સદ્‌ગુણ ગણ્યો છે અને પતિવ્રત્યને શ્રેષ્ટતમ સદ્‌ગુણ પ્રતિપાદન કર્યો છે. સતીત્વ અને પતિપ્રેમના કારણથી સ્ત્રીનું ઐહિક કર્ત્તવ્ય સિદ્ધ થઇને પતિવ્રત્યમાં આ ઐહિક કર્ત્તવ્યોનોજ નહિ કિન્તુ પારલૌકિક કર્ત્તવ્યોનો પણ અન્તર્ભાવ થાય છે. સતી, પતિપ્રેમવતી અને પતિવ્રતાનાં લક્ષણોપર વિચાર કરવાથી સાવિત્રી એક ઉત્કૃષ્ટ ઉદાહરણ મળી આવે છે.

સતીત્વમાં પતિને છોડી અન્ય પુરુષમાં આસક્તિ, અનુરાગ વા ઇચ્છાનો વાસ નથી હોતો, એ ઉપર કહ્યુંજ છે. પરન્તુ સાવિત્રીનું સતીત્વ આથી પણ શ્રેષ્ટ હતું. સાવિત્રીનો જ્હારે વિવાહ પણ ન્હોતો થયો, અર્થાત્ તે વિવાહ-વિધિ પૂર્વક કોઇની પત્નિ ન્હોતી બની, તે સમયે પણ તેણે પોતાનું અલૌકિક સતીત્વ પ્રકટ કર્યું હતું. તેણે પોતાના મનથીજ પોતાની જાતને સત્યવાનને અર્પણ કરી હતી. સાવિત્રીના પિતાએ તેનો તે વિચાર જાણતાંજ તેણે સત્યવાનના વિષયમાં વિચાર કર્યો ત્હારે ત્હેને એ વિદિત થયું કે સત્યવાન અલ્પાયુ છે. અર્થાત્ પોતાની કન્યાને તુરતમાં વિધવા જોવી એ ત્હેને દુઃસહ લાગતાં ત્હેણે સાવિત્રીને યુક્તિ પ્રયુક્તિથી કોઇ અન્ય વરથી વિવાહ કરવાનો આગ્રહ કર્યો તે વખતે સાવિત્રીએ દૃઢ સંકલ્પથી પોતાના પિતાને જે ઉત્તર આપ્યુ હતું, તેથી તેનુ લોકોત્તર સતીત્વ પ્રકટ થયું છે.

दीर्घायुरथवाल्पायुः सगुणो निर्गुणोपि वा ।
सकृद्वृतो मयाभर्ता न द्वितीयं वृणोम्यहम् ॥
मनसा निश्चयं कृत्वा ततो वाचाभिधीयते ।
क्रियतेकर्मणापश्चात् प्रमाणं मे मनस्ततः ॥

તેણે કહ્યું,-"મ્હેં જેને એક વખત પતિ કરી વરી લીધો છે, તે દીર્ઘાયુ હોય વા અલ્પાયુ, ગુણવાન હોય વા નિર્ગુણ, તેની અતિરિક્ત હું કોઇ અન્ય પુરૂષથી વિવાહ કરીશ નહિ. કોઇ પણ વાત પ્હેલાં મનમાં નિશ્ચય થાય છે, પશ્ચાત્ તે શબ્દોમાં વ્યક્ત થાય છે અને ત્હાર પછી તે કાર્યરૂપમાં પ્રકટ થાય છે. આ કારણે મ્હારૂં મનજ આ વાતનું પ્રમાણ છે." વાસ્તવમાં છે પણ એમજ. એમ નહિ કે બીજાનું ધન ત્હેની આજ્ઞા વિના લેવાથીજ ચોરી થાય છે. મનમાં તેની ઇચ્છા ઉત્પન્ન થવાને પણ એક પ્રકારની ચોરીજ કહેવી જોઇએ. પાપનો ઉદય મનમાંજ થાય છે, મનમાં પાપી વિકારોનાં ઉદ્‌ભવ થવાથીજ પાપ થાય છે. પ્રત્યક્ષકૃતિ હોવા સુધી પાપ થતું નથી એમ માનવું મ્હોટી ભૂલ છે. જે વિવાહિતા સ્ત્રીએ કદી કોઈ પર પુરૂષથી પ્રેમ કર્યો નહી પરન્તુ ત્હેના મનમાં પણ કદિ એવા વિચાર ઉત્પન્ન થયા હોય તો ત્હેને પણ પાપિણી કહેવી જોઇએ. કારણ કે તે જે પુરૂષની વિવાહિતા પત્નિ થઈ ચૂકી ત્હેને છોડીને કોઇ અન્ય પુરૂષ નિમિત્ત ત્હેના હૃદયમાં એવા વિચારોનું ઉત્પન્ન થવુંજ પાપ છે. એ પાપ મનના વિચારો પર અવલં-

સ્થિત રહે છે; ત્હેના પૂર્ણ થવાને વાસ્તે કંઇ કૃતિ પણ થવી જોઇએ, એની કંઇજ આવશ્યકતા નથી.

આવા પ્રવિત્ર વિચાર કેવળ આર્યધર્મમાંજ જોવામાં આવે છે એવું નથી;કિન્તુ અન્ય ધર્મોનાં વચન પણ એવાંજ છે. ક્રિશ્ચીયન ધર્મમાં કહ્યું છેઃ—

" Whoso-ever looketh on a wouman to lust after her hath committed adultery with her already in his heart. "

અર્થાત્ જે કોઇ પરસ્ત્રી પર કુદૃષ્ટિથી જુવે છે, તે વ્યભિચાર કરી ચૂકયો.

જે સમયે સાવિત્રીએ પોતાના પિતાનો બીજો વર શોધવાનો આગ્રહ અમાન્ય કર્યો હતો, તે સમયે વિવાહ-સૂત્રથી તે બંધાઇ ન હતી. તથાપિ સત્યવાનની અતિરિક્ત બીજા પુરૂષના વિષયમાં વિચાર કરવો તેણે પાપ સમજ્યું હતું. એથી સાવિત્રીનું એ સતીત્વ અસાધારણ, અદ્વિતીય, અને અલૌકિક સમજવું જોઇએ.

પતિ પ્રેમની વગર પાતિવ્રત્ય અસંભવિત છે, એ હું લખી ચૂકયો છું. પરન્તુ મહાભારતમાં તો સાવિત્રીના પતિપ્રેમના વિષયમાં કંઇ પણ વિશેષ વર્ણન મળતું નથી, એ કેમ? —એવી શંકા ઉત્પન્ન થવી સહજ છે. સાવિત્રી સત્યવાનને પ્રેમકથા કહી રહી છે, પોતાની પ્રેમ લહરોથી ત્હેનો બાયલો બનાવી રહી છે, દીર્ઘ નિશ્વાસોથી ત્હેને દગ્ધ કરી રહી છે, ઇત્યાદિ વા આથી પણ આગળની પ્રેમ ચેષ્ટાઓ સાવિત્રીના ચરિત્રમાં કહીં પણ જોવામાં આવતી નથીઃ એ વાત સાચી છે. પરન્તુ આ શંકાનું સમાધાન હું એમ કરૂં છું કે મહાભારતાદિ રચવાવાળા કવિયોને આ પ્રકારની સ્થૂલ પ્રેમચેષ્ટાઓનું વર્ણન પસંદ ન હતું.

જ્હારે મનુષ્ય વાલ્મિકી રામાયણ વાંચે છે, તે સમયે વાંચતે વાંચતે શ્રી સીતાજીનો પતિપ્રેમ જોઈ તે પોતાનું દેહાભિમાન ભૂલી જાય છે અને વિસ્મિત થાય છે, પરન્તુ એવા વિશાળ ગ્રંથમાં પણ શ્રી રામચન્દ્ર અને સીતાજીની પ્રેમનિશ્ચલતાનો સંવાદ, પ્રેમાશ્રુની ધારાઓથી શ્રી રામચન્દ્રના વક્ષઃસ્થળનું ભીંજાવું આદિ અન્ય ભાવ કહીં પણ નજરે પડતો નથી. કદાચિત્ અત્રે કોઈ એ કહેશે કે રામાયણ કંઇ પ્રેમકાવ્ય તો છેજ નહિ જેથી કે તેમાં એવા પ્રેમભાવ મળી આવે. પરન્તુ ત્હેનું ઉત્તર હું એમ આપું છું કે કવિ શિરોમણી કાલિદાસ રચિત અભિજ્ઞાન શકુન્તલા તો પ્રેમકાવ્ય છે અને ત્હેને જગતનાં પ્રેમ કાવ્યોમાં શ્રેષ્ટ માન્યું છે તથાપિ આ પ્રેમ કાવ્યમાં પણ આવી ચેષ્ટાઓ મળતી નથી. આનું કારણ એ છે કે ગંભીર પ્રેમની લહરો સહજમાં ઉઠતી નથી. કિન્તુ તે અગાધ સમુદ્રના જલ સદૃશ ગંભીર રહે છે.એ પ્રેમ ઉગ્ર, ઉત્કટ વા ઉત્તપ્ત હોતાં સ્નિગ્ધ, પ્રશાન્ત અને શીતલ છે. પ્રાચિન કાળના આર્ય કવિયોમાં આ પ્રકારના ગંભીર પ્રેમનું વર્ણન અધિકતર મળી આવે છે. તે સમયના દમ્પતીનો પ્રેમ આ પ્રકારનો હતો, એથી તેઓમાં હાસ્ય વિનોદ-રસરંગ થતા ન્હોતા એમ નહિ, એ તો થતાજ હતા. પરન્તુ મહાકવિયો આવી ચેષ્ટાઓને પ્રેમનું મુખ્ય લક્ષણ સમજતા ન્હોતા. અર્થાત્ એવી ચેષ્ટાઓ તેઓ પોતાના પાઠકગણથી ગુપ્ત રાખતા હતા. પ્રણયિ જનોની પ્રેમ ચેષ્ટાઓ લોકોની દૃષ્ટિના પડદા પાછળ થતી હતી. ત્હેને તેઓ સર્વદા શિષ્ટસંપ્રદાયાનુસાર તેઓની દૃષ્ટિથી બ્હાર જ રાખવાનો પ્રયત્ન કરતા હતા. શકુન્તલાથી વિવાહ કરવા બાદ રાજા દુષ્યન્ત કેટલા દિવસ કણ્વાશ્રમમાં રહ્યા હતા અને પશ્ચાત્ પોતાની રાજધાનીમાં ગયા હતા. જ્યારે

શકુન્તલા કેટલાએક વર્ષો બાદ તેઓની પાસે ગઇ, ત્હારે તેઓએ ત્હેને ઓળખી નહિ; અને ન તેનો પોતાની પત્નિ તરિકે પણ સ્વીકાર કર્યો. આથી શકુન્તલા બહુ કષ્ટમાં પડી

રાજા દુષ્યન્તને પ્રથમની વાતોનું સ્મરણ ન હોવાથી તેણે આશ્રમવાસમાં કરેલી વાતોમાંથી ત્હેને એક વાતનું સ્મરણ કરાવ્યું. ને બોલી-" એક દિન આપણે બન્ને નવ મલ્લિકાના મંડપમાં બેઠાં હતાં, આપના હાથમાં જલથી ભરેલા કમળપત્રનું એક દલીયું હતું. મ્હારો દત્તક પુત્ર હરિણ બાળક તે વખતે ત્હાં આવ્યો,–' પ્રથમ આને પાણી પાવા દે'. એમ કહી આપે ત્હેને પ્રેમથી આપની સમીપ બોલાવ્યો. પરન્તુ પરિચય ન હોવાથી તે આપની નિકટ નહિ આવ્યો. પશ્ચાત્ તે દલીઆને મ્હેં હાથમાં લીધું અને લેતાંજ તેણે સમીપ આવી પાણી પીધું. એ જોઇ આપે વિનોદથી કહ્યું: 'સર્વ લોક સ્વજનપર વિશ્વાસ કરેછે, તમે બન્ને જ જંગલી છો ના!' તથાપિ મહા કવિએ આ પ્રસંગને પણ નથી દેખાડયો. પ્રથમની વાતોનું સ્મરણ કરાવવું પડયું, આથી જ શકુન્તલાએ આ વાત કહી છે. આવી આવશ્યકતા નહોત તો કદાચિત્ આનો એક અક્ષર પણ આપણને માલુમ ન પડત—આપણે જાણત નહિ. અને સાવિત્રીના પતિ પ્રેમના વિષયમાં તો મહાભારતકારે એટલુંજ કહ્યું છે કે—

प्रियवादेन नैपुण्यैः शमेन नियमेन च । रहश्चैवोपचारेण भर्तारं पर्यतोषयत् ॥

અર્થાત્–સાવિત્રી પોતાનાં પ્રિય સંભાષણ, નિપુણતા, શાન્તિ અને એકાન્ત સેવા–આથીજ પતિને સંતુષ્ટ કરવા લાગી.

બસ એટલુંજ? મહાભારતકારની ગતિ આથી આગળ ન પ્હોંચી અને ગંભીર પ્રેમની વાત પણ એવીજ છે. ગંભીર પ્રેમમાં પ્રેમચેષ્ટા સ્વાભાવિકતાથી અલ્પ રહેછે અને જે કંઈ રહેછે તે પણ ગુપ્ત હોયછે. પ્રેમ ગંભીરતા આદિ ગુણ પ્રતિપાદન કરવાને માટે, પ્રેમ ચેષ્ટાઓનું વર્ણન કરવાની આવશ્યકતા મહાકવિયોને માલુમ પડી નહતી. અશ્લીલ, અસ્વાભાવિક અને શિષ્ટતાની વિરૂદ્ધ તેઓ કદી કંઇ વિવેચન કરતા નહતા. સાવિત્રીના પતિ પ્રેમનું અપૂર્વ ચિત્ર મહાભારતમાં નિમ્નલિખિત પ્રકારે ખેંચ્યુંછે:—

પોતાના પતિનું વિધિ-લિખિત મૃત્યુ ટાળવાનો સંકલ્પ કરી સાવિત્રીએ ઉગ્ર વ્રતાચરણ આરંભ કર્યું અને ત્રણ દિવસ નિર્જળ ઉપોષણ-ઉપવાસ-કરીને તે પોતાના પતિની સાથે વનમાં ગઇ. ત્હાં ત્હેની ગોદમાં સત્યવાન મૃત્યુવત્ થઇ પડી ગયો. યમરાજ સ્વતઃ સત્યવાનના પ્રાણ હરણ કરવા માટે આવ્યા. અમાનુષિક પ્રયત્નોથી સાવિત્રીએ પોતાના પતિને યમના હાથથી બચાવ્યો. ત્રણ દિવસ અને ત્રણ રાત જલનું એક બુંદ પણ પેટમાં ન જવાથી તે સાધ્વીને આ વખતે અત્યન્ત ગ્લાનિ થવા લાગી. " કંઇ પણ થાય તોપણ ગભરાવાની નહિ !" આ તેની ઘોર પ્રતિજ્ઞા હટતાં, તે ભયાનક અરણ્યના ડરામણા સ્વરૂપને જોઇને ભયભીત થઈ ગઇ. ભયભીત થતાં પોતાના પતિને કહેવા લાગી—

अस्मिन्नग्रवनेदग्धे, शुष्कवृक्षस्थितोऽज्वलन ।
वायुनाधुन्यमानोऽत्र दृश्यतेऽग्निःक्वचित् क्वचित् ॥
ततोऽग्निमानयित्वेह ज्वालयिष्यामिसर्वतः ।
काष्ठानीमानि संतीह जहिसंतापमात्मनः ॥

यदिनोत्सहसेजन्तुं सरुजंत्वामिहलक्षये ।
नचजानामिपन्थानं तमसा संवृतेवने ॥
श्वःप्रभातेवनेदृश्ये यास्यावोऽनुमते तव ।
वसावेहक्षणामेकां रुचितंयादितेऽनघ ॥

હે અનઘ ! આપ કિંચિત્ વ્યથિત દેખાવ છો. વિશેષ કરીને અન્ધકારથી આ વન છાયું હોવાથી આપણે માર્ગ જોઇ શકતાં નથી. આ કારણે જો આપથી ચાલી ન શકાતું હોય તો આપની આજ્ઞાનુસાર પ્રાતઃકાળે માર્ગ દેખાયે ઘેર જઇશું. આપની ઇચ્છા હોયતો આજની રાત અત્રેજ વિશ્રામ લઇએ. હમણાં આ વનના બળી જવાથી એક સુકેલું ઝાડ સળગી રહ્યુંછે, કહીં કહીં વાયુના વાવાથી અગ્નિ જ્વાળા ભભુકતી દેખાઇ રહીછે. તે વૃક્ષ પાસેથી અગ્નિ લાવીને હું અત્ર અજવાળું કરીશ. અહિં લાકડાં પડયાંછે. આપ ચિન્તા નહિ કરશો.

પરન્તુ સત્યવાનનો પ્રાણ આ સમયે પોતાનાં માતપિતાને વાસ્તે બહુજ વ્યાકુલ થઇ ગયો હતો. તે બોલ્યો, " સાયંકાલની બાદ મ્હારી માતા મ્હને ઘરની બ્હાર કદી પણ નીકળવા દેતી નથી. દિવસે પણ તેની દૃષ્ટિથી બ્હાર મ્હારા ચાલ્યા જવાથી ત્હેને ઘણું દુઃખ થાય છે. હે સાવિત્રી ! મ્હારાં માતપિતા બન્ને વૃદ્ધ છે. ત્હેમનો આધારસ્થમ્ભ કેવળ હુંજ છું. યદિ રાત્રિના સમયે ત્હેમની સમીપ હું ન રહ્યો, તો ત્હેમની શી દશા થશે ? " એમ કહીને સત્યવાન બન્ને હાથ ઉઠાવી બહુ જોરથી રૂદન કરવા લાગ્યો. ધર્મરૂપિણી પતિવ્રતા સાવિત્રી પતિનાં આંસુ લૂછતી કહેવા લાગી—

यदिमेऽस्ति तपस्तप्तं यदि दत्तं हुतं यदि ।
श्वश्रू श्वशुर भर्तॄणां मम पुण्यास्तु शर्वरी ॥
नस्मराम्युक्तपूर्वं वै स्वैरेष्वप्यनृतांगिरम् ।
तेन सत्येन तावद्य ध्रियेतां श्वशुरौ मम ॥

મ્હેં જો કદી તપ, દાન, હવનાદિક કર્યાં હોય, તો મ્હારાં સાસુ સસરા અને પતિને આજની રાત કલ્યાણકારક હો. એવું મ્હને સ્મરણ નથી કે હાંસી વિનોદમાં પણ મ્હેં કદી મિથ્યા ભાષણ કર્યું હોય. તેજ સત્યથી મ્હારાં સાસુ સસરા જીવતાં રહો.

ધર્મરૂપિણી પતિવ્રતાનો ધર્મબલ પર એટલો વિશ્વાસ હતો. આથી અતિરિક્ત યમરાજથી પણ જે તેણે વરદાન માંગી લીધું હતું તેથી ત્હેને પૂર્ણ વિશ્વાસ હતો કે તે રાત્રે તેનો પતિ યદ્યપિ પોતાનાં માત પિતાની પાસે ના જાય, તથાપિ તેનું કંઇ અનિષ્ટ વા અમંગલ થવા વાળું નથી. પરન્તુ સત્યવાન ફરી બોલ્યો—

कामयेदर्शनं पित्रो र्याहि सावित्रीमाचिरम् ।
पुरा मातुः पितुर्वापि यदि पश्यामि विप्रियम्॥
नजीविष्ये वरारोहे सत्येनात्मा न माळभे ।
यदिधर्मेचते बुद्धिर्मां चेज्जीवन्त मिच्छसि ॥
ममप्रियं वाकर्तव्यं गच्छाव आश्रमान्तिकात् ॥

'સાવિત્રી ! માતાપિતાને મળવાની મ્હને ઉત્કણ્ઠા લાગી રહી છે. આ કારણથી હવે વિલંબ ન કર. ચાલ, આપણે ઘેર ચાલીએ. હે વરારોહે ! હું શપથપૂર્વક કહું છું કે યદિ માતાપિતાને કંઈ અમંગલ થયું તો હું ક્ષણ માત્ર પણ જીવતો નહિ રહીશ. આ કારણે જો ધર્મમાં ત્હારી મતિ હોય અને એવી ત્હારી ઇચ્છા હોય કે હું જીવતો રહું અથવા મ્હારૂં હિત કરવું ત્હારૂં કર્તવ્ય હોય તો હમણાંજ ચાલ, વિલંબ ન કર.'

પોતાના જીવનની શંકા નિવેદન કરીને અને પતિધર્મનું સ્મરણ કરાવીને સત્યવાને જ્યારે સાવિત્રીને પતિપ્રેમ અને પાતિવ્રત્યના વિષયમાં કિંચિત્ કઠોર શબ્દ કહ્યા ત્હારે આખા વર્ષ ભરની ચિંતાથી જર્જર અને ત્રણ દિવસના અખંડ અપવાસની ક્લાન્તિને ભૂલી તે ઘનઘોર અંધકારથી છવાયેલા અને અનેક હિંસક પશુઓથી ભરેલા અરણ્યમાંથી ત્હેને ત્હેના માતાપિતાની નિકટ લઇ ગઇ. આ સંસારમાં આ પ્રકારનો પતિપ્રેમ યા પાતિવ્રત્ય બહુ દુર્લભ છે.

આપણા પ્રાચીન મહાકવિયોએ આ પ્રકારનું પ્રેમચિત્ર ખેંચ્યુંછે. આજકાલના કવિ નામ ધારણ કરવાવાળા લેખકોનો પ્રેમચિત્ર ખેંચવાનો પ્રકાર બહુજ ભિન્ન છે. તેઓના ચિત્રમાં પ્રણયિ જનોનાં પ્રેમથી ફુલવું, આડમ્બર, વક્તૃતા, વિહ્વલતા, દીર્ઘનિશ્વાસ, મૂર્ચ્છા, ઈત્યાદિથી અતિરિક્ત અધિક કંઇપણ નથી દેખાતું. હૃદયોની પૂર્ણતામાં મલવાથીજ પૂર્ણ અને સાચો પ્રેમ થાયછે. જે સ્થાનમાં પતિનું હૃદય ખેંચાયું હોય તેજ સ્થળની તરફ જો પત્નિનું હૃદય ખેંચાય, ત્હારે તે પત્નિનો પતિપ્રેમ અવિકૃત વા વિશુદ્ધ હોઈ શકે છે. સત્યવાનને પોતાનાં માતાપિતાના સિવાય કંઇ સૂઝતું ન્હોતું. જેઓ પર પોતાના પતિની આટલી ભક્તિ, આટલો પ્રેમ હતો તેઓ પર સાવિત્રીની પણ તેટલીજ ભક્તિ અને તેવોજ પ્રેમ હતો. પતિનાં માતાપિતાની સેવા સાવિત્રી અત્યન્ત ભક્તિપૂર્વક અન્તઃકરણથી કરતી હતી.

પતિનો જે પર પ્રેમ હોય તે વ્યક્તિ પત્નિને પણ અંતઃકરણથી પ્રિય હોય ત્હારે ત્હેને પતિપ્રેમવતી કહેવી જોઇએ અને જે એવી વ્યક્તિની સાચી સેવા કરે તે જ સાચી સેવિકા હોઇ શકે છે-થઇ શકે છે. એવી પતિપ્રેમવતી અને સેવીકા સ્ત્રીને જ સાચી પતિવ્રતા કહેવી જોઇએ. જે સ્ત્રી પતિનાં માતપિતાદિ અન્ય જનોની અવજ્ઞા, અનાદર વા અશ્રદ્ધા કરે છે ત્હેનો પોતાના પતિ પર કેટલોય પ્રેમ કાં ન હોય તો પણ તે ન પતિવ્રતા છે કે ન તો પતિપ્રેમવતી. પોતાના પતિ અને બાળબચ્ચાંની ચિન્તા કરવાવાળી અને સાસુસસરા આદિ વૃદ્ધજનોનો તિરસ્કાર કરવાવાળી આજકાલની પ્રાયઃ કુશિક્ષિતા સ્ત્રીઓ પતિપ્રેમવતી નથી અને પતિવ્રતા તો કદાપિ હોઇજ નથી શકતી.

સત્યવાનને મનથી વરી લીધા બાદ "વિવાહની બરોબર એક વર્ષ પછી સત્યવાનનું મૃત્યુ છે." આ અત્યન્ત અનિષ્ટ અને ભયંકર ભવિષ્યવૃત્ત દેવર્ષિ નારદથી સાવિત્રીને વિદીત થઈ ચૂકયું હતું, તથાપિ તે સતી કિંચિન્માત્ર પણ ન ગભરાણી, કિન્તુ આરબ્ધ-લિખિત વાતને ભોગવવા તેણે સ્વીકાર કર્યો. આ પછી ત્હેના પિતાએ નિજ પુત્રીનો મનોરથ દ્યુમત્સેનને જઇ કહ્યો. ત્હારે તે સાવિત્રીને કહેવા લાગ્યો "હે સાવિત્રી ! તું રાજમ્હેલના સુખોપભોગ કરવાવાળી છે, ત્હારાથી આ અમારી અરણ્યની પર્ણશાળામાં રહીને ત્હારો સંસાર કેમ નભશે ?" પરન્તુ "જ્હાં પતિ રહે છે તે સ્થળ રાજમ્હેલથી પણ સુખકર હોઈ પતિની સ્થિતિ અનુસાર પોતાના ગૃહકર્મોને કરવામાં મ્હને યત્કિંચિત્ પણ ક્લેશ

બોલ્યા "સાવિત્રી! મનુષ્ય જ્યાં સુધી આવી શકે છે તેથી પણ તું આગળ આવી ગઇ. આથી આગળ હવે ત્હારૂં આવવું નહિ થશે. પાછી ફરી જા અને ત્હારા પતિની અન્તિમે સેવા કર. તું ત્હારા પતિના ઋણથી મુક્ત થઇ ગઈ."

પરન્તુ પતિના ઋણમાંથી મુક્ત થઈ ચૂકી છું એમ સાવિત્રીને વિશ્વાસ ન થયો અને આથી જ ત્હેણે યમરાજને કહ્યું, "તપશ્ચરણ, ગુરૂ જનોની સેવા, વ્રત અને આપના કૃપાપ્રસાદથી મ્હારી ગતિ અપ્રતિબદ્ધ થશે. આપ મ્હને પાછી નહિ ફેરવી શકો." એમ કહી સાવિત્રીએ યમરાજ પાસે પાતિવ્રત્ય ધર્મના મહિમાનું વર્ણન કર્યું. પતિવ્રતાના તે ભાષણથી યમરાજ સંતુષ્ટ થઈ સત્યવાનના પ્રાણ સિવાય તેઓ ત્હેને અન્ય વર દેવાને તત્પર થયા. આથી સાવિત્રીએ એક વર માગ્યો. પરન્તુ તેણે યમનો પીછો નહિ છોડ્યો. વર્ષભરની ચિન્તાથી તે જર્જર થઇ ગઇ હતી. ત્રણ દિવસના ઉપવાસે ત્હેને શક્તિહીન બનાવી દીધી હતી અને એ પછી આટલુ ચાલવાથી તે અત્યન્ત વ્યાકુલ થઈ ગઇ હતી. ત્હેની એ અવસ્થા જોઇને યમરાજના અન્તઃકરણમાં કરૂણા ઉત્પન્ન થઈ. ત્હેને પાછી ફેરવવાના વારંવાર પ્રયત્ન કરવા લાગ્યા સાવિત્રીએ કહ્યું, "જ્યાં સુધી પતિ મ્હારી નિકટ છે, ત્યાં સુધી મ્હને કંઇ પણ ક્લેશ નથી. પતિની જે ગતિ થશે તેજ મ્હારી પણ. જ્યાં પતિ જશે, ત્યાં હું પણ જઇશ. આપ જ્યાં મ્હારા પતિને લેઈ જશો, ત્હાં હું પણ આવીશ. એ મ્હારો દૃઢ નિશ્ચય છે. આપ મ્હને પ્રતિબન્ધ કરવામાં અસમર્થ છો."

આ રીતે યમરાજ સાથે ધર્મ સમ્બન્ધી ઉદારતાપૂર્ણ ભાષણ કરીને સાવિત્રીએ ત્હેમને સંતુષ્ટ કર્યા. યમરાજે ત્હેને એક વરદાન બીજે પણ આપીને પાછું ફરવાનું કહ્યુ, પરન્તુ તે ન ફરી. તે જ્ઞાનરૂપિણી પતિવ્રતાના ધર્મપર મોહિત થઇ ત્હેને એક ઓર ત્રીજો વર પણ આપ્યો અને આગ્રહથી કહેવા લાગ્યા, "વત્સે! હવે તો તું બહુજ દૂર આવી ગઇ છો, પાછી જા." પરન્તુ "नदूरमेतन्मम भर्तृसान्निधौ मनोहिमे दूरतरं प्रधावति" અર્થાત્-"પતિના સમીપ હોવાથી યદ્યપિ હું કેટલીએ દૂર આવી તથાપિ મ્હને, દૂર આવી છું એવું નથી જણાતું, કિન્તુ મ્હારૂં મન ઓરબી દૂર જવાની ઉત્તેજના કરે છે" ઇત્યાદિ ભાષણોથી તે પતિવ્રતાએ યમરાજને અત્યન્ત મુગ્ધ કરી નાંખ્યા. યમરાજ કહેવા લાગ્યા, "સાવિત્રી! ત્હારા સિવાય આવાં ભાષણો મ્હેં કોઈ પણ પાસેથી નથી સાંભળ્યાં." એમ કહી તે આનન્દમાં આવી પોતાનું દેહભાન ભૂલી ગયા અને "ત્હને બલ વીર્યશાલી સો પુત્ર હો. હવે તું ઘેર જા." એમ કહી સત્યવાનનું સૂક્ષ્મ શરીર લેઈ આગળ ચાલવા લાગ્યા. તે સમયે તેજોમયી પતિવ્રતા બોલીઃ—

"મ્હારૂં પુણ્ય જોઇ જે રીતે આપે મ્હને અન્ય વર આપ્યા છે તે જ રીતે એક વાર આ પણ આપો. પતિના મૃત્યુથી હું મૃતવત્ થઇ ગઇ છું મ્હારાં પતિને જીવતા કરો. પતિને ભૂલી હું સુખ-વૈભવની ઇચ્છા નથી કરતી પતિવિહીન હોઇ હું સ્વર્ગની ઇચ્છા પણ નથી રાખતી. પતિ વિયોગથી મ્હારૂં જીવતા રહેવું સર્વથા અસંભવ છે. આપે આ સમયે મ્હને વર આપ્યો છે કે મ્હારા પુત્ર થશે અને પાછા આપ જ મ્હારા પતિને લઇ જાઓ છો. આપનું વચન સત્ય હો અને મ્હારા પતિ જીવીત હો."

સતી, પતિપ્રેમવતી, અને પતિવ્રતા સાવિત્રીને આ લોકની યાત્રા પૂર્ણ કર્યે સહસ્રો વર્ષ થઇ ચૂક્યા છે. સાવિત્રીનો નાશવાન દેહ સહસ્રો વર્ષ પ્હેલાં નષ્ટ થઇ ગયો પરન્તુ

બાકી, નાટક કંપનીઓ વ્યાપારી દષ્ટિ રાખી પોતાનાં કામો કરે છે એ કથન બહુ સત્ય છે, પણ તે શિવાય વર્તમાન કંપનીઓને અન્યથા માર્ગ નથી, એ ત્હેમની ફરિયાદ છે. જો કે તે માટે સારાસારા પ્રવીણ ને લાંબા અનુભવવાળા નટો તરફથી હવે વારંવાર ફરિયાદ રજૂ કરવામાં આવે છે કે નાટક કંપનીઓના માલીકો કદરદાન નથી; બે ચાર પાંચ ગુજરાતી ચોપડીઓ વાંચતા આવડી એટલે પૈસા ભેગા કરી નાટક કંપનીના માલેક તરીકેની જવાબદારી તે લોકો માથે લે છે. તેના લેખકો કે નાટક કંપની તરફથી રોકવામાં આવેલા કવિઓ જો સારા અને સંસ્કારી અને વિદ્વાન હોય છે તો તેમને પસંદ પડતા નથી; કારણ, માલિકો થોડું ભણ્યા હોવા છતાં વધારે ભણ્યાના ડોળ કરે છે, અને લેખકને જે સ્વતંત્ર હવામાં યોગ્ય પ્રમાણમાં ફરવા દેવો જોઇએ તે થવા દેતા નથી. નાટકો લખનાર લેખકોનાં નામ ગુપ્ત રાખી, પોતે જ એક સારા વિદ્વાન લેખક હોય તેવા પૂર્ણ આડંબરથી, નાટકના માલિકો પોતાનાં નામ પ્રગટ કરે છે, એટલે લેખકો નિરુત્સાહ બને એમાં આશ્ચર્ય નથી. આ શીવાય બીજા વર્ગના પેટ ભરતા 'કવિઓ' હોય છે તે આપણી ગુજરાતી જ—નાટક કંપનીના માલેકો કરતાં બેચાર પાંચ પુસ્તકો વધારે ભણેલા હોય છે. તેમને અંગ્રેજી એ-બી-સી-ડીનું જ્ઞાન પણ નથી હોતું, અને સંસ્કૃતનાં તો સ્વપ્નાં પણ નથી હોતાં. 'રેનોલ્ડ્સ'ની નવલકથાના જે ભાગ ત્યાજ્ય ગણાય તેમને ગ્રાહ્ય ગણી, તેને રંગભૂમિ ઉપર ઉતારવામાં કેટલાક લેખકો પોતાનાં જીવન કૃતકૃત્ય થયાં માને છે. એવી છાયાવાળાં નાટકો હમણાં હમણાં ગુજરાતીમાં ભજવાય છે. તે તરફ પ્રજા તિરસ્કાર-વૃત્તિથી જુવે છે. આવી સ્થિતિમાં આપણી રંગભૂમિનાં દેદાર કેમ સુધરી શકે ? માલિકોને તો રૂપયા દોઢસો કે સવાસોના નાટકો સુધારી આપનાર અર્ધંધૂત નામધારી સાક્ષર કવિઓ કે બસો અઢીસોમાં નાટક લખી ફેંકી દેનાર કવિઓ મળે એટલે વિદ્વાનની કે સંસ્કારીની શી જરૂર પડે ? રમુજ ખાતર એકાદ દષ્ટાન્ત અત્રે આપીશ તો અસ્થાને નહિ ગણાય. રા. કવિએ ગણાવેલા નટવૃન્દ પૈકી એકને એક વખત એમ પૂછવામાં આવ્યું કે 'સીતા રામની શું સગી થાય ?'અજ્ઞાન્ નટ ઉત્તર આપે છે '–રામની મા ! !' આ એકજ દષ્ટાંત છે. બાકી ગાડેગાડાં ભરાય તેટલાં આવાં નટ અને કવિઓનાં બીજાં દષ્ટાંતો મળે તેમ છે.

સંક્ષિપ્તમાં વર્તમાન રંગભૂમિના દેદાર કઢંગા અને નિરાશા ઉપજાવે તેવા છે; છતાંપિ રા. કવિ જેવા પુર્ણ વિદ્વાન પુરૂષે એક વખતે જ્યારે એવો ઉચ્ચાર કહાડ્યો કે "અમુક નાટક નાટકવાળાઓ બહુ સારી રીતે ભજવે છે. તેમાં બીજું ગમે તેમ હો, પણ જે પુસ્તક ઉપરથી એ નાટકની વસ્તુ લીધી છે તેના કરતાં કંપનીવાળાએ સારો સુધારો કર્યો છે, તે માટે તે કંપનીને ધન્યવાદ આપવાની અગત્ય છે."અર્થાત્ 'મહાભારત' માંથી વસ્તુ તારવી કહાડી શ્રીમાન કવિ કાલિદાસે 'અભિજ્ઞાન શકુન્તલમ્' રચ્યું, તે પ્રમાણે નાટકવાળાએ કર્યું ! ત્યારે મ્હને કેવલ આશ્ચર્યજ થયું. આ ત્હેમના કથનમાં ન્યાયબુદ્ધિ છે એવું તેમનું હૃદયજ હા ભણતું હશે કે નહિં તે શંકાસ્પદ છે. બાકી પ્રજાનો મ્હોટો ભાગ ાવા ચિત્ર વિરૂદ્ધ હતું, આવી વસ્તુસ્થિતિને લીધે હું એમ ધારૂં છું કે 'નાટકકંપનીઓના નિયામક સૂત્ર તરીકે અનુભવી વિદ્વાન નાટ્યશાસ્ત્રીઓ', કે કુશળ કારીગરોની એક સંસ્થા સ્થાપવી જોઇએ, અને અમુક બંધારણથી તેનો કાર્યક્રમ નિશ્ચિત

થાય તોજ લાભ છે, બાકી અર્ધદગ્ધ અને અભણ મનુષ્યોના હાથમાં ગુર્જરી પ્રજાના જીવનસૂત્રો સોંપવામાં પરિણામે હાનિજ છે. શોક એટલે અંશે વધારે થાય છે કે ગુજરાતનો સાક્ષરવર્ગ કે ધનિક વર્ગ, પોતાના દેશ-જીવનની આ સ્થિતિ પૂરી સ્હમજ્યા હોવા છતાં, કોઇ તે પ્રશ્ન હાથ ધરતું નથી.

૨૧. કવિનો સમસ્ત લેખ વિચારશીલ હોવા છતાં, અપૂર્ણ રીતે ચર્ચાસ્પદ છે: બાકી જે શ્રમ લઈ આટલા પ્રશ્નો આપણા સમક્ષ રજૂ કર્યા છે, તે સર્વ વિચાર કે વિચારવા યોગ્ય છે; જેને તે આડકતરી કે સીધી રીતે લાગૂ પડે છે, તેમણે બહુ શિક્ષા લેવા જેવી છે. ધાર્યા કરતાં આ ચર્ચા લાંબી થઇ જવાથી, તંત્રી મહાશય ! મ્હારી ચર્ચા આટલેથીજ બંધ રાખું છું; આશા હશે, તો પુનઃ આપણે મળીશું જાણે અજાણ્યે કોઇનો અત્રે દોષ થયો હોય તો પ્રિય વાચક ! ક્ષમા આપજે.

(મુંબાઇ.) —રમણીયરામ ગો. ત્રિપાઠી.

કેટલાંક આરોગ્ય ભુવનો.

(લેખકઃ "એક મિત્ર.")

આરોગ્ય સાચવવાને માટે હવા અને પાણી ઘણાં ઉપયોગી છે, તો પછી એ સુધારવા માટે ઘણાંજ જરૂરનાં હોય એમાં કંઇ નવાઇ જેવું નથી. દવાઓ કરતાં સારાં હવા-પાણી માંદાં માણસોને વધારે ઉપયોગી છે એ સત્ય સર્વત્ર સ્વીકારાયલું છે. આ વિષે તો ડાક્ટરોમાં પણ મતભેદ નથી. મુંબાઇની ગીચ વસ્તીમાં રહેતા ગરીબ લોકો માંદા પડતાંજ 'દેશમાં' હવા ફેર કરવા જતાં રહે છે અને ઘણી વખતે તો દવા લીધા વિના સાજાં થઇ પાછાં ફરેછે. ઉદારચિત્ત પુરૂષો આ દૃષ્ટિથી સારાં હવા ખાવાનાં સ્થળોએ આરોગ્યભુવનો બંધાવે છે. મધ્યમ વર્ગના લોકો માટે આવાં આરોગ્યભુવનો ઘણાં ઉપયોગી છે અને જે લોકો એમનો લાભ લેછે તેમને તો એ આશીર્વાદ સમાન થઇ પડે છે. આપણા લોકો હજી આરોગ્ય-ભુવનોની ઉપયોગિતા સ્હમજતા નથી અને જે કદાચ જાણતા હોયછે તેમને ક્યાં જવું એની પુરી માહિતી હોતી નથી. જો આરોગ્ય ભુવનો બંધાવનારા ઉદાર લોકો પોતપોતાના આ૦ ભુ૦ ની જાહેરખબરો કોઇક સારા માસિક કે વર્તમાન-પત્રમાં આપતા રહે તો એટલુ ખર્ચ કંઇ એમને ભારે તો નહિજ પડે, અને વધારે લોકો એમનો લાભ લઈ શકશે. જેટલાં આરોગ્યભુવનો મ્હારી જાણમાં છે તે વિશે હું જાણુંછું એટલી માહિતી મ્હેં આ લેખમાં આપવા પ્રયત્ન કર્યો છે. અન્ય બધુઓ લોકહિતની આવી સંસ્થાઓની પોતાની જાણ પ્રમાણે ચોક્કસ માહિતી આપશે તેથી જનસમૂહને ઘણો લાભ થશે.

વળી સર્વ સ્થળોએ સૃષ્ટિનું સૌંદર્ય એવું હોય છે કે ત્યાં અરસિક જનોને પણ મઝા પડે છે. મ્હારા અનુભવ પ્રમાણે નીચેનાં કોઇ પણ સ્થળે જમવાનાં સીધું. સામાન જોડે લઇ ગયા હોઇએ તો બહુ અનુકૂળતા થઇ પડે છે, પૈસાનો બચાવ થાય છે અને અનાજ પણ વધારે સારૂં વાપરી શકીએ છીએ. નીચેનાં બધાં સ્થળોએ વાસણ, ગોદડાં અને દીવા-એટલું તો આરોગ્યભુવનો તરફથીજ પુરૂં પાડવામાં આવે છે. જમવાનું સીધું સાથે લઈ ગયા હોઇએ તો ખર્ચ આશરે ત્રણ માણસ દીઠ નીચે જણાવ્યા પ્રમાણે આવેછે.

૧.

મહાબલેશ્વરઃ—અહિં પુના તરફ થઈ જવાય છે. ત્રીસેક માઇલ ટાંગામાં જવું પડે છે. અંહિ શેઠ પુરૂષોત્તમ વિશ્રામ માવજીનું બંધાવેલું સેનીટેરીઅમ છે. આ શેઠ પાસેથી, મહાલક્ષ્મી-મુંબાઇથી રજા માગવી પડેછે. સૃષ્ટિ-સૌંદર્ય સરસ છે. અહિંનું પાણી ખડકોમાંથી ઝરતું હોવાથી લોહ મિશ્રિત હોય છે, અને કસરત કરવાથી પચેછે. ખર્ચ રૂ. ૧૫૦-કોઈ પણ સ્થળે એક મહિનો તો રહેવું જ જોઇએ તેથી દરેક સ્થળનું એક મહિનાનું ખર્ચ આશરે આપ્યું છે.

માથેરાનઃ—અહિં બોરીબંદરથી નેરલ સ્ટેશને થઇ જવાય છે. અહિં-' શેઠ રણછોડદાસ સેનીટેરીઅમ ' છે અને રજા–રા. રા. હીરાલાલ રણછોડદાસ મુનીમ, કાવેલ, કાલકાદેવી મુંબાઇ–ત્યાંથી મંગાવવી પડે છે. ખર્ચ રૂ. ૬૦–૭૦

ડુમસઃ—' બાઇ દયાકોર હિંદુ આરોગ્ય ભુવન ' રજા માટે નીચેને સ્થળે લખવું પડે છે–પરીખ. મોરારભાઇ વીજભુખણદાસ–કાલકાદેવી નં. ૪૦૪–મુંબાઈ. સુરતથી દસેક માઇલ છે. ત્યાં જવા ટાંગા અને મોટોર મળી શકે છે. અહિંનું પાણી બહુ રહેલાઈથી પચી શકે છે. અહિં ' રાજારામ હિંદુ સેનીટરીઅમ ' નામનું બીજું આરોગ્યભુવન પણ છે. અને રા. રા. ધીરજલાલ ભીમભાઇ, ગોપીપુરા, સુરત–ત્યાં લખવાથી રજા મળી શકેછે. સુરતની આસપાસ ઘણા હવા ખાવાના સારાં સ્થળો છે તેની માહિતી આશા છે કે અન્ય કોઇ બંધુ આપશે; ખર્ચ રૂ. ૫૦.

લાનોલી—' કાનજી વસનજી સેનીટેરીઅમ ' શેઠ મોરારજી વસનજી મનજી, ગીરગામ, મુંબાઇ–ત્યાં લખવાથી રજા મળે છે.

વેસાવા—' શેઠ ભગવાનદાસ નરોતમદાસ સેનીટેરીઅમ ' શેઠ ભગવાનદાસ નરોતમદાસ, કપોળ નિવાસ; સેન્ડર્સ્ટ રોડ, મુંબાઇ–લખવાથી રજા મળી શકે છે. લાનોલી અને વેસાવા બન્ને સ્થળો મુંબાઈ પાસેજ હોવાથી મુંબાઇના લોકોને અનુકૂળ થઇ પડે એવાં છે. વેસાવા, અંધેરી સ્ટેશનથી થોડે દૂર છે. બન્ને સ્થળનું ખર્ચ આશરે રૂ. ૫૦.

આબુ—અહિં કોઈનું સેનીટેરીઅમ જાણુમાં નથી. આબુથી બે માઇલ દેલવાડાનાં મંદિરો છે, ત્યાં ધર્મશાળામાં રહી શકાય એમ છે. સગવડ બહુ નથી. અન્ય સર્વ સ્થળોએ સગવડ સારી છે.

ઉપલાં દરેક આરોગ્ય ભુવનોમાં રહેવાનું રૂ. ૫ થી ૧૦ સુધી ભાડું લે છે અને તેનો સમાવેશ તથા આવવા જવાના ખર્ચનો પણ આપેલા આંકડામાં સમાઈ જાય છે. દરેક ઠેકાણે માર્ચથી જુનની દસમી સુધી ' સીઝન ' ગણાય છે. આ બધાં હવા ખાવાનાં સ્થળો હોવાથી અહિં પૈસાદાર તેમજ મધ્યમ વર્ગના ઘણા લોકો ' સીઝનમાં ' આવે છે.

દેવલાલી, નાસિક, (ચાણોદ) કરનાળી, સુરતની આસપાસનાં ગામડાં, કાઠીઆવાડમાં કેટલાંક સ્થળો વગેરેની માહિતિ આશા છે કે અન્ય કોઇ બંધુ આપશે. આપણા સમાજની શારિરીક અવનતિ જોતાં આ વિષયે જેટલું લખાશે તેટલું થોડું છે. આ તો માત્ર નહિ જેવો પ્રયત્ન છે.

૨.

[રા. રા. ડાહ્યાભાઈ લક્ષ્મણભાઇ કૃત " સેવાના સન્માર્ગે "માં નીચે જણાવેલાં સેનેટેરિયમ અને આરોગ્યગૃહ તરીકે દર્શાવ્યાં છે.

આ ઇલાકાની પ્રજાને ખાસ અનુકુળ થઈ પડે તેવાં, હિન્દુઓ માટે કાર્લાનું ક્ષયને લગતું સેનેટારીઅમ, લોનાવલામાં રા૦ બા૦ વિસનજી ખીમજી સેનેટારીઅમ (શ્રી કૃષ્ણ આરોગ્યભુવન), શેઠ નારણજી પરમાનન્દ અને એ૦ મી૦ મનમોહનદાસ રામજી સેનેટારીઅમ તથા પેચીપીપ્સ સેનેટારીઅમ, ડુમસમાં રાજારામ ગોવિંદરામ સેનેટારીઅમ અને બાઇ દયાકોર ભાવવી સેનેટારીઅમ, મહાબળેશ્વરમાં શેઠ પુરૂષોતમ વિસરામ માવજી સેનેટારીઅમ તથા શીવ (સાયણ)નું સેનેટારીઅમ તથા પારસીઓ માટે મુંબઇમાં પીટીટ અને પાન્ડે સેનેટારીઅમ, તીથલ, ડુમસ, જંહાંબોરડી, વાંદરા અને ખંડાલાનાં આરોગ્યભુવન અને દેવલાલીમાં ડૅા. બહાદુરજીનું ક્ષયનું ગૃહ, ડૅા દારૂવાલા તથા ખા૦ બા૦ દુબાશના સેનેટારીઅમ, ખોજાઓ માટે લોનાવલા, વાંદરા અને પુના સેનેટારીઅમ, અને વહોરાઓ માટે મુંબઇમાં આદમજી પીરભાઇ સેનેટારીઅમ છે* તન્ત્રિ, સું. સુ.]

જીવદયા.

[બ્રિટિશ પાર્લામેન્ટમાં તે માટે રજુ થનારૂં બીલ.]

પીછાંની ફેશનેબલ વસ્તુઓ બનાવવા માટે નિર્દોષ પક્ષીઓનો પ્રતિવર્ષ કચ્ચરઘાણ નીકળી જાય છે, તેથી આપણે સારી રીતે માહેતગાર છીએ. તોપણુ તે સંબંધમાં તા૦ ૨૭ મી સપ્ટેમ્બર સને ૧૯૧૩ ના જાણીતા The "Times of India" ("ટાઇમ્સ ઑફ ઇન્ડિયા " પત્ર)ની અધિપતિની નોંધમાં એક એવા પ્રકારનો લેખ રજુ થયો હતો કે— પક્ષીઓનાં પીછાં ઈંગ્લેંડ મોકલવા માટે સિંધમાં માછી લોકો પક્ષીઓને પાળે છે, અને જ્યારે તેઓને એકથી બીજી જગ્યાએ લઈ જવામાં આવે ત્યારે **પક્ષીઓને પીંજરાંમાં ઉપરાઉપર ગોંધવામાં આવે છે, અને તે વખતે તેઓ અંદર અંદર લઢીને એક-બીજાનો નાશ ન કરી શકે તેટલા માટે માછી લોકો તે પક્ષીઓની આંખ દોરાથી સીવી દે છે !** અને એવી રીતે બે માણુસો ઘાતકી વર્તન કરતા પકડાયાથી, તે દરેકને કરાંચીની કોર્ટમાં રૂ. ૩૦ દંડ કરવામાં આવ્યો હતો. આ શિક્ષા બહુ થોડી હતી વીગેરે મતલબનો આર્ટીકલ ઉપર જણાવ્યા પ્રમાણે " ટાઇમ્સ ઑફ ઇન્ડિયા "માં પ્રસિદ્ધ થતાં તેની સાબીતી આપીને આ ફંડના સ્થાપક અને જીવદયાના જાણીતા હીમાયતી રા. રા. લાભશંકર લક્ષ્મીદાસ જુનાગઢવાળાએ The Plumage Trade Horrors (પીંછાંના વેપારનો ત્રાસ !) નામનું હેન્ડબીલ છપાવીને તેઓએ મને વાંચવા મોકલેલું, અને તે બહુ ઉપયોગી હોવાથી રા. રા. લાભશંકરની સુચના અનુસાર તે હેન્ડ-બીલ ઉપરથી ઈંગ્લીશ પાર્લામેન્ટને એક અપીલ આ ફંડ તરફથી નવેમ્બર ૧૯૧૩ ની તા૦ ૧ લીના રોજ લંડનની The Order of the Golden Age એ નામની

---

*આ મહત્વના વિષય ઉપર કાંઇ માહિતી અગર સૂચના લખી મોકલવા બ્હેનો તથા બન્ધુઓને સપ્રેમ આમન્ત્રણ કરવામાં આવે છે.

બચાવવા માટે પ્રયાસ કરતી મંડળી મારફત મોકલવામાં આવી છે. દરમીયાન દયા વાંચનાર જાણીને ખુશી થશે કે ના૦ દયાળુ બ્રીટીશ પાર્લામેન્ટે હાલમાં પીછાંઓ મેળવવા માટે પક્ષીઓ ઉપર થતો જુલમ ધ્યાનમાં લઇને તે વેપારને જેમ બને તેમ અટકાવવા માટે એક બીલ તૈયાર કરેલું છે, કે જે મી૦ મોન્ટેગ અને વેપાર ખાતાના પ્રમુખ તપાસીને નામદાર પાર્લામેન્ટની હવે પછીની બેઠક વખતે રજુ કરશે, એવું નક્કી થયું છે

પરદેશમાંથી પક્ષીઓનાં ચામડાં અથવા પીછાં ઇંગ્લેંડમાં આવે તો તે આવતાં અટકાવવાં અને તેની આયાત તદ્દન બંધ કરવી-એવો આ બીલનો હેતુ છે, કે જેથી આ કુદરતી રીતે આ દયાળુ કામને ઉત્તેજન મળી શકે.

પોતાના સુંદર અને મધુર કંઠોથી આલ્હાદ કરતાં બીચારાં નિર્દોષ અને ખુબસુરત પક્ષીઓનાં પીછાં મેળવવા માટે તે બીચારાંઓનો બહુ ક્રૂર રીતે નાશ કરવામાં આવે છે અને તે બાબતનું વર્ણન કવિતારૂપે લેડી નાઇટીંગેલે બહુ અસરકારક રીતે લખ્યું છે. મતલબ, એ રીતે નિર્દોષ કુમળાં પક્ષીઓ ઉપર ફેશનને માટે થતું ઘાતકીપણું અટકાવવા માટે નામદાર પાર્લામેન્ટે જે સવાલ હાથ ધરેલો છે તથા જે બાબત બીલ રજુ થનાર છે.તે ઉપર બરાબર ધ્યાન આપી, પીછાં માટે ગરીબોના લેવાતા જાન બચાવવા માટે નામદાર દયાળુ પાર્લામેન્ટ ઠરાવ પસાર કરે એવી મહારી તેના સભ્ય સભાસદે હજુર નમ્ર વિનંતિ છે.

ફુલવાડી.

બાલ સાહિત્ય.

લેખકઃ રા. રા. હિંમતલાલ ગણેશજી અંજારિયા. (એમ. એ, એલ એલ. બી.)
મુંબાઇની મ્યુનિસિપલ શાળાઓના ઈન્સ્પેકટર-સૈન્ટાકુઝ.

[અગાઉ વર્ષથી ત્રૈમાસિક તરીકે પ્રકટ થતું "સમાલોચક" પત્ર ચાલુ વર્ષથી માસિક સ્વરૂપ ધારણ કરતું જોઈ આનન્દ થાય છે. ત્રૈમાસિક તરીકે આ પત્રે જે ઉત્તમ રીતે સાહિત્ય સેવા કરી છે, તે સુપ્રસિદ્ધ છે; અને ગયા ઓકટોબરના અંકમાં તે વિશે સહજ સૂચન અમે કર્યું હતું. ત્હેના હાલ સુધીમાં પ્રકટ થયેલા માસિક અંકો જોતાં, "સમાલોચક"ની સેવા શક્તિ અને ઉત્તમતામાં ધીમે ધીમે અવશ્ય અભિવૃદ્ધિ થશે, એમ શ્રદ્ધા રહેછે. અમે ત્હેના પ્રવર્તક મંડળને ત્હેમના આ સ્તુત્ય પ્રયાસ માટે અન્તઃકરણપૂર્વક અભિનન્દન આપીએ છીએ.

"સમાલોચક" ના માર્ચના અંકમાં રા. રા. હિંમતલાલ અંજારિયા જેઓ એક સારા વિદ્વાન્ અને બાલકોના શિક્ષણની જરૂરિયાતોના અભ્યાસી છે ત્હેમણે **બાલ સાહિત્ય** ઉપર બહુ ઉપયોગી લેખ આપ્યો છે. ત્હેમનો ઘણો ભાગ અહિં પ્રકટ કર્યો છે અને અનુપૂર્તિ તરીકે ત્હેમાં રહી ગયેલાં પુસ્તકોમાંથી કેટલાંકની યાદી રજુ કરવામાં આવીછે.

—તન્ત્રિ-મું૦ સુ૦]

(૧)

૧. બાળવાર્તાઃ લેખક અને પ્રકાશક—રા. ગંગાશંકર મણિશંકર વૈષ્ણવ (બી. એ., બી. એસ. સી.) કિંમત—આના ત્રણ.

બાળકોને માત્ર વાર્તાનું વાંચન પૂરું પાડવા માટેના બધા પ્રયાસોમાં આ પ્રયાસ અમે શ્રેષ્ઠ ગણીએ છીએ. નાની સરળ વાર્તાઃ બોધ, ડહાપણ, વિનોદ, હાસ્ય, બધાંને સ્થાન મળ્યું હોય તેવા પ્રસંગો વાળી વાર્તા,—પણ માત્ર સીધી વાર્તાજ સુંદર છપામણી, સ્વચ્છ કાગળ, આકર્ષક પુઠું, સુઘડ ટાઇપ. બાળકો માટે સુન્દર, સરળ, આનંદન, નાનો સંગ્રહ. કિંમત પણ વાજબી અને દરકાર પૂરતીઃ બધા ગુણો આ નાનકડી ગ્રંથિકામાં દેખાય છે. તેનો પ્રચાર પણ સારો થાય છે, એ જાણી સંતોષ થાય તેવું છે.

૨. બાળ સદ્બોધ વાર્તા શતકઃ લેખક—રા. ખંડુભાઈ મકનજી ઉમરવાડીયા.
કિંમત—આના આઠ.

સો વાતનો સંગ્રહ છે. મૂળ ઘણું કરીને જર્મન પુસ્તકમાંથી છે. વાર્તામાંથી આડકતરો બોધ, વિનોદ ભરી ગમ્મત, અને બાળક વાંચનાર માટે રસઃ એ ત્રણેનો સમાવેશ છે. આ ગ્રંથિકા (જે હાલ મળતી નથી તે) ફરીથી છપાય એ ઇચ્છવા જેવુંછે.

૩. કાઉન્ટ ટૉલ્સ્ટૉયની ટુંકી વાર્તાઓ (વિભાગ ૧ લોઃ) અનુવાદક—રા. **યોગીન્દ્રરાવ રતનલાલ દિવેટિયા** (બી. એ.); પ્રકાશક—રા. કરશનદાસ જે. ચીનલીવા. કિંમત—આના ચાર.

સ્ત્રીહિતવર્ધક વાંચનમાળા–પુસ્તક બીજા તરીકે આ વાર્તાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે. આપણી સ્ત્રીઓનો મ્હોટો ભાગ હજી હાલના બાળકો જેટલોજ શિક્ષિત હોવાથી, આ વાર્તાઓ સરખી રીતેજ બંનેને ઉપયોગી થઈ પડે તેવી છે. બધી મળી સાત વાર્તાઓ છે. સરળ ભાષામાં, આપણા સંસારને લાગુ પડતી પદ્ધતિમાં, તે મઝાની શૈલિથી લખાયલી છે. દરેક ઘરમાં અને સ્કૂલ લાયબ્રેરીમાં રાખવા લાયકછે. (અનુક્રમણિકાની જરૂરછે.)

૪. **નવરંગી બાલકો:** અનુવાદ કર્તા અને પ્રકાશક—રા. **ભોગીન્દ્રરાવ રતનલાલ દિવેટિયા** (બી. એ.)—કિંમત આના ચાર.

ટૉલ્સ્ટૉયની નાની વાર્તાનો અનુવાદ છે. ખરૂં જોતાં વાર્તાઓ છોકરાંના સ્વભાવચિત્રનું અચુક રેખા દર્શન છે,—પરન્તુ પ્રસંગો અને ભાવો એવા સરળ ઘરગથ્થુ અને આકર્ષક છે કે દરેક બાળક આનન્દથી વાંચે અને અજાણતાં સુધરે. મૂળ વસ્તુ ટૉલ્સ્ટૉયનું હોઈતે વિષે કાંઈ કહેવા જેવું રહેતું નથી. તેનો અનુવાદ એવો તો મન ગમતો અને તાદશ થયેલો જણાય છે કે, પ્રસ્તાવનામાં તે અનુવાદ હોવાનો સ્વીકાર ન થયો હોય તો તે ભાગ્યેજ પકડી શકાય. રા. ભો. ર. દિવેટિયામાં આ ગુણ બહુ ઉપકારક છે. ગુજરાતી ભાષામાં એવાં બહુ લખાણો જોઇએ છીએ. (ભાષા અને શબ્દ-ઉપન્યાસની શુદ્ધિ તરફ વધારે ધ્યાનની જરૂર છે.) કદના પ્રમાણમાં કિંમત જરા ભારે ખરી, પણ અંદરના ગુણો જોઈ તે ભૂલી જવાય તેવું છે. ભાષા એવી ટુંકી, મીઠી, મઝાની; લખાણ એવું સરળ, સુંદર; પ્રસંગો એવા ઘરગથ્થુ, હમેશ બનતા, જાણીતા ટુંકામાં–આ નાની ગ્રંથિકા એવી તો સર્વપ્રિય થઇ જવાનો અમને સંભવ લાગે છે કે, દરેક વાચકને તે ખાસ જોઇ જવા આગ્રહ કરીએ છીએ. દરેક સ્કૂલ–લાયબ્રેરીમાં તે અવશ્ય હોવી જોઇએ અને બાળકોને ઈનામ માટે એનો બ્હોળે હાથે ઉપયોગ થવો જોઇએ.

૫–૬ **શિશુ સદ્બોધમાળા:** ભાગ ૧–૨–૩ (ત્રણે ભાગના સંપાદક અને ભાગ ૨–૩ ના પ્રકાશક રા. **વ્રજલાલ પુરૂષોત્તમ મહેતા.** તથા ભાગ ૧ ના પ્રકાશક મેસર્સ એન. એમ. ત્રિપાઠીની કંપની) કિંમત પ્હેલા ભાગની—આના ચાર, અને બીજા તથા ત્રીજા ભાગ દરેકની આના ૭.

હિન્દુ પુરાણ-ઇતિહાસમાંથી ચોવીસ વાર્તાઓનો સંગ્રહ છે. વાર્તાઓની ભાષા અને લખાણ જોતાં તે ઉમરે આગળ વધેલાં બાળકોજ ઉપયોગમાં લઈ શકે તેવી જણાય છે. દરેક વાર્તાને અંતે સાર આપવામાં આવ્યો છે. પુરાણ વગેરેમાંથી વાર્તાઓ હોવાથી અદ્ભુત વાતો અને ચમતકારો હોય, એ સ્વાભાવિક છે. ત્રણે ભાગ મળીને ૮૪ વાર્તાઓ છે, તે ઘણી જ ઉપયોગી છે, એતો કહેવુંજ જોઇએ.

અઘરા શબ્દોના અર્થ આપ્યા છે. લખાણ નિર્દોષ, સુવાચ્ય, અને સુઘટિત છે; તો નાનં બોધ આપવા સાથે ગમ્મત પણ આપી શકે છે. સાદી પણ ટુંકમાં અને મજા આપનારી રીતે લખાએલ છે. આ ગ્રંથિકાઓ દરેક ઘરમાં અને સ્કૂલ લાયબ્રેરીમાં અવશ્ય રાખવી જોઇએ, એમ અમને લાગે છે. કિંમત જરા ભારે છે.

૭. **મીઠી મીઠી વાતો:** ચાર અંગ્રેજી વાર્તાઓનો અનુવાદ કેળવણી ખાતાંએ ઠરાવેલો, રા. સા. **ગણપતરામ અનુપરામ ત્રવાડીએ** કરેલો, (મેસર્સ એન. એમ. ત્રિપાઠી તરફથી ચાર આનામાં અપાય છે.)

ચારે વાર્તા રસભરી અને બોધભરી છે.-પહેલી ત્રણ તો સર્વ રીતે સુન્દર; ચોથીમાં સારા ખરાબનો તફાવત બતાવવા ખરાબ વર્તનનો ચિતાર આપવો પડયો છે. છોકરાંને આનન્દ આપે તેવી અને ચાર આનામાં ઘણીજ આનન્દદાયક. (જુજ અગુજરાતી પ્રયોગો અથવા ભાષાન્તરની અસ્પષ્ટતા રહી ગઈ છે. પણ તેવી ઘણી નથી.) એકંદરે આ વાર્તાઓ સફળ અને સુન્દરજ કહેવાય તેવી છે. દરેક સ્કૂલ લાયબ્રેરીમાં તેમજ ઘરમાં રાખવા લાયક અને ઈનામ પ્રસંગે સારી સંખ્યામાં લેવા લાયક.

૮. ચિતોડનો ઘેરો—અથવા અકબરની ચઢાઇ અને રજપૂતોનો રણોત્સાહ. (૩૩ પાનાંની આ ચોપડીમાં કાંઇ આકર્ષક દેખાતું નથી.)

૯ નુરજહાં (બાળ સદ્બોધમાળા અંક ૧.) લેખક. રા. નાગરદાસ મુળજી ધ્રુવ.-ગોંડળ. પ્રકાશક મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટે-અમદાવાદ. કિંમત આના ત્રણ.

આ માળાને પાંચ આંકવાળી ટીકા લાગુ પડે છે. છાપભૂલો ઘણી નથી. ઇતિહાસની વાત હોવાથી નાનાં બાળકો માટે આ ચોપડી કામની નથી. છઠ્ઠા-સાતમા ધોરણવાળા માટે ઠીક કહેવાય. ધારેલી અસર ઉપજાવી શકે તેવું છે, પણ પુનરૂક્તિ અને કાવતરાંથીજ ભરપૂર જે વાત હોય તેની સફળ કહેણીમાં અમને લાભ કરતાં હાનિ વધારે જણાય છે. (શબ્દોના ઉપયોગ તરફ જોઇતું ધ્યાન અપાયું લાગતું નથી.)

૧૦ અંધ સારંગીવાળો-યાને સુખરૂપ ગરીબાઇ. (બાલ-સુબોધ માળા અંક ૭.) લેખકઃ રા. નાગરદાસ મુળજી ધ્રુવ. પ્રકાશકઃ મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટે અમદાવાદ.

નિર્દોષ, રસભરી, સુન્દર, નાની વાર્તા છે, પણ ઘણે ભાગે પ્રેમનું પ્રાધાન્ય હોવાથી બાળકો માટે નહિં પણ યુવકો માટે વધારે લાયક ગણાય. (છાપાસુલ કાયમ છે.)

૧૧. બાલકોનો આનન્દ: બે ભાગમાં સ્વ૦ રા. ઇચ્છારામ સૂર્યરામ દેશાઈ. કિંમત દરેક ભાગની આના દશ.

સારા ટાઇપ, સારા કાગળ, સારી મુદ્રા, સારાં ચિત્રોઃ આ બન્ને પુસ્તકોમાં બધું સારૂં છે. બાળકોને આનન્દ આપે તેવીજ સામગ્રી છે. ભાષા પણ સરળ, ઘરગથ્થુ અને એવી અસરકારક છે કે, નાનાં બાળકો માટે એવી ભાષા સારામાં સારી ગણાવી જોઇએ. ભાષાંતર છે, છતાં લખાણમાં કેમ જાણે નૈસર્ગિક પ્રબોધ હોય એવી વિશદતા છે. (કિંમત વધારે પડતી છે.)

૧૨. આનન્દમાલાઃ ભાગ ૨ જો. યોજક. રા. જગન્નાથ જેઠાભાઈ રાવળ. મૂલ્ય પાંચ આના.

બાળકોને વાંચન પૂરૂં પાડવાના હેતુથી આ ચોપડી તૈયાર કરવામાં આવી છે. નાની કવિતાઓ, સહેલી પદ્ધતિથી લખાયેલી બહુ ટુંકી વાર્તાઓ, બોધનાં થોડાંક વચનો, વિનોદ આપનાર પ્રસંગોની વાર્તારૂપે રસભર કથની, પુસ્તક અને લાયબ્રેરીની અગત્ય જેવા બાળકોના આશય અને દૃષ્ટિબિન્દુ ઉન્નત અને વિચારી કરે તેવા નાના ટુંકા લેખ, અને સાદું અને નિર્દોષ હાસ્ય ઉત્પન્ન કરે તેવી છુટી છવાઇ વાતો. આવાં અનેક રંગી લખાણોથી આ ચોપડી બહુ રસિક, બોધક અને આકર્ષક બની રહી છે.

૧૩ બાળકોની વાતોઃ ભાગ ૧ લો લેખક-રા. વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢિયાર, ચોરવાડકર. પ્રકાશક-રા. " જિજ્ઞાસુ. " કિંમત આના ત્રણ.

પુષ્પમાળા.	ત્રણ રત્નો.
પંચ તંત્ર.	મંચોઝનનાં સાહસ કર્મો.
મૂરખો.	અંધેરી નગરીનો ગર્ધવસેન.
આવતી કાલનું માતમ.	છોકરાંનાં સારાં કામ.

આવી સઘળી યાદીઓમાં સુધારાવધારાને માટે અવકાશ હોય, એ સ્વાભાવિક છે. આ પત્રને અગે એક બને તેટલી સંપૂર્ણ યાદી પ્રકટ કરવા ગોઠવણ થઇ છે, જેમાં ભાગ લેવા સઘળા વાંચકો અને વિદ્વાનોને સપ્રેમ આમન્ત્રણ કરવામાં આવેછે.

રા. જ.

છોકરીઓને ક્યારે પરણાવવી ?

(હીંદુ ધર્મશાસ્ત્રોનો નિર્ણય.)

"ઉંચી જાતના હીંદુઓમાં કન્યાઓનાં લગ્નના સમય સંબંધી વિચાર". એ નામનું એક પુસ્તક સંસ્કૃત ભાષામાં મયલાપુર સંસ્કૃત કોલેજના ધર્મશાસ્ત્રના આચાર્ય પંડીત શ્રીનીવાસ શાસ્ત્રીએ રચીને પ્રસીદ્ધ કર્યું છે. આ પુસ્તકમાં જણાવવામાં આવે છે કે જેઓએ થોડી ઘણી પણ અંગ્રેજી કેળવણી લીધી હોય છે, તેઓ પોતાના ભવિષ્યના સસરાઓ પાસેથી ભેટસોગાદો માગે છે, અને વેવીશાળ નક્કી કીધા અગાઉ છોકરીઓને જોવા માગે છે, અને અરસપરસ વરકન્યાની પસંદગી થયાં પછી લગ્ન નક્કી કરવામાં આવે છે. આની મતલબ એજ છે કે કન્યા તદ્દન બાળક ન હોવી જોઇએ. જે બ્રાહ્મણો અસલની રૂઢી મુજબ ધર્મનુંજ શીક્ષણ લે છે, તેઓમાં પણ આ રીવાજનો પગપેસારો થતો જાય છે. હવે આનું પરીણામ એવું આવે છે કે ઉંચા વર્ણના હીંદુ માબાપો અને ખાસ કરીને બ્રાહ્મણ માબાપો પોતાની કન્યાઓને લગ્ન પહેલાં રજોદર્શન થઇ જાય એવી ધાસ્તીમાં આવી પડયાં છે. આ મુસ્કેલીનો અંત લાવવાને વેદશાસ્ત્રસંપન્ન પંડીત શ્રીનીવાસ શાસ્ત્રીએ અંગ્રેજી ભાષામાં એક પુસ્તક તૈયાર કર્યું છે. જેમાં વેદ અને સ્મૃતીઓના આધારે દર્શાવવામાં આવ્યું છે કે કન્યાઓને રજોદર્શન થયા પછી પરણવાની ધર્મશાસ્ત્રોએ આજ્ઞા આપેલી છે. આ પુસ્તકનો દેશી ભાષામાં અનુવાદ થતાં-વેદાંત કેશરી મહામહોપાધ્યાય પંડીત ગણપતી શાસ્ત્રીએ સંસ્કૃત ભાષામાં એક પુસ્તક પ્રકટ કરી તેનો જવાબ વાળ્યો હતો. તેના જવાબમાં દક્ષિણ હીંદની હીંદુ લગ્નોમાં સુધારો કરવા સ્થપાયલી સભાએ ધર્મશાસ્ત્રના આચાર્ય પંડીત શ્રી નીવાસ શાસ્ત્રીને સંસ્કૃતમાં એક પુસ્તક રચવા જણાવ્યું, જેને પરીણામે તેઓએ ઉપલું પુસ્તક રચ્યું ને તેમાં હીંદુ ધર્મશાસ્ત્રનો આધાર ટાંકી બતાવી તેઓ નીચલા નીર્ણયપર આવ્યા છે:—

" રજોદર્શન કન્યાઓને પરણાવવાનો મુખ્ય કાળ છે અને તે પછીના ત્રણ વરસનો સમય મધ્યકાલ છે અને તે પછી કન્યાને લગ્ન કરવાનો આખો અધીકાર પૂરો

"જો કન્યાને પોતાના મરણ પર્યંત કુમારી રહેવું પડે તો પોતાના પિતાને ઘેર રહેવું, પણ કોઇ ગુણહીન પતિ સાથે તેનાં લગ્ન કરવાં નહીં."

મનુસ્મૃતિના નવમા સર્ગના ૯૦મા શ્લોકમાં કહેલું છે કે:—

"રજોદર્શન પ્રાપ્ત થયા પછી તેનાં માબાપ કોઈ લાયક ગુણવાન પતિ શોધી કાઢે તે માટે તેણે ત્રણ વરસ રાહ જોવી. આ સમય વીત્યા પછી પોતાને માટે યોગ્ય પતિની પોતેજ પસંદગી કરવી. આ પતિ નજીકના સગપણના દોષથી રહિત અને પોતાનીજ જ્ઞાતીનો હોવો જોઇએ."

મનુસ્મૃતિના નવમા સર્ગના ૯૧મા શ્લોકમાં મનુ મહારાજે કહેલુ છે કે:—

"રજોદર્શન થયા પછી ઉપર મુજબ સમય વીત્યા બાદ, કન્યાનાં માબાપ કોઇપણ પતિ પસંદ કરે નહીં તો કન્યાએ પોતે પોતાના ભર્તારને પસંદ કરી, એની સાથે લગ્ન કરવાં અને તેમ કરવાથી કન્યા અથવા તેની સાથે લગ્ન કરનાર કોઈપણ રીતે દોષપાત્ર થતાં નથી" કન્યાને વરની પસંદગીનો હક આપવામાં આવેલો છે, તે જ પુરવાર કરી આપે છે કે તે લગ્નને લાયક ઉમરની હોવી જોઇએ અને પોતાનું હીત જાળવવાને તે સમજદાર થાય તેટલી મોટી કરવામાં શાસ્ત્રોની સંમતી છે.

હવે વરની પસંદગી સંબંધમાં શાસ્ત્રોએ શું કહ્યું છે ? મનુસ્મૃતિના ત્રીજા સર્ગમાં પાંચમા શ્લોકમાં કહે છે કે "જ્યાં નજીકનું સગપણ હોય, જ્યાં માતા યા પિતાના સંબંધી એક લોહી હોવાનો દોષ હોય તેવો વર પસંદ કરવો નહીં, તે ઉપરાંત વર કોઇ સંચારી રોગ (ચેપીરોગ)ના દોષથી મુક્ત હોવો જોઇએ–તે યુવાન જોઇએ–ધીમાન એટલે કે બુદ્ધીવાળો હોવો જોઇએ–અને જનપ્રીય એટલે કે લોકોમાં પ્રીય થઇ પડેલો હોવો જોઇએ."

હવે રજોદર્શન પછી ત્રણ વરસ વીત્યા પછી કન્યાએ પોતાને માટે પતિ પસંદજ કરવો. તેમાં ઉમરની હદ બાંધી નથી. તે સંબંધમાં પંડીતજી જણાવે છે કે દ્વિજ જ્ઞાતીઓમાં કન્યાનાં લગ્ન અને છોકરાઓનું ઉપનયન એટલે કે જનોઈ આપવી તે બરાબર છે. હવે બ્રાહ્મણોમાં જનોઇ આપવાની ઉમરની હદ ૧૬ વરસની ઠરાવવામાં આવી છે. તેથી એક બ્રાહ્મણ કન્યા સોળ વરસની ઉમરે પરણે તો ત્યાં સુધી શાસ્ત્રોની સંમતી છે, અને હીંદુ રીવાજથી વિરૂદ્ધ નથી.

કન્યાનાં લગ્નની વય સંબંધમાં બંને પક્ષોના અભિપ્રાયો આપવા ઉપરાંત પંડીતજી દ્વિજ જ્ઞાતીઓમાં લગ્નના સંસ્કારો સંબંધનાં વેદીક મંત્રો પણ પોતાના પુસ્તકમાં સમજાવે છે. આ મંત્રો પણ કન્યાને પુખ્ત વયની થયા પછી પરણાવવાની તરફેણમાં છે. દરેક વેદીક શાખાના ગૃહ્યસૂત્રો એટલે કે ઘરમાં કરાવવાની ક્રીયાને લગતી ધાર્મીક આજ્ઞાઓમાં કહેલું છે કે "લગ્નની ક્રીયા પુરી થયા પછી ઓછામાં ઓછી ત્રણ રાત પત્ની સાથ સંબંધ કરવો નહીં. જો કે ૭ રાત, બાર રાત, અથવા તો એક આખું વરસ પણ સબંધ ન કરવામાં આવે તો વિશેષ સારૂં." પારસ્કર સુત્રમાં ઉપર મુજબ કહેલું છે તે ઉપરાંત મીઠું અને ખટાશ વિનાનું ખાવા અને જમીનપર સુવાનું કહેલું છે. આને લગતાં ભાષ્યમાં

કહેલું છે કે "લગ્ન પછી ચોથા દીવસની ક્રીયા થયા સીવાય કન્યા પત્ની ધર્મને પ્રાપ્ત થતી નથી." આથી ગૃહ્ય સૂત્રો નાદાન કન્યાઓનાં લગ્નને સંમતી આપતાં નથી.

(સાંજ વર્તમાન ઉપરથી.)

દુનીઆની સુંદરીઓ.

દેશનું રક્ષણ કરવાને આપણે ત્યાં જે લશ્કર રાખવામાં આવતું તેના સિપાહીઓ કંતિ ભાડુતી હતા અથવા દેશના અમુક વર્ગમાંથી હતા. હાલનાં દેશી રાજ્યોમાં પુરબૈયા અને પઠાણોનાં લશ્કર હોય છે તે ભાડુતી વર્ગના છે, એટલે પગારની ખાતર લડનાર, દેશની ખાતર નહીં. ક્ષત્રિયોનું અથવા રજપૂતોનું લશ્કર બીજા વર્ગનું હતું. એકલા પગાર માટે નહીં, પણ જમીન માટે, ધર્મ માટે, સ્ત્રી-સંતાન માટે, રાજા માટે તેઓ લડતા. હાલમાં યુરોપાદિ સંસ્કૃત સંપન્ન દેશોમાં તમામ રૈયતને ઉંચ-નીચ, ગરીબ-તવંગર કે જુવાન-ઘરડાના તફાવત દૂર રાખી-લશ્કરી તાલીમ આપવાની અને દેશના રક્ષણ માટે પ્રસંગ આવે સજ્જ થવા જોઇતી શક્તિ કેળવવાની વ્યવસ્થા આરંભાઇ ચૂકી છે.

સ્વદેશના રક્ષણના પવિત્ર કાર્યમાં અત્યાર લગી સ્ત્રીઓ પુરૂષો જેટલો આગળ પડતો ભાગ લઇ શકતી ન્હોતી. તેમને લશ્કરી તાલીમ આપવામાં ન્હોતી આવતી. પોતાની જાતિને યોગ્ય દયા અને સ્નેહનાં કાર્યો વિગ્રહ અને સંગ્રામ વેળા તેઓ કરી શકે માટે ધાત્રી (nurse) નું શિક્ષણ તેમને સર્વ દેશોમાં અપાય છે અને લડાઇના મેદાનોમાં પોતાના ઝભ્ભા પર રાતા ક્રૂસની નીશાની વાળી ઘણી સ્ત્રીઓ ઘવાએલા સૈનિકોની સાર-વારમાં મશગુલ હોય છે. રાતો ક્રૂસ દેખાતાં સિપાહીઓ તેમના પર ગોળીબ્હાર નથી કરતા.

प्रवास मंजरी.

જાપાનનો પ્રવાસ.

(મળેલું)

૨. કોલમ્બોથી પિનાંગ

કોલમ્બોથી પિનાંગ પહોંચતાં લગભગ પાંચેક દિવસ લાગે છે. અમે તા. ૫ સપ્ટેમ્બરે બપોરે પિનાંગના બારામાં દાખલ થયા. ઘણીખરી સ્ટીમરો પીવાને સારૂ પાણી વિગેરે સાહિત્ય લેતી હોવાથી વધારે વખત અહીં રોકાય છે. કોલમ્બોની માફક "લોંચ" (કિનારે જવાની હોડી) ને સારૂ અમારે ખોટી થવું ન પડયુ. કારણ સ્ટીમર બારામાં દાખલ થઈ કે તુરતજ કમ્પનીની "લોંચ" હાજર થઈ.

આ પ્રદેશ વિષુવવૃત્તની ઉપર આવેલો હોવાથી ગરમી ઘણી સખ્ત પડે છે. બપોરનો તાપ અસહ્ય હોય છે. વરસાદ ઘણું ખરૂં વરસ્યાં કરે છે. પણ જો ઋતુ ખુલ્લી હોય તો રાત્રીએ અગીઆરેક વાગ્યા પછી ઘણી જ ખુશનુમા લાગે છે. અમારી આ સફર અમને ઘણી આનન્દદાયી નીવડી. કારણ કે સિલોનની માફક દરિયો અહિં તોફાની ન હતો, પણ શાન્ત હતો. ઋતુ ખુલ્લી હતી અને આજુબાજુનો પ્રદેશ કુદરતી રચનાથી ભરપુર હતો.

કિનારે ઉતર્યા બાદ અમે "રીક્ષા" ગાડીઓ ભાડે કરી મેસર્સ ગીસ્તા બ્રધર્સની દુકાને ગયા. આ એક પારસી સદ્ગૃહસ્થની પ્હેડી છે અને હિંદુસ્તાન સાથે કરીઆણા અને તેજાનાનો બ્હોળો વ્યાપાર ચલાવે હે. અહીંઆં તે પ્હેડીના મેનેજર અને મિ. ગીસ્તાના ભાઈ મિ. દીનશાહજી તરફથી અમારૂં સારૂ આતિથ્ય કરવામાં આવ્યું. અમે થાકેલા હોવાથી થોડોક સમય વિશ્રાન્તિ લીધા બાદ પિનાંગ જોવાને નીકળ્યા. મિ. દીનશાહ અમારી સાથે આવ્યા. અહીં ચીનાઓની વસતી ઘણી છે અને બૌદ્ધ ધર્મ પ્રચલિત છે. ઠેકાણે ઠેકાણે બુદ્ધનાં દેવાલયો નજરે પડે છે. અહીંના લોકોના રીતરીવાજ સિંહાલી (સીલોન)ના લોકોને ઘણે દરજ્જે મળતો આવે છે. આ લોકો ઘણા વ્હેમી છે. ભૂત-પ્રેત વિગેરેમાં એમને ઘણી શ્રદ્ધા છે, બાધા માનતા વિગેરે રાખે છે અને મંત્ર, દોરા, ચીઠી વિગેરેનો વ્હેમ હિંદુસ્તાન જેટલોજ ત્યાં જડ ઘાલી બેઠેલો છે ! એ લોકો મલય ભાષા બોલે છે. દેશનો મુખ્ય વ્યાપાર કરીઆણા અને તેજાનાનો છે. અહીં કલાઈનો પણ મ્હોટો વ્યાપાર ચાલે છે. પિનાંગમાં કલાઈની ઘણી ખાણો છે અને તેમાંથી સારી જાતની કલાઈ મળી આવેછે.

સર્વથી પ્રથમ અમે અહીંઆંનું મુખ્ય બૌદ્ધ મંદિર જોવા ગયા. આ મંદિર શહેર બ્હાર પર્વતની ટેકરી ઉપર આવી રહેલું છે. દૂરથી બહુજ રમણિય લાગે છે. એની આજુબાજુનો પ્રદેશ કુદરતની લીલાનો એક અલૌકિક નમુનો છે. આ દેવાલયની અંદર મૂર્ત્તિઓ ઘણી ભવ્ય અને મ્હોટી છે. અમે જો કે મૂર્ત્તિઓને હાથ લગાડી શકયા નથી પણ દૂરથી જોતાં ત્હેના ઉપર ગિલ્ટ (ઢોળ) ચ્હડાવ્યાનો ભાસ થાય છે. આપણી માફક એ લોકો પણ વિધિપૂર્વક મૂર્તિઓની પૂજા કરે છે. આપણા મંદિરોની પેઠે ત્યાં પણ અહો-

રાત્ર દીવા અને ધૂપ બળ્યાં કરે છે. ફરક માત્ર એટલોજ છે કે જ્યારે આપણાં દેવાલયોમાં ઘીનો ઉપયોગ થાય છે, ત્યારે ત્યાં મીણબત્તી બાળવામાં આવે છે. પૂજન સમયે ધુપ વિગેરે સાહિત્ય તૈયાર રાખવામાં આવે છે અને ત્હેનો છુટથી ઉપયોગ થાય છે. આ લોકોના દેવસ્થાનની એક ખાસ બીનાં એ છે કે જેમ આપણાં મંદિર આગળ પુષ્પપૂજનનાં સાહિત્યો વેચાય છે, તેમ ત્યાં આગળ ફટાકાની દુકાનો હોય છે. એટલુંજ નહીં પણ ખુદ દેવલમાં પણ ફટાકા ફોડવાની ગોઠવણ હોય છે ! મંદિર અંદર એક ઘુમ્મટના ઘાટનું મકાન બાંધેલું હોય છે. આ મકાનની એક બાજુ ખુલ્લી રાખવામાં આવે છે અને ત્યાં આગળ પુજા થઇ રહ્યા બાદ ફટાકા ફોડવામાં આવે છે. દેવગૃહની આગળના મંડપમાં ઈશ્વર સ્તવન સારૂ આસન નાખી મૂકેલાં હોય છે. આપણાં અને એમના દેવસ્થાનોમાં એક મુખ્ય ફરક એ છે કે ઘણુંખરૂં આપણાં મંદિરોમાં એક જ દેવગૃહ હોય છે, જ્યારે બૌદ્ધ દેવાલયોમાં એકજ મકાનના જુદા જુદા ખંડમાં જુદી જુદી મૂર્તિઓ પધરાવવામાં આવેલી હોયછે. આ સર્વ મૂર્તિઓ એક જ ઘાટની હોતી નથી. દરેક પ્રતિમાનો આકાર જુદો હોયછે. બૌદ્ધ દેવાલયની ખાસ અનુકરણ કરવા લાયક વસ્તુ ત્હેની સ્વચ્છતા છે. મંદિરો સ્વચ્છ અને સુઘડ રાખવા સારૂ એ લોકો ખાસ કાળજી રાખે છે. આપણા દેવમંદિરોના વ્યવસ્થાપકોને આ લોકો પાસેથી કાંઇ ખાસ શીખવાનું હોય તો માત્ર મંદિરની સ્વચ્છતાનોજ વિષય છે. આ સ્થળની આસપાસ એક અતિ રમણીય બાગ છે. બાગ પર્વતની ટેકરી ઉપર આવેલો હોવાથી બહુ સુંદર લાગે છે. આજુબાજુનું સૃષ્ટિ–સૌન્દર્ય ત્હેની સુંદરતામાં ઓર વધારો કરે છે. બાગની રચના એવી તો કલાપૂર્ણ અને રસિકતાભરી છે કે ત્હેનું વર્ણન કરવાને ફક્ત કવિ અથવા ચિત્રકારજ સમર્થ થઈ શકે ! અહીંની બીજી જોવા લાયક જગો ત્યાંના કુદરતી પાણીના ધોધ છે. આ પાણી કયાંથી આવે છે તે અદ્યાપિ માલમ પડયું નથી. કારણ કે એ ધોધ જે શિખર ઉપરથી પડે છે, ત્યાં જઇ શકાય એમ નથી. આ ધોધ ચાલીશેક ફુટની ઉંચાઇએથી પડે છે અને આજુબાજુ અતિ ગીચ ઝાડી છે. આ ઝાડી વિગેરેમાંથી તે ધોધના મુળ તરફ જવાને સારૂ પ્રયાસ કરવામાં આવે તો જઈ શકાય એવો માર્ગ કરવાને લાખ્ખો રૂપીઆનો ખર્ચ કરવો પડે. અહીંથી અમે ત્યાંનો બાગ જોવા ગયા. અને ત્યાંથી પાછા મિ દિનશાહને મકાને ગયા. અહીંઆં અમે નાસ્તો કર્યો અને બંદર ઉપર ગયા. કમ્પનીની છેલ્લી લોંચ જવાની તૈયારી હતી. અમે લોંચમાં બેશી સ્ટીમર ઉપર ગયા કે સ્ટીમર ઉપડી.

૩. પિનાંગથી સિંગાપુરઃ—

આખી રાત્રી અમે સુખ શાન્તિથી ગાળી. ઋતુ ખુલ્લી હોવાને લીધે બહુ આનન્દ થયો. નવેક વાગ્યા સુધી ડેક (તુતક) ઉપર રહ્યા. બાદ સર્વ કોઇ પોતપોતાને સ્થાને આરામ લેવા ગયા. નિયમસર સ્હવારના પ્હોરમાં ઉઠયા. નિત્યકર્મથી નિવૃત્ત થઇ ડેક ઉપર આવ્યા. દરેક વાગ્યાનો શુમાર થયો હશે એટલામાં તો સ્ટીમરે શીશોટી વગાડી. આમ અચાનક સ્ટીમરે શીશોટી (સીટી) નો અવાજ કર્યાથી સ્વભાવિક રીતે સર્વ મુસાફરો ગભરાયા અને એકાએક કેમ શીશોટી વાગી ! શું થયું ? વિગેરે, એકબીજાને પુછતા તુતક ઉપર ભેગા થઇ ગયા. દરિઆમાં જોયું તો એક બળતું બોટ (જીંદગી બચાવવાનું સ.ધન) જેવું દેખાયું. સર્વને લાગ્યું કે કોઇ મુસાફરને અકસ્માત નડયો છે.

સ્ટીમરે ફરીથી સીસોડી વગાડી અને એક બે મિનિટમાં તો એક લાઇફબોટ (વહાણ ન બચી શકે એવી સ્થિતિમાં હોય અને ડુબતું હોય તે વખતે તેની અંદરના મુસાફરોના બચાવવા સારૂ રાખેલી ન્હાની હોડી) સમુદ્રમાં ઉતારેલી નજરે પડી. આ બોટમાં એક અમલદાર અને થોડાક ખલાસી હતા. ત્હેમણે તે લાઇફ બેલ્ટ (જીંદગી બચાવવાનો પટો) ઉંચકી લીધો. સર્વે કોઇ શાન્ત થયું. તપાસ કરતાં માલમ પડ્યું કે સ્ટીમર ઉપરના અમલદારો અને ખલાસીઓ પોતાના કાર્યમાં પ્રવૃત્ત રહે છે કે નહીં ત્હેની તપાસને સારૂ કેપ્ટન કેટલીક વખત આ પ્રમાણે કરે છે. થોડીકવાર પછી લાઇફબોટ પાછી આવી અને સર્વ સ્ટીમર ઉપર ચ્હડી રહ્યા એટલે સ્ટીમર આગળ ચાલી. આખો દિવસ ગરમી અસહ્ય હતી. રાત્રે નવેક વાગ્યાને શુમારે એકાએક તોફાન શરૂ થયું. પ્હેલાં તો પવન જોરથી ફૂકાવા લાગ્યો. અને પછીથી વરસાદ પડવા માંડ્યો. થોડાક સમય આ પ્રમાણે ચાલ્યું. પછી વરસાદ બંધ થયો. રાત્રીના બેએક વાગ્યા હશે એટલામાં તો ધુમ્મસ વરસવા માંડ્યું અને તે એટલું બધું વધી પડ્યું કે આપણી સ્હામે થોડે અંતરે શી ચીજ છે તે પણ દેખી શકાય નહીં. આથી કરીને સ્ટીમરે રસ્તો સાફ છે કે નહીં તેની તપાસ રાખવા સારૂ થોડે થોડે વખતે સીસોડી વગાડવી શરૂ કરી. પિનાંગ અને સિંગાપુર વચ્ચેનો રસ્તો ઘણોજ રમણીય છે. કુદરતની અપૂર્વ લીલા અહીં દષ્ટિગોચર થાય છે. સર્વત્ર આંખ ઠરે એમ લીલોતરી પથરાઇ રહેલી નજર પડે છે અને દુરથી જાણે એક સુશોભિત લીલો ગાલીચો પાથરેલો હોયની એવો ચિતાર દષ્ટિ આગળ ખડો થાય છે. રાત્રે ત્રણેક વાગ્યાને શુમારે અમે સિંગાપુર આવી પ્હોચ્યા.

" લિવરપુલથી ફિલાડેલ્ફિયા. "*

ભાષાન્તર કરનારઃ-શ્રીયુત્ " દેશાઈ "—અમદાવાદ.

ઈ૦ સ૦ ૧૮૮૫ ના જાન્યુઆરી મહિનામાં ડૉક્ટર રેચેલ્ બાડ્લે-ફિલાડેલ્ફિયાનાં સ્ત્રી-વૈદ્યવિદ્યાલયનાં ' ડીન '—મને એક પત્ર લખી ૧૮૮૬ ના માર્ચ મહિનામાં સૌ. આનન્દીબાઇ જોશીને ' ડીગ્રી '—વૈદકની ઉપાધિ-આપવાના સમારંભ ઉપર હાજર રહેવાનું આમંત્રણ કર્યું હતું. તે અરસામાં હું ઇંગ્લંડના ચલ્ટન્ હમ્ શહેરના સ્ત્રી-વિદ્યાલયમાં અધ્યયન અને અધ્યાપન કરતી હતી. કેટલાંક કારણોસર આમંત્રણ સ્વીકારી નહીં શકાય એ મતલબનો દિલગીરી દર્શાવનારો પત્ર મેં પ્રથમ લખ્યો. પરંતુ એમણે ફરી ફરીને પોતે અને સૌ. આનન્દીબાઇ જોશી તેમજ શ્રીયુત્ ગોપાળરાવ જોશી પાસે પત્રો લખાવી મને અમેરિકા બોલાવવાનો અતિ આગ્રહ કર્યો. આવાં સખ્ત દબાણને લીધે મારાથી આમંત્રણનો અસ્વિકાર થઈ શક્યો નહીં; કારણ કે શ્રીમતી બાડ્લે બાઈ પરજાતિય અને પરધર્મી હોવા છતાં હિન્દી સ્ત્રીઓ માટે તેમને ઘણું માન હતું, તો પછી

---

* પ્રસિદ્ધ પંડિતા રમાબાઇના " યુનાઇટેડ સ્ટેટ્સની લોક સ્થિતિ અને પ્રવાસ વૃત્ત" નામના મરાઠી પુસ્તકના એક પ્રકરણ ઉપરથી. [પ્રવાસનાં ઘણાં પુસ્તકો લખાયાં છે અને લખાય છેઃ છતાં એક હિન્દી સન્નારીની " જગત્ પરિક્રમા "માંથી લીધેલી આ હકીકતમાં પણ કેટલુંક જાણવાનું મળશે, એમ આશા છે.]

આવાં પરોપકારી બાનુનો આગ્રહ મારાથી કેમ તોડાય ? વળી વૈદક સરખો કઠિણ વિષય શીખી તેની પદવી મેળવનારામાં આખા હિન્દુસ્તાનમાંથી હિન્દુ સ્ત્રીઓ પૈકી ફક્ત આનન્દી બાઇ જોશી જ હતાં.—તેથી તે આનંદકારક સમારંભ નજરે જોવાની મને ઉત્કટ ઇચ્છા થઇ. જોકે અમેરિકા જવામાં મારે ઘણી જાતની અડચણો હતી. તે છતાંયે ઇશ્વર પર ભરોસો રાખી ઇ૦ સ૦ ૧૮૮૬ ના ફેબ્રુઆરી મહિનાની ૧૭ મી તારીખે 'બ્રિટિશ પ્રિન્સેસ' નામના જહાજમાં બેસી ઇંગ્લંડના લિવરપૂલ બંદરેથી અમેરિકા તરફ પ્રયાણ કર્યું. મારા ઇંગ્રેજી મિત્રમંડળમાં મારા પ્રમાણ વિષે ઘણીજ સખ્ત ચર્ચા ચાલી હતી, અને તેમાંના કેટલાકે મને ભયભીત પણ કરી મૂકી હતી. કારણ કે ફેબ્રુઆરી મહિનો સમુદ્રને અનુકૂળ હોતો નથી; તેમજ તે વર્ષમાં ઘણાં તોફાનો થવાથી અમેરિકાના કિનારા આગળ અસંખ્ય વહાણો ડુબ્યાં હતાં. ન્યુયોર્ક શહેરની નજીક અને આસપાસ પચ્ચીસ ત્રીસ માઇલ પર્યંત સમુદ્રમાં અતિશય ઠંડીને લીધે પાણીનો બરફ બંધાઈ ગયો હતો, અને જાણે બરફનીજ ભૂમિ હોય એવો દેખાવ નજરે પડતો હતો અમારા જહાજને લિવરપૂલ બંદર છોડયા પછી ત્રણ દિવસ સુધી કોઇપણ પ્રકારનું તોફાન નડયું નહીં; પરંતુ ચોથે દિવસે ઇંગ્લંડ અને અમેરિકા દેશની વચ્ચે અટલાંટિક સમુદ્રમાં Devil's Pot* નામના સ્થળ નજીક અમારૂં જહાજ તોફાનમાં સપડાયું. ભયંકર તોફાન શરૂ થયું અને સમુદ્રનું ભયાનક સ્વરૂપ અમારી આગળ ખડું થયું.

આ સમય સમુદ્રના પ્રવાસને અનુકૂળ નહીં હોવાથી અમારા જહાજ ઉપર થોડાક જ ઉતારૂ હતા. પહેલા વર્ગમાં ચાર પુરૂષ અને ત્રણ સ્ત્રીઓ, તેમ જ ત્રીજા વર્ગમાં બાળકો પુરૂષો અને સ્ત્રીઓ મળી સુમારે ૧૯૦ માણસો હતાં. ઉપરના ઉતારૂઓ યુરોપના જૂદાજૂદા દેશમાંથી અમેરિકામાં વેપાર અર્થે જતા હતા.

૧૯૦ ઉતારૂમાંના કેટલાંક ધાર્મિક લોકોએ વચલા માળમાં એકઠા થઇ રવીવારને દિવસે ઇશ્વરોપાસના કરી. તે દિવસની રાત્રીએ ઘણાંજ ભયંકર તોફાનો થયાં. આ પ્રસંગે મેં એક બાઇના મુખમાંથી એક ચમત્કારિક વાત સાંભળી જે અત્રે ઉતાર્યા સિવાય રહેવાતી નથી. તે બાઇ મારી જોડેની પહેલા વર્ગની કેબીનમાં રહેતી હતી. તેનું અને મારૂં ઓળખાણ જલપ્રવાસમાં સંપૂર્ણ બન્યું હતું. આ બાઇ રોમનકેથેલિક પંથની હતી. જહાજની અન્દર થયેલી ઇશ્વરોપાસના તેને ગમી નહીં અને કહેવા લાગી કે, "તમે બધાં આ પ્રમાણે ઇશ્વરોપાસના કરી સેતાનને ઉશ્કેરો છો ! જોજો સેતાન કોપ્યો તો એના હાથમાંથી છુટવું અશક્ય છે." કર્મધર્મ સંયોગે તે રાત્રીએ તોફાનો થયાં અને તેની ભવિષ્યવાણી ખરી પડી. વળી બીજે દિવસે તે લોકો પાછાં ઇશ્વરોપાસના કરવા લાગ્યાં, જેથી તે બાઈ કોપિત થઇને કહેવા લાગી કે "મારા કહેવા પ્રમાણે એક વાર થયું છે, અને આજે પાછાં ફરીથી તમે ઇશ્વરોપાસના કરો છો, તેથી હવે સેતાનના હાથમાંથી છુટવું અશક્યજ છે."......તેનું કહેલું ખરૂં પડયું. અમારૂં જહાજ ખરાબે લાધતાં લાધતાં

* આ સ્થળે ઘણીવાર મોટાં મોટાં જહાજો ડુબી ગયેલાં છે. એને સેતાનાવળી યાને ભૂતાવળી તે નામે ઓળખે છે. દરેક જહાજના નાખુદાઓને આ સ્થળ આગળ ખુબ કાળજી રાખવી પડે છે.

બચી ગયું. પછીના રવીવારને દિવસે તોફાન શાન્ત હતું. ઉપરના માળમાં ' હાલેલુ '(હિબ્રુ લોકની ભાષામાં આ શબ્દનો અર્થ પ્રાર્થના થાય છે) શરૂ થઈ. વળી પાછો પેલી રોમન કેથોલિક સ્ત્રીનો પીત્તો ઉછળ્યો. તેણે પ્રાર્થના કરતાં ઘણાંક બાલકોને અટકાવ્યાં. સંધ્યાકાળને સમયે દરિયો તોફાની થતો માલૂમ પડ્યો. જોતજોતામાં અમારૂં જહાજ ડૂબતું બચી ગયું. ઈશ્વરનો ઉપકાર. તે બાઈની ત્રણ ત્રણ વાર ભાખેલી ભવિષ્યવાણી ખરી પડી ! કારણ કે તે જગ્યા 'ભૂતાવળી-સેતાનાવળી-ને નામે ઓળખાતી હતી, અને તેમાં તે બાઇએ સૂચવેલા સેતાન વિષે સર્વ ખરૂ પડ્યું ! આ ઉપરથી યુરોપના સુધરેલા દેશોમાં પણ અદ્યાપિ ભૂત-પ્રેત-સેતાન વિગેરેના વહેમો પ્રચલિત છે, એમ સિદ્ધ થાય છે.

તોફાનની અસર મારા પર ચોકખી રીતે જણાઈ આવતી હતી. ક્ષણેક્ષણે સમુદ્રનાં ગંજાવર મોજાં અમારી કેબીનને અથડીને પાછાં ફરતાંનો અવાજ સાંભળીને પેટમાં ફાળ પડતી. પલકે પલકે ડૂબવાના ભણકારા વાગવા લાગ્યા. ત્રણચાર દિવસ સુધી નજર જ ઉંચી થઇ શકી નહીં, તો પછી બેઠા થવાનો સવાલ જ ક્યાં ? છેવટે કેબીનની હવા એટલી અશુદ્ધ થઇ ગઇ કે, ઘડી ભર ત્યાં રહેતાં જીવ જશે એમ ભાસવા લાગ્યું. જીવ સટોસટનું કામ હતું. કેબીનમાં ભરાઇ રહેતાં જીવ તો જવાનોજ છે, તો અન્દર ગુંગળાઇ મરવા કરતાં બહાર શા માટે ન મરવું ? છેવટે જહાજના ઉપલા મજલે જવાનો નિશ્ચય કર્યો. હિમ્મત એકઠી કરી કેબીન છોડી. માળ ઉપર જતાં ઘણીજ મુશ્કેલી નડી; કારણ કે અમારું જહાજ એટલું તો ડોલાયમાન થતુ કે પગ સુદ્ધાં પણ સ્થીર રહી શકતા નહીં. અન્તે ઘણી મુશીબતે ઉપરના માળ ઉપર જઇ એક ખુરશીમાં બેઠી. ત્યાં ગયા પછી આશરે પા કલાકમાં જીવ શુદ્ધિમાં આવ્યો. કેબીનની ગંધાતી હવા કરતાં સમુદ્રની ચોકખી હવા અંતઃકરણને આનંદ આપવા લાગી, અને જાણે કોઇ અનુપમ શક્તિનો શરીરમાં પ્રવેશ ના થયો હોય એમ લાગવા માંડ્યું. કેબીનના દ્વાર ઉપર સમુદ્રનાં મોજાં અફળાઈ જે અવાજ થતો હતો, અને જે ભીતી ઉત્પન્ન થતી, તેના કરતાં હવે ઓર આનંદ જણાવા લાગ્યો. ક્યાં એક- કલાકનો ફરક ! ઉપરના મજલાના કઠેરાને બાઝી હું અમારા ડૂબતા જહાજની ડોલાયમાન સ્થિતિ અને અફાટ તેમજ ભયંકર સમુદ્રની ગતિ જોતી સ્થીર થઈ ગઇ હતી. હવે મને બીક લાગતી નહીં; ઉલટ ઉત્સાહ, આનંદ અને શાન્તિ મારા હૃદયમાં ઉદિત થવા લાગ્યાં. આ વેળાની સ્વાભાવિક ઘટનાથી મને જે ધડો મળ્યો તે હું કદિપણ વિસરનાર નથી ! મનુષ્ય જ્યાં સુધી ધૈર્યથી વિપત્તિ અને શત્રુનો બચાવ કરી શકતો નથી, ત્યાં સુધી તેને બીક લાગ્યા કરે છે. બીકણ પુરૂષ જેમ જેમ ઘરમાં અગર પથારીમાં લપ્પાઇ જાય છે તેમ તેમ તેનો ભય વધતો જઇ નિરાશાથી તેને દશે દિશાઓ અંધકારમય ભાસે છે. પરંતુ બંધુ યા ભગિની ! એકવાર " कार्यं वा साधयेयं, देहं वा पातयेय " (એકવાર કાર્ય પૂર્ણ કરીશ, નહીતો જીવ ન્હાઈશ) એવો નિશ્ચય કરી તમારા શત્રુ અને નિરાશાદિ વિપત્તિના સ્હામાં થાવ. આમ કરવાથી ભય એ શબ્દ તમારા સ્મરણમાંથી નાબુદ થઇ જશે, અને તમે જીવનમુક્ત પ્રમાણે નિર્ભય બની જોકે સર્વ જગત્ તમારી વિરૂદ્ધ હશે તોપણ સત્ય અને સત્સાહસ પર અવલંબી પોતાનાં કાર્યો સાધશો. અગાધ સંસાર-સમુદ્રમાં આપણાં સંસારી જહાજોને અસંખ્ય તોફાનોમાંથી

પસાર થવું નથી પડતું ? તેવી વખતે ધૈર્ય ધારણ કરીને ભયંકર સમુદ્રની સ્હામે જબરી ટક્કર ઝીલવાથી આપણને જય પ્રાપ્ત થશે અને મનને શાન્તિ મળશે.

અમારૂં નાવ પાંચ ૭ દિવસ સુધી "સેતાનાવળી" (Devil's Pot) ની આસપાસ ઝોલાં ખાતું રહ્યું હતું. આ 'સેતાનાવળી'માં અમારૂં નાવ સપડાયાથી તેના કેટલાંક સાંચા બગડવા પામ્યા. સાંચાકામ દુરસ્ત કર્યા સિવાય નાવને અતિ વેગથી હંકારી જવાય નહીં, તેમજ જો સાંચાકામ દુરસ્ત કરવાનો નિશ્ચય કરીએ તો કોઇએક સ્થળે પણ નાવને સ્થીર રાખવું પડે. અમારા નાવનો 'કેપ્ટન' આથી ગુંચવણમાં આવી પડયો, પરંતુ તેની હોશિયારીથી છેવટે સાંચાકામમાં સુધારો થવા પામ્યો, અને અમારૂં નાવ પાછું પ્રથમની ગતિયે હંકારાવા લાગ્યું, સેતાનાવળી મૂકયા પછી પણ કાંઇ તોફાન નડયા વિના ન રહ્યું. સમુદ્રનાં આકાશ જેવડાં જેવડાં મોટાં મોજાંને લીધે અમારૂં જહાજ એકવાર છેક ઉંચે જઇ પાછું નીચે આવી એવું તો અફળાતું કે અમને તો એવું જ લાગતું કે હવે આવી બન્યું. આવા તોફાનના સમયમાં'ગલ' નામનાં સામુદ્રપક્ષિયો ચોતરફ સમુદ્રમાં તરતાં જણાતાં હતાં. ખરેખર આ પક્ષિયો તોફાનના અગ્રદૂત જ છે. તોફાન શરૂ થતાં સમુદ્ર પર અતિવેગથી ઉડતાં તેઓ માલૂમ પડે છે, અને તોફાનની વખતે સમુદ્રના ભયાનક મોજાંઓ ઉપર બેશી આશ્ચર્યકારક જલક્રીડા કરે છે. ચોબાજૂયેથી મોટા મોટા મોજાંઓ સ્હામસ્હામાં આવી અફળાતાં, પવન અતિ જોરથી સુસવાટાબંધ વાતો, સમુદ્ર અને મેઘની ભયંકર ગર્જનાઓ કાનને બહેરા કરી મૂકતી, તથાપિ તે આનંદી પક્ષિયોને તેમાંનું કશુંયે લાગતું નહીં ! તેઓ તો હર્ષભેર જલક્રીડા કરતાં ! જાણે એકાદ આરબ પોતાના તરૂણ તેજસ્વી ઘોડાને વાયુવેગથી જેમ દોડાવતો જતો હોય, તેમ તેઓ સમુદ્રનાં મોજાંઓની પીઠ ઉપર બેસી કલ્લોલ કરતાં હતાં. કોઇ કોઇ વેળા મેઘની સ્થિતિ બદલી નાંખીને સૂર્યનારાયણ જ્યારે વિજયી વીર પ્રમાણે આકાશમાં પ્રકાશમાન થાય છે તે વખતે ગગન મંડળમાં ઇંદ્રધનુષ્યનો દેખાવ કેવો અવર્ણનિય અને આનંદકારક થઇ પડે છે ! કોઇ કોઇ વેળા બબ્બે ઇંદ્રધનુષ્યો નજરે પડે છે. કોઈ કોઇ વેળા સમુદ્રનાં મોજાં એકમેક સાથે અફળાયા પછી થોડાક સમય સુધી ગોળાર્ધ ચકરીઓ માલુમ પડે છે. તે સમયે સૂર્યપ્રકાશ તે પર પડવાથી ઇંદ્રધનુષ્ય સરખો દેખાવ નજરે પડે છે. આહાહા ! તે સમયના આકાશનું અને સમુદ્રની શોભાનું વર્ણન કેવી રીતે કરવું ! તે શોભા નિહાળવા બેસતાં પાપણોને પણ મિંચાવું ગમતું નથી. સમુદ્ર શાન્ત પડયા પછી અમારૂં જહાજ લગભગ અમેરિકા ખંડથી ત્રણ દિવસના રસ્તામાં આવી પહોંચ્યું. રસ્તામાં કેટલીક ઉડતી માછલીઓ અમારી દ્રષ્ટિયે પડતી.

માર્ચ મહિનાની ત્રીજી તારીખે સંધ્યાકાળને સુમારે સાડાચાર વાગતાં ઇ૦ સ૦ ૧૪૯૨ ની સાલમાં 'ક્રિસ્ટોફર કોલંબસે' જે દેશને હિન્દુસ્તાન દેશ ધાર્યો હતો, તે પશ્ચિમગોલાર્ધના અમેરિકા ખંડનો કિનારો અમારી દ્રષ્ટિયે પડયો.

આ વેળાના આનંદનું વર્ણન કરવા મારી શક્તિ સમર્થ નથી. મારા હિન્દુસ્તાનના મિત્રો અત્યારે અમારા પગ તળે—પાતાળ—નીચેના દેશમાં—હશે, એ વિચાર મારા મનમાં ઉદ્ભવતાં મારૂં મન ચમત્કારિક બન્યું. અત્યારે અહીં દિવસ છે, તે વખતે હિન્દુસ્તાનમાં રાત્રીનો અમલ પૂર્ણ થવા આવ્યો હશે. અહીં અમે નાસ્તાના સમાજે આનંદથી મ-

હાલીએ છીએ, તે વખતે હિન્દુસ્તાનના લોક સુખેથી નિંદ્રા લેતા હશે! આ કેવો ઈશ્વરનો ચમત્કાર........!

અતિશય ઠંડીને લીધે કિનારાની આસપાસ સમુદ્રના પાણીનો બરફ બંધાઈ જવાનો ઉલ્લેખ ઉપર કર્યો છે. તે બરફ ઉપર સૂર્ય કિરણો પડવાથી ચાટલામાં જેવી રીતે તેમનાં પ્રતિબિંબ પડેછે, તેજ પ્રમાણે પ્રતિબિંબ તેમાં પડતા હતા, અને તેથી આંખે ઝાંઝવાં વળતાં હતાં. સંધ્યાકાળ સમયે અમારૂં જહાજ ' ડેલવેયર ' નદીના મુખ પાસે આવી પહોંચ્યું. તે નદીના મધ્ય ભાગમાં જહાજ હંકારવા સારૂ માહિત થયેલા નાખુદાએ અમારા જહાજનો કબજો લીધો. કોઇ એક ચૂકને લીધે નાખુદાએ અમારા જહાજને એક એવી જગ્યામાં આણી મૂક્યું કે, એ ત્રણ દિવસ સુધી તે જગ્યાએથી બિચારૂં ખસવા પણ પામ્યું નહી. લગભગ સોળ સત્તર દિવસથી અમને જમીનનાં દર્શન થયાં નહતાં. બાર દિવસની સફરને આ પ્રમાણે સોળ દિવસ લાગ્યા પણ ઇચ્છિત સ્થળે પહોંચવાને અમે શક્તિમાન ન થયાં. તે દિવસની રાત્રીએ અમારી જલયાત્રા પુરી થઈ, બીજી સવારે પરોઢમાં ફિલાડેલ્ફિયા શહેર નજીક પહોંચવાના સમાચાર અમારા નાખુદાએ જાહેર કર્યા હતા, પણ વળી આ અણધારી નડતર આવી પડવાથી તે બિચારો ઘણોજ નારાજ થઇ ગયો. પરંતુ છેવટે ઇશ્વરની કૃપાએ અમારૂં જહાજ સમુદ્રના તોફાનમાં ભોગ થઈ ન પડતાં અમારે જે દેશ જવું હતું, તે દેશની લગભગ આવી પહોંચ્યું તેજ અમારૂં મહાભાગ્ય!

બીજે દિવસે ઉઠતાં અમને માલુમ પડયું કે અમારા જહાજની આસપાસ બરફ જામી ગયો હતો. તે દિવસે તેમજ બીજે દિવસે નાનાં નાનાં યાંત્રિક નાવોએ આવી અમારાં જહાજની આસપાસનો જામી ગયેલો બરફ પોતાનાં અતિ તિક્ષણ યંત્રો વડે કાપીને દૂર કર્યો, પરંતુ અમારૂં નાવ ચાલવાને અશક્ત જણાયું. ભરતીને દિવસે બીજાં ત્રણ જહાજોએ અમારી મદદે આવી અમારાં જહાજને ચલાવવા માટે મજબૂત તારનાં દોરડાં વડે ખેંચીને ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ તેઓનો પ્રયત્ન અફળ ગયો. છેવટે પહેલા વર્ગના ઉતારૂઓને એક નાના નાવમાં ઉતારી તા. ૬ ઠી માર્ચને દિવસે ફિલાડેલ્ફિયા તરફ રવાના કર્યા; આ વખતે બીજા વર્ગના ઉતારૂઓ માટે કાંઈ પણ ગોઠવણ થઈ નહોતી તેથી અમારા સહવાસમાં આવેલા-વીસ પચીસ દિવસના જલયાત્રાના સમાગમીઓ-મિત્રોથી છુટા પડતાં અમને કયુંક આવું લાગ્યું, પરંતુ તે વિયોગ અમારે બીજો કોઈ ઉપાય નહતો બીજે દિવસે બીજા વર્ગના ઉતારૂઓ માટે સગવડ થઇ, અને તેઓ પણ ફિલાડેલ્ફિયા આવી પહોંચ્યા. ૬ઠી તારીખે રાત્રીના આઠ વાગે અમે ફિલાડેલ્ફિયા આવી પહોંચ્યાં હતાં. શ્રીયુત ગોપાળરાવ જોશી, અને સૌ. આનન્દીબાઇ જોશી—ઉભય પતિપત્ની-મને બંદર ઉપર મળ્યાં, તેઓએ મારી પ્રીતિપૂર્વક આગતા સ્વાગતા કરી અને મને તેઓને મથકે લઇ ગયાં.

ઈ૦ સ૦ ૧૮૮૬ના માર્ચ મહિનાની ૧૧મી તારીખે સવારના અગ્યાર વાગતાં અમે ફિલાડેલ્ફિયા શહેરના 'અકાડેમી ઓફ સાયન્સ' નામના સભાગૃહમાં ગયાં. તે સ્થળે વૈદ્યવિદ્યાલયમાં અભ્યાસ કરી પરીક્ષોત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓની પદવી આપવાના સમારંભ ઉપર આશરે ૩૦૦૦-૩૫૦૦ સ્ત્રી-પુરૂષોએ હાજરી આપી હતી. તેજ દિવસે આપણી દેશભગિની સૌ. આનન્દીબાઈ જોષીને વૈદકની પદવી મળી. આ સમારંભનો દેખાવ ઘ-

મોજ મનરંજક હતો. મને મારા જીવનમાં ફક્ત આ દિવસજ અતિ આનંદદાયક લાગ્યો. કારણકે આનન્દીબાઇ હિન્દુ સ્ત્રીઓમાં વૈદકની કઠિણ પરિક્ષામાં પાસ થનારામાં પ્રથમ હતાં.×

* * * *

સૌ. આનન્દીબાઇ જોશી જેમ હિંદુ સ્ત્રીઓમાં પ્રથમ ડૉકટર. છે, તેમ તેઓ જે વિદ્યાલયમાં શીખ્યાં હતાં, તે વિદ્યાલય આખા જગતમાં સ્ત્રીઓ માટે સ્થપાયલાં વિદ્યાલયોમાં પ્રથમ છે. ઇ. સ. ૧૮૫૦ માં તેની સ્થાપના થઈ. આરંભમાં લોકમત વિરૂદ્ધ હતો; આ વિદ્યાલયને 'કવેકર પંથ'ના અનુયાયીઓ તરફથી સારા પ્રમાણમાં મદદ મળતી રહેછે......સ્ત્રીઓનાં વૈદ્ય વિદ્યાલયના વ્યવસ્થાપિકામાં મહા વિદુષી બાડ્લે બાઇ* મુખ્ય હતાં. એમની લડત અને શ્રમને અંગે સ્થાપન થયેલું વિદ્યાલય અત્યારે અમેરિકામાં, નમુનેદાર થઇ પડ્યું છે. સ્ત્રીઓની ઉન્નતિ અર્થે એમણે પરોપકારી જીવન ગાળ્યું હતું, અને તેમાં–તેમના પ્રયત્નોમાં–તેમને સારો યશ મળ્યો હતો.

×દૂર દેશ જઇ વૈદકશાસ્ત્રમાં ઉચ્ચ દરજ્જાનું શિક્ષણ લઈ આવેલી કેટલીક મહારાષ્ટ્રિય ભગિનીયોઃ—

સ્વર્ગસ્થ શ્રીમતી સૌ. આનન્દીબાઇ જોશી, એમ્. ડી., (ફિલાડેલ્ફિયા—અમેરિકા.) ડૉ. શ્રીમતી રમખાબાઇ, એમ્. ડી., એલ. આર્. સી. પી, એલ. આર્. સી, એસ. (એડિન્બરો), ડૉ. કુમારી કાશીબાઇ નવરંગે, બી. એ; એલ. એમ્. એન્ડ. એસ; (મુંબાઇ), એલ. એમ્. (ડબ્લિન.), ડૉ. કુમારી કૃષ્ણાબાઈ કેવળકર; એલ. એમ્. એન્ડ. એસ. (મુંબાઇ); એલ. એમ (ડબ્લિન), ડૉ. સૌ. દ્વારકાબાઇ કમલાકર. એલ. એમ્. એન્ડ એસ (મદ્રાસ), એલ, આર્. સી. પી. એન્ડ. એસ. (એડિન્બરો ।), એલ. એફ્. પી. એન્ડ. એસ. (ગ્લાસગો); એલ, એમ, આર્. સી પી; (ડબ્લિન). ડૉ. શ્રીમતી સૌ. માણેકબાઇ, એલ્. એમ્. એન્ડ એસ્; (મુંબાઇ); એલ્. આર્. સી. પી. એન્ડ એસ્. (એડિન્બરો); ડૉ. કુમારી નાગૂતાઇ જોશી એલ્. એમ્. એન્ડ એસ્. (મુંબાઇ); એલ્. આર્. સી. પી; એમ્. આર્. સી. એસ્; (લંડન); એલ્. એમ્. (ડબ્લિન). તેમજ મુંબાઇ યુનિવ્હર્સિટીમાં વૈદકની પરિક્ષામાં પાસ થયેલાં ડૉ. શ્રીમતી સુંદરાબાઈ કીર્તન, એલ્. એમ્. એન્ડ એસ.

(ઉપરની નામાવલી માસિક મનોરંજનમાંથી લીધેલી છે. ૧૯૧૨ માં પાસ થયેલાં આ નામાવલીમાં નથી.) ભા. ક.

* સને ૧૮૮૮ ના જુન મહિનામાં ફિલાડેલ્ફિયા શહેરની "ફિલાડેલ્ફિયા કાઉંટી મેડિકલ સોસાયટી" નામની સંસ્થા સાથેની લડત પછી શ્રીમતી બાડ્લે બાઇનું મૃત્યુ થયું. તે સંસ્થાએ પ્રથમ એવો ધારો પ્રસિદ્ધ કર્યો હતો કે, "ભલે સ્ત્રી ડૉક્ટરો વિદ્યાલયમાંથી પાસ થઇ ધંધો ચલાવે, પરંતુ તેઓ સાથે કશો પણ સંબન્ધ રાખવો નહીં." છેવટે બાડ્લે બાઇના અતિ પ્રયત્નથી સમાધાન થયું. અમેરિકાની મુસાફરીમાં બાડ્લેબાઇ મારી અત્યંત પ્રિય મૈત્રિણી બની હતી. એમનો ડૉ. આનન્દીબાઇ ઉપર નિષ્કપટ પ્રેમ હતો. આપણી દેશ ભગિનીઓ વિષે એમનો ઉંચો મત હતો, અને એમની શી રીતે ઉન્નતિ થઈ શકે, તે વિચારમાં હમેશાં ગુંથાયલાં રહેતાં. એમણે ડૉ. આનન્દીબાઇને કરી આપેલી સગવડો માટે આખું હિન્દુસ્તાન એમનું ઋણી છે.

શ્રી મુલકીની યાત્રા.

(લેખકઃ રા. રા. દેવજી ઉમરશી આસર–તીરૂપુર.)

શ્રી મદ્રાસથી રાતના સાડા આઠે ઉપડેલ મેલટ્રેન સવારના કલાક ૯–૪૫ મીનીટે તીરૂપુર આવે છે, ત્યાંથી તેમાં બેસાય છે. આઠ વાગે પોડનુર જંકશન આવ્યું. અત્રે કલીકોટ તથા મેંગલોર જવાને ગાડી બદલાય છે. મદ્રાસથી આવેલ મેલ પરબારો નીલગરી તરફ જાય છે. પોડનુરથી મલબાર પ્રાન્ત શરૂ થાય છે. પોડનુરમાં કલીકોટની ગાડી બદલ્યા પછી ત્યાંથી ગાડી ઉપડી ઓલવકોટ જંકશન ઉભી રહે છે. પોડનુર જંકશન મુકયા પછી વરસાદની ઝડી લાગુ પડી હતી. મલબારમાં લગભગ ૭ મહીના વરસાદ પડે છે, તથા ત્યાં નીપજ એટલી સારી છે કે કાનુ સોનું પાકે છે, એવી લોકવાયકા બોલાય છે તે ઘણે અંશે ખરી લાગે છે. રસ્તામાં વાંસની ઝાડી, નારીએલીનાં ઝાડ, સોપારીનાં ઝાડ, તથા ડાંગરના કયારા શીવાય બીજું કાંઈ નજરે પડતું નથી. ત્યાંનો બધો રસ્તો ઉંચો નીચો તથા ડુંગરાઉ અને ટેકરાટેકરી વાળો છે. વરસાદના દીવસમાં આ સહુ લીલું છમ થઈ રહે છે. તથા ડાંગરના કયારાઓ વરસાદને લીધે પાણીથી ભરાઇ જવાથી પાણી ઉંચાણુ નીચાણના કયારામાંથી પસાર થઈ નીચે પડે છે, તે સર્વે દેખાવ બહુ જોવા જેવો થાય છે. ઓલવકોટ જંકશનથી પાલઘાટ જવાને ગાડી બદલાય છે. ગામની આસપાસમાં બાવળનાં લાકડાંનાં જંગલો ઘણાં મોટાં છે. ઓલવકોટ સ્ટેશન પાસેથી એક મોટી નદી લાગુ પડે છે, તે લગભગ ૫૦ માઇલ સુધી સાથે રહે છે, અને તીરૂપુર સ્ટેશન પાસે ખાડીમાં મળે છે. ઓલવકોટ પછી રસ્તામાં થોડાં સ્ટેશન મૂકી ટ્રેન શોરનુર જંકશને આવે છે. અહીંથી ઇરનાકોલમ તથા કોચીન જવાને ગાડી બદલાય છે. શોરનુર પછી કલીકટ આવે છે. રસ્તામાં બે ત્રણ ખાડીઓ છે, તે સર્વે ઉપર લોખંડના પૂલો બાંધેલા છે. કલીકટ એ મલબાર પ્રાન્તમાં વેપારનું મથક તથા મોટું બંદર છે, ગામ પણ મોટું છે. ગામમાં આપણા ગુજરાતી લોકની પણ થોડીક દુકાનો છે. જેઓ સર્વે વેપાર કરે છે. કલીકોટમાં બે ત્રણ કોપરેલ તેલની મીલો, ચોખાની મીલો, એક સુતર વણવાની મીલ તથા નળીયાં વીગેરે માટીનાં વાસણ બનાવવાનાં કારખાનાં છે. ઉપર કહેલી મીલો પૈકી ૧ તેલની તથા ૧ ચોખાની મીલ મુંબઇ તરફના ભાટીઆ ગૃહસ્થની છે, અને એક ચોખાની મીલ પારસીની છે. કલીકોટ બે ત્રણ દીવસ રોકાયા બાદ મંગલોર જવાને બપોરની ટ્રેનમાં રવાના થયા. ત્યાં જતાં પણ રસ્તો ઉપર કહ્યા મુજબ ડુંગરીવાળોજ હોય છે, જેની વચમાં થઈને સડક કોતરી કાઢેલી છે. ટીંસદુર્ગ સ્ટેશન છોડયા પછી એક નાની ટનલ આવે છે, તેમાંથી ટ્રેન પસાર થાય છે. રેલવે સડક પણ મુખ્ય કરીને ઠેઠ મેંગલોર સુધી દરીઆના કાંઠા ઉપરજ બાંધેલી છે તેથી ટ્રેનમાં બેઠા હોઇએ તોપણ સામે સમુદ્રનાં રમણીય દર્શનનો લાભ થાય છે. સાંજના સાતવાગે મેલ માંગલોર પહોંચે છે. માંગલોર દક્ષિણ કનાડામાં આવેલ છે, તથા તે પણ વેપારનું મુખ્ય મથક અને મોટું બંદર છે. સાઊથ ઇંડીઅન રેલવેનો એક છેડો અહિં પુરો થાય છે. ગામના રસ્તાઓ પોહોળા તથા વીશાળ છે. ગામમાં ગુજરાતી લોકની પણ વસ્તી છે. તે સિવાય કુંકણી તથા કાનાડી અને મલબારી લોકની વસ્તી મુખ્ય છે. માંગલોરમાં પ્રતિષ્ઠિત ગૃહસ્થ શ્રીયુત પુરૂષોત્તમ નાનજીને ત્યાં અમે

ઉતારો લીધેલ હતો. રાતના આસાએશ લીધા બાદ બીજે દીવસે એટલે શનીવારે સવારના અગીયાર વાગે જમીને શ્રીમુલ્કી જવાને અમે રવાને થયા. મુલકી અહિંથી ૧૮ માઇલ થાય છે. ત્યાં જવાને ઘોડાઓની ગાડીઓ અત્રેથી જાય છે. દરેક ગાડીને બે ટટ્ટુઓ જોડેલા હોય છે, તથા એક ગાડીમાં ૭ માણસ બેસાડે છે. ભાડું માણસ દીઠ આઠ આના લેવાનો ધારો છે, પણ ચોમાસામાં મરજી મુજબ છેવટ માણસ દીઠ એક રૂપીઆ સુધી પણ લે છે. તે સિવાય બીજી અક્કેક ઘોડાઓની ગાડીઓ તથા બેલની ગાડીઓ પણ ગામમાં છે, તે ચાર જણા વચે ભાડે કરી હોય તો તે પણ મુલકી સુધી આવે છે. મેંગલોર દરીયા રસ્તે મુંબઇથી ઘણું નજીક છે. સ્ટીમરમાં મુંબઇથી ચાર રૂપીઆ પડે છે. હું એક રૂપીઆની ટીકીટ લઇ મજકુર ગાડીમાં બેઠો. તે ગાડીને ટ્રાન્સશીપ ગાડી અથવા ટપાલ ગાડી કહે છે. તે ગાડી માંગલોરથી ઊપડી સાડાચાર મૈલ ઊપર આવેલી ખાડી પાસે આવી ઊભી રહી, ઉતારૂઓ અત્રે ઊતરી સામાન ઊતારી સામે કાંઠે જવા હોડીમાં બેઠાં. જો આખી ગાડીને મોટી હોડીમાં સામે કાંઠે લઇ જવી હોય તો તેમ પણ ઊતારી શકાય તેવી સગવડ છે. પણ તેમ ન ઊતારતાં સામી બાજુએ બીજી ગાડી તૈયાર રાખે છે. સામે કાંઠે ઊતર્યા પછી તૈયાર રહેલી બીજી ગાડીમાં અમે બેઠા. ત્યાંથી ઊપડયા પછી પાંચ મૈલ ઊપર ઘોડા બદલવામાં આવે છે. અહિંથી બીજા ચાર મૈલ ચાલ્યા પછી એક મોટી નદી આવે છે, જે પણ હોડીથી ઉતરાય છે. મેંગલોરથી અહિંસુધી ૧૨॥ મૈલ આશરે થાય છે. મેંગલોરથી મુલકી સુધીનો રસ્તો પણ ડુંગરવાળો તથા ટેકરીવાળો છે. પણ તે પાકી બાંધણીનો, મજબુત બાંધેલો છે. રસ્તાની આજુબાજુએ ડાંગરની વાવણી થાય છે, તથા તે સિવાય નારીએલી, સોપારી, ફણસ, કાજુ, અનાસ, વીગેરેનાં ઝાડો નજરે પડે છે. નદી ઊતર્યા પછી ગાડીમાં બેઠા તે ઠેઠ ગાડી મુલકી આવી પહોચી. ગાડી ગામ છોડી ગામને છેડે આવેલી ખાડી પાસે જઇ ઊભી. આ ખાડી ઊતરી ઊડપી જવાનો રસ્તો છે. ઊડપી મુલકીથી ૧૮ માઇલ થાય છે. તે પણ બંદર છે. તથા ત્યાં શ્રીકૃષ્ણચંદ્રનું મોટું દેવલ છે ત્યા શ્રી માધવાચાર્યના પંથની મોટીગાદી છે. શ્રી ઊડપી જવાને વખત નહોતો, તેથી ખાડી પાસે ગાડીમાંથી ઉતરી ગામ તરફ અમે વળ્યા. આ ગામ નાનું તથા સાધારણ બાંધણીનું છે. ગામની વચમાં ડુંગરી આવેલી છે, તેથી ગામમાં બે ભાગ પડી ગએલ છે. આગળના ભાગમાં બજાર તથા બીજા લોકનાં ઘરો આવેલ છે તથા શ્રીમુલકી બાલાજીનું દેવલ ડુંગરની પછવાડેના ભાગમાં છે. દેવલ પાસે મેંગલોરના પ્રસિદ્ધ શ્રીમંત ભાટીઆ ગૃહસ્થ શેઠ કાનજી હીરજીની બંધાવેલી એક ધર્મશાળા છે, તેથી આપણા ગુજરાતી ભાઇઓને ઉતરવાની સારી સગવડ છે. મંદીરની આસપાસ કુંકણી બ્રાહ્મણની વસ્તી છે. મંદીરની આજુબાજુએ ખુલ્લો ચોક છે, તથા એક નાનું તળાવ છે. મંદીરની બાંધણી બેઠા ઘાટની છે. મકાન ઘણું જુનું છે. અહીં પણ શ્રી માધવાચાર્યના પંથની ગાદી છે, તથા અત્રે એક તે પંથના મહંત બીરાજે છે. હું ગયો તે વખતે મહન્ત શ્રી ત્રાવણકોર રાજ્ય સાથે જમીનની તકરાર હોવાથી ત્રાવણકોર પધારેલ હતા, તેથી તેમના દર્શનનો લાભ મળેલ નહિં. મંદીરનું ખર્ચ અગાઉના રાજાઓએ આપેલી જાગીરથી ચાલે છે, તે સર્વનો વહીવટ મંહત તરફથી નીમેલ અધિકારી કરે છે. મંદીરના અંદરના દરવાજા ચાંદીના બનાવેલ છે. અંદરના ભાગમાં ત્રણ પગથીઆવાળું સોના ચાંદીથી મઢેલું

સિંહાસન છે, તેના ઉપરના ભાગમાં **શ્રીતીરૂપતી બાલાજી**ની મૂર્ત્તિ છે. વચલા ભાગમાં **શ્રીમુલકી બાલાજી** નરસિંહરૂપે બિરાજે છે તથા નીચે **શ્રીમાધવ**ની મૂર્ત્તિ છે, જેને ભોગમૂર્ત્તિ કહે છે. આ દેવળ બહુ જાણીતું નથી તોપણ જેઓ જાણે છે, તેઓ દુર દેશાવરથી પણ દર્શનાર્થે અત્રે આવે છે. શ્રી મુલકીબાલાજીનો પ્રતાપ બહુ મનાય છે. દરશનીવારે તથા સોમવારે સવારના અગીયાર વાગ્યા પછી, આરતી ઉતાર્યા બાદ, આરતી ઉતારનારને વાસો આવે છે. આરતી હાથમાંથી મુકી બહાર ચોકમાં આવીને તે ઉભો રહે છે અને તેના અંગમાં ધ્રુજારો ચાલતો જોવામાં આવે છે, તે વખતે તેને કોઇ પણ કાંઇ પુછે છે, તો તેને તેનો પ્રત્યુતર મલે છે, જે સાચો પડે છે એમ મનાય છે. આથી તેને પુછાવવાને ઘણા લોક આવે છે. તેઓ સર્વેને જવાબ મળે છે. તેમ જો કોઇથી નથી આવી શકાતુ, તો તેઓને કાંઇ પુછવાનું હોય તે પત્ર લખીતે પુછાવે છે. પુછાવવાની ભેટ એક સવાલના ચારઆના છે. પછી કોઇ સવાપાંચ આના ધરે છે, અગર સવારૂપીએ પણ ધરે છે. તેમ કોઇને ધરવાની સવડ ન હોય અને કાંઇ પુછાવે તો તેને પણ જવાબ મલે છે. પુછાવનારને પ્રસાદીમાં લાલચંદન તેમજ ધુપ પોતાના હાથે મહારાજ આપે છે. અહિં વરસમાં બે વખત યાત્રા ભરાય છે, તે વખતે હજારો માણસ બહાર દેશાવરથી આવે છે. અત્રે બાલાજીની એક સોનની પાલખી છે તે લગભગ ચાલીસ હજાર રૂપીઆની કિંમતની કહેવાય છે. તેમ શ્રી ભગવાનનો જડાઉ દાગીનો પણ ઘણો છે. હુ શનીવારની એક રાત ત્યાં રહી રવિવારે સવારમાં દર્શન કરી, બપોરના બે વાગે ટપાલ ગાડીમાં મેંગલોર તરફ રવાને થયો.

વાર્તાલહરી.

વીર–બાલા.

(લેખકઃ શ્રીયુત "છ–")

વિંધ્યાચલની તળેટીમાં આવેલી પદ્મપુરીની નિમ્નોન્નત ભૂમિ આજ પરિપકવ ધાન્યના સુવર્ણમય પ્રકાશથી દેદીપ્યમાન બની રહી છે. કોઇ કોઈ સ્થળે ધુળથી છવાઇ ગયેલા અસંખ્ય આંબાઓ ઉપર કેરીઓનાં ઝુમખાં ઝઝુમી રહ્યાં છે અને મદમત્ત કોયલનો કલ–રવ કર્ણેન્દ્રિને આલ્હાદન કરી રહ્યો છે. નીચે વહેતાં નિર્મળ ઝરણનું જલપાન ચંચલ દૃષ્ટિ વાળાં હરિણો કરી રહ્યાં છે, અને શિલાઓની વચ્ચે વચ્ચે થઇને સ્ખલિત ગતિથી માર્ગ કરતા, કાચ જેવા પારદર્શક તે પ્રવાહમાં રમતા, કૂદતા, દોડાદોડ કરતા નાના મ્હોટા સેંકડો મત્સ્યમાંથી પોતાનું ભક્ષ થવાને જે સર્જેલા હોય તેની ઉપર તલપ મારવાને તલપી રહેલા, પણ બ્હારથી ધ્યાન ધરીને એકાગ્ર દૃષ્ટિ સૂચવતા બગ–ભક્તો અખિલ પ્રદેશને શુભ રૂપ આપી રહ્યા છે. પોતાનાં પ્રિય અર્ભકો સારૂ ખાદ્ય લાવવાને ઉત્સુક પક્ષીઓ વિવિધ પ્રકારનું મનોહર ગાન કરતાં કરતાં આકાશ માર્ગે ગમન કરી રહ્યાં છે. સામે કંઇ પર્વત–શિખર ઉપર બાંધેલા આમ્રવાસોમાં, પ્રાતઃકાળમાં પ્રકટેલા પાવકની ધૂમ–શિખા છાપરામાંથી કદી કહીં બ્હાર નીકળતી અને આખરે આકાશ સાથે મળી તદ્રૂપ બની જતી જણાય છે. પવિત્ર મહર્ષિઓના આશ્રમને યોગ્ય સુંદર સ્થળના પૂર્વ ભાગમાં, ક્રૂર

જનોનાં કિલ્મિષથી કલુષિત કલિકાળનું ભાન કરાવવા માટેજ જાણે ઉભો કર્યો હોય એવો ભયાનક, જંગલની જાળમાં ફસેલા સ્વેચ્છાચારી નૃપોના કોપનો ભોગ થઇ પડનાર દુર્ભાગી જનોના બંધન માટેનો કારાગર રૂપ એક નાનો કીલ્લો બાંધેલો હતો, જેની ઉપરના બે ઉંચા મીનારામાંથી બ્હાર પડતી બે ડોકાબારી રૂપી બીહામણી આંખોમાંથી તે દુર્ગનો દુષ્ટ અધિષ્ટા જાણે તે બીચારા ગ્રામ્યવાસીઓ તરફ અહર્નિશ ડોળા કાઢીને ઘુરક્યાં કરતો હતો. ગામમાંથી તે કીલ્લામાં જવામાટે ઉંચી નીચી તળેટીમાં સર્પાકારે કાઢેલો માર્ગ તે ભૂતના ભયંકર મુખ-કુહરવત્ ઘોર અંધકારમય દ્વાર-પ્રદેશમાં પ્રવેશ કરીને અદૃશ્ય થઇ જતો હતો.

આ અદ્ભુત ચિત્રને અધિક રસોત્પાદક વા સજીવ બનાવનાર એક અનાથ-અપ્રતિમ લાવણ્યમયી કુમારિકાનું મુખ આ સમયે ઉપર જણાવેલી બેમાંથી દક્ષિણ તરફની બારીમાં સૂર્યોદયથી ફીક્કા પડેલા ચંદ્ર બિમ્બવત્ પ્રકાશતું હતું. ઉષ્ણ અશ્રુ-પ્રવાહથી ભીના થયેલા એના કોમલ ગાલ મંદમંદ વાતા પ્રભાત-પવનના સુખકર સ્પર્શથી શીતલ થવા માંડયા હતા. રોઇ રોઇને સુજી ગયેલી એની આંખો એના અંતરમાં જ્વલતા શોકાગ્નિને પ્રકટ કરતી હતી. એની દયાજનક છતાં મનોહર મુખાકૃતિ પાષાણ-હૃદયને પણ ભેદવાને સમર્થ હતી. આ કુમારિકાએ એ પ્રદેશની પાસેના લલિતપુરના રાજપુત્ર સુરેશનું ચિત્ત ચોર્યું હતું. મૃગયા માટે ભ્રમણ કરતાં કરતાં એક દિવસ એનો મેળાપ પદ્મપુરીની આ રાજકન્યા સાથે અચાનક તેની બાલોદ્યાનમાં થઇ ગયો હતો અને ત્યારથીજ અરસપરથી બંધાયેલી તારામૈત્રીએ કાલક્રમે અધિક સહવાસથી શુદ્ધ પ્રેમનું દૃઢ સ્વરૂપ ધારણ કર્યું હતું. અનેક અંતરાય છતાં તેઓ ઘણીવાર પરસ્પર દર્શન લઇ દઇને આનંદમાં નિમગ્ન રહેતાં હતાં. પરંતુ બંને કુલ વચ્ચે દીર્ઘકાળથી ચાલતા આવતા વૈરભાવને લીધે તે રાજકન્યાના બે ભાઇઓને તેમનો લગ્ન-સંબંધ ઈષ્ટ ન હોવાથી સુરેશ પોતાની પ્રિયાના હાથની રીતસર માગણી હજી કરી શક્યો ન હતો. તેઓને કાને એમની વચ્ચે બંધાયલી સ્નેહ-ગાંઠની વાત પડતાંજ તેમને તો પોતાનું વૈર વાળવાની નહિ ધારેલી તક મળી આવી હતી તેથી તેમણે તેમની બેનને આ કારાગૃહમાં-નિર્દય-નિષ્ઠુર-બનીને પૂરી દીધી હતી અને સુરેશને પકડીને ઠાર મારવાનો નિશ્ચય કર્યો હતો. આજ સવારે તેમને બાતમી મળી હતી કે સુરેશ પદ્મપુરી તરફ આવવા નીકળવાનો હતો તેથી તેને ઘેરીને પકડી લાવવા માટે બંને ભાઇઓ ઘોડે ચઢી, થોડાક સ્વારોને લઇને જાણે શિકારે જતા હોય તેમ હસતા રમતા પ્રાતઃકાળમાં કિલ્લાના દરવાજા પાસેથી બ્હાર નીકળ્યા હતા. તેમનો વાર્તાલાપ થોડે થોડે કાને આવવાથી બીચારી રંભાનું હૃદય ભયથી કાંપતું હતું. તેણે જાણ્યું હતું કે આટલા બધા શરવીરોની સામે એકલા સુરેશનું કંઈ ચાલવાનું નથી, અને આજ પોતાની સર્વ આશાનો નાશ થવાની સાથે પોતાના પ્રિયતમનો જીવ પણ જોખમમાં આવી પડવાનો હતો. આ ચિંતાથી એનું હૃદય ભેદાઇ જતું હતું. અને એજ મર્મભેદી વિચારોમાં એ લીન થઇને બારી પાસે ઉભી હતી એટલામાં અચાનક કોઈક અવર જવરનો સ્વર પાસેથીજ આવતો હોય એમ એને લાગ્યું. આ ઉપરથી એણે એકદમ કાન માંડીને ફરીથી ધ્યાન દઇને સાંભળ્યું તો તેજ - ચાલુ રહેતો જણાયો. હવે તે વધારે વધારે સ્પષ્ટ સંભળાવા લાગ્યો, ને કોઇ

પોતાનું બારણું ઠોકે છે એ તેને નિઃશંક ભાન થયું. તેની સાથેજ ત્યાંથી દોડીને બારણા આગળ ગઇ અને તેમાંના છિદ્ર દ્વારા દૃષ્ટિ કરતે કરતે "કોણ છે?" એમ ધીમે સ્વરે એણે પૂછયું. કેવો જવાબ મળશે તે જાણવાની આતુરતાથી રાહ જોતી એ ઉભી રહી હતી તેવામાં—"એતો હું સુરેશ" એવા અતિ પ્રિયકર,—અણ ધારેલા હોવાથી અધિક આનંદ જનક—શબ્દો ઘણા નરમ અવાજે બોલાયલા એને કાને પડયા. જેની ચિંતામાં પોતે નિમગ્ન થઈ ગઇ હતી—જેને ફરી મળવાની આશા એણે ત્યજી દીધી હતી–તેવા પ્રાણેશનો અચિન્તિત સમાગમ થવાની આશાએ એનું હૈયું કેમ જાણે ઉછળીને બ્હાર જવા ઇચ્છતું હોય તેમ ધબકારા મારવા લાગ્યું અને શોકાગ્નિથી નિસ્તેજ–અશ્રુથી મલિન થયેલા–એના વદન ઉપર હાસ્યની છવિ પ્રકટી રહી.

"મ્હારા વ્હાલા સુરેશ! શું ખરેખર આપ પોતેજ હેમક્ષેમ પધાર્યા છો?"—ઘણા ધીમા પણ પવિત્ર પ્રેમની પરિપૂર્ણ પ્રતીતિ કરાવતા સ્વરે એણે ઉત્તરમાં પ્રશ્ન કર્યો.

"હા, વ્હાલી! હુંજ છું. ત્હારી ખાત્રી પ્રત્યક્ષ ત્હારી પાસે આવીને કરાવી શકાતી હોય તો કેવું સારૂં?" તેણે હસીને જવાબ દીધો "પણ અફસોસ કે આ બંધ બારણું વચ્ચે અંતરાયરૂપ થઈ પડયું છે."

"આહા! કેવો સુખનો દિવસ!—પણ વ્હાલા! તમે નાસો–જાઓ–જલદી અહીંથી દૂર જતા રહો. તમારી શોધમાં એ બધા નીકળ્યા છે ને તમે હાથમાં આવો તો જરૂર ઠાર કરવા એવો એ ક્રૂર જનોએ ઠરાવ કરેલો છે."

"હું તે જાણું છું."—પેલા યુવાને જરા ગંભીર અને ચિંતાગ્રસ્ત અવાજે જવાબ દીધો. "ત્હારા ભાઇઓ એક કલાક ઉપરજ મ્હારા નગર સમીપ આવી પહોચ્યા હતા, પણ તેમને હું ભુલથાપ ખવરાવીને એક અજાણી પગકેડીએ ઘોડાને મારી મૂકતો અહીં આવી પહોચ્યો છું. ઘોડાને મ્હેં વૃક્ષોની એક ઘટામાં બાંધ્યો છે અને તને હાલ તુરત તો છેલ્લી વારને માટે મળીને મ્હારા કાકાના એક ડુંગરી કીલ્લા તરફ જવા હુ વિચાર રાખું છું. હું જાણું છું કે અહીં વધારે વાર રહેવું સલામતી ભરેલુ નથી પણ ત્હારી શુભ આશિષ લીધા વિના આગળ પગલું ભરતાં મ્હારૂં મન આંચકો ખાયછે."

આ વખતે પોતાના પ્રિય જનની ઝાંખી કરવાને—તેના હાથનો કોમલ સ્પર્શ મેળવવાને–તલપી રહેલી રંભાને વચ્ચેનું કાષ્ટદ્વાર રૂપી વિઘ્ન હજારો ગાઉના પંથ કરતાં પણ અધિક કષ્ટદાયક થઇ પડયું હતું. તેના ચેહેરા ઉપરથી લોહી ઉડી ગયું હતું. વિખુટાં પડતાં પહેલાં એકવાર નેત્રે નિહાળતે પણ તૃપ્ત થપતી નેત્રે કંઈ આશા ન હતી.. શો ઉપાય કરવો તેની એને સૂઝ પડતી ન હતી એટલામાં તેની જ મુશ્કેલીનો જાણે રસ્તો કાપવાની પોતાને પ્રેરણા થઇ હોય એમ સુરેશે ઉશ્કેરાઈ જઇને કહ્યું:—"વ્હાલી! જો આ બારણાની નીચેના ભાગમાં એક પાટીયું નીકળી પડેલુ છે તેમાંથી ત્હારા વદન–કમલને હું નિહાળી શકીશ માટે તું ઝટ નીચી પડ. ત્હારા હાથ સાથે મ્હારા હાથનો પણ સ્પર્શ થશે એટલે હું કૃતાર્થ થયો એમ માનીશ. ચાલ–વ્હેલી થા."

આટલું કહેવાની સાથે જ સુરેશે પોતાનો મજબુત હાથ તે ગાબડામાં થઇને અંદર નાંખ્યો. તે જોતાંજ રંભાએ દંડવત્ કરી ભૂમિ ઉપર પડીને તે વ્હાલા હાથને પોતાના મુખ સમીપ લઈ જઈ તેને હજારો વાર ચુમ્બન કરી સ્નેહાશ્રુથી રસબોળ કરી દીધો. જાણે કેમ

મ્હારાથી એકલાં હવે ક્ષણવાર પણ રહેવાય તેમ નથી. "

સુરેશને તો થોડી વાર આ સ્વપ્ન હશે કે સાચું એનો ભ્રમ થઈ આવ્યો. આ આટલું સાહસ કરીને, પિતા-માતા તથા બંધુજનોને ત્યજીને, પોતાના ઉપર નિશ્ચય વિશ્વાસ રાખીને આવી અનર્ધ્ય રાજકુમારી પોતાની સાથે આવવા તત્પર થાય—દીર્ઘકાળથી ચાલતું આવેલું વૈર ભૂલી જઇ એ શ્વસુર પક્ષને પોતાનાંજ માની લે-એ અસંભવિત જ જણાયું. પણ પોતાની પ્રિયતમાને પોતાની પાસે દીન વદને યાચના કરતી જોઇને તેની આંખોમાં આનંદરસ ઉભરાઈ આવ્યો.

" અહો પ્રિય ! શું મ્હારૂં સુભાગ્ય ! શો ત્હારો મ્હારા ઉપરનો ઉપકાર ! મ્હારા પ્રાણ બચાવી મને પુનર્જીવિત કર્યો એટલું જ નહિ પણ ત્હારા પ્રાણનું એ મને સમર્પણ કરવાને તું આવી ઉત્સુક છે એ જોઇ મ્હારો અંતરાત્મા કેવો પ્રસન્ન થાય છે ? આનો બદલો હું કોઇ વાર પણ વાળી શકું એમ નથી. પણ એટલું જ કહુંછું કે આ શરીરમાં પ્રાણ રહેશે ત્યાં સુધી ત્હારી સેવા કરવાને-તને સુખી રાખવાને હું કંઇ પણ પ્રયત્ન કરવામાં પાછી પાની કાઢીશ નહિ. મ્હારા કાકાનો દુર્ગ અહીંથી બહુ દૂર નથી. તેથી આપણે આજ સાંજ સુધીમાં તો ત્યાં સુખેથી પહોંચી જઈશું, અને મ્હારા જેવા કુલ-વૈરીનો સ્વીકાર કરે છે તો પછી મ્હારા કાકાને સમજાવીને આપણાં લગ્ન કરાવવાની ગોઠવણ થવામાં કંઇ વાંધો આવશે નહિ એમ મને લાગે છે."

" વૈરી ! આપ મ્હારા વૈરી ! એ શું બોલ્યા ? આપે મ્હારા કુલનું શું બગાડયું છે ? આપનું દર્શન થયું ત્યારથી જ મ્હેં તો મ્હારા પ્રાણ આપને સોંપ્યા છે. જુઓની વ્હાલા ! મને તો વિચાર કરતાં એમજ લાગે છે કે માતાજીની પણ આપના ઉપર કૃપા છે. નહિ તો મ્હારા જેવી અબળાથી આવું સાહસ થાત પણ શી રીતે ? હવે જ્યારે આપના જીવનું રક્ષણ કરવામાં મને એ સહાયભૂત થયાં ત્યારે હું તો એમ જ માનુંછું કે આપના હાથમાં મને એમણે જ સોંપી છે અને આપણો લગ્ન-સંબંધ એમને ઇષ્ટ છે. "

સુરેશને પણ આ વાત વ્યાજબી લાગી, અને પોતાનો પરિપૂર્ણ સંતોષ રંભાના કોમળ કરયુગલ ઉપર ચુમ્બન દ્વારા દર્શાવતો દર્શાવતો તે તેને પોતાના અશ્વ સમીપ લઈ ગયો અને બંને જણ તેના ઉપર સ્વાર થઇ શત્રુઓથી દૂર નીકળી ગયાં.

"પામો પરમસુખ અવનિમાં, અવિચળ રહો આ દંપતી."

અભયદાન.

(લેખકઃ શ્રીયુત "અધ્યાત્મિક.")

ઈસ્વી સનના ૧૫૧૫ ના વર્ષના અરસામાં માળવાની દક્ષિણદિશા તરફ આવેલા ... નપુડા પર્વતની લાંબી હારોમાં સાયંકાળ થવા આવ્યો હતો. શીયાળાના દહાડા ચાલતા ... તેથી જોકે સૂર્યનારાયણ ઉંચાંનીચા પર્વતનાં શીખરોમાંથી ડોકીયાં કરતા કરતા અ... ચળ તરફ પ્રયાણ કરતા હતા છતાં પણ રાત્રી દેવીએ પોતાનું ગાઢું શ્યામ શીતવસ્ત્ર ... આકાશમાંથી ચારે દિશાઓમાં પાથરવા માંડયું હતું. ઉંડા ભૂરા નીલ રંગના આકાશમાં ... સ્ત પામતા સૂર્યના તેજમાં ઝાંખો દેખાતો ચંદ્રમા પોતાનું શાન્તિમય તે જ રાત્રીની

સહાયતાથી વધારવા પ્રયત્ન કરી રહ્યો હતો. શીત પવનના સૂસવાટાથી મોટાં મોટાં વિશાળ તરૂમંડળો પોતાની ઉંચીનીચી ટેકરા-ટેકરી વાળી ભૂમી ઉપરથી ખડખડાટ અને તડતડાટ સાથે જોસથી વીંઝાતાં હતાં અને તેમાં વાસ કરીને રહેતાં પક્ષીગણ પોતાના ચીચવાટથી આ અગમ્ય ગિરિમાળાથી વીંટાયલા પ્રદેશને ગજાવી મુકતાં હતાં.

સૂર્ય અસ્ત થઈ ગયો. ચન્દ્રમાનાં રૂપેરી, ધોળાં દૂધ જેવાં, ચન્દન જેવાં શીતળ કીરણો ચોતરફ પ્રસરવા લાગ્યાં. પર્વતોની ઉંડી ખીણોમાં અંધકાર વધવા લાગ્યો તે સમયે દક્ષિણ દિશા તરફ આવેલી ઉંચી આડી અવળી પર્વતોની કરાડની વચ્ચે થઇને આશરે પચીસેક હથીયારબંધ માણસોનો કાફલો એક બંધ મીયાના સાથે ઉતાવળે આવતો જણાયો. વિશાળ પત્થરોથી ઢંકાએલા અને ઘાટી ઝાડીથી ઘેરાએલા રસ્તામાંથી નીકળી આવી આ તમામ માણસો ખીણની વચ્ચે આવેલી છુટી જગા ઉપર મીયાનાને મુકી વિચાર કરતાં ક્ષણવાર ઉભાં રહ્યાં.

" બસ ! અહીંજ મુકામ કરો ! આગળ વધવાની જરૂર નથી ! " આ ટોળીના સરદાર તરીકે દેખાતા એક યુવાન સીપાઇએ માણસો તરફ જોઇને હુકમ કર્યો.

હુકમનો તરતજ અમલ કરવામાં આવ્યો. ટોળીનો નાયક બે ચાર સીપાઇઓને લગાર છેટે લઇ જઈ મસલત કરવા લાગ્યો અને બીજા બધા પોતાનાં હથીયાર વિગેરે છોડી, બિસ્તરા વિગેરે સાજ પાથરી હુકકા ગડગડાવવા લાગ્યા.

થોડી પળમાં નાયક પાછો આવ્યો અને એક માણસે પાથરેલા બીછાના ઉપર પોતાનાં કપડાં કાઢી હાથપગ લાંબા કરી આકાશ તરફ જોતો આરામ લેતો હોય તેવી રીતે પડયો. થોડીવાર વિચાર કર્યા પછી તેણે પાસે ઉભેલા એક માણસને કહ્યું " પેલાઓને કહે કે જે કરવું હોય તે તાકીદે કરી નાંખે; કારણકે હવે આપણું કામ આટોપી લેવાને ફક્ત બે ઘડીજ બાકી છે. મીયાનાવાળા ભાઇઓને પણ તાકીદ આપ કે બહુજ હોંશીયારીથી જે કામ સોંપીએ તે કરવાનું છે. લગાર પણ ભૂલ થશે તો તેમનાં અને આપણાં બધાનાં માથાં ધડ ઉપર રહેવાનાં નથી ! "

વાતની વાતમાં રાત્રી પહોર-દોઢ પહોર વીતી ગઇ. ચન્દ્રમા મધ્ય આકાશમાં આવી ગયો. તે સમયે સરદાર પોતાના બીછાના ઉપરથી ઉઠી ઉભો થયો અને તમામ માણસોને તત્પર થઇ જવાનો હુકમ કર્યો. પળવારમાં પીસ્તાલીસ તેમજ બીજાં માણસો તૈયાર થઇ ગયાં અને બાજુ ઉપર ચઢવા લાગ્યાં. સ્થળ અસલના જેવું નિર્જન અને વેરાન દેખાવા લાગ્યું.

* * * * *

મધ્યરાત્રી વીતી ગઇ. પાછલી રાત્રી પણ થઈ અને પૂર્વાકાશમાં પ્રાતઃકાળની નિશાનીઓ સ્પષ્ટ જણાવા લાગી. તે સમયે પર્વતોની આ ખીણની ઉત્તર તરફથી બળતી મશાલોનું અજવાળું પાસે ને પાસે આવતુ જણાયું. પર્વતનો ઢોળાવ ઉતરી વચ્ચેની સપાટ જગા ઉપર આ મંડળ આવી પહોંચ્યું. આશરે વીસેક માણસો, ભપકાબંધ પોશાકમાં ઉંચી જાતનાં હથિયાર આમતેમ હલાવતા ઘોડા ઉપર સ્વાર થએલા બે માણસો તરફ આતુરતાથી જોવા લાગ્યાં.

" ચાલો, કેમ ઉભા રહ્યા ? જાણતા નથી કે આપણે જેમ બને તેમ વહેલું પહોંચી જવું છે ? " ઘોડા ઉપર બેઠેલા એક વૃદ્ધ દેખાવના માણસે કહ્યું.

" નામવર સરદાર ! સ્હવાર પડયા પછી આપણે આગળ કુચ કરીશું તો ઠીક . કારણ કે હવે અંધારામાં આગળ વધવામાં સલામતી નથી, માટે અહીં જ બે ઘડી ઈએ તો ઠીક. પછી જેવો હજુરનો હુકમ ! " તે ટોળામાંના એક માણસે આગળ ા ઝુકીને સલામ કરી કહ્યું.

" હા, હા, એમજ કરો. લગાર આરામ લઇએ તો ઠીક. આખી રાત આમને ા ઘોડાં ઉપર ગુજાર્યાથી મ્હારા તો સાંધાએ રહી ગયા છે અને મ્હને બહુ થાક લાગ્યો " ઘોડા ઉપર બેઠેલા બીજા યુવાન સરદારે ઝીણા મધુર સ્વરે પેલાં વૃદ્ધ દેખાતાં : તરફ વળીને કહ્યું.

" નકામો વખત ગાળવો પડે છે. સ્હવાર પડે છે, સ્હવાર પડતાં પડતાંમાં ણે, આપણે ધારેલે સ્થળે પહોંચત, પરંતુ જ્યારે તું થાકી ગયો છે, ત્યારે મ્હારો કાંઇ જ નથી. બાકી સલામતી બાબત ભય ત્હમને લાગે તો ભલે, મ્હને તો બીલકુલ . ઠીક, ચાલો. હવે અહીં જ આરામ લેવાનું રાખીએ." પોતાના યુવાન સાથીને તથા ાઇઓને આ પ્રમાણે કહી તે વૃદ્ધ સરદાર ત્યાં ઘોડા ઉપરથી ઉતરી પડયો. તરત જે ાસ માણસો ત્યાં આરામ લેવા બીછાનું વિગેરે પાથરવા મંડી ગયાં અને થોડી પળમાં ત્રણ ચાર માણસો એક તાપણા પાસે જાગતાં બેઠાં. તે સિવાય તમામ નિદ્રા- વશ ગયાં.

આ બનાવને ઘડી અડધીઘડી પણ નહીં થઈ હોય કે તેટલામાં પાસેના ડુંગર રથી કેટલાક માણસો ઉતરતાં હોય, તેમ તે તાપતાં માણસોને લાગ્યું. પાછા ફરીને ા છે, તો ખુલ્લી તરવારવાળાં કેટલાંક માણસો ઉપરથી ઉતરી આવ્યાં.અને ઉંઘેલાં ાુસોને જગાડવાનો વખત પણ પુરેપુરો મળે તે પહેલાં તો તેમનાં માથાં ધડથી જુદાં નીચે ગબડાવી પાડયાં.

આ ખડખડાટથી સુતેલા કેટલાક માણસો જાગી ઉઠયા. તેમણે ' દગો-દગો ! 'બૂમ ા. તેથી બીજા બધા પણ સફાળા ઉઠી ઉભા થયા અને હથિયાર સાચવવા લાગ્યા, પરંતુ ાાક ત્યાંને ત્યાં ધૂળફાકતા થઇ ગયા. ઘોડા ઉપર સ્વાર થઇને આવેલા તે વૃદ્ધ અને ાન બન્નેને તત્કાળ દોરડાંથી મુશ્કેટાટ કરી જેટલી ઝડપથી ઉતરી આવ્યા હતા તેટલી જ પથી તેમને લઈ આ આવનાર માણસો ચાલ્યાં ગયાં.

આ ઉંચા ઉંચા પર્વતોના ઉપરના ભાગમાં ઘણે દૂર એક સપાટ મેદાન હતું. તેની ામાં કેટલીક રાવટીએ અને તંબુઓ તાણેલા જણાતા હતા. તેની આસપાસ હથિયાર- ા માણસો ઉઘાડી તરવારે પહેરો ભરી રહ્યાં હતાં. ચોકી ઉપર રહેનાર માણસોને સ્હ- : પડવાની સંધીમાં કેટલાંક માણસો તેમની તરફ આવતાં જણાયાં. આગળ વધી કમાન ર તીર ચઢાવી ચોકીદારે પૂછ્યુ " કોણ ? "

આવનાર માણસોએ ખોંખારો કરી જવાબ આપ્યો. " કેદીઓ. "

" કોણ, સુરસેન ! એટલા ટુંકા સમયમાં કામ થઇ ગયું ? "

" હા. અંદર જઈ હજુરને ખબર આપ. વિલંબ ન કર . રામા ! " તેણે પાસે ાલા એક શીપાઇ તરફ ફરીને કહ્યું. " આ કેદીઓને પેલા તંબુમાં કેદ કરી તેમના ઉપર ાત પહેરો રાખ ! "

સુરસેન ઉપર મુજબ હુકમ કરી, વચ્ચે ઉભા કરેલા સરદારના તંબુ તરફ ચાલ્યો. બ્હાર થોડીવાર ઉભો રહ્યો એટલામાં અંદરથી એક ખીજમતદારે આવી કહ્યું "તંબુમાં હજુર આપની રાહ જોતા બેઠા છે."

એક રેશમી ગાદીતકીઆ ઉપર લાંબા પગ કરી બેઠેલા લાંબી શ્યામ વર્ણની દાઢી-વાળા અને ઉંચી જાતના મલમલના વસ્ત્રો પહેરેલા એક સરદાર પાસે સુરસેન હાજર થયો. જમીન સુધી ત્રણ વખત ઝુકીને સલામ કર્યા બાદ હાથજોડી હુકમની રાહ જોતો હોય તેમ ઉભો.

" સુરસેન ! કેમ કામ બધું બરાબર થઈ ગયુને ? " તે મુસલમાન સરદારે સુરસે-નને પ્રશ્ન કર્યો.

" હુકમ મુજબ બધું કરવામાં આવ્યું છે. અને બાતમીદારોએ ખબર પણ આપણને બરાબર પહોંચાડેલી એટલે હુજુરનો હુકમ અમલ કરવામાં કાંઇ પણ અડચણ ન નડી, પરંતુ મ્હને શક છે કે પકડાએલા આદમી આપણે ધારેલા છે કે બીજા છે. કારણ કે કોઈ અશકત સ્ત્રી કે પુરૂષ માટે મીયાંનો તો રાખવામાં આવ્યો હતો, પરંતુ કેદીઓમાં કોઇ પણ સ્ત્રી તેમ અશકત માણસ જણાઇ આવતો નથી. હજુર ! કાંઈ દગો ન હોય તેની તપાસ પ્રથમ થવી જોઇએ, કારણ કે પછી આપણો પ્રયાસ નિષ્ફળ જશે તો આપણને પસ્તાવાનું થશે. "

" ચાલો ત્યારે, આપણે કેદીઓની ખાત્રી કરીએ. "

ઉપર મુજબ કહી તે મુસલમાન સરદાર ઉભો થયો અને જેવો તે તંબુની બ્હાર સુરસેન સાથે જવાની તૈયારીમાં હતો, તેવા જ તેને હથિયારોનો ખડખડાટ અને "મારો-કાપો"ની બૂમો સંભળાવા લાગી. આશ્ચર્યતાથી પોતાની તરવાર લઈ જેવો તે બ્હાર નિ-કળે છે કે તરતજ એક માણસ લોહીથી ખરડાએલે વસ્ત્રે અંદર આવ્યો અને સલામ કરી બોલ્યો " હજુર ! કેટલાક રજપુતોની ટોળી આસપાસની ઝાડીમાં છુપાઇ રહી હતી તેણે આપણા મુકામ ઉપર ઓચીંતો છાપો મારી કેદીઓને છોડાવ્યા અને આપણાં તમામ માણસોને શરણ થવાનું કહે છે. તેમની સંખ્યા વધારે છે, માટે લગાર વાર થશે તો તમામ માણસોની કતલ થઇ જાય તેમ છે, તેથી આપ સરકાર તથા સુરસેનજી તંબુના પાછલા ભાગ આગળ બે ઘોડા બાંધેલા છે, તેના ઉપર બેસી નીકળી જઈ શકશો. વાતમાં વખત ખોવામાં ગેરલાભ છે. "

બ્હારથી લડાઇની બૂમો વધારે ને વધારે આવવા માંડી. તેથી તંબુના ઓરડામાંથી કાંઇક જોઈ નિરૂપાયે તે મુસલમાન સરદાર તથા સુરસેન તંબુના પાછલા ભાગ તરફથી ઘોડા લઇ પલાયન કરી ગયા.

ત્હામાં થએલાં તમામ માણસોની આવેલા રજપુત સીપાઇઓએ કતલ કરી નાંખી. ફકત શરણ થએલા બચવા પામ્યા. એક ઉંચી ટેકરી ઉપર એક ઠીંગણો રજપુત સરદાર પોતાની એક આંખે કાણો, હાથે ઠુંઠો હતો અને પગે લંગડાનો ટેકાથી એક ઝાડને અઢે-લીને ઉભો હતો. તેની પાસે બે કેદીઓને ઉભા કરવામાં આવ્યા. તે તરવાર મ્યાન બ્હાર કાઢી ઉભો હતો

" શરણાગત તથા અશકત માણસને કાંઈ ભય નથી. માટે તમે બે જણ કોણ છો

તેની સવિસ્તર હકીકત મ્હને કહો." તે રજપુત સરદારે પેલા બે કેદીઓ તરફ વળીને કહ્યું.

"અમે બે મુસાફર છીએ. હું વહેપારી છું અને આ જુવાન માણસ મ્હારો છોકરો થાય છે. ગય્રકાલે પાછલા પહોરે અમે અમારા હથિયારબંધ રસાલા સાથે ઉજ્જનથી બેદર જવા નિકળ્યા હતા, પરંતુ ડુંગરની ઉંડી ખીણની વચ્ચે આ લુંટારાઓએ અમને લુંટી લીધા અને અમારી આવી દશા કરી."

રજપુત સરદાર એકી નજરે તે વૃદ્ધ આદમી તરફ જોયા કરતો હતો, તેથી તેણે એ આદમીને ઓળખ્યો હોય તેમ લાગવાથી પાસેના માણસોને હુકમ કર્યો, "આ માણસોના બંધ છોડી નાંખો અને તેમને ઉત્તમ પોશાક આપી ત્હેમને મુસાફરીના બે સારા ઘોડા આપો." બે મુસાફરોને તરત જ છુટા કરવામાં આવ્યા. તેમની તરફ વળી તે રજપુત સરદારે કહ્યું, "બોલો! કયાં જવું છે? ઉજ્જન કે બેદર? જ્યાં જવું હોય તે બોલી જાઓ. હું તથા મ્હારાં માણસો ત્હમને ત્યાં સુધી પહોંચાડવા આવીશું. તે રાજ્યની હદ સુધી હું ત્હમારી સાથે આવું છું."

"આપને તસદી લેવાનું કારણ નથી. આ તમામ મુલક મારી જાણમાં છે અને મ્હને ઘણાખરા સરદારો તથા રાજ્યના અમલદારો પીછાને છે એટલે તેમની મદદથી મ્હારે ઠેકાણે જઈ શકીશ. આ પાસેનાં મંદેસરના કિલ્લામાં જઈ ત્યાંના કિલ્લેદારને મળી પુરતી મદદ લઈ આગળ જવા ઇરાદો છે."

"ત્યારે હું પણ મ્હારાં માણસો સાથે ત્હમને મંદેશ્વરના કિલ્લાની હદ સુધી પહોંચાડું છું. કારણકે ત્હમે બે એકલા છો અને રસ્તા વચ્ચે હજુ પણ લુંટારાઓનો ભય છે. માટે તૈયાર થઇ આ ઘોડા ઉપર સ્વારી કરો."

તે વૃદ્ધ માણસે ઘણી આનાકાની કરી અને ત્હેના ચ્હેરા ઉપર ગમગીની, ક્રોધ અને નેરાશાનાં ચિન્હ જણાઈ આવ્યાં, પરંતુ તેનું કાંઈ ચાલ્યુ નહીં તેથી, નિરુપાયે તેણે પોતાના છોકરાને ઘોડા ઉપર ચઢવાનો હુકમ કર્યો અને બીજા ઘોડા ઉપર પોતે સ્વાર થયો. રજપુતોની આખીટોળી, તેની આસપાસ ફરી વળી. તેમના સરદારનો ઘોડો પણ તેમની સાથે ચાલવા માંડયો. થોડીજ પળમાં ઝાડીની બ્હાર એક મ્હોટા પહાડી રસ્તા ઉપર આ રસાલો આવી ગયો.

મંદેશ્વરનો કિલ્લો અહીંથી દૂર નહોતો તેથી આટલો રસ્તો કાપતાં તેમને બહુ વખત ન લાગ્યો. મધ્યાન્હ થતાં થતાં દૂર ક્ષિતિજમાં કિલ્લો દેખાવા લાગ્યો. અત્યાર સુધીમાં તે મુસાફરો અથવા તો તે રજપુત સરદાર કાંઈ પણ અંદર અંદર વાતચિત કરતા નહોતા. છેવટે તે રજપુત સરદારે મૌન ત્યાગ કર્યું.

"ત્હમે જ્યારે ઉજ્જનથી ગઇ કાલે નિકળ્યા ત્યારે ત્હમારા પાદશાહ સલામત મહમદ ખિલજી કયાં હતા?"

ઘોર નિદ્રામાંથી ચમકયો હોય તેમ તે વૃદ્ધ મુસાફર ચમકયો અને આશ્ચર્ય અને સંશયની નજરથી તે રજપુત સરદાર તરફ જોતો જોતો બોલ્યો. "હાલમાં હજુરની સ્વારી શીકારગાહે ગઇ છે, એમ સાંભળવામાં આવ્યું છે."

"ત્હમારા પાદશાહ અને ગુજરાતના સુલતાન વચ્ચે કાંઇ હાલમાં અણબનાવનું કારણ ઉભું થયું છે?"

"મ્હને તે બાબતની પુરેપુરી માહીતી નથી પરંતુ તે છેલ્લા દસ વર્ષથી માલવા ઉપર છુપી સવારીઓ કરે છે, ગામડાં લૂટે છે અને ખેતરનો પાક બાળી નાંખે છે. પણ એટલું તો યાદ રાખજો કે કોઈ વખત તેને પણ અમારા પાદશાહ સખ્ત શિકસ્ત આપશે. તેનો ઇરાદો માલવા જીતી લેવાનો છે. પરંતુ જેમ ત્હેને કોઇ મદદગાર હશે, તેમ અમારા પાદશાહને પણ હશે જ."

"જ્યારે તે ત્હમને આટલી આટલી અડચણો કરે છે ત્યારે રાજસ્થાનના મહારાણા સંગ્રામની ત્હમારા પાદશાહ કેમ મદદ નહીં માગતા હોય? ત્હેને અને ગુજરાતના સુલતાનને પણ વેર જ ચાલ્યાં કરે છે ને!"

તે મુસલમાન મુસાફરનો ચ્હેરો તિરસ્કાર અને ક્રોધથી લાલચોળ થઇ ગયો અને રોષ ભરેલે નેત્રે તેણે જવાબ આપ્યો; "શું એક પાકદિન મુસલમાન સુલતાનને હરાવવા તે નીચ કાફરની મદદ લેશે?"

આ વચન સાંભળી તે રજપુતની આંખ ગુસ્સાથી લાલચોળ થઇ ગઇ, પરંતુ શાન્તિ રાખી જવાબ આપ્યો. 'ખાન સાહેબ! અત્યારે તો ત્હમે પણ એક નીચ કાફરના કબજામાં છો, તે વાત ધ્યાન બ્હાર છે કે?"

મુસલમાન મુસાફરે લાચારીથી ગુસ્સામાં પોતાનો હોઠ કરડ્યા અને મુંગે મોઢે આગળ ઘોડો ચલાવવા માંડ્યો. થોડી પળમાં તેણે કહ્યું "ખુદા પરવરદિગાર જો કરે છે તો, થોડા વખતમાંજ ત્હમારા હિન્દુઓનો મહારાજ રાણો સંગ હતો નહતો થઈ જવાનો છે. કારણ કે, જ્યાં સુધી ગુજરાત, માળવા અને દક્ષિણના સુલતાનો એક થયા નથી ત્યાં સુધીજ રજપુતાનામાં હિન્દુઓ ફાવે છે."

"ઠીક છે કે બધી વાતોનું બોલવામાં જ જોર સમાયલું છે. આ હમણાં જ તું છુટયો ન હોત, તો ત્હારી કેવી દશા થાત તે ખબર પડત. પણ યાદ રાખજે કે હવે મુસલમાનોનું જોર ફાવવાનું જ નથી. રાણો સંગ દિલ્હીના પાયતખ્ત ઉપર રાજ્ય કરતા લોદી વંશના સુલમાનોનો નાશ કરવાના વિચારમાં છે; અને મહાદેવજી કરે છે તે દિલ્હી એક વખત હિન્દુઓના હાથમાં આવે છે તો તરતજ ગુજરાત, માળવા અને દક્ષિણના મુસલમાન સુલતાનોને તો ધુળ ફાકતાજ કરવાના!!—"

આ શબ્દો સાંભળતાં તે મુસલમાન મુસાફરનો ગુસ્સો હાથમાં ન રહ્યો. કેદી તરીકે પોતાની હાલતમાં તેની જે તરવાર તથા હથીયાર તેની પાસેથી લઈ લેવામાં આવ્યાં હતાં તે તેને છુટો કરતી વખત પાછાં આપવામાં આવ્યાં હતાં. તરત જ તેણે પોતાની તરવાર મ્યાન બ્હાર કરી તે રજપુત સરદાર તરફ ક્રોધના આવેશમાં એક સજડ ફટકો મારી દીધો. સારે નશીબે તે રજપુત સરદારનો ઘોડો ભડકવાથી આઘો ખસી ગયો, નહીંતો આ તરવારના ઘાથી તેનું આવીજ બન્યું હોત! લાગલો પેલા મુસલમાન સરદારને રજપુત સીપાઇઓએ પકડી લઇ હથિયાર ખુંચી લઈ મુસ્કેટાટ કર્યો અને એક સીપાઇએ તેનું ડોકું ધડ ઉપરથી ઉરાડવા તલવાર ઉગામી.

"સબુર! ખબરદાર તેનો કોઇએ વાળ પણ વાંકો કર્યો તો- મૂર્ખાઓ! ભૂલી

ગયા કે આપણે તેને અભય વચન આપ્યું છે ? રજપુતો પોતાનો જીવ જાય તો પણ પોતાનું વચન કદી ચૂક્યા છે ? છોડી દો એને. સોંપી દો એનાં હથીયાર પાછાં. ” રજપુત સરદારે પોતાના સીપાઇઓને કડક અવાજે હુકમ કર્યો.

આજ્ઞાનો તરત જ અમલ કરવામાં આવ્યો. ક્રોધથી હીંગળોક વર્ણનાં નેત્ર સાથે પોતાનો હોઠ કરડતો રજપુત સરદાર તે મુસલમાન બ્યાપારી અને તેના સાથીને કહેવા લાગ્યો “ જાઓ, હવે ત્હમે છુટા છો. આ મંદેશ્વરના કિલ્લાની હદ આવી. મ્હેં મ્હારૂં આપેલું વચન પાળ્યું છે અને અગર જો ત્હેં આટલે સુધી આવવામાં પણ મ્હારી સાથે દગાબાજી કરી છે, છતાં અભય વચનથી હું બંધાયો છું, તેથી હું ત્હને કાંઇ કરી શકતો નથી; છતાં જુદા પડતી વખતે એકબીજાનું ઓળખાણ આપવું ઠીક પડશે. જો સાંભળ. આખા હિન્દુસ્થાનને મુસલમાનોના હાથમાંથી છોડાવવાનું પણ લેનાર તથા ત્હારા જેવા નીચ દગલબાજનો દુષ્મન, મેવાડનો સંગ તે હું પોતેજ છું ! અને તું કોણ છે તે વિશે પણ મ્હને પુરેપુરી બાતમી મળી છે. માળવાના સુલતાન મહમદ ખીલજી ! આ ત્હારી સાથે પુરૂષના વેશમાં મુસાફરી કરતી ત્હારી છોકરીને સાથે રાખી દક્ષિણના બ્રાહ્મણી સુલતાનની છુપી રીતે મદદ લેવા તું બેદર જતો હતોઃ પરંતુ ત્હને ખબર નહોતી કે ત્હને પકડવાને ત્હારા કટ્ટા શત્રુ ગુજરાતના બહાદુરશાહે પેલા ડુંગરની ખીણમાં માણસો સંતાડી રાખ્યાં હતાં. તું બહાદુરશાહના પંઝામાં સપડાયો સાંભળી ગમે તેમ પણ તું મ્હારો પાડોશી છે ધારી, મ્હેં ત્હને તેના કબજામાંથી છોડાવ્યો. પરંતુ,-મ્હેં ત્હને અભયદાન આપી અહિં સુધી સહીસલામત આણ્યો, તે વાત ભૂલી જઇ મ્હારી જીંદગી લેવાને તલવાર ઉપાડતાં તું અટક્યો નહિં, તે ત્હારા જેવા જ નીચ દગાખોરને જ શોભે ! છતાં, અત્યારે હું ત્હને એક રજપુત તરીકે ચેતાવું છું કે બહાદુરશાહે કરવા ધારેલા દગાટકાની રીતે નહીં, પરંતુ એક ક્ષત્રિયને લાયક સ્હામી છાતીએ ત્હારી સાથે લઢી આજથી ચાર માસની અંદર હું ત્હને મ્હારા કબજામાં લઇશ. ત્હારૂં જેટલું બળ હોય તે બધું મ્હારા ઉપર અજમાવજે આપેલું વચન ખરો રજપૂત કદી તોડતો નથીઃ અને તેથીજ મ્હારા સપાટામાં આવેલા ત્હને હું આજ જીવતો મુકું છું. ”

આટલું બોલી રાણા સંગે પોતાના રજપુત સીપાઇઓ સાથે તરત ત્યાંથી પોતાના ઘોડાઓ મારી મુક્યા અને થોડી પળમાં તે અદૃશ્ય થઇ ગયો. તથા સુલતાન મહમદ ખીલજીએ શરમથી નીચું જોઇ કાંઇ પણ બોલ્યા શિવાય પોતાની પુત્રી સાથે મંદેશ્વરના કિલ્લા તરફ ચાલવા માંડ્યું.

ઇતિહાસના અભ્યાસીને એ તો સુવિદિત છે કે રાણા સંગે પોતાના વચન પ્રમાણે માળવાના સુલતાન મહમદ ખીલજીને હરાવી રણથંભોરના કિલ્લામાં કેદ કર્યો હતોઃ એટલે એ વાતની આ સ્થળે પુનરૂક્તિ કરવાની જરૂર રહેતી નથી.

સ્નેહલતા.

"વર-વિક્રય"ની દુષ્ટ રૂઢીની નાશકારક વેદી ઉપર અપાયલું એક સુકોમલ

અંગકન્યાનું બલીદાન !

(થોડા દિવસ ઉપરજ બંગાળામાં એક ખરા બનેલા બનાવ ઉપરથી કલ્પેલો પ્રસંગ.)

(લેખકઃ—રા. રા. સીતારામ. જે. શર્મા—અમદાવાદ.)

(૧)

"બાબુજી ! કૃપા કરો; અને કંઈક મુજસરખા ગરીબ ઉપર દયા લાવીને ઓછી રકમ કહો. મારી સ્થિતિ ઉપર નજર નાંખવી જોઇએ. જુઓ, મ્હારી પાસે કંઈ દાટી રાખેલું વા બચાવેલું ધન નથી. ફક્ત હું દલાલીના ધંધામાંથી ઘરખર્ચને પુરતું કમાઈ શકું છું. આથી હું આપની દયાને પાત્ર છું. બાબુજી ! મ્હારા પર રહેમ લાવો." એક આધેડ વયના પુરૂષે સમવયસ્ક બીજા પુરૂષને બહુ વિનીત ભાવે કહ્યું.

"હુરેન્દ્રચન્દ્ર !" આ નમ્ર પ્રાર્થના જેમને ઉદ્દેશીને કરવામાં આવી હતી તે બાબુજી બોલ્યાઃ "એ બધું મ્હારે જાણીને શું કામ છે ? ત્હમારી ગરીબ–આવી ગરીબ–સ્થિતિ જાણ્યા પછી તો, હું મ્હારા સનતનાં લગ્ન એવા ગરીબને ઘેર કરવા પણ મુદ્દલ ખુશી નથી. પરંતુ ત્હમારા અત્યંત વીનવણાં ને આગ્રહને લીધે મ્હારાથી ના પાડી શકાતી નથી. પહેરામણીમાં મ્હેં ત્હમારી હાલત વિચારીને જ ફક્ત અઢી હજાર રૂપીઆ કહ્યા છે. નહિં તો મ્હારા સનતની પહેરામણી **'પાંચ હજારથી તો ઓછી ન જ લેવી'** એવો તો મ્હારો દૃઢ નિશ્ચય હતો !"

"બાબુજી !" હુરેન્દ્રચન્દ્રે દયામણે સ્હેરે જવાબ આપ્યોઃ "મ્હારી સ્નેહલતા પંદર વર્ષની બાલિકા છે, છતાં ત્હેનામાં પ્રૌઢ ઉમ્મરનાંને બાજુ પર બેસાડે ત્હેવું ડહાપણ તથા કાર્યશક્તિ છે. મ્હારી સ્નેહ સર્વ સદ્ગુણોથી વિભૂષિત છે. બાબુજી ! પૈસો આપનારા તો આપણા દેશમાં હજારો મળશે, પણ આવી શાણી ગુણિયલ પુત્રી આપનાર બહુ થોડા હશે ! આવી પત્ની મળવાથી આપનો પુત્ર કેટલો સુખી થશે, ત્હેનો પણ આપે ખ્યાલ કરવો જોઇએ." આવી અનેક આજીજી ભરેલી દલીલોની પણ બાબુજીના પત્થર સમ હૃદય પર કંઇ પણ અસર ન થઇ હોય તેવે પ્રકારે તે બોલ્યાઃ—

"હુરેન્દ્રબાબુ ! જ્યારે ત્હમારી પુત્રી એવી ગુણવતી છે, ત્યારે શું મ્હારો સનત્કુમાર ગામડીઓ ગમાર છે ? શું તે અભણ છે ? કે કુરૂપ છે ? બાબુજી! ત્હમારી પુત્રીના ભાગ્યમાં આવો સૌંદર્યવાન, કુળવાન અને વિદ્વાન્ યુવક હોય પણ ક્યાંથી?" પુષ્કળ નાણાં મેળવવાની આશામાં પુત્રનાં ગુણગાન કરતાં, ત્હેનો ભાવ વધારવા બેદરકારી જણાવી ત્હેણે જવાબ દીધો.

"બાબુજી ! બાબુજી ! મ્હારા ઉપર જુલમ થાય છે; મ્હારૂ ગજું વધારે રૂપિયા આપવાનું નથી. હવે મ્હારી છેવટની આપને વિનતી છે કે ગમે તેમ કરો, પરંતુ બે હજાર રૂપીઆ કબુલ કરો. મ્હારે કંઈ અન્ય સંતાન પણ નથી, એટલે મ્હારૂં જે રહેશે તે મ્હારી અને સ્નેહલતાની માની આંખો મિંચાણી એટલે એ પણ ત્હમારા પુત્રનું જ છે ને ! માટે, આટલું મ્હારૂં ગરીબનું કહ્યું માની જાઓ. જુઓ ! મ્હારા ગજા બહારની વાત–

ગયા કે આપણે તેને અભય વચન આપ્યું છે ? રજપુતો પોતાનો જીવ જાય તો પણ પોતાનું વચન કદી ચૂકયા છે ? છોડી દો એને. સોંપી દો એનાં હથીયાર પાછાં. " રજપુત સરદારે પોતાના સીપાઇઓને કડક અવાજે હુકમ કર્યો.

આજ્ઞાનો તરત જ અમલ કરવામાં આવ્યો. ક્રોધથી હીંગળોક વર્ણનાં નેત્ર સાથે પોતાનો હોઠ કરડતો રજપુત સરદાર તે મુસલમાન વ્યાપારી અને તેના સાથીને કહેવા લાગ્યો " જાઓ, હવે ત્હમે છુટા છો. આ મંદેશ્વરના કિલ્લાની હદ આવી. મ્હેં મ્હારૂં આપેલું વચન પાળ્યું છે અને અગર જો ત્હેં આટલે સુધી આવવામાં પણ મ્હારી સાંથે દગાબાજી કરી છે, છતાં અભય વચનથી હું બંધાયો છું, તેથી હું ત્હને કાંઇ કરી શકતો નથી; છતાં જુદા પડતી વખતે એકબીજાનું ઓળખાણ આપવું ઠીક પડશે. જો સાંભળ. આખા હિન્દુસ્થાનને મુસલમાનોના હાથમાંથી છોડાવવાનું પણ લેનાર તથા ત્હારા જેવા નીચ દગલબાજનો દુશ્મન, મેવાડનો સંગ તે હું પોતેજ છું ! અને તું કોણ છે તે વિશે પણ મ્હને પુરેપુરી બાતમી મળી છે. માળવાના સુલતાન મહમદ ખીલજી ! આ ત્હારી સાથે પુરૂષના વેશમાં મુસાફરી કરતી ત્હારી છોકરીને સાથે રાખી દક્ષિણના બ્રાહ્મણી સુલતાનની છુપી રીતે મદદ લેવા તું બેદર જતો હતોઃ પરંતુ ત્હને ખબર ન્હોતી કે ત્હને પકડવાને ત્હારા કટ્ટા શત્રુ ગુજરાતના બહાદુરશાહે પેલા ડુંગરની ખીણમાં માણસો સંતાડી રાખ્યાં હતાં. તું બહાદુરશાહના પંઝામાં સપડાયો સાંભળી ગમે તેમ પણ તું મ્હારો પાડોશી છે ધારી, મ્હેં ત્હને તેના કબજામાંથી છોડાવ્યો. પરંતુ,-મ્હેં ત્હને અભયદાન આપી અહિં સુધી સહીસલામત આણ્યો, તે વાત ભૂલી જઇ મ્હારી જીંદગી લેવાને તલવાર ઉપાડતાં તું અટકયો નહિં, તે ત્હારા જેવા જ નીચ દગાખોરને જ શોભે !

જે હજુ સુધી આ પૃથ્વી-તળ પર કોઇ શ્રવણ કરવા શક્તિમાન થયું નહિં હોય ! પિતાજી ! એ માતાજીએ મ્હને પોતાની પાસે બોલાવવાની ઇસારત કીધી. અને મ્હેં ત્હેમની પાસે જવાનું ત્હેમને વચન આપ્યું છે. વ્હાલા પિતા ! માતા ! હું ત્યાં જરૂર જઇશ. આપને સુખી કરવા હું જઇશ. દુષ્ટ રૂઢીનો ભોગ થઇશ. મ્હેં સાંભળ્યું છે કે બરદ્વાનની રેલમાં હજારો યુવકોએ પ્રાણુની પણ પરવા ન કરતાં અન્યના પ્રાણ બચાવ્યા હતા. હજારો બંગ યુવકોએ સ્વદેશી માલ ખરીદવાની પ્રતિજ્ઞાઓ કરી છે. હજારો ભારતીય યુવકો દુકાળ-સવાલમાં સપડાયલા દુઃખી બાંધવો માટે ગૃહેગૃહે ભટકીને મિક્ષાન્નેરેહી કરે છે. શું ત્યારે પોતાના જ દેશમાં થતા આવા અત્યાચાર પ્રતિ કોઇનું પણ લક્ષ નહિં ખેંચાતું હોય ?"

પિતાજી ! આ મહાવ્યથાનો બોજ આપના હૃદય ઉપરથી દૂર કરવા મ્હારે જ્યા દુનિયામાંથી દૂર થવું વધુ શ્રેયઃકર છે. અને એને માટે અગ્નિ, વિષ, અને જળઃ આ ત્રણમાંથી કોઇપણ માર્ગે મ્હારે હમેશની શાન્તિમાં સીધાવવું. આમ નિશ્ચય કરતાં પ્રથમનો માર્ગ મ્હને વધુ સરળ દેખાય છે. મ્હારી પ્રકટાવેલી અગ્નિ ભલે આખા ભારતમાં પ્રકટે અને ત્હેની દુષ્ટ રૂઢીને ભસ્મીભૂત કરે ! પિતાજી ! કુદરતની દુનિયા અધુના જે શાન્તિમાં છે, ત્હેવી સદાની શાન્તિ જ હવે મ્હારે માટે તો નિર્મીત છે. અસ્તુ. "

" લી. ત્હમારી દુર્ભાગી પુત્રી "

" સ્નેહલતા. "

વાંચક ! પત્થર—હૃદયીને પણ પીગળાવનાર આ પત્ર વાચો. અરેરે ! ભારતમાં કેટલી કન્યાઓ નીચ વિક્રયનો ભોગ થઇ પડતી હશે ?

* * * *

મધ્યાન્હ હતો. સૂર્યનારાયણ પોતાનાં દિવ્ય રશ્મિઓ ભૂમંડળપર ફેંકી ત્હેને તા કરી રહ્યા હતા. મુસાફરો શ્રમથી શાન્ત થઇ વૃક્ષો તળે વિશ્રાન્તી લેતા હતા. પક્ષિગણે તરૂ—કુંજોમાં બેસી બચ્ચાં સાથે રમતાં હતાં. પશુઓ પાણીને આરે બેસી વાગોળતાં હતાં આવા સમયે કલકત્તાના રાજવલ્લભ મહોલ્લામાં ધોંધાટ મચી રહ્યો. અનેક મનુષ્યો એ તરફ દોડવા લાગ્યા. શું હશે ?

એક મંદિરના પુજારીએ બુમ પાડી " આવો, આવો. દોડો, દોડો ! હરેન્દ્ર બાબુના છાપરે જુઓ ' આમ થતાં ઘોંઘાટ અને શોરબકોર મચી રહ્યો. " અરે ! આ શું ! આ તો એક તરૂણ બાળા સળગી રહી છે ! " પ્રિય પાઠક ! કુરૂઢીની લગ્ન-વેદીના ભભૂકતી જ્વાળાઓમાં બંગ કન્યા—આપણી સ્નેહલતા—એ પોતાનો ભોગ અર્પ્યો હતો ! સ્વહસ્તે પોતાના પ્રિય પિતાને દુઃખ મુક્ત કરવા પોતે જ આ ફાની દુનિયાનો સદાને માટે ત્યાગ કર્યો હતો.

અરેરે ! પુણ્યવંતી ભારતભૂમિ ! ત્હારી આ દશા ! ત્હારા પુણ્યવંત પુત્રો પોતાની લાખો કન્યાઓ આમ વિના વાંકે ભોગ આપતાં નથી ડરતા ? અરે ! એવી દુષ્ટ રૂઢીઓ નથી છોડતા, એજ ત્હારી અવનતિનું પ્રધાન કારણ છે ! પરમ પુનિત માતા ! ત્હારી પડતીનું કારણ અમે જ-અમારી મૂર્ખાઇ જ-અમારી દુષ્ટતા જ છે. જ્યાં પ્રતિ વર્ષે લાખો

બાળાઓનો ભોગ આમ વિના વાંકે અપાય છે, એવા અપવિત્ર દેશમાં તું પવિત્ર શી રીતે રહી શકે ?

ખરે જ— " પૃથીવીપણું ત્યજીને તેથી આ આર્ય માતા
" સુતપદ પરદેશી લોકને દેઇ દેશે. "

એ સ્વર્ગસ્થ ગોવર્ધનરામનાં આ વચનોમાં રહેલ મહા ભયને દૂર કરવા પ્રયાસ આરંભવાનો સમય નિકટ આવ્યો છે: અને હજુ પણ જો ત્હારા પુત્રો નહીં જાગે તો ત્હેમનો કદિએ બચાવ થવાનો નથીજ ! પ્રભો ! મ્હારા ભારતીય બંધુઓને સન્મતિ પ્રેરો, એજ અંતિમ ઇચ્છા છે.

મૃગચર્મ.

(લેખક: શ્રીયુત્ " મલયાનીલ " (બી. એ.)-અમદાવાદ.)

એક ગાઢું વિપિન હતુ. તરૂકુંજ અને શિલાઓથી આચ્છાદિત હતું. ત્યાં ઉંચા ગિરિશૃંગે એક શિવાલય હતું અને સાથે જ એક ક્ષત્રિય વીરની ઝુંપડી હતી. પ્રભાતનું કિરણ પ્રથમ એને જ અજવાળતું. સવિતા દેવને અર્ધ્ય પ્રથમ એ ક્ષત્રિય વીર જ આપતો.

એને એક કન્યા હતી. વિપિનની વેલી હતી. કુમળી નાજૂક હજી ઉગતી હતી. ભ્રૂકુટી ઉપર હજી પુષ્પ ધનુએ ધન્વા ન્હોતું રચ્યું. નયનમાંથી શર છૂટવાને વાર હતી. મદનરાજે પોતાના અજય્ય શર ત્હેની ઉપર ન્હોતાં ચલાવ્યાં. કુમારિકાએ હજી અગીઆર વસંતજ અંગે શોભી હતી.

સાયંકાળ હતો. સવિતાનારાયણ એક આઘા ગિરિને સ્પર્શી રહ્યા હતા. નાલની એક શિલા પર મુગ્ધ, શાંત ઉભી રહી હતી. સૂર્યદેવને નિરખતી હતી. અત્યંત પ્રકાશમાં છૂપાયલા છતાંય પ્રભુના દિવ્ય મંત્રો તે ઉકેલતી હતી.

પિતા, પાસેના ગામમાં અનાજ લેવા ગયો હતો. ન્હાનું કુરંગબાળ-એક વર્ષથી પોતાનું સ્નેહી બનેલું, પિતાનું બાળ બનેલું-સ્હામેના ગિરિ નીચે-આવવાના માર્ગે પાસે-રમતું હતું. પિતાની પાછળ પાછળ આવવા એ ત્યાં જ ફરતું હતું.

વૃક્ષની ઝાડીઓમાં ખખડાટ થયો. હરિણ ચમકયું રહ્યું, અને છલંગ મારી પાછળ કુંજમાંથી અશ્વારૂ એક ક્ષત્રિય યુવાન કૂદી પડ્યો. તીર ઉપાડી પાછળ પડ્યો.

ભીત મને નલિની આ જોઇ રહી હતી. " ઓ બાપુડા ! અહિં આવતું રહે. " જોરથી બોલતી હતી. મૃત્યુની કોર ઉપર આવી પડેલું હરિણ ચપળતાથી દોડતું હતું. કુમારિકાનું ચિત્ત આશાની ધાર ઉપર અવલમ્બતું હતું.

રાજકુમારે તીર ફેંક્યું-બચી જશે એમ પ્રાર્થના કરતી ઇચ્છતી પાસે આવી પહોંચેલા ' બાપુડા ' તરફ નલિની દોડી, પણ તીરે તીરનું કાર્ય કરી દીધું હતું ! મૃગયાના અભ્યાસીનું શર ખાલી નહોતું ગયું ! ઘા લાગતાં મૃગે ચીસ પાડી. કુમારિકાનું હૃદય પણ ભેદાઈ ગયું, અને બન્ને પડયાં: એકે પ્રાણ ત્યાગ્યા. બીજી-ગરિબ હરિણી-બેભાન બની.

ચીસ સાંભળતાં રાજપુત્ર પાસે આવ્યો. દૂરથી દોડતો પિતા પણ આવ્યો.

"નલિની ! નલિની !" બોલી પિતાએ રાજપુત્ર સ્હામું જોયું. મુખ પરિચિત હોય એમ લાગ્યું.

" કુમાર ! મહાન્ અપરાધ કર્યો છે. એ હરિણ મ્હારૂં બાળક હતું. નલિનીનો ન્હાનો ભાઇ એ હતું."

" હું તેથી અજ્ઞાત હતો. મ્હને માફ કરો." રાજપુત્ર દીન થઇ ગયો.

"ત્હમને માફ જ છે." દીન થએલો જોઈ ક્ષમા આપી

પણ શમી ગએલા ક્રોધે શોકનું સ્વરૂપ પકડયું. આંખનાં અશ્રુ ખાળી ન શકાયાં. તે પણ ચેતનહીન-નિઃસ્વસ્થ પડયો. મૃત કુરંગ લઇ રાજપુત્ર પાછો ફર્યો; અશ્વ ઉપર ગોઠવી દીધું. અર્ધો રસ્તો કાપતાં કરેલા અપરાધને લીધે ઉપજેલો શોક ઓછો થઇ ગયો. મૃગયાનો ક્રીડીલો રાજપુત્ર મૃગનું લઈ મ્હેલમાં મલકાતો પ્રવેસ્યો.

ભાન આવતાં નલિનીનો અશ્રુ—પ્રવાહ વ્હેવા લાગ્યો-વધવા લાગ્યો. સાન્ત્વન દેતો પિતા પણ ધીમેથી રડી જતો.

" ઓ બાપુડા ! તું ક્યાં જતું રહ્યું ! " સુતી હતી તે બેઠી થઇ અને પિતાની છાતીમાં વધી ગએલા અશ્રુના ભાર રેડયા.

" રણવીર ! ત્હને નલિનીએ જોયો ન હોય તો સારૂ. ત્હને ખબર નથી. પણ નલિની તો ત્હારી ભવિષ્યની પત્ની નક્કી થઇ ચૂકેલી છે. લગ્ન સમયે ત્હને તે ઓળખશે તો મ્હને શાપ દેશે—ત્હારો તિરસ્કાર કરશે. " પિતા મનમાં બોલતો હતો.

* * *

ત્રણેક વર્ષ વહી ગયાં છે. વીરપુરમાંથી એક વરઘોડો ચઢયો છે. ઢોલનગારાં વાગે છે. જંગલમાં એ આવી પહોંચ્યો છે. પશુપક્ષી અવાજથી દોડી જાય છે. સ્હામેના ગિરિગુફામાંથી નાદનું પુનરાવર્તન થાય છે. નલિનીને શૃંગ ઉપર એ અવાજ સંભળાય છે. એના શ્રવણમાં કંઇક કહેછે. ઘોર ગંભીર અવાજ છતાંય નલિનીને તે મૃદુ લાગે છે; શબ્દ વગરની ભાષામાં કાંઈક બોલતો જણાય છે. નલિની એનો મર્મ સ્હમજે છે.

શૈલ ઉપર અવાજ શાંત થયો. ગરીબ ઝુંપડીમાંથી નલિનીનો પિતા રણવીર ને રણવીરના પિતાને-રણવીરના સઘળા જાનૈયાને—સત્કારે છે.

નલિની રણવીરની થઈ. રણવીર નલિનીનો થયો. વિદાય લઈ સૌ પાછા ચાલ્યા. નલિનીને સાથે તેડી ગયા.

વીરપૂર આવ્યું. કન્યા લઈ વરઘોડો ગામમાં ફર્યો, અને પ્રહૃષ્ટ મને પતિપત્ની મ્હેલમાં પ્રવેસ્યાં. ઈષ્ટદેવને પગે લાગવાં ગયાં.

પાટલા મુકી આસન રચ્યાં હતાં. ઉપર મૃગચર્મ પાથર્યાં હતાં. દેવને નમન કરવા નલિનીએ પાટલા ઉપર પગ મુકયો. ચર્મ જોયું. કપાળ ઉપરની પરિચિત રેખાઓ જોઈ. આ 'બાપુડા'નું જ ચર્મ ? પેટ ઉપર વાગેલા શરનું છિદ્ર જોયું. દદડતું લોહી નજર આગળ ખડું થયું. મૃગના ઘાતકને ઓળખ્યો. તે પોતાનો પતિ જ ! મૃગવિયોગનો આઘાત થયો હતો-પ્રત્યાઘાત થયો.

પગપ મેના છિદ્રમાંથી તે દિવસે ફેંકેલું તીર આજ નલિનીના અંતરમાં સંસરૂં વાગ્યું હોય એમ લાગ્યું. જમીન ઉપર પડી-શૂન્ય થઇ-શબવત્ થઇ ગઇ.

" નંદનવનમાં પેસી બાલકુરંગ સાથે કોણ ફેરી રમે છે ! "

"મા ! મ્હને સાહેબ !"

(લેખકઃ રા. રા. ડૉ. નટવરલાલ જગન્નાથે ગૌતમી-અજમેર.)

"સાહેબ ! આપ કહોછો તે ખરૂં છે. હું ચોર છું. તે હું કબુલ કરૂંછું તોપણ ત્હેમાં કાંઇ મ્હારો અપરાધ નથી. હું શું કરૂં ? આ બાળક 'સાહેબ' માટે કેટલું રડ્યો અને તોફાન કરીને આખી રાત સહજ પણ ઊંઘ્યો નથી ! આપ શ્રીમન્ત છો, સુખી માણસ છો, પ્રભુ આપને લાંબુ આયુષ્ય આપે. પણ સાહેબ ! હું મ્હારા બાળકની ઇચ્છા પૂરી કરી શકી નથી તેથી મ્હને કેટલું દુઃખ થયું હશે તે આપ કળી શકશો નહિ.

ન્હાની સરખી ચીજ માટે બાળક હઠીલું થયું, પણ હું ત્હેને તે કેવી રીતે આપું ? આજે જો એના બાપ જીવતા હોત તો તે ત્હેને 'સાહેબ' ગમે તેમ કરીને લાવી આપત. તે જીવતા હતા તે વખતે તેઓ મીલમાં કામ કરતા હતા. અને તેથી ગરીબાઇમાં પણ સુખેથી અમારૂં ગુજરાન ચાલતું હતું. પણ પ્રભુએ મ્હને અનાથ કરી તે દિવસથી મ્હારી પાસે એક પાઇ પણ રહી નથી. આ બાળક ત્રણ વર્ષનું થયું ત્યારે મ્હારા ઉપર આ દુઃખનું વાદળ તુટી પડ્યું. ત્હેમની ક્રીયા, વાસણ વિગેરે વેચીને કરી અને તેથી મ્હારૂં પણ થોડા દિવસ ગુજરાન ચાલ્યું. પણ આખરે ઘરમાં કાંઈ ખાવાને રહ્યું નહિ અને તેથી જ મ્હારે આ દશામાં આપની સમક્ષ આવીને ઉભું રહેવું પડ્યું.

બે દિવસ સુધી હું મરી ગયા સરખી થઇને પડી રહી. તેવી જ સ્થિતિમાં પ્રભુએ મ્હને મોત આપ્યું હોત તો સારૂં થાત. પણ અનાથ બાળક ભૂખનું દુઃખ શી રીતે સહન કરી શકે ? ત્હેની મ્હારા વગર બીજું કોણ સંભાળ લે ?

જેમ તેમ કરીને હું ઉઠી અને મ્હારો ધણી જે મીલમાં નોકર હતો તે મીલમાં ગઈ. એક મજુર લોકોએ મ્હને પહેલાં કહ્યું હતું કે મ્હારો ધણી મીલમાં કામ કરતાં સંચામાં ફસાઈ જવાથી મરી ગયો છે તેથી મ્હને શેઠ તરફથી કંઈ પણ રકમ નુકસાનીની તરીકે મળવી જ જોઇએ. હું પણ તે જ આશાથી મીલમાં ગઈ પણ અત્યારે મ્હારૂં કોણ સાંભળે? મ્હને સૌએ ધક્કા મારીને બ્હાર કાઢી મુકી. કેટલાકે મ્હને શેઠ ઉપર ફરીઆદ કરવા કહ્યું, પણ મ્હારી પાસે ખાવાને પાઇ પણ ન્હોતી તો મ્હોટો ખર્ચ કરી શેઠ સ્હામી ફરીયાદ શી રીતે થાય ? સરકાર દરબારમાં ગરીબને ન્યાય મળે છે પણ પૈસા વિના સરકાર ગરીબને ન્યાય ક્યાં આપે છે ? આપ દયાળુ છો. ગરીબ લોક ગુન્હો કરે છે એવી મ્હોટા લોકોની માન્યતા હોય છે. ગરીબના કહેવા ઉપર વિશ્વાસ કોને હોય છે ! બીજે દિવસે હું ઉઠીને કાંઇ કામ મળે એ આશાથી ગામમાં ગઈ, ઘણી જગ્યાએ ફરી, કેટલાકને પગે લાગી પણ મ્હને કોઇએ ઘરના ઉમરા નજીક ઉભી રહેવા દીધી નહિ, એ જ મ્હારૂં દુર્ભાગ્ય !

ગમે તેમ કરીને મ્હારે એક મૂઠી દાણા મેળવવા જોઇએ. જો કે હું ભૂખી હતી પણ મ્હને મ્હારા પેટની ઝાઝી ચીંતા નહોતી પણ મ્હારા બાળકનું હવે શું થશે ત્હેનીજ મ્હને ચીંતા હતી. મ્હારૂં રંક બાળક ભૂખે તરફડીને મ્હારી સમક્ષ મરે એ મ્હારાથી કેમ જોવાય ! ધર્માવતાર માબાપ ! આપનાં બાળકો સુન્દર વસ્ત્રાભૂષણો સજીને આનંદમાં ફરે, કેટલાંએ સુન્દર રમકડાં—હાથી ઘોડા વિગેરે વડે રમે, વળી કોઈ ચીજની કમી હોય તો આપ ત્હેની ઇચ્છા માગતા પહેલાંજ પૂર્ણ કરો. પણ અમે ગરીબ માણસ ત્હેમની

ઈચ્છા શી રીતે પૂર્ણ કરી શકાય ? જેવી રીતે આપને આપનાં બાળક વહાલાં હોય છે, ત્હેમને માટે આપનો જેટલો જીવાત્મા બળે છે તેટલાંજ અથવા તેથી પણ અધિક તે અમને વહાલાં હોય છે અને ત્હેમને માટે અમારો જીવાત્મા બળે છે. કેમકે, તેઓ અમારે પેટ જન્મ લઇને કંઈ સુખ ન પામતાં અતિશય દુઃખ સહન કરે છે. આથી જ અમારો જીવ ત્હેમને સારૂ અતિશય દુઃખાય છે.

છેવટે મ્હારા બાળક સારૂં હું ભીખારણ થઈ. કેમકે હવે બીજો ઉપાય રહ્યો નહોતો. પહેલાં મ્હને કોઇની પાસે હાથ ધરતાં ઘણુંજ દુઃખ થતું હતું. જો કે અમે મૂળથી જ ગરીબ હતાં, છતાં કોઇની પાસે કાંઈ પણ માગવા જતાં નહોતાં. મહેનત કરીને જ અમારૂં ગુજરાન ચલાવતાં હતાં. હું ઘરની બ્હાર ગઇ. રસ્તામાં જઇ કોઇ આવતા જતા સારા માણસ પાસે હાથ ધરી ઉભી રહું પણ મ્હારા મ્હોંમાંથી એક પણ શબ્દ નીકળતો નહિ. મ્હારો પુત્ર " મા ! મ્હને ભૂખ લાગી " કહી બુમો પાડે તેથી મ્હને અતિશય દુઃખ થતું પણ લોકોને શું ? તેઓ તો મ્હારા તરફ જોઇને હશે, ધક્કા મારે, કોઈ વા ગાળો પણ દે.

તે રાત્રે તો મ્હારા પુત્રને ભૂખ્યા સૂઈ રહેવુ પડયું નહિ. ભાખરી ખાઇ પાણી પીને તે સૂઇ ગયો, અને બીજી વધેલી કડકો ભાખરી સવારને સારૂ રાખી મૂકી. હું તદ્દન ઉપવાસી જ રહી પણ મ્હારા પુત્રને નિરાંતે ઊંઘતો જોઇ મને ઘણોજ સંતોષ થયો. સવારમાં કાંઇ કામ મળશે અને તેથી મ્હને ખાવાને અડચણ પડશે નહિ એમ મ્હને આશા હતી, પણ મ્હારા નસીબે ભીખ માગીને જ પેટ ભરવાનું લખ્યું હશે ! તે કોણ મિથ્યા કરે ! હું જે કહું છું તે સત્ય જ છે. મ્હારી પાસે સઘળું વેચતાં છેવટે એક ગોદડી રહી હતી, તે વેચવાનો મ્હેં વિચાર કર્યો, પણ મ્હારો પુત્ર જમીન ઉપર શી રીતે સૂઈ રહેશે ? ત્હેને ઊંઘ કેમ આવશે ? એ વિચાર થતાં જ મ્હેં તે ગોદડી વેચવાની વાત પડતી મુકી.

આવી રીતે દરરોજ હું ભીખ માગીને મ્હારૂં ગુજરાન ચલાવતી હતી. એટલામાં દેવી (માતા) ની જાત્રા આવી. જાત્રામાં પુષ્કળ લોક ભેગા થયા હતા અને ત્યાં ભીખારીઓને પણ સારી પ્રાપ્તિ થતી હતી. જાત્રામાં અનેક જાતની દુકાનો મંડાઈ હતી. વિવિધ જાતના લોક ભેગા થયા હતા. હું પણ ત્યાં જતી. ભીખને સારૂ દેવીના મન્દિર નજીક જઇને બેસી રહેતી.

પુષ્કળ સ્ત્રી "પુરૂષો પોતાનાં છોકરાં સાથે સુશોભિત શણગાર સજીને દર્શને જતાં હતાં. ત્યાંથી બ્હાર આવીને બજારમાં જતાં. કેટલાંકને માબાપ રમવાની કે જમવાની ચીજો ખુશીથી અપાવતાં તો કેટલાંક હઠ કરીને તે ચીજો લેતાં, ત્યારે જ ખુશી થતાં.

પ્રભુએ આ સમયે મ્હારા ઉપર એક નવુંજ સંકટ નાંખ્યું. જાત્રામાં આવેલાં ન્હાના છોકરાંઓ પોતાના હાથમાં સુન્દર રમકડાં–હાથી, ઘોડા, ઊંટ, વાઘ, સાહેબ, મડમ, વિગેરે –લઇને જતાં હતાં, તે જોઇને મ્હારા છોકરાને એક 'સાહેબ' (પૂતળી) લેવાનું મન થયું પણ 'સાહેબ' લેવાનું મ્હારૂં ગજું છે કે નહિ તે, તે બિચારો શું સમજે ! હું દરરોજ જાત્રામાં આવતી અને ત્હેને આડું અવળું સમજાવીને પાછી ખાલી હાથે ઘેર લઈ જતી, પણ આજે તો ત્હેણે એક 'સાહેબ' લેવાની હઠ કરી.

દયાળુ સાહેબ ! આપે જો તે વખતે મ્હારા છોકરાને જોયો હોત તો આપને માલુમ પડત કે તે કેવો હઠીલો થયો હતો. 'સાહેબ' સારૂ ત્હેને આજે ભૂખ કે તરસ લાગી

નહોતી. રાત્રે હું ઘેર ગઈ. પણ ત્હેણે તો 'સાહેબ' નહિ મળ્યો તેથી સખત રડવું શરૂ કર્યું. મ્હેં ઘણુંએ સમજાવ્યો પણ સમજે શાનો ? તે તો "મા ! મ્હને "સાહેબ" કરીને રડયાજ કરે. મ્હેં ત્હેને સહજ ધમકાવીને કહ્યું કે "જો તું રડીશ, અને 'સાહેબ' માટે તોફાન કરીશ તો હું ત્હને હવે મ્હારી સાથે તેડી જઇશ નહિ !" પણ આથી તે વધારે હઠીલો થયો. આખી રાત તોફાન શરૂ રાખ્યું. સહજ પણ તે ઊંઘ્યો નહિ. ત્હેની સાથે મ્હેં પણ ઉજાગરો કર્યો.

સાહેબ ! જેને ગરીબ લોકોની સ્થિતિનો અનુભવ નથી ત્હેને અમારૂં દુઃખ શી રીતે સમજાય? મ્હારૂં આ બોલવું આપને કંટાળા ભરેલું લાગે ત્હેમાં નવાઇ નથી. "એક નજીવી 'સાહેબ'ની પૂતળીને આવડું મ્હોટું સ્વરૂપ શા માટે આપવું જોઇએ? પૂતળી ન મળી તેથી શું થયું ? મ્હોટા સાહુકારનો છોકરો ખરો તે વળી પુતળાથી રમે !" આ પ્રમાણે કહી કેટલાક મ્હારી મશ્કરી પણ કરે. અમારા જેવાંને હસી પણ કાઢે. મ્હારા બાળકે માગેલી ચીજ ન મળી તેથી શું થયું તે શ્રીમંતો સમજી શકે નહિ.

જમવાનું અથવા ખાવાનું ન મળે તો ચાલે પણ છોકરાંએ માગેલી ચીજ ત્હેમને આપવામાં ન આવે તો તેઓને મન શું થાય છે તે તેઓજ જાણે ! રમકડાં છોકરાંને જીવ પ્રમાણે વહાલાં હોય છે. રમકડાં વડેજ તેઓ આનંદ પામે છે. તેઓને આપણે રમકડાં આપીએ નહિ અને ગુસ્સે થઈએ કીંવા હસી કાઢીએ તેથી બાળક ત્હેને માટે કેવું હઠીલું થાય છે તે તો અનુભવીજ જાણે. ગમે તે થાય તો પણ મ્હેં મ્હારા છોકરાની હઠ પૂરી કરવા છેવટે થાકીને ઠરાવ કર્યો.

મ્હેં હીસાબ કર્યો કે ત્રણ દિવસ ઉપવાસ કરૂં તો મ્હારી પાસે 'સાહેબ' લાવવા જેટલા પૈસા એકઠા થાય. મ્હેં ત્રણ દિવસ ઉપવાસ કર્યા. ઉપવાસથી મ્હારી શક્તિ કમી થઇ, પણ હવે મ્હારા છોકરાની હઠ પૂર્ણ થશે-તે ખુશી થશે, એમ જાણી મ્હને સંતોષ થયો.

"ભાઈ ! હવે ત્હને 'સાહેબ' અપાવીશ, એ પ્રમાણે મારા છોકરાને મ્હેં કહ્યું કે તરત જ તે અતિશય આનંદમાં આવી ગયો. એકદમ હર્ષમાં કૂદીને મ્હને બાઝી પડયો, અને મ્હારા ખોળામાંજ ઊંઘી ગયો. હું મ્હારી ભૂખનું દુઃખ ભૂલી ગઇ, કેમકે ત્હેને ઊંઘતો જોઇને મ્હને જે આનંદ થયો તેવો આનંદ મ્હને કદી પણ થયો નહોતો.

ત્રણ દિવસ ઉપવાસ કર્યા પછી મ્હારી પાસે સાડાત્રણ આના ભેગા થયા. જાત્રામાં કેટલાકને પૂછી જોવાથી મ્હને ખબર પડી હતી કે 'સાહેબ' ના સાડાત્રણ આના પડે છે. પણ સાહેબ ! હું ભીખારણ, શરીર ઉપર એક પણ સારૂં કપડું મળે નહિ, આથી મ્હને કયો દુકાનદાર પોતાની દુકાન નજીક ઉભી રહેવા દે ? એક બે દુકાન નજીક ગઇ પણ દુકાનદારોએ મ્હને લાકડી મારીને હાંકી કાઢી પછી છેડે બાંધેલા પૈસા કાઢીને મ્હેં હાથમાં પકડયા અને હું બીતી બીતી એક દુકાન નજીક ગઇ અને દુકાનદારને કહ્યું કે "ભાઇ ! મ્હારે એક 'સાહેબ' જોઇએ છે." દુકાનદાર અજાયબ થયો. ત્હેણે જરા ક્રોધથી મ્હારા સામું જોયું પણ મ્હારા હાથમાં પૈસા જોતાંજ ત્હેણે 'સાહેબ' મ્હારા હાથમાં જોવા આપ્યો. આ બધો વખત મ્હારો છોકરો "મા ! મ્હને "સાહેબ," કહીને રડયાજ કરતો.

મ્હારા છોકરાએ ઝડપ મારીને મ્હારા હાથમાંથી 'સાહેબ'ની પુતળી લઈ લીધી. અને ત્હેને વારંવાર જોઇને ખુશી થતો હોય એમ મ્હને લાગ્યું. પૈસા આપી 'સાહેબ' લઈને હું ઘર તરફ ચાલવા લાગી એટલામાં દુકાનદારે મ્હોટેથી "એ ભીખારણ! એ ભીખારણ!" કહીને બૂમ પાડી. હું ફરીથી દુકાનદાર પાસે ગઈ. દુકાનદારે કહ્યું: "કેટલા પૈસા આપ્યા? તે સાડાત્રણ આનાનો 'સાહેબ' નથી. ત્હેના ચાર આના પડશે. આ બધા 'સાહેબ'ની કીંમત ચાર આના છે."

આથી મ્હારે બીજા બે પૈસા આપવાના રહ્યા, પણ મ્હારી પાસે તો એક પાઇ પણ નહોતી. મ્હેં ત્હેને પગે લાગીને કહ્યું કે "ભાઈ! 'સાહેબ'ના બધી જગ્યાએ સાડાત્રણ આના પડે છે અને ગરીબ માણસ પાસેથી શા માટે ચાર આના લે છે?" પણ તે માને જ શાનો? ત્હેણે મ્હારા પૈસા ફેંકી દીધા પણ તે ત્હેની દુકાને વેચવા મુકેલી રકાબીમાં જ પડ્યા, અને મ્હારા છોકરા તરફ ફરીને કહ્યું કે "મુકીદે. 'સાહેબ' ચાર આના લાવીને લઈ જજે."

મા! કહીને મ્હારો છોકરો રડી પડયો: મ્હને આથી ઘણુંજ દુઃખ થયું. ત્રણ દિવસના ઉપવાસને લીધે મ્હને આંખે અંધારાં આવી ગયાં.

આખરે હું મ્હારા છોકરાને ધીરેથી કેડમાં લઈને, 'સાહેબ' સહિત, દુકાનદારનું કહેવું ધ્યાનમાં નહિ લેતાં ઘર તરફ જવા લાગી એટલામાં મ્હને આ કાળા સીપાઈએ પકડી. હું ત્હેના કહેવા પ્રમાણે રસ્તામાં ભીખ માગનાર ભીખારણ છું.

સાહેબ! હું ચોર છું. મ્હને ગમે તે શિક્ષા કરો, પણ મ્હારા છોકરાના હાથમાંથી 'સાહેબ' લેશો નહિ. ત્હેનો જીવ દુખાવશો નહિ. હું પગે લાગીને કહું છું કે મ્હારા ઉપર એટલી દયા કરો."

બાઈને દોષમુક્ત કરીને છોડી દેવામાં આવી.

—શ્રવણવધ—

(રામાયણની સુપ્રસિદ્ધ કથાને આધારે આલેખિત એક હૃદયભેદક ચિત્ર.)

લેખક· રા. રા. ચાંપશી વિઠ્ઠલદાસ ઉદેશી—કલકત્તા.

સ્થળ—એક રમણિય વિપિન.

શ્રવણ-(આમતેમ જોતા પ્રવેશ કરે છે.) અહા! આ વિપિન કેવું મનોહર છે! પેલાં લીલાં વૃક્ષોની હાર કેવી સુન્દર જણાય છે? જે તરફ દૃષ્ટિ પડે છે તે જ તરફ તે રમણિયતાથી સ્થિર બની રહે છે. સૂર્યનારાયણ અસ્ત થવા આવ્યા. હવે માતુશ્રી તથા પિતાજી માટે સત્વર જળ મેળવવું જોઈએ. આટલામાં કોઇક સ્થળે સરોવર અવશ્ય હશે. આવા સુન્દર સ્થાનમાં સરોવર ન હોય એમ તો બનેજ નહીં. અરે! હા-પેલી તરફ પાણીના વહેવાનો મંદ મંદ ધ્વનિ સંભળાય છે. હા, એજ તરફ. ચાલ જોઉં. (તે તરફ જાય છે અને થોડુંક ચાલતાં એક નિર્મળ સરોવર તેની નજરે પડે છે.) અહા! કેવું નિર્મળ સરોવર! એ પ્રભુ! ~ [illegible]ની જ કૃપા. આ સરોવરના અમૃત સમાન જળથી મારાં અન્ધ માતાપિતાને [illegible] [illegible] જલદી જળ ભરીને લઈ જાઉં. (ભરવા માંડે છે.) બસ, [illegible] [illegible] જરાક વધારે ભરી લઉં તો ઠીક.

(નીચો વળી પુનઃ ભરવા માંડે છે, એટલામાં એક બાણ અતિ વેગથી તેના પડખામાં પેસી જાય છે.) હા-પ્રભુ !-બાણ ! પિ-તા-મા-તા-(પાસે પડેલું કમંડળ ઢોળાઇ જાય છે, એટલામાં રાજા દશરથ સત્વર દોડતો દોડતો આવે છે.)

દશરથ—કોણ ? મનુષ્ય ! હાય ! સર્વનાશ ! મેં પ્રાણી ધાર્યું, મૂર્ખ-કેવળ મૂર્ખ ! (સત્વર નીચો વળી શ્રવણના પડખામાં લાગેલું બાણ તપાસવા માંડે છે.)

શ્રવણ—(અત્યંત વ્યથાથી) આ-પ...કો...ણ ? ઓ...પ્ર...ભુ...આ...વ્ય...થા...

દશરથ—અરે ભાઇ ! હું આ જગતમાં વસતા મનુષ્યોમાં સર્વથી હીનભાગી મનુષ્ય છું. હાય ! મેં જ પાપીએ તારી આ દશા કરી છે. મારૂં નામ રાજા દશરથ.

શ્રવણ—દ...શ...ર...થ ! પ્ર...જા...પા...લ...ક ! હા...આ...બા...ણ...કા...ઢી લ્યો. ઓ...પ્ર...ભુ ! આ...દુઃ...ખ ! મા...તા...પિ...તા...

દશરથ—(નીચો વળી તેના પડખામાંથી બાણ કાઢતાં અતિ દુઃખિત બને છે.) હાય ! આ મેં શું કર્યું ?

શ્રવણ—હા...મા...રાં...મા...તા...પિ...તા

દશરથ—અરે દ્વિજપુત્ર ! મને ક્ષમા કર—મને ક્ષમા કર. આ જ પાપપૂર્ણ હસ્તે તારા દેહ અને આત્માને આટલું કષ્ટ આપ્યું છે. ઓ ભાઇ ! હવે હું શું કરૂં ? હાય ! હું ખરેખરો હીનભાગી ! પ્રાણી સમજી મારૂં બાણ છોડયું ! હું મૂર્ખ !—હું પાપી !—હું પિશાચ !—

શ્રવણ—રા...જા...મા...રાં...મા...તા...પિ...તા...આ...ક...મં...ડ...ળ...હા! વે...દ...ના...—

દશરથ—હું ઘોર પાપી છું. આવું કૃત્ય મારે હાથે ? અસંભવ-કેવળ અસંભવ ! અરે ભાઇ ! તું કોણ છે ?

શ્રવણ--મા...રૂં...ના...મ...શ્ર...વ...ણ...મા...તા...પિ...તા...અં...ધ...તી...ર ...થ...ક...ર...વા...જ...તાં...હા...ય...ક...મં...ડ...ળ...જ...ળ...—

દશરથ—(તેનો અસ્ફુટ વૃત્તાંત સાંભળી અતિ દુઃખિત થઇ) અરે ! બાળબાલ ! મેં આ શું કર્યું ? ઓ પ્રભુ ! તેં કેવી મતિ સુઝાડી ? મારે હસ્તે દ્વિજપુત્રને આ વ્યથા ! અરે ! એ બને જ કેમ ? હાય ! આ થયું શું ?

શ્રવણ—મા...તા...પિ...તા...ત્યાં...બે...ઠાં...છે....જ...ળ....હા......(ચેતનહીન થઇ જાય છે.)

દશરથ—(સત્વર નીચો વળી તેને તપાસે છે.) હાય ! આ શું થયું ? શ્વાસ બંધ થઇ ગયો ! અરેરે ! ગરીબ બ્રાહ્મણપુત્ર ! મેં આ તારી શી દશા કરી ! તારૂં મૃત્યુ મારે હસ્તે ! અરે !-ના-ના-એ સંભવિત નથી. અરે ! પણ હવે તેનાં બીચારાં અંધ માતાપિતા શું કરશે ? તેમની હવે શી દશા થશે ? હા !—નિર્દોષ અને પવિત્ર આત્મા ! હા !...કર્તવ્યનિષ્ટ બાળબાલ ! તે મહાપ્રભુએ તારે માટે અખંડ સુખપૂર્ણ મોક્ષના દ્વાર ઉઘાડયાં છે તું તારૂં કર્તવ્ય બજાવતાં તે પરમ શાશ્વત ભૂમિમાં પ્રવેશ કરવાનો અધિકારી બન્યો છે. અને હું ? મેં શું કર્યું ? અરે ભાવિ—ભાવિ ! અસંભવિત થયું ! ઓ પરમ પવિત્ર દ્વિજપુત્ર ! તે મહા દયાવાન જગદીશ્વરે તારા કર્તવ્યપાલનની તુલના અવશ્ય કરી

છે. તે જગતપિતા તારા પવિત્ર આત્માને શાન્તિ આપો. સ્વર્ગની અતુલ કલ્યાણકારી જ્યોતિ તારા કર્તવ્યનિષ્ઠ આત્માને ઉજજવલ કરો. સ્વર્ગમાં વસતા સર્વ દેવો તારૂં સન્માન કરો. પણ—હવે હું શું કરૂં ? (કમંડળ તરફ નજર પડે છે) આનાં અંધ માતાપિતાનું શું થશે ? હાય ! તેઓ આ સાંભળશે તો કેવાં દુઃખી થશે ? શું હું તેમને આ દારૂણ સમાચાર કહું ? ના—ના તેઓનું વાત્સલ્યપૂર્ણ હૃદય ચીરાઇ જશે. ના—નહીંજ–નહીં કહું. પણ ત્યારે ? શું તેઓને અજાણ્યાજ રહેવા દઉં ? ના-એમ તો નહીં. (જરા વિચાર કરીને) ત્યારે આ કમંડળમાં જળ ભરી તેઓની પાસે લઇ જાઉં અને તેમની તૃષા છીપાવું? હા, એમ જ. મારા આ કર્મ વિષે તેમને નિવેદન નહીં કરૂં. આ ઘોર કર્મ કહેતાં મારી જીભ કેમ ઉપડે ? હું કાંઇ બોલીશ નહીં, માત્ર તેમને જળ પહોંચાડીશ તેઓ જાણશે કે હું શ્રવણ છું. બસ—એમજ. (સત્વર કમડળમાં જળ ભરી લે છે.) ચાલ, પેલી ઝાડી પછવાડે જાઉં. અરે પ્રભુ ! મારા પગ નથી ઉપડતા. મારાથી જવાશે કેમ ? અરે ! આજે મેં શું કર્યું છે ? પણ ના, જાઉં તો અવશ્ય. (ધીરે ધીરે જાય છે અને જ્યાં શ્રવણના અંધ માતાપિતા બેઠાં છે ત્યાં આવી પહોંચે છે.)

શ્રવણનો પિતા—(અવાજ સાંભળી) બેટા ! આવ્યો ?

(દશરથ જવાબ ન દેતાં તેમની સન્મુખ કમંડળ ધરી નિસ્તબ્ધ ભાવે ઉભો રહે છે.)

શ્રવણની માતા—બાપુ ! તું કયાં હતો? આટલો બધો સમય શું કરતો હતો ! ભરતાં કેમ વાર લાગી ?

(દશરથ જવાબ આપતો નથી)

શ્રવણનો પિતા—પુત્ર ! તું આ જળ કયાંથી લાવ્યો ? આજ તું બોલતો કેમ નથી?

(દશરથ હજી પણ ચુપ રહે છે.)

શ્રવણની માતા—અરે બેટા ! તારૂં મન દુભાયું છે કે શું ? તું બોલતો શા માટે નથી? મારા વહાલા પુત્ર !

(દશરથ હજી પણ નિસ્તબ્ધ ભાવેજ ઉભો રહે છે.)

શ્રવણનો પિતા—અરે બેટા ! તું આજ આવો કેમ થયો ? આજ તારી પિતૃભક્તિ શિથિલ કેમ થઈ ગઇ ? શ્રવણ ! બેટા શ્રવણ! તું બોલ તો ખરો.

દશરથ—(મનમાં) હાય ! હું શું બોલું ? ઓ પૃથ્વીમાતા ! તું આ ક્ષણે મને તારામાં સમાવી લે. મારાથી આ જોઇ શકાતું નથી. આ અત્યંત કરૂણ વચનો મારા કર્ણ સાંભળી શકતા નથી. હાય ! હું આ સંસારમાં કેવો અભાગી ? જન્મતાંજ કેમ મરણ ન પામ્યો ? અરે ! અરે ! હવે હું શું કરૂં ? (મોટેથી) અરે ! અંધ દમ્પતી ! હું તમારો પુત્ર નથી તમારા પુત્રનો વિનાશક છું.

શ્રવણનો પિતા—(ધ્રુજતાં ધ્રુજતાં) તુ મારો શ્રવણ નથી ? કયાં છે મારો શ્રવણ ? કયાં છે આ અન્ધનું રત્ન !

દશરથ—અરે પવિત્ર સાધુપુરૂષ ! એ અંધના રત્નનો નાશ કરનાર ઘોર પાપાત્મા તમારી સન્મુખ જ ઉભો છે. મેંજ તમારા પ્રિય પુત્રનો પ્રાણ લીધો છે. તે સરોવરમાંથી આપને માટે જળ ભરતો હતો ત્યારે તેના ધ્વનિથી મેં કોઇ પ્રાણી જળ પીતુ હશે એમ ધારી મારૂં બાણ છોડયું. અરેરે ! મારા હસ્ત તે સમયે ચૂર્ણ કેમ ન થઇ ગયા ? તે

૮. જોશી શ્યામશંકર સુંદરજી. માર્કોની પ્હેલાં પચાસ વર્ષ પૂર્વે ઘરઘરના સંદેશા લઈ જનાર.

૯. વૈદ્ય કેશવજી કૃષ્ણદાસ. મૂએલાં કૂતરાં બીલાડાંને જીવતાં કરનાર અને શક્તિ-વર્ધક ચૂર્ણની ખોળ કરનાર.

૧૦. વ્યાસ મફતલાલ ફોગટલાલ. મહાભારત, રામાયણ વગેરે કથા મુખપાઠે કહી શ્રોતાઓને આનંદ આપનાર.

૧૧. વકીલ ધીરજરામ હીસાબીરામ. એક પક્ષના વકીલ થઇ સામા પક્ષમાં ભળી જઇ કોરટનું માન સાચવી કમાણી કરનાર.

૧૨. મહેતાજી કીસ્મતરાય હકીકતરાય વેદના સમયની શિક્ષણ પદ્ધતિને અનુસરી પ્રાચીનશાળા જેવી ધૂળિયાશાળા સ્થાપનાર અને વધારનાર.

૧૩. મોદી ચાંપશી હેમરાજ. સ્વદેશી ખાંડમાં સ્વદેશી રેતી ભેળવી, સ્વદેશી ઘીમાં સ્વદેશી ચરબી ભેળવી ઘરાકોને વેચનાર દેશભક્ત.

૧૪. વ્યાઘ્ર કવિ ભગવતીરામ કેશવપ્રસાદ. ગમેતેવા રસની, ગમેતેવા પ્રસંગ માટે, ઉત્તમોત્તમ કવિતા પાંચ મીનીટમાં રચી કાઢનાર.

૧૫. પંડ્યા દેવીપ્રસાદ કાલિપ્રસાદ. બ્રાહ્મણોને ખપે તેવી સ્વદેશી મદિરા બનાવનાર.

૧૬. ગોર જૈમિનીશંકર સુરજશંકર. ગમે તેવી કન્યા સાથે ગમે તેવા વરનું ચોકઠું બેસાડી દેનાર.

૧૭. ઘાંચી ગળાડદાસ મોહનદાસ. તેલ વગરના તલમાંથી તેલ બનાવનાર.

૧૮. ઠાકોર જીજી કાકુજી. કેડ છતાં રજપૂતની ગણનામાં આવી ઉંચું પદ મેળવનાર.

૧૯. મોચી અમથાલાલ જીવણજી. ડંખે નહિ તેવા જોડા બનાવનાર.

૨૦. રાવત જેઠાજી મકનજી. આંખો મીચી ઘોડા બળદને હાંકનાર.

લંબોદર શાસ્ત્રી.*

અનુવાદકઃ શ્રીયુત "ઠાકોર."—મુંબાઈ.

લંબોદર શાસ્ત્રીજી એક રસજ્ઞ પુરૂષ થઈ ગયા. શાસ્ત્રીબાવા ગયા ભાદ્રપદમાં જ આ લોક છોડી ગયા. તેમના સ્વર્ગવાસની વાત સાંભળી તેમના સેંકડો મિત્રમંડળમાં અત્યંત સંતાપ થયો. એ પુરૂષ તેવા હતા. જેમણે જેમણે એમની મૂર્તિનું એકવાર પણ દર્શન કર્યું હશે-જેમની સાથે એમનો એકવાર પણ મેલાપ થયો હશે—તેના પોતાના કે તેના સંબંધિનો ગૃહમાં તેની સાથે ભોજન સમારંભ વેળા તેમની પધરામણી થયા વિના રહેતી નહીં. અને તેમનું મરણ પણ કેવી ચમત્કારિક રીતે થયું ! ભાદ્રપદ વદ પડવાને દિવસે એક પરમ સ્નેહીના અતિ આગ્રહથી શાસ્ત્રીબાવા ભોજન કરવા ગયા. તે દિવસે ... ગયો. સાથે કેળાં-કંસાર—રોટલીનું જમણ હતું. શાસ્ત્રીબાવા જમીને ઘેર આ-
મારે હસ્તે ! અરે ! ...ાં ફક્લતર થવા લાગ્યું પેટ નગારા જેવું ફૂલ્યું, અને સવા કલાકમાં
માતાપિતા શું કરશે ? ... ગયો. આ શોચનીય વૃત્તાંત સાંભળી એક પ્રસિદ્ધ વર્તમાનકારે
હા !...કર્તવ્યનિષ્ટ બ્રહ્મચાર ... " આજે રસદેવતાનો સૌભાગ્યાલંકાર હરાયો !"
ઉઘાડયાં છે તું તારૂં કર્તવ્ય બજા...! અગાઉ બાજીરાવ પેશ્વાએ મહા સમરાધના કરાવેલી
બન્યો છે. અને હું ? મેં શું કર્યું ? ...
પવિત્ર દ્વિજપુત્ર ! તે મહા દયાવાન જગદીશ્વર ... ફેરફાર સાથેનો ઉતારો.

તેમાં શાસ્ત્રીબાવાનાં માતપિતા ગયાં હતાં, તે વખતે તે બંન્નેનો આહારવિધિ જોઇ બાજીરાવ પેશ્વાએ " તમારા કુળમાં મિષ્ટાન્ન રસભુક્ પુરૂષ ઉત્પન્ન થશે !"—એવી આશિષ પ્રસન્ન થઇ દીધેલી એવું અમે સાંભળ્યું છે.

શાસ્ત્રીબાવાના વડિલની પાકી માહિતી મળતી નથી; પણ મુંબાઇના જગપ્રસિદ્ધ-બરફીવાળાના વડિલનો અને તેમનો નિકટ સ્નેહ હતો એવું તેમના મુનિમ પાસેથી અમે સાંભળેલું. શાસ્ત્રીબાવાનો જન્મ કઈ સાલમાં થયલો તેની ખુદ શાસ્ત્રીબાવાને પણ માહિતી નહતી. પરન્તુ તેઓ એમ કહેતા કે ભાદ્રપદ શુક્લ ચતુર્થીને દિવસે હું અવતરેલો તેથી મારૂં નામ ' લંબોદર " પાડેલું. શાસ્ત્રીબાવા જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ તેમની મિષ્ટાન્ન પર વિશેષ ભક્તિ દેખાતી ગઇ; અને ધીમે ધીમે મિષ્ટાન્ન રસજ્ઞ મંડલીમાં તેમની ગણના થતાં થતાં મિષ્ટાન્ન પરીક્ષકોમાં અગ્રેસર થવાનું માન તેમને પ્રાપ્ત થયું. શાસ્ત્રીબાવાની આ રસભક્તિ તેમના અસંખ્ય મિત્ર મંડળમાં મશહૂર છે, અને અમારી એવી ખાત્રી છે કે મોડા વ્હેલા જો આપણા વિશ્વવિદ્યાલય (યુનિવ્હર્સિટી) તરફથી મિષ્ટાન્ન રસજ્ઞતા સારૂં એકાદ બહુ માનની પદવી નિર્માણ થઇ હોત, તો ત્હેની વિદ્વાન્ સભાએ તે પ્રથમજ લંબોદર શાસ્ત્રીને અર્પણ કરી હોત. આવા અલૌકિક રસસારજ્ઞ નરપુંગવ કોઈપણ સ્વામિ મહારાજ યા રાજરજવાડા યા મહામંડલને હાથે " મિષ્ટાન્ન શાર્દૂલ" અગર " રસતંત્ર વિશારદ " જેવા એકાદ ખિતાબથી અલંકૃત થયા વિના રહ્યા એ મહા દુઃખની વાત છે ! ભલે. **गतं न शोचयेत्.**

* * * *

પરમેશ્વરના ઘરના ન્યાય વિલક્ષણ થાય છે, એવુ કહેવાય છે તે કાંઈ ખોટું નથી. જુઓ; જ્યાં એક વસ્તુ હોય છે ત્યાં બીજીની ન્યુનતા હોય છે. સરસ્વતી હોય ત્યાંલક્ષ્મી નહિ. ભોક્તા હોય ત્યાં ઉપયોગનાં સાધન ન હોય. શાસ્ત્રીબાવાની બાબતમાં આવીજ સ્થિતિ હતી, મિષ્ટાન્નનો તે આવો ઉત્તમ પરીક્ષક, છતાં તેના માથાપર લક્ષ્મીનો શુભ હાથ ન હતો.

* * * *

કહે છે કે પ્રતિજ્ઞા તો બ્રાહ્મણેજ કરી જાણી છે. પરશુરામે ક્ષત્રિયકુલ સંહારની પ્રતિજ્ઞા કરી અને એકવીશ વાર પૃથ્વી નક્ષત્રિ કરી. ચાણક્યે નંદકુલનું ઉચ્છેદન કરવાની પ્રતિજ્ઞા કરી અને તે પ્રમાણે તેણે નંદકુલનો નાશ કર્યો. આપણા લંબોદર શાસ્ત્રી પણ આ ઉચ્ચ જાતિમાંજ જન્મેલા હતા અને તેથી તેઓ કોઇ જાતિ અગર કુલનો નાશ કરવાની પરવા ન કરે, પણ ઇપ્સિત વસ્તુ× પ્રાપ્ત કરવાની પ્રતિજ્ઞા લે તો તેમાં શું આશ્ચર્ય?

हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम् (જો તુ યુદ્ધમાં હણાયો તો સ્વર્ગને પામીશ અને જીત્યો તો પૃથ્વીપતિ થઇશ) શ્રીમત્ ભગવત્ગીતાનો આ ધીરોદાત્ત ઉપદેશ તેમના મનમાં નિરંતર રમી રહેતો અને એ ઉપદેશથી પ્રેરાઈ તેઓ તેમનું નિત્ય નિયમનું કાર્ય પ્રતિજ્ઞાપૂર્વક કર્યા જતા + આવા પુરૂષની ખોટ પૂરાવી મુશ્કેલ છે. ઈશ્વર એમના આત્માને શાંતિ આપો

× મિષ્ટાન્ન.

+ પારકે ઘેરજ જમતા !

શીખી રાજકાજમાં પ્રવીણ થઈ અમારા પિતાજીનાં અધુરાં કામ પૂરાં કરવા પ્રયત્ન કરેછે."

આ સાંભળી પેલો ભિખારી સીધો રાજ દરબારમાં ગયો અને ભિખારીનો પોશાક કાઢી નાંખી, રાજવેષ ધારણ કરી રાજમહેલ ગાજી ઉઠે એવા અવાજે બોલ્યો, "સાંભળો, મારા સામંતો અને પ્રજાજનો! આજથી આ મારૂં સિંહાસન, મારો મુગટ, મારો રાજદંડ અને કોઠાર તથા ભંડાર સહિત મારૂં રાજ્ય—એ સર્વે આ મારા નાનાં પુત્રને હું આપું છું. હે મારા વ્હાલા પુત્ર! આવ અને મને ભેટ. **જે પુત્ર પિતાનું કામ કરે છે તેજ પોતાના પિતાને સૌથી વધારે ચાહેછે."**

(૨.)

આ જગતમાં પ્રેમી મનુષ્યો ત્રણ પ્રકારનાં છે: (૧) કેટલાંક પોતાનાં પ્રેમપાત્ર મનુષ્યોના વિરહ કે વિયોગ પ્રસંગે અત્યંત શોક કરવામાંજ ખરો પ્રેમ સમાએલો છે એમ જાણે છે; (૨) કેટલાક તેવે પ્રસંગે જીવ બહુ નહિ બાળતાં શોક દૂર કરનાર અન્ય પ્રસંગો ઉપસ્થિત કરી પોતાનું મન વાળે છે; (૩) પણ ઉત્તમ પ્રકારનાં પ્રેમી મનુષ્યો તેમ કરતાં નથી. તેઓ તો પોતાનાં વ્હાલાંને જે ગમતું હોય, જે રૂચતું હોય, જે પ્રિય હોય તેમાં મગ્ન રહી વહાલાંનું આરંભેલું કાર્ય પૂર્ણ કરવા અને ચિંતવેલું કાર્ય કરવા સતત પ્રયત્ન કરવામાંજ ખરો પ્રેમ રહેલો છે એ માને છે.

આજ રીતે જોતાં ઇશ્વરના ભક્તોના પણ ત્રણ પ્રકાર કહી શકાય, અને તેમાં માત્ર ઇશ્વરના નામનું રટન કરે છે અને તાનમાં આવી, ઘાંટા પાડી, રાગડા તાણી ભજન કીર્તન કરે છે તેના કરતાં જે ભક્તો પોતાના ઇશ્વરમાં ન્યાય, દયા વગેરે જે ઉત્તમ ગુણો જુએ છે તે યથાશક્તિ પોતાનામાં લાવવા પ્રયત્ન કરે છે તે સર્વ રીતે ચઢીઆતા છે. જેનાપર આપણો પ્રેમ છે, ભક્તિ છે, ભાવ છે, તેના ઉત્તમ ગુણ—કર્મનું યથાશક્તિ અનુવર્તન કરવાથીજ આપણે આપણો સાચો પ્રેમ, ભક્તિ, ભાવ બતાવી શકીએ છીએ. બીજી રીતે દર્શાવીએ તો પ્રેમ તે ખરો પ્રેમ નથી, ભક્તિ તે ખરી ભક્તિ નથી, ભાવ તે ખરો ભાવ નથી; તે ખરા અંતઃકરણની લાગણી નથી પણ બહાર દેખાડવાનીજ છે અથવા માત્ર સ્વાર્થવૃત્તિથીજ ઉદ્ભવેલી લાગણી છે.

આ કારણથી કૂટવા-રોવાની રીત પણ નાપસંદ કરવા જેવી છે. જો વહાલાંને માટે ખરી પ્રેમની લાગણી હોય તો કૂટવા-રોવાથી કે દેહને અનેક રીતે દમવાથી-શોકવૃત્તિથી બાળવાથી તે લાગણી તૃપ્ત થતી નથી, પણ તે વહાલાંની શુભેચ્છાઓને અનુસરવાથીજ. રડવું આવે ને શોક થાય તે તો સ્વાભાવિક છે પણ "હું તેને બહુ ચાહતી હતી" એવું બતાવવામાં દેખાદેખીથી આ ચાલ વધી પડ્યો ને કૂટણું એ એક રૂઢિનિયંત્રિત શાસ્ત્ર બન્યું.

આવા પ્રેમ બતાવવાના ખોટા અને ફુઅડ રિવાજોને કાઢી નાંખી આપણી સમાજનાં સ્ત્રીપુરૂષો ખરા પ્રેમનું લક્ષણ જાણી, અનુસરી, તેને યોગ્ય અનુવર્તન કરશે એવી આશા છે.

વિ૦ પ્રે૦

ત્રણ ભાઇઓ અને ભિખારી.[1]

આલ્કન પ્રાંતાની ખીણોમાં ત્રણ યુવાન્ ભાઇઓ વસતા હતા, જેઓની મિલ્કત ફક્ત એક જામફળનું ઝાડ હતું. આ ઝાડને સારી રીતે પોષવાને દરેક ભાઇ મહેનત લેતો અને તે ઉપરથી જે જામફળ ઉતરતાં તેમાં દરેક ભાઇનો સરખો હિસ્સો હતો.

એક દિન એક ભિખારી તેઓની ખીણમાં આવ્યો અને દરેક ભાઈ પાસે જૂદે જૂદે વખતે ગયો. દરેક ભાઇએ તેને એક પ્રકારનો જવાબ આપ્યો અને કહ્યું કેઃ—" આ મારા ભાગનાં જામફળ તમે લ્યો, પરંતુ જે મારા ભાઇઓના ભાગનાં છે તે હું આપી શકું નહીં. "

આ ભાઇઓનું ન્યાયી અને ઉદારતાભર્યું બોલવું જોઇ એ ભિખારી આનંદિત થયો.

તેણે જો કે ભિખારીના જેવાં કપડાં પહેર્યાં હતાં પણ તેનામાં કાંઇ અજબ શક્તિ હતી. દરેક ભાઇને તેણે, પોતાની મુલાકાત વખતે કોઈપણ જાતની માગણી તેની પોતાની પાસેથી કરવાનું કહ્યું હતુ.

પહેલાએ કહ્યું: "હું એક સુંદર દ્રાક્ષના બગીચાનો માલિક હોઉં તો બહુ ખુશી થાઉ" આ ઉપરથી તે વૃદ્ધ માણસ તેને એક પર્વતવાળા રસ્તામાં થઇને, થોડે દૂર લઈ ગયો અને તેને તેની ઇચ્છિત વસ્તુ બતાવી. પોતાની ઇચ્છા મુજબ એક દ્રાક્ષનો બગીચો પોતાને મળવાથી મોટો ભાઈ ઘણો ખુશી થયો.

બીજા ભાઇને તે વૃદ્ધ માણસે પૂછતાં તે ભાઇ બોલ્યોઃ " મને ઉંચી જાતનાં અને તંદુરસ્ત ઘેટાં બકરાં મળે તો બહુ મઝા પડે. " ભિખારીએ તેને એક જગ્યાએ લઇ જઈ, ઘેટાં બકરાંનો એક મોટો વાડો બતાવ્યો. આ વાડામાં ઘેટાં ચરતાં હતાં અને કેટલીક સ્ત્રીઓ બકરીઓને દહોતી હતી. ભિખારીએ કહ્યું: " આ બધાં તારે માટે છે." બીજો ભાઇ આ સાંભળી ઘણો ખુશી થયો.

ત્રીજા ભાઇને તેની ઇચ્છા પૂછતાં તે શાંત અને ગંભીર સ્વરે બોલ્યોઃ—"હું ફક્ત એક પવિત્ર અને સુસ્વભાવની ગૃહિણી માગું છુ. " ભિખારીએ કહ્યું: " તારી માગણી, તારા બીજા ભાઇઓની પેઠે એકદમ પૂરી પાડી શકાશે નહી. એ પછી, થોડાક વખત પછી તેણે એક સ્ત્રી આણી આપી. આ સ્ત્રી સાથે ત્રીજા ભાઇનાં લગ્ન કરવામાં આવ્યાં અને તે બે જણાં ખીણના એક સુંદર ભાગમાં જઇ વસવા લાગ્યાં પોતાના ભરણપોષણાર્થે આ દંપતિ, સખ્ત મહેનત કરવા લાગ્યાં.

ભિખારી, આ વખત જતો રહ્યો. પરંતુ આશરે બે એક વર્ષ પછી તે ફકીર વેષે આવ્યો. પહેલા ભાઇ પાસે જઇ, તેણે ઘણીજ નમ્રતાથી થોડીક દ્રાક્ષની માગણી કરી. દ્રાક્ષના માલીકે તુંડાઇથી ઉત્તર આપ્યોઃ "જા, જા, દરેકે દરેક ભિખારીને હું મારી દ્રાક્ષ આપતો ફરૂં તો મારે માટે શું રહે ! ચાલ્યો" જા. આ સાંભળી ફકીર તેનું કાંડુ બલથી પકડી, તેને ત્યાંથી દૂર લઈ ગયો અને બોલ્યોઃ " આ બેટાને તું લાયકજ નથી. અને તારી ગરીબાઈ

---

[1] ખાસ બાળકોને માટે નીકળતા "Children's magazine" માંથી આ વાર્તા અનુવાદિત કરવામાં આવી છે.

ઉપન્યાસઃ ચાલુ નવલકથા.

પ્રેમની પાંખો !

[નવા વાંચનાર માટેઃ.

(પ્રકરણ ૧ લું: ચમત્કાર.)—નાદુરસ્ત તબિયત, લ્હેણદારોનો ત્રાસ, અને પત્નીનું મરણ, એથી કંટાળી ગયેલો યુવાન કમળાકર સલાહ-સહાય મેળવવા શ્રી ગુરૂદાસના આશ્રમમાં આવે છે. અહિં તે મહન્તની મનોહર પુત્રી મધુરી દેવીને જુવે છે અને ત્હેના હૃદયમાં તે બાલિકા માટે પ્રેમ પ્રકટ થાય છે. સાધુ જીવન ગાળતા છતાં પણ ગુરૂદાસજીના મન્દિરમાં તે પુષ્કળ સમૃદ્ધિ જુવે છે. અને તેથી જ્યારે મહન્ત ત્હેને " **પ્રેમ અને ત્યાગ** " નો ઉપદેશ કરે છે તથા પોતે પણ સંસારની ઉપાધિઓથી છુટવાની તીવ્ર ઇચ્છા રાખતા હોવાનું જણાવે છે, ત્યારે તે ત્હેના માન્યામાં આવતું નથીઃ મહન્તની વાતમાં કમળાકરને માત્ર વ્યવહાર-કુશળતા, પ્રપંચ અને ઢોંગજ જણાય છે. આથી ત્હેમની પરીક્ષા કરવાને ગુરૂદાસજી પાસે તે માગણી કરે છે કે, " જો ત્હમે આ સંપત્તિથી કંટાળ્યા હો, તો મ્હને તે સઘળું સોંપી દો. ત્હમારે બદલે ત્હેનો ભાર સહન કરવાને હું તૈયાર છું. " ગુરૂદાસજી ત્હેને સમજાવે છે કે તેમ કરવું સ્હેલું નથી; અને જો મહન્ત પદ ત્હેણે લેવું હશે, તો પોતાનું શરીર પણ ત્હેણે ધારણ કરવું પડશે. લોભના પૂરમાં તણાયલો કમળાકર તે મુશ્કેલ શરત કબુલ કરે છે. આથી ગુરૂદાસજી પોતાના યોગબળથી ત્હેની સાથે પોતાનું શરીર બદલી નાંખે છે. **કમળાકરને ગુરૂદાસજીનું શરીર પ્રાપ્ત થાય છે અને ગુરૂદાસજી કમળાકરનું શરીર ધારણ કરે છે !** આમ થયા પછી ગુરૂદાસજી ત્યાંથી ચાલ્યા જાય છે. કમળાકર પોતાને મળેલી સમૃદ્ધિથી પ્રસન્ન થતો હોય છે, એવામાં મહન્તની પુત્રી ત્હેને " પિતાજી ! " કહીને બોલાવે છે. આ વખતે ત્હેના મનમાં સખ્ત વેદના થઇ આવી ભાન થાય છે કે,—દ્રવ્યના લોભમાં ત્હેણે મધુરીને પત્ની બનાવવાનો અધિકાર ખોયો હતો !

(પ્રકરણ ૨ જુંઃ ભૂતકાળના ભણકારા)—વિહ્વલ બનેલા અન્તઃકરણથી કમળાકર શયનસ્થાનમાં જાય છે ત્યાં મહન્તનાં પત્ની (માતાજી) તથા ત્હેમનો પુત્ર સાધુરામ આવે છે અને ત્હેને વ્યગ્ર ચિત્તવાળો જોઇ ચિન્તાશીલ બને છે. પરન્તુ કમળાકર ત્હેમનું સાન્ત્વન કરી શયન કરવાની આજ્ઞા આપે છે.

તેઓ ગયા પછી એકલો પડેલો કમળાકર શ્રી ગુરૂદાસનું પૂર્વ જીવન જાણવા ઇચ્છા કરે છે. અને મહન્તના શરીર સાથે ત્હેણે પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ ત્હેને મળેલી હોવાથી, તે ઇચ્છા ફળીભૂત થાય છે અને ગુરૂદાસજીની જિંદગીના મુખ્ય પ્રસંગો ત્હેની આગળ મૂર્તિમાન થાય છે.

ભદ્રાનદીને કિનારે એક શિવાલયમાં સંતદાસ નામનો બ્રાહ્મણ ઘણાં વર્ષો સુધી " ગાયત્રી પુરશ્ચરણ " કરી તપ કર્યા કરે છે. એક વૃદ્ધ બ્રાહ્મણી અને ત્હેની પુત્રી ત્હેની સેવા કરે છે, પરન્તુ એવામાં તે બાઈ મરણ પામે છે. મૃત્યુ સમયે સંતદાસ પાસેથી તે

વચન લે છે કે પોતાની પુત્રી—ભગવતીને જો યોગ્ય પતિ નહિં મળે તો તે પોતે પુરશ્ચરણ થઇ રહ્યા પછી ત્હેની સાથે લગ્ન કરશે. પરન્તુ ગાયત્રી દેવીની ઉપાસના તો ચાલ્યાં જ કરે છે અને ઘણાં વર્ષો થઈ ગયાં તેથી આખરે ગુસ્સે થઇને તે સંન્યસ્ત લઇ લે છે. શિવાલયની પૂજા તે ભગવતીને સોંપે છે, અને ત્યાંથી ચાલ્યો જાય છે. હવે સંન્યાસી થયા પછી તરત મહાદેવી ત્હેના ઉપર પ્રસન્ન થાય છે અને ચતુર્ભુજ સ્વરૂપે ત્હેને દર્શન આપે છે. પરન્તુ તેથી તો ઉલટો ત્હેનો ક્રોધ વધારે પ્રજ્વલિત થાય છે અને દેવીને તે નિરંતર ગાળો દીધા કરે છે! છતાં ભક્તવત્સલ ગાયત્રી દેવી ત્હેનો ત્યાગ કરતાં નથી]

પ્રકરણ ૨ જું: ભૂતકાળના ભણકારા.

૨. ગુરૂદાસજીનો જન્મ:—

(નવેમ્બર-ડિસેમ્બર, ૧૯૧૩—ના અંકથી ચાલુ.)

આમ ને આમ ૭ એક મહિના વહી ગયા. એક દિવસ નદીને કિનારે ઉભો ઉભો તે ગાયત્રી દેવીને ગાળો દીધાં કરતો હતો, એવામાં પેલો અરાઢ વર્ષ ઉપર મળેલો વૃદ્ધ તપસ્વી ત્હેની દૃષ્ટિએ પડયો. સંતદાસે ત્હેને ઓળખ્યા છતાં ત્હેની તરફ કાંઇ પણ લક્ષ નહિં આપતાં દેવીને અપશબ્દો કહેવાનો નિત્ય નિયમ ચાલુ રાખ્યો. પેલા સાધુએ પાસે આવી બાવજીને અનેક પ્રકારે વાતમાં વાળી ત્હેના મનનું સાન્ત્વન કરવા પ્રયત્ન કર્યો. આખરે સંતદાસને ત્હેની ઉપર વિશ્વાસ આવ્યો અને પોતાને તે મળ્યા પછી જે જે વીત્યું હતું તે સઘળું કહી સંભળાવ્યું. ત્હેણે ફરિયાદ કરી કે " મહાપુરૂષજી ! મેરે સાત પુરશ્ચરણ ભી નિષ્ફળ ગયે ! અબ સંન્યસ્ત લીયા પીછે દેવીકી પ્રસન્નતા કયા કામકી હય, ઓ કુછ કહેંગે ?" આમ બોલીને પાછો તે માતાજી ઉપર વધારે-વધારે ક્રોધ કરવા લાગ્યો. ઘણે પ્રયાસે પેલા મહાત્માએ ત્હેને શાન્ત—સ્વસ્થ કર્યો. ધીમે ધીમે ત્હેને સમજાવ્યું કે " ભાઈ ! ત્હારાં પાપનો ક્ષય પૂર્ણ થયો, એટલે તરત તે મહાદેવીની પ્રસન્નતા ત્હને સમજાઈ શકી, માટે તું વિના કારણ ગુસ્સે થઇને માજીનો અપરાધી ન થા. ત્હેં કરેલી અનન્ય ભક્તિ ત્હારૂં નિઃસંશય કલ્યાણ જ કરશે. પરન્તુ તુ હજી—સંન્યાસી થયા છતાં—સંસારી વાસનાઓને હૃદયમાં સ્થાન આપી રહ્યો છે અને ગાયત્રી મૈયાની ત્હેં નિન્દા કરી છે, તેથી ત્હારી ભોગવૃત્તિઓ ક્ષીણ થયા પછી જ તું માજીને પારે જઇ શકીશ." આ સાંભળીને સંતદાસ શાન્ત—નમ્ર થયો, એટલુંજ નહિં, પરન્તુ તે ગભરાયો પણ ખરો. કારણ કે જે સંસારનો ત્હેણે ત્યાગ કીધો હતો, ત્હેમાં પુનઃ પ્રવેશ કરવાનું પાપ ત્હેને માથે લેવું પડે તેમ હતું. તે વૃદ્ધ સાધુએ ત્હેની મૂંઝવણનો નિકાલ કરતાં કહ્યું. " ત્હારી પાર્થિવ વાસનાઓ નષ્ટ કરવાને, સંસારમાં રહીનેજ તે ભોગવી ... વશ્યક છે. બચ્ચા ! ત્હેં લીધેલો સંન્યાસ ખરો નથી. તે વિરાગ વૃત્તિનું ... એટલે ત્હેનો ત્યાગ મુશ્કેલ નથી. કરેલો સંકલ્પ શુદ્ધ અન્તઃકરણનો ન... સંકલ્પજ ન્હોતો; આથી, ત્હેના ત્યાગમાં બહુ પાતક નથી. ... હોય તો પણ મહાદેવીની અવગણના અને નિન્દા ત્હેં કરી

... લીધાં.
। જણે વ્હેંચી
પોતે આપવું—
સપાસ ફરનારા
યજ હતો ! કારણ
ગુરૂદાસ-

તો અવશ્ય ભોગવવુંજ પડશે. વળી જે સ્ત્રીએ અપૂર્વ ભક્તિથી વર્ષોના વર્ષો સુધી ત્હારી સેવા ઉઠાવી; ત્હેનો કાંઇ પણ બદલો વાળ્યા સિવાય—ત્હેની કાંઇ પણ ચિન્તા રાખ્યા વિના, માત્ર અધમ સ્વાર્થવૃત્તિને અનુસરીને તું સંન્યાસી થઇ ગયો: ત્હેનું ફળ પણ ત્હારે ભોગવવું પડે, એ સ્વાભાવિક છે. આ સર્વ દોષોના નિવારણ તરીકે ત્હારે સંસારમાં પાછા જવું જરૂરનું છે અને તે પરમ સાધ્વી બાઇ જે ખરા અન્તઃકરણથી ત્હનેજ પતિ સ્વરૂપ માની રહી છે, તે ભગવતીની સાથે લગ્ન કરવું, એ માતાજીની આજ્ઞા છે, એમ સમજ. ત્હારૂં કરેલું તપ કદિ નાશ પામવાનું નથી, પામેજ નહિ. **नहि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात गच्छति***—એ પ્રભુ વચન સ્મરણમાં રાખીને તું ત્હારા ધર્મનું પાલન કર. ત્હમારા જેવાં સાધુ, પવિત્ર દંપતીને જે સંતતિ થશે તે મહા સમર્થ અને પરમ ભગવદીય થશે, એટલુંજ નહિં, પરન્તુ ત્હારી સંસાર ત્યાગની ઇચ્છા અંતઃકરણની હશે તો તું ત્હારી અવશેષ રહેલી વાસનાઓ અને ત્હને પ્રાપ્ત થયેલી સિદ્ધિઓ તે સંતાનને સમર્પણ કરી, મૈયાને પારે સત્વર જઇ શકીશ. માટે કાંઈ પણ ચિન્તા અથવા અશ્રદ્ધા રાખીશ નહિં. માજી ત્હારા ઉદ્ધાર અર્થેજ આ સઘળું કરે છે, એમ ખાત્રી પૂર્વક માનજે. "

પેલો તપસ્વી આટલું બોલીને ત્યાંથી ચાલતો થયો અને સંતદાસ જાણે તે પ્હેલાં તો દૃષ્ટિ બ્હાર ગયો. આ જ સમયે આ બાવાજીને પણ મહાદેવી ગાયત્રીની મૂર્તિ સૌમ્ય, આનન્દન, દયાપૂર્ણ, વત્સલતામય મૂર્તિનાં દર્શન થયાં અને હૃદયમાં જાણે. તે અપૂર્વ કરુણા—પ્રીતિ—ભક્તિ—શ્રદ્ધા પૂરતી હોય નહિ તેમ, અલૌકિક પ્રકાશમાં વિલસતી અદૃશ્ય થઇ. હવે સંતદાસને એમજ લાગ્યું કે, તે સાધુ બીજો કોઈ નહિ પણ શ્રી **શંકર** ભગવાન પોતે, લગભગ પચીસ વર્ષની સેવાના ફળરૂપ, ત્હેને મહા પાતકોમાંથી ઉગારી લેવા પધાર્યા હતા. આથી શાન્ત, સ્વસ્થ, સંતુષ્ટ હૃદયથી તે શિવાલયમાં પાછો આવ્યો. ભગવતીની ઇચ્છાનો તો સવાલ જ ન્હોતો; કારણ કે તે મન વચનથી ક્યારનીય ત્હેને વરી ચૂકી હતી, તેથી ત્હેની સાથે લગ્ન કર્યું. પરન્તુ એ નવીન દંપતી જીવનનું આટલું સ્વાસ્થ્ય પણ લાંબો સમય ટક્યું નહિં. પત્ની ગર્ભવતી થઇ એવામાંજ પતિનું સુખ ત્હેણે ખોયું. સંતદાસ અકસ્માત્ મરણ પામ્યો એટલે જન્મતાં પ્હેલાંજ પિતા રહિત થયેલા પોતાના બાલપુત્ર ગુરૂદાસને ઉછેરવાનું, ભણાવવાનું, અને ત્હેનું પોષણ કરવાનું સઘળું કર્તવ્ય ભગવતીને માથે આવી પડ્યું. પરન્તુ પુરશ્ચરણ પૂરૂં કર્યા પછી સંતદાસ જે થોડો કાળ જીવ્યો, તેટલા વખતમાં ત્હેનો પ્રતાપ અને મહિમા આસપાસના પ્રદેશમાં એવો તો વ્યાપી ગયો હતો કે દેવાલયમાં આર્થિક સાધનોની કાંઇ ન્યૂનતા ન્હોતી. અને બીજી રીતે ભગવતીએ પોતે પણ ઘણા લાંબા વખત સુધી સંત સમાગમ અને સાધુ સેવાને લીધે ત્રને સન્માર્ગે કેળવવાના કામ માટે સર્વ પ્રકારની યોગ્યતા મેળવી હતી, એટલે આ મ અતિ કઠિન અથવા ત્હેન શક્તિ બ્હાર ન્હોતું.

તે ઇચ્છા ફળીભૂત્જીવન:

મૂર્તિમાન થાય છે જન્મથીજ વિલક્ષણ બાળક હતા. ત્હેમનું શરીર નીરોગી, બાંધો

ભદ્રાનદીને : આકૃતિ મોહક હતી. પરન્તુ ત્હેમનું ખરેખરૂં આકર્ષણ ત્હેમના સુન્દર

* ગાયત્રી પુરશ્ચરણે પણ કલ્યાણ કરનારની કોઇ રીતે દુર્ગતિ થતી નથી:—શ્રીમદ્

સેવા કરે છે, પરન્તુ -

નયનમાં હતું. સાધનસંપન્ન, વિશાળ મિલ્કત વાળા મન્દિરની માલીક—સાધ્વી ભગવતી મૈયાના તે પુત્ર ન હોત, અને કોઈ ગરીબ ભીખારીને ઘેર ત્હેમનો જન્મ થયો હોત, તો પણ ત્હેમની સુરમ્ય આકૃતિની મોહિની હરકોઈ મનુષ્યને પ્રિય લાગ્યા વિના રહેત નહિં. બુદ્ધિ—પ્રતિભાનો પ્રકાશ જે ત્હેમના મુખ ઉપર જોવામાં આવતો, તે અલૌકિક જ હતો.

દેશ દેશાન્તરમાં ભટકીને આખરે ગામને આશ્રયે આવી પડેલા નિર્ધન બ્રાહ્મણના પુત્ર કરતાં અત્યારે ત્હેમની સ્થિતિ જૂદી હતી. ગૃહસ્થાશ્રમ શરૂ કર્યાં પછી સંતદાસની સાધુતા અથવા સિદ્ધિઓને લીધે, ગમે તેમ પણ અહિંના શિવમન્દિરનું માહાત્મ્ય વધી પડ્યું હતું, અને ત્હેને લીધે ત્હેની આવક—ત્હેનાં સાધનો–માં પણ અભિવૃદ્ધિ થઇ હતી. જે સ્થાનમાં શંકરના બાણની દિવસમાં એક વખત પણ મુશ્કેલીથી પૂજા થતી, તે જ મન્દિરમાં અહોરાત્ર ચાલ્યાં કરતું સશાસ્ત્ર વિધિપૂર્વક શિવપૂજન ગામના લોકોને આશ્ચર્ય પમાડે, એ સ્વાભાવિક છે. દેવાલયની આસપાસ ન્હાનકડી વાડી વધીને હવે આખું ઉપવન મન્દિરની સત્તામાં આવ્યું હતું અને અહિં આવતાં યાત્રાળુઓની વધતી જતી સંખ્યાને લીધે કોઇ ધર્મનિષ્ઠ સજ્જન તરફથી ધર્મશાળા પણ બંધાઇ ચૂકી હતી સર્વત્ર કોઇ મ્હોટો મઠ અથવા આશ્રમ હોયની એમ દેખાવ નજરે પડતો હતો

ભગવતીએ ગુરૂદાસની કેળવણીનું કામ પોતાનાજ હાથમાં રાખ્યું હતું, પરન્તુ ત્હેના શિક્ષણની વધતી જતી જરૂરિયાતો ત્હેનાથી પૂરી પડવામાં પાછળથી ધીમે ધીમે મુશ્કેલીઓ નડવા લાગી. કારણ કે આ બાલકનું બુદ્ધિગૌરવ સાધારણ ન હતું. એવામાં સંતદાસના ગુરુ જે ઘણી વૃદ્ધ ઉમ્મરે પ્હોંચ્યા હતા, તે યાત્રાએ નીકળેલા, આ ધામમાં આવી પ્હોંચ્યા અને ભગવતીના પ્રીતિપૂર્વક આગ્રહને લીધે તેઓ અહિં રોકાયા. ત્હેમણે આ કામમાં સહાય થવાનું સ્વીકાર્યું. આથી હવે ગુરૂદાસના અભ્યાસની ગતિ વધારે ત્વરિત થઈ. આ ગુરુજી બહુ ચમત્કારિક શક્તિઓ વાળા મહાત્મા હતા તેઓ જોઇ શકયા હતા અને ભગવતીને પણ ત્હેમણે જણાવ્યું હતું કે,—" આ બાલક બહુ પ્રતાપી થશે ત્હેના જન્મકાળના ગ્રહો ઉપરથી તથા મુખાકૃતિ અને હસ્તરેખાઓનાં બીજા ચિહ્નો ઉપરથી જણાય છે કે ત્હેને "લક્ષ્મીયોગ" " રાજયોગ " અને "પ્રવ્રજ્યા યોગ " થયા છે. એટલે ને મહા સમર્થ જ્ઞાની, ત્યાગી, સાધુ પુરૂષ થવો જોઇએ. પરન્તુ ત્હેના યૌવનકાળમાં ત્હેને જિંદગીનાં ઘણાં સંકટો સહન કરવાં પડશે અને ઉત્તરાવસ્થામાં તે એક એવું મહા સમર્પણ કરશે કે જેને લીધે તે કેવલ નો થશે પણ તેણી ત્હેનાં બાકી રહેલાં સંચિત કર્મો ક્ષીણ થઈ જઈ તે પરમ કલ્યાણનો અધિકારી થશે ભગવતી મૈયા ! આ કોઈ મહાન્ આત્માનો અવતાર છે અને ત્હેની માતા થવાનું ત્હમારૂ પુણ્ય છે તે પણ ત્હમારા દીર્ઘ કાળની તપશ્ચર્યાનુંજ ફળ છે."

ભગવતી ગમે તેટલી સાત્વિક વૃત્તિવાળી હતી, ગમે તેટલી વિરાગ તરફ પ્રેમ લીધા હતી, છતાં એક માતા હતી, અર્થાત્ ત્હેનામાં માતૃત્વ હતુ. તે આંશિન જણે બ્હેંથી થાય એમાં કાંઇ નવાઇ જેવું નથી, પરન્તુ સંતદાસ જેવા મહાત્માનો પુત્ર પોતે આપવું— માથે ગુરૂજી જેવા મહાત્મા છત્ર સમાન વિરાજતા હતા, ત્હેને યુવાવસ્થામાં સપાસ ફરનારા દુઃખોની ભીતિ રૂહે, એ દિલગીરી ભરેલું ત્હેને જણાયું આથી ગુરૂજીને ચજ હતો । કારણ

ના. પરન્તુ ગરૂના-

જીને પોતાનો કેસ એટલો તો સબળ લાગ્યો કે ત્હેમને વિજય પામવાની ખાત્રી હતી; અને ખુશામતીયાઓએ ત્હેમને તે વિચારમાં દૃઢ કર્યા હતા. પરિણામ એ આવ્યું કે જ્યાં પંચનો નિર્ણય બ્હાર પડ્યો કે તરત ગામના લોકોએ મળીને પેલા બાવાને અર્ધી મિલ્કત સોંપાવી દીધી અને ગુરૂદાસજીના ઉપર લ્હેણદારોની એવી જબરી દોડાદોડ થઈ આવી કે બાકીનો પોતાને કબજે રહેલો મિલ્કતનો ભાગ પણ સોંપી દઇને છૂટા થવું ત્હેમને મુશ્કેલ થઇ પડ્યું. પરન્તુ અન્તે તેમ તો થયું; અને જગતનો પવન પણ જેના શરીરને સ્પર્શ કરી ઈજા ન કરી શકે એવી જેને માટે બાલ્યકાળમાં નિરન્તર કાળજી રાખવામાં આવતી હતી, તેજ યુવાન મહન્તને પોતાનું સ્થાન ત્યજી અત્યારે પ્હેરેલાં લુગડાંભેર ત્હેમાંથી ચાલી નીકળવું પડ્યું!

સાવિત્રીદેવી આ મન્થન કાળમાં ત્હેમને ઘણી રીતે ઉપયોગી થયાં હતાં. ત્હેમને મન્દિરમાં ચાલતી અવ્યવસ્થા અને પક્ષાપક્ષીથી અજ્ઞાત રાખવામાં આવ્યાં હતાં, પરન્તુ વાસ્તવિક રીતે તેમ ન હતું. ત્હેમની ઝીણી બુદ્ધિએ માણસોની યોગ્ય તુલના થોડાજ સમયમાં કરી દીધી હતી, પરન્તુ ત્હેમના હૃદયની પતિ ભક્તિ એટલી ઉંડી, એટલી અસાધારણ હતી, કે તેઓ પતિમાં પ્રભુનો અવતાર જોતાં હતાં; એટલે ગુરૂદાસના દોષોને પણ ગુણ રૂપજ નિહાળતાં. પણ ધીમે ધીમે મહન્તે જ ત્હેમની પાસે પોતાની મુશ્કેલીઓની વાત કરવા માંડી, ત્હેમની સલાહ પૂછવાનું શરૂ કર્યું, અને તે અનુકૂળ જણાયે તે પ્રમાણે વર્તન પણ કરવાનો સંકલ્પ કર્યો; પરન્તુ હાલ તેથી કાંઈ ફળ ન્હોતું. કારણ કે વિરોધી પક્ષનો પ્રપંચ એટલો તો મજબૂત થઇ પડ્યો હતો કે ત્હેના ઉપર તાત્કાલિક કાંઈ અસર ન થઇ અને છેવટે પતિપત્નીને મન્દિરનો ત્યાગ કરવો પડ્યો.

ગુરૂદાસજી અને સાવિત્રીદેવીને હવેજ ખરેખરો સંસારની કટુતાનો અનુભવ થયો. સાવિત્રીદેવીને તે વાત નવી નહોતી; બાલપણમાં પોતાના કુટુંબ સાથે ત્હેમણે તે દુઃખદ સ્થિતિ અનુભવી હતી. પરન્તુ ગુરૂદાસજીને ત્હેનો પ્રહાર બહુ સખ્ત થયો, ત્હેની વેદના અતિ તીવ્ર થઇ પડી અને મનની આવી સ્થિતિમાં સાવિત્રીદેવીની તબિયતનો સવાલ પણ મ્હોટો હતો. ત્હેમને શ્રીમન્તનો પ્રસંગ હતો. આ ઉત્સવ મન્દિરમાં કેવી રીતે ઉજવવો, એ વિશે અનેક વિચાર ચાલતા હતા, એવામાં પોતાના નિત્ય જીવનના નિર્વાહની પણ આ [illegible]રે મુશ્કેલી આવી પડી હતી, એટલે વિશેષ અન્તર્ વ્યથા થતી હતી. ગુરૂદાસજી ઘણી[illegible]ર મનની શાન્તિ ત્યજી દેતા,–વિષાદનાં વિષપૂરમાં ખેંચાઇ અસ્વસ્થ, અચેતન સમાન [illegible]ઘુ થઇ જતા, પરન્તુ ત્હેમનાં સાધ્વી પત્ની તો સર્વદા એકમાર્ગી પ્રીતિ, શ્રદ્ધા, અને [illegible]ને કોમળતાથી પ્રિય પતિની સુશ્રુષા, સાન્ત્વન કર્યાંજ કરતાં. આવા પ્રસંગોમાંજ [illegible]રૂદાસજીને સાવિત્રીદેવીની ખરી સાધુતા, ભક્તિ, અને વિરલ મધુરતાનો અનુભવ થયો.

આ બંને પતિ પત્ની દૂરના દેશોમાં ચાલ્યાં ગયાં હતાં. માર્ગમાં જે સંકટો ત્હેમને [illegible]વાં પડ્યાં તે ખરેખર ત્રાસજનક હતાં. એક ગામડાની ધર્મશાળામાં તદ્દન સાધનહીન [illegible]સ્થિતિમાં, સાવિત્રીદેવીને પુત્ર પ્રસવ થયો. રાત્રિનો સમય, પાસે પૈસો નહિં, નિકટ કોઇ [illegible]માણસ નહિં અને પત્નીની તીવ્ર વેદનામાં તે ઓછી કરવાના કાંઇ પણ ઇલાજનું જ્ઞાન [illegible]હેં! પરન્તુ પ્રભુ દયાળુ છે. એક ગરીબ ખેડૂતની સ્ત્રી ખેતરમાં જતી હતી, ત્હેને જો[illegible]ને ગુરૂદાસજીએ પોતાની મુશ્કેલી જણાવી; અને તત્કાળ તે ઉદાર દિલની બાઈ ત્હેમની

સાથે આવી. જરૂરનો દરેક ઈલાજ ત્હેણે કર્યો, પંદર વીસ દીવસ સુધી ખોરાક, દવા વગેરે સઘળી જરૂરિયાતો ત્હેણે પૂરી પાડી અને છેવટે જૂદાં પડતી વખતે એક સોનાની વીંટી ગુરૂદાસજીએ પોતાની પાસે રાખી મૂકી હતી તે જ્યારે બદલા તરીકે આપવા માંડી, ત્યારે તે લેવાની પણ ત્હેણે આગ્રહ પૂર્વક ના પાડી. સાવિત્રીદેવી અને એ બાઇ આંખમાં આંસુ સાથે એકબીજાને ભેટીને અંતે જૂદાં પડયાં.

ગુરૂદાસજીને અયાચક વ્રત હતું. અત્યાર સુધી ત્હેમણે કદિ પણ કોઈ પાસે યાચના કરી ન્હોતી. જરૂર પડતી ત્યારે સાવિત્રીદેવી કોઈ કોઈ સ્થળેથી ગુજરાન જેટલું લઇ આવતાં. પરન્તુ હવે પત્નીની નબળી સ્થિતિ ત્હેમણે જોઇ; અને બાળકને તેડીને મુસાફરી કરવી, ત્હેમાં પાછી રસોઈ તૈયાર કરવી–વાસણ અબોટ કરવો, તથા ગામમાં જઇને નિર્વાહ માટે ભિક્ષા માગી લાવવી,–એ ત્હેમને ભારે પડતુ જોઇ, મહન્તે પોતાનું વ્રત પણ મૂકી દીધું. સાવિત્રીદેવી તો અનન્ય ભીદાશથી પતિને સર્વ ક્લેશકર પ્રસંગોથી દૂરજ રાખવાને પ્રયત્ન કરતાં હતાં; પરન્તુ ગુરૂદાસજીએ પોતાના અન્તઃકરણમાં વ્રતનો ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો અને પત્નીનાં સઘળાં કામોમાં હવે ત્હેમણે સહાય આપવા માંડી. દુનિયાંમાં કડવામાં કડવો–ભિક્ષાવૃત્તિનો અનુભવ પણ ત્હેમને હવે પ્રાપ્ત થયો.

આમ હમ્મેશાં ભટકારા મારવાથી ત્રાસીને તથા આર્થિક સાધનની ન્યૂનતાથી કંટાળીને કોઈ પણ વિશ્રાન્તિ આપે એવા સ્થળની તપાસ કરવા લાગ્યા. આવું સ્થાન હાથ લાગવું મુશ્કેલ હોય છે, પરન્તુ સદ્ભાગ્યે ત્હેમની પૂર્ણ જાહોજલાલીના વખતમાં ત્હેમના મન્દિરમાં ઉદાર સત્કાર પામી ગયેલો એક બાવો ત્હેમને અકસ્માત્ મળી ગયો. મહન્તની આ સમયની દુર્દશા જોઇને ત્હેને દયા આવી અને સમિપ આવેલા શહેર પાસે પોતાના ગુરૂનો અખાડો હતો ત્હેમાં તે ત્હેમને લઇ ગયો. વૈરાગીઓના આ ધામમાં ગુરૂએ આ દંપતીને રહેવા દેવાને આનાકાની તો કરી, પરન્તુ તે બાવાના આગ્રહથી અને ગુરૂદાસજી તથા ત્હેની પત્નીએ અખાડામાં રહી કામમાં મદદ કરવી એ શરતથી ત્હેમને તેમ કરવાની પરવાનગી આપી. "સાધુ" તરીકે હિન્દુસ્થાનની આધ્યાત્મિક સંપત્તિ ગણાતા, આવા વૈરાગીઓ કેવા દુર્ગુણી ઇર્ષ્યાખોર, લોભી, તોફાની હોય છે ત્હેનો પૂરો અનુભવ મહન્તને અહિં થયો. છતાં આવુંયે આશ્રયસ્થાન વિપત્તિના સમયમાં મળ્યું તેથી ગુરૂદાસજીએ પ્રભુનો ઉપકાર માનતાં સંતોષ પૂર્વક અહિં રહેવાનો નિશ્ચય કર્યો.

ખરૂં જોતાં અખાડાનું બધુ કામ આ પતિ પત્નીજ કરતાં હતાં; છતાં એક બાવાએ ત્હેમને ત્યાં દાખલ કર્યા, એટલે સ્વાભાવિક રીતે બીજાઓ ત્હેમના દુશ્મન થયા અને એક બે જણે સાવિત્રીદેવી ઉપર કુદૃષ્ટિ કરી, ત્હેમની સખ્ત ખબર પેલા બાવાજીએ લઇ લીધીઃ તેથી ધીમે ધીમે ત્હેમના વિરોધીઓનો પક્ષ વધવા લાગ્યો. અને તેઓ દેખીતી રીતે નહિં તો ગુપ્ત સાધનથી પણ આ બંનેને બહુ હેરાન કરવા લાગ્યા. ગુરૂદાસજીને કાંઇક વિશ્રાન્તિનું પણ આ સ્થાન મુશ્કેલીથી પ્રાપ્ત થયું હતું, તેથી તે ત્હેનો ત્યાગ કરવાને ખુશી ન્હોતા. પરન્તુ પોતાની કોમળ પત્ની આટલું કષ્ટ સહન કરીને અખાડાનું કામ કર્યા કરતી, છતાં ત્હેની તરફ ચાલુ રહેલી પજવણી ત્હેમનાથી જોઈ શકાઇ નહિં. અન્તે અહિંથી પણ તેઓએ ચાલ્યાં જવાનો નિશ્ચય કર્યો. પરન્તુ જે બાવાજીને લીધે ત્હેમને

ઠ. આનંદજી મૂલજી પાંચી તરફથી ભેટ.

સુન્દરી સુબોધ.

સ્વર્ગસ્થ સાક્ષરવર્ય ગોવર્દ્ધનભાઇના શબ્દોમાં કહીએ તો.–"સ્ત્રીયો પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુંબપોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બળવતી, રોગહીન અને સુન્દર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુમ્બબન્ધનમાંથી તેઓ મુક્ત–સ્વતંત્ર થાય, ને તે મુક્તતાથી અને સ્વતંત્રતાથી કુટુમ્બની મૂર્ખ ઇચ્છાઓ અને ક્લેશોમાંથી છુટી, એ કુટુમ્બનાં ખરાં કલ્યાણ કરવા શક્તિમતિ અને ઉત્સાહિની બને, કુટુમ્બના બાળક વર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધ વર્ગોની કલ્યાણવાસનાઓ તૃપ્ત કરે," સાધ્વી પત્ની થઈ પતિનું જીવન ઉન્નત કરે, પતિતપાવન સેવાભગિની બની દુઃખતિમિરમાં ડૂબતાં બાન્ધુનાં આત્મા–હૃદય ઉદ્ધારે; માતૃભક્ત પુત્રી તરીકે હિન્દમૈયાનાં સંતાનોના વિકાસ અને પ્રગતિની સહાયક થાય, તથા પ્રજાવત્સલ જનનિ રૂપે સ્વદેશમાં ઉદયસૂર્યનાં તેજસ્વી, ઉદ્ધારેશર્યા કિરણો પૂર્ણ વિસ્તારથી પ્રસારેઃ—એજ આર્યસુન્દરીઓના જીવનની સફલતા છે. "સ્ત્રીવિના ગૃહ નથી, ગૃહવિના પ્રજા નથી, અને પ્રજાવિના રાજ્ય નથી...સ્ત્રીની ઉન્નતિવિના દેશની ઉન્નતિ અશક્ય છે."

વર્ષ ૧૧ મું.] ઈ. સ. ૧૯૧૪, મે–જુનઃ [– અંક ૯–૧૦.

काव्यकुंज.

સુન્દરી જીવન.

લેખકઃ શ્રીયુત્ "સિંહ"—અમદાવાદ.

સોરઠ.–જગવાડીની અનુપમ લતા સદ્‌ભાગી સુંદર સુંદરી;
સુંદર સુઆત્મે, તન, મને, ગુણીય ખરી ગૃહસંદરીઃ

સ્નેહ સુરભિ સુગંધભર સ્નેહે સુપુષ્પો વેરતી,
નિજ ધર્મ કર્મ કરી સદા, પ્રિય ઉર–પ્રભામાં ખેલતીઃ

જગ જીવનની મીઠાશ ને રસરેલ રમણી રેલતી;
સુખ સાગરે ઉભરાવતી, કર્તવ્યમાં જગ પ્રેરતીઃ

સૃષ્ટિ તણા સૌંદર્યની શક્તિ સદા સત્સુંદરી,
શુભ પ્રવૃત્તિમય સેવતી મનુજીવનને ગુણસુંદરી.

સીતારામનો પ્રસાદ.

(શ્રી રામજયંતિની અમારી હરિકથાનું મુખ્ય ગીત.)

લેખકઃ રા. રા. મૂળજી દુર્લભજી વેદ.--મુંબાઈ.

સીતારામનો પ્રસાદ, સીતારામનો પ્રસાદ:
શિયળકાન્તિનો પ્રસાદ, પરમ શાન્તિનો પ્રસાદ;
સીતારામનો પ્રસાદ, સીતારામનો પ્રસાદ. (ધ્રુવ.)

સ્નેહ લગ્નનો પ્રસાદ, સ્નેહ યજ્ઞનો પ્રસાદ;
શુદ્ધ શક્તિનો પ્રસાદ, ભવ્ય ભક્તિનો પ્રસાદ:
સીતારામનો પ્રસાદ, સીતારામનો પ્રસાદ.

ભવ્ય ભોગનો પ્રસાદ, અજબ જોગનો પ્રસાદ;
સત્ રાગનો પ્રસાદ, અમર બાગનો પ્રસાદ:
સીતારામનો પ્રસાદ, સીતારામનો પ્રસાદ.

જીવ તારતો પ્રસાદ, દેહ તારતો પ્રસાદ:
સૃષ્ટિ સેવાનો પ્રસાદ, મોક્ષ મેવાનો પ્રસાદ:
સીતારામનો પ્રસાદ, સીતારામનો પ્રસાદ.

પાપ કાપતો પ્રસાદ, અગ્નિતાપનો પ્રસાદ;
રોગ નાશનો પ્રસાદ, પરમ આશનો પ્રસાદ.
સીતારામનો પ્રસાદ, સીતારામનો પ્રસાદ.

પુણ્ય સાજનો પ્રસાદ, પુણ્ય કાજનો પ્રસાદ;
પુણ્ય રાજનો પ્રસાદ, પુણ્ય પાજનો પ્રસાદ:
સીતારામનો પ્રસાદ, સીતારામનો પ્રસાદ.

રામરાજ્યનો પ્રસાદ, નીતિરાજ્યનો પ્રસાદ;
વિમળ વાતનો પ્રસાદ, સીતા માતનો પ્રસાદ:
સીતારામનો પ્રસાદ, સીતારામનો પ્રસાદ.

રામ નામનો પ્રસાદ, મોક્ષ ધામનો પ્રસાદ;
સીતારામનો પ્રસાદ, જગ-આરામનો પ્રસાદ:
સીતારામનો પ્રસાદ, સીતારામનો પ્રસાદ.

સ્ત્રીઓના હક.

(ઇંગ્રેજી ઉપરથી)

૧.

અનુવાદક શ્રીયુત " મસ્ત " (બી. એ.)-અમદાવાદ.

(રસીઆ ગિરધારી, સુંદર શામળા-એ રાહ)

જોને જ્યામાં, બેની ! વિચાર કર્યો છે કોદી,
ખરા આ સ્ત્રિઓના હક છે, રહેલા સંસા...રે:—જાેા.
ઘરકામ, પ્રેમ અને પ્રભુ પ્રાર્થના ..એ છે (૨),
વીંધાયેલ હૃદયી દુ:ખના, ભાગી છે થવાનું બેની !— ખરા.—જાેા.
સુતેલાની ચિંતા માંદી, સ્ત્રિને જાગવું એ...છે (૨),
આશ્વાસન દૈને છાનું, રોનારૂં રાખવું, બેની !— ખરા.—જાેા.
ભય, બ્હીક એ બન્નેને, દુર કરવાં...એ છે (૨),
નિરાશા આશાનો મંત્ર ફુંકીને, હઠાવી, બેની !— ખરા.—જાેા.
વેદના મરણની ઓછી, કરવાની એ...ને છે (૨),
સ્વરૂપ શાંતીનું ધારી, આનંદે ઝુલાવી બેની !— ખરા.—જાેા.
પુરૂષાર્થ નિષ્ફળ જાતાં, બેસે માથું પકડી તેને (૨),
આશાને છુપેલી મુશ્મિાં, બતાવી દેવી, એ બેની ! ખરા.—જાેા.
હડે હડે થાતા જીવને પાડવો ઠેકાણે એ છે (૨),
પતી, પત્ની, મત ભંગીને, ચડાવ્વું ચિલે, એ બેની !— ખરા.—જાેા.
અનાથ બાળો ને વિધવા કેરી વારે ધાવું એ છે (૨),
દઇ ધ્યાન બચ્ચાંઓમાં, પ્રભુ પ્રીત પ્રેરો, બેની !— ખરા.—જાેા.
પ્રેમ છાપ પૂરી પાડી, ઉમંગે ઉછેરો એ છે (૨),
યુવાની કલોલ કરતી, ડામી નહીં દેવી, બેની !— ખરા.—જાેા.
કેળવી બુદ્ધીને કરવી ઉચ્ચાશય વાળી એ છે (૨),
જગ સુખ ત્યાગી દેવી, ભણી ઉડતે શિખવો, બેની !— ખરા.—જાેા.
જીવન મરણ સ્નેહી સાથે, સાંધી દેવૂં એ છે (૨),
હાસ્ય ને મિઠાશે બનવું, શશી શરદ પૂનમ, બેની !— ખરા.—જાેા.
શોભાવે સ્ત્રિઓને હક આ, બન્નવે સંસા...રે (૨),
તન મન ધનથી કરવી ફરજો અદા આ, બેની !
અકળાવું અમથાં નાહીં, નારી અવતા...રે—જાેા.

(૨)

અનુવાદક: શ્રીયુત્ " હરિ "—અમદાવાદ.

(ઓધવજી ! સન્દેશો, કહેજો શ્યામને–એ રાગ)

સાહેલી ! શા શા છે હક્કો આપણા ?
" મ્હાલું–રહેવું ! "—કરવું જીવન કર્મ જો;
નિર્મળ ચિત્તથી પ્રભુ ભક્તિ પ્રેમે કરો,
વ્હાલી બ્હેનો ! માનો એ નિજ ધર્મ જો.

" રોનારાંની સાથે રોવું આપણે, "
મનુજ હૃદયમાં નવલું ચેતન રેડવું;
નયનેથી વ્હેતાં આંસડાં લૂંછવાં,
ભય સહુનો કરી નાશ, અભય બ્હેની ! થવું.

ચિન્તાગ્રસ્ત જનોની ચિન્તા ટાળવી,
નિરાશામાં ફુંકો આશા–મંત્ર જો;
સદૈવ સેવી રોગ પિડાતાં માનવી,
ધીરજ કેરાં શીખવો અમૃત તંત્ર જો.

જ્યારે જગની આશ વિનાશ થતી દીસે,
મીઠી સ્વર્ગીય શ્રદ્ધા તવ ત્હેને દીયો;
ર્‌વડી મરતાંને નિજ ઘર બતલાવવું,
દુષ્ટ પથે ભમતાં સન્માર્ગે ન્હડાવજો.

અનાથ બાલો વિધવા અબલાઓ ઘણી,
દો ત્હેને શાન્તિ, સુખ, ને આરામ જો;
ન્હાનકડાં બાલોમાં નીતિ પ્રેરવી,
પ્રભુ પન્થે દોરવવાં લાવી પ્રેમ જો.

મમતાળુ મધુ ઝરતાં વચનો બોલતાં,
બાલ જીવન વિકસાવો પ્રીતિ રેલી જો;
કેળવણી આપી, બુદ્ધિને ખીલવી,
આત્મા કંઇ ભીંજવો ચલવી રસહેલિ જો.

શીખવો, બ્હેનો ! ખોટાં સુખ તજવાનું, ને
અર્પો ઉર દૈવી સુખ તણા તરંગ જો;
વ્હાલી બ્હેનો ! એ હક્કો સહુ આપણા,
કયેમ ન ભોગવીએ આણી ઉમંગ જો.

જીવવું જગમાં પ્રિયની પ્રીતિ કારણે,
મરવું, વળી એ પ્રેમ પ્રતીતિ આપવા;
પૃથ્વી પરનાં ગૃહજીવન દીપાવવાં,
મધુરાં વચનો વદતાં હાસ્ય વડે મીઠાં.

બ્હેનો ! સન્માર્ગે તમ જીવિત ગાળજો,
ઉપયોગી, આનન્દનઃ એ સ્થળ સ્વર્ગ છે;
આપણુંને વધુ હક્કની પછી જરૂર શી ?
સુન્દરી કેરા સર્વોત્તમ હક્ક આજ છે !

બરબડવું મિથ્યા શા માટે આપણે ?
કે જગદીશે આપ્યો સ્ત્રી અવતાર જો;
પ્રભુએ આપી બુદ્ધિ સદ ઉપયોગથી,
દુનિયાં અજવાળે: એ જીવન સાર જોઃ
સાહેલી ! દ્વારો છે ખુલ્લાં સ્વર્ગનાં !

હો ! શાણી.

લેખકઃ રા. રા. ગોકુળદાસ દ્વારકાંદાસ રાયચુરા.—મુંબાઈ.

નેહનાં નયણાં ને મંજુલ વાણી,
સાસરીયે જઇ ધરજે હો ! શાણી;
વ્હાલેરાં વ્હાલેરાં વચનોની લ્હાણી,
સાસરીયે જઇ કરજે હો ! શાણી.

સ્નેહનું મન્દિર ને શાંતિની શાળા,
ગૃહને બનાવી રહેજે હો ! બાળા;
સ્વામીની સેવાના પાઠો રસાળા,
ધ્યાન ધરીને પઢજે હો ! બાળા.

કુટુંબ પ્રેમીને સંસારે રહેમી,
સ્નેહી સુધા સમ બનજે હો ! બ્હેની;
જીવન જ્યોતી ને સત્યની ધુની,
વિનય વિચારે જગાવે હો ! બ્હેની.

સ્વામી સંતોષને-સ્નેહ અમાણી,
સેવિકા ધર્મને ધરજે હો ! શાણી;
સહન શકિત ને ધૈર્ય પીછાણી.
જગમાં વિચરજે સદાયે હો ! શાણી.

પવિત્ર બાલાઓ

ભાવિ ભારતની પ્રેમાળ માતાઓને—

લેખકઃ રા. રા. પરશુભાઈ વ્હાલાભાઈ શર્મા.—મુંબઈ.

(ક્યાંથી આ સંભળાય મધુર સ્વરઃ-એ રાહ. આશાવરીમાં પણ ગવાયછે.)

બાળા ! છો ભાવિ ભારતની માત;
ત્હમે છો નવીન પ્રજાની માત. બાળા છો. (ધ્રુવ)
સમવયનાં સૌ વ્હેન બધુ સહ હાંસે હસો રમો બાળ;
ભાવે ભણો કે ઢીંગલીએ ખેલો, સ્વેચ્છિત રમતે ધ્યાન. બાળા ! છો.
હોય ભલે દુનિયા તમ ન્યારી, ન્યારૂં પદ અભિલાખ;
પ્રભુએ પ્રેર્યાં તમ વ્હેનોને, થાવા ઉત્તમ માત. બાળા ! છો.

(૨)

વ્હેનો બચજો ધનના મદથી, તન મન નિર્બળ થાય;
ધૈર્ય ધરો રંકાવસ્થામાં, તપ થકી દુઃખો જાય. બાળા ! છો.
માતાના અજ્ઞાન દંભથી, સાવધ રહેજો બાળ;
ઇચ્છા ન કરો આડંબરની, ઘાતક મલીન વિચાર. બાળા ! છો.
પારા પડ્યાં હો સ્વાર્થી પિતાને, ના કહેશો બદમાશ;
પણ સંભાળો પ્રતિપળ વ્હેનો ! થાય ન તમ વિનાશ. બાળા ! છો.

(૩)

ડહાપણની દિવાલ ચણાવી, સત્ય મિનારા સાથ;
ઉત્તમ જ્ઞાન ગઢો નિપજાવા, ત્હમ રક્ષણને કાજ. બાળા ! છો.
ત્હમ જીવન વેલી વિકસાવા, સજવા સુંદર બાગ,
ફળ વા ફૂલના કુંજ બનાવા, ખીલવા તનમન ભાગ્ય; બાળા ! છો.
અમ ઇચ્છા એ જગની ઇચ્છા, આજ્ઞા પુરૂષ પુરાણ;
એ સદ્‌વૃત્તિ પણ તમમાં હો, હો સ્ત્રીજન કલ્યાણ. બાળા ! છો.

(૪)

સર્વ જ્ઞાનનું સત્વ એક છે, સત્ર શાસ્ત્રનું સાર,
શ્રેષ્ઠ પ્રજા પ્રકટાવા કાજે, કરજો ઉન્નત માત. બાળા ! છો.
સૃષ્ટિ સુંદર રસવતી બનશે, આલ્હાદક તે કાળ;
સ્વપ્ન નથી આ સત્ય સ્હમજજો, વિકસશે સંસાર. બાળા ! છો.
આપ સૌ પ્રત્યક્ષે જોશો, આદરી શ્રેષ્ઠ પ્રયાસ,
લીલીછમ વાડી દેખાશે, સર્વત્ર ઉલ્લાસ. બાળા ! છો.

* મીસીસ એલા વ્હિલર વિલ્કોક્સના એક ઇંગ્રેજી કાવ્ય ઉપરથી અનુવાદ.

रमणी मणिमाला.

કુલવધૂ સુજાતા.*

લેખકઃ રા. રા. શિવપ્રસાદ દ. પંડિત—બારાં-કોટા.

ભગવાન તથાગત બુદ્ધદેવના આવિર્ભાવ કાળમાં જંબુદ્વીપ, અંગ,–મગધ, કાશી, કોશલ વગેરે સોળ ભાગમાં વ્હેંચાયલો હતો. મહારાજા બિંબિસાર મગધ દેશના રાજા હતા. અંગ દેશ પણ ત્હેમનાજ તાબામાં હતો. રાજા પ્રસેનજિત એ સમયમાં કોશલના સિંહાસન ઉપર બિરાજતા હતા. બિંબિસાર અને પ્રસેનજિત પોતાના સમયમાં ધન વૈભવ આદિમાં ભારતવર્ષના બીજા રાજાઓ કરતાં શ્રેષ્ઠ હતા. ત્હેમના પ્રયત્નથી મગધ અને કોશલ મહા પ્રતાપી અને ઐશ્વર્યશાળી રાજ્ય બન્યાં હતાં.

કોશલ રાજ્યની રાજ્યધાની શ્રાવસ્તીમાં હતી. શ્રાવસ્તી નગરીના વૈભવ અને સૌન્દર્યની સીમા નહોતી. અનેક સુંદર આશ્રમ સ્થાનો, ઉદ્યાન, વન ઉપવન અને સરોવરો વગેરેથી એ નગરી શુશોભિત હતી. વિચિત્ર ચિત્ર અને કોતરકામથી સુંદર બનેલી મ્હોટી મ્હોટી હવેલીઓ એ શહેરની શોભામાં વધારો કરી રહી હતી અને ત્હેના રહેવાસીઓની સમૃદ્ધિની સાક્ષી પૂરતી હતી. નગરવાસીઓની આકર્ષક કાન્તિ, ત્હેમનાં વિશાલ ઉન્નત શરીર, રમણીય અને ઉજ્વલ મુખારવિન્દ એ બધાને લીધે નગરની શોભામાં સો ગણો વધારો થતો હતો.

એ શહેરમાં સુદત્ત નામનો એક વણિક રહેતો. એ શ્રાવસ્તી નગરીમાં સૌથી વધારે ધન–વૈભવવાળો પુરૂષ હતો. પુણ્યદાન પણ એ પુષ્કળ કરતો હતો. ત્હેનો વેપાર હિન્દુસ્તાનમાં ઘણો ફેલાયો હતો. પ્રત્યેક મ્હોટા નગરમાં ત્હેની દુકાન હતી. સદાચારી, ઉદાર, અસાધારણ દાતા, અને પરમ ધાર્મિક પુરૂષ તરીકે શ્રાવસ્તી નગરમાં એ ઘણોજ લોકપ્રિય થઇ પડ્યો હતો. વિદ્વાન્ અને સદાચારી બ્રાહ્મણો ઉપર પણ ત્હેની વિશેષ પ્રીતિ હોવાથી બ્રાહ્મણો પણ ત્હેના ઘણા વખાણ કરતા હતા.

મોક્ષમાર્ગના શોધક, પરમ શાન્તિ–પરમ સુખ અને નિર્વાણ ધર્મના પ્રવર્તક, સ્વયં ભગવાન બુદ્ધદેવને મુખે ત્હેમના અમૃતમય ધર્મ અને ત્હેમના સંઘની કથા સુદત્તે રાજગૃહમાં પોતાની બ્હેનને ઘેર સાંભળી હતી. એ ઉપદેશથી સુદત્તના સંસારના દુઃખ–તાપથી ક્લિષ્ટ થયેલા હૃદયે અવર્ણનીય શાન્તિ અનુભવી હતી. ત્હેના હૃદયમાં એ દિવસથી કાંઇક અપૂર્વ સુખની રેખા ઉત્પન્ન થઇ હતી. ત્હેણે સંકલ્પ કર્યો હતો કે મ્હારી અગાધ દોલતનો ઉપયોગ બુદ્ધ ધર્મના પ્રચારમાં કરીશ, અને હું ધર્મ ચિંતવન અને સાધુ સેવામાં બાકીનું જીવન ગાળીશ.

બુદ્ધદેવ ઉપર ત્હેની અચળ શ્રદ્ધા હતી અને અટલ ભક્તિ હતી. ચોરાશી કરોડ કાર્ષાપણ (પાંચ રૂપિયાની બરાબરનો એક સોનાનો સિક્કો) ખરચીને ત્હેણે શ્રાવસ્તી નગરીની ઉત્તર દિશામાં જેતવન નામક પરમ રમણીય ઉદ્યાનમાં એક મ્હોટો વિહાર બંધાવ્યો હતો. એ સુંદર વિહાર ત્હેમણે બુદ્ધદેવ અને ત્હેમના શિષ્યોને સમર્પણ કરી

* ભારતનાં સ્ત્રી રત્નો (ભાગ ૧)ની પ્રથમાવૃત્તિમાંના રત્ન ૮૦ (પૃ. ૫૦૦) ને સ્થાને આ સુધારેલું ચરિત્ર દાખલ કરવાનું છે.

દીધો હતો. દરરોજ બે હજાર ભિક્ષુકોને તે ભોજન કરાવતો હતો. એ ઉપરાન્ત અસંખ્ય દીન દુઃખી અનાથો ત્હેને બારણેથી અન્ન મેળવીને ત્હેને બે હાથે આશીર્વાદ આપતા. અનાથોને દરરોજ આહાર કરાવતો હોવાથી વણિક સુદત્ત શેઠ 'અનાથપિંડદ'ના નામથી ઓળખાવા લાગ્યો.

ભગવાન બુદ્ધદેવની ઉપાસિકાઓમાં વિશાખા સૌથી મુખ્ય હતી. ત્હેના જેવી દાનશીલ સેવિકા એ સમયમાં બીજી કોઇ નહોતી. શ્રાવસ્તી નગરીની પૂર્વ દિશામાં ત્હેણે ૨૭ કરોડ કાર્ષાપણ ખર્ચીને ત્હેણે પૂર્ણારામ નામનો એક પરમ રમણીય વિહાર બંધાવીને ભગવાન બુદ્ધદેવને અર્પણ કર્યો હતો. ત્હેના પિતા મેંડક અંગ દેશના ભદ્રેય નગરના એક જાણીતા ધનૈશ્વર્યશાળી શેઠિયા હતા. શ્રાવસ્તી નગરના બીજા ધનવાન શેઠ મિગારના પુત્ર પુણ્યવર્ધન સાથે ત્હેનું લગ્ન થયું હતું.

આપણા આ ચારિત્રની નાયિકા સુજાતા એ વિશાખાની ન્હાની બ્હેન થાય. અનાથપિંડદના પુત્ર સાથે ત્હેનું લગ્ન થયું હતું. ધનવાન શેઠની કન્યા હોવાથી સુજાતાના મનમાં ઘણુંજ અભિમાન હતું. એ કોઇનું કહ્યું માનતી નહીં. સાસુ સસરાને ગાંઠતી નહીં અને સ્વામી ઉપર પણ ત્હેની શ્રદ્ધા નહોતી.

અનાથપિંડદના આમંત્રણનું માન રાખીને બુદ્ધદેવ એક દિવસ ત્હેને ઘેર ભિક્ષા કરવા ગયા હતા. અગાઉથીજ ત્હેમને સારૂ યોગ્ય આસન વગેરે સામગ્રી તૈયાર હતી. ભગવાન્ પધાર્યા એટલે અનાથપિંડદે ત્હેમનો સત્કાર કરીને ત્હેમને આસન ઉપર બેસાડ્યા તથા પોતે સ્હામો બેઠો. એ સમયે શેઠના અંતઃપુરમાં ઘણી ગડબડ મચી રહી હતી. ઊંચે સાદે લઢતા મનુષ્યોનો અવાજ બહાર સુધી આવી રહ્યો હતો. ભગવાને પૂછ્યુંઃ "શેઠજી! ઘરમાં આટલી બધી ગડબડ શાની છે? કોઈ માછીમારની માછલી ચોરાઈ ગઇ હોય અને જેવો ખળભળાટ મચી રહે તેવી ગડબડ અહિં છે." અનાથપિંડદે હૃદય ખોલીને પોતાના દુઃખની વાત બુદ્ધદેવને કહી. ત્હેણે કહ્યુંઃ "ભગવાન! સાચી વાત છે. મ્હારી એક પુત્રવધુ મ્હોટા ઘરની દિકરી છે. એ મ્હારે ઘેર આવી છે ત્હારથી કોઇને ગાંઠતી નથી એ ઘણી મિજાજી છે. ત્હેના સ્વામીને પણ ગણકારતી નથી. સાસુ સસરાનું અપમાન કરે છે. ભગવાન ઉપર પણ ત્હેનો અનુરાગ નથી. એ કોઈ દિવસ પૂજા પણ કરતી નથી. ત્હેના આચરણથી કંટાળીને અંતઃપુરવાસી સ્ત્રીઓ બુમાબુમ કરી રહી છે."

ખરાબ સ્વભાવના મનુષ્યો હમેશાં વ્હેમી હોય છે. અનાથપિંડદને ભગવાન બુદ્ધદેવની પાસે જતો જોઇને સુજાતાએ મનમાં વિચાર્યું કે, મ્હારા સસરા મ્હારી નિંદા કરવા જાય છે. એવા વ્હેમથી એ અંતઃપુરના બારણા આગળ આડમાં ઉભા રહીને બુદ્ધદેવ સાથે અનાથપિંડદને શી શી વાત થાય છે તે સાંભળવા લાગી. ભગવાનને બાતમી મળી કે સુજાતા છાનીમાની બધું સાંભળી રહી છે, એટલે એમણે અનાથપિંડદને કહ્યું, "સુજાતાને અહિં બોલાવો." ભગવાનની આજ્ઞાને માન આપીને સુજાતા અંદરથી બહાર આવી અને ભગવાનને નમસ્કાર કરીને દૂર જઇ બેઠી. ભગવાને ત્હેને સંબોધીને કહ્યુંઃ "સુજાતા! પુરુષને સાત પ્રકારની ભાર્યા હોય છે. જેવી કે (૧) વધકા સમા (વધકારિણી)

(૨) ચોરિ સમા (૩) આર્ય સમા (૪) માતૃ સમા (૫) ભગિની સમા (૬) સખી સમા (૭) દાસી સમા. તું આ સાતમાંથી કયા પ્રકારની ભાર્યા છે ?"

સુજાતાએ કહ્યું: "પ્રભુ ! હું આપના સંક્ષિપ્ત ઉપદેશનો મર્મ સ્હમજી શકી નહીં. સરળ ભાષામાં ખુલાસાવાર મ્હને એ ઉપદેશ સંભળાવો. સ્હમજ્યા પછી હું ઉત્તર આપીશ."

ભગવાન—"ત્હારે ધ્યાન દઈને સાંભળ."

સુજાતા—"હા પ્રભુ ! સાંભળું છું. બોલો."

ભગવાન બોલ્યાઃ "જે સ્ત્રી હમેશાં ક્રોધ કર્યા કરતી હોય, સ્વામીનું ભુંડું ચાહનારી હોય, પારકા પુરૂષ ઉપર મોહી જઈને પોતાના પતિનું અપમાન કરતી હોય, ધન દ્વારા ખરીદાયલી હોવા છતાં જે ખરીદનારને વધ કરવાને ઉત્સુક રહેતી હોય, તેવી સ્ત્રીને **વધકા** ભાર્યા કહે છે

ચોરી સમા—શિલ્પ, વેપાર, કે ખેતી દ્વારા સ્વામી જે ધન મેળવે છે, ત્હેમાંનું થોડું પણ ધન ચોરવાની જે સ્ત્રી ઇચ્છા કરે છે અને લાગ આવે ચોરી પણ કરે છે એટલુંજ નહીં પણ ચુલા ઉપર ચઢાવેલા આધણમાંથી દાળ ચોખા ચોરીને સંતાડી રાખવાનો જે સ્ત્રી યત્ન કરે છે ત્હેને **ચોરી** સમા કહે છે.

આર્યસમા—જે સ્ત્રી કોઈ કાર્ય કરવાની ઇચ્છા કરતી નથી, આળસુ સ્વભાવની હોય છે, એટલે કે સારૂં ખાધા પીધા વગર અને સારૂં પહેર્યા ઓઢ્યા વગર જ્હેને ચાલતું નથી, જ્હેની વર્તણુક કર્કશ છે, પ્રકૃતિ ઉગ્ર છે, જે અપ્રિય અને કર્કશ વ્યવહાર કરે છે અને સ્વામીની ઉપર પોતાની મ્હોટાઈ દાખવે છે તે સ્ત્રી પુરૂષની **આર્યા** સમા ભાર્યા કહેવાયછે.

માતૃસમા—જે સ્ત્રી સર્વદા પતિનું હિત ચાહનારી હોયછે, માતા જેવી રીતે પુત્રનું રક્ષણ કરેછે તેવી રીતે જે સ્ત્રી પ્રાણ સટે પોતાના પતિની રક્ષા કરેછે, જે સ્ત્રી પતિએ કમાયલા ધનનુ યત્ન પૂર્વક રક્ષણ કરેછે, તે સ્ત્રી **માતૃ** સમા ભાર્યા કહેવાયછે.

ભગિનીસમા—જે સ્ત્રી ભગિનીની પેઠે સ્વામીની ઉપર સ્નેહ અને ભક્તિ રાખે છે અને જે લજ્જાપૂર્વક સ્વામીની આજ્ઞા મુજબ ચાલે છે તે સ્ત્રી **ભગિની**સમા ભાર્યા કહેવાયછે.

સખીસમા—ઘણા સમય પછી મળવા આવેલી સખીને જોવાથી સખીને જે પ્રમાણે આનંદ અનુભવ થાયછે તેવીજ રીતે જે સ્ત્રી પતિને જોતાંજ આનંદ મગ્ન થઇ જાય, અને જે કુળના ગૌરવનું રક્ષા કરનારી, શીલવતી અને પતિવ્રતા હોય તે સ્ત્રી **સખી**સમા નામથી ઓળખાયછે.

દાસીસમા—સ્વામી મારી નાખવાને તૈયાર થયો હોય તો પણ જે સ્ત્રી પ્રસન્ન ચિત્તે ભક્તિ પૂર્વક સ્વામીની ગેરવર્તણુક સહન કરે, સ્વામીના ઉપર જરા પણ ક્રોધ ન કરે, જે સ્વભાવથીજ ક્રોધ વગરની હોય અને સ્વામીને વશ રહીને ચાલનારી હોય છે તે સ્ત્રી **દાસી**સમા ભાર્યા કહેવાય છે.

વધકા, ચોરી, અને આર્યસમા એ ત્રણ પ્રકારની સ્ત્રીઓ દુઃશીલા, કર્કશ સ્વભાવની અને સ્નેહહીન હોય છે. મૃત્યુ પછી ત્હેમનો નરકવાસ થાયછે.

માતા, ભગિની, સખી અને દાસી સમા સ્ત્રી શીલવતી, હમેશાં સારાં કામોમાં નિમગ્ન રહેનારી અને સંયમવાળી હોયછે. મૃત્યુ પછી તેઓ સ્વર્ગલોકમાં ગમન કરેછે.

હે સુજાતા! પુરૂષોને એ સાત પ્રકારની સ્ત્રીઓ હોયછે. તું એમાંથી કયા પ્રકારની છે?"

સુજાતાએ નમ્રતાપૂર્વક જવાબ આપ્યોઃ—"હે પ્રભુ! આજથી મ્હને મ્હારા સ્વામીની દાસીસમા ભાર્યા તરિકે ગણજો."

ત્હાર પછી અનાથપિંડદે ભગવાનને પોતાને હાથે નાના પ્રકારના સ્વાદિષ્ટ ભોજનો પીરસીને જમાડયા. ભોજન કર્યા પછી ભગવાન જેતવનના વિહારમાં પાછા ગયા. સુજાતા એ દિવસથી સાસુ સસરા ઉપર ભક્તિ રાખવા અને ત્હેમની સેવા ચાકરી કરવા લાગી. સ્વામીના ઉપર અત્યંત શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમ રાખીને છાયાની માફક ત્હેની વશવર્તિની થઇ; દાસ-દાસીઓ ઉપર છોકરાંઓના જેવો પ્રેમ રાખવા લાગી. હવે ત્હેના આચરણથી ઘરનાં બધાં માણસો સંતુષ્ટ રહેવા લાગ્યાં. પડોશના માણસો પણ સુજાતાના સરલ અને સ્નેહાળ વર્તન અને કોમળ સ્વભાવથી મુગ્ધ થવા લાગ્યાં.

સુજાતાને બુદ્ધે આપેલો ઉપદેશ વાંચ્યાથી વાચક બ્હેનો સ્હમજી શકશે કે ભગવાન બુદ્ધદેવની સ્ત્રીજાતિ ઉપર કેટલી બધી પ્રીતિ હતી. સ્ત્રીઓને ભગવાને જે અમૃતમય ઉપદેશ આપ્યો છે ત્હેનો જો સાધારણ સન્નારીઓ વિચાર કરશે તો આપણા દેશને ઘણોજ લાભ થશે. આપણી ભગિનીઓ અને કન્યાઓ ત્હેમના અમૃતમય ઉપદેશ પ્રમાણે વર્તશે તો તેઓ સંસારના અનેક પાપ તાપથી બચી જશે, અને ત્હેમનો સંસાર શાન્તિ નિકેતન બની જશે. કુસંપને લીધે જે કુટુંબોમાં કલહાગ્નિ સળગી રહ્યા હશે ત્હાં આગળ બુદ્ધ ભગવાનના આ ઉપદેશનું સ્મરણ કરવામાં આવશે તો ત્હાં આગળ અપૂર્વ શાન્તિ સુધાની વૃષ્ટિ થશે.

બૌદ્ધયુગમાં સુજાતાએ મહા સાધ્વી સતી તરીકે સારી પ્રતિષ્ઠા મેળવી હતી.

વાર્તાલહરી.

માતાનો પ્રેમ.

લેખકઃ શ્રીયુત "છ. હ." (બી. એ.)—જુનાગઢ.

વોશીંગ્ટન નામના વિખ્યાત નગરમાં એકવાર સુંદર બાલકોનું પ્રદર્શન એક ભવ્ય કાનમાં બનાવવામાં આવ્યું હતું. અમારાં વાંચનારાંઓને ખબર તો હશે કે બાળકોને ો વધારે સારી રીતે ઉછેરવાં તે બાબત માતાઓને કાળજી રહે અને ભવિષ્યની પ્રજા ધારે તંદુરસ્ત તથા ખુબસુરત થાય એવા હેતુથી યુરોપ, અમેરિકા આદિ ખંડોના દેશોમાં શવાન્ પુરૂષો તરફથી નાણાંની મ્હોટી રકમો ભેગી કરવામાં આવે છે ને આવાં પ્રદનો ભરીને જે બાળક સર્વાનુમતે અતિ સુંદર તથા હૃષ્ટપુષ્ટ નક્કી કરવામાં આવે છે, ા બાલકને મ્હોટું ઈનામ આપવામાં આવે છે. તેથી ઉતરતાં બાળકોને પણ ઈનામની

નાની રકમો અપાય છે. આથી માતાઓમાં એક જાતની હરીફાઇ થાય છે અને કોનું બાળક સર્વના અભિપ્રાયમાં ઉંચામાં ઉચા નંબરનું આવે છે તે જોવાને સર્વ આતુર રહે છે. પરિણામે સર્વ સમજુ માતાઓ પોતાનાં વ્હાલાં બાળકોને અતિ સ્વચ્છ રાખી સારો ખોરાક આપી, ખુલ્લી હવામાં હરવા ફરવા મોકલી આદર્શરૂપ બનાવવા સતત પ્રયત્ન કરે છે. આવા પ્રદર્શનમાં ભેગાં થયેલાં, વિવધ વયનાં, વિવિધ વસ્ત્રાલંકારનાં, રમત ગમત કરતાં, સ્વરૂપવાન અસંખ્ય બાળકોનો તથા તેમને સંભાળનાર સ્ત્રીઓનો દેખાવ કેટલો ચિત્તાકર્ષક થતો હશે એ સહજ સમજી શકાય તેવું છે. આપણા દેશમાં કોઇ ધનાઢ્ય ગૃહસ્થોના મનમાં આવી ઉર્મિ ઉઠે અને તેનું ફળ આપણા દેશની માતાઓને મળે એવી આશા રાખવી વ્યર્થ છે કે કેમ તે આપણે વિચારવાનું છે.

ઉપર જણાવેલા પ્રદર્શન વખતનો દેખાવ પણ તેવોજ મનરંજક હતો. હજારો સ્ત્રીઓ પોતાનાં બાળકોને ઠેલણ ગાડીમાં કે લાકડાના ઘોડાપર બેસાડીને ફેરવતી નજરે પડતી હતી. વળી કેટલીક પોતાની આયાઓના હાથમાં પોતાનાં વ્હાલાં બાલને સોંપ્યાં હતાં અને કેટલીક માતાઓ પોતાનાં આ રત્નોને પોતાની છાતી સરસાંજ રાખીને બાગમાં આમ તેમ ટેલતી હતી. સર્વનાં મન આનંદથી, તથા પોતાની કાળજીની કદર થવાનો વખત નજીક આવ્યાથી ઇનામ અને ખ્યાતિ મેળવવાની આશાથી પ્રફુલ્લ થયાં હતાં. હસતાં હજારો મુખારવિંદો, ઉજ્જ્વલ શ્વેત વસ્ત્ર પરિધાન કરેલી લાવણ્યમય લલનાઓ, આમથી તેમ ફરતી અસંખ્ય ગાડીઓ, સંખ્યાબંધ પ્રેક્ષકોનો ખળખળાટ, એ સર્વ એ ભૂમિને કંઇક કારમું રૂપ આપતું હતું ને તેની ચિત્ર વિચિત્રતા નેત્રને અતિ આહ્લાદજનક હતી.

પ્રદર્શનની ગોઠવણ કરનારાઓનો હેતુ એવો હતો કે તેના પ્રેક્ષકો તરફથી જે રકમ ભેગી થાય તેમાંથી સારાં સારાં બાળકોને ઇનામ આપતાં જે બચત રહે તે ગરીબ તથા શક્તિહીન માતાઓને પોતાનાં વ્હાલાં બાળકોની સાથે હવાફેર કરવા કોઇ સારા સ્થળે મોકલવામાં વાપરવી.

પરીક્ષકોએ ફરી ફરીને, બાળકોનાં સર્વાંગ તપાસીને તેમનો તોલ કરીને, તેમનાં લક્ષણ જોઇને, ફ્રેન્ક નામના એક ચાર વર્ષના બાળકને સર્વોત્તમ ઠરાવ્યું. આ પ્રમાણે તેમનો ઠરાવ જાહેર થતાંજ તે ભાગ્યશાળી બાળકની આસપાસ હજારો સ્ત્રીપુરૂષોની ઠઠ ભેગી થઈ ગઈ અને તેઓ તેને નિહાળી નિહાળીને જોવા લાગ્યાં તથા તેની સર્વાંગ સુંદરતા નીરખીને અંતરમાં ઉલ્લાસ પામતાં એક બીજાની પાસે તેનાં વખાણ કરવા લાગ્યાં. એટલામાં રીચમંડ શહેરનો એક ગૃહસ્થ ફરતો ફરતો ત્યાં આવી ચઢ્યો. તેણે આ બાળકને જોતાંજ એવી માગણી કરી કે—" એને દત્તક લેવાની મને પરવાનગી અપાવો તો હું તમારા ફંડમાં એક લાખ પાઉન્ડ—પંદર લાખ રૂપૈયા !—આપું. મ્હારા પિતામહની અને એની આકૃતિ આબેહુબ મળતી આવેછે અને એમનામાં જે ઉતાવળીઓ સ્વભાવ હતો તે આનાં લક્ષણ ઉપરથી આનામાં પણ હોય એમ મને જણાય છે. મ્હારી માગણી સ્વીકારવાનું કબુલ કરો તો મ્હારા વકીલ પાસે લેખપત્ર કરાવી એકદમ તમને એ રકમ ચુકાવી આપું. "

પરીક્ષક મંડળી આ વિચિત્ર માગણીની વાત સાંભળી સ્તબ્ધ બની ગઇ, નાણાંની

આવી મ્હોટી રકમ મળે તો ઘણાં દરિદ્રોનાં દુઃખ દૂર થાય એવી એમની ખાત્રી હતી તથાપિ તેમના તરફથી તેમના આગેવાને એવો જવાબ દીધો કેઃ—"આપની ઉદાર માગણી માટે અમે આપનો ઉપકાર માનીએ છીએ, પણ લાચાર કે અમારે ત્યાં બાળકો વેચાતાં નથી."

આટલું કહીને તેઓએ તે બાળકની માતાને બોલાવી, તેના મનની પરીક્ષા કરવા માટે તેને ઉપરની માગણીની હકીકત સમજાવી. એ બીચારી એક મજુર વર્ગની સ્ત્રી હતી. તેને એ મંડળી તરફથી જણાવવામાં આવ્યું કે તું ત્હારૂં બાળક આ ગૃહસ્થને દત્તક લેવા આપવાને ખુશી હોય તો તેઓ જે મ્હોટી રકમ અમારા ભંડોળમાં આપવાનું કહેછે તેમાંનો પોણો ભાગ અમે તને આપીએ. પણ તેણે તો બેધડક હૈયે એવો જવાબ દીધો કે "મ્હારૂં બાળક એ આ જગતમાં મ્હારૂં સર્વસ્વ છે. આખી દુનીયાંની દોલત ભેગી કરીને મને આપતા હો તોપણ હું આ મ્હારૂં વ્હાલું રમકડું વેચવા ઈચ્છતી નથી.!!"

ધન્ય છે એ માતાને, જેણે પોતાની દુર્બલ અવસ્થા છતાં દ્રવ્યના લોભથી અંજાઈ નહિ જતાં માતા તરીકેની પોતાની પવિત્ર ફરજ યથાર્થ બજાવી અને માતાના અનુપમ સ્વર્ગીય પ્રેમને અધિક ઉજ્વલ સ્વરૂપ આપ્યું.

आनन्दाश्रम.

૧.

રમુજી ફકરા.

લેખકઃ શ્રીયુત "છ. લ." (બી. એ.) જુનાગઢ.

એક ડોસીએ પોતાનાં નાણાં કોઈ બેંકમાં મૂકયાં હતાં. તે બેંકમાં તે એક દિવસ ગઈ અને પોતાના હીસાબની ચોપડી કાઢી કારકુનને કહેવા લાગી કે મ્હારી બધી રકમ મને અબ ઘડી આપો. કારકુને રીતસર તપાસી કરીને તે તેને ચુકવી આપ્યાં—એટલે તે ડોસીએ તે હાથમાં લઇને ગણી જોયાં તથા ચોપડીમાંની જમે રકમ સાથે તે બરાબર મળ્યાં તેથી પોતે ખુશી થતી હોય એમ દેખાડયું. અને પછી તરતજ તે કારકુનને કહેવા લાગી કે "ભાઇ! લ્યો આ નાણાં. પાછાં બેંકમાં મૂકો. મ્હારે તો ખાત્રી કરવી હતી કે મ્હારાં નાણાં સહી સલામત છે કે કેમ"!!

બાળકો કેવી હુશીયારીથી કેટલીક વાર તકરાર કરવામાં બુદ્ધિ–બળ વાપરે છે તેનું એક દૃષ્ટાન્ત નીચેની વાર્તા ઉપરથી મળે છેઃ–

એક છોકરો રાત્રે પોતાના બીછાનામાં સુતો હતો તેવામાં તેની માતા તે ઓરડામાં આવી. તેનાં પગલાંનો શબ્દ સાંભળીને તે બાળકે ખાટલામાં રહે રહેજ કહ્યું કે "બા! તમે શું કામ આવ્યાં છો?" માતાએ જરા ચીડાઈને કહ્યું કે—"હું દીવો ઘેર મોકલવા આવીછું. હવે તું ઉંઘી જા." બાળકે જવાબ દીધો—"પણ હું ઉંઘી નથી ગયો એમ તમે શા ઉપરથી જાણ્યું"?

એક ચિત્રકારનાં ચિત્ર પ્રદર્શનમાં મૂકવામાં આવ્યાં હતાં, તે જોવા લોકોની ઠઠ ભેગી મળી હતી. તેમને તે કહેતો હતો કે—"સાહેબો! હું જાતે મ્હારાં વખાણ કરતો નથી. પણ મ્હારાં ચિત્રોની ખુબી એવી છે કે તે જોનારનું મ્હોંજ બંધ થઈ જાય છે."

આ સાંભળીને એક કંટાળી ગયેલા જેવા જણાતા ગૃહસ્થે કહ્યુ કેઃ—"અરે! ત્યારે તો હું મારી સ્ત્રીને જરૂર તે બતાવવા લાવીશ"! (કે જેથી તેની જીભ એટલી વાર બંધ રહે)—એ ધ્વન્ય.

છોકરાંની ગરબડ સાંભળી ઘરની અંદરથી તેમનાં માતુશ્રી બ્હાર આવી દીકરીને કહેવા લાગ્યાંઃ—"મણિ! તું તો કલબલ કરી મૂકે છે જો આ ત્હારો ભાઇ કેવો ડાહ્યો થઇને રમે છે? એ કંઇ બોલે છે?"

"તે ભાઇ શાનો બોલે?—અમે તો માંડ માંડનુ રમીએ છીએ એ જાણે બાપા—મોડી રાતે ઘેર આવતા હોય ત્યારે-કેવા છાના માના વગર બોલે આવે છે તે અને હું મણિ બા થઈ છું તે બોલુ ’તો"!।

મા (ન્હાના છોકરાને)—"હવે તુ તો આવા આવા સવાલો પૂછીને મ્હારૂં માથું ખાઈ જાય છે. જા હુ તને જવાબજ દેવાની નથી."

ઘરના વૃદ્ધજન-(જરા કાને ધાક પડતો હોવાથી) "આ તે શું! બાળક બીચારૂં ન સમજે તે પૂછે તેમાં આમ ચીડાઈ શું જાઓ છો? પૂછતો નર પંડિત થાય. આપણે તો એને એવી ટેવ પાડવી જોઇયે કે રોજ રોજ નવા નવા સવાલ પૂછતોજ જોય. તે વિના એને ડહાપણ ક્યાંથી આવે? પૂછ, ભાઇ! મને પૂછ. તુ શું કહેતો હતો?"

બાળકઃ—"કુતરાને પરમેશ્વરે પુછડી શું કરવા કરી હશે?"

શેઠાણી.—દાસીને. "જો, રેવા! આ કબાટ ઉપર ધુળનો એટલો ઢગલો જામ્યો છે કે એમાં તુ કહું તો હુ તને મ્હારૂં નામે લખી બતાવુ."

રેવા—"હાસ્તો બા. ભણેલા નામ લખે તેમાં શી નવાઇ?"

(સાફ રાખવાની વાત ક્યાં રહી?)

બાળક તેના પિતાને;—"બાપા! બા સરકસમાં શું કામ નથી જતાં?"

પિતા—"સરકસમાં જઈને શું કરે?"

બાળક—"કેમ-એમાં તો એમનો નંબર પેહેલો આવે. એમના જેટલું જોર કોનામાં છે? આજ સવારે એ કહેતાં હતાં કે હું તો તમને ટચલી આંગળી ઉપર નચાવું છું."!

આવી મ્હોટી રકમ મળે તો ઘણાં દરિદ્રોનાં દુઃખ દૂર થાય એવી એમની ખાત્રી હતી તથાપિ તેમના તરફથી તેમના આગેવાને એવો જવાબ દીધો કેઃ—"આપની ઉદાર માગણી માટે અમે આપનો ઉપકાર માનીએ છીએ, પણ લાચાર કે અમારે ત્યાં બાળકો વેચાતાં નથી."

આટલું કહીને તેઓએ તે બાળકની માતાને બોલાવી, તેના મનની પરીક્ષા કરવા માટે તેને ઉપરની માગણીની હકીકત સમજાવી. એ બીચારી એક મજુર વર્ગની સ્ત્રી હતી. તેને એ મંડળી તરફથી જણાવવામાં આવ્યું કે તું ત્હારૂં બાળક આ ગૃહસ્થને દત્તક લેવા આપવાને ખુશી હોય તો તેઓ જે મ્હોટી રકમ અમારા ભંડોળમાં આપવાનું કહેછે તે-માંનો પોણો ભાગ અમે તને આપીએ. પણ તેણે તો બેધડક હૈયે એવો જવાબ દીધો કે "મ્હારૂં બાળક એ આ જગતમાં મ્હારૂં સર્વસ્વ છે. આખી દુનીયાંની દોલત ભેગી કરીને મને આપતા હો તોપણ હું આ મ્હારૂં વ્હાલું રમકડું વેચવા ઇચ્છતી નથી.!!"

ધન્ય છે એ માતાને, જેણે પોતાની દુર્બલ અવસ્થા છતાં દ્રવ્યના લોભથી અંજાઈ નહિ જતાં માતા તરીકેની પોતાની પવિત્ર ફરજ યથાર્થ બજાવી અને માતાનાં અનુપમ સ્વર્ગીય પ્રેમને અધિક ઉજ્વલ સ્વરૂપ આપ્યું.

आनन्दाश्रम.

૧.

રમુજી ફકરા.

લેખકઃ શ્રીયુત "છ. ઘ." (બી. એ.) જુનાગઢ.

એક ડોસીએ પોતાનાં નાણાં કોઈ બેંકમાં મૂક્યાં હતાં. તે બેંકમાં તે એક દિવસ ગઇ અને પોતાના હીસાબની ચોપડી કાઢી કારકુનને કહેવા લાગી કે મ્હારી બધી રકમ મને અબ ઘડી આપો. કારકુને રીતસર તપાસી કરીને તે તેને ચુકવી આપ્યાં-એટલે તે ડોસીએ તે હાથમાં લઇને ગણી જોયાં તથા ચોપડીમાંની જમે રકમ સાથે તે બરાબર મળ્યાં તેથી પોતે ખુશી થતી હોય એમ દેખાડયું. અને પછી તરતજ તે કારકુનને કહેવા લાગી કે "ભાઇ! લ્યો આ નાણાં. પાછાં બેંકમાં મૂકો. મ્હારે તો ખાત્રી કરવી હતી કે મ્હારાં નાણાં સહી સલામત છે કે કેમ"!!

બાળકો કેવી હુશીયારીથી કેટલીક વાર તકરાર કરવામાં બુદ્ધિ-બળ વાપરે છે તેનું એક દૃષ્ટાન્ત નીચેની વાર્તા ઉપરથી મળે છેઃ-

એક છોકરો રાત્રે પોતાના બીછાનામાં સુતો હતો તેવામાં તેની માતા તે ઓરડામાં આવી. તેનાં પગલાંનો શબ્દ સાંભળીને તે બાળકે ખાટલામાં રહે રહેજ કહ્યું કે "બા! તમે શું કામ આવ્યાં છો?" માતાએ જરા ચીડાઇને કહ્યું કે—"હું દીવો ધેર મોકલવા આવીછું. હવે તું ઉંઘી જા." બાળકે જવાબ દીધો—"પણ હું ઉંઘી નથી ગયો એમ તમે શા ઉપરથી જાણ્યું"?

એક ચિત્રકારનાં ચિત્ર મ્હ્ભૂખ ભેળા કરી દ્યો. પછી છત્રી નવી ખરીદ કરી રહ્યા ! !
મળી હતી. તેમને તે કહેતો–"આ વરસાદ કેવો અનરાધાર પડે છે તે હું મ્હારે પીયર કાલે
પણ મ્હારાં ચિત્રોની ખુબીી. સમજ્યા કે ? મ્હારાથી જુના ચુંથા પેરીને ગામમાં ન જવાય.

આ સાંભળીને ઓઢી પ્હેરીને જઇશ. બળ્યું, લુંગડાં રાખી મુકયે શું ફાયદો ! ભલે
તો હું મારી સ્રીને જસાડી બગડે અને ભલે પછી મને શરદી થાય અને ભલે પછી ડાકટ-
બંધ રહે)–એ ઉનારે તમને લાજ વળશે કે છત્રી જેને તેને આપી દેવામાં શું ફાયદો છે.
હું મરી જાઉં તો તમને ખબર પડશે કે છત્રી દેવી મોંઘી કે બીજી બૈરી
! !

છોકરાંની –મ્હને આવતી કાલની ફીકર થાય છે કે મ્હારે પીયર હું કેવી રીતે જઈ
કહેવા લાગ્યાં: ! ભલે મરૂં ! ! પણ ગયા વીના છુટકો નથી. વરસાદને કહીએ કે તું તારે
થઇને રમે જે પણ નવી છત્રી હું નહી લેવા દઉં. ના, ના. એ ખર્ચ હું નહીં કરવા દઉં ! !

" તે માફક શું ધોરો છો ! સાંભળો છો કે નહી ? જો તમે નવી છત્રી લાવશો તો
મેં ગટરમાં ફેંકી દઇશ. આપણી છત્રી લાવી દ્યો, નહીંતર કાંઇ નહીં.

અહાહા–હજી ગયા મંગળવારે એ છત્રીને મ્હેં કેવી હોંશથી નવું કવર બનાવ્યું હતું. [ફરી કવર ચડાવવું]—તમને બોલતાં કાંઈ વાર છે ? ખર્ચનો કાંઇ વીચાર કર્યો? કવર પાછળ ઘરવખરી ખાલી કરવી. તમને કાંઇપણ ભવીષ્યનો ખ્યાલ છે કે નહીં ? તમારા બૈરાં છોકરાંની કાંઇ દયા છે કે નહી કે ફક્ત છત્રી જેને તેને આપી દેવાની દયા જાણો છો ? વાહ ! શું માણસ જાત છે ! કહેવાય છે ધણી ! ફક્ત ગરીબ બૈરાં તરફ મીજાજ કરવામાં ધણીપદ વાપરવું ! ! બાકી પોતાની છત્રીપરનું ધણીપણું ભલે ખોવાઇ જાય ત્હેની ચીંતા નહીં.

અરે ! પણ, તમારા પેલા દલસુખના કામમાં તમારા ઉપર કોર્ટનો સમન આવ્યોછે. તમારે કાલે કોર્ટમાં જવાનું છે તે યાદ છે કે નહી ? છત્રી વગર તમે શી રીતે જશો ? શું ગાડી કરીને જશો ? એવા પૈસા કાંઇ હરામના નથી. ઘેર બેસી રહેજો. [ગેરહાજર રહેવાથી કોર્ટનો તીરસ્કાર થાય.] ભલે તીરસ્કાર થાય અને ભલે કેદમાં મોકલે. જે માણસ છત્રી જેને તેને આપે તેને કેદની સજા થાય ત્યારેજ ખબર પડે.

બીચારાં છોકરાં ! મ્હારી વ્હાલી નરમદા ! ! ગરીબ ફીકા ! ! ! કાલે નીશાળે જતાં ભીંજાઇ જશે. ભણતર ભુલવા કરતાં ભીંજાવું ભલું. નીશાળે તો છોકરાં જશેજ જશે. સમજ્યાકે ? હું છોકરાંઓને ઘેર નહીં રાખું. તમે શું કામ નાહક મ્હને ચીડાવો છો. હું છોકરાંઓને નીશાળે મોકલવાની અને દૂર મોકલવાની. વરસાદ ભલેને તુટી પડે, અને ભલે છોકરાં તણાઈ જાય. તમારો વાંકછે. તમે છત્રી આપી દીધી છે. કાંઇ મેં નથી આપી ! !"

મી. ધીરજરામ ટીકા કરે છે કે—આખરે તેણી નીદ્રાવશ થઈ અને તેણીને સ્વપ્નું આવ્યું કે—આકાશ લીલો કાચીંડો બની ગયો. સુરજનાં કીરણો સળીયા બની ગયા અને એની એક મ્હોટી છત્રીતળે આખી પૃથ્વીએ આશરો લીધો.

विद्याकला—वैदक.

બાલરોગનાં અનુભવી ઔષધો.

[મુંબાઇ વૈદ્યસભામાં, આયુર્વેદભૂષણ, રા. રા. ત્રિભુવન રામજી શર્માએ આપેલું વ્યાખ્યાનઃ]

બાનુઓ, ગૃહસ્થો અને વિદ્વાન્ વૈદ્યરાજો આજનો વીષય બાલરોગનાં અનુભવી ઔષધોનો છે. આ વીષય એવો ગહન છે કે તેની ઉપર અનેક ભાષણો થાય તો પણ થોડાં છે; છતાં, ટુંકામાં મુખ્ય બાબતોમાં બે બોલ બોલવાની રજા લઉં છું. તમો સર્વે જાણતા હશો કે મોટા માણસોના જે ઔષધોપચાર કરવામાં આવે છે તેજ નાનાં બાળકોને અપાય છે. પણ તે નાના પ્રમાણમાં આપવામાં આવે છે. વળી બાળકને વાચા હોતી નથી; પણ ૭ માસ પછી તેને એટલું તો જ્ઞાન થાય છે, જે તેનાં માબાપ શીવાય બીજા અજાણ્યા માણસ પાસે જતું નથી. વળી બાળકને પાંચ વર્ષ દુઃખમાં પસાર કરવાં પડે છે. તેના કારણમાં મારે કહેવું જોઇએ કે ઓરી, શીતળા, અછબડા, ભરાણ, દાંતનું આવવું, તથા રતવા વગેરે દરદોની અથાગ વેદનાથી તે પીડાય છે, તેમાં પણ બાળકને કેમ ઉછેરવું, કેવી સ્વચ્છતા રાખવી, શું ખોરાક આપવો, કેવી હવામાં રાખવું, તેનું માતાને જ્ઞાન ન હોવાથી બીચારૂં બાળક વારંવાર રોગનો ભોગ થઇને મરણ શરણ થાય છે. આપણા દેશમાં બાળકોનું મરણ પ્રમાણ વધારે હોવાનું કારણ સેંકડે પોણોસો ટકા બચ્ચાંની માવજત કેમ રાખવી તે સંબંધી માતાઓની અજ્ઞાનતા ગણી શકાય. દૃષ્ટાંત તરીકે કહેવું જોઇએ કે, આપણાં લોકોમાં દાંત આવ્યા પહેલાં શીતળા કઢાવી હોય તો બચ્ચું હેરાનગતી ભોગવતું અટકે છે. કારણ, દાંત આવવાની શરૂઆત થાય છે ત્યારથી તે દાંત આવતાં સુધીમાં ઝાડો ઉલટી કર્ણસ્રાવ વીગેરે અસહ્ય દુઃખથી બચ્ચું બહુ દુઃખી થાય છે. ને નબળું પડી જાય છે, માટે શીતળા ૭ માસ પહેલાં કઢાવવા માટે બચ્ચાંઓનાં માબાપોને મારી ખાસ ભલામણ છે. બાળકને કેટલાએક અજ્ઞાન માબાપો અફીણનું વ્યસન પાડી મુકી તેના સ્નાયુને બરાબર પ્રફુલ્લિત થવા ન દેવામાં પોતે કારણરૂપ બને છે. હવે બાળકોનાં રોગોનાં લક્ષણો તથા અનુભવી ઔષધો શું છે તે વીષય ઉપર મારી અલ્પ મતી પ્રમાણે હું થોડુંક વીવેચન કરીશ. બાળકોનાં કેટલાએક પ્રાણઘાતક દરદો હોય છે, જેવાં કે શીતળા, ઓરી, આંચકી, મરડો, સખત તાવ, ભરાણ, પાંડુરોગ, યકૃતોદર, વીગેરે. માટે પ્રથમથીજ જો આપણે તેનો ઉપાય બરાબર સાવચેત થઇને સીધો હોય તો રોગનું બળ વધી શકે નહી તેમ મારૂં માનવું છે. બાળક બીચારૂં બોલી શકતું નથી. તેનું બળ શું કરતું છે જે "बालानाम् रोदनम्बलम्" માટે તેનું નીદાન અને ચીકીત્સા કરવામાં ઘણી સંભાળ રાખવાની જરૂર છે ને તેમાંજ વૈદ્યોની તથા ડોકટરોની ખરેખરી કસોટી જણાઇ આવે છે. મોટા માણસોને ડોકટરો પુછશે જે તમને શું થાય છે, તો તે પોતાનું વૃત્તાંત કહેશે, પણ નાનું બાળક શું કહી શકશે. માટે તેનાં કેટલાંએક ચીન્હો ઉપરથી તેની પરીક્ષા કરી લેવી. દાખલા તરીકે બાળકનું માથું દુઃખતું હોય તો તેની બેચેની તથા પેન

તંદ્રા વીગેરે પ્રધાન લક્ષણો જાણી શકાય છે. કૃમી થયા હોય તો નાક ઉપર ચળ, સખત તાવ, આંચકી વીગેરેથી જણાય છે. પેટમાં દુખાવો થયો હોય તો પેટ ઉપર હાથ લગાડવાથી ચીસ પાડશે. એ વીગેરે કારણોથી આપણે નીદાન કરી શકીએ. બાળકોની ચીકીત્સા બરાબર સાવધાનતાથી થવાની જરૂર છે.

બાળકો લાંબો વખત સુખાકારી જીંદગી શાથી ભોગવી શકે ? તેના ઉત્તરમાં મારે કહેવું જોઇએ કે જ્યારે બાળકોને ઝાડો પીસાબ તથા પવનનો ખુલાસો, ખોરાક હલકો, તેની માતા અથવા ધાવ (આયા) નું શુદ્ધ ધાવણ, ખુલ્લી હવા, સ્વચ્છતા, વીગેરે રાખવાની પુર્ણ કાળજી રાખી શકાય, તો જ તેની સુખાકારીમાં ફાયદો થાય. જ્યારે આપણા દેશની સ્ત્રીઓ કેળવણી લઇને બાળ સંરક્ષણ કેવી રીતે કરવું, તે જાણી શકશે, ત્યારેજ ભીષ્મ પીતામહ, ભીમ, ગાર્ગી, જેવાં બળવાન રત્નો આપણા દેશમાં ઉત્પન થશે. ઇશ્વર કૃપાથી આપણી શાણી સરકાર લોકો કેમ આરોગ્ય રહી શકે તેને માટે અથાગ યત્નો ચલાવી રહી છે. તેનો ધડો લઇને આપણે પણ પ્રજાહીત ખાતર કમર કસવી જોઇએ ને સ્ત્રી વર્ગને પણ આપણા આયુર્વેદનાં તત્વોનું જ્ઞાન મળે તથા તેથી બાળકો તથા બાળીકાઓ દીર્ઘાયુ રહે તેવી યોજના ઘડી કાઢવી જોઇએ.

હવે મારે સમય વર્તે સાવધાનપણું કરીને મારા લાંબા વખતના અનુભવનાં બાળકો ઉપર અજમાવેલાં ઓસડો નીવેદન કરવાં જોઇએ. પ્રથમ શીતળા એ એક ઉડતો ચેપી રોગ છે. તે જ્યારે ફાટી નીકળે છે ત્યારે તે શહેરના ઘણા ખરા ભાગમાં ફરીવળે છે, અને તેમાં સખત તાવ આવે છે. આઠમે કે નવમે દીવસે દાણા ભરાઈ જાય છે અને તેની આસપાસની ચામડી લાલ થઈ જાય છે. દાણા ભરાયા બાદ કાલી ચામડી થઈ જાય છે અને સુંદર ચહેરો હોય તો તેને પણ રોગ બેડોળ બનાવી દે છે. તેમાંથી અનેક રોગો થાય છે. આંચકી, સન્નીપાત, અંગભંગ, વીગેરે થવાનો સંભવ છે માટે દરેક બાળકોના માબાપે ૭ મહીના પહેલાં શીતળા કઢાવવી તે બાળકના હકમાં સારૂં છે.

શીતળાનો ઉપાય—તે રોગ ચાલતો હોય ત્યારે લીંબડાની હવા લેવી પ્રશસ્ત છે. આપણા લોકો ઓરી, અછબડા, તથા શીતળા નીકળે છે ત્યારે લીંમડાનાં પાલાનો ઉપયોગ કરે છે ને દરેક માણસ બારણામાં તેનું તોરણ લટકાવે છે. તેનું મુળ કારણ જોતાં વાતાવરણની શુદ્ધિ તથા જંતુનાશક ગુણ તેમાં હોવો જોઇએ, તેવું અનુમાન કરી શકાય. લીમડાનું દીમ પણ આ રોગમાં ગુણકારી છે. તેનો મેં ઉપયોગ કર્યો છે. લીમડાની અંતરછાલ તાજી લીલી લાવીને તેને તોલા ૫ પણીમાં પલાળી રાખવી. તેમાંથી એક વર્ષના બાળકને પેલું પલળેલું પાણી ગાળીને ચમચી એક નાની દર ચાર કલાકે આપવી. તે રીતે ઉમરના પ્રમાણમાં વધારો કરી આપવાથી તાવ હોય તો પણ સારૂં થાય છે. અને દાણાનો દાગ રૂઝવવા માટે મીઠું તેલ યા ધુપેલ દાણા ઉપર ચોપડવું અને તેની ઉપર કુંકુ દાબી દેવાથી બીંગડાં વળી તે ઉપડી જાય છે, ને ફાયદો થાય છે. ખોરાક હલકો આપવો. બાજરાની ચાનકી દુધમાં ચોળી અંદર ગોળ મેળવી તે ખાવા આપવી. નવમે દીવસે તે નમ્યાં બાદ પૌષ્ટિક અને ગીજળ ખોરાક આપવો ને પાછળથી શક્તીની દવા આપવાથી ફાયદો થાય છે.

ઓરીનો ઉપાય—ઓરીમાં આંખો આવે, છીંકો આવે, તાવ ઉધરસ, રુંવાટી

ઉભી થવી, વીગેરે લક્ષણો થાય છે. ને તેમાં સખ્ત તાવ હોય તો સારૂં. તાવ થોડો આવી સમાઈ જાય તો પ્રાણઘાતક નીવડે છે. હાંફણુ થઈને બાળકની ભયંકર સ્થિતિ થઈ જાય છે ને વખતે મરણ પણ પામે છે. તેવા રોગમાં દુધમાં ગોળ નાંખીને ખવરાવવામાં આવે છે. અને ઘી વીનાનો બાજરાનો રોટલો વીગેરે અપાય છે. અને તે ઓરીને ત્રીજે યા પાંચમે દીને નમાવે છે. જો તેમાં હાંફીડો થયો હોય અને ન બેસતો હોય, તો મોળું દહીં તથા સાકરનો શીરો કરીને તે ખાવા આપવામાં આવે છે. અછબડામાં પણ તે પ્રમાણે કરવામાં આવે છે. પણ તેમાં ધાસ્તી રાખવાની નથી.

આંચકીનો ઉપાય—દાંત આવતી વખતે તથા કરમના રોગથી પણ આંચકી ઉપડવાનો સંભવ છે. તેને માટે લસણ, તુલસીનો રસ, આદુ, તથા ફુદીનો સરખે ભાગે લઇને તે દરેકનાં બેથી પાંચ ટીપાં મધ સાથે મેળવીને દુધની સાથે દીવસમાં ચાર વખત એક વર્ષના બાળકને આપવામાં આવે તો તેથી આંચકીમાં ઘણોજ ફાયદો થાય છે. ઉમરના પ્રમાણમાં ઔષધમાં વધારો કરતાં જવું.

મરડાનો ઉપાય—હીમજ એરંડીઆ તેલમાં તળી તથા વરીઆળી તથા સુંઠનું ચુર્ણ નાંખી વાલ બેના પ્રમાણથી દીવસમાં ત્રણ વખતે ગરમ પાણીમાં પ્રથમ આપવું. તેથી આમનો ભાગ નીકળી જશે ને પછી બંધ કરવા માટે મોચરસ, બીલીનો ગર્ભ ને પરવાળાં સરખાં લઈ વાલ ૨ ના પ્રમાણમાં દીવસમાં ત્રણ વખત દહીં સાથે આપવામાં આવે તો મરડો મટી જાય છે.

તાવનો ઉપાય—તાવ મુદતનો હોય તો તેની મુદતેજ ઉતરે છે, તે ધ્યાનમાં રાખવું. ને તે વધારે ન વધી જાય તે માટે બાહોશ વૈદરાજની સલાહથી કામ કરવું. સાધારણ તાવમાં ગળો, ધરાની શાતરા, નાગરમોથ, કરીઆતું ને સુંઠ, સરખે ભાગે લઇને તેમાંથી તોલો ૧ લઈ તેમાં તોલા ૧૦ પાણી નાંખીને ઉકાળવું. પાણી તોલા ૨ રહે ત્યારે ઉતારી ગાળી લઈ ઠંડુ થયા પછી નાની ચમચીના પ્રમાણમાં આપવું. ચાર ચાર કલાકે આપવાથી વાત પીતજ્વર નાશ પામે છે તથા કરીઆતાના જેવા કટકા જેને ઇંગ્રેજીમાં (કવેરીઆ) કહે છે તેનું હીમ આપવાથી ફાયદો થાય છે. સુદર્શન ચુર્ણનો ઉકાળો કરીને પાવાથી ફાયદો થાય છે. તથા ત્રીભુવન કીર્તી નામનો રસ તુલસીના રસ સાથે આપવાથી ફાયદો થાય છે.

ભરાણની દવા—ભરાણ થવાથી બચ્ચું આંખ ઉઘાડી શકતું નથી. છાતીમાં હાંફથી તાંત બોલે છે, માથાની તરફડ થાય છે, તાવ થોડો ને છુપો રહે છે. તેવે વખતે કુંન્દરૂળ લાવીને ઓરસીઆપર ઘસીને પાવલી ભાર જેટલું ધાવણમાં અથવા તો દુધમાં મેળવીને આપવાથી ઉલટી તથા ઝાડો થઇને બાળક એક દીવસમાં રમતું થાય છે.

માથાના ભાગમાં કેશર દુધ સાથે લગાડવું. છાતીના ભાગમાં સામરશીંગ, સુંઠ, વજ, અરડુસાના રસમાં લગાડવાં. દુધમાં પાણી સરખે ભાગે નાંખી ઉકાળીને પાણી બળી ગયા બાદ તે આપવું. ઘીના દીવાની ઉપર નાગરવેલના પાનને શેકીને છાતીએ શેક કરવો. તેથી આરામ થઇ જાય છે.

પાંડુરોગમાં—બાળકને મંડુર માફક આવે છે. માટે સારા વૈદની સલાહથી તે

આપવો જોઇએ. હરડાં અને ગુલાબનાં ફુલ સરખે ભાગે લઈ તેનો ઉકાળો ઉમરના પ્રમાણે આપવાથી ઘણોજ ફાયદો થાય છે.

સુંધાડવાની દવા—કાળાં મરી અને લસણનો રસ સુંધાડવાથી બાળકનું બેભાનપણું મટી જઈ, તંદ્રા ઉડી જાય છે.

ઉધરસનો ઉપાય—મોટી ઉધરસમાં ગાયનું ઘી તથા લીંડીપીપર ઘઉંભાર ત્રણ વખત આપવાથી ફાયદો થાય છે. સાધારણ ઉધરસમાં કાકડાશીંગી, અતીવીષ, પીપર આપવાથી સારૂં થાય છે.

ઝાડો સારૂં લાવનારી દવા—બાળકને દર અઠવાડીએ એરંડીયું તેલ દુધમાં આપવું તથા દરરોજ હરડેનો ઘસારો આપવો. કહ્યું છે કે "એકા દાતણ જે કરે, નરણે હરડે ખાય, દુધે વાળુ જે કરે, તે ઘર વૈદ્ય ન જાય."

હેડકીની દવા—પીપળાની સુકી છાલ વાલ ૧ પ્રમાણે મધમાં આપવી તથા મોરપીછમાં ચાંદીની ભસ્મ તથા પીપર મધમાં મેળવીને ચોખાપુર એક વરસના બાળકને દીવસમાં દર ચાર કલાકે આપવી. તેથી હેડકી બેસી જાય છે. ઉમરના પ્રમાણમાં વધારો કરવો.

કરમની દવા—ઇંદરજવ, વાવડીંગ, ઇરાની શાતરા, શેકેલા કાંકચીઆ, ને કાળી છીરી, સમભાગે લઈ તેમાંથી ગ્રેન ૧-દહીં સાથે દીવસમાં બે વાર ચટાડવું. તેથી ઘણોજ ફાયદો થાય છે.

સોગઠી-હરડે, કડુ, કરીઆતું, ઇંદ્રજવ, કાંકચીઆ શેકેલા, ગરણીનાં બી શેકવાં, તે સર્વે સમભાગે લઈને તેની સોગઠી તુળશીના રસમાં વ.ળી રાખવી. તેનો ઘસારો રોજ બાળકને આપવાથી તે નીરોગી રહે છે.

રતવાની દવા—હંસરાજ વેલો તથા રગતરોહીડો ઘસીને સાકર સાથે પાવો, તથા ગુલેહરમાની ગુલાબજળ અથવા કોથમરીના રસમાં ચોપડવાથી રતવામાં ફાયદો થાય છે.

કમળાની દવા—બાળકને પાપડીઓ ખારો ગુંજાભાર દહીં સાથે આપવાથી કમળામાં ઘણો ફાયદો થાય છે આવા આવા બાળકના રોગના અનેક ઉપાયો છે.

છેવટે મારે કેહવું જોઇએ કે બાળકોની મનોવૃતી જાણીને આનંદમાં રહે તેવીજ રીતે નીદાન ચીકીત્સા કરવી જોઇએ. કારણ કે બાળકની સાથે કામ લેવું તે બાહોશીનું કામ છે. તેનો એક દાખલો આપી મારૂં ભાષણ ખતમ કરીશ. એક વખત અકબર બાદશાહે બીરબલને પુછ્યું જે "કયું બીરબલ ! આજ બોહત દેરીસે આયા ?" બીરબલે જણાવ્યું, "કચ્ચાં બચ્ચાંની મોહજાળમાં પડી જવાથી વખત લાગી ગયો." તે સાંભળી બાદશાહ હસ્યો, ને કહ્યું, "જે બાળકની મનોવૃતી જાળવવી ને તેનું લાલન પાલન કરવું તે તો સહેલું કામ છે." ત્યારે બીરબલે બાદશાહને જણાવ્યું જે "સાહેબ ! આજનો દીવસ મારા બાળકને સંભાળશો ? મારાં બાળકો તમને સોંપુ છું." બાદશાહે કહ્યું કે "ભલે." બીરબલે લાવીને તેની પાસે રાખ્યાં ને પોતે ૭ પાંચ ગણી ગયો. ! બાળકે બાદશાહને કહ્યું જે "ચાંદ આપો." બાદશાહ ગભરાટમાં પડયો. કારણ કે બાળકોએ શોરબકોર કરી મુકયો. તેથી તો તે કંટાળી ગયો. વળી બીજાએ કહ્યું "જે દુધ આપો." ત્રીજાએ કહ્યું જે "દુધમાં પાણી નાંખો." ચોથાએ કહ્યું જે "દુધમાંથી પાણી જુદું કરી આપો."

પાંચમો કહે કે "તમારી દાઢી આપો!". આથી અકળાઇને બીરબલને બોલાવી જણાવ્યું જે તારા બાળકને તું લઈ જા. મારાથી તેની સંભાળ લેવાય તેમ નથી. ત્યાર બાદ બીરબલે આવી થાળીમાં પાણી ભરી ચાંદ દેખાડયો ને તેમની બીજી મનોવૃત્તિઓ પુર્ણ કરીને બાદશાહને ખુશી કર્યો. સારાંસ એ કે,—બાળકને સુખી રાખવાને માટે એકજ ઉપાય છે. **તેનું મન આનંદમાં રહી શકે તેવી યોજના કરવાથી તે આરોગ્ય રહી શકે છે.** માટે તેને ખોરાક, ખુલી હવા, કસરત, વીગેરે મળી શકે તેમ કરવાથી બાળકનો બાંધો મજબુત થાય છે તેમ મારૂં માનવું છે.

पत्रमंजूषा.

ગૂજરાતના પંદર મહા પુરૂષો.

(જેમાં ત્રણ મહાન સ્ત્રીઓનો પણ સમાવેશ થાય છે.)

(૧)

શ્રીમાન્ તંત્રિજી, 'સુન્દરી સુબોધ.' અમદાવાદ.

મુંબાઈમાં પ્રસિદ્ધ થતા "આર્યપ્રકાશ" પત્રમાં ઉપર જણાવેલી ચર્ચા શરૂ કરવામાં આવી છે. અને "સુન્દરીસુબોધ" નાં વાચક બન્ધુઓ તથા ભગિનીઓ ઉક્ત ચર્ચામાં ભાગ લે, એ હેતુથી આપના પત્ર દ્વારા સર્વ બ્હેનોને નિવેદન કરવાની રજા લઉં છું કે,—

(૧) "ગુજરાત" તથા ગુર્જરભાષાના મૂળ આરંભ કાળથી અરાઢમી સદી સુધીમાં, કયા ચાર મહાપુરૂષો તથા એક મહાન સ્ત્રી ઉત્પન્ન થઈ ! (૨) તથા તે પછી પ્રગતિ અને સુધારા માટે જાણીતી થયેલી ૧૯ અને ૨૦ મી સદીઓમાં ગુજરાતે ચાર ચાર પુરૂષો અને એક એક મહાન સ્ત્રીઓને જન્મ આપ્યો તેનું નિરીક્ષણ કરવા આ ચર્ચા ઉપસ્થિત કરી છે. (૩) આ ચર્ચાનો બીજો ઉદ્દેશ એ પણ છે કે, આધુનિક પ્રજા મહાપુરૂષો કોને ગણે છે ? અને ધાર્મિક, સાંસારિક, રાજકીય, સાહિત્ય અને હુન્નર ઉદ્યોગ, આદિ વિભાગોમાંથી કયા વિભાગના મહાપુરૂષને એમાં વધારે મત મળે છે, તેમજ દેશોન્નતિના કયા વિભાગમાં કેવા અને કેટલા મહાપુરૂષો પેદા થયા છે ?–તેનો બરોબર ખ્યાલ આવે. આ પદ મેળવવા યોગ્ય હોય એવી પરોપકારી, વા વીર સ્ત્રીઓ પણ ગુજરાતમાં થઇ છે કે કેમ ! તેની તપાસ માટે ઉક્ત ત્રણે વિભાગમાં એક એક સ્ત્રીનું નામ પણ મૂકવાની વ્યવસ્થા રાખવામાં આવી છે. જો વિભાગમાં એવી કોઈ મહાન સ્ત્રી ન જડી આવે તે વિભાગમાં તેમને બદલે મહાપુરૂષનું નામ મૂકવું. એક અથવા બેજ વિભાગમાંથી જેમને ત્રણે મહાન સ્ત્રીઓનાં નામ પસંદ કરવાં હોય તેઓ તેમ કરી શકશે. એકંદર યાદીમાં મહાન પુરૂષો તથા સ્ત્રીઓ મળીને કુલ સંખ્યા પંદર થવી જોઇએ. સપ્ટેમ્બર પછી મળેલા અભિપ્રાયો પ્રકટ થઈ શકશે નહીં. સ્ત્રીઓ તરફથી મળેલા અભિપ્રાયો ખાસ પ્રકટ

કરવામાં આવશે. આ ચર્ચા સર્વદેશી થઇ પડે તે માટે "ગુજરાતી" ભાષા બોલતાં સ્ત્રી પુરૂષો (આર્ય, હિંદુ, જૈન, પારસી, મુસલમાન) સર્વે તેમાં ભાગ લઇ પોતાના અભિપ્રાયો સત્વર મોકલી આપશે એવી આશા છે.

આ ચર્ચાથી વ્હેપારી ગણાતા ગુજરાતે પણ કેવાં મહાન રત્નો ઉત્પન્ન કર્યાં છે, ત્હેનું કાંઇક નિરીક્ષણ કરી શકાશે એટલુંજ નહિં પણ તે કોટીમાં મૂકી શકાય એવી દેવીઓ પણ ગુજરાતે ઉત્પન્ન કરી છે કે નહિં, તે આપણે જોઈ શકીશું. ખાસ કરીને **ત્રણ મહાન સ્ત્રીઓની** ગણના માટે લેખક ભગિનીઓના અભિપ્રાય વધુ ઉપયોગી ગણાશે.

આશા છે કે સર્વ બ્હેનો તથા બન્ધુઓ અરાઢમી સદી સુધીના ગુજરાતીઓમાંથી ચાર પુરૂષો અને એક સ્ત્રી, તથા ઓગણીસમી અને વીસમી સદીના ગુજરાતીઓમાંથી આઠ પુરૂષો અને બે સ્ત્રીઓ મળી, કુલ બાર પુરૂષો અને ત્રણ સ્ત્રીઓ, જેમને સર્વથી મહાન ગણી શકાય, ત્હેમનાં નામ નીચેને સરનામે લખી મોકલવા કૃપા કરશે. નામ આપતી વખતે તેઓ કયા ક્ષેત્રમાં "**મહાન**" હતાં (અથવા છે) તે પણ જણાવવા તસ્દી લેશો તો વધુ ઉપકાર થશે.

ગીરગામ. મુંબાઈ. લિ. સેવક, **પરશુભાઇ વ્હાલાભાઈ શર્મા.**

અધિપતિ—"આર્ય પ્રકાશ."

(૨)

'આર્યપ્રકાશ'ના તંત્રીજીએ ફક્ત પંદરજ નામ માગ્યાં છે; અમુક સંખ્યા તો જોઇએજ, તથાપિ સંખ્યાનું બન્ધન વારંવાર યોગ્ય તુલનાની મુસ્કેલીઓ વધારે છે અને અન્યાય આપવાના સંભવ ઉભા કરે છે. "**મહાન**" પણાની વ્યાખ્યા વિશાળ છે અને તેમાં મતભિન્નતા અતિશય રહે એ સ્વભાવિક છે.

આથી જે યાદી હું મોકલવા રજા લઉં છુ તે માત્ર માર્ગ દર્શક છે. તેમાં જેમનાં નામ આપ્યાં છે તે સર્વ જુદા જુદા માર્ગોમાં ઉત્તમ કાર્ય કરતા હતા (અથવા કરે છે) અને "**મહાન**" પદને યોગ્ય છે. થોડા વિદેશી સજ્જનો જેમણે પોતાનું જીવન આપણી ગુર્જરી મૈયાને અર્પણ કીધું હતું અને તેની સ્તુત્ય સેવા કરી છે, તેમનાં પણ નામ આ યાદીમાં સામેલ રાખ્યાં છે.

યદિ તંત્રિજીને આગ્રહ હશે કે મારે પંદરજ નામ આપવાં તો હું અમુક નામ ઉપર આ ચિન્હ મૂકું છું. એટલે તેમની માગેલી સંખ્યા મળી રહેશે; તથાપિ હું મારા અંતઃકરણમાં તો તે સર્વને જુદા જુદા કાર્ય પ્રદેશોમાં—"**મહાન**" જ ધારું છું.

ગૂજરાતી સન્નારીઓમાંથી મહાન બાનુઓનાં નામ આપવાં એ તેથી પણ વધારે કઠિન કામ છે. આપણી બ્હેનોનાં જીવન, સમાજના પ્રકટ માર્ગોમાં દેખાતાં થયે હજુ બહુ અલ્પ સમય થયો છે. એટલે યોગ્ય તુલના કરવા જતાં બહુ મુસ્કેલી નડે તેમ છે. આ યાદીનો તેટલો વિભાગ સ્વાભાવિક રીતે અપૂર્ણજ છે. છતાં ત્હેનો વિચાર-પૂર્વક ઉપયોગ થવા માટે તે અહિં રજુ કર્યો છે.

આપણી ગુજરાતી બ્હેનોનાં દાન, દયા, પ્રીતિ, પરાક્રમ, કવિત્વ, સતીત્વ, અને **ત્યાગ**

પુરાણકાળથી પ્રસિદ્ધ છે. તે ગુજરાત-કાઠિયાવાડની આખ્યાયિકાઓ અને લોક કથનીઓમાં જ્વલંત છે અને હાલ પણ એવી બાનુઓ નથી એમ નહિ માત્ર દિલગીરી એટલી છે કે એકાંત જીવનના પડદામાં રહીને તેઓ કામ કરે છે; લોકદૃષ્ટિના પ્રકાશમાં સંચરવું તેમને હજી ગોઠયું નથી. છતાં ઉત્તમ દૃષ્ટાન્તો છુટાં છવાયાં જે આપણી આગળ છે, તેથી તેમના અસ્તિત્વનું આપણને જ્ઞાન રહ્યાં કરે છે અને જે મહાન પુરૂષોનાં નામનું સ્મરણ અત્યારે આપણે કરીએ છીએ, તેમની માતાઓ-તેમને "મહાન"પણાના ગુણોનું પયપાન કરાવનાર આપણી ગુજરાતી સન્નારીઓજ છે, એ પણ આપણે અહીં વિસ્મરણ કરવા જેવું નથી. પાલીતાણાની રેલ વખતે "જૈન વિધવાશ્રમ"ની બ્હેનોએ જે અપૂર્વ ધૈર્ય-શ્રદ્ધા-બળ-શાન્તિથી પ્રાણ ત્યાગ કર્યો તેમનાં નામ પ્રસિદ્ધ નહીં છતાં, તે સઘળી મહાન સન્નારીઓ હતી. એમાં કાંઈ શક નથી. હાલ દક્ષિણ આફ્રિકામાં જે અસાધારણ દેશભક્તિ અને સહનશીલતાથી આપણી હિંદુ અને મુસલમાન બ્હેનો સત્યાગ્રહની લડત ખાતર જેલનાં વિષમ દુઃખ પણ સહન કરી રહી છે, તેઓ પણ દરેક રીતે મહાનપણાના સદ્- પ્રદર્શિત કરી રહી છે અને તે ઉપરાંત આપણી દૃષ્ટિ સમક્ષજ કેટલીક દીનદયાળુ ગનિઓ પોતે દુઃખી છતાં, સેવા-વ્રત ધારણ કરી, અન્ય અસહાય અનાથ બાન્ધુઓનાં કષ્ટ ઓછાં કરવા નિરંતર પ્રયત્નવાન છે, તેમને પણ દરેક દેશનો ઇતિહાસ મહાનજ કહે.

ઉપર કહ્યું તેમ ઘણી બ્હેનોનાં જન્મ ચરિત્રથી આપણે પરિચિત નથી. આપણે તેમનાં ઉજ્વળ આત્મતત્વની ઝાંખી કર્યેથી વધારે નિર્મળ, વધારે પવિત્ર બની શકીએ, એ નિઃશંક છે. પ્રકાશની પગલિઓ ચારે પાસ પ્રસરી રહી છે, તે થોડાજ કાળમાં હવે આપણી ગરવી ગુણવંતી દેશમૈયાને તેનાં અમૂલ્ય પુત્રી રત્નોના પ્રકાશથી સત્વર ઝળકાવી રહેશે, એ દૃઢ શ્રદ્ધા છે.

અરાઢમી સદી સુધીનાં મહાન પુરૂષો અને બાનુઓ:

राज्यकर्ताः	વનરાજ.		દયારામ.
	* સિદ્ધરાજ	सती स्त्रीओः	રૂપ સુન્દરી.
	અહમદશાહ.		* મીનલદેવી.
	* મહમદ બેગડો		રાણકદેવી
	બહાદુરશાહ.		વીરમતી.
विद्वान अने धर्मशीलः	* હેમચન્દ્ર		અનુપમા.
	જગડુશા.	भक्त कविः	ગૌરીબાઈ.
	વસ્તુપાળ. } તેજપાળ. }		નાગબાઈ.
			સુજનબા.
कवि	નરસિંહ મહેતા		તોળલ.
	* પ્રેમાનન્દ		(વિદેશી)
	શામળ ભટ.		મીરાંબાઈ.

ઓગણીસમી અને વીસમી સદીનાં મહાન પુરૂષો અને બાનુઓ:

धर्मः

* દયાનન્દ સરસ્વતી.
* ભોળાનાથ સારાભાઈ.

નૃસિંહાચાર્ય.
નથુરામ શર્મા.
(વિદેશી)
સહજાનન્દ મહારાજ.
મહીપતરામ નીલકંઠ.
બ્હેરામજી મલબારી
લાલશંકર ઉમિયાશંકર.

साहित्यः

નર્મદાશંકર.
દલપતરામ.
પંડિત ગટુલાલજી.
મ. ન. દ્વિવેદી.
* ગોવર્ધનરામ

ઈચ્છારામ દેસાઇ.
(વિદેશી)
એલેકઝાન્ડર ફોર્બ્ઝ.
કર્નલ વોટસન.

राज्य-

ગૌરીશંકર ઓઝા.
મણિભાઇ જસભાઈ.
* દાદાભાઈ નવરોજી.

શ્રીમંત સયાજીરાવ.
ગાયકવાડ.

संसार सुधारोः

* કરસનદાસ મુળજી.
* મોહનદાસ ગાંધી.

સર ફિરોઝશાહ મહેતા.

हुन्नर-व्यापार-ज्ञानः

સર જમશેદજી (પ્હેલા).
ગોકળદાસ તેજપાલ.
રણછોડલાલ છોટાલાલ.
* જમશેદજી તાતા.

પ્રેમચંદ રાયચંદ.
સર ચીનુભાઈ માધવલાલ
રતનજી જ. તાતા.

दान-धर्म-सेवाः

હમાબાઈ પીટીટ.
ન્હાની બેન ગજ્જર.
બાઈગૌરી મુનશી.
મગન બહેન
સુલોચના બહેન.

साहित्यः

સુમતી બેન.
વિજયા લક્ષ્મી.
વિદ્યાગૌરી.
શારદા ગૌરી.
શીરીન બાઈ કાબ્રાજી.

देशभक्ति

* જમના બેન સક્કે.
* મિસીસ ગાંધી.

(મોહનદાસનાં પત્ની)

સાહિત્ય વિભાગમાં ઇતિહાસ શોધક અને પત્રકારને પણ સ્થાન આપ્યું છેઃ અને રાજ્ય વિભાગ તેના વિશાળ અર્થમાંજ વાપર્યો છે. રા. જ.

(શ્રીયુત રામ મોહનરાયશ્રીની સૂચના વાસ્તવિક છે. પરંતુ અમારો આશય સર્વોત્કૃષ્ટ મહાન પુરૂષોની નામાવલી તૈયાર કરાવવાનો છે, કે જેમણે આખા દેશ પર મહાન ઉપકારો કર્યાં હોય, વા પોતાની પ્રતિભાથી જેમણે દેશને જાગૃત કર્યો હોય. સન્નારીઓની તેમની યાદી અન્ય બ્હેનો તથા પુરૂષો માટે માર્ગ દર્શક થઈ પડશે.

—અધિપતિ, " આ. પ્ર. ")

સ્ત્રીઓના વ્હેમો અને અનિષ્ટ રીત રીવાજો.

'સુન્દરી સુબોધ'ના તન્ત્રી,

સાહેબ,— અમદાવાદ.

આપનું રસીલું માસિક આર્ય મહીલાઓમાં બહોળો ફેલાવો પામેલું છે અને તેમના લાભાર્થે અનેક હિતકારક બાબતો, આપના શુભ અને ચાલુ ખંતના પ્રયાસથી હર હમેશ તેમાં પ્રગટ થતી જોવામાં આવે છે તો, આ સ્થળે હું ઉપર જણાવેલા વિષયપર ધ્યાન ખેંચવા રજા લઉં છું, તેને પ્રસિદ્ધિમાં લાવશો; તેથી આપણી બેનોમાં જે કેટલાક વ્હેમી રીત રીવાજો ઉંડાં મૂળ ઘાલીને પડયા છે અને તેથી જે માઠાં પરિણામો તેઓને શોષવાં પડે છે તેમાંથી તેઓ મુક્ત થાય અને શુદ્ધ જ્ઞાનનો દઢ માર્ગ તેઓને સુઝે. એ વ્હેમી રીત રિવાજો કાંઈ એક તરેહના નથી; પણ વ્યવહારિક દરેક બાબતમાં ડગલે ડગલે સ્ત્રીઓને વ્હેમ હોય છે ! જો કે આધુનિક સમયમાં કેળવણીના પ્રચારથી મારી બેનો મોટી સંખ્યામાં ઉન્નતિને રસ્તે પ્રયાણ કરતી માલુમ પડે છે ખરી અને ખોટા વ્હેમોને તાબે થતી નથી, તો પણ હજી વ્હેમોનું મૂળ નાબુદ થયું નથી અને ઘણી અજ્ઞાન સ્ત્રીઓ પોતાને લાભ થવાના હેતુથી તેમાં વિશ્વાસ રાખે છે.

ઘર–કુટુંબમાં, સગાં સ્નેહીઓમાં કોઈ પણ તનનું માણસ માંદગીથી પીડાતું હોય અને મરવાની અણીપર હોય તો અનેક બાધા આખડી વિગેરે તેઓ કરે છે. કદાચ માંદગી લાંબી પહોંચતી હોય તો દાણા જોવડાવે છે. જન્માક્ષર જોશીને બતાવે છે કે રખેને કાંઈ ભૂતપિશાચ તો વળગ્યું નથી!–વિગેરે. કદાચ પોતાનું નાનું બાળક માંદગીથી પટકાઇ પડયું હોય તો રાઈ મીઠું ઉતારે છે તેમજ જંતર મંતર કરાવે છે કે જેથી કોઈની નજર લાગી હોય તે દૂર થાય અને છોકરૂં સાજું થાય ! કદાચ પરમેશ્વરના અદલ ઇનસાફની રૂએ પોતાને સંતતિ ઉત્પન્ન થતી નહિ હોય યા તો ઉત્પન્ન થઈ નાશ પામતી હોય, તો મારી કેટલીક ભોળી બેનો રસ્તે રખડતા સાંઈ, ફકીર, યતિ, બાવાઓનાં વચનપર શ્રદ્ધા રાખે છે, અને તેઓ અનેક જાતના દોરા, તાવીજ, મંતર ધંતર કરી આપી, ખોટો ડોળ કરી શ્રદ્ધા બેસાડી પૈસા ખુંચવી લે છે અને સંતતિ થશે એવી ખોટી આશા આપે છે. અજ્ઞાન બેનો તેમને પરમેશ્વર તુલ્ય ગણે છે. આવી રીતે અનેક જાતના વ્હેમોએ સ્ત્રીઓમાં ઘર ઘાલ્યું છે. પણ એ વ્હેમ તે વ્હેમજ છે એટલે એમાં ખરાપણું હોઈ શકતું નથી: અને પૈસાની હાનિ ઉપરાંત ઘણીવાર જિંદગી પણ જોખમમાં આવી પડે છે. !

આ જગતમાં દરેક માણસ પોતાનું નસીબ લઇનેજ અવતરે છે, અને નસીબમાં લખ્યું મિથ્યા થતું નથી. કર્મની રેખ પર મેખ કોઈ મારી શકતું નથી ! ખાલી ફાંફાં છે. પણ સદ્દબુદ્ધિ વાપરીને પ્રયત્ન કરવો જોઇએ. માણસ માંદગીને બિછાને પડયું હોય તો તેને ચાંપીને દવા કરવી અને બનતા ઉપાયો યોજવા એ આપણી ફરજ છે. પછી આયુષ્યની દોરી તુટી હશે તો તેમાં કોઈનું કશું ચાલવાનું નથી. કર્મમાં સંતતિ નહિ હોય તો ગમે તેટલું કરશો તો પણ સંતતિ થશે નહિ; તો પછી શા માટે ચિંતા કરીને વ્હેમોને

વશ થવું ? વ્હેમથી કેટલીક વખત ઘણાં ભયંકર પરિણામો નિપજે છે. શરીર દુર્બળ થઈ થઈ જાય છે, રોગ ઘર ઘાલે છે, અને છેવટે મૃત્યુ પણ થાય છે ! કેટલાક જંગલી દેશોમાં દેવીઓને નાના છોકરાઓના ભોગ અપાય છે તે પણ વ્હેમી માન્યતાને લીધેજ થાય છે. આ સર્વ જ્યાં અજ્ઞાનતા છે, ત્યાંજ થવા પામે છે. અર્વાચીન કાળમાં જેમ જેમ સ્ત્રીઓ કેળવણી પામી સુધરતી જાય છે, તેમ તેમ કાંઈ ફેરફાર માલૂમ પડે છે. વળી આવા વ્હેમો સ્ત્રીઓમાં છે એવુંજ કાંઈ નથી પણ અજ્ઞાન પુરૂષોમાં પણ તે જોવામાં આવે છે. અમુક દિવસે અમુક દિશામાં જવાય યા નહિ જવાય એવું જે માનવું તે પણ એક જાતનો વ્હેમજ છે: અને વ્હેમી વિચાર મનમાં ઘર કરે છે, તેથી બિક પેદા થાય છે. ભૂત પિશાચ વિગેરેનો વિચાર બળવાન થયો હોય તો તે વ્હેમ પણ નડયા વિના રહેતો નથી. જો કે ખરી રીતે જોતાં વ્હેમ રાખવા જેવું કાંઈ હોતું નથી, તોપણ ખાલી ભ્રમણાથી નુકશાનકારક પરિણામ આવે છે.

મનુષ્ય જ્યારે પ્રભુના દરબારમાં જવાની તૈયારીમાં હોય છે (મરવાની અણી પર હોય છે), ત્યારે કેટલીક જ્ઞાતિઓમાં એવો રિવાજ હોય છે કે તેને ઠંડા પાણીથી નહવડાવે છે. આનું કારણ તેઓ એમ આપે છે કે ઠંડા પાણીએ ન્હવરાવ્યાથી ગંગા નદીમાં નહાવાં જેટલું પુન્ય તે પ્રાપ્ત કરે છે અને જીવ સદ્‌ગતિએ જાય છે ! બેશક આ પણ એક વ્હેમી અને ત્રાસદાયક રિવાજ છે. જીવને અંતકાળે બિલકુલ હેરાન કરવો જોઇએ નહિ. કારણકે આવી રીતે કરતાં માંદુ માણસ વધારે માંદુ થઈ વ્હેલુંજ મરણ શરણ થાયછે !

વળી એક વ્હેમ ઉપર ખાસ ધ્યાન આપવાની તથા તેના પર અજવાળું નાંખવાની જરૂર છે. તે એ છે કે કેટલીક સ્ત્રીઓ લગ્ન થયા પછી પોતાના પતિની પ્રીતિ સંપાદન કરવાના હેતુથી તેને વશ કરવા ઇચ્છે છે. જો પોતે ખરી કેળવણી પામેલી હોય તો પોતાના સદ્‌ગુણ અને આવડ વડે પતિની પ્રીતિ સહેલમાં સંપાદન કરે છે અને સરળ વ્હેવાર ચલાવે છે. કારણકે પ્રેમ એજ ખરૂં વશીકરણ છે. પણ એ નહિ સમજીને કેટલીક સ્ત્રીઓ તેથી ઉલટેજ રસ્તે દોરાય છે અને અજ્ઞાન ખરાબ સ્ત્રીની સંગતથી મલીન વિદ્યાના વશીકરણના ઉપચારો પતિ ઉપર અજમાવે છે. આનું પરિણામ એવું તો માઠું આવે છે કે સ્ત્રીને તે વિષે પાછળથી ખરો પશ્ચાતાપ થાયછે, પણ પછી ઇલાજ શો ? માટે એવી ખરાબ સ્ત્રીઓનો સન્નારીઓએ છાંયો પણ લેવો નહિ અને તેઓની સંગતથી, તેમજ " વશીકરણ " જેવા હાનિકારક ઇલાજો અજમાવવાથી હમ્મેશ દૂર રહેવું સારૂં છે.

આપણામાં આવા વ્હેમી રીતરિવાજોનો તો પારજ નથી અને તે સર્વને લંબાણથી વર્ણવવાની અહિં જરૂર નથી. કારણકે એ સઘળાથી થતાં નુકશાન સઘળી જગોએ જાણીતાં છે. માટે હે મારી સુજ્ઞ ભગિનીઓ ! જો તમે કલ્યાણ ચહાતાં હો, તો એક પરમાત્મા જેણે આપણ સર્વને પેદા કર્યાં છે, તેના પર જ પૂરો વિશ્વાસ રાખી તમારી સુબુદ્ધિનો ઉપયોગ કરો અને વ્હેમી વિચાર દૂર કરો. ?

(મુંબાઈ) રણછોડલાલ મા. વકીલ.

સ્ત્રીઓના વ્હેમો અને અનિષ્ટ રીત રીવાજો.

'સુન્દરી સુબોધ'ના તન્ત્રી,

સાહેબ,— અમદાવાદ.

આપનું રસીલું માસિક આર્ય મહીલાઓમાં બહોળો ફેલાવો પામેલું છે અને તેમના લાભાર્થે અનેક હિતકારક બાબતો, આપના શુભ અને ચાલુ ખંતના પ્રયાસથી હર હમેશ તેમાં પ્રગટ થતી જોવામાં આવે છે તો, આ સ્થળે હું ઉપર જણાવેલા વિષયપર ધ્યાન ખેંચવા રજા લઉં છું, તેને પ્રસિદ્ધિમાં લાવશો; તેથી આપણી બેનોમાં જે કેટલાક વ્હેમી રીત રીવાજો ઉંડાં મૂળ ઘાલીને પડયા છે અને તેથી જે માઠાં પરિણામો નુબોને શોસવાં ડે છે તેમાંથી તેઓ મુક્ત થાય અને શુદ્ધ જ્ઞાનનો દૃઢ માર્ગ તેઓને સુઝે. એ વ્હેમી ીત રિવાજો કાંઈ એક તરેહના નથી; પણ વ્યવહારિક દરેક બાબતમાં ડગલે ડગલે સ્ત્રીઓને વ્હેમ હોય છે! જો કે આધુનિક સમયમાં કેળવણીના પ્રચારથી મારી બેનો મોટી ંખ્યામાં ઉન્નતિને રસ્તે પ્રયાણ કરતી માલૂમ પડે છે ખરી અને ખોટા વ્હેમોને તાબે તી નથી, તો પણ હજી વ્હેમોનું મૂળ નાબુદ થયું નથી અને ઘણી અજ્ઞાન સ્ત્રીઓ પોતાને લાભ થવાના હેતુથી તેમાં વિશ્વાસ રાખે છે.

ઘર–કુટુંબમાં, સગાં સ્નેહીઓમાં કોઈ પણ તનનું માણસ માંદગીથી પીડાતું હોય અને મરવાની અણીપર હોય તો અનેક બાધા આખડી વિગેરે તેઓ કરે છે. કદાચ માંદગી લાંબી પહોંચતી હોય તો દાણા જોવડાવે છે. જન્માક્ષર જોશીને બતાવે છે કે રખેને કાંઈ ભૂતપિશાચ તો વળગ્યું નથી!—વિગેરે. કદાચ પોતાનું નાનું બાળક માંદગીથી પરકાઇ પડયું હોય તો રાઈ મીઠું ઉતારે છે તેમજ જંતર મંતર કરાવે છે કે જેથી કોઈની નજર લાગી હોય તે દૂર થાય અને છોકરૂં સાજું થાય! કદાચ પરમેશ્વરના અદલ ઇનસાફની રૂએ પોતાને સંતતિ ઉત્પન્ન થતી નહિ હોય યા તો ઉત્પન્ન થઈ નાશ પામતી હોય, તો મારી કેટલીક ભોળી બેનો રસ્તે રખડતા સાંઈ, ફકીર, યતિ, એવાઓનાં વચનપર શ્રદ્ધા રાખે છે, અને તેઓ અનેક જાતના દોરા, તાવીજ, મંતર ધંતર કરી આપી, ખોટો ડોળ કરી શ્રદ્ધા બેસાડી પૈસા ખુંચવી લે છે અને સંતતિ થશે એવી ખોટી આશા આપે છે. અજ્ઞાન બેનો તેમને પરમેશ્વર તુલ્ય ગણે છે. આવી રીતે અનેક જાતના વ્હેમોએ સ્ત્રીઓમાં ઘર ઘાલ્યું છે. પણ એ વ્હેમ તે વ્હેમજ છે એટલે એમાં ખરાપણું હોઈ શકતું નથી: અને પૈસાની હાનિ ઉપરાંત ઘણીવાર જિંદગી પણ જોખમમાં આવી પડે છે.!

આ જગતમાં દરેક માણસ પોતાનું નસીબ લઇનેજ અવતરે છે, અને નસીબમાં લખ્યું મિથ્યા થતું નથી. કર્મની રેખ પર મેખ કોઈ મારી શકતું નથી! ખાલી ફાંફાં છે. પણ સદ્બુદ્ધિ વાપરીને પ્રયત્ન કરવો જોઇએ. માણસ માંદગીને બિછાને પડયું હોય તો તેને ચાંપીને દવા કરવી અને બનતા ઉપાયો યોજવા એ આપણી ફરજ છે. પછી આયુષ્યની દોરી તુટી હશે તો તેમાં કોઈનું કશું ચાલવાનું નથી. કર્મમાં સંતતિ નહિ હોય તો ગમે તેટલું કરશો તો પણ સંતતિ થશે નહિ; તો પછી શા માટે ચિંતા કરીને વ્હેમોને

લક્ષ્મીની મદદ હોય તો ઘણાં કામો થઇ શકે. વિદ્યાની મદદ હોય તો 'અંત્યજ વર્ગનો ઉદ્ધાર' વિગેરેને માટે કંઇ કામ થઇ શકે. પરંતુ જેને સદ્વિચાર સિવાય કંઇ સાધન ન હોય તેને તો ગૃહસુધારા સિવાય બીજું કરવાની જરૂર નથી, બલ્કે બીજું કરવા જતાં તે પોતાનું જીવન દુઃખી ગાળશે અને તેને દુઃખી જોનારાને સત્કાર્યો કરતાં નાસીપાત કરશે.

દરેક વિચારવંત સ્ત્રી પુરૂષે પોતાનું કુટુંબ ધ્યાનમાં રાખી, બીજો સુધારો કરવો જોઇએ. એક 'ગ્રેજ્યુએટ' પોતાના અભ્યાસની મુદતમાં જે પ્રેમશૌર્ય મેળવે છે તે પ્રેમ અને શૌર્ય બંને સાથે રહે તેજ ઇષ્ટ છે. પ્રેમ સ્વકુટુંબને સુધારવા ઇચ્છશે અને શૌર્ય દેશસેવાનાં મહાન કાર્યોમાં મદદગાર થશે. પરંતુ એકબીજાથી અલગ પ્રેમ અથવા શૌર્ય સ્તુત્ય કહી શકાય નહિ.

સ્ત્રી વિચારશીલ હોય અને પતિ અજ્ઞ હોય, તોપણ સ્ત્રીએ નિરાશ થવું જોઇએ નહિ. વિચારવંત સ્ત્રી "આદર્શ સ્ત્રીત્વ"થી પોતાના પતિને સુધારે તો તે મહાન કામ છે. આપણા દેશની માન્યતા પ્રમાણે પુરૂષ સ્ત્રીની શિખામણ લેતાં લજવાયછે. પરંતુ તે શિખામણ વેદની આજ્ઞા માફક થાય અગર મિત્ર માફક થાય તો ગમતી નથી એ ખરૂં છે. પરંતુ રામાયણની રસીક વાત જેમ રાવણના વ્યભિચાર ઉપર તિરસ્કાર અને રામના આદર્શ ગુણોપર પ્રીતિ ઉત્પન્ન કરે છે, તેવીજ રીતે રસથીજ છતી લઇ જો પતિપર ખરૂં વશીકરણ 'कार्येषु मंत्री करणेषु दासी' ઇત્યાદિ કરવામાં આવે તો બહુજ માન્ય થઇ પડે છે. અને આવા અનેક દાખલાઓ મળશે. ઇતિહાસમાં બહુ થોડા છે, પરંતુ દરેક જણ પોતાની આસપાસ નજર કરશે તો અવશ્ય સારી સંખ્યામાં મળશે. માટે સ્ત્રીએ પણ સ્વકુટુંબ સુધારામાં નિરાશ થવું જોઇએ નહિ.

'સેવક.'

ત્રણ ગુજરાતી કહેવતો.

'સુન્દરી સુબોધ' ના તન્ત્રી સાહેબ,

અમદાવાદ.

આપના ગયા આગસ્ટ માસના અંકમાં "ત્રણ ગુજરાતી કહેવતો" સંબંધી શંકાનું સમાધાન કરવા અર્થે જે લેખ રા. શિવસુતે લખેલો છે તેમાં કરેલો નિર્ણય વાસ્તવિક હોય એ શંકાસ્પદ છે. મારી માન્યતા પ્રમાણે સત્ય હકીકત નીચે પ્રમાણે હોવી જોઇએ.

મજકુર ત્રણ કહેવતો (૧) ડાહી સાસરે જાય ને ઘેલી શિખામણ દે. (૨) ડાહી સાસરે ન જાય ને ઘેલીને શિખામણ દે, અને (૩) ડાહી સાસરે જાય ને ઘેલીને શિખામણ દે—એ પ્રમાણે છે. તેમાંની પહેલી જે ગુજરાતી કહેવતસંગ્રહમાં આવેલી છે તે સ્વિકારવા રા. સિવસુત આનાકાની કરેછે; જ્યારે બીજી જે બેલસારે કૃત ડીક્ષનેરીમાં આવેલી છે તે સત્ય હોવાનું તેઓશ્રી જણાવેછે, અને ત્રીજી જનસમુદાયમાં થોડે ઘણે અંશે બોલાતી હોવાનું અને તે નીતિના ઉપદેશરૂપે સામાન્ય હોવાનું તેઓ જણાવેછે.

આ પ્રમાણે ત્રીજી કહેવત થોડે ઘણે અંશે બોલાતી હોવાનું જ્યારે તેઓ જણાવે છે અને તે સામાન્ય છે એમ તેઓ જણાવી તે ઉપર વિશેષ ભાર મુકવા માંગતા નથી એમ અનુમાન કરાવેછે તો તે વીશે લંબાણ તકરાર કરવાનું હું દુરસ્ત

તોપણ એટલું તો જણાવીશ કે આપણામાં કહેવતોનો કેવા સંજોગોમાં ઉપયોગ થાય છે તે જેઓને અનુભવ છે તેઓ એમ કહેશે કે એક ડાહી સ્ત્રી સાસરે જાય અને તે બીજી સાસરે ન જતી એટલે ઘેલી સ્ત્રીને શિખામણ દે તે એટલું તો સ્વાભાવિક છે કે તેને કહેવતના રૂપમાં મુકવાનું પ્રયોજનજ હોઇ શકે નહીં. ડાહ્યાઓ ઓછા ડાહ્યાને શિખામણ આપે એ તો સ્વાભાવિકજ છે. અને એવી સ્વાભાવિક વાતને કહેવતના રૂપમાં મુકવાનો રીવાજ ભાગ્યેજ જોવામાં આવેછે. અને તેથી એ ત્રીજી પ્રકારની કહેવત સત્ય છે, અર્થાત્ લોકોમાં એનો કહેવત તરીકે છુટથી પ્રયોગ થાય છે એમ માનવું મુસ્કેલ લાગેછે અને એ મારી માન્યતાને મજકુર બન્ને ગ્રંથકારોમાંથી એકે પણ તે કહેવતને પોતાના પુસ્તકમાં લીધી નથી એથી ટેકો મળેછે.

હવે ત્યારે પહેલી અને બીજી એ બેમાંથી કઈ સત્ય છે તે આપણે તપાસીએ.

ડાહી સાસરે જાય ને ઘેલી શિખામણ દે—આના સંબંધમાં રા. શિવસુત લખે છે તેનો સાર એ છે કે ડાહી મનાએલી અને સાસરે જતી સ્ત્રીને શિખામણ અપાયછે તે ડાહી મનાએલી સખી દ્વારા અથવા માતા દ્વારાજ અને નહી કે ઘેલી મનાએલી "ઘેલી". ..—અને તેટલા કારણસર તે કહેવત સત્ય હોવાનું સ્વિકારી શકાય નહીં.—આ મતનો તેમના લખાણનો ભાવાર્થ છે. પણ એ સાર ઉપર આવતાં પહેલાં આપણી કહે... કેવા સંજોગમાં ઉપયોગ થાયછે અને સત્ય કહેવત એટલે શું એ વિશે જો એઓશ્રીએ વિચાર કર્યો હોત તો મને લાગેછે કે તેઓ ખરા નિર્ણય ઉપર આવી શકત. કહેવતનું સત્ય તેના શબ્દાર્થના સત્યપણા ઉપર આધાર રાખતું નથી પણ જેની સાથે તેનો મુકાબલો કરવાનો હોયછે એટલે કે જેને વાસ્તે તેનો પ્રયોગ કરવામાં આવ્યો હોય તેને તે બંધ બેસતી છે કે નહીં તેના ઉપર આધાર રાખેછે. જેમકે "બાર હાથનું ચીભડું અને તેર હાથનું બી.' આ કહેવતછે. રા. શિવસુતના અભિપ્રાય પ્રમાણે એ કહેવત સત્ય કહેવાયજ નહીં કારણકે બાર હાથનું ચીભડું અને તેર હાથનું બી હોઇજ શકે નહીં છતાં એ કહેવત સત્યછે, એમ તેને અનુકુલ સંજોગોમાં તેનો ઉપયોગ કરવામાં આવેછે ત્યારે સહજ સમજી જવાયછે. તેવીજ રીતે કેટલાક દોઢ ચતુરો પોતાનામાં કાંઈ માલ ન હોય છતાં બીજા જેઓ વિદ્વાન હોય અને ખરે રસ્તે જતા હોય તેઓના કામમાં વારંવાર ખોડખાંપણો કાઢી તેઓને જ્યારે શિખામણ દેવા નીકળેછે ત્યારે તેના વર્તનને માટે ટુંક શબ્દોમાં વર્ણન કરતાં "ડાહી સાસરે જાય ને ઘેલી શિખામણ દે" એ કહેવતનો પ્રયોગ કરી તેની સાથે તેનો મુકાબલો કરવામાં આવેછે—અર્થાત પોતે ડાહ્યા હોય અને બીજા ઓછા ડાહ્યાને શિખામણ દેવામાં આવે તો તો વાજબી છે, પણ આતો જેમ ડાહી સાસરે જતાં એક ઘેલી સ્ત્રી શિખામણ દે અને તે જેટલું અયોગ્ય લાગે તેમ આનું વર્તન પણ અયોગ્ય છે

ઘેલીને સાસરે જવાના સમયે શિખામણ આપવા ડાહી નિડર બની પગભર રહે એ આશ્ચર્ય સાથે આનન્દ આપે છે જેથી તેને કહેવતના યથાર્થ સ્વરૂપે ગણી શકાય એ નિ-વિવાદ છે." હવે એમનો એ અભિપ્રાય કેટલે અંશે સત્યછે એ તપાસીએ. આપણામાં એતો સર્વમાન્ય નિયમ છે કે સ્ત્રી ગમે તેટલી શિખેલી ભણેલી હોવા છતાં જો તે પ્ર-સંગ આવ્યે સાસરે જવાને આનાકાની કરેછે તો તેને ડાહી ગણવામાં આવતી નથી. વળી જે સ્ત્રીને અનુભવના અભાવે સાસરે જવાનું મન થતું નથી અર્થાત્ પોતાનો ધર્મ સાસરે જવાનો છે એમ સમજાયું નથી તે સ્ત્રી એક સાસરે જતી છતાં રા. શિવસુતે માની લીધેલી "ઘેલી" ને સાસરે જતી વખતે શું શિખામણ આપી શકે ? એ નહીં સમજી શકાય તેવુંછે. વળી રા. શિવસુત જ્યારે એમ જણાવેછેકે "સંસાર પક્ષે ડાહી સ્ત્રીને અનુભવ વિનાનું જ્ઞાન-એટલે "સ્વામીજ સ્ત્રીઓનું સર્વસ્વછે" એ જ્ઞાન-સત્ય સિદ્ધાન્ત રૂપે પોતાના મનમાં ઉપસ્થિત થએલું હોતું નથી અને આવાંજ કારણોને * * * * * સ્ત્રી સાસરે જવાનો પ્રસંગ પડયે અનિચ્છા દર્શાવે એ કોઇ પ્રકારે હસી કાઢવા જેવું નથી"—ત્યારે મને આશ્ચર્ય લાગેછે. એક આર્ય સ્ત્રી જે ઇચ્છા અથવા અનિચ્છાએ પણ પોતાને સાસરે જવાની ફરજ છે અને વગર આનાકાનીએ મારે સાસરે જવું જોઇએ, એટલું પણ સમજે નહી છતાં તેને ડાહી ગણવામાં આવે એ વિચારજ શું હસી કાઢવા જેવો નથી ? ખરી રીતે કહેવતનું સત્યજ રા. શિવસુત કહેછે તે રીતે નથી પણ આ રીતે છે-એટલેકે ડાહી એટલે સાસરે જતી અને ઘેલી એટલે સાસરે જવાને આનાકાની કરતી સ્ત્રીને ગણવામાં આવેછે. અને જે સંજોગોમાં એ કહેવતનો પ્રયોગ થાયછે તે હુ ઉપર જણાવી ગયો છું તેમ ધ્યાનમાં લેતાં "ડાહી સાસરે જાય ને ઘેલી શિખામણ દે" એજ કહેવત સત્ય છે અને બીજી કલ્પિત છે એમ ગુજરાતી કહેવતોના પ્રયોગ કરવાવાળા કે જેઓ અસલી પાકટ બુદ્ધિના છે તેઓને પુછતાં ખાત્રી થઇ શકશે.

(ધાટપર) "કરાણી."

बालोद्यान.

નવિન.

(લેખકઃ-શ્રીયુત ' દેવેન્દ્ર ' વડોદરા.)

એક ગામમાં એક બ્રાહ્મણ વિધવા સ્ત્રી હતી. તેને નવિન કરીને છોકરો હતો. તેને તેની માતાએ ગુરૂને ત્યાં ભણવા મૂકયો ત્યાં બીજા વિદ્યાર્થીઓ કરતાં નવિન, ગુરૂને હોં-શીઆર લાગતો.

એક દીવસે ગુરૂના પિતાનું શ્રાદ્ધ આવ્યું ત્યારે બધા વિદ્યાર્થીઓને ગુરૂએ કહ્યું કે "તમે તમારે ત્યાંથી જુદી જુદી જાતનું અનાજ લઇ આવો." કોઈ દાળ, કોઇ ચોખા, કોઈ ઘઉં, કોઇ ચટણી, કોઈ મરચાં, કોઈ મીઠું એમ બધું લાવ્યા પણ નવિનને ગુરૂએ કશું લાવવાનું ન કહ્યાથી તેને ઓછું આવ્યું. તેણે ગુરૂને બહુ આજીજીથી કહ્યું કે "ગુરૂજી મને પણ કંઈ લાવવાનું કહો." ત્યારે ગુરૂએ તેને કહ્યુઃ "બાપુ ! તું ગરીબ છે. તારી મા ભિક્ષા માગી લાવી તમારૂં ગુજરાન કરે છે. તો તું શું લાવી શકીશ ? બેટા ! તારો

ભાવ છે એટલે બસ છે." પણ નવિને પોતાની માગણી ચાલુ રાખી એટલે ગુરૂએ કહ્યું " નવિન ! જો તારો આટલો બધો આગ્રહ છે તો જા, એક દહીંનો ઘડો તું લાવજે."

નવિને ઘેર આવી માને વાત કરી. એ સાંભળી મા રડી પડી. તેને પોતાની કંગાલ સ્થિતી સાંભરી. નવિનને મનથી તેની બાળ હઠ માટે ઠપકો આપતાં મા બોલી: " ભાઈ! ભિક્ષા પણ જેમ તેમ કરીને આપણને મળે છે, તો દહીં ને તેયે ઘડો ભરીને કોણ આપશે ? હશે. દુ:ખીયાનો બેલી ઈશ્વર છે. બેટા ! આ, પાસે જંગલ છે ત્યાં તારો એક ભાઈ રહે છે તેનું નામ દીનબંધુ છે. એને તું બુમો પાડજે એટલે એ બોલશે અને તને દહીંનો ઘડો આપશે. "

માતાનાં વચનમાં દૃઢ:વિશ્વાસ રાખી નવિન જંગલમાં આવ્યો. અને:" હે દીનબંધુ ! હે દીનબંધુ " કહી બૂમો પાડવા લાગ્યો, પણ કોણ બોલે ? બુમો પાડતાં પાડતાં તેનું ગળું પણ બેશી ગયું તોયે તેણે બુમો પાડયા કરી અને રડવા માંડયું. આથી સાક્ષાત્ દીનબંધુ ભગવાનને દયા આવી; અને તે તેની પાસે આવી ઉભા રહ્યા. તેમણે કહ્યું "ભાઇ નવિન ! તું કેમ રડે છે ? તારે શું જોઇએ છીએ ?" નવિન ભાઇનો દાવો રાખી બોલ્યો. " ભાઈ! હું કયારનો બૂમ પાડું છું તો પણ તું કેમ બોલ્યો નહિ ? તને તારા નાના ભાઈ ઉપર દયા પણ ન આવી ? મારા ગુરૂને ત્યાં શ્રાદ્ધ છે, તે દહીં લઈ જવાનું મને કહ્યું છે; ને દહીંનો ઘડો જોઇએ છીયે."

દીનબંધુએ એક દહીંનું ગોરસ લાવી આપ્યું, અને કહ્યું કે " ભાઈ ! નિશાળે જઈ આવ્યા પછી દરરોજ રમવાને પણ તું અહિં આવજે, આપણે નવા નવા ખેલ રમીશું."

ગોરસ લઇ હરખાતો હરખાતો નવિન પોતાના ગુરૂને ત્યાં ગયો. ત્યાં પાંચસો બ્રાહ્મણો જમવા આવવાના હતા. તેથી તે ગોરસ ગુરૂએ રાખી મૂકયું. અને બધાને જમી રહ્યા પછીથી દહીંનું આચમન કરાવ્યું. દહીં બધાને એવું ભાવ્યું કે દરેક જણ તે માગ માગ કરે, તેથી ગુરૂએ ફરીથી દહીં આપ્યું પણ ઘડામાંનું દહીં ઓછું થયું નહિં. એમ એ ગોરસ અક્ષયપાત્ર જેવું લાગ્યુ; તેથી ગુરૂને આશ્ચર્ય થયું અને નવિનને પૂછ્યું કે " આ ગોરસ તને કોણે આપ્યું ? " નવિને કહ્યું કે " એ મારા ભાઇ દીનબંધુને ત્યાંથી લાવ્યો છું. " ગુરૂ જાણતા હતા કે તેને ભાઇ કે બેન કોઇ નીકટનું સગું ન્હોતું. તેથી તેમને નવાઇ લાગી અને તેમણે નવિનને એ ભાઇ દેખાડવાનું કહ્યું.

નવિન ગુરૂને જંગલમાં લઈ ગયો ત્યાં " હે દીનબંધુ ! હે દીનબંધુ ! " કહી બુમ પાડતાં દીનબંધુ પ્રત્યક્ષ થયા. પણ તે ફક્ત નવિનનેજ દેખાતા હતા. ગુરૂએ કંઇ ન જણાવાથી પૂછ્યું " કયાં છે તારો ભાઇ દીનબંધુ ? " નવિને કહ્યું " ગુરૂજી ! આ આપની સામેજ મારો દીનબંધુ ઉભેલો છે ને ! " ગુરૂ હજી તેને દેખી શકયા નહિ.

ત્યારે નવિને પૂરેપૂરા બાલ ભાવથી દીનબંધુનો એક હાથ ઝાલી, ગુરૂનો હાથ ઝાલ્યો અને બન્નેના હાથ મેળવી ગુરૂને ઉત્સાહથી કહ્યું " આ રહ્યો મારો દીનબંધુ. ગુરૂજી ! દીઠોને ! " હવે દીનબંધુએ ગુરૂને દર્શન દીધાં.

શિષ્યે અડગ ગુરૂ ભક્તિથી ગુરૂને ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવ્યો. નવિન પોતાને ઈશ્વર સરખો ભાઈ દેખાડી આપવા માટે પોતાની માનો અંતઃકરણ-પૂર્વક ઉપકાર માનવા લાગ્યો. ત્યાર પછીથી નવિન દરરોજ દીનબંધુ પાસે રમવા જતો અને એ બન્ને નવા નવા ખેલ રમતા.

વિવિધ વિહાર.

સ્ત્રીઓ વિષે કેટલાક પાશ્ચાત્ય ગ્રન્થકારોના ઉદ્ગાર.

(લેખક-રા. જનાર્દન નાનાભાઈ પ્રભાસ્કર—ઉંડાચ-બીલીમોરા.)

સ્ત્રિયોને અમે જે માન આપિયે છિયે, તે ફક્ત તેમનાં સૌંદર્ય માટે નહિ, તે તો તેમના અંગના ઉપજત ગુણો માટે છે અને તેથી જ અમે તેમનો ગૌરવ કરિયે છિયે.

ઍડિસન.

પાતિવ્રત્ય એજ સ્ત્રિઓનો સદ્ગુણ છે.

ઍડિસન.

પોતાનું કર્તવ્ય કરતી વખતે તે કંઈ પણ સંકટને જુમાનતી નથી. પ્રેમ, આબરૂ અને ધર્મ એ ત્રણની વિરૂદ્ધ આચરણ તેને હાથે થવું અશકય. દયાળુપણું એ તેનું શીલ. રોગીઓની શુશ્રૂષા કરવી એ તેનો નૈસર્ગિક ગુણ સંકટ વખતે ટક્કર ઝીલવામાં તેના સરખી ખમીર કોઇ નથી.

બાલ્ઝેક્.

સ્ત્રીનો પુરૂષાવલંબન એ દોષ રૂઢીનો અને પરિચયનો:છે. ખરૂ જોતાં, સ્ત્રીએ નિશ્ચય કર્યો તો ખાત્રીથી તે પુરૂષ પ્રમાણે સ્વતંત્ર રહી શકશે.

બેથમાન્ટ.

પુરૂષની ખરી અને સર્વોત્તમ દોસ્ત એક સુશિક્ષિત પત્ની છે. કારણ, તેનાપર તેને ગૃહકૃત્યમાં સર્વતોપરી અવલંબીને રહેતાં આવડે છે. તેના વિશ્વાસનો તે કદીપણ દુરૂપયોગ કરતી નથી. જો તે દુ:ખી હોય તો તે તેને આનદ પમાડે છે; તે પોતાનાં છોકરાંને સુશિક્ષણ આપશે અને તે છોકરાં સુશિક્ષિત માતાનાં સ્મારકો જ બનશે!

બિશપ હાર્ન.

હે સ્ત્રી! અમો પુરૂષો સરખીજ તું માનવ જાતમાંની હોઇને ઘણાખરા અણીના પ્રસંગે અમોને માર્ગદર્શક થઇને ત્હારામાં ઇશ્વિરી અંશ છે, એ વાત તુ સિદ્ધ કરી આપેછે.

બુલવર.

સ્ત્રીના હૃદયમાં પ્રેમનું અખંડ ઝરણું વહે છે, તે કદી પણ સુકાવું શક્ય નથી.

બુલવર-લિટન.

પોતા તરફથી કઇ અપરાધ થયો તો સ્ત્રી ક્ષમા માગવા એકપગ પર તૈયાર હોય છે. પરંતુ તેજ અપરાધ પોતાના પતિ તરફથી થયો તો તે તત્કાળ ભુલી જાય છે.

બુલવર.

સ્ત્રીનો પ્રેમ એ પુરૂષના જીવીતનું અમૃત છે; તે વગર તેને સુખ એ શબ્દની સ્મૃતિ સુદ્ધાં થશે નહિ.

માતાના સ્વભાવનું પરિણામ તેના છોકરાંપર થાય છે.

કાર્ટર.

પુરૂષ પ્રમાણે સ્ત્રીને પણ સુખની આવશ્યકતા છે.

કોલ્ટન.

સ્ત્રીમાં એક એવી અજબ જાદુ છે કે, ગમે તેટલો જંગલી માણસ હોય તો પણ તે તેને પોતા તરફ આકર્ષી લે છે.

કાલી.

જે પ્રમાણે અરીસામાં જોનારનું પ્રતિબિંબ દેખાય છે, તેમજ પતિનાં સુખ દુઃખાદિ મનોવિકારોનું પ્રતિબિંબ પત્નીના ચહેરાપર દેખાઈ આવે છે.

ઈર્થાસમસ.

સ્ત્રી એ શાંતીની દેવી છે. એ ઊંચા પદ પરથી તેને નીચે ઉતારવી એ ચોખ્ખું જંગલીપણું છે.

ફ્રેડોયસ.

" પતિપદ માટે કઈ સ્ત્રી યોગ્ય ? " એવો જો મને કોઈ પ્રશ્ન પૂછે તો, " જેણે ાં માબાપનું વચન કદી પણ ઊથામ્યું નથી, તેજ સ્ત્રી પતિ થવા યોગ્ય, " એવો તેને જવાબ આપીશ.

ફ્રેડોયસ.

સ્ત્રી એ પુરૂષની સભ્યતા શીખવનાર માસ્તરણ છે.

ફ્રેડોયસ.

સ્ત્રીનું સાંદર્ય, તેનું તારૂણ્ય, તેનો આનંદી સ્વભાવ, તેના ગુણ, તેના દોષ, તેની ાનેક સ્વભાવલહરી, એ સર્વ પુરૂષનો તેનાપર પ્રેમ બેસવા કારણભૂત થાય છે.

ગેટે.

જે પોતાના પતિને અને બાળકોને સદા આનંદમાં રાખે છે. તેની આગળ આખા ગતની મહારાણીનું વૈભવ પણ તુચ્છ છે!

ગોલ્ડ સ્મીથ.

છોકરૂં કુરૂપ અથવા સુરૂપ હોય, તો પણ તે માતાના અખૂટ પ્રેમનું ભાગીદાર થાયછે.

હુડૅર.

પતિવ્રતા સ્ત્રીમાં ઈશ્વરનું સંપૂર્ણ વૈભવ દેખાઈ આવે છે.

હર્મિસ.

સદ્‌ગુણી સ્ત્રી એ જગતમાં સર્વથી અત્યંત રમણીય વસ્તુ છે.

હંટ.

સદ્‌ગુણી સ્ત્રી પ્રાપ્ત થવી એ ઈશ્વરનો એક સર્વોત્કૃષ્ટ આશીર્વાદ છે.

જેરેમીટેલર.

(અપૂર્ણ.)

એક વિલક્ષણ અર્થ.

(લેખકઃ શ્રીયુત " વિ. પ્રે. "—અમદાવાદ.)

આ માસિકના મુખપૃષ્ઠ પર સૂત્રરૂપે છાપેલ **यत्र नार्यस्तु पूज्यन्ते** ઇત્યાદિ શ્રીમનુભગવાનના શ્લોકાર્ધનો અર્થ સ્પષ્ટજ છે ને તે ત્યાં તેની નીચે આપેલો પણ છે.

"**બુધે નાર પાધરી !**" એ મતના અનુયાયિઓમાંના એકે એનો અર્થ એવો ગોઠવી બેસાડ્યો હતો કે જ્યાં નારીઓને વિશેષ માન આપવામાં આવે છે, જ્યાં તેમના ગુણોનાં ગાન ગાઈ તેમને છાપરે ચઢાવવામાં આવે છે, તથા જ્યાં તેમના "વહુઘેલા" ધણીઓ તેમની "આરતી" ઉતારી તેમને દેવી તરીકે પૂજે છે, ત્યાં દેવતા—અગ્નિ—રમે છે, એટલે ત્યાં તેઓ માથે ચઢી વાગી ઘરમાં કલેશ કકાસનું એવું ખી રોપે છે કે જેમ અગ્નિથી ઘરનો નાશ થાય છે, ત્હેવીજ રીતે ત્હેમનાથી આખા ઘરનો—કુટુમ્બનો—વિનાશ થાય છે !

આ અર્થ ખોટો છે એ દેખીતું છે. તે કાંતો બુદ્ધિના વિલાસ અર્થે અથવા વૃથાવાદને માટે કોઇએ શોધી કાઢેલ—ગોઠવી બેસાડેલ—છે. સંસ્કૃત ભાષામાં देवताનો અર્થ અગ્નિ કદાપિ થતોજ નથી.

પણ પહેલા અર્થને મળતો તથાપિ તદ્દન વિલક્ષણ અર્થ મારા એક સાત્વિક સ્નેહી બધુએ થોડા દિવસ પર તે શ્લોકાર્ધનો કર્યો હતો. તે એ છે કે "**જ્યાં જે ઘરમાં—જે કુટુંબમાં—નારીને સન્માન મળે છે, જ્યાં તેમને તુચ્છ નહિ ગણતાં તેમની તરફ પ્રેમની તથા માનની દૃષ્ટિથી જોવામાં આવે છે ત્યાં દેવતાઓ દેવતાઓ. દૈવી શક્તિઓ—(બાળક રૂપે આવી—અવતરી) રમે છે, અર્થાત્ બાલક્રીડા કરે છે.**

આ અર્થ વિલક્ષણ હોવા છતાં પણ ખોટો કહી શકાય નહિ અને તે પાશ્ચાત્ય વિજ્ઞાન શાસ્ત્રના આ વિષયના અનુભવસિદ્ધ સિદ્ધાન્ત સાથે સારી રીતે ઘટી શકે છે. દરેક મનુષ્યમાં બે પ્રકારની શક્તિ છે. દૈવી ને આસુરી. માતાના જેમ શુભ સંસ્કારો, જેમ વિનય ને વિવેકથી શોભાતું જ્ઞાન ને આ સર્વને રક્ષવાને તથા પોષવાને જેમ તેને અનુકૂળ સંયોગો—તેની પ્રતિ યથોચિત સન્માન, પ્રેમ, સમભાવ—(વિશેષે કરીને ગર્ભવતી તથા બાલવતી હોય ત્યારે), તેમ તેના બાળકનામાં દૈવી શક્તિ વિશેષ ખીલી નીકળવાનો વિશેષ સંભવ છે. આજ કારણથી ગર્ભવતી સ્ત્રીઓને ભાવતું ખાવાનું કરી આપી, તેમની યોગ્ય ઇચ્છાઓ પુરી પાડી, તેમના મનને પ્રસન્ન રાખવાનો રિવાજ આપણામાં ઘણા જૂના કાળથી ચાલતો આવેલો છે. પણ જેમ કાળ જતો ગયો અને શાસ્ત્રીય કારણ દૃષ્ટિ બહાર જવા માંડયું, તેમ "સાપ ગયા ને લીસોટા રહ્યા !" તેની માફક થવા માંડયું.

પણ હવે આ રિવાજનું શાસ્ત્રીય કારણ આપણી નજરે પડવા માંડયું છે, તેથી જે રિવાજ હાલમાં ગર્ભવતીના "સાદર" માંજ સમાઇ રહેલો છે, તેનું રહસ્ય સમજી સર્વ કુટુમ્બી જનો સામાન્ય રીતે સ્ત્રી તથા બાલાઓ પર માનભરી લાગણીથીજ જોશે, અને તેમના મન પર બને તેમ શુભ ને ઉચ્ચ નીતિના તેમજ બુદ્ધિના સંસ્કારો પાડવા પ્રયત્ન કરશે એવી આશા છે.

ખાસ યાદ રાખવું જોઇએ કે કુળની પ્રતિષ્ઠા સ્ત્રીના હાથમાં છે; તે ઇચ્છે છે તેવાં બાલકને તે જન્મ આપી શકે છે.* વીરનરોને જન્મ આપનારી સ્ત્રીઓજ હોય છે. સ્ત્રી કેવલ સ્થુલ ઘરનું ભૂષણ છે એટલુંજ નહિ પણ કુલનું ભૂષણ છે. માટે તેને કદી પણ મશ્કરીમાં પણ હલકા તથા અપમાન ભર્યા શબ્દોથી અવગણવી નહિ, તેને ઘરની દાસી તરીકે ગણવી નહિ, તથા તેને કઠોર ને નિર્દય શબ્દોથી અથવા વર્તણુકથી દૂભવવી નહિ. તેને પ્રસન્ન મનવાળી રાખશો તો તે પ્રસન્ન મનવાળી સંતતિને જન્મ આપશે; અને તેનું મન કલેશ ને ઉદ્વેગમાં રાખશો તો તેવાજ મનવાળી પ્રજાને તે પ્રસવશે!

દૈવી શક્તિ વિશેષ ખીલી નીકળે તો તેટલે દરજ્જે આસુરી શક્તિ દબાય કે નષ્ટ થાય, ને તે બાળક થોડે ઘણે અંશે દૈવી જીવન ગાળે ને નિર્દોષ આનંદ ભોગવતાં ને ભોગવાવતાં—હસતાં અને હસાવતાં—બાલચેષ્ટા કરતાં કરતાં મોટાં થાય ને દૈવી ગુણોથી કુળને ને દેશને ઉજાળે તથા ઉદ્ધારે, એમાં કંઇ પણ અસંભવિત નથી.

આવાં દૈવી શક્તિ તથા સંપત્તિવાળાં બાળ કોને નહિ ગમે? સર્વેને ગમશેજ. તો તેનો ઉપાય પણ પોતાનાજ હાથમાં છે, ને તે એકે પુત્રી કે વહુ કે નાની બેન—ગે સર્વેના મન પર ઉચ્ચ ને શુભ સંસ્કારો પાડવા ને તેમના તરફ સ્નેહભરી દૃષ્ટિથી ને સમભાવથી જોવું તથા તેમને યોગ્ય માન આપવું. તેમનું મન પ્રસન્ન રાખવા પ્રયત્ન કરવો ને ઉદારતા, દયા, પરોપકાર આદિ સદ્‌ગુણોનાં તેમના હૃદયમાં બી રોપી તેને ઉગાડવાને તથા પોષવાને પ્રેમથી ને શ્રદ્ધાથી પ્રયાસ કરવો.

છોકરીઓનાં લગ્ન કરવાંજ જોઇએ કે?

એક કન્યાવંત પિતાએ પોતાના કાકાને લખેલું પત્ર.

(મરાઠી "ઇન્દુપ્રકાશ"ના તા. ૧૭ મી જૂનના અંકમાંથી અનુવાદ.)

લેખકઃ રા. રા. ઠાકરશી પુંજાભાઈ છેડા,—આકોટ.

મ્હારા પરમ પ્રિય કાકા સાહેબનેઃ—

બેઉ હાથ જોડી શિર સાષ્ટાંગ નમસ્કારઃ વિનંતી વિશેષ, આપનો તા. ૧૭ મી નો કૃપાપત્ર પોંહચ્યો. મ્હારી છોકરીઓનાં લગ્ન વિશે આપ કાળજી રાખો છો, તે બદલ હું આપનો આભારી છું. પૂર્વે કાલીન સમાજ સ્થિતિ, તેને અનુસરીને પ્રચલિત શાસ્ત્રો, સામાજીક મતો, વગેરે વાતો ધ્યાનમાં લેતાં આપનો ઉપદેશ વ્યર્થ છે, એમ મ્હારાથી કહેવાતું નથી. તો પણ હું જુદી પરિસ્થિતિમાં ઉછરેલ હોવાથી મ્હેં મ્હારી છોકરીઓને નિશાળમાં બેસાડેલ છે, અને તેઓની કેળવણી પણ ઠીક ચાલી રહી છે. આપનો ઉપદેશ સ્વીકારીશ તો છોકરીઓની કેળવણી રહેશે અને વિકાસ પામતી બુદ્ધિ આટલેથી જ અટકી જશે.

કાકા સાહેબ! દરેક સુરૂપ અગર કુરૂપ, સારી અથવા ખોડખાંપણવાળી, સુદૃઢ અગર નાજુક છોકરીનું લગ્ન થવુંજ જોઈએ, એવો નૈસર્ગિક અગર ઇશ્વર કૃત નિયમ છે કે?

---

* જાનુઆરી-ફેબ્રુઆરી (૧૯૧૪) ના 'સુન્દરી સુબોધ'ના "માસિક વધારા" વાળા વિભાગમાંનો "ઇચ્છાનુસાર સંતતિ" એ લેખ આ સંબંધમાં વાંચવા જેવો છે.

સમાજ નાનો હતો, શત્રુ સામે તેને તૈયાર થવાનું હતું, જ્ઞાન વધારનારા અને ધન ધાન્ય પેદા કરનારા વેપાર જોઈતા હતા, તે વખતે દરેક સ્ત્રીએ અને પુરૂષે વિવાહ કરવો યોગ્ય, ઈષ્ટ અને અવશ્ય હતું. સમાજ સાર, સંપત્તી માટે, અને વિવાહિક સંબંધથી પેદા થનારા આત્મિક, માનસિક અને શારિરિક સુખ માટે 'વ્યક્તિએ લગ્ન કરવું,' એ કાયદો પૂર્વકાલમાં યોગ્ય હતો. પણ હમણાં હિન્દુસ્થાન જેવા કર્મ-દરિદ્રી દેશમાં ૨૦-૨૨ કરોડ હિન્દુ લોકોની સંખ્યા (અર્ધ-) દારિદ્રય સ્થિતીમાં પડેલ છે, એ નજર આગળ દેખાય છે. છતાં મ્હારા જેવા વિચારનિષ્ટ માણસને પૂર્વ શાસ્ત્રોના નિયમ મુજબ વર્તવાની પ્રેરણા કેમ થાય ? પૂર્વ કાળમાં કેટલાક જ્ઞાનનિષ્ટ પુરૂષો બ્રહ્મચર્યાશ્રમમાં જીવન પર્યંત રહેતા હતા, લોક સેવા કરતા હતા અને આત્માની ઉન્નતિ કરતા એ તમેજ મ્હને કેટલીક વખત કહેલ છે. હમણાં પણ આર્થિક સંપત્તીનાં કારણે અગર શરીરમાં ખોડ હોય તે કારણે અને વિદ્યા નહી હોવાના કારણથી કેટલાક લોકો લગ્ન કરી શકતા નથી, તેમજ કેટલાક પોતાનો ઉદ્ધાર થવો એ પ્રેરણાથી લગ્ન કરતા નથી, એ આપણે દેખીએ છીએ. એવી પુરૂષ વર્ગ સંબંધે સવડ છે, તો પછી શાસ્ત્રોએ સ્ત્રી વર્ગ માટે જ એવાં કઠોર શું કામ બનવું ? ગાર્ગી, વાચક્નવી વગેરે સ્ત્રી રત્નો જો સમાજમાં અવિવાહિત રહી ખુશીથી ફરતાં હતાં, તો હમણાંજ શુ એવી પરિસ્થિતિ પેદા થઈ છે, કે જેથી કરીને દરેક સ્ત્રીએ લગ્ન કરવુંજ જોઇએ ?

એ શિવાય પુરૂષો પ્રમાણે સ્ત્રીઓને પણ આત્મા છે ના ? તો પછી એકાદી ઓને તપશ્ચર્યા કરવાની, લોકસેવા કરવાની ઉત્કૃષ્ટ ઇચ્છા જન્મથી હોય, તો તેને પણ વિવાહના પાંજરામાં પુરનારા અમે પુરૂષો એ પાપમાંથી ક્યારે છુટશું ?

સ્વઉદ્ધાર માટે તેણીએ બ્રહ્મચર્યમાં શું કામ રહેવું નહીં ? પુરૂષોના બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થતો નથી, અને સ્ત્રીઓનુંજ વ્રત ફક્ત ભંગ થાય છે એવું થોડુંજ છે ? એમાં પણ ભંગાણુ પડતું નથીજ. કેમકે દશથી પંદર વર્ષ માહેની " દુર્દૈવી બાલવિધવા " સર્વે વ્રત ભંગ કરે છે, એમ આપણને અગર પક્કા " સ્ત્રી દ્વેષી " ને પણ કહેતાં આનાકાની થયા વિના રહેશે નહીં. વિધવા થયા પછી જે સ્ત્રીઓ પોતાનું વ્રત ભાંગતી નથી, તેઓનું લગ્ન ન થયું, તો વ્રત ભાંગશે, એમ કેમ કહી શકાય?

મ્હારી છોકરીને થોડાજ દહાડા પછી સોળમુ વર્ષ બેસશે. તે હમણાં ઈંગ્રેજી ચોથી ચોપડી ભણે છે. તમારા કહેવા મુજબ જો હું વર્તીશ. તો તેણીની કેળવણી અટકી જશે અને તેણીને છોકરાં છૈયાંની ભાંજગડમાં પડવું પડશે. એ યાતનાઓ કરવાનું શારીરિક અને માનસિક સામર્થ્ય આવવા અગાઉ સંસાર જેવી કષ્ટદાયક જાત્રામાં પોતાની છોકરીને ઠેલવી એ કીઆ વિચારવંત પિતાને પસંદ પડશે? નિદાન મ્હને તો તેમ ભાસતું નથી.

હાલમાં સ્ત્રીઓનું, અને વિશેષમાં શ્રેષ્ઠ વર્ગમાંની સભ્ય સ્ત્રીઓનું પરવશપણું કેટલું ત્રાસદાયક છે, એ આપને કહેવાની જરૂરજ નથી. એ એવું પરવશપણું શા માટે ? પોતાનો યોગ-ક્ષેમ ચાલે એવો પૈસો સન્માર્ગોથી પેદા કરવાનો શાસ્ત્રોએ અને રૂઢીએ તેઓને હક્ક આપેલ નથી, તેથીજ કે નહિ ? સરકારી ઠેકાણે તેઓ ઉપયોગી નથી, એ

કદાચિત આપણે કબુલ કર્યું; તો પણ જ્ઞાન મેળવી નાનાં છોકરા છોકરીઓને કેળવણી આપવાની શાળાઓ સ્થાપવી, સુયાણીનું કામ કરવું, શીવવું, કારકુનનું કામ કરવું, પોસ્ટ-તાર ખાતામાં નોકરી કરવી, વગેરે અનેક સભ્ય કામો આજનાં ઉન્નત સમાજમાં પેદા થએલ છે, તે તેઓએ સ્વીકાર્યા, તો તેઓ સ્વતંત્ર થશે અને પરસ્વાધીનપણાના દુઃખ-માંથી મુક્ત થશે. સન્માર્ગથી પૈસો પેદા કરનારી સ્ત્રીઓ સમાજમાં ફરવા લાગી એટલે હળવે હળવે તેઓનું દાસત્વ નષ્ટ થઈને તેઓને નાગરિકત્વના હક્ક પ્રાપ્ત થશે. દાસત્વ ખલાસ થઈ તેઓને સ્વામિત્વ આવશે અને છોકરી જન્મ્યા બરોબર આપણે જે નાક અને કાન મુરગડીએ છીએ, તે સર્વે ખલાસ થશે. એટલે સ્વતઃ પુત્ર સંબંધમાં દરેક પીતા જેવી કાળજી કરે છે, તેને વિદ્યા શીલ ઈત્યાદીથી સંપન્ન બનાવી યોગ-ક્ષેમને સમર્થ બનાવે છે, તેવીજ કાળજી પિતાએ દરેક છોકરી માટે લીધી તો સ્ત્રી જાતિના દાસ્યવિમોચનનું શ્રેય આપણને મળશે નહિ કે ? આવી રીતે દ્રવ્યાર્જન સામર્થ્યે તેણીને સ્વતંત્ર કરશે અને પરવશતાથી મુક્ત કરશે. આવી રીતે વર્તવાને આપજ મ્હને પ્રોત્સાહન આપશો, એવી મ્હને દૃઢ આશા છે. કેળવણી સંપૂર્ણ થયા પછી લગ્ન કરવું કે ન કરવું એ હું મ્હારી છોકરીઓની ઈચ્છા ઉપર રાખવા માગું છું.

સ્ત્રીઓ સ્વતંત્ર થઈ, યોગ-ક્ષેમ સમર્થ થઇ, દાસ્ય મુક્ત થઇ, એટલે તેઓના વિવાહની વખતે થનારાં દુઃખો બંધ થશે. પછી ' હુંડા ' અથવા પહેરામણી એ શબ્દ પણ સંભળાશે નહીં. વરની માતાને મળતાં અસાધારણ માન પાન બંધ થશે, રીસ રૂદણું બંધ થશે, સાસરીઆં તરફનાં ભોગવવા પડતાં દુઃખો બંધ થશે, અને " અમે તો બાઇ અબળા ! " એ રડવાનું પણ બંધ થશે. આટલો અવધિ થવા માટે કન્યાનું વય વીસ ઉપર જશે. એ ઉમરમાં લગ્ન કરવાની શરૂઆત થઇ, એટલે ધણી ધણીઆણીને લગ્ન પ્રસંગે અગ્નિ બ્રાહ્મણો સમક્ષ જે ઉપદેશ કરવામાં આવે છે તે યથાર્થ સમજાશે, અને સંસ્કાર અર્થપૂર્ણ થશે.

સારા ગુરૂના હાથ નીચે ચૌદ પંદર વર્ષ સંસારોપયોગી વિષયોનું અને પોતાના યોગ ક્ષેમનું સામર્થ્ય દેનારા વિષયોનું સશાસ્ત્ર અધ્યયન કરનારી કન્યાઓ ઘણું કરીને ઉત્પથ માર્ગથી જશે નહીં. આપણી હિન્દી સ્ત્રીઓ સ્વાભાવિક રીતે પાપભીરુ, કોમળ હૃદયોની અને સાત્વિક હોય છે. તેમાં જો સારી વિદ્યાની પ્રસાદી ભળશે, તો સુવર્ણને સુગંધ પ્રાપ્ત થઇ હિન્દી સ્ત્રીઓ પતી ઉપર સ્વતંત્ર રીતે દેખરેખ કરનારી સર્વાધ્યક્ષ થશે. તેઓ પતીને આડે માર્ગે જવા દેશે નહીં. છોકરાં ઉછેરવાની કાળજી સર્વે માતાઓ મનથી લે છે, પણ એ નૈસર્ગિક પ્રેમમાં વિદ્યાના સંસ્કારની જોડ મળી એટલે દુધમાં સાકર મળીને, નવીન સંતતીની શારિરિક અને માનસિક કેળવણી સુવ્યવસ્થિત થઈને તેને યોગ્ય વલણ મળશે. પોતાનું માન રાખી રહેનારી માતા પોતાની સંતતીને આત્મશ્રદ્ધાપૂર્ણ કરશે, એમાં કાંઇ આશ્ચર્ય જેવું નથી.

'કેળવણી પામેલી છોકરીઓ છકેલી હોય છે, ' એમ આપે પોતાના પત્રમાં લખ્યું છે ! આપને જેમ યોગ્ય લાગ્યું તેમ ખરૂં ! પણ મ્હને આપનું વાક્ય વાંચીને ખરાબ લાગ્યું. કાકા સાહેબ ! પોતાના વિચાર, શુદ્ધ મતનું અભિમાન રાખવું અને તે યોગ્ય શબ્દોમાં બોલી દેખાડવા, એ કાંઈ છકેલપણું નથી. પોતાનું શરીર સારૂ રાખવું, ઘરની

વ્યવસ્થા સુંદર હોવી, પહેરવેષ વગેરે સારૂં હોવું, એ પણ કાંઇ છેલપણું નથી ! ઉપરાંત જો એકાદી કન્યા છેલી નીકળી તો તે કાંઇ કેળવણીનો દોષ નથી. શાળાઓમાં કાંઇ છેલ-પણું શીખવતાં નથી. માટે કૃપા કરો અને પાંચ દશ દાખલા ઉપરથી નિયમ બાંધો નહી. છોકરાઓને સુશિક્ષીત કરનારી કેળવણી સ્ત્રીઓનેજ ફક્ત દુષ્ટ કરશે એવો સ્ત્રી–દેહમાં કોઇ વિશેષ ભાગ હોવાનાં શોધ હજી સુધી મ્હને મળ્યો નથી !

હિંદુસ્થાનની ભૂમિમાં સર્વ પ્રકારની સંપત્તિ વિપુલ છે. દરેક માણસ જો પોતાની જરૂરીઆતોને માટે જોઈએ તેટલું દ્રવ્ય પોતાના કર્મવડે પેદા કરવાની ખટપટ કરે, તો બીજા દેશમાંના તીવ્ર દારિદ્રયનો પરિતાપ હિંદી કુટુંબમાં થવો શકય નથી. અને દરિદ્રતાના દુર્ગુણો પણ અત્રે ઉતરવા શકય નથી. પણ એ કયારે ? બેઉ સ્ત્રી પુરૂષ કર્મે સમર્થ થશે ત્યારેજ.

પણ મ્હારી કન્યાનો વિવાહ વિચાર આપણે કરનારા કોણ ? મ્હારી છોકરીને મ્હેં જન્મ દીધો, તેથી તેણીનો વિવાહ કરવાનો પણ ઇજારો મ્હેં લીધો નથી, અગર મ્હારી પસંદગીને પુત્રીએ સ્વીકારવીજ જોઈએ, એવી રીતથી કન્યા બંધાયલી પણ નથી. તેણીનું કેળવણીથી કલ્યાણ કરવાની કાળજી ત્હમે લ્યો. પણ તેણીની ઇચ્છાને બાજુપર મુકીને ત્હમે પોતાની પસંદગીનો વર તેણી ઉપર લાદશો કે ? મ્હારી દીકરીને પુરણપોળી ભાવતી નથી, તો પણ પડવેના દીવસે તેણીએ પુરણપોળી ખાવીજ જોઇએ એવો અમલ જો હું બજાવવા લાગ્યો, તો ત્હમે મ્હને શું કહેશો ? પુરણની પોળીની એવી વાત છે, તો જેના સમાગમમાં મ્હારી છોકરીનું આયુષ્ય જનાર, તેના આચાર વીચાર, તેની રહેણી કરણી, તેનો સ્વભાવ મ્હારી કન્યાના સ્વભાવથી મળવોજ જોઇએ, એવું કહેનારૂં દિવ્ય જ્ઞાન, એવું જ્યોતિષ અગર સામુદ્રિક શાસ્ત્ર હું શીખેલ નથી ! એ હું હાથ જોડીને કબુલ કરૂં છું !

પૂર્વકાલનાં લોકોનું નામ રાખવાની મ્હારી ઇચ્છા નથી અને મ્હને નામ રાખનાં આવડશે પણ નહીં. પોતાના કાળને યોગ્ય, હિતકારક અને ઐહિક તેમજ પારમાર્થિક નિયમ પૂર્વના મહર્ષિ લોકોએ કર્યા. તેઓ બુદ્ધિમાન હતા, તેથી તેઓના કરેલ નિયમો ઘણા સૈકાઓ સુધી ચાલ્યા. એ સર્વે તેઓની વિદ્વત્તાનું પરિણામ છે. પણ પરિસ્થિતી બદ-લાઈ, બ્રાહ્મણોએ દર્ભની જુડીઓ મુકીને હાથમાં લેખણો પકડી, ક્ષત્રિયોએ શસ્ત્રોને, ખી-લા, કોષ્પવા, અને કુહાડીનું રૂપ આપ્યું. દેશમાં દારિદ્રય વસ્યું, જો સુખ શાંતતા જીવંત રહી. ખાવાને અર્ધી રોટલી પણ મળે નહી, અંગપર લાલી લાખવાનું પણ સામર્થ્ય નહીં, એવી સ્થિતીમાં "દરેક બ્રાહ્મણે કન્યાનું આઠમા વર્ષે લગ્ન કરવુંજ જોઈએ" એવા નિયમ કેમ ચાલશે ? સ્ત્રી એ જીવતું પ્રાણી છે અને તેને સારૂં નરસું ગમે છે. ત્યારે જ-ન્મનો સાથી મેળવવો, તે તેણીની પસંદગી મુજબ તેણીએ પસંદ કરવો નહી જોઈએ ? પરમ દિને સૌ.—ને માટે તમે સાંકળી કરાવવાના હતા પણ તેઓએ કહ્યું જે "અમને બીજો દાગીનો જોઇએ," ત્યારે તમોએ બીજો કરાવ્યો કે નહીં ? એ જો અંગપરના દા-ગિના વિષેની સ્થિતી છે, તો જે પુરૂષને, તન, મન, ધન અર્પવાનું, 'ધર્માર્થ કામમાં હું અતિચાર કરીશ નહી,' એવા સોગંદ ખાવા, તે પુરૂષની પસંદગી સ્ત્રીએ કરવી નહી

જોઈએ, અને 'મ્હારી પસંદગી તેજ કન્યાની પસંદગી' એવું કેહનારો પિતા સર્વજ્ઞ તો હોવોજ જોઇએ કે નહિં ?

સારી પસંદગી કરવાને જ્ઞાન જોઇએ. એ જ્ઞાન આઠ વર્ષમાં મળવું અશક્ય છે. વળી હાલમાં હું જોઉં છું કે, છોકરાઓ ૨૧-૨૨ વર્ષ સુધી 'લગ્ન નથી કરવું,' એમ કહે છે. તેઓનું વચન આપણે સાંભળીએ છીએ. છતાં કન્યાનું લગ્ન ફક્ત પંદર વર્ષની અંદર કરવા માટે સમાજ ધડપછાડ થાય છે. ૨૨ વર્ષના છોકરા આગલ જતાં પણ બ્રહ્મચારી રહેવાને સમર્થ હોય છે, પણ છોકરીઓ તેમ કરવાને પાત્ર નથી! એવી હિંદી સમાજની સમજુત છે. એથી પહેરામણીનો ચાલ દર વર્ષે વધે છે. પાંચસો રૂપીઆની નોટ સામે કરી કે છોકરી તેજ વખતે પસંદ થાય છે! છોકરી બિચારી શું કરે ? ગાય તેસો ! જેના ઘેર તેણીને લઇને બાંધશો તેના ઘેર તેણીને બીચારીને રહેવું પડે છે. એવું કેમ ? પ્રત્યેક કન્યાએ-પછી તે આંધળી, ખોડવાળી, લંગડી અને ગાંડા જેવી પણ હોય તો પણ-લગ્ન કરવુંજ જોઇએ, એવી રૂઢી છે તેથી ? કાકા સાહેબ ! આવો, એ રૂઢી ભાંગશું આપણે ? નહિ તો આજ પંદરસો વર્ષ સુધી હિંદી સમાજ દાસત્વમાં રહ્યો છે, તે રૂઢીના જોરપર આપણે આપણી સર્વે રાજકીય હીલચાલ પણ બંધ કરીશું ! આવો છો ?

આ બીજું તત્વ તમને અને મ્હને બેઉને પસંદ નથી. કારણ કે યોગ્ય મનુષ્યને યોગ્યતા મુજબ રાજકીય સ્વાતંત્ર્ય મળવું જોઈએ, એ નૈસર્ગિક હક્ક છે, એવું આપણે કહીએ છીએ. ૧૫ અગર ૧૮ વર્ષની કન્યાને તેવી રીતે પતિ પસંદ કરવાનો હક્ક, ત્યારે !-નિદાન હિલચાલ તો શરૂ કરો.

" ગોકુળદાસ તેજપાળ કન્યાશાળા "નાં હેડમિસ્ટ્રેસ લાડકુંવરબાઇ ગિરિજાશંકરે તા. ૧૫-૬-૧૩ ના રોજ સ્વામીનારાયણના ગઢડામાં સ્વર્ગવાસ કર્યાના ખબર ગયા જુનની તા. ૨૨ મીના ' ગુજરાતી ' પત્રમાં તથા અન્ય વર્તમાનપત્ર દ્વારા પ્રસિદ્ધ થતાં એમના સંબંધમાં આવેલા દરેક મનુષ્યને દિલગીરીની લાગણી થઈ આવ્યા વિના નહિ રહી હોય. મરહુમનું જીવનવૃત્તાંત આપણી આર્ય સ્ત્રીઓને દુઃખમાં દિલાસો અને સુખમાં ધડો લેવા લાયક છે.

ગૃહકેળવણી—

મરહુમનો જન્મ તા. ૨૩-૫-૧૮૮૨ ના રોજ ગઢડામાં આદીચ બ્રાહ્મણ જ્ઞાતીમાં થયો હતો. એમના પિતાની સ્થિતિ સાધારણ હતી ને એમના જન્મ પછી થોડેજ માસે એમના પિતા દેવલોક પામ્યા, તેથી એમનો બાલ્યકાળ તેવીજ સ્થિતિમાં ચાલુ થયો. એમના પિતાના મૃત્યુથી ઘરનો બધો કારભાર એમની માતા પર આવી પડ્યો. આપણા દેશની ઉંચ જ્ઞાતીની આવી સ્થિતિમાં આવી પડેલી વિધવાઓને પોતાને માથે આવી પડેલો ભાર ઉપાડી લેવામાં જેવાં ધીરજ, સહનશીલતા, વિનય અને પ્રવૃતિમયતાની જરૂર છે, તેવાં તેમનામાં પૂર્ણ અંશે હોવાથી તેણે તે કામ બરાબર ચલાવવા માંડ્યું. માતાના આ ગુણની, આ વિચારની, આ સ્વભાવની, અને આ ધીરજની છાપ ધાવણની સાથેજ મરહુમના અંતઃકરણ પર બરાબર પડી હતી. તે મરહુમે પોતાની વૈધવ્ય દશામાં બીજાને ભારરૂપ થઇ ન પડતાં પોતાનું જીવન પરાર્થી બનાવી, સ્વાશ્રયી જીંદગી ગાળી, તે પરથી સ્પષ્ટ જણાઇ આવે છે. ખરી રીતે એમનું જીવન આગળ જતાં ઉચ્ચ માર્ગગામી થયું, તે આ બાલ્યાવસ્થાના કુદરતી શિક્ષણનું પરીણામજ છે. નિશાળની કેળવણીનો લાભ આપણા દેશનાં કેટલાંક ગરીબ કુટુંબનાં છોકરાંઓ લઇ શકતાં નથી, તેમ આ બાઇને મળ્યો નહોતો. અક્ષરજ્ઞાન સિવાયની બીજી કેળવણી—શારીરિક હૃદયની અને ધાર્મિક— મેળવવાને પૂરતાં સાધનો મળ્યાં હતાં.

વૈધવ્ય દશા.—

અગિયાર વર્ષની ઉમ્મરે એમનું લગ્ન વીરમગામમાં એમની જ્ઞાતીના પંચોળી કુટુંબમાં થયું. આ સૌભાગ્યની સ્થિતિ ફક્ત ચાર વરસજ રહી. પંદર વર્ષ પૂરાં થતામાં તો એમના પતિનું મરણ થયું અને એમને વૈધવ્ય પ્રાપ્ત થયું.

ઉંચ જ્ઞાતિમાં અમુક સ્ત્રીને અને તેમાં ખાસ કરીને તરુણ વયની સ્ત્રીને વૈધવ્ય પ્રાપ્ત થાય છે, ત્યારે તેમનાં શ્વસુર તથા પિતૃ પક્ષનાં સંબંધીઓ પોતાને માથે એક મહા આફત આવી ગણે છે. કવિ શામળ ભટ્ટે " પુત્રી બાળા રંડા "—એ દુઃખને મહા દુઃખ ગણ્યું છે, તે આનોજ પડઘો છે. ખરૂં જોતાં વિધવા સ્ત્રીના પોષણ તથા જીવનની પવિત્રતાનો સવાલ તેના સંબંધીને ચિંતાગ્રસ્ત કરી નાંખે તેવોજ છે.

કહેવાતા ઉચ્ચ કુળના પણ રહેણી કરણીથી ઉતરી ગએલા એવા કેટલાક બ્રાહ્મણો ગુજરાતમાં રહે છે. તેમને માથે જ્યારે આ ચિંતાસ્પદ સવાલ આવી પડે છે, ત્યારે તેઓ તે ભાર જલદીથી પોતાને માથેથી ઉતારી નાખવાનું બહાનું શોધે છે. મરહુમ બાઇને એમના મરણ પછી થોડેજ માસે શ્વસુર ગૃહમાંથી વિદાયગીરી મળી ને ફરી પાછાં ત્યાંથી કોઇ વખત તેડું થયુંજ નહિ કે આશ્રય પોષણની જોગવાઇ થઇ નહિ !

પાશ્ચાત્ય કુટુંબ વ્યવસ્થા કરતાં આર્ય કુટુંબ વ્યવસ્થા વિધવાને માટે એક નહિ તો બીજી રીતે સમાસ આપનારી છે, એટલું સુભાગ્ય છે. શ્વસુર પક્ષે જ્યારે એમના આશ્રદાતા તરીકેનું રાજીનામું આપ્યું, ત્યારે એ જવાબદારી પિતૃપક્ષે ઝીલી લીધી. એમ આ બાઇએ હવેથી હંમેશ મહીયરમાં વાસ કર્યો. તેમનાં માતજી તેમને સાસરે મોકલીને ભારથી મુક્ત થયાનો સંતોષ લેતાં હતાં, તેમાં પાછાં વિશેષ ઉમેરા સાથે સંતાપ અને ચિંતા આવી પડયાં.

આત્મ મંથન કાળ.—

. આ વખતે આ બાઇને પોતાની સ્થિતિનો વિચાર કરતાં જણાયું કે મારા આશ્રય અને પોષણને માટે મારે બીજાનો આશ્રય લેવો પડે એવા સંજોગોમાં હું મૂકાઇ છું. મારૂં જીવન બીજાને ભારરૂપ બન્યું છે. હું બીજાને મદદરૂપ કંઇપણ કામ કરીને ઋણમુક્ત થાઉં તેવી સગવડમાં નથી. બીજાનું કામ કરવું તે પેટ પોષણ માટેજ છે. એક પેટ પોષણ માટે પશુવત્ જીંદગી ગુજારવા કરતાં શું બીજો કોઇ રસ્તો નથી ? શું મૂષ મજુરી એજ આ જીંદગી ગુજારવાનો રસ્તો છે ? સધવાઓ જેમ કુટુંબ વિસ્તારી, સેવી, પોતાનું જીવન સાર્થક કરે છે, તેમ વિધવાઓનું જીવન પવિત્ર માર્ગે સાર્થક કરવાનો વો કોઇ માર્ગ નથી ? આવા આવા અનેક વિચારો વધતી ગતિએ સ્ફુરવા લાગ્યા.

વિચાર તેવુ વલણ, જેવું વલણ તેવું સાધન, એ પ્રમાણે વખત જતાં તેમને સૂઝયું કે શિક્ષક તરીકેની નોકરીમાં મારા જીવનને ગાળવાથી ખરી સાર્થકતા છે. એ પછી તેમણે એ તરફ પ્રયાણ કર્યું.

કેળવણીની શરૂઆત.—

પરંતુ અગાઉ કહેવામાં આવ્યું તેમ આ વખત સુધી તેઓ કેવળ નિરક્ષરજ હતાં. સત્તરમુ વર્ષ બેસતાં તેમણે એકડો ઘુંટવાની શરૂઆત કરી અભ્યાસ આદર્યો. બે વર્ષ પૂરાં થતાં એમણે કન્યાશાળાનાં ચાર ધોરણનો અભ્યાસ પૂરો કરી, તે ધોરણની પરીક્ષા પસાર કરી. તા. ૧૩-૧૨-૧૯૦૦ ના રોજ એમને ઉપલા ધોરણમાં પાસ થવાની શરતે પઉગામ કન્યાશાળાના મુખ્ય શિક્ષકની જગો ઉત્તેજન દાખલ થોડા વખત માટે આપી. ત્યાં તેમણે પોતાની સ્કુલનું કામ કર્યા પછી જે નવરાશનો વખત મળે તેમાં અભ્યાસ વધારવા માંડયો. એક વર્ષમાં પાંચમા અને છઠ્ઠા ધોરણનો અભ્યાસ પૂરો કરી, છઠ્ઠા ધોરણની પરીક્ષા આપી તેમાં પાસ થયાં. ત્યાર પછી એજ જગોએ રહીને એમણે ફીમેલ ટ્રેનિંગ કોલેજમાં દાખલ થવાનો વિચાર કરીને તેની પ્રવેશક પરીક્ષાના વિષયોનો અભ્યાસ આદર્યો અને સને ૧૯૦૩ માં દાખલ નંબરે પાસ થયાં, અને કોલેજમાં દાખલ થયાં. સને ૧૯૦૫ ની આખર સુધીમાં એમણે ટ્રેનિંગ કોલેજનો ત્રણ વર્ષનો અભ્યાસ પૂરો કર્યો.

કેળવણી ખાતામાં જોડાણું.

કોલેજનો અભ્યાસ પૂરો થતાં એમને સદરહુ કોલેજમાંજ લૅંગ મિસ્ટ્રેસ (સ્ત્રી શિક્ષક) ની જગો આપવામાં આવી. આ જગોએ નીમાયેલી કોઇપણ બાઈ એકજ વર્ષ ત્યાં રહી શકે એવો ધારો છે, એટલે એક વર્ષ પછી રાજકોટ છોડવાનો વખત આવ્યો, પરન્તુ પોતાનો અભ્યાસ હજી પણ વધારવા તેમની ઇચ્છા હતી. તેથી રાજકોટમાં રહેવાની

એમની બળવત્તર ઇચ્છા હતી અને આખરે તે લેડી સુપરિન્ટેન્ડેન્ટ મિસ મેકફીની ખાસ ભલામણને લીધે ફલીભૂત થઇ. રાજકોટ સ્ટેશન કન્યાશાળામાં આસિ મિસ્ટ્રેસની (ઉપશિક્ષક) ની જગોએ એમની નીમણુક થઇ શકી. ખાતાના ધોરણ મુજબ ચઢતી જગોનો હક ખોઇને પણ ઓછા પગારે રાજકોટમાં રહેવું સ્વીકાર્યું, તે પોતાના જ્ઞાનમાં વધારો કરવા માટેજ. અહિં તેઓ ૧૯૧૧ સુધી રહ્યાં. ડ્રોઇંગ (ચિત્રકામ) ના ત્રણે ગ્રેડનાં સર્ટિફીકેટ મેળવ્યાં, તે ઉપરાંત સનાતન ધર્મ શિક્ષણની પરીક્ષાનું સર્ટિફિકેટ મેળવી અંગ્રેજી બીજા ધોરણ સુધીનો અભ્યાસ આ સ્થળે વધાર્યો.

કર્તવ્ય પરાયણતા—

કેળવણી ખાતાના ઉપરીઓ—એમના કામથી સંતોષાયલા રાજકોટના સાક્ષરવર્યો—એમના પ્રત્યે સારી દીલસોજી ધરાવતા, અને આ બાઇ આથી વધારે સારા ક્ષેત્રમાં જાય તો વધારે સારૂં કરી શકે એમ માનતા હતા; એટલુંજ નહિ, પણ તેને તેવી તક પ્રાપ્ત કરાવી આપવા ઉત્કંઠિત હતા. મરહુમ બાઇ નીતિવાન, પ્રમાણિક, હુંશિયાર હોઇ કૉલેજ છોડયા પછી પણ કૉલેજનાં લેડી સુપ્રીન્ટેન્ડેન્ટ તેમને બહુ ચહાતાં, અને મીસ મેકાફી સાહેબે તો કૉલેજમાં રહેવાની સગવડ કરી આપી પોતાની નજદીક રાખ્યાં હતાં. મર્હૂમ બાઇને કાબેલિયત અને લાયકાત માટે ઘણાં પ્રમાણ પત્રો મળેલાં હતાં.

મુંબાઇમાં નીમણુક—

યોગ્યને યોગ્ય વસ્તુ અવશ્ય પ્રાપ્ત થાય છે. તેને માટે તેને ખોળ કરવા ભટકવું પડતું નથી. એ નિયમ પ્રમાણે મુંબાઇ માંહેની "શેઠ ગોકુળદાસ તેજપાળ કન્યાશાળા"ના હેડ મિસ્ટ્રેસ (મુખ્ય શિક્ષક) ની જગોપર તેમની નિમણુક થઈ. ત્યાં પણ અંગ્રેજી અભ્યાસ ચાલુ રાખી સાથે સંસ્કૃત અભ્યાસ શરૂ કર્યો. આ નમુનાદાર કન્યાશાળામાં રાંધણ કળા (પાકશાસ્ત્ર)નું શિક્ષણ અપાય છે; તે ઉપરાંત સંસ્કૃત, અંગ્રેજી ને ધર્મનું શિક્ષણ અપાતું હોઇ સારા સારા ગૃહસ્થો આ કન્યાશાળાની મુલાકાત લે છે. તેમાં એક સિંધના જમીનદારે આ કન્યાશાળા માટે બહુ ઉંચો અભિપ્રાય આપી પોતાના દેશમાં આવી એક કન્યાશાળા સ્થાપવા પોતે ઉત્સાહ બતાવ્યો હતો. આ કન્યાશાળાના શાસ્ત્રી ગુજરી જતાં સંસ્કૃત અને ધર્મનું શિક્ષણ મરહુમ બાઈ આપતાં. તેમાં વિશેષ લાયકાત મેળવવા માટે તેમણે સંસ્કૃતનો તથા હિંદુ ધર્મશાસ્ત્રનો અભ્યાસ વધારવા માંડયો હતો. એ ઉપરાંત પોતાના જ્ઞાનનો લાભ આપવા માટે પોતાની આ સ્કુલમાં પોતે ડ્રોઇંગ અને કિન્ડર ગાર્ટનનું શિક્ષણ દાખલ કર્યું હતું, જેનું શિક્ષણ પોતે આપતાં હતાં.

સાદાઈ અને સદ્ગુણ—

મુંબાઈની શાળાની હેડમિસ્ટ્રેસોમાં સધવા કે વિધવાની ઓળખાણ ન પડે એવો પહેરવેશ હોય છે. તેમજ "સેવાસદન કે વિધવાઆશ્રમોના સંસ્થાપકો કે અધ્યાપકોને માથે વાળ, સફેદ આકર્ષક ને મોહક પહેરવેશ, પગમાં બુટ વગેરે માટે ભલે જરૂર જણાઈ હોય, પણ મારા જેવી સંસ્થામાં જોડાએલ વિધવા શિક્ષકોનો તે ધર્મ નથી" એમ તે માનતાં હતાં મરહુમ બાઈ હમેશાં પોતાને માથે કેશવપન કરાવતાં અને સદા કાળો પેહેરાક વિધવા થયા પછી રાખતાં ગમે તેવા પ્રસંગમાં તેનો તેજ પેહરાક હતો.

આપણા નામદાર શહેનશાહ તથા શહેનશાહબાનુ જ્યારે આપણા દેશમાં પધાર્યાં, ત્યારે મુંબાઇના બાળકોના મેળાવડામાં પોતાની કન્યાશાળાની બાળાઓને જે ગરબી ગવડાવવા લઇ ગયાં હતાં, તે વખતનો પણ તેમનો પોતાનો પહેરવેશ હમેશના જેવો હતો;

મનની મનમાં રહી—

મુંબાઈ માંહેની શાળાના પ્રોફેસરો તથા શિક્ષકોનુ કહેવું હતું કે બીજી મિસ્ટ્રેસોની જેમ તમારો પહેરવેશ ફેરવ્યા વિના તમે બહાર પડી શકશો નહિ. છતાં છેવટ સુધી પોતાના સાદાઇના ધર્મથી ડગ્યાં નહિ. ઉપરની ટાપટીપ કરતાં પોતાનું હીર બતાવી આપવા પેણા બે વર્ષની મુબાઇ માહેની નોકરીની મુદતમાં જાહેર સંસ્થાઓ માટે જાણીતાં થઈ ધીમે પગલે જવા વિચાર કર્યો. દરમિઆન પોતાની તબીયત લથડતી ચાલી. "સુન્દરી સુબોધ" માસિકમાં લેખ આપવાની શરૂઆત કરી. માહે એપ્રીલ—મે સને ૧૯૧૩ ના અંકમાં "**અધિકારી સ્ત્રી**" ના મથાળા નીચેનો લેખ મરહુમનો આપેલો છે એ લેખ એમના ચારિત્ર્યના ખાસ નિશાન રૂપે છે એમ કહીએ તો ખોટુ નથી.

મુબાઇની ઘણી ખરી સારી ગણાતી શાળાઓને માટે એમ કહેવાય છે કે તે બાહ્ય ટાપટીપ અને દબદબામાં જેવી છે, તેવી અભ્યાસમાં—આંતર ટાપટીપમાં—નથી. એવું પોતાની સ્કુલમાં ન રહે, તેમ કરવા આ બાઇની ખાસ કાળજી હતી, અને તે માટે ઘણો શ્રમ લેતાં. પરંતુ દૈવેચ્છા જુદી હતી. બાળપણની હાલતની ઉછેરણી, નાની ઉમ્મરમાં વૈધવ્ય પ્રાપ્ત થવાથી હૃદયમાં લાગેલો ઘા, પછીથી એકાએક ઉપાડેલો અભ્યાસ, ભણાવવાનાં કામ સાથે ભણવુ, અતિ પ્રવૃત્તિમય જીવન અને છેલ્લે મુબાઇનો નિવાસ તથા પોતાની વહાલા માતુના પોતાનાથી ૭ માસ પહેલાં થએલ સ્વર્ગવાસથી રાતદિવસનો સંતાપ, એ બધી બાબતોથી દુષ્ટ ક્ષય રોગે એની જીંદગીનો કંઇક ઉતાવળે અંત આણ્યો છે.

ઉપસંહાર—

એમના મૃત્યુ પહેલાં ઘણા દિવસ અગાઉ એમને ખબર થઇ હતી કે પોતાને ક્ષય રોગ લાગુ પડયો છે, અને હવે તેમાંથી પોતાનો બચાવ થનાર નથી. પણ એથી તેમણે જરાએ બળાપો કીધો નથી. પોતાને આ દુનીઆમાં કરવાનુ બાકી રહ્યું હોય કે ભોગવવા અનુભવવામાં બાકી રહ્યું હોય એવો વિચાર કે ઉચ્ચાર સરખોએ એમનાથી થયો નથી. હું આ જીંદગીના અંત પછી વધારે સારી જીંદગીને પામીશ, વધારે સારી જગોએ જઈશ, એ તેની સાખ્ય સ્થિતિના ઉંચા વિચારો અને વચનો હતાં.

આપણા દેશમાં સુલભા જેવી સ્ત્રીઓ જીંદગીભર સંન્યસ્ત સ્થિતિમાં રહી છે. એ વાતને કોઇ તરફથી અધરી ગણવામાં આવતી હોય તો અમે તેને આ બાઇની અભ્યાસ પ્રિયતાની યાદી આપી પૂર્ણ શકય ગણાવવા હિંમત કરીએ છીએ. રાત ને દિવસ જેને વિદ્યારૂપી અમૃતનું પાનજ પ્રિય લાગે છે, જેનું એજ ભોજન છે, જ્ઞાનરૂપી ભોજનનો ગમે તેટલો આહાર કર્યા છતાં જેને તૃપ્તિ નથી તેને—તેના મનને—વિષયની યાદી શી રીતે હોઈ શકે ?

સ્વ. સૌ. વિજયાલક્ષ્મી.

૧.

લેખકઃ શ્રીયુત "કેશવ."—વઢવાણ.

(વસંતતિલકા.)

મેં જાણ્યું ગુર્જરગિરા ઉદયોન્મુખી છે,
ને તે સમોવડી સહુ સખીની થઇ છે;
મેં જાણ્યું બેશક હવે પરિપૂર્ણ થાશે,
પ્રેમાન* તણી પરમ પ્રેમમયી પ્રતિજ્ઞા.

કિન્તુ પ્રતિકૂળ થયો વિધિ વામચારી !
કુચ્છન્દી રાહુ ઉદયાચળથીજ રૂઠયો !
માઠી સુવાસ ભરી મંજરી આંમડાળે—
આપ્યા વિના ફળ કંઇજ ખરી પડી હા !

વાડી હતી કુસુમથી અતિ શોભતી આ;
પ્રેમી-રસજ્ઞ-દીન પંખી સહુ રમન્તાં,
ટહૌકાર કોયલ અનેક મીઠા કરાન્તી,
સ્વર્ગીય સુર તણું માન જહિં હરન્તી.

વીણા તણા સ્વર મધુર હરી જતા કંઇ;
દૈવી લીલા સુરસ જામી હતી અનેરી;
શોભા પ્રકાશ પ્રિય "જ્ઞાનમણિ" તણો ત્યાં
ઉછાળતો હૃદયઉર્મિ ઉદારતાના.

ખીલ્યા વિના કુસુમ આ ખરતાં નિહાળી,
નિઃશ્વાસ દીર્ઘ સહુ પક્ષિફૂલો ભરે છે.
આકાશ માંહિં દુહુકાર મળી ગયો હા !
લાલિત્ય કિન્તુ મનમાંહિ રમી રહ્યું છે.

તૂટ્યો જ તાર ક્ષણમાં પ્રિયની વીણાનો
ઝાંખી થઇ, ન થઇ દૈવી લીલાતણી જ્યાં;
મીઠો પ્રકાશ "મણિ"નો સરી, હા ! ગયો છે,
સન્ધ્યા તણું તિમિર ચિત્ત ઝુમી રહ્યું છે !

---

*મહા કવિ પ્રેમાનંદ જેમણે ગુર્જરગિરાના ઉદ્ધાર અર્થે ભીષણ પ્રતિજ્ઞા લીધી હતી.

રચ્યું છે. માસિક મનોરંજન નામક સુપ્રસિદ્ધ મરાઠી માસિકમાં કુમારી કૃષ્ણાબાઈ શ્રી કુમારી સ્નેહલતાના મરણ વિષયક લેખ લખતાં આ વિષયમાં કાંઇ પણ વ્યવહાર માર્ગ કાઢી શકે તો તે સ્ત્રીઓજ, એમ સૂચવી ભગિની સમાજને પોતાનાં પુત્ર પુત્રી માટે હુંડા નહીં આપવા લેવાને પ્રતિજ્ઞા કરવા આગ્રહ કર્યો છે. સામાજીક જીવનનો ઉત્કર્ષ સ્ત્રીઓના હાથમાંજ રહ્યો છે, એ વિષે મતભેદ નથી. અને સ્ત્રી સમાજ પોતાનાં બાળકોને આ માન રિવાજનાં ભોગ થવા નહીં દેવાનું મન ઉપર લે તો સહેલાઇથી હેતુ પાર પડી શકે પરંતુ જ્યારે સ્ત્રી સમાજ પસંદ પણ નથી કરતી અને તેના હાથમાંજ આ રીવાજને દૂર કરવાનો પણ ઉપાય રહ્યો છે, ત્યારે તે માટે તેઓ કટિબદ્ધ કેમ નથી થતી ? આ એક પ્રશ્નના નિરાકરણ ઉપર સઘળા ગુંચવાડાનો ખુલાસો અવલંબેલો છે. ગુંચવાડો એજ છે કે રસ્તામાં પડેલાં શીર કપાવવા કોણ તૈયાર થાય એમ છે ? સઘળાં એક સરખા વિચારનાં મનુષ્યો હોતાં નથી. તેથી સઘળાં એક સાથે તૈયાર થાય, એ સંભવિત પણ નથી એક કન્યાનાં માબાપ એક થવા માગે પણ થઇ શકે તેવું હિંદુ સમાજનું બંધારણ નથી. જો હોડ કે સારના, "પાંણી માગતાં દૂધ મળે" તેવી રકમો સાથે સુશિક્ષીત, સ્વરૂપ વતી અને સંસ્કારવતી કન્યાએક નહીં ને એકવીસ મળી રહેતી હોય, તો તેવા સંજોગોમાં છોકરાનાં માબાપ મળી આવતી રકમ લેવાની ના પાડે, એવી કલ્પના આ માયાવિ સંસારનાં મનુષ્યો માટે સામાન્ય રીતે તો થઇના શકે ! જો આમજ છે, તો જે કન્યાના માબાપે પોતાની છોકરી માટે કશી પણ પહેરામણી નહીં આપવાનો દૃઢ નિશ્ચય કર્યો હોય તે કન્યાનો આશ્રય ક્યાં ? ઘણુંએ કહેશે કે છોકરીને ના પરણાવવી. પણ તેમ કરતાં હિંદુ ધર્મશાસ્ત્ર આડે આવશે. કન્યા કાળ વહી જતાં, કન્યાદાન નહીં દેનાર અથવા ઋતુ દર્શન થતાં સુધી કન્યાને ઘરમાં રાખનાર માબાપો નરકમાં જશે, એવી પ્રચલિત હિંદુ ધર્મમાં તો ધમકી પણ અપાઈ છે ! આવા સંજોગોમાં માબાપો પોતાની સ્થીતીના ગમે તેવા ભોગે કન્યાનું લગ્ન કરાવી નાખવા ઉત્સુક હોય તે સ્વભાવિકજ છે સ્પષ્ટ છે કે, ઉપાય હોય તો કુમારનાં માબાપોના હાથમાં છે; પણ તેમની તરફથી કશી આશા રાખવી એ આકાશ પુષ્પવત્ છે. વળી તેઓને એ પણ સુખ-શાંતિ શાસ્ત્રકારોએ આપ્યાં છે કે કુમારો જીંદગી પર્યંત કુમાર રહે તો તેમને માટે તો સ્વર્ગના દેવોજ રાહ જોતાના જાણે ! કુમારીનું પોતાનું ગૌરવ કાંઇક શાસ્ત્રકારોએ જાળવ્યું છે ખરૂં, પણ તેનાં માબાપોને તો શાસ્ત્રકારોએ મહાપરાધની ધમકીજ આપી છે ! ત્યારે હાલના આ મામલાને સુવ્યવસ્થિત કરવાને કોઈ પ્રકારની પ્રતિજ્ઞાઓ કે ઠરાવો કામ આવે તેવું તો નથી. તે માટે માત્ર બેજ ઉપાય ઉપયોગી થાય તેમ છે; (૧) દેશાંતરમાં રહેવાનો પુરૂષ કે સ્ત્રીઓનો સરખોજ હક છે, અને તે સંબંધમાં ચડઉતર સ્થીતિ બતાવી કન્યાનાં માબાપોને જે ધમકી અપાઇ છે તે બુદ્ધિપૂર્વકની નથી, એવો લોકમત કેળવવો. (૨) સ્ત્રી અને પુરૂષની સંખ્યા વ્યવહાર માટે સરખાં પ્રમાણમાં હોય તેવી સ્થિતિ ઉપસ્થિત કરવી. એટલે જોડાઈ શકાય તેવા મોટા જોડી દેઇ વ્યવહાર ક્ષેત્રનો વિસ્તાર કરવો, કે તેથી એક ઠેકાણેની તંગાશ બીજે જે ઠેકાણે છત હોય ત્યાંથી મદદ પામી સુવ્યવસ્થીત રહે.

વિક્રયથી થતાં લગ્નો રાખવાનો અર્થ સાધક માર્ગ આજ સંભવે છે; તે સિવાય અન્ય અનેક પ્રયત્ન છતાં વરવિક્રય કે કન્યાવિક્રય નાબુદ થવાનાં નથી. આની બદીઓનું ખરૂં કારણ એજ છે કે સ્ત્રીને પશુવત્ ગણી તેને માટે તેવાં ફરમાનો ઘડવામાં આવ્યાં છે.

સ્ત્રી સામ્રાજ્ય.

[સ્ત્રીલેખના ખાસઅંક માટે મળેલાં સઘળાં લખાણ તે અંકમાં પ્રકટ થઇ શકે તેમ નથી; કારણકે જે ખાસ વિષયો ઉપર લેખ માગવામાં આવ્યા છે, તે બને ત્યાં સુધી ત્હેમાં દાખલ થવા જોઇએ, એ સ્વાભાવિક છે. આ ઉપરાંત ઘણી બ્હેનોને એમ પણ લાગે છે કે એમનાં લખાણ લાંબા વખત સુધી અપ્રસિદ્ધ પડી રહે છે. આથી સ્ત્રી–સામ્રાજ્ય વિભાગને ખાસ અંકનો વધારો ગણી ત્હેમાં તે પ્રકટ કરવામાં આવ્યાં છે તથા આવશે.

તન્ત્રિ,–સુ. સુ.]

સ્ત્રીઓના ધર્મ.

(લેખક. સૌ. અવન્તિકા.—વડોદરા.)

સ્ત્રી ગૃહસંસાર ચલાવવામાં પુરૂષને ઘણીજ ઉપયોગી થઇ પડે છે. વળી ભવિષ્યની પ્રજાના સુખ દુઃખનો આધાર પણ મુખ્યત્વે કરીને તેના ઉપર રહેલો છે, અને તેથીજ તે પુરૂષનું અર્ધું અંગ કહેવાય છે. સ્ત્રીના ધર્મ કહેતાં ફરજ, સંસારમાં તેના સહવાસમાં આવતાં માણસો સાથેનું વર્તન, જુદા જુદા પ્રસંગોમાં કામ ઉકેલવાની રીત, અને ઉત્તમ આચાર વિચાર જાળવી રાખવાનો પ્રયત્ન વિગેરે. સ્ત્રીના સહવાસમાં પતિ, માતાપિતા, શ્વસુર ગૃહનાં મનુષ્યો, સંતાન, બ્હેનો, તથા બીજાં કુટુમ્બજનો, વિગેરે આવે છે. તેઓ સઘળાં પ્રત્યે યોગ્ય વર્તન રાખવું જોઇએ. આ ઉપરાંત સ્ત્રીએ ગૃહ રાજ્ય કેવી રીતે ચલાવવું તથા આશ્રિત જનોનું કેવી રીતે સન્માન કરવું, તે પણ જાણવું જરૂરનું છે. ઉપરે ઇશ્વર પ્રત્યે પોતાની ફરજ બજાવવી, નવરાશના વખતમાં બીજાંની નિંદા કુથલી ન કરતાં વખતનો સદુપયોગ કરી, ઉત્તમ આચાર વિચાર જાળવી રાખવા જોઇએ.

પતિ પ્રત્યે ફરજ:—પરણ્યા પછી દરેક સ્ત્રીની પ્રથમ ફરજ તો એજ છે કે, તેણે પતિનો પ્રેમ દરેક રીતે મેળવવો જોઇએ. તેના હૃદયને પ્રસન્ન રાખી, દરેક રીતે તેને સુખ સંતોષ ને આનંદ આપવાં જોઇએ, અને આવા સારા વર્તનથી "સંસારને સ્વર્ગ બનાવવું જોઈએ." ગરીબ કે પૈસાદાર, ભણેલી કે અભણ, દરેક સ્ત્રીના જીવનની સફળતા, પતિ પ્રેમ મેળવવાથીજ થાય છે.

પતિ એજ તેનું જીવન છે, એમ તેણે જાણવું જોઇએ. સ્ત્રીએ પતિની આજ્ઞાનુસાર વર્તી તે જેમ પોતાની તરફ સ્નેહની દૃષ્ટિથી જુવે એમ વર્તવા ટેવ પાડવી. ખાશ-

પીવામાં નિયમિતતા જાળવવી. પતિ બહારથી શ્રમીત થઇ આવે ત્યારે, પત્નીએ કાંઇ પણું કલેશની, તથા તેમના મનને દુઃખ થાય તેવી વાતો કરવી નહીં, પરંતુ તેમને સારૂં આસન આપી હસતે વદને તેમનો સત્કાર કરવો. હમેશાં ચ્હેરો આનંદી રાખવો, અને મન શાન્ત રાખવું. પોતાને ન આવડતું હોય તે શીખવાનો, અને પોતાને જ્ઞાન મળે તેવાં સારાં પુસ્તકો વાંચવાનો પતિ સાથે અભ્યાસ રાખવો. પતિમાં કદાચ કોઇ દુર્ગુણ હોય તોપણ તે બાબતમાં તેમને ઠપકો આપવો નહી. તેમ બીજા પાસે તેમની એબ ઉઘાડી પાડવી નહી, પણ ધીરજથી તે દુર્ગુણ દુર કરવાનો પ્રયત્ન કરવો. તેઓ ગમે તેટલો ક્રોધ કરે પણ સ્ત્રીએ રહામો જવાબ ન આપતાં વાંક માટે ક્ષમા માગી તેમની સાથે નમ્રતાઇથી વર્તવું.

માતા પિતા પ્રત્યે ફરજ:—સ્ત્રીએ શ્વશુર ગૃહે ગયા પછી, માતાપિતાને વિસારી દેવાં ન જોઇએ. પરંતુ તેઓ તરફ પહેલાં કરતાં પણ વીશેષ પુજ્ય ભાવથી વર્તવું. ફુરસદને વખતે પિતાને ત્યાં જઇ, બની શકે તેટલી તેમની સેવા કરી, માતાપિતાને પ્રસન્ન રાખવાં. શ્વશુર ગૃહમાં પોતાને કાંઇ પણ દુઃખ હોય, તે માતાને કહી તેમના મનને ઉદ્વેગી કરવું નહી. પરંતુ ત્હેવી ઇશ્વરની ઇચ્છા ગણી ધીરજથી જે માથે પડે તે સહન કરવું. દુઃ સહન કરવા પ્રયત્ન કરવો. પિતાનુ ઘર કે સાસરાનું ઘર પૈસાદાર હોય તો પણ તે તે બાબતમાં સ્ત્રીએ અભીમાન રાખવું નહી, પરંતુ બન્ને પક્ષમાં સ્થિતિ અનુસાર વર્તવું.

શ્વશુર ગૃહનાં મનુષ્યો પ્રત્યે ફરજ:—સ્ત્રીએ શ્વશુર ગૃહમાં પોતાથી બની શકે તેટલો ગૃહ કાર્યમાં ભાગ લઇને, સર્વની અને ખાસ કરીને સ્ત્રીવર્ગની પ્રીતી સંપાદન કરવી જોઇએ. શ્વશુર ગૃહની રહેણી કરણીને અનુસરીને વર્તવું સસરાજી જેઠ વીગેરેની મર્યાદા રાખવી. કોઇ દીવસ ઉંચે સ્વરે બોલવું નહી. તેમ ઘણી ઠઠ્ઠા મશ્કરી પણ કરવી ન જોઇએ. નણંદ, દીયેર સર્વ પ્રત્યે સ્નેહની દૃષ્ટિથી જોવું અને બીજાં શ્વશુર પક્ષનાં કુટુમ્બીઓ પ્રત્યે સ્નેહ ભાવથી વર્તવું.

સંતાન પ્રત્યે માતાની ફરજ:—છોકરાંની કેળવણી પારણામાંથીજ શરૂ થાય છે, તેથી દરેક માતાએ પોતાના બાળકોની પહેલેથીજ દેખરેખ રાખવી જોઇએ. તેમણે નીશાળમાં જઇ શું અભ્યાસ કર્યો, તે વીશે માતાએ બરાબર કાળજી રાખવી, તેમને જુઠું બોલતાં અટકાવવાં, હલકા વર્ણના બાળકો સાથે સોબત રખાવવીજ નહી, કારણ બાળકો પોતાની આસપાસ જેવું જુએ છે તે પ્રમાણે શીખે છે અને વર્તે છે. માતાએ પુત્ર તથા પુત્રી તરફ સમાન ભાવ રાખવો જોઇએ.

સાધારણ રીતે માતાઓ પોતાની પુત્રી તરફ પક્ષપાત રાખે છે. પરંતુ તેવું વર્તન સદ્ગુણી સ્ત્રીને યોગ્ય નથી, તેણે તો પુત્રી તથા પુત્રવધુ તરફ એક સરખું વર્તન રાખવું જોઇએ. અને તેવાજ વર્તનથી કુટુમ્બમાં સુખ શાન્તિ જળવાઈ રહે છે. પુત્ર વા પુત્રીને પહેલાં પરણાવવાની ઉતાવળ માતાએ કરવી નહિ, કારણ કે તેમ કરવાથી બાળકોથી અભ્યાસ તરફ જોઇએ તેવું લક્ષ આપી શકાતું નથી તેથી તેમની કેળવણી અધુરી રહે છે. માતાએ સંતાનને સુખી કરવાં હોય તો તેમનાં લગ્ન યોગ્ય વયેજ કરવાં.

બ્હેનો પ્રત્યે ફરજઃ—સ્ત્રીએ પોતની બ્હેનો તરફ સ્નેહભાવથી વર્તવું જોઇએ. અને પોતાનાથી બની શકે તેટલી ગૃહ કેળવણી આપવી. સ્કુલની કેળવણીમાં હમેશાં દેખરેખ રાખવી, અને વીશેષમાં ધર્મની કેળવણી જે હાલ દરેક સ્કુલમાં અપાતી નથી તે ઘેર આપવા પ્રયત્ન કરવો. તે ઉપરાંત પાક શાસ્ત્રથી તથા બીજા ઘરકામથી માહીતગાર કરવી. સ્વચ્છતા અને સાદાઈથી રહેતાં, સર્વ સાથે હળીમળી ચાલતાં શીખવવું વડીલોની આજ્ઞા અનુસાર વર્તી તેમનું માન રાખવું. વળી પોતે સારૂં વસ્ત્ર પહેરી તેને હલકું વસ્ત્ર આપી ફોસલાવવી નહી. હમેશાં મન મોટું રાખવું.

બ્હેનની અદેખાઈ કરવી નહી. પરંતુ બ્હેનો સાથે સ્નેહ રાખી સંપથી રહેવું. ભગિનીઓ પ્રત્યે પણ માનની લાગણીથી જોવું અને પરસ્પર એક બીજાના જ્ઞાનનો લાભ મળે તેમ કરવું બ્હેનો સાથેના વર્તનમાં, હમેશાં પરોપકારી થવાનો પ્રયત્ન કરવો.

કુટુમ્બ જનો પ્રત્યે ફરજ:—સ્ત્રીએ પોતાનાં પીયરનાં તથા પતિના સગાંસબંધી સાથે, સરખું વર્તન રાખવું જોઇએ. સ્વતંત્ર થયા પછી પણ બન્ને પક્ષને સરખા ગણી, કુટુમ્બ સાથે કાંઇ પણ કલેશ કરવો નહિ. પરંતુ તેઓની આપણી તરફ પ્રીતી વધે એવું વર્તન રાખવું. લગ્ન પ્રસંગમાં પણ કુટુમ્બનો તેમજ સ્નેહી જનોનો આદરસત્કાર કરવો, અને સર્વને પોતાનાં ગણીને આનંદમાં વૃદ્ધી કરવી અને કુટુમ્બીને બનતી મદદ કરી ઉપયોગી થવું.

ગૃહ કાર્યભાર ચલાવવો:—દરેક ડાહી સ્ત્રીએ પોતાના ઘરની આવક જાવકનો હીસાબ રાખવો જોઇએ. કરકસરથી રહેવાની ટેવ પાડવી, પણ કંજુસાઇ કરવી ન જોઇએ. દરેક વ્યવહારમાં સાધારણ ખર્ચ કરવું. લગ્ન નાતવરા વખતે ઘણાં ફુલણજી થઇ બીજાની દેખાદેખીથી નકામો ખર્ચ કરે છે તેમ ન કરતાં આપણી સ્થીતી અનુસાર વર્તવું જેથી પાછળથી પસ્તાવાનો વખત આવે નહી. પૈસાદારની હવેલી દેખી આપણી ઝુંપડી પાડી નંખાય નહી તેથી આવા સમયમાં સ્ત્રીએ મન દૃઢ રાખવું. બીજી બાજુએ હાલના જમાના પ્રમાણે મોજ શોખની વસ્તુઓ વધી પડી છે-જેમકે ચીનાઇ સાડીઓ, પોલકાં, પાલીશનાં ઘરેણુ—એવી આંખને આંજી નાખે તેવી ચીજો જોઇ લલચાઈ જવું નહી. પરંતુ બ્હેનોએ પોતાને તેમજ કુટુમ્બને વાસ્તે ખાસ ઉપયોગી ચીજજ ખરીદવી. આહાર વિહાર ને પોશાકમાં નિયમીતપણું, સાદાઇ ને સ્વચ્છતા રાખવાં અને બીજા પાસે રખાવવાં. હમેશાં પરોપકારી થવાની વૃત્તિ રાખવી. અને થોડા ખર્ચમાં કુટુમ્બનો સંતોષકારક રીતે નિર્વાહ ચલાવવો. તેવી રીતે વર્તવાથી પતિ પ્રસન્ન રહે છે.

પરોણા અને આશ્રિત જનો પ્રત્યે ફરજ:—સાધારણ રીતે કોઈ પણ માણસ ખાસ કામ પ્રસંગેજ, આપણે ત્યાં મેમાન થાય છે. તો તેમને આપણે ઘેર, કોઇ વાતની અગવડ પડવી ન જોઇએ. પતિના મીત્રો અથવા ગમે તે પરોણા આવે, તેની સાથે ઘણી છુટથી બોલવાની ટેવ રાખવી નહીં. કામ પ્રસંગેજ બોલવું, ને બની શકે તેટલું તેમનું સન્માન કરી તેમને જોઇતી વસ્તુ પુરી પાડવી. આપણા કુટુમ્બનું કોઇ નીરાધાર

અને પોતાનું ગુજરાન ન ચલાવી શકે એવું માણસ આપણે ત્યાં આવે તેને પોતાના ઘરના માણસ જેવું ગણીને રાખવું અને તેને સારે રસ્તે ચડાવવાનો પ્રયત્ન કરવો.

ઈશ્વર પ્રત્યે ફરજઃ—સ્ત્રીએ પ્રાતઃકાળે પતિ ઉઠયા પહેલાં ઉઠી, સ્નાનથી શુદ્ધ થઈ ચોખ્ખાં વસ્ત્રો પહેરી નીર્મળ અંતઃકરણથી, પોતાના ઈષ્ટ દેવનું પુજન કરવું પ્રભુમાંજ પોતાનું ચિત્ત રાખી, સ્વચ્છ જળ, ચંદન, પુષ્પ–ધુપ–દીપ–નૈવેદ્ય આરતી વીગેરે સામગ્રી સહિત યથાવિધી પુજન કરવું. પુજન કર્યા બાદ ઈશ્વરના નામનો જપ કરવો. કદાચ ફુરસદ ન મળવાથી પુજન ન થઇ શકે, તો ઇશ્વરનું એક ચિત્તે થોડો વખત સ્મરણ કરવું, જેથી પુજન કર્યા જેટલો સંતોષ થાય છે. બની શકે તો સ્ત્રીઓના " આન્હિક " માં લખેલી વિધી પ્રમાણે સૂર્યને અર્ઘ આપી, યથાવીધી સૂર્યની પુજા પણ કરવી.

તહેવાર ઉત્સવ તથા વ્રતના દીવસોએ વૃદ્ધ જનો સાથે દેવદર્શને જવું. પરંતુ હમેશાં સવાર સાંજ મંદીરોમાં ભટકી દોડાદોડ કરવાથી ઈશ્વર આપણી ઉપર પ્રસન્ન થતા નથી. આપણા ઘરમાં ઈષ્ટ દેવની જે મુર્તી હોય, તેનેજ ખરી ભાવનાથી ભજીએ, અને શાસ્ત્રમાં લખેલું છે કે,—

जले विष्णु स्थले विष्णु, विष्णु पर्वत मस्तके,
ज्वाल माला करे विष्णु, सर्व विष्णुमय जगत्

એ પ્રમાણે વીચારીએ તો એ ખરૂં જણાશે. દેવની મુર્તિનું ઘરમાં પુજન થતું હોય તો મંદીરોમાં ભટકી વીશેષ પુણ્ય મેળવવાની જરૂર રહેતી નથી.

વખતનો સદુપયોગ કરવોઃ—બ્હેનોએ આળસુપણે પોતાનો વખત નકામો ન ગુમાવવો જોઇએ. બધી બ્હેનોનો અમુક વખત તો ગૃહ કાર્યમાં પસાર થાય છે. પણ બાકીના સમયમાં નિંદા કુથલી, નકામી વાતો, તથા સુવામાં, કે દેવ દર્શનના ઢોંગ કરવામાં ન ગુમાવતાં ફુરસદને વખતે ભરતુ–ગુંથતુ–શીવવું તથા વાંચવા લખવા વિગેરે પ્રવૃતિઓમાં પોતાનો વખત પસાર કરવાનું રાખવું. સમયનો સદુપયોગ કરવો એજ શ્રેષ્ટ જીવન છે. નકામો વખત ગુમાવ્યો તેટલું જીવન પણ વ્યર્થ ગુમાવ્યું જાણવું.

બ્હેનો ! આપણે ઉપર લખેલી બધી ફરજો અનુસાર વર્તી જીંદગીમાં કાંઇ પણ સારાં કામો કરી પતિનેજ પ્રભુ તુલ્ય માની તેમની સેવામાં તત્પર રહી પરોપકારી થવું એજ આપણું કર્તવ્ય છે.

બાલ કેલવણીઃ કુમળા છોડને જેમ વાળીએ તેમ વાળી શકાય છે. પરંતુ મોટું (ઝાડ) થયા પછી તે વળી શકાતું નથી... મનુષ્ય જીવનનું પણ એમજ છે. માટે મનુષ્ય જીવન સુધારવા માટે તેની બાલ્ય અવસ્થાપર પૂરતું લક્ષ આપવાની અવસ્યકતા છે. પરંતુ જ્યાં સુધી માતા અજ્ઞાન મૂઢ અને દુર્ગુણી હશે, ત્યાં સુધી તેનાં બાલકો સુધારવાની આશા રાખવી તે ઝેરમાંથી અમૃતની આશા રાખવા જેટલું શંકા યુક્ત છે.

—" નિશા "

વાંચવાથી થતા ફાયદા.

(લેખક-સૌ. કૌશિક બ્હેન.)

નિર્મળા તેની સખી કમળાને ઘેર જાય છે. કમળા ચોપડી વાંચતી હતી તે રહેવા દઈને કહે છે, "આવો આવો, નિર્મળા બહેન, ઘણે દિવસે આવ્યાં; બેસો."

એટલે બેસીને નિર્મળા કહે છે, "બહેન, હું નવરી થતી નથી એટલે શી રીતે આવું? પણ વારૂ, બ્હેન, તમે આ શું વાંચો છો?"

કમળા—એતો મારા પતિએ 'સતી મંડળ' ની ચોપડી આણી આપી છે તે વાંચું છું. એમાં અનેક સતીઓના દ્દષ્ટાંતો છે. સ્ત્રીઓના ધર્મ વિષે બહુજ સરસ લખેલું છે. તમે હમણા શું વાંચો છો?

નિર્મળા—બ્હેન હું તો કંઇ વાંચતી નથી. મને કાંઇ વાંચવાનો બહુ શોખ નથી. એમાં શું વાંચવું છે? સ્ત્રીઓના ધર્મ આપણે કયાં જાણતાં નથી? બહુ વાંચે શું ફાયદો થાય?

કમળા—એતો બ્હેન તમારી ભૂલ છે. વાંચવાથી અનેક ફાયદા થાય છે. પ્રથમમાં આપણે નવરાં હોઇએ છીયે ત્યારે બે ત્રણ ભેગી થઈ નિંદા કરીયે છીએ તે અટકે છે, ધર્મનો માર્ગ સમજાય છે, આપણે જે ના જાણ્યું હોય તે જાણીએ છીએ, અનેક જણની જોડે કુથલી કર્યા કરતે વાંચ્યું હોય તો સારા માણસનાં ચરિત્રો આપણા જાણવામાં આવે છે ને તેથી આપણું મન ઘણું જ પ્રફુલ્લિત થાય છે. સારી સ્ત્રીઓનાં ચરિત્રો વાંચ્યાં હોય તો, આપણે તેના જેટલું નહિ તો જેટલું આપણાથી બને તેટલું પાળવાને યત્ન કરીયે તો પળાય છે. વાંચ્યું ના હોય તો જેમ રૂઢી પ્રમાણે સર્વ ચાલતાં હોય તેમ આપણે પણ ચાલીયે છીયે; સારા-નરસાનો વિચાર આવતોજ નથી. આપણામાં સારા ચાલ કયા કયા દાખલ કરવા જોઇએ તેની માહીતી પણ વાંચવાથી મળે છે.

બાળલગ્ન વિષે કશામાં વાંચીયે છીએ ત્યારે આપણને એમ સમજાય છે કે બાળલગ્નથી આટલું નુકશાન છે ને તેથી આપણને કોઇ પુછશે તો એમજ કહીશું કે બાળલગ્ન ન કરશો.

તેવીજ રીતે પાકશાસ્ત્રની, ભરત ગુંથણ વગેરેની ચોપડીયો વાંચ્યાથી કોઈ વસ્તુ આપણને ના આવડતી હોય તો કોઇને પુછવું પડે તેના કરતાં આવડતી હોય ને વાંચી હોય તો આપણને તરત યાદ આવે ને તે કામ કરતાં સુગમ પડે ને વગર અડચણે તે કામ થાય.

વળી આપણને ના ગમતું હોય ત્યારે સુઈ રહીયે તેથી આળસ વધે છે, તેના કરતાં વાંચીયે તો કેટલુંક જાણવા જેવું મળે. એટલું ખરૂં કે, પોતાના ઘરના કામ પર બેદરકારી રાખીને વાંચવું નહી, તેમ અતીશે વાંચીને આંખ ખરાબ કરવી નહી. સારી ચોપડીયો વાંચવી. નાટકો ઝાઝાં વાંચવાં સારાં નહીં. કેમકે પ્રાચીન નાટકો જેવી રચના હનાં તેવાં હાલનાં હોતાં નથી, જેથી સુધારાની જગ્યાએ બગાડો દાખલ થાય છે.

કેટલીક ચોપડીઓ એવી હોય છે કે જે વાંચવાથી તન અને મન બન્નેને નુકશાન થાય છે. તેવી ચોપડીયો ના વાંચવી, પણ સારી ચોપડીયો તો અવશ્ય વાંચવીજ જોઇયે, જેથી જે વખતે ચોપડી ના હોય તે વખતે પણ આપણે પહેલાં વાંચી હોય તેનાજ વિચારો આવે ને મન આનન્દમાં રહે.

માંદાની સારવાર શાસ્ત્રીય રીત પ્રમાણે કરવી જોઇએ. તે વાંચ્યું હોય તો આપણને ખબર પડે કે આવા પ્રકારનો ખોરાક, આવા પ્રકારની ચોકખાઇ તથા વૈદકી સુચના મુજબ લેવાનું ઔષધ, બરાબર ફાયદો જ કરશે. અભણ લોકો, માંદા હોય તેને બરાબર સાચવે નહી ને તેથી અનેક જાતના નુકશાન તે લોકોને વેઠવાં પડે છે તે ઘણાએ જોયું હશે.
ધર્મની ચોપડીઓ વાંચીએ ત્યારે આપણને એમ થાય છે કે ધર્મ તો આનેજ કહેવાય ને તેથી જ કેટલાક ધુતારા લોકો ધર્મને નામે આપણી પાસેથી પૈસા વગેરે લઈ જાય છે તે આપતાં આપણે વિચાર કરીએ.

બ્હેન ! ચોપડી એ એક સુખ દુઃખનો વિસામો છે. 'ચંદ્રકાન્ત' તો તમે વાંચ્યું હશે. તે વાંચ્યાથી આપણે કાંઈ દુઃખ હોય તો અડધું ભુલી જઇયે છીયે. એમાંનાં દષ્ટાંતો એવાં તો સરસ છે કે તેથી આપણને ફરી ફરી વાંચવાનું મન થાય છે. માટે ચાલતા સમયના પુસ્તકોમાં ચંદ્રકાન્ત, ભામિનીભૂષણ, સતી મંડળ જેવી સારી સુબોધદાયક ચોપડીયો વાંચી હોય તો ઘણુંજ સારૂં. કેટલીક સારી સ્ત્રીઓ સાસરે દુઃખ હોય, કોઇ મેણા દેતું હોય, તોપણ તેઓએ એક શબ્દ બોલ્યા વગર બધું સહી લીધાના દાખલા ઘણા છે. જો તે વાંચ્યું હોય તો આપણને કોઇ દિવસ એવો પ્રસંગ આવે તો તે શાંત મન રાખી સહન કરી શકીએ.

શુદ્ધ ભાષાવાળી ચોપડીયો વાંચવાથી આપણી ભાષા પણ શુદ્ધ થાય છે, ને આપણે ઘરમાં વાંચતાં હોઇએ ત્યારે આપણાથી નાનાં જે જે ઘરમાં હોય તે બધાંને પણ વાંચવાનું મન થાય છે. આપણી અસર આપણા કુટુંબનાં બાળબચ્ચાંને થાય છે, ને તેથી કુટુંબમાં ઘણી જાતના ફાયદા થાય છે.

માટે બેન ! વખતને નકામો જવા દેવો નહીં, કેમકે ગયો વખત પાછો આવતો નથી. નકામા બેશી રહેવાથી મનમાં ખોટા તરંગો અને ખરાબ વિચારો આવે છે; માટે હમેશાં જ્ઞાનમાં અને બુદ્ધિમાં ખીલવણી થાય એવાં પુસ્તકો વાંચવાં ને વિચારવાં.

આપણાં પહેલાં થઇ ગયેલાં આર્ય સ્ત્રીઓ અને પુરૂષો પોતાનો સમય કેવી રીતે ગાળતાં, તેઓએ કેવાં કેવાં કામો કરેલાં છે, તેમાં આપણે ખાસ સદ્બોધ લેવા લાયક અને જમાનાને અનુસરતું શું છે, તે જાણવા માટે તેમને આપણે મળી તો શકીએ નહીં, પણ તે સંબધનાં પુસ્તકો દ્વારા તેમના વિચારો કેવા હતા, તેમના આચારો કેવા હતા, ને તેમના આચારવિચારમાંથી ગ્રહણ કરવા જેવું શું છે તે જાણી શકાશું માટે વાંચવાથી ઘણા ફાયદા થાય છે.

તેમ, બેન, ! વાંચવાનો શોખ એટલે કાંઈ વાંચ્યાંચ કરવું એમ નહીં, પણ જેથી

વખત નકામો જાય નહીં ને બુદ્ધિ તથા જ્ઞાનમાં વધારો ને નીતિમાં સુધારો થાય તેવાં પુસ્તકો વાંચવાં અને તે પ્રમાણે ચાલવાનો પ્રયત્ન કરવો. કેટલીક સ્ત્રીઓ છોકરાં કેમ ઉછેરવાં તે વિષે ચોપડીયોમાં વાચે તોપણ છોકરાંને બરાબર સાચવે નહીં, મારે કે અનેક પ્રકારે દુઃખ દે, માટે તેવું વાંચવું સારૂં નહીં. વાંચીને તેમાંથી સાર ગ્રહણ કરવો અને કોઈ પુછે તેને યોગ્ય ઉત્તર આપવો, નહિં કે વાંચીને ભુલી જવું. પણ વાંચીને સમજણ લેવી ને આપવી. આપણે વાંચીયે ને તેનો ઉપયોગ કરીયે, નહિં ત્યારે વાંચ્યું શા કામનું ? બેન! હવે સમજ્યાં ? વાંચીને વીચારીયે ત્યારેજ સુખ થાય છે.

નિર્મળા—હા, બેન! હવે હું સમજી. વાંચ્યાથી ઘણા ફાયદા થાય છે તે મેં જાણ્યું. હવે હું નવરી નહીં બેશી રહું પણ જે જે સ્ત્રીઓને વાચવા લાયક પુસ્તકો હશે તે વાંચીશ. લ્યો બેન! હવે હું જાઉં છું, વળી ફરી નવરી થઇશ ત્યારે આવતી રહીશ.

પ્રભુ સ્તુતિ.

(એક બ્હેન તરફથી મળેલું.)

હે દીનદયાળ ! હે દીનબંધુ ! હે કૃપાના સાગર ! મારા વહાલા મહાવીર પ્રભુ ! હું આપને નમસ્કાર કરૂં છું. હે અધમ ઉદ્ધારણ ! હે પતીત પાવન ! હે ભક્તવત્સલ પ્રભુ! હું આપને ફરી ફરી નમસ્કાર કરૂં છું. હે પ્રભુ ! હું મહા અધમ, મહાપાપી અને દુરાચરણી તથા અવગુણથી ભરેલી છું. હે પ્રભુ ! હું આપને શરણે આવી છું. તો હે કૃપાસીંધુ ! મારા પાપ તરફ દૃષ્ટી ન કરતાં મારા ઉપર દયા કરો. હે કૃપાનાથ ! હવે હું આપનુંજ શરણ ગ્રહણ કરૂં છું. હે પ્રભુ! આપ શીવાય આ સ્વાર્થમય દુનીયામાં મારૂં કોઇ નથી. પ્રભુ! હવે મને આ દુઃખમય દુનીયામાંથી તારો અને મારાં પાપ નષ્ટ કરો અને હે મહાવીર પ્રભુ! હવે તો આપનાજ ચરણમાં મારો વાસ કરો. મને સદબુદ્ધી આપી સત્યનો માર્ગ બતાવો, કે જેથી કરીને આપની કૃપાને પાત્ર થાઉં. હે પ્રભુ ! આપની કઇ રીતે સ્તુતી કરૂં તે જાણવાની પણ મારામાં બુદ્ધી નથી. મારા પ્રભુ ! હું મહા મંદ મતીની અજ્ઞાની અને પામર છું. હે પ્રભુ ! હવે તો હું આપનેજ શરણે છું તો કૃપા દૃષ્ટી કરો.

હે પ્રભુ ! આ દુનીયામાં આવી, ઘડીએ ઘડીએ અવળે રસ્તે ચડી જઇ સત્યના માર્ગથી વીમુખ રહી છું. તો હે પ્રભુ ! હવે મને સન્માર્ગ બતાવો. આ દુનીયામાં હવે મને કંઇ સાર લાગતો નથી. પ્રભુ ! હવે હું કંટાળી છું, હારી છું, દુનીયાથી અકળાઇ છું. પ્રભુ! મારી દુઃખમય સ્થીતી ઉપર દયા કરીને મારી બાંય ઝાલો. આપ વીના હવે બીજો આરો નથી. હે પ્રભુ ! મારૂં પોતાનું ભલું શેમાં છે તે સમજવા જેટલી શકતી મારામાં નથી તો મારૂં કલ્યાણ થાય તેવો રસ્તો બતાવો. હે પ્રભુ ! આપ અંતર્યામી છો, ઘટઘટ વ્યાપક છો. તો પ્રભુ ! હું આપને સર્વ દીશાએ નમસ્કાર કરૂં છું.

હે પ્રભુ ! આજ દીવસ સુધી મારામાં રહેલા દોષોને તજવા માટે સદાગ્રહપૂર્વક કંઇ પણ પ્રયત્ન કરેલ નથી, હું મારૂં ખરૂં કર્તવ્ય સમજી નથી અને કામ ક્રોધ આદી આસુરી

સંપત્તીને વશ થઇને પાપાચરણો કર્યાં છે, તો કૃપા કરીને હે પ્રભુ, મારાં પાપ બાળી નાંખો. મેં આપનું ભજન કરવામાં કોઇ દીવસ એકાગ્ર ચીત કર્યું નથી, તો હે પ્રભુ! આપને હું પ્રાર્થના કરૂં છું કે મારી વીનંતી સાંભળો અને મારા મનની યોગ્યતા વધારી નીરંતર આપનીજ ભક્તી કર્યા કરૂં તેવું બળ આપો. હું રંક બાળ આપને કરજોડી વીનંતી કરૂં છું તો હે પ્રભુ ! મારા ઉપર દયા કરો. દીનદયાળ ! મ્હેં પામરે રાગદ્વેષને વશ થઇને દરેક ઠેકાણે અભેદ બુદ્ધી ઉપજાવી આ દુનીયામાં કયાંય શાંન્તી કે આનંદનો અનુભવ કર્યો નથી. હવે મને સમજાયું કે આપ વીના આ વીશ્વમાં મારૂં કોઇ નથી. હવે હું આપના પવીત્ર ચરણમાં મારૂં મસ્તક મુકું છું.

હે પરમ કૃપાળુ ! આપનો સ્વભાવ પોતાના દાસ ઉપર સદાયે પ્રેમ રાખવાનો છે, તો હે કૃપાસીંધુ ! હું તો આપના દાસની દાસ છું તો મારા ઉપર આપ દયા કરશો. હે કૃપાના સાગર ! આપના ભક્તો આપને બહુજ વહાલા હોય છે. હલકા કુળના તથા અધમ કામના કરનારા પણ તમારે શરણે આવી તમારી અનન્ય ભક્તિ કરવાથી તેઓનો તમે ઉદ્ધાર કરી અધમ ઓદ્ધારણ નામનું તમે સાર્થક કરો છો. પ્રભુ ! હું અલ્પ મતીની આપના અપાર ગુણ શી રીતે ગાઇ શકું ? મહા સમર્થ પુરૂષો પણ આપના ગુણનું ગાન કરતાં થાકી ગયા તો મારી શી વીશાત ! આપ શ્રીના ચારીત્રોનો મહીમા તો આપના પવીત્ર ભક્તોજ જાણી શકે છે.

હે દેવોનું પાલન કરનારા, હે નાથ ! હે અશરણ શરણ ! જેમ ઘુવડને અંધારા ઉપર જેમ સ્વભાવીક પ્રેમ રહે છે તેમ આજ દીવસ સુધી દુનીયાના વિષયોમાં સ્વભાવીક મારી પ્રીતી હતી અને તેને લઇને આ દુનીયામાં શાન્તી ન મેળવતાં દુઃખ, દુઃખ ને દુઃખ વેઠી લીધું.

હે શરણાગતને સુખ આપનારા ! હે ભક્તના દુઃખને તથા ભય નીકન કરનારા ! હું આપને શરણ આવી છું તો મારૂં દુઃખ તથા ભયનો નાશ કરો અને મારૂં રક્ષણ કરો. આ નીરાધારનો સાચો આધાર આપજ છો.

આજ દીવસ સુધી આ સંસારમાં આવી આપનું ભજન કર્યું નહી. હવે મને અફસોસ થાય છે. હે પ્રભુ ! હવે તો આ જીવનું આપના શરણ વીના કયાંય કુશળ થવાનું નથી. આપ શીવાય આ સસારમાં કયાંઇ વીશ્રાંતી મલી નહી અને જ્યાં ત્યાં કલેશનો અનુભવ કર્યો છે. હે કરૂણા સીંધુ ! જે જીવના ઉપર આપ દયા કરો છો તેના સર્વે દુઃખનો નાશ થાય છે તો મારા ઉપર દયા કરી મારાં કષ્ટ તથા મારાં પાપ નાશ કરો. હે દેવાધીદેવ ! હે સ્થાવર જંગમના નાથ ! હે પ્રણતપાલ ! હે અનરયામી ! મારી સંસારમાં રહેલી મમતાને બાળી નાંખો અને મારૂં ટુંકું જીવન આપનીજ ભક્તી કરીને પુરૂં કરૂં, એવી બુદ્ધી આપો. હે પ્રભુ ! આપના શીવાય અને આપની કૃપા શીવાય મારે હવે કાંઇ જોતું નથી, તો પ્રભુ ! આપની કૃપાની અભીલાસી ઉપર દયા કરો. દીનદયાળુ ! આપને શરણે આવી છું, માટે શરણાગતનો સ્વીકાર કરો અને આપના ચરણમાં રહી આપનીજ ભક્તી કરૂં એવી મારી અભીલાષા આપ પુરી કરો. એજ મારી નમ્ર યાચનાઓ.

આપણે કરવાનાં દાન.

લેખક: સ્વર્ગસ્થ સૌ. વિજયાલક્ષ્મી ત્રિવેદી.–ભાવનગર.

ઓમ્ શ્રી પરમાત્મને નમઃ

અંધ, વૃદ્ધ, અપંગ, ને રોગી, વિધવા, બાળ,
દુ:ખીઆં દીન નિહાળીને, દઇએ ત્રિગુણી દાન;
નાત જાતના સ્વાર્થનો મુકિએ ભેદ તમામ;
દીન જનોને આપિએ, યથાસંપતિ દાન

હિંદુસ્થાનની ત્રીસ કરોડની વસ્તીમાં ચાળીશ લાખ તો વૈરાગીઓ, સાધુઓ, સંતો. સંન્યાસીઓ, બ્રહ્મચારીઓ, બાવાઓ, જોગી, જતી, સાંઇઓ, ને ફકીરો ઇત્યાદી મળીને છે. આ મોટી સંખ્યામાંથી સત્ય વૈરાગ્ય વાળા તો થોડાજ નીકળશે. બાકી ઘણા ખરા તો આળસુ, અભિમાની, મોહમત્સરવાળા, મહા ક્રોધી, કે જેઓ સંસારમાં ઘણાંજ ખરાબ કૃત્યો કરીને પછી પોતાનું મુખ છુપાવવા, અથવા મજુરી કર્યા વગર મફતનું ખાવા, બાવા ફકીર કે સંન્યાસી થઇને નિકળી પડે છે, તેવા હોય છે. આ સર્વનો નિર્વાહ દેશના ગૃહસ્થાશ્રમ ઉપર છે. ગૃહની અંદર રળનાર પુરૂષો એકાદ બે જ હોય છે, ત્યારે ઘણી મ્હોટી સંખ્યા બાળકો, વૃદ્ધ ને સ્ત્રીઓની હોય છે. ને પાછું આવા ઉપર ગણાવેલા ભિક્ષુકવર્ગને પણ આપવું પડે છે ! પછી આપણો દેશ નિર્ધન થાય, તેમાં શી નવાઈ છે ? વેપાર, વીદ્યા, કળા ને હુન્નર ઇત્યાદી મ્હોટી સંખ્યામાં વધવાં જોઇએ ને પાછાં મજુરી વાસ્તે પણ માણસો જોઇએ. તેથી જો ભુખે મરતાંઓને ભીખ મુકાવી ધંધે વળગાડાય તો તેથી તેમને અને દેશને એક-સરખો લાભ છે. પણ આ સર્વ કામ રાજા મહારાજાઓનું ને દેશના ધનવાન નાગરીકોનું છે. પણ ઘણી જ દિલગીરીની વાત છે, કે પૈસાદાર વર્ગ આ વાતને બિલકૂલ વિચાર કરતો નથી. આપણા ધર્મગુરૂઓ પણ આપણી પાસેથી પૈસો લઇ તે સર્વનો ગેરઉપયોગ જ કરે છે; કારણ તે જેવી રીતે વવરાવો જોઇએ તેમ તેઓ વાપરતા નથી. અને અંધ શ્રદ્ધાને વશ થઈ ગયેલા હિંદુસ્થાનના ભોળા ને અજ્ઞાન સ્ત્રી પુરૂષો પોતાનો ઘણો પૈસો આવા ધુતારાઓમાં વેરી દે છે. ધર્મગુરૂઓ પોતાનો અંગત વૈભવ અને એશઆરામ આપણા પસાથી વધારી મુકે છે, અને હજારો રંકજનો ભુખ્યાં ટળવળી મરે છે, તેને વાસ્તે તેઓ કશો વિચાર કરતા નથી. શ્રદ્ધાળુ સ્ત્રી પુરૂષો પોતાનું કલ્યાણ થશે એમ માની, ધર્મગુરૂ-ઓની પાસે મ્હોટી મ્હોટી રકમો ધરે છે વેદીઆ બ્રાહ્મણ ભિક્ષુકોને તેમજ ઉપર ગણાવેલા સર્વને પણ, સારી રીતે લાડવા, જલેબી વીગેરે તથા પાકાં સીધાંનાં જમણ-વાર આપવામાં જ લોકો સંતોષ માને છે. હવે આપણે વિચારવાનું છે કે આ સર્વ ધર્મ છે કે ધતિંગ ? અને જો તે માત્ર ધર્મનું બ્હાનું હોય તો તેનો સત્વર ત્યાગ કરવો જોઇએ. હવે આપણે આપણી દાન કરવાની રીત દેશ કાળને અનુસરીને બદલવી જોઈએ. કારણ, આપણે સમજવું જોઇએ કે દાન કરેલી લક્ષ્મી પાપ કૃત્યોમાં વપરાતાં, આપણે અવ-શ્ય નરકેજ જવાના છીએ. તેમજ "ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાને આટો !"–એ પણ વિચારવું જોઇએ. એવું ઘણાંઓનું માનવું છે કે ઘરનાં કે કુટુમ્બનાં મનુષ્યો જે

મ્હારી તે કાંઈ કલ્યાણકારી નથી પણ જે જે સ્વહસ્તેથી દાન દીધું હશે તેજ આપણને પરલોકમા, પુનર્જન્મમા મળશે પણ તે માન્યતાઓ ખોટી છે કારણ, ગૃહકુટુમ્બ કે જે પુત્રો, પુત્રિઓ અને વધુઓ, બ્હેનો, સ્નેહિઓ, જમાઇઓ, ઈત્યાદિથી પરિપુર્ણ હોઇને આત્મ વિસ્તારથી જ બનેલું હોય છે, તે સર્વને વાસ્તે એક પાઈ પણ ન વપરાય, ને તેઓની સાથે ઘણી જ કંજુસાઇ રાખવામા આવે, એટલે કે યોગ્યતાના પ્રમાણમાં પહેરવાને વસ્ત્રો નહિ, ખાવાને અન્ન નહિ તો ઘી દુધ એ તો હોય કયાથી ? એવી રીતે તેમને દુ:ખી કરવા અને ભામટાઓ કે જે શરીરમાં રાતા લોહીથી પરિપુર્ણ હોય અને ધંધા વિનાના મસ્તાન, ઢોર જેવા હોય,—અથવા વખતે હાઉહાઉ ને ખાઉખાઉ શીખેલા ગોખણપટ્ટીઓ જેઓ મહાન ગુરૂ શંકરાચાર્યના કહેવા પ્રમાણે " उदरनिमित्त बहु कृतवेश ' તેમ એક પેટ ભરવાને વાસ્તે અનેક વેશ કરીને ફરનારાઓ છે, તેમને પોસવાથી શું આપણી સદ્‌ગતી થવાની છે ? કદી નહિ કારણ તેથી તો ઉલટું પાપ દુનીઆમા વધે છે, ને તે પાપના જ આપણે અર્ધભાગી થવું પડશે !

વળી ઘણાએ હાથની સાચી ખોટી રેખા જોશે, તો કોઇ વળી ટીપણું કાઢશે—મીન, મકર ને કુંભ કરીને શની રાહુ ને ગ્રહીનું નડતર કાઢશે કોઈક દોરા ચીઠીઓ ને મંત્રો આપશે અને કોઇક વશીકરણ વીદ્યાઓ શીખવશે પણ આપણે સમજવું જોઇએ કે તે સર્વ મિથ્યા છે એ માત્ર પેટ ભરવાના ચાળા છે ! બાકી સત્ય નિષ્ઠાવાળાને કશું નોતરૂ નથી તેમજ તેવા સન્માર્ગીને ઘર ઘર ઉઘરાવવાને ભટકવું પડતું નથી ભોળી અબળાઓને ભરમાવવીએ પડતી નથી કાળા ઉપર ધોળો કે ધોળા ઉપર કાળો પણ નહિ જાણનારાઓ ધર્મને બહાને રળી ખાય છે, ને અનેક જીવન કલુષિત કરે છે ! આ ઉપરથી જ્યોતિષ ખોટું છે, એમ મારૂ કહેવું નથી, પણ જોશીઓ કરેછે તે દગાને વાસ્તે કહેવું પડે છે જેમ દરેક ધર્મના આદિ સંસ્થાપક કદી પણ દોષયુક્ત હોતા નથી, તેમ ધર્મમા પણ દૂષણ હોતું નથી, પણ પાછળથી હવેલી ને ગોસાઈના મંદિરોમાં અને સન્યાસીઓના મઠોમા દુરાચારો દાખલ થયા છે ને સમાજને પાયમાલ કરી છે

દાન નવો યુગ પ્રસરી રહેલો છે, માટે આપણે પણ આપણી દાન કરવાની રીતમાંથી જે ખામિઓ વાળી હોય તે બદલવી જોઇએ લગ્ન ને મરણ પ્રસંગે તથા યજ્ઞોપવિત આદિ ધર્મ ક્રિયાઓ વખતે જે દાન બ્રાહ્મણોને અપાય છે, તે બદલીને આપણે હવે નવી રીત દાખલ કરીએ તો સારૂ જે લોકો મજુરી કરીને રળી શકવાને સશક્ત નથી, તેવા આંધળા, લુલા, બ્હેરા, અપંગો, અનાથ બાળકો, ને વિધવાઓ, નિર્ભાગી વૃદ્ધો, ને તેવા જ બીચારા અનાથ રોગીઓની સગવડો ઉભી કરવી જોઇએ, ને તે માટે સ્થપાયેલી સંસ્થાઓને ધર્મનીમીત્તનાં નાણા અર્પણ કરવા જોઇએ. ઘણે મોટે ભાગે હિંદુઓમાં એવી તો મહા જુલમની અંધ શ્રદ્ધા ચાલુ છે, કે જોઇને નહિ પણ સાંભળવા માત્રથી આપણને ત્રાસ આવે !

ધર્મ પ્રમાણે પ્રથમ ફરજ આપણે આપણા આપ્ત જનો પ્રતિ જ અદા કરવાની છે પ્રથમ તેઓ સર્વને યથાશક્તિ પોષીને પછી અન્યનો વિચાર કરવાનો છે શાસ્ત્રો કઇ આપણને એવી આજ્ઞા નથી કરતા કે ત્હમારે ત્હમારી સગી વિધવાઓને સધવાઓને બચ્ચાઓ વિગેરેને દીન બનાવી મુકવાં, ને બીજાઓને દાન કરવું તેથી કંઇ મોક્ષ કે સ્વર્ગ પ્રાપ્ત થવાનાં નથી જેઓના આચરવિચાર પવિત્ર નથી, જ્યાં સત્ય નથી, ધર્મ

નથી, દયા નથી, સદ્‌ગુણ નથી: અરે ! તે સર્વ ઉચ્ચ જીવનનો સ્વપ્નેએ જેને સંસ્કાર નથી, તેને આપ્યે આપણી શું સદ્‌ગતી થવાની ! આપણી અજ્ઞાન પશુ જેવી પામર મનની વહેમી અબળાઓ, અનેક વહેમોને વશ વર્તીને જે પૈસો અનેક પરિશ્રમે રળાય છે, તે વગર વિચારે ભામટાઓમાં વેરી દે છે, તે 'દેશની' દરિદ્રતામાં વધારો કરે છે, પાપનો વધારો કરે છે, ને સમાજનું અહિત કરનારાંઓને સહાય કરી દેશમાં આળસનો વધારો કરે છે.

આધુનિક બ્રાહ્મણો વેદોક્ત કર્મ કરી જાણતા નથી, વિદ્વાન નથી, નીતીવાન નથી, સત્યવાન કે શ્રદ્ધાવાન નથી, જે કર્મ પોતે કરાવે છે તે કર્મમાં પોતાને જ આસ્થા હોતી નથી, ને નીતીમાં તો એવા બળીષ્ટ હોય છે કે યજમાનની જ વહુ દીકરી કે બેન હોય તો તેને અનેક પ્રકારે ભોળવવાને ચુકતા નથી; માટે જેમ બને તેમ તેવા નીચ વૃત્તિના ધોળા કે ભગવાં વસ્ત્રો વાળા જોગટાઓને મળતી મદદ સત્વર બંધ થવી જોઇએ અને તેઓને આશ્રય આપી કદી પણ ઉત્તેજન આપવું જોઇએ નહિ. જે સ્ત્રી પુરૂષો પોતાને ધર્મી કહેવરાવવા વાસ્તે કે પરલોકનાં સુખને અર્થે તેવાં અધર્મીને પોતાની લક્ષ્મીનું દાન કરે છે, તેનો ઉચ્ચ હેતુ કદી પણ ફળીભૂત થતો નથી, પણ ઉલટું પૃથ્વી ઉપર એવાં દુષ્ટ કૃત્યો વાળુ પાપ વધારે છે, ને તેથી પ્રભુનાએ ગુનેગાર થઇ આ લોક ને પરલોક બન્ને બગાડે છે.

વાંકાનેર કંપનીના "સુરદાસ" ના નાટકમાં નિર્લોભરામનું રમુજી ફારસ આવે છે ખરેખર આધુનિક સમયે જેઓ તેવી કે તેથી પણ વધારે નીચ વૃત્તિના છે, તેવા દુષ્ટ બુદ્ધિવાળાઓને તો કદિ પણ આશ્રય આપવો જોઇએ નહિ, પણ મજુરી જ બતાવવી. દેશમાં નિરૂદ્યમી લોકોનો તો થોક ઉભરાય છે. એ સઘળાને કામે લગાડવાની ખાસ જરૂર છે. "નવરા બેઠા નખોદ વાળે !"—અથવા "મુફતનું ખાઇને મસીદે સુવે!" એવાઓ જ દેશને ઘણું નુકસાન કરે છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે અપાત્રને દિધેલું દાન અફળ છે. માટે કરિએ તેવા લોકોને તો દાન દેવું જ નહિ પ્રાચીન કાળમાં બ્રાહ્મણો ગૃહસ્થો પાસેથી દાન લેતા. પણ શા અર્થે ? માત્ર શુભ અર્થે પોતાનું આખું જીવન તેઓ સરસ્વતીને અર્પણ કરતા, નગર બહાર પર્ણકુટિઓ બાંધી રહેતા, આજીવીકા ચલાવવા જરૂર કરતાં વિશેષ દ્રવ્ય ગ્રહણ કરતા નહી, ને કરતા તો પોતે પણ તેનું દાન કરી દેતા. આખો દિવસ વેદનો ને શાસ્ત્રોનો અભ્યાસ કરતા ને કરાવતા, અને લોકોને વાસ્તે નિવૃત્તિથી અનેક પ્રકારનું ઉપયોગી કામ કરતા, ને યજમાનોના શ્રેય અર્થે પોતાના સમાન જ અનેક નીતીવાળા ગોરો—પવીત્ર ત્યાગી બ્રાહ્મણોને દાન અપાવતા હતા, ને વેદના મંત્રો તથા આચાર પ્રમાણે ધર્મક્રીયાઓ પુર્ણ શ્રદ્ધાથી કરાવતા હતા. તેઓની સર્વ પ્રવૃત્તિ જનસમાજના શ્રેય અર્થે જ હતી. કદી પણ તે પોતાના સ્વાર્થને જોતા નહિ. માટે જ તેઓ દાનને લેવા યોગ્ય હતા. પણ આધુનિક સમયે તેવું કશું છે નહિ પણ ઉલટા તેઓ તો આપણા કરતાંએ વધારે અજ્ઞાન છે ! માટે કરીને હું કહું છું કે મ્હારી પ્રેમાળ બ્હેનો! પૃથ્વી ઉપર રાક્ષસોનો ઉપદ્રવ વધારવાની જરૂર નથી. પણ તેનો તો ભાર ઉતારી દેવો.

જો ત્હમારા હૃદયમાં દયા હોય, પ્રેમ હોય, પવિત્રતા હોય, તો ત્હમે સાક્ષાત દેવી છો. અને તેથી કરીને ઓ મ્હારી આર્ય ગૃહોની અધિષ્ટાત્રી દેવીઓ ! ત્હમે વંદનિય છો, પૂજ્ય છો. ત્હમારા ઉત્તમ ગુણોથી પરિપૂર્ણ ઉદાર ને ઉન્નત ચારિત્રથી ત્હમારા કુટુમ્બમાં અપૂર્વ શાન્તિ સુખનું સામ્રાજ્ય સ્થાપો. સંપસ્નેહનાં વિજયી વાજાં ગૃહે ગૃહે આનંદ ઓચ્

ઉછાળતાં, વજડાવો. મનની સાધુતાથી અનેક વિષયી ઉપભોગમાંથી બચાવેલો તમારો પૈસો થોડીવારની સુશોભિત મોહ ઉપજાવે એવી અનેક રંગબેરંગી વિલાયતી વસ્તુઓમાં નહિ ખરચતાં મનની મોટાઇસર ઉદાર હાથ હિંદવાસી અનેક અગણીત રંક જનો પ્રતિ લંબાવો, કે જેથી તમારાં આ લોક ને પરલોક ઉભય ફળીભૂત થશે.

કીર્તિની અપેક્ષા હોય તો કીર્તિ મેળવવાનું આ સ્થાન બદલો. કારણ, આ દુષ્ટોને દાન દીધાથી તો માત્ર મુર્ખ લોકો જ "વાહ" કહેશે. પણ ખરા અનાથોને ને અપગોને દાન દિધાથી સઘળા વિચારવંત મનુષ્યો "વાહ" કહેશે. દુનીઆની અન્દર એવી કીર્તિની અપેક્ષાથી તણાઇએ નહિ; તેથી તો ઉલટી કીર્તિ નથી મળતી, ને અપકીર્તિ થઈ અગણીત દામ લુંટાય છે. લુચ્ચાઓ, લફંગાઓ, ભૂંગળભટિઓ, ધુતારાઓ ખુશામતીઆ સ્વાર્થી લોકો, લાલચથી સ્વાર્થ પુરતાં પ્રસંસાનાં વાક્યો વદે છે, પણ ક્ષણ રહીને તે નિરર્થક છે. પણ જો આપણાં હૃદયમાં એક સાચી અક્ષય કીર્તિ મેળવવાની ઇચ્છા હોય તો નિરાધારોને મજુરી કે અન્ય ધધે ચઢાવવા ને અશક્ત માણસોને જ માત્ર દાન દેવું. એક પતિવ્રતા શોભે તેવી રીતે ને એક સતીના સમાન વિચારવંત વિવેકી ગૃહીણી થઈ, તમારા મન, તન ને ધનને પરોપકાર અર્થે ખર્ચી, તમારી કીર્તિ અમ્મર કરજો. અનેક વિદ્વાન્ સ્ત્રી પુરુષોનાં મુખમાં, કવિઓની કવિતાઓમાં, ઉમદા ગ્રંથકારોના ગ્રંથમાં, ને સતીઓની નામાવલીઓમાં તમારાં મુબારક નામ નોંધાવીને અમ્મર કરો ને યશ લ્યો. આપણે મિથ્યા અભિમાન ને અજ્ઞાન મુકિ દઈ, કર્તવ્ય ધર્મ જોવાના છે, ને બજાવવાનાં છે. તેથી આપણો સંસાર સુખરૂપ સ્વર્ગ જેવો, શાન્ત સુધા વર્ષાવતા ચંદ્રની ચંદ્રિકા કરતાંએ આપણાં ચરિત્રોને વધારે ઉજ્જવલ બનાવીને કરવાનો છે.

પરોપકાર એજ ખરૂં પુણ્ય છે, માટે પરોપકાર કરવાને કદિ વિસરવું નહિ. હમ્મેશાં અનેક કષ્ટ સહિને પણ અમુકમાંથી અમુક આવક અવશ્ય પરોપકારના કામમાં વાપરવાનો નિશ્ચય રાખવો જોઈએ. પરોપકાર ન કરીએ તો આપણામાં ને સ્વાર્થિ કુતરાંઓ, ખીલાડાંઓમાં શો ફેર છે? આહાર, ભય, આદિ એ તો પશુઓને પણ પ્રભુએ આપેલ છે. પણ આપણે તેથી વિશેષ હોઇને, માત્ર સારાસારની વિવેક બુદ્ધિ જ આપણામાં વધારે છે. તો પછી તે વિવેકબુદ્ધિ વાપરીને હમેશાં સૃષ્ટિના વહેવાર કર્યે જવા, જેથી આ લોક ને પરલોક ઉભય ફળીભુત થાય. મન, તન, ને ધનથી હમ્મેશાં પરોપકાર જ કર્યા કરવો.

તે વાસ્તે પ્રાચીન ને અર્વાચીન સ્ત્રી પુરૂષો કે જેઓ મરી ગયાં છે તોપણ જીવતાં છે—તેમનાં અમ્મર કીર્તિથી આ લોકમાં ચંદ્રના જેવી ભભક મારતાં ધવલ તેજપૂર્ણ કીર્તિવાળાં ચરીત્રો વાંચવાં, જેથી મનનો નિશ્ચય વધારે મજબુત થશે. એ સ્ત્રીઓ તે સ્ત્રીઓ નથી પણ દેવીઓ છે. જગતની માતાઓ છે. માટે આપણું પ્રાચીન મહત્વ મેળવવું હોય તો કનિષ્ટ વિચાર, વાણી, ને કૃત્યોનો પરિત્યાગ કરવો. દરેક શુભ કાર્યના પ્રારમ્ભમાં કષ્ટ સહેવું પડે છે, પણ દૃઢ નિશ્ચયથી સહન કરીને સર્વ અપવાદોને દૂર કરી આગળ વધતાં અવિચળ કીર્તિને મેળવીશું. સત્કૃત્યોમાં ઉત્સાહ ભેર આગળ વધવાની હૃદયમાં હિમ્મત રાખવી, કાળજું જોરદાર કરવું, જેથી અન્તે વિજયી જ નિવડશો, ને તમારાં પ્રતિપક્ષીઓ આપથી જ તમારા ચરણમાં નમશે અનેક વ્યક્તિઓને સુખી કરીને સુખી થઈ શકાશે.

બ્હેનો! દયા, પ્રેમ, પવિત્રતા, ને સત્યતા, એ કદાપિ પણ તજવાં નહી

કાયા, વાણી ને કૃત્યે કરીને પરહિતકારી ઉચ્ચ પરોપકારમય જીવન ગાળો. સ્વાર્થ સમાન નરક નથી; પરમાર્થ સમાન પુણ્ય નથી. માટે આપણે આપણા પૈસામાંથી બચાવીને અનાથાશ્રમોમાં, વિધવાઓનાં આશ્રમમાં, ધર્માદાનાં દવાખાનાઓમાં, અનાથ વૃદ્ધો બાળકો ને રોગી દુ:ખીની સેવામાં જ ખર્ચવાં જોઈએ. આપણે આપણી દાન કરવાની રીત બદલીને, હવે વેશધારીઓને આપવું બંધ કરીને આવા અનાથોમાં વાપરવું કે જેથી અનેક આત્માઓનું કલ્યાણ થઇ, અન્તે આપણાં આત્માનુ કલ્યાણ થાય, ને અચળ કીર્તિ મેળવીને મોક્ષને મેળવીએ.

मनसिवचसिकाये पुण्यपीयूषपूर्णास्त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः ।
परगुणपरमाणून्पर्वतीकृत्य नित्यं निजहृदिविकसन्तः सन्ति सन्तःकियन्तः ॥

" જેનાં મન વચન ને કાયા પુણ્યરૂપી અમૃતથી ભરેલાં છે, (અર્થાત્ મન, વચન ને શરીરથી જેઓ પુણ્ય જ કરનારાં છે,) જે ઉપકારથી ત્રણે જગતને પ્રસન્ન કરે છે, અને બીજાના થોડા ગુણોને પર્વત જેવડા મોટા માની નિરંતર પોતાનાં મનમાં પ્રસન્ન થાય છે, એવાં સંત પુરૂષો કેટલા છે ? ' અર્થાત્ સોએ એકાદ જ હોય છે.) " મનથી દયા ધરીને નિરંતર સર્વનું શુભ ઇચ્છવું. વાણીએ કરીને હમ્મેશાં દુ:ખી હૃદયને સાન્ત્વ કરવું, કૃત્યોથી અને શરીરથી બીજાને સહાય ને સુખ આપવુ, નિર્બળની ચાકરી કરવી, ને ધનથી અનેક રંક જીવોને સુખ આપવું, એ આપણું શ્રેષ્ઠ કર્તવ્ય છે, દાનનું કર્મક્ષેત્ર છે. તે આ લોક ને પરલોકનું સુખસ્વર્ગ છે.

બાળકોને સદ્ગુણી કેમ બનાવવાં ?

લેખક: સૌ. "લક્ષ્મી" જામનગર.

બાળકોને સદ્ગુણી બનાવવાં હોય તો તેમના તરફ છેક બચપણથીજ લક્ષ આપવાની જરૂર છે. હાલના સમયમાં જોઇએ તો બાળકોની આસપાસ અજ્ઞાન, અવિવેક અને એકલપેટાપણું વાઇ રહ્યું છે; એટલે તેવી જાતનાં મનુષ્યોના સહવાસમાં તેઓ ઉછરે છે તેથી તેઓ અજાણતાં પણ એવાં લક્ષણ વાળાં બને છે; અને મોટાં થતાં એ દુર્ગુણો કાયમ રહે છે.

એક જુની અગ્રેજી કહેવત છે કે " તમારાં બાળકને કેળવવા માટે એક ગુલામને સોંપશો; તો તમારે ત્યાં એક ગુલામને બદલે બે ગુલામ થશે. " કારણ કે છોકરૂં જે જુવે છે તેની નકલ કર્યા વીના રહેતું નથી. પોતાની આસપાસનાની રહેણી કરણી, બોલીચાલી વીગેરેની નકલ કરવાનો તેનામાં કુદરતી ગુણ છે. મનુષ્યની જીંદગીનો બચપણ એ અગત્યનો ભાગ છે. કેમકે એ સમયે જેની સોબતમાં બાલકો રહે છે, તેની નકલ કરતાં તેઓ શીખે છે, તેની હૃદય ઉપર છાપ પડે છે અને તેવુંજ આચરણ કરવાની વૃત્તિ થાય છે. એક પછી એક જેવાં માણસોના સંબંધમાં આવે છે, તેમની છાપ તેના ઉપર પડે છે. માટે ખાસ કરીને ધ્યાન રાખવુ કે જેવાં બચ્ચાંઓને કરવાં હોય તેવાંજ માણસોને તેની પાસે રાખવાં અથવા તેવાંનાજ પરિચયમાં તેઓને આવવા દેવાં.

હવે એટલું તો નક્કી થાય છે કે બચ્ચાંઓને સદ્ગુણી બનાવવાં હોય તો તેમની આગળ ઉચ્ચ નમુનાઓજ રજુ કરવા જોઇયે. એ પણ દેખીતુ જ છે કે, દરેક બાળકોની નજર આગળ રાતદીવસ રહે એવો નમુનો તેની માતા જ છે અને તેથીજ કહેવાય છે કે " એક સારી માતા સો મહેતાજીની ગરજ સારે છે. " તે પોતાના ગ્રહ રાજ્યમાં સર્વને પોતા તરફ

શ્રી ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ–મુંબાઇ.

મર્હુમ શ્રીયુત્ નગીનદાસ સક્કઈનું શોકજનકમૃત્યુ.

મિસિસ. જમનાબાઇ સક્કૈને દિલાસો આપવા માટે, ' ચન્દા રામજી ગર્લ્સ હાઇસ્કુલ "માં તા. ૨૭–૬–૧૪ ના દિને, સૌ. કૃષ્ણાગવરી ચીમનલાલ હરિલાલ સેતલવડના પ્રમુખપણા નીચે મળેલી બાનુઓની જાહેર સભામાં નીચેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

" ગુજરાતી હિંદુ સ્ત્રી મંડળના સભાસદો અને તેના હિતચિંતકો મંડળનાં માનવંતાં પ્રમુખ સૌ જમનાબાઇ સક્કઈના પતિ શેઠ નગીનદાસ સક્કઇના તા ૧૪ મી-જુન ૧૯૧૪ ને દીને સ્વર્ગવાસ થયાના ઘણા માઠા સમાચાર સાંભળી ઘણા દિલગીર થયા છે. શેઠ નગીનદાસે મંડળનાં પ્રમુખ સૌ. જમનાબાઇને અમારી સ્ત્રી જાતિની ઉન્નતિ સારૂ તન મન અને ધનથી પોતાની ફરજ અમલમાં મુકવા દઈ અમારી ઉમેદો હાંસલ કરવામાં જે ઉત્તેજન આપ્યું છે તેની અમે પુરતી કદર બુઝીએ છઇએ. સૌ જમનાબાઇએ ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળ સને ૧૯૦૩ માં સ્થપાયું ત્યારથી અત્યારસુધી બધી રીતે મદદ કરી મંડળના ઉદ્દેશ પાર પાડવામાં જે અમૂલ્ય સહાયતા આપી ઉછરતી જુવાન બાળાઓ આગળ એક ઉત્તમ ગૃહિણીનું દૃષ્ટાંત આપ્યું છે એટલુંજ નહિ પણ ગુજરાતી સ્ત્રીઓનો સાંસારિક દરજ્જો દિનપર દિન ઉચ્ચ સ્થાને મુકાય તે સારૂ તેમણે અત્યારસુધીમાં જે જે કાશિશો કરી કરી છે તે સંભારતાં અમારી દિલગીરીમાં ઘણો વધારો થાય છે અને તેથી અમો આ ખાસ જાહેર સભામાં ગં. સ્વ જમનાબાઇ તરફ તેમની વૃદ્ધાવસ્થામાં પડેલા ભારી સંકટ પ્રસંગે અમો અમારી સંપૂર્ણ દીલસોજી જાહેર કરીએ છઇએ અને ઇચ્છા રાખીયે છઇએ કે જેવી રીતે તેઓએ હિંદુ સ્ત્રીઓની ઉન્નતિ હૈડે ધરી કામ કર્યાં કીધું છે તેવી જ રીતે તેઓ પોતાના સ્વર્ગવાસી પતિના ઓલો સ્મરણમાં રાખી પાછાં અમો બ્હેનો સાથે જોડાઈ કામ કરવામાં ઉત્સાહ દેખાડશે. હે પ્રભુ ! અમારા પ્રમુખને આ કારી ઘા ધીરજથી ખમવાને શક્તિ અને સ્ત્રીઉપયોગી આરંભેલાં કાર્યો દિનપરદિન પાર પાડવાને લાંબુ આયુષ્ય આપજે અને તેમના પતિ શેઠ નગીનદાસના આત્માને શાંતિ બક્ષજે આ ઠરાવ આજની સભાના પ્રમુખને મંડળની વ્યવસ્થાપક કમીટીના સભાસદોના ખાસ ડેપ્યુટેશન મારફત ગં. સ્વ. જમનાબાઇ સક્કઈ તરફ મોકલવાની સત્તા આપવામાં આવે છે

સુન્દરી સુબોધ * માસિક વધારો.

અંક ૯-૧૦. (સુન્દરી સુબોધ: પુસ્તક ૧૧, અંક ૯-૧૦.) મે-જુન ૧૯૧૪.

सरस्वती.

સ્નેહની સાર્થકતાઃ—

લેખકઃ શ્રીયુત્ " K. M. Khandwala "—મુંબાઇ.

(જ્યારે) સ્નેહની સૃષ્ટિમાં સ્નેહીઓ રમે,
સ્નેહના સાગરમાં સ્નેહીઓ વિરમે;
સ્નેહની પ્રસાદીમાં સ્નેહ મળે,
—ત્યારેજ, સ્નેહની સાર્થકતા ખરે.

બાલ પ્રાર્થનાઃ—

લેખકઃ—રા. રા. વી. હ. મહેતા.—સુરત.

હૃદય ભક્તિ ભર્યાં ચરણે ધરીએ,
નમન અંતરનાં તુજને કરીએ;
પ્રણય મૂર્તિ પ્રભુ ! બહુ નામ ધરે,
જગતનો પણ તાત તું એક ખરે.

ગગન ભેદી ગિરિવર જ્ઞાન તણો,
ચરણું નિત્ય તહિં ચઢતાંજ રહો;
વચન, વર્તન, મન વિશુદ્ધ રહેઃ
—વિનતિ એ દીનબાલ અમે કરીએ.

ઠ. आनंदजी मूळजी पांधी तरफदं

સંતાપતી—સંતોષતીઃ
કંઇકની આશવેલી ખીલવતી,
કંઇકને અકારણ શોકમાં ડુબાડતી,
સ્વચ્છન્દ, અણદીઠી કોકિલાના સ્વર શી ફરતી હતી.
સ્વર્ગ મન્દિરના "પાસ પોર્ટ" વાળાં બાલકોનાં ખેલન,
કુટુમ્બ પર્યવસિત આર્યલલનાનાં
અયન્ત્રિત ગુંજન,
જંગલમાં પણ મંગલ માનનાર,
યુરોપીય કુમારીઓનાં ક્રિડન;
જોતો, વિચારતો—શુન્યવત્ બેશીજ રહ્યો.
"ચાલો—અસ્તથયો," એ પ્રિયના,—
પ્રિય પણ અણગમતા શબ્દથી જાગી ઉઠયો.
"પ્રિયે, શું બોલ્યાં?" "અસ્ત થયો?"
ના. ના. જુઓ હ્વણે કૌમુદીનો ઉદય થયો.
હા. હા. તમ જેવી કૌમુદીઓ ખીલશે;
ઘેર ઘેર સ્નેહ મંદિર જામશે,
"કૌમુદીનાજ વિકાસમાં બાલકુમુદ વિકસે છે,"
એ સમજાશે—અને
સૂર્યરૂપી પુરૂષ સામ્રાજ્ય અસ્ત પામશે,
ત્યારેજ નંદનવન શી આર્યવાડી
ખીલશે ને આર્યતાની પરિમલ પસરશે.
પ્રિયે! કર્તવ્યમાં—શ્રદ્ધામાં
આ પર્વત શું અડગ રહી છતાં,
ભીતરમાં સહજ પવનથી,
ડોલતાં આ પાણીસમ
પરનાં દુઃખથી અંતર હલાવી
સ્નેહ સુધાપાઇ— સંતોષીઃ
ઉંચે આવતા ઇન્દુ સમ,
લસજો ને સર્વને લસાવજો.
"વ્હાલા! ઉપકાર થયો.
સૂર્ય અને ચંદ્રનાં પણ કર્તવ્ય ક્ષેત્રો
પ્રભુએ જૂદાં નિરમ્યાં છે;
દિવસે તપેલા સંસારને,
કૌમુદી સમ છે કોઇ ઠારનાર!
રાત્રીના અંધકારમાં ગોથાં ખાતા

કુદરતની વચ્ચેઃ

લેખકઃ રા. રા. યોગીન્દ્રરાવ રતનલાલ દિવેટિયા (બી. એ.) લાનોલી

સમી સંધ્યાનો સમય હતો;
અને જીવનસંધ્યાના અનેક રંગો,
પશ્ચિમના આકાશમાં છવાતા હતા.
નિસત્વ પ્રજાના અભિલાષ જેવી,
ઉંચી, શુષ્ક, પણ વચ્ચે
સંસાર તાપથી તપેલાને આશ્વાસન આપતી,
પાણીના પરબ શી, કોરમદી વાળી,
પર્વતમાળા ચોગરદમ વીંટળાઇ હતી.
મધ્યમાં સાધુઓનાં હૃદય શું,
પ્રભુતાના પ્રતિબિમ્બ શું,
સ્નેહ રસના સત્વ શું,
તેજસ્વી પીગળેલા રત્ન શું,
મીઠા જળનું સરવર
હાલતુ અને રસિક હૃદય હલાવતું પડયું હતુ
મનુષ્ય સૃષ્ટિમાં ઉચ્ચ માનતા,
શ્યામરંગ ઉપર સામ્રાજ્ય ભોગવતા,
આંગ્લ-બાલો માતા સહે,
પૂર્વ પશ્ચિમ વચ્ચે ઝોલા ખાતા પારસીકો;
પશ્ચિમના જ્ઞાન અને પૂર્વની વીનિતતા-
ભુષિત મહારાષ્ટ્ર યુવતીઓ,
હલેતી ફ્રેસાળ પણ ચમકતી હરીણી શી,
પતિસાડમાં ભરાતી ગુર્જર સુન્દરીઓ;
એક આરે બેસી, ક્ષણવાર,
જ્ઞાતિભેદ, ધર્મભેદ, દેશ ભેદ
વિસરતાં, પરમાનંદ મેળવતાં,
પ્રભુતા પામતાં હતાં.
'ઘો' 'ઘો' રમતાં બાલક શી ગિરિરાયો,
ઘડિકમાં પ્રકાશી, ઘડિકમાં છવાતી,
મુજ જેવા તીરે બેઠેલાના હૃદયમાં,
શોક આનંદની અનેરી ઉર્મીઓ ભરતી;-
યુવતીઓની અલક લટ સાથે
ગેલ કરતી અનિલ લહરી,

સન્નત દંપતિ યુગ્મો સાથે ઉડે છે,
' સમાન હક'ના આત્મશોષી કલહ વીના
સમાનહક ભોગવે છે; અને
પશ્ચિમના અસંતોષ વીના.
ચલાવી નાવડું પ્રેમે, રાચતાં રમતાં દિસે." ૧૨

" તપેલું તેજ સૂર્યે જે, ઇન્દુમાં શીત તે થઇ,
કૌમુદીરૂપમાં અહીં, વારીમાં વિલસે, સખી!

પ્રિયે ! કઠોર લાગતા પર્વતને, જેમ વાદળીઓ છાંય છે,
સ્વચ્છ કાચના કટકા સમ જળતરંગો
હૃદયમાં ધારે છે, અડગને ડગાવે છે.
તેમ સ્નેહભીની સુંદરીઓના સ્નેહમાં,
પુરૂષો મૃદુતા ધારશે, ભીંજશે ને ભીંજવશે, ૧૩
તોડીને ભેદના પડદા, સ્થાપીને સ્નેહમંદિરો,
જગવી સ્વર્ગ સંસારે, ઉગવશે બાલસુમનો. ૧૪

(તા. ૭-૫-૧૪.)

અબોલ કયમ રહી, પ્રિય સખી ?

લેખક:-શ્રીયુત " ચન્દ્ર ". અમદાવાદ.

રાગ કાફી-ચાલ. (વ્હારે ધાજો રે)*

પ્રિય સખિ:હે ! હૃદયે વસજો,
અન્ય સ્થળ વિષે નવ ખસજો, હૃદયે વસજો.
પ્રેમે અંધ બની હું દિવ્ય જ્યોત સમ ગણું,
રંક બન્યો હું તમ પાસ, મુજ જીવન ઝળકારરે
અબોલ કયમ રહી ? પ્રિય સખિ !

અંતર પ્રેમે હર્ષિત બની, શાન્ત મનથી વિચરશું,
નિર્મળ જીવન સુખે સંચરી, નિજ હૈયે વસશું:
અબોલ કયમ રહી ? પ્રિય સખિ !

કહે સખિ ! અબોલ કયમ રહી ?
મુજ જીવન ઝળકાર રે પ્રિય સખિ !

---

*અંગ્રેજી ઉપરથી ભાષાન્તર:—

અમે—

લેખક.-રા. રા. ચાંપશી વિઠ્ઠલદાસ ઉદ્દેશી. કલકત્તા.

અમે સ્નેહ ને આનંદ કેરી મૂર્તિઓ રે લોલ,
અમે સંસાર સુખ કેરી પૂર્તિઓ રે લોલ.
અમે વિશ્વમાં વિશુદ્ધિ પ્રકટાવશું રે લોલ,
અમે પુણ્યના પ્રવાહ વ્હેવડાવશું રે લોલ.

અમે સુદીવ્ય સ્વરૂપથી પ્રકાશિએ રે લોલ,
અમે જગના કટુ કષ્ટને નિવારીએ રે લોલ.
અમે જગમાં પ્રભુ જ્યોત ઝગમગાવીએ રે લોલ,
અમે પ્રભુના સન્દેશ અહીં પ્હોંચાડીએ રે લોલ.

અમે આત્માનો ગ્રંથ ઉકેલાવશું રે લોલ,
અમે મંત્રો કલ્યાણના શીખાવશું રે લોલ.
અમે સૃષ્ટિના શ્રેય કાજ આવીઆં રે લોલ,
અમે ઇશના આદેશ સાથ લાવીઆં રે લોલ.

અમે સંસારકુંજ સ્વચ્છ રાખશું રે લોલ,
અમે તે મહીં નીતિલતા સુહાવશું રે લોલ.
અમે રડતા જગતને હસાવશું રે લોલ,
અમે તિમિરમાં જ્યોત પ્રકટાવશું રે લોલ.

અમે સૃષ્ટિ સેવાનો યોગ ધારશું રે લોલ,
અમે સૃષ્ટિમાં ' અહાલેક ' જગાવશું રે લોલ.
અમે ઐક્યતાની ભાવના પ્રસારશું રે લોલ,
અમે કલહ જન ઉરેથી હઠાવશું રે લોલ.

અમે જડમાંથી ચેતન જગાવશું રે લોલ,
અમે ખાખમાંથી અગ્નિ પ્રકટાવશું રે લોલ.
અમે સ્નેહસુધાપાન કરી પાઇશું રે લોલ,
અમે આત્મના ઉંડા સુરેથી ગાઈશું રે લોલ.

અમે દિવ્ય દ્વાર સ્વર્ગનાં ઉઘાડશું રે લોલ,
અમે માનવ જાતિને ત્યાં વસાવશું રે લોલ.
અમે સિદ્ધિ, રિદ્ધિ, શક્તિ સર્વ સાધશું રે લોલ,
અમે મોક્ષને પમાડી મોક્ષ પામશું રે લોલ.

" રાધાનું સ્વાત્માર્પણ "*

લેખકઃ–રા. રા. જગન્નાથ હરિનારાયણ ઓઝા.

વાણીયે ન વદાય પ્રાણ ઉર આ ઉભરાઈ જાતું અતિ,
શી રીતે કરૂં વ્યક્ત ભાવ મનનો પ્હોંચે ન મ્હારી મતિ;
જીવન્મૃત્યુ અને ભવોભવ વિષે પ્રાણેશ થાઓ તમે,
ભર્તા ને વિશ્રામ ધામ વિભુજી, એ અંતરે છે ગમે.

પ્રથી પ્રીતલડી તણી અવનવી મીઠી મોંઘી બાંધતી,
વ્હાલા ! આ તમ પાદપંકજ રૂડાથી ઉરને સાંધતી;
અર્પુ છું સર્વસ્વ નાથ તમને ને હું પ્રતિજ્ઞા કરૂં,
પ્યારા પ્રીતમ ! દીન દાસી છઉં હું, આજ્ઞા તમારી ધરૂં.
ભ્હોળી આ અવની મહીં તમ વિના મિત્રો હશે અન્ય કૈં,
એવો એક સમે વિચાર મનથી મેં કીધ મૂર્ખી થઇ.
હા ! રાધા સુખી કે દુઃખી નવ લહે એ સર્વમાં કોઇએ,
મ્હારો તો પ્રતિકાર સર્વ કરતાં કહે છે ભલે મોઇએ !
ગોકુળે વસનાર સૌ પિયરોમાંથી હું ત્યજાઇ પ્રભુ !
મ્હારૂં અંતર તમ શાંત કરવા પાદાબ્જ યાચું વિભુ !
પ્રાણાધાર ! ન દો વિદાય મુજને, જે યોગ્ય હોયે કરો,
મ્હારે સ્હાય બધી ખરે તમ તણી, ને આપનો આશરો.
નેત્રોના પલકારથી પણ પ્રભુ ભાળું ન જ્યારે છબી,
તૂટીને ટુકડા થતા હૃદયના જાણે વિયોગે થકી;
સ્પર્શે કંચન થાય જે કથીર તે, એવા તમે છો મણી !
પ્હેરી રાખીશ કંઠમાં " પ્રિય મણી " હંમેશ પ્રીતે ઘણી !

દંપતી સંબન્ધ.

વરનું ગીત.

લેખકઃ–શ્રીયુત્ " લલિત." વડોદરા.

વર પ્રાણેશ્વર ! વર પરમેશ્વર !
વરમાં મ્હારે સચરાચર !
વરનાં ગાણાં ગાનારી હું–
સાચે ભાવે સેવું વર !
આત્માને નેહે નવરાવે–
નચાવતો મ્હારો નટવર !
શ્વાસે શ્વાસે રમી રહ્યો વર;
દૂર અદૂરે એ વીરવર !

પત્નીથી અભેદ.

લેખકઃ–રા. રા. નાગરદાસ પાઠક.

રે નારી ! તું ગૃહતણી મુજ લક્ષ્મી માનું,
ત્હારા પ્રતાપ થકી આ જગ મ્હેં નિહાળું.
હું વિષ્ણુ, તું બની સદા મુજ ઉરલક્ષ્મી,
હું શિવ, તું જીવનની મુજ છે ભવાની.
હું કૃષ્ણ છું, ગણું ત્હને પ્રિય ગોપબાલા,
હું દાસ છું પ્રભુજીનો, પ્રભુની તું માયા.
તું અંગ મુજ અર્ધું, અર્ધું હું ત્હારૂં,
હું ભેદ ક્યાંઇ તુજમાં–જગમાં ન ભાળું.

---

*" The Surrender of Radha " નામના ઈંગ્રેજી કાવ્ય ઉપરથી.

સ્નેહીની સોડય.

લેખકઃ—શ્રીયુત " મંજુ ". વડોદરા.

(હાવાં નહીં જાઉં મહી વેચવા રે લોલઃ—એ લય)

૧.

" સ્નેહીનાં સ્વપ્ન કંઇક કહે છે, હો બ્હેન !
સ્નેહીની સોડયમાં ભરાવ;
સ્નેહ ઉપાસિની હો બ્હેન !
સ્નેહાળ સોડય સ્નેહ ભીની, હો બ્હેન ! "

૨.

" પ્રેમની પ્રસાદી કંઇક લેજો, હો બ્હેન !
પ્રેમના પુરાણુ મન્ત્ર શીખો;
સ્નેહ ઉપાસિની હો બ્હેન !
પ્રેમાળ સોડય પ્રેમભીની, હો બ્હેન ! "

૩.

" હૈયામાં હૈયાં સમાવો, હો બ્હેન !
હૈયાનાં હેતથી વધાવો;
સ્નેહ ઉપાસિની હો બ્હેન !
હેતાળ સોડય હેતભીની, હો બ્હેન ! "

૪.

" સ્નેહની અમી જ્યાં ઝરે છે, હો બ્હેન !
સ્નેહ કેરૂં આવે જ્યાં પૂર;
સ્નેહ ઉપાસિની હો બ્હેન !
રસીયાંની સોડય રસભીની, હો બ્હેન !"

૫

" ઓજસ્ અનેરાં ચિયળ કેરાં, હો બ્હેન !
સ્નેહીની સોડયમાં સમાવ;
બ્હેન !
મોઘેરી સોડયમાં લપ્પાવઃ
સ્નેહ ઉપાસિની હો બ્હેન !
સ્નેહાળ સોડય સ્નેહભીની, હો બ્હેન !"

समाज, साहित्य अने विज्ञान:

[' હિન્દુ સ્ત્રી-સંસાર ': આ વિષય ઉપર સૌ. ચચલ ચંદુલાલ દેસાઇ સૌ-રીજ્ઞાને અંગે, ડૉ. ચન્દુલાલ અંબાલાલ દેસાઈ, એલ. એમ. એન્ડ એસ. તરફથી ગયા ઑક્ટોબરના ' સુન્દરી સુબોધ ' માં રૂ ૨૫ નું ઇનામ ઝાહેર થયું હતું. આવેલા નિબંધો પૈકી રા. સન્મુખલાલ ઝવેરીલાલ (મુંબાઇ), એઓના નિબંધને માટે રૂ. ૨૦ અને સ્વર્ગસ્થ ગં. સ્વ. હીરા બ્હેન મથુરભાઇ (ભુવાલડી) એમના નિબંધને માટે રૂ. ૫ આપવાનો નિર્ણય થયો હતો. બ્હેન હીરા બ્હેનને આ ઇનામ ઉપરાંત સુન્દરી સુબોધ મન્દિર તરફથી રૂ ૫ નાં વાંચવા લાયક પુસ્તકો પણ આપવા ઠરાવવામાં આવ્યું હતું. સદ્દહૂ નિબંધોમાંથી પ્હેલો આ અંકમા પ્રકટ કરવામાં આવે છે અને બીજો હવે પછી પ્રસિદ્ધ થશે. —તન્ત્રિ—સુ. સુ.]

હિન્દુ સ્ત્રી-સંસાર.

(લેખક: રા. રા. સન્મુખલાલ ઝવેરલાલ પંડયા—મુંબાઇ.)

'The woman's cause is man's they rise or sink
Together, dwarf'd or godlike, bound or free
For she that out of Lethe scales with man
The shining steps of Nature, shares with man
His nights, his days, moves with him to one goal,
Stays all the fair young planet in her hands-
If she be small, slight natured, miserable,
How shall men grow ?'

—*The "Princess"*.

' મુજ જેવું વૃત્ત ઘણાંકનું સુણશો પુછયે આ દેશમાં;
પરદેશી સજ્જન ! હિન્દુઓ ગાળેજ જીવન કલેશમાં !
નર જાત સુખી હશે અંહિ કદી મ્હાલતી સ્વચ્છન્દથી;
પણ નારીને રોવા વિના નહિ કર્મમાં બીજું કંઇ; '

—" સ્નેહ મુદ્રા. "

પ્રાસ્તાવિક:—સૃષ્ટિમાં અસ્તોદયના અનિવાર્ય, અકલ્પિત અને અસ્ખલિત ફરતા ચક્રને કોઈ પણ વ્યક્તિ કે સમષ્ટિ, સમાજ કે દેશ અપવાદ રૂપ નથી. જે આર્ય દેશનાં સન્તાનો એક સમયે ઉન્નતિની ટોચે રમતાં હતાં, પ્રશાંત-રસમય અને સાત્ત્વિક જીવન ગાળતાં હતાં, તેજ આર્ય દેશનાં બાળકોની આજે સર્વ પ્રકારે અવનતિ જોવામાં આવેછે. આપણી પવિત્ર માતૃભૂમિએ કંઇ કંઇ ધર્મનાં, સમાજનાં અને રાજ્યનાં પરિવર્તનો અનુભવ્યાં છે અને પરિણામે આપણા હાલના સંસારની સ્થિતિ ત્રિશંકુના જેવી મધ્યસ્થ થઈ

છે. કંઈ કંઇ ઉન્નતિબાધક રૂઢિઓ એવી તો જડમૂળ થઇ ગઇ છે કે એના બધે ઢીલા કરવાને સમય અને ઉચ્ચ કેળવણી વિના સર્વ કોઇ અસમર્થ છે.

કોઇપણ પ્રજા કે દેશની જીવનવિધિ–ઉન્નતિ કે અવનતિ જાણવા માટે બે ઉપાયો છે. એક તો પરંપરાથી ઉતરી આવેલી પ્રચલિત કથાઓ અને બીજો સામાજીક જીવનવિધિના પ્રતિબિમ્બ અને સાક્ષ્યરૂપ બનેલો સર્વદેશીય, ઇતિહાસ. હાલના સમયમાં જે સ્વરૂપમાં ઇતિહાસો લખાય છે એવા ઇતિહાસો લખવાની પ્રણાલિકા પૂર્વકાલમાં નહતી. તેથી આર્ય દેશના જુના સમયનો ઈતિહાસ જાણવા ઇચ્છનારાઓએ તે તે સમયનાં ધર્મશાસ્ત્રોનાં, રાજ્યકીય પ્રકરણોના અને સાહિત્યનાં પુસ્તકોનો અભ્યાસ કરવાની આવશ્યકતા છે. ધર્મ અને સામાન્ય વ્યવહારને લગતી કથાઓ, આ દિશામાં ઇતિહાસ જેટલો કંઇ ચોક્કસ અને સંતોષકારક પ્રકાશ પાડી શકે એમ નથી. એક પાસથી આપણા દેશનાં સર્વ જુનાં પુસ્તકોમાં અને એ પુસ્તકોમાંથી તારવી કહાડેલા કેટલાક સારા ઇતિહાસોમાં આપણા પૂર્વજોનું ઉચ્ચ, ધાર્મિક, કૌટુમ્બિક, સામાજીક, વ્યવહારિક, રાજ્યકીય અને દાંપત્ય જીવન જોઇએ છીએ, અને બીજી પાસથી આપણી આધુનિક શોચનીય સ્થિતિ ઉપર દૃષ્ટિપાત કરીએ છીએ ત્યારે હૃદય કંપેછે. આપણા પવિત્ર દેશને એક સમયે સીતા અને સાવિત્રી જેવી સતીઓ, ગાર્ગી અને મૈત્રેયિ જેવી વિદુષીઓ અલંકૃત કરતી હતી એમ જ્યારે આપણને ભાન થાય છે ત્યારે હૃદયમાં ઉંડો આઘાત થાયછે, અને બોલી જવાય છે કેઃ—ते हि नो दिवसा गताः પરિણામે આપણા હિન્દુ સંસારની ખરેખર દયા આવે છે, અને ઉચ્ચ કેળવણીની, શુદ્ધ સંસ્કારોની અને જીવનક્રમમાં ફેરફાર અને સુધારો કરવાની અતીવ આવશ્યકતા લાગેછે.

આર્ય લોકો સ્ત્રીને પુરૂષનું ડાબું અંગ માનતા અને અર્ધાંગના ગણી દેવી પ્રમાણે પૂજતા હતા. એક દંપતિમાં સ્ત્રી, પુરૂષ જેટલુંજ આવશ્યક અંગ છે એમ માની સ્ત્રીઓને યોગ્ય સ્વતંત્રતા આપતા હતા. કાલબળે આ માન્યતા નષ્ટપ્રાય થઇ અને સ્ત્રીઓને અધમ અને નિર્માલ્ય ગણવામાં આવી. હવે તો માત્ર એમની પાસે ગૃહકાર્યજ કરાવવામાં આવેછે, અને લગ્ન પ્રસંગે અથવા કોઇ યજ્ઞ કે હોમને પ્રસંગેજ સહચારિણી તરીકે સાથે બેસાડી ચોખા ઉરાડવાના ઉપયોગમાં લેવામાં આવેછે. નથી સ્ત્રીઓને એમની પોતાની અથવા પોતાનાં બાલકોની જાત સંભાળતાં આવડતી, નથી એમનાથી પતિના મનોરથો પુરા પડાતા, અને કેલવણીને અભાવે નથી એમનાથી ઉચ્ચ અને રસમય જીવન ગળાતું. આખા હિન્દુ સંસારમાં અવિભક્ત કુટુંબની સસ્થાને લીધે, બાળલગ્નને લીધે, કેલવણીના અભાવે, વૈધવ્યાઓની દયાજનક સ્થિતિને લીધે અને કેટલીક દુષ્ટ રૂઢિઓને લીધે સર્વત્ર કલેશ અને નિર્માલ્યતા જોવામાં આવેછે.

હિન્દુ સ્ત્રી–સંસારમાં ઘેરેઘેર સાસુવહુના, નણંદ ભોજાઇના, દેરાણી જેઠાણીના કંકાસનું પુરાણુ ઉકેલાતું દેખીએ છીએ. બાળલગ્નની અનિષ્ટ રૂઢિને લીધે થયલી બાર કે તેર વર્ષની વહુઓ તરફથી આપણે ધારી શકીએ તે કરતાં સર્વ બાબતમાં વધારે આશા રાખવામાં આવે છે, અને એટલી નાની વયમાં તો એ સંસારનો સર્વ બોજો ઉપાડવા

સમર્થ થઇ હોય એમ એમના ઉપર ત્રાસ વર્તાવાયછે. ખીલતાં કુસુમોને આમ કચરી નાંખ્યા પછી અને ચુંટી નાંખ્યા પછી એમાંથી સુવાસ અને સૌંદર્યની આશા કેમ રાખી શકાય? હિન્દુ સ્ત્રી-સંસારમાં બાળાઓનું જીવન સુંદર નથી, તો પછી પત્નીઓ અને માતાઓનું તો કયાંથીજ હોય?

વળી કોઇ કોઇ કુટુંબોમાં વિધિવશાત્ બાલાઓનું જીવન કંઇક સંતોષકારક હોયછે, ત્યારે મન કે તન સંપૂર્ણ કેળવાયા પ્હેલાં તો એમને બાળલગ્નની બળતી ચિતામાં હોમવામાં આવેછે. કોણ જાણે કયા વિચીત્ર ન્યાયથી એમને લગ્ન પછી અભ્યાસ કરતાં તરતજ બંધ કરવામાં આવેછે. પતિ સમજુ અને ઉચ્ચ મનોરાજ્યમાં મ્હાલતો હોયછે અને જો કોઇ કોઇ બાલાઓ એ પ્રતિબંધમાંથી છુટી રહેછે તો દંપતિને અનેક જાતનાં પરોક્ષ કે પ્રત્યક્ષ મ્હેણાં સાંભળવાં પડેછે, અને એમનાં માબાપ પણ સર્વત્ર ટીકાપાત્ર થાયછે. કેટલાક સ્વાર્થી શુભેચ્છુઓ (?) જો બની શકે એમ હોય તો અનેક પ્રકારના અંતરાયો નાંખવા ચુકતાં નથી. પતિ પણ પોતાના મનોરથો પ્રમાણે અભ્યાસ પુરો કરાવી શકે ત્યાર પ્હેલાં તો આપણી હિન્દુ બાલ-પત્ની બાલમાતા થાયછે. બાલમાતાને હવે વધારે ખમવું પડેછે.' પોતાના નિર્બલ શરીરની અને બાલકની સંભાળ લેવાનું એક કામ એને માથે વધેછે.

બાળલગ્નની ચિતામાં હોમાયા પછી જો વિધિના વિચીત્ર ન્યાયથી થોડા સમયમાં પતિ ગુજરી જાય છે તો બાળવિધવાના દુઃખની બાકી રહેતી નથી. પરણવું તે શું અને પતિ એટલે શું તે સમજતાં પ્હેલાં તો બિચારી નિર્દોષ બાલા વિધવા થાયછે. સર્વત્ર એમને અપશુકનીયાળ ગણવામાં આવેછે અને એમને જીવતાં સુધી પરાધીન અને કલેશમય જીવન ગાળવું પડેછે. જાણે વૈધવ્ય આવ્યું તે એમનો દોષ હોય તેમ એમના ઉપર સખ્ત જુલમ ગુજારવામાં આવેછે, અને સંસારના સર્વ પ્રકારના સુખ-વૈભવમાંથી બાતલ કરવામાં આવેછે. બાલ વિધવાઓને ધાર્મિક અને સતોષી જીવન ગાળવાનો ઉપદેશ કરવાને બદલે ધુતકારી કહાડવામાં આવેછે અને કેટલેક ઠેકાણે તો એમને પુનર્લગ્નના ભેરીનાદથી અમુંઝવવામાં આવેછે. તેથી કોઇ કોઇ તો નઠોર થઇ લાજ શરમ કોરે મુકી આડે રસ્તે જાય છે, એક ભવમાં બે ભવ કરેછે, અને જગબત્રીશીએ ચ્હડેછે. વિધવાઓની આવી આધુનિક ખરાબ સ્થિતિ સુધારવાને બનતા પ્રયાસો થવા જોઈએ.

જો વિધવાને કદાચ છોકરાં હોય તો પછી એમને કેમ ભણાવવાં એ પ્રશ્ન એમને બહુજ મુંઝવે છે. વળી પેલી મૃત પતિ પાછળની જ્ઞાતિજનોને ભોજન આપી સંતોષવાની રૂઢિ એમને નિર્ધન કરી મુકે છે. પતિ નિર્ધન અવસ્થામાં મુકીને ગયો હોય તો પછી એમને માત્ર પોતાના સ્ત્રી-ધન-પલ્લા-ઉપર ઝઝુમવાનું રહે છે. એ સ્ત્રી-ધન પતિની ક્રિયામાં તણાઈ જાય છે. પછી એક નિરાધાર વિધવા માતાને કુટુંબમાં સર્વને પોષવાનો અને છોકરાંને ભણાવી ગણાવી પરણાવવાનો અને ઠેકાણે નાંખવાનો સહજ ધર્મ પ્રાપ્ત થાય છે. આવી નિરાધાર અવસ્થામાં એક દુઃખી માતા તે શું શું કરી શકે? આવી માતાનાં સંતાનો તરફથી સમાજ અને દેશની ઉન્નતિની આશાઓ કેમ રાખી શકાય? એ ધનહીન અને વિદ્યાહીન સંતાનો દશ પંદર રૂપિયા કમાઇ શેઠની ગુમાસ્તી વિના તે બીજું શું કરી શકે? આ અને આવા સર્વ પ્રશ્નોનો સહજ વિચાર કરીએ તો આપણી શોચનીય

સ્થિતિનાં સર્વ મૂળ ઉચ્ચ અને સંગીન કેલવણીના અભાવમાં અને આપણા દેશની નિ-ર્ધનતામાં છે એ સહસા જણાઈ આવશે.

પાશ્ચાત્ય પ્રજાના સંબંધમાં આવવાથી આપણને એક અનુપમ લાભ થયો હોય તો તે કેલવણી તરફનુ આપણે લીધેલું વલણ છે. સદ્‌ભાગ્યે આપણા હિંદુ યુવકો કેલવણી લેવા આગળ વધ્યા જાય છે, ઘણા ખરાં માતપિતા પોતાના પુત્રોને ભણાવવા એ કર્તવ્ય સમજે છે, અને તેના શુભ પરિણામમાં સર્વ યુવકોને અને દેશ કાલ પ્રમાણે વર્તનારા વૃદ્ધોને સ્ત્રી કેલવણીની આવશ્યતા અને ઉપયોગિતા લાગ્યા વિના રહી નથી. ઘણા ખરા યુવકો હવે પોતાની બ્હેનો અને પત્નીને, અને વૃદ્ધો પોતાની પુત્રીઓને યથાશક્તિ જ્ઞાન આપતા તો નથી પણ આપવા પ્રયાસ કરે છે. એ પ્રયાસ સ્તુત્ય અને અભિનંદનીય છે. એ પ્રયાસો પૂર્ણપણે ફલિભૂત થતા નથી એનાં બે કારણો છે. એક તો આપણી કેટલીક દુષ્ટ અને ઉન્નતિબાધક રૂઢિઓ અને બીજું આપણી માતાઓ છોકરીને ક્યાં કમાવવા જવું છે-એ અને એવી બીજી કેટલીક રૂઢ માન્યતા. એ માન્યતાથી માતાઓ કેલવણીનો અર્થ અને ઉપયોગ, કમાવવું કરતી હોય એમ સ્પષ્ટ જણાય છે. સરસ્વતિ દેવીની ઉપાસનામાં સર્વ શ્રેય સમાયલુ છે એવી કર્તવ્ય બુદ્ધિથી કે ભણવામાં રસ અને મઝા પડે છે—એ બે હેતુથી કેલવણી લેનારા યુવકોની સંખ્યા પણ જો જાણવામાં આવે તો તો નિરાશ થયા વિના રહેવાય જ નહિ. આથી સહજ પ્રતીત થશે કે આપણે કેલવણીમાં પછાત છીએ અને કેલવણીના શુદ્ધ અને મૂળ હેતુ પણ સાચવતા નથી.

સ્ત્રી-જીવનના વિભાગઃ—આમ હિંદુ સંસારનું રેખાદર્શન કર્યા પછી આપણી સ્ત્રીઓની વસ્તુતઃ શી સ્થિતિ છે તે તપાસીએ. હિન્દુ સ્ત્રી-જીવનના સામાન્ય રીતે નીચે પ્રમાણે વિભાગ થઇ શકેઃ ૧. બાલા, માતપિતાને ત્યાંનું જીવન. ૨. પત્ની, માતા થતાં સુધી, અને ગૃહિણી—ગૃહની સ્વતંત્ર દેવી. ૩. વિધવા,-ઘણું ખરૂં પરતંત્ર.-પુત્રી ધર્મ, પત્ની ધર્મ અને માતૃ ધર્મમાં સ્ત્રીઓનું સકલ કર્તવ્યક્ષેત્ર સમાઇ જાય છે.

બાલા--આપણી બાલાઓનુ પુત્રીરૂપે જીવન કેવું છે તે પ્હેલું જોઇ જઇએ. કારણ કે બાલ્યાવસ્થાના સંસ્કારો, કેલવણી અને રીતભાત એ સર્વ એમના જીવનના પાયા રૂપ છે, નાનપણમાં એમની ઉછરતી મનોવૃત્તિ સાથે વણાઈ જાય છે, અને એ સર્વ ઉપર એમની અને આપણી ઉન્નતિ કે અવનતિનો અને સુખ કે દુઃખનો સર્વ આધાર છે. શાસ્ત્રોમાં એવી માન્યતા જોવામાં આવે છે કે સ્ત્રીને ગર્ભ રહે ત્યારથી જ બાલક ઉપર સારા સંસ્કાર પાડવા જોઇએ. માતા થનારી સ્ત્રીના અજ્ઞાનને લીધે અને અવિભક્ત કુટુબમાંના કલેશને લીધે તે સમયે કોઈ પણ જાતના સારા સંસ્કારો તો નથી જ પડતા પણ ઉલટા ખરાબ પડે છે. એ તો ગમે તેમ હો પણ સ્હેજ આગળ વધીએ છીએ તો પુત્ર અને પુત્રી વચ્ચે જન્મથીજ ભેદ ગણવામાં આવે છે. પુત્રોના જન્મ વખતે તો ચાલો લક્ષ્મી બાઈ પધાર્યાં, એમ માત્ર સતીષના . દો બોલાય છે; અને પુત્ર-જન્મ વખતે તો સાકરો વ્હેંચવામાં આવે છે. પુત્રી દુઃખનું, અને પુત્ર સર્વની આશાઓનું કારણ થઇ પડે છે. જો પુત્રી જન્મે તો નવી થયલી માતાનું પણ બધે માન ઉતરી જાય છે. આ ભેદ બહુ વિસ્તારીને સમજાવવો પડે એમ નથી, ...ણ કે દરેકે દરેક કુટુંબનું વાતાવરણ આ માન્યતાથી ભરેલું હોય છે. અસ્તુ. એનો

કઇ ઉપય નજરે પડતો નથી પણ એમ તો પ્રશ્ન થઇ જાય છે કે પુત્રીઓ, ભવિષ્યની પત્નીઓ જન્મેજ નહિ તો પછી પુરુષો તે એક પાખે કેટલુ ઉડી શકવાના હતા?

બાલા ઉપર માતાના સંસ્કારો:—નિર્દોષ બાનકો પોતાની માતાને જે કઈ કરતી જુએ છે તેનું અનુકરણ કરવા પ્રયાસ કરે છે એટલે માતાના સર્વ આચાર વિચાર અને રીતભાત સ્વાભાવિક રીતે બાનકનામા ઉતરે છે—બાનક માતાના ગુણદોષનુ પ્રતિબિબ બને છે એટલા માટે માતાઓએ પોતાના આચાર વિચાર શુદ્ધ અને સસ્કારી રાખવા જોઇએ બાલાઓ ઉપર જે સસ્કારો પડે છે તેને માટે પિતા કરતા માતા વધારે જવાબદાર છે શ્રીમત કુટુબોમા બાલાઓને નોકરોને હાથ ઉછેરવામા આવે છે, સાધારણ સ્થિતિના કુટુબોમાં એમની પૂર્ણ સભાળ નથી લેવાતી અને ગરીબ વર્ગમા તો ઘણુ ખરૂં રખડતી રહે છે

બાલાઓને આમ રખડતી ન રાખવી જોઇએ દરેક બાનકને ઉછેરવુ એ એની માતાનુ પ્રથમ કર્તવ્ય છે બાલાઓને નાનપણથીજ સ્વચ્છ રાખવી, એમને હડધૂત કરવાને બદલે મીઠાશથી ધીમે રહીને સવળે માર્ગ દોરવી, આનદ અને ઉત્સાહમા રહે એમ કરવુ, અને એમનુ જીવન બહુજ ઉપયોગી છે એમ એમને પ્હેલેથીજ સમજાવવુ ઉછરતી બાનાઓ ઉપર—ભવિષ્યની પત્ની અને માતા ઉપર—દેશનો અને જન સમાજનો ઉદય અવલબી રહ્યો છે, એ ભુલવુ નહિ એ બાનાઓ આપણી આશાનુ કેન્દ્રસ્થાન છે

હાલના હિન્દુ સસારમા આ વાત ભુલી જવાય છે અને નિર્દોષ બાનાઓ ઉપર અનેક ખોટી છાપો પાડવામા આવે છે એમની ઉછરતી, આનદી અને આશાભરી વૃત્તિઓ દાબી દેવામા આવે છે, અને કુતુહલથી પુછાયના સામાન્ય પ્રશ્નોને પણ દૈવ જાણે—અને એવાજ ઉત્તરો આપી બાનાઓની ઉગતી વૃત્તિઓને આમ દાબી દીધાપછી એમની પાસેથી સમાજસેવા અને દેશ સેવાની મોટી મોટી આશાઓ રાખવી વ્યર્થ છે એક મન-કુસુમ આમ કરમાયા પછી પુન પ્રફુલ્લ જોવાની આશા રાખવી એ મૂર્ખતાની પરિસીમા છે. જો એમનુ મન સંતોષવામા આવે તો એમનો ઉત્સાહ દ્વિગુણીત થાય છે, એમનુ જ્ઞાન વધે છે, અને બુદ્ધિ વિકાસ અને ફલદ્રૂપ બને છે આપણને અન્ય દેશના ઇતિહાસ અને ત્યાના રીતરિવાજો જાણવાનુ મન થાય છે તો બાનાઓને પણ થાય એ સ્વાભાવિક છે એમ કહેવાનો આશય નથી કે ખોટે રસ્તે જતી વૃત્તિને રોકવી નહિ પણ ગમે તે વિચારશીલ વ્યક્તિ એટલુ તો કબુલ કરશે કે એમની નિર્દોષ વૃત્તિઓ દાબી દેવાથી એમના મન બહુજ સકુચિત અને અનુદાર થઈ જાય છે બાલાઓની મનોવૃત્તિ ખીલવ્યા વિના કેલવણી આપવાનો પ્રયાસ બહુ ફલિત થતો નથી બાલા જો સામાન્ય બુદ્ધિની હોય અને એની મનોવૃત્તિ શાંત હોય તો એને કઈ કંઈ નિમિત્તે ઉત્તેજીત કરવી જોઇએ

હિંદુ બાલાઓ કેવી રીતે ઉછેરાય છે'—માતાઓને શરીર શણગારનો જેટલો મોહ હોય છે એટલો અથવા એથી પણ અડધો મન શણગારવાનો નથી હોતો પુત્રીના સ્થૂલ સૌંદર્ય ઉપર જેટલુ ધ્યાન અપાય છે, એટલુ એમના સૂક્ષ્મ સૌંદર્ય ઉપર અપાય તો આપણી ઉન્નતિ દૂર નથી કન્યા રત્ન પારકા ઘરને અલકૃત કરવા માટે જન્મ્યુ હોય છે, તો પણ માતપિતાને માથેથી એમની પુત્રી માટેની જવાબદારી કોઈ પણ રીતે ઓછી થતી નથી. માબાપે, પુત્રીના, જમાઇના,

કુટુંબના, સમાજના અને દેશના શ્રેય માટે–ઉદ્ધાર માટે–પોતાની બાલિકાઓને ભણાવવી જોઇએ. બાલિકાઓ માત્ર ગૃહકાર્ય કરવાજ જન્મી છે એ માન્યતાને દેશવટો આપી એમને ઉચ્ચ જીવન ગાળવાની અધિકારીણી બનાવવાને માતપિતાએ યથાશક્તિ પ્રયાસો કરવા એ એમનો પુત્રી પ્રતિનો ધર્મ છે. કદાચિત્ હાલમાં, ધાર્યા પ્રમાણે બાલાઓનું જીવન ઉન્નત નહિ બને પણ સંતોષકારક અને સુખી તો બનશેજ. એમને ઉન્નત કરવાના સતત પ્રયાસો થશે તો એક દિવસ એવો પણ આવશે કે બાલાઓનું જીવન સુંદર બનશેજ.

આપણી અભણ માતાઓ, બાલાઓને રમતમાં અને સ્હેજ વાંક પડતાંજ, પારકે ઘેર જશો ત્યારેજ ખબરો પડશે–એવી જાતનાં મ્હેણાં માર્યા કરે છે. આવી જાતનાં મ્હેણાંની અસર એમના સ્વભાવ અને દૃષ્ટિ ઉપર થયા વિના રહેતી નથી એમનો સ્વભાવ ચીડીયો અને રીસાળ થાય છે અને એમની ચપલ અને કોમલ દૃષ્ટિમાં એમ વસી જાય છે કે સાસરૂં એ એક પરમ દુ:ખનું ધામ હશે, ત્યાં અનેક જાતના ત્રાસ પડતા હશે અને પરતંત્ર થવાનું હશે. આવાં મ્હેણાં મારનારને આ પરિણામની ખબર નથી હોતી. આવા વિચારો એમના શરીર જોડે અદૃષ્ટ રીતે ઉછરતા જાય છે અને પરિણામ એ આવે છે કે પત્ની થયા પછી સાસુ અને નણંદ તરફ માનની લાગણીને બદલે કડવાસથી જોવાય છે, અને ભવિષ્યના દુઃખનાં અને કંકાસનાં બીજ નંખાય છે. શ્વશુર ગૃહમાં પોતે પણ સુખી થઇ શકતી નથી અને પોતાના પતિ અને તીર્થરૂપ વડીલોને પણ સુખી કરી શકતી નથી. આ ઉપરથી એમ પુરવાર થયા વિના રહેતું નથી કે બાલાઓનાં કોમલ મનને બહુજ સંભાળ પૂર્વક–મીઠાશથી–ઉચ્ચ વાતાવરણમાં રાખી ઉછેરવાની જરૂર છે. બાલાઓને એવી રીતે ઉછેરવી જોઇએ કે વયમાં આવ્યા પછી એમને એમ લાગવા માંડે કે અમારૂં જીવન બહુજ ઉપયોગી છે, અને અમેજ સંસારમાં સ્વર્ગ ઉતારવા સમર્થ છીએ.

ચારિત્ર રચના:—બાલાઓને એમની માતા જેટલા બીજા કોઇનામાં વિશ્વાસ અને શ્રદ્ધા હોતાં નથી. તેથી દરેક માતા એની પુત્રીનું ચારિત્ર રચવામાં અંગભૂત થાય છે. હિંદુ સંસારમાં ઘણી બાલાઓનું ચારિત્રજ રચાયલું નથી હોતું. કેટલીક માતાઓને ચારિત્ર રચતાંજ નથી આવડતું અને કેટલેક ઠેકાણે હોય છે, પણ એ ચારિત્ર જોઇએ એટલું મનોહર નથી હોતું. બાલાઓને એમની માતા સાથે બહુ સહવાસ હોય છે તેથી માતાના સર્વ ગુણ–દોષ એમનામાં ઉતરે છે. ઘરનો પુરૂષવર્ગ ઘણુંખરૂં વ્યસ્ત હોવાથી જોઈએ તેવું ધ્યાન આપી શકતો નથી, માતાઓ પોતાનું કર્તવ્ય સમજી શકતી નથી, કદાચ સમજતી હોય છે તો ઘરકામમાંથી પરવારી એમની પછવાડે સમય ગાળવા કંટાળે છે, અને એ બેદરકારીના પરિણામમાં બુદ્ધિમતી બાલાઓ પણ અભણ રહી જાય છે. હવે ઘણેખરે ઠેકાણે કન્યાશાળા ઉઘડવાથી બાલાઓને નિશાળે તો મોકલ[illegible]ાં આવે છે. પણ કેટલીક માતાઓ ઘેર પજવે નહિ એટલા માટે, કેટલીક કંઇ મળવાની [illegible] અને કેટલીક છોકરીઓને લ[illegible]તાં વાંચતાં આવડે તો સારૂં એમ સમજી નીશાળે [illegible]ે છે. પણ પાંચ કે ૭ કલાક નિશાળના બાદ કરતાં બાલાઓને બાકીનો સઘળો સમય ઘેર ગાળવાનો હોય છે તેથી ગૃહ એમની શાળા અને માતા એમની શિક્ષક થઇ રહે છે. નિશાળની કેળવણી જોઇએ તેવી સંતોષકારક નથી, પણ ઘર આગળ ન ભણાવાય તેના

કરતાં નિશાળે મોકલવાથી કંઈક ફાયદો તો થાય છે જ. પંદર કે વીસ રૂપિયાના મ્હેતાજી માત્ર ચોપડીઓ ગોખાવી મારી-મનને કેળવ્યા વિના-વર્ગ ચ્હડાવી આપે છે. મ્હેતાજીઓનું પોતાનું જ્ઞાન સામાન્ય પણ નથી હોતું અને બાલાઓને ભણાવવાનો ઉત્સાહ પણ પેટ ન ભરાતું હોય ત્યારે ક્યાંથી લાવે ? છોકરીઓ બીકથી પોતાના પાઠ પોપટની પેઠે કરી જાય છે અને એટલામાંજ એમની કેલવણી સમાપ્ત થાય છે. વળી ઘેર પાઠ કરતી હોય ત્યારે એમની માતાઓ પણ એમને વચ્ચે વચ્ચે ઉઠાડી નાનાં કામો કરાવી લેવા ચુકતી નથી. આવી કેલવણીનું તે શું ફલ હોઈ શકે ?

આ સ્થિતિ સુધારવાના ઉપાયો:—હાલની આવી શોચનીય સ્થિતિ જોતાં બાલાઓને કેલવણી આપવા માટે નીચે પ્રમાણેની યોજના કરવામાં આવી હોય તો લાભ થશે એમ આશા છે. (૧) ગમે તે પ્રકારે બાલાઓનો લગ્ન સમય લંબાવી, બાળલગ્ન અટકાવી, એમને કેલવણી લેવા માટે વધારે સમય આપવો; (૨) ગૃહશિક્ષણ સારા પ્રકારનું, ઉચ્ચ અને સંસ્કારી હોવું જોઇએ; (૩) બાલાઓને કેળવવા માટે સારી સંસ્થાઓ અને નિશાળો ઉભી કરી એમના જીવનમાં ઉપયોગી થઇ પડે એવું, અને એમનું જીવન ઉન્નત અને રસિક બને એવું, માર્ગદર્શક અને વ્યવહારિક જ્ઞાન આપવું જોઇએ.

(૧) બાળલગ્ન અટકાવવાં:—આપણા હિંદુ સંસારમાંથી બાળલગ્નની દુષ્ટ રૂઢિનો બહિષ્કાર જેમ બને તેમ વ્હેલો થવો જોઇએ. કેટલીક ઉચ્ચ અને કેળવાયલી જ્ઞાતિમાં કન્યાને અગીઆર બાર વર્ષ સુધી પરણાવવામાં આવતી નથી પણ તેમાંએ સઘળે ઠેકાણે બાલાઓનો વિવાહ કરી મુકવામાં આવે છે. જ્ઞાતિઓમાં વરની ખોટ હોવાને લીધે કે પછી સારો વર નહિ મળે એવી બીક હોવાને લીધે વિવાહ કરી મુકવામાં આવે છે. આમાં માબાપ બહુ દોષને પાત્ર નથી. કારણકે જ્ઞાતિ નાની હોવાથી પછીથી જોઇએ તેવા વર નથી મળતા એટલે ગમે તેવો વર શોધવો પડે છે અથવા પુત્રીને સારા વર માટે પરદેશ મોકલવી પડે છે. વળી કેળવાયલી જ્ઞાતિઓમાં પણ માબાપને કન્યાદાનનો લ્હાવો લઇ લેવાની ઇચ્છા ઓછી તીવ્ર નથી હોતી. બીજી સર્વ જ્ઞાતિઓમાં તો બાળલગ્ન જ થતાં જોવામાં આવે છે. પુત્રીને ત્રણ ચાર વર્ષની હોય છે ત્યારથી પરણાવીને એનું જીવન જોખમમાં નાંખવામાં આવે છે. કેટલેક ઠેકાણે તો સાટું થતું હોય છે. તેથી કે કન્યાના પૈસા બહુ ઉપજતા હોય છે તેથી પુત્રીઓને નાની વયમાં, જ્યારે એમને ખાતાં પીતાં પણ નથી આવડતું હોતું ત્યારે, વેચી નાંખવામાં આવે છે. આવાં માબાપો પુત્રી પ્રતિના ઋણમાંથી-ધર્મમાંથી-છુટવાને બદલે ઉલટાં બધાય છે, એક ઘોર પાપ કરે છે, એમની પુત્રીઓને ધીકતી ચિતામાં હોમે છે, બલિદાન દે છે અને સર્વથા ધિક્કારને પાત્ર છે. એવાં માબાપો પુત્રીને જન્મજ ન આપે એ વધારે ઇષ્ટ છે. આપણે પણ કવિ ન્હાનાલાલની જોડે ગાઈશું કે:—

જરા બાલાને બચાવો, સજન !
બાલાને બળતી બચાવોરે,
આશા ભર્યાં ઉછરતાં પ્રિય બાલબાલા,
સંસાર મધ્ય વડવાનળ કેરી જ્વાલા;

પોષ્યાં દૂધે અમૃતથી અજવાળી ગોરાં,
તે વત્સ કાજ વિષ અશ્રુ તણા કટોરાઃ—જરા બાલાને-
— ઈન્દુકુમાર.

બાલકો ઉપર કંઈ નહિ તો દયાની ખાતર પણ બાળલગ્ન અટકાવવાં જોઇએ. નાની વયમાં પરણ્યાથી કેલવણી લઇ શકાતી નથી, લગ્નની ઉન્નત ભાવના સચવાતી નથી અને બાલસંયોગના પરિણામમાં નિર્માલ્ય અને નિઃસત્ત્વ પ્રજા ઉત્પન્ન થાય છે. બાળલગ્નની દુષ્ટ રૂઢિને અનુસરવાથી આપણા દેશમાં થયલી અનેક બાલવિધવાઓના નિશ્વાસો સર્વદા આપણું હૃદય બાળે છે, અને એ નિશ્વાસો આપણા ઉન્નતિપથમાં શ્રાપરૂપ થઇ પડે છે. નિર્દોષ બાલા ઉડી શકે એટલી વયમાં આવતાં પ્હેલાં તો એની એક પાંખ કપાઈ જાય છે. હિન્દુ સંસારમાં સધળી સ્ત્રીઓ જોઇએ તેવી સુખી અને સંતોષી નથી તો પછી વિધવા અને બાલ વિધવાઓ તો ક્યાંથી જ હોય ?

ગમે તે પ્રમાણમાં કેળવાયલો માણસ બાળલગ્નથી થતા ગેરફાયદા સ્હમજે છે અને બાળલગ્નની વિરૂદ્ધ સારી રીતે હોય છે. છતાં પણ આપણી અવિભક્ત કુટુંબની સંસ્થાની રચનાને લીધે વડીલો પાસે પુત્ર કે પુત્રીનો પિતા શરમનો માર્યો કશું બોલી શકતો નથી અને પોતાનાં બાલકોને બાલ્યાવસ્થામાંજ બાળલગ્નની બેડીથી બંધાવવા દે છે. ભલે વડીલોનો અધિકાર પૌત્ર પૌત્રી ઉપર વધારે હોય પણ તેથી માતપિતાનો કોઇ પણ રીતે ન્યુન નથી. તેથી માતપિતાની સલાહ અને સંપૂર્ણ મરજી વિના વડીલોએ લગ્ન ન કરવાં જોઇએ. આ બધનો જેમ બને તેમ વ્હેલાં ઢીલાં કરવાં જોઇએ, લગ્નનો સમય લંબાવવો જોઇએ, અને પુત્ર પુત્રીને કેળવણી લેવાને વધારે સમય આપવો જોઇએ. પુત્રીનો ૧૪ થી ૧૬ વર્ષે અને પુત્રનો ૨૨ થી ૨૫ વર્ષે લગ્ન સંબંધ કરવામાં આવે તો તે દેશકાલને અનુચિત નહિ થાય. આ અવધિમાં બે જણનાં મન અને શરીર યોગ્ય રીતે કેળવાશે, સંસારનું ડોલતું નાવ ચલાવવા શક્તિવાળાં થશે અને ગુણ કે શરીરનાં કજોડાંનો બહુ સંભવ નહિ રહે જો આ પ્રમાણે બાળલગ્ન અટકશે તો ભવિષ્યની દેશની પ્રજા બલવતી નિરોગી અને સુંદર થશે અને દેશોદયના પવિત્ર ધર્મ-કાર્યમાં અમુલ્ય સહાય આપવા શક્તિમતી થશે. અસ્તુ.

(૨) ગૃહ શિક્ષણઃ—ગૃહશિક્ષણ ઉચ્ચ અને સંસ્કારી નહિ હોય ત્યાં કેલવણી આપવાના પ્રયાસો ઘણે અંશે નિષ્ફલ થશે. શરીરના સૌંદર્ય કરતાં મનનું સૌંદર્ય વધારે ઉપયોગી, આવશ્યક અને મનોહર છે. માતાઓએ બાલકોનાં દરેકે દરેક કાર્ય ઉપર દેખરેખ રાખવી જોઇએ અને એમનામાં પોતાના દોષ કરતાં ગુણ ઉતરે અને એમનો સ્વભાવ આનંદી અને ઉત્સાહિ બને એમ પ્રયત્ન કરવા જોઇએ. બાલાઓના કુમળા મન ઉપર ધર્મ અને નીતિના સંસ્કારો પાડવા અને એમના વિચારોને રોકવા નહિ પણ યુક્તિથી [illegible]ગ્ય રીતે વાળવા. કુતૂહલથી પુછાયલા પ્રશ્નોનો એમને સંતોષ થાય એમ ઉત્તર આ[illegible]વા અને એમને બને ત્યાં સુધી નિરાશ ન કરવી. બાલ્યાવસ્થામાં પડેલી કુટેવો કોઇ દિવસ ભુલાતી નથી માટે માતાએ ખોટી ટેવો પહેલેથી પડવાજ ન દેવી. જો આ કુટેવોને વખતસર નથી દાબી દેવાતી તો એનાં મૂળ ઉંડાને ઉંડાં ઉતરતાં જાય છે અને પછી એ ટેવોને નાશ કરવાનો સર્વ પ્રયત્ન વૃથા જાય છે. એક વખત બાલાને જુઠું

બોલવાની ટેવ પડશે તો પછી ફરીથી જુદું બોલવાનું મન થશે અને એમાંથી શું શું કરતાં શીખશે એ કહેવું અનિશ્ચિત છે. પહેલાં આવી ટેવોનું સ્વરૂપ બહુ નાનું અને ધ્યાન ન ખેંચે એવું હોય છે પણ આગળ જતાં એ કુટેવો ગંભીર સ્વરૂપ ધારણ કરે છે. ડોક્ટર જોન્સન કહે છે કે—

Accustom your children to a strict attention to truth, even in the most minute particulars. If a thing happened at one window, and they, *when relating it*, say that it happened at another, do not let it pass, but instantly check them: you do not know where deviations from truth will end.

તેવીજ રીતે બાલાઓની નાની ટેવોનું છે જમવામાં નિયમીત રહેવું અને 'ભુખ પ્રમાણે જમવું એવું એવું તો માતાએ જ ઘેર શીખવવાનું હોય છે. વળી એમની મનોવૃત્તિ ઉપર બહુ દાબ બેસાડવાનો પ્રયત્ન પણ ન કરવો જોઈએ. બાલકો પોતાનાં માતપિતા પાસે છુટથી નહિ બોલે તો કોની પાસે પોતાની નાની નાની વાતો અને રમુજી અનુભવો કહી આનંદ મેળવશે ? ઘણે ઠેકાણે છોકરીઓ ઉપર એટલો બધો દાબ રખાય છે કે એમને નિર્દોષ રમતોનો આનંદ પણ લેવા દેવામાં આવતો નથી. અને એમની દૃષ્ટિ ઘરની ભીંતોની બ્હાર જરા પણ જઈ શકતી નથી એ આપણા સંસારનું અને દેશનું દુર્ભાગ્ય જ છે. સાસુ કે નણંદ ઉપરની રીસ નિર્દોષ બાલકો ઉપર કહાડી માતાઓ બાલકોને સ્હેજ સ્હેજમાં તરછોડી નાંખીને ખરાબ ગાળો દે તેથી બાલકો પણ નિર્લજ્જ થઇ તેવી ગાળો બોલતાં શીખે એમાં નવાઇ નથી. માતાઓએ પોતાની આવી આવી કુટેવો સુધારવી જોઈએ.

ચારિત્ર રચનાનો ખરેખરો સમય તો બાલ્યાવસ્થાજ છે અને ખરેખરૂં સ્થાન તો ગૃહજ છે. એ અવસ્થામાં નાંખેલાં સારાં કે ખોટાં સર્વ બીજ સમય આવતાં વૃક્ષરૂપે બ્હાર દેખાય છે, અને એ વૃક્ષનાં ફળફુલ બીજના ગુણ પ્રમાણે કડવાં કે મીઠાં ઉતરે છે. ધર્મ, નીતિ, કેળવણી અને સારા સંસ્કારોના સંગીન પાયા ઉપર જો બાલાઓનું ચારિત્ર રચ્યું હોય તો તે ભવિષ્યમાં એમના પતિને, પ્રજાને અને દેશને ફલપ્રદ થાય અને બાલાઓ પોતાના કર્તવ્ય-ક્ષેત્રમાં રહી ધર્મથી વિમુખ ન થાય. માતાએ પુત્રીઓ પાસે કંઈ કંઈ ચીત્રો ખડાં કરી, મંજુ અનુભવના રંગ પુરી સરલ અને સચોટ ઉપદેશ આપવાને પ્રસંગ આવે ચુકવું નહિ. નાના નાના રસિક ટૂચકા દ્વારા માતા બુદ્ધિમતી હોય અને ધારે તો બાલાઓને ઘણો ઉપદેશ આપી શકે, તેમની વ્યવહારિક બુદ્ધિ સતેજ કરી શકે અને તેમના જીવનની ઉપયોગિતા વધારી શકે.

આ સર્વ જોતાં એમ પ્રતીત થાય છે કે એક પુત્રને કેળવવાથી એક વ્યક્તિજ કેળવાશે, પણ એક બાલાને કેળવવાથી આખું કુટુંબ કેળવાશે અને એવાં અનેક કેળવાયલાં કુટુંબો દેશોદયના મહત્ અને પવિત્ર કાર્યમાં પોતાનો ફાળો આપ્યા વિના રહેશે નહિ. પણ આ બધી આશાઓ પરિપૂર્ણ કરવા માટે અનેક કેળવાયલી અને અનુભવી માતાઓની આવશ્યકતા છે. સાક્ષર શ્રી ગોવર્ધનરામે કુસમસુંદરીનું જે મનોહર અને રસિક ચીત્ર આપણી પાસે ખડું કર્યું છે તે ચીત્રની ભાવનાનો સાક્ષાત્કાર કરાવવાને ગુણસુંદરી

જેની કેળવાયેલી અને રસિક માતાઓ આપણી આર્યભૂમિમાં ઘેરઘેર થાય, એવી પ્રાર્થના પ્રભુ પાસે કરવાને આ લેખકને અનેક હૃદયો સાહાય્ય આપશે એમાં સંશય નથી.

કેળવણી —ઉચ્ચ ગૃહશિક્ષણ આમ અપાતું હોય તે વખતે બીજી પાસથી કેવી કેળવણી આપવી આવશ્યક છે તે જોઇએ. સંગીન અને ઉપયોગી કેળવણી આપવા માટે કોઈ પણ યોજના ઘડતા વ્યવહારિક દૃષ્ટિથી બે વાત ભુલવી ન જોઇએ —એક તો આપણી બાળાઓને કેળવણી આપવાનો સમય ટૂંકો છે, અને બીજી ભવિષ્યમાં કેવો પતિ મળશે, શોધી મુકયો હોય તો તે કેવો નીવડશે, અને પત્નીને અનુકૂળ થશે કે નહિ, એ સર્વ અનિશ્ચિત રહે છે. વળી શ્રીમતને, મધ્યમ સ્થિતિ વાળાને અને ગરીબને કેળવણી આપવામા પ્રમાણમા થોડો પણ ભેદ તો રાખવોજ પડશે હાલની સામાન્ય સ્થિતિ જોતાં એમ લાગે છે કે બાળાઓ સાત આઠથી વધારે વર્ષ સુધી નિયમીત કેળવણી નહિ લઇ શકે. લગ્ન થયા પછી પતિ ભણેલો મળ્યો હોય, જ્ઞાન આપવાને ઉત્સાહિ અને રસજ્ઞ હોય, શ્વશુર કુટુંબની સ્થિતિ અને સ્વભાવ સારા હોય, બહુ અંતરાયો વચ્ચે નડતા ન હોય તો એકાદ પાચેક પત્નીઓ પોતાનો અભ્યાસ આગળ વધારી શકે ખરી—અને તે પણ માતા થવા સુધીજ. માતા થયા પછી કોઇકજ અભ્યાસ આગળ વધારવા ભાગ્યશાળી બને છે.

હવે નીચેની યોજના પ્રમાણે કેળવણી આપવાના બે માર્ગ છે. સારી સ્થિતિનાં માતપિતાએ તો સારી શાળાઓને અભાવે સ્ત્રી શિક્ષક રાખી પુત્રીઓને ઘેરજ ભણાવવી યોગ્ય છે. મધ્યમ અને ગરીબ વર્ગના માતપિતાએ પુત્રીઓને સારી શાળાઓમાં મુકવી, અને બની શકે એમ હોય તો નીચેના અભ્યાસક્રમ પ્રમાણે પણ કેળવણી આપવાના-અપાવવાના પ્રયાસો કરવા મુંબાઇમા ચંદા રામજી હાઇસ્કુલ કંઇક એવી યોજનાએ ચલાવવામાં આવે છે ખરી, પણ એનો લાભ માત્ર સારી સ્થિતિવાળી બાળાઓજ લઇ શકે એમ છે. તેથી આવા પ્રકારની પ્રાથમિક અને ઉચ્ચ નિશાળો સ્થળે સ્થળે ઉઘાડવાની બહુજ જરૂર છે આવી સસ્થાઓ અને શાળાઓ સ્થાપવા માટે શ્રીમત વર્ગ તરફથી જો કંઈ પણ પ્રયાસો થશે તો તેમનો પૈસો સન્માર્ગ વપરાશે, તેમને પ્રજા તરફથી અનેક આશીષ મળશે અને તેઓ દેશોદયના ધર્મ્ય-કાર્યમા પણ અંગભૂત થશે સારી કેળવણી લેવાથી બાળાઓનો બુદ્ધિવિકાસ થશે, એમના જીવન ઉન્નત અને રસપૂર્ણ બનશે અને પોતાના પુત્રીરૂપે, પત્નીરૂપે અને માતા તથા ગૃહિણીરૂપે શા શા ધર્મો છે તેનુ એમને ભાન થશે. હવે એ યોજના નીચે પ્રમાણે કરી શકાય —

અભ્યાસક્રમ: ગુજરાતી: સ્વભાષાનુ સારૂં જ્ઞાન દરેક બાળાને મળવું જોઇએ. આ ભાષાનુ જ્ઞાન બહુ સારૂં હોવુ આવશ્યક છે કારણ કે ગુજરાતી પુસ્તકો જેટલી સ્હેલાઈથી વાચી શકાશે એટલા બીજી ભાષાના નહિ વાચી શકાય. ઘણી પાસથી એમ સાંભળવામાં આવે છે કે ગુજરાતી સાહિત્યમા સ્ત્રી ઉપયોગી પુસ્તકો નથી, પણ આ ફરિઆદ ઘણે અંશે ખોટી છે ભલે આપણું સાહિત્ય સંસ્કૃત અને અંગ્રેજી જેટલું ખેડાયલુ નથી તો પણ એનો ભડાર ઓછો તો નથીજ. સ્ત્રી ઉપયોગી પુસ્તકોની યાદી અહિઆં આપવી અસ્થાને થઇ પડશે તેથી જેમને એ જાણવાની ઇચ્છા હોય તેમને 'સુન્દરી સુબોધ' અને 'વસન્તમાં' આવેલી યાદીઓ જોઇ લેવા વિનતિ છે. ગુજરાતીમાં બાળાઓ સારાં પુસ્તકો સમજી શકે એટલુ જ્ઞાન આપવુ ખાસ જરૂરનું છે. એક વખત વાચન તરફ અભિરૂચિ

ઉત્પન્ન કરવામાં આવશે તો બાલાઓ શોધી શોધીને સારાં પુસ્તકો વાંચશે એમાં સંશય જેવું નથી.

સંસ્કૃતઃ—આપણા ધર્મશાસ્ત્રનાં સર્વ પુસ્તકો આ સુંદર ભાષામાં લખાયલાં હોવાથી આ ભાષાનું પણ સંગીન જ્ઞાન અપાવવું જોઇએ. બાલ્યાવસ્થામાંથીજ ધર્મ અને નીતિ તરફ વલણ લેવડાવ્યું હોય તો તે ભવિષ્યમાં બહુજ ઉપયોગી અને ફલપ્રદ થઈ પડે. સંસ્કૃત ભાષા વિદ્વાન્ શાસ્ત્રીઓ રાખીને પણ સારી રીતે શીખવી શકાશે. શાળાઓમાં પણ જો સંસ્કૃતનું પ્રાથમિક જ્ઞાન અપાતું હોય તો આગળ જતાં ભાઈ કે પતિ શીખવવા ધારે તો એ સરલતાથી શીખવી શકે. માતપિતાએ પણ આમાં યથાશક્તિ સાહાય્ય આપવું. આપણામાં ધાર્મિક જીવનની જે શૂન્યતા થતી હમણાં જોવામાં આવે છે તે સંસ્કૃત જ્ઞાન આપવાથી અટકશે અને એમનું ધાર્મિક જીવન ફરીથી સુધરશે. સામાન્ય બુદ્ધિની બાલાઓ નીતિશતક અને યોગવાસિષ્ટ વાંચી અટકશે, પણ બુદ્ધિમતી બાલાઓ અમરસાર અને સંસ્કૃત ગુજરાતી કોષથી, પતિ કે ભાઇની મદદ લઇ કાલિદાસ અને ભવભૂતિ વાંચવામાં એને અપાયલા જ્ઞાનનો ઉપયોગ કરી શકશે.

ગણિત અને ઇતિહાસ ભૂગોળઃ—આ વિષયોમાં બાલાઓને પ્રાથમિક શિક્ષણ તો મળવુંજ જોઇએ. આ વિષયોનું પ્રાથમિક જ્ઞાન લીધા પછી એમને જે જે વિષયોમાં રસ પડે તેમાં ભલે વધારે જ્ઞાન આપવામાં આવે. ગણિત એમને રોજના વ્યવહારમાં ઉપયોગી થઈ પડશે. ઇતિહાસ અને ભૂગોળથી એમની દૃષ્ટિ વિશાલ બનશે અને જ્યારે ઘરમાં પુરૂષવર્ગ કોઈ દેશની વાતો કરતો હશે ત્યારે કંટાળશે નહિ પણ એમાં ઉત્સાહથી ભાગ લેશે. 'ઇંગ્લાંડમાં પ્રવાસ' અને એવાં બીજાં પુસ્તકો એમના હાથમાં મુકવામાં આવશે તો એમના જ્ઞાનમાં ઉપયોગી વૃદ્ધિ થશે.

આરોગ્યતા અને સ્વચ્છતાઃ—આ વિષયનું સામાન્ય જ્ઞાન તો એમને અવશ્ય મળવું જોઇએ. કારણ કે એ જ્ઞાનની એમને જીવનમાં ડગલે અને પગલે જરૂર પડે એમ છે. આપણી બાલાઓ આરોગ્યતા અને સ્વચ્છતાના સામાન્ય નિયમો પણ નથી જાણતી એ શોચનીય છે. ઘણી બાલાઓને આપણે ભારે અને નવાં કપડાં પ્હેરેલી જોઈશું પણ એમાંથી શરીરે સ્વચ્છ અને આરોગ્ય તો બહુજ થોડી હશે. શરીર સંપત્તિ સારી હશે તો તેથી એમને કેળવણી લેવામાં પણ સરલતા પડશે, અને એમનું બાલ્ય જીવન તો ઉત્સાહ અને આનંદમાં જશેજ. શરીરનું આરોગ્ય મનની શક્તિ ખીલવવામાં ઉપયોગી થઈ પડે છે.

અંગ્રેજી—આ ભાષામાં આપેલું જ્ઞાન એમને ઉપયોગી થઇ પડવાનો સંભવ નથી. હાલની સ્થિતિ જોતાં બાલાઓને બહુ તો ચાર કે પાંચ ચોપડીઓ આ ભાષામાં શીખવી શકાય, અને એટલા જ્ઞાનમાં શેકસપીઅર કે મીલ્ટન વંચાવવો અશક્ય જ છે. માત્ર અંગ્રેજી બે ચાર ચોપડીઓ શીખવી હોય તો એમનામાં કંઇ નવોજ ઉત્સાહ સ્ફુરતો દેખાશે. એ દૃષ્ટિથી એમને થોડું જ્ઞાન અપાય તો સારૂં. અંગ્રેજીનું સામાન્ય જ્ઞાન આપ્યા પછી વધારે પ્રયાસ કરવો તે એ દિશામાં નિષ્ફળ છે. વધારેનો પ્રયત્ન જો સંસ્કૃત અને ગુજરાતી શીખવવામાં થાય તો તે વધારે સારૂં છે.

કલા—આ વિષયમાં બાલિકાઓને શીવણ ભરત અને ગુંથણ શીખવવું જોઇએ. આ જ્ઞાન એમને ઉપયોગી છે અને જરૂર પડે પૈસા પ્રાપ્ત કરવાનું સારૂં સાધન થઇ પડે

એમ છે. શ્રીમંત અને સારી સ્થિતિવાળી બાલાઓને સંગીત અને ચીત્રકલા પણ શીખવવાં જોઇએ. નિશાળોમાં કલા વર્ગ રાખવામાં આવે તો બધી સ્થિતિની બાલાઓ આ કલાઓનો શક્તિ અનુસાર લાભ લઇ શકે. બાલાઓનું જીવન કલા શીખવવાથી ઉત્સાહિ અને મધુરૂં બનશે.

સામાન્ય જ્ઞાનઃ—આ વિષયમાં બાલાઓને નીતિ અને સદ્વર્તનનુ જ્ઞાન આપવું. નીતિમય અને સદ્વર્તન વાળું જીવન ગાળવાથી થતા ફાયદા સમજાવવા. સભ્યતા, સત્સંગ અને પરોપકાર જેવા સદ્‌ગુણોનું બીજ નાંખવું. સમયનો સદુપયોગ કરતાં શીખવવું. વિજ્ઞાનનું પ્રાથમિક શિક્ષણ પણ આપવું. સારાં સારાં ઉપદેશાત્મક જીવનચરિત્રો વંચાવવાં. સતીમંડળ અને એવી જાતનાં, જીવન ચરિત્રોનાં પુસ્તકો એમના મન ઉપર બહુ સારી અસર કરશે, અને ઉછરતા મનમાં એ ચરિત્રોનો પટ બેઠા વિના રહેશે નહિ. એમને દુનિયામાં ચાલતા બનાવોનું ભાન રહે માટે સારાં વર્તમાનપત્રો અને માસિકો પણ વંચાવવાં જોઇએ.

તનની કેલવણીઃ—આટલું તો મનની કેળવણીનું થયું. હવે તનની કેળવણી તરફ દૃષ્ટિ ફેરવીએ. હિંદુ સંસારમાં કોઇ પણ કુટુંબમાં તનની કેળવણી પાછળ જરા પણ ધ્યાન અપાતું હોય એવું જોવામાં નથી આવ્યું. બાલાઓ ભણી ગણીને રસહ બને અને શરીરે માંદલી રહે એ સ્થિતિ પણ દયાજનકજ છે. તન કેળવ્યા વિના મન કેળવવા બેસવું એ ગધેડા ઉપર અંબાડી ગોઠવવા જેવું છે. શરીર નિરોગી ન હોય તો જીવન નિરુત્સાહિ અને કંટાળા ભરેલુ લાગે છે, કંઇ પણ કામ કરવું ગમતું નથી અને સમય આળસમાં જાય છે. સુખ વૈભવમાં વસતા રોગી રાજા કરતાં ખેતરમાં વસતો નિરોગી અને આનંદી ખેડુત વધારે સુખી હોય છે. મન અને બુદ્ધિનો વિકાસ કરવા માટે પ્હેલું શરીર ખીલવવાની ખરેખરી જરૂર છે. મુંબાઇમાં રૂહેતી ઘણી બાલાઓએ દરિયો નહિ દીઠો હોય, અને ગામમાં રૂહેતી ઘણી બાલાઓએ ગામની સીમ પણ નહિ જોઇ હોય. આપણી બાલાઓને કંઈ પણ કસરત મળતી હોય તો તે ઘરકામ કરવાથી મળે છે; પણ હવે તો ઘેરઘેર, શહેરમાં વસતી સ્ત્રીઓને ચાકરો વિના ચાલતું નથી, એટલે જરા પણ શરીર કસાતાં નથી. બાલાઓને આખો દિવસ કામથી કંટાળ્યા પછી સાંજરે બ્હાર ફરવા લઇ જવાથી એમનાં શરીર કસાય છે અને મન પણ પ્રફુલ અને આનંદી બને છે. શરીરને કોઇ પણ પ્રકારની કસરત મળે છે, ત્યારે શરીર દૃઢ અને નિરોગી રૂહે છે. આપણામાં સ્ત્રીઓએ બાલાઓને લઈ ને દર્શન કરવા જવાનો રીવાજ સારો છે, તે પણ હવે ઘસાતો જાય છે. એમાં એક પંથ અને દો કાજ થતાં હતાં, ધર્મભાવનાની સાથે અજાણી રીતે શરીરો પણ ખીલતાં હતાં. માતપિતા બાલાઓનાં મન કેળવ્યાં છતાં તન કેળવવાની ફરજમાંથી મુક્ત થતાં નથી. દરેક માતપિતા જો પોતાની પુત્રીઓનાં તન કેળવવા પાછળ બરાબર ધ્યાન આપશે તો સ્ત્રીઓની શરીરસંપત્તિ સંતોષકારક થશે. ...ર નિરોગી રાખવા માટે મિતાહારની પણ આવશ્યકતા છે. મિતાહારથી અનેક નાના ...ના રોગો થતા અટકશે. શ્રીમંત વર્ગની બાલાઓ કરતાં મધ્યમ અને ગરીબ વર્ગની બાલાઓ વધારે નિરોગી અને આનંદી જોવામાં આવે છે. તેનું કારણ એ જ કે એમને ખુલી હવામાં અથવા ઘરમાં બધું કામકાજ હાથે કરી લેવાનું હોય છે તેથી એમનું શરીર વધારે કસાય છે.

હિંદુ સંસારમાં લગ્ન:—બાલાઓની આ સ્થિતિ જોયા પછી, એમનાં તન અને મન કેળવવાની યોજના કર્યા પછી એમની લગ્ન સંબંધી શી સ્થિતિ છે તે જોઇએ. બાળલગ્નથી આપણી અધોગતિ કેમ થાય છે તે આપણે જોઇ ગયા છીએ. આપણામાં કહેવત છે કે ગાય ને દીકરી દોરે ત્યાં જાય, એટલે કન્યાના સર્વ સુખનો આધાર માતપિતાની પસંદગી ઉપર રૂહે છે. ઘણું ખરૂં માતા પૈસો શોધતી હોય છે અને પિતા જો સંસ્કારી હોય છે તો ભણેલો વર લાવવા પ્રયત્ન કરે છે. ઘણે ખરે ઠેકાણે તો માતાનું જ ધાર્યું થાય છે અને જમાઈ પુત્રીને માટે ગુણ કર્મમાં યોગ્ય છે કે નહિ તે તો જોવાનું જ નથી. આપણા હિંદુ સંસારની દુષ્ટ રૂઢિઓ આમ ભણેલાઓને પણ ભુલાવે છે. ભણેલા અને ચતુર પિતાઓ જો આમ ભુલો કરે છે તો પછી અભણ પિતાઓનું તો પુછવું જ શું ? વયમાં પણ પુત્રીને માટે વર યોગ્ય છે કે નહિ તે આપણા લોકો જોતા નથી, સાઠ વર્ષના ડોસાને દસ બાર વર્ષની અને સાત આઠ વર્ષના છોકરાને બાર તેર વર્ષની પુત્રી પરણાવતાં આપણા લોકો અચકાતા નથી. પરિણામે ઘણે ઠેકાણે આપણે ગુણ, રૂપ અને વયનાં કજોડાં જોઇએ છીએ. આમ જો માતપિતાઓએ કન્યાને ગમે તેમ પરણાવવી હોય તો પછી એમને કેલવણી આપવાની બીલકુલ જરૂર નથી. પતિ અનુકૂલ નથી મળતો, તો કેલવણી ઉલટી દુઃખ રૂપ થઇ પડવા પુરો સંભવ છે. ઘણે ઠેકાણે આપણે સાટું થતુ દેખીએ છીએ, ઘણે ઠેકાણે શરમના માર્યા ના ન કહેવાય તેથી લગ્ન થતાં જોઇએ છીએ, અને વળી કોઈ કોઇ ઠેકાણેથી તો જન્મ પ્હેલાં વિવાહ કરી મુકયાના દાખલા જડે છે. આવી રીતે થતાં ઘણાં ખરાં લગ્નો દુઃખરૂપજ નીવડે છે. વળી પુત્રીને સુખી જોવા ઇચ્છનારા કરતાં પૈસાની પુજા કરનારાઓ પણ ઓછા હોતા નથી. સ્વાર્થનો કીડો સ્વાર્થમાંજ રચ્યો પચ્યો રૂહે છે અને પુત્રીનું આખું જીવન એળે જાય એમ કરે છે. આપણા વ્યવહારદક્ષ વડીલો બજારમાંથી હાંલ્લુ લાવતી વખતે જે દક્ષતા વાપરે છે તે દક્ષતા પુત્ર કે પુત્રીનું જીવન, લગ્નની પવિત્ર વેદી ઉપર, હોમતી વખતે કયાં જતી રહે છે તે આપણને તો અગમ્યજ રહે છે. શું પોતાના સ્વાર્થ આગળ, ક્ષણભંગુર સંપત્તિ આગળ પોતાનાં બાલકો પ્રતિનો પવિત્ર ધર્મ ભુલી જવાતો હશે !

આપણી જ્ઞાતિઓ ટુંકી હોવાને લીધે, પુત્રીઓને પરદેશ મોકલવી પડશે એવી બીક હોવાને લીધે અને અનેક સંયોગોથી દબાઇ જઇને પુત્રીને માટે ગોગ્ય વર શોધાતો નથી. ગુણ અને રૂપનાં કજોડાં તો ઘણું ખરૂં પડયું પાનું સુધારી લે છે, પણ વયનાં કજોડાં હોય છે ત્યાં બાલાઓ દુરાચારને વશ થવા ઘણો સંભવ છે. સંસ્કારી યુવકોથી પોતાનું ચાલી શકે ત્યાં સુધી આવાં લગ્નો થતાં અટકાવવાં અને બ્હેન અથવા પુત્રી માટે યોગ્ય વર શોધવા પ્રયત્ન કરવો એ એમનું કર્તવ્ય છે. વડીલો પાસે પોતાનો મત આપવા જવું એ જરા શિષ્ટાચાર વિરૂદ્ધ લાગશે પણ એમના અનુભવ સાથે આપણા જ્ઞાનનો જો યુક્તિથી ઉપયોગ કર્યો હોય તો બ્હેનો અને પુત્રીઓ વધારે સુખી થશે એમાં સંશય જેવું નથી. જે માતપિતા અને ભાઇઓ પોતાની પુત્રી અને બ્હેન માટે યોગ્ય વર નથી શોધતાં તે એમનાં આગલાં ભવનાં વૈરી હોઇ તેમને અનેક રીતે દુઃખી કરવા જન્મ્યાં હોય છે. પોતાની સ્વાર્થબુદ્ધિ અળગી કરી આપણા વડીલો પુત્રીઓ પ્રતિનો પોતાનો ધર્મ સ્હમજતાં શીખે અને પુત્રીઓને યોગ્ય પતિ શોધી આપી એમને સુખી કરવાની ઇચ્છા રાખે, એવો સમય જેમ બને તેમ વ્હેલો આવવો ઈષ્ટ છે.

હિન્દુ સ્ત્રી-સંસારમાં બાલપત્ની:—લગ્ન થયા પછી બાલપત્નીની શી સ્થિતિ થાય છે તે હવે જોઈએ. બાર કે તેર વર્ષની પત્ની સંસારનો સર્વ ભાર ઉચકવા સમર્થ થઈ હોય એવી દૃષ્ટિથી એની તરફ જોવાય છે. આટલી નાની વયમાં એને ઘરનું સર્વ કામકાજ આવડવુંજ જોઇએ એમ સાસુ અને નણંદો માને છે, અને જો નથી આવડતું તો એની નાતજાતમાં ફજેતી કરવા ચુકતાં નથી. ઘણે ઠેકાણે બાલપત્નીને પણ એની માતા તરફથી શ્વશુરગૃહમાં બધાંને કેમ તોબા પોકરાવવા એના પાઠો ભણાવવામાં આવે છે. આવી માતાઓ અજાણે પોતાની પુત્રીને દુઃખી કરવાનાં મૂળ નાંખે છે. મ્હોટા આશ્ચર્યની વાત તોએ છે કે લગ્ન સમયનો અનુપમ ઉત્સાહ કોણ જાણે ક્યાંએ ઉડી જાય છે અને એને સ્થાને પત્ની ઘેર આવતાંજ કડવાશ અને ઈર્ષ્યા સર્વના મનમાં ભરાઇ બેસે છે. આનું ચીત્ર નીચેની લીટીઓમાં બરાબર ઉતર્યું છેઃ–

> પ્હેલાં તો બાઇજી એમ ક્હેતાં કે વહુને આપું સાકર રે !
> હવે તો બાઇજી એમ શું બોલો ? વહુ તો ઘરની ચાકર રે !
>
> —લોકગીત.

પત્નીઃ—પુત્રવધૂએ શુ કર્યું તે જોવાને બદલે એ શું નથી કરતી એ જોવાય છે. પુત્રવધૂઓ કદાચ દોષને પાત્ર હોય તો પણ એમની નિર્દોષ અને કુમળી મનોવૃત્તિને મીઠાશથી જીતી લેતાં સાસુ અને નણંદને આવડવું જોઇએ. આવી રીતે જ્યાં સુધી એક-બીજાનાં મન મીઠાશથી જીતી લેતાં નહિ શીખે ત્યાં સુધી એમાંથી કોઇ પણ સુખી થઇ શકે એ આશા વ્યર્થ છે. અવિભક્ત કુટુંબોમાં જ્યાં સુધી સાસુ નણંદ અને પુત્રવધૂ એકબીજા તરફ અમીભરી દૃષ્ટિથી નહિ જુએ ત્યાં સુધી કુટુંબ-કલેશ ઓછો થવાનો નથી અને સર્વનું જીવન ઇર્ષ્યામાં, એકબીજાનું ખોટું ઇચ્છવામાં અને દુઃખમાં જશે એમાં સંશય નથી. જે સાસુઓ એમની પુત્રવધુઓને એમની જુવાનીના સમયમાં આમ સંતાપે છે, તેની તે સાસુઓને વૃદ્ધાવસ્થામાં પુત્રવધુઓ એમનો સમય આવે ત્રાહે ત્રાહે પોકરાવે છે. જે નણંદો પોતાની ભાભીઓને સાચાં જુઠાં કરી દુઃખ દે છે અને દેવરાવે છે, તેની તે નણંદો જ્યારે ભાભી રૂપે એમને સાસરે જાય છે ત્યારે એમની નણંદો ભાભીને શું શું દુઃખ હોય છે તે પોતાની વર્તણુકથી શીખવે છે. આપણી સ્ત્રીઓ ભાભીરૂપે દુઃખ ખમે છે અને નણંદ રૂપે દુઃખ દે છે. આ હિંદુ સ્ત્રીઓના જીવનના ઉદ્દેશ !

બાલપત્નીની આવી અવસ્થામાં જો પતિ કદાચ કાચા કાનનો અને તરત ભરવાય એવો હોય તો પછી પત્નીના દુર્ભાગ્યની બાકી રહેતી નથી. એ નીચ પતિઓ એમની માના કહ્યા પ્રમાણે પોતાની પત્નીઓને અનેક રીતે દમે છે, અને કેટલાક અધમ પતિઓ તો નિર્દય થઈ મારવાને પણ ચુકતા નથી, શરમાતા નથી. આ આપણી બાલપત્નીઓની લગ્ન પછીની સ્થિતિ !

પતિ ભણેલો હોય અને પત્નીને કંઈ ભણાવવાની કે છુટ આપવાની ઇચ્છા રાખનો હોય તો એને માથે પણ અનેક જાતનાં સંકટો ઝઝુમતાંજ હોય છે. ચારે પાસથી બાય-ડીવશ થઇ ગયાનાં, ભણીને ફાટી ગયાનાં અને કુળ વગોવવા બેઠાનાં મ્હેણાં સાંભળવાં પડે છે. લોકો પોતાના ઘરનો ધંધો મુકી દઇને આવાં દંપતિની ફજેતી કરવાને તૈયારજ હોય છે. જે સાસુ નણંદો આમ પુત્રવધૂ અને ભાભીના સુખમાર્ગમાં કંટકરૂપ થવા માગતાં

હોય તેમણે પુત્ર અને ભાઈને કુંવારા રાખવા એ વધારે ઈષ્ટ છે. આપણી લગ્ન-પદ્ધતિની હાલની સ્થિતિને લીધે કન્યાઓને અભ્યાસ અધૂરો મુકવો પડે છે, તેથી લોકાચારને વશ ન થતાં, પત્નીને કેળવણી આપવા પોતાથી બનતા બધા પ્રયાસો કરવાની કલ્યાણકારી ફરજ, લગ્ન પછી પિતાના દુર્લક્ષ્યને લીધે અને રૂઢિનાં બંધનોને લીધે, પતિને માથે આવી પડે છે. પતિને પણ અનેક પ્રતિકૂળ સંયોગો વચ્ચે પત્નીને ભણાવવાની હોય છે. આપણાં દુષ્ટ રૂઢિબંધનોની અને શિષ્ટાચારની બહુ અવગણના થઇ શકતી નથી અને પોતે ભણતો હોવાથી પત્નીને ભણાવવાને બહુ સમય રોકી શકતો નથી. આવી સ્થિતિમાં દંપતિનાં માતાપિતા સ્હમજીને કંઈ સરલ રસ્તો ક્હાડી આપે, અથવા પતિ શરમ મુકીને કંઈ માર્ગ ક્હાડે તે વિના અન્ય કોઇ ઉપાયો નથી. દંપતિનાં માતપિતા સ્હમજીને કંઈ માર્ગ ક્હાડી આપે અને દંપતિના મનોરથો પુરા પડવા દેવામાં અનુકૂળ થાય એ સમય આવવો હજી દૂર છે. આથી પત્નીને કેળવવાનો પવિત્ર ધર્મ એના પતિને માથે આવી પડે છે. પતિએ પણ કેળવણી આપવાના લાભો સ્હમજી પત્નીને કેળવવા બનતા સર્વ પ્રયાસો કરવા, અને જરૂર પડે પોતાના ભવિષ્ય સુખને માટે રૂઢિબંધનોની અવગણના પણ કરવી. પતિએ ભુલવું ન જોઇએ કે પત્ની માતા થતાં સુધીજ સારી રીતે ભણી શકશે, અને માતા થયા પછી અભ્યાસ ચાલુ રાખવાનું લગભગ અશક્યજ થઈ પડશે. પતિઓએ નાના અંતરાયોથી કંટાળ્યા વિના પત્નીઓને ભણાવવાને ઉત્સાહિ થવું જોઇએ.

યોગ્ય સ્વતંત્રતા આપવી જોઈએઃ—પતિએ પત્નીને યોગ્ય સ્વતંત્રતા આપવી અને બને ત્યાં સુધી એને કુટુંબ બંધનોમાંથી છુટી રાખવી. જ્યાં સુધી સ્ત્રીઓને યોગ્ય સ્વતંત્રતા નહિ મળે ત્યાં સુધી એમની ભાવનાઓ ઉદાત્ત નહિ બને અને એમની નૈસર્ગિક બુદ્ધિ ખીલ્યા વિના કરમાઈ જશે. સ્ત્રીઓનું મનોબળ દૃઢ થાય, અને એમની મનશક્તિ સ્વતંત્ર રીતે ખીલે તોજ આપણી ઉન્નતિ એમની સાથે થશે. જે મનુ મહારાજ સ્ત્રીઓને સ્વતંત્રતા ન આપવા માટે **न स्त्री स्वातन्त्र्यमर्हति** એમ કહી ઉપદેશ આપે છે, તેના તે મનુ ભગવાનનુ વચન છે કેઃ—**यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः।**

પતિએ આ સર્વ ધ્યાનમાં રાખી, પત્નીને યોગ્ય સ્વતંત્રતા આપવી અને કેળવણી આપવા બનતા પ્રયત્ન કરવા. પત્ની સાથે સાહિત્ય અને સામાન્ય જ્ઞાનનાં સારાં સારાં પુસ્તકો વાંચવાં, અનેક વિષયોમાં એને રસ લેતી બનાવવી, એની સર્વ શંકાઓનું સમાધાન કરતે કરતે પોતાથી બને તેટલું વ્યવહારિક અને ઉચ્ચ જ્ઞાન આપવું, અને એને પોતાની ચાકરડી ન ગણતાં સહચારિણીનું માન આપવું.

પત્નીએ પણ પોતાના કર્તવ્ય-ધર્મો જાણવા જોઇએ. પતિને, સર્વ સ્થિતિમાં સંતોષ માની, સહાય થવું, રાત્રદિવસ એને સુખ સગવડ આપવા દરેક પ્રયત્ન કરવા, એને પોતાના તરફથી કોઇ દિવસ અસંતોષ ન થાય એમ વર્તવું અને પતિને દેવરૂપ ગણી, પોતાનું સર્વસ્વ માની, પોતાના હૃદય-મંદિરમાં રાખી પૂજવો. પતિને પોતે કોઇ પણ રીતે દુઃખનું કારણ ન થઈ પડાય એમ શ્વશુર ગૃહમાં સહનશીલ, મનોજ્ઞ અને સુશીલ સદ્વર્તન રાખવું. અન્યના દોષ જોતા કરતાં ગુણ ગ્રહવા પ્રયત્ન કરવો. ટૂંકમાં, વિદ્યાચતુરની ગુણીયલ જેવી થવા પ્રયત્ન કરવો અને પતિને પરણીને પસ્તાવવું તે શું એનો અનુભવ નજ કરાવવો.

પતિ પત્ની જો પોતાના ઉક્ત ધર્મો બરાબર સમજી તે પ્રમાણે વર્તતી હોય તો અવિભક્ત કુટુંબની સંસ્થા દોષિત ન ઠરે, અને સર્વનું જીવન સુંદર બને પણ આપણા હિંદુ સંસારમા એ બધા તો સ્વપ્નાજ છે, આપણી હિંદુ પત્નીઓની સ્થિતિ ઓછી શોચનીય નથી હોતી શરૂઆતમાં નાખેલા સર્વ બીજ ફળરૂપે બ્હાર દેખાવા માડે છે, અને સંયુક્ત કુટુંબોમાં રોજને રોજ કઇ કઇ કલેશના કારણો જન્માજ કરે છે સંયુક્ત કુટુંબની સંસ્થાના કલેશથી ઘણા સ્ત્રી પુરૂષોને નિર્માલ્ય જીવન ગાળવું પડતું હશે જો આવો કલેશ કકાસ ન થતો હોય તો અવિભક્ત કુટુંબની સંસ્થા કંઈ છેક ખરાબ અને દોષિત નથી તે આપણે આગળ જોઇશુ

સાસુ વહુ:—પુત્રવધૂઓ અને સાસુ નણંદો એકબીજાને પોતાના શત્રુ ધારી ઘરમા એક બીજા તરફ દ્વેષથી વર્તે છે કદાચ કોઇ સ્ત્રીને સીમંત આવતા વાર લાગે છે, અથવા છોકરાં થતા હોય ને જીવતા નથી હોતા તો તેમની તરફ પણ કરડી નજરથી જોવાય છે હિંદુ સંસારમા ઘણી જ્ઞાતિઓમા બીજી સ્ત્રી કરવાનો ચાલ હોવાથી શોકય તરત મળી શકે છે પતિ પણ જો એના માબાપના જેવો અસંસ્કારી અને નીચ હોય તો પત્નીને જરાજરામાં શોકય લાવવાની બીક દેખાડયા કરે છે પતિ ભણેલો અને સમજુ હોય તો પત્નીને ત્રાસ તો નથી આપતો પણ પોતાના કુટુંબના જુલમમાંથી પત્નીને ઉગારી શકતો નથી એ એવા ધર્મસંકટમા આવી પડે છે કે એક પાસ પત્નીને, અને બીજી પાસ કુટુંબીઓને કશુ પણ કહી શકતો નથી. ઘણીખરી અણસમજુ પત્નીઓ આથી ભુવા અને ફકીરોની સલાહ લઈ મંત્રજંત્ર કરે છે, અનેક જાતની આકરી બાધાઓ રાખે છે અને કેટલીક વખતે તો પ્રજોત્પત્તિને સારૂ દુરાચારને માર્ગે પણ વ્હડે છે આપણી હિંદુ સ્ત્રીઓ એટલી .રી વ્હેમી હોય છે કે કોઈક સ્હેજ મંદુ પડતા ભૂત પિશાચ અને ડાકણના વ્હેમો તરત .નવા મડી પડે છે, અને ભૂત પિશાચ ધારી માંદા માણસને ઘણું હેરાન કરે છે આવું .જ્ઞાન અને આવા વ્હેમો સ્ત્રીઓને કેળવ્યા વિના હિંદુ સંસારમા જતા રૂહે એ અશકય છે.

પુત્રવધૂને પોતાની પ્રતિસ્પર્ધી ધારી એનુ ચલણ ઘરમા વધે નહિ એ બાબતમા સા , અને નણંદ બહુજ દરકાર રાખે છે સાસુ તો એમજ સમજે છે કે પુત્રવધૂએ ઘરનુ .ઘણુ કામકાજ એકલે હાથે કરવુ જોઇએ અને પોતાની તો માત્ર સમતિજ મેળવવી .તેઇએ વળી પુત્ર ભણેલો હોય કે અજ્ઞાન હોય, પણ સાસુ એના કાન ભંભેરી પુત્રવધુને .ાથે અનેક પ્રકારના દોષો સ્હડાવે છે, અને અનેક પ્રકારના દુ:ખનુ કારણ એજ છે .ેમ મનાવવા પ્રયત્ન કરે છે પુત્રવધૂઓ પણ સાસુથી જાય એવી નથી હોતી બે કહે .એ સામી ચાર સંભળાવે છે, સાસુની દરેક વિષયમા અવગણના કરે છે, અને લાગ .ાવે સાસુની ફજેતી કરવા પણ ચુકતી નથી વળી પોતાના પતિ પાસે પણ સાસુએ .કેલા આરોપોનો બચાવ બહુજ સુંદર રીતે, ચોકસાઇ અને સભ્યતાથી કરે છે ઉલટ .સાસુને માથે કેટલાક આક્ષેપો સામા મુકી સાસુને દોષપાત્ર ઠરાવે છે. ઘણા સારા સારા .ીલો કોર્ટમાથી ઘણીવાર હાર ખાઈ પાછા ફરતા હશે, પણ આપણા હિંદુ સંસારની .ાસુ-વહુઓ પુત્ર અને પતિ પાસેથી કોઇ વખત પણ જીત્યા વિના પાછી ફરતી નથી .ાવા પતિઓની સ્થિતિ દયાપાત્ર છે એક પાસથી માતા પાસે કશુ બોલી શકાતું નથી .ને બીજી પાસથી પત્નીને પણ કંઇ કહી શકાતું નથી પતિ જો અજ્ઞાન અને કાચા ..ો હોય તો માનુ કહ્યુ માની પત્નીને દુ:ખ દે છે અથવા તો પત્નીવશ થઈ માને .ે પ્રકારના દુ:ખમાં નાખે છે આવી સ્થિતિમાં પતિએ તટસ્થ રહેવુ જોઇએ અને

એએ જણુને સંપથી રહેવાને સમજાવવાં જોઇએ. જે પતિઓ માને કે પત્નીને દુઃખ દે છે તે પોતાનો કર્તવ્યધર્મ ચુકે છે અને ન્યાયની અને સંસારની દૃષ્ટિથી દોષપાત્ર બને છે. પતિપત્ની વચ્ચે વિરોધ કરાવતી સાસુ નણંદો સર્વથા ધિક્કારને પાત્ર છે, અને દંપતિના નિશાસા લઈ કોઈ દિવસ સુખી થઈ શકતાં નથી. પતિ ભણેલો અને રસિક હોય છે તો એ આવી કફોડી સ્થિતિમાંથી અનેક રીતે છુટવા પ્રયત્ન કરે છે. એવા પતિઓને જીવનમાં નિરસતા અને અંધકારજ લાગે છે. અને એને વૈરાગ્યનાજ વિચારો સુઝે છે. એવા દુઃખી હિંદુ સંસારમાં એને રહેવું ગમતું નથી અને એને નિરાશામાંજ ઉત્સાહ રહિત જીવન જેમ તેમ પુરૂં કરવું પડે છે. માતપિતાઓ જો પુત્ર અને વધુને આમ પરણાવીને દુઃખી કરવાજ ઇચ્છતાં હોય તો એમણે પુત્રના સુખને માટે પુત્રને પરણાવવાના લ્હાવાનો ભોગ આપવો જોઇએ.

સ્ત્રીઓનો નવરાશનો સમય:—હિંદુ સ્ત્રીઓ એમનો નવરાશનો સમય એક બીજાની કુથલી કરવામાંજ ગાળે છે. નાનાં બાળકોની સંભાળ લેવી પડતી મુકી, ગૃહ જીવનનો અન્ય આનંદ લેવાનો રહેવા દઇ, સારાં સારાં પુસ્તકો વાંચવાનાં મુકી દઈ અનેક કુટુંબોની ટીકા કર્યા કરે છે, અનેક કુટુંબોમાં સાચાં જુઠાં કરી કંકાસનાં બીજ રોપે છે અને સાસુ નણંદની, દેરાણી જેઠાણીની, અને જે સહિયરો સાથે ન બનતું હોય એમની અનેક રીતે ઇર્ષ્યાથી નિંદા કરવામાંજ એમનો નવરાશનો સઘળો સમય ગાળે છે. હિંદુ સંસારમાં કલેશ ઘાલનાર આવી નવરી સ્ત્રીયોને અનેક નિર્દોષ માણસોના નિઃશ્વાસો લાગતા જ હશે. વળી બીજી સ્ત્રીઓને વહુનું સુખ જોઈ હૃદયમાં બળીને ખાખ થઈ જાય છે, અને પોતાને એવું સુખ નથી હોતું તેથી એમના તરફ ઇર્ષ્યાની લાગણી રાખી વર્તે છે. આવી સ્ત્રીયો ગમે ત્યાંથી નિંદાનું પાત્ર શોધી કહાડી એ પાત્રને લોકમાં બને તેટલું હલકું પાડવા પ્રયત્ન કરે છે. ફલાણીએ આજે આવાં લુગડાં પ્હેર્યાં હતાં અને આમ પ્હેર્યાં હતાં એ એમની ચર્ચાના વિષયો હોય છે. તેઓનો નવરાશનો સમય કોઇ પણ સારા ઉદ્યોગમાં જતો નથી. પાશ્ચાત્ય દેશની સ્ત્રીઓ પોતાના નવરાશના સમયમાં અનેક નાના નાના ઉદ્યોગ હુનરો કરીને ઘેર બેઠે બેઠે પતિને સહાય કરે છે, પોતાનું જીવન સફલ કરે છે, ત્યારે આપણા દેશની હિંદુ સ્ત્રીયો પોતાનો નવરાશનો સમય કંકાસનાં બીજ રોપી, પોતાનાં કુટુંબીઓને દુઃખી કરવામાં ગાળે છે.

શ્રીમંત અને ગરીબ સ્ત્રીઓ:—શ્રીમંત કરતાં ગરીબ વર્ગની સ્ત્રીઓ પ્રમાણમાં વધારે સુખી હોય છે. કેટલીક હલકી જ્ઞાતિઓમાં સ્ત્રીયો ઘરનું કામકાજ કર્યા ઉપરાંત એમના પતિનું કામકાજ કરવા લાગે છે અને નવરાશના સમયમાં પતિને આમ ઉપયોગી થઈ પડે છે. એક મજુર કે ખેડુતની સ્ત્રી પોતાના પતિની કમાઈમાં પોતાનો હિસ્સો આપે છે અને અજ્ઞાન અને અસંસ્કારી છતાં કલેશ રહિત, આનંદી અને સુખી જીવન ગાળે છે. શ્રીમંત સ્ત્રીઓ કરતાં આવી ગરીબ વર્ગની સ્ત્રીઓ શરીરે પણ વધારે મજબુત અને સુખી હોય છે. શ્રીમંત સ્ત્રીઓને ત્યાં ચાકરો વિના બધુ કામકાજ અટકી પડે છે, ત્યારે આ ગરીબ અને વગર કેળવાયલી સ્ત્રીઓ સ્વાશ્રયથી અને આનંદથી પોતાનો સંસાર નીભાવે છે. આ સ્વાશ્રયી સ્ત્રીઓને કેલવણી આપી હોય તો એમનું જીવન કેવું ઉદાત્ત અને રસીલું બને ! એમનાં બાલકો પણ કેવાં નિરોગી અને એમનાં જેવાં આનંદી હોય છે !

બાલમાતા:—અપરિપક્વ ઉમ્મરે થતા લગ્નથી નિઃસત્ત્વ બાલકોની સંખ્યા હિંદુ સંસારમાં વધ્યા જ કરે છે. આવી પ્રજા બહુ જીવતી નથી અને જીવે છે તો શરીરે માંદલી જ રૂહે છે. આવી પ્રજાનું જીવન ઉત્સાહ રહિત અને તેમની બુદ્ધિ મહાન્ કાર્યો કરવાને અશક્ત જ નીવડે એમાં નવાઈ નથી. આવી પ્રજાને જન્મ આપ્યા પછી બાલ-માતાની સ્થિતિ બહુ જ દુઃખદાયક બને છે. માતાનું શરીર બહુ જ નમળું બની જાય છે અને જો બહુ સંભાળ રાખવામાં નથી આવતી તો બાલ માતાને કોઇ ને કોઈ મ્હોટો રોગ લાગુ પડે છે. હિંદુ સંસારમાં બાલ-માતાની જોઇએ તેવી સંભાળ નથી લેવાતી અને પરિણામે એ ક્ષય અને હીસ્ટીરીઆ જેવા લાંબા અને જીવલેણ રોગોની ભોગ થઈ પડે છે. આ રોગમાંથી મુક્ત થતાં પ્હેલાં પ્હેલાં કદાચ ફરીથી સુવાવડ આવે છે તો બાલમાતાનું શરીર છેકજ નિર્માલ્ય બની જાય છે. પરિણામે થોડા વખતમાં પોતાનાં બાલકોને આ સંસારમાં રખડતાં અને નિરાધાર મુકીને બાલ-માતા મરણ શરણ થાય છે. આ નમાયાં બાલકોની સ્થિતિ બહુજ દયા ઉપજાવે એવી હોય છે.

હિન્દુ સંસારમાં નમાયાં બાલકો:—અવિભક્ત કુટુંબમાં જેનું ચલણ હોય છે તે નમાયાં બાલકોને અનેક રીતે કનડે છે, પોતાનાં બાલકોને વધારે ગણી એમને દરેક બાતમાં અન્યાય આપે છે અને પિતાના મનમાંથી ઉતારી નાંખવા અનેક પ્રયત્નો કરે છે. તેમાં વળી જો હોરમાન માતા નીચ અને હલકા કુળની હોય છે તો તો છોકરાંનાં દુઃખની બાકી રૂહેતી નથી. હોરમાન માતાના હાથ નીચે રહી પરાધીન અને કલેશમય જીવન ગાળવું પડે છે. પિતાના મનમાં બાલકોના ખોટા વાંકો યુક્તિથી ઠસાવી દીધા હોય છે એટલે પિતા નિર્દોષ બાલકોનું જરા પણ સાંભળ્યા વિના તેમને બધી વાતમાં અન્યાય આપે છે. આવી રીતે આપણી અજ્ઞાન હિંદુ સ્ત્રીઓ કુટુંબમાં દરેક જાતના કલેશનું કારણ થઈ પડે છે. કવિ કલાપી નમાયાં બાલકોને માટે યોગ્ય ચિંતા રાખી કવે છે કે—

" તમ પિતા સદા વ્હાલ રાખશે, પણ ન માતની ખોટ ભાંગશે;
નહિ નહીં મળે મા ગઇ ફરી, જગતમાં નકી મા બને નહીં;
પણ ન છાતીએ કોઇની તમે, રઝળતાં હવે એકલાં રહો ! "

—અસ્વસ્થ ગૃહિણી.

કિમ્મત વિનાની પત્ની:—*આપણા હિંદુ સંસારમાં પત્નીઓ જરા પણ કિમ્મત* વિનાની હોય છે, ઘણી જ્ઞાતિમાં કન્યાઓ વેચાતી મળે છે અને પુત્રીના સ્વાર્થી માબાપ એક ઉપર બીજી નાંખતાં અચકાતાં નથી. અભણ પતિ અને સાસુ નણંદો સ્હેજ સ્હેજમાં શોક્ય લાવવાની બીક દેખાડ્યા વિના રહેતાં નથી અને પત્ની જો જરા પણ સામી થાય છે તો તરત જ એક સામી બીજી લાવીને બેસાડે છે. વળી એક પુત્રવધુ માંદી પડે છે ત્યાંથી જ તેની સાસુ નણંદો બીજી શોધવાની તૈયારી કરે છે, અને ઘણું ખરું તો પણ કરી મુકે છે. ઘણીવાર તો મરવા સુતેલી સ્ત્રી પોતાની પાછળ પોતાને ઠેકાણે કોણ આવશે તે જાણીનેજ જાય છે. સ્મશાનમાં પત્નીને બાળવા લઈ જાય છે ત્યારથી લગ્નની વાતો કરવામાં આવે છે, અને ઘણે ઠેકાણે તો આઠ દશ દિવસમાં વિવાહ પણ થઇ જાય છે. પુત્ર-વધુ ગઈ તે તો જાણે ખાસડું જ ફાટ્યું એવી સાસુ નણંદોની માન્યતા હોય છે. પુત્રવધુ કરતાં તો કદાચિત ઘરના ચાકરોને વધારે સુખ સગવડ આપ-

વામાં આવતાં હશે ! આવી પત્નીઓ ક્યાંથી ઉન્નત જીવન ગાળી શકે ? અને પોતાનાં બાલકોને સારી રીતે ઉછેરી શકે ? હિંદુ સ્ત્રીઓને બાલકો ઉછેરવાનાં નિયમો કરતાં રોવા કુટવાના અને એવી જ જાતના રીતરીવાજો સારી પેઠે આવડે છે. જે સ્ત્રીઓ શ્વશુર ગૃહમાં અથવા પિયરમાં પુરૂષોની લાજ કુહાડે છે તે સ્ત્રીઓ રસ્તામાં મર્યાદા વિના ઉભી રહી છચોક રોતાં કુટતાં શરમાતી નથી. જે સ્ત્રીને રોતાંકુટતાં નથી આવડતું તેની તો મશ્કરી થાય છે. આ રીવાજ શરીરને તેમજ મનને બહુજ હાનિકારક છે. વળી આપણી સ્ત્રીઓ ઘણી ખરી બાબતોમાં બહુજ અસ્વચ્છ હોય છે. જાતે મેલી હોય છે તો પછી એમનાં બાલકો એવાં હોય એમાં કંઇ નવાઈ જેવું નથી. બ્રહ્મચર્યને અભાવે બાલવયમાંજ માતા થાય છે અને નિઃસત્ત્વ પ્રજાને જન્મ આપે છે.

હિંદુ સંસારમાં બાલમાતાને બાળકો ઉછેરવા સંબંધી કંઇ પણ જ્ઞાન નથી હોતું એટલે બાલકો ચારિત્ર વિનાનાં હોય એમાં આશ્ચર્ય જેવું નથી. બાલકો ઉછેરવામાં જે મૃદુતા, વાણીની કોમળતા અને અનુભવની જરૂર છે તે આપણી બાલમાતામાં હોતાં નથી. બાલમાતાનું પોતાનું શરીર પણ સુવાવડ પછી બહુ નબળું થઇ જાય છે. બાલમાતાને પોતાના શરીરની સંભાળ લેતાં નથી આવડતી તો પછી બાલકની તે ક્યાંથી લઇ શકે ? વળી પુત્ર પુત્રી વચ્ચે એટલો બધો ભેદ રાખવામાં આવે છે કે પુત્રીને ભણવાને માટે યોગ્ય સાધનો પણ નથી અપાતાં અને પુત્રને મ્હોં માગી વસ્તુ આપવામાં આવે છે પુત્રીઓને નિશાળનો પગાર આપતાં પણ દિવસના દિવસ નીકળી જાય છે, અને જ્યારે એનો નંબર જાય છે અને પુત્રી બહુ રડે છે ત્યારે આપવામાં આવે છે. આવી પુત્રીએ ઉછેરવા સંબંધી થોડીક સુચનાઓ અસ્થાને નહિ થઈ પડે.

પુત્રી ઉછેરવા સંબંધી:—પુત્રીઓને મ્હેણાં માર્યા વિના હમેશાં કોમળ ભાવ અને વાણીથી ઉછેરવી, એમને ધુતકારી કુહાડયા વિના એમની ઉછરતી મનોવૃત્તિને ખીલવા દેવી, સારા સંસ્કારો પાડ્યા અને સત્સંગમાં રૂહે એમ કરવું. ખરાબ સંગતિમાં રાખવાથી એમના ઉપર ખરાબ સંસ્કારો પડવાનો ઘણો સંભવ છે. બાલાઓને ચાકરોના હાથમાં ન સોંપતાં માતાઓએ જાતે ઉછેરવી જોઇએ, કારણ કે બાલકો ઉપર માતાના જેવો અનન્ય સ્નેહ અન્ય કોઈનામાં દષ્ટિગોચર થતો નથી. ચાકરોના હાથમાં રહીને બાલકો ગમે તેવી વાતો સાંભળે છે, અને તેમના ખરાબ સંસ્કારો પડ્યા વિના રહેતા નથી. મનુષ્ય માત્રની પ્રકૃતિ એવી હોય છે કે સારા કરતાં ખોટું ગ્રહી લે છે. માટે બાલાઓને શુદ્ધ અને ઉચ્ચ વાતાવરણમાં જ ઉછેરવી. તેમ બાલાઓને ખોટાં અને વધારે પડતાં લાડ લડાવીને પ્રમાદી અને અવિવેકી પણ ન થવા દેવી જોઇએ. સાસુ અથવા નણંદ ઉપરની રીસ નાનાં બાલકો ઉપર ન કુહાડવી. ઘેર ભણુતી બાલાઓને અમુક સમયે જ, સવારે અથવા સાંજરે, ગૃહકાર્ય શીખવવું અને બાકીનો બધો સમય રમવા અને અભ્યાસ કરવા માટે રૂહેવા દેવો. બાલકોને સ્વચ્છ અને આરોગ્ય રાખવાં અને એમનો સ્વભાવ આનંદી અને સુદૃઢ બને એમ કરવું. સંતાનો સંસ્કારી બનીને, ઉચ્ચ ઉદાત્ત ભાવના રાખતાં શીખે, નીતિને માર્ગે જીવન ગાળવાની પ્રબળ અભિલાષા રાખે, અને ઘરધંધામાં પ્રવીણ બની કુટુંબમાં સર્વને સંતોષ આપતાં શીખે, એવું ચારિત્ર્ય રચવામાં જ માતાના જીવનની સફલતા છે.

પુસ્તકો વાચવા કરતા નવલકથાઓ વાચવા વધારે લોભાય એમા આશ્ચર્ય જેવુ નથી સા। સારા માસિકો અને વર્તમાનપત્રો પણ સ્ત્રીઓને વાચવા મળે એમ ગોઠવણ થવી જોઇએ દુનિયા કેટલી પ્રગતિ કરે છે અને કેમ કરે છે તે સ્ત્રીઓએ પણ જાણવુ આવશ્યક છે

વળી સ્ત્રીઓની દષ્ટિ વિશાળ અનુભવી અને ઉદાર બને માટે એમને પ્રવાસ કરાવવાની પણ જરૂર છે. આપણામા યાત્રા કરવાનો જે રીવાજ પ્રચલિત છે તે ઘણો સારો અને લાભકારક છે. ધર્મની દષ્ટિ રાખી અનેક સુદર પ્રદેશોનુ અવલોકન કરવાથી મનુષ્યને સર્વ શક્તિમાન પ્રભુના ઐશ્વર્યનુ કઇક ભાન થાય છે કુદરતનુ સૌંદર્ય જોઈ મન નવ હૃદય પણ સુદર બને છે એમર્સન કહે છે કે—

'The tradesman comes out of the din and craft of the street, and sees the sky and the woods, and is a mam again, in their eternal calm he finds himself'

ભાવાર્થ 'વેપારી જ્યારે ધમાનમાથી પોતાનો ધધો છોડી ગામ બ્હાર આવે છે, અને આકાશ અને જગલો જુએ છે, ત્યારે તે વેપારી મટી પુન માણસ બને છે એમનાં અખડિત શાતિ સૌંદર્યમા તે પોતાને ઓળખી શકે છે'

વળી પત્નીઓએ ગૃહજીવન શાત અને કલેશ રહિત બને માટે સહનશીલ અને સુશીલ થવા પ્રયત્ન કરવો જોઇએ શ્વશુરગૃહમા અપમાન ખમતા મન મોટુ રાખી ગમ ખાઈ જવી,અને સૌના જુદા જુદા સ્વભાવને પણ શાતિથી અનુકૂળ થઇ જવુ આટલી બધી સહનશીલતા રાખવી એ બહુ અઘરી વાત છે,પણ પોતાના અને પતિના સુખ માટે સહનશીલ થવુ ઘણુ જરૂરનુ છે વિનીત ભાવથી વર્તવામા જે સુખ છે તે ઉછાછળાપણામાં નથી ગમ ખાઈ જવાથી કલેશનુ કારણ જ નિર્મૂળ થાય છે અને સર્વનુ જીવન શાતિમા જાય છે જરાપણ બોલીએ ત્યારે જ સામો પ્રતિધ્વનિ થાયને !

વળી પત્નીએ ઉદ્યોગી રહી વડીલોનુ કામ ઉપાડી લેવુ અને એમની સેવા કરવામાં કોઈપણ જાતનુ હીણપદ નથી એમ સમજી ઘર ધધામા પ્રવૃત્ત રહેવુ વડીલો કદાચ કઠોર અને ઈર્ષ્યાભર્યા વાક્યો કહે તો પણ સહનશીલતા રાખી સામા ન થતાં મધુર અને કોમળ શબ્દો બોલી એમને મ્હાત કરવા પ્રયત્ન કરવો બોલવામા મીઠાશ રાખવાથી સામુ માણસ શરમાઇને વશ થઇ જાય છે ઘરના બધા ધધામા પ્રવીણ થવુ, સ્વાદિષ્ટ રસોઈ બનાવી સર્વને તૃપ્ત કરવા, વડીલો પાસે મર્યાદાથી વર્તવુ, એમને સર્વ વાતે સતોષ આપવો. સૌ ભીગાશથી પ્રિય થઈ પડવા પ્રયત્ન કરવો, અને જરૂર પડે તો લોકાચારની અવગણના કરીને પણ પતિને સુખી અને સતોષી રાખવો એ સર્વ એક સુશીલ પત્નીના ધર્મો છે

૬ પતિના ધર્મો —પત્નીએ પતિને દરેક વિટ્ટમા સહાય આપવી,વિપત્તિમા ધૈર્ય અને આશા આપવા, પ્રાપ્ત સ્થિતમા પતિ સાથે સતોષથી રહેવુ, પતિના વિશ્વાસનુ પાત્ર બનવા પ્રયત્ન કરવો, વળી કરકસરથી ઘર ચલાવતા શીખવુ, પતિના પ્રધાનની પેઠે ઘરની યોગ્ય વ્યવસ્થા રાખવી, ઘરમા મોજ પથી વર્તી, સને સરખા ગણી સતોષ આપી, પતિને જેમ બને તેમ ઘરની ચિતામાથી મુક્ત રાખવો, અને સીતા અને સાવિત્રી જેવુ અગ પતિવ્રત પાળવુ એ સર્વ પત્નીના પતિ પ્રતિ ધર્મો છે પત્નીએ ભુલવુ ન જોઇએ કે

गृहिणी गृहमुच्यते ! પતિએ પણ પોતાના શ્રેયને અર્થે પતિ ધર્મો ચુકવાના નથી. પત્નીને યોગ્ય સ્વતંત્રતા આપી ગૃહના કાર્યભારમાં એની સ્વતંત્ર બુદ્ધિનો ઉપયોગ કરવા દેવો, એનું જીવન ઉન્નત બને એમ એને જ્ઞાન આપવા પ્રયત્ન કરવો, કુટુંબનાં બંધનો અને કલેશમાંથી મુક્ત રાખવી, લોકાચારને વશ થઇ પત્નીને દુઃખ ન પડવા દેવું, અને એક પત્નીવ્રત પાળવું એ પતિના ધર્મો છે. જ્યાં દંપતિ એકબીજાના ધર્મો બરાબર પાળે છે ત્યાં સતત સુખ શાંતિજ હોય છે. મનુ ભગવાન પણ કહે છે કેઃ—

सन्तुष्टो भार्यया भर्त्ता भर्त्रा भार्या तथैव च
यस्मिन्नेव कुले नित्यं कल्याणं तत्र वै ध्रुवम् ॥

ભાવાર્થ—ભર્તા સન્તુષ્ટ ભાર્યાથી, ભાર્યા ભર્તાથી તેમજ,
સદાયે કુલમાં જેહ, ત્યાંજ કલ્યાણ શાશ્વત
—રા. ન્હાનાલાલ.

એકથી વધારે સ્ત્રી કરવાનો કુચાલ ઘણો હાનિકારક હોવાથી એ બંધ પાડવો જોઇએ. આ હાનિકારક રીવાજથી કુટુંબક્લેશ વધે છે અને સર્વનું જીવન અસંતોષમાં અને દુઃખમાં જાય છે. નજીવાં કારણોને લીધે, ઘરમાં શોકયો ભેગી કરી આખું જીવન કલેશમાં ગાળવું એ પુરૂષોની પોતાની જ મૂર્ખાઈ છે. પત્ની જ્યારે પતિ માટે અનેક દુઃખો સહન કરે ત્યારે પતિએ નજીવાં કારણોમાં પણ સહનશીલ ન થવુ એ તો અન્યાયજ છે. વળી ભણેલી અને વિદુષી સ્ત્રીઓએ પોતાના જ્ઞાનનો લાભ અન્ય બ્હેનોને આપવો, એમના અજ્ઞાનને તુચ્છકારી કહાડવા વિના એમને વિદ્યા કલા શીખવાનો યોગ્ય માર્ગ દેખાડવો, અને બની શકે તેટલી મદદ આપવાની કર્તવ્ય બુદ્ધિ રાખવી

વિધવા:—હિંદુ સ્ત્રી-સંસારમાં પત્નીની શી સ્થિતિ છે તે જોયા પછી વિધવાઓની સ્થિતિ જોઇ જઇએ. હિંદુ સંસારમાં વિધવાઓનું જીવન બાલા અને પત્નીના જીવન કરતાં કોઇ રીતે સારૂં નથી. ઉલટું વધારે ખરાબ છે. બાળ લગ્નની અનિષ્ટ રૂઢિથી ઘણી સ્ત્રીઓ બાળવિધવા થાય છે અને આખું જીવન પરાધીનતામાં અને કલેશમાં ગાળે છે. હિંદુ સંસારમાં વિધવાનું જીવન નિરૂપયોગી અને ભારરૂપ ગણાય છે. વિધવાને માથે અનેક વિપત્તિઓ અને ચિંતા હોય છે. પતિ ગરીબ અવસ્થામાં જ્યાં કોઈ મુકીને ગયો હોય તો વિધવાને બહુજ દુઃખો સહન કરવાં પડે છે. કેટલાંક દુષ્ટ રૂઢિબંધનોને લીધે વિધવાઓને ઉચ્ચ જીવન ગાળવામાં અનેક પ્રતિબંધો નડે છે. એમને માંગલિક પ્રસંગોમાં નકામી અને અપશુકનીઆળ ગણવામાં આવે છે. વિધવાઓ તરફ દયા કે સન્માનની લાગણીને બદલે ધિક્કારની લાગણીથી જોવાય છે અને ઘરમાં બે વખત રોટલા ખાવા માટે આખો દિવસ ઘરનું બધું વૈતરૂં કરવું પડે છે. વળી નીચ કુટુંબોમાં કુલીન વિધવાઓને નિરંતર એમના શરીરનો ભય રહે છે. વળી કેટલીક બાલવિધવાઓ વાસના ન રોકી શકવાથી લજ્જાનો ત્યાગ કરી દુરાચારને માર્ગે પણ જાયછે.

इंद्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवांभसि

ભાવાર્થઃ—ભમતી ઇન્દ્રિયોમાંથી, મન જેની પૂંઠે ભમે,
તે હરે બુદ્ધિને જેમ, નીરમાં વાયુ નાવને.

—રા. ન્હાનાલાલ.

વિધવાઓ આમ દુરાચારને માર્ગે જાય છે તેનું કારણ એ છે કે એમની આસપાસ નીતિના કિલ્લા હોતા નથી, અને એમને પરોપકાર અને સેવામાં જીવન ગાળી શકે એવી અનુકૂલતા કરી આપવામાં નથી આવતી. વિધવાઓને આડે માર્ગે જવાનો પ્રસંગ જ ન આવે એવી એમની જીવનવિધિ હોવી જોઇએ.

અવિભક્ત કુટુંબની સંસ્થાઃ—અવિભક્ત કુટુંબની સંસ્થાથી હિંદુ સમાજને એક લાભ એ છે કે અનેક નિરાધાર વિધવાઓ, સાસરે કે પિયર, ધક્કા ખાઇને પણ પોતાનો નિર્વાહ કરી શકે છે, અને તેથી સમાજને ભારરૂપ નથી થઇ પડતી. જો કુટુબમાં બધાં ઉદાર મનનાં અને કુલીન હોય છે તો તો વિધવાનું જીવન સંતોષકારક રહે છે, નહિ તો આખું જીવન કલેશમાંજ જાય છે કમાનાર પુરૂષમાં વિધવાને સુખી કરવાની વૃતિ હોય છે છતાં પણ સ્રીઓથી ઘરમાં ઘણો અન્યાય થાય છે. વળી કમાનાર પુરૂષ એક હોય છે અને બધાંને યથાશક્તિ પોષે છે, છતાં ઘરમાં પૈસાની લુંટાલુંટ અને ચોરીઓ નીચ બુદ્ધિની સ્ત્રીઓ કરે છે. માતાઓને પુત્રીનાં ઘર ભરવાની તૃષ્ણા હોય છે એટલે ગમે તેવાં પાપ કર્મો કરતાં અચકાતી નથી. ગૃહજીવનનો આનંદ તો આપણે અત્યારે શૂન્ય જ દેખીએ છીએ. અવિભક્ત કુટુંબની સંસ્થા જો કલેશ રહિત અને શુદ્ધ સ્નેહમય બને તો કંઇ એટલી બધી દોષિત નથી.

વિધવાઓની સ્થિતિ સુધારવાનો ઉપાયોઃ—વિધવાઓની આ સ્થિતિ સુધારવા માટે કેટલાક સંસાર સુધારકો પુનર્લગ્ન કરવાનું કહે છે અને ઘણા આ વિષયમાં તટસ્થ જ રહ્યા છે. કેટલાક સ્મૃતિકારો પુનર્લગ્ન કરવાનું ડોકી હોકીને કહે છે અને કેટલાક એ મતના છે કેઃ—

પ્રેમ-લગ્નની વિધવાને પુનર્લગ્ન સમું પાપ નથી,
દેહ-લગ્નની વિધવાને પ્રેમ-લગ્ન સમી મુક્તિ નથી.

વસન્તોત્સવ.

આપણે આ વાદગ્રસ્ત વિષયમાં ન ઉતરતાં વિધવાઓની આવી શોચનીય સ્થિતિ સુધારવાના શા શા ઉપાયો છે તે જોઇએ. વિધવાઓનો તિરસ્કાર કરવાને બદલે, એમને પોતીને રખડતી રહેવા દેવાને બદલે જો એમનું જીવન ધાર્મિક બનાવવાને પ્રયાસો કરવામાં આવે તો તે ઇષ્ટ છે. એમનું અધમ ગણાતું જીવન સમાજને બહુજ ઉપયોગી થઈ પડે એમ છે. એમની અવગણના કરવાને બદલેએમને માટે કર્વેના વિધવાશ્રમો જેવા અનેક આશ્રમો સ્થાપવામાં આવે તો તે લાભકર્તા થઈ પડે એમાં સંશય જેવું નથી. વિધવાઓની બુદ્ધિ પરોપકારી બનાવવામાં આવે તો એ સમાજની અને દેશની ઉત્તમ સેવિકાઓ બની શકે. જનસેવા કરવાથી, ગરીબોને સહાય આપવાથી, અને કર્તવ્ય-પરાયણ રહેવાથી એમના દુઃખનો ભાર ઓછો થશે અને એવી સેવિકાઓથી અનેક અનાથો સનાથ બનશે. આપણી પાસે ફ્લોરેન્સ નાઇટિંગેલ, સીસ્ટર નિવેદીતા, દેવી અઘોર કામિની જેવી અનેક સેવિકાઓના દાખલા. સેવિકાએ અનાથોનું કેટલું ભલું કરી

શકે છે એ દેખાડવાને મોજુદ છે. સધવાઓની સેવાવૃત્તિ પતિ અને કુટુંબની સેવા કરવામાં સમાપ્ત થાય છે. પણ શક્તિમતી વિધવાઓનું કર્તવ્ય-ક્ષેત્ર સમાજની અને દેશની સેવા કરવા માટે ઉઘાડું છે. અનાથની નિસ્વાર્થ વૃત્તિથી સેવા કરવી, ગરીબોને સહાય થવું, અને દુઃખીનાં દુઃખ ટાળવા પ્રયત્નો કરવા, એનાથી ઉચ્ચ અને પવિત્ર ધર્મ બીજો શો હોઇ શકે? કર્વેના વિધવાશ્રમ જેવા અનેક આશ્રમો ઠેકાણે ઠેકાણે સ્થાપવા, વિધવાઓ એ આશ્રમોનો લાભ લઇ શકે એવી વ્યવહારિક યોજના ઉપર ચલાવવા, એમાં એમને ધર્મ અને નીતિનું સંગીન જ્ઞાન આપવું અને એમનું હૃદય પરોપકારી બની સેવાધર્મ સ્વીકારે એવા ઉપદેશો આપવા, એજ એમની ઉન્નતિ કરવાનો સચોટ માર્ગ છે. આત્મભોગ આપી દુઃખીની આંતરડી ઠારવામાં જે પુન્ય અને પ્રભુતા રહ્યાં છે તેના સમર્થનમાં પાશ્ચાત્ય કવિ **ડારવીન** ખરૂંજ કહે છે કે:—

> No radiant pearl which crested fortune wears,
> Nor rising sun, that gilds the vernal morn,
> Shine with such lustre as the tear that flows,
> *Down virtue's manly cheek for other's woes.*
>
> Darwin.

ભાવાર્થ.—રાજવંશી મુકુટમાં તેજસ્વી મૌકિતક ઓપતાં,
નભમાં વસન્ત પ્રભાત કાલે સૂર્ય કિરણો શોભતાં,
તેથી વધારે અશ્રુ-બિન્દુ દુઃખી જનના ભાગમાં
અનુકમ્પથી સરતાંય તે મૃદુ ગાલ ઉપર ચળકતાં.

વળી વિધવાઓ પોતાનું જીવન સારી રીતે ગાળી શકે એટલા માટે એમને અનેક પ્રકારના ઉપયોગી હુન્નરો અને કલાઓ શીખવવાં જોઈએ. નાના નાના હુન્નરો આવડતા હશે તો તેઓ સ્વાશ્રયી બની ઓછી પરાધીન થશે અને પોતાનું, પોતાના બાળકોનું અને પોતાના દેશનું ભલું કરી શકશે. શ્રીમંત વિધવાઓએ પોતાની ગરીબ બ્હેનોને દરેક પ્રકારે સહાય આપવી અને એમનો ઉદ્ધાર કરવા પ્રયત્ન કરવો. પાશ્ચાત્ય દેશોમાં વિધવાઓ પોતાનું જીવન ઘણી સારી રીતે ગાળે છે. કોઈ જાત જાતના હુન્નરો કરી પોતાનું જીવન સ્વતંત્ર ગાળે છે, કોઇ ગરીબોને સહાય કરવા ગામેગામ ભટકે છે, કોઇ આરોગ્ય ગૃહોમાં (Hospitals) માંદાની સારવાર કરવામાંજ જીવન પુરૂં કરે છે, કોઇ કોઇ દુકાળ જેવા પ્રસંગોને માટે ફંડો ઉઘરાવવા ફરે છે, કોઈ કેદીઓનું ભવિષ્યનું જીવન સુધરે એવા ઉપાયો કરે છે અને ફ્લોરેન્સ નાઇન્ટીન્ગેલ જેવી કોઈ કોઇ સેવા-ભગિનીઓ તો લડાઈમાં ઘાયલ થયલા સૈનિકોની સારવાર કરી એમનું દુઃખ ઓછું કરવામાં, એમને આશ્વાસન આપવામાં જ આખું જીવન ગાળે છે-તદર્થે સ્વાત્માર્પણ કરે છે. આવી વિધવાઓ અનેક આંતરડીની આશીષ લઇ સુખી અને સંતોષી જીવન ગાળે એમાં આશ્ચર્ય નથી. હિંદુ વિધવાઓ શું આવું પરોપકારી જીવન ન ગાળી શકે? જો ખોટાં રૂઢિબંધનોનો અને વધારે પડતા લોકાચારનો ત્યાગ કરે તો આવી રીતે તેઓ જનસેવા કરી શકે એમા સંશય નથી.

ઉપસંહારઃ—હિંદુ સંસારમાં બાલાનું, પત્નીનું અને વિધવાનું જીવન કેવું શોચનીય અને નિરસ છે તે જોઇ ગયા પછી એ બધાનો ઉપસંહાર કરી જઇએ. રૂઢિ બંધનોને લીધે, સ્ત્રીઓને ન ભણાવાય એવી માન્યતાને લીધે, સંયુક્ત કુટુંબમાં કલેશમય જીવન હોવાને લીધે અને સર્વત્ર રૂઢ થઇ ગયલા આચાર વિચારોને લીધે, આપણે પ્રગતિ કરી શકતા નથી. આપણા દેશની ઉન્નતિમાં આપણો ભાગ આપી શકતા નથી. બાલાઓની અસંતોષકારક કેલવણીને લીધે, પત્નીની શોચનીય સ્થિતિને લીધે, અને વિધવાની રડાવે એવી અવસ્થાને લીધે આપણી અધોગતિ થઇ છે. હવે પાશ્ચાત્ય કેલવણીના સંસ્કારો પડવાથી નવા અને જુના વિચારો વચ્ચે તુમુલ યુદ્ધ જાગ્યું છે. જુના વિચારનો—અણુકેળવાયલો—વર્ગ અસ્ત પામ્યા પછી થોડાંક વર્ષોમાં ઘેરે ઘેર નવીન ભાવનાવાળું જીવન થતું જોવામાં આવશે. આપણી બધી રૂઢિઓ કંઈ ખોટી નથી. આપણાં શાસ્ત્રો આપણને યોગ્ય માર્ગે લઈ જઇ શકે એમ છે, છતાં પણ દેશ કાલને અનુસરી આપણી જીવનવિધિ બદલવાની જરૂર છે. આપણે પાશ્ચાત્ય રીતિએ જીવન ગાળવાનું નથી, પણ સમયને અનુસરી સર્વમાંથી તત્ત્વ ગ્રહણ કરી જીવનવિધિ સુંદર સાત્વિક અને ઉન્નત બનાવવા માટે અવિરત પ્રયત્નો કરવાના છે. આપણા પ્રાચીન આશ્રમો ઉન્નતિ બાધક અને સમાજને શ્રાપરૂપ હતા એવું માનનારા તો કેવલ ભુલજ કરે છે. આપણી અવનતિ આ પ્રાચીન આશ્રમોમાંથી નથી થઇ, પણ રાજ્યનાં પરિવર્તનો થવાને લીધે, પરધર્મી રાજ્યોના ત્રાસને લીધે, સમાજનાં બંધનો ઢીલાં થઇ જવાને લીધે, અનેક હાનિકારક રૂઢિઓ અને રીતરીવાજો આપણામાં પેસી જવાને લીધે આપણી આ અવસ્થા થઇ છે. પ્રાચીન સમયમાં જ્યારે દરેક વ્યક્તિ પોતપોતાના આશ્રમ ધર્મો પાળતી હતી, પુખ્ત વયમાં આવતા સુધી બ્રહ્મચર્ય પળાતું હતું, પછી ગૃહસ્થાશ્રમ મંડાતો હતો ત્યારે દેશ કેવો સમૃદ્ધ અને સુખી હતો!

બાલાઓને યોગ્ય કેળવણી આપી સારા સંસ્કારો પાડી, મનની સાથે તન કેળવી, એમનું ચારિત્ર ઉચ્ચ અને મનોહર બનાવી આ સંસાર સાગરમાં મુકી હોય તો ગૃહસ્થાશ્રમ સુખી અને આનંદી નીવડે છે. આપણે ભુલવું ન જોઇએ કે બાલા ભવિષ્યની પ્રજાની માતા થવાની છે, અને એ પ્રજા માતાની અનુરૂપ અને અનુગુણ બનવાની છે. છોકરીને ભણીને કયાં કમાવા જવું છે એવા વિચારોને દેશવટો આપીને એમની બુદ્ધિનો વિકાસ કરવા અનેક પ્રયત્નો કરવા એ માતા પિતાનો પવિત્ર ધર્મ છે. કવિ ભવભૂતિ ખરૂં જ કહે છે કેઃ—

> शिशुत्वं स्त्रैणं वा भवतु ननु वंद्यासि जगतो
> गुणाः पूजास्थानं गुणिषु न च लिंगं न च वयः॥
>
> उत्तरराम चरितम्.

પત્નીને જ્યારે કુટુંબબંધનોમાંથી યોગ્ય રીતે મુક્ત કરવામાં આવશે, યોગ્ય સ્વતંત્ર્ય આપવામાં આવશે, એનામાં સહનશીલતા અને સુશીલતા આવશે, ખોટું કરતાં સારા કામો જોવાનો ઉત્સાહ વધશે, એના ઉપર કેલવણીના સંસ્કારો પાડવામાં આવશે અને જ્યારે એની આંખમાં ઇર્ષ્યાને બદલે સ્નેહનાં અંકુરો સ્ફુરશે ત્યારેજ ગૃહ જીવન મધુરું ...શે. પત્ની જો પોતાના કર્તવ્ય ધર્મો સમજતી થશે તોજ સંસાર સ્વર્ગરૂપ બનવા

સંભવ છે. પતિ પણ જ્યારે પત્નીની તરફ માનની લાગણીથી જોતાં શીખશે, એને સહચારીણી ગણશે, ત્યારે દંપતિ જીવન ઉંચા પ્રકારનું બનશે. દંપતિમાં જ્યારે મોહને બદલે ઉચ્ચ સાત્વિક માનસિક પ્રેમ વસશે, હૃદયો એકબીજામાં ઓત પ્રોત થઈ જશે ત્યારે જ જીવન શાંત ઉત્સાહિ અને મધુરૂ થશે. પત્નીઓ જો નવરાશના સમયમાં કુટુંબમાં કલેશનાં બીજ રોપવાને બદલે વિદ્યા કલા શીખવામાં સમયનો સદુપયોગ કરશે તોજ પત્ની જીવન વધારે ઉપયોગી બનશે ઘરમાં સાસુ નણદો પુત્રવધુ તરફ સ્નેહ દૃષ્ટિ રાખતાં શીખશે તો કુટુંબ કલેશ નાશ પામશે અને કલેશને સ્થાને હૃદયની ખરી લાગણી વસશે. આપણી હિંદુ સ્ત્રીઓ, પ્રાચીન આર્ય સ્ત્રીઓની પેઠે પુનઃ ઉચ્ચ આદર્શરૂપ જીવન ગાળે, પતિ હૃદયની રસલતાઓની પોષક બની એ લતાઓને પુષ્પવતી અને પરાગવતી કરવા અને આપણી જીવનવિધિમાં પુનઃ નવું ચેતન મુકવા શક્તિમતી બને-ટુંકમાં વિદ્યાચતુરની ગુણીયલ જેવી બને-એજ આ હૃદયની પ્રભુ પાસે સતત પ્રાર્થના છે.

વિધવાઓનું જીવન જ્યારે કલ્યાણકારી અને પુનિત ગણાશે, એમની તરફ સન્માનની લાગણીથી જોવાશે, નિરાધાર વિધવાઓ માટે આશ્રમો ઉઘાડી એમનું જીવન પરોપકારમય બને એવા પ્રયત્નો થશે અને જ્યારે એમની જીવનવિધિ ધર્મ અને નીતિના સંગીન પાયા ઉપર રચવામાં આવશે ત્યારે જ એમની આશીષો લઇ આપણે આપણો અને આપણા દેશનો ઉદય કરી શકીશું. અસ્તુ. બાળલગ્નનો હાનિકારક રીવાજ કહાડી નાંખી, બ્રહ્મચર્યનો પુરાણો પણ પુનિત આશ્રમ ધર્મ પાળી, સંસાર સાગરમાં તરવા માટે ઝંપલાવીશું તો ભયંકર તોફાનો નહિ નડે વિધિ બળે નડશે ત્હોએ પ્રમાણમાં બહુજ થોડાં અને નાનાં. બાળલગ્નનો ઉન્નતિબાધક રીવાજ કહાડી નાંખવાથી દેશમાં બાળ વિધવાનું પ્રમાણ બહુજ ઘટશે અને બાળવિધવાઓના છાના નિશ્વાસો ઓછા થવાથી એટલા પ્રમાણમાં તો આપણા દેશોદયના ધર્મ્યકાર્યમાં આપણને અનુકૂલતા થશે વિધવાઓ જો સેવા ધર્મનો સ્વીકાર કરી ગરીબ વર્ગનો ઉદ્ધાર કરવા પ્રયત્નો કરશે તો સમાજની ઉન્નતિ દૂર નથી.

પુનઃ આપણા દેશને સીતા અને સાવિત્રી જેવી સતીઓ, ગાર્ગી, મૈત્રેયિ અને લિલાવતી જેવી વિદુષીઓ અલંકૃત કરો એવી સર્વ શક્તિમાન્ પ્રભુ પાસે પ્રાર્થના છે. આપણો ધર્મ એ છે કે આપણો સંસાર સુધારવા આપણે મનુષ્ય પ્રયત્નો કરવામાં પાછી પાની કરવી નહિ. કારણ કેઃ—

> "The trearures of the deep are not so precious,
> As are the concealed comforts of a man;
> Locked up in woman's love I scent the air,
> Of beessings when I come but near the house.
> What a delicious breath marriage sends forth;
> The violet bed's not sweeter."
>
> Middleton.

પુનાની મહિલાપરિષદ્‌નાં પ્રમુખપદેથી સૌ. વિદ્યાગૌરી રમણભાઇ નીલકંઠ. (બી. એ.) નું ભાષણ.*

સન્નારીઓ,

આજની સભાનું અધ્યક્ષસ્થાન મને આપ્યું છે તે માટે હું આપ સહુની આભારી છું. એ સ્થાનને યોગ્ય કાર્ય મારાથી થઇ શકશે નહીં તેમ જ પુના શહેરમાં એ સ્થાનનું કાર્ય વધારે સંતોષકારક રીતે કરે એવી સન્નારીઓ છે તે હું જાણું છું. તે છતાં આપની ઇચ્છાને અનુકૂળ થવું અને આપણી બહેનોની ઉન્નતિના કાર્યમાં આપ કહો તે રીતે મારે ભાગ લેવો એવી મારી ફરજ સમજું છું.

પ્રથમ તો હું મરાઠી ભાષામાં વ્યાખ્યાન નહીં કરી શકું તે માટે તમારી માફી માગું છું. મરાઠી ભાષામાં વ્યાખ્યાન કરી શકત તો જેટલું તમારી સાથે વિચારમાં મારૂં ઐક્ય છે તેટલું શબ્દમાં પણ થાત. હું આશા રાખું છું કે એવો સમય પણ આવશે કે મહારાષ્ટ્ર અને ગુજરાતની સ્ત્રીઓ એક બીજાની ભાષા બોલી શકશે તથા આવાં સંમેલનો તે પુરવો તેમ જ સ્ત્રીઓમાં પ્રાન્તીય ભાષાનું જ્ઞાન વધારવામાં સહાયભૂત થશે. હિંદુસ્તાનની મુખ્ય પ્રાન્તીય ભાષાઓ તે હિંદવાસીઓના શિક્ષણનો ભાગ હોવો જોઇએ. આ પ્રમાણે મરાઠી ભાષાના અજ્ઞાનથી અશક્ત હોઈ અંગ્રેજી ભાષામાં આપ સમક્ષ બોલીશ.

સન્નારીઓ, આપણા દેશની સ્ત્રીઓનુ હિત કેવી રીતે સાધી શકાય તથા તેઓ પ્રજાના ઉત્કર્ષનાં કાર્યોમાં કેવે પ્રકારે સહાયભૂત બની શકે તે બાબત પર વિચાર કરવા આપણે અત્રે એકત્ર થયા છીએ. એક વખત એમ પણ મનાતું હતું કે ઘર બહાર, દેશને લગતા બીજા વિષયોમાં આપણે કર્તવ્યનું સ્થાન જ નથી. સુભાગ્યે તેની માન્યતા હવે રહી નથી અને દેશોન્નતિનાં કાર્યોમાં સ્ત્રીઓની સહાયતાની જરૂર મનાઈ છે એટલુ જ નહીં પણ તે કાર્યોમાં સ્ત્રીઓ વિના ચાલે તેમ જ નથી એમ માનવામાં આવે છે. આ પરિણામનાં બે કારણો છે. સ્ત્રી જાતિની પદવી વિષે ઉચ્ચ વિચારો દાખલ થયા છે તે એક કારણ, અને આપણામાંની કેટલીક બહેનોએ લોકહિતનાં કાર્ય આદર્યું છે તે બીજું કારણ છે. જે વેળાએ આવાં કાર્ય કરવા સ્ત્રીઓ યોગ્ય નહ જતેમ સામાન્ય અભિપ્રાય હતો તે વેળા તેવાં કાર્યોનો આરંભ કરી લોકકલ્યાણની ભાવના અને હિંમત બતાવી તે કરવામાં તેઓએ પોતાની લાયકાત સિદ્ધ કરી આપી છે.

આપણું પોતાનું હિત સાધવા માટે તેમ જ દેશની પ્રગતિનાં સાધનોમાં આપણું યોગ્ય સ્થાન લેવા માટે ઉત્તમ તૈયારી શિક્ષણ છે. આપણા દેશમાં સ્ત્રીશિક્ષણ ઘણું પછાત છે, તથાપિ હાલમાં સર્વત્ર જે શુભ ચિન્હનો દેખાય છે તે પરથી માલમ પડે છે કે પુરુષોના શિક્ષણ જેટલી જ સ્ત્રીઓના શિક્ષણની આવશ્યકતા સ્વીકારવામાં આવે છે,

* આ ભાષણ મૂળ અંગ્રેજીમાં હતું, તેનું ગુજરાતી ભાષાન્તર "વસન્ત" માટે સૌ. વિદ્યાગૌરીએ પોતે કરી આપ્યું છે. આ પત્રમાં તે પ્રકટ કરવાની અનુકૂળતા કરી આપવા માટે ત્હેના તંત્રીજીનો અમે ઉપકાર માનીએ છીએ. તંત્રિ, સુ. સુ.

તથા તેમાં સંગીન વધારો થતો જાય છે. મુંબાઇ ઇલાકાના ત્રણ પ્રાંતો–સિંધ, ગુજરાત અને દખણ–માં હિંદુ સ્ત્રીઓની કેળવણીમાં દખણ સહુથી વધારે આગળ વધેલું છે. વળી મારે એટલું ખાસ કહેવું જોઈએ કે દક્ષિણની સુશિક્ષિત સ્ત્રીઓએ પોતાના જીવનની સાદાઈ, દઢનિષ્ઠા, તથા ઉચ્ચતા વડે હિંદની સ્ત્રીઓના શિક્ષણથી ખરા મહત્ત્વની પ્રાપ્તિ કેવી શક્ય છે તે સિદ્ધ કરી બતાવ્યું છે.

આપણા દેશમાં સ્ત્રીઓના શિક્ષણનો હજી ઘણો વિકાસ કરવાની જરૂર છે અને તેમના શિક્ષણનાં સાધન વધારવાને તેમજ જે સાધનો છે તેનો લાભ લેવા માટે હજી ઘણું કરવાનું છે. દરેક ગામડામાં તથા શહેરોના દરેક ભાગમાં પ્રાથમિક કન્યાશાળાઓની જરૂર છે. તે વડે સ્ત્રીશિક્ષણની આવશ્યકતા સમજનારને પ્રાથમિક શિક્ષણ મળી શકે અને તે ન સમજનારને તેની જરૂરીઆત માલમ પડી શકે તેમ છે. સરકારે પ્રાથમિક શિક્ષણ વધારવાને મોટી યોજનાઓ કરી છે અને તેમાં કન્યાઓની શાળાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે એ કબુલ કરવું જોઇએ. આ પ્રકારની શિક્ષણ સંબંધી યોજનાઓથી આપણે માથે નવી જવાબદારી ઉભી થાય છે. તે એ કે નિશાળે જઇ શકે તે ઉમરની છોકરીઓને નિશાળે મોકલવાનું તેમનાં માબાપને સમજાવી જેમ બને તેમ શિક્ષણ લેનાર કન્યાઓની સંખ્યામાં વધારો કરવો.

પરંતુ પ્રાથમિક શાળાઓની સંખ્યા વધે તેટલાથી જ સ્ત્રીશિક્ષણનો કાર્યક્રમ સમાપ્ત થતો નથી. પ્રાથમિક શિક્ષણથી આગળ શિક્ષણ વધારવું જોઇએ, કારણ કે શિક્ષણની મર્યાદા બાંધી શકાય તેમ નથી, તેમ તે બાંધવી જોઇએ પણ નહી. સ્ત્રીઓનું શિક્ષણ સામાન્ય રીતે પહેલ પગથીએથી જ એટલે પ્રાથમિક શિક્ષણથી સમાપ્ત કરવામાં આવે તો એ શિક્ષણની વાસ્તવિકતા રહે જ નહીં. સ્ત્રીને ઘરમાં પુત્રી,બહેન, પત્ની અને માતા તરીકે જે કર્તવ્યો બજાવવાનાં છે તેને માટે તથા ઘર બહાર દેશના અંગ તરીકે જે ફરજો તેને બજાવવાની છે તેને માટે ઉદાર કેળવણીથી પ્રાપ્ત થતી બુદ્ધિની સંપત્તિની જરૂર છે. તેથી દરેક મોટા શહેરમાં મધ્યમ શિક્ષણની શાળાઓ તેમજ હાઈસ્કુલો કન્યાઓને માટે જોઇએ. જ્યાં એવાં શિક્ષણનાં સાધનો છે ત્યાં વધારે ને વધારે કન્યાઓ તેનો લાભ લે છે. અને એ સંબંધમાં લોકમત હાલ એવી સ્થિતિએ આવી પહોંચ્યો છે કે કન્યાઓ માટે અગ્રેજી સ્કુલો દેશમાં સર્વત્ર ખોલવામાં આવે તો તેમનું શિક્ષણ એકદમ આગળ વધે. આ સાધનની જરૂરીઆત બહુ અગત્યની છે એમ સરકારની સમક્ષ મુકાવું જોઇએ. છોકરીઓને માટે જે વિષયો ખાસ જરૂરના છે તે તેમના શિક્ષણક્રમમાં આવવા જ જોઇએ.

તે જ પ્રમાણે આર્ટસ તથા મેડીકલ કોલેજોમાં શિક્ષણ લેતી કન્યાઓની સંખ્યા દિન પ્રતિદિન વધતી જાય છે, અને તે બંને માટે સ્ત્રીઓની ખાસ કોલેજો જોઇએ એમ સૂચના પણ વારંવાર કરવામાં આવે છે.જુદી કોલેજોના વિષયમાં કાંઇક મતભેદ છે તથાપિ કોલેજોમાં શિક્ષણ લેતી બાળાઓને રહેવા માટે સારી હોસ્ટેલોની, જ્યાં તેઓ સારા સહવાસમાં રહી શકે તેવી સગવડની ખાસ જરૂર છે.

જે સ્ત્રીઓ નાનપણમાં 'શાળામાં પુરતું શિક્ષણ ન લઇ શકી હોય તેમને માટે (તેવાંઓની સંખ્યા હજી કેટલાક વખત સુધી મોટી રહેશે.) 'હોમ–કલાસીસ' એટલે ઘેર શિખ-

વવાના વર્ગ અને 'વર્ક–ક્લાસીસ' અર્થાત્ હુન્નરકળા શિખવવાના વર્ગ ઘણે ઠેકાણે કાઢવામાં આવ્યા છે અને તેમાં સારૂં કામ થાય છે. આવી સંસ્થાઓનો વધારો થવો જોઇએ અને શિક્ષણ પામેલી સ્ત્રીઓને લોકહિત કરવાની પ્રવૃત્તિનું સાધન એ સંસ્થાઓ બનવી જોઇએ. જે જે સુધારણા દાખલ કરવાની આપણે ઇચ્છા રાખતાં હોઇએ તે સર્વનો પાયો શિક્ષણ છે અને તેથી જ તે સંબંધે આટલું કહેવામાં આવ્યું છે.

શિક્ષણ પછી લગ્નનો પ્રશ્ન આપણે વિચારીએ. આપણા દેશમાં દુર્ભાગ્યે કાંઇક સૈકાથી લગ્ન સંબંધી ખોટા વિચાર દાખલ થઇ ગયા છે અને તેનાં અત્યંત અનિષ્ટ પરિણામ થયાં છે. લગ્નની આ ભૂલ ભરેલી પદ્ધતિને લીધે સ્ત્રીજાતિને વધારે દુઃખ ખમવું પડ્યું છે. તેમનો શારીરિક તથા માનસિક વિકાસ અટકી પડે છે, તેમનાં સ્ત્રીત્વનું ગૌરવ છુંદાઇ જાય છે,મનુષ્ય તરીકેના તેમના હક નષ્ટ થાય છે અને તેમની પદવી પશુ સરખી બને છે. બાળલગ્ન, બાળપણમાં માતૃત્વ, કન્યાવિક્રય, નાની કન્યાઓનાં ઘરડા વર સાથે લગ્ન, ફરજીઆત વૈધવ્ય, અનેક પત્ની સાથે લગ્નઃ આ સર્વ અને એવી બીજી રૂઢિઓથી સ્ત્રીઓ પર નિર્દયતા અને અનેક અન્યાય પ્રવર્ત્યા છે. એ રૂઢિઓને પરિણામે લગ્નના વિષયમાં સ્ત્રી જાતિના સુખ તરફ કેવળ બેદરકારી થઇ ગઇ છે. આ કૃત્રિમ, અમાનુષી અને અનિષ્ટ પદ્ધતિના ફળ રૂપે પ્રજાની જે અધોગતિ થઈ છે તે એટલી સુવિદિત છે કે આ સ્થળે તેનું વર્ણન કરવાની જરૂર નથી. પ્રાચીન કાળની લગ્ન સંબંધી તથા સ્ત્રીઓની પદવી સંબંધી ઉચ્ચ ભાવના કેવળ ભૂસાઇ ગઇ છે, અને આપણા સંસારની જે ગાઢ અવનતિ થઇ છે તેનો વિચાર કરતાં ખેદ થાય છે. સુભાગ્યે અર્વાચીન સમયની કેળવણીની શરૂઆતની સાથે આપણા દેશીઓની આંખ ઉઘડી છે અને આવાં અનિષ્ટ દૂર કરવા સારૂ સંસાર સુધારાની સંસ્થા શરૂ થઇ છે. તેના પરિણામમાં ધીમેધીમે સુધારો થતો આવે છે અને લગ્નની બાબતમાં પરણનાર વરકન્યાનું સુખ તે પ્રથમ વિચારવાની બાબત છે, એ સહેલી પણ ભૂલી જવામાં આવેલી વાતની વાસ્તવિકતા સ્વીકારવામાં આવે છે.

સંસાર સુધારાની સંસ્થાએ જે કાર્યક્રમ શરૂ કર્યો છે તે આપણને આદરણીય છે અને સંસાર સુધારા સમાજમાં જે ઠરાવો વખતોવખત પસાર થયા છે તેમાં આપણી સંમતિ છે. એક જરૂરી બાબતમાં સુધારો સ્પષ્ટ રીતે થએલો છે અને તે જોઇને આપણને સંતોષ થાય છે. છોકરા અને છોકરીના લગ્નની ઉમરમાં વધારો થાય છે, એ નિર્વિવાદ છે. એકવાર એવું મનાતું કે પંદર સત્તર વરસનો છોકરો પરણ્યો ન હોય તો તેના કુટુંબની આબરૂ ઓછી ગણાય અને દસ વરસ પહેલાં છોકરી ન પરણાવી હોય તો તેનાં માબાપ દોષમાં પડે. હવે આ ઉમર પછી ઘણે વખતે લગ્ન કરવામાં આવે છે અને જે ફેરફાર એકવાર હેબતાવી નાંખનારો ગણાતો તે સામે હવે કોઇ વિરોધ પણ દર્શાવતું નથી. ગઈ કાલની સંસાર સુધારા સમાજની બેઠકમાં પસાર થએલા ઠરાવમાંનું લગ્ન વખતે છોકરાની ઉમર ઓછામાં ઓછી એકવીસ વર્ષની અને છોકરીની ઉમર ઓછામાં ઓછી સોળ વર્ષની રાખવાનું ધોરણ વ્યવહારમાં મુકતાં ઘણી મુશ્કેલી પડે તેમ નથી. આ ઠરાવને આપણી તરફથી પૂર્ણ અનુમોદન મળવું જોઇએ. આ સ્થળે આપણે યાદ રાખવું જોઇએ કે વર્ષોનાં વર્ષો સુધી અનિષ્ટ અને બુરા રીવાજોનું અનુસરણ કરવાથી તે રીવાજો માટે

પ્રીતિ ઉત્પન્ન થાય છે, અને સ્ત્રીજાતિ, કેળવણી ન પામવાને લીધે એ રીવાજથી જે નુકસાન તેમને પોતાને થાય છે તથા જે ખરાબ પરિણામ આવે છે તે જોઇ શકતી નથી અને એ રીવાજને કાયમ રાખવા માટે સ્ત્રીઓ જ આગળ પડે છે ! આ બાબતની સુધારણા માટે સ્ત્રીઓ તરફથી વિરુદ્ધતા દર્શાવવામાં આવે છે તેમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી એ આ પરથી જણાશે. તે માટે સસાર સુધારો લોકપ્રિય કરવાની તેમજ પુરૂષોને એ કાર્યમાં સહાયતા કરવાની આપણી જવાબદારી આપણે સ્ત્રીઓએ સમજવી જોઇએ.

લગ્નની પદ્ધતિને લગતો એક જુનો રીવાજ છે જે હાલના સમયમાં વધારે દૃઢ થવાનો સંભવ છે અને તે માટે સાવચેતી લેવાની તેમજ તેના સામા થવાની જરૂર છે. લગ્ન વખતે વર તરફથી કન્યાનાં માબાપ પાસે નાણાંની ભારે રકમો માગવાના રીવાજ વિશે મારૂં આ કહેવું છે. હાલમાં બંગાળામાં બે છોકરીઓએ, પોતાનાં માબાપ તેમને માટે આ પ્રમાણે પૈસા ખરચવા અશક્ત હોવાથી, બળી મરીને આપઘાત કરેલા તે દૃષ્ટાંત આપણી આગળ તાજાં જ છે. આત્મહત્યા એ નિન્દ્ય વર્તન છે, પરંતુ આ ખેદકારક અને દયાજનક બનાવો 'હુંડા' અથવા પહેરામણીને નામે પ્રચલિત થયેલા રીવાજ પર ભડકા પેઠે પ્રકાશ પાડી તેનું ઘોર સ્વરૂપ પ્રકટ કરે છે; આગળના જમાનામાં આ દુષ્ટ રીવાજ કુળના ઓઠા તળે પ્રવર્તમાન હતો; હાલ, લગ્નની ગોઠવણમાં ભણેલા વરની કીંમત વધારે અંકાય છે તે કારણથી એ રીવાજે જોર પકડયું છે. પોતાની છોકરી માટે સુશિક્ષિત વર મેળવવાની માબાપની ઇચ્છા સ્વાભાવિક છે. પરંતુ લગ્નનો સંબંધ કરવામાં શિક્ષણ એ પૈસાનું સાટું કરવાનું સાધનભૂત થાય અને ભણેલો છોકરો પોતાને વેચવા ઇચ્છે એ તિરસ્કારપાત્ર છે. આ દુષ્ટ રીવાજને જડમૂળથી ઉખેડી નાંખવા પ્રયાસ કરવો જોઇએ. કુટુંબની સ્ત્રીઓ પોતાના છોકરા માટે પૈસા માગવાનું અને પોતાની છોકરીઓ સારૂ પૈસા આપવાનું બંધ કરે તો આ રીવાજનો અંત જલદી આવી શકે.

લગ્નનો વિષય પૂરો કરતાં પહેલાં લગ્ન પ્રસંગના કેટલાક રીવાજોથી જે ભારે ખર્ચ થાય છે તે તરફ લક્ષ આપીએ. આ ખર્ચ સાધારણ સ્થિતિનાં માણસપર બોજારૂપ થઈ પડે છે અને ઘણી વેળા તેથી તેઓ નાણાં સંબંધી ઘણી ભીડમાં આવી જાય છે. આ રીતરીવાજો લગ્નના ખરાપણા માટે આવશ્યક નથી અને જુના રીવાજો પાળવાના સંતોષ સિવાય બીજો કાંઇ આનંદ આપનાર નથી. એમાંના ઘણા તો કંટાળા ભરેલા હોય છે અને જે પ્રસંગે માત્ર હર્ષ પ્રવર્તવો જોઇએ તે પ્રસંગે કલહ ઉત્પન્ન કરે છે. ચાલતી આવેલી રૂઢિઓના સ્કંધરૂપ આપણે સ્ત્રીઓ ગણાઇએ છીએ તો આપણે જ એ નકામી પરંતુ ખર્ચાળ રીતો બંધ કરીએ તો ચાલ બંધ પડી જાય.

આપણા દેશની સ્ત્રીઓએ લોકસેવાનાં કાર્ય કરવા માડયાં છે તે વિશે મેં આગળ કહ્યું છે. પોતાને જેટલી નવરાશ મળે તેટલી પોતાના બંધુઓની સેવામાં ગાળવાની જરૂર માટે જેટલું કહીએ તેટલું થોડું છે. સમાજસેવા એ ગૃહકાર્ય જેટલી જ ઉન્નત છે. અને માંદાં તથા દરિદ્ર તરફ દયાભાવ દર્શાવવાના, દુ:ખી તેમ જ અસ્વસ્થ ઘરમાં શાંતિ અને સ્વસ્થતા પ્રાપ્ત કરાવવાના, સ્ત્રીઓ તથા બાળકોનાં શિક્ષક થવાના, તથા અજ્ઞાન, ભ્રમિત થએલાં, વિમાર્ગે ગએલાં તથા અધ:પાત પામેલાંની ઉન્નતિના-કામ માટે સ્ત્રીજાતિની વિશેષ

યોગ્યતા છે અને પીડાતાં મનુષ્યો તરફ સ્નેહ અને માયા બતાવવી એ સ્ત્રીજાતિનો ખાસ અધિકાર છે. અને એ અધિકાર વાપરવાનું સ્થાન ગૃહ તથા ગૃહ બહારનું જગત્ છે. સ્ત્રીઓના કર્તવ્યના આ પ્રદેશની શક્યતાના પ્રમાણુ તરીકે વિધવાશ્રમ, સેવાસદન, વનિતાવિશ્રામ વગેરે સંસ્થાઓ જે સુકાર્ય કરે છે તેની ગણના કરવી બસ છે. આપણાં ગૃહકાર્યો, જે આપણાં પ્રથમ કર્તવ્ય છે તે કરતાં જો અવકાશ મળે તો આવાં પરોપકારનાં અને પુણ્યનાં કામ જે સામાજિક સેવાને નામે ઓળખાય છે તે કરવાની આપણી ફરજ છે એમ નિશ્ચય કરવો જોઇએ.

સામાજિક સેવા ગૃહકાર્યને પરિપૂર્ણ કરનાર વિભાગ છે એમ કહેવામાં આવ્યું છે. ગૃહકાર્યનો એક મહત્ત્વનો ભાગ તે બાળકોને ઉછેરવાનું કાર્ય છે. સ્ત્રીજાતિના અધિકારનું આ ઘણું અગત્યનું કાર્ય છે. મનુષ્યપ્રજા પર માતાનો હાથ અંકિત થએલો હોય છે. અને માની સત્તા તે તેનાં બાળક પર જન્મભર સત્તા ચલાવનાર બળ છે. તે માટે ભવિષ્યની પ્રજાના ચારિત્ર્યનો પાયો મજબુત અને ખોડ વિનાનો થવાની ખાસ જરૂર છે. ઉત્તમ ચારિત્ર્ય રચાય એવા ધોરણપર બાળકોને ઉછેરવાં જોઇએ. મનને કેળવવું એ એક કળા છે અને તે યથાયોગ્ય કરવા સારૂ શાસ્ત્રીય પદ્ધતિથી તે કેળવવું જોઇએ. સ્ત્રીઓને બાળકો પ્રિય હોય છે પણ તેઓ પ્રિય હોય એટલું બસ નથી. બાળકો માટેનો આપણો સ્નેહ તેમને યોગ્ય રીતે ઉછેરવાના સાધનરૂપ હમેશ બનતો નથી. તેમનાપર કેવી રીતે સંસ્કારોની છાપ પડે છે, સ્મરણો કેવી રીતે રહે છે, અને ઉચ્ચ આશય પૂર્ણ કરવાની ઇચ્છા કેવી રીતે પેદા થાય છે, તે સર્વ આપણે જાણવાની જરૂર છે. માટે આ વિષયની મહત્તા ધ્યાનમાં રાખવી જોઈએ.

વિધવાઓની દશા સુધારવાના મહાન પ્રશ્ન સંબંધે મૌન ધારણ કરવું ઉચિત ગણાશે નહીં. સામાન્ય રીતે વિધવાઓનાં જીવન કેટલાં દુઃખપૂર્ણ હોય છે તેનું ચિત્ર દોરવા મારાં વચનોની જરૂર નથી. લગ્ન સંબંધી ભૂલ ભરેલા જે વિચાર સંબંધે મેં ઉપર કહ્યું છે તે વિચારોને પરિણામે વિધવાઓ તરફ ભારે અન્યાય અને નિર્દય વર્તન દાખલ થયાં છે અને તેમને જીંદગીના અંત સુધી દુઃખમાં રીબાવું પડે છે. આ દુઃખમાં જાણે અપમાનથી વધારો કરવાના હેતુથી એવું મનાય છે કે વિધવાઓ તે શાપરૂપ છે અને તેમનું અસ્તિત્વ અમંગલસૂચક છે. આ અન્યાયના પરિણામમાં આપણી સમાજમાં જે અસદ્વર્તન આવ્યું છે તે તેની શિક્ષારૂપ છે. પુરુષોએ જે દૃષ્ટિબિંદુથી સ્ત્રીઓને માથે - ફરજીયાત વૈધવ્યનો નિયમ નાંખ્યો છે તેને લીધે તથા જીવનસુખનાં સામાન્ય સાધનો પણ તેમને ન આપવાને લીધે આ અનિષ્ટ પરિણામ ઘણે ભાગે આવેલું છે, એ બેશક ખરૂં છે; પરંતુ એ અનિષ્ટ પરિણામ ઘણી મુદત ચાલુ રહેવાને લીધે સ્ત્રીઓની દૃષ્ટિએ પણ તેમાં પવિત્રતા લાગવાથી અનિષ્ટતામાં વધારો થયો છે. તેથી આ પ્રશ્નને તેના ખરા સ્વરૂપમાં લક્ષમાં લેવો એ આપણી ફરજ છે. અર્થાત્ મનુષ્યજાતિના જન્મથી મળેલા હક-સ્વતંત્રતા અને સમાનતા-તે વિધવાઓના પણ છે; તેમનાપર પડેલી આફતનું નિવારણ કેવી રીતે કરવું તેનો નિર્ણય કરવાનો અધિકાર તેઓનો જ હોવો જોઈએ; જો વિધવાઓ ફરી લગ્ન કરવા ઇચ્છતી હોય તેમને સતત વૈધવ્ય ભોગવવાની ફરજ પાડવી જોઇએ નહીં; જીવનનાં સાધારણ સુખ

સગવડ તેમને માટે ધ કરવા જોઇએ નહી, અને જે વિધવાઓ તગીમા હોય તેમને ગુજરાનના રિષ્ટ અને આબરૂદાર સાધનો કરી આપવા જોઇએ, આ સર્વ સ્વીકારવાની આ પણી ફરજ છે

હવે હું મારૂ વ્યાખ્યાન પૂરૂ કરૂ છુ તેમ કરતા પહેલા, એવી આશાના ઉદ્દગાર કાઢવાની રજા લઉ છુ કે આપણા દેશની સ્ત્રીઓ થોડા સમય પછી જાગ્રત થઇ, પોતાના હક તથા જવાબદારીઓનુ ખરૂ સ્વરૂપ સમજતી થાય, તેમના જે હક હોય તે તેઓ પ્રાપ્ત કરે, અને દશોદ્ધારના મહાન કાર્યમા પોતાના પતિ, ભાઇ તથા પુત્રોની સહકારીણી તરીકે દેશમા સર્વત્ર સત્કાર પામે

બાળ કેળવણી.

(મળેલુ)

હાલમા આ ભૂમીમા જનસમૂહને કેળવવાની વૃત્તિનો વિકાસ થવા માડ્યો છે દેશના બુદ્ધિશાળી પુરૂષો માતૃભુમિની પ્રગતિમાં આ વાતને ઘણીજ અગત્યની માનતા થયા છે. તેથી હવે એવુ વિચારવાનો વખત પ્રાપ્ત થાય છે કે દરેક બાળક અને બાળકીએ વધારે કેળવાવુ જોઇએ, જ્ઞાન મેળવવામા તેને વધારે મદદ મળવી જોઇએ આવી હકીકતને લીધે હાલની દરેક સ્ત્રીએ–કેળવણી એટલે શુ? તેમા શુ તત્વો રહેલા છે? તેનો આશય શુ છે?–ને જાણવુ જરૂરતુ છે

ખરી કેળવણીનો ખરેખરો અર્થ ચારિત્ર ઘડવાનો છે જેથી **ચારિત્ર ઘડાય અને વ્યક્તિત્વ વિકાસ પામે, તેનુજ નામ કેળવણી.** વ્યક્તિત્વ નબળુ થાય કે ચારિત્રનો નાશ થાય, ત્હેવુ શિક્ષણ તે કેળવણી કહેવાય નહિ શાળાની કેળવણી એ બાળ કેળવણીનો એક અગત્યનો ભાગ છે, પણ તે માત્ર એક ભાગજ છે તે કાંઈ બાળ કેળવણીનો અત, છેડો કે સમાપ્તિ નથી વ્યક્તિત્વના વિકાસમા તે એક માત્ર સાધન છે એ સબધે જે વાત ઘણી અગત્યની તથા પ્રથમથીજ જાણવાની ખાસ જરૂરની છે, તે એ છે કે કેળવણી નીશાળથીજ શરૂ થતી નથી, એટલે કે બાળકને આપણે નીશાળે મુકીએ તે દિવસથી તેની કેળવણીની શરૂઆત થાય છે એમ સમજવાનું નથી બાળકની–અને મનુષ્ય એ મોટુ થયલુ બાળકજ છે તેથી તેની–**જીદગીની કેળવણીનુ મુખ્ય સ્થાન ઘર છે.** જે ઉમ્મરમા ઘણોજ જલદી અને મોટામા મોટો વધારો થાય છે તે ઉમ્મર જન્મ પછીના પાચ વર્ષ છે અને એ વયમા બાળક માતા પાસેજ હોય છે એટલે આ ઉમ્મરમા બાળક માતુંજ ગણાય છે આમ હેવાથી બાળકની જીદગી સારી કે નરસી નિવડવાની બધી જવાબદારી માતને શીર રહે છે પણ આવી મહાન જવાબદારી ધારણ કરવામા જો એમ ધારી લેવાય કે આપણે સબળ અને મોટા છીએ તેથી જેમ બાળકને વાળવા ધારીશુ તેમ વાળી શકીશુ –જેવો નમુનેદાર બનાવવા ઇચ્છા રાખીશુ તેવો બનાવી શકીશુ અને આ સઘળુ માની લેવામા આપણે આપણા બાળક પ્રત્યેના હેતથી તેના લાભની વાત હોય તેમ ધારીને કામ લઇએ, તેથી ઘણી વાર મુર્ખાઇ ભરેલી ભૂલ કરીએ છીએ

બાળકને મદદ કરતી વખતે અને તેને કેળવવામા જે મુળ સત્ય છે તેને વિસરવુ

જોઇએ નહિ. તે સત્ય તે આ છે—બાળક કાંઈ આપણી મીલકત નથી કે તેને જેમ વાપરવી હોય તેમ વપરાય આપણી દેખરેખમા—સભાળમાં-સુપ્રતમાં—જુમ્મામાં મુકેલી તે એક અમૂલ્ય જીદગી છે. બાળકમા આત્મા રહેલો છે તે આત્માની ઉત્ક્રાંતિને અનુસરતી તેની જીદગીની કેળવણી હોવી જોઇએ એ આત્માને કઈ વાત અગત્યની છે તે સમજવુ એજ માત્ર આપણુ કર્તવ્ય છે એ બાળકના આત્મામા દકાયના વ્યક્તિત્વનો વિકાસ થવા દેવામા તે બાળક છતા આપણે તેને મદદ કરવી, એનો વિકાસ એની મેળે થાય એમ થવા દેવુ અને એની આસપાસ એવુ વાતાવરણુ ઉભુ કરવુ કે એના ચારિત્રનો વિકાસ સ્નેહ, સત્ય, દયા, નમ્રતા, દુખમા ધૈર્ય, હારમા ખત, સહૃદય પ્રયત્ન, ક્ષમા તથા ઘર કુટુબના દરેક માનવી પ્રત્યે માન, એ સદ્ગુણો દ્વારા થાય

આપણે આપણી પોતાની બાળવયની હકીકત જાણ્યા વિચાર્યા શિવાય આપણા બાળકોને સુધારવા તરફ અથવા તેમનામા રહેલી સર્વોત્તમ શક્તિઓને કેળવવા તરફ યથાયોગ્ય લક્ષ આપીએ તે બિનકુન બની શકે તેમ નથી આ એક મહાન સત્ય છે તે યથાર્થ રીતે સમજવાથી ગમે તે પ્રદેશના બાળ સમાજની ઘણી ન સમજાય તેવી વાતોનું સમાધાન થઈ જશે માતૃત્વની ભાવનામાં માત્ર બાળકો ઉત્પન્ન કરવાનીજ વાતનો સમાવેશ થતો નથી પરતુ બાળ જીદગીમા મોટામા મોટી અને અત્યત શ્રેયસ્કર અસર કરનાર તેજ ખરેખરી માતા છે દુનીઆના દરેક મહાન પુરૂષની જીદગીની હકીકત જોતાં આ વાત સ્પષ્ટ થાય છે પ્રત્યેક સ્ત્રીએ પ્રથમ તો જે અજબ શક્તિ પોતાનામાં છે અને જે ગભિર જવાબદારી માતૃત્વ ભાવના સાથે જોડાયલી છે તે સમજવી જોઇએ, તે ભાવના પ્રમાણે વર્તવાનું જાણવુ જોઇએ, અને એમ થાય ત્યારેજ જીદગીની જજાળમાં પડીને સ્વદેશનો ઉન્નતિક્રમ આગળ વધારવા ભાથુ બાધી તૈયાર થયલા, એવાં સુંદર સમર્થ મનુષ્યો ઉત્પન્ન કરી શકાય

બાળ કેળવણીમાં સાધારણુ ભૂલ એવી થાય છે કે બાળકની દરેક વિચિત્રતા કે દરેક બાળચેષ્ટા દોષજ મનાય છે માબાપે માની લીધેલા કેટલાક ગુણ બાળકમા જોવામાં ના આવ્યા કે તે સારૂ નહિ નિવડે એમ માની લેવાય છે અને કદાચ માતાપિતાની સમજમા ના ઉતરે એવી ચેષ્ટાઓ જણાય તો બાળક નક્કી દુષ્ટ નિવડશે, એવુ તેઓ સો વસા ધારીજ લેવાના "આપણે ના સમજીએ તે ખોટુ !"—આ એક જુના વખતથી ચાલ્યો આવેલો ખોટો સિદ્ધાત છે આવુ માનવાથી બાળકના વ્યક્તિત્વના વિકાસનો માર્ગ સરળ થતો નથી આપણે સહૃદયતાથી વર્તવાનું માનતા હોઇએ છીએ, તેવી ઘણી વખતે આપણે કુમળા બાળકને એવી રીતે ડરાવીએ-ધમકાવીએ-કે વઢીએ છીએ કે તે અતરમા ડરી જાય છે અને તેથી સ્વભાવિક રીતે તેનો યથાયોગ્ય વિકાસ થઈ શકે નહિ તેના આત્માનો વિકાસ તેને સારૂ નિર્માણ થયલી રીતેજ થવાનો હોવાથી આપણા તરફથી ઉપર પ્રમાણે કહેલી અડચણો નડવાથી બાળક આડુ, ચીડીયુ બેડોળ, નમાલુ બને છે અને વિકાસને સારૂ અનુકૂળ પ્રસગની રાહજ જોવાની રહે છે ! આપણામાંના ઘણા પોતાનીજ જજાળમા રોકાયલા હોવાથી બાળકના ખરા વિચાર કે વૃત્તિ જોઇ કે જાણી શકતા નથી, તેમ તે પુરેપુરા સમજવાની શક્તિ પણ ઘણા થોડામા હોય છે, અથવા તો બાળકના દરેક પગથિઆ સાથે ચઢવાને જોઇએ તેટલું ધૈર્ય પણ આપણામાંના ઘણામાં હોતું નથી

બાળ ચેષ્ટાઓને ન્યાય કરવામાં ઘણી વખત આપણે કેટલા બધા અન્યાયી થઇએ છીએ ? બાળક જે કાંઈ કરે તે વખતે આપણને તે ગમતું નથી. તેમ બાળકે તેમ ન કરવાનું કાંઈ વ્યાજબી કારણ પણ આપણને માલમ હોતું નથી. પરંતુ તેની તથા આપણી ઇચ્છા એક થતી નથી એટલે આપણે તેને ધમકાવીએ છીએ. તે પછી બાળક જીદ કરે તો તેને આપણી મરજી પ્રમાણે વર્તવા આજ્ઞા કરીએ છીએ, તે ના માને તો પછી આપણે તેને એકદમ શીક્ષા કરીએ છીએ ! એજ કુમળા મનના બાળકની સ્થિતિ તેને શીક્ષા કર્યા પછી તપાસીએ તો કદાચ આપણી અજાયબી કે ભયનો પાર રહેશે નહિ. એ કુમળા બાળકના મનની વિચારમાળા કદાચ આમ ચાલતી હશે:–"મા તેને કરવું હોય તેમ કરે છે; ગમે તે પોતે કરે ! ને મને ગમે તે કરવા દેતી નથી, મને ગમે તે મારે કેમ ન કરવું ? હું કરૂં તો ખીજે કે મારે છે. અરે ! હું મોટો થાઉં તો કેવું સારૂં ? મોટા માણસ માફક મારૂં ધાર્યું હું પણ કરી શકું." આપણા સંબંધી બાળકના વિચાર આપણા તેના સંબંધના વિચાર કરતાં ઘણે ભાગે પણ વ્યાજબી હોય. બાળકને તેનું ગમતું કરતાં અટકાવવામાં ડહાપણ, હેત કે સમજણનો ઉપયોગ થતો નથી; એટલુંજ નહિ પણ એવું માની લેવાય છે કે તેને આપણે આજ્ઞા પાળવાનું યોગ્ય શીક્ષણ આપ્યું છે. પણ જો એક વખત ફરીથી તેના મનની સ્થિતિ જોવામાં આવે તો આ બેમાંની એક વાત જરૂર તેના મનમાં ચાલતી હશેઃ–કાં તો તે આપણાથી બ્હી જઇ બ્હીકણ બનશે, અથવા તો આપણા અન્યાયથી મન ઉશ્કેરાતાં તે આપણાથી અલગ–આઘા–રહેવાની વૃત્તિવાળું થશે. અને જો આવા પ્રકારના વિચાર તેના મનમાં નહિ આવતા હશે, તો તેથી ઉલટા વિચાર કરી ઘણું બગાડવાનું. આપણી આપણા બાળકોની ગૃહ કેળવણીનું પરિણામ તે આજ ?

કોઇ પુછશે કે બાળકોએ આજ્ઞા ન પાળવી ? તેનો ઉત્તર એજ કે આજ્ઞા પાળવી. પણ પ્રશ્ન એ થાય છે કે આપણી કઇ આજ્ઞા પાળવી ? આપણા મગજના ગમે તે ક્ષુદ્રતાની કે આપણા મનમાં ઉઠેલા ગમે તે તરંગની ? આપણાથી મોટા તથા આપણા પૂજ્ય કે ગુરૂ તરફ જે અંતરનું નમન આપણા હૃદયમાં સ્વાભાવિક રીતે સ્ફુરે છે તેવાજ ખરા અંતઃકરણના નમનની માત્ર આપણે આપણા બાળકો તરફથી યોગ્ય રીતે આશા રાખી શકીએ. બાળ જીંદગીની સામાન્ય ચેષ્ટાઓ ઘણી વખત નકામી ગણાય છે, પણ તેતો તેના બાળ સ્વભાવનાં કુદરતી કર્તવ્યો છે. બાળકની ચંચળતા અને દોડાદોડી તેના વિકાસને જરૂરનાં છે, પણ આપણે તો તેમને શાંત બેસી રહેલા જોવા માગીએ છીએ. બાળ જીંદગીના વિકાસમાં ઉપર ઉપરની આડાઇ અથવા આપણને જે ગમતું નથી તે ચંચળપણું જણાય છે, પણ આવાં કારણ સારૂ શીક્ષા કરવી નકામી છે. દરેક કુશળ માતાએ તથા બાળકને સારી કેળવણી આપવાની ઇચ્છા રાખનાર દરેક વ્યક્તિએ જે ખાસ કરવાનું છે તે એ છે, કે પોતાની સ્વેચ્છાઓને એકદમ ઉચી મુકી દેવી અને બાળકના આત્માના વિકાસની દીશા તરફ લક્ષ આપવું. બાળક પોતે પોતાનો વિકાસ સરળતાથી કરી શકે તેવી મદદ કરવી; આનો અર્થ એમ થતો નથી કે માત્ર બાળક થોડો વખત શાંત થાય તેટલા માટે તે જે માગે તે આપવું, તેની મરજી મુજબ ગાંડાઇ કહાડવા દેવી કે તેને બગડવા દેવું ! કોઇ પણ બુદ્ધિશાળી માતા આવો માત્ર દેખીતો: સહેલો માર્ગ ગ્રહણ કરશે નહિ. બાળકના ખરા વિકાસનો માર્ગ આમ કરવાથી સમજાતો નથી. આવી રીતે વર્તવાથી તેને

વિકાસના માર્ગે તરફ વાળી પણ શકાતું નથી.

બાળક ફુલની માફક ઉછરે એમ થવું જોઇએ:—ફુલના વિકાસમાં આપણે વિક્ષેપ નાંખતા નથી. ફુલ ઝાડ વાવીએ ત્યારે તેને તેની માફકની જમીનમાં રોપીએ છીએ, તડકા છાંયડાની દેખરેખ રાખીએ છીએ, જોઇએ ત્યારે પાણી મુકીએ છીએ, નીચે આસપાસ ઝાંખરાં ઉગ્યાં હોય તે કાઢી નાંખીએ છીએ. આ પ્રમાણેની દેખરેખથી આપણે ફુલને બદલતા નથી. ગુલાબમાંથી ગુલાબ અને મોગરામાંથી મોગરોજ ઉત્પન્ન થાય છે. પણ આપણી દેખરેખથી–માવજતથી સુંદરમાં સુંદર ગુલાબ અને સુંદરમાં સુંદર મોગરો બનાવી શકીએ છીએ. બાળ કેળવણી પણ આવીજ રીતે હોવી જોઈએ. દરેક માબાપને પોતાના છોકરાં વ્હાલાં હોય છે, છતાં બાળ જીંદગીની વારંવાર જોવામાં આવતી ચંચળ ચેષ્ટાઓની સુંદરતા કેટલાં થોડાં માબાપ સમજી શકે છે ? બાળકોની બાળ ચેષ્ટા, તેમના વિચિત્ર તરંગો, તેમના ઢોંગ સોંગ, એ તરફ મોટા માણસો અનયથી, ક્ષમાદષ્ટિ કે કડવી નજરથી જોય છે. પણ તેજ ચેષ્ટાઓ, તેજ તરંગો, તેજ ઢોંગ સોંગ, બાળકને ઘણાજ આનંદદાયી અને તેના વિકાસને અત્યંત અગત્યના છે. બાળકોને ઉછેરી, ખવડાવી પીવડાવી, કપડાં લત્તાં પ્હેરાવી, બ્હારની સૃષ્ટિમાં જણાયલી કેટલીક વાતો તેના મગજમાં ઠસાવવા નાણું ખરચી, કે ઘર બ્હાર કરી આપી કે મીલકત આપી આપણે આપણાં બાળકો પ્રત્યેનો ધર્મ પુરો થયો એમ સમજીએ છીએ, પરંતુ જ્યાં સુધી આપણે આપણાં બાળકોને માણસ જાતની પ્રગતિમાં વધારો કરનાર એક ડગલું પણ આગળ ભરાવી શકયા નથી તથા જ્યાં સુધી તેમને હંમેશ યાદ રહે તેવું કાંઇ અધિક જ્ઞાન આપી શકયા નથી, ત્યાં સુધી આપણે કાંઇજ કરી શકયા નથી, એમ કહેવું એ તદ્દન વ્યાજબી છે. આપણા જેવીજ, અને આપણા જેટલાજ જ્ઞાનવાળી બીજી પ્રજા ઉત્પન્ન કરવાથી દુનીઆને શો વિશેષ લાભ છે ! આપણાથી કાંઇ વધારે સરસ અને આપણાથી કાંઈ વધારે આગળ વધે તેવી મહાન પ્રજા પેદા કરી શકાય ત્યારેજ દુનીઆમાં કાંઈ કર્યું. એમ કહી શકાય **पुत्रादिच्छेत् पराभवम्** । (પોતાની સંતતિ પોતાના કરતાં વધારે સમર્થ થાય, એજ ઇચ્છવાયોગ્ય છે.)

બાળકને ઉછેરવામાં અને કેળવવામાં દરેક માતાએ આજ આશય હંમેશ પોતાના મન આગળ રાખવો જોઇએ. બાળકનામાં જે કાંઇ નવું–આપણને ન સમજ પડે તેવું–હોય તેની કદી પણ અવગણના કરવી નહી, તેને દાબી દેવું નહિ, કે તેને ધકેલી કાઢવું નહિ; પણ એ નવિનતામાં આપણને અત્યાર સુધી જણાયલાં સત્યો કરતાં કોઇ મોટું સત્ય રહેલું છે કે નહિ, તે શોધી કાઢવા યત્ન કરવો. બાળકના શરીરને યોગ્ય માર્ગે વધવા ન દેવું કે તેના આત્માના ઉંચા પ્રયત્નોને રોકી રાખવા, તે બાળક પ્રત્યેજ નહિં પણ આખી માણસ જાત પ્રત્યે પાપ કરવા બરાબર છે. આ દેહથી આપણે બાળકનાં માતા પિતા છીએ, તેજ કારણથી આપણે બાળકથી ઘણાં વધારે સમજુ છીએ, એ વાતને મગજમાંથી બીલકુલ વિસારી દેવી: એટલુંજ નહિં, પણ માનસિક બળમાં આપણે કાંઈક ઉતરતાં છીએ એમ ગણી આપણી પોતાની ખામીઓ સુધારવી અને એમ કરીને તેને આપણી બરોબરી કરતાં અને જેમ જેમ વયમાં વધે તેમ તેમ આપણાથી વધારે તમ રીને વર્તતાં શીખવવાના દષ્ટાંત રૂપ થવું. " આપણી કિંમત બાળક આપણા **દાગીનાથી નહિ કરે. પરંતુ જેવાં આપણે છીએ તેવાં તે આપણને ધારશે. "**

આપણે આપણી જાતે સત્યથી વેગળાં રહી તેમને સત્ય બોલાવવાના પ્રયત્નમાં કદી પણ સફળ થઇશું નહિ. બાળક નાનું છે, નબળું છે, હજુ તેના સ્વભાવનું બંધારણ ખીલ્યું નથી, એ વાતો જાણવા તથા માનવા છતાં આપણે મોટા માણસથી થઈ ન શકે તેવાં કામોની તેના તરફથી આશા કરીએ છીએ ! "સામા તરફથી આપણી તરફ જેવા વર્તનની આપણે આશા રાખીએ, તેવીજ રીતે આપણે સામા તરફ વર્તવું." આ બાઈબલનો સિદ્ધાંત મોટાં માણસો તેમજ બાળકો તરફના આપણા વર્તનને લાગુ પડે છે; અને આપણા રોજના વ્યવહારમાં આવા નિયમો પાળવાથીજ આપણે આપણા બાળકોને કાંઇ સારી કેળવણી આપવા શક્તિમાન થઇ શકીશું. કેમકે તેમ કરવાથી બાળકોની વાત આપણે માનીએ છીએ, તેમના બોલને-વિચારને આપણે ગ્રહણ કરીએ છીએ, એવી તેમની ખાત્રી થશે. આપણે તેમને માનીએ છીએ, તેમના ઉપર આપણો વિશ્વાસ છે, એવું તેઓ જાણે તે ખાસ અગત્યની બીના છે. તેથી " ભલા કર ભલા હોવગા; દગા કીસીકા સગા નહિ!" અથવા બીજી રીતે બોલીએ તો ગુલાબમાંથી ગુલાબ અને કૌવચમાંથી કૌવચ ઉત્પન્ન થાય છે, એવા મહાન ઈશ્વરી નિયમનું બાલકોને ભાન થશે. વળી તે એમ પણ જાણતું થશે કે બીજા સાથે સારી અને માયાળુ રીતે વર્તવાથી તે બીજા પણ આપણી સાથે તેવીજ રીતે વર્તશે અને આપણે કઠોર કે આડા થઇશુ તો બીજા પણ કઠોર કે આડા થશે

બાળ વયમાં જે મોટી વાત કરવાની છે તે એ કે બાળકની મન શક્તિનો વિકાસ થવા દેવો. આવી કેળવણી તરફ ઘણે ભાગે લક્ષ ન જવાથી તેને તદ્દન વિસારી દેવામાં આવે છે. બાળકોને ધમકાવવા-ડરાવવા-અથવા મારવાથી આપણા કહેવાની અસર થાય અથવા તો બાળક આપણી આજ્ઞા પ્રમાણે દેખીતી રીતે વર્તે,એટલાથીજ આપણને ઘણો સંતોષ ઉપજે છે. જન્મથીજ દુષ્ટ એવાં બાળક કવચિતજ હશે. બધાં નહિ તો ઘણાં ખરાં શ્રેષ્ટ નહિ તેમ દુષ્ટ પણ નહિ, એવાં જન્મે છેઃ કેમકે આ બન્નેમાંની એકવાત માનવામાં બાળકમાં નહિ જણાતા એવા ગુણ અપેક્ષા કરવી પડે છે તે છતાં તેમનામાં ઘણી અજબ કરવી પડે છે. તે છતાં તેમનામાં ઘણી અજબ શક્તિઓ તો અંતરૂહિત રહેવી હોય છે જ. આવી અંતર્માં રહેલી યા બીજરૂપે જણાતી મહાન શક્તિઓને તેના ખરેખરા રસ્તા સર ખીલવવી તેનુજ નામ કેળવણી અને તેનુંજ નામ શીક્ષણ. એક નાના હૃષ્ટપુષ્ટ બાળકમાં કાંઇ ખાસ જોવામાં આવતું હોય તો તે તેનુ બળ અથવા તેને નડતી અડચણો સામે થવાની તથા પોતાની મરજી પ્રમાણે વર્તવાની શક્તિ છે; અને આવી બાળકની શક્તિ તેના જીવનના પ્રથમના થોડા માસમાં ભુખ વખતે ખોરાક સારૂ, પેટે ચાલવા સારૂ, અથવા તેને જે કાંઇ કરવું હોય તે કરવા કે કરાવવા સારૂ, ચીચીઆરી પાડીને, રડીને કે હાથ પગ વિંઝોડીને તે દર્શાવે છે. નાના બાળકના સંબંધમાં આ એક અજબ દૃશ્ય છે; તેને જરૂરની ચીજ તરફ તેનું જવાનું, તેને ગમતી ચીજ મળે ત્યાં સુધી તે મેળવવાની અડચણ દુર કરવા બુમ બરાડા પાડવાનું, કે પછી ઉપર ઉપરનો ગુસો બતાવી પોતાની જરૂરીઆતનો તીરસ્કાર કરવાનુ, આ સર્વ વિલક્ષણ છે. તેમ કરીને પણ, અગર બીજી કોઇ રીતે નાની યા મોટી દરેક જીંદગીમાં સર્વ શક્તિમાન પ્રભુએ જે મર્યાદા મુકેલી છે, તે ગમે યા ના ગમે તો પણ તેની સત્યતા સ્વીકારવાનું શીખાય, તો તે પણ ડહાપણ ભરી કેળવણીનુ જ પરિણામ હોવું જોઇએ.

બાળકમાં બીજ રૂપે કે અંતરૂહિત રહેલી અજબ શક્તિઓ આપણી ગેરસમજ, બેદરકારી, કે નબળાઇથી દુર્ગુણ તરફ દોરાય નહિ તે સારૂ અત્યંત સાવધ રહેવાની જરૂર છે. એટલું તો ધારી લેવું જોઇએ કે બાલકને જરૂરનું જ્ઞાન આપવામાં આપણે મદદ કરીશું જ અને તેથી તેને નીશાળમાં દાખલ કરીશું જ. પણ નિશાળમાં દાખલ કરવા પહેલાંની બાળ વયમાં આપણે વારંવાર કહ્યાં કરીએ છીએ કે "બાળક કુમળા મગજનું છે, તેનામાં છાપ જલદી પડે તેવું છે, ખીલેલું નથી, જેમ વાળીએ તેમ વળે તેવું છે." આવું આવું આપણે હરઘડી બોલીએ છીએ ખરાં, પણ તે પ્રમાણે ખરેખર માનતા હોઈએ તેવું વર્તન તેમના તરફ હોય છે ખરૂં ? બાળક સમક્ષ આપણા બોલ, વાતચીત કે વર્તન એવું નથી રાખતા કે જાણે તેને સારી કે માઠી અસર થવાનીજ ના હોય ! તેના સાંભળતાં પારકા લોકોની અને એવા વિષયોની વાતો કરીએ છીએ કે જે તેવી વાતો તેના કુમળા મગજમાં હશે, તો તે આપણને કદિ ગમશે નહિ. તો પછી બાળકનું મન "છાપ પડે તેવું છે, કુમળું છે "–એવુ એવુ કહેવાનો અર્થ શો ? તેને કેળવવું છે છતાં તેનીજ સમક્ષ આપણે એવી રીતે વર્તીએ છીએ કે જે તે આપણા વર્તનનું અનુકરણ કરે-કારણ કે બાળકની અનુકરણ શક્તિ ઘણીજ સતેજ હોય છે–તો આપણને તેના ઉપર જરૂર ક્રોધ ઉપજે. વળી બીજી વાત એવી છે કે આપણામાંના ઘણાનું વર્તન સરાસરી એકસરખું હોતું નથી. આજે જે ગમ્યુ, તેજ કાલે ગમતું નથી; તેથી કુમળા મનના બાળકને કેમ વર્તવું તે સમજાતુ નથી તેમ કોઇ પણ બાબતમાં તેના વિચાર દૃઢ થઇ શકતા નથી. આપણા આ વર્તનથી કોઇ વાત તેના કુમળા મગજમાં આવતી હોય તો તે એટલીજ કે આપણું તેના પ્રત્યેનું વર્તન ઘણી વખત દયાહીન અને અયોગ્ય હોય છે.

આ સંબંધમાં જે મોટી ભુલ થાય છે તે આ છે કે બાળકેળવણીનું મહાન કાર્ય સ્વિકારતી વખતે આપણે તે સબંધી કાંઇજ વિચાર કર્યો હોતો નથી, એટલુંજ નહિ પણ આવા મહત્વતાવાળા કાર્યને સારૂ જરૂરનો મન ઉપર અંકુશ અને બીજી જે જે તૈયારી આપણે રાખવી જોઇએ તે સંબધી કાંઇ યત્ન પણ કર્યો હોતો નથી. બાળકો પ્રત્યેના આપણા ધર્મ અને આપણી પ્રત્યેના બાળકના ધર્મોનું આપણને કાંઈ ભાન હોતું નથી, તેથી કરીને બાળજીંદગીની કેળવણીનો અમૂલ્ય અવસર આવી રીતે આમ તેમ નકામો ગુમાવી દેવાય છે. આવી રીતે જમાના પછી જમાના વહ્યા જાય છે અને જેવાં થવાં જોઇએ તેવાં–પ્રભુને ગમતાં, દિવ્ય સ્વરૂપનાં, સંપૂર્ણ ખીલેલાં, બુદ્ધિશાળી બાળકો થાય, અને હાલની મૂર્ખાઈ ભરેલી રીતે અર્ધ્ધ ખીલેલાં, અલ્પમતિનાં કઢંગાં કે કદરૂપાં ન થાયઃ તે સારૂ દુનીઆ રાહ જોયાજ કરે છે ! બાળકોનું કલ્યાણ, એ જ આપણા ખરા અંત·· ... આકાંક્ષા હોય, આપણે તેમને ખરા અંતઃકરણની મદદ કરવી જ હોય અને ... દુનીઆને વધારે સારી અને સુખી જીંદગી ગાળવાની જગ્યા બનાવવી જ હોય તો ...ાળકના આત્માની શક્તિને પોષણ મળે તેની યોગ્ય ભૂમિકા તથા તેને લાયકનું વાતાવરણ ઉભાં કરવા યત્ન કરવો એજ પ્રથમ કર્તવ્ય છે. બાળ વયમાં તેના ભવિષ્યના ચારિત્રનું બંધારણ થાય તેવો પાયો નાંખવાની ખાસ જરૂર છે તેના બાળપણાના વર્તન ઉપરથી જ તેની ભવિષ્યની જીંદગીના લગભગ બધા સદ્‌ગુણ ઘડાયલા હોય છે; તેની બાળ જીંદગીના દરરોજના વર્તન ઉપર તેની માતાની કેળવણી પ્રબળ છાપ પડે છે, અને તેની

માતા પાસેથી જ બાળક સ્નેહ, દયા, સત્ય, નિયમિતપણું, સ્વચ્છતા. પોતાનાથી અન્ય જનો સંબંધનો વિચાર અને તેની મર્યાદિત જીંદગીના નિયમ શીખે છે, જેની અસર શાળાની કેળવણીના ઘણા ભાગના શીક્ષણની અસર ભુસાયા પછી પણ રહે છે. બાળક ભવિષ્યમાં મહાન પુરૂષ કે સ્ત્રી થાય, તેને માટે બાળપણમાં શીખેલા આવા ગુણોજ તેના સદ્વર્તનના પાયા રૂપ હોય છે. આપણી મર્યાદિત જીંદગીમાં જે સ્હેલાઈથી થઈ શકે તેવું છે અને જે સાધારણ રીતે આરોગ્ય, શક્તિ, અને દરેક ગૃહિણી માતાને કરવા યોગ્ય છે, તે એ જ કે દરેક માતાએ આવા ગુણો પોતાના દરેક બાળકમાં ઉતારવા પ્રયત્ન કરવો. બાળકને આવી કેળવણી આપવામાં મોટી બુદ્ધિની જરૂર નથી. પણ તેમ કરવામાં આપણા મન ઉપર એવો અંકુશ રાખવાની તો જરૂર છે, કે જેથી આપણે એક માત્ર નનાં બાળક—અજ્ઞાનતાથી નહિ પણ પૂર્ણ સાવધાનપણાથી—હોઈએ તેમ વર્તી શકીએ. અને આવી રીતે બાળક થતાં આપણી આગળ અનંતતાના અનાહત નાદના જે ઝાંખા પડઘા સંભળાય છે, તે સાંભળવાનો આપણાથી યત્ન થઈ શકે અથવા તેનું જે ભાન બાળકને થાય છે તે આપણાથી સમજાઈ શકે. અને ત્યારેજ આપણે કવિ કાળીદાસની માફક કરી શકીએ કે.-

દેખાય દંત કળીઓ અનિમિત્ત હાસે,
ને કાલું કાલું મૃદુ ભાષણ રમ્ય ભાષે;
એવા રૂડા સ્વર થકી જ્યમ વ્હાલ આવે,
ક્રિયા કરે ૭ ત્યજી બાળક તો સ્વભાવે.

"મ્હારો ધર્મ."

લેખકઃ શ્રીયુત્ " FATEH. "—મુંબાઈ.

મને સર્વ લોકો **જૈનમાર્ગી** કહે છે. મારા પિતા જૈન છે. મારી માતા પણ તેજ ધર્મનો અંગીકાર કરતી હતી. મારાં સર્ગાં સંબંધી જૈન છે. તેઓ તેમની જાતને જૈન કહેવડાવે છે. પણ જો મને પુછશો કે તમે કયો ધર્મ પાળોછો? તો હું કહીશ કે હું સર્વ ધર્મ પાળુંછું. દુનિયાંના મુખ્ય ગણાતા સર્વ ધર્મનો હું અંગીકાર કરૂં છું. પરંતુ મારો આવો ઉત્તર સાંભળીને તમે મને મૂર્ખ અથવા તદ્દન નાસ્તિક ધારશો. ગમે તેમ હોય પણ હું મારો વિચાર ફેરવી શકતો નથી.

સૃષ્ટિ ઉપર ચાલતા વિદ્યમાન ધર્મોમાં એવો એક પણ પંથ નહિ હશે કે જેનાં શાસ્ત્રો નીતિનો પ્રતિષેધ કરતાં હોય. જૈન શાસ્ત્રોની પૃચ્છા કરશો તો તેઓ કહેશે કે હિંસા, અસત્ય કથન, ચોરી, અબ્રહ્મ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, આદિ કર્મોને યથાશક્તિ ત્યજો. વેદ આદિ હિંદુશાસ્ત્રો અને પુરાણો પણ તેવોજ ઉપદેશ કરે છે. ખ્રીસ્તિ ધર્મ પુસ્તકમાં પણ "Blessed are they which do hunger and thirst after righteousness. Blessed are the merciful. Blessed are the pure in heart. Thou shall not commit adultery. Resist not evil. "—આદિ એજ ભાવાર્થવાળાં વચનો નજરે પડેછે. ઇસ્લામી ધર્મગ્રંથ કુરાન પણ આવીજ જાતનો ઉપદેશ કરે છે.

આ સર્વ ઉપરથી એટલું તો નક્કીજ છે કે દરેક ધર્મનો પાયો નીતિ ઉપર રચાયલો છે. દરેક પંથનું સત્વ નીતિ છે. અને દરેક ધર્મનો મુખ્ય ગ્રંથ પણ નીતિ શાસ્ત્ર છે.

ગયા અને ચાલતા શતકમાં દરેક બાબતના મૂળ સત્વ ઉપર વધારે ધ્યાન અપાયું છે; અપાય છે. હું પણ ગઈ સદીમાં જન્મ્યો છું. આ સદીમાં પ્રવર્તું છું. મારે શા માટે સત્વ શોધન ગ્રહણ ન કરવું?

મારૂં આદર્શ વચન (motto) એવું છે કે "સારૂં તે મારૂં": અને નહિ કે "મારૂં તે સારૂં!" અને તેથીજ દરેક ધર્મમાં જે સારૂં છે, તે બધું મારૂં છે. અને તે પ્રમાણે આચરણ રાખવું એવી મારી પ્રબળ ઇચ્છા છે.

એ જૈન ધર્મજ છે પરંતુ માંસ ભક્ષક ક્રીસ્ચીઅન ધર્મી પણ અહિંસાની શીક્ષા આપે છે અને કહે છે કે "Thou shalt not kill". આત્મા સર્વ સમાન છે. કીડી અને કુંજર બન્નેના આત્મામાં કાંઇ ફરક નથી. કર્મ પ્રકૃતિને લઇને ઉચ્ચ નીચ ગતિ થાય છે. એટલે સબળ જીવોએ નિર્બળ જીવોનો વિના અપરાધે, અને વિના જરૂરે વધ કરવો, એ કંઇ મનુષ્ય માટે નિર્માયું નથી. મનુષ્યના ભક્ષણને અર્થે કુદરત અનાજ તેમજ ફળાદિ અનેક વસ્તુઓ તૈયાર કરે છે. છતાં મનુષ્યને પોતાના આનંદ ને ઉદરાર્થે નિર્દોષ પશુ-પક્ષીના પ્રાણ હરવાનો હક્ક કોણે અને શા માટે આપ્યો હશે?

સત્ય કથન ઉપર તો સૃષ્ટિનો ક્રમજ ચાલે છે. તેના ચક્રની ગતિનો આધારજ સત્યવચન ઉપર રહેલો છે. અસત્ય વચન અને ચોરીનો તો સર્વ શાસ્ત્ર બહિષ્કાર કરેછે. બ્રહ્મચર્ય પણ સ્વદારા સંતોષી રહીને પરદારાગમન નહિ કરવું સુચવે છે. મનુષ્યની નૈતિક અને ઉચ્ચ જીંદગીમાં તેની અનિવાર્ય જરૂર છે.

સાધુજનોને ક્રોધ કરવાનું કારણ મળે તો પણ શાંત પ્રકૃતિથી તેઓ તેનું નીવારણ કરી શકે છે, અને માન મદ મત્સરને વશ થવું, એ તો હલકા જનોનું કામ છે. માયા અને લોભ—અને લોભને લીધે અમુક વ્યક્તિ તરફ રાગ અને અમુક તરફ દ્વેષ—અને દ્વેષને લીધે અન્ય પાપાચરણ કરવાથી કોઇ પણ જન સુખી થયો લેખાયો નથી. હદ બહાર સઘળું ધિક્કારને પાત્ર થઇ પડે છે. કલહ—કંકાસ પણ લોભ અથવા રાગદ્વેષને લીધેજ છે. તેને પણ આશ્રય નહિ આપવામાં મહત્તા છે. છુપી વાતોનું રહસ્ય પ્રગટ કરવું, પરનિંદા કરવી, કપટ કરવું, આદિ હલકાં કર્મો કરનાર જનો તો કાર્ય વગરના—ધંધા વગરનાજ હોઈ શકે; બીજાઓને તેટલો સમય ફાજલ નથી.

આ સર્વ પાપાચરણનો ત્યાગ કરવાની સાથે યથાશક્તિ દાન દેવું, સહાય કરવી, અન્યનાં દુઃખનો નાશ કરવો, તે પણ મનુષ્ય કર્તવ્યમાં સમાયલું છે.

આ છેલ્લો ધર્મ અન્ય આત્માઓ તરફ છે. જનસેવા કુટુંબ સેવા કરવી, તે મનુષ્યનો મુખ્ય ધર્મ છે. પોતાનું કલ્યાણ સાધવામાં કાંઇ મહત્તા નથી. તેમતો પશુપક્ષી પણ પોતાનું શ્રેય કરવા અહોરાત્ર ગુંથાયલાં રહેછે. તેમના જીવનની આશાઓ બહુ ઉચ્ચ ન હોવાથી ખાઇપીને મગ્ન રહેવામાં પોતાનું કલ્યાણ સમજે છે. મનુષ્ય સૃષ્ટિનું શ્રેષ્ટ પ્રાણી છે. તેની અભિલાષાઓ ઉચ્ચ હોય છે, અને તે તેની સાધનામાં રત રહેછે. પણ 'સ્વ' ની સાથે "પર"નું પણ શ્રેય કરવાનો માણસને માથે ભાર રહે છે. સર્વ જને આ ભારને જેમ બને તેમ હલકો કરવાની જરૂર છે.

પરનું શ્રેય સાધતાં ઘણી વખત સ્વધર્મનો અને સ્વાર્થનો ભોગ આપવો પડે છે. પણ ત્યારેજ માણસની કસોટી થાય છે. ઉન્નતિનો ખરો માર્ગ પણ ત્યારેજ સધાય છે.

ઉપર વ્યક્ત કરેલા ધર્મ વિચારો ધર્મ સંબંધી લાંબા અને ગુંચવાડા ભરેલા પ્રશ્નમાં ઉતરવાની અનિચ્છા બતાવનારને ઉપયોગી થઈ પડશે, તેવી આશા રાખું છું. "મારા ધર્મ" માટે મારા આવા વિચારો છે. કોઈ સજ્જનને તે પસંદ પડે તો મારા અનુગામી નહિ પણ સહાનુયાયી થવા પ્રાર્થના છે.

फुलवाडी.

ગ્રન્થદોહનઃ અમરસત્ર.

(પ્રસિદ્ધ વિદ્વાન્ રા. રા. દોલતરામ કૃપારામ પંડયા બી. એ. એઓએ રચેલું નાટક.)

લેખકઃ રા. રા. નયનસુખલાલ હરિલાલ પંડયા,
(એમ. એ., એલ એલ. બી.)—નડિયાદ.

["અમર સત્ર"ના કર્તા રા. રા. દોલતરામ પંડયા ગુજરાતી પ્રજામાં "કુસુમાવલી"—નવલકથા તથા "ઇંદ્રજીત વધ—કાવ્ય" ના લેખક તરીકે જાણીતા છે. ઉચી ભાવનાઓ અને સુન્દર વસ્તુ સંકલના પ્રદર્શિત કરતું "અમર સત્ર" નાટક ત્હેમનો એક જૂદીજ દિશામાં પ્રયાસ છે; અને તે ઉપર જણાવેલી બંને કૃતિઓની સાથે લોકપ્રિયતામાં સ્થાન મેળવી શકે તેમ છે.

રા. રા. નયનસુખલાલ પોતે સારા વિદ્વાન્ હોવા ઉપરાંત, "અમર સત્ર" ના લેખકની કૃતિઓના અભ્યાસી છે; એમ "ઇંદ્રજીત વધ" ની હાલમાં ત્હેમની તરફથી પ્રકટ થયેલી દ્વિતીયાવૃત્તિ ઉપરથી તથા આ લેખ ઉપરથી સિદ્ધ થાય છે. રા. રા. દોલતરામ પંડયાના ગ્રન્થોમાંથી એકાદનું "દોહન" કરવાની અમારી વિનતિનો સત્કાર કરી, "અમર સત્ર"નો સાર તથા તે વિશે દિગ્દર્શન લખવા ત્હેમણે કૃપા કીધી છે, તે માટે અમે ત્હેમનો ઉપકાર માનીએ છીએ.

તંત્રિ—સુ. સુ.]

૧.

'અમરસત્ર"ના લેખકે ગુજરાતી સાહિત્યને ચરણે બીજા બે સમર્થ ગ્રથો મૂકયા છે—"કુસુમાવલિ" અને "ઇંદ્રજીતવધ". ઇંદ્રિજીત વધ" મહાકાવ્ય છે; "કુસુમાવલિ", લેખકનું આખ્યાયિકા નામ બાજુ ઉપર રાખીયે તો, બરાબર રીતે Romance (રોમેન્સ) કહેવાય. બન્નેય ગ્રથો પોતપોતાના પ્રદેશમાં ઉચ્ચ પંક્તિએ વિરાજે છે. નાટયના પ્રદેશમાં લેખકની કલમનું પરિપકવ ફળ "અમરસત્ર" છે. ગુજરાતી ભાષામાં નાટકો પ્રમાણમાં થોડાં છે, અને તેમાંથી યે ઉત્તમ નાટકોની સંખ્યા એટલી ન્યુન છે કે આપણા સાહિત્યમાં નાટક નથી એમ કહીએ તો આગળ પડતું ન કહેવાય. કોઈક સ્થળે કલ્પનાની નિર્બળતા, તો કોઈક સ્થળે ભાષાનું શૈથિલ હોય છે. બહુ સ્થળે તો પ્રતિભાનીજ ખોટ જણાય છે. "અમરસત્ર" નાટકતીજ દષ્ટિએ જોતાં ઉંચી પંક્તિનું છે. સંકલનામાં અને પાત્રાલેખનમાં પોતાનું સામર્થ્ય "કુસુમાવલિ" અને "ઇંદ્રિજીતવધ"માં ગ્રંથ કર્તા બતાવેછે અને "અમરસત્ર" તે બાબતમાં તેનાથી ઉતરતું નથી.

૨.

નાટકનો સાર ટુંકામાં આ પ્રમાણે છેઃ "અંતઃપ્રસ્થ"ના ચક્રવર્તિ ભૂપાલ સિદ્ધરાજની રાણી માયાવતીના ભાઇ માનસિંહને રાજશેઠ ધનપાળના પુત્ર ધર્મપાળની પત્ની સુભદ્રાનો મોહ થતાં, તેને તેના ગૃહમાં કેદ કરી ચાર પાસ પેરો મૂકે છે. તે વાત ધર્મપાળના પરમ મિત્ર અમરસત્રને કાને પડતાં ક્ષત્રિય લોહી ઉકળી આવે છે, અને મદનસિંહને મારી, ધર્મ ભગિનીને છોડાવવા પોતાના મિત્ર વિદ્યાધરે વાર્યા છતાં તે પ્રતિજ્ઞા લે છે. અમરસત્રમાં ઉદ્ધતતા, ઉચ્છૃંખલતા, જુવાનીને સ્વાભાવિક તોર છે ખરો, અને ગ્રંથકર્તા ચિત્રની આ બાજુ પહેલાં પાંચ અંકમાં ઘણી સારી રીતે ખીલવે છે. પરંતુ હૈયું વિશુદ્ધ છે. અધર્મને તે સહન કરી શકતો નથી. અને સુભદ્રાનું દુઃખ જોઇને ગર્જી ઉઠે છે. અમરસત્ર નામ પ્રમાણે મહાનુભાવતા અને સ્વાર્પણની પરિસીમા છે. સિદ્ધરાજની રાજ્યતંત્રરીતિ તેને નિર્બળ અને અસમર્થ લાગે છે. અને રાજ્યના વધતા જતા અધર્મી મડળ સામે એકલે હાથે બાથ ભરવને તે તૈયાર થાય છે. માનસિંહને મારવો એમ નિશ્ચય કરી, પોતાને ઠેકાણે પોતાના મિત્ર ધર્મપાળને શસ્ત્રની અદલાબદલી કરી રાજસભામાં મોકલી, અમરસત્ર રાત્રે ગુપ્ત રીતે સુભદ્રાના ગૃહની અટારીએ છુપાય છે; ને મદનસિંહના ઉપર તુટી પડી તેને દ્વંદ્વયુદ્ધમાં મારી સુભદ્રાનો બચાવ કરી લે છે. આમ ધર્મભગિનીનુ તો સતિત્વ સચવાયું પરતુ બીજી તરફથી રાજયસ્યાલ જેવા મોટા પુરૂષનું અજાણ્યા કારણથી ખુન થતાં અંતપ્રસ્થમાં હાહાકાર થાય છે જો કે પકડાયલા શસ્ત્ર ઉપરથી ધર્મપાળ અને ધનપાળને ખુની ગણવામાં આવે છે, છતાં દીર્ઘદષ્ટિ સિદ્ધરાજની આંખ્યોએ ખરો પુરૂષ છાનો રહેતો નથી રાજસભામાં બેચાર મર્મ ભરેલા શબ્દોથી, શત્રુને ગુપ્ત રીતે મળી ગએલી પોતાની પત્ની માયાવતીના આશ્રિત સરદાર સામંતોને સહજ જણાય છે કે અમરસત્ર ઉપર રોષ કરવા કરતાં, તેમનીજ નિમકહરામી જાણી રહેલા ભૂપાલને તેમના ઉપર વધારે રોષ છે. એકાએક આથી રાજ્યમાં બે મોટા ભાગ પડી જાય છે અને પ્રથમથીજ ફુટેલા અને અત્યાર સુધી ગુપ્ત રીતે મળેલા એ સરદારો અને મહારાણી સર્વે બહિરૂપ્રસ્થના વિષયસેનને ઉઘાડે છોગે મળી જાય છે. પાંચમા અકમાં કામ્યકવનનું યુદ્ધવર્ણન છે, જેમાં સત્વશોધી સિદ્ધરાજે અમરસત્રનેજ પોતાનો સેનાપતિ નીમેલો છે. વયે નાનો પણ હવે અનુભવથી વૃદ્ધ થએલો અમરસત્ર શત્રુનાં છિદ્ર જાણી, પોતાની યુક્તિઓ ગોઠવી, મુક્ત થએલા ધર્મપાળ સાથે વિષયસેનના સૈન્ય ઉપર તુટી પડી, તેને હરાવી કેદ પકડે છે. પાંચમા અંકની કઠોરતા અને ઉગ્રતા પછી છઠ્ઠા અંકની મનોહર શીતલતા અને માર્દવ વાંચનારને અસર કર્યા વિના નથી રહેતી. છઠ્ઠા અંકમાં ધર્મપાળ અને સુભદ્રાનો મેલાપ થાય છે અને આ દીર્ઘ વિયોગથી વિધુરિત યુગલના સંમેલન સમયના આલેખેલા ભાવો સહજ ભવભૂતિનું સ્મરણ કરાવે છે. એક પાસ વસંતનો વિકાસ, બીજી પાસ સુભદ્રાનો નિર્દોષ બાલિકા શો અકૃત્રિમ પ્રણય, ત્રીજી પાસ ધર્મપાળનો પુરૂષની ગંભીરતા અને દઢતા ભરેલો સ્નેહ અને ટીખળી વિદ્યાધરની વેશ ભજવતી દાસી સાથે ચાતુક્તિ, વિગેરે રસગુંથણીથી આ અંક એવો આકર્ષક બન્યો છે કે ક્વચિત વાંચનારને થઇ આવે છે કે અન્ય અલંકાર ન હોત તો પણ આ એકજ અંક નાટકને પ્રથમ પંક્તિમાં મુકવાને બસ થાત. અંકમાં શૃંગારરસ છે પણ તે એટલી ઉંચી જાતનો, નિર્દો

અને વિશુદ્ધ છે કે વાંચતાં આબાલવૃદ્ધ કોઇ પણ વાંચનારને કર્કશતા કે કચવાટ ન થાય. સાતમા અંકની શાંતિ તેથી પણ વધારે ચઢતી છે. શત્રુ નાશ પામ્યા, કપટ પકડાયું, સત્ય પ્રતિપાદિત રહ્યું અને ધર્મ–સુખદાનો યોગ થયો: એટલે હવે કાર્ય એકજ બાકી રહ્યું, અને તે અમરસત્ર અને સત્યકીર્તિનું લગ્ન. કારણ સત્ય–કીર્તિ તો અમર–સત્રનેજ વરે છે. લગ્ન મંગળ–ગીતની ચાર કડી નીચે ટાંકું છું:

આજે મંગળ સમય આવ્યો આપણે રે,
વાધ્યો ગહન ગંભીર આનંદ,

રૂડો વરકર ગ્રહે સખી કીરતી રે. [ટેક.]
કન્યા બાઇ આજ થાય કુલાંગના રે,
ગોરી રૂકિમણી વરે શ્રી વ્રજચંદ્ર. —રૂડો વર.

(સાખી)–વિધિને જેમ સરસ્વતી, હેમકૂટને ગંગ,
કવિને કવિતા વ્હાલી છે, સમુદ્રને શ્રી રંગ:

એમ પ્રાણથી અધિક વ્હાલી એટડી રે,
સહુ સુખની સીમાનું રૂડું સ્થાન. —રૂડો વર.
યોગ્ય ગ્રાહકને આપે રાજા દાનમાંરે,
કાંઈ આપે શું કાળજડાની કોર. —રૂડો વર.

(સાખી)–ત્રીજું મંગળ વરતીયું, થાએ ધન્ય ઉચ્ચાર,
કન્યાએ વીરાતણું, હૃદય હર્યું આ વાર:

યોગીરાજને ઉમાએ ચળાવીઆરે,
કર્યો સૂર્યને ઉષાએ રક્ત ભક્ત. —રૂડો વર.
બાંધ્યો પવન, પંજર પૂર્યો સિંહને રે,
નાની બાળકીના પ્રેમનું શું જોર. —રૂડો વર.

(સાખી)–ચોથું મંગળ વરતીયું, અચરજનો નહિ પાર,
વશ કરતાં વરવશ બની, ચતુરા દે નિજસાર

આજે " पुण्याहम्–पुण्याहम् " બોલાય છે રે,
થઈ પારકી નયનની સુરેખ. —રૂડો વર.

એમ સત્યકીર્તિ અમરસત્રને વરે છે અને ઉચિત પાત્રને ઉચિત શિરપાવ આશીર્વચન સાથે નાટક સમાપ્ત થાય છે.

૩.

ભાષાનું જોર, પાત્રનું વિવેકભર્યું ચિત્રાલેખન, કવિતાની સરળ સુઘડતા, અને સંવાદની સાગ્રતાથી નાટકના અંગેઅંગમાં રમણીયતા લાગે છે. આટલું તો નાટકનીજ દૃષ્ટિએ. પણ અમરસત્ર નાટક કરતાં બહુ વધારે છે. "અમરસત્ર નાટક"નાં દોઢસો પૃષ્ટમાં રાજ્યકલાની મિમાંસા (Philosophy of Politics) અને સૃષ્ટિ જીવનની મિમાંસા (Philosophy of Existence) સમાયલી છે. રાજ્યતંત્ર શી રીતે નિયમિત કરવું, ગુપ્તમંત્રને રાજ્યનીતિમાં શું અને કેવું સ્થાન છે; ઉચ્ચ અને નીચ શત્રુ અને મિત્રથી જોડાયલા રાજ્યરથની ધુરા શી રીતે સમતોલ રાખવી, તેમજ જીવન એટલે શું, સૃષ્ટિ એટલે શું, મનુષ્ય માથે સુખ

દુઃખ તેનું નિયામક સૂત્રશું, અને તેનો શો અર્થ, વિશ્વમાં અધર્મ-અનીતિનું પ્રતિપાલન થાય અને તે ચઢે તે શા માટે, એ આ નાટકમાં વિવેચાયલા પ્રશ્નોમાંના થોડા એક છે. નાટક ધ્વન્યાત્મક છે; જેને ઇંગ્રેજીમાં " Allegory" કહે છે, તેવી જાતનું લગભગ છે. "સુંદરી સુબોધ"ના વાંચકોને વિજ્ઞાનના પ્રશ્નોના ભારથી ભરવાની ઇચ્છા નથી એટલે આ સ્થળે તો એક વાત જેના ઉપર ધ્યાન ખેંચવું યોગ્ય લાગે છે તે લખી આ લેખ પૂરો કરીશ; અને તે લેખકની સ્ત્રીત્વની ઉચ્ચ ભાવના. આધુનિક સમયના આ મહાપ્રશ્ન ઉપર લેખકે ભાર મુકયો છે, અને એ પ્રશ્નનો અપાયલો ઉત્તર વિચારવા યોગ્ય છે. સ્ત્રીત્વ એટલે શું ? કર્તા મનનભર્યો ઉત્તર આપે છે કે સ્ત્રીત્વ એટલે પવિત્ર દૈવી સ્નેહની પ્રતિકૃતિ. ચિર વિયોગના તિવ્ર અગ્નિથી અકળાયલી સુભદ્રા આત્મહત્યાને તીરે આવીને નિરાશાભર્યો અંતરોદ્ગાર કાઢે છે:—

" અરેરે ! સ્ત્રીનું કશુંયે નહીં ? કોઇએ નહિ ?
" જે ધન પ્રાપ્ત થતું નિજ ભાગ્ય તણા ઉદયે નહીં તે ધન તેનું;
જે સુત જન્મ ધરે નિજ પેટ કહ્યું ન કરે ક્ષણુ તે સુત તેનું;
જે વરના ઘરમાં નિજ નૂર જરૂર ભૂલે વર તે સુખ તેનું;
નિશ્ચય નાર ગુલામ સમી–"

પણુ કર્તા એવો નિરાશવાન નથી. સ્ત્રીજાતીમાં જગત્ કલ્યાણુના સંભવ તે જુવે છે અને સુભદ્રાના શોકગ્રસ્ત હૃદયને ઉત્તર દે છે:—

" નિશ્ચય નાર ગુલામ સમીઃ–નહીં જો હત પ્રેમનુ બંધન તેનું ! "

" અમરસત્ર " ઉચ્ચ ભાવો ભર્યું. ઉચ્ચ વસ્તુ ભર્યું નાટક છે; અને તેમાં લેખકની સ્ત્રીત્વની ઉચ્ચ ભાવના એક છે.

ના. શહેનશાહબાનુનું બાળ શિક્ષણ:

તેઓ નામદાર પોતાનાં સતાનોની સતત સંભાળ રાખે છે. તેમની આસપાસના અસર કરે એવા સંજોગો માટે તેઓ વળી બહુજ કાળજીથી સંભાળ રાખે છે. આયા-ઓ, દાસીઓ, અને શિક્ષકો તથા શિક્ષણ આપનારી સ્ત્રીઓની પસંદગી પણુ તેઓ બહુ સારી અને કાળજી પૂર્વક કરે છે, શિશુગૃહ અને શિશુ શિક્ષણુ શાળામાં તેઓ સઉ કેવી રીતે વર્તે છે તે ઉપર પણુ તેઓ હંમેશ લક્ષ આપતાં રહે છે. છોકરાં જ્યારે છેક નાનાં હતાં ત્યારે છોકરાંના મનની અને શરીરની ખીલવણી તરફ પણુ નિત્ય ધ્યાન આપ્યા કરતાં હતાં. નાનપણુથીજ તેઓ બાળકોને બંદગી કરવાનુ અને પોતે તથા પોતાનાં સગાંને ઈશ્વર ઉપર ભક્તિ રાખવાનું તથા તેનેજ શરણે રહેવાનું શીખવાડતાં હતાં. આત્મસંયમ, સગાં વહાલાંની સાથે કેવા વિવેકથી વર્તવું, અને કેવી રીતે ગંભીર અને ડાહ્યાં બનવું, તે તેમને નાનપણુથીજ શીખવાડવામાં આવતું હતું નિમમિત અભ્યાસ ક્રમ શરૂ થતા પહેલાંથી નીતિ અને રહેણી કરણીના સિદ્ધાન્તો તેમજ પોતાનાં વડીલોની આગળ કેવા વિવેકથી રહેવું તથા સ્વાર્થ ત્યાગ કરી અને આજ્ઞાંકિતપણે રહીને કેમ ચાલવું, તે તેમનાં ...ગાં મગજમાં ઉતારતાં હતાં.

— મણિલાલ છ. ભટ્ટ કૃત "શહેનશાહબાનુ મેરી."

પત્રવ્યવહાર.

(સામાજિક પ્રગતિ અને સંસાર સુધારા સંબંધી કેટલીક માહિતી.)

પ્રકટ થવાને મોકલનારઃ રા. રા. ટોકરશી પૂંજાભાઈ છેઠા.—આકોટ.

૧.

શ્રીયુત રા. રા. રામમોહનરાય જસવંતરાય દેશાઈ,

તંત્રી–' સુન્દરી સુબોધ:' અમદાવાદ.

પ્રિય બન્ધુ,

આપનો પત્ર તા. ૨૧ મી નો લખેલ પહોંચ્યો. ' સુન્દરી સુબોધ ' નો જાન્યુઆરી–ફેબ્રુઆરીનો અંક ત્હમે બીજી વાર મોકલેલ પ્હોંચ્યો. પ્રથમ અંક ક્યાંઆં ગેરવલે થઇ ગયો જણાય છે.

પત્રને નિયમીત કરવાની વ્યવસ્થા ચાલુ છે, તે જાણી સતોષ થયો છે. આપને મ્હેં એક પત્ર લખેલ તેનો જવાબ આપે આપેલ; અને તે ઉપરથી પાછો મ્હારા તરફથી આપને પત્ર આવેલ તે તથા તેનો જવાબ–સર્વે અનુકૂળતા એ સુન્દરી સુબોધમાં પ્રગટ કરવા આપનો વિચાર છે, તેથી હું ઘણો ખુશી થયો છુ. વળી જે વખતે આપને કાગલ લખેલ અને તેનો ઉત્તર હજી મ્હારા હાથમાં આવેલ ન હોતો, તેની અગાઉ રા. બ. રમણભાઈ મહીપતરામ નીલકંઠ, સેક્રેટરી "ગુજરાત–સંસાર સુધારા સમાજ," એઓને મ્હેં પત્ર લખેલ. અને તેઓ સાથે જે કાંઇ પત્ર વ્યવહાર થયો છે તે સર્વે અક્ષરે અક્ષર ઉતારીને આ સાથે મોકલેલ છે તે પણ પ્રકટ કરવામાં આવશે તો ઘણોજ ઉપયોગી થઇ પડશે, એમ મ્હારૂં માનવું છે.

રા. બ. રમણભાઇને મ્હેં લખેલ, જે મ્હેં મ્હારી હાલની સ્ત્રીને મ્હારાથી બનતી મહેનતે કેળવણી આપી છે. એ લખવું થોડુ વધારે હતુ. એનો દાખલો ત્હમને હાલમાં મ્હારી સ્ત્રી તરફથી ત્હમે જાન્યુ.–ફેબ્રુ. ના સુન્દરી સુબોધમાં પુછેલા સવાલોનાં જવાબો લખીને મોકલવામાં આવશે, તે ઉપરથી જણાશે. એ પત્ર ઉપરથી એની કેળવણીની કયાશ જોઈ શકશો. પણ મ્હારા મત પ્રમાણે એટલું પણ લખવું એને આવડયું, એ મ્હારૂં મોટું ભાગ્ય હું સમજું છું.

વળી જે સવાલોના જવાબો લખવામાં આવેલ છે, તે મ્હારી સમક્ષ અને મ્હેં સવાલ પુછી પુછીને લખાવેલ છે. પણ જો આપ હમેશ એવી રીતે તેણીને એકાદ છુટું છવાયું પત્ર લખતા રહેશો તો હું ધારૂં છું કે વધારે ફાયદો થશે. ઘરનાં માણસનું વજન વધારે પડે નહીં, એ વાત કાંઇ નવી નથી. આજ રોજે મ્હેં આપને મ્હારી છબી મોકલી છે, તેમાં અમારૂં જોડુ બેઠેલું જોશો. પણ વિદ્યા ઓછી હોવાથી તેણીનો ચેહરો આટલો પણ ઉમદા દેખાવડો છે તો પણ નિરર્થક છે, એમ લાગ્યા વગર રહેશે નહીં. વધારે કેળવણીનો પ્રયાસ આદરવા માટે સુરત, અમદાવાદ વગેરે સ્થળ સારાં છે, પણ અવિભક્ત કુટુંબની જાળ થકી તેમ બની શકતું નથી. કુટુંબ વ્યવસ્થા ઘણાને અનુકૂળ થતી હશે, પણ મ્હારા મતે મ્હને તો તે પસદ નથી અને એના કડવા અનુભવો મ્હને થયા છે.

ચાલુ સાલની " પ્રાન્તિક સંસાર સુધારા પરિષદ" ના પ્રમુખનું ભાષણ સરસ છે; અને મહિલા પરિષદનાં પ્રમુખ સૌ. વિદ્યાગૌરીનું ભાષણ તો સુન્દરી સુબોધમાં આપવા જેવુંજ છે.

આપને જે કામમાં હું મદદગાર થઇ શકું એવું કામ મ્હને સોંપી આભારી કરશો. એજ વીનંતી.

લી. સેવક,

ટોકરશી પૂંજાભાઈ છેડા.

૨.

[ઑનરેબલ રા. બ. રમણભાઈ મહીપતરામ નીલકંઠ (બી. એ. એલ. એલ. બી.)—સેક્રેટરી, " ગુજરાત સંસારસુધારા સમાજ, " અમદાવાદઃ-એઓની સાથે ચાલેલો પત્રવ્યવહાર]

કચ્છ-કોડાયઃ તા. ૨૫ સપ્ટેમ્બર, ૧૯૧૩.

રા. બ. રમણભાઈ મહિપતરામ નીલકંઠ,
બી. એ. એલ. એલ. બી.

સેક્રેટરી-" ગુજરાત સંસાર સુધારા સમાજ,—અમદાવાદ.

પ્રિયવર મહાશય,

આપનો કાર્ડ તા. ૨૦ મીનો લખેલો પહોંચ્યો હતો.

" જ્ઞાનસુધા " ના નમુનાની નકલ સારૂં આ કાગલ સાથે અઢી આનાની પોસ્ટની ટીકીટો બીડી છે, તે પહોંચેથી અંક મોકલશો.

સંસાર સુધારાના સંબંધમાં સંક્ષેપમાં શંકાઓ પુછવાની રજા આપી, તે બદલ હું આપનો અંતઃકરણપૂર્વક ઉપકાર માનુંછું.

મ્હારી શંકાઓ થોડી છે પણ કદાચ લખવામાં મ્હારાથી લંબાણ થઈ જાય તો તે બદલ ક્ષમા કરશો.

હાલ મ્હારી ઉમર વીસ વર્ષની છે. હું ન્યાતે કચ્છી વીશા ઓશવાળ જૈન વાણીઓ છું. કેળવણીમાં સાધારણ ગુજરાતી ભણેલ છું. ઇંગ્રેજી ચોથી ચોપડી સુધી અભ્યાસ કરેલ છે તથા મરાઠી સારી રીતે ભણેલ છું. બે વર્ષથી મ્હારૂં લક્ષ " સંસાર સુધારા પરિષદ " તરફ ખેંચાયું છે. ત્હેમાં ચાલુ સાલની " પ્રાન્તિક સસારા સુધારા પરિષદ"ના પ્રમુખ રા. રા. નરસિંહરાવનું ભાષણ વાંચીને બહુજ આનંદ થયો અને મનમાં નિશ્ચય કરી લીધો કે જાતે દહાડે પણ સુધારક પક્ષમાં ભળવું પડશે. કારણ કચ્છ દેશની દરેકે દરેક રીતભાતો મ્હને બીલકુલ પસંદ નથી વળી ન્યાતી બંધારણ પણ તોડી પાડવું એવી ઇચ્છા થાય; પણ આગળ કોઈ રસ્તો સુઝતો નહોતો. ધર્મની બાબતમાં મ્હારે મત ભેદ છે નહિ. મૂર્તિપૂજા ઉપર આટલા દીવસ શ્રદ્ધા હતી, પણ રા. બ. ભોળાનાથભાઈનું ચરનચરિત્ર વાંચ્યા બાદ શ્રદ્ધા ઉડી ગઈ અને બીજું પણ કેટલીક બાબતોનું ત્હેમાંથી ન મળ્યું.

સ્ત્રી કેળવણીનો આ દેશમાં ફેલાવો કરવો, એ કામ અશક્ય છે; કારણ દરેક પ્રયત્ન કરી જોનાં પણ સ્ત્રીઓ તથા કન્યાઓને કોઇ ભણાવવા મોકલતું નથી. તેમ એ બાબતથી

સર્વે લોકો વીરૂદ્ધ છે, તોપણ મ્હેં મ્હારાથી બનતી મહેનતે મ્હારી હાલની સ્ત્રીને કેળવણી આપી છે.

મ્હારી આર્થિક સ્થિતિ ઠીક છે, એટલે જેને ઇંગ્લીશમાં આપણે Well-to-do person કહી શકીએ તેમાં તો હું એક છું.

હવે મ્હારી પૂછવાની શંકાઓ એજ કે—જે જે સુધારકો છે તેઓમાં કેટલા અંશે જુના ધારાઓ બંધ થયા છે, તથા કઈ કઈ રીતિઓ હાલમાં પ્રચલિત છે; તથા લગ્ન વગેરે કેવી રીતીથી થાય છે? તથા જેઓએ પુનર્વિવાહ કરેલ છે તેઓ તો તેઓની ન્યાતથી બ્હાર થયા હશે; પણ ન્યાત બ્હાર થવા પછી તે લોકો કોની સાથે કેવી રીતે વ્યવહાર કરે છે? વળી કોઈ મરણ પ્રસંગે હાલમાં કેવી રીતે કામ લેવામાં આવે છે? અગર કોઈ મ્હારા જેવો સુધારક પક્ષમાં ભળવા જાય તો તેઓ તે સાથે વ્યવહાર શરૂ કરે છે કે નથી કરતા?

હિન્દુસ્તાનના જુદા જુદા ભાગમાં જુદી જુદી રૂઢીઓ પ્રચલીત છે; ત્યારે અરસપરસ જુદી જુદી ન્યાતોમાં જે લગ્નો થાય છે (દાખલા તરીકે, તાજુંજ બનેલું રા. રા. દયારામભાઇનું બ્હેન ઉર્મિલા સાથે થએલું લગ્ન—) તેઓ કેવી રીતે વ્યવહાર ચલાવે છે?

આ ન્યાતીમાંથી એકદમ નિકળી જવા અગાઉ મ્હને એ વિચાર હંમેશાં આવ્યા કરે છે, જે કદાચ ન્યાતીમાંથી તો નીકળી જઈશ પણ પછી કોની સાથે વ્યવહાર કરવો? અને કોઇની સાથે જો નહી ભળી શકીએ, તો પછી ધોબીના કુતરા જેવી ગતિ થાય, તે ઠીક નહીં.

એ બાબતોનો જાતે અનુભવ લેવાની ઘણી ઇચ્છા છે, પણ સ્વતંત્રતા નહિં હોવાથી તેમ બનવું અશક્ય છે. તેથી એક બે આસામીઓને મ્હેં પત્ર લખી જોયા પણ તેઓ તરફથી જવાબ મળ્યો નહીં.

સંસાર સુધારા સમાજના હેતુઓ તપાસતાં સર્વે હેતુઓ હું માન્ય કરૂં છું. પણ ન્યાતના કેટલાક રીવાજોના આધારે (તે) હેતુઓ પ્રમાણે ત્હેમાં બીલકુલ સુધારો કરવો અશક્ય છે, કારણ કે ન્યાત ઘણી મોટી છે અને વળી જે રૂઢીઓ છે તે આખા દેશમાં સર્વત્ર પ્રસરેલી છે. વળી ન્યાતીલાઓએ ભેગા થઈ ઠરાવો પસાર કરેલા, પણ ત્હેમાંથી એક પણ ઠરાવનો અમલ હજી થયો નથી અને થાશે પણ નહીં; કારણ એવા ઠરાવો આમલ પણ ઘણા વખત થએલ છે. ત્યારે હું એકલો એ કામમાં વિરૂદ્ધ થઇ શકું તેમ નથી. અને એકાદમાં વીરૂદ્ધ થઇ પછી ન્યાત બહાર થવું, એ કરતાં પ્રથમથીજ તેઓનાથી અલગ થઇ જવું, એ હું વધારે પસંદ કરૂં છું. તેથીજ હું એ શંકાઓ પુછું છું. જે કીઆં આસરો મળે? તો પછી એ લોકોની પરવા રહે નહી.

"ગુજરાત સંસાર સુધારા સમાજ"નો હું સભાસદ થાઉં તો ત્હેમાં મ્હને વીશેષ બીજો લાભ શું થઈ શકે,—અગર નહીં થાઉં તો શું ગેરફાયદો થાય?

આટલી હકીકત આપને લખેલ છે, તેમાં જો કે લંબાણ થએલ છે, તે બદલ હું માફી માગું છું પણ એમાં ખુલાસો ઠીક છે એમ મ્હારૂં ધારવું છે. હવે એબાબતોનો જવાબ આપ ભલે અવકાશે આપશો. જવાબ સારૂં એક આનાની ટીકીટ તથા "જ્ઞાનસુધા"ના

'નમુનાના અંક સારૂં અઢી આના મળી આના ત્રણની ટીકીટો બીડી છે. હું અત્રેથી હવે તરત મ્હારા હમેશનાં રહેવાના ઠેકાણા ઉપર જવા વાલો છું, તેથી જવાબ ત્યાંનાં સરનામા ઉપર લખશો, એ વીનંતી. "જ્ઞાનસુધા" નું ચોપાનીઉ પણ ત્યાંજ મોકલશો.

જવાબ મોકલવાનું ઠેકાણું.
ટોકરશી પૂંજાભાઈ છેડા.
મુકામ—આકોટ.
જીલ્લા આકોલાઃ—(બીરાર.)

લી સેવક,
ટોકરશી પૂંજાભાઈ છેડા.

અમદાવાદ. તા. ૮–૧૦–૧૩.

રા. રા. ટોકરશી પૂંજાભાઇ છેડા,

મુ. આકોટ.

આપે કચ્છ-ડોણથી તા. ૨૫—૯—૧૩ ના રોજ લખેલો કાગળ મ્હને પહોંચ્યો છે.

આપના મંગાવ્યા પ્રમાણે પ્રાર્થના સમાજના કારકુને આપને "જ્ઞાનસુધા" ના અંકની એક નકલ મોકલી છે.

સંસાર સુધારા અને ધાર્મિક સુધારા તરફ આપની વૃત્તિ છે, એ બહુ ખુશીની વાત છે. આપે મુસ્કેલીઓ છતાં આપની સ્ત્રીને કેળવણી આપી છે તે સ્તુતિપાત્ર છે.

સુધારકોમાં જુના ધારાઓ કેટલે અંશે બંધ થયા છે અને કંઈ રીતીઓ હાલમાં પ્રચલિત છે. તેનું એક સરખું વર્ણન આપી શકાય નહી. સુધારકોમાંથી કોઇએ પોતપોતાની શક્તિ અને અનુકૂળતા પ્રમાણે જુના ધારાઓ મુકી નવી રીતીઓ દાખલ કરી છે. કોઇએ થોડો પ્રયાસ કર્યો છે અને કોઇએ વધારે પ્રયાસ કર્યો છે. નાત, કુટુંબ વ્યવસ્થા, કેળવણી, સાંસારિક સ્થિતિ વગેરે પ્રમાણે તેમની સ્થિતી ઘડાઈ છે. કેટલાક વિધવા વિવાહ પોતાના કુટુંબમાં દાખલ કરી શકયા છે. ઘણા નથી કરી શકયા. ઘણા પોતાનાં બાળકોનાં લગ્ન મોટી ઉમર સુધી બંધ રાખી શકયા છે. કેટલાક નથી રાખી શકયા. કેટલાક પોતાની પુત્રીઓને કેળવણી આપી શકયા છે; કેટલાક નથી આપી શકયા. બ્રાહ્મ ધર્મમાં દાખલ થએલા નાતનાં બંધન તોડી શકયા છે. એ ધર્મ માનતા છતાં જેઓ 'બ્રાહ્મ' થયા નથી તેમણે નાતનાં બંધન સમુળગાં તોડી નાંખ્યાં નથી. આ વગેરે જુદી જુદી સ્થિતીનું એક સામટું વર્ણન આપી શકાય નહીં. મુંબઇ, અમદાવાદ, વગેરે ઠેકાણે જાતે ફર્યાથીજ સ્થિતી સમજવામાં આવી શકે.

જેઓ નાતમાં રહ્યા છે, તેમનાં લગ્ન નાતના રિવાજ પ્રમાણેજ થાય છે. ...ના વિવાહ કરનારને અલબત નાત બહાર મૂકવામાં આવે છે. લોકો તેમની સાથે બીજી રીતે કામકાજ, ધંધા, વગેરે વ્યાહાર કરે છે પણ ભોજન વ્યવહાર કે કન્યા વ્યવહાર કરતા નથી. મરણ પ્રસગે નાતના રીવાજ પ્રમાણે વિધિ થાય છે. કેટલાક શ્રાદ્ધ નથી કરતા.

"સુધારક પક્ષમાં ભળવાનું થાય, તેની સાથે વ્યવહાર શું શું થાય?" એમ આપ પુછો છોઃ "સુધારક પક્ષમાં ભળવા" નો અર્થ "સુધારાની સભામાં દાખલ થવું," એવો આપ કરતા હો તો સભામાં દાખલ થવાથી નાતવાળા કંઈ કરતા નથી. પણ નાતના રીવાજ વિરુદ્ધ કોઇ જેમકે લગ્ન કરે તો નાતવાળા નાત બ્હાર મુકે છે.

આપ પુછો છો કે " રા. રા. દયારામભાઇનું બ્હેન ઉર્મિલા સાથે થએલું લગ્ન, તેઓ કેવી રીતે વ્યવહાર ચલાવે છે?"–આ પ્રશ્નમાં તેઓ એટલે કોણ એ સ્પષ્ટ નથી. લગ્ન કરનાર જોડાના ગૃહવ્યવહાર વિશે હું જાણતો નથી. પણ નાતવાળા તેમને નાત બહાર ગણે છે. સુધારકો બધા એક નાતના નથી તેથી સુધારકો એકત્ર થઇ અમુક માણસો સાથે એક સરખો વ્યવહાર કરતા નથી આ જોડા સંબંધે વ્યવહારના પ્રસંગ આવ્યા નથી.

નાતમાંથી નિકળી જતાં આપ લખોછો, તેની મુશ્કલી જરૂર થાય એની મુશ્કેલીઓ વેઠના તૈયાર હોય તેણેજ નાતનો ત્યાગ કરવો જોઇએ. નાત છોડયા પછી લગ્ન વ્યવહાર, જે એવો વ્યવહાર કરવા ખુશી હોય, તેની સાથેજ થાય. કોઇ પ્રથમથી વચન આપતું નથી.

કલકત્તામાં જેઓ 'બ્રાહ્મ' થયા છે, તેમણે નાત મુકી દીધેલ છે અને તેઓ માંહો માંહે લગ્ન વ્યવહાર કરે છે. અલબત વરકન્યાની આરોગ્યતા તો જોવાય છેજ. હરકોઇ વર અને હરકોઈ કન્યાનું લગ્ન નથી થતું

નાતના ઠરાવોથી સુધારા થતા નથી, એ ખરૂં છે.

આપ પુછોછો કે " ગુજરાત સંસાર સુધાર સમાજનો હું સભાસદ થાઉં તો તેમાં મ્હને વિશેષ બીજો લાભ શું થઇ શકે અગર નહિ થઉં તો શું ગેરફાયદો થાય?"–– સુધારાના કામમાં મદદ કરો એ લાભ અને ન કરો એ ગેરફાયદો. અંગત લાભ કે ગેર ફાયદો કાંઇ નહિં. એ દૃષ્ટિ બિન્દુજ ખરૂં નથી.

લી૦ સેવક.

રમણભાઈ મહીપતરામ નીલકંઠ.

આકોટ (બીરાર) તા ૨૬ મી ઓકટોબર ૧૯૧૨.

રા. બ. રમણભાઇ મહીપતરામ નીલકંઠ.

બી. એ, એલ. એલ. બી.

સેક્રેટરી—"ગુજરાત સંસાર સુધારા સમાજ,' અમદાવાદ.

મહેરબાન સાહેબ, આપનો કૃપા પત્ર તા. ૮ મી નો લખેલ મ્હને મળ્યો. સંસાર સુધારાના બાબતમાં આપે મ્હારા સવાલોના જે જે જવાબો આપ્યા તેથી મ્હને પરમ સંતોષ ઉપજ્યો છે, અને એ બદલ હું આપનો ઘણો આભારી થયો છું.

નાતમાં રહીને સુધારા કરવા એ બાબત ઘણી કઠણ છે અને તે કરવાને ઘણો સામર્થ્યવાન પુરૂષ જોઇએ. વળી ન્યાતથી વીરૂદ્ધ એકાદ કાર્ય મ્હેં કર્યું એટલે ન્યાત બહાર તો થયો. અને ન્યાતીવાલાઓ તરફથી જે જે મુશ્કેલીઓ વેઠવાની તે વેઠવાને પણ તૈયાર હોઉં પણ નાત બ્હાર મુકયા પછી જો જે લોકો સાથે વ્યવહાર કરવાનું ઇચ્છું—એટલે સુધારાવાળા સાથે ભળવા ચાહું—અને તે લોકો જો હાથ-આશ્રય નહી દીએ તો સ્થિતી કઢંગી થઈ જાય અને વળી પાછો નાતનો આશરો લેવો પડે. એ ન થવું જોઇએ. અને એ કારણથીજ એ સવાલ મ્હેં પુછયો હતો. એટલી વાત ખરી કે સુધારકો સર્વે એક નાતવાળા નથી. પણ મ્હારા જેવો તો ગુજરાત વાળાઓ સાથે મળે. કારણ ભાષા, આચાર, વીચારનો ઘણો ભાગ મળતો આવે.

સુધારા સમાજનો સભાસદ થવામાં કોઇ રીતે હરકત નથી, એ હું સમજું છું. માત્ર ત્હેના નીયમ જે છે તે જો કે સર્વ મ્હને કબુલ છે પણ ન્યાતના લોકો સામે હું તેમાંથી એક પણ પાળી શકું તેમ નથી; તો પછી સભાસદ દાખલ હું ત્હેમાં કાંઈ પણ કરી શકયો નહીં એમજ સમજવું-ઉલટપક્ષે મ્હેં ત્હેના નિયમનો ભંગ કર્યો એમ કહેવાય.

કારણ સર્વ કરતાં મરણ પ્રસંગે મ્હારી ન્યાતીમાં જે પ્રકારે કામ લેવામાં આવે છે તે ઘણુંજ નીંદાપાત્ર છે, અને એ કઢંગી રીત સર્વ કેળવાયલા યુવકોને કમકમાટી ઉપજાવે એવી છે. તે કદી પણ બંધ થઇ શકે તેમ નથી. અને એ બદલ મ્હારે આપને એજ પુછવાનું કે સુધારકોમાં એ રડવા કૂટવાનો ચાલ કેટલે અંશે બંધ થયો છે?

અંગત લાભ બાબત હું એમ પુછવા ઈચ્છું છું કે હું બ્હાર ગામનો સભાસદ થાઉં એટલે અમદાવાદ કોઇ વખતે આવું તો તો સભામાં હાજર રહેવાનો મ્હને લાભ મળે; પણ બીજા લાભ જેવા કે દર વર્ષનો રીપોર્ટ મ્હને મળે કે નહીં? એકાદ કાર્યમાં મ્હારો મત પુછવામાં આવે કે નહિ? વગેરે.

આપને મ્હેં અત્યાર સુધી સવાલો પુછીને તસદી આપી તે બદલ ક્ષમા યાચું છું. અને હવે મહેરબાની કરી જણાવશો કે સંસાર સુધારા સમાજનું નવું વર્ષ કયાંથી ગણવામાં આવે છે. તે લખી જણાવવા કૃપા કરશો, એટલે હું મ્હારૂં વાર્ષિક લવાજમ મોકલી આપું અને સભાસદ દાખલ મ્હારૂં નામ નોંધાવું. એજ અરજ.

પત્રનો ઉત્તર લખી આભારી કરશો, જવાબ માટે અર્ધા આનાની પોસ્ટની ટીકીટ બીડી છે.

લી. સેવક,

ટોકરશી પૂંજાભાઈ છેડા.

રોયલ હિન્દુ હૉટેલ, ચોકહોલ.

માથેરાન, તા. ૩૧-૧૦-૧૯૧૩.

રા. રા. ટોકરશી પૂંજાભાઇ છેડા,

મુ. આકોટ.

આપનો તા. ૨૬ મી નો પત્ર મ્હને અહીં મળ્યો છે. હાલ હું મ્હારી તબીઅતના સુધારા માટે માથેરાન આવેલો છું. દસેક દિવસ પછી અમદાવાદ જવાનો છું.

નાત સંબંધમાં ગયા પત્રમાં મેં લખ્યું છે તેથી વધારે લખવાનું નથી. નાત વિ-વર્તવાથી નાત બહાર થનારને મુશ્કેલીઓ તો છેજ.

કલકત્તામાં 'બ્રાહ્મ સમાજ' છે અને મુંબઈમાં નવું 'આર્ય મંડળ' થયું છે, તેના સભાસદો નાત બહાર થનાર અને પોતાના મંડળમાં આવનાર સાથે વ્યવહાર કરવાનું માથે લે છે. 'આર્ય મંડળ' તો હજી નવું છે પણ અમુક સભાસદ સાથે લગ્ન વ્યવહાર કરવા કોઇ બંધાય નહીં કેમકે વર કન્યાની યોગ્યતા તો જોવી પડે. નહિં તો પાછી નાત જેવી વ્યવસ્થા થાય અને યોગ્યતા હોય કે ન હોય તો પણ નાતનો છે માટે કન્યા આપવી લેવી-એવો નિયમ થઇ જાય. એ બે મંડળો સિવાય બીજી રીતે પણ ધીમે ધીમે

નાતનાં બંધનો તુટે છે અને તુટશે. પણ કોઇ વ્યવહારની જામીનગીરી આપીને કે લઇને નાત બ્હાર થાય એ શકય નથી અને ઇષ્ટ નથી.

અમદાવાદ, સુરતમાં સુધારકોમાં રડવા કુટવાનો ચાલ બંધ થયો છે, અને તેમનું જોઇ બીજા કેટલાકોએ પણ બંધ કર્યો છે. એ ચાલ બંધ કરનારને નાત તરફથી હરકત થતી નથી.

" ગુજરાત સંસાર સુધારા સમાજ "ના રીપોર્ટ છપાતા નથી. રીપોર્ટ છાપવાનો ખર્ચ થઇ શકે તેમ નથી. તેમજ બહાર ગામનાં સભાસદનો મત લઇ શકાય નહીં અમદાવાદમાં હોય તે પણ સભામાં આવે ત્યારેજ તેનો મત લેવાય. ગેરહાજર સભાસદનો મત લેવાય નહિં. તેથી આપ પુછાવો છો તેવો લાભ બહાર ગામના સભાસદને મળે નહીં.

"ગુજરાતસંસારસુધારાસમાજ" નું વર્ષ તા.૧ લી જાન્યુવારીથી ગણવામાં આવે છે.

લી.

રમણભાઇ મહીપતરામ નીલકંઠ

સેક્રેટરી-" ગુજરાત સંસાર સુધારા સમાજ "

અમદાવાદ.

[રા. રા. **રામમોહનરાય** જસવંતરાય, તંત્રી-"સુન્દરી સુબોધ," અમદાવાદ-એઓની સાથે ચાલેલો પત્રવ્યવહાર.]

શ્રીયુત. રામમોહનરાય જસવંતરાય દેશાઈ,

શ્રી અમદાવાદ.

મહેરબાન સાહેબ,

આ પત્ર લખવાનું કારણ સામાજીક પ્રગતિ વિષે તથા સંસાર સુધારા બાબત થોડી માહિતી મેળવવાનું છે.

જો કે હું આપનાથી અજ્ઞાત છું તેમ તમો પણ મ્હને ઓળખતા નથી; મ્હને દીઠેલ પણ નથી. છતાં આપને આ પત્ર લખી હું થોડી બાબતો પુછવાની રજા લઉં છું કે જેનો આપ સંતોષકારક જવાબ વાળશો, એવી ઉમેદ રાખું છું અને તે બદલ હું આપનો બહુ આભારી થઇશ.

પ્રથમ મ્હારો થોડો આપને પરિચય કરાવ્યા બાદ જે બાબતોની મ્હને શંકા છે તે પુછીશ તો વધારે ઠીક થશે*...સંસારિક બાબતમાં મ્હારૂં પ્રથમ લગ્ન થયું ત્યારે મ્હારી ઉમર વરસ તેરની હતી એટલે હું પુરેપુરો બાળલગ્નનાં ફાંસમાં સપડાગો હતો. છતાં પણ આપણા હીન્દુ સંસારમાં જે પ્રકારનું કેટલાકોને સંકટ વેઠવું પડે છે તે મ્હારા નશીબમાં નહોતું. દૈવયોગે તે સ્ત્રીનું પ્રસુતિ કાળમાં મરણ નીપજ્યું. અને તે પછી બાર મહીને હું

---

* અહીં આપેલી કેટલીક હકીકત આગળ રા. બ. રમણભાઈ ઉપરના પત્રમાં આવી ગઈ છે.

બીજીવાર પરણ્યો. આગળથી થોડી સંસારિક માહિતી મેળવેલી હતી તેથી વખત અનુસાર વર્તન જે પ્રકારનું સુખ હું ઇચ્છતો હતો તે પ્રમાણેનું સુખ મ્હારી સ્ત્રીને સમજાવી, થોડુંક શીખવીને મ્હેં પ્રાપ્ત કર્યું છે. મ્હારી ન્યાતીનાં લોકો ઘણા ખરા બધા કચ્છ દેશમાં વસે છે. કેટલાકો હવે પરદેશમાં જાય છે તો પણ બાળકો જે છે તે તદન અજ્ઞાન રહે છે. પરદેશના રીતરીવાજ જોયા છતાં તેઓ પોતાનો જુનો જુસ્સો બીલકુલ મુકતાં નથી. તેમ સ્ત્રી કેળવણીને તો જાણે તીલાંજલીજ આપી હોયની! ન્યાતીમાં જે રીતરીવાજો ચાલે છે તે તદન કઢંગા અને બીલકુલ આપણી પ્રકૃતીને બંધ બેસતા આવે તેમ નથી સુધારો એ શું એની તો એ લોકોને ખબર પણ નથી!

જ્યારથી હું થોડો સમજણો થયો અને ન્યુપેપર વગેરે વાંચવા લાગ્યો ત્યારથી સંસાર સુધારા વીષેની બાબતો પણ હું વાંચતો હતો; તો પણ હું વધારે ધ્યાન આપતો નહોતો. પરન્તુ સ્ત્રીજાતી પ્રત્યે માનની લાગણી મ્હારામાં પેદા કરનાર "સુન્દરી સુબોધ" પત્રજ છે. પુનર્લગ્નની બામતમાં તો હું તદન વિરૂદ્ધજ હતો.

બાદ એક વખતે મ્હને મ્હારા એક મિત્રે પુનર્લગ્નની બાબત વીષે ઘણું સમજાવ્યું, તે પછી જમાનાને અનુસરીને તેની જરૂરીઆત હું જોવા લાગ્યો.

હવે મ્હારે જે બાબતો આપને પુછવાની છે તે જણાવીશ તો આપને વધારે કંટાળો ઉપજશે નહી.

ચાલુ સાલની "પ્રાન્તિક સંસાર સુધારા પરિષદ્" અમદાવાદ ખાતે રા. રા. નરસિંહરાવ ભોળાનાથ દિવેટીઆના પ્રમુખપણા નીચે મળી હતી. તે પ્રમુખનું ભાષણ મ્હેં સન્ત ચોપાનીઆમાં વાંચ્યું તેમજ "એક સુધારક"ની સહીથી લખેલ લેખ* પણ વાંચ્યો. તેથી એ તરફ મ્હારી દષ્ટિ વધારે દઢ થઈ અને દીવસે દીવસે સુધારાનું કામ આગળ વધતુ ચાલ્યું છે ત્યારે હું પણ એમાં મ્હારાથી બનતો ભાગ કેમ ન ભજવું એવો મ્હારા મનમાં વીચાર આવ્યો. પણ કેટલાક લોકો સુધારકોના નામથી જૂદી જૂદી રીતે ઉહાપોહ કરે છે; તેથી કુમળા વીચારનો હું ઘણા વીચારમાં જ ગોથાં ખાઉં છું.

પ્રથમ મ્હારે આપને પુછવાનું એ જે ચાલુ સાલની પરિષદ્‌માં આશરે કેટલા લોકો આવ્યા હતા તથા જે સમુદાય એકઠો થયો હતો તેમાં બધા સુધારકો જ હતા કે બીજા પણ મનુષ્યો હતા ? તથા જે લોકો એકઠા થએલ હતા તે લોકો જેવી રીતે ખાનપાનાદિકની છુટ કરવા કહે છે તેવીજ રીતે આપસ આપસમાં બેટી વ્યવહાર પણ કરે છે કે નહીં ? અને એવાં કોઇ લગન થયાં છે કે નહી અને જો થયાં હોય તો આજ સુધીમાં કેટલાં લગ્ન થયાં છે ?

હવે જે લોકો એવી રીતે લગ્ન કરે છે તે લગ્ન કઇ રીતીથી થાય છે તથા એવી રીતીથી જે લોકો લગ્ન કરે છે તેઓને તો તે લોકોની ન્યાત ન્યાત બહાર કાઢી મુકતી હશે, ત્યારે એ લોકો કોના સાથે વ્યવહાર કરે છે; અને જો નવીજ ન્યાત ઉભી કરવાની છે તો તે ન્યાતમાં કેટલા લોકો ભળેલ છે ?

બીજું સુધારકો જે છે તે લોકોમાં રડવા કુટવાની ચાલ પ્રથમ પ્રમાણે જ છે; અથવા જેવી રીતે એ લોકો બોલે છે તે પ્રમાણે અમલ કરે છે ?

---

* જુવો "વસન્ત," વર્ષ ૧૨, અંક ૨.

મ્હારો વીચાર તો એ સર્વ બાબતોનો જાતે પરિચય મેળવવાનો હતો પણ કર્મસંયોગે હું તેવી સ્થીતીમાં નથી એટલે કે સ્વતંત્ર નથી; તેથી એ બાબતનો ખુલાસો આપશ્રી પાસેથી મંગાવ્યો છે, જે હું ધારૂં છું કે આપવાની કૃપા કરશો.

કદાચ આ કાગળ લંબાણ હોવાથી આપને કંટાળો આપશે. તે બદલ હું આપની ક્ષમા ચાહું છું.

આપના તરફથી જે કાંઈ ખુલાસો મલશે, તે ઉપરથી મ્હને જે વીચાર ઉપજશે, તે હું આપને જણાવીશ.

લી. સેવક,

ટોકરશી પુંજાભાઈ છેડા

રા. રા. ટોકરશી પુંજાભાઈ છેડા.

" સુન્દરી સુબોધ " મન્દિર,

અમદાવાદ. તા. ૮-૯-૧૩.

પ્રિય ભાઇ,

આપનો કૃપા પત્ર ઘણા દિવસ ઉપર મળ્યો હતો. અનુકૂળતા અને સમયને અભાવે ઉત્તર આપવામાં વિલંબ થયો છે, તે ખાતે દીલગીર છું.

" સંસાર સુધારા પરિષદ્ " ને લગતા જે સવાલ આપે પૂછ્યા છે, તે સર્વ મહત્વના છે. પરન્તુ એક વાતનું વિસ્મરણ કરવાનું નથી, કે સઘળી વસ્તુઓ દૂરથી ભવ્ય લાગે છે અને પાસે જવાથી તેનો પ્રકાશ,—ગમે તો આપણને નિત્યના અનુભવને લીધે અથવા ત્હેમાં અનેક ન્યૂનતાઓ હોય છે તેથી પણ ઓછો ભાસે છે. પરિચય હમ્મેશાં મોહ ઓછો કરે છે.

" સંસારમાં સુધારા પરિષદ્ " (અને કોઇ પણ પરિષદ્) તેના પ્રતિનિધિઓ, મિત્રોને ભાગ્યેજ સંપૂર્ણ સંતોષ આપે છે. તથાપિ ત્હેનું અસ્તિત્વ તેઓ સહુથી વધારે સમજે છે અને ઉપયોગી માને છે. અમદાવાદમાં મળેલી પરિષદે ઘણાને ત્હેની અપૂર્ણતાથી અસંતોષ આપ્યો હતો; પરન્તુ ઘણાને એમ પણ લાગ્યું હતું કે આવી સભા પણ અમદાવાદમાં મળવી મુશ્કેલ હતી. અર્થાત્ સન્તોષના પણ બહુ ઉદ્‌ગાર ત્હેના મિત્રો, ઉપાસકો, પ્રતિનિધિઓ તરફથી સાંભળ્યા હતા.

(૧) બ્હાર ગામના બહુ જાણીતા પ્રતિનિધિઓ ત્હેમાં ન્હોતા, એ આ પરિષદ્‌નું દુર્ભાગ્ય હતું. છતાં સંખ્યા સારી હતી.

(૨) જેઓએ " સંસાર સુધારા " નો સંકલ્પ લીધો હોય એવા-કરતાં સાંસારિક સુધારા તરફ પ્રીતિ રાખનાર, ત્હેની આવશ્યકતાનો સ્વીકાર કરવા તરફ અભિરુચિ હોય એવા પ્રતિનિધિઓ અને પ્રેક્ષકો પણ ઓછા ન્હોતા. આ ભાગને સુધારક મંડળના સર્વ સંકલ્પો-નિયમો સ્વાભાવિક રીતે કબુલ ન જ હોય.) તથાપિ આમ બન્યું હતું એ પણ સુધારક મંડળના આદર્શો તરફ કેળવાયલા વર્ગની ગતિ થાય છે, એમ માનવાના કારણ રૂપ હતું.

(૩) ખાવા પીવાની છુટ સેકડે ૯૫ ટકા જેટલો કેળવાયલો વર્ગ લે છે. પરન્તુ ત્હેમાંનો ઘણો ભાગ જ્ઞાતિ બન્ધનની બીતિથી બ્હાર જણાવી શકતો નથી, એમ જોવામાં આવે છે. જ્ઞાતિઓના ઉપવિભાગોમાં બહુ લગ્નો થતાં નથી, એ નક્કિ છે. આંકડા તારવવા જેટલાં સાધનો પ્રાપ્ત નથી, પણ એ લગ્નોની (મિશ્ર જ્ઞાતિ લગ્ન જેને કહેવામાં આવે છે ત્હેની) સંખ્યા મ્હોટી નથી.

(૪) મિશ્ર લગ્નો—વડોદરા રાજ્યમાં " સિવિલ મેરેજ એક્ટ " પ્રમાણે થઈ શકે છે.- બીજે કાંતો "બ્રાહ્મો એક્ટ" મુજબ અથવા હિન્દુ ધર્મ પ્રમાણે થતાં હોવાં જોઈએ.

(૫) જ્ઞાતિ બ્હાર ગએલાં મનુષ્યોને પોતાનાં કુટુમ્બ બન્ધન વગેરે તોડવાં પડે છે, તેથી ભારે મુશ્કેલીઓ નડે છે. વર્તનની છુટ મળે છે, પણ સ્વજ્ઞાતિ સંઘરતી નથી તેથી જ્ઞાતિ બ્હાર ગયેલાઓની એક નવી નાત જેવુંજ થાય છે. એટલે સ્વાભાવિક રીતે હિન્દુ ધર્મવાળા લોકોની જ્ઞાતિના અનુક્રમમાં તો હાલ કેટલા વખત સુધી ત્હેનું સ્થાન છે લ્લુંજ રહેવાનું. ગુજરાતીઓમાંથી જ્ઞાતિ બ્હાર ગયેલાં મનુષ્યોની સંખ્યા ઘણી મ્હોટી નથી.

(૬) રોવા કૂટવાનો ચાલ દેખીતી રીતે ઓછો થયો છે. ઓછો નથી થતો, ત્હેમાં અને ત્યાં પણ સુધારકોનો દોષ નથી. આ બાબતમાં પ્રગતિ ન થવામાં સ્ત્રીઓનો જ દોષ છે. અને સ્ત્રીઓનાં નિકટ સંબન્ધીઓ ગુજરી ગયાં હોય, ત્હેવે વખતે એમની અતિ ઉષ્ણ થઇ ગયેલી લાગણીને રોકવાને ત્હેમના ઉપર જુલમ ગુજારી તેમ કરતાં અટકાવવી-એ કેટલાકને પસંદ પણ નથી પડતું. ઉંચી કોમોમાં કેળવણીના પ્રચારે એ રિવાજ ઓછો કર્યો છે, એમાં કાંઈ શક નથી. અને રોતાં કૂટતાં ન આવડતું ત્હેને લોકો પ્રથમ હાસ્યાસ્પદ ગણતાં; ત્હેને બદલે હાલની કેળવાયલી સ્ત્રીઓના મ્હોટા ભાગમાં તેમ આવડે ત્હેને શરમ ભરેલું ગણે છે !—તેથી તે હાનિકારક રિવાજ હવે ગયેજ સમજવો ! છતાં મ્હોટા ફેરફાર-(લાંબા કાળના રૂઢ થઈ ગએલા રિવાજોમાં) બ્હેલા અથવા એકદમ ન થાય એ સંભવિત છે.

સુધારાના કામમાં સારામાં સારૂં શસ્ત્ર કેળવણી છે, કેળવણીનો વિકાસ સ્ત્રી હૃદયમાં થયો તો આપણું અર્ધું-અરે ! બધું કામ થઇ ગયુંજ સમજવું. તેમ થવાને વાર લાગે છે પણ તે ચોક્કસ થાય છે. અને દરેક બાબતમાં ઉતાવળ કામ અવશ્ય બગાડે છે.

આપના આવા વિચારવન્ત પ્રશ્નો માટે અભિનન્દન ઘટે છે, આપને કાંઇ પણ પૂછવું હોય. તો બેધાશક લખશો.. મ્હને આવી બાબતમાં વિચાર આપતાં આનંદ થાય છે.

લિ. આપનો,

રામમોહનરાય.

આકોટઃ તા. ૨૭ નવેંબર, ૧૯૧૩

શ્રીયુત રા. રા. રામમોહનરાય જસવંતરાય,

શ્રી અમદાવાદ.

માન્યવર મહાશયજી,

આપનો કૃપા પત્ર તા. ૮-૯-૧૩ નો લખેલ આકોટ આવ્યો હતો. તે વખતે હું ટુરનો-ડોણમાં હતો હાલ હું અત્રે આવેલ છું. પણ અનેક ગૃહવ્યવસાયમાં ગુંચાએલો

હોનાથી આભાર પ્રદર્શીન કરનારો પત્ર પણ હુ આપને લખી શકયો નહી, તેથી મ્હને શરમ થાય છે અને તે બદલ હુ આપની ક્ષમા ચાહુ છુ.

જે જે ખુનાસાઓ આપે મ્હને આપ્યા છે, તે વણાજ સતોપકારક છે, અને તે બદલ હુ આપનો ઘણો ઉપકાર માનુ છુ

વળી પણ થોડાક ખુલાસા આપને પુછુ છુ, તેના પણ ઉત્તર વાળી સેવકને આભારી કરશોજી.

મિશ્ર જ્ઞાતી લગ્ન જે લોકો કરે છે તે લોકોને " અમે હિન્દુ નથી " એવી પ્રતિજ્ઞા લેવી પડે છે, એટલુજ નહી પણ અમે " ખ્રીસ્તી, પારસી, યાહુદી, મુસલમાન, કોઈ પણ કોમના નથી " એવી પ્રતિજ્ઞા લેવી પડે છે, ત્યારે એ લોકોને કઇ જ્ઞાતીના ગણુના? તથા એ લોકો જ્યારે રજીસ્ટ્રાર પાસે જાય છે, ત્યારે શુ નોધાવે છે?

હવે એમ કલ્પના કરો કે એક સખ્ખ મરાઠી બ્રાહ્મણ છે અને તેણે એક બંગાલી સ્ત્રી સાથે લગ્ન કર્યું પણ એ લોકો પોતાનો વ્યવહાર કેવી રીતે ચલાવે? ભાગમા કદાચ આપણે એમ કબુલ કરીશુ કે બેઉ ઇંગ્રીજી ભણેલા છે તેથી સોતીમા કોઇ વાતે અડચણ પડતી નથી પણ આપણા હિંદુસ્તાન દેશમા જુદી જુદી ન્યાતોમા જુદી જુદી રીતીઓ છે, ત્યારે કેવી રીતીઓથી એક બીજામા ભળી શકે વળી એકાદ કુટુમ્બીજનના મરણ પ્રસંગે કેમ વ્યવહાર ચલાવે, એ પ્રશ્ન મ્હને બહુ ગુચવાડો ઉત્પન્ન કરે છે માટે એ વીષે આપ કાંઇ ખુલાસો આપશો.

જ્ઞાતિ બન્ધન ક્ષુલ્લક કારણસર તોડી શકીએ પણ ન્યાતમાથી નીકળી ગયા બાદ સુધારક પક્ષ આપણા સાથે વ્યવહાર ચલાવે કે નહી અને આશ્રય આપે કે નહી?

જુની રૂઢીઓ મુકવી એ ઘણી સારી વાત છે, પણ ન્યાતના બન્ધનથી તે મુકાય તેમ નથી વળી કેળવણીથી ફાયદો થાય એ ઘણાક હવે સમજે છે, પણ કેળવણી આપતા નથી, ત્યારે જેવાનુ એજ કે જુના વીચારોને જ ચાલવા દેવુ કે તેઓને કાપી નાખવા? કારણ, સમજાવવાથી જુના લોકો સમજતા નથી એટલુજ નહી પણ ઉલટી રીતે આપણી નીંદા કરે છે એમને જ્યા સુધી એ લોકોને પોષણ મળે છે ત્યા સુધી તો આપણને એ કાંઇ પણ કરવા દીએ નહી ત્યારે એકદમ નીકળી જવુ એજ યોગ્ય છે કે નહીં?

આપને હુ તસ્દી આપીને પત્રવ્યવહાર વધારી કંટાળો આપુ છુ, તે બદલ ક્ષમા કરશો એજ આપનો સ્નેહ છે તેવોજ સેવક તરફ ચાલુ રાખશો.

લી સેવક,

ટોકરશી પૂંજાભાઈ છેડા.

રા. રા ટોકરશી પુંજાભાઈ છેડા. મુ આકોટ

પ્રિય ભાઈ,

આપનો કૃપાપત્ર મળ્યો હતો, ઉપકાર થયો માગેલી માહિતી નીચે મુજબ છે,

મિશ્ર જ્ઞાતિ (જાતિ) લગ્ન કરનાર જ્યારે " તે હિન્દુ-મુસલમાન વગેરે કોઇ જાતિનોજ નથી એમ ત્હેને હાલના કાયદા મુજબ જણાવવુ પડે છે, " ત્યારે તે કઈ જ્ઞાતિનો ગણાય, એ સવાલજ રહેતો નથી ત્હેવુ લગ્ન કરવાથી પોતાની જ્ઞાતિમાથી તો ત્હેને

બ્હારજ જવું પડે છે, એ દેખીતું છે. પછી ત્હેને યોગ્ય લાગે તે પ્રજાવિભાગમાં તે જોડાઇ શકે છે.

રજીસ્ટ્રાર પાસે તે એટલુંજ નોંધાવે છે કે તે હિન્દુ-મુસલમાન વગેરે કોઇ કોમમાં નથી.

એક ગુજરાતી ગૃહસ્થે પરદેશની કન્યા સાથે લગ્ન કર્યાનું મ્હારા જાણવામાં છે. કન્યાને ગુજરાતી બોલતાં આવડતું ન્હોતું-તેમ તે સમજતી પણ નહિં હતી; અને તે ગૃહસ્થને પત્નીની માતૃભાષાનું જ્ઞાન ન્હોતું. કેટલીક અડચણ પડયા પછી તેઓ એક બીજાનું બોલવું સમજતાં શીખ્યાં હતાં આ દંપતીને ઇંગ્રેજીનું જ્ઞાન પણ ન્હોતું.

એમનાં સગાં વ્હાલાં કરતાં એમના પોતાનાજ સંબન્ધને લગતો સવાલ વધારે મહત્વનો છે. સગાં વ્હાલાં સાથેનો પત્રવ્યવહાર તો ઇંગ્રેજી ભાષા (જે હવે હિન્દુસ્થાનમાં સર્વ સામાન્ય થવા લાગી છે તે) માં પણ થઇ શકે.

કોઇ પણ કારણ—(પછી તે ક્ષુલ્લક અથવા મહત્વનું હોય તે) માટે કોઈ માણસ જ્ઞાતિ બ્હાર જાય અને "સંસાર સુધારક મંડળ" સાથે વ્યવહાર રાખવા ઇચ્છે, તો હું નથી ધારતો કે ત્હેને તેમ કરવાનાં કાંઇ વાંધો નડે. એટલું તો ખરૂંજ કે સુધારક મંડળને ત્હેનામાં ચારિત્રનાં દૂષણ જણાવાં જોઇએ નહિ. કોઇ પણ કુટુંબ કોઇ દારૂડિઆ અથવા બદચાલી માણસને પોતાના ઘરમાં અથવા સંબન્ધમાં આવવા દેતાં સ્વાભાવિક અને વાજબી રીતે આંચકો ખાય.

જ્ઞાતિમાંથી બ્હાર જઇને સુધારક મંડળમાં જોડાતાં તે મંડળના કયા વર્ગમાં તે દાખલ થઇ શકે, એ ત્હેની પોતાની કેળવણી, સદ્વર્તન, સાંસારિક અને આર્થિક સ્થિતિ ઉપર બહુ આધાર રાખે છે. કારણ કે જ્ઞાતિ વિભાગ ગયા પછી પણ કોઇક વિભાગ તો કુદરતી રીતે રહેવાનાજ. અને તે ઇંગ્રેજોની પેઠે સ્થિતિ વિભાગ છે. શ્રીમાન્ મધ્યમ-અને સામાન્ય વર્ગઃ આ પ્રમાણે વિભાગ થઇ જાય છે. જ્ઞાતિઓ કરતાં આ મંડળમાં ખાવા પીવાની તથા લગ્ન કરવાની છુટના સંબન્ધમાં વધારે વ્યક્તિ સ્વાતંત્ર્ય રહે છે. પરન્તુ લગ્ન સંબન્ધને માટે સાધારણ રીતે પસંદગી તો મ્હેં ઉપર જણાવ્યા તે વર્ગોમાંથીજ અનુકૂલતા મુજબ થાય છે અને થવાની. ઉંચા દરજ્જાવાળાં અથવા શ્રીમાન્ મનુષ્યો બહુ સાધારણ પંક્તિનાં કુટુંબો સાથે લગ્ન વ્યવહાર કરતાં સ્વાભાવિક રીતે આનાકાની કરે. આ બાબતમાં બંગાળાની બ્રાહ્મ સમાજ અને ઇંગ્રેજોના જેવીજ સુધારક મંડળની સ્થિતિ છે.

ઉંચી પંક્તિનાં જાણીતાં કુટુંબોને માટે લગ્ન સંબન્ધમાં પસંદગીનું ક્ષેત્ર બહુ વિશાળ રહે છે. તેઓ હિન્દુસ્થાનના કોઇ પણ ભાગમાંથી પસંદગી કરી શકે છે. સાધારણ કુટુંબોને આ અનુકૂલતા સાધ્ય નથી. આર્થિક સગવડ એટલી મ્હોટી નહિં હોવાથી સમિપના પ્રદેશમાંથી જ ત્હેમને પસંદગી કરવાનું રહે છે.

અમુક માણસ સાથે અમુક પંક્તિનાં કુટુંબો લગ્ન વ્યવહાર ચલાવે કે નહિં, તે ત્હેના પોતાના ચારિત્ર્ય, કેળવણી અને સાંસારિક સ્થિતિ ઉપર આધાર રાખે છે. કોઈ પણ કુટુંબ સાથે તે વ્યવહાર રાખી શકે,-જો બંનેને તે વાત અનુકૂળ જણાય તો, એટલી વિશેષ છૂટ ત્હેને પ્રાપ્ત થાય છે.

અહિં એટલું સ્મરણમાં રાખવાનું છે કે સુધારક મંડળમાં મુખ્ય બે વિભાગ છે

એક નાત જાતના સંબન્ધનો ત્યાગ કર્યો છે અને બીજો જ્ઞાતિ સમુદ્રમાં રહીને યથાશક્તિ પ્રયત્ન કરે છે. ઉપર જે કહેવામાં આવ્યું છે, તે પ્હેલા વિભાગને ઉદ્દેશીનેજ છે.

જૂના રિવાજો, જો ખોટા હોય તો ત્હેમાં ફેરફાર કરીને તે સુધારવાનો દરેક પ્રયત્ન ઇષ્ટ છે. આપણા જીવનમાં રૂઢિનાં મૂળ એટલાં ઉંડાં છે કે તે ખોદી કાઢી શકાતાં નથી. અને આપણા જનસમાજની સ્થિતિસ્થાપકતા પણ બહુ શોચનીય છે. નિન્દા તો દરેક સત્કાર્ય કરનારની થાય છે અને થવાની. (અને આપણા દેશમાંજ નહિં–પણ આખી દુનિઆમાં !) પરન્તુ જે જ્ઞાતિમાં આપણે હોઇએ ત્હેની સ્થિતિ અને કેળવણીની હાલત જોઇને ત્હેનાં બંધારણમાં, ત્હેના કર્મ ક્ષેત્રમાં કાંઇક ફેરફાર ધીમે ધીમે પણ કરી શકાય. જો કે સહજ ફેરફારને પણ મહાન્ દોષરૂપ જોનાર જનસમાજમાં તેમ ત્વરાથી થવું મુશ્કેલ છે, એ વિસરી શકાય તેમ નથી !

છતાં જો સ્વજ્ઞાતિનુંજ હિત કરવા ઇચ્છા હોય, તો તે જ્ઞાતિમાંથી બ્હાર જઇને કરી શકાયજ નહીં. અને માત્ર જનસમાજની સેવાનો આશય હોય તો–અને બીજાં કુટુંબ બંધન તોડી શકાય તેમ હોય તો–જ્ઞાતિમાં રહેવું કોઇ રીતે ફરજિયાત નથી.

મ્હારો પોતાનો અભિપ્રાય એમ છે કે ત્હમારે હજુ વધારે વિચાર–અનુભવની જરૂર છે. સાહસા જ્ઞાતિમાંથી નીકળી જવાથી જો તમારી સ્થિતી સુધારવા માગતા હશો તો તેમ થઈ શકશે કે નહિં તે વિશે વધારે તથા ચોકસ જાત માહિતી મેળવવી જરૂરની છે. તે ફેરફાર પછી, અંગત લાયકાતનો અને સાંસારિક પરિસ્થિતિનો જ સવાલ ફક્ત રહે છે; જ્ઞાતિમાં રહેવું કે ન રહેવું એ જાતી અભિપ્રાયનો તેમજ–પોતાની અનુકૂળતાનો સવાલ છે, એ વાત ખરી છે; પરન્તુ જ્ઞાતિમાંથી બ્હાર ગયા પછી ત્હેમાં પાછા આવવાની ઇચ્છા રાખવી નથી, એવો દૃઢ નિશ્ચય કર્યા પછીજ તેમ કરવું સર્વથા ઇષ્ટ છે. કારણ કે જ્ઞાતિ બ્હાર ગએલાં કુટુમ્બોને નડતી મુશ્કેલીઓ તરફ પણ દુર્લક્ષ થઇ શકે તેમ નથી. અને ખાવા પીવાના કરતાં લગ્ન વ્યવહારના સંબન્ધમાં તે ખાસ વિચારવા જેવું છે.

હું માનું છું કે સામાન્ય જનસમાજ ઉપર સંસાર સુધારક મંડળની (અથવા કોઈ પણ જાહેર હીલચાલની) અસર કેળવણી દ્વારાજ થઇ શકે. અને આપણા સંસારને લગતી સઘળી હીલચાલોમાં **સ્ત્રી–કેળવણી** જ પ્રધાન સાધન છે. જ્ઞાતિઓમાં તે જેમ જેમ વધે છે, તેમ તેમ થોડા વધુ પણ આવકારદાયક ફેરફાર દૃષ્ટિએ પડતા જાય છે. આથી આપણી ઉન્નતિનું તે મુખ્ય સાધન જેમ બને તેમ–જ્ઞાતિમાં અને બહાર–વધારે સબળ થાય, તેમ કરવા પ્રયત્ન કરવાથી મ્હોટામાં મ્હોટી દેશસેવા કરી શકાય તેમ છે. જ્ઞાતિઓમાં અનેક દૂષણ હોવા છતાં તે તદ્દન નકામી નથી; અને ત્હેના સંરક્ષક બળનો સદુપયોગ થઈ શકે તેમ છે. આ વાત હાલ ચોતરફ જોવામાં આવતાં જ્ઞાતિઓની પરિષદોમાં કામકાજ જોવાથી સમજાશે. એતો ખરૂજ છે કે, જ્ઞાતિઓ ઘણીવાર બન્ધનરૂપે વર્તે છે, અને ત્હેમાં વ્યક્તિસ્વાતંત્ર્યને પૂરતું સ્થાન મળી શકતું નથી તથા કેળવણી નહિં પામેલા વર્ગોમાં ત્હેનાં બન્ધન વિશેષ દુઃખદ થઇ પડે છે. પરન્તુ સઘળે સ્થળે વિચારસ્વાતંત્ર્ય વધતું જાય છે અને સુધારા તથા કેળવણીના સાધન તરીકે જ્ઞાતિઓનો ઉપયોગ થવાથી

ઘણું સારૂં, ઉપયોગી કામ થઇ શકે, એમાં કાંઈ શક નથી. જો કે ત્હેમનું બંધારણજ એવું છે કે કોઇપણ સુધારો અથવા સારૂં કામ કરતાં વિલંબ થાય, પણ તેથી નિરાશ થવામાં કાંઈ ફળ નથી. મ્હને ખાત્રી છે અને આપણા દેશની પ્રગતિનો ઇતિહાસ સાક્ષી પૂરે છે કે કેળવણી (અને ખાસ કરીને સ્ત્રી-કેળવણી) દ્વારાજ જ્ઞાતિઓ અને દેશનો ઉદ્ધાર થઈ શકે તેમ છે. અને આપણે ત્હેમાં યથાશક્તિ પ્રયત્ન કરવો એ આપણો ધર્મ છે. જ્ઞાતિઓ જવાની છે, તેતો જશેજ, પણ તે દરમિયાનના વખતમાં-ત્હેનો જનસમૂહ ત્યાગ કરે તે પ્હેલાં-ત્હેનો પણ લાભ લેવાઇ શકે તેમ છે, અને જ્ઞાતિમાં રહેનાર સઘળાં જનોએ તેમ કરવું, એ ત્હેમનું કર્તવ્ય છે.

લિ. આપનો,

રામમોહનરાય.

अनुभविका.

જીંદગીનાં 'આપ'વીતી અને 'પર'વીતી કથાઓ.

૧

હું અભણ કેમ રહી ?

પ્રિય સખી,

ત્હારા છેલ્લા કાગળમાં ત્હેં મ્હને સારાં પુસ્તકો વાંચી જ્ઞાન મેળવવાનો ઉપદેશ આપ્યો છે તે માટે હું ત્હારો ઉપકાર માનું છું. ત્હને ન્હાનપણથી સારી કેળવણી મળી છે અને હાલ વિદ્વાન અને રસિક પતિ સાથે વિદ્યાવિલાસ ભોગવે છે એટલે તું આવું લખે એમાં શી નવાઇ ? ત્હારો કાગળ વાંચતાં મ્હારા મનમાં જે ઉભરો ભરાઇ આવે છે તે ત્હારી આગળ ખાલી કરવાનું મ્હને ઘણા દિવસથી મન હતું; પણ ઘર કામને લીધે અત્યાર સુધી મ્હારાથી ઉત્તર ન વળાયો માટે માફી આપજે.

બ્હેન ! આપણે ન્હાનાં હતાં અને નિશાળે સાથે ભણતાં હતાં એ દિવસો ત્હને યાદ છે ? એ નિર્દોષ બાલપણ, એ નિશ્ચિન્ત આનંદ, એ સંપૂર્ણ સ્વાતંત્ર્ય-સદાને માટે વહી ગયાં ! આપણા વર્ગમાં આપણે બે ભણવામાં વધારેમાં વધારે હુશીયાર હોવાથી, બીજી છોકરીઓપર આપણો કેવો રોફ પડતો હતો ? મ્હારો સ્વભાવ તે વખતે ખુબ તોફાની હોવાથી હું બધી છોકરીઓને બહુજ પજવતી. તે બીચારીઓ ત્હને ફર્યાદ કરતી ત્યારે ગંભીર શાણપણથી મ્હને તું મીઠી શીખામણ, તો કોઇ વાર જરા ઠપકો આપતી. અને તું પણ ઘણી ડાહી હોવા છતાં મ્હેતીજીની મીઠી મજાક કરવામાં જોડાતી અને ક્વચિત લેસન ચાલતું હોય તે વખતે છાનીમાની બ્હાર પસાર થઇ જઇ મ્હારી સાથે રમતગમતમાં કે વાતચીતમાં લાંબો વખત ગાળતી. નિશાળમાં તેમ જ ન્યાતજાતમાં આપણે સાથે ફરતાં ફરતાં એટલે આપણી જોડી કોઇ વાર વખણાતી, તો ઘણી વાર વખોડાતી.

ભણવામાં હું ત્હારા જેટલી હુંશીયાર ન હતી; છતાં ન્હાનપણથી જ મ્હને ચોપડીઓની ખુબ લત લાગી હતી અને દરવર્ષે ઇનામો લઇને પરીક્ષાઓમાં પાસ થતી. મ્હારા પિતા સ્ત્રીકેલવણીના હિમાયતી છે અને હું છેક ન્હાની હતી ત્યારથી મ્હને સારી કેલવણી આપવાનો ઇરાદો ધરાવતા હતા, તે તું જાણે છે. ત્હેમની અને મ્હારી બા વચ્ચે મ્હારે વિષે ચર્ચાઓ થતી તે મ્હને જરાજરા યાદ છે. આપણી ન્યાતમાં ન્હાની ઉમ્મરે સંસાર માંડવો પડે છે અને કામકાજની આવડ વગરનું ભણતર સાસરીયામાં નહિ પોષાય એમ મ્હારી બા કહેતાં. ત્હેના જવાબમાં પિતાજી એટલું જ કહેતા કે સારી કેલવણી મળી હશે તો બધે ઠેકાણે રસ્તો સરલ કરતાં વાર નહિ લાગે. શરૂઆતમાં તો બાનું કંઇ જ ચાલ્યું નહિ અને મ્હારો અભ્યાસ પૂરજેસથી આગળ વધ્યો. સ્હવારમાં તો દરરોજ હું નિશાળનું લેસન કરતી પણ સાંજે જ્યારે નિશાળેથી કે રમીને હું ઘેર આવું ત્યારે મ્હારા પિતા મ્હને નિશાળની બધી હકીકત પૂછતા અને સાધારણ રીતે નિશાળમાં તો મ્હારો નંબર સારો આવતો એટલે લેસન મ્હારી મેળે જ કરવા દેતા. છતાં કોઇ કોઇ વાર મ્હારી અક્કલની પરીક્ષા કરવા માટે નિશાળમાં ચાલી ગએલા પાઠ મ્હને વંચાવતા, અટપટા સવાલો પૂછી મ્હને ગુંચવી નાંખતા અને પછી ઘણી કલાથી અને ધીરજથી પાઠની ઉંડી સમઝણ આપતા. કોઇવાર ચિત્રોની તો કોઇવાર સહેલી વાર્તાઓની, કોઇ વાર કવિતાઓની તો કોઈ વાર ગરબીઓની, બ્હારથી ચોપડીઓ તેઓ લઇ આવતા, ત્હેમાંથી મ્હને થોડું સમજાવી બાકીનું મ્હારી મેળે વાંચી લેવા મ્હને કહેતા અને તે વખતે એ બધામાં મ્હને એટલો બધો રસ પડતો કે બાની સ્હામે થઇને કોઇ કોઇ વાર કયાંય સુધી તે વાંચવામાં મશગુલ થતી, રાત્રે સ્વપ્નાં પણ ત્હેનાં જ આવતાં.

અગીઆરમે વર્ષે હું ચોથા ધોરણમાં આવી એટલે બાએ પોતાનો મત વધારે ભારથી જણાવવા માંડયો. નિશાળે જતી બંધ કરી ઘરકામમાં મ્હને પલોટવા આગ્રહ કર્યો. હવે નિશાળે જવા દેશો તો લોકોમાં ફજેતી થશે અને સાસરીયાંમાં દુખ પડશે, એમ તે વારંવાર કહેતી. ખરૂં પૂછું તો મ્હને તો આ બિલકુલ સમજાતુ નહિ. હું નિશાળે ભણું અને સારી ચોપડીઓ વાંચુ ત્હેમાં લોકોને અને સાસરીયાંને શું ? હજીએ પિતાજી પોતાના નિશ્ચયમાં અડગ રહ્યા, એ મ્હને બહુજ ગમ્યું. ઘરના કામમાં હવે હું વધારે વખત ગાળવા લાગી અને કોઈ કોઇ વાર રાંધવાને પણ ન્હાતી. છતાં મ્હારી કેલવણીનો વેગ તો અખંડ જ રહ્યો. જેમ જેમ મ્હારામાં વધારે સમજણ આવવા લાગી તેમ તેમ નિશાળની અને ખાસ કરીને પિતાજીએ આપેલી ચોપડીઓમાં વધારે ઇતિહાસ અને ભૂગોલ, વાર્તાઓ અને નાટકો, કવિતાઓ અને ગરબીઓ કંઈ નવા જ ઉત્સાહથી વાંચવા માંડયાં. જે વાંચુ તે વધારે વાંચવાની, તે વિષે વધારે જાણવાની મરજી થાય. અહા ! આ અજનવી દુનીયાં અને દુનીયાનાં પ્રસિદ્ધ સ્થલોનું જ્ઞાન મેળવવાનો અને બને તો તે નજરે જોવાનો મ્હને કેટલો મોહ હતો ? દેશદેશની ચડતી પડતીની કથાઓ, યોદ્ધાઓનાં પરાક્રમો અને યુદ્ધોનાં વર્ણનો વાંચવાની મ્હને કેટલી બધી ઉમેદ હતી ? પણ સાચું કહું તો વાર્તાઓ અને કવિતાઓના જેટલો બીજા કશામાં મ્હને રસ પડતો નહિ. જેમ જેમ વિચારો અને લાગણીઓના અંકુરો ફુટવા માંડયા તેમ તેમ તે વાંચવાનું ગાંડપણ વધતું ગયું ત્હેમાં કેટલાક લેખકો વાંચતાં એવું લાગે કે જાણે મ્હારા મનમાં ઉતરી જઈ મ્હને જ ન

ચીતરતા હોય. ખરેખર ! મ્હારાં હૃદયને ગુપ્ત રહસ્યો જાહેરમાં મુકવા માટે હું ત્હેમના ઉપર ગુસ્સે પણ થતી. છેવટ સુધી હું ઇંગ્રેજી તો ભણી જ નહિ; પણ હું ગુજરાતી ભણી રહું એટલે ઇંગ્રેજી મ્હને ભણાવવાની પિતાજી લાલચ આપતા. ઇંગ્રેજી ચોપડીઓમાંથી મ્હને તેઓ વખતોવખત ચિત્રો દેખાડતા અને ઇંગ્રેજી કવિતા-વાર્તાઓનો તરજુમો કરી મ્હને સમજાવતા. આથી તો મ્હારા ગાંડા ઉત્સાહમાં ખુબ વધારો થતો. સપાટાબંધ ઇંગ્રેજી શીખીને સાથે લાગી બધી ઇંગ્રેજી ચોપડીઓ વાંચી નાંખવાનું અને પિતાજી સાથે તે વિષે ખુબ વાતો કરવાનું મન થતું. બ્હેન ! હાલની મ્હારી નિરક્ષર સ્થિતિ જોઇને ત્હને આ બધું નવાઈ ભરેલું ન બનાય એવું લાગશે. પણ, મ્હારા જીવ જેટલા મ્હારા આ વિચારો ખરા છે અને ત્હેનું અત્યારે પણ સ્મરણ થતાં ક્ષણભર પહેલાંનો જુસ્સો મ્હારામાં ઉભરાઇ જાય છે.

આખરે મ્હારી જીંદગીનો અણીનો કાળ આવ્યો. હું તેર વર્ષની થઈ. મ્હારો વિવાહ તો બાલપણમાં થયો હતો, એટલે વર શોધવાની ચિન્તા મ્હારાં માબાપને ન હતી. બીજે વર્ષે મ્હારાં લગ્ન કરવાનું નક્કી ઠર્યું હતું. મ્હારી માએ હવે તો મ્હને નિશાળે જવા દેવાની ચોખ્ખી ના પાડી. આવડી મ્હોટી બાયડી નિશાળે જાય છે તે લોકો તો ફોલી ખાય છે અને સાસરીઆંમાં પણ ટીકા થાય છે, સાસરે જતાં પહેલાં ઘરનું કામકાજ બરાબર શીખવું જોઇએ, એ વગેરે દલીલો આગળ પિતાજીએ ઘણી નાખુશીથી નમ્યું આપ્યું. ઘણા ભારે હૈયે મ્હેં મ્હારી વ્હાલી નિશાળને અને નિશાળના સુન્દર અને પવિત્ર વાતાવરણને છેલ્લા પ્રણામ કર્યા. બ્હેન ! મ્હારા જીવના સમ ખાઇને કહું છું કે નિશાળ છોડતાં મ્હારા અન્તઃકરણને ઘણુંજ દુઃખ થયું. જ્ઞાનના મહાસાગરમાં મ્હાલવાની, મ્હોટા લેખકોની પ્રસાદી ચાખવાની, તેમજ ઈંગ્રેજી ભણવાની અને વાંચવાની મ્હારી-ન્હાની વયમાં બાંધેલી મ્હોટી ઉમેદો ઉપર હમેશને માટે પાણી ફરી વળ્યું. શરૂઆતમાં તો મ્હને એમ થયું કે હવે તો ગમશેજ નહિ બા કામ બનાવે તે કરતાં કંટાળો આવે અને જરા મેળવીને ઘેર પડેલી ચોપડીઓ વાંચવાનું મન થાય. રાત્રે જ્યારે વખત મળે ત્યારે પિતાજી મ્હને પહેલાંની પેઠે કંઇક વંચાવતા અને વિદ્યામાં મ્હારો રસ જાગ્રત રાખવા પ્રયત્ન કરતા. પણ પિતાજીની અડધાએક કલાકની અસર બાકી આખા દિવસના સંસ્કારોની સ્હામે ક્યાં સુધી ટક્કર ઝીલી શકે ? એક પાસથી વાચનનો શોખ ઓછો થતો ગયો અને ઘરમાં કંઇ એવાં સાધનો ન હતાં કે જે આપોઆપ મનને સતેજ રાખે, અને બીજી પાસથી સંબંધીઓના મંડળમાંથી વાંચવા માટે જૂદાં પડવાનું મ્હને ગમતું નહિ. પરિણામે ઘરના કામકાજમાં અને સ્ત્રીમંડલના વ્યવહાર શાસ્ત્રમાં હું વધારે ને વધારે ગુંથાવા લાગી. ચોપડીઓ કરતાં ગામ ગપાટામાં અને અજ્ઞાન સખીઓની વાતોમાં મ્હને વધારે ને વધારે રસ પડવા લાગ્યો. અલબત, હું અભિમાન કરતી નથી પણ મ્હારે એટલું કહેવું જોઇએ કે હલકા વિષયોમાં કે નિન્દા કુથલીમાં મ્હને બિલકુલ રસ પડતો નહિ-જો કે આસપાસના વાતાવરણમાં તે ચર્ચાતી હોવાથી ત્હેનો કહુંદોષ થતો. તેમ જ ઘરના કામકાજમાં ઘણીજ પ્રવીણ થઈ અને કુટુમ્બી જનોની સેવા કરવાની મ્હને ઘણી હોંશ રહેતી. આમ મ્હારો સ્વભાવ એકંદર સરલ અને વ્હાલસોયો રહ્યો, છતાં વિદ્યાનાં રમણીય ક્ષેત્રોથી હું હમેશને માટે વિમુખ થઈ.

મ્હારાં લગ્ન પછી દોઢ વર્ષે હું સાસરે ગઈ. મ્હારા પતિ તે વખતે બી. એ. ની પરીક્ષામાં પાસ થએલા હતા અને જરા દૂરને ગામ નિશાળમાં માસ્તરની જગ્યા ઉપર હતા. ન્હાનપણમાં સાસરે જમવા જતી ત્યારથી ત્હેમને જોઇને મ્હારા મનમાં નિર્દોષ સ્નેહના ઉભળકતા આવતા, તે મ્હારી વય વધતાં ધીમે ધીમે દઢ અને પરિપક્વ થયા હતા. આથી લખવાની જરૂર નથી કે સાસરે સમાસ કરતાં ઘણી વાર ન્હાની મ્હોટી અગવડો પડતી, તો બીજી પાસથી પતિસમાગમથી સ્નેહસુખનો નવો ઝરો મ્હારા જીવનમાં ફુટયો. થોડાજ દિવસમાં મ્હેં ત્હેમને ગામ જઈ પહેલો વાર ઘર માંડયું.

મ્હારા પતિ સાથે મ્હારો જીવનસંગમ થયો તે પહેલાં હું જાણતી હતી કે તેઓ ત્હેમના મિત્રમંડલમાં વિદ્વાન અને રસિક ગણાતા હતા. આ ઉપરથી હું ધારતીજ હતી કે મ્હારો અભ્યાસ ઘેર શરૂ કરવાનો તેઓ મ્હને આગ્રહ કરશે. મ્હારી આ ધાસ્તી ખરી પડી, કારણ કે થોડા જ દિવસમાં ત્હેમણે મ્હારા ભણતર વિષે પૂછપરછ કરી અને મ્હારો અભ્યાસ આગળ વધારવાનો પોતાનો ઇરાદો ત્હેમણે જાહેર કર્યો. મ્હારા વાંચન માટે થોડી ચોપડીઓ તેઓ લઈ આવ્યા અને ત્હેમાંની જે મ્હારાથી ન સમજાય એમ હતી તે એક પછી એક ત્હેમની સાથે વાંચવાનું નક્કી થયું શરૂઆતમાં તે દરરોજ અને મ્હારા દિવસના વાંચનનો હિસાબ લેતા અને અનુકૂલતા પ્રમાણે અડધોએક કલાક મ્હારી સાથે નક્કી કરેલી ચોપડી વાંચતા. ઘણા અઘરા શબ્દો વાંચવામાં આવે તે મ્હને તેઓ સમજાવતા અને ન સમજાય એવા વિચારો ઉપર જરા ચર્ચા પણ કરતા. મ્હેં ભણવાનું છેલ્લાં ત્રણ એક વર્ષથી છોડી દીધેલું હોવાથી અભ્યાસમાં મ્હારો રસ જાગૃત કરવાનું અને નવાં પુસ્તકો શીખવવાનું કામ કંઇ સહેલું નહતું; અને હું તરતજ જોઇ શકી કે ત્હેમને પોતાને પણ આમાં બધી વખતે સરખો રસ ન પડતો; એટલુંજ નહિ પણ કોઇ કોઈ વાર રસ કરતાં શ્રમ વધારે લાગતો. તે વખ્તથીજ જે વાત મ્હને લાગી હતી અને જે પછીના અનુભવે દઢ કરી છે તે એ છે કે પોતાની પત્નીને વિદ્યાના કંઇક સંસ્કાર હોવા જોઇએ–તે બ્હાર ભણેલી અને હુશીઆર દેખાવી જોઇએ, એવા વિચારથી તેઓ મ્હને ભણાવવાનો પ્રયત્ન કરતા હતા. પરન્તુ મ્હારી બુદ્ધિને મોહક ચાતુર્યથી વિકસાવવાનો અને જ્ઞાન તથા રસની ઉંચી ટોચ ઉપર મ્હારા સંગમાં મ્હાલવાનો અભિલાષ ત્હેમનામાં બહુ નજરે પડત્તો નહિ. આવો ઉપર ઉપરનો ઉત્સાહ તે મ્હને ભણાવવાની મુશ્કેલીઓ આગળ ક્યાં સુધી ટકી શકે ? ત્હેમાં વળી હું પોતે દિવસમાં બરાબર વાંચુ નહિ અને સોંપેલું અભ્યાસ કાર્ય બરાબર કરૂં નહિ, તેથી ત્હેમનો મ્હારી સાથે વાંચવાનો વિચાર ઘણો મંદ પડી જાય. આથી થોડા વખતમાં પરિણામ એ આવ્યું કે તેઓ મ્હને જરા પણ શીખવ્યા સિવાય દિવસના દિવસ જવા દે અને મ્હારા દિવસના વાંચન વિષે વાતચીત પણ ઘણી ઓછી કરે. નિશાળના કામથી જ્યારે ત્હેમને ઘણો થાક લાગ્યો હોય ત્યારે તો અમારી વચ્ચે સ્વાભાવિક રીતે મ્હારા અભ્યાસ વિષે કંઇ વાતજ ન થાય. આમ અમારા નવરાસના વખત ઉપર વાંચનનું બંધન ઓછું થતુ ગયું એટલે અમે સ્નેહજીવનનાં અમોલાં સુખ વધારે ને વધારે રસથી ચાખવા લાગ્યાં.

એટલામાં ત્હેમની નિશાળમાં પરીક્ષાનો સમય આવ્યો, અને ત્હેમને વધારે કામ પહોંચવા લાગ્યું. હવે લગભગ એક મહિના સુધી ત્હેમણે મ્હારા વાંચન વિષે એક પણ

સવાલ પૂછ્યો નહિ, તો મ્હારી સાથે વાંચવાની વાતજ શી ? આથી છેલ્લા ત્રણ ચાર માસમાં મ્હારા મનમાં નહિ જેવી જે જાગૃતિ થઈ હતી ત્હેનો પૂરેપૂરો લોપ થઇ ગયો. હું ત્હેમની પાસે આવતાં પહેલાં હતી ત્હેવી બની ગઇ. દિવસે પણ નવરાશનો જે વખત મળે તે પહેલાંની માફક ભરવા ગુંથવામાં અને પડોશીઓ સાથે વાતો કરવામાં ગાળવા માંડ્યો. ત્હેમની નિશાળમાં પરીક્ષા પૂરી થયા પછી તરત રજા પડી એટલે હું પીયર ગઈ. ત્યાં તો પહેલાંના બે ત્રણ વર્ષના સંસ્કાર વધારે દૃઢ થયા અને મ્હારા પતિએ મ્હારા ઉપર પાડેલા આછા સંસ્કાર પણ તદ્દન નાબુદ થયા. પાછી હું ત્હેમની સાથે ગામ આવી, ત્યારે તો પોતાનો પાછલો અનુભવ સંભારી તેમજ મ્હારી સ્થિતિ પારખી મ્હને ભણાવવાનો વિચાર તેમણે હમેશને માટે છોડી દીધો. આમ અભ્યાસ વધારવાની મ્હને મળેલી છેલ્લી તક પણ મ્હેં ગુમાવી.

અત્યારે મ્હારી ઉમ્મર ઓગણીસ વર્ષની છે એટલે આવું સુખી છતાં નિરક્ષર જીવન ગાળતાં લગભગ ત્રણ વર્ષ થયાં. કોઇ વાર અચાનક હાથમાં આવતી નવલકથા શિવાય હવે મ્હને બીજું કંઈ વાંચવું ગમતું નથી. મ્હારા પતિ પોતે વખતો વખત ઇંગ્રેજી તથા ગુજરાતી ચોપડીઓ વાંચ્યાં કરે છે; પણ તેઓ ભાગ્યેજ મ્હને વાંચવાનું સૂચન કરે છે અને હું પણ ત્હેમની પાસે પુસ્તકની માગણી કરતી નથી. અમારાં હૃદય સ્નેહના સોનેરી તારથી સંધાયા છેઃ—છતાં અમારાં માનસિક જીવન જુદી જુદી દિશામાં વહે છે.

બ્હેન ! હવે કંઇ વધારે લખવાનું રહેતું નથી. સાચું કહુ તો મ્હારૂં જીવન મ્હને એટલું બધું સદી ગયું છે કે વિદ્યાનો વિયોગ સાધારણ રીતે સાલતો નથી. છતાં કોઈ વાર ત્હારા પત્રો વાંચીને, તો કોઈ વાર એમને એમ, બાલપણની ભણતરની હોંસ સાંભરી આવે છે, ત્યારે ઉત્સાહ વિના અને વિદ્વાન પતિ છતાં હું અભણ રહી તે માટે મ્હને ખેદ થાય છે. અને એવી એક ક્ષણમાં જ આ પત્ર મ્હેં ત્હને લખ્યો છે.

લી. સદાની ત્હારી અભણ રહેલી સખી.

૨.

સમયનેઃ

સમય બલવાન તું કેવો, રચે નિત્યે નવા ખેલો,
હતો હું બાલ ન્હાનુડો, પિતાની તાણતો મુછો !
સુણીને નામ માતાનું, અહા ! પ્રફુલ્લ મન થાતું,
અને પયપાન કરવાનું થતું મન, ને ન રહેવાતું.

ભગિની ભાઇને નિરખું, ઉછળતું લોહી હા ! ત્યાં શું ?
અને સહુ સ્નેહઘેલાં એ, હું શું બાલક બની જાયે !
નહિં સુખની સીમા ત્યારે, નહિં દુઃખ સ્પર્શતું ત્યારે,
સુખદ એ દીનને ફુટી ચપળ પાંખો, ગયા ઉડી !

સ્વચ્છંદે મગ્ન રહેનારો, ઉરે આનંદ ધરનારો,
ગયો પલટાઇ અણજાણ્યો, અહા ! હા ! કાલ તું કેવો !

પિતા, માતા, અને ભ્રાતા, ભગિની, ને સગાં વ્હાલાં,
સહુની પ્રીતિને વ્હેતી, દીઠી દિશા બીજીમાંહિ
બન્યો'તો હું પ્રીતિ પી પી, પ્રીતિના કેફનો કેફી,
અફિણીની અફિણ વિના, સ્થિતિ મ્હારી પ્રીતિ વિના;
ગઈ પ્રીતિ ફરી ખોળું, ફરી બાળક બની જાઉં,
મૃદુ એ આશ ઉર ધારે, જીવન ત્યાં તો વહ્યું જાયે.

જીવન નિત્યે વધે જ્યારે, પ્રીતિ વિણ પ્રાણ તો જાયે,
પ્રતીતિ પૂર્ણ દુઃખકારી થઇ, બાળક બનાશે નહિ!
નિરાશામાં ખીલી આશા, નવી પ્રીતિ તણી દિશા,
જણાઇ દુર કંઈ ઝાંખી, છતા ઉર આ રહ્યું નાચી.

"અસ્યા, જો આ વહુ ત્હારી," "અસ્યા જો ત્હારી વહુ આવી,"
"અસ્યા જો ક્હેવી એ કાળી?" "અરેરે કેવી કદરૂપી!"
સહુજન એવું કહેતા તે નહિ સમજાતું કંઇ ત્યારે,
'વહુ' તે શું?–'લગન' તે શું? અજાણ્યે સર્વ સમજાયું.

અહા! હા! ગેબી એ ક્ષણમાં, 'વહુ' બદલાઇ થઇ 'પ્રિયા',
પ્રિયાના ઉરમાં દીઠી, સરિતા પ્રીતિની વહેતી;
સુકા વેરાનમાં ભમતું હરિણ તૃષાથી પીડાતું,
પળેપળ જેમ જળ જલ્પે, પ્રીતિ જળ તેમ ઉર જલ્પેઃ

પછી દિન લગ્નનો આવ્યો, ગયો, સુખ સાગરે ડૂબ્યો,
પ્રિયા ઉરવાસી–ગૃહવાસી થઇ, ઉર સાથ મ્હેં ચાંપી.
અધર રસ આપ લે કરતાં, નયન ગોષ્ટિ હતાં કરતાં,
સુણ્યો ત્યાં સાંઢ કો ભમતો, વચન વિયોગનાં વદતોઃ

"જુદાઈ કી ઘડી શિરપર ખડી હૈ,
"નેકી બદીકા માલિક પરવર દિગાર હૈ."

ઘડી વિયોગની છુપી હશે શું શીર આ ભમની?
હમારાં ઉર સંયોગી, રહ્યાં શંકિત થઇ કંપી;
ભણી મધુરા પ્રીતિમંત્રો, પ્રિયાએ ચીતર્યાં જન્ત્રો,
પ્રીતિની સાધના કીધી, અને નાંખી ઉરે ભુરકી.

પ્રિયાના ઉર પિંજરમાં, પુરાયો માન્યું મંદિરમાં,
કરૂં હું પ્રેમમૂર્તિની, અનન્ય ભાવથી ભક્તિ.
પ્રીતિ છે સત્ય સ્વાતંત્ર્ય, બીજું સહુ લોહના બંધ,
પ્રીતિના બંધ જે બાંધે, નિરંકુશ તે ઉડે ઉંચે.

પ્રીતિ બંધ ગ્રહી નીલ વ્યોમવિષે,
વિચર્યાં તહિં અંગ અનંગ સરે!

સવાલ પૂછ્યો નહિ, તો મ્હારી સાથે વાંચવાની વાતજ શી? આથી છેલ્લા ત્રણ ચાર માસમાં મ્હારા મનમાં નહિ જેવી જે જાગૃતિ થઈ હતી ત્હેનો પૂરેપૂરો લોપ થઇ ગયો હું ત્હેમની પાસે આવતાં પહેલાં હતી ત્હેવી બની ગઇ. દિવસે પણ નવરાશનો જે વખત મળે તે પહેલાંની માફક ભરવા ગુંથવામાં અને પડોશીઓ સાથે વાતો કરવામાં ગાળવા માંડયો. ત્હેમની નિશાળમાં પરીક્ષા પૂરી થયા પછી તરત રજા પડી એટલે હું પીયર ગઇ. ત્યાં તો પહેલાંના બે ત્રણ વર્ષના સંસ્કાર વધારે દઢ થયા અને મ્હારા પતિએ મ્હારા ઉપર પાડેલા આછા સંસ્કાર પણ તદ્દન નાબુદ થયા. પાછી હું ત્હેમની સાથે ગામ આવી, ત્યારે તો પોતાનો પાછલો અનુભવ સંભારી તેમજ મ્હારી સ્થિતિ પારખી મ્હને ભણાવવાનો વિચાર તેમણે હમેશને માટે છોડી દીધો. આમ અભ્યાસ વધારવાની મ્હને મળેલી છેલ્લી તક પણ મ્હેં ગુમાવી.

અત્યારે મ્હારી ઉમ્મર ઓગણીસ વર્ષની છે એટલે આવું સુખી છતાં નિરક્ષર જીવન ગાળતાં લગભગ ત્રણ વર્ષ થયાં. કોઇ વાર અચાનક હાથમાં આવતી નવલકથા શિવાય હવે મ્હને બીજું કંઈ વાંચવું ગમતું નથી. મ્હારા પતિ પોતે વખતો વખત ઇંગ્રેજી તથા ગુજરાતી ચોપડીઓ વાંચ્યાં કરે છે; પણ તેઓ ભાગ્યેજ મ્હને વાંચવાનું સુચન કરે છે અને હું પણ ત્હેમની પાસે પુસ્તકની માગણી કરતી નથી. અમારાં હૃદય સ્નેહના સોનેરી તારથી સંધાયા છેઃ—છતાં અમારાં માનસિક જીવન જુદી જુદી દિશામાં વહે છે.

બ્હેન! હવે કંઇ વધારે લખવાનું રહેતું નથી. સાચું કહું તો મ્હારૂં જીવન મ્હને એટલું બધું સદી ગયું છે કે વિદ્યાનો વિયોગ સાધારણ રીતે સાલતો નથી. છતાં કોઈ વાર ત્હારા પત્રો વાંચીને, તો કોઈ વાર એમને એમ, બાલપણની ભણતરની હોંસ સાંભરી આવે છે, ત્યારે ઉત્સાહ વિના અને વિદ્વાન પતિ છતાં હું અભણ રહી તે માટે મ્હને ખેદ થાય છે. અને એવી એક ક્ષણમાં જ આ પત્ર મ્હેં ત્હને લખ્યો છે.

લી. સદાની ત્હારી અભણ રહેલી સખી.

૨.

સમયનેઃ

સમય બલવાન તું કેવો, રચે નિત્યે નવા ખેલો,
હતો હું બાલ ન્હાનુડો, પિતાની તાણતો મુછો!
સુણીને નામ માતાનું, અહા! પ્રફુલ્લ મન થાતું,
અને પયપાન કરવાનું ચતું મન, ને ન રહેવાતું.

ભગિની ભાઇને નિરખું, ઉછળતું લોહી હા! ત્યાં શું?
અને સહુ સ્નેહઘેલાં એ, હું શું બાલક બની જાયે!
નહિં સુખની સીમા ત્યારે, નહિં દુઃખ સ્પર્શતું ત્યારે,
સુખદ એ દીનને પુંઠી ચપળ પાંખો, ગયા ઉડી!

સ્વચ્છંદે મગ્ન રહેનારો, ઉરે આનંદ ધરનારો,
ગયો પલટાઇ અણજાણ્યો, અહા! હા! કાલ તું કેવો!

વિયોગરૂપી વિષનો ઘુંટડો અમૃત જાણી ગળી જતી વાંચનાર ! જો અનુભવી હોય અને તમારાં હૃદય સ્નેહથી ભીંજાયલાં હોય, તો સ્હેજ આ ગરીબ જીવનનો ખ્યાલ કરજો. એક વર્ષ કોલેજમાં ગાળ્યા પછી ત્યાંનો ખર્ચ વધારે પડવાથી, મારાં માતાપિતાએ વડોદરા કોલેજમાં ભણવાની આજ્ઞા આપી. ભાગ્યદેવી ત્યાંથી પણ રૂઠી હું એક કુટુંબીને ત્યાંજ રહેતો. અહિં પણ કંઇ જીવને શાંતી ન્હોતી. અભ્યાસને માટે વાંચવાની બરોબર સવડ નહિ; મારી સ્રીનો વિયોગ......એ બધું મને બહુ સાલતું. આ પ્રમાણે કરતાં છતાં પાછો પરીક્ષામાં નિષ્ફળ થવાથી મારા પિતાએ અભ્યાસ છોડાવી દીધો. હવે હું મુમ્બાઇ આવ્યો. મારા એક સગાને ત્યાં રહેતો. અને તેનીજ દુકાને નોકરી રહ્યો. મારી સ્રીને મારી સાથે રહેવાની કાંઇ હરકત ન્હોતી; પણ મારાં માતાપિતાએ થોડા વખત સુધી તેમ કરવાની ના પાડી, જેથી મારી સ્રી એના પીયેરમાં ઘણાજ દુઃખથી દીવસ કાઢતી હતી. જો કે જોવા જતાં કાંઈ દુઃખ નહોતું પણ તેને ચિત્ત વ્યથા બહુ પીડતી. હું કમાતો હતો છતાં મારી સ્રીને રૂઠી ઓળગીને તેડાવવાની હિંમત ચાલી નહિ. આવી રીતે બે વર્ષ ગાળ્યાં, પછી હું પુત્રનો પિતા થયો. પુત્રની માતા થયા છતાં પણ મારી સ્રીના ભાગ્યમાં તો પીયેરજ રહેવાનું રહ્યું. આટલું સહન કરવા છતાં, કોઈ દીવસ મારી આગળ તેણીએ ફરીયાદ કરી નથી. હવે હું અકળાયો અને એક ઓરડી રાખીને માતા પિતાની મરજી વિરૂદ્ધ મારી સ્રીને મેં તેડવી. ભાગ્યની કાળી રેખામાં એક આશાનું કીરણ ઉગ્યું, પણ તેય ભાગ્ય દેવીને ગમ્યું નહિ ? મારા સગા સાથે ખટપટ થવાથી નોકરી ગઈ. મહા પ્રયત્ને બીજી નોકરી મળી. તે ફક્ત રૂ. ૨૦ ની હતી, પણ સ્વીકારવી પડી. અમે બહુ કરકસરથી ગૃહ સંસાર ચલાવતાં. ગર્ભ શ્રીમંતની બાળકી, અપાર સુખમાં ઉછરેલી મારી સ્રી સઘળું કામ હાથે કરતી, તો પણ પૈસાની અમને ઘણીજ તાણ પડવા લાગી. હું સવારના નવથી રાતના અગીઆર સુધી કામ કરવા લાગ્યો, ત્યારે માંડ માડ રૂ. ૫૦–૫૫ મળતા. બહુ ભણેલો નહિં એટલે કોણ રાખે ? છતાં કહેવા દો કે મારા કરતાં ઓછા ભણેલાને ઘણી સારી સ્થિતિમાં જોતો હતો ભાગ્ય પણ ઉંધુ ! આટલા દુઃખમાં માત્ર સંતોષ એટલોજ હતો કે અમારો નિર્મળ સ્નેહ અમને અપાર આનંદરૂપ હતો, અને તેથીજ અમારી કડુ જીંદગી અમને મીઠી લાગતી. બાકી સગા સંબંધી બધા પૈસાના ! ગરીબનો માત્ર ઇશ્વર છે. મારાં સગાં મારી સ્રીને માટે મને ઘણી વખત ગમે તેમ કહેતાં, પણ પ્રભુનો પાડ એટલોજ કે આ શરીરથી મેં મારી સ્રીને કોઇ જાતનું દુઃખ દીધુ નથી. આખરે પૈસાની ફીકરથી અને મુંબાઈનું દુષ્ટ પાણી લાગવાથી મારી પત્ની મને રઝળતો કરીને ચાલી ગઇ છે. ખલ્લાસ ! સહન કરવાની હદ આવી. પ્રભુ એના આત્માને શાન્તિ બક્ષો.

છેવટે, યોગ્ય કેળવણી આપી ગુજરાનનાં સાધન મેળવવા શક્તિવાન થાય ત્યારેજ પોતાનાં પુત્ર પુત્રીઓ લગ્નની સાંકળથી બાંધજો,—એટલી આર્ય બંધુઓ અને ભગિનીઓને આ દુઃખી જીગરની વિનંતી છે. નહિં તો એકને બદલે બે હૃદય જીંદગી પર્યંત વીંધ"

લી. આર્ય.

૪.

રૂપ ગુણનું કજોડું!

(એક ખરો ચિતાર)

વ્હેમશંકરની ઉંમર હાલ ત્રીસેક વર્ષની છે. કાઠિયાવાડના એક મ્હોટા ગામનો તે રહીશ છે. આ જીવન કથા શરૂ થાય છે ત્યારે તે એકવીસ વર્ષનો હતો. તેનો પિતા રૂનો સટ્ટો કરતો અને ઘર કુટુંબની ચિંતા ઓછીજ રાખતો; એટલે 'વ્હેમશંકર બહુ ભણે એ સ્વાભાવિક નહોતું. પરન્તુ એનો મોટો ભાઇ ત્યાંની શાળામાં સારા દરજ્જા પર હતો, ત્હેના દબાણથી વ્હેમશંકરનું ગાડું ધીમે ધીમે પણ 'મેટ્રિક" ની પરીક્ષા સુધી તો આવી પહોંચ્યું. અત્યાર સુધી નપાસ થતા, તો પણ એના ભાઇના ઓળખીના માસ્તરો વર્ગ ચઢાવતા. પણ હવે શું થાય? અને વ્હેમશંકર તો અક્કલનો પૂરો અને રખડવામાં શૂરો!—એટલે આટલેજ તેનું રગશીયું ગાડું અટક્યું.

* * * *

નપાસ થયા પછી તો વ્હેમશંકરનું કામ ખરેખરૂં આગળ વધ્યું. પહેલાં તો ભાઈની પણ બ્હીક હતી. પણ હવે?—ગામના કુચ્છંદી અને રખડેલ લોકોની દોસ્તી તેણે ઉઘાડે છોગ કરવા માંડી. અંતે ભાઇને બિચારાને તેની ફિકર થઇ, એટલે તેણે લાગવગ ચલાવી નાની સરખી નોકરી નિશાળ ખાતામાં અપાવી. વ્હેમશંકર પહેલેથી કુસંગમાં રહેલો અને બાપની જરાયે ધાક નહિં ને તે પણ દબીને ખટપટી-પાકો, એટલે વ્હેમશંકરમાં તો કાંઇ બાકીજ ન રહી! તે દુર્ગુણનો ભંડાર બની રહ્યો.

પણ કર્મ સંજોગે એના ભાઈની મહેનત અને વગવશીલાથી તેણે ધંધામાં થોડું થોડું આગળ વધવા માંડયું: અને એક સારા ખાનદાન કુટુંબની, સ્વભાવે શાંત, અને મનોરંજક સ્વરૂપવાળી એક કન્યા સાથે તેનું લગ્ન પણ થયું. આ બાલિકાનું નામ મંજુલ હતું. તે સાધારણ ગુજરાતી ભણેલી હતી પરંતુ તેનું જ્ઞાન ઘણું આગળ વધેલું હતું. મંજુલ દેખાવડી, એકવડા બાંધાની અને તેના શરીરનો રંગ ગૌર હોવાથી તે યુરોપીયન બાનુના જેવીજ લાગતી. અને આપણા ભાઇ વ્હેમશંકર?—ઠીંગણો, કાળો, ગંદો, દાનત તો હંમેશાં વધેલીજ હોય; આ તો તેના શરીરની વાત થઇ. અને તે મનનો પણ મેલો, સ્વચ્છંદી, વહેમી, બીકણ, ઝેરીલો તથા દુષ્ટ હતો.

* * * *

આ પતિપત્નીનો ઘર સંસાર હવે ચાલવા માંડયો. મંજુલ સુશીલ અને વિવેકી હોવાથી ગમે તેમ થાય તો પણ પતિને પ્રસન્ન રાખવાને હમેશાં મહેનત કર્યા કરતી. વ્હેમશંકર અંદરથી વ્હેમી અને દ્વેષીલો હતો, પણ મંજુલના વ્હાલસોયા સ્વભાવથી તથા તેની કામ કાજ કરવાની ખુબીથી તેના ઉપર ખુશી ખુશી થઇ જતો.

પણ એથી વ્હેમશંકરનો જાતી સ્વભાવ ઓછો ન થયો. મંજુલની આગળ તે વ્હાલ બતાવતો; પરન્તુ તેની પૂંઠ પાછળ તો તેના દરેક કામ કાજ તરફ વ્હેમની નજરથી જોવા લાગ્યો અને છુપી પોલીસનું કામ કરવા લાગ્યો. એકાદ પાસેના તીર્થમાં યાત્રાનો પ્રસંગ હતો તે વખતે આ પતિપત્ની ત્યાં ગયાં હતાં. અહિં તેની પ્રકૃતિનો મંજુ-

લને પહેલો અનુભવ થયો. અને હવે તો વ્હેમશંકરે પણ તેની અદબ પૂરેપૂરી મુકી દીધી. આથી મંજુલને બિચારીને બહુ પજવણી તથા હેરાન ગતી થવા લાગી.

વળી, એ વાત ખરી છે કે જેવા ને તેવાજ દોસ્તો મળે! વ્હેમશંકરને લુચ્ચા, દગલબાજ, પાપી, હરામખોર, વિષયી મિત્રો થોડા વખતમાં મળી રહ્યા હતા. આવા દુરાચારી માણસોની સોબતનું સારૂં ફળ ક્યાંથી આવે ?

તેના દોસ્તોમાંથી સ્વાર્થીરામ ખરેખરો ખટપટી અને દુષ્ટવૃત્તિ વાળો હતો, તથા માખણદાસ ખુશામતીયો, પેટભરૂ અને હડહડતો જુઠ્ઠો હતો. એક બે આવા બીજા મિત્રો પણ તેની સાથે વધારે સંબંધ રાખતા હતાઃ પાજીપ્રસાદ અને દુર્ગુણશંકર. બીજા દુર્જનોનાં નામ અહિં સંભારવાની જરૂર નથી. નરકમાં કીડા થઇને કોટી વર્ષ સુધી પડયા રહેતાં પણ તેમનો છુટકારો થવાનો નથી!

* * * *

સ્વાર્થીરામની હરામ દાનત મંજુલને પોતાના કબજામાં લેવાની હતી. પૈસા શિવાય બીજી કાંઈ ચીજ તેને વ્હાલી નહોતી; પણ મંજુલની અદ્દભુત ખુબસુરતી અને મોહકતા એ તેને ગાંડો બનાવ્યો હતો. પરન્તુ પોતાની દુર્વાસનામાં અનેક રીતે ફાંફાં માર્યાં છતાં તે બિલકુલ ફાવ્યો નહિં. સીતા, દયમંતી, અને સાવિત્રી જેવી પવિત્ર એ સતીના હૃદયમાં પતિ વિના બીજી કોઈ વસ્તુ ઉપર પ્યારજ નહોતો. પણ આમ થવાથી એટલું તો થયું કે વ્હેમશંકરનો પોતાની સ્ત્રી–ગરીબ, નિરપરાધી, નિર્દોષ મંજુલ તરફ વ્હેમ વધતો ચાલ્યો; અને સ્વાર્થીરામ પણ વ્હેમભાઇની એ નબળાઇ જાણતો હોવાથી વધારે વધારે દેખાવ કરીને મંજુલના દુર્ભાગ્યમાં વધારો કરતો હતો. માખણદાસ, પાજીપ્રસાદ અને દુર્ગુણશંકર પણ આ નિશાચર વૃત્તિમાં સામેલ થઈ તે બિચારીને પજવવા લાગ્યા. અને નબળા મનનો વ્હેમભાઈ આમાંનું થોડું ઘણું જાણતો હોવા છતાં, મિત્રોનો વાંક નહિં કહાડતાં, પોતાની સ્ત્રીનેજ દુઃખ દેવા લાગ્યો હતો. સાધ્વી મંજુલ પાછળથી તો ઘર બ્હાર પગ મૂકતાં ડરતી હતી; અને ઘરમાં પણ પતિના દોસ્તો (જેઓ લગભગ ઘણો વખત ત્યાંજ પડી રહેતા!) હોય ત્યાં સુધી છતે ધણીએ ખુણો સેવતી હતી!

આખરે સ્વાર્થીરામે વ્હેમશંકરને ખોટું સમજાવ્યું કે તેની સ્ત્રીને ગામના અમુક માણસો સાથે સંબન્ધ છે. મૂર્ખ શિરોમણિ વ્હેમભાઇએ આ વાત સાચી માની ત્હેની દોસ્ત મંડળી મિત્રની પત્નીની પવિત્રતા સાચવવાને (!) છુપી પોલીસ બની અને હવે તો ગરીબ મંજુલના દુઃખની પણ અવધી આવી રહી. આ સમયનાં ત્હેનાં કષ્ટોનું વર્ણન થાય તેમ નથી!

* * * *

પરિણામ એ આવ્યું કે મંજુલને મહાવ્યાધિ લાગુ પડયો. તેનું શરીર દિનપર દિન ઘસાવા લાગ્યું. તેનું દિલ ઝેરી વેદનાથી પીડાવા લાગ્યું!

હવે વ્હેમશંકર વિમાસણમાં પડયો. પણ તે પાણીના પરપોટા જેવી હતી અને કદાચ ખરી હોય તોપણ હવે શા કામની ?

* * * *

આજે મંજુલ બધામાં છે, તેનો જીવ મુઝાય છે, શ્વાસ ઘુંટાય છે, હૃદય ભેદાય

છે, નારી બંધ થતી જાય છે; મિનિટ–એ મિનિટમાં–નિર્દોષ, હસમુખી, આનન્દી, સ્નેહાળ, સતીત્વની પવિત્ર દેવીરૂપ મંજુલ પ્રભુ પદમાં દાખલ થઈ ગઇ.

હવે બ્હેમભાઇએ ઘણો શોક પાળ્યો, દિલગીરી લાંબા વખત સુધી રાખી, પત્નીની યાદગીરી હજી કાયમ જણાય છે; પણ શા કામનું ?–એ સઘળું રાંડયા પછીનું ડહાપણ!

* * * *

સાધન વગરનાં, કેળવણી વગરનાં, અક્કલ વગરનાં છોકરાંને ઉતાવળ કરી પરણાવવાથી શું પરિણામ આવે છે, તે આપણે નજરે જોઇએ છીએ. કન્યા સારી, સુશીલ, સાધ્વી હોય, છતાં વર બેવકુફ, વ્હેમી, હીચકારો હોય, તો પણ બંનેનીજ જીંદગી તો બગડે છે ને ?

એવા મૂર્ખ, છોકરમત, રખડાઉ, અજ્ઞાન, કુસંગમાં પડેલા યુવાનોએ આમાંથી બહુ બોધ લેવાનો છે. સ્ત્રીઓ પણ ખરાબ હોય એ બને તેમ છે; પણ તેની સાથે સારી રીતે–ડહાપણથી કામ લીધાથી એવી કોઈકજ સ્ત્રી નીકળશે કે જે પોતાના પતિને થોડું વધારે પણ સુખ નહિં આપી શકે.

માટે યુવાનો (અથવા છોકરા ?) નાં માબાપો અને મુરબ્બીઓ જો તેમને સારે રસ્તે વાળ્યા વિના, કમાણીને માર્ગે ચઢાવ્યા વગર, તેમને લગ્નની ધુંસરીમાં જોડશે, તો તેઓ ખરેખર ઈશ્વરને ઘેર મહાપાપી ગણાશે કારણ કે જેઓ તેમને પરણાવવાની એવી ઉતાવળ કરે છે, તેઓજ તેમનાં અને તેમની પત્નીઓનાં સુખ દુઃખ માટે જવાબદાર છે.

પરણેલા યુવાનો, તરૂણો, અને છોકરાઓને મારી વિનંતિ એ છે કે–તમે ખરાબ સોબતથી દૂર રહો, વ્યસન અને કુટેવો છોડી દો, તમારી પત્નીને સારે માર્ગે ચઢાવો, ત્હેના ઉપર વ્હેમ દૃષ્ટિ ન રાખો અને બને તેટલી તેણીને સુખી કરો: એટલે તમે પણ ખરૂં સુખજ પામશો.

અગર તેમ નહિં કરો, અને મંજુલના જેવી તેની દશા થશે, તો પાછળથી પસ્તાશો–હેરાન થશો–રડશો–ઘણો શોક પાળશો; પણ એ બધું રાંડયા પછીનું ડહાપણ કાંઈજ કામમાં આવવાનું નથી !

લિ. " ચંદ્ર વિયોગી. "

૫.

એક કમભાગ્ય છોકરાનો કાગળ.

મહેરબાન " સુંદરીસુબોધ " ના તન્ત્રીની સેવામાં,

વીનંતી કે; આ સાથેનો કોઇ કમભાગ્ય છોકરાનો કાગળ જે કોઇ સ્થળે પડી ગયેલો હતો તે મને જડેલો હોવાથી હું આપને આપના સ્ત્રીહીતેચ્છુ પત્રમાં છાપવા મોકલું છું. તો યોગ્ય લાગે તો છાપી આભારી કરશો.

આ કાગળ, જે બાનુઓ ઓરમાન માતા થયેલ છે અને જેઓ ભવિષ્યમાં થવાની છે તેઓને શિખામણરૂપ-થાશે અને તેઓ જાણી શકશે કે ઓરમાન માતા તરફથી આટલી આટલી મુસ્કેલીઓ પોતાની શોકનાં છોકરાને અપાય છે. આજકાલની સમજુ અને વિદ્વાન સ્ત્રીઓએ પોતાનાં છોકરાંની માફકજ પોતાની શોકનાં છોકરાંને રાખવાં ઘટે

છે—બલ્કે વધારે સારી રીતે રાખવાં જોઇએ. છોકરાં જાણીજ ન શકે કે " આ આપણી ઓરમાન માતા છે. " શોકનાં છોકરાંને સારી રીતે રાખવાં અને સંતોષવાં અને તેનો આશિર્વાદ લેવો તે ખરેખર અલભ્ય છે. આ પત્ર ઉપરથી કેટલાક અંધ પિતાઓ કે જેઓ સ્ત્રીવશ થઇ જાય છે, તેઓએ પણ ધડો લેવો જોઇએ છે.

આ અસલ કાગળ જાણી જોઇને મોકલ્યો છે. નકલ કરીજ નથી.

લી. આ "દયાને પાત્ર કાગળ" વાંચનાર.

મ્હારી મુશ્કેલીઓ.

ભાઇઓ, આપણે સઘળા હિન્દ દેવીના પુત્રો છીએ અને તેથી આપણે બધાના ભાઇઓજ ગણાઇએ. ભાઈને મદદ કરવીજ જોઈએ એ સુત્રાનુસાર તમે પણ મને મદદ કરીને આ " મ્હારી મુશ્કેલીઓ "માંથી મારો છુટકારો કરવાનો સરળ રસ્તો બતાવશો, એમ હું અધીરો થઇને આશા રાખું છું.

માતા પિતાની ભૂલો શોધવી અને તેમને ઠપકો આપવો એ એક મૂર્ખાઈ ભરેલું કામ છે. છતાં પણ આ અસહ્ય મુશ્કેલીઓને લીધે મારાથી આ કાગળ લખાઇ જાય છે. **ઓરમાન** માતાના હાથમાં પોતાની ગરજને લીધેજ (અને કાંઇક ભોળપણને લીધે) એક પશુવત્ થઇ ગયેલા પિતાના હાથથી એક ગરીબ પુત્રના શા હાલ થાય છે, તે નીચેની હકીકતો વર્ણવેછે. **ઓરમાન** માતા સામે ટક્કર ઝીલવાને જોકે હું પૂર્ણ શક્તિમાન છું, તોપણ પિતા પાસે હું એક બકરી જેવો છું. તેમના તેજથીજ અંજાઈ જાઉં છું અને મને કવિ દલપતરામની નીચલી લીટીઓ યાદ આવે છે કે—

" હતો હું છડો છોકરો છેક છોરો,
" પિતા પાળી પોષી મુને કીધ મોરો."

આગળ કહી ગયા પ્રમાણે હું કહેતાં ભૂલી જાઉં છું કે **ઓરમાન** માતા સાથે ટક્કર ઝીલવાને હું શક્તિમાન હોવાથી તેણીએ એક બીજી યુક્તિ રચી છે. મારા પિતાને પોતાના હાથમાંજ લઇ લીધા છે. ઘરમાં તેજ વડિલ છે અને મારા પિતાને પોતે હાથ (વશ) કરી લીધા છેઃ (ફક્ત આડું અને અવળું સમજાવી, જો કે બહાર તેઓ વાઘ જેવા વિકાળ, અને આબરૂદાર ગૃહસ્થ ગણાય છે, પણ ઘરમાં " નવી "ના હાથમાંબકરી જેવા છે!) એટલે હવે ઘરમાં કોઇ વડિલ રહ્યું નહિ. પોતેજ વડિલ અને પોતે કરે તેટલુંજ થાય. પછી પોતાની આશા પાર ન પડે તો કયાં જાય? બસ હવે પૂરૂં થયું. હું મારી કુટુંમ્બી કથા કહી રહ્યો, ઘરની હાલની સ્થીતિ ગાઇ રહ્યો. હવે હું મ્હારી પોતાની સ્થીતિ અને થોડું અમારા ઘરની આગળની સ્થીતિને લગતુંજ કહીશ.

હું એક ગર્ભ શ્રીમંતનો પુત્ર હતો. મારા પિતા—શહેરમાં રહેતા અને હું તથા મ્હારી સગી માતા તેમની સાથે રહેતાં. મ્હારા હતભાગ્યને લીધે " Plague "–મરકી દેવીનો અમારા કુટુંબ ઉપર કોપ થયો અને તે મ્હારી દયાળુ ભલી માતાને ખેંચી ગઇ.

અમે પાછાં—ગામમાં આવ્યાં. હું મારા પિતાની ફોઇને ઘેર રહ્યો. તેમને કંઇ પણ પુત્ર ન હોવાથી અને મારા પિતાના ફુવાના નાના ભાઇની દોલત પણ તેમની પાસે આ-

વવાથી, મારા પિતાના ફુવાએ પોતાની તથા તેમના ભાઈની દોલતનું વીલ મ્હારા નામનું કર્યું. મ્હારા પિતાની ફોઈ મને પુત્ર સમાનજ ગણતાં, તેથી હું કંઈક લાડમાં ઉછર્યો. ઘણાં વર્ષો સુખમાં વીત્યા પછી વળી પાછો ભાગ્યદેવીનો કોપ અમારા કુટુંબ પર ઉતર્યો અને મોત ! દુષ્ટ મોત-પહેલાં મારા પિતાનાં ફોઇને અને પછી મારા પિતામહને તે ખેંચી ગયું !

હું ઉછરતી વયનો છોકરો હવે મ્હારી નવી " ઓરમાન " માતાના હાથમાં પડ્યો ! વાઘણના પંજામાં સપડાયો. મગરના જડબામાં ફસાયો. ભૂખ્યા અને વિકાળ સિંહના કોતરમાં પડ્યો ! પહેલાં તો મને કંઇ પણ દુઃખ જણાવા લાગ્યું નહીં, ફક્ત ખાવાપીવામાં મને થોડી અડચણ આવવા લાગી હતી; પણ નાદાન વયનો હોવાને લીધે તેને કંઇ ગણકારતો નહીં અને રમતમાં અને અભ્યાસમાં જીવ રાખતો. પણ જેમ જેમ હું મ્હોટો અને સમજણો થતો ગયો તેમ તેમ "**મ્હારી મુશ્કેલીઓ**" સમજવા લાગ્યો અને મ્હને દુઃખ થવા માંડ્યું. ધીમે ધીમે હું મ્હારી હાલની સ્થીતિમાં આવી પડ્યો છું.

હવે મારી કર્મકથા પૂરી થઈ. અને મ્હારી મુશ્કેલીઓની વારી આવી. મ્હેં આ કથા વાંચનારને મ્હારી સ્થીતિનો પૂરતો ખ્યાલ આપવાને માટેજ લખી છે. જોકે એક અંગ્રેજી કહેવત પ્રમાણે "One cannot put the world in his own condition "—કોઈ પણ માણસ દુનીઆનાં માણસોને પોતાની સ્થીતિમાં મૂકી શકે નહી, માટે ફક્ત મ્હેં મ્હારી સ્થીતિ તમને સમજાવવાનેજ લાંબુ લાંબુ લખ્યું છે.

હવે હું મ્હારી કેટલીક મુશ્કેલીઓ નીચે વર્ણવું છું:—

(૧) અહીં મારો અંગત મિત્ર એકજ છે. છતાં પણ જો હું તેને ઘેર ચાર પાંચ દીવસે પણ એક કલાક જાઉં તો મારા પિતાના ગુસ્સાને શરણ થાઉં અને ગાળોના વરસાદ સાથે મારનું ઝાપટું પણ સહન કરવું પડે.

(૨) મ્હારી દુઃખી સ્થીતિમાંથી મુક્ત થવાને, મારૂં દુઃખ થોડી ઘડી વીસરી જવાને, અને મારાં થાકેલાં તન અને મનને વિશ્રાંતિ આપવાને, જો હું બે ત્રણ દીવસે ઘડીભર લાઇબ્રેરીમાં વાંચવા જાઉં તોપણ મારી ઉપલીજ દશા થાય.

(૩) જો મારા શિક્ષકે મને બોલાવ્યો હોય અને કંઈ કામસર તેને ઘેર જાઉં તોપણ મ્હારે આખો દિવસ માતુશ્રીનાં મ્હેણાં સાંભળવાંજ પડે અને માર કરતાં પણ વધારે અસર મ્હારા હૃદયમાં કરે એવાં !

(૪) " Man is apt to err " માણસ ભૂલને પાત્રજ છે. મ્હારાથી-અજાણતાં કંઈ ભૂલ થઈ ગઈ હોય, કાંઇ પણ કામ કરવાનું અધુરૂં રહી ગયું હોય, કંઇ બગડી હોય, બજારનું અથવા ઘરનું કામ કરતાં જરા મોડું થયું હોય, તો પછી મારી પૂરી મબખતીજ સમજવી !

(૫) જો હું ફરવા જવાનું કહું અથવા તો મારા ઓળખીતા મારે ત્યાં મળવા આવ્યા હોય, તેની સાથે જરા વાત કરવા રહું, તો તો તેમની હાજરીમાંજ મારૂં અપમાન થાય અને ગાળોના વરસાદથી મારૂં દિલ ભીંજાઇ જાય, તરબોળ થઈ જાય.

(૬) જો હું મહીને કે પંદર દિવસે આનો અથવા બે આના માંગું, તો તો મ્હેણાં

ટાણુંનો તો પારજ ન રહે. "એસાં એસાં હરામનું ખાવું અને વળી પાછા ઉડાવવાને પૈસા જોઇએ છે!"—આવાં વાકયોનો તો પારજ ન રહે.

(૭, મ્હારા ઉપર તો વિશ્વાસજ નહીં. બજારમાં હું કાંઈ લેવા જાઉં તોપણ વેપારીના હાથની ચીટ્ટિ જોઇએ કે ફલાણી ફલાણી વસ્તુઓ ખરીદી. ઘરમાંથી કંઇપણ ખોવાય તો તેની ચોરીનું આળ મારા ઉપરજ!

(૮) તેઓ જો બહાર જાય અથવા પોતાનાં સગાં વહાલાં અથવા મિત્રો સાથે ફરવા જાય અને તેમની સાથે જવાનું કહું, તો તો મારૂં આવીજ બન્યું.

(૯) ઘરકામે બજારમાં કાંઇ વસ્તુ લેવા જાઉં ત્યારે અગર જો મિત્રને ત્યાં અથવા તો લાઇબ્રેરીમાં (વખત હોય તો) મારા મનને શાંતિ આપવા જાઉં તો "મ્હેણું સંગ્રહ"નું આખું સંગ્રહસ્થાન મારા ઉપરજ ઠલવાય અને ગાળોની સાથે મારની ચટકી પણ જરા અજમાવાઇ જાય!

(૧૦) ઉપરનાં બધાં દુઃખો ભૂલી જવાને જો જરા હું એકાંત ઓરડામાં જઇને વાંચું અથવા મારી સ્થીતિ ઉપર વિચાર કરૂં તો બ્હારની તથા ઘરની બધી ખીજ મ્હારા ઉપર ઉતરે. "ઘરનું કંઇ કામ બામ કરવું નહિં અને ગધેડાની માફક પડયાં પડયાં હરામનું ખાવું, એ નહીં બને." ઠીક!

[ત્યારે હવે ઉપાય શું રહ્યો? તેઓ કહે તેમ કરવું ઘરનું કામ કરવું. બજારકામ શિવાય બહાર જવું નહી. ઘર કુકડીની માફક ઘરમાંજ સડયા કરવું. તેમની હાજી હા કરવી, ગાળો તથા મ્હેણાં એાાં સહન કરવાં, તથા બીજાની હાજરીમાં 'અપમાન' સહન કરવું, તેજ ઉપાય રહ્યો!]

(૧૧) અગળ જણાવી ગયો તેમ હું બાળપણથીજ ગર્ભ શ્રીમંત છું. લાડમાં ઉછર્યો છું અને કંઇ કામ કર્યું નથી તેથી અત્યારે કામ કરવું ગમતું નથી પણ નચીઅને આધીન થઇ બીકના માર્યા કરવું પડે છે અને તેથીજ મારા આ દુઃખમાંથી છુટકારો કરવાનુંજ હું તમને વીનવું છું. * * * *.

"મ્હારી મુશ્કેલીઓ" વાળા પત્રના લેખકને,—

ભાઈ, સાવકી માતા તરફથી ઓરમાન છોકરાંને હેરાન ગતિ પડે છે, એ સત્ય છે. ત્હમારા ઉપરાંત બધી દુનિયાંનો પણ એ કડવો અનુભવ છે. પોતાની સગી માતાના પડખામાં ઉછરવું, એ પૃથ્વી ઉપરનું એક સ્વર્ગસુખ છે, એમાં કાંઈ શક નથી.

પરન્તુ સાવકી માતા ત્હમને આપે છે તે કરતાં અધિક કંટ્ટો અને મુશ્કેલીઓ સંસારમાં સહન કરવી પડે છે, ત્હેનું ત્હમને હજી જ્ઞાન કયાંથી હોય?—ખાત્રી પૂર્વક માનજો કે ત્હમે દર્શાવો છો ત્હેના કરતાં ઘણાં વધારે સંકટો દુનિયામાં મનુષ્યોને માથે નિર્માણ થયાં છે. માટે આટલી હૈરાનગતિ મુશ્કેલ છતાં, સહન કરવી કઠિન નથી. ત્હેવી બાબતમાં અતિશય લાગણી રાખવાથી લાભને બદલે હાનિજ છે.

ગર્ભશ્રીમન્ત હોવા છતાં, ત્હમે જે હાલની સ્થિતિમાં પડયા છો, તે માટે અન્તઃકરણ પૂર્વક ત્હમારી તરફ અમારી દિલસોજી છે. પણ ત્હમે જણાવો છો, ત્હેના કરતાં વધારે ખરાબ, વધારે કડુ જિંદગીમાં પણ પુરપાર્થ સાધી શકાય છે. અને ત્હમને પણ અમારી એમ કરવાનીજ સલાહ છે. ઉડી ગયેલા સ્વપ્નની પેઠે ત્હમારી હાલની સ્થિતિ ચાલી જશે: ત્હમને ત્હેનું સ્મરણ પણ બહુ આછું રહેશે. પરન્તુ વખત—હાલનો તરણાવસ્થાનો વખત પાછો નહિ આવે! માટે સમયનો બની શકે તેટલો સદુપયોગ કરો. દુઃખ વિશે વિચાર કરવાથી તે વધે છે; ત્હેને નહિં ગણકાર્યાથી તે ઘટે છે. માટે બને તેટલો પ્રયત્ન કરીને ભવિષ્યમાં ત્હમારી જિંદગી સુધરે ત્હેવાં સાધન પ્રાપ્ત કરો.

પ્રભુ ત્હમને તે સન્માર્ગે માટે નિઃસંશય બળ અને સહાય આપશે. ત્હમારૂં અથવા "વાંચનાર" જેમણે ત્હમારો પત્ર પ્રકાશન માટે મોકલ્યો છે, ત્હેમનું સરનામું પત્રમાં નહિં હોવાથી આ ઉત્તર પ્રકટ આપ્યો છે. શ્રદ્ધા કે ત્હમને થોડા સમયમાં સ્વસ્થતા અને સુખ પ્રાપ્ત થશે.

રા. જ.

૬.

કજોડાના દુઃખની કહાણી.

(સયાજી વિજયમાંથી.)

દયાળુ વાંચક! હું પાટણના તપોધન બ્રાહ્મણ × × × ની દીકરી અને પાટણના વતની અને ચાણસ્મામાં + + + છે, તેની પરણેતર સ્ત્રી છું. મારા પતિ આજ અગીયાર વર્ષ થયાં મને અનેક નાના પ્રકારનાં દુઃખ દીધાં કરે છે. જેથી મારૂં દુઃખ અસહ્ય અને વઅને હાલત તદન દયાજનક થઈ છે! ચારેક વર્ષ થયાં, મે૦ કડી પ્રાંત સુબા સાહેબની પાસે મારા દુઃખની દાદ માગવાથી તેઓએ અબળાની દયા ખાઈ મારા પતિ પાસેથી રૂ. ૫૦ નો મુચરકો લીધેલો છે; પરંતુ મારા કમનસીબે તેનો અમલ જણાતો નથી. હું સાસરે રહું છું તો મારો પતિ મને સદા મારકુટ કરી, કાયદેસર પણ અન્ન વસ્ત્ર પુરાં પડતા નથી! એક વખત તો અત્યંત દુઃખથી કુવામાં પડી આપઘાત કરવાની કમનસીબ ઘડી પણ મારા જીવનમાં આવી હતી, જે વાત ગામમાં લોકો પણ જાણે છે. ઓછામાં પુરૂ "એ તો મારી બહેન છે," એમ મારે પોતાને અને બીજાઓને પણ મોઢે કહી મારા દુઃખના ભડકામાં ઘી હોમે છે! વળી "ઘરેણું આપીને જવું હોય ત્યાં જા! દરવાજા ઉઘાડા છે" એમ કહે છે, પણ મારાં માબાપ બધાં ઘરેણા ખાઇ પી દસ વર્ષ પહેલાંજ ગુજરી ગયાં છે; એટલે હવે હું અબળા, દરણાં દળીને અને મજુરી કરીને સુકે રોટલે પેટ ભરનારી અનાથ બાપડી ઘરેણાં કયાંથી પુરાં કરી શકું! એવાં એવાં મારાં દુઃખોનું વર્ણન કરતાં મારૂં હૃદય રડે છે અને વાંચક તને તેમજ થશે! મારા દયાળુ જ્ઞાતિ વડીલો! હું અબળાની હાલતનો વિચાર કરી મારો કંઇક બંદોબસ્ત કરવા દયા કરો! શ્રી. દયાળુ પિતા મહારાજા સરકારને પણ બે હાથ જોડીને વિનંતિ કરૂં છું કે આ દુખીયારી અબળાના દુઃખની હકીકત ધ્યાનમાં લઈ ભયંકર દુઃખમાંથી મને મુક્ત કરી, જીવતે મરણ દશા ભોગવતી અબળાની આશીશ લેશો.

લિ. દુખીયારી અબળા.

૭

એક દુઃખી બાલિકા.

(નજરે જોયેલી હકીકત.)

એક બ્રાહ્મણની બાળા ઉંમર આસરે ચૌદેક વરસની છે. તે નાની વયમાં સારી રીતે ઉછરેલી હોવાથી, ભવિષ્યનાં પરઘરનાં દુઃખો સહન કરવા અશક્ત છે. તેનું લગ્ન થઇ ગયે લગભગ એક વરસ પુરૂં થયું છે. તેનું સાસરૂ ગામમા ને ગામમાં છે. તેના પતિની ઉંમર આસરે બાવીસએક વરસની છે. તેનો ધંધો સરકારી ખાતામાં રૂપીયા દશ બારના પગારની નોકરીનો છે. પણ આજુ બાજુનો, તેના પિતાના પ્રપચના ધંધાઓથી, પૈસો સાધારણ રીતે સારો ભેગો થયો છે. તેના પિતા હાલ પરલોકવાસી થયા છે. તેથી હાલ તે બ્રાહ્મણ સારી રીતે યુવાનીના મદમાં કેટલાંક અઘટીત કાર્યો કરે જાય છે. થોડાક સમય ઉપર તેણે પોતાની સ્ત્રીને જુજ કારણથી દુષ્ટ મિત્રોની સલાહથી રાત્રીના ભાગમાં સખ્ત માર મારી કેટલુંક અધમણ સુધી દળણું દળાવી, તેનું ખાવાનું કરાવી નિર્દેપ પ્રાણીઓ (શ્વાન જેવાં) ને આ-ભોજન ઉત્તમ પ્રકારે દાન-કરાવ્યુ. ધન્ય છે એ દાનને ! બીજે દિવસે તે રાક્ષસને બીલકુલ દયા આવી નહિ. પોતે દ્વાર બંધ કરી બહાર જતો રહ્યો. પાડોસનાં માણસો આ કૃત્યથી જાણીતાં હતા, પણ તેઓ પોચકણ હતાં. તોપણ પ્રભુએ કોઈના હૃદયમાં નિવાસ કરી, તેની માતાને આ સમાચાર પહોંચાડયા, જેથી તેઓ ત્યાં આવ્યાં. ત્યારે પેલા મહેરબાન સાહેબ (બ્રાહ્મણ) ત્યાં પધારી વધુ કટુ વચનોનો પ્રહાર કરે જતા હતા ! તે બાળાને જોતાંજ કેવી દયાજનક સ્થિતિ ! તમે જો તે વખતે ત્યાં હોત તો તમારૂં હૃદય પણ પીગળ્યા સિવાય રહેત નહિ. તમામ શરીર સોજા આવી ફુલી ગએલું, શરીરે સોટિઓના ચાઠાં વિગેરે વર્ણવતાં મારી અબળાની કલમ ચાલતી નથી. ત્યાર બાદ તે બાળાને તેની માતા રડતે ચહેરે પોતાને ઘેર લાવી, તોપણ તે રાક્ષસ ધણી પોતાના હલકા સિપાઇડા દોરતો તથા લુચ્ચા મિત્રોને તે બાળાને બોલાવવા વારમવાર મોકલ્યા કરતો હતો. જ્યારે તેઓ સઘળાને આબરૂદાર માણસોનો ઠપકો પામી અપમાન સાથે પાછું ફરવું પડ્યું, ત્યારે વરરાજા જાતે ત્યાં ગએલા, પણ તે બાળાના સારા નશિબે તેનાં આ ઊંચી પાડોશીને તેને માટે અત્યંત લાગણી થઇ આવેની, તેથી સખ્ત ઝાડુ ખાઇ પાછા ફર્યા ! કારણ, આ બધો બનાવ બૈરાંઓની સાથે થતો હતો તે બાળાના પિયરમાં ફક્ત એકજ વૃદ્ધ વડિલ છે, જે આ વખતે બહારગામ ગએલા હતા. તે આવવાથી ભાઈ ને સારી રીતે પુષ્પવૃષ્ટિથી વધાવી વિદાય કર્યા. આશા રાખીએ છીએ કે તેઓ ફરીથી તે રસ્તા તરફ ભૂલે ચૂકે પણ પગ મૂકે નહીં ! એજ આ ટુંકી કહાણી છે.

મારી માબાપોને નમ્ર વિનંતી એ છે જે તમણે પોતાની બાળાને ગમે ત્યાં પરણાવી દેવાની ઉતાવળ ન કરવી. છોકરીની આખી જીંદગીના સુખ દુઃખનો આધાર જે માણસ ઉપર છે, તેનું જ્ઞાન, ડહાપણ, સોબત, કમાણી, સદ્‌ગુણો વીગેરે ચીજોની તપાસ કરીને ખાત્રી થયા સિવાય કોઈ દહાડો લગન કરવાં નહિ. જ્યારે તમે રાંડેલી છોકરીને પોતાને ઘેર પાળો છો, જ્યારે સાસરીયાં સાથે કે વર સાથે લડાઈ કરીને આવેલી છોકરીને ઘેર રાખો છો, ત્યારે તમારી બાળાને થોડાં વધારે વરસ પોતાને ઘેર રાખી તેનું લગન કરતા પહેલાં બધી યોગ્ય તપાસ કરીને તેને કેમ ઠેકાણે નથી પાડતાં ?

જુવાન છોકરાઓ જે ભણેલા હોય નહિ, અને માંડમાંડ ગુજરાન ચલાવી શકતા

હોય, વધારે કમાવાની લાયકાત હોય નહિ-એવા મુરખાઓને પણ એમનાં માબાપ તો ઢેર જેવા ધારે, પણ છોકરીનાં માબાપ પણ તેમના બાપ દાદાના પૈસા ઉપર-કે કુળ ઉપર લોભાઇને છોકરીને જીંદગી સુધીના ખાડામાં નાંખે છે, તેના કરતાં કોઇ ઉંડા ધરામાં લઇ જઇને નાંખતાં હોય, તો પણ તેમનું ભલુ થાય ! આ તો નજરે દેખવું ને દાઝવું.

એકના એક પુત્ર યા તો પુત્રીની યુવાવસ્થાની સરૂઆતમાં તેમની સોબત ઉપર અને કેળવણી ઉપર ખાસ ધ્યાન આપવું જોઇએ. યુવક અથવા બાળા, ગમે તે ન દીઠેલો પૈસો પોતાના હાથમાં આવે ત્યારે દુષ્ટ માર્ગે ગયા સીવાય રહેતાં નથી.

જ્યારે ઉંચી કોમમાં આવા બનાવો બને ત્યારે તેઓને શક્ષસ કહેવા જોઇએ કે નહિ !

સૌ. તા—.

વિવિધ વિચાર.

(વર્તમાન પત્રોમાંથી ચાલુ ચર્ચા, વિવેચન સહિત.)

લેખકઃ ક. ગો. બી. એ. અમદાવાદ.

૧.

પારસી યુવાનનો આત્મભોગ:

વિજ્ઞાન અને કલા કૌશલ્યના આ યુગમાં હૃદયની ભાવનાઓ કરતાં મગજની શક્તિ ઓ ઉપર વધારે આધાર રાખવામાં આવે છે. આથી સ્વાભાવિક રીતે માનસિક અને આધ્યાત્મિક તત્વો ઉપરની લોકવૃત્તિ ઓછી થઇ, જડવાદ તરફ જગત્‌ની ગતિ નિહાળાય છે. આવી વસ્તુસ્થિતિમાં "પ્રેમ" જેનો હૃદયમાંજ નિવાસ છે, તેનો સત્કાર ઓછો થતો જાય, એમાં કાંઇ આશ્ચર્ય છે ?

છતાં,—"જડવાદ" ના આ કાળમાં પણ, અને કેળવણી તથા પ્રગતિ પામેલી પ્રજાઓમાં પણ,—હજી શુદ્ધ, નિર્મળ પ્રેમનો અસ્ત થયો નથી; અને તે ઉચ્ચ ભાવનાની હજી પણ કદિ કદિ ઝાંખી થાય છે, એ સંસારની ભાવિચર્યા વિશે વિચાર કરનારાઓને થોડો-વધુ પણ સન્તોષ આપે તેમ છે.

આ પ્રેમ ભાવનાના અસાધારણ ઉછાળા કદિ કદિ આપણને આપણે જેને "અતિ" માનીએ ત્હેવાં પરિણામ દર્શાવે છે. જગતના નિયમો પ્રમાણે ત્હેવા બનાવો "યોગ્ય" ન મનાય, તે હું સ્વીકારૂં છું. તથાપિ તેજ સમયે એક વિચાર થઈ આવ્યા વિના રૂહેતો નથી કે, યોગ્ય કિંવા અયોગ્ય હોય તો પણ માત્ર પ્રેમને ખાતર ભોગ આપવાની વૃત્તિ ખરેખર મનુષ્યનો દિવ્યાંશ છે.

પતિ પત્નીના જીવન પ્રસંગોમાં આવી તીવ્ર પ્રેમની લાગણી વખતો વખત જોવામાં આવે છે; પરન્તુ બહુધા તે એકદેશી હોય છે. પતિ પાછળ સ્ત્રી સતી થયાનાં અનેક દૃષ્ટાન્ત મળે છે, તથાપિ પત્ની પાછળ પુરૂષે દેહત્યાગ કર્યાનું વાંચવામાં આવતું નથી. પરન્તુ ત્હેવા બનાવો પણ અસંભવિત નથી, એ નીચેના ઉતારા ઉપરથી જણાશે.

આપણો મુંબાઇ ઇલાકો આવી જાતની લાગણીની બાબતમાં તદન શુષ્ક ગણાય છે. કારણકે હજી સુધી બંગાળામાં જોવામાં આવતા આત્મભોગના દાખલા અહિં બન્યા હોય એમ જોવામાં, સાંભળવામાં કે વાંચવામાં આવ્યું નથી. વધારે આશ્ચર્ય થવા જેવું તો એ છે કે નીચેના દાખલામાં સ્ત્રીની પાછળ પુરૂષ પોતાનો પ્રાણ ત્યાગ કરે છે,-તે પાછો મુંબાઇ ઇલાકામાં અને તે પુરૂષ એવી કોમનો કે જે અત્યારે સુધારાના શિખરે જઇ બેઠી છે, જેમાં આવો દાખલો બને એમ સ્વપ્ને પણ ન ધારી શકાય ! વળી આ સ્ત્રી પુરૂષ પતી

પત્નીની ગાંઠથી જોડાયા નહોતાં, તેમ છતાં સ્ત્રીના મરણથી પુરૂષે ત્હેના પ્રેમ ખાતર પોતાના પ્રાણની આહુતી આપી છે.

"ટાઇમ્સ ઓફ ઈન્ડીઆ"ના તા. ૧૪ મી મે ૧૯૧૪ ના અંકમાં આ હકીકત નીચે પ્રમાણે છે.

પુનાઃ મે. ૧૪.

મંગળવારની સવારે, 'રાઇફલ રેઇન્જ' નામની ટેકરી ઉપર કમકમાટી ઉપજાવે એવું એક પારસી યુવાનનું મૃત શરીર શોધી કાઢવામાં આવ્યું હતું કે જે યુવાનનું અડધું મ્હોં ઉડી ગયું હતું. પાછળથી તપાસ કરતાં જણાયું કે તે મડદું ઓગણીશ વરસની ઉમ્મરના દિનશા આર સોપારીવાળાનું હતું. આ પારસી યુવાન વોલન્ટીઅરે એ ટેકરીની ઉપર નિશાન આગળ બંદુકથી પોતાનો પ્રાણ કહાડયો હતો. એમ જણાય છે કે યુવાન સોપારીવાળા, મિસ અલ્લુ દોરાબજી કોટવાળ નામની સોળ વરસની ઉમ્મરની પારસી છોકરી સાથે અદરાવાનો હતો. આ છોકરીના પિતા મિ. કોટવાળ પુનાના "કેરેજ ઇન્સપેકટર" છે. મિસ કોટવાળ ટાઇફોઇડ તાવથી લગભગ બે મહીના બીમાર રહી ચાર દીવસ પહેલાં ગુજરી ગઇ હતી અને આ બનાવે યુવાન સોપારીવાળાના મગજ પર અસર કરી હોય એમ લાગે છે.

૨

સ્નેહલતાના મરણનું પરિણામ:

("બંગાલી" પત્ર ઉપરથી.)

સ્નેહલતાનું પ્રાણાર્પણ હજી મગજમાં તાજુંજ હશે. કારણ કે એના મૃત્યુથી ખાસ કરીને દરેક બંગાલી કુટુંબમાં ત્રાસદાયક આઘાત થયો છે. જે મુરાદ પાર પાડવાને તેણે પોતાની જીંદગીનો ભોગ આપ્યો, તે ફળીભુત થઇ નથી; કારણ કે પહેરામણીની હજી માંગણી થાય છે અને જાણે કાંઈ પણ બન્યું નથી અને સ્નેહલતાનું મરવું વ્યર્થ હતું એવી રીતે તે જોરજુલમથી લેવાય છે! આવીજ રીતે જાપાનીઝ વીર પુરૂષ કમાંડર હીરોસે પોર્ટઆર્થરના બંદરને બંધ કરવાના મિથ્યા પ્રયત્નમાં પોતાના પ્રાણ ખોયા હતા, તેમ છતાં તેનું મરવું નિરર્થક નિવડયું નહોતું. અને અમારી ખાત્રી છે કે સ્નેહલતાનું મરણ પણ મિથ્યા નહી જ થાય. ભૂલ માત્ર તાત્કાળીક પરિણામ જોવાની આશામાં રહેલી છે. આવી જાતનો ભોગ, ગોળી વાગતા ભેગા પ્રાણ હરે છે, તેવા પ્રકારનો નથી. તે તો એક સુધારણાર્થે મારેલો આંચકો છે, જે નૈતિક આચાર પર ધીમે ધીમે અસર કરે છે; પરંતુ ધારી અસર થતાં સુધી તે પોતાનું કામ કરેજ જાય છે. પણ એ ભૂલવાનું નથી, કે લોભી અને મૂર્ખ પિતાઓ, જે હમણાં સ્નેહલતાએ દેહત્યાગ કરીને વરવિક્રયની દુષ્ટ રૂઢી તરફ બતાવેલ તિરસ્કારને ગણકારતા નથી, તેઓને ભવિષ્યમાં પોતાના પુત્રો સાથેજ કામ પડશે. કે જે પુત્રો કન્યાના નારાજ અથવા અશક્તિવાન પિતા પાસે ગજા ઉપરાંત પૈસા કઢાવી કરવાના લગ્નને સંમતી આપશે નહી. આવા પુત્રોને વખને તોફાની ગણવામાં આવશે, પણ સત્ય તેમના પક્ષમાં હોવાથી તેઓ વિજયી નિવડશે. અને ત્યારે જ સ્નેહલતાની વિજયપતાકા ફરકશે.

૩.

સૈદપુરની વિધવાની આત્માહુતી:—

સદપુર ખાતે સતી થયેલી યુવાન બંગાલી વિધવાએ ભવિષ્યની વૈધવ્યાવસ્થા ગાળવાની હિમત ન રાખતાં બળી મરીને કરેલા આત્મઘાત વિશે "બંગાલી" પત્ર લખે

છે કે, ઘરભંગ થયેલો પુરૂષ ચાહે તો ૭ વખત પરણી શકે છે, ચાહે તો ઘોર જોગ થવાની તૈયારીમા હોય તોયે પરણી શકે છે, પણ દસ બાર વર્ષે વિધવા થયેલી સ્ત્રીના નસીબમાં તો જીંદગી પર્યંતનુ વૈધવ્યજ ચોંટેલુ હોય છે। સ્મશાનમાં આવા દાખલા આપણી નજર સમક્ષ પડેલુ કર્તવ્ય, રસ્તો બતાવવા ઉભા કરેલા થાંભલા પરના સૂચીપત્રોની પેઠે, સુચવે છે. શુ આપણે હિંદુ વિધવા સ્ત્રીની જીંદગીપર સદાને માટે પથરાયલી નિરર્થકતા અને ઉલ્લાસહીનતા રૂપી કાળી ચાદરને હાથ જોડીને જોયાજ કરવાની છે? આપણે આપણી જાતને માનસિક શક્તિદ્વારા આવી બાળવિધવાનુ ખોળીયુ ધારણ કરાવીએ તોજ આપણુને સમજાશે કે તેની જીંદગી આશા અને આનંદના કિરણોથી કેટલી બધી વિમુખ હોય છે?—અને ત્હેના સાન્ત્વન માટે ઉપાય તરીકે આપણે ત્હેમને વ્રત વરતુલાની જિંદગી બતાવીએ છીએ, જેમા અપવાસ મ્હાલી રહ્યા હોય છે। એક પગલુ આગળ વધી, જે ઘરમા ઘણી યુવાન વિધવાઓ હોય છે, તે ઘરની સુખ વગરની જીંદગીનો ખ્યાલ કરો એવા ઘરમા માતા પિતા, ભાઇ, ભાડુ વીગેરે, પોતાની નજર આગળ જેની જીંદગી રદ થઈ ગયેલી છે અને જેની દાદ સાભળવાનુ પોતાના હાથમાં નથી, એવી યુવાન રૂપ સુંદરીઓને જોઇ, દુ ખમા ગરકાવ થઇ ગયેના જોવામા આવે છે હિંદુ સમાજે હવે વધારે વખત શાંત બેસી રહેવુ જોઇતુ નથી આપણે આ બાબતમા હિલચાલ કરીને વિધવાને રોતી બંધ રાખવાની, તેની જિંદગીપર આવી પડેલો અનાથપણાનો અંધાર પછેડો ખસેડી, જીવનનો વિકાસ અર્પતા આશારૂપી સૂર્યના પ્રકાશમા તેને ખીલાવવાની, અને તેને શુદ્ધ ન્યાય આપવાની જરૂર છે, કે જે ન્યાયની એક પિતાની પુત્રી તરીકે અને માનવ સ્વભાવમા રહેલી મોહકતા અને ઉમદાપણાની પ્રતિમા હોવાથી તે પૂર્ણ હકદાર છે.

૪.

સ્ત્રીઓ સંબંધી સુચના:—

("ઈન્ડીઅન મીરર' પત્ર ઉપરથી)

સ્ત્રીજાતીની સ્થિતિ વિશે વધુ વિચાર કરવાના સવાલને કેળવાયલા હિંદુઓએ હાથ ધરવાનો સમય હવે આવ્યો છે કે કેમ એ વિચારવા જેવુ છે પુત્રીહત્યાનો રિવાજ ઘણે અંશે ઘટી ગયો છે, તે પશ્ચિમની કેળવણીની અસર અને 'પીનલકોડ' (ફોજદારી કાયદા) ની બીતિને આભારી છે તથાપિ સ્ત્રી-બાળકોને વિસારી મુકવાનો દુષ્ટ રિવાજ કોઈ પણ રૂપમા અતિ મોટે ભાગે પ્રચલિત છે, જેથી સ્ત્રીજાતી તરફની માનની દષ્ટીની સીમા ઘણીજ સંકોચાયલી છે એમ કહેવામા આવે છે કે કેળવણીનો જુસ્સો હિંદુસ્તાનની નસેનસમા વ્યાપી ગયેલો છે, જેના પરિણામે લખ્ખો રૂપીઆ છોકરાઓની કેળવણી માટે કોલેજો અને યુનીવર્સીટીઓ સ્થાપવામા ખર્ચવામા આવે છે પણ ખરો સવાલ તો એ છે કે છોકરીઓને માટે શુ કરવામા આવે છે? એક સાધારણ પાઠશાળા સ્થાપી એંને એમને માટે ઘણુ કર્યુ ગણાય છે જ્યારે સર્વ સાધનસંપન્ન યુનીવર્સીટી પણ છોકરાઓ માટે જોઇએ તેવી યોગ્ય ગણાતી નથી। બાલ્યાવસ્થા પુરી થઈ નથી હોતી, તે પહેલા તો કન્યાને ગૃહિણી બનાવી દેવામા આવે છે। અનેક વખતની માતૃદશાનુ કષ્ટ તેના આયુષ્યની દોરી ટુંકી કરી નાખે છે। આવી રીતે સ્ત્રીની જીંદગીની બરબાદી કેળવણીના આ યુગમા થયે જાય છે આપણી નારીઓ ભુલી ગયા છે કે "**સ્ત્રીજાતી જ્યાં સુખી છે, ત્યાંજ સમાજનું કલ્યાણ થાય છે.**" આ સુત્રને દષ્ટી બહાર રાખવુ એ આપણી આપત્તી અને કલેશનુ મુળ છે. 'સુંદરી સુબોધ' વાચનારી કઈ બ્હેનને આ અનુભવ નહી થયો હોય?

वार्तालहरी.

લગ્નમાં વિજય.

લેખકઃ રા. રા. જનાર્દન આ. શુકલ—ઓડેશ્વર.

ઉષાની રોજનિશિ (ડાયરી)માંથી ઉતારોઃ

૧.

પીઠીના પાટલે આંસુ !

વૈશાખ માસ ચાલે છે. લગ્નનાં મુહુર્ત કુંવારી કન્યાઓ અને કુંવારા વરરાજા માટે નક્કી થતાં, તેઓ પરણવાના આનંદમાં હર્ષઘેલાં થઇ પીઠીએ બેસી ચુક્યાં છે. શેરીએ શેરીએ લગ્ન મંડપ બંધાઈ ગયેલા નજરે પડે છે. સગાં વ્હાલાં, સ્નેહી સંબંધી અને આડોશી પાડોશી લાંબે રાગે મંગળ ગીતો ગાઈ પોતે પણ થોડો ઘણો આનંદ માણે છે. મ્હારી શેરીમાં પણ આજે મ્હારી સખી પીઠીએ બેસવાની છે જેથી હું પણ ખુશી થઇ સારાં સારાં કપડાં પ્હેરી ગીત ગાવાને તનમનાટ કરતી હોંસથી મ્હારી સખીને ત્યાં ગઇ. ત્યાં આગળ દશ બાર સ્ત્રીઓની વચમાં મ્હારી સખી સુંદરને બાજઠ ઉપર બેઠેલી મ્હેં જોઈ. હું એકદમ હોંસથી હસતી હસતી ત્હેની પાસે ગઇ અને બોલીઃ "કેમ અલી સુંદર! તું તો એક દિવસ કહેતી હતીને જે 'હુંતો એવા અમસ્થા રંગ શરીરે નહિ ચોપડવા દઉં!'—ને આ શું?"

હવે કેમ નીચે મોંઢે બેસીને કાંઈપણ બોલ્યા વિના આખું શરીર ચોળાવે છે? બ્હેન! એતો ના ચાલે, બા! બધાંયને પીઠીએ તો પ્હેલું બેસવું જ પડે."

હું આમ કહુંછું ત્યાં, તે બિચારીની આંખમાંથી અશ્રુ એવાં તો ધીમે રહીને પડ્યાં કે તે મેંજ દીઠાં.

મ્હારી વ્હાલી સખીની આંખમાંથી આવા મંગળ ટાણે અશ્રુડાં ખરતાં ભાળી હું એકદમ વિચારમાં પડી. અને કોણ જાણે ક્યાંથીએ મ્હારીય આંખમાં પણ ઝરઝરીયાં ઉભરાયાં. "અરેરે, શું હશે? શામાટે આંસુ ખેરવ્યાં હશે? શું અત્યારે ત્હેને ત્હેનાં પૂજ્ય માતા પિતા યાદ આવ્યાં હશે? શું કોઈ એને વઢ્યું હશે? —અથવા, શું હિમ્મતકાકાએ એને ગરદન મારી હશે? ના, ના, એમતો હોયજ નહિ. કારણકે, હિમ્મતકાકા ઘણી વખત કહેતા-હતા કે હુંતો સુંદરની એક પાઇ પણ લઇશ નહિ અને એને લાયક વર સાથે પરણાવીશ.—શું ત્યારે ત્હેમની મતિ ફરી હશે—શું હશે? અરેરે, બિચારિ નિધણીયાતી દિકરીનું કોઇ સગુંજ નહિ હોય?" એમ વિચારમાં ને વિચારમાં થોડીવાર દૂર જઇને હું ઉભી રહી. કોઇએ આવકાર આપ્યો નહિ, એટલે એકદમ મ્હારા ઘર તરફ વળી.

મ્હારૂં ઘર એ ઓળમાંજ થોડે દૂર હતું. મ્હારે અને સુંદરને ન્હાનપણથી સહિયરપણાં છે. ભલી બિચારી સુંદરનાં માબાપ એને નાની ત્રણ વરસની મુકીને દેવલોક સિધાવ્યાં હતાં. એટલે ત્હેમનો બધો વારસો હિમ્મતકાકા અને ત્હેમનાં પત્નિ જમનાંકાકીએ પચાવી સુંદરને પોતાને ત્યાં રાખી મ્હોટી કરી હતી.

મ્હારૂં લગ્ન ગયેજ વરસે થયું છે અને ત્હેમાં મ્હને મારા મનેચ્છિત પતિ મળ્યા છે. તેથી સુંદર બિચારી બહુ ખુશી થઈ હતી. મ્હને દરરોજ કહેતી હતી કે "બ્હેન! મ્હને પણ તારા જેવા મન ગમતા સ્વામી મળશે કે નહિ? હું તે વખતે ત્હેને કહેતી કે "જરૂર બ્હેન! હિમ્મતકાકાને મારા બાપુજી પાસે ખાસ કહેવડાવી ત્હને ત્હારા મનગમતા સ્વામી સાથે પરણાવીશું. તું જરાય ફીકર રાખીશ નહિ." છતાંય આજે મ્હેં ત્હેને–મ્હારી વ્હાલી સખી સુંદરને પીઠીને પાટલે આંસુ ખેરવતા ભાળી! હું પણ રડતી રડતી મ્હારા ઘરમાં આવી. મ્હારી ઓરડીમાં જઈ પ્હેલી તો ખૂબ રોઇ: પછી વિચાર કર્યો અને છેવટે એવો નિશ્ચય કર્યો કે "ગમે તેમ થાય. ભલે આ મ્હારો પ્રાણ જાય. પણ મ્હારી વ્હાલી સખીને હું જરૂર ત્હેનું અણગમતું લગ્ન તોડાવી મનગમતો પતિ પરણાવીશ." એમ દૃઢ સંકલ્પ કરી મ્હારા બાપુની કચેરીમાંથી આવવાની રાહ જોતી બેઠી.

૨.
પિતાજીની સહાય.

હમો હાલમાં એક નાના રાજ્યમાં રહીએ છીએ. મ્હારા પિતાશ્રી રાજ્યના સરકારી વકીલ છે. હું ત્હેમની એકની એક દિકરી છું. મ્હારાં લગ્ન મુંબાઇના એક ધનાઢ્ય વેપારીના કુટુમ્બમાં સારા કેળવાયલા યુવાનની સાથે થયાં છે. સુધારાની રીત પ્રમાણે થયેલા સ્નેહ લગ્નથી હું સુખી છું. છતાંય આજે આ મ્હારી વ્હાલી સખીને પરણતાં પ્હેલાં રડતાં ભાળીને એ સઘળું સુખ ભૂલી જઇ, વિચારમાં ને વિચારમાં હું મ્હારા પૂજ્ય પિતાજીની રાહ જોતી બેઠી છું ત્યાં મ્હારાં માતુશ્રી, જેઓ સારાં કેળવાયલાં અને એક સ્ત્રી લેખક તરીકે જાહેર છે, તેઓ મ્હારી પાસે આવ્યાં.

"બેટા, ઉષા! કેમ આજે ઉદાસ જણાય છે? કેમ સુંદરને પીઠી ચોળી આવી? કંઇવાર ના લાગી! શું થયું તે આમ ઉદાસ થઇને બેઠી છું? ત્યાં ત્હને કોઇએ ઠપકો આપ્યો? શું થયું તે મ્હને કહે તો ખરી મ્હારાથી બનશે તો હું યોગ્ય કરીશ."

મ્હેં મ્હારાં માતાજીને બધી બિના કહિ સંભળાવી. એટલે તુર્ત મ્હારાં ભલાં માતાજી ખરી તપાસ કહાડવા માટે મ્હારી સખી સુંદરના ઘર તરફ વળ્યાં. હું પણ સાથે જવા નિકળી. ત્યાં મ્હારા પિતાજી આવતા જણાયાથી હું ઓટલા ઉપરજ ઉભી રહી. મ્હારા પિતાજી આવ્યા અને એકદમ મ્હારો ઉદાસિન ચ્હેરો વર્તિ બોલી ઉઠ્યાઃ "કેમ બેટા! આજે મીઠી મુખાકૃતિ કેમ કરમાઇ છે!" મ્હેં ત્હેમને સઘળી હકીકત જણાવી દીધી. એટલે તેઓ પણ ખરી તપાસ માટે સુંદરના ઘર તરફ વળ્યા. હું પણ સાથે ચાલી. ત્યાં મ્હારા માતાજી શાંતિબા અને સખી સુંદર હમારા ઘર તરફ આવતાં [illegible]યાં. હમો થોભ્યાં. હું એકદમ સુંદરને સામી જઈ બાઝી પડી. જેમ બને તેમ સુંદરનો હાથ ઝાલી હું મ્હારી મેડી ઉપર ગઇ અને પૂછ્યું "બ્હેન સુંદર! કેમ બા! પીઠીનેજ પાટલે આસું ખેરવ્યાં? શા દુઃખે મંગળ દિવસોમાં તું શોકાતુર જણાય છે? જલદી કહે બ્હેન! તું ના કહે તો ત્હને મારા સમ છે." આમ પૂછપરછ કરૂં છું ત્યાં મ્હારાં માના પિતા આવ્યાં અને એકદમ મ્હારી માતાએ સુંદરને છાતી સરસી દાબી અને બોલીઃ "બેટા સુંદર! તું મ્હને મ્હારી ઉષા જેટલીજ વ્હાલી છે. અને ત્હને હું મ્હારી ઉષાની ન્હાની બ્હેનજ ધારૂં છું. માટે તું બેફીકર રહે! હું તે લગ્ન પાછાં ફેરવીશ. અને

ત્હને ઉપાના જેવો મન ગમતો વર પરણાવીશ. અરે રે! હિમ્મતભાઇને આટલું આટલું સમજાવતાંય આખરે જાત ઉપરજ ગયા! કુચા તે કુચાજ! બિચારી આવી સદ્‌ગુણી ડાહી દીકરીને જાણી જોઇનેજ કુવામાં નાંખવા તૈયાર થયા છે શું દુનિયામાં માણુસ છે? પ્રભુ–પ્રભુ!" આમ મ્હારાં માતાજીને બોલતાં સાંભળી હું તો કશુંય સમજી નહિ: એટલે મ્હેં પૂછ્યું "શું છે માજી! શું છે? હિમ્મતકાકાએ શું એટલી મ્હોટી ભુલ કરી છે જે ત્હમે આમ બોલો છો?" એટલે મ્હારાં માતુશ્રીએ કહ્યુ: "બેટા! હિમ્મતકાકાએ સુંદર માટે ૬૦ વરસનો બુઢો, અભણ, બોખો અને કાંણો વર શોધી કાઢયો છે અને રૂ. ૧૨૦૦ માં સુદરને વેચી ખત લખી લીધું છે!"

આમ કહે છે ત્યાંતો હું બેભાન જેવી થઇ ગઇ થોડીવાર પછી ભાન આવ્યું ત્યારે ઊઠીને જોઉં છું તો સુંદરને ભાળી નહિ. એટલે એકદમ "સુંદર, સુંદર!" બોલતી હું ત્હેના ઘર તરફ જવા તૈયાર થઇ. મ્હારાં માતા પિતાએ મ્હને શાંત પાડી અને વચન આપ્યું જે "બ્હેન ઉપા! જરૂર ત્હારી વ્હાલી બ્હેનપણીને મનગમતો વર પરણાવવાને માટે અમે અત્યારથીજ ખટપટમાં પડીએ છીએ અને હિમ્મતકાકાએ લીધેલા વિવાહના મુહુર્તને દિવસેજ ત્હારી બ્હેનપણીને મનગમતો વર પરણાવીશુ હમોએ સુંદરને પણ આ રીતે વચન આપ્યું છે એટલે તું કાંઇ ફિકર કર્યાં વિના હમોને ત્હારી બ્હેનપણીના સુખ માટે મદદમાં લાગ."

૩.

કાકીની ક્રૂરતા.

આજે સુંદરનાં લગનની ત્રીજી વરધ છે. સુંદરના કાકા કાર્ય પ્રસગે બ્હાર પધાર્યા છે. ઘરમાં સુંદર, ત્હેની કાકી જમનાં અને આવેલાં આજુબાજુનાં સગાંવ્હાલાં મળી પાંચ સાત જણ પરસાળમાં આવતી કાલની "ગ્રહશાંતિ" માટે તૈયારી કરી રહ્યાં છે.

વચમાં સુંદરની કાકી જમનાં બોલી: "બ્હેન ગંગા! સુંદરના કાકાએ ઘર તો ઠીક શોધ્યું હોં પૈસે ટકે પુગતું, નાતજાતમાં આગળ પડતું, અને વળી છોકરાં વિનાનું, એટલે મ્હારી સુંદરને કંઇ દુઃખતો પડશેજ નહિ."

ગંગા—હા, બ્હેન! એમાં તો જરાય ખોટું નથી. પણ જરા ઉમ્મરમાં વાંધો આવેછે.

ચંચળ—શાનો વાંધો? અલી બેન! ક્યાં સુંદર નાની છે? પરણું પાંશરો હશે તો આવતી કાલે સારા દહાડા જોઇશુ. શું આમાં ત્હને નવાઇ લાગે છે? જોને પેલા રામદાસ ૭૦ વરસે પરણ્યા અને અત્યારે બે છોકરાંના બાપ છે કાંઇ નહિ. ઉમ્મરનો વાંધો તો ના ગણાય. ઘર કુળવાન અને પૈસેટકે સુખી જોઇએ. બ્હેન જમનાં, મારા દીયરજીએ તો સુંદરને સારે ઠેકાણે નાંખી, હોં. એમાં તો જરાય ખોટું નથી. ભલે દુનિયાં બકવાટ કરે. એતો લોકોની ટેવજ છે. કોઇનું સારૂં ખમાયજ નહિ!

આમ પરસ્પર આ કૃત્યાઓ વાતચિત કરી રહી છે, ત્યારે આપણી ભલી બિચારી સુંદર એક ખુણામાં આ સઘળું સાંભળી ધુસકે ધુસકે રવે છે. જ્યારે સગાંવ્હાલાંની સ્ત્રીઓએ પણ આ લગ્ન સારૂં ઠરાવ્યું ત્યારે સુંદરનાથી રહેવાયું નહિ અને એકદમ મ્હોટેથી તે રોઇ પડી. એટલે જમનાં કાકી અને બીજી સ્ત્રીઓ પાસે

જઇ રડવાનું કારણ પૂછવા લાગી. પણ તે દુઃખી છોકરી અંતરની વેદના કોને કહે? શું. કહેવાથી આ કૃત્યાઓ માને તેમ હતી? એટલે તેણી મૌન રાખી નીચે મોઢે ડુસકાં ખાતી આડી પડી.

જમનાએ એકદમ ખીજવાઇ જઇને હેનો હાથ ઝાલીને બેઠી કરી. "શું છે, અલી! કેમ આ લગનના દિવસોમાં આમ તોબરો ચઢાવી કોની કાંણુ કરવા બેઠી છે? ત્હારાં હગલાંથીય આવું સારૂં ઠેકાણું ના શોધાત. તે તો બિચારાં ભોળીયાં હતાં એટલે ત્હને ગમે ત્યાં રઝળાવત. એતો ઠીક છે જે ત્હારા કાકા દયાળુ છે, નહિતર ક્યાં-ની ક્યાંય બોડકી થઇને રખડતી હોત. હમો ત્હારા સારૂં ગમે તેટલું કરી મરીએ પણ તું ત્હારે આવા કૃતવા કરી દબાવતી હઇશ, કેમ? એવાં ઢોંગ અહિં નહિ ચાલે. ઊઠ ચાલ. પેલો લોટ ચાળવાનો છે." એમ કહી હાથ ઝાલી તાણીને તે બિચારીને એક ધક્કો મારી ઓરડા માંહ હડસેલી મૂકી. "લે આ ચારણી ને ચાળી નાંખ લોટ. પૂરેપૂરો ચાળીને ઊઠજે. જોજે માંહિ થુક કે આંસુ પડે નહિ. સંભાળ રાખજે. નહિ તો મારી મારીને ચામડીજ ઉતારી નાંખીશ." આમ કહી તે કઠોર હૃદયની કૃત્યા પાછી બ્હાર આવી અને આવેલાં સગાં સાથે ફરીથી વાતોમાં જોડાઇ.

૪.

આત્મ હત્યાની તૈયારી.

સમી સાંજનો વખત છે. જાનમાં આવેલા જાનૈઆ આમ તેમ સ્હેલ માટે આંટા મારતા જણાય છે. જાનમાં આવેલું સ્ત્રીમંડળ પણ વેવાઇના માંડવા તરફ ગાતું ગાતું સ્વ-ચ્છંદ વિચરે છે. બ્રાહ્મણો લીલાં પીળાં અબોટીયાં ફરકાવતા, લાડુ ઉપર કૂચ કરી રહ્યા છે. ગામના છોકરાઓ જાનૈઆની મશ્કરી માટે ખોટા ખોટા પદાર્થોની શોધમાં બ્હાર નીકળી પડયા છે. સ્થળે સ્થળે વાદ્યના રણકારથી એવું તો આનંદમય લાગે છે જે જાણે આપણા દિવાળીના દહાડાઓ અથવા ઇંગ્રેજોના ગુડફ્રાઇડેના દિવસ હશે કે શું! આવા આ-નંદથી ભરપૂર દિવસે એક ૧૫ વર્ષની બાળા પોતાના ઘરમાંથી છાની બ્હાર નીકળી. તે છાના રસ્તે કોણ જાણે કયાંય જવા ગલી ગુંચીઓ પસાર કરતી ઝપાટાબંધ ચાલી જાય છે. તે એટલી તો ઝડપથી ચાલતી હતી જે બે ત્રણ વાર સખ્ત ઠોકરો વાગી પણ ત્હેને ન ગણકારતાં થોડીવારમાં તે ગામની બ્હાર નીકળી ગઈ અને એકાંત ઝાડ તળે જઈને બેઠી. સંધ્યાકાળ થવા આવ્યો હતો. ગામમાં મન્દિરોની સન્ધ્યા આરતીના "જયજય, સિતારામ" એવા પડઘાઓ સ્પષ્ટ રીતે તે બાળા સાંભળતી હતી, પણ ત્હેમાં ધ્યાન ન આપતાં અને રાત્રીની બ્હીક રાખ્યા વિના થોડીવારે તે ઊભી થઈ. માથાનો ચોટલો છુટો કરી કપાળે હાથ મૂકતી ઝાડના થડમાં માથું પછાડવાને તે એકદમ ધસી પણ વળી પાછી ફરી,-પાછી બેઠી, અને ધીમેથી કરૂણ સ્વરથી રડવા મંડી.

માતા પિતા શાને ત્હમો મૂકી મ્હને ચાલ્યાં ગયાં?.
શા કારણે,-ઓ માત મ્હારી! ઝેર આપ્યું કેમ ના?
શાને મ્હને સોંપી અરેરે રાક્ષસોના હાથમાં?
શું કોઈ સજ્જન ના મળ્યાં માડી! ત્હને તુજ સાથમાં?

શાને મ્હને આ રાક્ષસોએ પાળીને મ્હોટી કરી?
શા કારણે જાણી બુઝી મારે હવે ખૂની છરી?
શું,–ઓ વિધી! મેં શું બગાડયું છે, કહે ત્હારૂં અરે?
શાને મ્હને આ દુઃખ દેછે? હાય,'એ ન ખમાયરે!
હું નહિ છ્રુટું, હું નહિ સહું, ચ્હાતી નથી આ લગ્નને,
જાણી બુઝી મુડદાને હું તે કયમ પરણી શકું અરે?

શું નહિં હશે આ ભાગ્યમાં મન માનતો મળવો પતિ?
રે, રે, અરે! શું થાય? કર તું સ્હાય રે, હે શ્રી હરિ!

છરી હવે હું શું કરૂં? આ જન્મમાંથી સંચરૂં,
માતા પિતાનાં ચરણ કમલે સ્વર્ગમાં જઇ હું ઠરૂં:
મ્હારી સખી વ્હાલી કટારી! ભેદ તુ છાતી હવે,
લે આવ,–લે, તું ચાલ, મારા આત્મને કર શાંત રે.

હૃદય ભેદાતાં આ વચનો ત્હેના રૂદનમાં નીકળતાં હતાં. હવે ત્હેણે કાંઇક હિંમત ધરી અને કમ્મરમાંથી કટાર કાઢી છાતીમાં ભોકવાને તે હાથ ઉંચો કરે છે, ત્યાં તો એકાએક હું ત્યાં જઇ પ્હોંચી. આ કરૂણાજનક ત્રાસદાયક દેખાવ દિંગ્મૂઢ જેવી થઇને જોયાં કરતી હતી ને પાછળથી આવી એકદમ કટાર ઝુંટાવી લીધી. છાતી સરસી ત્હેને ચાંપી બોલી: "બ્હેન સુંદર! મ્હારી વ્હાલી સખી! આ આત્મહત્યાનું ઘોર પાપ કરવાનું કયાંથી ત્હને સુઝયું? શું ત્હારા ડહાપણનો આવો ઉપયોગ કરે છે? મ્હારાં માતા પિતાએ ધીરજ આપી છે છતાં કેમ ધીરજ છાંડી અત્યારે મરવાને તૈયાર થઇ છું? પણ બ્હેન! મરી જવાથી તું અમારી જઇશ. તેથી કંઇ મનગમતો પતિ નહિ મળે. ધીરજ ધર. ધીરજનાં ફળ મીઠાં છે. દરેક માણસને સુખ દુઃખ આવેજ છે; પણ માણસોએ તે સુખ દુઃખમાં હસવાનું કે રડવાનું નથી. જે વખતે જે માથા ઉપર આવે તે વખતે ત્હેને ઉચકી ભાર સહન કરવો અને કિસ્મતને તાબે થવું. રડતો કવિ કલાપી પણ કહે છે જે:

'કિસ્મત બતાવે ખેલ તે આનંદથી જોવા સહિ.'

તો પછી તું શાને આમ અકળાઇને આત્મહત્યાનું ઘોર પાપ કૃત્ય કરવા તૈયાર થઇ? ચાલ, ડાહી થા અને ધીરજ રાખ. પ્રભુ સૌ સારાં વાનાં કરશે."

આ સઘળુ નિચું જોઇને તે બાળા સાંભળતી હતી. થોડીવારે તે બોલી: "મ્હારાં દુઃખની ભાગીદાર બ્હેન ઉષા! તું આ વખતે અહિં કયાંથી આવી અને આ ત્હારી અભાગિણી સખીને સુખી થતી શાને બચાવી?" આમ કહેતાં કહેતાંમાં તે એકદમ રડી પડી.

મ્હેં આંસુ લુછતાં કહ્યું, "બ્હેન! થોડીવાર પ્હેલાં મ્હારા બાપાજીના બોલાવવાથી હું ત્હને તેડવા ત્હારે ઘેર ગઇ અને ત્હને બુમો પાડી બોલાવી પણ થોડીવાર સુધી કોઇ બોલ્યું નહિ. એટલે મેં જમનાં કાકીને પૂછયું ત્યારે ત્હેમણે મ્હને બહુ ક્રોધમાં જવાબ

દીધો કે–' મરી ગઇ હશે, ક્યાંક રઝળવા !' એમના ક્રોધથી હું એકદમ મુંઝી ગઈ પરંતુ ધીરજ રાખી ત્યાંથી એકદમ ત્હારી શોધમાં પડી.

પ્રથમ તો મ્હેં ત્હને ગામમાં શોધી, પણ કાંઇ પત્તો ન મળ્યો એટલે મ્હને યાદ આવ્યું જે આપણી ફરવાની જગ્યાએ કદાચ ગઇ હશે. એમ ધારી હું હમણાંજ અહિં આવી. જો જરા મોડી આવી હોત તો જરૂર વ્હાલી સુંદર ! આ ત્હારૂં સુંદર શરીર આ શાંક કટારીનો ભોગ થઈ પડેલું જ મ્હારે જોવું પડ્યું હોત. અરે રે, પ્રભુએ આ શી ત્હને બુદ્ધી આપી ?" એમ કહેતાં કહેતાં હું પણ રડી પડી. આમ પરસ્પર બન્ને સખીઓએ હૃદય ખાલી કર્યાં. અને મ્હેં ધીરજ રાખીને સુંદરને સમજાવી અને ત્હેને ધૈર્ય આપી પોતાના ઘર તરફ લઈ ચાલી.

(લેખકે સાંભળેલી તથા જોયેલી હકીકત ઉપરથી.)

૫.

વરની શોધ ખોળ.

બન્ને સખીઓ—તે બાલિકાઓ ઝાડ નીચેથી ચાલી નીકળી, બારોબાર ઉષાને ઘેરજ આવી હતી. ઘેર જઈ ઉષાએ સઘળી વાત માતા પિતાને જાહેર કરી. એટલે ત્હેનાં ભલાં માતા પિતાએ સુંદરને થોડો યોગ્ય ઠપકો આપી ધીરજ સાથે આશ્વાસન આપ્યું. પણ સુંદરને તેથી બિલકુલ શાંતિ કે સ્વસ્થતા મળી નહિ. આખરે પુષ્કળ થાકથી ઉંઘી ગઇ. ઉષાએ પથારી પાથરી અને સુંદરને પોતાની રૂમ (ઓરડી) માં સુવાડી. અને ત્હેને ઘેર ત્હેની કાકીને કહેવા ગઇ જે "સુંદર આજે મ્હારે ત્યાં સુઇ રહેશે." કાકીએ ક્રોધમાં ને ક્રોધમાં જવાબ આપ્યો "ત્યારે પરણાવોને ત્હમેંજ એટલે હમારે ઉપાધી મટે !" ઉષા વ્યંગમાં બોલી "હા, કાકી. હમોજ પરણાવીશું." પણ પછી વિચાર કરીને ત્હેણે કહ્યુંઃ "ત્હમો પરણાવો છે તે હમોજ પરણાવીએ છીએ. આમ શું ખીજવાઇ જાવો છો ?" આમ ઉષાએ જરા કાકીને ફુલાવ્યાં એટલે સુવાની રજા આપી. અને ઉષા હસતી હસતી પોતાને ઘેર આવી.

માતા પિતા અને ઉષા ત્રણે જણ સુંદરના લગ્ન માટે પોતપોતાની પથારીમાં વિચાર કરતાં પડ્યાં છે. અમુક વખત સુધી ત્રણેમાંથી કોઇ બોલતુંજ નથી. ત્યાં ઉષા પોતાની પથારીમાંથી ઉઠી અને પોતાનાં માતુશ્રીની પાસે જઇને ત્હેણે કહ્યુંઃ "અરે ! આપણે તો અમથાં જ ગુંચવાઈએ છીએ. મ્હને એક વર જડ્યો છે. અને તે સુંદરને લાયકજ છે."

ઉષાની માતાએ આતુરતાથી પૂછ્યુંઃ "તે કોણ ? મ્હને જલદી કહે એટલે હું પણ તે ચિંતામાંથી મુક્ત થાઉં." સુંદર ઉમંગમાં ને ઉમંગમાં એટલી ઝડપથી કહેવા લાગી કે પ્રથમ તો ત્હેની માતાથી બરોબર સમજી શકાયું નહિ. એટલામાં ત્હેના પિતા પણ જાગ્રત થયા અને તે પણ પાસે આવ્યા. વાત સમજતાં ત્હેમણે કહ્યુંઃ "બેટા ! ધીમે, જરા ધીમે વાત કરીએ. આમ ઉતાવળી શું થાય છે ?"

સુંદરે કહ્યુંઃ "મગન કાકા જે આપણા રાજ્યમાં પોલીસ ખાતાના ઉપરી છે,

ત્હેમનો દીકરો લલિત હાલમાં મુંબાઈ એલ્ફિન્સ્ટન કોલેજમાં બી. એ. નો અભ્યાસ કરે છે. એની ઉમ્મર ૨૨ વર્ષની છે. શરીર પણ તન્દુરસ્ત અને બાંધો સારો છે. વળી રૂપાળો અને સદ્ગુણી છે.

કેમ પિતાજી ! આપના ધ્યાનમાં આવ્યું કે ? કેમ બા ! તે સુંદર ને લાયકજ છે ને ? ત્હેં તો એને જોયો છે. ગઇ મે વેકેશન (ઉનાળાની રજા)માં તે દિવસે ન્હોય એ તથા મગનકાકા આપણે ત્યાં આવ્યા હતા ? તે વખતે સુંદર કેવી ત્હેમને જોઈ રહી હતી ? અને ત્હેમના ગયા પછી ત્હમે કહ્યું પણ હતું જે હિમ્મતકાકાને કહી સુંદરને આ છોકરાની સાથે પરણાવે એવી તજવીજ કરીશું;

કેમ બા ! યાદ છે કે નહિ ? શું વિચારમાં પડ્યાં ? બહુ ભુલકણાં તો–એટલીવારમાં તો ભુલી પણ ગયાં ! "

આમ ઉષાની શોધથી ત્હેનાં માતાપિતા એટલાં તો વિચારમાં પડી ગયાં હતાં, જે થોડીવાર સુધી હા બરોબર છે એટલા શબ્દ પણ બોલાયા નહિ. પણ પોતાની દીકરીની શોધથી તે એટલાં તો ખુશી થઈ ગયાં હતાં જે એકદમ બન્ને જણાએ ઉષાને છાતીસરસી ચાંપી ખભા ઉપર હાથ ઠોકી ધન્યવાદ આપ્યો; અને બોલ્યાં " બેટા સુંદર ! વાહ, ત્હેં બરોબર લાયક વર શોધી કાઢ્યો. ધન્ય છે ત્હારાં બ્હેનપણાને અને ત્હમારા હેતને. હમો આવાં સહિયરપણાં જોઇ ઘણાંજ ખુશી થયાં છીએ. પ્રભુ ત્હમને દીર્ઘાયુ રાખો અને પરસ્પર જીંદગીપર્યંત આનંદમાં રહો. " ઉષાએ એકદમ પોતાની રૂમમાં જઇ સુંદરને ઉઠાડી અને ત્હેને બધી વાત કહી. પછી માતાપિતા પાસે લાવી. સુંદરે પણ હસતાં હસતાં હા પાડી. નમન કરીને તે બોલી " મ્હારાં વ્હાલાં માતાપિતા અને એક સગી બ્હેનની માફક આપ મારૂં શુભ ઇચ્છોછો અને મ્હને એ રાક્ષસોના હાથમાંથી બચાવો છો જેથી આપનો હું જીવનપર્યંત ઉપકાર ભૂલું એમ નથી. સદાય ત્હમારી નાની દીકરીની માફકજ ત્હમે મ્હને ગણતાં આવ્યાં છો. ને ત્હમે જે કરશો તે મ્હારૂં હિત જોઈનેજ કરશો. " આમ વાતો કરતાં સ્હવાર પણ થઇ ગયું. પ્રભુનું સ્મરણ કરતાં બધાં ઉઠ્યાં.

૬.

લગ્નની ખટપટ.

સુંદર પોતાને ઘેર ગઈ. આજે ત્હેના કાકાશ્રી ગામથી પાછા આવી ગયા છે. ગૃહશાંતિનું મુહુર્ત આજે છે. એટલે સગાં વ્હાલાં અને સ્નેહિ સંબંધીની આનન્દ વધારે વધી છે. બ્રાહ્મણોએ ચોરી ચીતરી પૈસા પડાવવાની સઘળી તૈયારી કરી મૂકી છે. આ બાજુ આપણી સુંદરની વ્હાલી સખી ઉષા મુંબાઇ જવાની તૈયારીમાં છે. ત્હેણે એક પોતાનો બિસ્તરો અને પાકીટ લઈ પટાવાળાને આપી ગાડી જોડવાની આજ્ઞા કરી. ગાડી જોડાય ત્યાં સુધીમાં ત્હેણે પોતાનાં પિતા માતા સાથે કેટલીક વાતચીત કરી લીધી. ત્યાં પટાવાળો બોલાવવા આવ્યો એટલે પિતા માતાની આજ્ઞા લઈ ટ્રેન ઉપર વિદાય થઇ.

અહિં હવે હિમ્મતકાકા ગૃહશાંતિ કરાવવા એક બાજઠ ઉપર બેઠા છે. જમણી બાજુ જમનાંકાકી એક સુંદર સોનેરી છુટ્ટાવાળું અંબર પ્હેરી આનંદથી બેઠાં છે. વચમાં બિચારી ભોળી નિરાધાર સુંદર અંતરના ઊંડાણમાં ઉદાસિનતાથી - બેઠી છે. આ વખતે

ત્યાં આગળ ઉષાના પિતાજી પધાર્યા એટલે તુર્ત હિમ્મતકાકાએ અને સુંદરે સ્નેહપૂર્વક આવકારથી બોલાવ્યા. સુંદર વિચારમાં પડી કે કેમ અત્યારે ધીરજલાલકાકા આવ્યા હશે ? તેઓ પાથરેલા ગાદીતકીએ બેઠા. વકીલસાહેબના આવવાથી આજુબાજુથી ગામના બેચાર ગૃહસ્થો પણ આવીને બેઠા. પાનસોપારી ખાધાં. ત્યાં હિમ્મતકાકા નાળીયેર હોમી પરવારી વકીલસાહેબ પાસે આવ્યા. "કેમ વકીલસાહેબ ઘણે દિવસે હમારી ઉપર કૃપા કરી. કેમ આજ ૧૦ દિવસ થયાં ઉષા બ્હેન કે ત્હેમનાં માતુશ્રી શાંતિભાભી, હમારા ઘર તરફ મોઢું પણ બતાવતાં નથી. આજે બે ત્રણ વખત બોલાવવા મોકલ્યાં પણ કોઇ આવ્યું નહિ. હમોએ શું ગુન્હો કર્યો છે ? વકીલસાહેબ. કદાચ ત્હમો આ લગ્નથી નાખુશ થયા હશો પણ ત્હેમાં મારૂં કશું ચાલે એમ નથી. હું બંધાઈ ગયો છું એટલે શું કરૂં ? લાચાર." "હશે જે ભાવિ છે તે મિથ્યા થનાર નથી," એમ બોલતા વકીલ સાહેબ, હિમ્મતકાકાનો હાથ ઝાલી પોતાના ઘર તરફ તેડી ગયા. વકીલસાહેબે ઘરમાં આવી ચાહ પાન કરી હિમ્મતકાકાને પ્રેમથી પૂછ્યુંઃ "હિમ્મતભાઇ ! આ લગ્ન ત્હમે બરોબર કર્યું છે ? શું આ લગ્ન ત્હમારા અંતઃકરણને ગમે છે ? બિચારી સુંદર સ્હામું તો જુવો. ભલી બિચારી નિરાધાર બાળકીને શું કામ મૂડદા સાથે બાંધો છો ? અરેરે, હિરાને શું કામ જાણી જોઇને કાગડાની કોટે પહેરાવો છો ? ત્હેમાં ત્હમારૂં ભલું નહિં થાય. પૈસો તો આજ છે ને કાલ નથી. જો ત્હમારે એટલા પૈસાથીજ વેચવી હોય તો ચાલો મ્હને સોંપી દો. હું ત્હમને એથી બમણા આપી મ્હારી બીજી દીકરી તરીકે હું સુંદરને રાખીશ અને ત્હેને લાયક વર પરણાવીશ. માટે ત્હમો આ રાક્ષસનું કામ છોડી દો." હિમ્મતકાકા આ સઘળું નિચે મોઢે સાંભળી રહ્યા. પણ પછી એકદમ આવેશમાં આવી બોલ્યાઃ "વકીલસાહેબ, શું ત્હમે સુંદરના માલીક છો? જાવ, જાવ, હમારે ફાવે તેમ કરીશું. ત્હમારે શું હમારે શું ? મ્હોટી શીખામણ આપવા તેડી લાવ્યા ! " એમ કહી એકદમ જોરથી હાથ છોડાવી પોતાના ઘર તરફ કૂચ કરી ચાલતા થયા.

વકીલસાહેબ અને ત્હેમનાં પત્નિ શાંતિગૌરી આ સઘળું જોઈ રહ્યાં. થોડીવાર તો તેઓ વિચારમાંને વિચારમાં બોલ્યાં પણ નહિ. પણ વકીલસાહેબના મોંઢા ઉપર ક્રોધની છાયા જણાતી હતી. તેઓ પાસે પડેલા ટેબલ ઉપર, જાણે દૃઢ નિશ્ચય ન કર્યો હોય,, તેમ હાથ પછાડના જોરથી બોલી ઉઠ્યાઃ "અરે પાપી કુચા હિમ્મત ! ઠીક છે કાલે ત્હારાજ લગ્નના મંડપ નીચે સુંદરને મનગમતો વર ના પરણાવું તો જરૂર મારે સંન્યસ્ત લઇ લેવું. ઠીક યાદ રાખ."

પોતાનાં પત્નીને ત્હેમણે કહ્યુંઃ "હું અત્યારે મહારાણા સાહેબ પાસે જાઉં છું. ત્યાં આગળ હું મારી ધારેલી યોગ્ય ગોઠવણ કરી આવું છું. ત્હમો ઉષાને તાર કરાવો કે જલદી લલિતને લઇ આવતી કાલની સાંજની છની ફાસ્ટટ્રેનમાં અત્ર આવી જવું." "જેવી આજ્ઞા" એમ કહી તેઓ પોતાને કામે લાગ્યાં. એવામાં તારવાળા સિપાઇએ બુમ પાડી એક તારનું પેકેટ આપ્યું. શાંતિગૌરીએ એને ઉઘાડી વાંચી લેતાં કહ્યું કે ઉષા, લલિત અને જમાઇ સુમન આવતી કાલે સ્હાંજની ફાસ્ટ ટ્રેનમાં આવવા જણાવે છે" જેથી એક કાર્ય તો પાર પડ્યું એમ જાણી ખુશી થતા વકીલસાહેબ દરબાર મહેલ તરફ ગાડી જોડાવી ચાલતા થયા.

બપોરના ત્રણ વાગ્યાનો સમય છે ગ્રીષ્મ ઋતુ છે. એટલે તાપ સખ્ત પડતો હોવાથી બજારમાં અને શેરીઓમાં જવલ્લેજ કોઇ માણસ નજરે પડતું. આ વખતે આપણા વકીલ સાહેબ એક નિરાધાર બાળકીની સ્હાય માટે ગાડીમાં બેસી રાજ્ય મહેલના દરવાજામાં દાખલ થયા.

રાણાસાહેબ પણ બપોરની નિદ્રામાંથી ઊઠી, "સમરહાઉસ" (ગ્રીષ્મભવન) માં પધાર્યા હતા. ત્યાં ધીરજલાલને આવેલા જોઇ ત્હેમણે પૂછયું: "કેમ વકીલ સાહેબ! અત્યારે કેમ આવવું થયું ?"

વકીલે દરબારી રિવાજ પ્રમાણે નમન કરી જણાવ્યુ: "અન્નદાતા! એક શુભ કાર્યમાં આપની સહાય ઇચ્છું છું."

રાણા સાહેબે હસતાં હસતાં પૂછયું, "શુ છે વકીલ સાહેબ! કહો. જરૂર મ્હારાથી બનશે તેટલી કોઈપણ શુભ કાર્યમાં સહાય કરીશ." એટલે તુર્ત ધીરજલાલે સઘળી હકીકત અથ ઇતિ કહી સંભળાવી. રાણા સાહેબ તરતજ ગુસ્સે થઇને બોલી ઉઠયા: "અરે! એ પાટીદાર શું કરવા બેઠો છે? તે બિચારી ભલી બાળકીને જાણી જોઇ કૂવામાં નાંખે છે! શું ત્હેને પૈસાની ખોટ પડી છે? મ્હારા રાજ્યની જમીનમાંથી તો ત્હેણે ઘણું પેદા કર્યું સંભળાય છે. તો પછી શાને માટે આ પાપ કરવા તૈયાર થયો છે? જરૂર હું તે કાર્યમાં ત્હમને સહાય કરીશ. પણ ત્હમે કેવી રીતે સ્હાય માગો છો? શું વ્યવસ્થા કરી છે? જલ્દી કહી સંભળાવો."

"જેવી અન્નદાતાની આજ્ઞા" એમ બોલતાં વકીલ સાહેબે નીચે પ્રમાણે પોતાની ગોઠવણ જણાવી:

"આપણા મગનભાઇ પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટનો ચિરંજીવી લલિત નામે છે. તે હાલમાં મુંબાઇની કોલેજમાં અભ્યાસ કરે છે. તે આરોગ્ય અને ગુણવાન હોઈ સુંદર સાથે લગ્ન કરવાને લાયક છે. મેં મ્હારી દીકરીને અજે સ્હવારની ટ્રેનમાં ત્હેને તેડી લાવવા મોકલી છે. મ્હારો જમાઈ મુંબાઈ છે. તે, તેઓ અને લલિત આવતી કાલે સાંજની છની ટ્રેનમાં આવવા જણાવે છે. હવે મ્હારી એવી ગોઠવણ છે કે આપ સરકાર તે લગ્ન રાજસત્તાથી ફેરવી નાંખી તે નિરાધાર બાળાને આ યુવાન સાથે પરણાવી પરોપકારનું કાર્ય કરશો."

દરબારે થોડી વાર વિચાર કરી જણાવ્યું. "નહિ, વકીલ સાહેબ, તે મ્હને ઠીક લાગતું નથી. પ્હેલેથી એમ કરવા જતાં બાજી બગડી જાય અને પરહદમાં જઇને લગ્ન કરી નાંખે માટે મ્હને તો બીજો રસ્તો સારો લાગે છે.

જુઓ, સાંભળો. આજે મ્હને આવતી કાલે લગ્ન સમયે એને ત્યાં જવા હિમ્મતલાલ બે ત્રણ વખત મારી પાસે આવી ગયો છે, મ્હેં ત્હેને હા પાડી છે. એટલે હું આવતી કાલે તે લગ્નમાં દિવાન સાહેબ, મગનભાઈ વગેરે તથા બે ત્રણ ભાયાતો સાથે હાજર રહીશ. ત્હમે પણ ત્યાં લલિતને સાથે લઈ હાજર રહેજો.

જ્યારે કન્યાને માહ્યરે પધરાવશે, ત્યારે હું જાતેજ ઊઠી તે બુઢ્ઢા વરરાજાને ઊઠાડી મુકીશ અને લલિતને તેજ પાટલા ઉપર બેસાડી હું જાતેજ હસ્તમેળાપ કરાવીશ. એટલે લોકો પણ જાણશે જે આવી જાતનાં લગ્નથી આપણા દરબાર પણ નારાજ છે અને

તેથી પ્રજા જનો ફરીથી આવું કાર્ય કરતાં બ્હીશે. કેમ, વકીલ સાહેબ ! ધ્યાનમાં ઉતર્યું ને ? આ ગોઠવણ ઠીક છે ને ?"

વકીલ સાહેબે માથું નમાવી હસતાં હસતાં જણાવ્યુંઃ "મ્હારા સાહેબ ! ઘણી ખમ્મા. હઝુરે ઠીક યુક્તી શોધી કહાડી છે. એમ થાય તો તો નક્કિ ભવિષ્યમાં પ્રજા પણ આમ કરતાં ડરશેજ. પ્રભુ ત્હમારૂં કલ્યાણ કરો."

"વકીલ સાહેબ ! ત્હમે પણ આ બહુ સારૂં કર્યું હો. નહિંતર બિચારી એ ભલી છોકરી ખાડામાં પડી રવડી મરત. મ્હેં તે છોકરીને ત્હમારી દીકરી સાથે એક વખત ભાળી છે અને મગનભાઇના દીકરાને પણ જોયો છે. વર ઠીક શોધી કાઢ્યો હોં."

આમ બોલતાં બોલતાં રાણાએ શરબતનો પ્યાલો મંગાવી ધીરજલાલને આપ્યો. વકીલે તે નમ્રતાપૂર્વક લીધો અને પ્રેમથી પીધો. ઉપકાર માની ઊઠવાની રજા લીધી. રાણા સાહેબે કહ્યું: "સંભાળ રાખજો, જોજો, હોં. ત્હમો ત્હમારા કાર્યમાં પાછા ના પડો, હોં. હું તો જરૂર તે વખતે આવીશજ." "ઠીક. અન્નદાતા ! સેવક બનતા પ્રયત્ને જરૂર તે કાર્ય બજાવશે." ઘેર આવ્યા પછી વકીલ સાહેબે પોતાનાં પત્નીને આ ગોઠવણથી માહિતગાર કરી અને સુંદરને જણાવવા તથા ત્હેને હિંમત અને ધીરજ રાખવા સમજાવવાનું કહ્યું.

શાંતિએ જવાબ આપ્યોઃ "આપ કપડાં ઊતારીને સ્વસ્થ થાઓ. એટલી વારમાં તો હું સુંદરને કહી પાછી પણ આવું છું."

વકીલ સાહેબ કપડાં ઊતારી "સાંજવર્તમાન" લઈ બેઠા.

શાન્તિગૌરી આ વધામણીની વાત સુંદરને કહીને પાછાં આવ્યાં.

વકીલે કહ્યું, "શાંતિ ! સુંદર નસીબદાર તો ખરી, હોં. નહિતર કયાંથી રાજાની સહાય! હશે તે નિરાધાર બાળકીને આપણે સુખી થયેલી જોઇને ખુશી થઇશું." એમ વાતો કરતાં તે પરોપકારી પતિ પત્નિ પોતપોતાને કામે વળગ્યાં.

૭.

લગ્નનો વિજય.

વૈશાખ સુદ ત્રીજને મંગળવાર છે. આજે આપણી સુંદરનાં લગ્નનું મુહુર્ત છે. જેથી હિમ્મતકાકાએ મ્હોટી ધામધૂમ સાથે લગ્નનો મંડપ શણગાર્યો છે. કેમ ના શણગારે ? જેને લીધે તો એક મોટી રૂપીયાની ગાંઠડી મળી છે ! સાંજના ૫ નો સમય થયો એટલે હિમ્મત કાકા મ્હોટી ધામધુમ સાથે સામૈયું લઇને સ્ટેશન ઉપર બુઢ્ઢા વરરાજાને માન આપવા પધાર્યા. આ બાજુ સુંદર ધીરજ રાખી ઈશ્વર સ્મરણ કરતી હતી. વચમાં તે રડતી, ગભરાતી, વળી પાછી જાગ્રત થતી. જાણે ગાંડી ન થઇ ગઇ હોય, તેમ ઊભી થતી અને બેસતી. થોડી વારે તેણે પેલી કટાર હાથમાં લીધી, ઉઘાડી અને જાણે તે કટારીને જીવતી હોય તેમ તેના તરફ જોઈ કહેવા લાગીઃ "દુખીયાંને સહાય કરનાર, મ્હારી વ્હાલી કટારી ! લગ્ન મંડપમાં જો મનગમતા પતિના હસ્ત સાથે આ હાથ નહિં જોડાય તો જરૂર તું એકદમ મ્હારી છાતીમાં પેસી જજે હોં. ભુલતી ના." એમ બકવાટ કરતી, ગાંડાની પેઠે એકલી મેડા ઉપર એક ખુણામાં ફાટેલો ગોદડો પાથરી પડી

રહી હતી; બીજી બાજુ પર હિમ્મત કાકા, જમનાં ફાઈ, સગાં વ્હાલાં, ગામનાં ઘણાં સ્ત્રી પુરૂષો સામૈયું લઇને સ્ટેશન ઉપર ગયાં હતાં, લગ્ન ઉત્સવનો લ્હાવો લેતાં હતાં અને મ્હાલતાં હતાં !

વાંચકને યાદ તો હશેજ. આજ ટ્રેનમાં આપણી સુંદરનો ભવિષ્યમાં થનાર સાચો પતિ લલિત, ઉષા બ્હેન અને ત્હેનો પતિ સુમન, એ ત્રણે જણ પણ આવનાર છે. એટલે આપણા વકીલ સાહેબ ધીરજલાલભાઇ અને ત્હેમનાં પતિ શાંતિગૌરી પણ સ્ટેશને આવ્યાં હતાં. એવામાં "લાઇન કલીઅર" અપાઇ. હાથ પડ્યો અને થોડી વારમાં તો દૂરથી ટ્રેન હિમ્મત કાકાના કાર્ય ઉપર "શુ-શુ-શુ !" કરતી સ્ટેશનમાં આવી ગઇ. એકદમ સેકન્ડ કલાસનું એક ખાનુ ઉઘડયું અને ત્હેમાંથી આપણી સુંદરની સહિયર ઉષા, લલિતરાય, અને ઉષાનો પતિ સુમન, એમ ત્રણે જણાં ઉતર્યાં. ધીરજલાલ કાકા અને શાંતિગૌરી ત્હેમને પ્રેમથી મળ્યાં અને સ્ટેશનની બ્હાર આવી ઘેર જવા નીકળ્યાં.

આ બાજુ થર્ડ કલાસના ડબ્બામાંથી જાણે ઘેટાં છૂટયાં હોય તેમ બુઢ્ઢા વરરાજાની જાનનાં માણસો ડમોડમ બ્હાર નીકળી બુમેબુમ અને ધાંટમધાંટ કરતાં આવવા લાગ્યાં. છેવટે બુઢ્ઢા વરરાજા પણ ધીમે રહીને ઉતરવા મંડયા. ત્યાં તો ટ્રેનના એન્જીને સિસોટી મારી એટલે ગભરાઇને ઉતાવળ કરવા ગયા જેથી તે બિચારી પડી ગયા ! પણ તુર્ત હિમ્મતકાકાએ અને એ ત્રણ સાથેના જાનૈયાએ ધીમે રહિને ઉઠાડયા. હાથ ઝાલી હિમ્મત કાકા બ્હાર આવ્યા એટલે સામૈયાની રીત પ્રમાણે સઘળાં પરસ્પર મળ્યાં. હવે બુઢ્ઢા દાદા વરરાજાનો પોષાક પ્હેરી ઘોડે ચડયા ! અને ગામના મોટા રસ્તે ઉછળતા ઉઘવતા જાનીવાસા તરફ સિધાવતા હતા. ત્યાં વચમાં કેઇ એક કવિ આપણા બુઢ્ઢા વરરાજાનું નિચે પ્રમાણે વર્ણન કરી ગાતો હતો.

સાઠની ઉપર ચાર ! વય જેની વૃદ્ધ હતી,
    વાળનો રૂપેરી રંગ, એક આંખે ભાળતા,
મુખમાં સોપારી ઘાલી, ડાચાં ઊપસાવી દાદા
    પાન તણી ભુકી ચાવી, પીચકારી મારતા.
દાંતના અભાવે, દાદા ચાકુ દાંત તણુ ઘાલી
    મૂછ પર હાથ નાંખી મુખ મલકાવતા;
પાઘ લાલચોળ ઘાલી, સુરમો અંજાવી કાળો,
    છાતી કાઢી ઘોડે બેસી જુવાની જણાવતા.
ઓષનાં બિચારા હાડે, ડેં-ડેં-ડે-ડં થઇ જાય,
    છતાં કાકા સંભાળીને વરઘોડે મ્હાલતા;
એવામાં અરીણુ વજ્યું, ડોલવા દાદાજી લાગ્યા;
    ઝોકાં ખાઇ ખાઇ દાદા પાઘડીને પાડતા.
જેથી કોઇ જુવાનીયો, વરરાય પાસ આવ્યો,
    જોર કરી ચૂંટી ખણી દાદાને કુદાવીયા;
તેથી પગ પાવડેથી ખસી ગયો દાદાજીનો,
    પડયાં ભુસ લઇ દાદા જાન શણગારતા.

લોક હસાકસ કરે, " ધીક ધીક હિમ્મતને ! "
ફાવે તેમ ફીટકાર અતીશય આપતા; '
છતાં બુઠ્ઠા વર રાય હિમ્મતની હોંસે કરી:
હાથ ઝાલી દોરી દોરી જાનીવાસે લાવલ !

જાનીવાસે જાન આવી અને પરણવાની દાદા તૈયારી કરવા મંડયા. આણી તરફ વકીલને ત્યાં દરબાર સાહેબ, દિવાન સાહેબ, પો. સુ. મગનભાઇ, દરબારના બે ત્રણ ભાયાતો, ધીરજલાલ, સુમનરાય, લલિતરાય, શાંતિગૌરી અને ઉષા, એ સઘળાં મળી બેઠાં હતાં ત્યાં આપણા ઉપરની કવિતા જોડનાર કવિરાજ પણ આવી ચુકયા અને એકદમ બુઢ્ઢા વરરાજાની કવિતામાં તારીફનાં ગીત ગાવા લાગ્યા.

બધાં ખુબ હસ્યાં. દરબારે કવિનો યોગ્ય સત્કાર કર્યો દરબારે પૂછ્યું: ' કેમ મગનભાઇ ! ત્હમારા ચિરંજીવી લલિતને સુંદર સાથે પરણાવવા ખુશી છોને ? "

મગનભાઇ બોલ્યા, 'અન્નદાતા ! સુંદર જેવી સદ્ગુણી છોકરીને કોણ કૂળવધુ કરવાને નાખુશ હોય ? અને ત્હેમાં વળી આપ હઝુર, ખુદ પોતે જ હસ્તમેળાપ કરાવનાર છો, એટલે મ્હારા જેવો ભાગ્યશાળી કોણ ?

ઉષા દરબારને નમન કરી બોલી: "અન્નદાતા ! આપ હસ્તમેળાપ કરાવો 'છો એટલે તો હવે આપનેજ એ બન્નેને પાળવા પડશે. "

દરબારે હસતાં હસતાં કહ્યું: જરૂર, હું તેમ કરીશ " વકીલસાહેબ ! ત્હમારા જમાઇ સુમનરાયને મ્હારા પ્રાઇવેટ સેક્રેટરી (ખાનગી કામદાર) તરીકે રૂ. ૫૦૦ ના પગારથી હું નીમવા ધારૂં છું. આ મગનભાઈના દીકરા લલિતરાયને નાયબદિવાનની રૂ. ૫૦૦ ની જગો ખાલી છે તે આપું છું. જરૂર આ બન્ને કેળવાયેલા યુવાનો મારા રાજ્યની સેવા સારી પ્રમાણિકપણે બજાવશે, એવી મ્હારી ખાત્રી છે."

દરબારની આવી અસાધારણ કૃપા જોઈ સઘળાં આનંદી થઇ ગયાં.

સુમનરાયે અને લલિતે તેમનો ઉપકાર માની અરજ કરી કે, " અન્નદાતા ! આપે અમોને મ્હોટી જગ્યાઓ અર્પી જે દયા દર્શાવી છે તેથી હમો જીંદગીપર્યંત આપની ખરી નિમકહલાલીથી સેવા કરીશું. "

આ તરફ સુન્દરનો પતિ નાયબદિવાનની જગ્યા મેળવવા ભાગ્યશાળી થયો છે, ત્યારે આપણી દુઃખી સુંદર એક ખુણામાં પડી પડી, દુઃખ સાગરમાં આંસુની બે નદિઓ વહેવરાવે છે. અને આપણા બુઢ્ઢા વરરાજા ચંપાનાં ફુલનો ખુંપ મૂકી ઘોડા ઉપર ચઢી લગનનાં માંડવે પરણવા પધારે છે.

સમય થયો એટલે દરબાર, દિવાન, મગનભાઇ, ભાયાતો, ધીરજલાલ વગેરે લલિતરાયને લઇ હિમ્મતલાલને ઘેર જઇ પહોંચ્યા. એવામાં વરરાજા પણ પધાર્યા. તે બુઢ્ઢાદાદાને જમનાંકાકીએ પોંકયા અને ચોરી પાસે જઇ બાજઠે બેસાડયા. દરબાર સાથે આવેલું સઘળું મંડળ ડોસાને જોઇને આશ્ચર્ય બની ગયું. દરબારને એટલો તો ક્રોધ ચઢયો કે તેઓ એકદમ ઊભા થવા ગયા. પણ દિવાને સમજાવ્યા અને ધીરજ રાખવા કહ્યું.

બ્રાહ્મણોએ મંગળાષ્ટક શરૂ કર્યા. સમય વરતે સાવધાન સંભળાયું. ત્યાં આપણી

સુંદરને કંસથી ભુંડો, તેનો મામો ત્હેને ઉચકીને પધરાવવા આવ્યો. સુંદર બિચારી ધ્રુજતી હતી. તેણે જેવો બુઢ્ઢાને દીઠો એટલે એકદમ ત્હેને મૂર્ચ્છા આવી અને તે બિચારી ગબડી પડી, પણ ત્હેના દુષ્ટ મામાએ એકદમ જોરથી ઝાલી જેમ તેમ કરી પાછી બેસાડી. આ તરફ દરબાર અને લલિતરામ બેઉ જણ ઉઠી ચોરી પાસે જઇ ઉભા રહ્યા, એટલે હિમ્મત કાકાને શંકા આવવાથી ત્હેણે પૂછ્યું: "કેમ અન્નદાતા ક્યાં પધારો છો?" હસતાં હસતાં દરબારે કહ્યું: "એતો મ્હારે અને આ ભાઇને તકરાર થઈ છે અને સરત ઉપર આવ્યા છીએ. હું કહુંછું જે વરરાજા કાણા છે. આ ભાઇ કહે છે કે ના બન્ને આંખે સારા છે. એટલે, બરોબર નિહાળીને જોવા વરરાજા પાસે જઈએ છીએ." હિમ્મતલાલે કહ્યું: "અન્નદાતા! આપનું ધારવું સત્ય છે. તેઓએ એક આંખ ગુમાવી છે."

ત્યાં "પળ એકનો સમય વરતે સાવધાન" એમ બ્રાહ્મણોએ બુમ પાડી અને છેવટનો મંત્ર ભણવા લાગ્યા. એટલામાં ત્વરાથી આપણા દરબાર ચોરી પાસે ગયા અને બુઢ્ઢા વરરાજાની કાનપટી પકડી ત્હેને ઉઠાડી મૂક્યો. અને લલિતરાયને બેસાડી જાતેજ હસ્તમેળાપ કરાવ્યો, તથા બ્રાહ્મણોને સંપૂર્ણ સશાસ્ત્ર લગ્નવિધિ કરવાનો હુકમ કર્યો.

આ સઘળું હિમ્મત કાકા, જાનૈયા વગેરે સઘળા લોકો જોઈ રહ્યા. પણ ચેં કે ચું કોઇથી બોલાયું નહિ.

સુંદર પાસે ઉષા પહેલેથીજ દોડી ગઈ હતી એટલે સુંદરે સાવચેત થઈ પોતાના મનગમતા પતિનો હાથ પ્રેમથી પકડ્યો. ધર્મ લગ્નનો વાવટો ઉડ્યો, અને સખીની સહાયથી તે મનગમનો પતિ પરણી.

દરબાર સાથે આવેલું મંડળ, વકીલ સાહેબ અને શાંતિગૌરી આનંદ—આનંદમય થઇ ગયાં. આ ભાગ્યશાળી જોડું પરણી ઉઠ્યું ત્યાં સુધીમાં તો બુઢ્ઢા વરરાજા અને જાન ક્યારનીએ પલાયન કરી ગઇ હતી!

હિમ્મતકાકા પોતાની ભુલનો પસ્તાવો કરી દરબારને પગે પડ્યા અને માફી માગવા મંડ્યા. દરબારે કહ્યું: "અરે પટેલ! ત્હને આવી મતિ કોણે આપી? બિચારી નિરાધાર બાળકીને જાણી જોઇ મુડદા સાથે પરણાવતો હતો? શા લોભથી તેં આ કૃત્ય આદર્યું હતું? જા, દૂર થા. આ કામની શિક્ષામાં ત્હને મ્હારા રાજ્યની બ્હાર જવાનો હુકમ કરૂં છું." ત્યાં સુંદર આવી દરબારને પગે પડી અને એવી સજા ન કરવા વિનંતિ કરી. દરબારે સુંદરના વિવેકથી ખુશ થઈ શિક્ષા માફ કરી અને તેજ વખતે પ્રજામાં ઢંઢેરો પિટાવવા હુકમ કર્યો.

"મારી પ્રજાએ પોતાનાં અવિવાહિત પુત્ર પુત્રીઓને પોતાની ઇચ્છાથી નહિ, પણ તેમની ઇચ્છા જોઇને પછી પરણાવવાં. આ નિયમનું કોઈ પણ ઉલ્લંઘન કરશે ત્હેને મ્હારા રાજ્યની હદ બ્હાર કરવામાં આવશે."

આ ઢંઢેરાથી હાલમાં તે રાજ્યમાં બાળલગ્ન નાશ પામ્યાં છે. ક્વચિતજ વિધવાઓ નજરે પડે છે. સ્નેહ લગ્નથી સ્નેહિ દમ્પતિઓ સ્નેહસાગરમાં આનંદથી ન્હાય છે. આપણા લલિતરાય નાયબ દિવાન તરીકે સુંદરની સાથે સ્નેહામૃતનું પાન કરે છે.

ઉષા અને સુમનરાય પણ તેજ રાજ્યમાં દરબાર સાહેબના ખાનગી કામદારની જગ્યા ઉપરથી દિવાનની પદવીએ પહોંચ્યાં છે. ત્હેમનાં માતાપિતા પોતાનાં સંતાન રત્નોને સુખમાં

અને રાજ્યમાં પ્રતિષ્ઠાવાન જોઇ અતિશય હર્ષ પામી ઇશ્વર ભજનમાં આનંદ કરે છે.

હિમ્મત કાકા અને જમનાં કાકી પસ્તાવો કરી હમેશાં વકીલ સાહેબ અને શાંતિ પાસે પોતાની દુષ્ટ ધારણા માટે દિલગીરી દર્શાવે છે અને પોતે ઉછેરેલી બાલિકા સારે ઠેકાણે પડી તે માટે ખુશી થાય છે. ધીમે ધીમે સઘળું ભુલાઈ જઇ પૂર્વવત્ પાછાં આનંદમાં દિવસો ગુજારે છે.

પેલા બુઢ્ઢા દાદા તો ઘેર જઈ ત્રીજેજ દિવસે ભર્માણુમાં સંચર્યા હતા, અને "વહુ-વહુ" કરતા વાગોલ થઇ આમલીની ડાળે ઝોલાં ખાય છે !

નલિની.

લેખકઃ—રા. રા. "સુકુમાર" રાજકોટ.

૧.

સાંજના છ વાગ્યા હતા. આ વખતે જગત્ વિખ્યાત મુંબઈ નગરીમાં બેકબે ઉપરનું દૃષ્ય અતીવ રમણીય હોય છે. વેપારના કાર્યથી કંટાળી ગએલો વેપારી વર્ગ, હાઈકોર્ટમાંથી છુટેલા વકીલો તથા બેરીસ્ટરો, કૉલેજના કલાકોમાંથી નિવૃત્ત થએલો વિદ્યાર્થિ વર્ગ તેમજ નોકરીના પરીશ્રમથી છુટેલો સર્વ પારસી તથા હીંદુ વર્ગ અત્યારે પોતાના પરીશ્રમના પરિહાર અર્થે ઘુઘવાતા દરીયાના અનિલની લહરીઓનો તેમજ કુદરતના દેખાવોનો આનંદ માણવાને વાસ્તે આવે છે. આ વખતે આપણી નાયિકા નલિનીબાઈ ચર્ચગેટ સ્ટેશનથી કોલાબા તરફ દરીયાના કોળની અંદર ફરતી હતી. નલીનીબાઇનું વય તેના શરીરના બાંધા ઉપરથી સોળેક વર્ષ હોય તેમ ભાસતું હતું. તેનું લાવણ્ય અનુપમ હતું, શરીરની ચામડીનો રંગ સફેત હતો; પરંતુ તાજા લોહીના ફરવાને લઇ તેના મુખ ઉપર લાલાશનો અંશ દેખાતો હતો. તેના ગોર લલાટમાં કુંકુમનો ચાંલ્લો હતો. ઓઢવાના વસ્ત્રમાં તેણે આછી કાળી ચંદ્રકળા પહેરી હતી અને ધવલ આખી બાંહ્યનું પોલકું હતું. માથાના વાળ સુંદર છટાદાર રીતે હોળેલા હતા અને અંબોડાની અંદર સુગંધી શ્વેત પુષ્પોની વેણી ગુંથેલી હતી. તેના પગની અંદર નાજુક દક્ષિણી જોડા હતા. તેના ચરણ ગુલાબની પાંદડીઓનું સ્મરણ કરાવતા હતા. આ બાળા દક્ષિણીની અંદર કહેવાતી પ્રભુ કોમની હતી.

નલિનીબાઇની સાથે ફરવામાં તેનો એક નાનો ભાઈ તેમજ એક ઘાટણ હતાં. તેના ભાઇની ઉમ્મર આઠેક વર્ષની હતી અને તેનું નામ દત્તાત્રય હતું. બેકબેના કોળમાં ફરતી આ સુંદરી અવલોકનકારની દૃષ્ટિને સાગરદેવીનું સ્મરણ કરાવતી હતી. ચાલતા ચાલતા આ ત્રિપુટી કોલાબાના સ્ત્રીમીંગ બાથ સુધી પહોંચી પત્થરની પાળ ઉપર ત્રણે જણાં ચડયાં અને વિશ્રામ લેવાને અર્થે બેઠાં. આ વખતે તદ્દન સાંજ પડી ગઈ હતી અને પ્રભાકર ધીમેથી અસ્ત થતા હતા. આકાશ રક્તવર્ણીય થયું અને અંતે પ્રભાકર જાણે કે મહાસાગરમાં જલ સમાધિ કરતા હોય તેમ ભાસ્યું. પોતાના અસ્તની માફક સર્વ મનુષ્યોનો પણ અસ્ત છે એમ અંશુમાલિ નલિનીબાઇને સુચવતા ગયા. છેવટે રાત્રી પડી તેથી નલિનીએ ઘર તરફ ચાલવાની દત્તુને આજ્ઞા કરી. ભાઈ, બહેન તથા ચાકર કોલાબાને સ્ટેશને આવ્યાં અને વાંદરાની ટીકીટ કઢાવી. લોકલ ટ્રેઇન દરેક સ્ટેશને ઉભી રહેતી વાંદરે પહોંચી. વાંદરા

સ્ટેશને ત્રણે જણ ઉતર્યા અને સ્ટેશનથી પાંચેક મીનીટ લાગે તેટલે દૂર બંગલા પાસે આવ્યાં અને તે બંગલામાં પ્રવેશ કર્યો. વાળુ કરીને નલિનીબાઇએ અરધો કલાક સિતાર વગાડયો અને તેની સાથે મરાઠીમાં તેમજ ગુજરાતીમાં થોડાં ભજનનાં પદ લલકાર્યાં.

છેવટે પર્યંકમાં પડી અને ઇશ્વરનું સ્મરણ કરતી આ ઐશ્વર્યવતી બાલા ઉપર નિદ્રાએ પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું.

૨.

કંચનરાયઃ—કાં પ્રફુલ્લ! ત્હારી બા ઘરમાં છે કે?

પ્રફુલ્લઃ—જી, હા. ઉપર ઑફીસમાં મોકલું? કંચનરાયે હાનો જવાબ આપ્યો એટલે ન્હાની પ્રફુલ્લ એકદમ દાદરો ઉતરીને પોતાની બા પાસે દોડી ગઈ અને તેને ઉપર જવાનું કહ્યું. કંચનરાયનું કહેણ સાંભળીને સુભદ્રા ઉપર ગઈ અને પતીની સન્મુખ ખુરશી ઉપર બેઠી અને પોતાનો પ્રિય પુત્ર થોડા દીવસમાં મુંબઇ જવાનો છે તે સંબંધી વાતચીત કરી. અત્રે કંચનરાયની થોડી ઓળખાણ આપવાની જરૂર છે.

કંચનરાય નાગર બ્રાહ્મણ છે અને અહીંઆ રાજકોટમાં ધ્રાંગધ્રા સ્ટેટ તરફથી એજન્સીમાં વકીલ છે. રાજકોટની અંદર એજન્સી હોવાને સબબે દરેક સ્ટેટ તરફથી સરકાર સાથે કામના નીકાલ વાસ્તે વકીલ રાખવામાં આવે છે. કંચનરાયને દર માસે રૂ. ૨૫૦ નો પગાર મળતો હતો. તેણે યુનીવર્સીટીની એમ. એ. એલ. એલ. બી. ની ડીગ્રી સંપાદન કીધી હતી. અત્યારે તેનું વય પચાસેક વર્ષનું હતું. તે ઘણા જુના વિચારવાળા હતા. તેના કુટુંબમાં ફક્ત પાંચ માણસો હતા. પોતે, પોતાનાં પત્ની, બે પુત્ર તથા એક પુત્રી એટલાં હતાં. તેનો નાનો પુત્ર મેટ્રીક્યુલેશનમાં અભ્યાસ કરતો હતો. મોટા પુત્રે મહીના ઉપરજ બી. એ. ની પરીક્ષા પસાર કરી હતી. સુરેશ ઘણો બુદ્ધિશાળી હતો. તેણે પોતાનો વિદ્યાભ્યાસ ગુજરાત કૉલેજમાં કીધો હતો, પ્રીવીઅસથી માંડીને તે બી. એ. સુધી તેણે પોતાની પરીક્ષા પહેલા વર્ગમાં પસાર કીધી હતી, તેના શરીરનું બંધારણ તેમજ મોટું ઘણુંજ સુન્દર હતાં. ઉપર પતી પત્નીને જે વાતચીત થઈ તે આ સુરેશના મુંબઈ જવા બાબત હતી. પીતા પોતે વકીલ હોઈ તેના પુત્રને પણ વકીલ કરવાની ઇચ્છા ધરાવતા હતા. સુરેશને પણ વકીલ બનવાની પ્રબળ ઇચ્છા હતી. તેથી બે દીવસ પછી સુરેશ મુંબઈમાં લૉ ટર્મ્સ ભરવા જવાનો હતો. ગુરૂવાર આવ્યો અને સુરેશને જવા સારૂ સર્વે તૈયારીઓ થવા માંડી. સુભદ્રાએ રસોઈ કરીને સઘળા જમવા બેસા. જમવાનું કામ આટોપી લીધું ત્યારે સુભદ્રાએ પ્રફુલ્લને બોલાવી અને ભાઇને ચાંલ્લો કરવાને કહ્યું. પ્રફુલ્લે ભાઇને ચાંલ્લો કર્યો અને ઓવારણાં લીધાં. સર્વેએ કપડાં પહેર્યાં અને ગાડીમાં બેસી સ્ટેશન ઉપર આવ્યાં. સુરેશ ગાડીમાં બેઠો. ત્યાં ગાડીને પાંચ મીનીટ પછી ઉપડવાનો ઘંટ વાગ્યો. કંચનરાયે સુરેશ સાથે શેકહેન્ડ કર્યા. સુરેશે સુભદ્રાને બે હાથ જોડી નમન કર્યું. પ્રફુલ્લે પણ પોતાનો એક હાથ ઉંચો કર્યો અને ડોકી એક બાજુ નમાવી કહ્યું કે 'ભાઈ આવજે હો.' એટલામાં વીસલ વાગી અને ગાડી ઉપડી. જે સ્ટેશન ઉપર અત્યંત ભીડ હતી તે સ્ટેશન દશ મીનીટમાં સુનસુનાકાર થઈ ગયું, અને સંસાર મુસાફરખાનું છે તેનો ભાસ કરાવવા લાગ્યું.

૩.

મુંબઇની અંદર લૉ કલાસના વિદ્યાર્થિઓનાં ટર્મને વાસ્તે તેમજ અવારનવાર જતા આવતા ઉતારૂઓને ઉતરવાને અર્થે બે ત્રણ ગુજરાતી લૉજોની સગવડ છે. તેમાં પ્રસિદ્ધ

બીલ્ડીંગમાં આવેલું, ઔમ્મે હીન્દુ લૉજ કંઇક ઠીક ગણાય છે. દરેક જાતની પુરતી સગવડ અહીં આપવામાં આવે છે. અત્યારે આપણે રૂમ નં. ૧૬ નું નિરીક્ષણ કરવાનું છે. ત્યાં એક યુવાન અત્યારે 'વર્ડ્સવર્થ' ના કાવ્યોનો સંગ્રહ વાંચતો હતો. સ્હવારના આઠ વાગ્યા હતા. તે હમણાજ ન્હાવા ધોવાનું કામ આટોપી લઇને પોતાની રૂમમાં આવ્યો હતો. સાધારણ રીતે મુંબઈની અંદર હૉટેલોમાં, લૉજોમાં ને કૉલેજ ક્વાર્ટર્સમાં વર્ણાશ્રમનો ભેદ રાખવામાં આવતો નથી. પોતાની વિદ્યાર્થી અવસ્થામાં દરેક યુવાન આવી રીતે વર્તે છે, અને ભવિષ્યની અંદર એવું વર્તવા નિશ્ચય કરે છે. પરંતુ શોચનીય છે કે જ્યારે તેઓ પોતાના જીવનની નૌકા ચલાવવા મંડે છે ત્યારે પોતાના બાપદાદાની જુની પ્રણાલિકામાં પડે છે. વિદ્યાર્થી અવસ્થાના બ્હોળા વિચારો Liberal views ને તિલાંજલી આપે છે. નવાંજ ખોળીઆં ધારણ કરે છે અને કહે છે કે 'શું કરીએ?' લોકો 'એમ કરવા ક્યાં તૈયાર છે?' આ પ્રમાણે સુધારા કરવાનો કોઇ પણ જાતનો યત્ન કર્યા વગર ખોટાં બ્હાનાં કહાડે છે. પોતાના પુત્ર પુત્રીઓનાં ન્હાની વયમાં લગ્ન કરે છે તેનો દોષ ઘણેખરે ભાગે પોતાના વૃદ્ધ માતા પીતાના ઉપર નાંખે છે. પરંતુ વાંચક! આવા અસ્થિર વિચારોનો આપણો યુવક સુરેશ નહોતો. સુરેશનો વિદ્યાભ્યાસ ઘણોજ ઉચ્ચ હતો. વિચારો સંગીન હતા. ઉપર કહ્યા પ્રમાણે તે લૉજમાં રહેતો હતો. વર્ણાશ્રમ હીંદની પ્રગતિને અર્થે એક મહાન અંતરાય છે તે સમજતો હતો. વળી સુરેશનું જીવન ઘણું પરમાર્થી હતું. ગરીબો તરફ તેને અત્યંત દયાભાવ હતો. તેને આપ મહેનતથી રળેલો પૈસો દાનમાં આપવાને તિવ્ર આકાંક્ષા હતી. અત્યારે તેટલા વાસ્તે તેણે 'વર્ડ્સવર્થ' નાં કાવ્યો વાંચવાનું બંધ કર્યું, અને કપડાં પહેરી પહેલાં 'ટાઇમ્સ ઑફ ઇન્ડીઆ' ની ઑફીસમાં અને ત્યાંથી 'સાંજવર્તમાન' ની ઑફી-સમાં ગયો. ત્યાં પોતાના નામની અને ઠીરનામાની જાહેર ખબર લખી આપી અને Wanted tutions એ પ્રમાણે ઉપર લખ્યું. આટલું કાર્ય આટોપી લઇ તે લૉજમાં પાછો ફર્યો અને પોતાના હમેશના કાર્યમાં પ્રવૃત્ત થયો.

૪.

'તાતા' બંગલો ઘણોજ સુંદર હતો. બંગલાની આગળ એક સુંદર નાનો બગીચો હતો. બગીચાની અંદર જાતજાતના સુંદર વૃક્ષો હતાં. છોડવાના ક્યારાની ફરતી શ્વેત કાંકરીઓ પાથરી હતી અને આ કાંકરીઓ બાગના સૌંદર્યમાં અભિવૃદ્ધિ કરતી હતી. બાગના મધ્યભાગમાં બે રસ્તા કાઢેલા હતા અને રસ્તાને વચ્ચે પણ થોડો બગીચો હતો. અને આ વચલા બાગના બગીચાના મોખરામાં એક થાંભલા ઉપર બોર્ડ હતું અને તેમાં On ur left ડાબી બાજુએ હાંકો એમ લખ્યું હતું. બગીચો પુરો થયો એટલે પૉર્ટીકો વતી હતી અને આ પૉર્ટીકોમાં ગાડી આવી શકે તેમ હતું એટલે ગાડીવાનને ગાડી વવાની જરૂર પડે તેમ નહોતું અને ગાડી એક રસ્તેથી આવી પૉર્ટીકોમાંથી થઈ બીજે ે ચાલી જતી હતી. પૉર્ટીકો ઉપર અગાશી હતી. પૉર્ટીકો મુક્યા પછી Verandah રરી આવતી હતી. પૉર્ટીકો ઉપર તેમજ વરેન્ડાહ ઉપર ઝાડના વેલાઓ ચડાવવામાં આવ્યા હતા. ન્ડાહ પછી એક ડ્રૉઈંગરૂમ હતો. ડ્રૉઈંગરૂમને ઘણીજ અચ્છી રીતે ફર્નીચરથી શણગારેલો . એકએ મોફા પડ્યા હતા. જુદી જુદી જાતની ખુરશીઓ ગોળ ટેબલની આસપાસ નમાં આવી હતી. દીવાલ ઉપર રવિવર્માનાં મનોરંજક ચિત્રો લગાવેલાં હતાં. ડ્રૉઈંગ-

રૂમની બે બાજુમાં બે મ્હોટા Rooms ઓરડાઓ હતા. એકમાં સ્ત્રી વર્ગને બેસવાનો રીવાજ હતો તો બીજા રૂમમાં ન્હાનકડું પુસ્તકાલય હતું. બંગલાના પછવાડેના બાગમાં રસોઇ વાસ્તે અને મ્હેમાનો ઉતરવાને વાસ્તે ચારેક આઉટ હાઉસીસ હતા. જ્યારે આપણે આ બંગલાની મુલાકાત લઈએ છીએ ત્યારે સ્હવારના સાત વાગ્યા હતા. ઓશરીમાં એક ખુરશી ઉપર દક્ષીણી વૃદ્ધ માણસ બેઠા હતા. પાસે ટ્રીપાઇ પડી હતી. ટ્રીપાઇ ઉપર ચ્હા પીને પડી રહેલો પ્યાલો પડ્યો હતો. આ વૃદ્ધનું વય ૬૦ વર્ષનું હતું, છતાં પણ કદ નીચું હોવાને લઇને તે ઘણાજ તંદુરસ્ત દીસતા હતા. તેનું મોઢું ગોળમટોળ હતું અને ચામડીનો રંગ ઘણોજ સફેત હતો. માથા ઉપરના વાળ પણ સફેત હતા અને તેથી શરીર તથા વાળ એકરૂપ થતા હતા. આંખો ઉંડી ઉતરી ગઈ હતી અને મોઢા ઉપરથી એમ કળાતું હતું કે એણે રાજ્યદ્વારી જીવન ગાળેલું છે. આ વૃદ્ધનું નામ શ્યામરાવ સંપતરાવ ભીંટે હતું. તેઓ અત્યારે પોતાની નિવૃત્તિવાળી Retired અવસ્થા ગાળતા હતા. તેના બાપદાદા કાઠીઆવાડમાં ઉતરેલા હતા અને પોતે પણ કાઠીઆવાડમાં સારો હોદ્દો ભોગવ્યો હતો. પોતાના સ્વાશ્રયથી, ખંતથી આ પુરૂષ એજન્સીમાં દફતેદારની જગ્યા સુધી પહોંચ્યા હતા. તેમના પગાર માસીક ૭૦૦ રૂપીઆ સુધી પહોંચ્યો હતો. પોતાની બાહોશીથી, કાર્યદક્ષતાથી તેમણે જે જે એજન્ટ ટુ ધી ગવર્નર આવ્યા તે સર્વની કૃપા સંપાદન કીધી હતી. સરકાર તરફથી તેમને રાવબહાદુરનો ઇલ્કાબ એનાયત કરવામાં આવ્યો હતો. આવડો મોટો પગાર અને કાઠીઆવાડમાં ખર્ચ ઓછો તેથી તેણે દ્રવ્ય સારી રીતે સંપાદન કર્યું હતું. અને એથી કરીને મુંબઇની સબર્બની જીંદગી ઘણીજ અચ્છી રીતે રહી શકતા હતા. ઉપરનો બંગલો હમણાંજ તેણે વાંદરામાં ખરીદી લીધો હતો. પેન્શન પણ દર માસે ૩૦૦ રૂપીયાનું આવતું હતું. આપણે આ બંગલાની મુલાકાત કરીએ છીએ ત્યારે શ્યામરાવ સ્પ્રીંગવાળા ચશ્મા ચડાવી 'ટાઇમ્સ' વાંચતા હતા. છાપું વાંચી રહ્યા પછી કંટાળી ગયા એટલે જાહેર ખબર Advertisement ના પાના ઉપર દૃષ્ટિ ફેરવવા માંડી. ત્યાં તેણે એક જાહેર ખબર આ પ્રમાણે વાંચી 'Wanted tutions for a young graduate, write to Suresh K. mehta C/o Bombay Hindu Lodge. Pattni building.' એક ચંચળ ગ્રેજ્યુએટને જોઇએ છે ટયુશનો. લખો સુરેશ કે. મહેતાને ઠે. બોમ્બે હીન્દુ લૉજ. પટણી બીલ્ડીંગ. રા. બ. શ્યામરાવને પોતાનો પુત્ર કે જે અંગ્રેજી ચોથા ધોરણમાં ભણતો હતો તેને વાસ્તે એક સારા શીક્ષકની જરૂર હતી. વાંચક! આ શ્યામરાવ આપણી નલિનીના પીતા હતા. હરૂ વાસ્તે શીક્ષક રાખવાની જરૂર હતી. તરતજ વૃદ્ધ શ્યામરાવે અંગ્રેજીમાં પત્ર લખી કહાડયો અને ટપાલમાં રામોશી સાથે મોકલ્યો.

૫.

સુરેશને પત્ર બીજે દીવસે મળ્યો છે, તેથી લોકલ ટ્રેનમાં બેસી તે વાંદરે આવ્યો. શ્યામરાવને મળ્યો. પગારનું નક્કી કર્યું. મહીને રૂ. ૩૫ આપવાનું શ્યામરાવે કબુલ્યું. સુરેશે ઘણી સાજી ખુશીથી હા પાડી અને વિચાર્યું કે ચાર રૂપીયા પાસના જશે તોપણ ૩૧ બાકી રહેશે અને ધર્માદામાં અપાશે. સુરેશની વિનયી વાતચીતથી, જ્ઞાનથી શ્યામરાવ ઘણા પ્રસન્ન થયા. તેજ દીવસથી સુરેશે ભણાવવાનું શરૂ કર્યું હરૂનો અભ્યાસ સુરેશની દેખરેખ નીચે ઝડપથી વધવા લાગ્યો, વર્ગની અંદર નંબર પહેલો રાખવા લાગ્યો. આવો સરસ વિદ્યાભ્યાસ જોઇ એક મહીના પછીજ સુરેશનો પગાર ૪૦ કરી આપવામાં આવ્યો. નલિની

જેમ લાવણ્યમા અનુપમ હતી, કળા fine artમા કુશળ હતી, તેમજ વિદ્યાભ્યાસમા હતી તે હાલ એલફીન્સ્ટન કૉલેજમા પ્રીવીઅસ ક્લાસમા હતી તેથી તે કોઈ કોઈ વાર સુરેશ આગળ સસ્કૃત શીખવાને વાસ્તે આવતી સુરેશને નલિનીના શરમાળપણાને વાસ્તે, બુદ્ધિ ચાતુર્યને વાસ્તે ઘણો ઉચ્ચ અભિપ્રાય બધાણો જે જે સસ્કૃતમા મુસ્કેલીઓ નડતી તે તે વળી ટેનટબર સુરેશ તેને સમજાવતો અને વાર્ષિક પરીક્ષા આવી હતુ પડેને નબરે પાસ થયો સુરેશ પહેલી એલ એલ બી મા ફર્સ્ટ ક્લાસમા પાસ થયો નલિની પણ સુરેશની મદદથી સેકન્ડ ક્લાસમા પાસ થઈ સુરેશ પોતાના પગારનો વ્યય નિરતર સારી રીતે કરતો તેનો પિતા સપત્તિવાન હતો તેથી દ્રવ્ય સબધી તેને કોઇ જાતની મુસ્કેલી નહતી માત્ર આ તો શોખ ને પરમાર્થને વાસ્તે આ કાર્ય કરતો એક માસે ડીપ્રેસ્ડ ક્લાસમા તો બીજે માસે સેવાસદનમા તો ત્રીજે મહીને દુષ્કાળ ફડમા એ પોતાનો પગાર આપી દેતો આ વાતથી નલિની અજ્ઞાત નહતી આથી સુરેશ પ્રત્યે તેની માનની લાગણી પ્રબળ વધી પાસ થયા પછી રજા ગાળવા સુરેશ પોતાને વતન પાછો ફર્યો—ફર્યો પણ સાથે ચોર બનતો ગયો

૬.

એક સહવારે ઓટલા ઉપર બેની કંચનરાય તથા સુરેશ દાતણ કરતા હતા દાતણ કરી રહ્યા ને ત્યા ને ત્યા ચ્હા પીધો ટપાલમા એક પત્ર સુરેશનો પણ હતો કનકરાયે પીતાએ કનક પુત્રના હાથમા સોપ્યુ સુરેશ ત્યાથી ઉઠયો ને પોતાના રૂમમા ગયો પત્ર ફોડયો વાચ્યો દિગ્મૂઢ બન્યો વિચારોને ચકડોળે ચડયો હવે શુ કરુ ? પરમાર્થ કરતા ઉપાધી વળગી બકરૂ કાઢતા ઉટ પેઠુ, એમ બોલાઈ જવાયુ એવુ તે પત્રમા શુ હશે ? પત્ર આ પ્રમાણે હતો

"પ્રિય આત્મીય સ્વજન,

"इह प्रवास जनितान्यबला जनानि ।

"दुःखानि नूनमति मात्र सुदुःसहानि ॥*

"આ શ્લોક તમેજ શીખવ્યો છે માટે વેળાસર મુબઇ આવજો

લી

નલિનીના પ્રણામ"

"આ શુ ? આનો અર્થ શો ? કઇ સમજ નથી પડી શકતી વાત અશક્યજ છે તેની જાત દક્ષણી, હુ જાતનો નાગર અને વળી તે પણ ગુજરાતનો દેશ જુદા તો પછી બન્નેની વાત અસભવીતજ છે ત્યારે શુ પાપાચરણ કરુ ? કદી પણ નહીં બની મુબઇ જઇશ, નલિનીને સમજાવીશ અને નહિ સમજે તો ટયુશનમા જવુ બધ કરીશ પત્રની વાત દાબી દીધી કઈ પણુ જાણે બન્યુજ નથી તેવો દેખાવ ઘરમા ધારણ કર્યો હવે સુરેશની રજા પુરી થઇ ગઇ ને પાછા લૉ ક્લાસની સીઝન શરૂ થવાની હતી એટલે સુરેશ પાછો મુબઇ ફર્યો દત્તાત્રયને પાચમા ધોરણને વાસ્તે શીખવવા જવુ શરૂ કર્યુ નલિની આ વખતે ઘણું શરમાતી હતી પોતે ઇન્ટરમીડીએટમા આવી હતી સુરેશ પણ શરમાતો હતો પત્રની ખીના બનીજ નથી તેમ તેઓ વાતો કરતા હતુ ભણવુ ભણાવવુ હમેશ પ્રમાણે રહેતુ આ બન્ને જણા વાતો કર્યાજ કરતા રહ્યા ન્હાના અણસમજુ દત્તુએ પીતા સન્મુખ ફરીઆદ કરી

* कार्डदास

કે માસ્તર ભણાવતા નથી. અનુભવી અને પાકટ શ્યામરાવ સમજી ગયો. તેટલા વાસ્તે તેણે ચાંપતા ઉપાય લીધા. બીજે મહીને સુરેશને તેણે સંભળાવી દીધું કે 'હવે ત્હમારી જરૂર નથી. હવે હવે માર્ગે ચડી ગયો છે.' નલિની ને સુરેશનો મીઠો સહવાસ તુટયો. નલિની આશા ભસ્મ બની. હૃદયના કકડા થવા મંડયા, પરંતુ શું કરે? તેના હાથ પડી ગયા અને નિરૂપાય બની, પુત્રીની અસહ્ય દુઃખદ અવસ્થા વૃદ્ધ પીતા સમજી ગયો તેથી પોતાની પુત્રીને પાસે બોલાવી બે બોલ કહેવા લાગ્યો. "બ્હેન, વાત અશક્ય છે. જ્ઞાતી, દેશ સર્વે જુદા છે. માટે એ વાત બની શકે તેમ નથી." વળી કહ્યું કે બેન 'તેલ જો તેલની ધાર જો. ઝંપલાઇ પડયા પછી પસ્તાવાનો વખત આવે નહીં!' પરંતુ નલિની એકની બે થઈ નહીં. અને કહ્યું કે "ભલે, પીતાજી લોકો મ્હને ધીક્કાર આપે મ્હને તેની પરવા નથી. આ સંસારમાં મ્હેં પાપાચરણ કર્યું નથી અને ભવિષ્યમાં કરીશ પણ નહીં. ઈશ્વિર મ્હારો બેલી છે. પરણીશ તો સુરેશને પરણીશ. 'આત્મા ઓળખે તે વર.' મ્હારા પવિત્ર આત્માએ તે સ્વામીને ઓળખ્યો છે. તો ત્હેની સાથે લગ્ન થવાથી મ્હારૂં જીવન સુખી થશે. નહીંતો કુમારી અવસ્થા ગાળીશ–નૈષ્ઠિક બ્રહ્મચારિણી બનીશ. મ્હારી સ્ત્રી ભગીનિઓને વાસ્તે સેવિકા બનીશ. મ્હારી બ્હેનો અંધકારના સમુદ્રમાં ડુબેલી છે તેને સપાટી ઉપર લાવીશ. જ્ઞાનરૂપી ચક્ષુઓ આપવા યત્ન કરીશ અને સ્થાપીશ એક મઠ અને અહીં.

'પ્રભુની આજ્ઞા છે સુન્દરી સંઘને કે,
જગત્ જન્માવવું ને ધવરાવવું;
આ મઠમાં કામધેનુઓ ઉછેરીશ,
એ કામધેનુઓ નર લોકને ધવરાવશે.
ને માનવીના દેવ ઉછેરશે,
અવનીને અમૃત મેઘથી સીંચશે;
ને અમરો ઉતરશે વાડીએ વાડીએ. *'

આ મ્હારા વિચાર છે. આપને યોગ્ય લાગે તેમ કરશો." વૃદ્ધ શ્યામરાવ હાર્યો. પુત્રીને પરણાવવામાં શ્રેય છે એમ માન્યું. તેથી સુરેશને પાછો બોલાવ્યો અને પોતાની વ્હાલી પુત્રીને સ્વીકારવાનું કહ્યું. સુરેશ વિચારોના વમળમાં પડયો. હા ને નાની વચ્ચે દ્વંદ્વ યુદ્ધ ચાલ્યું. ના પાડીશ તો હું કૃતઘ્ની થઇશ. આ બાલાનું હૃદય ચીરી નાખીશ. મ્હારૂં મન પણ તેના ઉપર ખેંચાય છે. હું પણ નિરાશાને પામીશ. હા કહીશ તો પીતાના ક્રોધનો પાર રહેશે નહીં. નાત જાતમાંથી જઇશ. લોકોની બત્રીશીએ ચડીશ. વેઠવું પડશે. જમા ઉધાર તપાસવા લાગ્યો. અંતે વિચાર કરી દુઃખના વાદળ વેરી લઇ સ્નેહ સ્વીકાર્યો. સુધારાવાળાઓ ઇન્ટર મેરેજ Inter marriage ના બણગા ફુંકે છે તેને બદલે સુરેશ બોલ્યો નહીં પણ કરી બતાવ્યું. કૉલેજમાં આવી પીતાને પત્ર લખી કહાડયો. હકીકત જણાવી દીધી. કંચનરાયના ક્રોધની અવધિ રહી નહીં. એકદમ ભણવાનો ખર્ચ બંધ કરી દીધો. સુરેશ હવે ટયુશન ઉપર નિભાવ કરવા લાગ્યો. જેમ તેમ કરી તે વર્ષ ખેંચી કહાડયું. અંતે પરીક્ષા આવી અને સુરેશ પરીક્ષામાં પહેલા વર્ગમાં વિજયી નીવડયો અને વકીલ બન્યો.

* રા. રા. ન્હાનાલાલ કવિ કૃત "જયા અને જયન્ત."

૭.

આજનો દીવસ આનંદનો છે મુંબઈમાં ગીરગામ ઉપર આવેલા પ્રાર્થના સમાજના મંદીરમાં આજે ઠઠ જામી છે સંસાર સુધારક ચંદાવરકરની મોખરે આવી બેઠેલી પ્રાર્થના સમાજની મેડીમાં દક્ષિણી વર્ગમાંથી ચંદાવરકર, પ્રો ભાંડારકર, સરવન્ટસ ઓફ ઇન્ડીઆ સોસાએટીના દેવધર અને શ્યામરાવ વગેરે હતા ત્યારે ગુજરાત તરફથી ગેઈ રડયુ રખડયુ જ દીસતુ હતુ આ બધા સદગૃહસ્થોની હાજરી શા વાસ્તે હશે ? આજે નલિનીના ને સુરેશના લગ્ન બ્રહ્મોસમાજની વિધીથી થવાના હતા નલિની ને સુરેશ આ ના અને બે પાટલા ઉપર બેઠા આગળ અગરબત્તીઓ સળગતી હતી પ્રો ભાંડારકરે હસ્ત મેળાપ કરાવ્યો લગ્નની વીધિ સંસ્કૃત ભાષાના આડંબરમાં કે જે સ્વાભાવિક રીતે વરકન્યા નથી સમજી શકતા તે પ્રમાણે ન થઇ પરંતુ સાદી ગુજરાતીમાં થઈ લગ્નની નોંધ છાપાવાળાઓએ લીધી 'ટાઇમ્સે' તથા બીજા ઇંગ્રેજી પત્રોએ આ 'ઇન્ટર પ્રોવીન્શીઅલ મેરેજ' Inter provincial marriageની તારીફ કરી વરકન્યાના મ્હો ફાટયા વખાણ લખ્યા ધર્માંધ વર્તમાનપત્રોવાળાએ આ લગ્નને ઝાડી કાઢયુ હશે, છાપાવાળાઓએ ગમે તે લખ્યુ હોય, લોકો ગમે તે બોલતા હોય પરંતુ વાચક ! પરમાત્માની દૃષ્ટિ આગળ આ બને તેના પ્રિય બાલકો હતા, છે

સુરેશ ચોપાટીપરના પોતાને ઘેર આવ્યો નલિની સુરેશના બે હાથમાં લચી પડી સુરેશે એક પ્રેમ મુદ્રિકા કરી અને તેનાથી બોલાઇ જવાયુ કે "નલિની ! નલિની ! આજે આપણે એક થયા અને તુ મ્હારી થઇ

પ્રભુનાં દ્વાર.

મંદીરની અંદરની ધામધૂમ કરતાંયે તેની દક્ષીણે આવેલ ગામની ધામધૂમ ઘણીજ હતી. ગામના ભક્તજનો આજ સવારમાં વહેલા ઉઠી ગંગાસ્નાન કરી ઘરની દેવપૂજા કરવામાં મશગુલ હતા, તથા આજ થોડો દીવસ ચડતાં ગામ બ્હારના મંદીરમાં દર્શન કરવા જવાની અતિ ઉત્સુકતાને લીધે ઘણાજ ઉલ્લાસ અને ઉત્સાહથી ઘરનાં અન્ય જન પણ કામ આટો-પતાં હતાં. નાની બાળાઓ તથા સૌભાગ્યવંતી સ્ત્રીઓ પણ આજ સારી રીતે શણગાર સજી દર્શન કરવા તત્પર થતી હતી અને મંદીરના પૂજારીઓ ભક્તજનોના સંઘને દેવદર્શન માટે લઈ જવાને આવે તેનીજ વાટ જોતી બેઠી હતી. લોકોના હૃદયમાં અત્યંત આનંદ ઉછળી રહ્યો હતો, પણ સુખ પરિક્ષક કે ડાહ્યા માણસને આ આનંદમાં મીશ્રીત થએલ એક છૂપી બીકનાં આછાં કીરણોની પ્રતીતિ થતી હતી. બીકનું કારણ માત્ર એટલુંજ હતું કે દક્ષીણ તરફ નજર કરતાં આકાશ ઘેરાવા લાગતું હતું. સવારની આછી ધોળી વાદળીઓ જતી રહી મેઘસ્યામ વાદળીઓનો સમુહ એકઠો થતો હતો. તેની સાથે પવનનું જોસ પણ થોડે થોડે વધવા માંડ્યું હતું, અને સઘળાના મનમાં વર્ષાદના ઝાપટાની કે તોફાનની ધાસ્તી રહેતી હતી; અને દેવદર્શનની તેમની અભિલાષા પરિપૂર્ણ ન થાય એવી બીકથી કાંઈક ખેદ પણ થતો હતો. મંદીર ગામથી એક ગાઉ દૂર હોવાથી સંઘને ત્યાં પહોંચતાં પણ કલાકેક લાગવા સંભવ હતો અને અધવચ વરસાદ કે તોફાન શરૂ થાય તો તેમની સ્થિતિ દયાજનક થઈ પડે તેવું જણાતું હતું. તેમાંએ દૂર દક્ષિણે વિજળીના ઝાંખા ઝાંખા પલકારા થતા જણાતા હતા અને ધીમે ધીમે મેઘગર્જનામાં વધારો થતો જતો હતો. પૂર્વનો સૂર્ય વાદળાંઓથી છવાઇ ગયો હતો તેમ છતાં હજુ વરસાદના છાંટા પડવા માંડ્યા નહતા. છેવટે પૂજારીઓ ગામમાં આવી પહોંચ્યા અને તેમણે સૌને આશ્વાસન આપતાં જણાવ્યું કે "કાંઈ વાંધો નહીં, ધીરજ ધરો, દેવદર્શનમાં સંકટ ઉદ્ભવેજ નહીં. દેવ સહાય કરશે માટે ચાલો હવે દર્શન કરવાને." છેવટે સંઘ ગામ બ્હાર નીકળવા લાગ્યો.

ગામ બહાર નીકળી ગામના બધા માણસો સંઘમાં એકઠાં થયાં અને સંઘ ધીમે ધીમે મંદીર તરફ પગલાં ભરવા લાગ્યો. સંઘના અગ્ર ભાગે મંદીરના મુખીઆજીઓ, પૂજારીઓ અને અન્ય વિપ્રો હાથમાં કુમકુમ, દીવા, ફુલ, ફળ, અગરબત્તી વગેરે પૂજાની અન્ય સામગ્રીના થાળ લઈ ચાલતા હતા. તેમણે શરીરે પિતાંબર પરિધાન કર્યાં હતાં, અને કોઇએ ધોયેલાં ધોતીયાં તો કોઇએ શાલ, અને કોઇએ અબોટીયાં ઓઢયાં હતાં. કપાળે દેવનું દર્શક-ચિન્હ કુમકુમ ચંદનથી ચીતર્યું હતું; અને કોઇના હાથમાં લોટા તો કોઈના હાથમાં માળાઓ લટકી રહી હતી. આવી રીતે સંઘને મોખરે ચાલતા ચાલતા તેઓ દેવનાં કલ્યાણાત્મક મંત્રોચ્ચારણ કરી રહ્યા હતા અને વચમાં વચમાં દેવની જય પોકારતા હતા.

તેમની પછી વૃદ્ધ પુરૂષોની હાર હતી. તેમના હાથમાં માળાઓ હતી અને દેવનામ સ્મરણ કરતા હતા, અને કોઈ કોઇ કીર્તનીયાં ગાતાં હતાં. વૃદ્ધ પુરૂષો પછી સામાન્ય યુવક વર્ગની ટોળી હતી. તેમણે હાથમાં ઢોલ, પખાલ, ઝાંઝર વગેરે લીધાં હતાં અને ગોળાકારમાં ઉભા રહી દેવગીત મ્હોટે સ્વરે લલકારતા હતા. તેમના પછી નાના બાળકો બાળચેષ્ટા કરતા, વચમાં વચમાં પુરૂષોના રાગમાં રાગ પુરાવતા, કેટલાક ગીતના હાસ્યજનક લ્હેકા ખેંચી પોતાના મિત્રોને હસાવતા ચાલ્યા આવતા હતા. તેમની તરતજ પાછળ વૃદ્ધ સ્ત્રીઓની હાર હતી. ભક્ત જનોના સામાન્ય ગીત તુટ્યા તુટ્યા રાગે પણ ગાતી ગાતી સ્ત્રીઓ ધીમે ધીમે

પગલે ચાલતી હતી અને રામ નામના મણકા ફેરવતી હતી; કોઈ અંદર અંદર દેવના વખાણ કરતી હતી, અને-કોઈ આજના ઉત્સવનો મહિમા વર્ણવતી હતી, અને કેટલીક આજના તોફાનમાંથી તેમને મુક્ત કરવા પ્રભુને પ્રાર્થના કરતી હતી તેમના પછી યુવતિઓ અને બાળાઓનું યુથ હતું. તેઓ મ્હોટા તીણા સ્વરે પ્રભુગીત અને ભજનીયાં ગાતી હતી. કેટલીકવાર વરસાદનાં ન્હાનાં ફોરાં પડતાં તે લૂછી નાખતી, કેટલીક લટકારી લલનાઓ આજના વર્ષાનો વાંક કાઢતી અને સ્ત્રીજાતિના બીજા કેટલાક રોફ કરતી ચાલતી હતી. કેટલીક ન્હાની બાળાઓ મેઘગર્જનાથી ભયભીત થઇ ત્રાસ પોકારતી પોતાની માતાઓની સ્હોડયમાં લપાવાનો પ્રયત્ન કરતી હતી.

એક તરફથી આ રીતે સંઘ મંદીર તરફ પ્રયાણ કરતો હતો. બીજી તરફ મંદીરમાં પણ ધામધૂમ ચાલુ હતી અને પૂજારીઓ દેવના મંત્રોચ્ચારણ કરી રહ્યા હતા. આ વખતે પશ્ચાશીક કર્દમને છેટે એક નાની ટેકરી ઉપર બે ભગવા રંગના મનુષ્યો દ્રષ્ટિગોચર થતા હતા. એક સાઠ સીત્તેર વર્ષનો યોગી હસ્તમાં પ્રચંડ દંડ લઇ ઉભો હતો. તેના મુખે પ્રકાશિત પ્રતિમા દીપતી હતી અને વિચારશીલ વદન ઉપર ગંભીર છાયા છાઇ રહી હતી. તેણે સન્ધ્યા સમયના સૂર્ય-રશ્મિના રંગનો ગેરૂ રંગે રંગેલો અંચળો પહેર્યો હતો. તેને માથે એક ભવ્ય જટા હતી અને ડાબે હાથે એક તુંબડાનું કમંડળ પકડયું હતું. તેની જોડે ઉભેલો પુરૂષ તેનો ચેલો હોય તેમ જણાતું હતું. તેણે પણ પોતાના ગુરૂના જેવીજ ગેરૂ રંગની કફની ધારણ કરી હતી અને હાથમાં મૃગચર્મનો વાળેલો વીંટો હતો. તેઓ બન્ને શા કારણથી અહીં ઉભા હતા તે જાણવું ઘણું કઠણ હતું, પણ વારંવાર ગામ તરફ તથા તે તરફથી આવતા ભક્ત જનોના સંઘ તરફ દ્રષ્ટિપાત કરતા હતા, તે ઉપરથી એટલું અનુમાન તો થઇ શકતું હતું કે તે યોગીને તે ભક્ત જનોના ટોળાની જરૂર હતી, અને તેની રાહ જોતા, કેટલીક વાર નિશ્વાસ નાખતા અને ફરી મંદીર તરફ તથા સંઘ પ્રતિ નજર નાખતા, તેઓ જણાતા હતા.

ત્ર્યંબક શર્મા

ગયા અને કેટલાક આઘા પાછા દોડવા લાગ્યા. એકાએક લોકોની બૂમાબૂમ ઉપર સંભળાતા યોગીના ઘોર શબ્દ કાને પડવા લાગ્યાઃ—" બાઇઓ ! ભગિનિઓ ! માતાઓ ! માં ગભરાવ ! આ પ્રભુનો કોપ ભર્યો વજ્રાઘાત નથી. એ તો તમારા ભૂલા પડેલા આત્માને દોરનાર વિજય ટંકાર છે."

આટલા શબ્દો નીકળતાં તો સંઘના બધા માણસો ટેકરીની આગળ શાંત સ્તબ્ધ થઈ યોગીની સ્હામે એક ટશે જોતા ઉભા રહ્યા. તેમની મુખમુદ્રા ઉપર માનની લાગણી જણાવા લાગી અને આકાશમાંથી પ્રભુનો પયગંબર એકાએક આવી ઉભો હોય તેવી તેમના હૃદય ઉપર લાગણી થઇ.

યોગીના ઘોર શબ્દો પાછા શરૂ થયાઃ—" અરે ભૂલા પડેલા ભાઇઓ અને બ્હેનો ! તમે ક્યાં જાઓ છો ? પ્રભુનાં દર્શન કરવા ? પ્રભુની પ્રાર્થના કરવા ? રૂડામાં મંદીરમાં આવેલ દેવની માટીની મૂર્તિનાં દર્શન કરવા ? અરે ! પ્રભુના અહીંજ દર્શન કરો, તેની અહીંજ પ્રાર્થના કરો ! આ મેઘગર્જનાના ગડગડાટમાં તેનાં દર્શન કરો–તેની પ્રાર્થના કરો ! આ વિજળીના કડાકા અને ચમકારમાં તેનાં દર્શન કરો ! આકાશના વાદળમંદીરમાં તેનાં દર્શન કરો ! તમારા હૃદયથી, તમારા મનથી, તમારી બુદ્ધિથી, તમારી વિવેક શક્તિથી અહીંજ પ્રાર્થના કરો !–અને તમારી હોઠની, તમારી જીભની, તમારા શબ્દની પ્રાર્થના પેલા પૂજારીઓને સોંપો ! શું તમે પ્રભુનાં દ્વાર શોધો છો ? શું પ્રભુને મંદીરમાં શોધવા જાઓ છો ? અરે તેને ક્યાં આઘો શોધવા જાઓ છો ! પ્રભુ અહીંઆંજ છે. તમારામાં છે, મ્હારામાં છે, પૃથ્વીમાં છે, આકાશમાં છે, સૂર્યમાં છે, અરે ! તે આ વાદળાંમાં છે, આ ગગડાટમાં છે, આ વિજળીના ચમકારમાં છે ! જ્યાં સત્ય જણાય છે ત્યાં પ્રભુ બોલે છે. એ સત્યને અનુસરતો પ્રત્યુત્તર જ્યારે તમે આપો છો ત્યારે પ્રભુ સાંભળે છે ! મ્હારામાં–તમારામાં–આપણે ઉભા છીએ ત્યાંજ–અરે ! આ ક્ષણેજ પ્રભુ મૂર્તિમાન થાય છે. તેના કરતાં દેવાલયમાં કે દૂર તિર્થ ક્ષેત્રમાં તે વધારે મૂર્તિમંત થતો નથી ! ફરી ફરીને હું તમને કહું છું, ઓ સંસારના લોકો ! ઓ બજારવિમાં ભૂલા પડેલા ભાઇઓ ! ઓ માતાઓ ! ઓ બ્હેનો ! તમે ભૂલાં પડ્યાં છો, ભૂલાં પડ્યાં છો ! "

ભક્તજનોનું ટોળું હજુ તેવું ને તેવું દીગ્મૂઢ બનેલું, સ્તબ્ધ ઉભું હતું. તેમના મુખ ઉપર યોગી તરફનો ભાવ વધારે ને વધારે સ્ફુટ થતો જણાતો હતો. આશ્ચર્ય, આનંદ, માન અને ભાવની મિશ્રીત લાગણી તેમના વદન ઉપર પ્રસરેલી જણાતી હતી. આ વખતે દેવાલયમાં ઘંટનાદ થયો અને અંદરના પૂજારીઓએ દેવનો જય પોકાર્યો. "जय देवकी नंदन जय वसुदेव सुत."

" जय देवकीनंदन ! સાંભળો, ઓ જગનાં જન ! સાંભળો ભાઇઓ ! બ્હેનો ! માતાઓ સાંભળો !" યોગીના શબ્દો ફરીથી સંભળાવા લાગ્યા, "जय देवकीनंदन ! તમે પૂજારીઓ આ બાંગ સાંભળો છો ? એનો અર્થ શું છે તે તમે જાણો છો ? ઓ માતાઓ ! जय ! देवकी. દેવકી કોણ હતી ? શું તે દેવી હતી ? શું તે આકાશેથી ઉતરી આવેલી પુણ્યની પૂતળી હતી શું તે તમારા જેવીજ સ્ત્રી નહતી ? અને તેને પેટે પ્રભુ ન્હોતા અવતર્યા ? અને તે અર્થ શું ? એટલોજ અર્થ માતાઓ ! એટલોજ અર્થ કે માણસોએ પરમેશ્વરરૂપ પરમેશ્વર જ બનવું જોઇએ, અને સ્ત્રીઓએ પ્રભુની માતા જેવું થવું જોઇએ. માતાઓ એવી થાઓ

મહાત્માએ આ વાત સાંભળી ઉંડો વિચાર કર્યો. થોડી પળ ગયા બાદ તેમણે સાધુદાસને કહ્યું: "બચ્ચા સાધુદાસ! ત્હારો બાપ મ્હારો શિષ્ય હતો અને તે મ્હારૂં કહ્યું કરતો હતો તેથી તું મ્હારૂં કહેલું કરીશ?"

"હા, ગુરૂજી! ફરમાવો. શી આજ્ઞા છે?"

"તું અત્યારે ને અત્યારે ત્હારે ઘેર જા. અને ત્હારૂં ઘોડું તથા જે કાંઈ કિંમતી સામન હોય તે વેચી નાંખ! અને ત્હેના પૈસા જે આવે તે અને ત્હારી પાસે જે કાંઈ પૈસા સીલીક હોય તે તેમજ ત્હારી સ્ત્રીનાં ઘરેણાં હોય તેના સાધુ જમાડી દે. બીલકુલ એક કોડી પણ ઘરમાં રાખીશ નહિ."

આશ્ચર્ય પામતો સાધુદાસ હાથ જોડીને પૂછવા લાગ્યો "બાપજી! આજેજ બધું વાપરી કાઢું તો કાલે મ્હારી શી દશા થાય? ઘોડું વેચું તો કાલે ગામડામાં મ્હારે શી રીતે જવું?"

"ત્હેની ત્હારે ચિન્તા રાખવી નહિ. તું મ્હારૂં કહ્યુંજ કર."

અનાયાસે અને ન છુટકે સાધુદાસે તેમ કરવા કબુલ કર્યું. ઘોડું વેચી નાંખ્યું અને તેના ઉપજેલા પૈસાથી અને પોતાની પાસે જે કાંઇ સીલીક હતી તેથી તેણે સાધુ જમાડી પોતે તથા પોતાની સ્ત્રીને જમાડી આવતી કાલની ચિન્તા કરતો બેઠો.

પ્રભાતનો પહોર થયો. આજે શું ખાઇશું તેની ચિન્તા કરતો સાધુદાસ પથારીમાંથી આંખ ચોળતો ભાગ્યેજ ઉઠયો હશે તેટલામાં તેના ઘરના બારણા આગળ એક જુનાં ફાટાં તૂટાં વસ્ત્રવાળી સ્ત્રી એક ઘોડાને દોરી 'શેઠ ઘેર છે કે?' એમ બુમ પાડતી ઉભેલી તેણે દીઠી.

સાધુદાસને બ્હાર આવેલો જોઈ તેણે કહ્યું "લ્યો, શેઠ! ત્હમારા બાપે અમારે ત્યાં એક ઘોડું અને પંદર રૂપિયા ઉછીના આપ્યા હતા તે પાછા સંભાળી પહોંચ આપો."

આશ્ચર્યમાં મગ્ન થતા સાધુદાસે આ તમામ વસ્તુઓ લીધી, પહોંચ કરી આપી અને આ સમાચાર પોતાના ગુરૂને કહેવા ગયો.

"બચ્ચા! આવેલું ઘોડું વેચી તેના પૈસાના સાધુ જમાડી દે."

પહેલા દિવસની માફક તેણે તમામ પૈસા સાધુ જમાડવામાં ખરચી નાંખી પાસે પાઈ પણ ન રાખી. બીજે દીવસે કોઈ બીજો ગામડીઓ પેલી સ્ત્રીની માફક એક ઘોડું અને પંદર રૂપિયા આપી ગયો!!

ગુરૂની આજ્ઞાથી તેની પણ પહેલા બે દિવસની માફકજ તેણે વ્યવસ્થા કરી. એમ રોજ રોજ તેને ત્યાં પંદર રૂપિયા અને ઘોડાં જુદાં જુદાં માણસો તેના બાપના તથા દાદાના નામથી આપી જવા મંડયાં અને સાધુદાસે પણ તેમાંની એક પણ પાઈ બચાવ્યા સિવાય સાધુ જમાડવામાં ખરચવા માંડી!!!

આમ થયે આશરે પંદર દિવસ થયા. મહાત્મા પ્રભાતમાં એક દિવસે ધ્યાનમાં બેઠા હતા તેની આગળ તેમણે ઓગણીસ વર્ષ ઉપર દીઠેલી એક સાન્દર્યવતી કુમારીકાને ઉભેલી દીઠી.

"ભગવન્! હવે મ્હને ક્યાં સુધી હેરાન કરવી છે?"

મહાત્માએ મંદ હાસ્યથી જવાબ આપ્યો: "વિધાત્રીદેવિ! ત્હારે ત્હારા વચન પ્રમાણે ચાલવાનું છે. તે પ્રમાણે તું કરવાને બંધાએલી છે, માટે તે મુજબ સાધુદાસનું જીવતાં સુધી પુરૂં કર."

"પણ રોજ ને રોજ મ્હારે તેનું પુરૂં કરવા આવવું પડે છે તે કરતાં તેને બાર માસનું સામટું આપું તો કેમ ?"

"તો મ્હારે કશી અડચણ નથી."

વિધાત્રી ત્યાંથી અદૃશ્ય થઈ ગઈ. બીજે દિવસે સાધુદાસને સ્હવારમાં એક મોટો વહેપારી મળવા આવ્યો અને તેણે તેને "આશરે દસેક હજારનો માલ ત્હારા બાપે સાચવવા આપ્યો હતો તે પાછો લાવ્યો છું" તેમ કહી દસ હજાર રૂપિયા ગણી આપ્યા, અને ત્યાંથી ચાલતો થયો.

સાધુદાસ ગુરૂ પાસે આવ્યો અને તેમને પગે પડી તમામ હકીકત કહી. ગુરૂએ ત્હેને કહ્યું "જા બચ્ચા! સુખી થા, અને ત્હને ઘોડો વેચવાથી જેટલા પૈસા ઉપજતા હતા તેટલા પૈસા રોજને રોજ સાધુને જમાડવામાં ખરચજે! અને શ્રીહરિ ભજનમાં ત્હારા દિવસો નિર્ગમન કરજે."

સાધુદાસે ગુરૂને ચરણે પોતાનું મસ્તક મુકી તે પ્રમાણે કરવા સંકલ્પ કર્યો અને પોતાનું જીવન પરોપકાર અને અને ધાર્મિક કાર્યોમાં કાઢી અંતે શ્રીહરિના ચરણે પામ્યો.

સોના રૂપાનું ઝાડ.

લેખકઃ—શ્રીયુત "શિરીષ."—વાસણાકેલીઆ.

રાત્રિના સ્હારા દશનો અમલ થઈ ચૂક્યો હતો. સઘળું જગત્ નીરવ હતું. અતિ સૌન્દર્યથી વિભૂષિત એવા એક સુંદર મહેલમાં એક બાદશાહ ભર ઊંઘમાં ઊંઘતો હતો. ઊંઘમાં ત્હેને એક સ્વપ્નું આવ્યું. ત્હેમાં ત્હેણે જોયું કે એક ઝાડ છે. ત્હેને સોનાની ડાળી, રૂપાનાં ફળ, જમરૂખનાં પાંદડાં અને મોતીનાં ઝુમખાં લાગેલાં છે. આવું જોઈને તે ખડખડ હસવા લાગ્યો. એટલે પાસેના ખંડમાં સુતેલા તેના બે છોકરા જાગી ઉઠ્યા. બાપ ગાંડો થઈ ગયો છે કે શું ? આ હસે છે કેમ ? એવા ભયથી તેઓ બાપા ! બાપા ! કરી બાદશાહને જગાડવા લાગ્યા. થોડીવારે બાદશાહ જાગ્યો, પણ તે છોકરાઓ ઉપર ઘણો ચિડાયો. "કમબખ્તો ! ત્હમે મ્હને મ્હારી મીઠી મઝાની ઊંઘમાંથી શા માટે ઉઠાડ્યો ? એટલુંજ નહિ, પણ ત્હમે મ્હારું સારું મઝાનું સ્વપ્નું ખોવડાવ્યું ! હવે તો ત્હમે 'સોનાની ડાળી, રૂપાનાં ફળ, જમરૂખનાં પાંદડાં અને મોતીનાં ઝુમખાં લાગેલાં હોય તેવું ઝાડ' મ્હને લાવી દેખાડો તોજ હું જીવીશ, નહિ તો પ્રાણ ત્યાગ કરીશ. છોકરાઓ જાણતા હતા કે બાદશાહનો સ્વભાવ બહુજ હઠીલો છે, ને તે જરૂર પ્રાણ ત્યાગ કરશે. તેથી તેઓ હજાર હજાર અશરફી લઈ ઘોડા પર બેસી સોના રૂપાના ઝાડની શોધમાં ચાલ્યા. થોડેક ગયા એટલે એક ધૂર્તણી વેસ્યાનું શહેર આવ્યું. તે જાણી મોટા ભાઈએ કહ્યું: "હું તો આગળ ક્યાંય જવાનો નથી. અહીંજ રહીશ." નાનોભાઇ ઘણો ડાહ્યો અને સ્હમજુ હતો. તેણે ત્યાં આગળ ન રહેવા માટે મોટા ભાઈને ઘણું ઘણું સ્હમજાવ્યું કે "વેસ્યા ખરાબ છે. માટે જો તું અહીં રહીશ તો ખરાબ થઈશ. આપણો બાપ પણ ઝાડની વાટ જોઈને બેસી રહ્યો છે, તે પણ મુદત વીતી જતાં પ્રાણ ત્યાગ કરશે." છતાં પણ આમાંનું તેણે કશું માન્યું નહિ. અને પોતે ત્યાંજ રહ્યો. આ ઉપરથી નાનો ભાઇ તેને એકલો મુકી ચાલતો થયો.

વેસ્સાના ગામમા એનો ધારો હતો કે જે તેના ઘેર જાય, તે નીચેથી નગારૂ વગાડે, તે મુજબ શાહજાદો નગારૂ વગાડી ઉપર ગયો ત્યારે વેસ્સાએ તેની સાથે સરત કીધી કે આપણે પ્રથમ સોગટામાછી રમીએ તે ઉપરથી શાહજાદાએ કબુલ કરી બાજી રમવા માડી વેસ્યાએ એક બિનાડી પાળેલી હતી, તેના માથા પર દીવો મૂકીને તે રમતી હતી બિના ડીને ભણાવીને એવી તૈયાર કરી મૂકેલી હતી કે રમત રમતા જ્યેના તે પાસા નાખે કે તરતજ બિનાડી ફરીને સામાની બાજુએ અધારૂ કરી મૂકતી, આથી વેસ્સાને પોતાના પાસા ફેરવી નાખવાને ઘણી સુગમતા થતી અને તે દરેક વખતે જય પામતી આવી રીતે રમતા શાહજાદો પોતાની પાસેની હજાર અસરફી હારી ગયો, અને છેલ્લી હોડમા પોતે પણ વેચાયો આથી વેસ્યાએ તેને ચામડાનો લેગો પહેરાની પોતાનો ગુલામ કરી રાખ્યો

હવે નાનો ભાઈ જે આગળ ચાલી નીકળ્યો હતો, તે ચાલતા ચાલતા એક વનમા આવ્યો, ત્યા તેને એક દેવ મળ્યો, જે છ માસની ઊંઘ લઇને ઘણા નિમથી ઊંઘતો હતો આ સમયમા તેના છ માસ પુરા થવા આવ્યા હતા એવામા પેલા શાહજાદાએ તેની ઘણી સારી સેવા બજાવી તે આળસ મરડીને ઉઠ્યો તેવુજ શાહજાદાએ કહ્યુ કે "મામા ! ઝવાર" તે સાભળી દેવે વિસ્મિત થઇને પૂછ્યુ કે 'હે મ્હને શા ઉપરથી મામા કહ્યા ? જો હકે મ્હને મામા ન કહ્યા હોત તો હુ છ માસનો ભૂખ્યો છુ તેથી તુરતજ ત્હને ખાઈ ગયો હોત ! પણ કહે, હે શા વિચારથી મ્હારી આટલી આગલી સેવા ઉઠાવી ?' ત્યારે તેણે પોતાની સર્વ હકીકત કહી અને છેવટે માગ્યુ કે મને "સોનાની ડાળી, રૂપાના ફળ, જમરૂખના પાદડા અને મોતીના ઝુમખા લાગેલા હોય તેવુ ઝાડ" જોઈએ છીએ તે બતાવો ત્યારે દેવે કહ્યુ કે ભાઇ ! તુ કહે છે, તેવુ ઝાડ મ્હે મ્હારા જન્મારામા પણ સાભળ્યુ નથી, તો જોયુ તો ક્યાથીજ હોય ? પણ મ્હારો એક મોટો ભાઇ આગળમા રહે છે, તે કદાચ જાણતો હોય તો હોય માટે તુ ત્યા જા પણ ત્હારો ઘોડો ત્હ્યા ચાલશે નહિ માટે ઘોડા અહીં રાખ અને મ્હારી આ પવનપાવડી લે તે ઉપર બેસી ઉડજે, એટલે તે ત્હને જ્યા જવુ હશે ત્યા લઈ જશે ' આ ઉપરથી તે શાહજાદો પવનપાવડી પર બેસીને ઉડયો, અને અહીંથી સો ગાઉ ઉપર જ્યા દેવનો મોટો ભાઈ રહેતો હતો ત્યા ગયો ત્યા જઈ શાહજાદાએ દેવને પૂછ્યુ કે—' ક્યાઈ 'સોનાની ડાળી, રૂપાના ફળ જમરૂખના પાદડા અને મોતીના ઝુમખા લાગેલા હોય તેવુ ઝાડ ' જોયુ છે? ' તેણે કહ્યુ કે, "મ્હે મ્હારા જન્મારામા પણ સાભળ્યુ નથી, તો જોયુ તો ક્યાનીજ હોય ! પણ અહીંથી સો ગાઉ ઉપર મારો બાપ રહે છે, તેની પાસે જઇને તપાસ કર, તો વખતે તેવુ ઝાડ ત્હને મળી શકે ' ત્યારે શાહજાદાએ કહ્યુ કે "મ્હને કાઈ રસ્તામા મારી નાખે તો ! અને ત્હમારી નિશાની વગર તમારા બાપ મ્હને બતાવે પણ કેમ ?" ત્યારે દેવે કહ્યુ ' આ ત્હારૂ સેવુ મને આપ અને મારી આ ટોપી તુ ધાન ટોપી જ્યા સુધી ત્હારે માથે હશે ત્યા સુધી ત્હને કોઇ દેખશે નહિ " તે પ્રમાણે પોતાનુ સેવુ દેવને આપી અને દેવની ટોપી પોતે પહેરી શાહજાદો ત્યાથી ચાલી નીકળ્યો, અને આગળ દેવનો બાપ રહેતો હતો ત્યા થોડીવારમાજ આવી પહોચ્યો ત્યા ઉભા રહી શાહજાદાએ વિનતિ કરી કે તુરત જ ગુફામાથી પોકાર થયો કે "કોણ છુ ?" તુરતજ શાહજાદાએ કહ્યુ કે "હા ! મ્હારા આપના દીકરાએ એ મને મોકલ્યો છે !" ' બોલ. શુ

જોઇએ છે ?" તુરતજ શાહજાદાએ સઘળી હકીકત કહી સંભળાવી. ત્યારે દેવના બાપે જવાબ આપ્યો કે "મ્હેં સાંભળ્યું છે ખરૂં, પણ જોયું નથી. તોપણ અહીંથી સો ગાઉપર એક વન છે ત્યાં સોનાપરી, રૂપાપરી, જમરૂખપરી અને મોતીપરી નામની ચાર બેનો રહે છે. તેમને જઇને તું મળ, એટલે તને તેઓ તારા કહ્યા મુજબનું સોનારૂપાનું ઝાડ દેખાડશે. પણ ત્યાં આગળ સો દેવોની ચોકી છે, તે ત્હેને ખાઇ જશે, તેથી લે આ મારૂં ખાંડું. તે જોતે મારીશ તેના બે ટુકડા થઇ જશે." આ પ્રમાણે શાહજાદો ખાંડું લઇને વનની આગળ આવી પહોંચ્યો, અને સોનાપરીના મહેલ આગળ ગયો, ત્યાં જઇ તેણે ટોપી ઉતારી એટલે પરીએ તેને જોયો. ત્યાંથી સોનાપરીએ તેને રૂપાપરીને ત્યાં મોકલ્યો, અને ચારે પરીઓ ભેગી થઈ. પછી પરીઓએ શાહજાદાને કહ્યું કે "તું ઝાડ જોવા આવ્યો છે ખરો, પણ ત્હારી પાસે કાંઈ સાધન છે ? દેવની પાવડી અને ટોપીના બળથી તું અહીં સુધી આવી શક્યો છું, પણ ત્હારી પાસે દેવની સાધેલી એવી કોઈ તરવાર છે કે જે શલ્યાને મારે તો તેને પણ કાપી નાંખે. જો એવું કાંઇ હોય તોજ તું ઝાડ જોઇ શકશે." ત્યારે શાહજાદાએ પેલા દેવદાદાએ આપેલું ખાંડું દેખાડ્યું. આ ઉપરથી પરીઓએ જાણ્યું કે એની પાસે સાધન છે. તેથી પરીઓએ હવે શાહજાદાને પોતાના મહેલમાં આણ્યો, અને એક સુંદર હિંડોળા-પર બેસાડી ત્હેને ખૂબ હીંચકા નાંખવા માંડ્યા. હીંચકા નાંખતાં પરીઓએ કહ્યું કે "તું ડરીશ માં. અમે નાચતી નાચતી ત્હારી પાસે આવીએ કે તુરતજ તરવારવતી અમારા કટકા કરી નાંખજે. જો તરવાર મારતાં બીધો તો ત્હને બાળી ખાખ કરી નાંખીશું." શાહજાદાએ આ બધું કબુલ કીધું.

ઉપર પ્રમાણે કહ્યા પછી પરીઓ ત્યાંથી અલોપ થઈ ગઇ. શાહજાદો તો હીંચકા ખાધાજ કરતો હતો. એટલામાં પ્રથમ સોનાપરી નાચતી નાચતી અને સુંદર હાવભાવ તથા કટાક્ષ કરતી ત્યાં આગળ આવવા લાગી, કે તુરતજ શાહજાદાએ જરા પણ બીધા વગર કે મોહ્યા વગર તરવાર વતી તેના બે કટકા કરી નાંખ્યા કે તુરતજ તેનું 'સોનાની ડાળી-ઓવાળું ઝાડ' બની ગયું, અને એક બાજુએ વિશાળ ચોકમાં ઉભું ! ત્યાર પછી રૂપા-પરી આવી તેના પણ તરવાર વતી ઉપર મુજબ બે ટુકડા કરી નાંખ્યા તો તેનાં 'રૂપાનાં ફળ બની જઈ સોનાની ડાળીઓને ચોંટી ગયાં.' પછી જમરૂખપરી આવી તેના પણ તર-વાર વતી ટુકડા કરી નાંખ્યા તો તેનાં 'જમરૂખનાં પાંદડાં બની જઇ પેલા ઝાડને ચોંટ્યાં.' પછી છેવટે મોતીપરી આવી તો તેના પણ શાહજાદાએ ટુકડા કરી નાંખ્યા તો તેનાં 'મોતીનાં ઝુમખાં બની જઇ પેલા સોનાના ઝાડને બાઝી ગયાં.' આ પ્રમાણે શાહજાદાએ પોતાના બાપના સ્વપ્ના મુજબનું સોના રૂપાનું અલૌકિક ઝાડ નજરે જોયું. બરાબર જોયું. એટલામાં પરેસ્તાન નામની પર્વતની ગુફામાંથી ગુરૂપક નામના પક્ષીએ આવી ઝાડનાં મોતી વીણી ખાધાં. અને પોતાના પગ હલાવ્યા કે તુરતજ એ સોના રૂપાનું ઝાડ ગેબ થઇ જઈ ચારે પરીઓ હતી તેવી સજીવન થઇને શાહજાદાની આગળ ઉભી. હવે પરીઓએ કહ્યું કે "ત્હેં સોના રૂપાનું ઝાડ જોયું, તો હવે એકદમ અહીંથી જતો રહે. નહિ તો સફેત દેવ આવશે તો તને તુરતજ ખાઈ જશે !" શાહજાદાએ કહ્યું કે, "ઝાડ મ્હેં જોયું, પણ કાંઇ મારા બાપે જોયું નથી. મ્હારે તો આ ઝાડ મ્હારા બાપને દેખાડવું છે." પરીઓએ જવાબ દીધો કે "તું આવ્યો, તો તું જોઇને ચાલ્યો જા, વચ્ચે ત્હારા બાપને ક્યાં ઉમેરે છે ?" શાહજાદાએ કહ્યું કે "હવે તો તમે ત્હમારા સફેત દેવનું

મોત બતાવો તોજ હું અહીંથી જાઉં ? નીકર મને એ મારશે હેની હત્યા તમને લાગશે." શાહજાદા અને પરીઓ વચ્ચે આવી રકઝક ચાલતી હતી તેટલામાં સફેત દેવ આવી પહોંચ્યો, કે તુરતજ પરીઓએ શાહજાદાને મીણની માંખ બનાવી ભીંતપર ચોંટાડી દીધો ! માનવીની વાસ આવ્યાથી દેવ તો ખાઉં ! ખાઉં ! કરવા લાગ્યો. પણ પરીઓએ તેને બહુ બહુ સમજાવી વાર્યો. પછી થોડીવાર પછી દેવને અચ્છી તરેહથી રીઝવીને પૂછ્યું કે "બાપા ! તારૂં મોત કહે." દેવે જવાબ દીધો કે "મ્હને લાલ બાદશાહ મારે તોજ હું મરૂં અને તેને પણ એક મોટી આડ છે. સાત મીઠી અને સાત ખારી નદીઓ વચ્ચે એક તાડનું ઝાડ છે. તે ઉપર પોપટનું પાંજરૂં ટાંગેલું છે, તે પોપટને મારે તોજ હું મરૂં. પણ મ્હારી દીકરીઓ ! એવી નદીઓ કોણ ઓળંગે. અને પોપટ ક્યાંથી હાથ આવે !" આ પ્રમાણે બોલી સફેત દેવ થોડીએકવાર આરામએસ લઇને પોતાના રએતા મુજબ વનમાં નીકળી ચાલ્યો. હવે પરીઓએ પેલા શાહજાદાને ભીંતથી ઉખેડી મનુષ્ય બનાવી દેવના મોતની સઘળી હકીકત કહી, કે તુરતજ શાહજાદાએ પાવડીપર બેસી-પાવડીને કહ્યું કે-ઉડ પાવડી ! જ્હાં સાત મીઠી ને સાત ખારી નદીઓ છે ત્હાં; કે તુરતજ ઉડીને ત્હાં જઈ તાડના ઝાડપર ચઢી પોપટના પાંજરાને નીચે ઉતાર્યું અને પાંજરૂં ઉઘાડી પોપટને ઝાલ્યો. તેવીજ સફેત દેવને ખબર પડી કે તુરતજ તે એકદમ દોડતો ત્યાં આવી પહોંચ્યો ! પણ એના આવતા પહેલાંજ શાહજાદાએ પોપટના બે પગ ઝાલી તોડી નાંખ્યા કે દેવ ભોંયપર પાંગળો થઇ પડયો. પડતાં પડતાં દેવ વિનવીને કહેવા લાગ્યો કે,-"માનવી ! મને માર ના. જો તું મારો પ્રાણ ઉગારે તો હું ત્હને કાંઈ નામવરા આપીશ, કે જેથી મ્હારી ચારે પરીઓ ત્હારે તાબે થશે." શાહજાદો બોલ્યો: "લાવ, શું આપે છે ?" દેવે કહ્યું: "લે, આ બે વીંટીઓ !!" વીંટીઓ શાહજાદાએ લઇ લીધી અને પછી પોપટનું માથું મરડી નાંખ્યું કે તુરતજ સફેત દેવનો જીવ ગયો.

ઉપર પ્રમાણે દેવની પાસેથી મળેલી વીંટીઓ લઈ શાહજાદો પવનપાવડીપર બેસી ઉડીને પરીઓ પાસે આવ્યો. વીંટીઓ જોતાંજ પરીઓ પગે લાગી બોલી કે "હે શાહજાદા ! હમે ત્હારે શરણે છીએ." આ પ્રમાણે પરીઓને તાબે કરી તેઓને ફાટયા તુટયા પોશાક પહેરાવી પેલા ગુજાબાંના દેવદાસ પાસે આવ્યો. ગુરૂએ પૂછ્યું "કેમ ઝાડ લાવ્યો ?" શાહજાદાએ કહ્યું: "હા." "ત્યારે દેખાડ." શાહજાદો-"હું દેખાડું તો ખરો, પણ દાદા ! ત્હમે કાંઈ દગો કરો ત્યારે ?" દેવ કહે ! "તું તે કાંઈ ગાંડો થયો છું ! જો મ્હારા ગુરૂમાં દગો હોય તો મ્હારામાં દગો હોય !" આ ઉપરથી શાહજાદાએ પ્રથમની માફક તરવારવડે બધી પરીઓના એક પછી એક કટકા કરી નાંખી સોનારૂપાનું અલૌકિક ઝાડ કરી બતાવ્યું. તે ગુરૂએ બરાબર જોયું. અને શાહજાદાને આશીશ દીધી કે ધન્ય છે ત્હારાં માત પિતાને ! પછી મરી ગએલી પરીઓને સજીવન કરવાને ગુરૂપક્ષિને બોલાવ્યો. તેણે આવીને પરીઓને સજીવન કરી. હવે પરીઓને લઇને તેણે આગળ ચાલવા માંડ્યું. જતાં જતાં ગુરૂદાદાએ કહ્યું કે "જો તું મ્હારા બાળકોને રસ્તે થઈને જશે તો આ ત્હારી પાસેથી આ સઘળું ખુંચવી લેશે. માટે બીજે રસ્તે જવું એ ત્હારે માટે સારૂં છે." દેવદાસના કહેવા ઉપરથી શાહજાદો તે રસ્તે ન જતાં બીજે રસ્તે ચાલી નીકળ્યો.

ચાલતાં ચાલતાં જે રસ્તે પ્રથમ પોતાનો મોટો ભાઈ ના કહેવા છતાં પણ જ્યાં રહેલો

અને જેને પાછળથી વેશ્યાએ ગુલામ કરી કેદમાં નાંખેલો ત્યાં આગળ આ શાહજાદો આવી પહોંચ્યો. દરવાજા આગળ પહોંચતાંજ ઉભેલા દરવાને કહ્યું કેઃ–" અહીંનો એવો ધારો છે કે જે કોઇ નવો માણસ આ ગામમાં આવે તે પ્રથમ આ નગારૂં વગાડે, અને પછીથી ગામમાં પેસે." આ સાંભળતાંજ શાહજાદાએ જોરભેર નગારું વગાડવા માંડયું કે જે થોડીવાર થતાં ફાટી ગયું. નગારૂં ફાટવાથી ઉભેલા સઘળા દરવાનો તેની સાથે તકરાર કરવા લાગ્યા, પણ શાહજાદાએ પોતાની શૂરી તરવારથી સઘળાને નસાડયા. પછી તેણે વિચાર્યું કે મ્હારે કોઈ પણ રીત્યે મ્હારા મોટા ભાઈને વેશ્યાની કેદમાંથી છોડાવવો જોઇએ, આવો વિચાર કરી તેણે એક યુક્તિ અમલમાં મૂકવા ધાર્યું. હવે તે ગામમાં જઈ કોઈ એક ગરીબ ડોશીને ત્યાં થોડા પૈસા આપી રહ્યો. પછી તેણે એક ઊંદર મંગાવી તેને ખાવાનું નાંખી, પોતાની સાથે હેળવી બે ચાર દિવસ સુધી પાળ્યો. સારી રીતે પોતાની સાથે હેળવ્યા પછી તેને અંગરખાની બાંહમાં ઘાલી શાહજાદો જ્યાં આગળ પોતાનો ભાઈ કેદમાં છે ત્યાં આગળ વેશ્યાને સલામ કરવા ગયો. પછી શાહજાદે કહ્યું કે " ચાલ, ચોસર ખેલ." વેશ્યા કહે, " હોડ શું?" શાહજાદે કહ્યું કે " ત્હારો બધો ખજાનો, ને મ્હારી બધી મીલકત." પછી ચોસર ખેલવા માંડી! વેશ્યા કહેઃ " શું નાંખું?" શાહજાદો કહે " નાંખ ૧૨." વેશ્યાએ જેવા પાસા નાંખ્યા કે તુરતજ પાળેલા ઊંદરે બાંહમાંથી ડોકું કાઢી બહાર દેખા દીધી એટલે વેશ્યાની પાળેલી બિલાડી કે જેણે પ્રથમની વખતે શાહજાદાના મોટાભાઇને હરાવ્યો હતો, તેણે આ વખતે પેલા ઊંદરને દેખી તેને પકડવા દોડવા માંડયું અને તેથી માથા ઉપરનો દીવો પડી જતાં અન્ધારૂં થયું. બીજો દીવો કરતામાં શાહજાદાએ વેશ્યાના નાંખેલા પાસા ફેરવી નાંખ્યા, ને તેથી વેશ્યા હારી. તેનો સઘળો ખજાનો શાહજાદાએ કબજામાં લીધો. બીજી બાજી શરૂ કરી, તેમાં પણ ઉપર પ્રમાણે પાળેલા ઊંદરની મદદથી વેશ્યા હારી, ને તેમાં તેનું સર્વસ્વ શાહજાદાએ લઇ લીધું. અને વેશ્યાને તેના નાક કાન કાપી કાઢી મૂકી. તેનું રાજ તેના વજીરને સોંપી પોતાના મોટા ભાઇને કેદમાંથી કાઢી લાવી, હવે તે પોતાના બાપના ગામ તરફ મુદત પુરી થવા આવતાં જેમ બને તેમ જલ્દીથી ચાલી નીકળ્યો.

હવે રસ્તામાં ચાલતાં ચાલતાં કેટલાક દિવસ વીત્યા બાદ વડા શાહજાદાની નજર બગડવા માંડી, અને તેને દુષ્ટ વિચારો આવવા લાગ્યા કે ઘેર જઈને હું શું મોં બતાવીશ! અને આ નાનો ભાઇ મને ફજેત કરશે! વળી આ પરીઓ એ લાવ્યો છે તેથી બાદશાહને 'સોના રૂપાનું ઝાડ' પણ બતાવશે! અને તેથી મ્હારી તો પુરેપુરી ફજેતીજ થશે! માટે આ વગડામાંજ કયાંઇ એને ઠાર કરૂં તો ઠીક. પછી એક દિવસે સુંદર જગા જોઈ આરામને માટે મુકામ કરેલો છે, ત્યાં આગળ બપોરના વખતે પરીઓને તરસ લાગવાથી તેમણે પીવાનું પાણી માગ્યું. તે ઉપરથી બંને ભાઇ પાણી લેવાને નીકળ્યા. જતાં જતાં કેટલેક દૂર એક કૂવો મળ્યો. ત્યાં મોટા ભાઈને પાણી પાઈ પોતાને પીવા માટે નાનો શાહજાદો પાણી કાઢે છે, તેવો પાછળથી મોટા શાહજાદાએ ધક્કો મારી તેને કૂવામાં નાંખી દીધો. સારે નસીબે તે કૂવામાં એક પીપળાનું ઝાડ હતું તેને તે બાઝી પડયો. હવે મોટો શાહજાદો તો પોતાનું દુષ્ટ કૃત્ય કરી પાણી લઇ પરીઓ પાસે આવ્યો! પરીઓને પાણી આપ્યું. તેઓએ તે પીધું! અને પૂછયું કેઃ " નાના ભાઇ કયાં?" ત્યારે મોટા શાહજાદાએ જવાબ દીધો કે " તેણે મ્હને આગળ મોકલ્યો છે ને તે પાછળ આવે છે. આપણને આગળ ચાલવા

કહ્યુ છે ” પરીઓએ તો તે વાત સત્ય માની આગળ ચાલવા માંડ્યુ થોડેક ગાઉ ચાલ્યા તો પણ નાનો શાહજાદો આવ્યો નહિ ! ત્યારેજ પરીઓના સમજવામા આવ્યુ કે આમા કંઈ કાવત્ર છે ! તો પણ તેઓએ આગળ ચાલવા માંડ્યુ અને છેવટે બાપના ગામમા આવી પોહોંચ્યા ! ત્યાં બાદશાહે પૂછ્યુ કે “નાનો શાહજાદો ક્યાં છે ? ત્યારે વડા શાહજાદાએ જવાબ આપ્યો કે “રસ્તામા બે વાર લડતા હતા ત્યા મ્હારા વાર્યા છતા ક્યાંએ ગયો ત્યા પછી ઉગરે તેનો ?” બાદશાહે પૂછ્યુ કે ‘ તુ પાછો આવ્યો છુ તો મ્હારા સ્વપ્નાનુ ‘સોના રૂપાનુ ઝાડ’ લાવ્યો છે કે કેમ ?” ત્યારે શાહજાદાએ કહ્યુ કે તેની મ્હને કંઈ પણ ખબર નથી જે હોય તે આ બાઈઓ જાણે !–નાનો ભાઈ તેઓ સાથે હતો ને તેની મને કંઈ ખબર નથી, એમ બાદશાહને કહી તેણે પરીઓને પૂછ્યુ કે–“નાનો ભાઈ તમનેજ લાવ્યો છે કે સાથે ઝાડ પણ લાવ્યો છે ? તે ઉપરથી પરીઓએ કહ્યુ કે “ તે હમારી સાથે ઝાડ પણ લાવ્યોજ હતો, પણ ઝાડ તો એના પેટમા રહી ગયુ તે જો પોતે આવે તો તેના પેટમાથી કાઢી બાદશાહને બતાવે આ ઉપરથી બાદશાહે તેની શોધને માટે માણસો મોકલ્યા

હવે એ નાનો શાહજાદો કૂવાની અંદર પીંપળાના ઝાડને વળગી રહ્યો હતો ત્યા આગળ ત્રીજે દિવસે એક સિપાઈ પાણી પીવાને માટે આવ્યો સિપાઈએ પાણી કાઢવાનુ દોરડુ જેવુ કૂવામા મૂક્યુ કે તુરતજ શાહજાદો તેને બાઝી પડ્યો ત્યારે સિપાઈતો ગભરાઈ ગયો કે–“કોણ છુ ? આંહ્યા ભૂત છુ કે પ્રેત છુ ? પણ શાહજાદાએ ધીમેથી મીઠી વાણીમા જવાબ આપવાથી સિપાઈએ તેને પોતાનાથી બનતી મદદવડે બહાર કાઢ્યો બહાર નીકળ્યા પછી શાહજાદાએ પોતાના અંગ ઉપરનુ સઘળુ જવાહીર સિપાઈને બક્ષીસ આપ્યુ તે લઈ સિપાઈ પોતાને રસ્તે ગયો અને શાહજાદો તો ફકીરનો વેશ લઈ પોતાના બાપના ગામ તરફ આવવા નીકળ્યો અને મનમા વિચાર્યુ – મારો બાપ મને ઓળખી શકે છે કે નહિ ? થોડેક દિવસે ચાલતા ચાલતા તે પોતાના ગામમા આવ્યો અંદર આવી બાપના મહેલ આગળ બે ચાર ફેરા માર્યા પણ બાપે ઓળખ્યો નહિ, તેથી ત્યાથી નીકળી તે પોતાની માના મહેલે માગવા માટે ગયો તો માએ તો જોતા વારજ તેને ઓળખી બોલાવ્યો ત્યારે માને સઘળી વિગત જણાવી કહ્યુ કે, તું હાલ મારા બાપને મારી વાત કહીશ મા પછી સિપાઈનો વેશ લઈને તે કચેરીમા ગયો, ને પરગણનો છોકરો છુ એમ કહી નોકરી માગી પગાર પૂછ્યો તો રૂપિઆ હજાર કહ્યા બાદશાહે ચકિત થઈ આવડા મોટા દરમાયાનુ સામર્થ્ય બતાવવાને કહ્યુ ત્યારે તે શાહજાદો હાલ જે પરાયાના વેષમા છે તે બોલ્યો કે “બાદશાહ ! એકપાસ, એકો ને એકપાસ તારૂ આખુ લશ્કર !” બાદશાહે કહ્યુ, “ઠીક” આવુ તેનુ સામર્થ્ય જોવાનો વખત બાદશાહે મનમા નક્કીજ કરી મૂક્યો હતો થોડાકજ દિવસથી રોજ રાત્રિના વખતમા ગામને એક રાક્ષસ આવી કેટલાએક માણસો ખાઈ જતો તેજ દરવાજે આ શાહજાદાને રાતના વખતે ચોકી કરવાને મોકલ્યો ! રાત્રે કહેવાના મુજબ રાક્ષસ આવ્યો ! તેને દરવાજામા પેસતાંજ શાહજાદાએ દેવની પેઠે તરવારે મારી નાખ્યો અને તેના નાક કાન કાપી બીજે દિવસે કચેરીમા આવ્યા તો તેના સામર્થ્યથી સઘળી સભા વિસ્મય પામી, અને શાબાશના પોકારોથી તેને વધાવી લીધો હવે સોગબાદને નાગે ઘડીએ વિચાર થવા લાગ્યો હતો કે રાક્ષસને મારે એવો સામ-

શાહેજ તેને પિછાણી એકદમ સિંહાસન ઉપરથી ઉતરી પોતાની કોટે શાહજાદાને વળગાડ્યો. અને પોતાની પાસે સિંહાસનપર બેસાડ્યો. મોટો ભાઇ તો ત્યાંથી વિચાર કરતો કરતો પોતાના મહેલમાંજ ગયો. ત્યાર પછી નાના શાહજાદાએ બાદશાહને કહ્યું કે "બાપા ! જો તમે મને ઓળખ્યો ન હોત તો હું બાર વરસ વહી જાત તોપણ જાહેર ના પડત." બાપે પૂછ્યું ! "ઝાડ લાવ્યો છે કે કેમ ?" તો કહે હા. બાદશાહે કહ્યું 'દેખાડ ત્યારે.' શાહજાદાએ કહ્યું, જોવું હોય તો શહેર બહાર વગડામાં ચાલો. પછી બાપને તથા આખા ગામને ગામ બહાર વગડામાં લઈ ચાલ્યો. ત્યાં પરીઓને ઉભી રાખી પ્રથમની માફક દૈવની સાધેલી તરવારવડે એક પછી એક નાચતી નાચતી આવતી પરીઓને કાપી નાંખી ને તેનું 'સોનાની ડાળી, રૂપાનાં ફળ, જમરૂખનાં પાંદડાં, અને મોતીના ઝુમખાં લાગેલાં હોય તેવું ઝાડ' સઘળાંને બતાવ્યુ. જોઇને બાદશાહ ઘણોજ ખુશી થયો ને મોટા શાહજાદાને પડતો મૂકી પોતાની ગાદી નાના શાહજાદાને આપી, પોતે ઇશ્વિરભજનમાં પોતાનો બાકીનો વખત કાઢવા લાગ્યો.

"સુરદાસની આત્મકથા."

લેખકઃ—ફતેચંદ છ. મહેતા.

અષાઢી પુર્ણીમાની રાત્રિ હતી. આભમાં વાદળાંની ઘટા જામેલી હતી. મંદમંદ પવન વાતો હતો. ચંદ્રનો પ્રકાશ દરેક વસ્તુનો આભાસ આપતો હતો. રાત્રી અર્ધ કરતાં વધારે ગઈ હતી. મારી આંખ એકદમ ખુલી ગઈ–નિદ્રા ચાલી ગઈ. હું ઝરૂખામાં જઈ ઉભો. શાન્ત કુદરત નીહાળવા લાગ્યો. એકદમ વીજળીનો મોટો ઝબાકો થયો. તરતજ મોટી ગર્જના થઇ અને વરસાદ તૂટી પડવા લાગ્યો–પવન પણ જોરથી ફુંકવા લાગ્યો.

બારીથી નીચે થોડે દુર કંઈક સફેત વસ્તુ જણાઈ. નીરખીને જોતાં માણસ નજરે પડયું. આવી મેઘરાત્રીમાં આવા વખતે કોણ હશે ? તે ચોર કે કોઇ લુચ્ચો હશે ? પણ ત્યારે તે આમ ખુલ્લી જગ્યામાં ભીંજાવા શા માટે બેઠો હોય ? એકાદ બે બૂમ મારી, પણ સંભળાઈ નહિ હોય. વિચાર થયો કે જાતે જોઈ આવી તપાસ કરૂં પણ કોઈ હરામી હોય ને નુકશાન કરે તો ? પણ વળી વિચાર દૃઢ થયો. હું એક લાકડી અને છત્રી લઇ નીચે ઉતર્યો—પાસે ગયો. પણ તે કંઈ જોતો હોય તેમ જણાયું નહિ. તપાસ કરતાં માલુમ પડયું કે તે **સુરદાસ ભીખારી** હતો. તેને મેં ઘરના ઓટલા ઉપર બેસાડવા કહ્યું, પણ તેણે માન્યું નહિ. ઘણું કર્યું, પણ તે એકનો બે થયો નહિ. મને તેના આવા વર્તન માટે નવાઇ લાગી. પણ મારાથી તો વરસાદમાં વધારે વાર થોભાયું નહિ; હું ઘરમાં પાછો ફર્યો, પણ નીદ્રા આવી નહિ. લગભગ બે કલાક સુધી મુશળધાર વૃષ્ટિ થયા પછી વાદળ વેરાવા લાગ્યાં. અને આકાશ સ્વચ્છ થયું. ચંદ્રિકા પૂર્ણ બહારમાં ખીલી નીકળી, પણ તેની મજા માણવા મારા શિવાય બીજું આવા વખતે કોણ હોય ?

સવાર થયું. તે સુરદાસ તો ત્યાંજ–તેજ જગ્યાએ–તેજ આસનથી હજુ બેઠેલોજ હતો. મને તેનો સ્વભાવ વિચીત્ર લાગ્યો અને તેથી તેનું વૃત્તાન્ત સાંભળવા મન થયું. ઘણી મુશ્કેલીથી સમજાવીને તેને મારે ઓટલે બેસાડ્યો તથા કંઇ ખાવાનું આપ્યું. જે તેણે ઘણી

આનાકાની કરીને, હુ ઉચ્ચ જાતીનો હિંદુ છુ એમ જાણ્યુ ત્યાર પછી, ખાતુ મે તેને નમ્ર શબ્દોમા પુછ્યુ "તમે કોણ છો ?"

તેણે ઘણીવાર સુધી વિચાર કરીને જવાબ આપ્યો "તમે જાણીને શુ કરશો ? તમે દયાળુ લાગો છો, અને તેથી મારૂ વૃત્તાન્ત સાભળીને દુખી થશો " પણ મારી હઠ જોઇને તેણે કહ્યુ "બીજો કોઇ સાભળે નહિ, અને તમે કોઇને કહો નહિ તો કહુ " મે તેમ કરવા કબુલ્યુ

તે બોલ્યો "ઘણા વરસની વાત છે લગભગ ચાળીસ વરસ થયા હુ એક ધનાઢ્ય વેપારીને ત્યા જનમ્યો હતો હુ મારા માતાપિતાને એકનોજ પુત્ર હતો અને તેમની મોટી ઉમ્મરે હુ સાપડયો હોવાથી મને ઘણા લાડમા ઉછેરવામા આવ્યો હુ સાત વરસનો થયો ત્યારે નિશાળે ગયો પણ બે મહિનામા માસ્તરને માથામા સ્લેટ મારી ઘેર પાછો આવ્યો પછી ઘેર માસ્તર આવી મને ભણાવવા લાગ્યા પણ તે માસ્તર તો મારો મિત્ર થઈ ગયો અને મને શીખવવાને બદલે મારા પૈસાથી મજા કરવા લાગ્યો હુ દશ વરસનો થયો ત્યારે તો મને બારાખડી અને કક્કો પુરો આવડતો હતો ઘડીયા પણ સવાયા સુધી શીખ્યો હતો

મને મારા પિતાની મુદ્દલથીજ બીક નહોતી માતા ઘણી વાર ઠપકો આપતી, પણ એટલુજ બીજા ચાર વરસમા છ નિશાળો બદલીને પદરમે વર્ષે હુ અંગ્રેજી પહેલા ધોરણમા દાખલ થયો હવે તો ભાઈનો દોર બદલાયો અને વરમા પણ વજન પડવા લાગ્યુ. અઢારમે વર્ષે હુ ત્રીજા ધોરણમા હતો આ વખતે મારૂ એક સુશીલ અને કેળવાયેલી બાળા સાથે લગ્ન થયુ લગ્ન થયા પછી તો ભણતા શરમ આવવા લાગી નીશાળ છોડી દીધી, વખત ભટકવામા અને મિત્રો સાથે ગમ્મત કરવામા જવા લાગ્યો પણ હજુ સુધી મારી જીદગી તદ્દન પવિત્ર હતી થોડા વખતમા ગામમા પ્લેગ આવ્યો અને મારા માતા-પિતા બન્નેને લઈ ગયો હવે હુ સ્વતંત્ર થયો વ્હાલી માતાનો ચોકો ઘણો પણ અકુશ ચાલી ગયો છ એક મહિના તો બધુ બગબગ ચાલ્યુ મારા પિતાના કામમા થોડી ઘણી માહિતી મેળવી પણ–પણ–હવે...બોલતા હૃદય ચીરાઇ જાય છે એ વખત યાદ આવતા હુ સર્વ ભાન ભુલી જાઉં છુ ઓ પ્રભુ ! એ અશુભ ઘડી મારી જીદગીમા કદી આવી ન હતે તો કેવુ સારૂ થાત ! **પણ વિધી આગળ સર્વે મિથ્યા છે.** હવે હુ ખરાબ સોબતમા પડયો જુગાર રમવા મડયો આડે માર્ગ જવા મડયો અભક્ષનો આહાર પણ ઉંમર કરવા લાગ્યો મને બરાબર યાદ છે કે જ્યારે હું પહેલ વહેલો આ વ્યસનમા પડયો ત્યારે મારૂ હૃદય ઘણું ના કહેતુ હતુ તે ખટકતુ હતું પસ્તાતુ હતુ પણ એકવાર બેવાર, ત્રણવાર પછી લાગણીઓ બુઠી થઇ ગઇ અને સદાને માટે મારૂં અધઃપતન થઈ ચુક્યુ ધીમે ધીમે ગામમા વાત ચાલવા લાગી. ગરીબ બીચારી મારી સ્ત્રી રોઈ રોઇને રાતો કાઢવા લાગી પણ મારામાથી બધી દયા સુકાઈ ગઇ [illegible]ી જુગારનો ચડસ લાગ્યો હતો અને ઘણીવાર મોડી રાતે બ્રાન્ડી બાઇના નીશામા ચૂર થઇને ઘેર આવતો. અને જુગારમા હાર્યો તે માટે મારી નિર્દોષ પતિવ્રતા સ્ત્રીને [illegible]ો મારી તેને દઢ પ્રહાર કરતો તે રડતી–કરગરતી–પણ હુ તો ગાંડો થતો ચાલ્યો [illegible] બે વરસમા પિતાના એકઠા કરેલા સર્વે પૈસા હુ ગુમાવી ચુકો પેઢી બધ થઈ [illegible]મો ગાળતા થયા જેને હાથ જે આવ્યુ તે લઇ ગયા હવે સ્ત્રીના ઘરેણા ઉપર હાથ

પડવા લાગ્યો. મારના ડરથી તેમજ પોતાનો ધર્મ સમજીને મારી સ્ત્રીએ મારાથી કશું છુપાવ્યું નહિ. હું તેનું સર્વસ્વ ખોઈ બેઠો. પૈસાની જરૂર દીન પ્રતિદીન વધતી ચાલી. હવે ઘરમાં કશું રહ્યું નહિ.

મને બરાબર યાદ છે કે એક સાંજે હું ઘેર આવ્યો. સતી પાસે પૈસા માગ્યા--તેના અલંકાર માગ્યા. તેણીએ ઘણીજ નમ્રતાથી જણાવ્યું: 'હવે તો કંઇ બાકી નથી.' અને મને બે ચાર વચનો મીઠી વાણીથી સમજાવવા કહ્યાં. પણ તેના બદલામાં તો શસ્ત્રપ્રહારજ મળ્યો. તે વખતે મેં તેને બહુ મારી. તેને ઘણું સખત વાગ્યું. તે માંદી પડી. તેની સારવાર તેનાં પીયરીયાં કરતાં હતાં, પણ હું તો તે ઢોંગજ ગણી કાઢતો હતો. તેણીની આવી સખત મંદગી વખતે પણ મેં ઘણી નિષ્ઠુરતા બતાવી. એક પણ માયાળુ શબ્દ હું તેણીની સાથ બોલ્યો નથી.

છેવટની ઘડી આવી. મને તેણીએ પોતાની પાસે બોલાવ્યો. અને ઘણી નરમાશથી ધીમે ધીમે બોલી: 'પ્રાણનાથ! હું તો હવે જાઉં છું. મને બીજી કશી ફીકર નથી પણ મને ફીકર એટલીજ રહે છે કે મારા ગયા પછી તમારૂં શું થશે? તમારૂં કોણ કરશે? તમે જાણો તો છો કે ઘરમાં કશું છે નહિ. મારી એક વાત માનશો? મેં તમને કદી કશું કહ્યું નથી. આટલી છેલ્લી પ્રાર્થના છે, સાંભળશો?' તેણી રડવા લાગી. રાક્ષસી હ્રદય પીગળ્યું. મેં તેણીને મારી જીંદગીમાં પહેલીજ વખત ખરા સ્નેહથી હૃદયાલીંગન આપ્યું. તેણી ખુશી જણાઈ. તેણી બોલી: "બીજું કશું નહિ, જુગાર છોડી દ્યો. તમારો પોતાનોજ દાખલો લ્યો. પિતાજી જીવતા હતા ત્યારનો અને અત્યારનો વખત સરખાવો. તફાવત લાગે છે? તે શાને લીધે છે?" આંધળાની આંખો ઉઘડી. હું જોઈ શક્યો. બધું ખુલ્લું દેખાવા લાગ્યું, પણ નિરર્થક. મેં તેણીની માફી માંગી, ત્યારે તે હસીને બોલી: 'મારે તમારી માફી માગવી જોઇએ. મેં આપને ઘણીવાર દુભવ્યા છે.' કેટલું શાણપણ! કેટલું સતીત્વ! પોતાનો પ્રાણ લેનાર હું છું તેમ જાણતી હોવા છતાં પણ કેટલું નિખાલસપણું! મને તેણીએ માફી આપી. અને મેં બદલામાં સુધરવાનો કોલ આપ્યો. તેણી અનહદ ખુશી થઈ. પણ તેની અસર માઠી થઇ. બીજા અર્ધા કલાકમાં તો તે પવિત્ર આત્મા આ સંસારને છોડી પોતાનું શબરૂપ દેહ મુકી સ્વર્ગમાં સીધાવી ગયો.

હું બહુ દુઃખી થયો. બહુ રડયો. બહુ પસ્તાવો કરવા લાગ્યો, પણ સઘળું નિરર્થક હતું; વળી મસ્તક ભમવા લાગ્યું. જુગારનો ચડસ સાંભર્યો. મનનો *નિશ્ચય ગળી ગયો.* એક મિત્રને ત્યાં ગયો. તે ઘરમાં હતો છતાં મને મળ્યો નહિ. બીજાને ત્યાં ગયો, તેણે તિરસ્કાર કર્યો. ત્રીજાને ત્યાં ગયો, પાંચ રૂપિયા માગ્યા: ધક્કા મારીને કાઢી મુકવાની ધમકી બતાવી. હવે પડદો ઉઘડયો. પુરેપુરી ખલક દેખાઈ. દુનિયાં સ્વાર્થી લાગી. મિત્રો ખોટા લાગ્યા. સ્ત્રી સાંભળી આવી. આપેલું વચન યાદ આવ્યું. હવે દુનિયાં નિરસ જણાઈ. કયાંઇ જવાની જગ્યા નહોતી. મારૂં કોઈ સગું નહોતું. ફક્ત સ્ત્રીને આપેલા દુઃખનો પસ્તાવો કરવામાં અને તેમ કરીને દેહ શુદ્ધિ કરવામાં વખત વિતાડવાનો નિશ્ચય કર્યો. પણ ગામમાં તો રહેવાની જગ્યાજ નહોતી. હું બાવો થયો. ગામે ગામ મૃત સ્ત્રીની આલેક પોકારતો ભટકવા લાગ્યો. મારૂં શરીર દુર્વ્યસનોને લીધે ખવાઇ ગયું હતું. નિર્બળતા આવી ગઇ હતી. છતાં ગામે ગામ ભટકતો. પવિત્ર જીંદગી ગુજારતો હોવાથી મારૂં શરીર અત્યાર સુધી નભવા પામ્યું. હાલ મને ચાલીસ વર્ષ થયાં છે. જો કે તમે તો સાઠથી ઓછાં નહિજ ધારતા હો. ગયા વર્ષમાં મારી આંખો સખત દુઃખવા આવી ત્યારે ભાગ્યજોગે હું મારા ગામમાં ભટકતો

આનાકાની કરીને, હું ઉચ્ચ જાતીનો હિંદુ છું એમ જાણ્યું ત્યાર પછી, ખાધું. મેં તેને નમ્ર શબ્દોમાં પુછયું: "તમે કોણ છો ?"

તેણે ઘણીવાર સુધી વિચાર કરીને જવાબ આપ્યો: "તમે જાણીને શું કરશો ? તમે દયાળુ લાગો છો, અને તેથી મારૂં વૃત્તાન્ત સાંભળીને દુઃખી થશો." પણ મારી હઠ જોઇને તેણે કહ્યું: "બીજો કોઇ સાંભળે નહિ, અને તમે કોઇને કહો નહિ તો કહું." મેં તેમ કરવા કબુલ્યું.

તે બોલ્યો: "ઘણા વરસની વાત છે. લગભગ ચાળીસ વરસ થયાં હું એક ધનાઢ્ય વેપારીને ત્યાં જનમ્યો હતો. હું મારાં માતાપિતાને એકલોજ પુત્ર હતો. અને તેમની મોટી ઉમ્મરે હું સાંપડયો હોવાથી મને ઘણા લાડમાં ઉછેરવામાં આવ્યો. હું સાત વરસનો થયો ત્યારે નિશાળે ગયો. પણ બે મહિનામાં માસ્તરને માથામાં સ્લેટ મારી ઘેર પાછો આવ્યો. પછી ઘેર માસ્તરે આવી મને ભણાવવા લાગ્યા. પણ તે માસ્તર તો મારો મિત્ર થઈ ગયો. અને મને શીખવવાને બદલે મારા પૈસાથી મજા કરવા લાગ્યો. હું દશ વરસનો થયો ત્યારે તો મને બારાખડી અને કક્કો પુરો આવડતો હતો. ઘડીયા પણ સવાયા સુધી શીખ્યો હતો.

મને મારા પિતાની મૂળથીજ બીક નહોતી. માતા ઘણી વાર ઠપકો આપતી; પણ એટલુંજ. બીજાં ચાર વરસમાં છ નિશાળો બદલીને પંદરમે વર્ષે હું ઇંગ્રેજી પહેલા ધોરણમાં દાખલ થયો. હવે તો ભાઈનો દોર બદલાયો. અને ઘરમાં પણ વજન પડવા લાગ્યું. અઢારમે વર્ષે હું ત્રીજા ધોરણમાં હતો. આ વખતે મારૂં એક સુશીલ અને કેળવાયેલી બાળા સાથે લગ્ન થયું. લગ્ન થયા પછી તો ભણતાં શરમ આવવા લાગી. નીશાળ છોડી દીધી, વખત ભટકવામાં અને મિત્રો સાથે ગમ્મત કરવામાં જવા લાગ્યો. પણ હજુ સુધી મારી જીંદગી તદ્દન પવિત્ર હતી. થોડા વખતમાં ગામમાં પ્લેગ આવ્યો. અને મારાં માતા-પિતા બન્નેને લઈ ગયો. હવે હું સ્વતંત્ર થયો. વ્હાલી માતાનો થોડો ઘણો પણ અંકુશ ચાલી ગયો. છ એક મહિના તો બધું બરાબર ચાલ્યું. મારા પિતાના કામમાં થોડી ઘણી માહિતી મેળવી પણ—પણ—હવે...બોલતાં હ્દય ચીરાઇ જાય છે, એ વખત યાદ આવતાં હું સર્વે ભાન ભુલી જાઉં છું. ઓ પ્રભુ ! એ અશુભ ઘડી મારી જીંદગીમાં કદી આવી ન હતે તો કેવું સારૂં થાત ! **પણ વિધી આગળ સર્વે મિથ્યા છે.** હવે હું ખરાબ સોબતમાં પડયો. જુગાર રમવા મંડયો. આડે માર્ગે જવા મંડયો. અભક્ષનો આહાર પણ છેવટે કરવા લાગ્યો. મને બરાબર યાદ છે કે જ્યારે હું પહેલ વહેલો આ વ્યસનમાં પડયો ત્યારે મારૂં હ્દય ઘણું ના કહેતું હતું. તે બળતું હતું, પસ્તાતું હતું, પણ એકવાર, બેવાર, ત્રણવાર--પછી લાગણીઓ બુઠી થઇ ગઇ. અને સદાને માટે મારૂં અધઃપતન થઈ ચુક્યું. ધીમે ધીમે ગામમાં વાત ચાલવા લાગી. ગરીબ

બાલવિનોદ.

બાલકોના ઉખાણા.

લેખકઃ-રા. રા. ભુપતરાય ગોપાળજી મ્હેતા—ભાવનગર.

['સુન્દરી સુબોધ'ના 'જાન્યુ-ફેબ્રુ'ના અંકના ૩૮૪મા પાનામાં આપેલા બાળકોના ઉખાણા વાંચતા મને લાગ્યું કે ગામઠી નિશાળોના માસ્તરો નવા છોકરાને નિશાળે બેસાડતી વખતે જે ગીતો ગાયછે, તેમાંના કેટલાક છપાયા વિના રહ્યા છે. આથી બાકી રહેલાં ગીતો બરાબર લખી લેવા હું મારા મિત્ર હીરાલાલને લઇ ગામઠી નિશાળના માસ્તર રા. રા. ભાયાલાલ મોતીલાલ રાવળ પાસે ગયો અને જે જે ગીતો તે ભલા માસ્તરે અમને ઉતરાવ્યા તે તે આજે લખી મોકલુંછું. આ ઉતરાવવા માટે તે માસ્તરનો હું આભારી થયોછું. યોગ્ય લાગે તો તેને સ્થાન આપશો.]

(૧) મંગળ મંગળ મહેશ્વરી,
વિદ્યા દો પરમેશ્વરી;
પરમેશ્વરીને પાયે લાગું,
હાથ જોડીને વિદ્યા માગું.
વિદ્યા ઉપર વાવડી,
સો સો વિદ્યા આવડી;
એક વિદ્યા ખોટી,
મહેતાજીએ મારી સોટી.
સોટી વાગે ચમચમ,
વિદ્યા આવે રમઝમ;
શિશમ સોપારી, વિદ્યા વેપારી,
લાખ વિદ્યા માગું, સરસ્વતીને પાયે લાગું.

(૨) સરસ્વતી સરસ્વતી તું મોરી માય,
પેર પટોળાં મૈયર જાય.
સુતા ઉઠી વિદ્યા દો,
થાળ ભર્યો છગ મોતી દો.
થાળ ભર્યા પગ વાગે ઢુમ,
બાવન ટીપકી ચડે સિન્દુર.
સીંચ્યો આંબો સીંચી વેલ,
એક ન સીંચી નાગરવેલ.
નાગરવેલના લીલા સોપારી,
તેના વણુજ કરે વેપારી.

(૩) મહેતાજી! તમારા નિશાળીઆ કેટલા?
ત્રણુસો ને સાઠ.
એક નિશાળીઓ રૂડો,
સરસ્તીએ માગ્યો ચૂડો.
ચૂડો પ્હેર્યો હાથે,
સરસ્વતી બેઠાં પાટે.
પાટ લઈ ગયા ચોર,
સરસ્વતી માગે મોર.
મોર ગયા છે ચરવા,
સરસ્વતી બેઠાં ભણવા.
ભણી ગણીને ઉતર્યા,
સો સો ઘોડા લઈ ચઢ્યા.
કાળું ઘોડું પાછળ પડ્યું,
ચાબુક મારી આગળ કર્યું.

લીલી સોટી લીખારી,
જે ન ભણે તે ભીખારી.
ભણે ગણે તે નામું લખે,
ન ભણે તે દીવો ધરે.
ભણ્યો ગણ્યો તે રૂડું જમે,
વગર ભણેલો કોઇને ન ગમે.
ભણ્યો ગણ્યો તે બેસે ઘોડે,
વગર ભણેલો આગળ દોડે.
ભણ્યો ગણ્યો તે દિવાન થાય,
સઘળા દેશ વિષે પુજાય.

(૪) સરસ્વતી સરસ્વતી તું મોરી મા,
પે'ર પટોળા ઘેબર ખા.
છુટી હોય તો વિદ્યા દો,
થાળ ભર્યો છગ મોતી દો.
મોતીના તો આવ્યા ફુવા,
વાડી વચ્ચે ખોદાવ્યા કુવા.
ખોદતાં ખોદતાં લાધ્યું ગામ,
ભલું વસાવ્યું ખંભાત ગામ.
ખંભાત ગામની નગરી સોપારી,
વસ્યા ઘણા ત્યાં શેઠ વેપારી.
વેપારીનાં આવે વહાણ,
એની સૌને અદકી લ્હાણ.
સરસ્વતીની થાતાં મેહેર,
થાએ સૌને લીલા લ્હેર.

(૫) શ્રી નાથજીની ઘોડી,
ત્રણ પગે ખોડી.
એક પગે હાલે ચાલે,
પાતાળમાંથી પાણી કાઢે.
એ પાણીનો કાવો કીજે,
માબાપના હાથ પગ ધોઈ પીજે.
માબાપે આપી શીખ,
શીખે વળગ્યા તંબોળી.
તંબોળીના ઉંચા વેલા,
સાંજ પડે ગુજરાતી ભેલા.

(૬) સરસ્વતી સરસ્વતી તું મોરી મા,
હંસ ચડે, લળકે જગ મોતી,
થાળ ભર્યો છગ સિન્દુર ચડે.
ઉંચી અંબા નીચી વેલ.
ત્યાં વસે એક નાગર વેલ.
નાગરવેલના લીલા સોપારી,
તેતો વણજ કરે વેપારી.
જેને ઘેર પુજા થાય,
આવતી રેલ તેને ઘેર જાય.
છઠી લેશ મેહેનાજી જાય.
સરસ્વતીની થાતાં મેહેર,
થાય સૌને લીલા લ્હેર.

(૭) પંદર એકું પંદર, પ્હાડી કરે હુનર;
પ્હાડીએ પાડી ચીશ, પંદર દુ ત્રીશ.

(૮) બાવી એકે બાવીશ, ઘઉંની રોટલી ચાવીશ;
ઘઉંની રોટલી સુંવાળી, બાવી દુ ચુંમાલી.

(૯) ચાળી એકે ચાળીશ, મામે ઘોડી પાળીશ;
ઘોડી ગઈ બેસી, ચાળી દુ એંશી.

(૧૦) એક સવાયું સવ્વા, ઘરમાં પેઠા લવ્વા;
લવ્વા ખાય કઢી, બે સવાયું અઢી.

(૧૧) એક અઢીઉં અઢી, કુકડો બિલાડી વઢી;
કુકડે મારી ચાંચ, બે અઢીઆંને પાંચ.

(૧૨) એક ઉઠુ ઉઠ, ઘરમાં પેઠાં ઉંટ,
ઉંટ કરેછે વાત, બે ઉઠાને સાત.

(૧૩) હાજરી કેરો મહીમા કહું, (૨)
એક ચિત્તે સુણજો સહુ. (૨)
સાહેબજી સલામજી. (૨)
મેહેતાજી સલામજી. (૨)
શ્રી શારદા સલામજી. (૨)
હાજરી વખત વહી જાય છે, (૨)
માતા મોરી વાટ જુએ છે, (૨)
એ'ની કેરી ખાય છે. (૨)
તાત અમારા બેસી રહ્યા છે (૨)
ભોજન થંડાં થાય છે. (૨)
ખાજાં જલેબી ઘેબર લાડુ, (૨)
સેવો ને કંસાર (૨)
ઉનો ભાત ને વાડી સાકર, (૨)
કઢ્યા દુધની ધાર. (૨)
ભેગા બેસી ભોજન જમીએ (૨)
તાત લડાવે લાડ. (૨)
આ વખતે રજા દોને મેહેતાજી, (૨)
માની તમારો પાડ. (૨)

જ્ઞાનની મહત્તા.—" બ્હેનો ! જ્ઞાન બળનું મહત્ત્વ એજ ખરૂં મહત્ત્વ છે. વયોવૃદ્ધિમાં મહત્ત્વ નથી. હૃદયની સંપત્તિ એ ખરી સંપત્તિ છે,-ધન વૈભવ ત્હેની આગળ તુચ્છ છે. × × શરીરનું સૌન્દર્ય એ વિધાતાની એક મ્હોટી બક્ષિસ છે, એમાં સંદેહ નથી. પરન્તુ એ સૌન્દર્ય જો આત્માના સૌન્દર્યના પ્રતિબિંબરૂપ ન હોય તો એની કિંમત ઘણી નથી. × × હૃદયનું સૌન્દર્ય વધારવા તરફ આપણું સમસ્ત ધ્યાન ખેંચાવું જોઈએ, અને આપણા સર્વ પ્રયત્નો થવા જોઈએ."

—શ્રીમતી જુબેઈદા અલિ અકબર.

પતિએ પાળવાના દસ નિયમો.

લેખક.—સૌ, નર્મદાબાઈ દ્વિવેદી.—ભાવનગર.

થિઓડોર પાર્કરે પોતાનાં લગ્ન થતાં પહેલાં પોતાને માટે નિચેના નિયમો ઘડયા હતા.

" ઇશ્વરેચ્છાથી મારાં લગ્ન થાય છે, તેથી મારે પોતાના માટે કાંઇક નિયમ ઘડવા એ સારા છે, માટે ઇશ્વરને સાક્ષીભૂત રાખી હું આજથી નીચે લખ્યા પ્રમાણેના નિયમો પાળવાનો અને તે પ્રમાણે વર્તવાનો નિશ્ચય કરૂં છઉં:—

૧ યોગ્ય અને સબળ કારણ શિવાય હું કદી પણ મારી પત્નિની ઇચ્છા વિરૂદ્ધ વર્તીશ નહીં.

૨ સર્વ કૃત્યો મોકળા મનથી તેને માટે કરીશ.

૩ તેને કદી પણ કર્કશ અને નિષ્ઠુરતાથી બોલાવીશ નહીં.

૪ તેના પ્રતિ કદિ પણ તિરસ્કાર મુદ્રાથી જોઇશ નહીં.

૫ એક ઉપર એક એમ સતત હુકમો કરી તેને કદી પણ ત્રાસ આપીશ નહીં.

૬ તેના અંતઃકરણમાં ધાર્મિક વૃત્તિનો વિકાસ થાય તેવા પ્રયત્નો કરીશ.

૭ સદા તેના સુખ દુઃખનો ભાગી બનીશ.

૮ તેના ક્ષુદ્ર વ્યંગ્ય પ્રતિ સદા દુર્લક્ષ કરીશ.

૯ તેના ઉપર સદા પ્રીતિ કરીશ. તેની મૂર્તિ સદા મારા હૃદયમાં સ્થાપીશ, અને સદા તેનું રક્ષણ કરીશ.

ઇશ્વિરની પ્રાર્થના કરતાં સ્નેહયુક્ત અંતઃકરણથી તેના ઉપર કૃપા કરવાની તેની કરૂણા માગીશ. અને આવી રીતે મારાથી વર્તી શકાય તેટલા માટે આત્મદમન કરવા નિરંતર હું પ્રયત્નવાન રહીશ.

દેવી અને રાક્ષસી.

લેખક.—સૌ. દયાવતી ગણેશ, અમદાવાદ.

૧. જેનું મન પવિત્ર, જેની વાણી પવિત્ર, અને જેના કર્મ્મ પવિત્ર છે, એવી કન્યા દેવી છે.-उसे प्रणाम है.

જેનું મન અપવિત્ર, જેની વાણી અપવિત્ર અને જેના કર્મ્મ અપવિત્ર છે, એવી કન્યા રાક્ષસી છે.—उसे धिक्कार है.

૨ જેના મનમાં દયા, જેના હૃદયમાં ધર્મ્મ અને દેશભક્તિ છે, એવી કન્યા દેવી છે.—उसे प्रणाम है ॥

જે સ્વભાવ કઠોર છે, પોતાના ધર્મ્મને ભૂલેલ છે, ધર્મ્મ અને દેશભક્તિથી વિમુખ છે, એવી કન્યા રાક્ષસી છે.—उसे धिक्कार है ॥

૩ વિદ્યામાં જેનો પ્રેમ છે, સતસંગમાં જેની રૂચિ છે, પુરૂષાર્થ અને ઉદ્યોગમાં જે પોતાનો સમય વ્યતીત કરી રહેલ છે, એવી કન્યા દેવી છે.—उसे प्रणाम है ॥

જે અજ્ઞાનમાં ડુબી રહેલ છે, કુસંગથી હિત માનવાવાળી છે, જેનો સમય આલસ્યમાં વ્યર્થ જાય છે, એવી કન્યા રાક્ષસી છે. उसे धिक्कार है.

જે કન્યા સદાચારિણી, પ્રતિજ્ઞાનું પાલન કરવાવાળી સુવીરા, મધુરવાણી બોલવાવાળી, મર્યાદાપૂર્વક કાર્મ્ય કરવાવાળી, આજ્ઞાકારિણી છે એવી કન્યા દેવી છે.—उसे प्रणाम है ॥

જે કન્યા દુરાચારિણી, પ્રતિજ્ઞાનું ભંગ કરવાવાળી ડરપોક, કઠોર વચન બોલવાળી, નિયમથી રહિત આજ્ઞામાં ન ચાલવાવાળી છે, એવી કન્યા રાક્ષસી છે. उसे धिक्कार है

૫. જે સુકર્મ્મ, સુધર્મ્મ, સુભાષણ, અને સુવિદ્યાથી પોતાના અને પરિવારના યશની વૃદ્ધિ કરે છે એવી કન્યાદેવી છે—उसे प्रणाम है:

જે કુકર્મ્મ, અધર્મ્મ, કુભાષણ અને અવિદ્યાથી પોતાના તથા પરિવારના અપયશની વૃદ્ધિ કરે છે એવી કન્યા રાક્ષસી છે.—उसे धिक्कार है.

૬. જેના જીવનથી ગૃહ સુખી, પરિવાર આનન્દી અને નગર શોભાયમાન તથા દેશની ઉન્નતિ થાય છે, ऐसी कन्यायें महादेवी है. उसे प्रणाम है. बारम्वार प्रणाम है ॥

જે ઘરને દુઃખી, પરિવારને પીડિત નગરને કલંકિત કરવાવાળી તથા માતૃભૂમિને નીચ બતાવનારી છે, ऐसी कन्या राक्षसनी है. उसे धिक्कार है. बारम्वार धिक्कार है ॥

સત્સંગ મહિમા. (રત્નહાર ઉપરથી)

લેખકઃ સૌ. બાલુબા સાંગણવાવાળાં—જ્વાશિયા.

સંગતિ ઉપરજ શોભાનો આધાર રહે છે. તપેલા લોઢા ઉપર જળનું બિન્દુ પડે છે, તો તરતજ તે આપો આપ નાશ પામે છે; અને એજ બિન્દુ જો સ્વાતિ નક્ષત્રમાં સમુદ્રની છીપમાં પડ્યું હોય, તો ત્હેમાંથી શ્રેષ્ઠ મુક્તાફળ (મોતી) મળી આવે છે. એટલે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ ગુણની પ્રાપ્તી સંગતિ ઉપર આધાર રાખે છે. માટે માણસોએ સત્સંગ કરવો જરૂરનો છે.

काव्य कुंज.

શ્રીહરીની આરતી.

લેખકઃ સૌ. " કુસુમ "

જયદેવ, જયદેવ, જય પ્રભુ પરમાત્મા, જય પ્રભુ૦
ઈશ ! દયાથી જોશો, (૨) અતિ અધમ આત્મા. —જયદેવ૦
મનુષ્ય દેહ ધરીને, સાર્થક નવ કીધો, (૨)
મળ્યો અમુલ્ય સમય પણ, (૨) સાર ન કાંઇ લીધો. —જયદેવ૦
પરમારથ નવ કીધો, મનમાં દયા ધરી ના; (૨)
પરનિંદા બહુ સુણીને, (૨) સ્વમુખેથી પણ કરતાં. —જયદેવ૦
પ્રભુ સ્મરણ નવ કીધું, અધરમ બહુ કીધા; (૨)
પુણ્યનો માર્ગ ન સુઝ્યો, (૨) અપજશ અતિ લીધા.—જયદેવ૦
હે પ્રભુ દીન દયાળ ! વધુ શું વદું મુખથી, (૨)
વિશ્વારણ્યની માંહિ (૨) ભ્રમણું છું દુખથી.— જયદેવ૦

સત્ય જવાથી થયેલી હાનિ.

સંપાદકઃ શ્રી રમણલક્ષ્મી—મુબઇ.

(લલિત.)

અરર દેશિયો ! શું જુઓ થયુ ? સરવ સુખકું આપણું ગયુ;
સત્ જવા થકી સંપતો ગયો; સત્ જવા થકી ઉદય ના રહ્યો.
સત્ જવા થકી માન પણ ગયું, સત્ જવા થકી તેજ ના રહ્યું;
અસતથી જુઓ લાગણી ગઇ, નથીજ કોઇને કોઇની રહી !
અસતથી બહુ લાભ વાધીયો, અધિક લોભથી ક્રોધ જાગીયો;
ધરતણું સહુ સંપ સુખ ગયાં, અસતથી બધે કલેશો રે થયાં !
નથી જ સંપરે સ્વામિ નારમાં, નથી જ સંપરે માત બાળમાં;
સંપ જંપ રે આપણાં ગયાં, અસતનાં બધે ઝેર વાધીયં

સતી સ્મરણ.

લેખકઃ શ્રી સવિતાગૌરી—સુરત.

(રઘુપતિ રામ હૃદયમાં રહેજોરે—એ રાગ.)

સખી! શણગાર શિયળ વ્રત સજીયેરે,
દુષ્ટ વિષય વિકારોને ત્યજીયેરે;
પ્રભુ નામ નિરંતર ભજીયે. —સખી.
થઇ પૂર્વે સતીઓ સારી રે,
કીધાં પરાક્રમ તેણે ભારી રે;
જેણે જગતમાં કિર્તી વધારી. —સખી.
સતી સીતાની વાત લ્યો જાણીરે,
નથી વિશ્વમાં કોઇને અજાણીરે;
શરી શિયળવતી ગુણ ખાણી. —સખી.
માટે શીયળ તેવાં ધરવાંરે,
ખોટાં ક્ષણિક સુખોને હરવાંરે;
પ્રભુ બળ આપો શુભ મતિ વરવા. —સખી.

સ્ત્રીઓનાં નિત્યકર્મ.

લેખકઃ સૌ. ગંગાગૌરી ત્રિવેદી—વળા (હાલ મુંબાઇ.)

(રાસડો)

આજ આનન્દનો છે દિન, પ્રથમ પ્હોર પ્રભુ ભજોરે લોલ;
ગીતો ગાવોને હરખાવો, ભાવેથી પતિ પ્રભુ ગણોરે લોલ.— આજ૦
(સાખી) પ્રભાત પ્હેલાં ઉઠીને, ધરવું હરિહર ધ્યાન,
કરવું તનમન શુદ્ધ, ને સ્મરવું પતિગુણ ગાન.— આજ૦
સ્નાન, ધ્યાન, પુજન કરો, ઘરગતુ કામ તમામ,
ઘણી ભાળ સંભાળથી, ઠીક ઠરીને ઠામ.— આજ૦
ભોગ ભલી ભાતે કરી, સજવું પાકનું કામ,
પતિ જમાડો પ્રેમથી, ધરી થાળ હરિનામ.— આજ૦
કુટુંબીજન સંતોષવા, જમવું સૌ સંગાથ,
એવું વ્રત જો આદરો, મહેર કરે જગનાથ.— આજ૦
નિજ સંતાનો સાચવી, દો સદગુણનો બોધ,
પુસ્તક વાંચી ઉમંગથી, તજો મોહ મદ ક્રોધ.— આજ૦
પતિ સંગતમાં રહી સદા, કરો પ્રેમ વિનોદ,
સંતતિને પ્રિય રાખજો, ધર્મ નીતિની ગોદ.— આજ૦
શયન કરો સુખમાં પછી, લઇ ઈશ્વરનું નામ,
"ગંગાગૌરી" વીનવે, કરો નિત્ય એ કામ.— આજ૦

સ્ત્રીબોધ.

લેખક: સૌ. હીરાલક્ષ્મી—જંબુસર.

('પ્રિતમજીરે પ્રીત કરી શું વીસારી'—એ રાગ.)

પ્રિય બ્હેનો રે ! વાત કહું એક સારી, જે છે આપણને હિતકારી;
દોષ સર્વેરે, ક્ષમા કરજો બ્હેન ! મારા, સર્વે છો ગુણુ લેનારાં.
ખાવું પીવું રે, કાર્ય નથી એ એક, છે ફરજો માથે અનેક;
પ્રભુ તુલ્યે રે, નાથને બ્હેની ! જાણી, સેવા કરવી તેની, શાણી !
માત તાતરે, વળિ શ્વસુર ગૃહમાંહે, ઉચે સ્વરથી ન બોલવું ક્યાંયે;
દીયર જેઠરે, નણુદી ને એની જાણો, ભાડુ સરખાં સર્વે પ્રમાણો.
સ્વભાવ શાન્તરે સહનશીલતા ધરવી, વાત ઉરની ન કોઇને કરવી;
ક્રોધ કદીયેરે, કોઇ ઉપર નવ કરવો, ગુણ ક્ષમાનો ઉત્તમ સજવો.
પ્રાત:કાળેરે વ્હેલાં ઉઠીને નિત્ય, પ્રભુ સ્મરણ કરવું દઇ ચિત્ત;
નાહી ધોઇ રે, ધરવું હરીનું ધ્યાન, જેથી થાયે આત્મકલ્યાણ.
જન્મી જગમાંરે, પ્રભુને બ્હેની ! વીસરીયે, તો તો કૃતઘ્ની આપણુ ઠરીયે;
શુભ જન્મરે, આપી કર્યો ઉપકાર, સુખદાતા શ્રી વિશ્વાધાર.
દ્દઢ ચિત્તેરે, પ્રભુનું ધ્યાન જ ધરવું, પછી ગૃહ કાર્યે પરવરવું;
ધર્મ કામેરે, સદાય ઉત્સુક રહેવુ, દીન જનોને શુભ દાન દેવું.
લક્ષ્મી કેરોરે અહંકાર નવ ધરવો, સત્કાર્ય માંહિ વ્યય કરવો;
અતિ ચંચળરે સ્થિર લક્ષ્મી નવ જાણો, ખર્ચ્યું તેજ પોતાનું પ્રમાણો.
કરકસરે રે, બ્હેની ! જરૂરની કરવી, પાછી પાની સત્ખર્ચે ન ભરવી;
નીતી માંહીરે નારાયણનો વાસ, સૂત્ર યાદ એ રાખવું ખાસ.
આવકનેરે સર્વદા કરીને વીચાર, ખર્ચ રાખવો તેવો સાર;
ખરી સાદાઇરે નમ્રતાને સુવિવેક, શીલ સંભાળી રાખવો ટેક.
પડે સંકટ રે, શીળ તોયે ન વીસરવુ, નીચી નજરે સદા સંચરવું;
અન્ય ભગિનીરે, હોયે કોઇ અજ્ઞાન, રોગ સંકટમાં જો જાણ,
આપી સુજ્ઞાનરે કરવી મદદ તેને સારી, નીચ ઉંચ પદ મુકવું વીસારી;
બાળકનેરે, શિક્ષણ સારૂં આપો, સદગુણ હૃદયમાં સ્થાપો.
ભવીષ્યનોરે, જે પર છે આધાર, નવ રહો તેથી બેદરકાર;
આગે સતીયોરે, સીતા દમયંતી સારી, રામ ભીષ્મે ! સુકીર્તિ વધારી.
દેશ કાજેરે, કરી પ્રાણુની નહિં દરકાર, કરી સ્ત્રીઓએ મદદ અપાર;
પુરે સાક્ષીરે, તેહની ગ્રન્થો અનેક, ક્યાં છે આજે એવો બ્હેની ! ટેક
પ્રભુ ! અમનેરે, એવી સુબુદ્ધિ આપો, નિરબલતા સઘળી કાપો;
હિન્દ રત્નોરે સુરદવે બ્હેની અમારી, કરે વિનતી પુત્રી તુમારી.

સ્ત્રીનો પતિ એજ ઇષ્ટ છે.

લેખક: સૌ. મહાલક્ષ્મી પ્રભુશંકર.

('જીને આપકું જોયા નહિં' એ રાગ).

પતિ વિના સ્ત્રીની ગતિ નથી, જો જો વિચારી મથી મથી;
પતિ વિણુ કદી ઉંચી ગતિ, સ્ત્રી ફેરી ના ભવમાં થતી.
તેને ન કો દિશ સુઝતી, ઉલટી અધિક દુઃખમાં જતી. —પતિ વિના.

શાસ્ત્રો પુરાણો ગાય છે, પતિ વિણુ ન સુખ પમાય છે,
તેની ન અહિં જગ્યાય છે, થતી તેહની નરકે ગતિ. —પતિ વિના.

ભલે તત્વનું ચિંતન કરે, ભલે દાન તે વિધવિધ કરે,
પણુ અર્થ ના એથી સરે, પતિ દુભવી જો પ્રવૃત્તિ થતી. —પતિ વિના.

કંઇ સ્ત્રીઓ સદ્દગુરૂ સંતને, સેવે ઘણાય મહંતને,
પણુ તેથી તે ભવ અંતને, વિતે કલ્પ પણુ નવ પામતી. —પતિ વિના.

સ્ત્રીને પતિ એકજ દેવ છે, તેને ન કો બીજું સેવ્ય છે,
કરવી ઘટે નિશ્ચેજ છે, સન્નારિ એ સેવા પતિ. —પતિ વિના.

ઇશ્વરના ગુણુગાન.

લેખક: સૌ. ધુમન બ્હેન—સુરત.

(ભુજંગી)

નમી હાથ જોડી વીનંતી કરૂં છું, સદા શિવને પ્રેમ ભાવે સ્મરૂં છું;
વિરાજો તમે નંદીના વાહનેરે, નહિં પાર પામું લીલા શિવનીરે,
જગે જોઉં તારી ગતિ ન્યારી ભાસે, પ્રભુ ગાઉં છું ગુણ તારા ઉલ્લાસે;
સદા તુજ છાયા તળે હું વિરામું, કૃપા રાખજો હે વિભુ પાય લાગું.
દયાભાવથી આપ સંભારી રાખો, પ્રભુ દાસનાં દુખડાં કાપી નાખો;
નહિ ગુણુ ગાવા મતિ મારી ચાલે, પ્રભુ ભક્તિમાં મન મ્હારૂંજ મ્હાલે.
હદેમાં મને પ્યારી છે આપ સેવા, કરૂં શુદ્ધ ચિત્તેથી દેવાધિદેવા !
ધરૂં ધ્યાન નિત્યે પ્રભુજી તમારૂં, અનુ ! શિવ ચર્ણે રહો ચિત્ત તારૂં.

પત્નીને શીખામણ.

લેખક: સૌ. કપિલા—અમદાવાદ.

ગૃહિણી ! બની ગુલતાન શું તું અન્ય તારાં કાજમાં ?
ને સેવના કીધી પતિની લોકકેરી લાજમાં !
ભમતી અરે ! તું મન્દિરે કલ્યાણ કરવા દેહનું;
જો ના પતિ-કલ્યાણ ચારે દર્શનેથી શું વળ્યું ?
કરી ઢોંગ મિથ્યા તું દમે વ્હાલા પતિને, પ્રિય સખી !
પણ જાણજે દીલે ખચિત એના વિના મુક્તિ નથી.
ના સેવીઓ જેણે પતિ નિજ દેવ માની સર્વદા;
સદ્‌ગુણ તેના સર્વને માનો સખી] જન્મ્યા વૃથા !
હરનિશ ખુશ રાખો પતિ, ચાહો કદિ ના અન્યને;
પામો અચલ કીર્તિ અને પ્રભુની કૃપા થઇ "ધન્ય"ને

નવા વર્ષની પ્રાથના.

લેખક: બ્હેન 'સ'.-

તમ ચરણે આવાર, પ્રભુ ! હું તમ ચરણે આ વાર;
માગું નમી આ વાર, પ્રભુજી ! તમ ચરણે આ વાર.
શુભ દીન આજનો મંગળકારી, વર્ષ નવીન સુહાય,
મહેર કરી કરૂણા વર્ષાવી અમપર હે જગરાય !-પ્રભુજી.
કષ્ટ અમારાં સર્વે કાપો, કલેશ, દ્વેષ, અંધકાર,
બ્હેની સૌ મળી આશીષ માગો, (કરો) વર્ષ નવીન જયકાર-પ્રભુજી.

પ્રભુ સ્તવન.

લેખક: સ્વ. સૌ. રતિમન બ્હેન—સુરત.

(વસંતતિલકા.)

હે ઇષ્ટદેવ ! ચરણે નમું આપને રે, ટાળો સદા મુજ તણા સહુ તાપને રે;
સંહાર આપ કરજો સહુ પાપ કેરો, સન્માર્ગમાં વિચરવા મુજ મન પ્રેરો.

રેજો હૃદે મમ સદા, પ્રભુ ! નિત્ય આપ, જેથી ટળે તમ કૃપા થકી કષ્ટ પાપ;
દેજો દયાળુ ! મુજ રંક ઉરે સુબુદ્ધિ, જેથી કરૂં નિશદિને તમ એક ભક્તિ.
જોવા સદા સ્વરૂપ આપનું ને વિભૂતિ, ચક્ષુ તણી પડળ જાયજ એ વિનંતિ.
આધાર આપ જગના પ્રભુ છો કૃપાળ, પ્રેમી સ્વરૂપ દીપ તું અતિ છો દયાળ.
તાર્યાં અગણ્ય તમ ભક્ત પ્રભુજી ! પૂર્વે, આ વિશ્વમાં ફસી પડી હરિ ! હું હું ગર્વે.
પ્રેમે કરૂં સ્તવન હું પ્રભુ ! માની લેજો, વિનતિ રતીમન તણી શુણી શર્ણ દેજો.

रमणीमणिमाळा.

" એક સાચી સતી. "

લેખકઃ—શ્રી મહીમન ગૌરી.

આ ચરિત્રની નાયિકા કાઠીઆવાડમાં આવેલા જાણીતા ભાવનગર શહેરમાં એક ગરીબ સુથાર કુટુંબમાં જન્મી હતી. સુથારની જ્ઞાતિ (જો કે તેમાંથી પ્રો. ગજ્જર જેવા વિદ્વાન આપણને મળ્યા છે તો પણ) સામાન્ય રીતે કોઈ પણ બાબતમાં ઉચ્ચ ન ગણાય. કેળવણી તથા આચાર વિચારમાં તેઓ ઘણા પછાત છે. પરંતુ આ સ્ત્રી પોતાના સદગુણને લીધે (જે વાંચનારને પાછળથી માલમ પડશે) ઉચ્ચમાં ઉચ્ચ બ્રાહ્મણ કુટુંબને શોભાવે એવી હતી. જો ગુણ કર્મથીજ તેની જ્ઞાતિ જોઇએ તો તે શુદ્ધ બ્રાહ્મણજ હતી.

એ સ્ત્રીનો બાપ તેને ઘણી નાની વયમાં મૂકીને મરી ગયો હતો અને પોતાની પાછળ પોતાની સ્ત્રીને એક છોકરો અને એક છોકરી સોંપી ગયો હતો. આ છોકરીને કેળવણીનાજ સાંસા હતા. કારણ, તેની માતા ગરીબ અને અભણ એટલે ભણાવવાના લાભ ક્યાંથીજ સમજે ? તેમજ તેની આસપાસના લોકો પણ અભણ, સારા નઠારાનું ભાન વિનાના, ઉંચી રીત ભાતથી અજાણ્યા કેળવણી તો શું પણ તેને કોઇએ વાંચતાં લખતાં પણ શીખવ્યું નહોતું. તેનો સહવાસ પણ ઉપર કહ્યું તે પ્રમાણે કોઇ પણ રીતે સારો નહોતો. પરંતુ આપણી માન્યતા છે તેમ તેના પૂર્વ જન્મના ઉચ્ચ સંસ્કારને લીધે કે કાંઇક દૈવી કૃપાને લીધે તેની બાલ્યાવસ્થામાંથીજ તેને અનેક વખતે ઇશ્વરની લીલા સંબંધી વિચાર આવતા અને જ્યારે ઝાડો પાસે જઈ બેસતી ત્યારે આ બધું કરનાર કોણ હશે, વિગેરેના સંકલ્પવિકલ્પ કરતી. પરંતુ તેની આસપાસ તેને સમજાવી શકે અને તેની સમજ શક્તી ખીલવી શકે એવું કોઈ નહોતું. ઘણીકવાર નાનાં બાળકો નાનપણની જીજ્ઞાસામાં એવા એવા હજારો સવાલ પુછે છે કે જેનું નિરાકરણ સમજવું તેઓની શક્તીની બહાર હોય છે છતાં પણ તેઓને તોડી પાડવા નહી જોઇએ. કારણ તેમ કરવાથી તેમની જીજ્ઞાસા વૃત્તિ ઘટી જાય છે અને તેમનું મન ખીલી શકતું નથી. પરંતુ આ નાની બાળામાં ઇશ્વર સંબંધી હજારો વિચાર સ્ફુરતા અને તેનું મન જાણે ઇશ્વરમય બનાવવા માગતા હોય તેમ મનમાંજ શામી જતા, અને પરિણામે નાનપણથીજ ઇશ્વિર પર શ્રદ્ધા થઇ હતી.

તે જ્યારે સાત વર્ષની થઈ ત્યારે તેનું લગ્ન થયું અને સાસરે આવી. સાત વર્ષની બાળા તે લંગ્નની જવાબદારી કે પોતાના પતિ સાસુ–સસરા તરફની ફરજો કેવી રીતે સમજે ? તેના મનને તો લગ્ન એટલે પોતાના ઘરથી બીજાના ઘેર ગાડીમાં સારાં કપડાં પહેરીને વાજતે ગાજતે જવાની ક્રીયા, અને પતિ જો તેની ઉમરથી નાનો હોય તો પોતાની રમત ગમતનો એક સાથી અને મોટો હોય તો પોતાને ખવડાવી પીવડાવનાર અને લાડ લડાવનાર બાપ પણ હોય ! આવી નાની ઉમ્મરમાં પરણીને સાસરે આવ્યાં પછી આ બાળાને તેનો પતિ તેની અંતર બુદ્ધિ ખીલવવામાં સહાયભૂત થયો. તેનો પતિ સ્હેજ

બહાર ફરેલો હોવાથી વાંચવા લખતાં શીખવવાથી બૈરાંને થતો ફાયદો સમજતો હતો. અને આ બાળાને પણ ઉંચા સંસ્કારને લીધે હોંસ થઇ અને પતિની આજ્ઞાને માન આપતાં શીખી. તે થોડા વખતમાં સાધારણ વાંચતી થઇ અને મ્હાવરાથી અઘરૂં ગુજરાતી તેમજ સંસ્કૃત ઘણી સ્પષ્ટ રીતે વાંચતી થઇ ગઈ. જેમ જેમ મોટી થતી ગઇ અને પતિના સહવાસમાં વધારે આવતી ગઇ તેમ તેમ ઉંચી રીતભાતથી જાણીતી થઈ. ઘરમાં ચોખ્ખાઇ રાખતી થઇ, સાસરામાં પણ દરેકનું કામ ઘણી હોંસથી અને પોતાની ફરજ જ છે એમ સમજી કરતી થઇ. પતિની ઇચ્છા તે ઇશ્વરની આજ્ઞા સમજવા લાગી. તેને ધર્મનાં પુસ્તક વાંચવાનો ઘણો શોખ હતો એટલે સતીમંડળ અને રામાયણ વાંચ્યું, અને તેમાં સ્ત્રીઓની કેટલીક વાતોમાં આવ્યું હશે કે સાસુ સસરા વિગેરે ઘરના મોટાઓની સેવા કરવી. પ્રથમ તો એણે માન્યું કે સેવા કરવી એટલે પૂજા કરવી અને તે પ્રમાણે તે પોતાના સાસુ સસરા વિગેરેને બેસાડી દેવની પૂજા કરતી હોય તેમ ચંદન પુષ્પ ચડાવતી અને છેલ્લી વારે તેમની આરતી કરી નમસ્કાર કરતી. ઘણેક દિવસે તેના પતિને નાટક કંપનીમાં સુતારના કામની નોકરી મળી અને તે પોતાની સ્ત્રીને બહારગામ લઈ ગયો.

મોટા શહેરમાં આવવાથી અને સારા માણસના સહવાસથી તે સ્ત્રીને સમજ પડી કે સેવા કરવી એટલે ચંદન ફુલ ચડાવવાં નહિ પણ મુરબ્બી તથા પતિની આજ્ઞા પાળી તેનું મન કદી દુઃખી કરવું નહિ, તે શી રીતે સુખી થાય તે સંબંધી હમેશ વિચાર કરવો, પોતાના પતિને તરવારના ઘા માફક વાણીના કાટકા મારવા નહિ, પરંતુ તેનું કામ પ્રસન્ન ચિત્તથી અને ઘણા ઉમંગથી કરવું, તે ગમે તેવો ગુસ્સો કરે પણ બોલવું નહિ અને જે કહે તે પ્રમાણેજ વર્તવું. તેને સુખે સુખી થાવું અને તેને દુઃખે દુઃખી થાવું વિગેરે. આ બધુ તે સારી પેઠે સમજી અને તે પ્રમાણે પોતાનું વર્તન રાખ્યું.

ઘણે દિવસે તે બાઇ સુરતમાં પોતાના ધણીની સાથે જાથુકની રહેવા આવી. અને તે મારી પડોશમાં રહેતી હતી એટલે મારે તેની જોડે પરિચય થયો અને તેથીજ તેની થોડી ઘણી હકીકતથી વાકેફ થઇ. જેમ જેમ મારો તેની સાથેનો પરિચય વધતો ગયો તેમ તેમ મને માલમ પડ્યું કે તેની ઈશ્વર પર ઘણી આસ્થા અને પ્રભૂ પર પૂર્ણ શ્રદ્ધા હતી. તે હંમેશા રામાયણનો પાઠ કરતી અને તેમાં પણ સુલોચનાની પતિ ભક્તિ અને ઇન્દ્રજીતના મરણ પછાડી તેની જોડે બળી મરવું અને મરતી વખતે એકનીષ્ઠાથી કરેલી રામની સ્તુતિ એ સઘળું બાઇના મનમાં હમેશા રમ્યાજ કરતું અને દરેક વખતે એ અધ્યાયનું સ્મરણ કર્યા કરતી. સતીમંડળના પુસ્તકને તે ઘણું ચાહતી. કારણ સતીઓના ધર્મ જેવા તેમાં લખ્યા હતા, તેવાજ ધર્મ તેને ગમતા હતા. ભાગવતની કથા તે હંમેશાં વાંચતી અને ભગવાનના ગુણાનુવાદ પોતે ગાતી, અને આનંદ પામતી. અને એ સઘળી કથા બીજાને કહી સંભળાવી મગ્ન થતી. તેને ખાવા પીવા પહેરવા વિગેરે બીજી સંસારીક વસ્તુ પર પ્રેમ હતોજ નહિ, અને ઘણી સંતોષી હોવાથી કોઈની પણ ઇર્ષા કર્યા વગર પોતાના પતિના ટુંકા પગારમાં સુખથી રહેતી. ઇશ્વર પર તેની દૃઢ શ્રદ્ધાને લીધે અને પતિને માટે ખરા સ્નેહને લીધે તેના પતિનો આકળો સ્વભાવ પણ તેને ભારી લાગતો નહોતો. અને ખરૂં પૂછાવો તો સ્ત્રીઓને સંસારમાં સુખી થવાની આ એકજ કુંચી છે, અને તે કુંચી તેના હાથમાં સંપૂર્ણ રીતે હતી. એટલે જ્યાં સાધારણ સ્ત્રીઓ દુઃખી થાય

ત્યાં આ બાઇને દુઃખનો પડછાયો પણ લાગતો નહોતો. તેનો પતિ કોઇવાર તેને સતાવતો તોપણ તે કાંઇજ મનમાં ન લાવતાં તેને શાંત પાડી તેની ઇચ્છાનુસાર વર્તન રાખી તેને ખુશ કરતી અને તેની પછાડી તેની નીંદા કરતાં મેં એને કદી પણ સાંભળી નથી.

ઇશ્વર પર અપૂર્વ પ્રેમને લીધે તે પીંગળ કે એવું કાંઇપણ શીખ્યા વગર જેવી રીતે આપણામાં નરસિંહ મહેતો અને મીરાંબાઈ કરી ગયા તેવી રીતે પ્રભુની લીલાનાં ભજન તે બનાવતી અને ગાતી. કેટલાક પ્રભુ-ભક્તનાં નાટક પણ તેણે લખ્યાં હતાં. થોડું ઘણું તેમાંથી મેં વાંચ્યું હતું અને થોડાં ઘણાં ભજન પણ સાંભળ્યાં હતાં. તેની ઇચ્છા એમ હતી કે કોઇ હોંશીઆર માણસને બતાવી તેમાં સુધારો વધારો કરીને છપાવવા કે ઇશ્વરના ગુણો બીજા પણ ગાય. પણ તેમ તે કરી શકી નહિ. તેનાં ગુપ્ત લખાણ ગુપ્તમાંજ રહ્યાં અને બહાર પડવાનો પ્રસંગજ આવ્યો નહિ, અને આ સર્વ છોડી તે ટુંક વખતમાં ચાલી ગઇ.

તેનો ઇશ્વર પરનો પ્રેમ એવો હતો કે જે પીત્તળની ભગવાનની મૂર્તિને પૂજતી અને જે આકાર તેણે હૃદયમાં ઠરાવેલો તે આકાર ઘણીવાર તેને હસતો લાગતો. ભાગવતમાંથી ગજેંદ્રની સ્તુતિ તે વારંવાર ભણતી હતી. જ્યારે જ્યારે તે હમારે ત્યાં આવતી ત્યારે કોઇપણ દીવસે બીજી કાંઇ નહિ પણ ઇશ્વર સંબંધીજ વાત કરતી. એમ કરતાં થોડે દીવસે હું તેનાથી છુટી પડી. હું બહારગામ ગઇ અને એ પતિપત્ની હમારી પડોશમાંથી બીજે ઠેકાણે રહેવા ગયાં એટલે ફરીથી મારે કોઇ દિવસ એની જોડે બીજી વાત કરવાનો પ્રસંગ આવ્યો નહિ, કારણ તે હંમેશને માટે આ દુનીઆ છોડી પ્રભુના પરમધામમાં પતિસહ સુખ પામવા ચાલી ગઇ. હું મુંબાઇમાં હતી તે વેળા મેં સાંભળ્યું કે તે બાઇએ પોતાના પતિએ પ્રાણ તજ્યા તેની થોડીજ વારે પોતે પણ દેહ છોડ્યો. તેના ધણીને હાર્ટડીસીઝ હતો. અને જે દિવસે એને મરવાનું હતું તે દિવસે એમ બન્યું કે તે કામથી ઘેર આવ્યો અને ખાઈપીને સાધારણ વાતે દંપતી વળગ્યાં અને વાતમાં ને વાતમાં જાણે ભાવીએ આ વાત તેના મુખમાં મૂકી ન હોય તેમ તેની સ્ત્રીને પૂછ્યું કે "હું મરી જાઉં તો તું શું કરે ?" તે પતિ પરાયણ સ્ત્રીએ કહ્યું કે "હું પણ તમારી સાથેજ મરી જાઉં તમારા વિના હું જીવુંજ નહિ." આ વાત કરી રહ્યા પછી થોડેજ વખતે દૈવયોગથી ઇશ્વરે જાણે આ તેના વચનની કસોટી કરવાનો વખત ન આણ્યો હોય તેમ તેનો ધણી હાર્ટડીસીઝથી મરી ગયો. જેવો આ બનાવ બન્યો કે તરતજ કોઇને કહ્યા વગર કે જરા પણ રડ્યા વગર પોતાના સારાંમાં સારાં કપડાં પહેરી, ચાંલ્લો કરી, આંખ આંજી અને તે પ્રમાણે સતી થવાનાં સઘળાં ચિન્હો કરી ત્રીજે માળે ગઈ. સૌને આ વાતની ખબર પડી અને તેઓ ઉપર જાય એટલામાં તો ત્રીજે માળેથી નીચે તે બાઇએ ઝંપલાવ્યું. પડતાંવારજ તેનો જીવ ગયો નહિ, પણ અડધોક કલાક બેભાન અવસ્થામાં પડી રહી. રામના નામનું સ્મરણ કરતી તે પોતાના પતીની પાછળજ સ્વર્ગનાં અલૌકિક સુખ પામવા ગઈ. ઘણીકવાર એવું બને છે કે સ્ત્રીઓને વૈધવ્યનું દુઃખ આવતાં તેઓ આકળાં થઇ જઈ આવું કરે છે, પરંતુ તેમાંનાં ઘણાં દુઃખ પામી પાછાં સારાં થાય છે. પરંતુ આ સ્ત્રીનું પોતાના મનોબળથી કાંઈપણ દુઃખની લાગણી વગર પતિ પાછળ પ્રાણાર્પણના શુદ્ધ વિચારથીજ જે કામ કર્યું તેમાં ઇશ્વરે પ્રસન્ન થઇ, પોતાની કસોટીમાંથી જય પામેલી આ બાઇને વધારે કસોટીમાં ન મુકતાં પોતાની પાસે

આ પતિ પત્નીના શબને અગ્નિ સંસ્કાર પણ સાથે થયો. હાલના સમયમાં પતિને માટે આવી તીક્ષ્ણ લાગણીવાળી થોડીજ હશે. ગામડાની, સાધારણ સ્થીતિની, હાલની કેળવણી વગરની પરંતુ ઉંચા સંસ્કારવાળી અને ઉચ્ચ કર્મવાળી, જેના સમાગમમાં આવવાથી આપણું દુઃખ ભૂલાય એવી એક સ્ત્રીને વિશે મેં મારી સાધારણ બુદ્ધિથી લખવાની ઇચ્છા કીધી છે. જે ટુંક સમયનો મારે એની સાથે પરિચય થયો તેના પરિણામે હું જ્યારે એને યાદ કરૂં છું ત્યારે બે અશ્રુરૂપીજ નિવાપાંજલી આપું છું. તે પોતાના સંભારણામાં જે તેની સાથે પરિચયમાં આવ્યા તેની આગળ પોતાની પતિપરાયણતા, ઇશ્વરપરની દૃઢ શ્રદ્ધા અને પોતાનો સદગુણ એજ મૂકી ગઇ છે. તે સત્તાવીશ વર્ષની હતી પણ કાંઇ સંતાન મૂકી ગઇ નથી. આ બાઈ માત્ર ઇશ્વર પ્રતિજ નહિ પરંતુ મનુષ્ય પ્રતિ પણ તેવોજ પ્રેમ રાખતી હતી. તેનું હૃદય એટલું સ્નેહાર્દ્ર અને કોમળ હતું કે આ નીચે લખેલ તેની જીંદગીમાં બનેલા દાખલા ઉપરથી તે કોમળતા વધારે સારી રીતે સમજાશે.

એક વખતે આ બાઇ પોતાના એક પાડોશી પાસે બેઠી હતી અને કાંઇક સાધારણ વાતો કરતી હતી એટલામાં એક ભીખારણ આવી અને એ બન્ને પાસે માગવા મંડી. પેલી પડોશણે ભીખારણને ઘણો તીરસ્કાર કર્યો અને કેટલાંક કટુ વચનો કહી કાઢી મૂકી. પરંતુ આ બાઇથી તે સઘળું ખમી શકાયું નહિ અને તેણે પાસે બેઠેલા બૈરાંને કહ્યું કે "આ બીચારી ગરીબને કંઇપણ વસ્તુ આપવી જોઇતી હતી ને તે ન આપી તો આવો તિરસ્કાર કરવો યોગ્ય નહોતો. તે ભીખારણને કાંઇ પણ ન બોલ્યા હોત તો થોડો વખત ઉભી રહી તે ચાલી જાત પણ તે દુઃખીઆરીને વધારે દુઃખી કરી અને કાઢી મૂકી એથી મારા મનને ઘણું લાગે છે." એવા શબ્દથી ત્યાં બેઠેલી સ્ત્રીઓ ઉશ્કેરાઇ ગઈ અને તેમાંથી એકે મ્હેણું માર્યું કે બેન! બહુ ઉદાર દીલનાં અને ઘણાં દયાળુ છો ત્યારે કાલે પાછી માગવા આવે ત્યારે તમારી સાડીજ આપી દેજો. ત્યારે હમે જાણીશું કે તમે ઘણાં દયાળુ છો. બીજાની વાતમાં વધારે ડહાપણ ન કરીએ. પહેલાં પોતે કરી બતાવીએ અને પછી સામાને કહીએ, વિગેરે."

આ બાઈ પોતે સાચી હોવા છતાં તે વખતે કાંઈજ બોલી નહિ અને મુગી થઇ ઘરમાં ચાલી ગઈ. બીજે દિવસે તે માગનારી પાછી ત્યાં માગવા આવી ત્યારે પેલી પડોશી બાઇએ કહ્યું કે "સામા ઘરમાં બાઇ રહે છે તે ઘણાં દયાળુ છે અને તે તને સાડી આપશે" પરંતુ તે ભીખારણે તે બધું સત્ય માન્યું અને આ બાઇ પાસે, સાડી માગી એટલે તરતજ પોતાની એકજ સાડી જે હતી તે ઘણાજ હર્ષથી આપી દીધી અને પોતે તે દીવસે ઘણીજ ખુશી રહી જાતે ગરીબ છતાં ગરીબ તરફ આવો ભાવ ધરાવતી આ સ્ત્રીને આપણે ધન્યવાદ આપીશુંજ. આ સ્ત્રી સાથે, જે સ્ત્રીઓ પાસે ગરીબને મદદ કરવાનાં સાધનો છે છતાં મદદ નથી કરતી તેમને સરખાવતાં, આ બાઇને મારે વધારે માનજ પેદા થશે.

આ ઉપર લખેલા ટુંકા જીવન ઉપરથી એક પ્રશ્ન ઉભો થાય છે કે આ બાઈની પ્રકે બધી સ્ત્રીઓએ પતિની પાછળ પ્રાણ ત્યાગ કરવો તે યોગ્ય કે કેમ? બધાજ કબુલ કરશે કે એમ પ્રાણ આપવા એ અયોગ્ય છે. પરંતુ, ધણીના મરણ પછી જે સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે તેનો ગેરઉપયોગ કરી કેટલીક સ્ત્રીઓ આડે રસ્તે ઉતરી જાય છે એ ઘણું

ખેદકારક છે. કેટલાક કહે છે કે વિધવાઓ પુનર્લગ્ન કરે તો શું ? પરંતુ પુનર્લગ્ન કરવાને બદલે એ સ્ત્રીઓને ધર્મનું પુરતું જ્ઞાન આપી વૈરાગ્ય પ્રાપ્ત કરાવી લોકસેવાને માર્ગે ઉતારી શકાય એવી સંસ્થાઓ નીકળે એ વધારે ઇચ્છવા જેવું છે. પુનર્લગ્ન નહી કરવામાં આપણી એક પ્રકારની ઉચ્ચતા જળવાઈ રહી છે, અને તે છોડી દઈ સાઠ વર્ષના બોખા ડોસાઓ પરણવા તૈયાર થઇને આપણને કંટાળો આપે છે તેના કરતાં કાંઇક અધીક કંટાળો સાઠ વર્ષની બોખી ડોશીયો ત્રીજી–ચોથી વાર પરણવા નીકળી આપે એવો રસ્તો ગ્રાહ્ય નથી. આપણે હીંદુ છીએ, ઐહિક સુખ કરતાં સ્વર્ગીય સુખને વધારે ઇચ્છીત ગણનારા છીએ, સંસારને અસાર કહેનારા છીએ, તો ઐહિક સુખનો વિચાર બાજુએ મુકી એક પતિવ્રતમાં નિમગ્ન રહેવામાં શા માટે મોટાઇ ન લઇએ ? આપણા હિંદુઓમાંથી ગં૦ સ્વ૦ બાઇજીગોરી અને નાની બેને વિધવાઓને સારે રસ્તે દોરવવા જે પ્રયત્નો આદર્યા છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે, અને એવાં કાર્યો જેમ જેમ વધારે સફળ થશે તેમ તેમ પુનર્લગ્ન પાછું હઠશે, આપણી વિધવાઓ દેશને વધારે ઉપયોગી થશે અને એમાં તેઓનું પણ કલ્યાણજ થશે.

આ લખતાં મને એવો વિચાર આવે છે કે આ લેખની નાયિકા જેવી આર્ય સંસારમાં કેટલી સ્ત્રીઓ હશે ? ઘણીએક દુનીઆને પોતાનું અસ્તિત્વ જણાવ્યા વગર જીવતી હશે અને ઘણીએ મરી ગઇ હશે. ઈશ્વરપર અન્ધ શ્રદ્ધા કહો કે પૂર્ણ પ્રેમ કહો તેથી કેટલી સ્ત્રીઓ આ સંસારને સ્વર્ગ બનાવે છે ? પતિની ક્રૂર વર્તણુક છતાં ઐહિક સુખના સાધન વગર જ્યાં પશ્ચિમની કોઈ પણ સ્ત્રી એક મીનીટ ઉભી નહિ રહે ત્યાં આપણી આર્ય સ્ત્રી પોતાનું જીવન કંઇપણ ફરીયાદ વગર પૂર્ણ સુખમાં ગાળે એ ખરેખર આર્ય સંસારની ખુબીજ છે.

નામદાર લેડી હાર્ડિંજનું શોકજનક મરણ.

લેખકઃ સૌ. " મંજુ. "—સુરત.

હિંદુસ્તાનને હાલના મુશ્કેલ પ્રસંગમાં નામદાર લેડી હાર્ડિંજના મરણથી ઘણું નુકશાન થયું છે. આપણા ભલા વાઇસરાય સાહેબને તો દુઃખ થાયજ; કારણ કે તે શાણી બાનુ હરેક રીતે પોતાના પતિને મદદ અને સલાહ આપ્યાં કરતાં હતાં. પણ આખા હિંદુસ્તાનને તે મહાન સન્નારીના શોક ભરેલા મૃત્યુથી દિલગીરી થઇ છે. દિલ્હીમાં ના. વાઇસરાય ઉપર પડેલા બૉમ્બ વખતે આ બાનુએ અદભુત હિંમત દર્શાવી હતી અને તેમનાં હિંદમાં આવ્યા પછીનાં દરેક પગલાં લોકલાભ માટે એવી સારી રીતે લેવામાં આવ્યાં હતાં કે તેમનું નામ અને ગુણો લેડી ડફરીનની જેમ આપણા દેશમાં અમર રહેશે. લોર્ડ હાર્ડિંજ સાહેબને તેમના આ ભારે દુઃખના સમયમાં હિંદુસ્તાનના દરેકે દરેક ભાગમાંથી જે દીલસોજી લોકોએ બતાવી છે તે ખરા દીલની છે. અને તેજ બતાવી આપે છે કે તે પરલોકવાસી ભલાં બાનુ તથા નામદાર વાઇસરાય આપણા દેશમાં કેટલાં બધાં લોકપ્રીય થયેલાં છે. ઇશ્વરને વિનંતિ છે કે નામદાર લેડી હાર્ડિંજને તે પરમ દયાળુ પોતાની પાસેજ રાખો અને આપણા દીલસોજ હાકેમ લોર્ડ હાર્ડિંજ સાહેબને શાંતી તથા કૃપા બક્ષો. અસ્તુ !

वार्तालहरी.

પ્રેમ મીલન.

(એક ટુંકી સંસારી વાર્તા)

લેખકઃ મિસિસ " મન્જુ "

રાજનગર નામે એક પ્રાચીન વિશાળ, અને સુન્દર નગર છે, અને ત્યાંથી થોડે દૂર એક મોટી નદી વહે છે. રાજનગરના નામથી કોઇ ભાગ્યેજ અજાણ્યું હશે, કારણકે એ શહેર તથા નદી ગુજરાતમાંજ આવેલાં છે. ઉત્તમ ઉંચ વર્ણજ્ઞાતીનું એક ગૃહસ્થી કુટુંબ ત્યાં વસે છે. ઘરના વડીલ તરીકે વૃદ્ધ ગીરીશરાય અનુભવી અને પુખ્ત ઉમ્મરના તથા સંપૂર્ણ કેળવાયલા છે. અને તેમનો બંગલો સાબરમતીના કીનારા ઉપરજ આવેલો છે, તથા ચારે તરફ ફરતો બગીચો, અને નદી તરફના ભાગ ઉપર વેલીઓનો મોટો મંડપ છે. તેને સર્વે 'વસંતલતા મંડપ' તરીકે ઓળખે છે. એકંદરે નદીના કીનારા પરના બંગલાઓમાં તે સર્વથી મોટો અને સવડવાળો તથા હવા અને અજવાળા વાળો બંગલો છે. ગીરીશરાયને ચાર પુત્ર, બે પુત્રીઓ, બે પુત્ર વધુઓ, અને પોતાનાં ધર્મ પત્ની વસંતબા તથા પોતાનાં એક બ્હેન વિનોદબા અને ચાકર તથા બાહ્મણ મળી આશરે પંદર માણસનો કબીલો છે.

સૌથી વડીલ પુત્ર રમેશચન્દ્ર હમણાંજ એલ. એમ. એન્ડ એસ. ની ડીગ્રી વિલાયતથી મેળવીને આવેલા છે અને દ્વિતીય પુત્ર શરતચન્દ્રે આજ વર્ષમાં એલ. એલ. બી.ની ડીગ્રી મેળવી છે. ત્રીજા પુત્ર નલીનચન્દ્ર બી. એ. ની ટર્મ ભરે છે અને સૌથી નાના પુત્ર કુમુદચન્દ્રે હમણાંજ મેટ્રીકની પરીક્ષા પસાર કરી છે. ચારે પુત્ર પોતાની ઉમ્મરના પ્રમાણમાં વિદ્યામાં પ્રવીણ અને આ વર્ષે બધા ફતેહમંદ થવાથી કુટુંબમાં સર્વત્ર આનંદ વર્તી રહેલો છે. પિતાને વિદ્યાનો પુરેપુરો શોખ તથા સુધારો પસંદ હોવાથી પુત્રીઓને પણ સંપૂર્ણ રીતે કેળવી છે. તેમાં મોટી પુત્રી ઉષાકુમારીએ મેટ્રીક સુધી અભ્યાસ કરી પરીક્ષામાં પાસ થયા ઉપરાંત સારી સ્કૉલરશીપ મેળવી છે. અને ત્યાર પછી તેમના જેવાજ એક ગૃહસ્થને ત્યાં તેમના દ્વિતીય પુત્ર પ્રબોધચન્દ્ર સાથે ગયે વર્ષેજ તેમનાં લગ્ન થયાં છે. પ્રબોધચન્દ્ર પણ એક સુધરેલા અને કેળવાયલા પીતાનો પુત્ર છે અને તેમણે પણ બી. એસ સીની ડીગ્રી મેળવેલી છે. તથા હવે એલ. એલ. બી. થવાનો વિચાર કરે છે. ગીરીશરાયનાં બીજા પુત્રી શ્રીમતી સરલા કુમારી ઘણું સારૂં સંસ્કૃત જાણે છે અને પિતાને ઇંગ્રેજી ઉપરાંત તેને સંસ્કૃત શીખવવાની ઘણી હોંસ હોવાથી ખાસ એક શાસ્ત્રી રૂ. ૨૦ ના પગારથી રાખેલો છે. તે બાળા સૌથી નાની છે એટલે આશરે સોળેક વર્ષની ઉમ્મર હશે. અને સૌથી મોટા ભાઇની ઉમ્મર આશરે ૨૮ કે ૨૯ વર્ષની છે. એટલે કે બધાં ભાંડુઓને લગભગ બબે વર્ષનો ફેર છે. મોટા પુત્રનાં લગ્ન ૪ વર્ષ ઉપર મધુરીકા નામની એક બાળા સાથે થયાં છે અને તે પણ સદ્‌ગુણી તથા સુલક્ષણી છે અને ઉષાકુમારીની સાસરા તરફની કંઇક સગી થાય છે. અને બીજા પુત્રનાં લગ્ન, રમેશચન્દ્ર વિલાયતથી આવ્યા પછી અને તેઓ એલ. એલ. બી. થયા પછી એટલે

કે હમણાંજ થયાં છે. તેની પત્ની માલવિકા પણ હાલ સાસરેજ રહે છે. તે પણ દરેક રીતે નિપુણ અને કેળવાયલી તથા પોતાના જેઠાણી અને નણંદોને પોતાની બ્હેનો સમાન ગણી સાસુજીને પણ વડીલ તરીકે પૂજનીય ગણે છે.

સરલાકુમારીનું સગપણ એક ધનવાન અને પ્રતિષ્ઠીત ગૃહસ્થના એકના એક પુત્ર બીપીન-બીહારી સાથ થયું હતું. તેણે ઇન્ટરની પરીક્ષા પાસ કરી હતી. દંપતી વચ્ચે પત્ર વ્હેવાર તો ચાલુજ હતો. તેમજ જ્યારે રજામાં બિપીન પોતાને ગામ આવતો ત્યારે કોઇવાર પતિપત્નીને સ્નેહ સંમેલનનો પ્રસંગ પણ મળતો. બન્ને દંપતી પ્રેમી અને વિદ્વાન હોવાથી ભવિષ્યમાં એમનો સંસાર સુખી નીવડશે એવી આશા આખું કુટુંબ અને સંબધીઓ પણ રાખતાં હતાં અને મને પણ છેજ. સરલાનાં સાસરાનાં નિકટના સગામાં લગ્ન હોવાથી હાલ તે સાસરેજ રહે છે અને તેથી પતિને મળવાનો સમય ઘણો મળે છે. અત્યારે સરલા પોતાના બાપને ત્યાં આવેલી છે અને ત્યાંના સર્વ આજે ઉત્સવ હોવાથી ગામ બ્હાર નીલકંઠ મહાદેવ ગયાં છે. અત્યારે બપોરનો વખત છે અને તે સાંજે આવશે તેથી કોઇકને ખબર કરી હશે કે કેમ પણ સરલા આતુરતાથી તેની એક સરખી વાટ જુએ છે અને પોતાનાં સંબંધીઓ આવતાં પહેલાં તે આવી જાય તો વધારે સારૂં એમ મુખમુદ્રા સુચવે છે. એ-વામાં એક ગાડી દોડતી તેના બંગલા પાસે આવતી દેખાઈ. તેથી પ્હેલાં તો તે જરા ગભરાઈ. પણ પછી તેને અત્યંત આનંદ થયો. ગાડી તેની પાસે થોડે દુર આવીને ઉભી રહી અને તેમાંથી એક બાવીસ વર્ષનો યુવાન ઉતર્યો અને સરલાને જોતો જોતો ચાલ્યો. તેણે સફેદ પાટલુન કાળો ગરમ કોટ તથા ઉંચી કાળી અંગ્રેજી ટોપી પ્હેરી હતી. પગમાં કાળાં શુઝ તથા સ્હેજ સાજ કાળાં મોજાં પણ દેખાતાં હતાં. ગળામાં સફેદ કૉલર તથા ચૉકલેટ રંગની નેકટાઇ તેની શોભામાં વૃદ્ધિ કરતાં હતાં. તેનો વર્ણ ગૌર હતો અને બાંધો સાધા-રણ હતો. તેના કોટના ગજવામાંથી સફેદ રૂમાલ સ્હેજ દેખા દેતો હતો અને હાથમાંની નાજુક લાકડીને તે આમ તેમ જેમ તેના મનમાં વિચારની આવ જા કરતા હતા તેમ ફેરવતો હતો. વાંચનાર ઘણે ભાગે સમજી ગયાં હશે કે તે બીજો કોઇજ નહીં પણ બીપીન બીહારી છે. કદાચ કોઈને એમ શંકા થશે કે તે પોતાનું ઘર મુકીને અત્રે કેમ આવ્યો હશે ? પણ તેનું કારણ એ હતું કે તેના માતાપિતા અસલી વિચારનાં હોવાથી તેમના પ્રત્યક્ષ તો નહીં પણ પરોક્ષમાં પણ કોઇક જ વાર ભાગ્યે તેમનાથી માત્ર દૃષ્ટિ મેળાપ થઇ શકતો. કારણકે વડીલ ઘણાં વ્હેમી હતાં અને વિવાહીત દમ્પતી જ્યાં સુધી દૂર રહે ત્યાં સુધી ઠીક એમ ખાસ ઉમેદ અને ઇચ્છા હતી, એટલે ત્યાં તો મળવું અશક્યજ હતું, અને તેમાં વળી સુધરેલાં ભણેલાં અને ઉમ્મરે પહોંચેલાં દમ્પતીથી મળ્યા સિવાય શી રીતે રહી શકાય ? તેથી તેમણે આ પ્રસંગ મેળવવાની તક લીધી હતી. પિયરથી બધાંએ પુછ્યું ત્યારે મ્હારે સાસરેથી જવું છે કહી ના પાડી અને એ બધાં જશે એટલે ઠીક પ્રસંગ મળશે જાણી, સાસરેથી મ્હારે પિયર જાઉં છું કહી ચાલી આવી હતી અને 'વસંતલતા મંડપ' ના એક ખુણા પર એક બેન્ચપર બેઠી બેઠી વાટ જોતી હતી.

બીપીન સરલાને શોધતો ત્યાં જઈ પહોંચ્યો તો સરલાને એક ખુણામાં બેઠેલી જોઈ અને તેણે તે બેન્ચના બીજા ખુણા પરજ બેઠક લીધી. થોડીવાર તો એમાંથી કોઇ પણ બોલ્યું

નહીં, પણ આખરે પતિથી ન રહેવાયું. તેણે પ્રશ્ન કર્યો કે ઘણે ભાગે સ્ત્રીઓ શરમાળ હોય છે એટલે પ્રથમ તેની જીભ ઉપડતી નથી. બિપીને પ્રથમ પૂછયું. "સરલા તેં મ્હારે ખાતર ઘણું સાહસ વહોર્યું છે." સરલાએ કાંઇ જવાબ ન દીધો. "મ્હારા કહ્યાનો કાંઇ ખ્યાલ તને આવતો હોય એમ લાગતું નથી." તો પણ સરલા તો ચુપજ રહી. ત્રીજીવાર ફરીથી પૂછયું "તું મ્હારી સાથ ન્હોતી બોલવાની ત્યારે મને અહીં આવવા આગ્રહ શા માટે કર્યો?" સરલાએ તો મૌન્ય વ્રત જ ધારણ કર્યું. "ત્યારે હું તો હવે જઇશ. આપણા પ્રેમની હદ આટલેથીજ આવી રહી. જો તું અત્યારથીજ આમ કરશે તો પછી ભવિષ્યમાં સંસાર સુધરવાની શું આશા? હું નહોતો ધારતો કે તું આટલી સુધરેલી અને કેળવાયલી છતાં આવી શરમાળ અને બેવફા નિવડશે!" એમ કહી ઉઠીને તેણે તો ચાલવા માંડયું. પણ સરલાતો કાંઇ પણ બોલી નહીં. દસેક પગલાં દૂર ગયો હશે એટલે સરલાને તેને કેમ બોલાવવો તેનો વિચાર આવ્યો, પણ ઇશ્વિર કૃપાથી તેની લાકડી રહી જવાથી તે પાછો ફર્યો અને લાકડી લઇને પાછા જતાં સ્હેજ આંચકો લાગ્યો હોય એમ તેને જણાયું. પાછું વળીને જોયું તો સરલા તેનો કોટ પકડીને નીચું માથું ઘાલી જમીનપર બેઠી બેઠી અત્યંત રૂદન કરતી હતી. સર્વ સવાલનો આજ જવાબ હશે? એમ વિચાર કરી તુરતાતુરત તો તે નીચે બેસી ગયો અને સરલાના કંઠમાં હાથ નાંખી સહજ ખેંચતાં તે તરત જમીનપર પડી ગઇ, તેનું માથું ખોળામાં લઇ લીધું અને તરત તો તે મીઠી નિદ્રાને વશ થઇ. હવે પતિને ચિન્તા થવા માંડી. એના જાગ્યા વિના મ્હારાથી જવાય કેમ અને એટલામાં કોઇ આવી પહોંચે તો શી વલે થાય? એમ વિચાર કરતાં કરતાં સરલા! સરલા! કહી બુમ મારી. તે તરતજ જાગી અને શું છે કહી એકદમ બેઠી થઇ ગઇ. અને "ભૂલ થઇ મ્હને માફ કરો" કહી રડવા માંડયું. "કંઇ નહીં. ત્હારો કંઇ અપરાધ નથી, તો પછી માફી શાની માગે છે કહી આશ્વાસન આપ્યું." તો પણ તેનું રડવું કેમે કર્યું અટકયું નહીં. છેવટે બીપીને બહુ સમજાવી અને પોતાના રૂમાલવડે તેનાં આંસુ લુછી નાંખ્યાં ત્યાર પછીજ તે અટકી.

"બોલ હવે શું વિચાર છે?" "કંઇ નહીં" "ત્યારે શું કામ મને બોલાવ્યો?" "મળવા." "ત્યારે મળી રહી?" "ના." "ત્યારે હું જાઉં?" "ના" "ચાલો આપણે પેલા લતા મંડપમાં જઇએ." "હા, ચાલો, હું કયાં ના કહું છું?" બન્ને 'વસંતલતા મંડપ' માં ગયાં અને જમીન પરજ બેઠાં. પરસ્પર કંઠમાં હાથ નાંખી થોડી વાર તો નજર સામું જોઇ જ રહ્યાં" સરલા બોલી. "હવે આપણને આમ બેસવાનો વખત પ્રભુ કયારે આપશે?" "કંઇ ચિન્તા નહીં. ધીરજનાં ફળ મીઠાં છે. આ દિવસ આવશે એવો સ્વપને પણ ખ્યાલ હતો?" "ના મને તો ધીરજ છે. રજાના દીવસો મુંબાઇમાંજ ગાળ્યા હોતતો મ્હેં કાંઇ આવો દિવસ જોયો હોત? એ તો એટલી મ્હારા પર કૃપા કરી અને અત્રે પધરામણી થઇ તો આવો વખત આવ્યો, નહીંતો પત્રથીજ શાન્તી માનતી હતી ને? અને તે પણ હવે તો ગ્રેજ્યુએટ થશો એટલે પછી સરલા હરઘડીએ શી રીતે સાંભરશે?" "તને ખરૂં લાગે છે કે આવી પ્રેમાળ સરલાને હું કોઇક વખત ભૂલી જઇશ?" "હાલ તો લાગતું નથી પણ ભવિષ્યમાં શું થશે તે કાંઇ મને ખબર છે?" "ના ના સરલા!

ત્હારી ભુલ છે. ત્હારો બીપીન ત્હારો તે ત્હારો જ છે. તે તો કદીપણ કોઇનો થવાનો નથી. કદી પણ તને ભૂલવાનો નથી. તું તો ગ્રેજ્યુએટ થવાની વાત કરે છે અને હું તો ઇંગ્લાંડ જઇ બેરીસ્ટર થવાનું કહું છું. હવે થયું ?" "હા, હવે સમજી પણ ઇંગ્લાંડ જશો અને ત્યાં સરલામાં બહુ ચિત્ત રાખશો તો પછી બેરીસ્ટર સાહેબ શી રીતે થવાશે ?" "એ મ્હારી મ્હેનતનું ફળ તને પણ મળશેજ. તે માટે તુંજ ત્હારા મનથી કહે કે થોડા દીવસ મ્હારામાંથી લયલીનતા-જરા ઓછી કરો અને પછી ઇશ્વર સમય બતાવે ત્યારે જેટલા લીન થવાય તેટલા થવા કોશીશ કરજો." "હા એમ કહું છું. બસ હવે મન માન્યું ?" "મ્હારૂં તો મન માનેલુંજ છે. ત્હારા જેવી ખૂબસુરત અને કેળવાયલી પત્ની મળ્યા પછી કોનું મન ન માને ? "તમે મ્હારી સમક્ષ મ્હારી વડાઇ ન કરો તો સારૂં. ભણેલા અને કુલીન માબાપના સંતાનને તો ઘેર બેઠાં લક્ષ્મી ચાંલ્લો કરવા આવે. મ્હારા કરતાં પણ ખૂબસુરત અને વિદ્વાન કન્યાને તમે ધાર્યું હોત તો તમારી સહધર્મચારિણી બનાવી શકતે. તોપણ હું એમ કહેવા નથી માગતી કે હું તમને મ્હારા અંતઃકરણનો પ્રેમ અર્પણ કરી શકી નથી અને હજુ પણ કચાસ હોય તેટલો પુરો કરવા રાજી નથી." "તો હું પણ ક્યાં ત્હારા વિચારથી પ્રતિકુળ છું. ના ના, સરલા! હું ત્હારા વિચારને મળતોજ છું. ત્હારી મનોવૃત્તિ સઘળી મ્હારા વિચારને જ મળતી છે અને એવા વિચાર સતત કાયમ રહે એવીજ મ્હારી ઉમેદ છે." "તમે જરૂર યાદ રાખજો કે તમારી સરલા તમને કોઇ વખત પણ બેવફા થશે નહીં. તમારી ઉમેદ છે તો ઇશ્વર એવા વિચારો કાયમજ રાખશે;" "ચાલો હવે હું જાઉં છું. કોઈ કદાચ આવી પડે તો ?" "ના, ના, હમણાં કોઇ આવવાનું નથી. થોડીવાર રહીને જજો." "ત્યારે તું મને બેસાડીને શું કરે છે ?" "કરવું કાંઇ નથી. સ્હેજ જ." "ત્યારે ત્હારી છબી ક્યારે આપશો ?" "જ્યારે તમારી આપશો ત્યારે." બિપિને એકદમ હસી દીધું અને કહ્યું "ત્હારી હોશીઆરી તું મ્હારા આગળજ ચલાવે છે મ્હારા સવાલના જવાબ બરાબરજ આપે છે." "વ્હાલા મ્હને માફ કરો. મ્હારો સ્વભાવ સ્હેજ ઉછાંછળો છે અને જેની સાથે હું સહજ છુટથી બોલવાનો પ્રયત્ન કરૂં છું તેની સાથ મ્હારાથી હદ ઉપરાંતની છૂટ લેવાઈ જાય છે." "ગાંડી છે કે શું સરલા! મને કાંઇ એથી ખોટું લાગ્યું નથી. એથી તો ઉલટું ફૂલ વધારે છુટી થશે તો કોઇ માથાનું હશે તેને બરાબર તું પુરી પડશે. હું ક્યાં ત્હારી સાથ છુટથી નથી બોલતો ?" "પણ તમારી વાત જુદી અને મ્હારી વાત જુદી" "એ પણ ને બણ કાંઇ નહીં અને વાતતો બન્ને સરખીજ. એમાં જુદી ને એકડીનો ક્યાં સવાલ છે ?" "તમે મને હમણા તો પુરી પડવા કહો છો અને વળી તમે પણ જવાબ બરાબર દેવામાં ક્યાં કચાસ રાખો છો ? તમારાથી તો હું હારી ગઇ. ગમે તેવી પણ આખરે એક અબળાજ ને." "અરે અબળા નહીં પણ 'સબળા', તું તો કોમળ છે એટલે અબળા કહી શકાય, પણ કેટલીક એવી કે જે આખા ગામને પુરી પડી શકે અને અબળા નામને પણ કલંક લગાડે તેને કોણ અબળા કહી શકે?" "તમે ખરીજ વાત કહો છો અને મને પણ તે થોડે દરજ્જે લાગુ પડે છે. કારણ, કે ઘાં ઘણુંને તો હું પુરી પડું એમ છું." "જો વળી

માછી આડી થઇ ? તને કોણે કહ્યું કે તું હારા માથાપર બધું વ્હોરીજ લે. ' સરલા ' હારો જીવ બાળી મ્હારો પણ સાથે ન બાળ. તું સમજુ છે."

એટલામાં આઘેથી એક ગાડી આવતી જોઇ બન્ને ચમક્યાં અને સહજ વધારે ઘટાવાળા ઝાડ નીચે સંતાયાં. " બસ રજા " કહી બીપીને સરલાને ચુંબન કર્યું. અને પરસ્પર દમ્પતીએ હૃદયાલિંગન અને હસ્તમેળાપ કર્યો અને બિપિન એક ગુપ્ત રસ્તે બનતી ત્વરાએ ચાલ્યો ગયો. સરલા પણ જાણે તેજ રસ્તેથી તરતજ ઘરમાં આવી હોય તેમ ધીમેથી આવી અને બધામાં સામેલ થઇ ગઈ. પેલી સંમેલનની વાત દમ્પતી શીવાય કોઇએ જાણી નહીં.

આ બનાવ બન્યા પછી થોડે દીવસે બિપિનબિહારી મુંબાઈ ગયો. કારણ, એની કૉલેજ ઉઘડવાની હતી. પણ તે દરમ્યાન સરલા કોઇવાર લાગ જોઈ પતિનો મેળાપ કરવા ચુકતી નહીં. થોડા દીવસ ગયા એટલે સરલાને પેલી વાત યાદ આવી. જોકે યાદ તો દરરોજ આવતીજ હતી પણ ઘરનાં બધાં બેઠાં હતાં ત્યાં એકદમ વિના કારણે ખડખડ હસી પડી. સૌ એકદમ અજાયબ થયાં કે સરલા કારણ વગર કોઇ વાર આટલું બધું હસતી નથી ને આ શું ? સૌએ મળી માલવિકાને પૂછી જોવા કહ્યું. કારણ સરલા ને માલવિકા બન્ને નણંદ ભોજાઇ હોવા ઉપરાંત બન્ને બેનપણીઓ હતી અને પરસ્પર એક-એકના હૃદયની વાત કહ્યા વગર બેમાંથી એકને પણ ચેન પડતું નહીં. માલવિકાને પહેલાં તો કાંઇ નહીં કહી સમજાવ્યું, પણ તે કાંઇ તેથી તેને છોડી દે તેમ ન્હોતું. તેણે તો સરલાની પૂંઠ લીધી અને સરલાએ તેને માંડીને સઘળી અથથી ઇતિ સુધી કહી સંભળાવી, ત્યારેજ તે તેનાથી છુટી પડી. વડીલોની શરમ રાખવા માટે માલવિકાએ કોઇને કાંઇ કહ્યું નહીં. અને મનમાં સરલાને ધન્યવાદ આપવા લાગી. ત્યાર પછી તો દમ્પતી વચ્ચે માત્ર પત્રવ્યવહારજ ચાલુ હતો પણ ઑક્ટોબરની રજામાં બિપીનબીહારી પોતાને ગામ આવ્યો ત્યારે સાસરિયાંએ જમવા બોલાવવાનું કહ્યું. બિપીન કોઇ પણ વખત એક તેડે જમવા આવતો નથી તેથી આ વખત કહીએ કે નહીં તેનો વિચાર કરતાં હતાં, એટલામાં માલવિકા હસતી હસતી બોલી ઉઠી. " બિપીનભાઇ આવશે કે નહીં તેનો વિચાર કર્યા પહેલાં સરલા બ્હેનને પૂછી જુઓ એટલે બરાબર જવાબ મલશે." સરલાએ કહ્યું. " જાઓ ભાભી ! આમ શું મારી મશ્કરી કરોછો ? મને શું પુછાવોછો ! "કહી હસી દીધું અને ઘરનાં સર્વે જોઇ રહ્યાં. પણ ઉષાકુમારી બોલી " સરલા શરમાળ છે. એને એ વાત કેમ પૂછાય ? " માલવિકા બોલી. " હા ! હા ! બહુ શરમાળ કેટલી બધી શરમ ! તે દીવસની વાત યાદ છે કે સરલા બ્હેન ! કેટલી શરમ ! આજે આટલી બધી શરમ આવે છે ત્યારે તે દીવસે શરમ ક્યાં ગઇ હતી ! કેવું તે દીવસનું ' વસંતલતા મંડપ 'માંનું શરમભરેલું સ્નેહ સંમેલન ! "

विद्याकलाः भरत गूंथण.

ગુલાબ ફુલની રીત.

લેખક: સૌ. "મંજરી."—પોરબંદર.

સાધન:—ગુંથણકળાના જુદા જુદા નમુનામાં ગુલાબ ફુલનો નમુનો ઘણોજ કુદરતી ફુલને મળતો આવે છે. આ બનાવવામાં સોયો નંબર પાંચનો બનતાં સુધી જોઇએ છીએ અને ક્રોશેના દડા આછા ખુલતા ગુલાબી રંગના જોઇએ.

શરૂઆત:—પ્રથમ ૮ સાંકળી ગુંથો અને પહેલી સાંકળીમાં સીંગલ ક્રોશે (આંટા વગરનો ટાંકો) લઈને જોડો. આથી ગોળ કુંડાળું થશે. હવે ૨ સાંકળી ગુંથો અને પહેલી ૮ સાંકળીમાંની પહેલી સાંકળીમાં ૧ ટ્રેબલ (થામલી અગર ૧ આંટાવાળો પાસો) ગુંથો, ૨ સાંકળી ગુંથો અને ૮ સાંકળીમાંની બીજી સાંકળીમાં ૧ ટ્રેબલ ગુંથો. આ પ્રમાણે આઠે સાંકળી ઉપર ગુંથી જાઓ. જેથી ૮ જાળી પડશે. આઠમી જાળી પહેલા ટ્રેબલ સાથે સફાઇથી જોડો. હવે પહેલી જાળીમાં ૧ ડબલ ક્રોશે (૧ આંટા વાળો ટાંકો) ગુંથો, ત્યાર પછી ૩ ટ્રેબલ ગુંથો અને વળી ૧ ડબલ ક્રોશે ગુંથો. ૧ જાળીમાં કુલ ૫ ટાંકા ગુંથો, આગળ પાછળ ૨ ડબલ ક્રોશે અને વચમાં ૩ ટ્રેબલ એ રીતે ૮ જાળીમાં ગુંથી જાઓ. આથી ૮ પાંખડીયો થશે.

બીજી હાર:—૪ સાંકળી ગુંથો તે પહેલી પાંખડીની પાછળના ડબલ ક્રોશેના આંટામાં સફાઇથી જોડો. આ રીતે ૪ સાંકળી ગુંથી પાંખડીની પાછળ ઉપર કહ્યું તે પ્રમાણે જોડી જાઓ. હવે ૪ સાંકળીનું જે પહેલું નાકું પડ્યું છે તેમાં ૧ ડબલ ક્રોશે ગુંથો. ત્યારપછી ૫ ટ્રેબલ ગુંથો અને ફરી ડબલ ક્રોશે ગુંથો. આ બીજી હારની પહેલી પાંખડી પડી. એ રીતે દરેક ૪ સાંકળીનાં નાકામાં ગુંથી જાઓ. આથી બીજી ઉપરની હારની ૮ પાંખડી પડશે.

ત્રીજી હાર:—૫ સાંકળી ગુંથો અને તે બીજી હારની પહેલી પાંખડીમાંના પાછળના સાતમા ડબલ ક્રોશેમાં જોડો. આ રીતેજ ૮ સાંકળીનાં નાકાં ગુંથી જાઓ. હવે પહેલા નાકામાં ૧ ડબલ ક્રોસે ગુંથો અને ૭ ટ્રેબલ ગુંથો અને પાછો ડબલ ક્રોસે ગુંથી પાંખડી પુરી કરો. આ રીતે કુલ ૯ ટાંકા લઇ પાંખડીની હાર પુરી કરો.

ચોથી હાર:—૬ સાંકળી ગુંથો અને પાંખડીની પાછળ ઉપર મુજબ ૮ નાકાં કરી જાઓ પહેલાં નાકામાં ૧ ડબલ ક્રોશે, ૯ ટ્રેબલ અને પાછો ૧ ડબલ ક્રોશે ગુંથો. કુલ ટાંકા ૧૧ ગુંથી ફુલ પુરૂં કરો.

આ પ્રમાણે ગુલાબ ફુલનો આબેહુબ નમુનો થયો.

ઉપયોગ:—હવે તેનાથી બીજા ઘણા નમુના બની શકે છે. તોરણ, અરધાં ફુલની લેસ, રૂમાલ કે ટેબલ કલોથ (મેજ ઉપર નાંખવાનું લુગડું) વીગેરે નમુનામાં ગુલાબફુલ નાંખી શકાય છે.

હવે તેમાનો ૧ નમુનો તોરણનો કરીને ટાંકુ છું.

ગુલાબ ફુલનાં તોરણ.

ફુલ જોડવાની રીતઃ—ફુલને જોડવા માટે ધાટો લીલો કે આંબવાઈ રંગનો દડો જોશે. અને પ્રથમથી ફુલ ૨૭ ગુંથી રાખવાં અને પછી જોડવાં.

સાંકળી માંડવાની રીત. ૧ નાકું કરી ફુલની ૧ પાંખડીની અણી ઉપર એટલે ૧૧ ટાંકા છે તેમાં ૫ એક બાજુ મુકો અને ૫ બીજી બાજુ મુકો. અને જે વચમાં ૧ ટ્રેબલ રહે તેની ઉપર સાંકળી જોડી ૧ ટ્રેબલ ગુંથો. ૪ સાંકળી ગુંથો અને પાંખડીના ખુણામાં જોડી ૧ ટ્રેબલ ગુંથો, ૮ સાંકળી ગુંથો અને ૧ પાંખડી છોડી તેજ પાંખડીના ખુણામાં જોડી ૧ ટ્રેબલ ગુંથો. ૪ સાંકળી ગુંથો તે ત્રીજી પાંખડીની અણીપર જોડી ૧ ટ્રેબલ ગુંથો. ૪ સાંકળી ગુંથો અને તેજ પાંખડીના ખુણામાં જોડી ૧ ટ્રેબલ ગુંથો ૮ સાંકળી ગુંથો અને ચોથી પાંખડી મુકી તેજ પાંખડીના ખુણા સાથે જોડી ૧ ટ્રેબલ ગુંથો. ૪ સાંકળી ગુંથો. પાંચમી પાંખડીની અણીપર જોડી ૧ ટ્રેબલ ગુંથો ૪ સાંકળી ગુંથો અને તેજ પાંખડીના ખુણા સાથે જોડી ૧ ટ્રેબલ ગુંથો. ૮ સાંકળી ગુંથો અને છઠ્ઠી પાંખડી છોડી તેજ પાંખડીના ખુણા સાથે જોડી ૧ ટ્રેબલ ગુંથો, ૪ સાંકળી ગુંથો. અને સાતમી પાંખડીની અણીપર જોડી ૧ ટ્રેબલ ગુંથો.

ફુલનું જોડાણઃ—હવે જે ફુલ ગુંથી રાખેલાં છે તેમાંનું ૧ લઇ તેની ૧ પાંખડીની અણીપર, પહેલાં ૨ સાંકળી ગુંથી સીંગલ ક્રોસે લઇને જોડો. પણ એટલું ધ્યાનમાં રાખો કે ઉંધું ન આવે માટે જોડવા વખતે ફુલ ઉંધું એટલે પાછળથી જોડી ફેરવી નાંખો. અને હમણાં જોડેલું ફુલ પોતાની સામી બાજુ લ્યો. અને ૨ સાંકળી ગુંથો. હવે જે પહેલાં જોડેલ ફુલની ૪-૮ સાંકળીયો છે, તેમાંની પહેલી ૪ સાંકળી સાથે જોડતાં જાઓ અને ટ્રેબલ લેતાં જાઓ અગર ૧ ટ્રેબલ ગુંથો, ૧ સાંકળી ગુંથો. સામેની ૧ સાંકળી મૂકી બીજી સાંકળી સાથે જોડતાં જાઓ અને ટ્રેબલ લેતાં જાઓ. એજ પ્રમાણે ૮ સાંકળી જોડીને ટ્રેબલ લ્યો. વળી પાછી ૪ સાંકળી ઉપર પણ તેજ પ્રમાણે લઈ જાઓ. હમણાં જોડેલ ફુલના જે વચમાં ૨ ખુણા આવે છે. તે બન્ને ખુણામાં ૧ ટ્રેબલ લેવાનો છે. હવે આ બીજાં ફુલની ૩ પાંખડી જોડાઈ.

૪ સાંકળી ગુંથો અને પહેલાં ફુલની માફક ચોથી પાંખડી અને ત્રાજી પાંખડીનાં ખુણામાં જોડી ૧ ટ્રેબલ ગુંથો. ૮ સાંકળી ગુંથો અને ચોથી પાંખડી છોડી તે પાંખડીના ખુણામાં ૧ ટ્રેબલ ગુંથો. ૪ સાંકળી ગુંથો અને તે પાંચમી પાંખડીની અણીપર જોડી ૧ ટ્રેબલ ૪ સાંકળી ગુંથો અને તે પાંખડીના ખુણામાં ૧ ટ્રેબલ ગુંથો, ૮ સાંકળી ગુંથો અને છઠ્ઠી પાંખડી છોડી તે પાંખડીના ખુણામાં ૧ ટ્રેબલ ગુંથો. ૪ સાંકળી ગુંથો અને સાતમી પાંખડીની અણીપર ૧ ટ્રેબલ ગુંથો.

હવે પહેલાં જે બીજું ફુલ જોડયું તેવીજ રીતે ૨૨ ફુલ લાઇનબંધ જોડી જાઓ. અને ઉપરના ભાગમાં જે એક એક પાંખડી ખુલ્લી રહી છે, તે નીચે પ્રમાણે ૪ સાંકળી ગુંથી ખુણામાં ટ્રેબલ ગુંથો. ૮ સાંકળી ગુંથી ૧ પાંખડી છોડી ખુણામાં ટ્રેબલ ગુંથો. ૪ સાંકળી ગુંથી અણીપર ટ્રેબલ ગુંથી જાઓ. હવે ફરતી સાંકળી આવી છે. તે દરેક સાંકળીમાં એકેક ટ્રેબલ ગુંથી જાઓ. એટલે કીનાર બંધાઈ, અને પટ્ટો પુરો થયો.

લાળીયાંઃ— હવે નીચેનાં લાળીયાં રહ્યાં. તે પણ જે દડાવતી જોડયાં છે એટલે લીલા રંગનાં કરવાનાં છે. ૬ સાંકળી ગુંથો અને પહેલી સાંકળીમાં સીંગલ ક્રોસે લઇને જોડો. આથી ગોળ કુંડાળું થયું. તે કુંડાળામાં ૩ ટ્રેબલ ગુંથો અને ૬ સાંકળી ગુંથો. પાછા તેજ કુંડાળામાં ૩ ટ્રેબલ ગુંથો પાછી ૩ સાંકળી ગુંથી ફેરવો.

હવે હમણાં પડેલ ૩ સાંકળીનાં નાકામાં ૩ ટ્રેબલ ગુંથો, ૩ સાંકળી ગુંથો. પાછા તેજ નાકામાં ૩ ટ્રેબલ ગુંથો. હવે જે પડખેના ભાગમાં ૩ સાંકળીનું નાકું પડયું છે. તેમાં ૧૨ ડબલ ટ્રેબલ(બે આંટાવાળો પાસો) ગુંથો, પણ તેની વચમાં એકેક સાંકળી એટલે ૧ ડબલ ટ્રેબલ અને ૧ સાંકળી એમ ગુંથી જાઓ. હવે ફેરવો અને જે ટ્રેબલની વચમાં ૧ સાંકળીનું નાકું પડતું આવ્યું છે તેમાં પાછા નીચે મુજબ ૧ સાંકળી ૧ ડબલ ગુંથી જાઓ. આ ટ્રેબલો જરા નરમ ટાંકાથી લેવા. જેથી વળી ન જાય હવે બારમો ઉપરની હારનો ડબલ ટ્રેબલ ગુંથો. પહેલાં જે ૬ ટ્રેબલની વચમાં ૩ સાંકળીનું નાકું પડયું છે તેમાં ૩ ટ્રેબલ ગુંથો ૩ સાંકળી ગુંથો. વળી પાછા ૩ ટ્રેબલ ગુંથો અને ૩ સાંકળી ગુંથી ફેરવો. એ પ્રમાણે ૩ વખત ગુંથી જાઓ અને પંખાની બાજુમાં જે ૩ સાંકળીનું નાકું પડે તેમાં ૧૨ ડબલ ટ્રેબલ અને વચમાં એકેક સાંકળીની પહેલી હાર ગુંથી જાઓ અને બારમો ટ્રેબલ ગુંથો ત્યારે પહેલો પંખો પુરો કરીને જે છેલ્લું નાકું પડયું છે તેમાં સીંગલ ક્રોશે લઇને જોડો. પછી ફેરવી પહેલાંની માફક ઉપલી હાર પુરી કરો. આવા ૮ પંખા ગુંથી જાઓ.

કીનારી:—હવે ગુલાબી દોરો લઇને પંખાની ઉપરના ટ્રેબલ સાથે જોડી તેમાં પણ વચમાં એકેક સાંકળીનાં નાકાં પડયાં છે તે નાકામાં ૧ ટ્રેબલ અને ૨ સાંકળી લઈ આઠે પંખા પર ગુલાબી કીનાર ગુંથી જાઓ. આ ૧ લાળીયું થયું તેવાં ૫ ગુંથી જાઓ. અને જે પટ્ટો છે, તેનું ૧ પહેલું ફુલ છોડી બીજાં ફુલની નીચે જે ૮ સાંકળી પર ૮ ટ્રેબલ કીનારીના આવ્યા છે તે સાથે પંખાને લીલાજ દોરાવતી દરેક ટ્રેબલ નીચે એટલ ૮ ટ્રેબલની નીચે ૮ સીંગલ ક્રોશે ગુંથી જોડી જાઓ, અને દોરો કાંપી વચમાં ૧ ફુલ છોડી પહેલેથી ગણતાં ચોથાં ફુલની નીચે ૮ સાંકળી પરના આઠ ટ્રેબલ સાથે છેલ્લા પંખાને ઉપર મુજબ જોડી જાઓ.

આ જોડાણ પાછળની બાજુથી કરવાનું છે અને ઉંધું ન આવે તે ધ્યાનમાં રાખ-વાનું છે. આ લાળીયું જોડાયું તે પ્રમાણે વચમાં ૧ ફુલ છોડી બીજા ફુલ નીચે લાળી-યાંની પહેલી બાજુ જોડો અને પાછું ૧ ફુલ છોડી લાળીયાંનો બીજો છેડો જોડો. એ પ્રમાણે પાંચે લાળીયાં જોડી જાઓ.

પટ્ટો ૨૨ ફુલનો થયો છે તો ૫ ફુલ બાદ રહ્યાં, તેમાંનું ૧ ફુલ લઇ તેની ૧ પાં-ખડીની અણીપર સીંગલ ક્રોશે લીલા દોરા વતીજ લ્યો અને ૧૦ સાંકળી ગુંથો. તે ફુલ લાળીયાંનું નાકું છે તેની વચમાં રાખો અને પટ્ટાનું વચલું મુકેલું ફુલ છે અને તેની નીચે કીનારી છે તે કીનારીના ૮ ટ્રેબલની બરાબર વચમાં પણ નીચેજ જેમ પંખા જોડયા છે તેમ ૧ ટ્રેબલમાં સીંગલ ક્રોશે લઈને જોડો. ૧૦ સાંકળી ગુંથો અને ફુલની ત્રીજી પાંખડીની અણીપર જોડો, ૧૦ સાંકળી ગુંથો અને પંખાની સાંમી બાજુનાં ૩ સાંકળીનાં નાકાં છે તેમાંનું પહેલું નાકું છોડી બીજાં નાકામાં સીંગલ ક્રોશે લઈને જોડો. ૧૦ સાંકળી ગુંથો અને ફુલની ચોથી પાંખડીની અણીપર જોડો. ૧૦ સાંકળી ગુંથો અને પંખાની સામી બાજુનું ૩ સાંકળીનું નાકું ૧ છોડી બીજામાં જો-ડો. ૧૦ સાંકળી ગુંથો અને ફુલની અણીપર જોડો. એ પ્રમાણે ફુલની પાંખડીયો પુરી થાય ત્યાં સુધી જોડી જાઓ પણ વચમાં ૩ વખત પંખાની સામેના ૩ સાંકળીનાં નાકાં બબે છોડવાં પડશે અને છેવટ ૧ નાકું છોડી ફુલની છેલ્લી પાંખડીને ૧૦ સાંકળી લઇ પંખા સામેના નાકામાં જોડી દોરો તોડી નાખો, આથી ફુલ બરાબર વચમાં રહેશે. આ પ્રમાણે પાંચે લાળીયાંમાં જોડી જાઓ અને કુદરતી ફુલ પાતરાં જેવું દેખાતું તોરણ પુરૂં થશે.

ફુલનો રૂમાલ.

લેખકઃ સૌ. કંચન ગૌરી.—ભરૂચ.

સાધન:—આ નમુનો બનાવવા માટે જોઇતી ચીજો: ૭ નંબરની સફેદ દોરાની આંટી તથા લોખંડનો એક સોયો.

શરૂઆત:—ચૌદ સાંકળીથી શરૂઆત કરીને ગોળ જોડો. પછી એ કુંડાળામાં વીસ આંટાવાળા ટાંકા લ્યો ને સફાઇથી ગોળ જોડો.

પ્હેલી હાર:—વીસ સાંકળી લ્યો ને પેલા કુંડાળામાંના એક આંટામાં આંટા વગર નાખો. એમ વીસ સાંકળી લઇને વીસેમાં કરી જાઓ, જેથી વીસ સાંકળીવાળા વીસ કુંડાળા પડશે. અને પછી પેલી વીસ સાંકળીમાંની દસ સાંકળીમાં આંટા વગર દસ આંટા લ્યો.

બીજીહાર:—બાર સાંકળી લ્યો ને પેલા વીસ સાંકળીવાળા કુંડાળામાં આંટા વગર નાખો. એમ દરેક કુંડાળામાં કરી જાઓ, જેથી બાર સાંકળીવાળા વીસ કુંડાળા પડશે. અને પછી પ્રથમની માફક પાંચ સાંકળીમાં પાંચ સાદા ટાંકા લ્યો.

ત્રીજી હાર:—દસ સાંકળી લ્યો ને પછી પેલા બાર સાંકળીવાળા કુંડાળામાં આંટા વગર નાંખો એમ દસ સાંકલીવાળા વીસ કુંડાળા પડશે.

ચોથી હાર:—પેલા દસ સાંકળીવાળા કુંડાળામાં આંટા લઇને નાખો. પછી ત્રણ સાંકળી લઇને ફરીને એજ કુંડાળામાં આંટા લઇને નાંખો. અને પછી પાંચ સાંકળી લઇને દસ સાંકળીવાળા એની સાથેના કુંડાળામાં આંટા લઈને નાંખો. પછી ત્રણ સાંકળી લઇને એજ કુંડાળામાં આંટા લઇને નાખો. એમ વીસેમાં કરી જાઓ.

પાંચમી હાર:—પાંચ સાંકળી લઇને પેલા ત્રણ સાંકળીવાળા કાણામાં આંટાવાળા બે આંટા લ્યો. ને પછી બે સાંકળી લઈને એજ કાણામાં બે આંટાવાળા આંટા લ્યો. એમ વીસેમાં કરી જાઓ.

છઠ્ઠી હાર:—પાંચ સાંકળી લઇને પેલા બે સાંકળીવાળા કાણામાં આંટા વગર નાંખો. પછી ચાર સાંકળી લઈને એજ કુંડાળામાં આંટા વગર નાખો ને પાછી પાંચ ને પછી ચાર સાંકળી લઇને એજ કુંડાળામાં આંટા વગર નાખો. ને પછી પાંચ લ્યો ને બીજા બે સાંકળીવાળા કુંડાળામાં આંટા વગર નાખો ને પછી પ્હેલી ચાર પછી પાંચ પછી ચાર સાંકળી લઇને આંટા વગર નાખવું જેથી ફુંદડી જેવું થશે એમ વીસેમાં કરી જવું:—

ન્હાનાં ફુલો:—હવે વચ્ચે જોડવાનાં ન્હાનાં ફુલો માટે દસ સાંકળીથી શરૂઆત કરો ને ગોળ જોડો, પછી એ કુંડાળામાં દસ આંટાવાળા આંટા લ્યો.

બીજો ફેર—ત્રણ સાંકળી લઇને કુંડાળામાંના એક આંટામાં આંટાવાળા બે આંટા લઇને પછી બે સાંકળી લઇને એજ આંટામાં બે આંટાવાળા આંટા લ્યો. પછી ત્રણ સાંકળી લઇને બીજા આંટાવાળા બે આંટા લ્યો. પછી બે સાંકળી લઇને એજ આંટામાં આંટાવાળા બે આંટા લ્યો. એમ દરેકમાં કરવું જેથી આઠ બે સાંકળીવાળા કાણાં પડશે.

ત્રીજો ફેર:—ચાર સાંકળી લઈને બે સાંકળીવાળા કાણામાં આંટા વગર નાખીને પછી ફરીને ચાર સાંકળી લઇને એજ કાણામાં આંટા વગર નાખો. પછી પાંચ ને પછી ચાર સાંકળી લઇને એજ કાણામાં આંટા વગર નાખો. પછી ચાર સાંકળી લઇને બીજા કાણામાં એજ પ્રમાણે કરવું. જેથી ફુદડીઓ આઠ પડશે. પછી વચ્ચે પડેલી ખાલી જગામાં એ ફુલ જોડી દેવું.

મોજાં ગુંથવાની રીત.

લેખક:—સ્વ. સૌ. દ્રયુમન બ્હેન.—વડોદરા.

ગુંથણી:—પહેલ વહેલાં આંટા લેવા. પછી ચાર ચત્તા અને ચાર ઉંધા લેવા. એ પ્રમાણે જેટલું ભરવું હોય ત્યાં લગી ભર્યાંજ કરવું. પછી આંટો મારી બેનો એક કરવો. તેપણ આંટા અને બખીઓ એમ કરીને બે બખીઆ આવે તેની એક લાઈન લેવી. પછી એક લાઇન ચત્તા બખીઆની લેવી; પછી જે સોઈઆપર આંટા હોય તે સોઈઆપરના ૧૨ આંટા લેવા. પછી પાછા વચ્ચેના ૧૨ આંટા લેવા. એ પ્રમાણે ૨૪ આંટા થાય. પછી ચોવીશ આંટાવાળો સોઇઓ ફેરવી નાંખવો. પછી વચ્ચેના ૧૨ આંટા લેવા. તે બારના બાર ગુંથ્યા કરવા. પછી પાછો સોઇઓ ફેરવી નાંખવો. એ મુજબ પંદરેક લાઇન થાય ત્યાં લગી બાર આંટા વચ્ચેના ભર્યાંજ કરવા. એટલે એડી થાય. પંદરેક લાઇન લેવી તે ચત્તા બખીઆની લેવી. એડીની પંદર હાર ગુંથ્યા પછી વચ્ચેના ટાંકા ન્હડાવી લેવા. સોઇઆપર બન્ને તરફના ન્હડાવી લેવા. ૭ બખીઆની લાઈન પડે ત્યાં સુધી ગુંથ્યાં કરવું. પછી બંધ કરીને શીવી લેવું. બંધ કેમ કરવું તેની નીશાની બે ચત્તા બખીઆ લેવા પછી પાછળનો આંટો લઇ ઉથલાવી નાંખવો એટલે એક આંટો રહેશે. પછી પાછો એક બખીઓ લેવો અને પાછળનો આંટો ઉથલાવી નાંખવો. એમ બંધ થાય ત્યાં સુધી ગુંથ્યાંજ કરવું.

ફુમતું:—પછી ફુમતાં કરવાને માટે એક મોજાંની હાથપર સાંકળી ગુંથવી. થોડી ગુંથાય ત્યાં સુધી સાંકળી ગુંથવી. એવી બે મોજાંની બે સાંકળી ગુંથવી. પછી બન્ને મોજાં ઉંધા કરીને શીવી લેવાં. ઉને વતી શીવી લઇને ચત્તાં કરવાં. પછી બધાં કાણાં કાણાં હોય તેમાં પેલી સાંકળી ગુંથેલી તે સોયામાં પોઇને એક કાણું મુકી મુકીને દોરાની માફક ગુંથવું એમ બન્ને મોજાંને કરવું પછી ફુમતાં કરવાં.

બુટ ભરવાની રીત.

લેખક: સ્વ. સૌ. દ્રયુમન બ્હેન.—વડોદરા.

પહેલ વહેલું કેનવાસ લેવું. પછી તેને છેડેથી વાળીને બખીઆ લેવા, પછી બીજી તરફથી વાળીને પાછા બખીઆ લેવા. આકાર પાડેલો તેની વચ્ચેથી લ્હેર ભરવા માંડવી. લ્હેર કેમ ભરવી તેની નીશાની—પહેલ વહેલાં ઉપરથી લ્હેર ભરવી. એક લ્હેર લીધી કે તેની પાસેથી ઉપર સોય ખેંચવી. ખેંચીને ત્રીજા કાણામાં નીચે ઉતારી લેવી. એમ તેની પાસેથી લેઇને ત્રીજા કાણામાં નીચે ઉતારી લેવી. નીચેની લ્હેર કહાડવી તે નીચે ત્રીજા કાણામાં લેવી અને ઉપરથી કહાડવી. તે ઉપર ત્રીજા કાણામાં લેવી એવી રીતે લાંબી લ્હેર કહાડી જવી. તે કયાં લગી તે તેની સામે લગી. પછી બેવડી લ્હેર કહાડવી. બેવડી લ્હેર કહાડવી તે એકવડીના આંટા લઇએ તેની માફકજ. પહેલ વહેલાં ભુરા ઉનની બેવડી લ્હેર કહાડવી. પછી ધોળા ઉનની બેવડી લ્હેર કહાડવી. પછી પીળા ઉનની બેવડી લ્હેર કહાડવી.

દોરાનો રૂમાલ ગુંથવાની રીત.

લેખકઃ સ્વ. સૌ. દ્યુમન બ્હેન.—વડોદરા.

જેટલો લાંબો કરવો હોય તેટલી સાંકળી કરવી. દરેક સાંકળીમાં પાસા કહાડવા. પછી તેના પર ત્રણ સાંકળી લેવી અને ત્રણ પાસા પાડવા, પછી ત્રણ સાંકળી લેવી. બે સાંકળી મુકીને ત્રણ પાસા લેવા, ત્રણ પાસા પર પાંચ પાસા કરવા. પાંચ પાસાપર પાછા ત્રણ પાસા લેવા. દરેક વખત સાંકળી લેવી. પાસેની જાળી ઉપર એક પાસો લેવો. પછી ત્રણ પાસા:પર એક પાસો લેવો. અને જાળી પર જે એક પાસો લીધેલો હોય તેપર ત્રણ પાસા પાડવા. પછી ત્રણ પાસાપર એક પાસો પાડવો. અને એક પર ત્રણ પાસા પડવા. પછી પાછા એટલી હાર પુરી થયા પછી ત્રણ ઉપર પાંચ પાસા પાડવા. અને એ પુરી થયા પછી પાંચ ઉપર ત્રણ પાસા પાડવા. અને પેલી જાળી ઉપર એક પાસો પાડવો. એટલું કર્યા પછી પુરો કરવો.જેટલો લાંબો કરવો તેટલો ભરવો. દરેક વખત એ પ્રમાણે કર્યા કરવું. પછી છેડા કરવા બધી સાંકળીમાં છેલ્લી વખતે ઉપર પ્રમાણે પાસા પાડવા એટલે પુરૂં થયું.

કીડીયાંનું તોરણ.

લેખકઃ સૌ. બજીબા.—અમદાવાદ.

કીડીયાંની ચોકડીઃ—સાકરીઆં ઝીણાં કીડીઆં શેર ૧ લેવાં. તેમાં નવટાંક લીલા રંગનાં. પાશેર રાતાં. દસ નંબરની સોય તથા દસ નંબરનું રીલ લેવું. પછીથી પહેલી હારમાં પાંત્રીસ ધોળાં કીડીઆં પરોવવાં ને દરેક ત્રણ ત્રણ કીડીઆં મુકીને ચોથામાં ફાંદલું, એટલે ચોકડી પડશે. એવી પાંચ ચોકડીઓ પાડીને નામ લખવું. આ તોરણ જેવડું મોટું કરવું હોય એવડું મોટું થાય છે. એમાં વેલો તથા બીજી જાતના ગોટા પણ ઉતારાય છે ને પછીથી બંધ કરતી વખતે એક એક ચોકડી બંને બાજુએથી ઘટાડવી એટલે છેવટે એક ચોકડી રહેશે. તેમાં પંદર કીડીઆં પરોવીને છેલ્લી ચોકડીનાં કીડીઆંમાં નાંખવું એટલે નાકું થશે.

કમાનઃ—હવે એની કમાન સારૂં એક રાતું ને પછી ચાર ધોળાં ને પછી ચાર રાતાં એમ લેવાં. ને ચોથા રાતામાં કીડીઆં લીધા વીના સોય નાંખવી. પછીથી ચાર ધોળાં લઇને પેલું જે એક રાતું કીડીઉં હોય તેમાં નાંખવી. એટલે ફુમતી થાય. તે પછીથી કીડીઆં ૨૮ લેવાં ને ઉપરથી ઉતરતી વખતે બે વખત ત્રણ ત્રણ લેવાં ને ત્રીજામાં ફાંદલું. ને પછીથી ચાર લેવાં તેમાં ત્રણ મુકીને ચોથામાં નાંખવું ને પછીથી ૭ લેવાં ને પાંચમામાં નાખવું ને પછીથી દશ લેવાં ને પાંચ મુકી છઠ્ઠામાં નાંખવું. એવી રીતે ઉપરથી ઉતરતી વખતે ને ચડતી વખતે પેલાં દશ લેવાં તે પાંચ મુકી છઠ્ઠામાં નાખવું. પછી આઠ લેવાં તે ૭ મુકીને સાતમામાં નાખવું. પછી ચાર લેવાં ને ત્રણ મુકી ચોથામાં નાખવું. પછી ત્રણ ત્રણ બે વખત લેવાં તે ત્રીજા કીડીઆંમાં નાંખવું. એવી રીતે ચોકડી પાડવી.

રંગઃ—ને જો બીજા રંગનાં કડીઆ નાંખવા હોય તો પણ ચડતી વખતે ચાર ધોળા ને ત્રણ રાતાં અથવા ગમે તેવા રંગનાં ને પાછાં ત્રણ ધોળાં લેવાં. ને બે ધોળાં ને ચાર રાતાં તે પેલાં કરેલાં છે તેની વચ્ચે લાકડીઆમાં નાખવું ને પછીથી દસ રાતાં લેવાં. એ રીતે કર્યેથી તોરણ પૂરૂં થશે.

आनन्दाश्रम.

" સાસુડી સંતાપે કહો કેમ કીજીએ ? "

સંપાદક: સૌ. હરિગંગા.—અમદાવાદ.

(હરિભજન વિના.........એ રાહ.)

શામળિયાજી, સાસુડી સંતાપે કહો કેમ કીજીએ ?
હું વહેલી ઉઠી પરભાતે, વાશી કામો કરવા માટે;
સાસુજી ઉઠયાં સંગાતે...... શામળિયાજી !

બડબડતાં બાઇજી બહુ બોલ્યાં, અત્યારમાં બારણાં કેમ ખોલ્યાં ?
નાહી ધોઇને માથાં કેમ ઓળ્યાં?...... શામળિયાજી !

ભજનમાં ભારે લેં લાગી, મારી મીઠડી નિંદ્રાઓ ભાગી,
ખડખડતાં હું ઝબકી જાગી....... શામળિયાજી !

નવું ગયણું તેં કેમ પલાળ્યું ? આખું ઘર વાસીદું વાળ્યું,
રસોડામાં રાખ્યું કાળું !...... શામળિયાજી !

અત્યારમાં આધરણ શું મૂકયું ? ચૂલાની બ્હાર બળતું ફૂકયું,
મારૂં બાળી નાંખ્યુ લાકડું સૂકું!...... શામળિયાજી !

દીવાની દિવેટ જાડી કીધી, નિવેદમાં સાકર બહુ લીધી,
તેં દેવની પૂજા કેમ કીધી ?...... શામળિયાજી !

ભિક્ષુ બ્રાહ્મણને કેમ આપ્યું ? ખાવાનું તુજને નહીં આપું,
હવે લૂગડાં તને નહીં લઈ આપું....... શામળિયાજી !

वालोद्यान.

ન્હાનો જગુ.

લેખક: સૌ. ' બ '—મુંબાઇ.

૧.

"વસુબ્હેન ! આજે તો અમે કેવો મ્હોટો વાઘ મારી લાવ્યા છીએ! " એમ બોલતો ન્હાનો જગુ ઝૂપડીમાં દાખલ થયો. " ઓ રે! " વસુ બૂમ પાડી ઉઠી. "મને તો બ્હીક લાગે છે. જગુભાઇ ! એને બ્હાર કાઢીનાંખ. "

" અરે, ગાંડી બ્હેન ! એમાં બ્હીક શાની ?" જગુ બોલ્યો. " જોને, બાપા સાથે હું નીત શિકારે જાઉં છું. તું પણ કાલે આવજે. કેવી ગંમત પડે છે ? "

"ના, ભાઈ! મને તો બ્હીક લાગે. જોને આ વાઘનું ચામડું જોઇને પણ હૈયું ધ્રૂજે છે."

"પણ સાથે હું છઉં કેની?" જગુ હિંમત દેતો બોલ્યો. "આવીશને?"

"હા, ભાઈ! કાલે આવીશ. પણ જોજે હોં. તું મને સાથે ને સાથેજ રાખજે."

૨.

જગુ અને વસુનાં માબાપ ગામની પડોશમાં પણ જંગલની સીમા ઉપર રહેતાં હતાં. તેઓ આખો દિવસ ખેતરમાં કામ કરતાં. વસુ ન્હાની હોવાથી ઘણીવાર માની સાથે સાથે જતી. જગુ પોતાના બાપ સાથે કોઇ કોઇવાર શિકારે જતો. તે બંદૂક ફોડતાં શીખ્યો હતો. તેના પિતાએ તેની હિંમતથી ખુશી થઇને એક ન્હાનકડી બંદૂક પણ તેને અપાવી હતી. જગુની ઉંમર બાર વર્ષની અને વસુની નવની હતી.

પ્રાતઃકાળના સુન્દર પ્રકાશમાં હરિયાળું વન પંખીઓના મીઠડા સ્વરોથી ગાજી રહ્યું છે. આ સમયે એક ઝાડી આગળ બે બાળક બેઠેલાં છે. શિકારની હોંશમાં મશગૂલ થયેલાં તે પોતે કેટલે દૂર ગયાં છે, તેનું ભાન તેમને રહ્યું નહોતું.

જગુએ એક દોડી જતા સસલા ઉપર બંદૂકનો બ્હાર કર્યો. વસુ તો ગભરાઇને ભાઇની ગોદમાં ભરાઇ ગઈ. પણ ગોળી આબાદ વાગવાથી સસલું ગબડી પડ્યું.

પણ એટલામાં જગુએ બે ફાંસીઆઓને પોતાની તરફ આવતા જોયા. આ જંગલ પાસે તે નીચ લોકોની એક ટોળી રહેતી હતી. તેમાંના કોઈ બંદૂકનો અવાજ સાંભળીને આ તરફ આવતા હોય એમ જણાયું.

જગુની પાસે હવે ગોળીઓ થઇ રહી હતી. તેથી તે બ્હીધો. બ્હેનનો હાથ ઝાલીને ઘર તરફ તેણે ન્હાસવા માંડ્યું. રસ્તામાં બંને જણ પડે-આખડે-અને પાછાં ઉઠીને દોડે. થોડીવારમાં ઝુંપડી આગળ તે આવી પ્હોચ્યાં.

૩.

પેલા ચોર લોકો પણ તેનાથી સ્હેજ દૂર પણ પાછળ જ હતા. ઘરમાં પેસીને જગુએ દરવાજો બંધ કર્યો અને એક જબરૂં લાકડું આડું ગોઠવી દીધું.

તેની મા તે વખતે સ્વામીને ખાવાનું આપવા ગઇ હતી. એટલે ઘરમાં કોઇ ન્હોતું. જગુ ગભરાયા વગર કાણામાંથી જોવા લાગ્યો. આખરે ફાંસીઆ ઘરનું બારણું ભાંગવા મંડ્યા. હવે જગુને બ્હાર નીકળવાનો એકે ઉપાય રહ્યો નહિ, છતાં આ બહાદુર છોકરો સમયસૂચકતા ભુલ્યો નહિ. બીજો ઉપાય ન જડવાથી રસોઈ ખાતામાં જઇને રાળનો કોથળો ભરેલો હતો. તે સળગાવી ભઠ્ઠીમાં નાંખીને પછવાડેથી ન્હાની બારી વાટે પોતાની બ્હેનને લઇ તે બહાર કુદી પડ્યો.

પેલા ચોર લોકો બારણું ભાંગીને ઘરમાં દાખલ થયા પણ પેસીને શું કરે. પેસતાંની સાથેજ સળગતો મોભ તેમના ઉપર પડ્યો અને તેઓ તુરતજ અગ્નિના ભોગ થઇ પડ્યા.

જગુએ સળગાવેલી આગનો મોટો ભડકો દુરથી તેનાં માતા પિતાએ જોયો. તે લોકો ઘર તરફ આવવાને દોડ્યા પણ રસ્તામાંજ તેમને પોતાનાં વ્હાલાં બાળકો મળ્યાં; ગભરાયલાં બન્ને ભાઇ બ્હેન માતપિતાને બેટી પડ્યાં અને સર્વે બીના સાચી રીતે કહી બતાવી તથા પોતાનો જાન કેવી રીતે બચાવ્યો તે કહી બતાવ્યું. પુત્રની શૂરતાથી આનંદ પામતાં અને બળી ગયેલી ઝુંપડીને માટે ખેદ કરતાં તે દંપતી ઝુંપડી તરફ ચાલવા લાગ્યાં.

કનક-કાન્તા.

(એક સંવાદ.)

લેખકઃ—સૌ. કૈલાશગવરી શ્રૉફ.

કનક—મારી બા મરી ગયાં છે. અને મારા બાપા નવી પરણ્યા છે. મારી બાને મરી ગયાને આઠ વરસ થયાં છે.

કાન્તા—બેન! મારી બા પણ આજ દશ વરસ થયાં મરણ પામ્યાં છે. તે વખત હું ઘણી નાની હતી એટલે મને યાદ નથી કે મારી બા કેવાં હતાં. મને તો મારી નવી બાએ ઉછેરીને મોટી કરી છે એટલે હું તો આજ સુધી એમજ જાણતી હતી. કે તે મારી સગીજ બા છે.

કનક—મારી બા તો મને બહુ દુઃખ દે છે અને બાપાને સાચું ખોટું કહીને મને રોજ માર ખવડાવે છે.

કાન્તા—મારી બાતો બીચારાં મને કોઇ દહાડો એક તુંકારો પણ કરતાં નથી, ને મારા પર ઘણું હેત રાખે છે, ને "બેન" સીવાય તો બોલાવતાંજ નથી, ને મને રોજ નવું નવું કામ સીખવે છે ને ન આવડે તો ધીરેથી બતાવે છે પણ ચીડાતાં નથી, તેથી મને તો કામ સીખવાની અને કરવાની બહુજ હોંશ થાય છે? અને મારાં ઓરમાન ભાઇ બેન પણ ઘણું હેત મારા ઉપર રાખે છે. કોઇ દહાડો અમારે તો કંકાસજ થતો નથી. તારે કેમ છે?

કનક—મને તો મારી નવી બા આખો દહાડો ખીજખીજ કરે છે ને હું કામ કરું તોયે મારૂં વાંકુ બોલ બોલ કરે છે. પાછાં મારા બાપા પાસે માર ખવડાવે તે જુદો!

કાન્તા—પણ તેમાં કાંઈ તારો પણ વાંક તો હશેજ ને? તું કાંઇ હરવખત એમનું કહ્યું માનતી હશે?

કનક—ના, બા. સાચું કહું તો એમને મારૂં કરેલું સારૂં લાગતું નથી. એટલે હું મન લગાડીને કામ કરતીયે નથી ને એ ગુસ્સે થાય છે ત્યારે હું પણ ચીઢાઉં છું.

કાન્તા—તમારે ન બનવાનું ખરૂં કારણ હવે સમજાયું. તારી બા નાનપણમાં મરી ગઇ અને તને નવી મા પણ કાંઇ સીખામણ આપતાં.નથી, એટલે તું પણ તેની સામું બોલવા ચુકતી નહિ હોય.

તારા બાપા બીચારા શું કરે? તે ચાકરીઆત માણસ એટલે રોજ સવારે નવ વાગે જાય અને રાતના નવ વાગે ઘેર આવે એટલે તમારો કંકાસ સાંભળી દીલગીર થાય.

કનક—પણ મારો તેમાં શું વાંક?

કાન્તા—વાંક તો ખરોજ તો.

એ તને કાંઈ કામ કહેતા હશે અને તું નહિ કરતી હોય ને સામું બોલતી હશે. જો એ કાંઈ પણ કહે તો આપણે સાંભળી લઈ બેસી રહીએ અને સામો ઉત્તર આપીએ નહિ અને જે કામ કહે તે આપણે સારી રીતે કરીએ તો પછી કંઇ વઢવાડ થાય? આપણે એમ સમજવું જોઇએ કે આપણી મા મરી ગઇ એમાં એનો શું વાંક?

જો બાપા નવી પરણ્યા, તો તે પણ આપણી પુજ્ય માતા છે એમ જાણીને માબાપની સેવા કરી સંતોષ આપવો. જો બ્હેન ! મારૂં કહેવું કાંઈ ખોટું છે ? હવેથી તું એમ કરીશ ને પછીથી જો કોઈ દહાડો તારી બા તને કાંઇ કહે તો તું મને કહેજે.

કનક—હા, બહેન ! તારી બા તને રોજ નવી સીખામણ આપે છે. પણ મને કોણ આપે ? તું આટલી બેનપણી સારી છે તો આપે છે.

કાન્તા—મેં તને જે કહ્યું તેથી તને કાંઇ ખોટું તો લાગ્યું નથી ને ? માઠું લાગ્યું હોય તો માફ કરજે.

કનક—ના બહેન ! એમાં માઠું શાનું ? એવું મને તો બહુ ગમે છે. રોજ મને સારી શીખામણ આપતી રહેજે ને તારી બાને પણ મારી બા પાસે રોજ એક બે ઘડી ફુરસદે મોકલજે કે જેથી સારી સારી ચોપડીઓ વાંચી સંભળાવે ને તેથી તેનો જીવ આનંદમાં રહે. એને વાંચતા નથી આવડતું એટલે એ સારી સારી ચોપડીઓ કયાંથી વાંચે ?

કાન્તા—ત્યારે તું વાંચતાં શીખે છે કે નહિ ?

કનક—નારે બહેન ! વાંચતા શીખી હોત તો તો સારૂંજ તો. મારા બાપા મને સ્કુલમાં મુકતા હતા પણ ઘરનું કામ કોણ કરશે ?—એમ કહીને મારી બાએ મને ભણવા દીધી નહિ એટલે આપણે પણ આખો દિવસ રમ્યા કરીએ ને કંઇ કામ કહે તો કંટાળો આવે.

કાન્તા—હવે હું મારી બાને તારી બા પાસે મોકલીશ ને મારી બા પાસે કહેવડાવીશ એટલે તને સ્કુલમાં મોકલશે ને ખપ જોગું ઘરનું કામકાજ પણ શીખવશે. ચાલ બહેન ! આજે તો વખત બહુ થયો છે. મારી બા વાટ જોશે.

કનક—બહેન કાન્તા ! કાલે પાછી વ્હેલી આવજે. આજે તો મને બહુ સારૂં લાગ્યું ને ગંમતમાં દિવસ ગયો. તે બંને જૂદાં પડયાં.

૨.

પછી બીજે દિવસે કાન્તાએ એની બાને કહીને કનકને ઘેર મોકલી. કાન્તાનાં માતુશ્રીએ કનકની માને ઘણો સારો બોધ આપ્યો અને સારી સારી ચોપડીઓ વાંચી સંભળાવી. એ જોઇને કનકની માને પણ ભણવાનું મન થયું. તે બોલી: બેન, "આવીજ રીતે રોજ મારી પાસે આવજો અને મને તમારી નવરાશે થોડું વાંચતાં લખતાં શીખવજો."

પછી તે રોજ વાંચતી લખતી. એમ કરતાં એણે સારી રીતે અભ્યાસ વધાર્યો અને પોતાની છોકરી કનકને પણ સ્કુલમાં મુકવાને કહ્યું. એવી રીતે સારી સોબતથી મા દીકરી તથા તેનું આખું કુટુમ્બ સુધર્યું. ત્યાર પછી એમને કોઇ દિવસ કંકાસ થતો નહિ.

આપણે પણ હમેશ સારી સોબત રાખવી અને હમેશાં સત્સંગ એટલે સારા માણસોની સોબત રાખવી સારી સોબતથી કેટલો લાભ થાય છે તે આ વાત ઉપરથી સમજાશે.

દલપતરામ કહે છે કે—

જેને જેવો સંગ, રંગ બહુ તેવો બેસે,
જેને જેવો સંગ, પ્રેમ પણ તેવો પેસે;
રૂડે સંગે રૂડો થશે, બુરે સંગે બુરો બને,
સારા મહેતાના સંગથી, ભાગ્યવાન વિદ્યા ભણે

विविध विहार.

વહુ પ્રત્યે સાસુની ફરજ.

લેખકઃ " એક બ્હેન. "—જામનગર.

આપણા હીંદુ સંસારમાં સાસુ એ કાંઇ ઘડીકનું સગપણ નથી. પણ આખી જીંદગી-ભરનું છે. જો સાસુ વહુને સંપ રહે તો ગૃહ વ્યવહાર સુખથી ચાલે.

વહુ બીચારી આવતાં વારને બાળક હોય છે. તેને કોઇ જાતની ખબર હોતી નથી. તેને સમજુ સાસુએ સઘળું સમજાવવું જોઇયે અને પોતાનાં આગળ થઈ ગયેલાં વડવાંઓનાં સુચરિત્રો કહી તેના હૃદયમાં તેવું થવાની ભાવના પ્રેરવી જોઇયે. વહુ સાસરે આવતાં માત્ર તેર ચૌદ વર્ષનીજ હોય છે. તેને પોતાનાં વ્હાલાં માતાપીતાથી જુદાં પડતાં દુઃખ થાય છે, પણ માત્ર પોતાના સ્વામી સુખની આશામાં દોરાય છે. તેને સંસાર શું છે તેની ખબર હોતી નથી ત્યાં બીચારીને માથે ન સહન થઇ શકે તેવો ભાર કેટલીક અણસમજુ સાસુઓ નાંખે છે અને જરા ભૂલ થાય તો બીચારીનાં પીંખણાં પીંખે છે. પણ સમજુ સાસુએ બાળક વહુને માથે કાંઇ પણ ભાર ન નાંખતાં જેમ તે આનન્દમાં રહે, ઘરનાં સઘળાં હળી મળી જાય, હૃદય જરા છુટું થાય તેમ કરવાની જરૂર છે. તેના તરફ માયાભરી દ્રષ્ટી રાખવી, વ્હાલથી બોલાવી પાસે બેસાડવી, તેના કુમળા મગજમાં સારી લાગણી થાય તેવી વાત કરવી અને સાસુ પ્રત્યે પોતાની શું ફરજ છે તે શીખવવું. તેના તરફ એક માતા જેટલુંજ વ્હાલ રાખવું. પોતાની છોકરી સાથે જે રીતે વર્તતાં હોઇએ તેવીજ રીતે વર્તવું; પોતાની દીકરીનું શુભ કહેવાવામાં જેટલું કરતાં હો તેથી અધીક કરવું જેથી દુનીયામાં તમારી અને એની બન્નેની આબરૂ વધશે, બંન્નેને દુનીયા વખાણશે, અને તમારો ગૃહવ્યવહાર સુખથી ચાલશે. જ્યારે તે તમારા ઘરમાં બરાબર હળી જાય, તેનું હૃદય બળવાન થાય ત્યારે તેના ઉપર કામનો બોજો ધીરે ધીરે નાંખજો. જો તેની માતા સારી સદ્‌ગુણી હશે તો તેને ગૃહકાર્યમાં પ્રવીણ થતાં મુશ્કેલી નહીં નડે. કારણ કે ડાહી માતાની દીકરી સારી સાસુ પાસે હમેશાં પ્રશંસાને પામે છે. તેને પોતાનો ધર્મ શું છે તે બરાબર શીખવવું. વર્તન હમેશાં સારૂંજ રાખવું સારીજ વાતો કરવી, સારૂ ગૃહણ કરતાં શીખવવું અને અન્ય ખરાબ સ્ત્રીઓના સંસર્ગમાં ન આવવા દેતાં સારી સ્ત્રીઓના પ્રસંગમાં મુકવી. તેની જો કાંઇ પણ ભૂલ થાય તો તેને એકદમ ન ટોકતાં ખાનગીમાં શીખામણ દેવી જેથી તે એવી ભૂલ ફરીને ન કરવા વચન આપશે આખો દીવસ બેસી રહી નવરાં ગપ્પાં મારવામાં જેમ કેટલીક સ્ત્રીઓ પોતાનો વખત ગાળે છે તે રીતે વખત ગાળવાની છુટ ન આપતાં ભરતકામ, બાળકોનાં કપડાં કેમ શીવવાં, તુરત જોઇતી વસ્તુઓ કેમ તૈયાર કરવી, વગેરે શીખવવું, જેથી તમારા ઘરમાં બેવડો ફાયદો થશે, પૈસા બચશે અને દુર્ગુણોથી દૂર રહેશે. પતીને ઉપયોગી થવાનું આપણા હીંદુ સંસારમાં મર્યાદાને લીધે સાસુથી કહી શકાતું નથી, જેથી વર્તનથી દેખાડવું તે વધારે સારૂં છે. બાળક હૃદયો જુવે

પતિસુખ નહિ મળવાથી તેઓ કદિ અનીતિને રસ્તે દોરાય છે તો તેનાં જવાબદાર તેઓના મૂર્ખ માતાપિતા અને જુના વિચારોજ છે ! તેઓ પોતાની પ્રાણ સમાન વ્હાલી બાળકીઓને દુઃખમાં હડસેલી નાંખી પાછળથી પસ્તાવો કરે છે. અને ઘણાક માબાપો તો એથી પણ ભયંકર કર્મ કરતાં બીલકુલ ડરતા નથી ! અને સાઠ પાંસેઠ વર્ષની ઉમ્મરે પ્હોંચેલા વૃદ્ધને પોતાની નાની વયની પુષ્પ સમાન બાળકી પૈસાના લોભે આપી તેને જીવતાજ રંડાપામાં નાંખવાનુ અતિ ઘણું કષ્ટદાયક કર્મ કરે છે ! અરે, ઓ ક્રૂર માતાપિતાઓ ! તમોને આવા કોમળ પુષ્પ કરમાવતાં કેમ શરમ નથી લાગતી ? તમારી વ્હાલી પુત્રીઓનાં દુઃખ તમારાં હૃદય કેમ સહન કરી શકે છે ?

દુષ્ટ માતાપિતાઓના આવા ઘોર કૃત્યની ભોગરૂપ બનેલ બાળાઓનાં દુઃખ જોયા છતાં–તેને તેજ માર્ગે બીજાં આંધળાં થયેલાં માબાપો કેમ દોડી રહેતાં હશે ?

કેળવણી આપેલ માતામાં બાળકો કેમ ઉછેરવાં અને તેમને કેવી રીતે સદ્‌ગુણી બનાવવાં એની સમજ તથા જ્ઞાન હોય છે. પણ બીનકેળવાયલી માતાનાં બાળકોને યોગ્ય કેળવણી કે ઘરશીક્ષણ મળતું નથી. આ લાભ જો તેઓની માતા ભણેલી અને સુશીક્ષિત હોય તો મળી શકે પરંતુ, માતાજ અભણ અને બુદ્ધિહીન હોય તો તેઓ બિચારાં તેવો લાભ ક્યાંથી મેળવી શકે ? જન્મ પર્યન્ત મુર્ખ અને અભણ રહેલ માતાઓ સદ્‌વિદ્યાથી મળતા સદ્‌ગુણોનું જ્ઞાન ક્યાંથી પામી શકે ? તેમજ તે પોતાના બાળકોને તે લાભ ક્યાંથી આપી શકે ? માટે પુત્રો તેમજ પુત્રીઓને કેળવણીની ખાસ જરૂર છે, અને તે વળી એવી નહિ હોવી જોઇયે કે હાલના સુધરેલા જમાનામાં કેળવણીને નામે પૂર્ણ સ્વતંત્રતા આપી દેવાય છે તેવી ! એવી સ્વતંત્રતાનાં ફળ તેઓને પાછળથી દુઃખરૂપ ભોગવવાં પડે છે. બાળાઓને કેળવણી એવી મળવી જોઇયે કે જે કેળવણી દરેક સ્ત્રીઓને ઉત્તમ સદ્‌ગુણો આપે. પતિવ્રત ધર્મની સમજ, વ્યવહાર ચાતુર્ય, શુદ્ધ વૃત્તિ, નિર્મળ હૃદય, ગંભીર મન, દયા, ધૈર્ય, ક્ષમા, સહનશીલતા, શીયળને સાચવવાની હીંમત, વિનય વિવેક, વિચારશક્તિ, અને અન્ય બ્હેનોને દુખી જોઇ સુખી કરવાની ઉચ્ચ અભિલાષા, પોતાના પતિને હૃદયદેવ ગણી સંસારને સ્વર્ગ બનાવવાની કળા, પોતાનાં બાળકોને ઉત્તમ રીતે ઉછેરીને સદ્‌ગુણી બનાવવાની ચતુરાઈ, અને આ જગતમાં પોતાનાં કર્તવ્ય કર્મની સમજ–એ વિગેરે બાબતોનું સંપૂર્ણ શીક્ષણ જેનાથી મળે તેજ ખરી સ્ત્રીકેળવણી. એજ કેળવણી તે ખરી કેળવણી. એ ગુણો સોના કરતાં વધુ કીંમતિ છે. બ્હેનો ! એ ગુણો જેણે સંપાદન કરેલા છે તેને પોતાને ખરી ભાગ્યવાન સમજવી. દરેક સ્ત્રીઓએ પતિને પ્રેમથી વશ કરવા એજ ખરૂં વશીકરણ છે, તેમજ તે સર્વ સુખને પ્રાપ્ત કરાવનારૂં સાધન છે, એમ પોતાના અંતઃકરણમાં છાપ પાડવી જોઇયે. આ છાપ ઉત્તમ કેળવણીથી કુદરતી રીતે આપોઆપ પડી શકે છે. માટે ઓ સુજ્ઞ માતાપિતાઓ ! તમારી સુકુમાર બાળાઓને યોગ્ય શીક્ષણ આપી તેમનો સંસાર સુખમય કરો. તમારા જુના વિચારોને દૂર કરી તમારી ઉત્તમ ફરજ બજાવો. યોગ્ય પુરૂષ સાથે લગ્ન જેવા પવિત્ર સંબંધથી તેમને [illegible] કે જેથી તેઓ સદ્‌ગુણોથી શોભી તમારા નામને અમર કરે, તેમજ દેશની વધી [illegible]લી દુર્દશા ઓછી કરી આર્યાવૃતની અખંડ કીર્તિ પ્રગટાવી, વીર પુત્રોને અને [illegible]ીઓને સદ્‌ગુણી બનાવી એ બાળાઓ આ જગતમાં પોતાના કર્તવ્યની ઉત્તમ ફરજ અદા [illegible]રે. પરમ કૃપાળુ પરમાત્મા તમોને આ કાર્યમાં સહાય થઇ તમારા જુના વિચારોને [illegible] કરો અને દેશની ઉન્નતિ કરવાના કારણરૂપ કેળવણી તરફ તમારૂં મન દોડાવો એવી [illegible]ારી અંતઃકરણની શુભેચ્છા અને પ્રાર્થના છે.

સુન્દરી સુબોધ ** માસિક વધારો.

અંક ૧૧. (સુન્દરી સુબોધ-પુઃ ૧૧-અંઃ ૧૧) જુલાઈ ૧૯૧૪.

सरस्वती.

પુસ્તક.

લેખકઃ સૌ. દયાવતી ગણેશ—અમદાવાદ.

ओ३म् यां मेधां देवगणाः पितरश्चोपासते । तया मामद्य मेधयाऽग्नेमेधावि-
नं कुरु स्वाहा ॥ यजुः० ॥ अ० ३२ मं. १४ ॥

वैदिक हमारा धर्म्म है, आर्य्य हमारा नाम ।
एक ब्रह्मको पूजना, यही मुख्य एक काम ॥

पुस्तक ! तूं मेरी प्यारी सहेली है, તું મ્હને વાતો સંભળાવે છે, શિક્ષા આપે છે, અને આત્માને આનન્દ આપે છે ! पुस्तक ! तुझको प्रणाम है. તું ન જોએલા પદાર્થોનું દર્શન કરાવે છે, ન સાંભળેલી કથાઓને સંભળાવે છે, અને સાચો માર્ગ બતાવે છે ! पुस्तक! तुझे नमस्कार है.

જ્યારે મ્હારૂં મન કંટાળી જાય છે, ત્યારે હું ત્હારાથી વાતો કરી પ્રસન્ન થાઉં છું. તું અશાન્તિમાં ચિત્તને શાન્તિ આપે છે, ત્હારી ઉત્તમતા મ્હારામાં પ્રવેશ કરી મને પણ ઉત્તમ બનાવે છે. अस्तु ! तुझे नमस्कार है.

આહા ! ત્હારામાં કેટલી શક્તિ છે ! તું મૃત્યુ પામેલાં સ્ત્રી-પુરૂષોથી પણ વાતો કરાવનાર છે. तूं रत्नगर्भा है. જ્યારે હું ચાહું ત્યારે ત્હારાથી મિષ્ટ-મિષ્ટ વાર્તાઓ કરી શકું છું. તું ન હોત તો વિદ્વાનોના, ધર્મ્માત્માઓના અને ઋષિ મહર્ષિઓના સુવિચારો તેમના અનિત્ય શરીરની સાથેજ મૃત્યુને શરણ થાત અને જગતમાં પણ અન્ધારૂં છવાઈ જાત ! अस्तु ! तुझे नमस्कार है.

ઉત્તમ પુસ્તકો ! ત્હમે જ્ઞાનના ભંડાર છો, ત્હમે વિદ્યાનો પ્રકાશ છો. મ્હારા ગૃહમાં ત્હમે નિવાસ કરો. હું તમારા માટે સુન્દર સ્થાન અને સુન્દર આસન (પુસ્તકાલય) બનાવીશ. ત્હમારી સાથે રહેવામાં મ્હારૂં ખરૂં હિત છે. જીવન પર્યન્ત ત્હમને મ્હારી સાથેજ રાખીશ ! अस्तु ! हे परम प्रिय पुस्तको ! तुम्हें वारम्वार नमस्कार है.

काव्यकुंज.

વર્ષાઋતુ.

લેખકઃ સૌ. કંદુ બ્હેન.—વડોદરા.

(શાલિની.)

આવી રૂડી ઋતુ વર્ષા રસાળી, લાગે સારી નેત્રને ઠારનારી,
ઘેરાયું છે વાદળું શ્યામ ઘોર, વાયુ પોતે દાખવે કેવું જોર?
લીલી સાડી પ્હેરીને પૃથ્વિ શોભે, જોનારાનું ચિત્તડું તુર્ત લોભે,
બ્હેની! આવે મેઘ રાજાની સ્વારી, જોની તું તો લાગતી કેવી સારી?

રૂડા લાગે દિન વર્ષાદનારે, બ્હેની! એતો સર્વને ભાવતાં રે,
ઝીણો ઝીણો મંદ વાયુ વહાય, લાવે છાંટા વાદળીના રૂડાય.
મુગ્ધા કોઇ વાટ જોતી પતિની, 'ક્યારે આવે કંથ મારા?' અધિરી;—
તેની પેરે વાટ સઉ જંન જોય, વારી વિના સર્વ દુષ્કાળ હોય.

ગાજે ભારે, વિજળીઓ થતી રે, લોકોમાં હવે ઉર્મીઓ અર્પતિરે,
શું વાયુ મેઘરાજા લડે છે? જાણે જોઉં મેઘ પાછો પડે છે?
વૃક્ષો જ્યાં ત્યાં લાગતાં રમ્ય કેવાં, દીપે લીલાં પાતરાં પાણીવાળા;
બાગો માંહિ ફુલ કેવા ખીલ્યાં છે પાણી પીને તૃપ્ત કેવાં થયાં છે!

સુખીને તો બ્હેની! એ સારૂં લાગે, દુઃખીને ના એ કશું મન ભાવે,
તલ્પે નિરાધાર પ્રાણી બિચારાં, વારી પિવા મેઘનું તે અધિરાં.
પંખી કેવાં ચાતકો બોલતાંરે, મોરો કેવારે કળા ખેલતાંરે,
જોડે બેસી મીઠડા બોલ બોલે વારી પીતાં મેઘનું તે કલોલે.

જ્યારે જ્યારે મેઘરાજા પધારે, શોભા સારી પૃથ્વીની તે વધારે,
જોની જોનીરે સખી! જોની આવી, રૂડી રૂતુ દીસતી શી રસાળી!
કેવાં ટીપાં નેવથી તો પડે છે, જોનારાનું મનડું ત્યાં ઠરે છે,
તારા જાયે વાદળોમાં છૂપાઇ, પૃથ્વિ દેવી જાય જોની ભીંજાઇ.

લીલા સારી કુદ્રતી લાગતીરે, જોતાં મનને ભાવતિરે,
વિધીએ તો કામ કીધું છે ભારી, સૃષ્ટિ લીલા તો રચી કેવી ન્યારી!
આવે, જાએ, ઋતુઓ ફેરવાએ, સત્તા બ્હેની! ઈશ્વરી એ જણાએ;
શોભા સારી વર્ણવીયે ન જાએ, વારી પીતાં જીવને શાન્તિ થાએ.

સ્નેહ સ્તવન.

લેખકઃ શ્રીમતી હીરાબ્હેન કેશવલાલ-મુંબાઇ.

(મારા મસ્તક કેરા મોર—એ રાગ.)

મારા જીવન-પ્રાણાધાર !
સદા દેજો તમારો સ્નેહ સાચોઃ
પ્રિય ! માગું તમારી પાસ. —સદા.

(સાખી) હું તમ દાસી પ્રાણ ! છું,
જીવન આપણું એક;
પ્રભુ ! દયા કરી આપજો,
સદા હૃદયનો સ્નેહઃ

તમે છો મારા પ્રાણાધાર,
કહું વીનવીને વારંવાર;
અહો ! મુજ શીરછત્ર-આધાર ! —સદા.

સુબોધ.

લેખકઃ સૌ. ગોદાવરીબ્હેન શંકરલાલ.—વસો.

પ્રભુએ આપ્યો છે, કીમતી મનુષ્યદેહ તુજને,
કરો તે સાફલ્ય, પ્રીતિથી સતકાર્યોજ કરીને;

નીતિમાં ન્હાઇને, મનથી શુભ વિચાર ધરવા,
પ્રીતિ પાંખો ધારી, જીવન મહિં સંસ્કાર ભરવા.

પરોપકારો કરવા, અહર્નિશ સત્સંગ સજવા,
પ્રભુ પાસે યાચો, હૃદય તમમાં પ્રીતિ ઝરણાં;

અનીતિને પંથે અટવઇ જશો નહિ જલદી,
નીતિના માર્ગોમાં સુખદ સહુ થાશે ઝપટથી.

વદો નિત્યે સાચું, હૃદયથી દયા સર્વ પર તો,
સદા પ્રીતિ ધારો, જગ સહુ તણું હિત કરજો;

ભણી સારા ગ્રંથો, કપટ ત્યજીને નિર્મળ બનો,
પ્રભુને યાચો, સરલ દિલ ભક્તિ નીતિ ધરો.

મનને શિખામણ.

લેખક: મિસ કાશીબ્હેન લીલાધર.—રાજકોટ.

(કટોર)

મન ! તું દોષ સઘળા છોડ, તજીદે તારી જે જે ખોડ;
કર તું દૂર વૃથા અભિમાન, મન ! તું મારી શિક્ષા માન.

બન તું ભક્ત પ્રભુનું ખેરા, કર તું કામ શુભ હમેશ;
હિતની વાત ધરીલે કાન, મન ! તું મારી શિક્ષા માન.

તજ તું તારા ખોટા ખેલ, દુર્જન કેરી સંગત મેલ;
કર તું શાસ્ત્ર વચનો પાન, મન ! તું મારી શિક્ષા માન.

માત પિતાની આજ્ઞા પાળ, તારા ધર્મ સહુ સંભાળ;
કર તું પ્રેમ-ભક્તિ ગાન, મન ! તું મારી શિક્ષા માન.

શ્રદ્ધા ધર્મ ઉપર ધાર, મેલી દે અશુભ વિચાર;
ગુરૂનાં વેણુને દે માન, મન ! તું મારી શિક્ષા માન.

પ્રભુએ આપ્યો મનુ દેહ, પ્રેમે તે સફળ કરી લેહ;
ન ભટક મૂર્ખ ! ભૂલી ભાન, મન ! તું મારી શિક્ષા માન.

તજ દુનિઆના ખોટા ખેલ, મમતા-મોહ-મત્સર મેલ;
સમજ શુભ વાત રાખી સાન, મન ! તું મારી શિક્ષા માન.

જીવન તારૂં કિંમતી જેહ, સત્યે તું સફળ કર તેહ;
ખા નહિ ખોટ બની મસ્તાન, મન ! તું મારી શિક્ષા માન.

ઉર ધરીને ઉંચા અભિલાખ, દયા જીવ માત્ર ઉપર રાખ;
થા સંતોષી, બન ગુણવાન, મન ! તું મારી શિક્ષા માન.

શીખી લે શિષ્ટના આચાર, વર્તન તારૂં રાખ ઉદાર;
પ્રેમે દીનને દે તું દાન, મન ! તું મારી શિક્ષા માન.

નીતિ નિવૃત્તિ કેરે સંગ, કર કર્તવ્ય ધારી ઉમંગ;
શુભ કાર્યે લગાવી તાન, મન ! તું મારી શિક્ષા માન.

ચંચળતા તું તારી છોડ, મુકી દે ખોટી દોડાદોડ;
ભજીલે ભાવથી ભગવાન, મન ! તું મારી શિક્ષા માન.

ગૃહિણી ચિંતન.

લેખકઃ સૌ. " બાલા "—ભરૂચ.

પતિ છે પ્રભુ સમાન, ને જીંદગીનો આધાર;
માથાનો શિરતાજ ગણી, પ્રતિ ફુલેથી વધાવ.

તડકો ટાઢ સેવે કઠિન, સેવે દુઃખ અપાર;
જીવન ચિંતા સહુ સહે, ભટકે સ્થળે તમામ.

સતી શૈવ્યા માંહ તું, સેવે એ તાપ અમાપ;
દવા ચાકરી સહુ કરે, ન થાય તે કરે આપ.

માગે નહિં બદલો કશો, ખરા પ્રેમથી ચાહ;
તો તું પ્રિય દારા બની, દુઃખને દરિયે નાંખ.

સુખ દુઃખમાં સાથી થઇ, હૃદય બાગમાં મહાલ;
બદલો શો તું દઈ શકે ? પતિ ઉર પ્રેમે ધાર.

પ્રાર્થના.

લેખકઃ શ્રી " નિર્મળા " -રાજકોટ.

(લલિત)

પરમ પ્રિયરે ઓ પ્રભુ ! તને, અરજ હું કરૂં જોડી હાથને;
જગત બંધ આ તોડીને પ્રભુ ! દુઃખ સમુદ્રથી તારરે વિભુ !

અખિલ વિશ્વના આપ સ્વામિ છો, ભવ અરણ્યથી તારનાર છો;
દિવસ આકરા આવીયા પ્રભુ ! દુઃખ સમુદ્રથી તારરે વિભુ !

અધમ કર્મે તો હવે આણીને પ્રભુ ! કર્યાં અમે રાચી રાચી દને;
તુજ વિના નથી સ્હાય કો પ્રભુ ! દુઃખ સમુદ્રથી તારરે વિભુ !

અધમ હાયરે શી સ્થિતિ મળી ? ઉદધિ શોકમાં ડુબીએ મરી !
નવે ખમાયને ઓ પિતા પ્રભુ ! દુઃખ સમુદ્રથી તારરે વિભુ !

કરગરી કરૂં અરજ આપને ! શરણુ રાખજો ઝાલી હાથને;
કરમ પાશથી છોડીને પ્રભુ ! દુઃખ સમુદ્રથી તારરે વિભુ !

ચરણુ સેવના આપની સખે ! સરવ કાળ દ્યો મ્હેરથી મને;
વિનવું હે પ્રભુ ! રંક બાળ હું. ચરણુમાં સદા શરણુ દ્યો વિભુ.

મનને શિખામણ.

લેખક: મિસ કાશીબ્હેન લીલાધર.—રાજકોટ.

(હઘોર)

મન ! તું દોષ સઘળા છોડ, તરછોડ તારી જે જે ખોડ;
કર તું દૂર વૃથા અભિમાન, મન ! તું મારી શિક્ષા માન.

બન તું ભક્ત પ્રભુનુ બેશ, કર તું કામ શુભ હમેશ;
હિતની વાત ધરીલે કાન, મન ! તું મારી શિક્ષા માન.

તજ તું તારા ખોટા ખેલ, દુર્જન કેરી સંગત મેલ;
કર તું શાસ્ત્ર વચનો પાન, મન ! તું મારી શિક્ષા માન.

માત પિતાની આજ્ઞા પાળ, તારા ... માતાનો હાર,
કર તું પ્રેમ-ભક્તિ ગાન, માણેક જડાવ:—દેવી દયાળુ છે.

... શોભતા, થાય કંકણનો ખમકાર,
ઝાંઝર ઝમકાર:—દેવી દયાળુ છે.

માને દાંતે સુવર્ણની રેખ છે, વેણુ જાણે છે કાળો નાગ,
ફુલો તણો બાગ—દેવી દયાળુ છે.

પ્હેર્યાં ચીર ને ચણીયા ચોળી છે, ઉપર ઓઢણી છે શી રૂપાળી,
શોભા બધી સારી:—દેવી દયાળુ છે.

માએ સોળે શૃંગારો છે ધર્યા, કાને કુંડળનો ઝળકાટ,
રૂડેરો ઘાટ:—દેવી દયાળુ છે.

માના અંબરની શોભા સારી છે, જોતાં મોહે ત્રિભુવન ભૂપ,
શું સુન્દર રૂપ ?—દેવી દયાળુ છે.

માનું ચન્દ્રવદન સુખકારી છે, દર્શનથી કાપે દુઃખ ભારી,
બને વાત ધારી:—દેવી દયાળુ છે.

સિંહ ઉપર સ્વારી પ્રીતે કરે, અસુરોને હણવા જાય,
દેવોને સ્હાય:—દેવી દયાળુ છે.

ગોખ મધ્યે તે માજી બિરાજતાં, હાથમાં ખાંડુ ને છે ત્રિશૂળ,
રૂડાં વળી ફુલ:—દેવી દયાળુ છે.

જ્ઞાનવાવનું પાણી પાતાળી છે, પિતાં કુબુદ્ધિ સત્વર જાય,
સદ્બુદ્ધિ થાય:—દેવી દયાળુ છે.

માજી ! રાંક ઉપર કરણા કરજે, હરજે અમ સંકટ માત,
સુધારો કાજ:—દેવી દયાળુ છે

અંબાજીની સ્તુતિ,

લેખકઃ સૌ. ગજરા બ્હેન—સુરત.

(અલબેલીરે અંબેમાત–એ રાગ.)

જય જય જય અંબે માત ! જય જય જગદંબે !
સેવકને કરજો સ્હાય, જય જય જગદંબે !

આરાસુરમાં આપ બિરાજો, સેવકનાં કરતાં કામરે,
સૃષ્ટિ મધ્યે સહુમાં મોટું, માજી ! છે તમ નામ— જય જય૦

તમ ઉપર મેં કામ ઉપાડયું, તેમાં કરજો સ્હાયરે,
તમ વીના કોણ પાર ઉતારે, ભવસાગરની માંહ્ય.— જય જય૦

સંકટ સમયે સ્હાય કરોને, પુરજો મનની આશરે,
ભરત ભૂમિની લજ્જા રાખો, માજી ! છીએ તમ દાસ.— જય જય૦

માની કીર્તિ નવખંડ વ્યાપી, સેવા કરે સહુ જનરે,
મુજ પર મ્હેર કરી માતાજી ! દેજો પ્રિય દરસન.— જય જય૦

પ્રેમને નિમંત્રણ.

લેખકઃ મિસિસ શાન્તાગૌરી શુકલ—વઢવાણ (હાલ કરાંચી)

જીવન બગીચે આવજો, સૌ સાથ સ્નેહી લાવજો,
પ્રીતિ વિના કોઇ પરોણા ને ન લેતા આવજો.

સહુ જગ વિશે નદીઓ પ્રીતિની વહી રહી છે મધુર જ્યાં,
લલિતા લતાનાં પ્રેમપુષ્પો જો ચહો, તો આવજો.

"પ્રેમ" એકજ ધર્મ છે જેયાં, "ધર્મ" પણ જ્યાં પ્રેમ છે;
એ હૃદયમંદિર સદા, વ્હાલા પ્રેમદેવ પધારજો.

પ્રાર્થના.

લેખકઃ Mrs. "C"—રાજકોટ.

પ્યારા પ્રભુજી ! તમને વીનવું રે, શાંતી દેજે મ્હારા નાથઃ
જેથી રહી શાંત, સદા હું ભક્તિ કરૂં રે.

મ્હારો આનંદ ત્હારા ધ્યાનમાં રે, રાત્રિ દિવસ ધરૂં ધ્યાન;
એવું કર કહાન ! સદા હું ભક્તિ કરૂં રે.

સુખના સમયમાં નવ વીસરૂં રે, દુઃખે ત્હારી મ્હારે વ્હારઃ
દયાના દેદાર ! સદા હું ભક્તિ કરૂં રે.

દોષ બાળક કેરા ક્ષમા કરો રે, કરો પ્રલય સહુ મુજ પાપ;
દયાળુ હે બાપ ! સદા હું ભક્તિ કરૂં રે.

એમ પ્રિયજન ત્હારા ધામમાં રે, લઈ આપને, શાંતી અમાપ;
શરણુ ત્હારે સ્થાપ, એવી વીનતી કરૂં રે.

હરિ સ્મરણ.

લેખકઃ શ્રીમતી જેકોરબાઈ મંગળદાસ.—મુંબાઈ.

(નીતિ તુંબી ભવ સીંધુને તરાવે એ રાગ.)

મન મોહમાં પડી હરિ વિસારેઃ
ભવ સીંધુ દુઃખમાંથી,
જન્મ મૃત્યુ ફેરામાંથી,
તારશે પ્રભુ તેમાંથી;

તારશે પ્રભુ તેમાંથી–ચિત્તમાં તું ધારેઃ તારે તે, તરાવે.–મનં૦
વૃત્તિ ભટકતી તે વાળ પ્રભુ શરણેઃ
અન્ય ધ્યાનથી દુઃખ જન્મ મર્ણે,
સમજી સત્ય સાર જા તું પ્રભુ ચરણેઃ—

પ્રભી શરણુ–પ્રભી શરણુ–રાખશે ચરણુ–દુઃખ હરણુ–
જન્મ મરણુ–તારણુ તરણુ–દયા ઝરણુ–સુખ કરણુ–
પ્રભુ તારે તારે–તે તરાવેઃ મન મોહમાં પડી હરિ વિસારે.

સતી ધર્મ.

લેખકઃ સૌ. રૂક્મિણી ત્રિભોવન—ઝગડીયા.

(કંકુ છાંટી કંકોતરી મોકલે—એ રાગ.)

શાણી બ્હેનો ! સૌભાગ્યનો ચંદ્રમા;
 સૌભાગ્યને શોભાવનાર, શાણા ભરથાર.—પતિ સેવો પ્રેમથી૦
ભવાબ્ધિથી આપણને ઉગારવા,
 ઝાલ્યો વ્હાલ ધરી જેણે હાથ, ગણી તેને નાથ.— પતિ૦
પતિ સેવામાં સ્ત્રીનું સૌભાગ્ય છે,
 સારા ભાગ્યનો ઉદય થાય, પડો નિત પાય— પતિ૦
જુવો આપણી આજ સ્થિતિ કેવી?
 પતિ સેવાનો પૂર્ણ અભાવ, તેનો આ દેખાવ— પતિ૦
જુઓ આગળ સતી કેવી થઈ?
 તેઓએ મેળવ્યું બહુ માન, દેવોની સમાન— પતિ૦
પતિ સેવાનો મહિમા અથાગ છે,
 પતિ એજ છે સ્ત્રીનું જીવન, ખરૂં એજ ધન— પતિ૦
પતિ સેવાથી શ્રી પ્રભુ રીઝશે,
 પામવા રૂડો પ્રભુ પ્રસાદ, તજીને પ્રમાદ.— પતિ૦
શાણી સ્ત્રીને પતિસેવા ઇષ્ટ છે,
 વ્રત તપ અને પ્રભુ ધ્યાન, નથી એ સમાન.— પતિ૦
પરમાર્થનાં સાધન સાધવા,
 વ્યવહારમાં પામવા માન, મૂકીને ગુમાન.— પતિ૦
પતિનેજ હૃદયમાં સ્થાપવા,
 અન્ય જનો સહુ બન્ધુ બાપ, પાડી એવી છાપ.— પતિ૦
સતી અનસૂયાને સાવિત્રી જે,
 આદી અન્ય સ્ત્રીઓનાં ચરિત્ર, કેવાં છે પવિત્ર ?— પતિ૦
પતિ એજ છે સદ્દગુરૂ આપણા,
 પતિ ગુરૂ ને આપણ શિષ્ય, સુધરવા ભવિષ્ય.— પતિ૦
પતિ સાથે હૃદયની એકતા,
 મળે દૂધમાં પાણી જેમ, કરો ઐક્ય તેમ.— પતિ૦
સંગ દુર્જનનો તજી મૂળથી,
 કરો ઉચ્ચ સ્ત્રીનો સતસંગ, ધરીને ઉમંગ.— પતિ૦
કામ, ક્રોધને લોભ તજી દઇ,
 મોહ, મત્સરને કરી દૂર, સત્તોષ ભરપૂર— પતિ૦

રાખો શાન્ત સ્વભાવજ આપણો,
સાસરાનું ધરી ઉર હીત, ઉમંગ સહિત.— પતિ૰
મન કર્મે વચને, પતિ રીઝવો,
પતિ રીઝ્યે, રીઝે કિરતાર, જાણએ સહુ પાર.— પતિ૰
પ્રકાશ જે સૌભાગ્યનો ચંદ્રમા,
અખંડ રહો સૌભાગ્યનું તેજ, માગું પ્રભુ એજ.— પતિ૰

સ્ત્રીનો સાચો શૃંગાર.

લેખકઃ—સૌ૦ જયાકુંવર હરજીવન દવે.-કરાંચી.

(ઉગ્યો સખી ! સૃષ્ટિનો શૃંગાર-એ રાગ)

સ્ત્રીઓનો સાચો શું શૃંગાર સાર,
શિયળ વ્રત પૂરણ પાળવું;
વિનય ને વિવેક સુવિચાર સાર,
બ્હેનો ! સંપી જંપીને ચાલવું:

(સાખી)— નિજ મનમાં સહુ રોપજો, વિદ્યારૂપી બીજ;
સુનીતિ જળથી સીંચજો, પૂરણ-પ્રેમ થકીજ:

(ટેર)—તેની શિતળ મળશે છાંય કે ફળ શુભ આપશે રે;
અમૃત છે એ ફળની માંય, આનંદ વધારશે રે.
ધરોને બ્હેનો ! વિદ્યા દેવીનું તમે ધ્યાન,
જેથી તમે પામશો નીતિ ને જ્ઞાન:
તજી દેશો જો અભિમાન,
જેથી પામો તમે સન્માન;
તમે થાશો દેવીની સમાન,
જેના ગાંધર્વ ગાયે ગાન.
બ્હેનો ! આ સંસારની માંય કે તત્વ વિચારજો!
સજી શુભ સદ્‌ગુણના શૃંગાર, તરીને તારજોરે:
પ્રભુએ પૂરણ કીધી મ્હેર વિદ્યા વૃદ્ધિ થશે રે,
કરશો પ્રસન્ન પતિ રૂપ દેવ તો જડબુદ્ધિ જશે રે.
સ્ત્રીઓનો સાચો શું શૃંગાર સાર,
શિયળ વ્રત પૂરણ પાળવું;
વિનય ને વિવેક સુવિચાર સાર,
બ્હેનો ! સંપી જંપીને ચાલવું.

समाज--साहित्य--विज्ञान.

માતૃત્વની મહત્તા.

અનુવાદકઃ સૌ. નર્મદા દ્વિવેદી—ભાવનગર.

સર્વ પ્રાણીમાત્રમાં મનુષ્યજાતિ શ્રેષ્ટ છે, અને એ શ્રેષ્ટત્વ હોવાનું કારણ તેની વિશિષ્ટ બુદ્ધિમત્તા છે. અન્ય પ્રાણીઓમાં બુદ્ધિમત્તા હોય છે, પણ તેનું ક્ષેત્ર ફક્ત આહાર મૈથુનાદિ બાબતોમાંજ પૂર્ણ થાય છે. પણ મનુષ્ય જાતીમાં તેમ નથી. આહાર વિહારાદિ પ્રકારમાં ઇતર પ્રાણી પ્રમાણે તેને જન્મ સિદ્ધ બુદ્ધિમત્તા પણ મળે છે; કિંતુ જગતમાં અસંખ્ય ઇશ્વરી પ્રકારનું સુક્ષ્મ નિરીક્ષણ કરવા યોગ્ય ચોકસ બુદ્ધિ તેમાં હોય છે અને તેનાજ પ્રભાવથી માનવકોટીએ પોતાની અસાધારણ સુધારણા અને ઉન્નતિ કરી છે.

મનુષ્ય પ્રાણી જન્મવા માટે ઇતર પ્રાણીઓ પ્રમાણે તેને પણ સ્ત્રીપુરૂષ સહવાસ થવોજ જોઇએ. આ સ્ત્રીપુરૂષ સહવાસના સામાજિક સ્વરૂપને વિવાહ એ સંજ્ઞા છે. સમાજમાં સ્વસ્થતા રહી તેની સદા પ્રગતિ થતી રહે, એ વૈવાહિક સ્થિતિનો મુખ્ય ઉદ્દેશ છે. વિવાહ સમયે કરવામાં આવતા પ્રકારો ઉપરથી અને તેમાં બોલાતા મંત્રો ઉપરથી એ બાબત સ્પષ્ટ દેખાય છે. પણ સાંપ્રતમાં પૂર્વકાલીન પ્રૌઢ વિવાહ નષ્ટ થઇને હાલના બાલવિવાહની ગૌણ પદ્ધતી પ્રચારમાં છે. શિક્ષણ, દેશાટન, બ્રહ્મચર્ય આદિથી માનસિક અને શારીરિક સ્થિતીનું યોગ્ય પોશણ થયા પછી વિવાહ માટે સજ્જ થનારા યુવયુવતીને સ્થાંને ના શિક્ષણ, ના પ્રવાસ, કે ના બ્રહ્મચર્ય એવા અજાણ્યાં બાળબાળકીનાં વિવાહ હાલ તેનાં પાસો કરી દેછે. અને પ્રૌઢ વિવાહ પદ્ધતીનું ભયંકર રૂપાંતર બાલવિવાહ પદ્ધતિમાં થયાથી વિવાહનો ઉદ્દેશ જે જન્મદાન તેની સરખી વિટંબના અને હ્રાસ થાય છે. બાળવિવાહ પદ્ધતીથી અનિષ્ટ ફળ મળવાનું દર્શન આપણી દ્રષ્ટીએ આવ્યા છતાં પણ હજી સમજતા નથી, એ બાબતથીજ સામાજિ અને સમાજ બનવાના ઘટકાવયવની દુર્બલતા સ્પષ્ટ જણાય છે.

સુદૃઢ શારીરિક અને માનસિક સંતતીને જન્મ આપવો એ ધર્મગ્રંથીથી ગ્રંથીત થએલાં સ્ત્રીપુરૂષોની વિવાહીત સ્થિતીનું પ્રધાન અંગ છે. તેમજ શારિરીકશાસ્ત્રની દ્રષ્ટીએ સંતાનોત્પ્તુ માતાપિતાની શારિરીક અને માનસિક વૃદ્ધિ પૂર્ણ થએલી જોઇએ. મૌંજિબંધન પૂર્વેની બાલવયમાં બાલિશ આનંદ વૃત્તિ, અને તે પછી કડકડીત બ્રહ્મચર્ય પાલન અને ગુરૂગૃહી વિદ્યા–સેવન અને દેશ પર્યટનથી તેનો વિકાસ થયા પછી સ્ત્રીપુરૂષોનો વિવાહકાળ આપણા કર્તૃત્વવાન પૂર્વજોએ નિશ્ચિત કર્યો હતો અને સુપ્રજા નિર્માણ તત્વની દ્રષ્ટીએ આ કાળ સર્વસ્વી યોગ્ય હતો. વિવાહ સમયે એકમેકને સેવાની પ્રતિજ્ઞાઓ વગેરેની યથાર્થતા અને વિવાહિત સ્થિતિથી ઉભય ઉપર આવનારી જવાબદારીની માહીતી થવા માટે પ્રૌઢ વિવાહ શ્રેયસ્કર હોઇને તે પ્રમાણે શિક્ષણાદિ પ્રકારમાં સંસ્કૃત થએલાં યુવયુવતીનાં પરિપક્વ અને પ્રેમાળ મન સુપ્રજા વૃદ્ધિ માટે વિવાહની ધર્મગ્રંથીથી એક સ્થળે એકત્રિત થાય છે. જન્મદાનના પવિત્ર કાર્ય માટે સર્વ રીતે યોગ્ય એવા

ળી વગેરેના યંત્રોના રમકડાં દરરોજ લાવી દેતો. આટલા નાના બાળકોને આ તરેહનાં યાંત્રિક રમકડાં રમવા દેતા જોઇને મને આશ્ચર્ય થતું. બીજી સાદી રમતો કરતાં આ રમકડાંની રમતો દેવાનું કારણ મેં તેને પુછ્યું. તેણે તે બાળકોની બુદ્ધિનું વળણ યાંત્રિક વિષયો પ્રતિ છે કે નહીં ? અને તેમાં પણ આ બે પ્રચંડ શક્તિ પૈકી તે કઇ શક્તિ તરફ છે ? તે મારે જોવું છે અને પછી તેજ વિશયનું શિક્ષણ તેને દેવાથી કાલાપવ્યય નહીં થતાં તેની બુદ્ધિનો યોગ્ય વિકાસ થશે–એવો ઉત્તર આપ્યો."

આ ઉપરથી પૌર્વાત્ય અને પાશ્ચાત્ય ઉભયમાં બાળકોની જોપાસના માંહેનો તફાવત સ્પષ્ટ જણાય છે. બાળકો ધીટ અને સખ્ત થાય માટે તેને બાલ્યકાળથી તેવી રીતે રાખવાની જાપાનની રીત પ્રસિદ્ધ છે. એ તેની બાળકોને બાલ્યકાળથી શિક્ષણ દેવાની પદ્ધતીથી અમેરીકાની કલ્પકતાની ખ્યાતિ થઇ અને જાપાને રૂશિયા જેવા જગતમાં પ્રચંડ રાજ્યને પોતાના મજબૂત સૈન્યબળથી અલ્પ કાળમાં હરાવેલ છે તે વાંચકવૃંદથી અજાણ નથી.

ઇચ્છિત સંતતિ ઉદ્‌ભવવી એ શકય છે. તે માટે પાશ્ચાત્ય વિદ્વાનો પ્રમાણે આપણા પૂર્વના વિદ્વાનોનું પણ મત છે, એ વાગ્ભટના નીચેના શ્લોકથી સ્પષ્ટ થાય છે.

> इच्छेतां यादृशं पुत्रं तद्रूप चारितांश्चतौ ।
> चिंतयेता जनपदांस्तदाचारपरिच्छदौ ॥ વાગ્ભટ શા. અ. ૧.

આ ઉપરથી એક સમયે ઇચ્છિત સંતતિની ઉત્પત્તિ હિંદુસ્થાનમાં પ્રચારમાં હતી એ જણાય છે, પણ કાલાંતરથી હિંદુસ્થાનની ઇતર અવનતી પ્રમાણે આ પ્રચારનો પણ લોપ થયો, એમ કહેવામાં કાંઈ બાધ નથી. આ પ્રચારનો જ્યારે લોપ થયો છે ત્યારે તે પુનઃ પ્રચારમાં આણવો તે સાંપ્રતમાં શકય છે. ઇતર દિશાઓથી જેમ હિંદુસ્થાનને આગળ (ઉન્નતીમાં) આણવાના પ્રયત્નો થાય છે, તેમ આ દિશામાં પણ આગળ વધારવામાં હરકત નથી.

સ્વદેશ પ્રેમ.

લેખકઃ સ્વર્ગસ્થ સૌ. વિજયાલક્ષ્મી ત્રિવેદી.–ભાવનગર.

" जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी । "

" જન્મ દેનારી માતા જે આપણી જન્મભુમિ તે સ્વર્ગ કરતાંયે શ્રેષ્ટ છે "

પુરૂષોમાં જેમ સ્વદેશાભિમાન હોવું જોઇએ તેમજ સ્ત્રીઓમાં પણ હોવુંજ જોઇએ. સ્વદેશ ઉન્નતિનું કાર્ય કદી પણ એકલા પુરૂષોથી સધાતું નથી. કારણ, સ્ત્રી પુરૂષનું અર્ધું અંગ છે. સ્ત્રી પુરૂષ બે મળીનેજ એક સંપૂર્ણ મનુષ્ય તૈયાર થાય છે.

કુદરતે સ્ત્રી–પુરૂષને એક બીજાની સમાન હકથી સરસાઇ કરવાને વાસ્તે નિર્માણ કર્યાં નથી, પણ એક બીજાની ખોટ પુરી કરવાને–એક બીજાને પરસપર સાહ્ય કરવાને નિર્માણ કર્યાં છે.

સૃષ્ટિ સુધારાને વાસ્તે જેટલું કાર્ય પુરૂષ કરી શકવાને સમર્થ છે તેથી ઘણે દરજ્જે વધારે કરી શકવાને સ્ત્રીઓ સમર્થ છે. અને વર્તમાનકાળમાં પુરૂષોમાં જે સ્વદેશ લાગણી આપણે જોઇ શકીએ છીએ તે જો સ્ત્રીની અન્દર હોય તો હમણાં કરતાં ઘણા બેવડા પ્રમાણમાં તે લાગણીને ગુસ્સો હોય,ને બેવડાં સામર્થ્યે તેઓ દેશહિતનાં કાર્યો કરી શકતા હોય. પણ આધુનિક સમયે તેથી વિપરીત પરિણામ દ્રષ્ટિગોચર થાય છે તેનું કારણ તેઓનાં હજારો વર્ષનાં અજ્ઞાનપણાનું છે.

સ્ત્રીરૂપી રત્નનું પાણી અજ્ઞાનતાથી ઉતરી ગયું છે. તેની અમૂલ્ય કીમ્મત ઘટિને કોડીની થઇ છે. ઉપર કહ્યા પ્રમાણે ઘણાં લાંબા સમયના અજ્ઞાનથી ઇચ્છવા લાયક દરેક ઉત્તમ ગુણોનો સ્ત્રીઓમાંથી નાશ થયો છે અને તેની સાથેજ સ્વદેશાભિમાનના ગુણનો અભાવ હોય તે સ્વાભાવિક છે. આધુનિક સમયે આપણા દેશમાં જ્યાંરે માત્ર બસેં સોએ માત્ર એક બે સ્ત્રીઓનેજ વાંચતાં લખતાં આવડે છે, ત્યારે સંપૂર્ણ કેળવાયેલી માત્ર હજારે એકાદી હશે તે ખોટું નથી.

અલબત ઇતિહાસના અભ્યાસ લઇને એટલું તો કબુલ કરવું પડશે કે સ્ત્રી સમૂહમાં રૂષના જેટલી સ્વદેશાભિમાનની જરૂર નથી. કારણ કે સ્વદેશ સેવા કરવામાં સ્ત્રીઓ વહલેજ સીધી રીતે સાધનભુત થાય છે. જે સેવા તેઓ દેશની કરે છે, તે ઘણુંખરૂં આડકતરી રીતે કરે છે. ટુંકામાં સ્વદેશ સેવક પુરૂષો તૈયાર કરવામાંજ તેમની સ્વદેશ ભક્તિ સમાયેલી છે.

વળી આધુનિક સમયે આપણે દરેક રીતે પાશ્ચિમાત્યોનું અનુકરણ કરીએ છીએ, અને તે માટેજ હવે સંભવિત છે, કે થોડા વખતમાં આ સ્ત્રીઓ પણ કેળવાઇને તૈયાર થતાં પશ્ચિમનાં દેશની સ્ત્રીઓની માફક સમાન હકની માગણી કરે અને તેને પરિણામે પુરૂષોના જેટલીજ સીધી રીતે પણ સ્વદેશ સેવામાં ઉપયોગી થાય. આ સમય જો કે હજી આપણા દેશમાં વર્તમાને જણાતો નથી, તો પણ હવે તે સમય બહુ દુર છે તેમ કહેવું તે વ્યાજબી નથી. કારણ, નોરવે દેશની રાજ્યસભામાં સ્ત્રીઓ કયારનીએ બીરાજે છે ને ઇંગ્લાન્ડની પારલામેન્ટમાં પણ સ્ત્રીઓને દાખલ કરવાના ખરડાને ટેકો આપનાર મેમ્બરોની સંખ્યામાં વધારો થતો જાય છે:

સુધારા માટે પ્રયાસ કરે છે પણ તેમાંયે આપણી મદદ વિના પુરૂષો પાછા હઠે છે. કારણ કે પુરૂષ માત્ર કમાઈ લાવે છે, પણ ગૃહનો વ્યવહાર તો સ્ત્રીને વશ હોઇને જ્ઞાતી રૂઢીઓ બાળલગ્ન, વૃદ્ધલગ્ન, કન્યાવિક્રય, બે ત્રણ સ્ત્રી પરણવી, મર્ણ-લગ્નનાં ભોજન ખર્ચ, વરઘોડાઓનાં ખર્ચ, સ્ત્રી કેળવણી સામે ખોટા વિચાર, રોવા કુટવાના રિવાજો, અને જ્ઞાતિ ભેદ તેમજ ઘણીએ પેટા જ્ઞાતીઓનાં તડ, ઇત્યાદી આપણા સંસાર, દેશ અને પ્રજાને પાયમાલ કરનાર હાનીકારક રીવાજોમાં પુરૂષ વર્ગ કેળવાયેલો છતાં પણ જેવી ને તેવી રીતેજ આંખ્યો મીચીને ચાલ્યો જાય છે. માટે જો સ્ત્રીઓને સંપૂર્ણપણે કેળવણી આપવામાં આવે તો તેઓ પોતેજ તેવી રૂઢીઓનો ઘણી સહેલાઇથી નાશ કરી શકે.

વર્તમાન સ્થીતિમાં જો કે ઘણી કેળવાયેલી બ્હેનો યથાવિધી પ્રયત્ન કરે છે પણ દેશના પ્રમાણમાં તે ઘણો જુજ હોઇને ધાર્યા પ્રમાણે ફાયદો આપણે મેળવી શકીએ તેમ નથી.

ઘણી ખરી દરેક રીતે આપણે પશ્ચિમનું અનુકરણ કરીએ છીએ અને તેને લઇ આપણી આધુનીક અક્ષર જ્ઞાનથી કેળવાયેલી બ્હેનોનો મ્હોટો ભાગ તેમની પશ્ચિમની ભગિનીઓના લેવા જોઇતા સદ્ગુણો લેવાને બદલે આપણી પ્રજા, ગૃહ, કુટુમ્બ અને દેશની આર્થિક, વ્યવહારીક અને નૈતિક સ્થીતિને અનુકૂળ નહિ તેવાં નુકશાનકર્તા રીતભાતોનું અનુકરણ કરે છે. તેવાં અનુકરણ માંહિલા એકાદનો દાખલો નીચે આપું છું.

તે આજ કાલની ફેસન ફેસન, ને ફેસનજ છે. અવશ્ય દેશકાળને અનુસરીને કરવો જોઇતો સુધારો-વધારો, આપણે આપણા આચાર-વિચાર, અલંકાર ને પોશાકમાં કરીએ તેમાં કાંઈ ખોટું ગણાશે નહિ, પણ કોઇ પણ વાતને માટે તેની હદ ઓળંગવી તે નુકશાનકારક છે. માટે આપણે સ્ત્રી વર્ગે જેમ બને તેમ નવા ને જુના એવા હાનીકારક રીવાજોથી આધુનીક સમયે સંપૂર્ણ મનની દૃઢતા રાખી બચવાનું છે. સાથે આપણી પ્રજાને ને આપણા દેશને બચાવવાનું છે તથા તેના આર્થીક જીવનની વૃદ્ધિ કરવાની છે. જાત જાતની રંગ બેરંગી સાડીઓ, પોલકાં, સેન્ટ, સુગંધી પાઉડર, સુગંધી તેલ, બુટ, રૂમાલ, બંગડીઓ, વિલાયતી પોલીસના ગીની ગોલ્ડના દાગીનાની નવી નવી ફેસન અને 'આપણે તે કાંઈ નહિ' એમ તવંગરની દેખાદેખીએ ગરીબ તણાય છે ને દેશના લક્ષ્મી રૂપીઆ મોહથી ઉત્પન્ન થયેલા નહિ જેવા પાર્થિવ શોખની પાછળ ખર્ચાઈ આપણા ગરીબ હીંદુસ્થાનને વધારે ને વધારે ગરીબ કરે છે.

મીસીસ સરલાદેવી ચૌધુરી જેવાં માનવંતાં બેન જેના નેતા છે, એવી આપણી બંગાળી ભગિનીઓની માફક આપણે પણ હવે જાગૃત થવું જોઇએ, ને આપણા દેશને અર્થે આપણે આપણા તેવા નજીવા શોખોનો ત્યાગ કરીને દૃઢતા પૂર્વક સ્વદેશનાજ માલથી સંતોષ માનવું જોઇએ, કે જેથી આપણા દેશ અને પ્રજાને મોટો લાભ થાય.

એક સમયે આપણો આર્ય દેશ સર્વથી ઉત્તમોત્તમ હતો અને તે એથીજ કે આપણા જીવનમાં સાદાઇ, સરલતા, સ્વચ્છતા, પવિત્રતા, ગંભીરતા, ને મૃદુતા હતાં. તેથી ઉલટી રીતે આપણાં જીવન હવે વધારે ને વધારે કત્રિમ, ને લૌકિક પ્રપંચમાંજ સંતપ્ત થ

જોઇએ છીએ, અને તેને અંગે આપણે અંતઃકરણની ઉચ્ચતા, પવિત્રતા ને શાન્ત ખોઇ બેઠા છીએ.

મારી ઉપલી દલીલો અમલમાં મુકવાને માટે અને તે પુરૂષોનાં જીવનમાં આણવા માટે આપણી સ્ત્રી જાતી સર્વે રીતે શક્તિમાન છે, પણ ઘણીજ દીલગીરીની વાત છે આપણું સ્ત્રીત્વ, હઝારો વર્ષના અજ્ઞાન આવરણથી ઢંકાયેલું હોવાથી આપણે ગુમાવી છીએ અને પુતળીઓ કે પરીઓનીમાફક શણગાર સજવા સીવાય કાંઇ પણ કરી શકવાને સમર્થ નથી.

આધુનિક સ્ત્રીઓ જેટલો પ્રયાસ શરીર સૌંદર્ય માટે કરે છે ને સમય તથા લક્ષ્મી ભોગ આપેછે તેટલો જો આત્મસૌંદર્ય મેળવવામાટે પ્રયાસ કર્યો હોત તો ભુમિને જે દરીદ્રતા તથા દુઃખ સહેવાં પડે છે તે હજી સુધી સહેવાં પડત નહિં.

પશ્ચિમના સંસર્ગથી કહો કે આપણી નબળાઇથી કે અજ્ઞાનતાથી પણ આપણે સ્થુળ સુખનાં સાધનો ને મોજસોખ માટે એટલા તો ભટકીએ છીએ કે આત્મ સમૃદ્ધિ, અવિચળ કીર્ત્તિ કે સાચું સતીત્વ મેળવવાનાં સ્વપ્ન પણ આવતાં નથી.

અન્તે પરમાત્મા પાસે એજ યાચવાનું છે કે આર્ય રમણીઓનાં ગયેલાં તેજ, સામર્થ્ય, જ્ઞાન, દાનૈશ્વર્ય, પરાક્રમ, ધીરજ, ક્ષમા, દયા, ઉદારતા, પવિત્રતા, સીલ ને સતીત્વ પાછાં આવો ને અન્ય દેશની રમણીઓ કરતાં તેમની ઉત્તમતા જગ જાહેર બનો.

પરમાત્મા સર્વ બંધુ અને બ્હેનોના હૃદયમાં નીવાસો કે જેથી સર્વ કોઇ કેળવણીની આવશ્યકતા સ્વીકારે ને સ્ત્રી કેળવણી બ્હોળા વિસ્તારને પામે, જેથી આપણી આર્યાએ પણ સંપૂર્ણ સદ્જ્ઞાન પામીને પ્રજા અને દેશના સુખાર્થે પોતાનાં જીવન ગાળે અને દેશભક્તીથી પોતાના દેશને તારે. અસ્તુ ! ઓમ્ શાન્તિ !

પત્નીવ્રત ધર્મ.

લેખકઃ—મીસીસ સુરજબ્હેન. આર. કાપડીઆ.

પત્નિઓની ત્હેમના પતિ પ્રત્યેની વફાદારીનું યશોગાન ગાવા દ્રષ્ટાંત ઉપર દ્રષ્ટાંત વારંવાર આપવામાં આવે છે. આધુનિક તેમજ પ્રાચીન સઘળા લેખકો 'પતિવ્રત' ની કીર્તિ ગાવામાં અને તે પાળવા આગ્રહ કરવામાં એકમત છે. પરંતુ જે લોકો પતિ પત્નિની ફરજેપર આટલું બધું લખી શકયા અને જહેણે લખ્યું છે તે લોક ત્હેના લાજ ઉપયોગી અને જરૂરના વિષય—પત્નિ પ્રત્યે પતિની ફરજ કે જહેનો આ ભ. ભારતમાં કેળવાયેલો અગર અભણ દરેક માણસ વારંવાર તિરસ્કાર કરતો જણાય ઉપર તદન મૂક રહે—મૌન ગ્રહણ કરે—એ તદન વિચીક્ષણ છે.

એ લેખકોએ, સઘળા માણસો દોષરહિત અને સદ્ગુણી છે, અને એટલા બધા કાબેલ છે કે એ વિષે કાંઇ પણ પ્રકારની સુચનાની ત્હેમને જરૂર નથી એમ ધારી લીધું

ॐ यदेद् हृदयंतव तदस्तु हृदयंमम, ॐ यदिदम् हृदयंमम तदस्तु हृदयंतव॥

તેઓ પતિ પત્નિ પરસ્પર વચન આપે છે કે, "મ્હારૂં હૃદય તે ત્હારૂં હૃદય અને ત્હારૂં હૃદય તે મ્હારૂં છે, એટલે કે આપણે એકએકને ચહાઇશું."

पत्नी त्वमसि धर्मणाहं गृहपतिस्तव, मयेवमस्तुपोष्या ॥

પતિ કહે છે કે, "તું મ્હારી પત્નિ છે, હુ તારો પતિ છું હુ ત્હારૂં આખી જીંદગી પોષણ કરીશ.

એ ઉપરાંત મનુ મહારાજ કહે છે કે:—

प्रजानार्थं स्त्रियः सृष्टाः सन्तानार्थं च मानवाः ।
तस्मात्साधारणो धर्मः श्रुतौ मन्त्वा सहोदितः ॥

"પ્રજોત્પત્તિના હેતુથી ઇશ્વરે સ્ત્રી પુરૂષને સરજ્યાં છે, અને તેથી કરીને વેદમાં પતિ પત્નિની ફરજો એકજ સરખી વર્ણવેલી છે."

એ ઉપરાંત વેદો સ્ત્રીઓને માટે અતિ ઉચ્ચ સ્થાન નિર્ભિત કરે છે. મહાભારત, તુલશીદાસ રામાયણ અને એવા કેટલાક બીજા ગ્રંથોમાં નિર્માણ કરેલી ગુલામી સ્થિતિ કરતાં ઘણીજ ઉચ્ચ સ્થિતિ બતાવવા મનુ મહારાજ તેમને માટે'पूजार्हा'પૂજ્ય,"गृह दीप्तयः" ગૃહનો પ્રકાશ વગેરે શબ્દો વાપરે છે. ગૃહિણીની ફરજો વિશે બોલતાં મનુ મહારાજ કહે છે કે:—"ત્હેને સ્વભાવે શાંત અને સુખી અને ગૃહકાર્યોમાં પ્રવીણ થવા દો. ત્હેના બાળકોની દરકાર લેતાં ધાર્મિક ક્રિયાઓ કરતાં, હિસાબ રાખતાં અને પતિ અને અન્ય વૃદ્ધ જનોની સેવા કરતાં શીખવો.

સ્ત્રીની જ્યારે આવી ફરજો બતાવવામાં આવી છે ત્યારે વેદસ્મૃતિમાં પુરૂષની મુખ્ય ફરજો બતાવવાનું ભુલી જવામાં આવ્યું નથી. મનુ કહે છે "स्वदारनिरतःसदा" તેણે પોતાની પત્નિ હંમેશાં ચહાવી જોઇએ; "पताः पतिभिर्देवैरस्तथापूज्या भूषयितव्याश्च" "ત્હેણે પોતાની પત્નિને યોગ્ય સન્માન આપવું જોઇએ અને વસ્ત્ર આભુષણાદિ પુરાં પાડવાં જોઇએ." તેજ મહાત્મા આગળ ચાલતા કહે છે કે:—

यत्रनार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।
यत्रैस्तास्तु न पूज्यन्ते सर्वेतत्रा फलाः क्रियाः ॥

"જ્યાં સ્ત્રીઓને યોગ્ય સન્માનઅપાય છે તે કુટુંબમાં સમૃદ્ધિ વસે છે પણ જ્યાં હેમને માન મળતુંનથી ત્યાં સઘળાં કાર્યો નિષ્ફળ નીવડે છે."

પરંતુ આપણી વર્તમાનસમાજ એવી શોકજનક સ્થિતિમાં છે કે કોઇ પરણેલુ યુગલ પોતાનું જીવન કયમ ગાળે છે ત્હેની ભાગ્યેજ દરકાર કરે છે. તેઓને તેમની ફરજો ભાગ્યેજ શીખવવામાં આવે છે. અને કેટલીક જગ્યાએ જ્યારે પુરૂષો તે ફરજો સમજવાનું ડોળ

ાલે છે ત્યારે પોતાના દૈનિક જીવનમાં તે ફરજો અમલમાં મુકતી નથી, આ ફરજો ત્હે-
ાને માટે માત્ર વ્યાખ્યાન વેદી ઉપરથી બરાડા પાડીને શ્રોતાઓને કહેવા પુરતીજ ઉપ-
ાગી છે. અને રંક બિચારી અબળાઓ ત્હેમની સ્થિતિ શી હોય છે? વિશેષાંસે તે
ઓ અભણ હોય છે અને ભાગવતાદિ ગ્રંથો વાંચવા પુરતું ગુજરાતી કે બીજી કોઇ
ાષાનું ઉપર ચોટીઉં જ્ઞાન પણ ભાગ્યેજ ધરાવતી હોય છે. જો ત્હેમના પતિઓ અતિ
ષ્ટ નથી હોતા તો તો જાણે કે ત્હેમની સાથે જયમત્યમ ચલાવી લે છે, અને કાંઇક
ખી યુગલમાં ખપે છે, પણ જો તેઓ. "दुःशीलो दुर्भगो" ઇત્યાદી સૂત્રોના પૂજારી
ાય તો તે કમભાગ્ય ગરીબ બિચારી સ્ત્રીઓ તેમની શી સ્થિતિ થાય છે? તે લોક તો
ાવી હાલતમાં પણ "एकै धर्म एक व्रत" ઇત્યાદી ફરમાનો પાળવાનો પ્રયત્ન કરે છે.
ાન્તુ, દુર્ભાગ્યવશાત્ કેટલીક બાબતોમાં તે લોકોને પોતાના પતિ કિંવા ઇશ્વરના પાદ
જવાનો હક્ક પણ ભોગવવા મળતો નથી, અને ઘણી ખરી તો ત્હેમના પૂજ્ય (?)
તિની પ્રત્યે દૃષ્ટિ માત્ર ફેંકવાની ઇચ્છા પૂર્ણ કર્યા વિના શોકમાં ને શોકમાં મરણ પામે
। આ સ્ત્રીઓની મૂર્ખાઇ અને વહેમ ગણી શકાય પરંતુ એમાં ત્હેમનો વાંક
ીલકુલ નથી.

પતિવ્રત ધર્મની પ્રથા જો કે અત્યંત સારી અને ઇષ્ટ છે તો પણ અબળાના
ધઃપાત અને દુઃખોનું કારણ તો તેજ છે. આ માન્યતાનો પુરૂષોએ ખોટી રીતે
યોગ્ય લાભ લીધોછે. ભૂલ થાય એ મનુષ્ય માત્રનો ખ્વાસ છે. પણ ભુલ સુધારવા
ાગે તો હજી કંઇ વહી ગયું નથી. કોઇએ ભુલી જવું જોઇતું નથી કે રામાયણ અને મહા
ારત ઇત્યાદિ અન્ય ગ્રંથોમાં પતિવ્રત ધર્મને માટે ખાંસ આગ્રહપૂર્વક ફરમાન કરવામાં
ે કે નથી આવ્યો તો પણ અનુકરણ કરવા લાયક અસંખ્ય દૃષ્ટાંતો ત્હેમાં મળી આવે
. મહારાજા દશરથનું અતિ કારૂણિક અને દ્રાવક મરણ એ એક કરતાં વધુ પત્નિ નહિ કરવા
ામે ઘણીજ યોગ્ય ચેતવણી છે. કૌસલ્યા ઘણીજ યોગ્ય પત્નિ અને રામ એક આદર્શ પુત્ર હતા.
ાજાએ પોતાનીજ મૂર્ખાઇથી ત્હેની ભાર્યા કૈકેયીના હુકમથી રામને બાર વરસ વનવાસ
ાઢીને માત્ર પોતાનાજ નહિં પણ આખા કુટુંબના અને પ્રજાના સુખનો નાશ કર્યો.
ાલ રામ અને કૌશલ્યા જવલેજ પ્રાપ્ત થાયછે, પણ કૈકેયી તો સેંકડો વસે છે.
ને હાલની પ્રજાનો ગૃહસ્થાશ્રમ સુખી નહિ હોય તો કાંઇ નવાઇ નથી. માત્ર ગૃહિણીના
ોકલીનાજ સદ્ગુણો ગૃહસ્થાશ્રમ સુખી અને શાંત રાખવાને પુરતાં નથી.

બીજો ખાસ યાદ રાખવા લાયક બનાવ શ્રી રામનું "एक पत्नीव्रत" એક પત્નિ
રવાનુ વ્રત છે. તે રાવણની બ્હેન સાથે ખુશીથી લગ્ન કરી શકયા હોત, જેના પરિણામે
ાહા યુદ્ધ થતું બચાવી શકાત-પણ એક સ્ત્રી પરણ્યા હતા એટલા કારણ માત્રથી તેણે તે
ાગ્નનો ઇન્કાર કર્યો હતો.

વળી સીતા દેવીને કાઢી મૂકયા બાદ પણ ત્હેમને બીજી વખત લગ્ન કરવાનો સં-
ાેગ મળ્યો હતો, પણ આપણા વાંચવામાં આવે છે કે, ત્હેને કહેવામાં આવ્યું હતું કે
જ્ઞ પતિપત્નિ ઉભયના કર્યા વિના પૂર્ણ થતો નથી તેથી અશ્વમેધ વખતે તેમણે સીતા
ાતાની સુવર્ણ પ્રતિમા કરાવી હતી.

प्रत्येक माणुसे पोताना नेत्रो आगळ शुं आ आदर्श राखी अने तेटला प्रयासथी शुं ते आदर्श पाळवुं जोइतुं नथी ? शुं पुरुषनी आ फरज वेदोमां निर्मित थयेली, स्मृती द्वारा पुष्टि अपायली अने सदाचारी श्रीरामना दृष्टांतथी अवलंबित नथी ?

कोइ पण माणुसे एटला माटे वेद आज्ञा भुलवी जोइती नथी के:-

आ दुनिआमां पतिपत्नि फूर्म कबुतरना युगथी जेवा प्रेमथी आखी जींदगी सुधी बच्चा कुच्चा वच्चे शांतपणे रहे-मात्र त्यारेज आ गृहजीवनमां सुखशांती जेवुं कांइक थशे अने त्यारे खरा आदर्श आर्यगृहो मळशे. ज्यांसुधी मनुष्य आ दैवी फरमानो पर खास ध्यान आपे नहिं त्यां सुधी ह्हेमनु गृह-जीवन सुखी अने फ्लेहमंद नहि बल्के निष्फळ कही शकाय--इत्योम्.

संसारी जींदगी अने साक्षात्कार.

अनुवादक:--सौ. चंपागवरी.--पालनपुर.

कबीलावाळो एटले मनुष्य पोतानी स्त्री अने छोकरां साथे अने पोताना सगां अने दोस्तो साथे, बीजा शब्दोमां कहीए तो संसारनो साधारण माणस, सत्य अगर आत्मानो साक्षात्कार करी शके ? आ सवाल छे.

ઘણો માયાથી વર્તતો હતો. એક વખત તે ધણીના ઘરના પરોણામાંના એકે તે શેઠને આ નોકર વિરુદ્ધ તેને ઘણો સમજાવ્યો. તે પરોણાને નોકરની વર્તણુકથી ઘણુ દુઃખ થયું હતું. તે નારાજ થયો હતો અને તેથી શેઠને તે નોકરને કાઢી મુકવા કહ્યું. તે શેઠે કહ્યું કે તમારી શીખામણ ઘણી સારી છે અને તે તમે મને ઉત્તમ ભાવથી આપી છે. હું જાણું છું કે તમે મારૂં ભલુ ઇચ્છો છો. હું જાણું છું કે તમે મારાં કામ, અને ધંધો શ્રેષ્ટ ગતીએ પહોંચે તેમ ઇચ્છો છો, તેથી તમે આ મને શીખામણ આપો છો. અને હું પણ સારી રીતે સમજું છું કે મારૂં કામ બગડે છે અને મારા ધંધામાં નુકશાન થાય છે. પણ એટલા જ કારણસર એટલે તે હાવો નીમકહરામી છે તેને લીધેજ હું તેને રાખું છું. તેની ખરાબ વર્તણુંક અને નઠારી આદતોને લીધેજ હું તેને આટલો બધો ચાહું છું. હું તેને વધારે ચાહું છું, તેનું કારણ એ છે કે તે પાપી દુરાચારી, અને નીમકહરામ નોકર છે.

બેલવાની આ રીત ઘણી નવાઈ જેવી હતી. શેઠે કહ્યું " દુનિયામાં આ એક ફક્ત મારો નોકરજ એવો મનુષ્ય છે કે જેની સાથે હું સંબંધમાં આવું છું અને મારા હુકમનું તે અપમાન કરે છે. ફક્ત આ એકજ માણસ છે કે જે અસતકારવાળું, નુકશાનવાળું, અવગુણકારી મારૂં કામ કરે છે. બીજા બધા જેની સાથે હું સંબંધમાં આવું છું તે બધા એવા માયાળુ, ખુશ મીજાજી અને પ્યારવાળા છે કે તેઓ મને ગુસ્સે કરવાની હીંમત કરી શકતા નથી, તેથી આ માણસ સાધારણ માણસ કરતાં જુદો છે. તે મારા મલખમ (ડમેલ્સ) જેવો છે. મારા અધ્યાત્મીક સ્વરૂપને કેળવવા માટે ખાસ એ મ્હને ઉપયોગી છે. જે પ્રમાણે લોકો મલખમ (ડંબેલ્સ) થી અગર ભારે વજનોથી પોતાનું શરીર બળ આણવાને માટે પોતાના સ્નાયુની પેશીઓને કસરત આપે છે, તેજ પ્રમાણે આ નોકર તેવી જાતના વજન અગર મલખમનો અર્થ સારે છે, જેથી મારૂં સુક્ષ્મ શરીર બળવાળું થાય છે. આ નોકર દ્વારા હું બળ મેળવું છું. આ નોકર સાથે એક જાતની મલ કુસ્તી કરવાની જરૂર પડે છે, જેથી મારામાં બળ આવે છે. "

આ પ્રમાણે જોતાં જો તમને તમારા કુટુંબના બંધનો, તમને અડચણ કરતા અગર ઠોકર ખાવા જેવા ઢીમચા જેવા લાગે, તો તમારે કંટાળવાની જરૂર નથી. ઉપર વર્ણવેલ શેઠના દાખલાને અનુસરો.—અડચણો અને પ્રતિકુલતાઓને તમારાં બળ અને શક્તિનાં મુળ ગણો.

સોક્રેટીસને એક સ્ત્રી હતી, તે દુનિયામાં ઘણો કંટાળો આપે તેવી હતી. એક દીવસે તે ઉંડા વિચારમાં મનન કરતો હતો. તેની સ્ત્રી જેને કંઈ જોઈતું હતું તે તેની પાસે આવી અને ઘણા કર્કશ શબ્દોમાં બોલી ગાળો દીધી, અને તેનું અપમાન કર્યું, તથા તેનું નામ દઈને બોલાવ્યો, અને તેનું ધ્યાન ખેંચ્યું. આ કરવાનું છે અને પેલું કરવાનું છે એમ કહી તેણે તેને ધ્યાન આપવા પૂછ્યું. પણ સોક્રેટીસ તો પોતાના તત્વવિચારમાં મશગુલ રહ્યા. તેની રીત એવી હતી કે એક સિદ્ધાંત જો હાથમાં લે તો તેને સીદ્ધ કર્યા વગર તે છોડતો નહિ. તેની સ્ત્રીએ બુમો પાડી ને તે તેના સામું ઘુરકી, છતાંયે તેણે સાંભળ્યું નહિ, તેથી તે બાઈડી ઘણી ગુસ્સે થઈ, અને પોતાના હાથમાં જે ખાળ કુંડીના ગંધાતા પાણીની ભરેલી કુંડી હતી તે તેના માથા ઉપર રેડી. સોક્રેટીસ શું ખળભળી ઉઠ્યો ? શું તેને દુઃખ થયું હતું ? ના. લગારે નહિ. તે પ્રથમ તો સ્મિત હાસ્ય

કરી મોટેથી હસ્યો ને કહ્યું કે ' ગાજ્યા પછી વરસે છે ' તે કહેવત આજ ખરી પડી.

હમેશાં જ્યારે તે ગાજી ઉઠતી હતી ત્યારે વરસતી નહોતી પણ. આજે તે ગાજી, આકળવિકળ થઈ અને વરસી પણ ખરી. આવું કહ્યા પછી તેણે પાછા પોતાના તત્વજ્ઞાનના વિચાર શરૂ કર્યા.

આ બતાવે છે કે મનુષ્યે પોતાના ગુસ્સામાં અકળાઇ મીજાજનું સમતોલપણું ખોવું ન જોઈયે. સોક્રેટીસ જેવો એક માણસ પોતાના સ્વભાવ ઉપર પૂર્ણ રીતે કબજો રાખી શકયો તો પછી બીજાઓ શું ના રાખી શકે ? જો તેઓ પણ એવો હઠયોગ સાધે તો બની શકે તેમ છે. આજે પણ એવા કેટલાએ માણસો છે કે જેઓ પોતાના સ્વભાવ અને આદતો ઉપર કબજો રાખી શકે છે. માટે તેવા થવાને આપણે પ્રયત્ન કરવો જોઇએ.

સત્યનો સાક્ષાત્કાર કરવાને, દૈવી શક્તિઓથી એકપણું કરવાને, બધા સાથે એકભાવ રાખવાને આખા જગતને સમભાવથી જોવાને અને પોતાના સ્વરૂપનો આ ઇશ્વરી શક્તિ સાથે સાક્ષાત્કાર કરવાને જો તમે ચ્હાતા હો તો તમારા કુટુંબનાં બંધનોથીજ તે પ્રાપ્ત થઈ શકશે.

આ સંસારના દરેક મધ્ય બીંદુ, હેતુ, અને નીકાશનો અંત એ છે કે દરેક અને બધાએ પોતામાં ઇશ્વરનો સાક્ષાત્કાર કરવોજ જોઇએ. પરમેશ્વર સાથે એકપણાનો સાક્ષાત્કાર કરતાં સુધી, અગર ઇશ્વરી શક્તિ સાથે એકપણાનો સાક્ષાત્કાર કરતાં સુધી નાની વ્યક્તિયે વ્યષ્ટીરૂપે અનુભવ એકઠા કરવા જોઇયે. આ અંતિમ બીંદુ છે. જ્યારે માણસ એક જગ્યાએ જાય છે ત્યારે પોતાની સાથે એકજ શરીર લઈ જાય છે, પણ તે, માથું, હાથ, કાન, નાક, આંખો વિગેરે પાછળ મુકી જતો નથી. તેજ પ્રમાણે વેદાંત કહે છે કે જ્યારે તમે ઇશ્વરી જ્ઞાનની પાસે આવો છો, જ્યારે સત્યનો તમને સાક્ષાત્કાર થાય છે, ત્યારે અડધા ભાગને ઇશ્વરી જ્ઞાન તરફ લઇ જવાને બદલે તમામને સાથે લઈ શકો છો. તમે, સ્ત્રી અને છોકરાં તેમજ તમારા માથું, હૃદય, અને હાથ તમારાં પોતાનાં ગણી સાથે લઈ શકો છો.

આ પ્રમાણે પરમેશ્વર સાથે તમારી એકતા ને એકરાગનો સાક્ષાત્કાર કરતાં પહેલા પ્રથમ તમારી સ્ત્રી અને છોકરાંની એકતાનો સાક્ષાત્કાર કરો. જે મનુષ્યે પોતાનાં સ્ત્રી અને છોકરાં સાથે એકતાનો સાક્ષાત્કાર કર્યો નથી, તે બીજા બધા સાથે શી રીતે એકપણાનો સાક્ષાત્કાર કરી શકે ?

વેદાંતે કુદરતી રીતે સુચના કરેલી એ છે કે પ્રથમ આપણે જેની સાથે આપણો સબંધ છે તેની સાથે એકતા શરૂ કરો. તમારા વહાલા અને નજીકના જોડે તમારા સ્વરૂપનો એક તાર કરો. તેઓના હી઼ સાથે તમારૂં હીત મેળવી દયો, બધા શરીરને એકરૂપ થવા દો. બધા શરીરને એક પ્રવાહ રૂપે વહેવા દો. અને પછી અનુભવમાં આગળ વધો. તે પછી બીજા કુટુંબોને લઇ શકો છો અને પછી ધીમે ધીમે બધા કુટુંબોને તમારા શરીર રૂપ થવા દો. અને બધાં શરીરો તમારા પોતના શરીરરૂપ જણાશે, ત્યારે પરમેશ્વર સાથે તમારો સાક્ષાત્કાર થશે. ત્યારે તમે દરેકને અને બધાને સાથે લઈ શકશો.

નવી જાતનું તપ: આપણા લોકો માને છે કે વ્રત ઉપવાસ કરવાનું નામ તપ છે. ટાઢ, તડકો, વરસાદ વેઠવો તેને પણ તપ માને છે. પણ ખરૂં તપ તે પોતાનું મન અને ઇંદ્રિયોનું દમન કરવું એ છે. કામ, ક્રોધ, લોભ, વગેરે ઉપર સત્તા બેસાડવી એજ તપ છે.

—સૌ. " ચન્દ્ર. "

આપણી સ્ત્રીઓની સ્થિતિ.

૧.

લેખક: સૌ. "શશિજ્યોતિ."—જુનાગઢ.

આપણી સ્ત્રીઓ વિષે વિચાર કરતાં આપણે સ્ત્રીઓના આખા જીવનની નોંધ લઇએ. આપણે આપણી છોકરીઓને કેવી રીતે ઉછેરીએ છીએ? સામાન્ય રીતે હિંદુ સંસારમાં છોકરાના જેટલી છોકરીની કિંમત હોતી નથી. છોકરી આવી એટલે પથરો આવ્યો ગણાય છે. માતાનો જીવ સ્વાભાવિક રીતે બળે, પણ કુટુંબનાં બીજાં માણસો છોકરીની સંભાળ જોઇએ તેવી રાખે નહિ. એમ કરતાં છોકરી મોટી થાય છે, પછી તેને નિશાળે મૂકવામાં આવે છે. નિશાળે જાય, થોડું ઘણું શીખે ન શીખે ત્યાં, જો તેનાથી નાનાં બાળકો ઘરમાં હોય તો માતાજ કહે છે "નિશાળે નથી જાવું, અને ભાઇને સાચવ." બાળા તો બાળક હોય એટલે જેમ તેની મા કહે તેમ કરે તે કાંઇ પોતે પોતાનો સ્વાર્થ શેમાં છે તે સમજતી ન હોય, તેમ વગર કેળવાયલી મા પણ ન સમજતી હોય; એટલે થાય શું, કે તે બાળાથી ભણાય નહિ. કદાચ કાંઈ જાણતી હોય, અને ભણાવવાનો આગ્રહ રાખે તો જે વૃદ્ધ હોય તે એમ કહે કે "અમે તો કાંઇ ભણ્યાં નહોતાં, તોપણ અમારો ઘરસંસાર નિભ્યો. હવેનાં છોકરાં બહુ ડાહ્યાં તે વળી ભણવું જોઇએ, અને ચાલે નહિ:" વગેરે વગેરે શબ્દો તો સાંભળવા પડેજ. તોપણ બાળાનાં માબાપ ધારે તો થોડું ઘણું ભણાવે. જ્યાં ચાર અથવા પાંચ ચોપડી ભણે, ત્યાં તો કન્યાકાળ થયો ગણાય. અને દસ કે અગિયાર વરસની છોકરીનાં લગ્નની તૈયારીઓ થાય! લગ્ન કરવામાં ન જુએ વરની ઉમર, ન જુએ કન્યાની ઉમર; વખતે વરસ બે વરસનો ફેર હોય, અને વખતે બન્ને સરખાં હોય; વર ભણેલ હોય કે ન હોય, તેનામાં અક્કલ હોય કે ન હોય, સારી આદત હોય કે ન હોય, અને ચાલાક હોય કે ન હોય, તોપણ સારા કુળનો છે, એના બાપદાદાનું કુળ કેવું ઉંચું છે, એવા વિચાર કરી લગ્ન કરે છે. લગ્ન કર્યાં પહેલાં કોઇએ એક બીજાને જોયેલાં પણ ન હોય, અને કોઇ કોઇને ઓળખતું પણ ન હોય. તેમ દસ કે અગિયાર વરસ જેટલી નાની ઉમરમાં સ્નેહ શું એ ક્યાંથી સમજતાં હોય? આવી સ્થિતિમાં તેઓને લગ્નની ગાંઠથી બાંધે છે, પત્નિ કે પતિ કોઇ નથી સમજતું કે લગ્ન એટલે શું? તેઓ નથી સમજતાં કે લગ્નગ્રંથીથી બંધાયા પછી તેઓનું શું કર્તવ્ય છે કે એક બીજા પ્રત્યે તેઓની શું ફરજ છે: માબાપ તો એમ સમજે છે કે તેઓને એક બીજાં પ્રત્યે સ્નેહ થાય તો ભલે, ન થાય તો ભલે, એક બીજાને ચાહે તો ભલે, ન ચાહે તો ભલે, એક બીજાની ફરજો બજાવે તો ભલે, ન બજાવે તો ભલે: પણ આપણે તેઓને પરણાવ્યાં એટલે આપણે માથેથી તો બોજો ઉતર્યો.

ઘણા સજ્જનો! તમે તમારાં બાળકોનાં એવી રીતે લગ્ન ન કરો, પણ સારો, ભણેલ ગણેલ, સારી ચાલચલગતવાળો વર શોધી તમારી બાળાઓને તેની સાથે પરણાવો. વરની ઉમર ઓછામાં ઓછી કન્યાના કરતાં પાંચ વરસ મોટી જોઇએ. હું એમ કહેવા નથી માગતી કે કુલીન વર ન જુવો, પણ પહેલાં વર અને પછી ઘર જોવું જોઇએ. વર સારો અને ડાહ્યો હોય તો ઘર બંધાય, પણ ઘરજ સારૂં હોય અને વર અભણ અક્કલ વિનાનો હોય તો બિચારી બાળાનું આખું જીવન ખરાબ થાય છે.

બાળાઓને પરણાવી સાસરે મોકલ્યા પછી તેઓ થોડા દિવસમાં પિયેર આવે છે,

પણું ત્યાં એક વરસે કે ત્રણ વરસે આણાંની તૈયારી થાય છે. અને તેમની રમવા જમવાની ઉમર હોય છે ત્યારે તેઓને સાસરાની સજ્જડ બેડીમાં નાખવામાં આવે છે. સાસરિયાંને એમ થાય કે હવે તો વહુ આણું વળીને આવ્યાં છે, તો પછી કામ તો કરેજને. ઘરમાં નોકર ચાકર ન હોય એટલે ઘરનું બધું કામ કરવું, ઉપરાંત સાસરીઆંઓનાં મોઢાંમાંથી પડેલા બોલ ઉપાડવા, અને પતિ-સેવા તો હોયજ ! આવી સ્થિતિ આપણી બાળાઓની છે. આણું વળી સાસરે આવ્યા પછી આવી સ્થિતિમાં થોડા દિવસ ન થયા હોય ત્યાં તો સાસરીઆં કહેવા માંડે કે 'અમારી વહુને દિ ચડે તો સારૂં. અમે વૃદ્ધ થયાં એટલે છોકરાનું છોકરૂં રમાડવાની બહુજ આશા હોય જેની બાઈ ફલાણીનો ભીખો અને મારો વીકો બન્ને સાથે પરણ્યા છે. ત્યાં એની વહુએ તો છોકરાંથી ઘર પણ ભરી દીધું અને મારી વહુને તો હજી કાંઈ નથી.' આવા શબ્દો બિચારી વહુ ઘણા દિવસ સાંભળે છે. આમ કરતાં તેને અધરણી આવે છે અને સાસરિયાં બધાંય ફુલાય છે. પણ નથી જાણતાં કે વહુ હજી બાળક છે અને આમાંથી તેની જાતને નુકશાન છે. સાસરિયાં તો માત્ર પોતાના છોકરાનું છોકરૂં જોવાના હરખમાં પોતાનોજ સ્વાર્થ વિચારે છે. હજી ૧૫ કે ૧૬ વરસની મુગ્ધ અવસ્થા હોય ત્યાં વહુને બાળક અવતરે છે ! હજી નથી હોતી છોકરૂં સાચવવાની ખબર, કે નથી હોતી રમાડવાની ખબર; નથી હોતી નવરાવવાની ખબર કે નથી હોતી સુવરાવવાની ખબર; તે પહેલાં તો મા પણ થયાં અને મોટાં પણ થયાં !—આહા ! આપણી વહુઓની કેટલી બધી દયાજનક સ્થિતિ છે ? પછી શું થાય છે ? કાંતો તે પોતે નથી બચતી, અથવા તો બાળક નથી બચતું અને બન્ને બચે તો બાળક એટલું બધું નબળું થાય છે કે ભાગ્યેજ પુરૂં કરે એવું લાગે છે. વળી ઉપરા ઉપર સુવાવડ તો હોયજ. વહુનું શરીર દિવસે દિવસે ઘસાતું જાયછે અને તેનું પરિણામ એ થાય છે કે તેને આ દુનિયા છોડી નાની વયે ચાલી જવું પડે છે.

આવી સ્થિતિ ઘણે ખરે ઠેકાણે છે અને તેથી સ્ત્રીઓની જીંદગીનું જોખમ થાય છે. આ બધી જોખમદારી તેમનાં માતાપિતા ઉપર છે. જો તેઓ ધારે તો પોતાની બાળાઓનાં મોટી ઉમરે લગ્ન કરે તો બધો સંસાર સુધરી જાય. બાળાઓને મોટી કરવી, તેઓને પુરતું જ્ઞાન આપવું અને ગૃહશિક્ષણ પણ આપવું. ત્યાર પછી જ્યારે તે પોતે પોતાનો ગૃહવ્યવહાર ચલાવી શકે તેવી થાય ત્યારેજ તેને પરણાવવી, અને તે પણ તેના લાયક પતિ સાથેજ. એટલે તે જોડું સુખી થાય અને એકબીજાની ખીલેલી બુદ્ધિ અને કેળવાયેલાં હૃદયનો એકબીજાને લાભ મળે, અને તે આ સંસારરૂપી સમુદ્રમાં ગોથાં ખાધા સિવાય પાર ઉતરી શકે. તેમજ તેની પ્રજા પણ સારી થાય. આમ થશે તો આપણી બ્હેનો દેશભક્ત, સત્યવક્તા અને ઉત્તમ સંતાનોને જન્મ આપે તેવી થશે પણ તે બધું જ્યારે કેળવણી આપશો ત્યારેજ. વગર કેળવાયેલાં મનમાં અને જેના વિચારો નાનાં ઘરમાંજ આવી રહેલા છે તેનાથી તે બનવાનું નથી. આટલા દિવસો ગયા તે અંધારામાં, પણ જ્યાંથી જાગ્યાં ત્યાંથી સ્હવાર ગણો. અને મ્હારા પ્રિય બંધુઓ અને માયાળુ બ્હેનો ! તમે તમારી પુત્રીઓને પૂરતી કેળવણી, સારૂં જ્ઞાન અને સત્યવાદીપણું એટલું શિખવો. પછીજ સંસારના રંગમાં તેને જોડો કે તે પાર ઉતરી શકે, પોતે સુખી થાય અને બીજાને કરે. ઘરમાં ચુલા ફુંકવામાંજ માત્ર સંસાર આવી રહેતો નથી. પણ બહારની દુનિયા પણ જોવી. તેનો પણ કંઈક અનુભવ લેવો. એ જાતનું જ્ઞાન તે બાળાઓના હૃદયમાં ઠસાવવું જોઇએ. આટલું થયા પછી જુઓ જોઇએ, આપણી સ્થિતિમાં કેટલો ફેર પડે છે !

૨.

લેખકઃ–સૌ. ગુણવંતગૌરી ચીમનલાલ ડૉક્ટર—વડોદરા.

ગુજરાતના હિંદુઓ તથા જૈનો અનેક ન્યાત જાતમાં વહેંચાયલા છે. તેમજ તેમનામાં ધર્મના અનેક સંપ્રદાયો પ્રચલિત છે. તેથી ન્યાત અને ધર્મના ભેદને લીધે સ્ત્રીઓની સ્થિતિમાં ન્યાત તથા ધર્મ પરત્વે ફેરફાર હશે, તોપણ હિંદુ તથા જૈન ન્યાતોના મુખ્ય મુખ્ય રીવાજો સરખા હોય છે. અને હિંદુ તથા જૈન સ્ત્રીઓની સ્થિતિ ઘણે ભાગે મળતી છે. સ્ત્રીઓની જીંદગીની ત્રણ અવસ્થા હોય છેઃ—(૧) કન્યા તરીકે, (૨) પત્ની તરીકે, (૩) અને માતા તરીકે.

કન્યાનો જન્મજ એક હિંદુ કુટુમ્બમાં આવકારદાયક લેખાતો નથી ! ઉલટી, કન્યાના જન્મને લીધે, તેની માતાને ઘણાં કુટુમ્બોમાં વિટંબના ખમવી પડે છે. પ્રથમ તો કોઇ સ્ત્રીને કન્યા આવે તો પથરો આવ્યો એમ લોકો કહે છે, અને તે, કન્યાની કાળજી નહાનપણમાં તેમ માંદેસાજે ઓછી લેવાય છે. સુવાવડી બાઇની સુવાવડમાં જે કાળજી લેવાવી જોઇએ તે લેવાતી નથી; અને સાસરે તે બાઇ છોકરીની મા હોવાથી અપ્રિય થવા માંડે છે. દૈવ ઇચ્છાથી જો તેવી બાઇને ઉપરાછાપરી છોકરીઓ થાય છે, તો તો તે ધણીને તેમજ સાસુ સસરાને-ઘરમાં સહુને અળખામણી થઈ પડે છે; તેની છોકરીઓની કોઇ કાળજી કરતું નથી, તેમ ખાવા પીવામાં અને પહેરવા ઓઢવામાં મા તથા દીકરીઓ માટે ઘણી બેદરકારી બતાવવામાં આવે છે, અને સાસુ નણંદ વિગેરે તેને મહેણાં મારી બાળે છે તે જુદું ! વળી સાસુ સસરા તેણીના ધણીને ફરી પરણવા સમજાવે છે અને કેટલીક વખતે પરણાવે છે પણ ખરા ! આવી રીતે છોકરીઓની મા ઘણા ભય અને ત્રાસમાં રહે છે અને તેણીના માબાપનાં હૃદય બળ્યાં કરે છે. આવા સંજોગોમાં ઉછરતી કન્યાઓની કેળવણી માટે કોઈ કાળજી ન કરે તેમાં કાંઇ નવાઇ નથી.

આપણા લોકો એવું સમજે છે કે કેળવણી એ માત્ર ધંધા રોજગારનું અગર નોકરીનું એક સાધન છે; એ શિવાય કેળવણીનો બીજો હેતુ હોઈ શકે એમ ઘણા ખરા લોકોના ધ્યાનમાં આવતું નથી. તેથી કેટલાક લોકોને આપણે ઘણી વખતે કહેતાં સાંભળીએ છીએ કે " સ્ત્રીઓને કયાં નોકરી કરવા જવું છે કે આપણે ભણાવીએ ? તેમને ઘરકામ ને રસોઇ આવડે એટલે થયું. " હાલમાં કેટલાંક કુટુમ્બોમાં કન્યાઓને કહેવાતી કેળવણી આપવામાં આવે છે તે કેળવણીને અંગે કન્યાઓ વાંચતાં લખતાં શીખે છે, અને થોડું ઘણું ગણીતનું તથા ઇતિહાસ ભૂગોળનું જ્ઞાન મેળવે છે. તેમને શારીરિક કેળવણી મળતી નથી, તેમની બુદ્ધિ ખીલવવામાં આવતી નથી, તેમનું હૃદય કેળવવામાં આવતું નથી, તેમનું ચારિત્ર્ય બાંધવા પ્રયત્ન થતો નથી અને પત્ની તથા માતા તરીકે જે ફરજો તેમણે બજાવવાની છે તે માટે તેમને તદન અજ્ઞાન રાખવામાં આવે છે. કેટલાક લોકો ઇંગ્રેજી પણ થોડું ઘણું શીખવે છે; પરન્તુ આવું બહુ જરૂરનું જ્ઞાન તેમને આપવાની બાબતમાં બહુ બેદરકાર રહે છે. આવી ઉપલકીઆ કેળવણીનું પરિણામ " અધુરો ઘડો છલકે ઘણો ! " એ કહેવત પ્રમાણે આવે છે. આવી અર્ધ શિક્ષિત કન્યાઓ પો-

તાને સર્વત્ર માને છે અને ફેશનના ચેપી રોગમાં સપડાય છે ! એક સારી ગૃહિણી તરીકે જે ઘરકામ કરવું જોઈએ તે કામને હલકું માનીને તે ઉપર દુર્લક્ષ કરે છે. આવી કન્યાઓ પરણ્યા પછી ઘણીવાર હાથે કરીને દુઃખી થતી જોવામાં આવે છે. અર્ધદગ્ધ સ્ત્રીઓ જ્યારે અતો ભ્રષ્ટઃ તતો ભ્રષ્ટઃ થાય છે, ત્યારે અજ્ઞાન સ્ત્રીઓ જો કે ઘરકામ તરફ તિરસ્કારની દૃષ્ટિથી જોતી નથી, તોપણ પોતાની જીંદગીમાં તેઓ પહેરવું ઓઢવું, ખાવું પીવું, રડવું કુટવું, નિંદા કુથલી કરવી, અને વાંધા સાંધા પાડવા એમાંજ ઇતિ કર્તવ્યતા આવી ગઇ માનેછે. આવી અજ્ઞાન સ્ત્રીઓ પતિને નજીવી બાબતમાં પજવે છે, ઘરેણાં ગાંઠાં માટે લડે છે, ધણીની સ્થિતિ ન હોવા છતાં તેને કપડાં દાગીના માટે હેરાન કરે છે, અને પોતાની સાસુએ જેવું દુઃખ પોતાને દીધું હોય તેવું દુઃખ પોતાની વહુઓને દે છે.

આવી સ્થિતિ પ્રાચીન કાળમાં નહોતી. તે વખતે સ્ત્રીઓને સારી રીતે કેળવવામાં આવતી, ઉચ્ચ ભાવનાઓથી તેમનું હૃદય ઉભરાઈ જતું, આદર્શ સતીઓનાં ચરિત્રો નજરે નિહાળી શકવાથી તેમનાં અંતઃકરણ ઉપર ઉચ્ચ સંસ્કારો પડતા, સનાતન આર્યધર્મનાં ઉચ્ચ ધાર્મિક તત્વોને તેમના હૃદયમાં સ્થાન મળતું, અને આર્ય સ્ત્રીઓ તરીકે તેમનું માન સર્વદા સર્વત્ર જળવાતું માતા તરીકે સ્ત્રીઓની સ્થિતિ તપાસતાં જણાઇ આવે છે કે આપણામાં બાળલગ્નનો દુષ્ટ રીવાજ પ્રચલિત હોવાથી બાર તેર વર્ષની ઉમ્મરે પણ ગુર્જર હિંદુ બાળાઓ માતૃત્વનું ગંભીર પદ પ્રાપ્ત કરે છે. એટલે, માતા તરીકે એવી બાળકીઓ પોતાની ફરજો કેવી રીતે બજાવતી હશે, તેનો સુજ્ઞ વાંચકેજ વીચાર કરવો. બાળકની બાળક માતા અજ્ઞાન તથા બીન કેળવાએલી તથા છોકરવાદ હોવાથી બાળકોને કેળવી શકે નહી તેમાં નવાઈ નથી. આ સ્થિતિ હાલમાં ધીમે ધીમે સુધરતી જાય છે, સ્ત્રીઓને સંગીન કેળવણી આપવા તરફ હાલનું વલણ છે, તેમને પત્ની તથા માતા તરીકે યોગ્ય બનાવવા કંઇક પ્રયત્ન થતો જોવામાં આવે છે, અને બાળલગ્નનો રીવાજ ધીમે ધીમે નાબુદ થતો જાય છે, તો આપણે આશા રાખીશું કે ગુર્જર હિંદુ બાળાઓ થોડા સમયમાં પ્રાચીન આર્ય સ્ત્રીઓની લાયકાત પ્રાપ્ત કરશે.

સ્ત્રી કેળવણી કેવા પ્રકારની જોઇએ ?

૧

લેખકઃ—મીસીસ નર્મદા ભાનુશંકર-પરોડા.

હાલમાં સ્ત્રી કેળવણીનો વિષય બહુ ચર્ચાય છે તે સ્વાભાવિક છે. સ્ત્રી કેળવણી વિષે ઘણું લખાયું છે અને લખાય છે. પુરૂષનો ગૃહસંસાર સ્ત્રી વિના અધુરો છે અને કેળવાએલી સ્ત્રીવડે પુરૂષનો સંસાર દીપી નીકળે છે. માટે તે કેળવણી કેવા પ્રકારની જોઇએ તે સંબંધી મારી અલ્પ મતિ મુજબ બે શબ્દો કહેવા માગું છું.

હાલમાં આપણી કન્યાશાળાઓમાં છોકરાઓની જેવી કેળવણી કન્યાઓને અપાતી જોવામાં આવે છે. જે વિષયો છોકરાઓને શીખવવામાં આવે છે તેજ વિષયો કન્યાશાળામાં દાખલ કરવામાં આવે છે. અને વાંચન, લેખન, વ્યાકરણ, ભુગોળ, ઇતિહાસ, અને ખેત એવાજ વિષયો જોવામાં આવે છે. પરંતુ પુરૂષ અને સ્ત્રી બન્નેના વ્યવહાર જુદા

હોય છે. જ્યારે પુત્રીને સાસરામાં વાસ કરવાનો હોય છે, અને ઘર સંસાર ચલાવવો પડે છે. પુરૂષને બહાર કમાવા જવું પડે છે. એટલે બન્નેને એકજ રીતની કેળવણી આપવી એ વ્યાજબી જણાતું નથી. સ્ત્રીને માતા તરીકે છોકરાં ઉછેરવાની ફરજ નિર્માણ કરેલી છે. તેમાં તેનું સાધારણ ઇગ્લીશ જ્ઞાન, અગર ઇતિહાસ ભુગોળ અથવા કોલેજનું ઉંચું ઇંગ્રેજી જ્ઞાન કામ આવતું નથી. સાધારણ ઘરસંસારમાં તો તેની ખરચાળ રીતભાત પણ કઢંગી થઇ પડે છે. પુરતી રસોઇ કરતાં આવડતી ન હોય અથવા કરકસર કરવાની સમજણ ન હોય અથવા છોકરાંઓની સંભાળ રાખતાં ન આવડતી હોય અને તેને બદલે બુટ મોજાં પહેરી છત્રી લઇ અભિમાન રાખી ફરતાં આવડતું હોય, પતિ તરફ સરખા હકનો દાવો ધરાવતી હોય અને પોતાના ધર્મ સંબંધી કંઇ વિચાર ન હોય, અને બહુ વાંચી વાંચીને શરીર બગાડી નાખ્યું હોય તો તેની જીંદગી સુખી થતી નથી. બહુ ભણીને સ્વતંત્રતાના વિચારો આવે, પતિની આજ્ઞા પ્રમાણે વર્તવાનું કઠણ લાગે, ગૃહકામ થાય નહિ, માતા થવામાં કંટાળો લાગે અને અવિવાહિત સ્થિતિ વધારે પસંદ કરે એ સઘળું કુદરતના કાયદાનું ઉલ્લંઘન છે. ભણેલી કોમોમાં અવિવાહિત સ્ત્રીઓ વધારે નજરે પડે છે તેનું કારણ આજ છે. સ્ત્રીને માટે સ્કુલોમાં ખરા અગત્યના વિષયો દાખલ થવા જોઇએ. તેમને ગૃહસંસારની, કરકસરની અને પાકશાસ્ત્ર, શીવણ, ગુંથણ, ભરતકામ, અને ખાસ કરીને માતા તરીકેની ફરજ, સ્વામી સેવા, અને ધર્મ શિક્ષણ, આ સંબંધી ખાસ શિક્ષણ મળવું જોઇએ. ઇંગ્રેજી જ્ઞાન સામે વાંધો નથી પણ ઇંગ્રેજોની રીતભાત આપણામાં નથી, માટે તેમના વિચારો આપણને અનુકૂળ ન હોય તેવા કન્યાઓના મન ઉપર ઠસવા ન જોઇએ. સ્ત્રીઓને ઇતિહાસ ભુગોળ કરતાં સતી સ્ત્રીઓના દૃષ્ટાંતો વંચાવવાં જોઇએ, અને ધર્મ શિક્ષણ દરેક સ્કુલમાં દાખલ થવું જોઇએ. ધર્મની કેળવણી આપવાથી ઇશ્વરે સ્ત્રી જાતમાં દયા પ્રેમ અને મમતા બક્ષેલાં છે તે ખીલી નીકળે છે.

ઉંચી કેળવણીથી અને અતિશય મનની મહેનતથી સ્ત્રીઓની નાજુક તબીઅત બગડે છે. તેથી સંસારનો બોજો તેનાથી ઉચકાતો નથી. ઘરના કામની તેને શરમ લગે છે, અભિમાન આવે છે, અને હાથે કામ કરવાથી કાયર થઇ જાય છે. માટે આ સઘળું નુકશાન ન થાય તેવી જાતની કેળવણી થવી જોઇએ. છોકરાઓ જેટલું કન્યાઓને પુસ્તકવાંચન ન જોઇએ. તેમને બહુ મનનો શ્રમ ન જોઈએ તેમને નીતિ સદાચાર અને પતિ સેવાના સદ્ગુણો શીખવવા જોઇએ.

ઘરનું કામકાજ સ્ત્રીઓની તંદુરસ્તી સાચવવા માટે અગત્યનું છે. તે કામ તેઓ સારી રીતે કરતાં શીખે, તેમનું શરીર સુધરે અને મનમાં ઉંચા વિચારો આવે, ભવિષ્યમાં પોતાનાં બાળકો કેવી રીતે સુધરે તે સંબંધી જ્ઞાન મળે અને કંઇ પણ ઘેર બેઠાં થાય એવો ધંધો શીખવાય, પોતાના ધર્મ પ્રમાણે નીતિ અને સદાચાર સાચવતાં શીખે, ઇશ્વર ઉપર આસ્થા રાખતાં શીખે અને પોતાનો તથા પોતાના પતિનો સંસાર સુધારતાં શીખે એવી જાતની કેળવણી આપણા લોકો કન્યાશાળાઓમાં દાખલ કરે એવી મારી નમ્ર પ્રાર્થના છે.

૨.

લેખકઃ-સૌ. ઈશ્વર લક્ષ્મી.—આરડોલી

છોકરીઓને ભણાવી ગણાવી હોંશિઆર કરીને, દુનીઆદારીનાં કામ કરવાને શક્તિમાન બનાવવી તે સ્ત્રી કેળવણી છે. સાંસારીક કામ બજાવી પોતાનું જીવતર સફળ કરવા માટે સ્ત્રી અને પુરૂષ બંનેને કેળવણીની જરૂર છે. એ વગર માણસાઇ આવી શકતી નથી. જો કેળવણીનો અર્થ બરાબર સમજે, તો એની વિરૂદ્ધ બોલવાનું કોઇને રહે નહિ. પુરૂષને જેમ બહારનાં કામકાજ કરી પૈસા કમાવાની જરૂર છે, તેમ સ્ત્રીને ઘરનું કામ કરી તે પૈસાની યોગ્ય વ્યવસ્થા કરવાની જરૂર છે. પુરૂષ જેમ કેળવાએલો અને હોંશિઆર હોય તેમ તે સારૂં કમાઈ શકે, તેમ સ્ત્રીઓ જો ભણેલી અને કાબેલ હોય તો પોતાના પતિએ આણેલા પૈસાની બરોબર ગોઠવણ કરી, ઘર દીપાવી આપે. કારણકે ઘર સંસારરૂપી રાજ્ય ચલાવવામાં પુરૂષ રાજા અને સ્ત્રી પ્રધાન છે. દંપતિ સારી રીતે કેળવાયલાં હોય તોજ તેમનો સંસાર સુખરૂપે ગુજરી, બાળબચ્ચાં વગેરે સુખ પામી સુધરી શકે. આગલા વખતમાં સ્ત્રીઓને સારી કેળવણી અપાતી તેના ઘણા દાખલા છે. સીતા દ્રૌપદી, દમયંતી વગેરે રાજ્ય કુંવરીઓ; ગાર્ગી, મૈત્રેયી વગેરે ઋષિ કન્યાઓ; તથા સરસ્વતી, લીલાવતી વગેરે સાધારણ ગૃહસ્થની બાલાઓ ભણેલી ગણેલી હોંશિઆર હતી, અને તેથીજ અગાઉના વખતમાં બાળકો સારાં કેળવાઇને હોંશિઆર થઇ મહાભારત કામ બજાવી શકતાં.

દેશ સુધારવામાં સ્ત્રી કેળવણી એ મુખ્ય સાધન છે. દરેક દેશ ચઢતી હાલતમાં છે કે પડતી હાલતમાં, તે એ દેશની સ્ત્રીઓની હાલત ઉપર આધાર રાખે છે. બાળકોનો ઘણો વખત તેમની માતાની જોડે રહેવામાં ગુજરે છે. તેથી જો મા કેળવાએલી, સદગુણી અને ચતુર હશે, તો તેનાં છોકરાં પણ તેવાં નીવડશે; પણ જો અભણ, મૂર્ખ અને વહેમી હશે તો તેનાં છોકરાં નઠારાં ઉછરશે. માટે છોકરાંને તન, મન વગેરેની કેળવણી આપી, મોટપણે તેઓ સુખી થાય તેવા ઉપાય યોજવામાં સ્ત્રીઓ મુખ્ય છે. પુરૂષને બહારનાં કામ કરવા છતાં પણ ઘણો વખત ઘરમાં ગુજારવો પડે છે. તો તેના ઉપર પણ સ્વાભાવિક રીતે સ્ત્રીની અસર થાયજ. એ બધાપરથી જણાય છે કે સ્ત્રીને કેળવણીની પૂરી જરૂર છે. કેળવાયલી સ્ત્રી હીસાબ ખર્ચ વગેરે ઉપર તથા ઘરના સરસામાનપર બરાબર દેખરેખ રાખીને ઘર દીપાવે છે. મહેમાન પરોણાની બરદાસ કરી, પોતાના ઘરની આબરૂ વધારે છે. અને તેથીજ આપણા લોક કહે છે કે "ભાઈ! ઘર તો બૈરાંનુંજ." પુરૂષ કરતાં સ્ત્રીના હાથમાં ઘરની ઇજ્જત વધારવાનું સાધન વધારે રહેલું છે. તેનો બરાબર અમલ ભણેલી સ્ત્રી કરી શકે છે. પોતાનો નવરાશનો વખત ધણી કે છોકરાંનાં કપડાં શીવવામાં, ભરત ભરવામાં, સારાં સારાં પુસ્તકો વાંચી જ્ઞાન વધારવામાં, કે રાચરચીલું સંભાળવામાં તે ગાળે છે. પોતાની સહીયરોને નીતિવર્ધક વાતો કરી ખુશ કરે છે. પરાઇ નિંદા કરવાનું કે લોકોના ઘરના ઉંબરા ગણવાનું તેને ગમતું નથી. પોતાના પતિ પાસે ઘરેણાં કે લુગડાં-લત્તાંની હઠ કરી તેને દુભાવતી નથી. પોતાનો પતિ થાકયો પાકયો ઘેર આવે, ત્યારે મધુર વચનથી તેનું મન રંજન કરી, થાકને દુર કરે છે, તથા તેની બરદાશ કરવામાં તત્પર રહે

છે. ખાવાપીવાની આવજત સારી રાખે છે. વખતે ઉપયોગી સલાહ આપી, પોતાના ધણીના એક નિમકહલાલ પ્રિય સલાહકારની ગરજ સારે છે. અને આદિથી તે અંત સુધી નિર્મળ પ્રેમથી પતિસાથે જોડાઇને, દુનીઆદારીનું સુખ સારી રીતે માણી પરલોકમાં સુખ મેળવે છે. એ પ્રમાણે કેળવાયલી સ્ત્રીથી ઘણા લાભ છે. અને તેના દાખલા હાલ પણ અંગ્રેજો, પારસી તથા નાગર, ક્ષત્રિય વગેરે હિંદુઓની ઉંચ કોમમાં જોવામાં આવે છે.

ધણી અભણ સ્ત્રી, ઉપર કહેલાં કામથી ઉલટી રીતે ચાલી, પોતાના ધણીને હેરાન કરે છે અને છોકરાંને ઠોઠ તથા વહેમી બનાવે છે. એથી પુરૂષને, બંને તરફની ઘણી કાળજી રાખવી પડે છે. અને તેનું મન સદા ઉદ્વેગમાં રહી, સંસાર સુખ તેનાથી બિલકુલ ભોગવાતું નથી. બહારથી બળ્યોઝળ્યો પતિ ઘરમાં આવે કે દુઃખ ઉપજે તેવાં વચન ઉચારીને તેને બમણો દીલગીર બનાવે છે. અભણ સ્ત્રીઓ કુથલી કરી, નવી વસવાડો ઉભી કરવામાં બહાદુર બને છે, અને ઘરના કામકાજમાં ફુવડ રહી, ઘરની આબરૂ ગુમાવે છે. છોકરૂં માં, પડે તો વૈદ્ય દવા ન કરાવતાં, દોરાધાગામાં નાહક ખર્ચ કરાવી, ધણીના હરકોઇ સુધારાના કામમાં આડી આવે છે. એવાં ઘણાં નુકસાન અભણ સ્ત્રીથી થાય છે. કેટલાક કહે છે કે સ્ત્રીને ક્યાં નોકરી કરવા જવું છે ? અથવા સ્ત્રીને રળવા જવાની ક્યાં જરૂર છે ? એનો જવાબ ઉપર આવી ગયો છે. સ્ત્રી કેળવણીનો અર્થજ એવું કહેનાર લોકો સમજતા નથી. ભણવાની મતલબ કમાવા જવાની નથી, પણ દુનીઆદારીનું હરકોઇ કામ કરવાને શક્તિમાન થવા સ્ત્રી અને પુરૂષ બંનેને કેળવણીની જરૂર છે. સ્ત્રીઓને ભણાવવાથી અનીતિ વધે છે, એવું કહેનારની તકરાર પણ ખોટી છે. જો તન મનની સારીરીતે કેળવણી મળી હોય તો કદી બિગાડ થવાનો સંભવ નથી થોડું ઘણું વાંચતાં લખતાં આવડયે કેળવણીની પૂરી ગરજ સરતી નથી. માટે અપૂર્ણ જ્ઞાન ન આપતાં સંપૂર્ણ કેળવણી આપવી જોઇએ. વળી ભણેલી સ્ત્રીઓ કરતાં અભણ સ્ત્રીઓમાં ઘણા અનાચાર નીપજે છે. એ બધા પરથી તાત્પર્ય એજ નીકળે છે કે સ્ત્રીઓને સારીરીતે કેળવવાથી ઘણા લાભ થાય છે.

યુરોપ, અમેરિકા, જાપાન વગેરે સુધરેલા દેશોમાં સ્ત્રીકેળવણીથી કેટલા બધા લાભ થયા છે, અને થાય છે, તે ઘણા જાણતા હશે. વૉશિંગ્ટન, નેપોલિઅન, સિકંદર, પંડિત બેકન, અકબર, શિવાજી, વગેરેની માતાઓ ઘણી હોંશિયાર હતી, તેથી તે સ્ત્રીઓના પુત્રો દુનીઆમાં પ્રખ્યાત થઇ ગયા છે. આપણા દેશમાં હાલ અંગ્રેજી રાજ્યના પ્રતાપે એ કેળવણીનો સારી રીતે પ્રસાર થવા લાગ્યો છે, અને સ્ત્રીઓને માટે ઉંચી જાતની તથા સાધારણ કેળવણી લેવાની પાઠશાળાઓ મુંબઇ, પુના, કલકત્તા, અમદાવાદ, વડોદરા, રાજકોટ, વગેરે ઠેકાણે સારા પાયાપર સ્થાપન થએલી છે. એથી દેશની ચઢતીની સારી આશા રાખી શકાય છે. દેશ હિતકારી પુરૂષોએ સ્ત્રી કેળવણીને ઉત્તેજન આપી તેમાં ઘટતા સુધારા કરી, લોકોના મનમાંથી વહેમ કાઢી નાંખીને, તેને ઉંચે દરજ્જે ચઢાવવાને બનતો યત્ન કરવો જોઇએ.

મ્હાનું સામ્રાજ્ય !—પ્રાતઃકાળમાં ઉઠીને ઈશ્વર સ્મરણને બદલે, ગરીબ યા તવંગર, સર્વ મ્હા દેવીનું ચિંતન થાય છે ! મ્હા પીધા પછીજ કોઇ પણ કામ શરૂ થાય છે ! અને આ કુટેવ લોકમાં હંમેશ વધતી જાય છે ! —

ઉત્તમ કુટુંબ કોને કહેવું ?

લેખકઃ સૌ. પુષ્પાવતી-વડોદરા.

ઉત્તમ કુટુંબ, એમાં કુટુંબ અને ઉત્તમતા એ બે વસ્તુ હોવાની જરૂર છે. કુટુંબનો અર્થ સામાન્ય રીતે હરકોઇ જાણે છે. હિન્દુમાં એકાદ બે પેઢીનાં છોકરાં સાથે મૂળ વડીલ પોતાના ગૃહસ્થાશ્રમનો વ્યવહાર ચલાવે છે અને સઘળાં એકબીજાના હીતની ખાતર એકઠાં રહી એકબીજાને મદદ કરી સુખ સંપથી રહે છે; અને મૂખ્ય પુરૂષની મર્યાદામાં રહી, જેમ એક રાજ્યમાં રાજાના હુકમને તાબે રહીને સર્વે પ્રજા એકબીજા પ્રત્યેની ફરજ અદા કરે છે તેમ, એકબીજાના ધર્મ સાચવે છે. સમાજમાં અને ન્યાતમાં આગેવાન અગર પટેલના હુકમને તાબે રહે છે તો સઘળું સુવ્યવસ્થીત ચાલે છે; તેવીજ રીતે કુટુંબના વડીલના હુકમને કુટુંબનાં બધાં માણસો એક બીજા પ્રત્યેની ફરજ બજાવે તો સઘળું સારી રીતે ચાલે છે.

એ વાત ખરી છે કે કુટુંબના વડીલે જમાનામાં ફેરફાર થતો જાય તેમ તેમ તથા કુટુબનાં માણસો વય, બુદ્ધી, અનુભવમાં આગળ વધે તેમ તેમ પોતાની મરજી અને અધીકાર પ્રમાણે તેમને છૂટ આપવી જોઇયે. અમર્યાદ સત્તાવાળો રાજા કીંવા ન્યાતનો પટેલ રાજ્ય અને ન્યાત ઉપર પોતાની સ્વચ્છંદી ઇચ્છાને અનુસરી જુલમ ગુજારે છે, અને પ્રજા તથા ન્યાતીલાઓ આખરે બંડ ઉઠાવી સામા થાય છે, અને કુસંપ, કલેશ પેદા થઇ રાજ્ય અને ન્યાત તૂટી જઇ દુઃખી થાય છે તેમ, કુટુંબનો મુખ્ય માણસ પોતાના જુના વીચારને વળગી રહી કુટુંબી વર્ગને છૂટ ન આપે તો કુટુંબીઓ તેના સામા થાય, પક્ષાપક્ષી વધે અને દુઃખ દારીદ્ર ભોગવવું પડે. તેથી કુટુંબ સુખી થવા માટે પ્રત્યેક કુટુંબની વ્યકતીએ એકબીજાને વ્યાજબી છુટ આપવી તથા એકબીજાને પોત પોતાના હક ભોગવવા દેવાં તથા એકબીજા પ્રત્યેની ફરજ અદા કરવી જોઇયે. અને ત્યારેજ કુટુંબીઓમાં પ્રેમ, ઉત્સાહ, અને સંપત્તીનો વાસ થાય છે. એ પ્રમાણે ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત કરવા વ્યવસ્થા રહેવી જોઇયે. જે કુટુંબમાં સદ્‌વ્યવસ્થા રહે તે કુટુંબને ઉત્તમ કહેવાય.

જે કુટુંબની અંદર ચીરકાળ સદ્‌ગુણનો વાસ થતો હોય, તથા સત્યને માન અપાતું હોય, અને દરેક જણ પોતપોતાની ફરજ સમજી તે અદા કરે તે કુટુંબમાં સુખનો વાસ થાય છે.

દરેક બાળકોએ પોતાના પરમપૂજ્ય વડીલોને માનની દષ્ટીએ જોવાં. હમેશ બનતાં સુધી તેમની સાથે મર્યાદાશીલપણે વર્તવું. કદી પણ તેમની સામું ઉંચે સ્વરે બોલવું નહિ. તેઓ કદી ઠપકો આપે તો તે માત્ર આપણા ભલા માટેજછે, તેમ સમજી રોષ નહી કરતાં માત્ર તેમાંથી સાર ગ્રહણ કરી તેમણે આપેલ ઠપકાના રૂપે શીખામણ પ્રમાણેજ વર્તવું, કદાપી તેઓ રોષમાં ગુન્હો નહીં હોવા છતાં પણ ઠપકો આપે, તદાપી પણ રોષ નહીં લાવતાં તેઓ તેમની પોતાની નજરમાં આવ્યા મુજબ સાચુંજ કહેતાં હશે, એમ સમજી વીસરી જવું. કદી પણ તેમને સામો જવાબ કીંવા તોછડાઇ ન બતાવતાં નમ્રપણુંજ રાખવું.

દરેક બાળકે પોતાનાં પરમપૂજ્ય વડીલ માતાપીતાની આજ્ઞામાં રહેવું. કદી પણ તેમની આજ્ઞા ઉલંઘન કરવી નહીં. જુવો કે **શ્રી રામચંદ્રજી** પણ સર્વે સત્તાવાન હોવા છતાં પણ પોતાના પૂજનિય પીતાનો હુકમ કે જેની અંદર ભયંકર દુઃખ સહન કરી ચૌદ વર્ષે વનવાસ ભોગવવાનો હતો, તે પણ વીના વીલંબે કબુલ કરી તે પ્રમાણે વર્ત્યા હતા. કદી પણ માતાપીતાની સ્નેહમય લાગણી દુખાય તેમ વર્તવું નહીં. જો કે તેમના કરેલા અનહદ ઉપકારનો બદલો વાળવા કોઇ પણ સમર્થ નથી, કીન્તુ પોતાનાથી બની શકે તેવી રીતે યત્ન સહીત તેઓ ખુશી રહે તેમ વર્તવું. તેમની ખાતર ગમે તેવું કઠણ કામ હોય તોપણ બનતા યત્ને તે કાર્ય સીદ્ધ કરવા ચૂકવું નહી. તેમાં ગમે તો પોતાના પ્રીય સુખનો ભોગ આપવો પડે તો પણ હઠવું નહીં. જુવો કે **ભિષ્મે** પોતે પોતાના પ્રીય પીતાની ખાતર સંસાર સુખનો ભોગ આપ્યો હતો. જ્યારે **ભિષ્મના** પીતાની સત્યવતિ સાથે લગ્ન કરવાની સબળ ઇચ્છા થઈ ત્યારે સત્સવતિના પીતા કે જેઓ વહાણુ હંકારનાર ખારવા હતા, તેમણે કહ્યું કે જો. તમે તમારૂં રાજ્ય પાટવી પુત્ર **ભિષ્મને** નહી આપતાં સત્યવતિથી જે પુત્ર પેદા થાય, તેને આપો તોજ હું મારી કન્યા તમને પરણાવું. તે ખબર જ્યારે **ભિષ્મને** થઇ ત્યારે સત્વર પીતા પાસે જઇ પ્રતિજ્ઞા કરી કે હું કદી પણ સંસારમાં નહીં જોડાઉં અને રાજ્ય કુટુંબનાં દરેક નાનાં મોટાં ભાંડુએ હળીમળી સંપસંપીને ચાલવું. જો દરેક ભાંડુઓ પોતાની ખરી ફરજ સમજી તે જો અદા કરે તો કયારે પણ કલેશ કિંવા લડાઈ ઉદ્દભવવા પામે નહી. અને સલાહ સંપથી કાળ વ્યતીત થાય, હમેશ આનંદનો વાસ થાય. એક બીજા પર સંપૂર્ણ પ્રેમભાવ રાખી જેમ બીજાં ખુશી થાય તેમ વર્તવું. પોતાને કંઇ પણ નહી જોઇયે એટલે જે કંઇ કરૂં છું તે માત્ર બીજાને માટે કરૂંછું એમ સમજી પોતાની પ્રીય ચીજ પણ બીજા ભાઈ બ્હેનને હાય જતાં યા તો વડીલોની ખુશીથી, અથવા તો ભાંડુની તેના:પર ઇચ્છા થવાથી તેમને હવાલે કરવી પડે, તોપણ રોષ કિંવા ઇર્ષ્યા નહી કરતાં અને તેમને આપતાં વીલંબ નહી કરતાં તુર્તજ તેમને હવાલે કરવી. તવંગર હોય તો પૈસે અને સાધારણ હોય તો શરીરેથી પણ ખરૂં તન મન અર્પણ કરી પોતાના પ્રીય ભાંડુને મદદશીલ થવું. દરેક ભાંડુએ પ્રથમજ ઉદારતા ગ્રહણ કરવી. દાખલા તરીકે શ્રી **રામ** અને **ભરત** વચ્ચેના અન્તીમ સ્નેહ અને **ભરતની** ઉદારતાનો વીચાર કરવો કે જ્યારે **રામ** વનવાસ ગયા અને **ભરતને** રાજ્ય આપ્યું, અને **ભરતે** ઘણું કહ્યા છતાં **રામે** પાછા ફરવા ના કહી, ત્યારે પણ પોતે રાજ્ય નહી કરતાં **રામનીજ** પાદુકા મુકી **રામનેજ** નામે રાજ્ય ચલાવ્યું હતું. ધન્ય છે **ભરતના** ભ્રાતૃ સ્નેહને! નાનાં ભાંડુએ મોટાં ભાઈ બ્હેનની આમન્યા રાખી તેમના હુકમને તાબે થવું. તેઓ કંઈ કામ કરતાં હોય તો, અને તે પોતાનાથી બની શકે તેવું હોય તો, તેમની પાસેથી લઇ, કીંવા ના આવડતું હોય તો બનતા યત્ને શીખી પોતે કરવું. મોટાં ભાંડુ પણ આપણાં વડીલજ છે એમ સમજવું. કદી પણ સામું બોલવું નહીં. દરેક જણે નવું શીખવાને ઉત્સાહવાન રહેવું. તેઓ સદ્ગુણી હોય તો તેમનું અનુકરણ કરવા ચુકવું નહીં. પરંતુ ભાગ્યવશાત્ તેઓ જો દુર્ગુણી હોય તો તેઓને માઠું ન લાગે તેમ સભ્યતા પૂર્વક તજવા યોગ્ય દુર્ગુણને છોડી દેવા વીનવવું. પરંતુ પોતે વધારે સમજે છે અને તેમનાથી વધારે ડહાપણવાળા છીયે તેમ સમજી તેમને ઠપકાના ડોળથી કીંવા મુરબ્બીના જેવો રૂઆબ

પતિવ્રતાનો ધર્મ.

લેખકઃ-શ્રી રાજકુંવરબા ચન્દ્રસિંહજી.

બ્હેનો, આપણી સ્થિતિ ખરાબ છે. કારણ કે આપણામાં ઘણી ખરી સ્ત્રીઓ પતિવ્રતના સત્ય ધર્મ જાણતી નથી. પતિના સુખ દુઃખમાં ભાગ લેવાનું તો બાજુ પર રહ્યું, પણ ઉલટો તેને હર હંમેશ પજવે છે, કરજ કરીને પણ સ્ત્રીઓ પોતાની ઇચ્છા પૂર્ણ કરાવવા હઠ કરે છે અને અનેક રીતે સ્વામીને દુઃખ આપે છે!

પોતાની વૃત્તિઓને વશ રાખે છે; પતિ ઉપર પ્રેમ રાખી તેનું મન સાચવે છે, તન, મન, અને ધનથી તેની સેવા સિવાય કાંઈ ઇચ્છતી નથી; ગૃહકુટુંબમાં સુખ શાંતિ, સ્વચ્છતા અને સુઘડતા રાખે છે; સ્ત્રીપુરૂષોમાં છેલ છબીલી થઈ ફરતી નથી; સાસરામાં સર્વ સાથે સ્નેહ રાખે છે; ગૃહકાર્યમાં નિયમિત રહે છે; અને અવકાશના વખતમાં જ્ઞાન મેળવે છેઃ તે ખરી પતિવ્રતા-સતી સ્ત્રી ગણી શકાય. તે પતિને સુખે સુખી અને દુઃખે દુઃખી રહી, તેનું મન રંજન કરવા, બાળકોને સદ્દશિક્ષણ આપવા હંમેશાં તત્પર રહે છે. મધુરતા, નમ્રતા, કરકસર, અને પ્રીતિથી વ્યવહાર ચલાવે છે. પરપુરૂષ તરફ એકી નજરે તે કદિ જોતી નથી અને જરૂર પડયે ભાઈ બાપ સમાન દૃષ્ટિથીજ તે જુવે છે. દેવદર્શનને બહાને બહાર ભટકારા મારવાને બદલે તે ઘેર રહીને ઈશ્વર ભક્તિ કરે છે. વસ્ત્ર પ્હેરવામાં, હરવા ફરવામાં, બોલવા ચાલવામાં, મર્યાદા સચવાય એવી રીતે રહેછે. કોઈ સ્ત્રી પુરૂષની નિંદા કુથલી તે કરતી નથી, તેમની ગુપ્ત ચેષ્ટા જોતી નથી. દુર્ગુણોનો ત્યાગ કરે છે. હલકી વૃત્તિવાળી સ્ત્રીઓની સોબતમાં તે રહેતી નથી. સંતોષ, સમતા, ક્ષમા, સંપ વગેરે સદ્દગુણોનો તે સંગ્રહ કરે છે. વિદ્યા, વિનય અને વિવેકને તે વ્હાલા કરેછે. ઉદાર, ચતુર અને પરોપકારી થવામાં પ્રીતિ રાખે છે. ધર્મનીતિ અને કલા કૌશલ્યનું જ્ઞાન સંપાદન કરી સર્વને શીખવવા ખુશી થાય છે. કોઇને દુઃખ થાય તેમ કરતી નથી. સારાં પુસ્તકો વાંચે છે, સારી સ્ત્રીઓની સંગતિમાં રહે છે, કટુવચન બોલતી નથી, કોઇનું અપમાન કરતી નથી, અને સંકટ સહીને પણ વ્રત જાળવે છે, તેજ સતી સ્ત્રી છે. પતિને પ્રભુ તુલ્ય માનતી અને ત્હેના ઉપર અતુલ સ્નેહ રાખતી પ્રાચીન કાળની સતીઓ-અનસૂયા, સીતા, સુવ્રતા, ઉભયકુમારી, વિમળદેવી, ચન્દ્રપ્રભા, દમયંતી, મહાશ્વેતા, કાદંબરી, જેવી તે પતિવ્રતા થઇ પ્રભુને પણ વશ કરી શકે.

અનસૂયાના પતિવ્રત પ્રભાવથી બ્રહ્મા-વિષ્ણુ-મહેશ્વર એ ત્રણે મહા દેવ બાળક બની ગયા હતા. સાવિત્રીએ પતિવ્રતથી પોતાના પતિનો પ્રાણ યમરાજ પાસેથી પણ પાછો મેળવ્યો હતો. બેહુલાએ પતિવ્રતથી સર્પદંશથી મરણ પામેલા સ્વામીને સજીવન કર્યો હતો. નર્મદાએ દિવસ ઉગતે મરણ પામનાર પતિ ખાતર સૂર્યોદય થતો અટકાવી તેને દેવતાઓ પાસે પુનર્જીવન અપાવ્યું હતું. સુલોચનાએ પતિવ્રતથી મૃત પતિનું મસ્તક શ્રી રામચન્દ્રજીની સભામાં હસાવ્યું હતું. રૂપદર્શ નામની સતીએ પોતાના ખોળામાં સુતેલ પતિનું માથું હોવાથી અગ્નિમાં પડેલ બાળક ખાતર અગ્નિને શીતલ બનાવી દીધો હતો.

સ્ત્રીને ખરા ધર્મનું સ્વરૂપ પતિજ છે. સઘળાં શુભ કાર્યો સ્ત્રીએ ત્હેની આજ્ઞા લઇને

કરવાં. યાજ્ઞવલ્કય ઋષિ કહે છે કે સ્ત્રીએ પોતાનો ધર્મ પાળવાથી તે સ્વર્ગે જાય છે; નહિ પાળવાથી નરકે પડે છે. ચન્દ્ર વિના રજનિ શોભતી નથી, અંબાડી વિના હાથી શોભતો નથી, તેમજ શીયળવ્રત વિના ભારે અલંકારોવાળી સુન્દરી પણ શોભતી નથી. માટે બ્હેનો ! સદ્‌ગુણરૂપી ઘરેણું પ્હેરો, લજ્જારૂપી અંજન આંજો, શીયળ રૂપી સાડી સજો, યશરૂપી ચાંદલો કરો, અને અમૃત સમાન મીઠાં વેણ વદો. પ્રભુ પ્રીત્યર્થે સુકૃત્યો કરી નિરંતર શુદ્ધ મને પતિની, કુટુંબની, જીવ માત્રની સેવા કરો. આપણો ધર્મ બરોબર પાળીશું, ત્યારેજ હિંદનો ઉદ્ધાર થશે. પતિવ્રતા સ્ત્રીનાં સંતાન પણ સારાં થાય છે. માટે સ્વધર્મ પાલન અને દેશહિત ખાતર પોતે પોતાનાં ગુરૂ બની પતિવ્રત પાળો અને જીવનને ઉદ્ધારો.

સહનશીલતા.

લેખકઃ સૌ. ઉર્મિયાલક્ષ્મી.—બારડોલી.

જગતમાં પરમાત્માએ મનુષ્યને સર્વ ગુણોની બક્ષીસ કરી છે, તેમાં સહનશીલતા પણ એક ઉત્તમ ગુણ છે. સહનશીલતા એટલે સાધારણ શબ્દમાં કહીએ તો રહેવું-જે થાય તે સહન કરવું. આ ગુણ દરેક સ્ત્રીપુરૂષમાં હોય છે. કોઇમાં પ્રધાનપણે હોય, તો કોઇમાં થોડો હોય છે; પણ જેમ કેળવણીમાં બધા વિષય આપણે અભ્યાસથી વધારીએ છીએ, તેમ આમાં પણ વધારો થઇ શકે. માટે આપણે દરેક જણે આ ઉત્તમ ગુણ જેમ બને તેમ વધારવા યત્નવાન થવું જોઇએ. પુરૂષ કરતાં પણ સ્ત્રીઓને આ ગુણની ઘણી જરૂર છે. કેમકે સ્ત્રીઓને શારીરિક તેમજ માનસિક દુઃખો તથા પરાધીનપણું વધારે જોવા તથા અનુભવવાનું આવે છે. દાખલા તરીકે, આપણે એક પુત્રીને લઇએ તો તે જન્મશે ત્યાંથી તે વૃદ્ધ થશે ત્યાં સુધી તેને બીજાનીજ મનોવૃત્તીને તાબે રહેવું પડશે. માટે સહનશીલતાના ગુણમાં ઉત્તમ પ્રકારે વધારો કરવો જોઇએ. આપણાં ઉપર વીપત્તી કે દુઃખ કીયે વખતે આવશે તેનો નીશ્ચય માણસથી થાય તેમ નથી. તે વાત ઈશ્વરનાજ હાથમાં છે. તો આપણે તે વખત આપણા ઉપર આવે તે પહેલાંજ પોતાને માટે દરેક જાતની સહનશીલતાની ટેવ પાડી રાખીશું, તોજ આપણે તે પ્રસંગે ધીરજરૂપી ઢાલથી આપણી રક્ષા કરી શકીશું. શરીરને કસરતથી કશી, વ્રતાદિકથી ભૂખ તરસ વેઠવાની ટેવ પાડીને, તેમજ તાવ વિગેરે વ્યાધી, પુત્ર મિત્રાદિકના વિયોગ આદી આધી, તથા દુષ્કાળ આદીક દૈવકોપથી ઉપાધી આવી પડે ત્યારે ધૈર્ય રાખીને દરેક રીતે સહન કરવા તૈયાર રહીએ, એમ યત્ન કરવો. ઘણાં કાયર સ્ત્રીપુરૂષો દુઃખ કે વ્યાધી આવતાંજ ગભરાઇ જાય છે. કોઈ કોઈ તો આવા પ્રસંગે આત્મહત્યા પણ કરે છે. તેનું કારણ માત્ર તેનામાં સહનશીલતા કતિ હોતી નથી અથવા તો ઓછી હોય છે, અગર દુઃખ, અજ્ઞાનતા કે ક્રોધમાં તેને સુઝતું નથી; જેથી આ લોકમાં અપકીર્તિ થઇને પરલોકમાં અસદ્‌ગતી પામે છે. પણ બ્હેનો જેણે આ ઉત્તમ ગુણનું સેવન કર્યું હોય કે ઇશ્વરી બક્ષીસથી તેનામાં સ્વાભાવિક હોય તે, કે પુર્ણ જ્ઞાની હોય, તે કદી કોઇ પ્રકારથી મુંઝાતું નથી. તે પોતાના શરીર તથા

મન એવાં કેળવે છે કે ગમે તેવા પ્રસંગમાં પણ દુઃખ સહન કરી તેમાંથી મુક્ત થવાનો માર્ગ શોધી કહાડે છે, ને પોતાના આત્માને આનંદમાં રાખે છે. સંપત્તિમાં કે વિપત્તિમાં તે સમાન રહે છે. કોઈ કટુ વાક્ય હાંસીમાં કે ક્રોધમાં તેને કહે છે, ત્યારે તેને દુઃખ તો બીજા જેવુંજ લાગે છે, પણ સહનશીલ મનુષ્ય તેને બહાર જણાવા દેતાં નથી; તેમ તે વાક્યને પોતાના મનમાં પેસવા અવકાશ આપતાં નથી. જો કોઈ અતિ ઉગ્ર વાક્ય કે વાણી આપણે સાંભળીએ તો સ્વાભાવિક રીતે મનને દુઃખ થાયજ, પણ તેને સહન કરવાનો આપણે અભ્યાસ રાખવો જોઇએ.

જે માણસમાં સહનતા હોય તેને સર્વ કોઇ માન આપે છે. ઉદ્યોગ વેપારમાં અને ગૃહ કુટુંબમાં પણ તેનો આ ગુણ મદદનીસ થઈ ભાઇ તથા મિત્ર જેવો કામ કરે છે. જે સ્ત્રી આ ગુણથી વિભૂષીત હોય, તે સાસરા પીયેરમાં માન પામે છે, પોતાનાં બાળકોને ગુણવાન બનાવે છે, કુટુંબ જાળવે છે ને પતિને પણ આનંદ આપી તેનાં કાર્યભારમાં મદદ કરે છે. વિપત્તિ વખતે તે ખરેખર મદદગાર થઇ પડે છે. હાલની કેળવણી અને જમાનાના પ્રભાવથી સ્ત્રીઓ તથા બાળાઓને--બધાંને સ્વતંત્રતા જોઇએ ! તેથી આ ઉત્તમ ગુણ ઘણે ભાગે નષ્ટ થતો જાય છે. તેણે એક શબ્દ કહ્યો, તો મેં ચાર કહ્યા ! તેણે તેમ કર્યું, તો આપણે આમ કર્યું ! આપણે ક્યાં તેનાં તાબેદાર છીએ ? એવા વિચાર ઘણાં મનમાં રમ્યા કરે છે. પણ મારી નમ્ર વિનંતિ છે કે પરમાત્માએ આપણે સ્ત્રી જાતિને સેવા ધર્મ સોંપો ને તે ધર્મની અંગભૂત સહનતા મુખ્ય છે. તેથી આપણે ઉગ્ર થઇશું તેનું અનિષ્ટ ફળ પણ આપણે વધારે સહન કરવું પડસે.

માટે જેમ બને તેમ આ ઉત્તમ ગુણ ધારણ કરી સુજ્ઞ માતાઓએ પુત્રીઓમાં તે વિશેષ આણવા યત્નવાન થવું જોઇએ. આપણે ગુણસુંદરીની કુટુંબ જાળમાં તેની સહનશીલતા વિષે વાંચીએ છીએ અને તેજ પ્રસંગમાં કુમુદનામાં માતા કરતાં તે ગુણ ઓછો હોવાથી આત્મહત્યા વિચારનો પ્રસંગ આવે છે, પણ તે જ્યારે યોગીજનો તથા સાધ્વીઓ પાસેથી આ ઉત્તમ ગુણને પામ્યા પછી વિકટ પ્રસંગ છતાં દૃઢતાનો ત્યાગ કરતી નથી ને તેની આવી ઉત્તમ સહનશીલતા જોઇને સરસ્વતિચંદ્રના મનોવિચાર પણ તે ઉત્તમ ગુણ ગ્રહે છે. આ તો એક નવલકથા છે; પણ આપણી આર્ય બાનુઓ સીતા, દમયંતી, દ્રૌપદી, તારામતી, વિગેરેએ કેવાં દુઃખ સહન કર્યાં છે ? તે રાજકન્યાઓ હતી. કદી એક મૈલ ચાલવાનો કે દુઃખ જોવાનો પ્રસંગ નહોતો, પણ જ્યારે પોતાના પતિઓને વિપત્તિમાં જોયા કે તરતજ પોતે પણ તે દુઃખમાં ભાગ લેવા તથા સહન કરવા તૈયાર થઇ ગઇ હતી. અને તેથીજ તેમની કીર્તિ જગતમાં અમર છે. આવા પ્રસંગોમાં ધીરજ રાખવાથીજ આપણી બહેનો સાધ્વી સહનશીલ દેવીઓ બની શકશે. માટે તે મહાન ગુણ ધારણ કરવા સર્વને મારી નમ્ર પ્રાર્થના છે.

થોડી શંકાઓ: નીચેની શંકાનું સમાધાન કરવા કોઇ ભાઇ અથવા બ્હેન કૃપા કરશે તો ઉપકાર થશે. (૧) દુઃખી સંસારમાં સુખ છે ખરૂં ?-(૨) હોય તો શેમાં છે ?-(૩) દુઃખ દેનાર કયી વસ્તુ છે ? (૪) ધન સુખ અથવા દુઃખ દે છે ?-(૫) મનુષ્ય જન્મનું કર્તવ્ય શું છે ?

—રમણ લક્ષ્મી ત્રિ. મોદી.

સંવાદ-ચર્ચા.

પતિપત્ની એટલે શું ?

લેખક: સૌ. ગૌરી—ભરૂચ

ભરૂચ શહેરમાં એક ભવ્ય મકાન આવેલું છે. તેની બારીએથી પવિત્ર નર્મદા નદીનાં દર્શન થાય છે. આ મકાનને ઓટલે બેઠેલી એક બાલા રૂમાલ ભરવામાં તલ્લીન થયેલી હતી એવામાં તેની નજર ઉંચે બારી તરફ ગઇ, તો પોતાની સખી છાની રડયા કરે છે. તે તેની પાસે ગઇ અને ધીમેથી પૂછયું. " કેમ બ્હેન કુસુમ ! શું છે ? રડે છે કેમ ? શા માટે આટલી બધી દીલગીર માલમ પડે છે ? આજે પાછું કાંઈ બન્યું છે કે શું ? તારા દુઃખની તો સીમાજ નથી !"

કુસુમ—(એકદમ ચોંકી ઉઠીને) કોણ ? બ્હેન કાન્તા ! તું અહિં ક્યાંથી ?

કાન્તા—બ્હેન ! તને રડતી જોઇ હું ઉપર આવી છુ. કહેને શું થયું છે ?

કુસુમ—ના, ના. આજે એવું કાંઇ બન્યું નથી. પણ ન્યાતની ને પરન્યાતની અંદર બનતા બનાવોથી મને ઘણોજ ખેદ થાય છે.

કાન્તા—અરે બ્હેન ! પણ બન્યું છે શું ?–મને કહેતો ખરી !

કુસુમ—ના, ના. એવું કંઇ ખાસ બન્યું નથી. પણ જ્યારે આવા બનાવો મારા સાંભળવામાં આવે છે, ત્યારે આપણા દેશનું થવા શું બેઠું છે, તે વિષે મને બહુ વિચાર થઇ આવે છે. ખરેખર આપણા લોકોને નીચુ જોવા જેવું જ થાય છે. આપણામાં ઠેકાણે ઠેકાણે ધમાલ થતી જોઇએ છીએ. કોઈ દિવસ બાપ દિકરાને લડાઇ, તો કોઇ દિવસ ભાઇ બ્હેનને લડાઇ, તો કોઇ દિવસ મા દિકરીની વચ્ચે લડાઈ! અને ધણીધણીઆણી વચ્ચે લડાઈનીતો વાતજ શી કરવી !

કાન્તા—એ વાત ખરી છે. પણ એવી બાબતમાં આપણે શું કરવા લોહી બાળવું જોઇએ? કરશે તે ભોગવશે. ફોડશે માથું ને કાઢશે રાતું !–પણ માન કે ન માન, પણ તેં વાત બદલી છે; તને કાંઈ છુપી ફિકર છે.

કુસુમ—ના રે બ્હેન કાન્તા ! મને તો કાંઇ ચિંતા નથી. આ કારણથીજ હું દીલગીર હતી. મારે ચીન્તા શી હોય ?

કાન્તા—તેતો તું જાણે. બ્હેન ! બધું મોઢે બોલવાનું છે ! મનની વાત કહ્યા વગર કોઈ જાણવાનું હતું ? કુસુમ બ્હેન ! હવે સત્યેન્દ્રભાઇનો સ્વભાવ કાંઇક બદલાતો જાય છે. ઘરવ્યવહારનો તમામ બોજો તારા શીરપર લદાતો જાય છે. અને તેથી તારૂં શરીર વખત જતાં નબળુ થતુ જાય છે.

કુસુમ—મારૂં શરીર ખરાબ થતાં પણ જો તેના મનને શાંતી મળશે તો મારૂં શરીર ધર્યાનું સાર્થક રહેશે. તેમના જેવો સ્વામી મળવો એ પણ પરમ ભાગ્ય છે.

કાન્તા—વાહ, કુસુમ ! વાહ ! ધન્ય છે તને. આટલું આટલું દુઃખ પડતા છતાં પણ જરા તું હિંમત હારતી નથી. ખરેખર તેને-માટે તને ધણી સાબાસી ઘટે છે. તારા જેવી પતિવ્રતા સ્ત્રીઓ પણ દેશમાં થોડીજ છે.

કુસુમ—કાન્તા બ્હેન ! કહ્યું છે કે, આ સંસારમાં સ્ત્રીને સુખનું સાધન, સૌભાગ્યને આધાર, શરિર તથા જીવનનો શણગાર સ્વામીજ છે. પતિના સુખે પત્નિ સુખી છે અને પતિના દુઃખે પત્નિ દુઃખી છે.

કાન્તા— બ્હેન ! એ બધુ ખરૂં. પણ સારૂં જોડું થવું એ પણ આ જમાનામાં દુર્લભ છે. આજકાલ, જો પતિ રૂડો તો પત્નિ ભુંડી અને પતિ ભુંડો તો પત્નિ રૂડી ! એજ વ્યવહાર આજકાલ બધે દેખાય છે.

કુસુમ—જીવન વ્યવહારમાંથી જે શીખવાનું છે તે સારાં સારાં પુસ્તકોમાંથી પણ નથી મળતું. એ સાધારણ છે કે સારામાં-સુખમાં સર્વ કોઈ ભાગીદાર થાય અને સારેમીમાં સર્વ કોઈ મ્હાલવા આવે. પણ નઠારામાં, દુઃખી અવસ્થામાં અને ગરીબાઈની અવસ્થામાં જે કોઇ મદદ કરવા આવે છે તેનેજ ધન્યવાદ ઘટે છે.

કાન્તા—કુસુમ બ્હેન ! તમારૂં કહેવું સત્ય છે. ગુણવાન અને ધનવાન સ્વામીની દરેક સ્ત્રી ચાકરી કરે, પણ દુર્ગુણી અને નિર્ધન પતિની જે કોઇ ચાકરી કરે તેનીજ બલીહારી છે.

કાન્તા—સારો પતિ મળ્યો હોય તે નરસી સ્ત્રીને સુધારે છે; અને સાધ્વી પત્ની હોય તે સઘળું સહન કરી પતિને સુધારે છે, અને પોતે કલ્યાણ પામે છે. ગરીબાઈમાં પડેલું શરૂઆતનું દુઃખ ભવિષ્યની જીંદગીમાં સુખનો સાગર રેલાવે છે અને ગૃહસ્થાઇમાં સાંપડેલું સુખ ભવિષ્યમાં અનેક ઠોકરો અને ખાસડાં ખવરાવી દુઃખના સાગરમાં હડસેલી દેછે. માટે જિંદગીમાં દુઃખની પણ જરૂર છે.

કુસુમ—કાન્તા બ્હેન ! એતો તારૂં કહેવું ખરૂં છે. આપણા ઘરસંસાર વ્યવહારમાં 'પતિપત્નિ'નો સંબંધ ઘણોજ કીમતી છે. એ બે શબ્દોપર આખો સંસાર વ્યવહાર આશ્રિત થાય છે. છતાં આપણામાં જે વિવાહ થાય છે તે "લગ્ન", આ વાંદરા વાંદરીની રમત સમાન જ બનાવી મૂક્યું છે તે !

કાન્તા—કુસુમ બ્હેન ! આપણા આર્ય ઘરસંસાર તરફ નજર કરીશું તો માલુમ પડશે કે દંપતીનું સુખ તો પતિપત્નિના અરસ્પરસ પરમ પ્રેમમાંજ સમાયેલું છે; માટે તે બંને એક બીજાને ખરા અંતઃકરણથી ચાહી શકે એવી રીતે તો લગ્ન થવુંજ જોઇએ. સર્વ યોગમાં હૃદયયોગ ઉત્તમ ગણાય છે, અને પતિપત્નિ તે સરલતાથી પામી શકે છે.

કુસુમ—આ પ્રેમ આધુનિક સમયમાં ઢીંગલાઢીંગલીની માફક થતાં લગ્નમાં અથવા પતિપત્નિના સ્નેહ વગરના લગ્નમાં તથા વડીલોની ઉશ્કેરણી-સતાવણીને લીધે પતિના પત્નિ પ્રત્યેના ઋતુઓની માફક બદલાતા બદલાતા વિચારોમાં જણાવાતો નથી. આ પ્રેમ, એક ઉપર બબ્બે-ત્રણ ત્રણ પરણનાર તથા નાતરીઆ પંચમાં પણ જરાય જણાય નહિંજ. આથી તે કેટલો દુર્લભ જણાય છે ? અરસ્પરસ ભોગ આપનાર સ્નેહાળ જોડલાનો અપૂર્વ સ્નેહ કેટલો ઓછો છે ? અને એવાં પતિપત્ની દેશને માટે શું કરી શકે તેમ છે ?

કાન્તા—છતાં પણ આપણાથીએ ઘણું થઈ શકે તેમ છે; આપણી ખામીઓ-આપણા સંસારની ન્યૂનતાઓ જાણવાથી આપણે શું કરવાનું તે સમજી શકાય છે. આપણી શારીરિક રચના તથા માનસિક વ્યાપાર, પુરૂષોની શારીરીક રચના અને માનસિક

વ્યાપારથી તદ્દન જુદાં છે. જ્યારે આવી રીતે છે ત્યારે તેમના ધર્મ પણ જુદાજ માલમ પડે છે. કેટલાક દેશમાં સ્ત્રીઓ પુરૂષો જેટલા હક મેલવવા સરકાર સામું લડે છે. પણ તેઓના સ્વાર્થ એક બીજાથી જૂદા જૂદા હોવાથી તેમાં સફળતા મળવી કઠિનજ રહે. આપણી આર્ય ભુમીમાં તો દેશ, કાળ અને પાત્રના અનુસારની જરૂર નથી અથવા એક રીતે કહીએ તો બંનેનાં કર્તવ્ય સરખાં છે, એટલે સમાન હક થયા. માત્ર ફેર એટલો કે એકજ દિશામાં નહિં. આપણી બ્હેનો તો પોતાના ધર્મને અનુકૂળ કેળવણી પ્રાપ્ત કરી પુરૂષોનાં કર્તવ્યો વચ્ચે માથું માર્યા સીવાય "પંડિતા, સહચરી, કુટુંબ પોષક, સ્વસ્થ, શરીરે બળવતી, રોગહીન અને સુંદર, યોગ્યતાના પ્રમાણુમાં કુટુંબ બંધનમાંથી છુટી કુટુંબોની મૂર્ખ ઇચ્છાઓ અને કલેશોમાંથી મૂક્ત થઇ-કુટુંબના કલ્યાણાર્થે શક્તીવાન, અને ઉત્સાહી-બાલકવર્ગને પોષણ આપે અને વૃદ્ધવર્ગની કલ્યાણ વાસના તૃપ્ત કરે તેવી " થાઓ, એટલુંજ આપણે ચાહીશું. તેઓ નીતિવાન, ધર્મિષ્ટ અને આશાંકિત થાઓ. આમ બને તો ઘરસંસાર એટલો દિવ્ય, મજબુત. અને પ્રેમાળ થાય કે દેવતાઓને પણ ગૃહસ્થાશ્રમમાં પ્રેમી દંપતી શોધવા અહિં આવવું પડે. મહાન સતીઓ-સીતાજી, અનસુયા, અને સાવિત્રી કે જેના ગુણ પ્રભાત થતાં ગવાય છે, તેઓએ પોતાના વિશુદ્ધ સ્નેહ ભાવથી જગકર્તા પરમાત્મા અને આખા જગતને આશ્રીત કરી લીધાં હતાં, તે શા વડે ! એ પરમ પતિ-પ્રેમ, સતીત્વ અને પતિવ્રતથી જ.

કુસુમ—સ્ત્રીએ.એ પોતાના પતિના મૃત્યુ બાદ ભણી ગણી ઇશ્વર ભજનમાં અથવા મોક્ષના કલ્યાણમાં પોતાની જીંદગી ગાળવી જોઇએ. એક પત્નિવ્રત અને એક પતિવ્રત, એજ દેશોદ્ધારનાં ઉત્તમ સાધન છે. એજ ભાવના અને આચાર નીતિનાં પોષક છે, જન્મ મરણનાં દુઃખમાં વિમાસારૂપ છેઃ કારણ કે ઇશ્વર પોતેજ શુદ્ધ પ્રેમ છે.

કાન્તા—કુસુમ બ્હેન ! તું તો ખરેખર એક રત્ન છે. તારા સ્હવાસમાં જે કોઈ આવે છે તે કંચન માફક પ્રકાશી નિકળે છે. તારાં જેટલાં વખાણ થાય છે તેજ પ્રમાણે મન, વચન, અને કર્મથી પણ તું ઉત્તમ છે. માત્ર દિલગીરી એટલી થાય છે કે તમને તમારા લાયક પતિ મળ્યો નથી.

કુસુમ—કાન્તા બ્હેન ! મને માફ કર. આપણી વચ્ચે આટલો બધો સ્નેહ છે છતાં મ્હારાથી એ સાંભળી શકાશે નહિ. મ્હને મારા લાયક પ્રભુએ જે સ્વામી આપ્યા છે, એમના મારે ગુણ દોષ જોવા નથી અને કોઈ પાસે જોવડાવવા નથી. હું માત્ર તેમની સેવાનીજ લાલચ રાખું છું. મારે બીજી ભાંજગડ જોઈતી નથી. તું એટલું નક્કી માનજે. કે એ દિશામાં હું સંપૂર્ણ રીતે સુખી, સંતોષી-પ્રસન્ન છું.

કાન્તા—કુસુમ બ્હેન ! એટલામાં ખોટી શું થઇ ગઇ ? મેં તો જરા મશ્કરી ખાતર કહ્યું હતું !

કુસુમ—બ્હેન ! એ વિષયમાં મશ્કરી હોયજ નહિં, પણ આપણા દેશની અધોગતિ વિષે આપણે તો વાત કરતાં હતાં.

કાન્તા—ખરી વાત છે, બ્હેન ! આપણા દેશની હાલત બહુ નબળી થઇ ગઇ છે. પ્રાચીન આર્ય પ્રજા ઉન્નતિનાં શિખરો પર આનંદ વૈભવ અને મિઠી મઝા ભોગવતી હતી,

તેજ હાલ અવનતીની ઉંડી ખાડીમાં કલેશ-ઈર્ષા-કુસંપ અને અધર્મના પૂરમાં ડબકાં ખાધાં કરે છે.

કુસુમ—કાન્તા! હવે આપણી ઉન્નતી માટે એકજ માર્ગ રહ્યો છે: અને તે ખરો ધર્મ-પંથ છે: પુત્રે પિતાની આજ્ઞા પાળવી અને સ્ત્રીએ પતિની આજ્ઞા પાળવી. પતિસેવા અને પિતૃસેવા એજ આપણેને સચું સુખ દેનાર છે. કાલપરો સિદ્ધ થયું છે કે પિતૃ પૂજન અને પતિ પૂજન દેશમાંથી નષ્ટ થયું છે, તેથી દેશ તથા જ્ઞાતીઓ ખરાબીએ પ્હોંચી ગઇ છે. ગુરૂ ભક્તિ, પતિ ભક્તી, પિતૃ ભક્તી, અને સ્વદેશ ભક્તી-જે દેશ તથા ઘરમાંથી નાશ પામેલી છે, ત્યાંથી સર્વે નાશ પામેલું છે, એમજ સમજવું.

કાન્તા—કુસુમ! આપણુ સ્ત્રીઓ માટે એજ ઉત્તમ માર્ગ છે કે આપણે મન, કર્મ અને વચનથી પતિને પ્રભુ તુલ્ય માન આપી, સર્વદા સેવા કરી આપણો પતિવ્રત ધર્મ પૂર્ણ કરવો. આજ સ્ત્રીઓનો સાચો કલ્યાણનો રસ્તો છે.

કુસુમ—કાન્તા બ્હેન! આપણે હંમેશ યાદ રાખવું કે જે પતિ પોતાની પતિવ્રત રૂપી ફરજો અદા કરે છે, તેજ ખરી સતી છે. અને જે પતિ પોતાની પત્ની તરફની ફરજો પોતાના જીવનમાં ઉતારે છે, તેજ ખરો મહાત્મા છે.

સત્સંગ પ્રતાપ.

લેખક:—બ્હેન રમણલક્ષ્મી ત્રિ. મોદી.—મુંબઈ.

વીમળા—રસીલા બ્હેન! આ આપણી જોડે મોતી બ્હેન રહે છે. તે આવ્યાં ત્યારે તો કેવા મીજાજી હતાં અને બધાની સાથે લડતાં'તા. પણ હમણાં થોડા દીવસમાં તો સુધરી ગયાં જણાય છે.

રસીલા—બ્હેન! એ તો એમનાં સાસુનો પ્રતાપ છે. એ સ્વભાવનાં બહુ સારાં છે, અને તેને રોજ સારી શીખામણ આપે છે.

વીમળા—શું? આટલા દીવસમાં તે એવી શીખામણ લાગી જતી હશે! ને માણસ આવું સુધરી જતું હશે! બ્હેન! મને તો નવાઇ જેવું લાગે છે.

રસીલા—બ્હેન! એમાં કાંઇ નવાઇ જેવું નથી. સત્સંગનો પ્રતાપજ એવો છે. તમે રત્નાકરની વાત વાંચી છે? તેનો સ્વભાવ કેવો ક્રૂર હતો? પણ તેને એક વખત મહાત્મા નારદજીનો સંગ થયો તેમાં તે કેવો સુધરી ગયો?

વીમળા—ના, બ્હેન! મેં એ વાત નથી વાંચી. એ કોણ હતો?

રસીલા—રત્નાકર મુળ બ્રાહ્મણનો પુત્ર હતો પણ કોઇ કારણથી તે ભીલને ત્યાં ઉછર્યો હતો એ મોટો થયો, ત્યારે ભીલ લુંટારાએ ધનુર્વિદ્યામાં તેને નિપુણ કરી લુંટ ચોરી કરવા શીખવી હતી; અને તેને એક ભીલડી સાથે પરણાવ્યો હતો. તેને સંતતિ પણ થઇ હતી. ગુજરાન અર્થે તે લુંટનો ધંધોજ કરતો હતો. અને કોઈ માર્ગમાં આવતું જતું હોય તેને મારી નાંખી, તેનું સર્વસ્વ લઇ લેતો. એવા તેના ઘાતકી કૃત્યથી ચારે તરફ ત્રાહે ત્રાહે થઇ રહ્યું હતું. અસંખ્ય મનુષ્યોને તેણે ઘાતકીપણે મારી નાંખ્યાં હતાં. પછી એક વખત નારદજી ફરતા ફરતા ત્યાં આવ્યા, તે વખતે રત્નાકરે તેમને મારી નાંખવાની

પણ તૈયારી કરી. પરંતુ આ મહાત્માની આશ્ચર્યકારક દૈવી શક્તિના પ્રભાવથી તલવાર હાથમાંથી પડી ગઈ.

નારદજીને રત્નાકર ઉપર દયા આવી. મોટા પુરુષ પોતાની મહત્તા કદી મૂક્તા નથી. તે તો અપકાર કરનાર ઉપર પણ ઉપકાર કરે છે. તેનો અનુગ્રહ કરવાના હેતુથી બોલ્યા કે: "તેં કેટલાં બધાં પાપ કર્યાં છે ?–તારાં પાપની સીમા કેટલી અપાર છે, એ તું જાણે છે ?"–એમ કહી તેનાં અસંખ્ય પાપનું વર્ણન કરી બતાવ્યું. પછી કહ્યું કે "તું આ પાપ શા માટે કરે છે ? અરે ! તું જેને સારૂં આવું ઘોર કર્મ કરે છે, તે સ્ત્રી–પુત્રાદી તારા પાપનાં ભાગિદાર થવાનાં નથી." રત્નાકર હસીને બોલ્યો કે–" મારે વૃદ્ધ માબાપ છે, સ્ત્રી પુત્રાદિ છે. હું લૂંટારાનો ધંધો કરી જે કાંઇ પ્રાપ્ત કરૂં છું, તે સર્વ અમે સાથે મળી ખાઇએ છીએ. તો એ મારા પાપમાં ભાગીયા અવસ્ય થશેજ." મહર્ષિ નારદજીએ કહ્યું કે:—" તું તારે ઘેર જઇને પુછી આવ કે તેઓ પાપમાં ભાગીદાર થશે કે નહિ ? તું ફિકર ન રાખીશ. તું આવીશ ત્યાં સુધી હું અહિંજ ઉભો રહિશ." મહર્ષિનો પ્રતાપ જોયો તેથી રત્નાકરને તેનું બોલવું સત્ય લાગ્યું. તે પોતાને ઘેર ગયો. ઘેર જઈ તેણે પ્રથમ વૃદ્ધ પિતાને પુછ્યું કે:–" તમે મારા પાપમાંથી ભાગ લેશો કે નહિ ?" ત્યારે વૃદ્ધે કહ્યું:—"મૂર્ખ પુત્ર ! તું કેવી વાત કરે છે ? તને આ વાત કોણે કહી ?–એતો જે કરે તેજ ભોગવે !–કોઈ બીજાનું પાપ લેજ નહિ. તું જ્યારે બાળક હતો, ત્યારે મેં કેટલાં દુઃખો ભોગવીને તારૂં પોષણ કર્યું છે, એ સર્વ પાપમાં શું તું ભાગીયો થયો છું ? નહિંજ. હાલ અમારૂં પાલન પોષણ કરવાની તારી ફરજ છે, તે પ્રમાણે તું કર." રત્નાકર પિતાનાં વચન સાંભળી શરમાઈ ગયો અને માથું નીચું કરીને માતા પાસે ગયો. માતાએ કહ્યું કે–" મેં તને ઉદરમાં ધારણ કરી, બચપણથી પાળી પોષી મોટો કર્યો છે; મારા સ્તનનું પાન કરાવ્યું છે. માતાના એક દિવસનું ઋણ પણ કોઈ ફેડી શકે તેમ નથી. મૂર્ખ પુત્ર ! હું વૃદ્ધ થઇ છું. હાલ મારૂં પાલન કરવું એ તારી ફરજ છે. હું શા માટે પાપમાં ભાગીદાર થાઉં ! " રત્નાકર, માતાનાં આ વચનથી વધારે શરમાઇ ગયો અને પોતાની સ્ત્રી પાસે આવ્યો, તેને પણ પુછ્યું. ત્યારે તેણે જવાબ આપ્યો કે;–" તમે મને ગ્રહણ કરી છે. મારૂં ભરણ પોષણ અને રક્ષણ તમે કરશો, એ હું જાણું છું. હું તમારા પાપનો ભાગ શા માટે લઉં ? તમને લુંટવાનું ને ઘાતકી કામ કરવાનું કોણે કહ્યું છે ?" એ પછી તેણે પુત્રાદિને પણ પૂછ્યું, પણ કોઇ પાપમાં ભાગીદાર થયું નહી. તેથી નિરાશ થતો, પાપથી ભય પામતો અને દીન મુખે મુનિવર નારદજી પાસે તે આવ્યો. મુનિના ચરણમાં પડી, સર્વ વાત કરી બતાવી કરેલાં પાપનો પસ્તાવો કરી કહેવા લાગ્યો કે;–" હું આપને શરણે આવ્યો છું. મને પાપથી મુક્ત કરી કૃતાર્થ કરો. "

મહર્ષિએ રત્નાકરને પાપથી મુક્ત થવાને ઉત્સુક જોઇ સરોવરમાં તેને સ્નાન કરવાને મોકલ્યો. રત્નાકર સરોવરમાં જઈ જુવે છે, તો પોતાની પાપી નજરે સરોવરનું સઘળું પાણી સુકાઈ ગયેલું, તેથી પાછો આવી મહર્ષિને સઘળી વાત કરી બતાવી. આ પરથી નારદજીએ જાણ્યું કે, રત્નાકરનું પાપ પુર્ણ થયું છે. તેથી તેનું કલ્યાણ કરવાને કેટલોક ઉપદેશ આપી તેને ઝાડીમાં લઈ જઇ બેસાડ્યો. શિરપર પોતાના કમંડલુમાંથી પાણી છાંટ્યું. પછી રામ નામના મહા મંત્રનો ઉપદેશ આપ્યો. પણ એ જડબુદ્ધિ

રત્નાકરને તેનો ઉચ્ચાર કરતાં પણ આવડયો નહિ. તેથી નારદજીએ તેને ઉલટો મંત્ર " મરા-મરા " નો જપ કરવાનું બતાવ્યું. અને માથે ઝાડનાં પાતરાં ઢાંકી, અંતર્ ધ્યાન થયા. અહિં રત્નાકર નિરંતર ધ્યાન પૂર્વક 'રામ' નામનો જપ કરવા લાગ્યો, અને ઘણો સમય વીતી ગયો. ઉગ્ર તપથી તેના શરીરે ફક્ત હાડપીંજર જ રહ્યું હતું, તેની આવી સ્થિતિ જોઈને બ્રહ્મા અને નારદજી એની પાસે આવ્યા. એના મુખમાંથી કેવળ રામનામનોજ ઉચ્ચાર નીકળતો હતો. માટીના આસપાસ થઇ ગયેલા રાફડામાંથી તેને બહાર કાઢ્યો તથા શુદ્ધિમાં આણ્યો. બ્રહ્મા અને નારદજીને જોઇ તેમના ચરણમાં પડીને "આ પેજ મને 'રામ' નામનો તારક મંત્ર આપી પાપથી મુક્ત કર્યો છે" એ વગેરે વચનોથી સ્તુતિ કરી. બ્રહ્માએ વાલ્મિક-રાફડા-માંથી એ નીકળ્યો, માટે તેનું નામ વાલ્મિકી રાખ્યું. એ રીતે રત્નાકર ત્યારથી વાલ્મિકી નામથી પ્રસિદ્ધ થયા અને ઋષિઓમાં તે ગણાવા લાગ્યા. કહો, સત્સંગનો કેવો પ્રતાપ છે ? માટે ડાહ્યા માણસે બને તેટલો સદ્ગુણી માણસનો પ્રસંગ રાખવો કે જેથી કરીને તેના સદ્ગુણની છાપ પોતાના ઉપર પડે.

વીમળા—અહો ! એતો સતસંગનો મહા પ્રતાપ. પણ વારુ મોતી બ્હેનને તેનાં સાસુએ કેવી રીતે સુધાર્યાં ?

રસીલા—બ્હેન ! તેનાં સાસુનો સ્વભાવ સમજુ અને શાંત હોવાને લીધે મોતી બ્હેન જ્યારે છણકો કરતા કે મીજાજ કરી જાય, ત્યારે તેઓ કશું પણ બોલ્યા સીવાય સર્વ મુંગે મોંઢે શાંતીથી સહન કરતાં અને જેમ બાળકના અપરાધથી કે અજ્ઞાનતાને લીધે ગમે તેમ બોલવાથી ખોટું લગાડતાં નથી, તેમજ તેઓ પણ તેને પોતાની પુત્રી બરાબર ગણી, તેના બોલવા માટે ગુસ્સો લાવતા નહિ, અને પછી જ્યારે મોતી બ્હેનનો ગુસ્સો ઉતરી ગયો હોય અને તે આનંદમાં દેખાય, ત્યારે તેઓ તે વખતનો લાભ લઇને તેને ઘણા પ્રેમથી પોતાની પાસે બોલાવતાં અને ધીમેથી શીખામણ આપતાં. " બેટા, મોતી ! તું આમ કંકાસ કરે તે સારૂં ન દેખાય. તું ભણેલી છે. માટે જો આ ચોપડી કેવી સારી છે. એમાંસ્ત્રીઓના ધર્મ તથા સ્ત્રીઓની શું ફરજ છે, તે કેવી સારી રીતે બતાવ્યા છે ! જો, તું તે વાંચ અને અમને પણ સંભળાવ કે જેથી અમને પણ સારો લાભ મળે. " એમ વારંવાર સીખામણ આપી તથા સમજાવી તેની પાસે સતીમંડલ, સુંદરી સુબોધ વગેરે સ્ત્રી ઉપયોગી પુસ્તક તથા પત્રો વંચાવતાં.

આ રીતે હંમેશાં સારાં પુસ્તકો વાંચવાથી અને સાસુના ઉત્તમ બોધથી, મોતી બ્હેનને તેની અસર થવા લાગી. અને તેઓ પોતાની ભુલ ધીમે ધીમે સમજવા લાગ્યાં. પછી જેમ સાસુ કે પતી કહે તેમ તે વરતવા પણ લાગ્યાં છે.

વીમળા—અહો, તેનાં સાસુ કેવાં સારાં ! રસીલા બ્હેન ! જો સર્વ સાસુઓ આવી રીતે વરતે, તો જે આપણા લોકમાં કંકાસ થાય છે, તે શું બધ ન પડે ?

રસીલા—કેમ બંધ ન પડે ? જો દરેક સાસુઓ આવી રીતે વહુની સાથે વરતે, તો કદી પણ કંકાસ થવા પામે જ નહી. પણ બ્હેન ! દીલગીરીની વાત તો એજ છે કે આપણા લોકમાં કેટલીક સ્ત્રીઓ વહુને ચાકરડી સમાન ગણે છે; અને અનેક રીતે તેનું અપમાન કરે છે. અને વહુ તો પરણીને સાસરે આવી એટલે પછી તે જોઇએ તો નાની ઉમ્મરની હે કોય મોટી ઉમ્મરની હોય, પણ તે તો પરણી એટલે પછી ગેરીજ થઇ ગઇ એમ

મનાય છે ! અને ઘરના દરેક કામની ચીંતાનો સઘળો ભાર તેના ઉપર નાંખવામાં આવે છે. પછી કદાચ કોઇ કામ ન આવડયું કે કોઈ ચીજમાં સમજ ન પડી, તો જોઈ લ્યો એના ફજેતા ! જેના મનમાં જેમ આવે તેમ સાસરિયાંમાંથી કોઇ પણ કશું બોલવાને બાકી રાખતુંજ નથી !

અને તેમાં જો વળી કર્મ સંજોગે પરણ્યા પછી બાર મહિનામાં ઘર અથવા કુટુંબમાં કોઈ પણ મરી ગયું કે કંઈ પણ નુકસાન થયું તો નવી વહુના પુરેપુરા બારજ વાગ્યા ! તે બીચારીને અનેક રીતનાં મહેણાં સાંભળવા પડે છે. એક કહેશે કે તારે પગલે મારૂં આ નુકસાન થયું; ત્યારે બીજું કહેશે કે તું નઠારા પગલાની આવી તેમાં મારૂં આ માણસ મરી ગયું. એવી રીતે કેટલીક અજ્ઞાન બ્હેનો પોતાની પુત્રી સમાન પુત્રવધૂને સંતાપે છે. પણ તે બ્હેનોએ વીચાર કરવો જોઇએ કે કોઇનું કર્યું કાંઇ પણ થઈ સકતું નથી. કદાચ કોઈ કામ ન આવડયું તો સાસુએ વહુને બાળક ગણી સીખવવું જોઇએ અને તેની ભુલ ધીમેથી સુધારવી જોઇએ. વીમળા બ્હેન ! જો સર્વ બ્હેનો મોતી બ્હેનની સાસુ સમાન, વહુની સાથે ને કુટુંબની દરેક સ્ત્રીની સાથે વરતે, તો જરૂર આવા લોકોના કજીયા ઓછા થાય, ને આપણી સ્ત્રીઓ સુધરે તથા આપણો સંસાર સુખી થાય.

વીમળા—બ્હેન ! તમારૂં કહેવું ખરૂં છે. પરમેશ્વર સર્વ બ્હેનોને મોતી બ્હેનની સાસુ જેવી સદ્બુદ્ધિ આપો. અસ્તુ !

એક દુષ્ટ સંસાર.

લેખકઃ—બ્હેન "ઉમંગ"—મુંબાઇ.

સંધ્યાનો સમય થયો હતો. પ્રકાશ ઘણો થઈ ગયો હતો. નદિ કિનારે આવેલા એક સુન્દર મકાનમાં એક મનોહર બાલા પુસ્તક વાંચતી હતી. ત્હેમાં તે એટલી ગરકાવ થઇ રહી હતી કે તેને વખતની ખબર રહી નહિ. એવામાં ત્હેની સખીએ આવી બુમ પાડી. આ બાલા એટલામાં ત્યાં આવી પહોંચી. ત્હેનું નામ પદ્મા હતું.

પદ્મા—અલિ ઉર્મિલા ! કેમ વાંચવામાં તું કાંઇ બહુ રોકાઈ ગઇ હતી ? હમણાં તું એકાન્તમાં વધારે વખત ગાળે છે. સમજ્યાં એ તો ! આમ આખો દીવસ તે વરનાજ વીચાર કર્યા કરતાં હોઇશું ? વાર, આમ ઠરેલીજ શું થઇ રહે છે ?

ઉર્મિલા—હા, ચીબાવલી ! વરઘેલાં રહેવું મને તો ઘણું ગમે છે, પણ તારેય રહેવું જોઇએ. તેમને હૃદયમાંથી દુર કરાય ? તેતો પ્રાણ છે... તેને દુર કર્યા કે આ ખોખું નકામુંજ છે કેની ?

પદ્મા—ઠીક. પણ આ પુસ્તક કયું છે ?

ઉર્મિલા—એતો........

ત્યાં કોઈ "ઉર્મિલા ! ઉર્મિલા !" એમ સાદ પાડતું સંભળાય છે. ઉર્મિલા બહાર આવે છે.

બુદ્ધિશૂન્યા—(તેની નનીમા) ઉર્મિલા ! તું કયાં હતી ? આખો દીવસ વાંચ્યાજ કરે

છે. તે સીવાય કંઇ કરતીજ નથી ! બસ, ખાવું પીવું અને વાંચવું એટલુંજ જિંદગીમાં કામ હશે, ખરૂં ?

ઉર્મિલા—માતુશ્રી ! હું તો "પતિવ્રતા સતીઓ" નામનું પુસ્તક વાંચતી હતી. આપ દર્શન કરવાં ગયાં ત્યારે હું ઘરમાં કોઈ ન હોવાથી બગીચામાં આવી બેઠી હતી પણ હું ઘરનું કાંઈ કામ નથી કરતી તેથી ત્હમે આમ બોલો છો, તો હવેથી તમારાં દર્શનેથી પાછાં આવ્યા પહેલાં હું કરવા માંડીશ. પણ તે પુરૂં થઇ રહ્યા પછી તો વાંચવાની રજા આપશોને ?

બુદ્ધિશલ્યા—એતો જાણી હ્મને, હું કહી છું તે ! આમ શાટે ડાચે શું બોલે છે ? બહુજ ચડાવી દીધી છે ! જાણતી નથી કે ગઈ કાલ રાતનો તારા પિતાને દમ ચડયો છે, તે તેમના ખબર તો પુછીએ. વળી "પતિવ્રતા સતીઓ" વાંચીને બહુ મોટી પતિવ્રતા થઇ જવાની છે તે ! ઠાકોરજીનાં દર્શન કરવા તો કોઇ દીવસ પણ આવતીજ નથી. પૂજારી મહારાજ પણ પૂછ પૂછ કરે છે કે બ્હેન કેમ નથી આવતાં ?–પણ તારી ચોપડીઓમાંથી તું નવરી થાય ત્યારે તને દેવદર્શન સુઝેને !

ઉર્મિલા—માતુશ્રી ! પતિવ્રતા કાંઇ દેવમન્દિરમાં ગયેથીજ થવાતું નથી. પતિવ્રતાને તો પતિ એજ દેવ છે, તો પછી પ્રત્યક્ષ દેવની પૂજા ત્યજી, એવાં લોકોની ભીડવાળાં દેવળો કે જે હવે ઘણે ભાગે દુષ્કર્મનાં સ્થાન થઈ પડયાં છે, ત્યાં જવાથી વધારે સારૂં શું છે ? વળી હાલ તો મન્દિરમાં જઇને પણ અન્યની ટીકા અને નીંદા કરવાનું કામ થાય છે !–ત્યાં જઇ સદ્ભાવથી દેવનાં દર્શન કરવાં તો રહ્યાં, પણ તેને બદલે તો ટીકા થાય છે કે આ મુગટ સારો નથી, વળી શણગાર શોભીતા નથી, અને થાળમાં ફલાણી વસ્તુ રહી ગઈ છે ! ગૃહ કામથી મુક્ત થઈ પછી જવાય તો તો ઠીક, પણ આતો સ્હવારમાંથી ઉઠી પતિને "આ કામ કરી લેજો–આ જરા દાળ ઓરી દેજો–છોકરાને જરા હીંચકાવજો" આમ કહી લોકો મન્દિરમાં પુણ્ય લેવા દોડે છે ! પણ તેમને ખબર નથી કે તેથી તો તેઓ ઉલટું હજારેગણું પાપ કરે છે. કારણ કે પતિમાંજ દેવનું આવાહન કરી તેની સેવા કરવાની સ્ત્રીઓને શાસ્ત્રની આજ્ઞા છે. અને નવરાશના વખતમાં સારાં પુસ્તકો વાંચી પોતાનો ધર્મ સચવાય તેવી સમજણ લેવી જોઇએ. તેમાં પણ ખોટું શું છે ? વળી આપ કહો છો કે ગઇ કાલ રાત્રિનો પિતાશ્રીને દમ ચડયો છે, તો આજે દર્શન કરવા ન ગયાં હોત અને તેમની પાસે રહ્યાં હોત તો શું ઠાકોરજી ગુસ્સે થાત ? પિતાજીની તબિયત ઠીક નથી તે મને ખબર નહિ. હું તેમની ખબર કાઢી આવું. (જાય છે.)

બુદ્ધિશલ્યા—વાહ ! આ મોટી પતિવ્રતાની પુત્રી અને સતિની પુંછડી થઇ મને સમજાવવા આવે છે ! પણ ફીકર નહિ. તે કંટકને ગમે તેમ કરી કોઇ પણ ઉપાયે દુર કરૂં ત્યારેજ ખરી. પાછી રાંડ મન્દિરની પણ નિંદા કરે છે ! માટે હવે એને એનાં સાસરાંમાં જ રાખે અને અહિં આવવા ન દે એમ ગોઠવણ કરૂં. (એવામાં તેની બહેન સામી મળે છે.)

કર્કશા—મોટી બેન !

બુદ્ધિશલ્ય—કોણ ? કર્કશા ! આવ, બા.

કર્કશા—બ્હેન ! આજ તો એક દુઃખદાયક વાત સાંભળી છે.

બુદ્ધિશલ્યા—હે ! શું છે ? કહે જોઇએ.

કર્કશા—આ તારી ઉર્મિલા પ્રમાણિક પ્રસાદ સાથે રસ્તા વચ્ચે વાતો કરતી અને

હસતી ઉભી હતી. તેનું પરિણામ કંઇ સારૂં નહિ આવે.

બુદ્ધિશૂન્યા—હા. મને પણ એમજ લાગે છે. તેનો ઘરમાં તો પગજ ટકતો નથી, ને જો કાંઇ કહીએ કે તરતજ મોટા વકીલની પેઠે ભાષણ કરવા મંડી પડે છે. પણ એની વાત છે આજે !

કર્કશા—પણ બેન! મારે તો બેવડું દુઃખ છે. તે તો બગડી છે, પણ મારી પદ્માને-યે તેનો દોષ લગાડવા મંડી છે. તે પણ આખો દીવસ વાંચ્યા કરે છે. ને કહીએ કે ફાટે ડાચે જવાબ વાળી સામી બોધ દેવા મંડી જાય ! હવે કરવું શું ? હું તો મુંઝાણી છું.

બુદ્ધિશૂન્યા—ઠીક. ફિકર ન કરીશ. હું એની વેતરણ કરૂં છું. (બુદ્ધિશૂન્યા અંદર જાય છે.)

કર્કશા—(સ્વગત) સારૂં થયું. બેન ગઇ તે હવે આ કબાટમાંથી થોડાક દાગીના લઇ લઉં. તેનું આળ પણ ઉર્મિલાને માથે આવશે. (દાગીના લઈ લેછે.)

* * * * *

ઉર્મિલા—(પોતાના પિતાને) કેમ, પિતાજી ! આપને દમ ચડયો છે ? મને ખબર તો કરવા હતા ? હવે કેમ છે ?

હીરાલાલ—બહેન ! તબીયત તો હવે ઠીક છે, પણ આજ તારો ચહેરો નિરતેજ કેમ જણાય છે ? મને ખબર છે કે તારી મા તને જંપવા દેતી નહી હોય. તને ખબર કરવા પણ મેં તેને કહ્યું હતું, તે શું તને નથી કહ્યું ! હશે, બ્હેન ! દવાનો વખત થઇ ગયો છે, માટે ઓસડ લાવ. આ ઉજજડ સંસારમાં છાયારૂપી તો મારે તુંજ છો. તું છો તોજ મંદવાડ પણ સહ્ય થાય છે; નહીંતર આ તારી મા તો સાજાને માંદા પાડે અને માંદાને મસાણે મોકલે તેવી છે ! ખેર, પાપ કરતાં પાછું જોયું છે, તે તારા જેવી સુપુત્રી મળી છે.

એક દંપતી ચિત્ર.

લેખકઃ—મિસિસ કાન્તાગૌરી.

એક પતિ પત્ની સાથે બેઠાં હતાં. આ યુગલ થોડુંક વખાંજ પરણ્યું હતું. તે બંને વાતમાં-કલહમાં મશગુલ હતાં.

પત્ની—(આંખમાં આંસુ લાવીને) બજ્યું, એવો મારો વાંક શો છે તે તો કહો ? તમે ઘડી ઘડીમાં એવા ગુસ્સે થઇ જાવ તે સારૂં ?–તમારી નજરમાં એવી હું કાંઇ હલકી થઇ છું કે તમે આખો દહાડો છણકાને લપકા કર્યાં કરો છો ?

પતિ—ગુસ્સાનું કારણ જ આ છે. વારે ઘડીયે તું રોવા લાગી જાય છે ! મશ્કરી પણ સમજે નહિં.

પત્ની—કાંઇ ખોટા ખોટા ગુસ્સે થતા નથી. એમ આખો દહાડો મ્હારા ઉપર ક્રોધમાંને ક્રોધમાં ! હું ગમતી ન હોઉં તો બીજી લાવો. ઘણીયે છે. મારા કરતાં દેખાવડી મળશે, પણ કબાગરી નહિં મળે, એ ખાત્રી રાખજો, હાં.

પતિ—હું જાણું છું. તું વારંવાર મારા ઉપર ખોટા આક્ષેપો મૂકે છે તે !–પણ તું જાણજે કે હુંયે તને બિલકૂલ સતી માનતો નથી. સતી કેવી હોય તેની પુંછડીયે તેં

જોઇ છે ?–આવી રીતે આખો દહાડો પોતાના સ્વામીનું અપમાન કરે, તેની હાલતાં ચાલતાં આજ્ઞા તોડે, તે તે સતી કહેવાય કે ?–તું કેવી છે તે હું નથી જાણતો કે ?

પત્ની—જાણતા હો તો કહો જોઇએ. એમ અમથાં મ્હેણાં મારીને મારી નથી નાંખવાની. હું મારાં માબાપને મોંઘી છું, જાણો છો ? (રૂવે છે.)

પતિ—તને એવું શું કહ્યું જે તું પાછી રોવા બેઠી ? ઘરમાં તું નિત ભાંગફોડ કરે છે, પણ હું કાંઇ કદિ કહું છું ? (પાસે જઇ આંસુ લુવે છે)–જો, ચાલ, પેલી યાદી લાવ. તેમાંથી પેલું ફેન્સી પોલકું ઝાલર મૂકીને કરાવવાનું છે તે માટે લુગડું પસંદ કર. અને ખિસ્સામાં રાખવાના ઘડિયાળની પણ ગોઠવણ કરી છે. કહે, હવે તને શું કમી છે ? તે તું આખો દહાડો રોવા બેસે છે !

પત્ની—(હસીને) હા, હા. હું તમને જાણું છું તો. એવા પટામણા છો તે ! પોતાનો વાંક કેવો છુપાવે છે ? અમે ભલે સતી ન રહ્યાં ! તમે સતા છો તે જાણીયે છીએ બધું એ તો ! પેલી—

પતિ—પાછી એની એ વાત ? હું કહું છું કે કંકાસ બંધ કર.

પત્ની—પોતાની ગાંડ તળે રેલો આવ્યો તે કેવી વાત ઉડાવી ? હશે ! પણ મારે કલેશ વધારવો નથી તો ! (પાસે બેશીને હસતી હસતી) જુવો વ્હાલા ! મારો સભાવ જરા એવો છે ખરો, પણ તમે આખો દહાડો ડરાવ ડરાવ કરો છો, તેથી બોલાઇ જવાય છે. મારા સમ ના હસતું મ્હોં કરો તો ! જુવો રતને સાડી લીધી છે તે બહુ સારી છે તે તો તમને બતાવીતી એટલે તમે લઇ આપવાનાજ. પણ ઘડીયાળ,મારે સોનાના અછોડા સાથની જોઇયે હોં, ને બંગડીઓ રૂખમણીના વરે કેવી શોભતી ને નાજુક બનાવરાવી છે ? તેનો નમૂનો જોવા મેં મંગાવી છે. તે જોજો કાલે આવશે. બહુ ખરચ થાય એમ નથી. પણ મારે આ વખત હવે ટાઢ પડવા માંડી છે તેથી બે ગરમ સીફ્રોનનાં ફેન્સી પોલકાં, તેમાંથી એક ચોળી કટોરીવાળું અને બીજું ઝુમતી લેસવાળું તો જરૂર કરાવી આપજો. હોં વ્હાલા ! જરૂર હોં. (પતિ સાથે પ્રણય વિનોદ કરીનેતેનું મન મનાવે છે.)

પતિ—જો તું આમ ખુશીમાં રહીશ તો બધું ધીમે ધીમે થશે. પણ ઘડીમાં પજવે છે ત્યારે બહુ ગુસ્સો આવે છે. માટે એવું કરતી ના. જો, તારે ખાતર હું કેટલું સહું છું ? તને ખબર છે? આ વરસમાં પગાર ઉપરાંત કેટલું દેવું થઈ ગયું છે ? તોયે હું તને કચી વાતની ના કહું છું ?

પત્ની—દેવું થઇ ગયું છે તો પૈસા આવશે ત્યારે અપાશે. પણ પોલકાં, બંગડી અને અછોડા તો હમણાંજ કરાવવાનાં છે હોં. તમે બીજી રીતે કયાં ઓછું ખરચ કરો છો તે ?

પતિ—હા બાઇ, હા. હું તને કયાં ના કહું છું ? તું ખુશી રહેજેને. એટલે મને બધું મળ્યું. એ ઘડી જે આનંદમાં જાય તે ખરી

પત્ની—વ્હાલા ! એ વાતજ જવા દો. હું પાનાં લાવું છું. આપણે એક બે બીઝીક રમીશું ?

(બ્હેનો ! આ પતિ પત્ની પરણેલ છે. દંપતી થયેલ છે; પણ તેમનાં મન જૂદાં છે. તે બંને પોતપોતાના સ્વાર્થ શોધે છે. તેઓ એક બીજાને ખરા પ્રેમથી ચ્હાતાં નથી, એ દેખીતું જ છે.)

वार्तालहरी.

મંજુ.

લેખકઃ—બ્હેન સંધ્યા—વડોદરા.

૧

" મંજુ ! તું જરા તો વિચાર કર. જો, આજ કેટલા દીવસથી હું તને સમજાવું છું, પણ તું સમજતી નથી અને તારી માતાને સમજાવતી નથી. અરે મંજુ ! મને કેટલી દીલગીરી થશે તેનો તને શું ખ્યાલ નથી ? તારા એકજ શબ્દથી આપણે ત્રણ જણાં કેટલાં સુખી થઇશું ? "

" મારાં બા જે વાત સાંભળવા પણ ઇચ્છતાં નથી તે વાત વારે ઘડીએ તેમની આગાડી કરીને તેમને દુઃખી કરી શકાશે નહીં. મારાં બા લગ્ન કરવાની ના કહે છે. અને તેમની એવીજ મરજી હશે તો હું જન્મપર્યંત કુમારિકા જ રહીશ. વસન્ત ! તમે જે બન્યું તે બધું ભુલી જવા પ્રયત્ન કરો. " તે બાળા દીલગીરી અને દઢતાથી બોલી.

" પણ નહી પરણાવવાનું કંઇ કારણ ? કારણ તો કંઇ કહેતાં જ હશે કેની ? મારા અને તારા પિતાની વચ્ચે જે વાતો થઈ હતી તે તો તારાં બા જાણે છે જ. ચોક્કસ કારણોને લઇને મારા પિતા તારાં બા પાસે તમારી માગણી કરી શકતા નથી. અને તે કામ મને સોપ્યું છે. મંજુ ! તે બધી વાત તેમની પાસે કરી છે ? " વસન્તે તેને સમજાવતાં પુછ્યું.

" મેં બધી વાત તેમની પાસે કરી છે અને તે પછી પરીણામ એજ આવ્યું છે કે આપણાં બેનાં લગ્ન કદી થશે નહીં. કારણ જાણવાથી તમે વધુ દુઃખી થશો, માટે એ આગ્રહ છોડી દો. " મંજુએ કહ્યું.

" નહીં. કારણ હોય તો તે મારે જાણવુંજ છે. " વસન્તે કહ્યું.

" નિરૂપાયે હું કહું છું. વસન્ત ! તમે જાણો છો કે તમારા પિતાને કુળનું અને પૈસાનું અભિમાન છે. અને તેને લીધે કોઇ પ્રસંગે તેમણે મારા પિતાનું અપમાન કર્યું હશે. અને ત્યારથીજ મારા પિતાએ તમારા પિતાને આપેલું વચન તોડયું છે. અને ગમે તે ભોગે પણ આપણાં લગ્ન થવાં નજ જોઈએ એવો તેમનો દઢ આગ્રહ હતો. અને મારાં બાને પણ એ બાબત સખ્ત મનાઇ કરી ગયા છે. " એક ઉંડો નિશ્વાસ નાખી તે મધુરી બાળાએ બોલવાનું પુરૂં કીધું.

" અરે એવા ક્ષણિક ગુસ્સાને સારૂં તું તારા સુખોનો ભોગ આપશે ? તારા નિઃસીમ પ્રેમ–જીવનનો સૂર્ય કોણ છે તે તારાં બા જાણે છે, છતાં પણ તે આવો દુરાગ્રહ પકડી રહ્યાં છે ! અને જો એમજ હતું તો પછી એ વાત પ્રથમથીજ એમણે આપણને જણાવી કેમ નહીં ? વૃક્ષને ઉછેરીને મોટું કરવું અને ફળ આવતી વખતે તેનો નાશ કરવો, તેના કરતાં જ્યારે બીમાંથી ફણગો ફૂટે તેજ વખતે તેને કચડી નાંખવું એ વધારે સારૂં છે. મંજુ ! તેમ થયું હોત તો આવો દુઃખદાયક પ્રસંગ કદીપણ આવતજ નહીં." વસન્તે અત્યંત દીલગીરી અને નિરાશાથી કહ્યું.

મંજુની સુન્દર આંખોમાંથી મોતી જેવાં બિન્દુઓ સરીને તેના ગુલાબી ગાલ ભીંજવવા લાગ્યા.

ગામમાંનાં દેવાલયોમાંથી સંધ્યા સમયની આરતીના ઘંટ અને નોબતનો અવાજ સંભળાવા લાગ્યો. નદીના વિસ્તીર્ણ પટ પર સંધ્યા દેવીનાં સોનેરી કિરણો પ્રસરવા લાગ્યાં.

"વસન્ત ! સાંજ પડી ગઈ છે. બા મારી વાટ જોતાં હશે હું જાઉં છું. જે પવિત્ર નદીના રમણીય તટ પર આપણે આપણી નિર્દોષ બાલવય પુરી કરી, જે રમણીય કુંજમાં આપણે આજ સુધી ભવિષ્યની અપાયલી આશાને લીધે નિઃસ્વાર્થ પ્રેમ વાર્તાઓ કરી ભવિષ્યનાં સુખમય સ્વપ્નો જોતાં, તે સ્વપ્નો હવે પુરાં થયા છે ! હવે આ પ્રિય સ્થળેજ છેલ્લા પ્રણામ કરી આપણે છુટાં-અરેરે ! પ્રિય વસન્ત ! હવે તો સદાને માટે છુટાં-થઈએ છઈએ. બનેલી વાત વિસરવાનો પ્રયત્ન કરો. તમારા ઉપકારો સારૂં હું તમારી જન્મ સુધી આભારી રહીશ. જાઓ, વસન્ત ! કોઈ ભાગ્યશાલી કુમારિકા સાથે લગ્ન કરી સુખી થાઓ. ઈશ્વર તમને સુખી રાખે."

"પ્રિય મંજુ ! માતાપિતાની ટેક જાળવવા સારૂં આ તારો કેટલો મોટો આત્મ ભોગ !"

કંઇ પણ બોલ્યાવિનાં અશ્રુભીની આંખોએ તે ચાલી ગઇ.

૨.

એક રમણીય ગામડાની સીમાપર આવેલાં નાનકડાં મકાનમાં મંજુ પોતાની માતા સાથે રહેતી હતી. પાછલા ભાગમાં એક મોટી નદી વહેતી હતી. તેનો કિનારાનો પ્રદેશ સ્વેચ્છાનુસાર ઉગી નીકળેલાં વૃક્ષો અને વેલા ફુલો વિગેરેથી ઘણોજ રમણીય બની રહ્યો હતો. મંજુની બાળવયની નિર્દોષ રમતો એજ ઠેકાણે પુરી થઇ હતી અને યૌવનના આનંદદાયક દીવસો પણ ત્યાંજ એ ગાળતી હતી.

મંજુ અને વસન્તના પિતાને સારી મિત્રાચારી હતી અને તેથી તેમણે મિત્રાચારીનો સંબંધ સ્થિર કરવાને સારૂં પોતાનાં બાળકોને પરણાવવાની કબુલાતો કરી હતી. પણ પાછળથી કંઇક વાંધો પડયો અને મંજુના પિતાએ પોતાની કબુલાત તોડી હતી. પણ કમનસીબે એ વાતની ખબર તે બન્ને નિર્દોષ બાળકોને પડી ન હતી. વસન્ત મંજુના પિતાને ઘણોજ વ્હાલો હતો તેથી એને પોતાને ત્યાં તે આવવા દેતા; અને તેથીજ નિર્દોષ બાલવય પુરી થયા પછી પણ બન્ને સાથે બેસતાં, વાંચતાં અને નિર્દોષ વાતો કરતાં. પરિણામે તે બન્ને એકમેકને ચાહતાં શીખ્યાં હતાં. કેટલાક વખત પછી જ્યારે મંજુનો પિતા મૃત્યુ-શય્યાપર પડયો, ત્યારે મૃત્યુ-શય્યા પરથી પણ તેણે પોતાની પત્નિને પોતાનો નિશ્ચય પાળવાનો આગ્રહ કર્યો હતો. અને કહ્યું કેઃ" હું એનો કરજદાર છું. મારી વ્હાલી ! તારે અને આપણી વ્હાલી મંજુ સારૂં હું કંઈ પણ મુકી જતો નથી, પણ તમારે સારૂં કરજ આપવાનું મુકી જાઉં છું. પણ તેથી તું ડરતી નહીં. સ્વાર્થી અને પ્રપંચી દુનિઆમાં નિર્દોષનો બેલી ઈશ્વર સદા હાજરજ છે. અનાથને તે ભુલતો નથી. તેજ દયાળુ પ્રભુ તારૂં ને મંજુનું રક્ષણ કરશે. તેનો ભરોંસો રાખજે. ગભરાઇને તે ગર્વિષ્ઠની સહાય કદી પણ માગતી નહીં, અને ગમે તે ભોગે પણ વસન્ત સાથે મંજુને પરણાવતી નહીં. કદાપી તે કરજના બદલામાં મંજુને માંગશે પણ તેમ કદી પણ કરતી નહિં." આ તેના છેલ્લા દુરાગ્રહી શબ્દો હતા. મંજુની માતા આ શબ્દોનો પુરેપુરો અમલ કરતી, પણ તે બિચારીને કયાં

ખબર હતી કે તેથી કેવો ભયંકર પ્રસંગ જન્મ પામવાનો છે ? મંજુએ એની માતાની મહેનતના પૈસાથી સારી કેળવણી લીધી હતી. હાલ થોડા વખતથી એની માતાની માંદગીને લીધે, ગુજરાન કરવાનું મંજુની ઉપર આવી પડયું હતું. ભરત ગુંથણના અને સીવણના સુન્દર નમુના એ બનાવી શકતી હતી અને તેથીજ એ બન્ને માદીકરી પોતાનું ગુજરાન કરતાં.

હાલ વસન્તનો અભ્યાસ પુરો થયો હતો. વસન્તનું મંજુ સાથે લગ્ન થાય, એવી વસન્તના પિતાની મરજી હતી. પણ પોતે મંજુની માતા પાસે એ વાત કરી શકતો નહોતો. તેથી વસન્ત પાસેજ એ વાત મંજુની માતાને કહેવડાવી. પણ જ્યારે પોતાનો નિશ્ચય મંજુ આગળ એણે કહ્યો ત્યારે એ એવી પ્રેમાળ હૃદયની બાળા બહુજ દુઃખી થઈ. પરન્તુ દરેક હીંદુ કન્યાની માફક તેણે પોતાના મનના ઉંડા જખમો ધીરજથી સહન કર્યા અને શરૂઆતમાં જણાવ્યા પ્રમાણે પોતાનો છેલ્લો નિશ્ચય વસન્તને કહી, તેનાથી હમ્મેશને માટે છુટી પડી. વસન્તના પિતાનું કરજ હજુ અપાયું નહોતું.

૩

તેજ નદી કીનારાપર આજે મંજુ, તેની માતા, અને એક ગૃહસ્થ વાતે વળગેલાં છે. એક ઉંચી ભેખડપર લટકતા પગ રાખીને નીચે પુર્ણ વેગથી વહી જતી નદીના અસ્થિર તરંગો તરફ નજર રાખી મંજુ એક ચિત્તે તેની માતાની અને તે ગૃહસ્થની વાત સાંભળતી હતી.

" બ્હેન ! તમે જાણ્યું જ હશે કે હું શામાટે આવ્યો છું તે. " તે ગૃહસ્થે બોલવું શરૂ કીધું: "મારા વસન્તને સારૂં તમારી મંજુ મારે જોઈએ છે. અને તમે ખાત્રી રાખજો કે મંજુ કદી પણ દુઃખી થશે નહીં. "

" ભાઈ ! મંજુની વાતજ તમે મુકી દો. મેં જે કહેવડાવ્યું છે, તેમાંથી હું રહેજ પણ ફરી શકું એમ નથી. " તેણે દૃઢ઼તાથી પતાવ્યું.

" ત્યારે મારૂં જે લ્હેણું છે તે આપી દો. હું હવે વધારે વખત ધીરજ રાખી શકીશ નહીં. " તે ગૃહસ્થે પણ હવે રોફમાં કહ્યું.

" હું એક ગરીબ વિધવા એકદમ શી રીતે આપું ? ભાઈ તમે ધીરજ રાખો. તમારૂં જે છે તે ખોટું નહીં થાય. "

" હું બીજું કાંઈ સાંભળવા માંગતો નથી. "

ટુંકો જવાબ મળેથી તે ગરીબ સ્ત્રીની આંખમાંથી આંસુ સરી પડયાં.

" કાકા ! મહેરબાની કરીને તમે શાંત થાઓ. મારાં વ્હાલી બાને તમે દુઃખી ના કરો. હમે તમારૂં લહેણું જરૂર થોડા દિવસમાં પતાવીશું. " તે માતૃવત્સલ બાળાએ તે ક્રૂરને વિનવવા માંડયો.

' ચુપ. નાદાન છોકરી ! એ વાતમાં તું શું સમજે ?" "બ્હેન ! તમે વિચાર કરો. હું જાણું છું કે તમારા જેવી રાંક સ્ત્રીઓ પાસેથી કંઇ પણ લેવું તે મને ઘટતુંનથી. તેથી હું કહું છું કે મંજુને વસન્ત સાથે પરણાવો એટલે આપણા એ સંબંધને લીધે બધું સમાધાન થઇ જશે. " તેણે સમજાવ્યું.

" એમ કદી નહીં બને. " તે દૃઢતાથી બોલી.

"ત્યારે તમે તો મારા એકના એક છોકરાની જીંદગીજ બગાડવા મ્હાઓ છો ને? એમ છે તો મારા રૂપિયા લાવો." તેણે ફરીથી કહ્યું.

"પણ ભાઇ! હું હમણાં એવી મોટી રકમ ક્યાંથી આપું? મારી સ્થિતિ તો જુવો."

પણ અરે! એક ભયંકર અવાજે તે બન્નેને ચમકાવ્યાં. મંજુએ જ્યાં જાણ્યું કે તે ગૃહસ્થ રૂપિયા સારૂં નહીં, પણ તેનાં માતાપિતાની ટેક છોડવવા સારૂ પ્રયત્ન કરે છે, અને તેને માટે તેને પોતાને આગળ કરે છે, ત્યારે એ બહુજ દુઃખી થઇ અને તેથી પોતાની માતા પણ ઘણી જ દુઃખી થાય છે એ જોયું એટલે એ ઘણીજ દીલગીર થઈ અને પોતાની વ્હાલી માતાને સુખી કરવા સારૂ એ માતૃવત્સલ બાળાના મગજમાં એક ભયંકર વિચાર થઇ આવ્યો અને એક ક્ષણભર જુસ્સાના પરિણામે તે હમ્મેશની શાન્ત મંજુએ પગ નીચેથી વહેતી નદીમાં તરત ભુસકો મારી આત્મત્યાગ કીધો! હમ્મેશની શાંત, પ્રેમી, અને પવિત્ર બાળા અનંત જલમાં ડુબી! પ્રપંચી સંસારને તેણે પોતાની સુકોમલ દેહલતા અર્પી. મંજુની માતા આ જોઇ એક ચીસ પાડી બેભાન થઇ.

૪

પેલાજ એક વખતના અતિ રમણીય અને હાલના ઘણાજ શોકમય કીનારાપર એક ઉન્મત્ત યુવાન આમતેમ ભટકે છે. કોઇવાર મનોહર મંજુની તે ઝુંપડી અને કોઈવાર વનદેવી સમી મૃદુલ મંજુની હાજરી વિના વેરાન જેવાં લાગતાં ઉપવનમાં શોકમય દષ્ટિ નાંખતો તે કંઇ બડબડતો હતો. "વ્હાલી મંજુ! અરે! તું મને મુકીને ચાલી ગઇ, પણ પ્રિયે! તને ક્યાં ખબર નથી કે.

"ભલે મૃત્યુ થાયે જડ શરીરનું તેથી થયું શું?"
"કદાપિ નિઃસ્વાર્થી અખુટ પ્રિતીનું એ નહીં થશે."

વળી કોઇવાર દિવ્ય દેહધારી મંજુ ઉત્તર આપતી સંભળાતી કે—

"સંબંધીના મરણ પછીના સર્વ સંબંધ તુટે.
"વ્હાલા! આંહીં વિરહજ ખરો ચીર સંબન્ધ ભાસે.
"તે પ્રેમી જે પ્રણયમયતા જોઇ મ્હાણે વિયોગે.
"મીઠું કિન્તુ ક્ષણિકજ નકી સ્વપ્ન સંયોગ તો છે."

બાહ્ય સૃષ્ટિની અસર તેને થઇ શકતી નહોતી. હૃદયમાં આવાજ વિચારોથી મત્ત રહેતો તે યુવાન હજીએ તે હૃદયવિદારક સ્થળે ભટકતો દેખાય છે.

સ્નેહમયી.

લેખકઃ—સૌ. કાન્તાલક્ષ્મી મહેતા.

ચોમાસું અને તેમાં ભાદરવા મહીનામાં તો વૃષ્ટિનું પુછવુંજ શું? કૃષ્ણ પક્ષને લીધે રાત્રી અંધારી હતી. વૃષ્ટિ મુશળધાર પડતી હતી. લગભગ બારનો સુમાર થવા આવ્યો હશે. પરન્તુ નિદ્રા ન આવવાથી હું મ્હારા ઘરની રસ્તા ઉપર પડતી બારીમાં ખુરશી નાંખી બેઠો હતો. તે વખતે બારી નીચે થઇ કોઈ જતું હોય તેવો મ્હને આભાસ થયો, અને સ્વાભાવીક જાણવાની ઇચ્છા થવાથી હું મ્હારી પત્નિને પણ ન જણાવતાં બત્તી લઇ

નીચે ઉતર્યો. પવનનો સપાટો લાગવાથી હું જેવો બારણું ઉઘાડું છું તેવીજ બત્તી બુજાઇ ગઇ. છતાં તેની પણ પરવા ન કરતાં મ્હેં બ્હાર નીકળી બારણું વાસ્યું. અને બ્હાર આવી પ્રશ્ન કર્યો: " કોણ જાય છે ? " પણ વૃથા. કોઇ બોલ્યું નહીં, ત્યારે મ્હારામનને વિશેષ ખાત્રિ કરવા મ્હેં તાણીને પૂછ્યું. "આટલી રાત્રે કોણ છે અને જવાબ કેમ આપતું નથી ?" ત્યારે એક ઘણોજ કરૂણ સ્વર મ્હારા કર્ણમાં અથડાયો. " હું ભુલી પડેલી બાળા છું. "

મ્હેં પૂછ્યું: " આટલી મોડિ રાત્રે સ્ત્રીએ અને તેમાં વળી તમારા જેવી ઉછરતી બાળાને બ્હાર ફરવું શું યોગ્ય છે ?"

તે બાળા બોલી:"તમારૂં કહેવું ખરૂં છે, પરન્તુ હું અને મ્હારી મા કાંઈ અગત્યના કામ સર મ્હારા પીતાના મીત્રને ત્યાં ગયાં હતાં. મ્હારી માતા વ્હેલાં ઘેર ગયાં અને હું પાછળ રહી હતી તે અંધારાને લીધે ન દેખાવાથી હું ભુલી પડી છું. "

મ્હેં ફરીથી પૂછ્યું: " આટલી મોડિ રાત્રે અને તેમાં આવી ઘોર અંધારીમાં તમને તમારૂં ઘર જડી શકશે ?"

બાળાએ કહ્યું; " કદાચ જડે. પણ હું જવાની હીમ્મત ધારી શકતી નથી.

મ્હેં કહ્યું: " જો તમને વાંધો ના હોય, તો હું તમને ઘેર પહોચાડું."

" દયાળુ પુરૂષ ! તો તો ઘણોજ આભાર થશે " કન્યાએ જવાબ દીધો.

આટલી વાત થઇ તેમાં તો મ્હારા કોરાં કપડાં ભીંજાઇ ગયાં અને તે બાલિકાનાં કપડાંનું તો પુછવુંજ શું ?–તો પણ હું તેવો ને તેવોજ તેને મુકવા જવા નીસર્યો. મેં ઘરમાંથી એક ફાનસ લઈ લીધું અને અમે આગળ ચાલ્યાં.

રસ્તે ચાલતાં મ્હને કાંઇ સ્વાભાવીક પુછવાની ઇચ્છા થઈ મ્હે તે બાળા પ્રતિ પ્રશ્ન કર્યો: " તમે કોણ છો અને તમારૂં નામ શું તે હરકત નહોય, તો જણાવશો !"

" ભાઇ ! " તેણે જવાબ દીધો: " હું ઘણી દીલગીર છું કે મ્હારો મુળ હેવાલ હું જણાવી શકીશ નહી, પરન્તુ આટલું જ કહેવું બસ છે કે હું એક ખાનદાન અને ધનવાન માતા પીતાની લાડકી પુત્રી છું. અને મ્હારૂં નામ **સ્નેહમયી** છે. "

" તમારૂં મકાન કેટલે દુર છે ? "

સ્નેહમયી બોલી:–" અમે અહીંનાં રહીશ નથી. મ્હારા પીતાના મૃત્યુ પછી કોણ જાણે શા કારણથી મ્હારી માતા મ્હને લઇ પરદેશમાં આવી રહી છે, અને મ્હારા પીતાના એક મીત્રનો અમે આશ્રય લીધો છે, અને તેની આપેલી આ સામે જે ઓરડી દેખાય છે તેજ મ્હારૂં મકાન છે. "

આ રીતે વાતો કરતાં હતાં એવામાં તો અમે ઓરડી આગળ પણ આવી પહોંચ્યાં અને નમ્રતા પુર્વક મારો ઘણોજ આભાર માની **સ્નેહમયી** પોતાની ઓરડીમાં આવી અને જેવી દીવો કરી જુવે છે તો એક હૃદય ભેદક દેખાવ આ નિર્ભાગી બાળાની નજરે પડયો.

તેની માતા એક ફાટેલા અને જુના બીછાનામાં પડી છે; અને જીવ અને યમ વચ્ચે છેવટની લડાઇ ચાલી રહી છે ! તે જોઇ **સ્નેહમયી** ઘણી ગભરાવા લાગી અને પોતાની માતાનું મુખ ઝાલી વારંવાર તેને બોલાવવા લાગી. પણ કાંઇ ઉત્તર ન મળતાં તે બુમ

પાડી ઉઠી " માતા ! ઓ મા ! મ્હારી વ્હાલી માતા ! તું કેમ બોલતી નથી ?" આ રીતે બુમો પાડવાથી તેની માને કાંઇ ભાન આવ્યું હોય તેમ તે ઘણાજ ક્ષીણ સ્વરથી બોલવા લાગી: " પુત્રી-મ્હારી લાડકી ! હું હવે જાઉં છું. ત્હારા પીતાની પવીત્ર સેવામાં હાજર થતાં મ્હને ઘણોજ હર્ષ થાત, પણ દીલગીરી ફક્ત ત્હારીજ છે કે મ્હેં તને હજી સુધી યોગ્ય પતી મેળવ્યો નથી અને અત્યારે તો હું ત્હને નીરાધાર ઇશ્વિરને આધારે મુકી જાઉં છું. પરન્તુ કાંઇ હરકત રાખીશ નહીં. ત્હારા પીતાના મીત્ર જગમોહન ભાઇ જેને આશરે આપણે આટલા દહાડા કહાડયા છે તે ઘણાજ દયાળુ છે અને તેમનાં પત્ની કમળાદેવી અને પુત્રી રમાદેવી ઘણાંજ દયાળુ છે, તેમનો આશ્રય લેજે. કાલે આપણે તેને ત્યાં જવાનું બીજું કારણ ન હતું. પણ ત્હારી ભલામણ કરવાજ હું ગઇ હતી અને તું ત્હારી સખી રમાસાથે બાગમાં ગઈ ત્યારે મ્હેં કમળાદેવીને આપણી હકીકત કહી છે અને તેમણે તારી સંભાળ લેવા અને ત્હારા બાપની મીલકત જે ત્હારા કાકા પચાવી પડયા છે તે તને અપાવવા મ્હને વચન આપ્યું છે. માટે વ્હાલી પુત્રી ! કોઈ વાતે ન અભરાતાં મ્હારૂં વચન માન્ય રાખી યોગ્ય પતી મળે તેની સાથે બધાંની સલાહથી તું ત્હારૂં લગન કરજે અને સદ્ગુણી થઇ પતીની સેવા કરજે." સ્નેહમયી બોલી: "માતા ! હું ત્હારો બોલે બોલ મ્હારા માથે ચઢાવું છું." " ઘણું સારૂં દીકરી ! હવે મ્હારા આત્માને શાન્તિ વળી." આટલું કહેતાંજ તે દુઃખી અબળાનો આત્મા પ્રભુની સેવામાં હાજર થયો અને નીરાધાર સ્નેહમયી ખમણી નીરાધાર થઇ રઝળતી થઈ ગઇ.

૩.

માતૃમરણનો દુઃખકર દેખાવ સુકોમળ સ્નેહમયી શી રીતે જોઇ શકે ? તે છાતીફાટ રૂદન કરી ઘણુજ કલ્પાન્ત કરવા લાગી. પ્રભાત થયું હોવાથી પાસેના લોકો જાગ્રત થયાં અને સ્નેહમયીની દયા ખાઇ આશ્વાસન આપવા લાગ્યાં. ત્યાં વળી કોઇ બ્રાહ્મણ રહેતો હશે તેણે બીજા બેચાર માણસો બોલાવી તે નીરાધાર બાઇના મૃત શરીરને અગ્નિ દાહ દીધો. એક દયાળુ બાઇ સ્નેહમયીને પોતાને ત્યાં લઈ ગઈ અને સ્નાન કરાવી કોરાં વસ્ત્રો આપ્યાં અને ભોજન કરાવી શાન્ત કરી. એમ કરતાં મધ્યાન કાળ થવા આવ્યો અને સ્નેહમયી પોતાની ઓરડીમાં આવી. તે જેવું બારણું ઉઘાડે છે તેવુંજ કમાડની બેવડમાંથી એક પડીકું હાથમાં આવ્યું અને ઉકેલી જોતાં તેમાંથી એક સુવર્ણ મુદ્રિકા તેને મળી. તેને નીહાળતાંમાંજ તેની ઉપર " વસંત કુમાર " નામ માલુમ પડયું. તે વીચારવા લાગી કે "આ મુદ્રિકા તે પેલા રાત્રીવાળા યુવકની તો નહિં હોય ?-તેઓ પણ પોતાનું નામ વસંતકુમાર કહેતા હતા. "આમ ઘણો વિચાર કરતી સ્નેહમયી ત્યાંને ત્યાંજ નિદ્રાવશ થઇ.

સ્નેહમયીના માતાના મરણની વાત પવન વેગે ગામમાં પ્રસરી અને કમળાદેવીના કર્ણ સુધી પણ પ્હોંચી ગઈ. તેણે જાણ્યું કે દુઃખી મીત્ર પત્ની નીરાધાર બાળકી મુકી પ્રભુના ચરણમાં પોચી છે. તેણે પોતાના એક નોકરને સ્નેહમયીને બોલાવવા મોકલ્યો અને સ્નેહમયીએ તે દંપતીનો આશ્રય સ્વીકાર્યો. જગમોહન ઘણો દયાળુ વકીલ હતો અને તેમનાં પત્ની તથા પુત્રી પણ તેવાજ સ્વભાવનાં હોવાથી થોડાંજ દીવસમાં સ્નેહમયી એક ઘરના માણસ જેવી થઇ ગઈ અને તેમનો સ્નેહ પણ પોતાની માતાના જેવોજ દૃઢ થઇ પડયો. વખતે તે એકાંત બગીચામાં બેશી કલાકના કલાક

પેલી મુદ્રિકા જોઈ ઉંડા વીચાર કરતી અને પોતાના મન સાથે અનેક સંકલ્પ વીકલ્પ કર્યાં જતી હતી.

" હે પ્રભુ ! મારા નશીબમાં કેવા પતિનું સ્થાન હશે ?–તે રાતે મળનાર યુવાન કયી જ્ઞાતિના હશે ?–તે પરણેલા હશે કે કુંવારા હશે ? તેમનો મીઠો સ્વર અને મધુર પ્રતિમા મ્હારા હૃદયમાંથી ભૂલાય તેવું છે. ? ના રે ના, એમ તો બનેજ નહી. ત્યારે હવે મ્હારે માટે શું માર્ગ પ્રભુએ નીર્મ્યો હશે. ? માતા પીતા વીનાની રઝળતી તો થઇ છું, તેમાં શું આટલું પણ સુખ મ્હારા નશીબમાં નથી ?–પ્રભુ ! ત્યારે મ્હારા જીવનનું પ્રયોજન શું ? સ્નેહ વીહીન જીવન નકામુંજ છે. આના કરતાં તો માતાની સાથે મ્હને પણ મરણ આવ્યું હોત તો હું વધારે સુખી થાત. આમ સંકલ્પ વિકલ્પ કરતાં નીર્દોષ બાળા રડી પડતી અને તેનાં કમળ જેવાં નેત્રમાંથી અમૂલ્ય અશ્રુ બીન્દુ ખરવા લાગતાં.

૪.

પ્રેમ એ દૈવી વસ્તુ છે. વસંતકુમાર સ્નેહમયીને મુકીને આવ્યો પણ તેની સાથે પોતાનું હૃદય પણ મુક્યું હતું. ગરીબ કન્યા ઉદાર હૃદયના વસંતની હૃદયેશ્વરી થઇ હતી અને તેણે વસંતનું ચીત્ત હરી લીધું હતું. ઈશ્વિરી કુદરતે સ્નેહ બાંધવો ધાર્યો, તો કોણ મીથ્યા કરે ? વસંત કુમાર ઘેર આવ્યો ત્યારે પાંચ વાગવાનો શુમાર થવા આવ્યો હતો, પણ તેની પત્ની તેવીજ શાન્ત નિદ્રામાં હતી અટલે તેના જાણવામાં રાત્રિની કાંઈ પણ વાત આવી નહી અને વસંતે પણ જણાવી નહોતી.

આ રીતે કેટલાક માસ વીતા પછી અચાનક પ્લેગ ચાલવાથી વસંતની નીર્દોષ પત્ની તેનો ભોગ થઇ પડી અને દુઃખી હૃદયના વસંતને વધારે દુઃખી થવું પડયું. એકલો પડવાથી વસંત ઘણુંજ મુઝાવા લાગ્યો અને આખરે તે સુરત છોડી ઉજ્જનનો વાસી થયો. તો પણ શું પેલી રમણીય પ્રેમ પ્રતિમા તેના હૃદયમાંથી ભુસાઇ છે ? ના, ના. દીન પ્રતિદીન વસંતનો સ્નેહ તે ગરીબ કન્યા ઉપર વધવા લાગ્યો અને કોઈ પણ રીતે તેની તપાસ મેળવવા વિચાર કર્યો. તે ઘણો પૈસાદાર હતો તેથી તેની ભાળ મેળવવા ઘણીજ તપાસ કરવા લાગ્યો. આખરે તેનો યત્ન સફળ થયો અને સ્નેહમયીની બધી હકીકત માલુમ પડી. તેણે જાણ્યું કે સ્નેહમયી અહીંનીજ રહીશ છે અને તેનો બાપ ઘણોજ ધનવાન કાયસ્થ જ્ઞાતીનો છે. અને તેના પીતાના મૃત્યુપછી તેની વિધવા માતાનો હક ન ગણતાં તેના પીતરાઇયો તેની મીલકત બાગ બગીચા અને બંગલો વિગેરે કબજે કરી બેઠા હતા તથા તે મા દીકરીને ઘરબાર કહાડી મૂકયાં હતાં. પણ દયાળુ જગમોહને મીત્રાઇનો બદલો વાળવાની વખત જાણી તેને જ્યારે તે મા દીકરીની સ્થીતીની ખબર પડી ત્યારે સુરત તેડી જઇ પોતાની દેખરેખ નીચે રાખ્યાં. તેવામાં તેની વૃદ્ધ માતા મરણ પામી અને સ્નેહમયી જગમોહનને ઘેર રહે છે અને જગમોહને કેસ ચલાવી તેના બાપના વારસો પોતાની દેખરેખ નીચે થોડાજ દીવસથી હાથ લીધો છે.

વસંતે આ ખબર આપનારને પુછ્યું. " ત્યારે તો તેમણે તે કન્યાનું લગ્ન પણ કર્યું હોવું જોઇયે. " " ના, સાહેબ ! તે કન્યા લગ્ન કરવાની ના પાડે છે અને કહે છે કે મ્હારી માતાના મરણની રાત્રીનો જે માણસ મ્હને એહવાલ કહેશે તેનેજ હું પરણીશ." માટે તેની મરજી વિરૂદ્ધ લગ્ન કરવું અયોગ્ય ધારી જગમોહનભાઈએ તે વાત મુલતવી

રાખી છે. " આ ખબર શું વસંતને સુખી કરવા બસ નહોતા ? તે ઘણોજ આનંદ પામ્યો અને સ્નેહમયીને મળવાની તેની આતુરતા ઘણીજ પ્રબળ થઇ ગઇ. તેના પ્રેમની આ પ્રમાણે સંપૂર્ણ ખાત્રી થતાં તેજ રાત્રે સુરત ભણી તે રવાના થયો.

પ્રેમીને માટે પ્રેમીઓ શું કરતાં નથી ? વસંત સુરત પ્હોંચ્યો અને એક હૉટેલમાં મુકામ રાખી સાયંકાળ થયેલો હતો તો પણ જગમોહનને ઘેર ગયો. પણ તે ન મળ્યો, તેથી આમ તેમ આંટા મારવા લાગ્યો.

૫.

સ્નેહમયીને જગમોહનને ઘેર રહેતાં ચાર વર્ષ વ્યતીત થયાં છે. નિર્દોષ **સ્નેહમયી** હવે કન્યા મટી યૌવના, સોળ વર્ષની સૌન્દર્યાધિશ્વરી સુંદરી બની રહી છે. તેનો સુહામણો ગુલાબી ચ્હેરો વિશેશ સુંદર લાગતો હતો પણ તે સુશીલ બાલા સર્વનાં દીલને સુખી અને ચિત્તાકર્ષક દેખાવા છતાં તે મનની શાન્તિ ભોગવતી ન હતી; કારણ, એકાંત શોધી ઘણી વખત હૃદય ભાર ખાલી કરતાં આપણે તેને જોઇ છે.

આ વખત સાંજનો હોવાથી **સ્નેહમયી** બગીચામાં એકાંત શોધી એક ખુરશીપર બેઠી હતી. તેણે ગુલાબી ઝીણો સાળુ અને ખસખસી પોલકું જ ફક્ત પહેરેલું છે. તો પણ તેનું સૌન્દર્ય ઘણું દીપી નીકળે છે. તે પોતાનો નાજુક હાથ દાઢી આગળ અને બીજો પગની વાળેલી આંટિ ઉપર રાખી, નીચું જોઇને ઘણોજ ઉંડો વીચાર કરતી દેખાય છે.

" મ્હારા હૃદય વલ્લભ ! કયારે તમારી મધુરી મોહીની મુર્તિનું દર્શન થશે ? હવે તો હદ આવી ગઇ છે. હે પ્રભુ ! કયાં સુધી મને ટળવળાવવી ધારી છે ? હવે તો દયા લાવો." આ રીતે બોલતી તે કોમળ બાળાની આંખમાંથી આંસુ ઝરતાં હતાં. એવામાં પાછળ કાંઇ ખખડાટ થયો. તે ચમકીને જુવે છે તો જેની પોતે ચાર વર્ષથી હૃદયમાં ઉપાસના કરે છે તે હૃદય-દેવ નયન સમક્ષ ઉભેલો હતો.

સ્નેહમયી કાંઈ પણ બોલી શકી નહીં. પરંતુ વસંતકુમારે તેની ખાત્રીનો હેવાલ કહી સંભળાવ્યો. અને તેની ખાત્રી થયા પછી **સ્નેહમયી** ઉભી થઇ અને તેણે વસંતને નમન કરી પોતાના પ્રિય પ્રતિ તરીકે તેનો સ્વીકાર કર્યો.

વસન્તે કહ્યું. " વ્હાલી **સ્નેહમયી** ! ત્હારી પ્રેમી પ્રતિમાની આજ પાંચ વર્ષ થયાં હું પુજા કરૂં છું અને ઈશ્વરેચ્છાથી મારા હૃદયની ઇચ્છા આજ ફળી ભુત થઇ અને હવે તું મ્હારી હૃદયેશ્વરી થઇ છે." **સ્નેહમયી**નો કંઠ રૂંધાઇ ગયો હતો. તે એક શબ્દ પણ બોલી શકી નહીં. તે વસંતના ખભાઉપર માથું મુકી ઉભી હતી. તે ઘણા પ્રયત્ને બોલીઃ "મ્હારા પ્રાણેશ્વર ! હું તમારી આજ્ઞાને આધીન છું." પછી કાંઇ વિચાર આવવાથી તેણે પૂછ્યું તમે અહિં એકાએક કયાંથી આવી પ્હોચ્યા ?"વસન્તે જવાબ દીધોઃ "હું જગમોહન ભાઈને મળવા આવ્યો, ત્યાં ખબર મળી કે તે અને તેમનાં પત્ની ફરવા ગયાં છે અને રમાદેવી અભ્યાસમાં છે. આવી ખબર મળતાં હું આમતેમ ફરતો હતો. એવામાં બાગતરફ નજર કરતાં તમને દીઠાં તેથી કોણ છે તે જાણવા હું તમારી પાછળના ઝાડ ઓથે થઇને આવ્યો અને મ્હારી ખાત્રી થઈ કે મ્હારી પ્રાણેશ્વરી **સ્નેહમયી** જ છે એટલે હું આગળ આવ્યો. કાલે હું બધાંની સમક્ષ તમારી ખાત્રી કરીશ. "

" વ્હાલા વસંત ! આથી વિશેશ શું ખાત્રી કરવી છે? પણ તેમને રાજી રાખી મરજી પુછી કામ કરવું તે આપણી ફરજ છે. " આ પ્રમાણે વાત કરીને પ્રેમી જોડું છુટું થયું. અને ઘણાજ હર્ષમાં રાત્રી પસાર કરી સ્હવાર પડતાં જ વસંતે આવી જગમોહનને મળી સઘળી ખાત્રી કરી. પછી બધાં સ્નેહમયીના લગ્ન સારૂ ઉજ્જન ઉપડી ગયાં ત્યાં આવી ઘણીજ ધામધુમથી સ્નેહમયીનું લગ્ન તેના બાપીકા ઘરમાં વસન્ત સાથે જગમોહને કર્યું અને તેની મીલ્કત વસંત અને સ્નેહમયીને સોંપી પોતાની ફરજમાંથી મુક્ત થયો. થોડા દીવસ રહી તે બધાં સુરત ભણી પાછાં વળ્યાં; અને દુઃખી ગણાતી સ્નેહમયી વસંતના પવીત્ર પ્રેમમાં સુખી સંસાર ભોગવવા લાગી. પ્રભુ એ સુખી દંપતીને સદા આનંદમાં રાખે.

સુધા અને શરદ્.

લેખકઃ સૌ. " માલિની "—અમદાવાદ.

૧.

આજે પૂર્ણિમાનો દિવસ છે. ચન્દ્ર રશ્મિ શુભ્ર પ્રકાશ રેલાવે છે. રજનિનાથ ચન્દ્રમાના તારાઓના સમૂહથી પરિવેષ્ટિત છે. વાયુ મન્દ મન્દ વાય છે.

અહા ! તે વખતે ભાગીરથીના વિશાળ તટપર કેટલીક નૌકાઓ દ્રષ્ટીગોચર થવા લાગી છે. સાયંકાળે સૂર્યાસ્ત થવાથી નૌકામાં દિપક પ્રકાશિત થયા છે. પ્રકાશનું પ્રતિબિંબ ભાગીરથીના પવિત્ર વારિમાં પડયું. અને અતિ વેગથી જતી નૌકા સાથે તે નદીના જળ પર સરવા લાગ્યું. આથી પાણીમાં જાણે અગ્નિ દેવજ વિહાર કરતા હોયની એમ જણાવા લાગ્યું.

શું ચમત્કાર ! જળ અને અગ્નિ એ ઉભય પ્રતિપક્ષી પદાર્થોનો અપૂર્વ અને અદ્ભૂત સંયોગ ! ખરેખર ભાગીરથીના પવિત્ર પટ પર રમતી અત્યંત શાન્ત તથા સૌમ્ય ચન્દ્ર-પ્રભાથી અપૂર્વ દેખાવજ થઇ રહ્યો હતો.

આમાંની એક નૌકામાં એક પ્રેમી દંપતી—યુગલ વાર્તાલાપ કરતું, સૃષ્ટિ સૌંદર્યનુ નિરીક્ષણ કરતું બેઠુ હતું. પતીની વય આશરે ત્રેવીસ ચોવીસ વર્ષની હતી. અને પત્ની સત્તર અઢાર વર્ષની હતી.

યુવકનું નામ શરદ્ચંદ્ર હતું. અને પત્નીનું નામ સુધા હતું. શરદનું મ્હોં ઘણું સુન્દર હતું અને તેનો હસતો અને આનંદી ચ્હેરો અત્યારે તો ઘણોજ મનોહર લાગતો હતો.

સુધા પોતાના પતિના ખોળામાં માથું મુકી ત્હેનું મુખારવિંદ નીહાળી રહી હતી. આકાશના ચન્દ્રની સાથે પોતાના જીવન ચન્દ્રને સરખાવતી તે પતિ પ્રેમનું સુમધુર અમૃત પીતી હતી.

સુધા પણ અતિ સુન્દર હતી. તેના ગોરા અને આકર્ષક મ્હોમાં તેના ગુલાબી ગાલો સૌન્દર્યનો વધારો કરતા હતા. પવનને લીધે કપાળપર ઉડતી તેના સુન્દર વાળની લટો તેના મુખનું લાલિત્ય વધારતી હતી.

શરદ પણ પોતાની પ્રિયાનું સૌંદર્ય નીહાળવામાં મગ્ન થઇ ગયો હતો. અને પ્રેમથી તેના ઉચ્છૃંખલ વાળ સમા કરતો હતો.

સુધા પતિના ખોળામાં પડયે પડયે અનેક તરેહના વિચારો કરતી હતી. એના વિચારોમાં એને એવાજ વિચારો આવતા હતા કે—" દરેક રીતે મ્હારે પ્રિય પતિને સુખી કરવા. કોઈ પણ દિવસ મ્હારા વ્હાલાને દિલગીર થવા દેવા નહી. અને ગરીબાઈને લીધે મ્હારો પ્રિયતમ કદિ દિલગીર થાય તેમ પણ કોઇ દિવસ થવા દેવું નહી. પણ હવે તો એવો વખતજ ઈશ્વર નહી આપે. કારણકે હવે શાન્તિપુર જઈશું, ત્યાં એમને સારો પગાર મળશે એટલે એમને જરા પણ દિલગીર થવાનું કારણ નહી મળે અને બધીય વાતનું સુખ થઈ જશે. પણ એ તો ગાંડા છે! શામાટે એવું દિલગીર થવું જોઈએ ? પૈસાથી શું વધારે છે ? પૈસા કરતાં પ્રેમ વધે, કે જે વડે આવી સારી જીંદગી ગાળી શકીએ. પછી એવો અફસોસ શા કામનો ? બસ આ તો કશી પણ ઉપાધીજ નહી. જે બે પૈસા મળે તેમાંથી સુખનો રોટલો ખાઇએ. પ્રભુની ભક્તિ કરી, પતિનો પૂર્ણ પ્રેમ મેળવી હું મ્હારી જિંદગીના દિવસો સુખમાં નિર્ગમન કરીશું. પછી મ્હારા જેવું કોણ સુખી ?"

જેમ જેમ આવા વિચારો સુધાને આવતા જતા હતા, તેમ તેમ ત્હેના મ્હોં ઉપર ફેરફાર થતો જતો હતો. આ દેખાવ આકાશનો ચન્દ્ર અને સુધાનો ચન્દ્ર બન્ને જોયાંજ કરતા હતા.

ચન્દ્રિકાના પ્રકાશમાં સુધાનું ગૌર મુખ બહુ સુન્દર લાગતું હતું. શરદ આ દેખાવ જોઈ રહ્યો હતો. પ્રેમથી ગાંડો થઈ તે બોલ્યો, " સુધા !—સરિતા જળતરંગોમાં ઘડી ડૂબતો—ઘડી તરતો આ ચન્દ્ર, ત્હને નથી લાગતું કે, આપણા જીવનનું ભાન કરાવે છે !—થોડા દિવસ સુખી—થોડાક દુઃખી. પણ વ્હાલી! મ્હને તો એમજ થયા કરે છે કે હું ત્હને સુખી કયારે કરીશ ? તું ત્હારા પીતાને ઘેર આટલા લાડમાં ઉછરી અને તારે અહીં આટલી ગરીબાઇમાં રહેવું પડે, બધો બોજો ઉપાડવો પડે, વાસણ કુસણ માજવાં પડે, તે તને-તારા કોમળ શરીરને કેટલું કઠણ પડતું હશે ? અને તેથી એમ થાય છે કે ત્હને કાંઇ સારી સ્થિતિ થાય તો પૂર્ણ સુખી કરી શકું—પણ પાછી બીતિ લાગે છે કે કાંઈ ત્હેમાંય અંતરાય તો નહિ આવે ?"

" વ્હાલા ! જાઓ જાઓ. તમે આવું આવું શું બોલો છો ?. બૈરાંને કામ કરવાનું તો હોયસ્તો. તમે તો આવું આવું બોલો છો, તે મ્હને નથી ગમતું. બસ, મ્હને તો તમે જ્યાં હો ત્યાં સર્વ સુખજ છે. વ્હાલા ! મ્હારે તો પૈસો કે સાહેબી કાંઈ પણ નથી જોઇતું. મ્હને તો ત્હમારો પ્રેમ મળ્યો છે, એટલે સર્વ સુખ મળ્યું છે. માટે હવે એવી વાતો ના કરશો ને મ્હને શરમાવશો નહી. તમારા જેવું મીઠું મીઠું બોલતાં મ્હને તો નથી આવડતું. સમજ્યા ?—જો એવું એવું બોલ્યા કરશો તો હું તમારી સાથે બોલીશજ નહી" સુધાએ પ્રેમભરી ધમકી આપી.

" જો, વ્હાલી ! ચાલ હવે એ વાત ત્હને નથી ગમતી તો નહી કરૂં. સુધા ! આપણે પાંચ મહીના કાશીમાં રહી આવ્યાં. હવે શાન્તિપુર જઇશું. ત્યાંતો મ્હને સારો પગાર મળશે, એટલે હવે સુખમાં આપણે રહી શકીશું. એટલે પછી કયાં ગરીબાઇની વાત કરવી છે ? ત્હને પ્હેલાં કરતાં સુખી કરી શકીશ, એજ મને ખરેખરો સન્તોષ છે. પણ વ્હાલી ! તું જો. ઇશ્વરની આપણા ઉપર કેટલી બધી મ્હેરબાની છે ? આપણને ફક્ત કાશીમાં તો પચીસજ રૂપૈયા મળતા હતા ને આપણે આપણુંજ નીભાવતાં હતાં અને

પિતાશ્રી શાન્તિપુરમાં પોતાનું જેમ તેમ કરીને નીભાવતા હતા. તેમાં વળી પિતાશ્રી રહેતા હતા તે આપણું ઘર પણ પડી ગયું! તેથી બિચારા વડીલ કેટલા દિલગીર થઈ ગયા હતા? અને મ્હને લખ્યું કે હવે તારૂં ને મારૂં બન્ને જણનું પુરૂં કરવું પડશે, ને તે પણ ઘરના ભાડા સાથે.–પણ વ્હાલી! પ્રભૂનો કેટલો બધો ઉપકાર, કે સારા પગાર સાથે શાન્તિપુર જવાનું થયું! આ શુભ ખબર મ્હેં પિતાશ્રીને લખી દીધા છે: અને નદી ઉપર સારૂં ઘર લેવાનું લખ્યું છે. જેથી હવા પાણીનું સુખ થશે અને શિવાલય પાસે હોવાથી તેમને દરરોજ દર્શનાર્થે જવું પણ ઠીક પડશે. પણ વ્હાલી! ત્હને નદી ઉપરનું ઘર પસંદ છે કે નહી?–કારણ કે ત્યાંથી તારૂં પીયર વેગળું પડશે પણ તું બીલકુલ કચવાઇશ નહી. ત્હને આ ઘર નહિ ગમે તો બીજું રાખીશું."

"વ્હાલા! મ્હને તો એવી જગોએ મકાન ઘણુંજ ગમશે: આવી સુન્દર અને રમણીય જગોએ રહેવું કોને ના ગમે? અને પીયર તો હું આઠે દશે દિવસે જઈ આવીશ."

"આપણો જગત્ પિતા આપણ બાલકો માટે કેટલો શ્રમ વેઠે છે અને કેવી કેવી સુગમતા કરી આપે છે? પણ વ્હાલી! જો આપણે ત્યાં રહીને સૌથી સારામાં સારૂં-ઈશ્વરનો આભાર દર્શાવનારૂં કામ તો એ કરવાનું છે કે, આપણી આસપાસ રહેતાં તમામ ગરીબ માણસોને મદદ કરવી. તેમની ખબર રાખવી. ગરીબ લોકોને શીયાળામાં કકડતી ટાઢમાં પ્હેરવાને વસ્ત્ર પણ નથી હોતાં અને ઝાડ તળે જ્યાં ત્યાં પડયા રહે છે. કેટલાંક બિચારાં ભૂખે રીબાઇ રીબાઇને પોતાનો પ્રાણ ખુવે છે!–એવાં તમામ ગરીબોને મદદ કરવી. પૈસાની, અન્નની, વસ્ત્રની, કેળવણીની, જેવી જેને જોઇએ, તેવી તેને મદદ કરવી. અને આપણો વખત એવાં સારાં કામોમાંજ નિર્ગમન કરવો. વ્હાલી! હું અને તું બન્ને જણ સાથે આ કામ ઘણી સારી રીતે કરી શકીશું. બપોર પછીનો નવરાશનો થોડો ઘણો વખત પણ તારે એમાંજ કહાડવો. આ કામ મારા કરતાં તારે વધારે કાળજીથી કરવાનું છે; અને હવે તને વખત પણ વધારે મળશે. આપણે ગામમાં રહીએ, તેથી આપણને આવો લાભ ના મળી શકે; પણ કુથલી કરવામાં અને લોકોની નિંદા કરવામાંજ આપણો બધો વખત ચાલ્યો જાય! વ્હાલી! દરેક કામ કરતી વખતે પ્રભુને તો નજર આગળજ રાખવો. એને આ આપણા હૃદયથી જરા પણ ખસેડવો નહીં. દરેક વખતે એનું ધ્યાન કર્યા કરવું. દરેક કામ કરવું તેમાં આપણે એની બ્હીક રાખવી અને એ દયાળું પિતા આપણા ઉપર કેવી રીતે રાજી રહે એજ વિચારો કરી, દરેક કામ સારૂં કરવું."–શરદે શિક્ષામૃત રેડયું.

"વ્હાલા! મ્હને તમારા વિચાર ઘણાજ ગમે છે. આપણે આપણા દિવસો એવી રીતેજ કહાડીશું. પ્રભુ હવે આપણને એવો વખત ઝટ આપે, એટલુંજ ઇશ્વર પાસે હું માગું છું." સુધા સહર્ષ બોલી ઉઠી.

પ્રિય વાંચકો! હવે શરદચન્દ્ર અને તેનાં પિતાનું ઓળખાણ હજી કરવું બાકી રહ્યું છે.

શરદના પિતાનું નામ પરમોદરાય હતું. એમણે સાધારણ નોકરી હતી: અને હાલમાં સાધારણ દસેક રૂપૈયા પેન્શન મળતું. પરમોદરાયની પાંત્રીશ–છત્રીશ વર્ષની ઉમ્મરે તેમનાં પત્ની ગુજરી ગયાં હતાં, ત્યારે શરદની ઉમ્મર પાંચેક વર્ષની હતી. પરમોદરાયને ફરી લગ્ન કરવાનો લોકોએ ઘણોજ આગ્રહ કર્યો; પરંતુ પરમોદરાયને ફરીથી લગ્ન કરવાની ઇચ્છા

સુધા પતિના ખોળામાં પડયે પડયે અનેક તરેહના વિચારો કરતી હતી. એના વિચારોમાં એને એવાજ વિચારો આવતા હતા કે-" દરેક રીતે મ્હારે પ્રિય પતિને સુખી કરવા. કોઈ પણ દિવસ મ્હારા વ્હાલાને દિલગીર થવા દેવા નહી. અને ગરીબાઈને લીધે મ્હારો પ્રિયતમ કદિ દિલગીર થાય તેમ પણ કોઇ દિવસ થવા દેવું નહી. પણ હવે તો એવો વખતજ ઈશ્વર નહી આપે. કારણકે હવે શાન્તિપુર જઈશું, ત્યાં એમને સારો પગાર મળશે એટલે એમને જરા પણ દિલગીર થવાનું કારણ નહી મળે અને બધીય વાતનું સુખ થઈ જશે. પણ એ તો ગાંડા છે! શામાટે એવું દિલગીર થવું જોઈએ? પૈસાથી શું વધારે છે? પૈસા કરતાં પ્રેમ વધે, કે જે વડે આવી સારી જીંદગી ગાળી શકીએ. પછી એવો અફસોસ શા કામનો? બસ આ તો કશી પણ ઉપાધીજ નહી. જે બે પૈસા મળે તેમાંથી સુખનો રોટલો ખાઇએ. પ્રભુની ભક્તિ કરી, પતિનો પૂર્ણ પ્રેમ મેળવી હું મ્હારી જિંદગીના દિવસો સુખમાં નિર્ગમન કરીશું. પછી મ્હારા જેવું કોણ સુખી?"

જેમ જેમ આવા વિચારો સુધાને આવતા જતા હતા, તેમ તેમ ત્હેના મ્હોં ઉપર ફેરફાર થતો જતો હતો. આ દેખાવ આકાશનો ચન્દ્ર અને સુધાનો ચન્દ્ર બન્ને જોયાંજ કરતા હતા.

ચન્દ્રિકાના પ્રકાશમાં સુધાનું ગૌર મુખ બહુ સુન્દર લાગતું હતું. શરદ્ આ દેખાવ જોઈ રહ્યો હતો. પ્રેમથી ગાંડો થઈ તે બોલ્યો, " સુધા!-સરિતા જળતરંગોમાં ઘડી ડૂબતો-ઘડી તરતો આ ચન્દ્ર, ત્હને નથી લાગતું કે, આપણા જીવનનું ભાન કરાવે છે?-થોડા દિવસ સુખી-થોડાક દુઃખી. પણ વ્હાલી! મ્હને તો એમજ થયા કરે છે કે હું ત્હને સુખી કયારે કરીશ? તું ત્હારા પીતાને ઘેર આટલા લાડમાં ઉછરી અને તારે અહીં આટલી ગરીબાઇમાં રહેવું પડે, બધો બોજો ઉપાડવો પડે, વાસણ કુસણ માંજવાં પડે, તે તને-તારા કોમળ શરીરને કેટલું કઠણ પડતું હશે? અને તેથી એમ થાય છે કે ત્હને કાંઇ સારી સ્થિતિ થાય તો પૂર્ણ સુખી કરી શકું-પણ પાછી બીતિ લાગે છે કે કાંઈ ત્હેમાંય અંતરાય તો નહિ આવે?"

" વ્હાલા! જાઓ જાઓ. તમે આવું આવું શું બોલો છો?. બૈરાંને કામ કરવાનું તો હોયસ્તો. તમે તો આવું આવું બોલો છો, તે મ્હને નથી ગમતું. બસ, મ્હને તો તમે જ્યાં હો ત્યાં સર્વ સુખજ છે. વ્હાલા! મ્હારે તો પૈસો કે સાહેબી કાંઈ પણ નથી જોઇતું. મ્હને તો તમારો પ્રેમ મળ્યો છે, એટલે સર્વ સુખ મળ્યું છે. માટે હવે એવી વાતો ના કરશો ને મ્હને શરમાવશો નહી. તમારા જેવું મીઠું મીઠું બોલતાં મ્હને તો નથી આવડતું. સમજ્યા?-જો એવું એવું બોલ્યા કરશો તો હું તમારી સાથે બોલીશજ નહી!" સુધાએ પ્રેમભરી ધમકી આપી.

" જો, વ્હાલી! ચાલ હવે એ વાત ત્હને નથી ગમતી તો નહી કઈં. સુધા! આપણે પાંચ મહીના કાશીમાં રહી આવ્યાં. હવે શાન્તિપુર જઇશું. ત્યાંતો મ્હને સારો પગાર મળશે, એટલે હવે સુખમાં આપણે રહી શકીશું. એટલે પછી કયાં ગરીબાઇની વાત કરવી છે? ત્હને પ્હેલાં કરતાં સુખી કરી શકીશ, એજ મને ખરેખરો સન્તોષ છે. પણ વ્હાલી! તું જો. ઇશ્વરની આપણા ઉપર કેટલી બધી મ્હેરબાની છે? આપણને ફક્ત કાશીમાં તો પચીસજ રૂપૈયા મળતા હતા ને આપણે આપણુંજ નીભાવતાં હતાં અને

સ્ત્રી-લેખનો ખાસ અંક ૧૯૧૩-૧૪

સુન્દરી સુબોધ.

(માસિક વધારા સહિત.)

સ્વર્ગસ્થ સાક્ષરવર્ય ગોવર્દ્ધનભાઈના શબ્દોમાં કહીએ તો.-"સ્ત્રીઓ પંડિત થાય, રસજ્ઞ થાય, કુટુંબપોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બળવતી રોગહીન અને સુન્દર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુમ્બબન્ધનમાંથી તેઓ મુક્ત-સ્વતંત્ર થાય, ને તે મુક્તતાથી અને સ્વતંત્રતાથી કુટુમ્બની મૂર્ખ ઇચ્છાઓ અને કલેશોમાંથી છુટી, એ કુટુમ્બનાં કલ્યાણ કરવા શક્તિમતિ અને ઉત્સાહિની બને, કુટુમ્બના બાળક વર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધ વર્ગોની કલ્યાણવાસનાઓ તૃપ્ત કરે; સાધ્વી પત્ની થઇ પતિનું જીવન ઉન્નત કરે, પતિતપાવન સેવાભગિની બની દુઃખતિમિરમાં ડુબતાં બાન્ધુનાં આત્મા-હૃદય ઉદ્ધારે; માતૃભક્ત પુત્રી તરીકે હિન્દમૈયાનાં સંતાનોના વિકાસ અને પ્રગતિની સહાયક થાય, તથા પ્રજાવત્સલ જનનિ રૂપે સ્વદેશમાં ઉદયસૂર્યનાં તેજસ્વી, ઉલ્લાસભર્યા કિરણો પૂર્ણ વિસ્તારથી પ્રસારેઃ-એજ આર્યસુન્દરીઓના જીવનની સફલતા છે. સ્ત્રીવિના ગૃહ નથી; ગૃહવિના પ્રજા નથી, અને પ્રજાવિના રાજ્ય નથી. સ્ત્રીની ઉન્નતિવિના દેશની ઉન્નતિ અશક્ય છે."

વર્ષ ૧૧ સું.] ઈ. સ. ૧૯૧૪ અગષ્ટ. [અંક ૧૨.

कन्या केळवणी.

બાળાઓને ઉચ્ચ કેળવણી મેળવવાની ખાસ જરૂર છે, એ વિષે કાંઇજ શક નથી. આપણે જેમ તેઓને વધારે કેળવણી આપીશું તેમ તેઓ પોતાના સદ્‌ગુણો વધારે સારી રીતે કેળવી શકશે અને તેઓ જીંદગીમાં ઉચ્ચ અને પવિત્ર આનન્દ ભોગવશે. એ ઉપરથી હું એમ કહેવા નથી માગતી કે આપણી બાલાઓને માત્ર યુનીવર્સીટીનીજ કેળવણી આપવી. કુદરતે સ્ત્રીને વધારે નમ્ર, માયાળુ, દીલસોજ અને નાજુક બનાવી છે અને તેથી તેઓ ઘરસંસારનાં કામ કરવાને વધારે લાયક છે. જો આપણી કન્યાશાળાના અભ્યાસક્રમમાં એવા વિષયો દાખલ કરવામાં આવે કે તેઓ પોતાની ખાસ ફરજો બજાવી શકે, (દાખલા તરીકે સુખ-શાન્તિ અને સારવારના વિષયો તેમજ સાયન્સના વિષયો ઉપર વધુ ધ્યાન આપવામાં આવે, કરકસરનું શિક્ષણ આપવામાં આવે અને તેમના હૃદયમાં ગાયન, સીવણ, ગુંથણ તથા રસોઇ અને બાળકોની કેળવણી માટે ઉમંગ પેદા કરવામાં આવે) તો આપણી તે બાલાઓ ગૃહિણી અને માતા તરીકેની ફરજો માનપૂર્વક બજાવી શકે તેવી કુશળ સ્ત્રીઓ બનવાની આશા રાખી શકાય.

મીસીસ બદ્રુદીન લુકમાની.

उदय गुंजन.

જનનિ જન્મભૂમિ.

લેખકઃ-સૌ. દયાવતી જે. ગણેશ—અમદાવાદ.

ओम् तद् विष्णो परमं पदम् सदा पश्यन्ति सूर्यः ।
दिवीव चक्षु शततम् ।
ओम् असतो मा सद्गमय तमसो मा ज्योतिर्गमय
मृत्योर्मामृतं गमय । ओम् शान्तिः ।

ઓ અમારી પ્યારી જનનિ-જન્મભૂમિ !

અમારા પ્રાચીનકાળના વડીલોએ ત્હારૂં અન્ન ખાધું, ત્હારૂં જળ પીધું, ત્હારાજ આશ્રયથી તેઓનું જીવન આનન્દથી વ્યતીત થયું; અને આખરે ત્હારીજ મિટ્ટીમાં તેઓની મિટ્ટી મળી એકરૂપ થઈ ગઇ. जननि जन्मभूमि, तुझे नमस्कार है ।

ત્હારી રમ્ય, રસીલી નદીઓમાં તેઓએ સ્નાન કીધું, ત્હારાં લસલસતાં વૃક્ષો વડે ત્હેમને અમૃતમય આરામ મળ્યો, ત્હારા સગર્ભ ઉદરમાં તેઓએ અનેક પ્રકારનાં અન્ન ઉપજાવ્યાં, ત્હારા પ્રિય અંકમાં તેઓએ નગર અને ગ્રામ વસાવ્યાં, બાગ બગીચા પ્રકટાવ્યા, અને હે માતા! ત્હેંજ તેઓને ફળફૂલ આપી પ્રસન્ન કીધાં. अस्तु । हे मेरी जन्मभूमि, तुझे वारंवार नमस्कार है ।

ત્હારીજ ઉપજાવેલી નાના પ્રકારની સામગ્રીથી તેઓએ ઉપકારી યજ્ઞ કીધા, ત્હેંજ તેઓના ઘોડા અને ગાયોને લીલું લીલું ઘાસ આપ્યું, અને ત્હારીજ હરિયાળી ઘાસ ભક્ષણ કરીને ગૌમાતાઓએ ત્હેમને મધુર અને સ્વાદિષ્ટ દૂધ દીધું. ए मेरे पूर्वजोंकी निवासस्थान जननि, तुझे कोटी कोटी प्रणाम है ।

પ્રાચીનકાળમાં વડીલો ત્હારે વાસ્તે લડ્યા, તેઓ ત્હારેજ વાસ્તે વ્રતધારી થયા, ત્હારી રક્ષાને માટે તેઓએ પોતાના ન્યોછાવર (અર્પણ) કર્યા, ત્હારી ઉન્નતિને અર્થે તેઓએ સર્વવ્યાપક શ્રી પ્રભુની પ્રાર્થના કીધી. ऐसी मेरे पूर्वजोंकी जन्मदाता मेरी पूज्य भूमि, तूं सर्व भाव नमस्कार करने योग्य है ।

મિષ્ટ અન્ન, જલ અને રસ આપનારી, વૃક્ષ-ફળ-ફૂલ-વનસ્પતિ-ઔષધાદિ દેનારી, હે જન્મભૂમિ! તું મ્હારો આશ્રય છે. તુંજ મ્હારો રક્ષક છે अस्तु । मैं भी तेरी सेवामें तत्पर रहुं, और मैं भी वही काम करूं कि जिससे तेरी उन्नति हो ।

ત્હારૂં જળ, ત્હારાં ફળફૂલ, ત્હારી નદીઓ અને પર્વતો, ત્હારાં ક્ષેત્રો અને વૃક્ષો, ત્હારા આયુવર્ધક પદાર્થો, ત્હારી રોગનાશક ઔષધિઓ, અને ત્હારી અનેક ઉપયોગી ઉપકારક વસ્તુઓ અમને સુખ આપી રહી છે. अस्तु. हे जननि जन्मभूमि। ત્હારા મહાન ઉપકારનું ક્યાં સુધી, કેવી રીતે, કેટલું વર્ણન કરૂં?-હે માઇ! ત્હારા ગુણ હું કદી ભૂલીશ નહિ અને સદૈવ હું તેજ કાર્ય કરીશ, જે વડે ત્હારી શોભા-કીર્ત્તિની અભિવૃદ્ધિ થાય.

મ્હારા આચાર-વિચાર, વાણી અને વ્યવહાર શુદ્ધ હો. હું ધર્મપરાયણ રહી સત્ય બોલું અને સત્યજ કરૂં. उत्साह-पराक्रम-दृढता और वीरता आदि સદ્ગુણોને ધારણ કરી ત્હારી સેવા અને રક્ષા અર્થે હું મ્હારા પ્રિય પ્રાણ ત્હને સમર્પણ કરૂં. यही मेरी सर्वनियन्ता श्री जगदाधार प्रभुसे दोनों कर जोडकर प्रार्थना है । मातृभूमि तुझे मेरा नम्र प्रणाम हो।

ઇમ્પિરિયલ ઇન્ડિયન રિલીફ ફન્ડ.

મીસીસ જમનાબાઈ સક્કઈની હીંદી સ્ત્રીઓને વિનંતિ.

(લડાઇ માટે ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળ તરફથી ઉઘાડવામાં આવેલું ફંડ.)

ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળનાં પ્રમુખ મીસીસ જમનાબાઈ સક્કઈ આ પત્ર મારફતે હિંદુ, પારસી, દક્ષિણી, મુસલમીન, ક્રીશ્ચિયન વગેરે દરેક કોમની પોતાની હિંદી બહેનપણીઓને યુરોપમાં ચાલતી મોટી લડાઈમાં નામદાર દયાળુ બ્રીટીશ સરકારને પોતાથી બનતી મદદ કરવાને અરજ કરે છે.—કે દરેકે દરેક હિંદવાણીએ આવા બારીક પ્રસંગે પોતાની યથાશક્તિએ જે કાંઈ મદદ બની શકે તે આપવા તૈયાર થવું. આપણી સ્ત્રીજાતિની લાજમર્યાદા, આચાર વિચાર, ધર્મ, સુખશાંતિ અને કેળવણી માટે નામદાર બ્રીટીશ સરકારના રક્ષણનો આભાર આપણાથી કદી વાળી શકાય તેમ નથી. હિંદુસ્તાનમાં તમામ સ્ત્રીઓએ ઠેકાણે ઠેકાણે સભાઓ ભરી નામદાર બ્રિટીશ સરકારની ફત્તેહ અને કીર્તિ માટે પ્રભુને પ્રાર્થના કરવી અને પોતાથી બની શકે તેમ ફંડમાં મદદ કરવી એ હિંદુસ્તાનની વફાદાર સ્ત્રીઓની ખાસ ફરજ છે.

યુરોપમાં ચાલતી મોટી લડાઈમાં નામદાર બ્રીટીશ સરકારને પોતાનાં મિત્ર રાજ્યોને મદદ કરવાને ખાતર જે આ મહાન રણસંગ્રામમાં ઉતરવાની ફરજ પડી છે. આ લડાઇએ લીધેલું ગંભીર રૂપ આખી દુનીઆને ચકચકીત કરી નાંખે તેવું છે. જેમ બને તેમ આ દારૂણ ભયંકર યુદ્ધનો એકદમ જલદી અંત આવે એમ આખી દુનીઆની તમામ પ્રજા પ્રભુને પ્રાર્થના કરે છે. જર જોરૂ જમીન અને ધર્મ ખાતર દ્વેષ ભાવે લડાઈ મારે છંછેડવામાં કોઇપણ ધારેલો અર્થ સિદ્ધ થતો નથી. કદાચ દુનીઆમાં પોતે એક મહાન ગણાતો હોય પણ કુદરત જ તેની ઉપર કોપ કરે છે. આવી મહાન લડાઇના અવિચારી પગલાથી દુનીઆની પ્રજા ઉપર જે મહાન આફત આવી પડે છે અને બિચારાં લાખો મનુષ્યોનો સંહાર થાય છે, તેનો ગુનાહ અને દોષ જર્મની જેવા એક અભિમાની રાજ્યને માથે નાંખવામાં ખોટું શું છે? ચારે તરફ સળગતી લડાઇને લીધે હુનર ઉદ્યોગ અને ધંધા રોજગારની થતી ભયંકર પાયમાલી, દુનીઆનાં કરોડો લોકોના ગુજરાન માટે તેઓના પેટ ઉપર મૂકવામાં આવતી પીડ, ચારે તરફ દેશ વિદેશની પ્રજામાં ઉપજતો ગંભીર ગભરાટ, અને લાખોની સંખ્યામાં સંહાર થતા બહાદુર લડવૈયાઓની બિચારી વિધવા સ્ત્રીઓ, બાળકો અને દેશની કરૂણારસીક હાલતનો દિલમાં કંપારી વછૂટે તેવો ભયભિત ચિતાર—ઓ પ્રભુ! ઓ ખોદા! અને ઓ મહાન ઈસુખ્રીસ્ત! આ લડાઇનો ભયંકર જોસ્સો એકદમ અટકાવ!! લોભી ઇચ્છાઓથી લડાઇની છેડતી કરનારનું મિથ્યા અભિમાન તોડી યોગ્ય શિક્ષા કર!!

આ પ્રસંગે મારાં હિંદી બાંધવો અને બહેનોને બે બોલ કહેવા ઉચિત ધારૂં છું. યુરોપમાં ચાલતી લડાઈની વિગત અને સિંહ સમાન નામદાર બ્રીટીશ સરકારનું પ્રબળ અને સત્તા જાણ્યા સમજ્યા વગર નાહક અજ્ઞાનતાથી ખોટી અફવાઓ ફેલાવવી એ પોતાનું અને પોતાના દેશનું પેટ ફોડી નાંખવા જેવું છે—લોભી વેપારીઓ આ વખતે અનાજ

વગેરે પ્રજા ઉપયોગી ચીજોના જે ભાવ વધારી મૂકે છે—તે ખોટું કહેવાશે. ધીરજ સંતોષ અને શાંતિથી આ વખતે આપણી દયાળુ સરકારને જેમ તે કહે તેમ મદદ કરવી અને દરેકે પોતાના દેશની સેવા કરવા કોઇપણ ચીજોના ભાવો નહીં વધારવા—બલકે ઓછા ભાવો કરી વેપારમાં થોડોક વખત ખોટ ખમી—આ વખતે ખરેખરી દેશ સેવા કરવા અભિમાન રાખવું.—છેવટે એટલું ચોક્સ યાદ રાખવું કે આપણું જીવન, આપણું સર્વસ્વ અને આપણો તમામ આધાર એટલુંજ નહીં પણ આપણો આત્મા, બીજું કોઈ નહીં પણ એક નામદાર દયાળુ બ્રીટીશ સરકાર જ છે. અને તે નામદારના સુખ અને હિતમાંજ આપણું સુખ અને હિત છે. આ બારીક પ્રસંગે આપણો પ્રજાધર્મ શું છે તે કદિ ભૂલી નહીં જતાં ગમે તે સંકટ ભોગવી નામદાર સરકારની અને આપણા દેશની સેવા ઉઠાવવા મગરૂર થવું એ હિંદની કીર્તિને આ યુગમાં અચળ કરવા સમાન છેઃ—

સુલેહ સંપ અને શાંતિને ઇચ્છનાર નામદાર બ્રીટીશ સરકારની ફતેહ, કીર્તિ અને જયવિજયની ગર્જનાઓથી ફરકતો બ્રીટીશ વાવટો, દુનિયાના તમામ ખંડોમાં ફરકતો રહે, એવી અંતઃકરણપૂર્વકની અમો નામદાર બ્રીટીશ સરકારની ચુસ્ત વફાદાર હિંદી પ્રજાની શ્રી પરમકૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના છે—અને અમારા વ્હાલા **બ્રીટીશ તાજધારક નામદાર શેહેનશાહ જ્યોર્જ પાંચમાનું રાજ્યાસન આ ધરતી ઉપર જ્યાંસુધી સૂર્ય ચંદ્ર તપે ત્યાંસુધી સુલેહ શાંતિમાં અવિચળ તપો.—**

લડાઈ માટે ઉઘાડવામાં આવેલું ફંડઃ

૪. યુરોપમાં ચાલતી મોટી લડાઈમાં હિંદુસ્તાનમાંથી જતાં હિંદી અને બ્રીટિશ લશ્કરનાં દુઃખો દૂર કરવામાં તેમજ તેવા મરણ પામતા લડવૈયાઓની વિધવા સ્ત્રીઓ અને બાળકોને તેમજ લડાઇને લીધે આપણા દેશમાં ધંધો રોજગાર અને મોંઘવારીથી મુસીબતમાં આવી પડતાં લોકોને મદદ કરવાને ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળ તરફથી એક જાહેર ફંડ ઉઘરાવવાની શરૂઆત કરવામાં આવી છે. આ ફંડમાં મદદ કરવાને હિંદુસ્તાનમાં વસતી હિંદુ, પારસી, મુસલમાન, ક્રીશ્ચિયન વગેરે તમામ હિંદી બહેનપણીઓને પોતાની શક્તિ મુજબ કાંઇપણ રકમ મનીઑર્ડરથી મોકલવા માટે નમ્રતાપૂર્વક અરજ કરવામાં આવે છે. ગમે તેટલી મોટી કે નાનામાં નાની રકમો મોકલવામાં આવશે તો તે પણ, ઉપકાર સહિત સ્વીકારવામાં આવશે. મદદ મોકલનારાઓને નીચેને સરનામે પોતાની તરફથી મદદો મોકલવા માટે અરજ કરવામાં આવે છે. ફંડ એકઠું થશે તે "ઇમ્પીરિયલ ઇન્ડીઅન રિલિફ ફંડ"ને સ્વાધીન કરવામાં આવશે. (શેહેનશાહી હિંદી સંકટ નિવારણ ફંડ.)

ગં૦ જમનાબાઈ નગીનદાસ સક્કઈ.

ગુજરાતી હિંદુ સ્ત્રી–મંડળનાં પ્રમુખ.

ગીરગામ, સેન્ડહર્સ્ટરોડ–મુંબાઇ.



વિમાન ઝેપેલીનમાંથી રાત્રિએ જમીનપર ફેંકેલો પ્રકાશ.

તોપમાંથી પ્રકાશનો ગોળો ફેંકી કરેલું અજવાળું

द. आनंदनी सूरनी दांडी तरफथी भेट.

ब्रिटनना मित्र राज्यकर्ता.

ફ્રાન્સનો પ્રમુખ.
વય ૫૬.

રશિયાનો શહેનશાહ (ઝાર).
વય ૪૦

ब्रिटनना शत्रु राज्यकर्ता.



જર્મનીનો શહેનશાહ (કયસર).
વય ૫૬.

ઑસ્ટ્રીઆનો શહેનશાહ.
વય ૮૫.

ब्रिटनना मित्र राजाओ.

બેલ્જીયમનો રાજા.

સરવીયાનો રાજા.

લડાઈમાં જખમી થયેલાઓની શુશ્રૂષા કરવા જતી ઇંગ્લિશ સ્વયંસેવિકાઓ.

ठ. आनंदजी मूळजी पांधी तरफथी भेट.

सौ. प्रियमती शुक्ल.

सौ. वसन्तबा पंड्या.

सौ. कुमुद पादराकर.

स्व. सौ. छनु व्हेन.

ठ. आनंदजी मूळजी पांधी तरफथी भेट:

स्व. लाडकुंवरबाई.

सौ. कनुव्हेन.

गं. स्व. बाजीगौरी. गं. स्व. म्हानी व्हेन

कर्म क्षेत्र.

હિન્દ સેવક સમાજ.

("સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા–સોસાયટી:" એક સંવાદ.)

લેખકઃ ભગવતી "બ્હેન ર."—(કાઠિયાવાડ).

"ભારતની ભાવિ ભવ આશા   તારામાંજ   અમારી   છેઃ
"મરણ સુધી તુજ મહિમા ગાવા   મેં ઉર આશા ધારી છે."

સૂર્યનાં આગમન માટે આકાશનાં દ્વાર ખુલ્યાં હતાં. પ્રભાતદેવી જાહેર કરી ચૂકી હતી કે દીવસ ઉગવાની તૈયારી છે. સૂર્યનાં પ્રકાશિત કિરણથી એકી વખતે જ ભય અને ઇર્ષાને વશ થયેલા તારાઓ પોતાનો ઝાંખો પડતો પ્રકાશ છૂપાવવાને ક્ષિતિજમાં પલાયન કરી ગયા હતા. આ સમયે એક યુવાન પંથીકે ગુફાદ્વારમાં પ્રવેશ કર્યો. "ગુરૂજી! આદેશ." નો ધ્વની ઉંડી ગુફામાંથી પડઘા પાડતો સંભળાયો. "બેટા! આદેશ." કહેતો સાધુ ગુફાદ્વાર નજીક આવ્યો, અને માયાળુ પ્રસન્નતાવાળા સ્મિતપૂર્વક યુવકને આવકાર આપ્યો. ગુરૂ તરફથી જેટલી મમતાની વાજબી આશા રાખી શકાય, તેટલી સમગ્ર મમતાથી સાધુએ યુવકના મસ્તક પર હાથ ફેરવી આશીર્વાદ આપ્યો. અને નજીક પડેલી જુદી જુદી શીલા પર બન્નેએ આસન લીધાં.

સૌરાષ્ટ્રની રમણિયતામાં વૃદ્ધિ કરનાર ગીરનાર પર્વત મંહિના મનુષ્યને રહેવા કરતાં જંગલી પ્રાણીઓને રહેવાને વધારે લાયક એવા ગાઢ અરણ્યમાં આ સાધુની પર્ણકુટી આવી રહેલી હતી, છતાં સમૃદ્ધિવાન શહેરોનાં ગંજાવર મહાલયો કરતાં વિશેષ શાંતિ અને નિવૃત્તિ તે આ નિર્જન જંગલમાં ભોગવતો.

આ શાંત સ્થાનમાં પક્ષીઓના મીઠા રવ અને ખલખલ વહેતાં ઝરણોના આકર્ષક અવાજ સિવાય બીજો કંઇ અવાજ સંભળાતો નહોતો અને તેમાંનું એક ઝરણુ તો જાણે આ સ્વર્ગભૂમિને તજીને આગળ જવાને નાખુશ હોય તેમ લાંબુ ચક્કર ખાઇ પર્ણકુટીની આસપાસ ફરી પાછું વળતું હોવાથી પર્ણકુટી નાના ટાપુ જેવીજ લાગતી હતી. પર્ણકુટીની અતિ નજીક ગુફા હતી. ઝાડપાનની સુન્દર લીલાશ, નવીન ધાન્યથી છવાઇ રહેલાં વિશાળ ક્ષેત્રો અને લીલી હરીયાળી જેવાં ચક્ષુને શાંતિ આપતાં લીલાં મેદાનોથી દેખાવ ખુશનુમા જણાતો હતો. સુન્દર રૂપેરી લીટા જેવી સુવર્ણરેખા નદી ખલખલ અવાજ કરતી એક બાજુએ વહેતી હતી. નિરંકુશ અનિલ નદીના જળને હસાવતો પટાવતો હતો.

આ સાધુને આસપાસનાં મનુષ્યો શ્રદ્ધાથી ચાહતાં. તેની રીતભાત અતિ સાદી હતી. ભગવા જાડા વેલાની સાદડી તેના બીછાનાની ગરજ સારતી, પણ ભાગ્યેજ તે તેનો ઉપયોગ કરતો. ઝરણાંના કાંઠાની રેતાળ જમીન અને લીલી પ્રોવાળું વિસ્તૃત મેદાન ઘણી વખત તેનાં બીછાનાં તરીકે વપરાતાં. તેનો ખોરાક એવો હતો કે ભાગ્યેજ તેને દેવતા સળગાવવાની જરૂર પડે. ઉનાળામાં તાજાં વીણેલા ફૂલો ઉપર તેનો નિર્વાહ ચાલતો અને બીજી

ઋતુઓમાં સુકવેલાં ફળો તેના ખોરાક તરીકે વપરાતાં. નજીકનાં નિર્મળ ઝરણથી તે પોતાની તૃષા છીપાવતો.

પહેલી નજરે જોતાં તેનો દેખાવ સામાન્ય અને ઓછી પ્રસન્નતાવાળો ભાસતો, પણ વધારે નિકટ નિરિક્ષણ કરતાં તેની આડંબર રહીત સાદાઇ નીચે ડહાપણ અને સદ્‌ગુણનાં પ્રબળ ચિન્હો પ્રત્યક્ષ થતાં. વળી તેનામાં એક એવી અકથ્ય ઉત્કૃષ્ટતા હતી કે જે એકી વખતેજ પુજ્યભાવને પ્રસન્નતા ઉત્પન્ન કરતી હતી. તેની દાઢી, ઉગી હતી તેવી ને તેવીજ, ટાપટીપ વિનાની લાંબી હતી. વાળ બરફ જેવા સફેદ હતા. દ્રષ્ટિ ચિત્તભેદક, પ્રભાવશાળી ને દ્રઢ હતી. બોલવું વિચારયુક્ત અને અસરકારક હતું. ઉપદેશ આપવાની છટા સાદી તોપણ મનોહર હતી.

શીલાપરના મૃગચર્મ પર આસન કરેલા તેના શરીરનો થોડો ભાગ વલ્કલથી આચ્છાદિત હતો. આપણા કસરતબાજ પહેલવાનો અને મલ્લો કરતાં વિશેષ પુષ્ટ સ્નાયુ અને બળવાળાં હાથ ઉપરથી તેની તન્દુરસ્તી જણાઇ આવતી હતી. પ્રબળ રીતે પુજ્યભાવ ને પ્રીતિ ઉત્પન્ન કરે એવા ઉત્તમ આચાર ને આકારનો તે સાધુ હતો.

તેનું વ્યાખ્યાન જો કે ગંભીર ને સાદું હતું તોપણ તેમાં એક પ્રકારનો ઓજસ્ અને સપ્રમાણતા હતાં, તે અલૌકિક જણાતાં હતાં. તે જે કહેતો તે ટુંકું બંધ બેસતું અને લાગણીવાળું હતું. જુદા જુદા સ્વભાવવાળા માણસો સાથે વાતચીતનો પ્રસંગ પડતો ત્યારે સામાનું મન રાખવાની શક્તિ અને સુસ્વભાવથી સત્ય પ્રતિપાદન કરવાની એક પ્રકારની વર્ણનીય યુક્તિ પણ તેનામાં હતી. દુનિયાંથી દરેક રીતે તે દૂર હતો, છતાં ગુણનો બદલો વાળવાની શક્તિ તે ધરાવતો હતો.

પરોપકાર ને દેશ બાંધવોની સેવામાં તેને ખાસ પ્રીતિ હતી. માતૃભૂમિની ઉન્નતિ માટે હમેશાં તે પ્રયત્નશાલી હતો. કોન્ગ્રેસ અને સંસારસુધારા પરિષદ્‌માં ઉત્સાહથી ભાગ લેતો. શીલતા ને પરોપકારનો પ્રભાવ તેના ચહેરા પર પ્રકાશી નીકળતો. તે યુવાન નહોતો, છતાં આ અવસ્થામાં પણ તેના ગાલ સુરખીથી ભરેલા હતા. સ્વદેશ સેવા માટે પ્રાણની પણ દરકાર રાખતો નહિ. સમાધિ વખતે પરમાત્માની પ્રતિમા સાથે માતૃભૂમિની મૂર્તિનાં તેને દર્શન થતાં. **દેશ સેવા તેનો જીવનમંત્ર હતો.**

શરૂઆતમાં જણાવ્યા મુજબ સાધુ અને યુવક જુદી જુદી શીલા પર બેઠા હતા. આસપાસનો વિશાળ પ્રદેશ, ગગન મંડળ ભેદીને જનારી ટેકરીઓ, ખુશનુમા ખીણો, અને ગીરના ગીચ જંગલથી શોભી રહ્યો હતો. સુન્દર વેલીઓથી પર્ણકુટી છવાઇ ગઇ હતી. આસપાસનાં નાનાં ઝરણાંઓ મનોહર કલરવ કરતાં પરસ્પર ગુંથાઇ ગયેલી છોડોમાં બીડોમાં થઇને આમ તેમ વહેતાં હતાં. તેનાં બિલોર જેવાં પારદર્શક અને સ્વચ્છ જળથી શોભામાં વૃદ્ધિ થતી હતી. પર્ણકુટીની આસપાસ કુદરતે જે લીલી જાજમ બીછાવી હતી, તે જાત જાતનાં રંગબેરંગી ફુલોથી શણગારાયલી હતી, અને ત્યાંથી નજીકમાંજ અમૃત જેવાં ફળો આપે એવાં વૃક્ષોનું ઝુંડ આવી રહ્યું હતું. ફરતી ટેકરીઓ, અને પર્વતનાં શીખરો, તેના ઉપર જે આસમાની ધુમ્મસ બમ્યા કરતો હતો, તેમાં છુપાયલાં હતાં; અને તેમાંનાં કેટલાંક પરસ્પર જેની શાખાઓ ગુંથાયલી હતી અને તોરણની માફક નીચે લટકતી હતી, એવી લતાઓથી આચ્છાદિત હતાં.

"બેટા! તીર્થયાત્રા પૂર્ણ થઈ?" ઉપરના દૃશ્ય તરફ નજર ફેરવતા તરુણને ગુરુના એ પ્રશ્ને જાગ્રત કર્યો.

યુવક—હા! ભગવન!

સાધુ—પણ તારો વિષાદમય ચહેરો કહે છે કે તું શાંતિ મેળવી શક્યો નથી.

યુવક—દેવથી શું અજાણ્યું હોય?

સાધુ—ત્યારે શા નિશ્ચય પર આવ્યો છે!

યુવક—"મહારાજ! માનવંતી ગણાતી યુનીવર્સીટીની ડીગ્રી મેળવ્યા છતાં મનનું સમાધાન થયું નહિ. પિતાની અતુલ ધનસંપત્તિએ સંતોષ આપ્યો નથી. જુદા જુદા ધર્મોના સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો, પણ ચિત્તશાંતિ પ્રાપ્ત થઈ નહિ. જુદા જુદા ધર્મગુરૂઓનો બોધ પથ્થર પર પાણી જેવોજ નિવડ્યો, અને તીર્થયાત્રા પણ સાત્વિક શાંતિ ન આપી શકી. ઉપરાંત દેશાટણમાં દુનિયાંનાં કેટલાંક એવાં દ્રશ્ય નજરે પડયાં, કે જેથી હૃદય વિશેષખિન્ન થયું.. અને હવે હું આ કલુષિત દુનિયાંનો સર્વ પ્રકારનો સંબંધ છોડવાનુંજ ઇચ્છું છું. હેર! હમણાં સંયુક્ત પ્રાંતના દુકાળમાં મારા દેશ બાંધવો ઉપર પડતાં સંકટો જોઇ શકાતાં નથી." બોલતાંજ યુવકનો સાદ અતિ શોકને લીધે ધીમો પડી ગયો.

સાધુ—બચ્ચા! શાંત થા. સ્વસ્થ થા.

યુવક—"મહારાજ! શાંત-સ્વસ્થ શી રીતે થાઉં? ઘણાં વર્ષો વીતી ગયાં, છતાં મૃત્યુ પથારી પરના માતાના શબ્દોના હજુ પણ ભણકારા વાગે છે. મ્હારી બાળ આકૃતિ તરફ જોતી માતા પ્રભુને વિનવતી કે "પ્રભુ! આ બાળક મારૂં નહિ, પણ હિન્દમૈયાનુંજ છે. હું તો માત્ર તેની ધાત્રીજ છું. ભારતદેવીની કીર્તિ ઉજાગવાની-તેનીજ સેવા કરવાની સદ્‌બુદ્ધિ તેને આપો. કદાચ તેનો સંભવ નજ હોય, તો હમણાંજ તેને તારા ચરણમાં બોલાવી લે. હિન્દમૈયાની પુત્રી, સ્વદેશ માટે કંઈ કરી શકતો નથી એના પુત્ર વિના વાંઝણી રહેવાનુંજ વિશેષ પસંદ કરે છે." પછી તેના અશક્ત હાથોવતી મારા ગાલો અને માથું પંપાળતી, અને કહેતી "બેટા! હિંદમૈયાની સેવા માટે પ્રાણ પણ કુરબાન કરજે." મહારાજ! મ્હારાથી માતૃભૂમિ માટે હજુ સુધી કંઇ બની શક્યું છે? શી રીતે શાંત

સાધુ—વત્સ ! ભગવી કંથામાંજ સાધુત્વ મનાતું હોય તો, તારી એ માન્યતા બરાબર નથી. ભગવી કંથા ધારીને દેશસેવા શી રીતે કરીશ ? મ્હારે સ્પષ્ટ શબ્દોમાંજ કહેવું જોઇએ કે માત્ર ભગવી કંથાથી તું કદી પણ તારો દેશસેવાનો શુભ ઉદ્દેશ પાર પાડી શકીશ નહિ.

યુવક—પ્રભુ ! ક્ષમા કરો. પણ સત્યની સામે અપરાધ કરવા કરતાં આપને પ્રસન્ન કરવાનો આનંદ પ્રાપ્ત કરવાની હું ના પાડું, તો આપ વધારે ખુશી થશો. આપ ગમે તેમ માનો, પણ મ્હને તો ખાત્રીજ છે કે ભગવી કંથા ધારી હું મારા દેશનું સર્વ પ્રકારનું શ્રેય કરી શકીશ. પ્રાચીન સમયમાં તપ કરીને, પ્રભુને પ્રસન્ન કરીને, વર મેળવી અશક્ય બાબતોને પણ શક્ય બનાવનાર ઋષિ-મુનિઓનાં દૃષ્ટાંતો આપેજ મ્હને ધર્મ પુસ્તકોમાંથી નથી શીખવ્યાં ? એવીજ રીતે દેહકષ્ટ કરી, અનેક પ્રકારના સખત તપથી પ્રભુને પ્રસન્ન કરી વરદાન મેળવીશ; અને તે વરદાન એવું મેળવીશ, કે જેથી ભારતમાતા અને તેનાં સંતાનોની આધિ, વ્યાધિ, અને ઉપાધિ દૂર થઈ તેમનું સર્વ પ્રકારનું શ્રેય થાય.

દેવ ! માતૃભૂમિની અવદશા જોઇ શકાતી નથી. દેશને માટે છેલ્લે 'કમળ પૂજા' કરીને પ્રભુને પ્રસન્ન કરવામાં પણ આપનો બાળક પાછો નહિજ હઠે, તે ખાત્રીથી માનજો.

સાધુ—બચ્ચા ! માતૃભૂમિ પ્રત્યે તો તારો પ્રેમ પ્રશંસાયુક્ત છે, અને દરેક ભારતસંતાનનાં મુખમાં એજ શબ્દો શોભે. છતાં પણ એ નિવૃત્તિમય અને તપમય જીવનથી વરદાન મેળવવાનો સમય વિતિ ગયો છે. માતૃભૂમિની ઉન્નતિ માટે અને દેશ બાંધવોના શ્રેયને માટે ઇચ્છાજ હોય તો હવે તો એક જુદાજ પ્રકારના તપની જરૂર છે. પ્રવૃત્તિમય જીવન સ્વીકાર, અને કર્મક્ષેત્રમાં ઝંપલાવ. એ વિના સિદ્ધી નથી.

યુવક—દેવ ! માતૃભૂમિની અવનતિ જોઈ ઘેલો બનેલો, એવો હું કર્તવ્યનો વિચાર કરી શકતો નથી-ઇલાજ શોધી શકતો નથી.

સાધુ—બચ્ચા ! દેશસેવાના કાર્યમાં ઉમદા રીતે કર્તવ્ય બજાવતી એકાદ જાહેર સંસ્થામાં દાખલ થઈ જા. એવી સંસ્થા હિન્દમાં પુના શહેરમાં ઈ. સ. ૧૯૦૫ માં, સાદી રહેણી ને ઉચ્ચ કરણીવાળા, અને જેણે પોતાનું જીવન સ્વદેશ ભક્તિમાં લીન થઇ દરિદ્રતા, અને જ્ઞાનની યજ્ઞવેદીમાં હોમ્યું છે, એવા પુજ્ય **મહાશય ગોખલેના** વડીલપણા નીચે સ્થાપન થઈ છે. જેમાં અર્વાચિન સમયના ઋષિઓની પેઠે નિવૃત્તિથી પ્રભુભજન કરી મોક્ષની આકાંક્ષા રાખી માત્ર પોતાનો સ્વાર્થ સાધવાને બદલે-સ્વાર્થત્યાગ કરી, ઉચ્ચ પ્રવૃત્તિમય જીવન સ્વીકારી, દેશસેવાનો ધર્મ ઉત્તમ રીતે તેઓ બજાવી રહ્યા છે. આ સંસ્થા **"સર્વન્ટસ ઑફ ઈન્ડિયા સોસાયટી" (-હિન્દ સેવક સમાજ)** એ નામથી ઓળખાય છે. એ સોસાયટીમાં દાખલ થવાથી દેશસેવાનો તારો ઉમદો ઉદ્દેશ પાર પડશે. દેશના સર્વ સામાન્ય હક્કનું રક્ષણ કરી તેને આબાદ કરવો, એ આ સોસાયટીનો ઉમદા અને ઉદાર આશય છે.

યુવક—મહારાજ ! એ સોસાયટી હાલ ક્યાં પુનામાં કામ કરે છે ?

સાધુ—હા ! સોસાયટીનું મધ્ય મથક પુના શહેરમાં છે. તેનું ત્યાંનું મકાન ઉંચી નીચી ટેકરીઓના કુદરતી દેખાવની વચ્ચે, એક ઉંચા ટેકરા પર આવેલું છે. મકાન સાદું પણ સગવડવાળું છે. આસપાસ નાનો બાગ પણ છે. ઉપરાંત ઈ. સ. ૧૯૧૧ થી (૧) **મુંબઈમાં,** અને (૨) **મંદ્રાસમાં,** એમ તેની બે શાખાઓ ખુલી મુકવામાં આવી છે. ત્યાર

પછી ઇ. સ. ૧૯૧૨ માં (૩) નાગપુરમાં, અને ઇ. સ. ૧૯૧૩ માં (૪) અલાહાબાદમાં તેની શાખાઓ ઉઘડી છે. દરેક શાખા પોતપોતાના પ્રાંતની જરૂરીઆતો, અને મુસ્કેલીઓ ધ્યાનમાં લઇ, શક્તિ અનુસાર શાખાના મુખ્ય કાર્યવાહક અને અનુભવી સભાસદોની સલાહ અનુસાર વહીવટ ચલાવે છે.

૧. મુંબઇની શાખા—ઇ. સ. ૧૯૧૧ માં શરૂઆત તરીકે આ શાખા ગીરગામના લત્તામાં ભાડેના મકાનમાં ખોલવામાં આવી હતી. પણ હાલ તે શાખા પોતાનું મકાન ધરાવે છે. ચર્નિરોડ અને સેન્ડહર્સ્ટરોડના સંગમ ઉપર સોસાયટીએ ત્રણ માળનું મકાન બંધાવ્યું છે. હાલ તુરતને માટે ભોંય તળીયું ને પહેલો માળ ભાડે આપાયાં છે. બીજો ત્રીજો માળ સોસાયટીનાં કાર્યો માટે વપરાય છે. બીજે માળે એક સોસાયટીનું પુસ્તકાલય છે. લગભગ બસો ત્રણસો માણસ બેસી શકે એવડું દીવાનખાનું છે. તે ઉપરાંત સભાસદો અને શિક્ષણ લેતા સભાસદોને માટે જગ્યા છે. પાછળના ભાગમાં પાંચચો છસો માણસોનો સમાસ થાય, એવી વ્યાખ્યાન કરવા માટે વિશાળ અગાસી છે. જેની નજીકમાંજ ફરતી લાઇબ્રેરીઓનાં સાધનો છે. ત્રીજે માળ સભાસદોને રહેવાને જગ્યા અને બીજી શાખાઓમાંથી પ્રસંગોપાત આવેલા અતિથિઓને ઉતારાની જગ્યા છે. વખતોવખત સમાજહિતનાં કાર્યો માટે આ શાખા પોતાના મકાનનો ભાગ વાપરવા આપે છે.

૨. મદ્રાસ—આ શાખા પણ પહેલાં ભાડેના મકાનમાં ખુલી હતી, પરંતુ તેના ઉત્સાહી કાર્યવાહકોએ ઉઘરાણું કરી રૂપિયા તેર હજારનું મકાન હાલ સોસાયટી માટે માઉન્ટરોડ ઉપર ખરીદ્યું છે.

૩. નાગપુર—આ શાખા હજુ ભાડાના મકાનમાંજ કામ કરે છે.

૪. અલાહાબાદ—આ શાખા પણ હજુ પોતાની માલેકીનું મકાન ધરાવતી નથી. છેલ્લી બન્ને શાખાઓ પોતપોતાને માટે મકાનની સગવડમાં છે.

યુવક—મહારાજ! સોસાયટીનું બંધારણ શું છે?

સાધુ—સોસાયટીના સભાસદોના મુખ્ય ત્રણ વર્ગ પાડવામાં આવ્યા છે. (૧) મુખ્ય સભાસદ, (૨) સામાન્ય સભાસદ, અને (૩) શિક્ષણ લેતા સભાસદો. સોસાયટીમાં ત્રણ સામાન્ય સભાસદોની એક કાઉન્સીલ (મંડળી) છે. તે મુખ્ય સભાસદને ખાસ મદદ કરે છે. આ કાઉન્સીલના સભાસદોની પસંદગી સોસાયટીના સર્વ સભાસદોની બહુમતીથી થાય છે. હાલ કાયમના સભાસદો ચાર અને બીજા એકવીસ સભાસદો છે. આ સભાસદો ભિન્ન ભિન્ન જ્ઞાતિના અને ભિન્ન ભિન્ન પ્રાંતોના છે. તેમાં એક મુસલમાન બન્ધુ પણ છે. માત્ર પારસી લોકો કે જેઓ દરેક કાર્યમાં આગળ પડતા છે, તેઓમાંનો કોઇ આ ઉત્તમ સંસ્થામાં હજુ સુધી નથી. હાલના સભાસદોમાં અઢાર ગ્રેજ્યુએટ છે.

યુવક—મહારાજ! સભાસદ થવાનું ધોરણ શું છે?

સાધુ—બેટા! જેઓના હૃદયમાં સ્વદેશપ્રીતિ જડ ઘાલીને બેઠી છે, અને તેને પરિણામે માતૃભૂમિની સેવા એજ જેનો જીવનમંત્ર છે, અને દરેક માતૃભૂમિનાં સંતાન હિંદવાસીઓ તરફ નાતજાતના ભેદવિના જેનો અંતઃકરણથી ભ્રાતૃભાવ છે, અને સેવાના કાર્યમાં જે કદી પણ જ્ઞાતિ જાતિનો ભેદ રાખતો નથી, અને ધર્મના સર્વ મતમતાંતરો દૂર કરી, સ્વદેશસેવા સ્વીકારે છે તેજ આ સોસાયટીમાં દાખલ થઈ શકે છે. દરેક સભાસદને

સોસાયટી તરફથી ખર્ચપૂરતી અમુક રકમ મળે છે, અને તે મળતી રકમ ઉપરજ તેણે સંપુર્ણ સંતોષ રાખી દેશસેવામાંજ પોતાની સર્વ શક્તિનો ઉપયોગ કરવાનો હોય છે. કોઇ પણ રીતે તેનાથી બીજી રીતે દ્રવ્ય ઉત્પન્ન કરી પોતાના અંગત ઉપયોગમાં લઈ શકાતું નથી. કદાચ એવી રીતે દ્રવ્ય મેળવી શકાય છે, તો તે દ્રવ્ય સોસાયટીની માલીકીનુંજ ગણાય છે.

યુવક—દેવ! વ્યવસ્થા ઉત્તમજ છે. સોસાયટીનો અંતિમ હેતુ-ઉદ્દેશ શું છે?

સાધુ—સોસાયટીનો ઉદ્દેશ નીચે મુજબ છે. (૧) ઈશ્વર ઈચ્છાથી નિર્માણ થયેલા ઇંગ્લીશ રાજ્યનો સ્વીકાર કરવો. રાજ્યભક્ત બનીને, માતૃભૂમિનાં સંતાનોના ઉદય માટે જે જે પ્રયાસોની જરૂર પડે તે પ્રયાસો કરી બ્રીટીશ મુગટ નીચેજ સ્વરાજ્ય પ્રાપ્ત કરવું. (૨) પ્રજાકિય જીવનના વિકાસ માટે સર્વ સ્થિતિ તપાસવી જરૂરની છે. અને તે તપાસમાં અમુક સમય વિતે એ સ્વાભાવિક છે. કારણ કે સંગીન પ્રગતિ કરવા માટે મનુષ્યનું ચારિત્ર અને બુદ્ધિ ખીલવવાની જરૂર છે, એમ સોસાયટી માને છે. (૩) આ સંસ્થાનું કાર્ય સામાન્ય, અને સર્વને માટે છે. એટલે કે સેવા કરવામાં જાતિ, ધર્મ, કે પક્ષનો કદી પણ વિચાર લાવવાનો નથી.

યુવક—પ્રભુ! સભાસદોના શિક્ષણ માટે શી વ્યવસ્થા છે?

સાધુ—જ્યારે કોઇ પણ સભાસદ સોસાયટીમાં દાખલ થાય છે; ત્યારે શરૂઆતનાં પાંચ વર્ષ તેને ખાસ અભ્યાસમાં ગાળવાનાં હોય છે. આ પાંચ વર્ષમાં પહેલાં ચાર વર્ષ ઘણું કરીને વાંચવા લખવામાંજ ગાળવાનાં હોય છે. ત્યાર પછી સભાસદો અંદર અંદર પોતપોતામાંજ ભિન્ન ભિન્ન વિષયોની લેખી ચર્ચા ચલાવે છે, અને ઑન. ગોખલે સાહેબ તથા બીજા આગેવાન સભાસદો નિયમિત વ્યાખ્યાન આપે છે. ઉપર પ્રમાણે સામાન્ય શિક્ષણ પૂર્ણ થયા પછી દરેકને અમુક જુદો વિષય ખાસ અભ્યાસ માટે અપાય છે, તે ઉપરાંત સભાસદોએ પ્રસંગોપાત મુસાફરી કરવાની હોય છે, અને જરૂરીઆતે દૂરના દેશોમાં પણ જવું પડે છે. આ બધો વખત સભાસદ શિક્ષણ લેતા સભાસદમાંજ ગણાય છે, કારણ કે તે સઘળો વખત તેને નવું નવું શીખવાનું-જાણવાનું હોય છે. ઉપર મુજબ પાંચ વર્ષ શિક્ષણમાં ગાળ્યા પછી તેને કામ સોંપવામાં આવે છે.

પાંચ વર્ષનું નિયમિત શિક્ષણ પુરૂં થયા પછી, સભાસદ એકાદ વિષયનો ખાસ અભ્યાસ કરે છે; અને ત્યાર પછી તે બાબત વ્યાખ્યાનો આપે છે, મોંએ ચર્ચાઓ ચલાવે છે, અને તે વિષયમાં લોકમત કેળવવા માટે માસિકો અને વર્તમાનપત્રોમાં લેખો લખી તે દ્વારા પોતાના વિચારો જનસમુહમાં ફેલાવે છે. વખતે તે વિષયો પર નાની ચોપડીઓ પણ બહાર પાડે છે. તેઓ વખતે જુદી જુદી સંસ્થાઓ ખોલે છે. અને તે દ્વારા કાર્ય કરી બતાવી જનસમાજમાં સોસાયટીની પ્રતિષ્ઠાનો ઉચ્ચ મત બેસારે છે. ઘણી વખત સભાસદો મળતાવડા સ્વભાવથી સમાજમાં ભળી જઇને પોતાના મતમાં લોકોને કેળવે છે. કેટલીક વખત પુરૂષો અથવા સ્ત્રીઓની મંડળી સ્થાપે છે, અને તેમાં માત્ર કામ કરનાર તરીકેજ રહે છે. સભાસદોનો ઉદ્દેશ એ છે કે દેશ બાંધવોની શારીરિક, માનસિક, અને આધ્યાત્મિક શક્તિઓનો વિકાસ થાય, અને તેથી તેઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રહીને તેને માટે પ્રયત્ન કરી રહ્યા છે. વળી સભાસદોને માટે ખાસ-ધન્યવાદની બાબત એ છે કે દરેક સભાસદ પોતાના સુકાર્યમાં મચ્યા રહે છે. માન-કીર્તિ માટે અપેક્ષા રાખતા નથી. નામદાર સરકારની સોસાયટી તરફ સહાનુભૂતિ છે, અને અન્ય કોમ પણ સોસાયટી તરફ મીઠી નજરે જુએ છે.

યુવક—મહારાજ ! સોસાયટીનો કાર્યક્રમ શું છે ?

સાધુ—બચ્ચા ! પોતાના ઉચ્ચ આદર્શોને અનુસરીનેજ સોસાયટીએ પોતાનો કાર્યક્રમ નક્કી કર્યો છે. પોતાના ઉદ્દેશોને અનુસરીને (૧) રાજકીય કેળવણી તથા (૨) દેશબાંધવોની નૈતિક અને માનસિક ઉન્નતિ એવા બે વિભાગ પાડવામાં આવ્યા છે. આમાં સ્ત્રી કેળવણી, ગ્રામ્ય જનોની તન્દુરસ્તી જાળવવાનું કામ, નુકશાનકારક રૂઢીઓ દૂર કરી સંસાર સુધારાનાં કાર્યો, સમાજ સેવાનાં કાર્યો, વગેરેનો સમાવેશ થાય છે. વળી દુષ્કાળના વખતમાં આ સોસાયટી લોકો તથા ઢોરોને ઘાસચારાની મદદ આપી અગત્યની ફરજ બજાવી પરોપકારી સંસ્થા તરીકેનું નામ સાર્થક કરે છે. ઉપરાંત ભરતખંડ કૃષીને લાયકનોજ દેશ છે, અને ખેડુતોને સગવડ કરી આપવામાં આવે તો તેઓ કાચું સોનું નિપજાવી શકે, એ વિચારી સોસાયટી ખેતીવાડી તરફ પૂરતું લક્ષ આપે છે. અને તેમાં જોઈતા સુધારા વધારા કરવાની કોશીષ કરે છે. અજ્ઞાન અને અસ્પર્શ્ય કોમને પણ આ સોસાયટીએ વિસારી નથી. તેમના શિક્ષણને માટે, અને તેમની સ્થિતિ સુધરે, તે માટે પણ સોસાયટી પ્રયત્નશાલી રહે છે. ઉપર લખેલાં દરેક કાર્યને માટે સભાસદો અંદર અંદર ચર્ચા કરે છે, ફેલાવો પામેલાં વર્તમાનપત્રોમાં પોતાના વિચારો દર્શાવે છે, વ્યાખ્યાનો આપે છે, અને કાર્ય માટે કોશીષ કર્યા કરે છે.

યુવાન—સમાજમાં હાલ કોણ કોણ દાખલ થયેલા છે ?

સાધુ—ઈ. સ. ૧૯૦૫ ના જુન માસમાં જ્યારે આ સોસાયટી પુના મધ્યે સ્થાપન થઈ, ત્યારે તેમાં માત્ર ચાર જણજ હતા. ૧. ઑન. ગોપાલ કૃષ્ણ ગોખલે, બી. એ. સી. આઈ. ઈ. (૨) શ્રીયુત ગોપાળ કૃષ્ણ દેવધર એમ. એ., (૩) શ્રીયુત નરેશ અપ્પાજી દ્રાવડ એમ. એ., અને (૪) શ્રીયુત અનંત વિનાયક પટવર્ધનઃ એ ચાર ગૃહસ્થોની કાયદાસર સંસ્થા સ્થાપવામાં આવી હતી. ત્યાર પછી તથા શરૂઆતના સભાસદો ક્યારે જોડાયા તે તથા તેના હોદ્દા વગેરે નીચે મુજબ છે.

મુખ્ય સભાસદ.

ઑન. મી. ગોપાળ કૃષ્ણ ગોખલે, બી. એ., સી. આઇ. ઈ. સ્થાપક-મૂળ સભ્ય (ઈ. સ. ૧૯૦૫).

સોસાઇટીની મુંબઈની શાખાના સભ્યો.

મી. ગોપાળ કૃષ્ણ દેવધર એમ. એ. મુખ્ય સભાસદ૦ (૧૯૦૫) મુંબઈની શાખાની સંસ્થાની "કાઉનસીલ"ના સભ્ય પણ છે.

મી. શ્રીધર ગણેશ વઝે. બી. એ. સભાસદ (ઈ. સ. ૧૯૦૬). મુંબઇ.

મી. નારાયણ મલ્હાર જોશી. બી. એ. સભાસદ૦ મુંબઇ. મુંબઈની શાખામાં અગ્રણ પડતો ભાગ લે છે, અને "સોસીઅલ સરવીસ લીગ" ચલાવવામાં ખાસ પ્રયાસ કરે છે

મી. અમૃતલાલ વી૦ ઠક્કર એલ. સી. ઇ., સભાસદ, (૧૯૧૪) મુંબઈ

ડૉ૦ હ૦ સ૦ દેવ, એલ. એમ. એન્ડ એસ., સભાસદ, (૧૯૧૪) મુંબઈ.

મી. શંકર મહેશ આપ્ટે. સહાયકર્તા સભાસદ, (૧૯૧૨) મુંબઈ.

મી. કેશવદાસ જે. ચિતલીયા. નોકરદાર, (૧૯૧૪) મુંબઈ.

સોસાઇટીની મદ્રાસની શાખાના સભ્યો.

ઓન. મી. વી. એસ. શ્રી નિવાસ શાસ્ત્રી બી. એ. એલ. ટી. મુખ્ય સભાસદ, (૧૯૦૭). મદ્રાસની સંસ્થાની "કૌનસીલ"માં સભ્ય પણ છે.

મી. એન. રંગનાથમ્ નઈડુ. બી. એ. સભાસદ, (૧૯૦૮) મદ્રાસ.

મી. વી. વ્યંકટ સુબૈયા બી. એ. સભાસદ, (૧૯૧૧) મદ્રાસ.

મી. ટી. એ. કૃષ્ણમૂર્તિ આયર. સહાયકારી સભાસદ, (૧૯૧૩) મદ્રાસ.

સોસાઇટીની નાગપુરની શાખાના સભ્યો.

મી. ન૦ અ૦ દ્રવિડ એમ. એ., મુખ્ય સભાસદ, (૧૯૦૫) નાગપુર.

મી. લક્ષ્મણ વિઠ્ઠલ ડૈકીની એલ. એ. જી. સભાસદ, (૧૯૦૮) નાગપુર.

સોસાઇટીની અલાહાબાદની શાખાના સભ્યો.

મી. હૃદયનાથ કુંઝરૂ, બી. એ., બી. એસ. સી., મુખ્ય સભાસદ, (૧૯૧૦) અલાહાબાદ.

મી. કૃષ્ણપ્રસાદ કઉલ બી. એ. સભાસદ, (૧૯૧૦) અલાહાબાદ.

મી. વેંકટેશ નારાયણ તિવારી એમ. એ. સભાસદ, (૧૯૧૨) અલાહાબાદ.

મી. અમૂલ્યકુમાર બસુ સભાસદ, (૧૯૦૬) અલાહાબાદ.

સોસાઇટીના પુનાના સેન્ટરમાંના સભ્યો.

મી. અનંત વિ. પટવર્ધન બી. એ. મુખ્ય સભાસદ, (૧૯૦૫) પુના, તેઓ સંસ્થાની ...સિલ"ના સભ્ય પણ છે.

મી. ચિંતામણ સખારામ દેવલે. બી. એ. સભાસદ, (૧૯૧૦) પુના.

મી. વિઠ્ઠલ હરિ બર્વે. સભાસદ, (૧૯૦૫) પુના.

મી. બાપુજી માર્તંડ આગ્ભેકર. જોડીદાર, (૧૯૧૦) પુના.

મી. દત્તાત્રય વાસુદેવ આગ્ભેકર. જોડીદાર, (૧૯૧૦) પુના.

હાલ આફ્રિકાની રણભૂમિમાં સત્યાગ્રહની લડતમાં પ્રખ્યાત થયેલા, ભારત માતાને દીપાવનાર, લોકમાન્ય શ્રીયુત **મોહનલાલ કરમચંદ ગાંધી** થોડા સમયમાંજ સોસાયટીમાં દાખલ થાય એવો ચોક્સ સંભવ છે. આ સોનું અને સુગંધ મળવા જેવુંજ થશે, દૂધમાં સાકરજ ભળશે, એટલે સોસાયટી વિશેષ કાર્ય કરવા શક્તિવાન્ થશે.

ભારત માતાની કરોડોથી ગણાતી પ્રજામાં તેની સેવા અર્થે ઉપરની સંખ્યા અલબત ઓછી ગણાય, અતિ જુજ કહેવાય. પરંતુ સોસાયટી ગમે તેવો કચરો દાખલ કરી સોસાયટીના સભાસદોની સંખ્યા વધારવાનો લોભ ન રાખતાં, માત્ર યોગ્ય મનુષ્યનેજ દાખલ કરવાનું પસંદ કરે છે, એ પ્રસંશાપાત્રજ છે. લાયકાત વિનાની મોટી સંખ્યા કરતાં, લાયકાત વાળી જુજ સંખ્યા સોસાયટીનું વિશેષ ગૌરવ જાળવી શકે, એ દેખીતું છે.

યુવક—મહારાજ ! સોસાયટી હસ્તક આજસુધી કયાં સુકાર્યો થયાં છે ?

સાધુ—બેટા ! સોસાયટીએ ઘણાં સંગીન કાર્યો કર્યાં છે, જે નીચે મુજબ છેઃ—

૧. પ્રાથમિક કેળવણીનો હિન્દમાં પ્રસાર કરવાને લોકમાન્ય ઓન. ગોખલેએ નામદાર વાઇસરોયની "કૌનસીલ"માં જે કેળવણીનું બીલ દાખલ કર્યું હતું, તે વખતે

સોસાયટીના સભાસદોએ ખાસ મહેનત કરી લોકમત કેળવવા દેશમાં ઠેકઠેકાણે જાહેર સભાઓ ભરી વ્યાખ્યાનો આપ્યાં હતાં, અને મ્યુનિસિપાલ અને લોકલ સંસ્થાઓના અભિપ્રાયો મેળવ્યા હતા.

૨. મદ્રાસ, અને અલ્લાહાબાદમાં સોસાયટીની શાખાઓ તરફથી પ્રાથમિક કેળવણીની સમાજો સ્થાપન કરવામાં આવી છે.

૩. બ્રિટીશ કોંગ્રેસ કમિટિ તરફથી હિંદના લાભાર્થે નીકળતા "ઈન્ડીયા" નામના પત્રનો ફેલાવો કરવા, સભાસદોએ દરેક પ્રાંતમાં મુસાફરી કરી હતી.

૪. કોંગ્રેસની બેઠકની વ્યવસ્થા કરવા માટે, તેમજ "પ્રાંતિક કોંગ્રેસ કમિટિ" ઉભી કરવામાં, સોસાયટી નિયમિત સહાય આપી કાર્ય કરે છે; અને કોંગ્રેસ સંબંધી વર્તમાનપત્ર દ્વારા લોકમત કેળવવાનું કાર્ય પણ કેટલાક ઉત્સાહી સભાસદોએ ઉપાડી લીધું છે.

૫. મદ્રાસની શાખાના કાર્યવાહક શ્રીનિવાસ શાસ્ત્રી, જે મદ્રાસની "કૌનસીલ" માં સરકાર તરફથી નીમાયા છે, તેઓ બીન સરકારી સભાસદોને ધારાસભામાં ઉઠતા પ્રશ્નોની સમજુતી આપવામાં ખાસ મદદ કરે છે.

૬. સોસાયટીના એક સભાસદ વરાડ પ્રાન્તમાં લોકલબોર્ડના સભાસદ નિમાયા છે.

૭. સભાસદો જુદા જુદા વિષયોનો ખાસ અભ્યાસ કરીને, વ્યાખ્યાનો આપે છે, અને કોઈ જરૂરી બાબત માટે સરકારને વિનતિપત્ર પણ મોકલે છે.

૮. દક્ષિણ આફ્રિકામાં આપણા દેશબાંધવો તરફ ત્યાંના વતનીઓ તરફથી થતા અમાનુષિ વર્તન સંબંધી હિંદ હિતૈષી મી૦ પોલાક હિંદ આવ્યા, ત્યારે તેમને મદદ આપવા, અને ત્યાં સંકટ સહેતા દેશ બાંધવોને મદદ કરવા માટે ફંડ એકઠું કરાવવામાં, અને તે બાબત લોકમત કેળવવા માટે સભાસદોએ પ્રસંશાપાત્ર કાર્ય બજાવ્યું હતું.

૯. સ્ત્રી કેળવણીના ફેલાવા માટે ન્યાયમૂર્તિ રાનડેનાં પત્નિ દેવી રમાબાઇની મદદથી સોસાયટીએ કેટલાંક સુકાર્યો કર્યાં છે. પુનામાં સેવાસદનની શાખા ખોલી, તેમાં સ્ત્રીઓના વર્ગો, ઔદ્યોગિક વર્ગો, સુતિકા અને ઉપચારિકાના વર્ગો, અને સ્ત્રીશિક્ષકોના વર્ગો ખોલવામાં આવ્યા છે, અને સ્ત્રીઓને ભારતવાસીઓના સંકટોમાં મદદ કરવા માટે સેવીકાઓ તરીકે તૈયાર કરવામાં આવેછે; સિવાય મુંબઇમાં પણ સ્ત્રી શિક્ષણ વર્ગો ખોલ્યા છે.

૧૦. હિન્દની ભૂમિ કૃષિને માટે ઉત્તમ છે, એમ ધારીને સભાસદોએ વારંવાર ગામડાઓમાં મુસાફરી કરીને ખેડુતોમાં ઉપદેશ દ્વારા કેટલીક અગત્યની સુચનાઓ આપી હતી, અને તે ઉદ્દેશને વળગી રહીને સોસાયટીના એક સભાસદ હાલ ખેતીની ઉન્નતિ માટે એક પત્ર કાઢે છે.

૧૧. અરસપરસ સહાય કરવા માટે મુંબઈ, મદ્રાસ ને વરાડની શાખાઓના સભાસદોએ ખાસ અભ્યાસ કરી "કોઑપરેટીવ સોસાયટી"ની યોજના કરી છે. અને અત્યાર સુધીમાં તેવી ઘણી સોસાયટિ ખોલી છે જેનું કામ જોસભેર ચાલી રહ્યું છે.

૧૨. મુંબઇની શાખાના સભાસદો, મુંબઈ "હોલિકા સંમેલન"માં ખાસ મહેનત લે છે, અને સારાં મનુષ્યને ન છાજતું હલકા પ્રકારનું વર્તન દૂર કરી, સંગીત, હરિકથા વગેરે દ્વારા

ઉચ્ચ આનંદ લોકોને આપવાનો પ્રયાસ કરે છે. તે કાર્ય ત્રણ વર્ષથી શરૂ થયું છે, અને તેમાં સારો વિજય મળ્યો છે.

૧૩. સોસાયટીના સભાસદોની મહેનતથી "સોસીઅલ સરવીસ લીગ" નામની એક સંસ્થા મુંબઈમાં સ્થપાઇ છે. તે વિદ્યાવૃદ્ધિ, લોકોને વાંચન પુરૂ પાડવું, ગરીબોની આરોગ્યતા, ગૃહ ઉપચાર, તાત્કાલિક વૈદક મદદ વગેરે બાબતમાં લોક સેવાનું ઉત્તમ કાર્ય લીગ બજાવી રહી છે.

૧૪. ઈ. સ. ૧૯૦૭ માં પુનામાં "પ્લેગ રીલીફ કમિટિ" સ્થાપવામાં આવી છે. જેના પ્રમુખ ઓન. ગોખલે અને મંત્રી મી. દેવધર છે. આ કમિટિએ પ્લેગની રસી મફત મૂકવાનું, અને તેથી થતા ફાયદા લોકોને સમજાવવાનું કાર્ય સારી રીતે બજાવ્યું છે. આ કમિટિએ પહેલા વર્ષમાંજ એટલું ઉત્તમ કાર્ય બજાવ્યું હતું કે હેની કદર સરકારી ગેઝેટમાં તેનું કાર્ય પ્રસિદ્ધ કરીને કરવામાં આવી હતી.

૧૫. ગરીબ અને અજ્ઞાન ગામડીઆ લોકોને મદદ આપવાના શુભ ઉદ્દેશથી મી. દેવધરે એક યોજના ઘડી ગામડીઆઓને મદદ કરવા એક મંડળી સ્થાપી છે, જેનું નામ "મિસ નાઇટીંગેલ વીલેજ સેનીટેશન કમિટિ" છે.

૧૬. સલુમ્બ્રાની આગના હૃદયભેદક બનાવને વખતે, મુંબઈની શાખાના સભાસદોએ અતિ ઉત્તમ સેવા બજાવી હતી, અને તેમાં નિરાધાર થયેલાંને મદદ કરવાની યોજના ઘડી લગભગ સો માણસને પાંચ વર્ષ સુધી મદદ આપવાની ગોઠવણ કરી હતી.

૧૭. બેંગાલ ને બિહારમાં ભયંકર રેલના ભોગ થઈ પડેલા દેશ બાંધવો માટે ઉત્તર હિંદની શાખાએ એક સારી રકમ એકઠી કરી, તેને મદદ માટે મોકલી આપી હતી.

૧૮. વાઇસિરોય લોર્ડ હાર્ડિંજના જન્મ દિવસની ખુશાલીમાં મુંબઈમાં બાલોત્સવ ઉજવવાની જે ગોઠવણ થઇ હતી, તેમાં લગભગ પાંચસો સ્કૂલમાં અભ્યાસ કરતાં ૭૦૦૦૦ બાળકોનો આનંદ ઉત્સવ નિર્વિઘ્ને પસાર કરાવવામાં સોસાયટીએ ખાસ મદદ આપી હતી.

૧૯. ગુજરાત-કાઠિયાવાડના છેલ્લા દુકાળ વખતે સમાજની અમુલ્ય સેવા બજાવી હતી. વાડીઆ ચેરીટીસના માનવંતા ટ્રસ્ટી સાહેબોએ એ દુકાળ માટે એક લાખ રૂપિઆ સોસાઇટીના સભાસદો હસ્તક ખર્ચ થવા મંજુર કર્યા હતા, અને તેની વ્યવસ્થા માટે સોસાઇટીની મદદ માગવામાં આવી હતી. સોસાયટીએ હેની નીચે મુજબ વ્યવસ્થા કરી હતી. (૧) દુકાળ સંબંધી માહિતી મેળવવી, (૨) લોકો તથા ઢોર માટે ફંડ એકઠું કરવું, (૩) મધ્યપ્રાંત અને સંયુક્ત પ્રાંતો કે જે દુકાળથી મુક્ત હતા ત્યાંથી સસ્તે ભાવે ઘાસ ખરીદી ગુજરાત-કાઠિયાવાડમાં જરૂરીઆતવાળા જગ્યાએ મોકલી આપવું, તથા (૪) દુકાળ માટે કાર્ય કરતી બીજી સ્થાનિક કમિટિઓને મદદ આપવી. ઉપરની વ્યવસ્થાથી સારી સરળતા થઈ હતી, અને સોસાયટીને યશ મળ્યો હતો. જો કે સોસાયટીએ તો માત્ર કર્તવ્ય બુદ્ધિથીજ આ અનુપમ સેવા બજાવી હતી.

૨૦. અહમદનગરના દુકાળ વખતે બીન સરકારી દુકાળ સંકટ નિવારણ કામોમાં સોસાયટીએ સારૂં કાર્ય કર્યું હતું. મુંબઈમાં એક "કમિટિ" સ્થાપી ફંડ એકઠું કરી બે હજાર ઢોરનું રક્ષણ કર્યું હતું.

૨૧. બસુબીલ વખતે લોકમત કેળવવામાં સભાસદોએ સારી મહેનત લીધી હતી.
૨૨. છેલ્લી સત્યાગ્રહની દક્ષિણ આફ્રિકાની લડત વખતે પણ લોકમત કેળવવા પ્રયાસ થયો હતો. અને ફંડ એકઠું કરવા સભાસદોએ પુષ્કળ પ્રયત્ન કર્યો હતો.
૨૩. ચાલુ સાલમાં સંયુક્ત પ્રાંતમાં દુકાળ સંબંધી કાર્ય કરવા માટે સોસાયટીએ સભાસદો મોકલ્યા હતા. જેઓ પોતાનું કામ સંતોષકારક બજાવી હમણાંજ મુંબઈ પાછા ફર્યા છે.

વત્સ! ઉપર પ્રમાણેની સોસાયટીની દેશબાંધવો માટેની અનુપમ સેવાઓ છે. તે જાણ્યા પછી ક્યાં માતૃભૂમિના સંતાનને સોસાયટી તરફ માનની લાગણી ઉત્પન્ન નહિ થાય?

યુવક—દેવ! આ સોસાયટી દેશસેવાના મન્દીર જેવીજ ગણાય. સોસાયટીને માટે બીજું જાણવા જેવું શું છે?

સાધુ—પુના અને મુંબઈના મુખ્ય સભાસદો વર્તમાનપત્રોને સહાયતા આપે છે. મરાઠીમાં પ્રકટ થતું "જ્ઞાન પ્રકાશ" નામનું પત્ર તેઓ ચલાવે છે. મદ્રાસની શાખાના મુખ્ય સભાસદ જુદાં જુદાં વર્તમાન પત્રમાં લખે છે. નાગપુરની શાખાના મુખ્ય સભાસદ ઇગ્લીશમાં પ્રકટ થતું "હિતવાદ" નામનું પત્ર ચલાવે છે. અને અલ્હાબાદના મુખ્ય સભાસદ હિંદી ભાષામાં પ્રકટ થતા "મર્યાદા" નામના પત્રમાં લખાણ કરે છે, અને તેના હિત માટે દેખરેખ રાખે છે. તે ઉપરાંત સોસાયટી તરફથી પોતાનાં કાર્ય માટે એક ખાસ માસિક કહાડવામાં આવ્યું છે.

વળી સોસાયટીના મકાન માંહેનાં સભાસદોના ગૃહની સાથે એક પુસ્તકાલયની ગોઠવણ કરવામાં આવી છે, જેનો ઉપયોગ સભાસદો કરે છે. સોસાયટીનાં અને સભાસદોનાં કાર્યમાં મદદરૂપ થઈ પડે એવાંજ, અને બીજાં જરૂરી પુસ્તકો તેમાં રાખવામાં આવે છે. પુસ્તકોની પસંદગી ખાસ વિચારપૂર્વક કરવામાં આવે છે. સરકાર તેમજ પાર્લામેંટનાં કાર્યોની સમજ આપે એવા રીપોર્ટો પણ પુસ્તકાલયમાં સંગ્રહ કરવામાં આવે છે. સભાસદોને પોતાનાં કાર્યોમાં આ પુસ્તકાલય મદદ રૂપ થઇ પડે છે.

૫૦૦૦) રૂપિયા લવાજમ મળતું. અને તે શ્રીયુત ગોખલે તરફથી સોસાયટીનેજ અર્પણ થતી. આવડી મોટી રકમ દરેક વખતે સેવાને માર્ગે વાપરવી એ કેવી સ્તુત્ય અને અનુકરણિય પરોપકારવૃત્તિ ! દેશભક્તિ !

ભરતખંડમાં અનેક સંસ્થાઓ પોતાની શાખાંઓ ફેલાવવા યત્ન કરે છે, તેમ આ સોસાયટી પોતાની શાખા વધારવા ઇચ્છે, એ સ્વાભાવિક છે. પરંતુ સોસાયટીની આર્થિક સ્થિતિ નબળી છે, અને સભાસદોની સંખ્યા અતિ જુજ છે. તેથી થોડો વધારે વખત અનુકુળ સંજોગો માટે રાહ જોવાય એ દેખીતું છે.

યુવાન—મહારાજ ! સોસાયટી બીજી મુશ્કેલીઓથી તો દૂર છે ને ?

સાધુ—બેટા ! સોસાયટી આક્ષેપોથી મુક્ત નથી. જેમ દરેક સારાં કાર્યોમાં પ્રથમ ટીકાઓ સહન કરવી પડે છે, તેમ સોસાયટીને પણ છે. સોસાયટી તરફ પહેલો આક્ષેપ એ મૂકાય છે કે-"સર્વન્ટસ ઓફ ઇન્ડીયા સોસાયટી" એકી વખતે અનેક કાર્યો ઉપાડે છે, જેથી તેમાંનું એકે કાર્ય સારૂં થતું નથી. આ બાબતમાં નિષ્પક્ષપાતપણે જોવાય તો માલુમ પડશે કે સભાસદોએ ઉપાડી લીધેલાં લોકહિતનાં કાર્યોમાં તેમના મિત્રોએ સહાય આપી છે. ભારત માતાની પ્રજાનું શ્રેય થાય એવાં દરેક કાર્યમાં સભાસદોએ તન મન ને ધનની બની શકતી સર્વ મદદ આપવી એ સોસાયટીના દરેક સભાસદની પ્રતિજ્ઞા છે. અને તે પ્રતિજ્ઞાનું ઉત્તમ રીતે થયેલું પાલન તેનાં સુકાર્યો દર્શાવે છે.

બીજો આક્ષેપ એવો કહેવાય છે, કે જનસેવાની વૃત્તિ જાગવાને હજી બે ચાર દાયકાની વાર છે. પરંતુ સોસાયટીની બાલ્યાવસ્થામાંજ જનસમાજે તેને જે આદરથી વધાવી લીધી છે, અને લોક હિતનાં કાર્યોમાં સોસાયટીની જે સહાયતા લોકો તરફથી મગાય છે, તે પરથી આ બીજો આક્ષેપ પણ ઉડી જાય છે.

ત્રીજો આક્ષેપ એવો મૂકાય છે, કે આ સોસાયટી એક હથ્થુજ દરેક કાર્ય કરશે, કારણ કે તે સરકારની મદદથી કાર્ય કરે છે. સોસાયટીને સરકારની મદદ છે, એ ખરૂં પણ તેની અંતરૂભાવના દેશસેવાજ છે; અને તેનાં ઘણાં કાર્યોમાં દેખાઇ આવ્યું છે, કે સરકારની મદદ સ્વીકાર્યા છતાં, તેણે લોકહિતનાં કાર્યો ઉપર પ્રથમ લક્ષ આપ્યું છે; અને મર્યાદામાં રહીને પોતાના સ્વતંત્ર વિચારો, સ્વમાન, અને ભારતમાતાના સંતાનોની આવશ્યક્તાનું કદીએ વિસ્મરણ કર્યું નથી. સરકારની સાથે મળીને દેશસેવા કરવી, એ કોઇ રીતે હાનિકારક નથી. ઉલટું તેથી તો સેવાનું કામ અધિક ફળદાતા થઇ શકે છે.

યુવક—મહારાજ ! સોસાયટી માટે મ્હેં જેટલું જાણ્યું, તેટલાથી તેના તરફ અતિ પુજ્યભાવ ને માન ઉત્પન્ન થાય છે. આવી ઉપયોગી અને પરોપકારી સંસ્થાને ઘટતી મદદ આપવી, એ દરેક ભારત સંતાનનો ધર્મ-અગત્યની પહેલી ફરજ છે. **દરેક વિચારવંત દેશપ્રેમી ભારતવાસી દરવર્ષે પોતાની આવકનો અમુક અંશ (દાખલા તરીકે-પચાસમો અથવા સોમો ભાગ પણ) આ સોસાયટીને અર્પણ કરે, તો સોસાયટીની આર્થિક સ્થિતિ સુધરી જાય, અને તેથી તે વિશેષ લોકહિતનાં કાર્યો કરવા શક્તિવંત બને; અને પરિણામે સમસ્ત ભારતની ઘણી મુશ્કેલીઓ દૂર થાય.**

સાધુ—અચ્છા ! તારી માન્યતા વાસ્તવિક છે. એવો પણ સમય થોડા વખતમાંજ આવશે, એવા ભારતની પ્રજાનાં ઉદાર હૃદય અને વ્યવહારિક બુદ્ધિનો મ્હને વિશ્વાસ છે.

યુવક—મહારાજ! વીગતવાર હકીકત સમજાવી મ્હને આભારી કર્યો. હું તે સોસાયટીમાં વગર વિલંબે જોડાઇશ. પરંતુ દેવ! અમૃતની તૃપ્તિ હોતી નથી. હજી પણ આપનો પ્રોત્સાહક બોધ જે મ્હારા કર્તવ્ય ક્ષેત્રમાં મ્હને માર્ગદર્શક થઇ પડે અને જીવન આદર્શ થઇ પડે તે સાંભળવા આકાંક્ષા છે.

સાધુ—તારા કર્મક્ષેત્રમાં તને મદદરૂપ અને માર્ગદર્શક થઇ પડે, એવાં વિદ્વાન, ઉત્તમ, અને માયાળુ મગજો અને હૃદયો સોસાયટીની સેવામાં રોકાયલાં છે, જેમની સહાય ત્હારી તે તૃષા તૃપ્ત કરશે; છતાં પણ ત્હારી તીવ્ર જિજ્ઞાસા છે તો સાંભળ.

બચ્ચા! સોસાયટીએ ઉત્તમ કાર્ય કર્યું છે અને કરે છે. હજી ઘણાં કાર્યો એવાં છે કે જેમાં સોસાયટીની મદદ ઉત્તમ પરિણામ લાવી શકે. જેમકે—સ્ત્રી કેળવણીને અંગે—સ્ત્રીઓની તન્દુરસ્તી અને તેની શારીરિક કેળવણી, સ્ત્રીઓની અણઘટતી પરતંત્રતા, સ્ત્રીઓનું યુવાન વયમાં વધી ગયેલું મરણ પ્રમાણ તથા તેનાં કારણો, કન્યા કેળવણી તથા સ્ત્રીશિક્ષણ કેવું હોવું જોઇએ, હાલના સ્ત્રીશિક્ષણની ખામીઓ, સ્ત્રીઓમાં વાંચનનો શોખ શી રીતે ઉત્પન્ન કરવો, વાંચનનાં શુભ સાધનો શી રીતે પુરાં પાડવાં, આ વગેરે સ્ત્રીજીવનના વિકાસ અને ઉદ્ધારના મહા પ્રશ્નો માટે **ભારતનો સ્ત્રી વર્ગ આવી ઉત્તમ સંસ્થા તરફ આશાની દૃષ્ટિથી જુએ** તો તે અસ્થાને તો નજ ગણાય.

ગ્રામ્ય જનોની તન્દુરસ્તી સંબંધે—સ્વચ્છતાના લાભ, ઉકરડા દૂર નખાવવાની ગોઠવણ, ગામડાંની અંદરના ખાડા ખાબોચીયાં પુરાવવાની ગોઠવણ, કે જેથી મલેરીઆની ધાસ્તી ઓછી થાય, નિયમિતપણું, સાદાં અને સસ્તાં ઔષધોનો પ્રમાણસર ઉપયોગ, વગેરે બાબતો પર વ્યાખ્યાનો આપી, ગામડાંઓની મુલાકાત લઇ, એ કાર્યમાં વિશેષ વિજય મેળવી શકાય.

દિનપ્રતિદીન અતિ વધતી જતી મોંઘવારી, કે જે ભારતપ્રજાનું લોહી ચૂસી લે છે, તે તરફ જેમ બને તેમ વેળાસર દૃષ્ટી ફેરવવાથી સોસાયટીએ કરેલાં અનેક ઉપયોગી કાર્યોમાં ખાસ ઉપયોગી કાર્ય કરેલું ગણાશે. કપાસ અને એવુંજ બીજું વાવેતર પ્રમાણમાં ઓછું કરી, અનાજનું વાવેતર વધારવાથી, અને હિંદના લોકોને ખાસ જરૂરના હોય, એવા નિકાસ થતા માલ પર જગાત નંખાવવાની ગોઠવણ કરવાથી, કેટલેક અંશે મોંઘવારી ઓછી થવા સંભવ છે, એમ માની શકાય.

બેટા! લક્ષમાં રાખજે કે **ઐક્યમાંજ તમારો વિજય છે—શ્રેય છે.** ઉછરતા જમાનામાં નિર્દોષ સાદાઇ જાળવી રાખવાનો, મહેનતુને આસક્તિ બનાવવાનો, અને તેજ વખતે તેઓને પોતાની, કુટુંબની, અને માતૃભૂમિની આબરૂ વિશેની લાગણી ઉત્પન્ન કરે એવી સમજ ફેલાવવાનો પ્રયાસ કરજે. વળી યુવાન મનુષ્યોને અતિ મજબુત બનાવનારી કસરતની ટેવ પાડવા માટે અને કુદરતની અતિ ઉદાર બક્ષીસો જેથી નિરોપયોગી થઈ પડી છે એવી જનાની નાજુકાઈ અને પ્રમાદમાંથી દેશબાંધવોને બચાવવાના ઇલાજ યોજજે. બચ્ચા! નીતિરીતિની સામાન્ય ખરાબી અટકાવવાને, સહુથી સમર્થ ઉપાય તરીકે, યોગ્ય ઉમરે લોકો લગ્ન કરે, અને પોતાના સ્વાર્થી હેતુ કે ખાસ કારણ સિવાય કુમારાપણું ન ઇચ્છે, એ લોકોના મનપર ઉતારજે.

નિર્માલ્ય ગાયનોની જગ્યાએ, સત્યતા, પ્રમાણિકતા, ધીરતા, સ્વદેશ વત્સલતા, વગેરે અનેક મહા ગુણોનાં પ્રાચીન પૂર્વજોનાં ગાયન સાંભળવાનો શોખ પ્રજામાં ઉત્પન્ન કરજે, કે જેથી બાળકો, કે જે આપણી ભવિષ્યની આશા અને અને પ્રતિષ્ઠા છે, તેના હૃદયમાં કીર્તિની ઇચ્છા પ્રદિપ્ત થાય, અને વીરપુરૂષોને છાજે એવા ઉત્તમ ગુણોનાં આચરણ કરવાને ઉત્તેજીત થાય.

ઉપરાંત દેશને માટે દેશનાં બાળકોની આરોગ્યતા, કરકસર, અને તન મનનાં બળ એ કીમતી વસ્તુ છે. સદ્‌ગુણ પ્રતિ પ્રેમ, પ્રભુનો ભય, પાડોશી પ્રતિ શુભેચ્છા, મિત્રો માટે લાગણી, દુનિયાં પ્રત્યે પ્રમાણિકતા, સંપત્તિમાં ક્ષમા ને ઉદારતા, વિપત્તિમાં ધૈર્ય, દરેક સ્થિતિમાં સત્યવર્તનની હિમ્મત, અને ખુશામતનો વાજબી તીરસ્કાર, એ ગુણો દેશનાં બાળકોમાં ખીલવવા યત્ન કરજે. આરોગ્ય, શક્તિ, હિમ્મત, કુટુંબમાં જંપસંપ, પ્રજાની સ્વતંત્રતા, દેશની જરૂરીઆતની ચીજોનો પૂરતો જથ્થો, અને તેનાં દેશમાં કારખાનાં, ઉદ્યોગની ટેવ, આળસનો ધીક્કાર, કાયદાને તાબે રહેવું, સદ્‌ગુણની સ્પર્ધા, માતપિતા ને વડીલોની પૂર્ણ ભક્તિ, અને સ્વધર્મમાં દૃઢ આસ્થા એવા સદ્‌ગુણો હિંદ બાળકમાં આવે એવી કોશીષ કરજે.

કોઇપણ પ્રકારની આકાંક્ષા સિવાય, સર્વે પ્રકારના મતમતાંતરો દૂર કરી અથવા તે તરફ સમભાવ રાખી, પ્રભુપ્રિત્યે, ફળ ઇશ્વિરાધિન છોડી, માત્ર કર્તવ્યમાંજ લક્ષ્ય રાખજે.

તારી જાતને, તારા દેશને, સોસાયટીને, અને સોસાયટીના પૂજ્યપિતા મહર્ષી ગોખલે કે જે ભરતખંડ ઉપરાંત દુનિયામાં પણ પ્રસંશા પામેલા છે તેને વફાદાર રહેજે."

યુવક કે જે સાધુનો ડહાપણ ભરેલો ઉપદેશ આનંદ ને આતુરતાથી લક્ષપૂર્વક સાંભળતો તો, તેણે ઉભા થઇને સાધુના ચરણમાં મસ્તક નમાવ્યું. સાધુએ મસ્તકપર મમતાથી હાથ રેવતાં આશીષ આપી ને કહ્યું:—

"બેટા ! માતૃભૂમિનું કલ્યાણ, તેમાંજ તારૂં કલ્યાણ છે. માટે કહું છું—આશીષ આપું છું કે માતૃભૂમિનું કલ્યાણ થાઓ. દુનિયાના દૂરના દૂર દેશોમાં દરેક દરેક ખુણામાં તમારી સોસાયટીની, તેનાં ઉમદા કાર્યોથી કીર્તિ ફેલાઓ અને દેવાલયમાં થતા ધુપની માફક તમારી સોસાયટીની નિઃસ્વાર્થ પણ અનુકરણિય અને અતિ પ્રસંશાપાત્ર સેવાઓથી સમગ્ર દેશમાં શાંતિ પ્રસરો. ન્યાય અને સઘળા વાજબી કાયદાઓને સંપૂર્ણ માન આપી સુકાર્યોથી તમારા દેશની પ્રતિષ્ઠા વધારો."

ધીમો અનિલ વાયો, અને સાધુ તથા યુવકના શીર પર વેલીઓ દ્વારા કુદરતે પુષ્પવૃષ્ટી કરી.

યુવક હૃદયની સત્ય દૃઢતાથી બોલ્યો:—"ભગવાન ! આપના ચરણપર હાથ મૂકી આજ દૃઢ પ્રતિજ્ઞા લઉં છું, કે મૃત્યુ મ્હારી છેલ્લામાં છેલ્લી શક્તિ નાશ કરશે, ત્યાં સુધી હું માતૃભૂમિ અને તેનાં સંતાનોની સેવા કરીશ."

સાધુનાં વિશાળ નેત્રોમાં ઉંડો સંતોષ પ્રકાશ્યો. સાધુની આજ્ઞા લઈ મુંબઈ જઇ, સોસાયટીના સભ્યની દિક્ષા લઇ, પોતાના કર્તવ્યમાં લાગવા માટે યુવકે તે પુણ્યસ્થાન છોડ્યું. પહેલે પગલેજ તે ગણગણ્યો કે:—

".ભારતની ભાવી ભવ્યઆશા, તારામાંજ અમારી છે;
મરણ સુધી તુજ મહીમા ગાવા, મેં ઉર આશા ધારી છે."

समाज-साहित्य-विज्ञान.

'હિન્દુ સ્ત્રી સંસાર.'

લેખકઃ સ્વર્ગસ્થ ગં૦ સ્વ૦ હીરાબ્હેન મથુરભાઈ—બુવાલડી.

['હિન્દુ સ્ત્રી સંસાર': આ વિષય ઉપર સૌ. चंचल चंदुलाल देसाइ सीरीझने અંગે ડૉ. ચંદુલાલ અંબાલાલ દેસાઇ, એલ. એમ. એન્ડ એસ. તરફથી ગયા ઑક્ટોબરના "સુન્દરી સુબોધ," માં રૂ. ૨૫ નું ઇનામ જાહેર થયું હતું. આવેલા નિબંધો પૈકી રા. સન્મુખલાલ ઝવેરીલાલ (મુંબાઇ). એઓના નિબંધને માટે રૂ. ૨૦ અને સ્વર્ગસ્થ ગં. સ્વ. હીરા બ્હેન મથુરભાઇ (બુવાલડી) એમના નિબંધને માટે રૂ. ૫ આપવાનો નિર્ણય થયો હતો. બ્હેન હીરા બ્હેનને આ ઇનામ ઉપરાંત સુન્દરી સુબોધ મન્દિર તરફથી રૂ. ૫ નાં વાંચવા લાયક પુસ્તકો પણ આપવા ઠરાવવામાં આવ્યું હતું. સદરહૂ નિબંધોમાંથી પ્હેલો મે–જુનના અંકમાં પ્રકટ કરવામાં આવ્યો છે અને બીજો આ અંકમાં પ્રકટ કરવામાં આવે છે. —તન્ત્રિ—સુ. સુ.]

પ્રસ્તાવનઃ હિન્દમાં અનેક રાજ્યોની ફેરફારીને લઇ રૂઢીઓમાં અને રીતિ રિવાજોમાં ઉત્તરોત્તર ફેરફાર થયા છે. સાંપ્રત સમયમાં હિન્દુ સ્ત્રીઓનું જે

સાંપ્રત હિન્દની સ્થિતિ.

સાંસારિક દુઃખ નજરે પડે છે, તે આર્ય સ્ત્રીઓનાં પ્રાચીન વૃત્તાન્તો વાંચનારને ઘણીજ દિલગીરી ઉપજાવે છે. જે હિન્દ એક વેળા સુધારાની ટોચ પર હતું, જ્યાંના વતનીઓ એક વેળા સાંસારિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિમાં દુનિયાના સઘળા દેશોમાં શ્રેષ્ટ પદવી ભોગવતા હતા; અને જ્યાંની સ્ત્રીઓ (મૈત્રેયી, ગાર્ગી, વગેરે) વેદાન્ત જ્ઞાનમાં પણ પારંગત હતી; એજ હિન્દ આજે રૂઢીની જબરી શીલા તળે દબાયું છે. જ્યાં સુધારાનો સૂર્ય પ્રકાશ આપતો હતો ત્યાં આજે અંધકાર ફેલાવતી રાત્રી થઈ છે; અને અંધારાના અભ્યાસકો ચળકતા તારાઓ જેવા થોડા સુધારાને ચંદ્ર માની હરખાય છે. હાલ કેટલાક વિભાગોમાં, કેટલીક જ્ઞાતીઓમાં અને થોડાં એક મંડળોમાં સંસાર સુધારાની ઉષાનું અજવાળું થવા માંડયું છે ખરું, પણ આંખો બંધ રાખી બેસી રહેનારને એ ઉદય પામતા અરૂણની મીઠી મઝા મળેજ નહિ. જેઓ હજુ બંધનકારક દુઃખકર રિવાજો તજતા નથી, જેઓ "બાપના કુવામાંજ બુડી મરવાનું" પસંદ કરે છે અને જેઓ સ્ત્રીકેળવણી ઉપર વાગ્બાણો મારનારા તથા ત્હેના વિરોધી છેઃ તેવા અંધ માણસો આગળ આરસી ધરવાનો શ્રમ વૃથા જેવોજ છે!

હાલનો હિન્દુ સ્ત્રીઓનો સંસાર ઘણોજ કઢંગો થઇ પડયો છે. એક પણ ઘર એવું નહિ હોય કે જ્યાં ઘરનાં માણસોને કંકાસ ન થયો હોય!—

હિન્દનો દુઃખી સંસાર.

અર્થાત્ "ઘેર ઘેર માટીના ચુલા" પેઠે સર્વત્ર અણબનાવ નજરે પડે છે. કેળવાએલી સુઘડ કુળ-વધૂ સાસુ–નણંદના જુલમથી એકાંતમાં અશ્રુ વર્ષાવતી હોય છે, જ્યારે કોઈ કોઈ ઠેકાણે પુત્રવધુના સંતાપથી દુઃખી થતી સાસુઓ પોતાનો ઓશીઆળો અવતાર માની રડતી હોય છે. કોઈ ઠેકાણે પુરૂષ પત્નીના સ્વભાવથી કંટાળી સંસાર તજતો હોય છે, ત્યારે કેટલેક સ્થળે સ્ત્રી પતિના દુઃખથી આપ-

ઘાત કરવા કુવો-હવાડો કરતી નજરે પડે છે! આ દુર્દશાનું ખરૂં કારણ અજ્ઞાનજ છે. **ખરી કેળવણીના અભાવેજ સ્ત્રીઓનો સંસાર અધમતાને પામ્યો છે.** જ્યાં કન્યા કેળવણી નથી, જ્યાં માતાઓ અશિક્ષિત હોવાથી સંતાનને શિક્ષણ આપવામાં અશક્ત છે, જ્યાં સ્ત્રીઓને કેવળ દાસી માનવામાં આવે છે, જ્યાં તેઓને ઉંચા જ્ઞાનથી વિમુખ રાખવામાં આવે છે, જ્યાં બાળલગ્ન છે, જ્યાં પરતંત્રતા છે, અને જ્યાં અજ્ઞાન-અધમ પતિના હાથમાં તેમને મૂકવામાં આવે છે, ત્યાં સુખી સંસારની આશા ક્યાંથી રખાય? બાવળના ઝાડથી કેરીનું ફળ મળવાનુંજ નહિ!

આપણી પડતીનાં કારણો. જે સમયમાં હિન્દમાં કાયદાઓ કે કોઈ સારાં પુસ્તકો નહોતાં તે સમયમાં ભગવાન મનુએ "માનવધર્મશાસ્ત્ર" (મનુસ્મૃતિ) રચ્યું અને તેમાં કહેલો ધર્મ તથા નીતિ પળાવા લાગ્યાં. આવા ઉત્તમ પુસ્તકના અભ્યાસથી અને તે પ્રમાણે વર્તનથીજ હિન્દુઓ તે વખતના બીજા લોકો કરતાં વધારે ઉન્નત હતા. કાળક્રમે હિન્દમાં મુસલમાની રાજ્ય થયું, જ્ઞાતી બંધનો દૃઢ થયાં, સ્ત્રીઓને ઓઝલમાં રાખવાનો રિવાજ શરૂ થયો, સ્ત્રી કેળવણી બંધ થઇ, અને એવાં એવાં બીજાં પણ હિન્દુસંસારને અધમ દશામાં મૂકનારાં કારણો ઉપસ્થિત થયાં કે જેને લીધે હિન્દુઓની સાંસારિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિ ખરાબ દશામાં આવી પડી. પુરુષ તેમજ સ્ત્રી બન્નેને મળતી કેળવણી બંધ થઇ અને એ રીતે બીનકેળવાએલાં જોડાંઓ (અને ઘણીવાર કજોડાંઓ)થી હિન્દુ સંસાર એક હાસ્યપ્રદ ફારસ જેવો થઈ ગયો! લોકોમાં વહેમની વૃદ્ધિ થવાથી દુરાચાર, કુસંપ, અધર્મ વગેરે દુર્ગુણોનું જોર વધ્યું, અને આપણો જગતમાં ઉત્તમ ગણાતો દેશ તથા સંસાર અધમ ગણાવા લાગ્યો.

સંસાર સુધારાની શરૂઆત. હિન્દુસંસારની સ્થિતિ જ્યારે આવા પ્રકારની હતી ત્યારે પ્રતાપી બ્રિટિશ રાજ્ય હિન્દમાં થયું. અને હિન્દુઓનું વલણ કાંઇક સુધારા તરફ વળ્યું. ગુજરાતમાં ઈ. સ. ૧૮૨૫ થી લોકોને પરદેશી પ્રજાના ગુણ ગ્રહણ કરવાની ઈચ્છા થઈ. હિન્દુસંસારનું ચિત્ર જાણનાર શ્રીયુત ફાર્બસ સાહેબના ઉપદેશથી ઘણાખરાને પોતાના દોષ સુઝવા સાથે તે ટાળવાનું ભાન થયું. સને ૧૮૪૮ માં 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' તથા એક લાઇબ્રેરી અમદાવાદમાં સ્થપાઇ. અને કવીશ્વર દલપતરામે સુધારા વિષે કાવ્યો રચ્યાં. વળી મુંબઇમાં 'બુદ્ધિવર્ધક સભા' સ્થપાઈ અને 'જ્ઞાન પ્રસારક મંડળી'ના આગેવાનોએ સખ્ત પ્રહાર કરવા માંડયા. કવિ નર્મદાશંકરે સુધારાનો જુસ્સો દાખવતી પોતાની કવિતાઓથી સુરત તથા મુંબઇના લોકોમાં નવો જુસ્સો ઉમેર્યો. આ વખતે પ્રખ્યાત સુધારક કરસનદાસ મુળજીના પ્રયાસથી મુંબઇમાં એક કન્યાશાળા સ્થપાઇ. તથા સુરતમાં પણ ૧૮૫૨ માં એક છોકરીઓની નિશાળ કાઢવામાં આવી. આ રીતે ધીમે ધીમે છોકરાઓની કેળવણી સાથે ગુજરાતમાં કન્યાકેળવણી પણ વધવા લાગી.

હિન્દુસંસાર દૂષણો અને ત્હેના ઉપાયઃ હાલ ઘણાંએક ગામોમાં કન્યાશાળાઓ છે. અને પ્રતિદિન સરકારના સ્તુત્ય પ્રયાસથી વધતી પણ જાય છે. પરંતુ હિન્દુ સ્ત્રીઓનો સંસાર હજુ વખાણવા લાયક નીવડતો નથી તેના થોડા એક રોગો અને એ રોગો ટાળવાના કેટલાક અગત્યના ઉપાય આ નીચે દર્શાવ્યા છે.

'છોડી પરાયું ધન છે,' એમ કહી કેટલાક અજ્ઞાન લોકો કન્યાનો જન્મ થયો ત્યારથીજ તેના તરફ બેદરકાર રહે છે. પુત્રના જન્મ વખતે આનંદ

પુત્રીની જન્મથી અવગણના.

ઉત્સવ વર્તે છે, જ્યારે કન્યાના જન્મથી માબાપને ઉદ્વેગની લાગણી થાય છે. કાઠીઆવાડના ગરાશીઆમાં અને ગુજરાતના પાટીદારોમાં કન્યાને જન્મતાંજ દૂધપીતી કરવાનો-મારી નાંખવાનો પહેલાં રિવાજ હતો. હાલ એવું નથી પણ તિરસ્કાર તો દર્શાવાયજ છે. જન્મથીજ પોતાને માટે દર્શાવાતો તિરસ્કાર જોઈ કન્યાને પોતાના હલકા લોહીનું ભાન રહ્યાં કરે છે. અને માબાપ પાસે લાડ કરવાનું તથા ઇચ્છિત વસ્તુ માગવાનું તેને મન થતું નથી. "પુત્ર કેળવાયાથી એક વ્યક્તિને લાભ થાય છે, પરંતુ પુત્રી કેળવાયાથી અનેક વ્યક્તિને લાભ થાય છે:" એક ફ્રેન્ચ લેખકના એ સૂત્રનો મર્મ અજ્ઞાન માબાપો સમજતાં નથી. અને 'છોડી તો પારકે ઘેર જવાની છે' એમ ગણી ખોરાકમાં, કપડાંમાં અને કેળવણીમાં તેના તરફ તિરસ્કાર દર્શાવે છે. જેટલું ધ્યાન છોકરાને કેળવવા તરફ માતાપિતા આપે છે તેનો ચતુર્થાંશ પણ છોકરીને કેળવવા તરફ આપતાં નથી. પાંચ સાત વર્ષ સુધી તો છોકરીઓ રમતમાં ઢીંગલીઓનો સંસાર ચલાવતાં શીખે છે. અને ગોર્યનાં વ્રતો કરે છે. માનસિક નિર્મળતા માટે ગૌરી પૂજન અને સ્ત્રીનાં વ્રતોનો રિવાજ ઉત્તમ છે; પરંતુ તેમાં દાખલ થઈ ગયેલાં કેટલાંક અશ્લિષ્ટ ગીતો અને રમતો તજવા લાયક છે. રડવા કુટવાનો જે ખરાબ રિવાજ છે, તે આ રમતોમાંથી કેળવાય છે. આવી નિરંકુશ રમતોને બદલે જો કોઈ સારી રમતો શરૂ થાય તો પરિણામે લાભકારી છે. હિન્દુ કન્યાઓ આઠથી બાર વર્ષ સુધીની ઉમરમાં માતાના સહવાસમાં રહી થોડું ઘણું ઘરનું કામ શીખે છે; અને પછી તરતજ લગ્ન કરી સાસરે મોકલે છે. અજ્ઞાન માબાપની પુત્રીઓ આ પ્રમાણે ભણતરથી દૂર રહે છે. પુરુષ સાધારણ રીતે કેળવાએલો હોવાથી કેળવણીને ચાહનારો હોય છે, જ્યારે સ્ત્રી તેથી ઉલટાજ સ્વભાવની હોય છે. ધણી જો છોડીને નિશાળે મૂકવાનો આગ્રહ કરે છે, તો પેલાં ડાહ્યાંબાઈ (!) તરત બબડી ઉઠે છે કે "મારે કાંઈ છોડીને ભણાવીને મહેતી બનાવવી નથી! પાટી ઉપર ધૂળ નહિ નાંખે તોએ શું? છોડીને ક્યાં કમાવા જવું છે! સારૂં પૈસે ટકે સુખી ઘર જોઇશું એટલે બસ." આ રીતે બોલી ઘરમાં કલહ કરી પુરુષના વિચારને હઠાવી દે છે. પૈસાવાળું ઘર જોવામાં બુઢ્ઢાને અગર કન્યાથી નાની ઉમરના મુરતીયાને પસંદ કરે છે; અને કન્યા ભવિષ્યના સુખનો વિચાર નહિ કરતા લાકડે માંકડું વળગાડી દઈ તેને દુ:ખના કુવામાં ઉતારે છે! અને કજોડાના દુ:ખથી બીચારી બાળાનો બધો ભવ બગડે છે. જોગીને અને ભોગીને, પંડિતને અને મૂર્ખને, તથા ઉદ્યોગીને અને આળસુને જેમ પરસ્પર વિરોધ હોય છે, તેમ જ્યાં કેળવણીથી સ્વભાવમાં સમાનતા નથી હોતી, ત્યાં પણ વિરોધજ રહે છે.

અજ્ઞાન માબાપની છોકરીઓ જ્યારે આ રીતે વિદ્યા વિમુખ રહે છે. ત્યારે કાંઇક આર્થિક સારી સ્થિતિ ઉપર આવેલાં-સુધારાનો મિથ્યા ડોળ કરતાં

અર્ધદગ્ધ કુટુંબોની હાલત.

માબાપોની કન્યાઓ બીજીજ રીતે વિદ્યા રહિત રહે છે. છોડી જન્મી કે તરતજ હોળીના હારડા અને દીવાળીની માટલીઓ ખાવાની હોંશથી તેનું વાગ્દાન કરે છે. અને સાત આઠ વર્ષની ઉમરે તેને પરણાવી પણ દે છે! અજ્ઞાત્ સ્ત્રીઓમાં લ્હાવા લેવાનો દુષ્ટ વિચાર નાબુદ ન થાય ત્યાં સુધી ખરો સુધારો થવાનોજ નથી. બાળલગ્નથી કન્યાકેળવણી અટકે છે. જો વર ન્હાની ઉમરનો હોય તો તેઓના

સંસારનું સત્યાનાશ વળે છે. સંસાર ચલાવવો તે કાંમ સહેલું નથી. દ્રવ્યોપાર્જન કરવા પુરુષને અનેક મુસીબતો વેઠવી પડે છે.

બાળલગ્નનું પરિણામ.

છોકરાં-છૈયાંનું ભરણપોષણ કરવા માટે કમાવાની જરૂર છે. પણ વિદ્યા વિના કમાણી સહેલી નથી. બાળલગ્નથી સરસ્વતી મંદિરનો દરવાજો બંધ થાય છે, એટલે કમાણીનું સાધન નષ્ટ થાય છે. રોજગારને માટે ફાંફાં મારવાં પડે છે. અને માંડમાંડ ખર્ચ જેટલું પુરૂં કરી શકે છે. સુભાગ્યે સ્ત્રી જો સારી હોય તો ઠીક, નહિ તો "લાવે તો ખાઉં ને ખવરાવું. પોતાની પહોંચ (શક્તિ) નહોતી ત્યારે પરણ્યો શા માટે?" આવા તિરસ્કારદર્શક શબ્દોથી બીચારાંને આપઘાત કરવા જેવા સમયમાં આવવું પડે છે.

કજોડાંથી થતી હાનિ.

લગ્ન:—"લગ્ન" શબ્દનો અર્થ જોડાવું એવો થાય છે. **સ્ત્રી તેમજ પુરુષ બન્નેએ આચારવિચારમાં એક થવું, તેજ વિવાહનો હેતુ છે.** બાળલગ્નથી આ હેતુ પાર પડતો નથી, સ્વભાવ તથા ગુણમાં ઐક્ય થતું નથી, પ્રીતિની ગાંઠ બંધાતી નથી અને બેદિલીથી સંસાર ચલાવવો પડે છે. પાકાં ફળોની મધુરતા જેમ કાચાં ફળોમાં હોતી નથી, તેમ ન્હાની ઉમરનાં લગ્નથી સંસાર સુખની મીઠાશ જોઇએ તેવી મળતી નથી. સ્ત્રીપુરુષનો બાંધો મજબુત થતો નથી. અને એવાં સ્ત્રી પુરૂષની સંતતિ પણ નિર્માલ્યજ થાય છે. હાલ ઘેર ઘેર પતિ પત્ની વચ્ચે થતા ઝગડાઓમાં આ કારણ બહુધા મુખ્ય હોય છે. સ્નેહની સાંકળ બરાબર નહિ ગુંથાયાથી દુરાચારને પુષ્ટિ મળે છે, ઘરમાં નિત્ય કંકાસ થાય છે, સ્ત્રી ધણીને અને ધણી સ્ત્રીને ન કહેવાનાં વચન કહે છે. અને લોકો જોવા મળે તેવી રીતે વર્તન થાય છે! ઉંચા કુળના મિથ્યા ગર્વથી કેટલીક કોમોમાં કજોડાં થાય છે, જ્યારે દીકરીના દામ લેનાર પણ કજોડાં કરે છે. ગમે તેમ હો, પણ હિન્દુ સ્ત્રીસંસારની ઉન્નતિની ખાતર કજોડાનો-બુઢ્ઢાને બાળકી આપવાનો-મડા સાથે મીંઢળ બાંધવાનો-બાળક સાથે યુવતીનું લગ્ન કરવાનો દુષ્ટ અને ઘાતકી રિવાજ નાબુદ થવોજ જોઇએ.

કજોડાં શાથી થાય છે?

આર્યબાળાઓ ઘણી સહનશીલ હોય છે. માતા પિતા વરને નહિ પણ ઘરને જુએ, કુલીનતાના ખોટા ફંદામાં ફસાય, ઘરની આર્થિક સ્થિતિ સુધારવા તેને કસાઇને ત્યાં વેચે, અને એ રીતે પોતાની સ્વાર્થી ચિતામાં કન્યાને હોમે, તોપણ "પડયું પાનું નીભાવી લેવા"ના ઉદ્દેશથી ગરીબ બાળાઓ જેવા મળે તેવા સ્થળમાં પોતાનું જીવન પસાર કરે છે. સાટાં કે કન્યાવિક્રય, ખોટી કુલીનતા કે માબાપનો સ્વાર્થ, ગમે તે એક કારણથી ગાયની માફક જ્યાં દોરી આપે ત્યાં દીકરીને જવું પડે છે. અને પડતાં દુઃખો સહન કરવાં પડે છે! મનોવ્યથાનાં અસીમ દુઃખ હોય, ત્યાં સંસાર સુખી કેમ સંભવે?

શાળાનું શિક્ષણ.

ઉપર જણાવ્યા પ્રમાણે હિન્દુ કન્યાઓને મુદ્દલ કેળવણી મળતી નથી, અને જેઓને કેળવણી મળે છે તેઓને પણ નિશાળમાં ચાલતા વિષયો-ગણિત, ઇતિહાસ વગેરેનુંજ જ્ઞાન મળે છે. પ્રાથમિક શાળાઓમાં છોકરા તથા છોકરીઓને એકસરખું જ્ઞાન અપાય છે, અને તે પણ પરીક્ષાની તૈયારીને માટેજ અપાય છે. સ્વ. ગોવર્ધનરામભાઇ કહે છે કે "કન્યાઓને વાંચતી

લખતી અને કાંઇક ગણિત ગણતી કરવામાં એ શાળાઓનો અભ્યાસ સમાપ્ત થાય છે!" કન્યાશાળાના શિક્ષણથી કન્યાઓ ભવિષ્યમાં ઉત્તમ સન્નારીઓ નીવડે તેવું શિક્ષણ તો બહુધા આપવામાં નથીજ આવતું. ગૃહકેળવણી, એ શાળા શિક્ષણ ઉપરાંત માબાપ અને શિક્ષકો બન્નેના ઓછાવત્તા દોષને લીધે હિન્દુ કન્યાઓને મળતીજ નથી.

કન્યાંની કેળવણી.

કન્યાકેળવણી સંબંધી આજ સુધી જે બે મત હતા તેને બદલે હાલ સોકે એકે અવાજે તેને પસંદ કરે છે-કરશે. પણ શાળાઓમાં મળતું શિક્ષણ-વાચન અને લેખન-એ ખરી કેળવણી ગણાય નહિ. સ્ત્રીઓમાં બુદ્ધિની ખીલવણી થાય, અનુમાન કરવાની શક્તિ આવે, ધાર્મિક જ્ઞાન દૃઢ થાય, સંગીન શારીરિક કેળવણી મળે અને કર્તવ્યનું ઉંચું જ્ઞાન થાય તેમ થવાની હજુ બહુ જરૂર છે. આવા આવશ્યક ગુણો કન્યકાવસ્થામાં કેળવાતા નથી. માટે તેને કેળવવા એ પુરૂષનું કર્તવ્ય છે. શાળાશિક્ષણથી થોડોજ ફાયદો થાય છે, જ્યારે ગૃહશિક્ષણ ઘણો લાભ કરે છે. જે જનસમાજમાં બાળકો ઉછરે છે, તે સમાજનાં લક્ષણો અને ટેવો તેનામાં બંધાય છે. સ્વ. સાક્ષર બન્ધુ ગોવર્ધનરામભાઇ લીલાવતીના સંબંધમાં લખે છે કે "ત્યાં (શાળામાં) મોકલવા કરતાં ગૃહશિક્ષણ તેને વધારે લાભકારી રીતે આપી શકાશે એમ લાગ્યું." આ ઉપરથી ગૃહશિક્ષણની મહત્તા વધે છે. પરંતુ મ્હારા અનુમાન પ્રમાણે હિંદુઓમાં એવું ઉત્તમ ગૃહશિક્ષણ તો સુધરેલાં કુટુમ્બોમાં પણ મળી શકતું નથી. શાળાશિક્ષણમાં પદ્ધતિનો દોષ કઢાય છે અને ગૃહશિક્ષણમાં સ્ત્રીકેળવણીનો દોષ નીકળે છે. આમ બન્ને દોષોને લીધે હિન્દુ સ્ત્રીઓનો સંસાર અધમ થયો છે.

પ્રેમનું બંધન-વશીકરણ

પ્રેમ:—સંસારમાં સ્થાયી કુટુમ્બ કરવા માટે સ્ત્રી પુરૂષને અમુક બંધનની જરૂર છે. અને પ્રેમનું બંધનજ તેઓને બાંધી શકે છે. માટે સુખીસંસાર બનાવવાને પ્રેમની પ્રથમ આવશ્યકતા છે. સુખમાં, દુઃખમાં તથા સર્વ અવસ્થામાં હૃદય જેને મેળવીને આનંદ પામે છે, અને વૃદ્ધાવસ્થા પણ જેના અધિકપણાને ઓછી કરી શકતી નથી, તેજ **પ્રેમ આ દુનિઆનું જીવન છે.** પ્રેમથીજ હૃદયની એકતા થાય છે, અને પ્રેમજ દ્વેષ, ક્રોધ, સંદેહ વગેરેનો ત્યાગ કરી શ્રદ્ધાને મનમાં સ્થાન આપે છે. જેની ઉપર અશ્રદ્ધા હોય અને જેના સહવાસથી મન સંકોચ પામે તેની સાથે કદી પણ ઐક્ય થાયજ નહિ. સ્ત્રીજાતિ પ્રેમનું ખાસ રહેઠાણ છે. અને **પ્રેમ એજ નારીનું પરમ દૈવત છે.** માતાનો અવર્ણનીય પ્રેમ તો જુઓ! દુનિઆમાં એવું એક પણ દુઃખ નથી કે જે દુઃખ માતા પોતાના બાળકની ખાતર ન સહન કરી શકે! પુત્ર ગમે તેવો દુષ્ટ હોય પરન્તુ માતા તેના દોષ જાણવા છતાં તે જોતી નથી, કોઇના કહ્યા છતાં સાંભળતી નથી, અને પ્રીતિની નિવૃત્તિ કરતી નથી. જેમ માતૃસ્નેહની અવધી નથી તેમ પત્ની પ્રેમની પણ સીમા નથી. સ્ત્રી પોતાના પ્રિયતમની ખાતર ગમે તેવું સાહસ કરવા તૈયાર થાય છે. **પત્નીપ્રેમ સંસારનાં દુઃખ-દર્દોનું કિમતી ઔષધ છે,** એ વાત સર્વને કબુલ કરવીજ પડશે. પુરૂષ જ્યારે બાહેરની ઉપાધીઓથી શોકગ્રસ્ત થઈ ઘેર આવે છે, ત્યારે સ્ત્રીની પ્રેમમયી વાણી તેના અન્તર્દાહને શમાવે છે અને પત્ની દુઃખમાં સમભાગી થઇ તે ઓછું કરે છે. સ્ત્રી અને પુરૂષ વચ્ચે પરસ્પર પ્રેમ-શ્રદ્ધા અને વિશ્વાસ હોય તોજ તે પ્રમાણે થઇ શકે. એક અમેરિકન લેખકે લખ્યું છે કે, "જે લોધાની છોકરી પોતાના ગામની કન્યાશાળાના દરવાજા

આવી હંમેશાં છોકરીઓને પજવતો હતો, તેજ આજ નિશાળનો વખત થઈ રહ્યા પછી દોડતો દોડતો નિશાળના દરવાજા પાસે આવી એક છોકરીને પુસ્તકો બાંધવામાં મદદ કરે છે. અને એ સુકુમાર બાળાનો હુકમ ઉઠાવવા તૈયાર રહે છે." પ્રેમમાં આવું વશીકરણ છે. પરંતુ એવો દિવ્ય સ્નેહ થવો કાંઇ સુલભ નથી. બાળલગ્નથી કે કન્યાવિક્રયથી થતાં કજોડાં બંધ થાય તોજ હિન્દુ સ્ત્રીઓનો સંસાર આવો પ્રેમમય નીવડે એ નિઃસંશય છે.

હિન્દુ સ્ત્રીઓના સંસારનો ખરો ચિતાર અશિક્ષિત વિસ્તૃત કુટુંબોમાંથી મળી આવે છે.

પુત્રવધૂ તરફ વર્તન.

તેવાં કુટુમ્બોમાં તો ઘરનાં માણસોની અયોગ્ય આજ્ઞાનો પણ અમલ કરવો, એ વહુનું કર્તવ્ય મનાય છે. ઘરમાં તેની ગણતરી કરવામાં આવતી નથી. દળવા-ખાંડવાનું અને બીજું ઘરનું તમામ કામ વહુ પાસેથી લેવાય છે. સાસુ-નણંદની તે એક ખરીદ કરેલી દાસી હોય, તેમ તેને તેમનો પડતો બોલ માથે ચડાવવો પડે છે. મહેનત મજુરી કરવા છતાં પેટપુરતું ખાવા મળી શકતું નથી. સહજ વાંક આવતાં તેને બાંડી નાંખવામાં આવે છે. ઘરના કામકાજમાં નજીવી ભૂલો કાઢી, તેનાં માબાપનું અને પીયરનું બુરૂં બોલી છેવટે વહુના વાંકની પુત્ર આગળ ફરીઆદ કરી, બન્ને વચ્ચે કલહ કરાવી તેમના સંસારમાં ઝેર મેળવાય છે! પુરુષ આખો દિવસ ઉદ્યમ માટે ઘરબ્હાર રહેતો હોવાથી કોનો કેટલો વાંક હશે તે જાણી શકતો નથી. માત્ર બે વખત ખાવા માટે તે ઘેર આવે છે, અને તે વખતે તો વહુને કાંઇક બ્હાનું બતાવી સાસુ-નણંદ તેને ઘર બાહેર મોકલે છે. રાંધવાનું કામ વહુને માથે હોય છે. અને સર્વને ખાવા આપવાનું કામ ઘરની વડિલ સ્ત્રી કરે છે. પ્રસંગનો લાભ લઇ વહુની ગેરહાજરીમાં માતા-બ્હેન પુરુષના કાન ભંભેરે છે, અને જ્યારે દંપતી એકઠાં થાય છે ત્યારે માર પછાડ ને કંકાસમાંજ તેમનો સઘળો સમય વ્યતીત થાય છે! સાસુઓ પતિપત્નીના સંસાર સુખના માર્ગમાં ખાસ ઇરાદાપૂર્વક કાંટાની વાડ કરે છે, અને સગાં વહાલામાં તથા ગામ-પરગામમાં તેને હલકી પાડી ભવિષ્યને માટે પ્રતિષ્ઠાહીન બનાવે છે. નિત્યના કંકાસથી, ભૂખમરાથી, મનોવ્યથાથી, કામ કરવાના શ્રમથી અને કાચા કાનના 'માવડીઆ' ધણીના મારથી તે આખરે માંદી પડે છે. અન્ન ઉપર અને સંસાર ઉપર તેને અરુચિ થાય છે અને દિવસે દિવસે તે અતિશય કૃશ બનતી જાય છે. આમ થયાં છતાં, તેના આવા બીમારીપણાને નિર્દય સાસુ નણંદ તરફથી તે સઘળું ઢોંગ માની હસી કાઢવામાં આવે છે, દૈવયોગે આયુષ્યની ક્ષીણતાથી જો તેનું મરણ થાય તો કોઇને શોકની લાગણી થતી નથી. "બાયડી મુઈ અને ઉંદરડી મુઈ!" એ સરખુંજ મનાય છે. ઘરભંગ થયાથી જો કદાચ પુરુષના મનમાં ખેદ થાય તો તેને સ્ત્રીવશ-બાયલો કહી ધીક્કારે છે. અને પતિપત્ની વચ્ચેના પ્રેમખંડનમાં અગ્રેસર થનારી બ્હેન તો વિધુરભાઇને ઉપદેશ આપે છે કે "એ તો સડેલું ખાસડું ફાટી ગયું, એમાં શોક શું કરવો? કાલે સવારે બીજી સારી વહુ પરણાવીશ." આ પ્રમાણે કહી તેના મનનું સમાધાન કરે છે. કેટલાંક કુળવાન કુટુમ્બોમાં તો સ્મશાનમાંજ ચાંલ્લા થાય છે. અને મરનારીના પિયરમાં શોક ન મટ્યો હોય, તેટલામાં તો પુરુષનું દ્વિતીય લગ્ન થાય છે. પેલાં જુલમગાર સાસુ તથા નણંદ પાછો પોતાનો સ્વાધ્યાય શરૂ કરે છે. નવી વહુ ઘરમાં આવી કે તરતજ તેના ઉપર પોતાની છાપ સજ્જડ બેસાડવા તેઓ ઉદ્યુક્ત રહે છે. ન્હાના વાંકને મ્હોટું રૂપ આપી ઝીણીઝીણી કસુરો માટે પણ તેને ટોકવામાં આવે છે. જો વહુ બહુ બોલી અને તામસી હોય તો સાસુ સામે તપી જાય છે. આવે વખતે "મરેલી ભેંસના મોટા ડોળા"

મુજબ મરનાર વહુના ગુણુની પાછી પ્રશંસા થાય છે. અને જેઓ તેની મુક્ત કંઠે નીંદા કરતાં તેઓજ પાછાં તેના ગુણ ગાય છે! માતા તથા બ્હેનના સ્વભાવનું આવું વિચિત્રપણું જોઈ પુત્રના મનમાં હવે તેઓના ઉપર કાંઈક અશ્રદ્ધા ઉત્પન્ન થાય છે.

ઈર્ષ્યા: સંસારમાં ઈર્ષ્યા શું નથી કરતી? સૂર્ય સામે વાદળી આવી ઘડીવાર પ્રકાશને રોકે, તેમ ઈર્ષ્યાખોર માણસો થોડી મુદ્દતને માટે પણ પોતાનો ભાવ ભજવે છે. જે સ્ત્રી વહુ તરીકેના જીવનમાં અતિશે દુઃખી થઈ હોય, તેજ જ્યારે પોતાની પુત્રવધૂ આવે ત્યારે પ્રથમની 'આપવીતી' ભૂલી જઈ વહુને વીતાડવામાં કચાશ રાખતી નથી; અને જે સ્ત્રી વહુ તરીકેના જીવનમાં નણંદ તરફથી પીડા પામેલી હોય તેજ જ્યારે પોતાને ભાભી આવે ત્યારે નણંદપણું દાખવવામાં બાકી રાખતી નથી! ઈર્ષ્યાને લીધેજ દેરાણી જેઠાણીમાં લડાઈટંટા થાય છે, અને આડોશીપાડોશીમાં પણ વેરની લાગણી ઉત્પન્ન થાય છે. સ્ત્રીઓમાં ઈર્ષ્યા કુદરતી હોય છે પરંતુ અજ્ઞાન સ્ત્રીઓમાં તેનું પ્રમાણ વધારે જોવામાં આવે છે. શોક્યોનો પરસ્પરનો અણબનાવ, શોક્યનાં છોકરાં ઉપર ખાર તથા તેને લીધે પોતાના ધણી ઉપર થતો તિરસ્કાર, એ સહુ નારીહૃદયની અસૂયાનાં સાક્ષીભૂત ઉદાહરણો છે. આવું શિક્ષણ તેમને બહુધા બાળપણમાંથીજ મળેલું હોય છે. હિન્દુ સ્ત્રીઓમાં વૃદ્ધાઓને માટે ઘરના કામનો બોજો ઓછો હોય છે, તેથી તેઓને નવરાશનો વખત વધારે મળે છે. આવે વખતે બે ચારેક વૃદ્ધ સ્ત્રીઓ એકઠી મળી પુત્રવધૂઓનાં વગોણાં કરવામાં, કન્યાઓનાં સુખ દુઃખની વાતો કરવામાં, દુર્ગુણી સ્ત્રીપુરૂષોના દુર્ગુણો વર્ણવવામાં, પારકી નિંદા કરવામાં અને આખા ગામની ઓછી વત્તી કુથલી કરવામાં બધો વખત ગાળે છે. ન્હાની છોકરીઓ ડોશીની સાથે બેશીને હમેશ આ સાંસારિક શિક્ષણનાં મૂળતત્ત્વો ગ્રહણ કરે છે, અને વય વધતાં વૃદ્ધાઓના મુખથી સાંભળેલી વાતોનો સ્વયં અનુભવ કરે છે. પછી એ વિષના અનુભવથી પોતાના સંસારમાં વિષ મેળવી દે છે! સ્ત્રીઓની પ્રત્યેક અવસ્થામાં તેમને ભિન્ન ભિન્ન પ્રકારનું ખરાબ શિક્ષણ મળે છે. કુમારિકાઓને તેમના અજ્ઞાન વડિલ વર્ગ તરફથી સાસરીયાંની સામે થતાં તથા જુઠ કપટ રાખતાં શીખવાય છે. યુવતિઓને દેવદર્શન માટે દોડાદોડ કરવાનું, ઘરેણાં લુગડાં માટે ક્લેશ કરવાનું તથા પતિને રંજાડી છોકરાંઓને મૂર્ખ રાખવાનું દેખાદેખી શિક્ષણ મળે છે. અને વિધવાઓને પુનર્લગ્નના મોહક મંત્રથી ચલિત બનાવી કર્તવ્ય જ્ઞાનથી વિમુખ રાખવાનું સૂત્ર શીખવાય છે. ભરતખંડની સ્ત્રીઓનું જીવન જ્યાં આવા પ્રકારનું હોય ત્યાં **હૃદયવિજ્ઞાનું** "તે આ પુરાણ રૂડી ભારત ભૂમિ અન્તે; થાશે વિલુપ્ત ઇતિહાસ પરેથી સત્યે!" આ ભવિષ્ય શું ખોટું ગણાય? કવિનું ભાખેલું ભવિષ્ય ખોટું ઠરે, તેટલા માટે કન્યાઓને બાળપણથી કેળવણી આપી નીતિમાન બનાવવી, પત્નીઓને કર્તવ્યજ્ઞાન આપી પતિ પ્રેમવંતી કરવી અને વિધવાઓને પૂજનીય ગણી સંસ્કારી બનાવવી જોઇએ.

સ્ત્રીઓને મળતું ખોટું શિક્ષણ.

સ્ત્રીઓને મળતું ખોટું શિક્ષણ.

નવો જમાનો: હાલનો આ સમય નવીનતા તરફ સર્વેને આકર્ષે છે. દરેક જ્ઞાતીમાં અને સમાજમાં પ્રાચીનતા અને નવીનતાનું દ્વંદ્વ યુદ્ધ મચ્યું છે. કેટલાક પ્રાચીનતાના પક્ષમાં છે, ત્યારે કેટલાક નવીનતાના બાહ્ય તેજથી મોહિત થઈ જુનાંને ધીક્કારે છે, પહેરવેશમાં

આચારમાં અને સર્વે બાબતમાં કાંઈક નવુંજ થયું છે-થતું જાય છે. આ નવીનતાનો પ્રવાહ હિન્દુ સ્ત્રીઓમાં પુરા વેગથી ચાલ્યો જાય છે. પરંતુ પાશ્ચાત્ય સ્ત્રીઓનું અનુકરણ માત્ર પહેરવેશમાંજ થતું જોવામાં આવે છે, એ ઠીક નથી. જે સમાજમાં આપણે ઉત્પન્ન થયાં છીએ તે સમાજને ઘટતો પોશાક ન પહેરીએ, અને બીજી સમાજનું ફક્ત પહેરવેશમાંજ અનુકરણ કરીએ, એ કેવી મૂર્ખતા! પરદેશી પ્રજા આપણા દેશમાં રહ્યા છતાં પોતાનો વેશ કાયમ રાખી, "દેશ તજીએ પણ વેશ ન તજીએ" એ કહેવતને અમલમાં આણે છે, તો પછી આપણે આપણી તેમજ હિન્દુ સમાજની પ્રતિષ્ઠાને હલકી પાડનાર વિદેશીય પહેરવેશ પહેરવો, એ સુધારાને નામે ધતિંગજ ગણાય. અજ્ઞાન લોકો પણ સુધારાની તરફેણમાં આવતો જાય છે, છતાં જોઇએ તેવો સુધારો થતો નથી તેનું કારણ નકલી અનુકરણજ છે. લાંબી બાંયનાં પોલકાં, હાથે અને પગે મોજાં, અર્ધું કે પુરેપુરૂં ખુલ્લું માથું, છુટા ફરફરતાં વાળ, સૌભાગ્યસૂચક-ચાંલ્લા વિનાનું કપાળ, ભડભો જેવાં ઉંચી એડીનાં બુટ, હાથમાં છત્રી અને વડિલોની આમન્યા મૂકી બજાર વચ્ચે પતિનો હાથ પકડી ચાલવું,-આ બધો નકલી સુધારો શું તિરસ્કાર નથી ઉપજાવતો? મ્હારી કેટલીક અંગ્રેજી ભણેલી બ્હેનોને

નકલી સુધારાનો દેખાવ!

દેશની વાણી, દેશનો ધર્મ, તથા દેશનાં સામાજિક બંધનો સુદ્દલ રૂચતાં નથી, અને વિદેશીય એટલુંજ ઠીક લાગે છે. પરંતુ તેમણે પોતાના જ્ઞાનનો અને વિદ્યાનો એવો દુરૂપયોગ નહિ કરતાં નીર અને ક્ષીરના મિશ્રણમાંથી ક્ષીરનેજ ગ્રહી કાઢી તેનો લાભ હિન્દુસંસારને આપવો ઘટે છે. અંધઅનુકરણથી બધી ભણેલી સ્ત્રીઓ વગોવાય છે. માટે પરદેશનાં સાહિત્ય-નીતિ તથા આચાર-વિચારનો અભ્યાસ કરી, જેવું હોય તે તજી દઇ, ગ્રાહ્યનોજ ઉપયોગ કરવો જોઇએ. ઇંગ્લાંડની સ્ત્રીઓ ઉંચા કદની, બળવાન અને મજબુત હોય છે તેવી આપણા દેશની સ્ત્રીઓ નથી; તેનાં કારણખોળી કાઢી સ્ત્રીઓને તેનું ભાન કરાવવું તથા સતત ઉદ્યોગ એજ તેમની શારીરિક સ્થિતિને આભારી છે એમ આળસુ તથા શ્રીમન્ત સ્ત્રીઓને સમજાવવું જોઇએ.

સંસાર સુધારાના ઉપાયો: હાલનું હિન્દુ સ્ત્રી સંસારનું આ વાસ્તવિક ચિત્ર સ્ત્રી વત્સલ હૃદયને બાળે છે, અને એ બળતું હૃદય આધુનિક અબળાઓની ઉન્નતિ તરફ સદા તત્પર રહી તેના ઉત્કર્ષમાં ટંકુ પડવા માગે છે પરંતુ એ ટંકને માટે કેટલીક આવશ્યક યોજનાઓનો અમલ થવાની જરૂર છે.

૧.-ઉચ્ચ માતૃ કેળવણી.

"દેશના સુધારાનો આધાર માતા ઉપર છે" એમ જે નેપોલીયને કહ્યું છે તે અક્ષરશઃ સત્ય છે. કારણ કે સામાજિક ઉન્નતિમાં માતૃ કેળવણી એક અગત્યનો ભાગ ભજવે છે. હાલમાં તો માતા તરીકેની જવાબદારી સમજ્યા પહેલાંજ ઘણીખરી સ્ત્રીઓને માતા થવાનો પ્રસંગ આવે છે. બાળલગ્નની હાનીકારક રૂઢીથી કાચી વયમાં જેઓ સગર્ભા થાય છે, તેઓ સંતતિનું, પોતાનું અને આખા દેશનું અહિત કરે છે, એમ કહેવું એ ખોટું નહિજ ગણાય. પ્રજાની માતા થવામાં પોતાની શી ફરજ છે અને દેશના ઉદયમાં પોતાનું શું કર્તવ્ય છે, તેનું તેમને જરા પણ ભાન હોતું નથી. અજ્ઞાનથી ગર્ભિણી દશામાંજ

ગર્ભમાંથીજ ઘડાતા બાળકના ગુણ દોષ.

તે બાળકના શત્રુની ગરજ સારે છે. અપથ્ય ખોરાકથી, મલીન મનોવિચારથી અને ખરાબ કુટેવોથી ઉદરાન્તર્ગત સંતતિને તે ભારે નુકશાન પહોંચાડે છે. માતા જે જુએ, સાંભળે અને ચિંતવે, તેની છાપ સંતતિ ઉપર પડે છે. સમગ્ર પેશ્વાઇનો ભોગવટો કરવા ઇચ્છતી રાઘોબાની દુષ્ટ પત્ની આનંદીબાઇની રાજ્ય લેવાની ખરાબ વાસના સેના તે સમયે ઉદરમાં રહેલા બાજીરાવને જન્મથીજ થઇ. વળી સુભદ્રાના ઉદરમાંજ રહીને અભિમન્યુ શ્રીકૃષ્ણના મુખેથી "કોઠા યુદ્ધ" શીખ્યો હતો. આ ઐતિહાસિક દૃષ્ટાન્તો સિદ્ધ કરે છે કે માતાના માનસિક વિચારો જેવા હોય તેવી સંતતિ થાય છે; માટે સારી સંતતિ ઇચ્છનારે ગર્ભિણી અવસ્થામાંથીજ પોતાની જવાબદારી સમજવી જોઇએ. બાળક નિરભિમાની, સભ્ય તથા વિનીત થાય, એટલા માટે ગર્ભિણી સ્ત્રીએ ઉત્તમ નીતિનાં પુસ્તકો વાંચવાં, પોતાનો સ્વભાવ માયાળુ બનાવવો, ચહેરો પ્રફુલ્લિત અને આનંદી રાખવો, ચીડીયાપણું તજી દેવું, સત્ય બોલવા ઉપર પ્રીતિ રાખવી; અને મહાન સ્ત્રી પુરૂષોનાં ચિત્રો જોવાં તથા ચરિત્રો વાંચવાં. ગર્ભની માવજત કરવામાં જેમ સાવધાનતાની જરૂર છે, તેમ પ્રસવ થયા પછી પણ બાળકને કેળવવામાં ડહાપણની આવશ્યકતા છે. ન્હાનાં બાળકોમાં અનુકરણ શક્તિ વધારે હોય છે. પુત્ર કરતાં પુત્રી માતાના સહવાસમાં વધારે રહે છે. માટે તે માતાના ગુણાવગુણનું અનુકરણ કરતાં જલદી શીખે છે. સ્ત્રીજાતીના ભૂષણરૂપ મનાતા, કોમળતા–ઋજુતા વગેરે ઉત્તમ ગુણોની કન્યાના 'કેમેરા' જેવાં બાળ હૃદયમાં કેળવાએલી માતા સારી છાપ પાડી શકશે. **नास्ति मातुः समो गुरुः ।**–આ અને બીજા અનેક વાક્યોથી પુસ્તકોમાં માતાના ઉત્તમ ગુણની પ્રશંસા કરવામાં આવી છે. શિવાજીના વિજયનું કારણ માતૃ કેળવણી હતું માતા ઉત્તમ શિક્ષક છે, અને જે જે મહાન પુરૂષો થઈ ગયા છે, તેમાંના ઘણા ખરા તો માતાની ઉચ્ચ કેળવણીથીજ ઉત્તમ નીવડ્યા હતા. માણસની ઉત્તમતા કે અધમતાનો આધાર હંમેશાં બાળપણ ઉપરજ રહે છે. "મનુષ્યનાં લક્ષણ પારણામાંથી જણાય,"–એટલે ભવિષ્યમાં તે કેવી ઉચ્ચતા પ્રાપ્ત કરશે, તે બાળપણની માતૃકેળવણી ઉપર આધાર રાખે છે. ઉંટવૈદ્યો પાસે ઔષધ કરાવવાથી જેમ ભયંકર પરિણામ આવે છે, તેમજ અજ્ઞાન માતાઓના હાથમાં ઉછરતાં કન્યા રત્નો મૂકવાથી થાય છે. હિંદુ સ્ત્રીઓના સંસાર શ્રેયને માટે કન્યાઓમાં બાળપણથીજ ઉત્તમ ગુણો બંધાય, તેટલા માટે માતૃ કેળવણીની ખાસ જરૂર છે.

"કહે નેપોલિયન દેશને, કરવા આબાદાન;
સરસ રીત તો એજ કે; દો માતાને જ્ઞાન."

આ ઉત્તમ સૂત્ર પ્રત્યેક સંસાર સુધારકે સુવર્ણ અક્ષરથી કોતરીને દીવાનખાનામાં રાખવું, અને માતૃ કેળવણીનો પ્રસાર કરવો.

૨.–કન્યા કેળવણી.

ખાણમાંથી ખનીજ ખોદી કાઢ્યા પછી તેના ઉપરની માટી વગેરે દૂર કરી જો તેને નિર્મળ–પહેલદાર બનાવે, તોજ તે કીમતિ થાય, એ સ્વાભાવિક છે. કોઈ પણ વ્યક્તિમાં જન્મથીજ અમુક ગુણો કે દુર્ગુણો હોતા નથી. જે જનસમૂહમાં બાળક ઉછરે અને તેને જેવી કેળવણી મળે, તેવાં લક્ષણો તેનામાં આવે છે. કેળવણી શબ્દનો નિશાળમાં જઇ ભણવું

જોઇએ. માંદાની માવજત કરવાનું, સ્ત્રીરોગો અને તેથી બચવાના ઉપાયોનું, સીવણ ગુંથણનું, છોકરાં ઉછેરવાનું, શીયળમાં દૃઢ થવાનું, અને એવુંજ બીજું સ્ત્રી ઉપયોગી વાંચન વિદુષી સ્ત્રીઓ મારફત સઘળે પુરૂં પાડવું જોઇએ. સાહિત્ય પરિષદ, સાહિત્ય સભા અને એવાં ગ્રન્થપ્રચારનાં મંડળોનું ખાસ કર્તવ્ય છે કે વિદુષી સ્ત્રીઓ પાસે અને તેમ ન બની શકે તો વિદ્વાન પુરૂષો પાસે સ્ત્રી ઉપયોગી પુસ્તકો લખાવવાં અને બહાર પાડવાં. જાહેર પુસ્તકાલયોનો લાભ સ્ત્રીઓને મળી શકતો નથી માટે **ફરતી લાઇબ્રેરી**ની મે. "સુન્દરી સુબોધ" ના તંત્રીની યોજનાને યથાશક્તિ મદદ કરવી કે જેથી હિન્દુ સ્ત્રીસંસાર સુધરી શકે.

૩. પત્ની શિક્ષણ:

સમયનો દુરુપયોગ.

કન્યકાવસ્થામાં કેળવણી રહિત રહેલી બાળા આઠ દસ વર્ષની થઇ કે તરતજ તેને વિવાહિતા બનવું પડે છે. સંસાર તે શું, ધણી તે શું, તથા પોતે કોણ અને પોતાની કેવી ફરજ છે,–તે સમજ્યા પહેલાં જ તેને બાળલગ્નરૂપી જબરૂં ઝુડ પોતાના જોરાવર પંઝામાં સપડાવે છે! સાસરામાં ગયા પછી ઘરનું કામકાજ તેને માથે આવી પડે છે. સહજ પણ ફુરસદ મળી શકતી નથી અને શારીરિક અતિ શ્રમથી મગજની શક્તિ પણ નાશ પામે છે. પતિ પત્નીને કેળવવાં ઇચ્છે તોપણ વડિલની મર્યાદાને અવલંબી તેમ તે કરી શકતો નથી; સાસુ સાથે કજીઆ કરવાનું અને નણંદને "માથે પડી" કહી મહેણાં મારવાનું અનિષ્ટ શિક્ષણ તેમને બહુધા મળે છે. જે સમય ઉત્તમ સંસાર સુખનો લ્હાવો લેવાનો હોય, હૃદયમાં શુદ્ધ સંસ્કારો ચિરસ્થાયી કરવાનો હોય, ધાર્મિક વિચારો દૃઢ કરવાનો હોય, નૈતિક બળ વધારવાનો હોય અને એ રીતે પોતાની ભાવિ જીવન યાત્રામાં ઉપયોગી થઈ પડનાર હોય, તે અમૂલ્ય સમય તેઓ પરનિંદામાં કે તેવાજ બીજા કોઇ વ્યસનમાં ગુમાવે છે. તરૂણ સ્ત્રીઓનો ફુરસદનો સમય બે ચારેક એકઠાં મળી અન્યની કે પોતાના ધણીની બિભત્સ વાતો કરવામાં, ફટાણાં કે રાજીયાનાં ગીતો ગાવામાં–શીખવામાં, ઇતર પુરુષોના રૂપની પ્રશંસા કરવામાં, કુટુંબી સ્ત્રીજનની નિન્દા કરવામાં, કોઇની સારી ખોટી વાતો કરવામાં, નજીવી બાબતમાં લડી મરવામાં, પરસ્પર વિવાદ કરવામાં અને ઠઠ્ઠા મશ્કરી કરવામાંજ જાય છે! છોકરીઓ માતાની સાથે આવીને આ સર્વ બાબત શીખી લે છે, અને પોતે સંસારમાં પડે ત્યારે તેનો અમલ કરવા લલચાય છે.

જ્ઞાનની જરૂર-મહત્તા.

પીએરના પ્રતાપથી જો કોઈ સ્ત્રી સહેજ વાંચતાં લખતાં શીખી હોય અને સાસરામાં આવ્યા પછી પોતાનું લાવેલું પુસ્તક વાંચવા બેસે, તો ઘરનાં માણસો તેની અદેખાઈ કરી "સુધરેલી રાંડ" કહી વગોવે છે. સ્ત્રી જાતીને અંકુશમાં રાખવાનો, તેને ગુલામની માફક ખરીદ કરેલી દાસી માનવાનો અને ઉચ્ચ જ્ઞાનથી વિમુખ રાખવાનો ખરાબ રિવાજ નાબુદ કરવો જોઇએ. જડ ધાલી રહેલી રાક્ષસીરૂપ રૂઢીઓને વેગળી મૂકી પોતાના સંસાર સુખની ખાતર સુજ્ઞ સ્વામીએ પોતાની ગૃહસ્વામિનીને યોગ્ય માર્ગે કેળવવી જોઇએ. શ્રીમતી રમાબાઈ રાનડેને જે કેળવણી મળી હતી તે તેઓના સદ્‌ગુણી સ્વામી ન્યાયમૂર્તિ શ્રીયુત મહાદેવ રાનડે તરફથીજ મળી હતી. પુરુષ વર્ગ બહુધા પ્રવૃત્તિમાં રહે છે; અને તેમાંએ જેની સ્થિતિ દુર્બળ હોય તેને વધારે વખત કામ ઉપર રહેવું પડે છે. કામથી કંટાળી ઘેર

આવ્યા પછી પત્નીને શિક્ષણ આપવાનો શ્રમ વેઠવાનું તેને ગમતું નથી. માટે તેવા પુરુષોની સ્ત્રીઓ જ્ઞાનવતી થાય, એટલા સારૂ 'સ્ત્રી શિક્ષણશાળા' કાઢી તેમાં સ્ત્રી ઉપયોગી વિષયોની ચર્ચા વિદુષી સ્ત્રીઓ તરફથી થવી જોઇએ. લંડનમાં ગરીબ મીલ મજુરોની સ્ત્રીઓ માટે ક્લબો છે. નવરાશના વખતમાં બધી સ્ત્રીઓ તેવી ક્લબમાં હાજર થાય છે; અને ઉપયોગી બાબતો ઉપર ઉહાપોહ કરી જુદી પડે છે. શહેરની શ્રીમાન સ્ત્રીઓ તેવી સંસ્થાઓને મદદ આપે છે. વળી જેમને ચિત્રકલા, સંગીત વગેરે વિષયોનું જ્ઞાન મેળવવું હોય, તેમને માટે ખાસ વર્ગો કાઢવામાં આવ્યા છે. અને એ રીતે સંસારમાં પડયા પછી છોકરાંની જંજાળમાં લપટાયા પછી પણ તેઓ જ્ઞાન મેળવી શકે છે. દુનિઆમાં બધી વસ્તુનો અંત છે, પણ જ્ઞાનનો અંત નથી. આવું અંત રહિત જ્ઞાન મેળવવા હિન્દુ સ્ત્રીઓને પણ ખાસ સંભાળ કરવી જોઇએ. **જ્ઞાનના પ્રભાવથી રમણીરત્નો સદ્‌ગુણી અને ઉમંગી શશ-શાણીપુત્રી તરીકે, પ્રેમાળ પત્ની તરીકે, ઉદાર નણંદ તરીકે, પૂજ્ય માતા તરીકે, મ્હોટા મનની સાસુ તરીકે, શીયળવતી સાધ્વી તરીકે, અને આર્ય સન્નારી તરીકે સ્ત્રીઓ પોતાની કીર્તિ ફેલાવી આર્ય સંસારને પ્રકાશવાન કરશે.**

સ્ત્રી કેળવણીનો આશય.

સ્ત્રીઓને કેળવણી આપવાનો હેતુ તેને યુનિવર્સિટિની ડીગ્રીઓ મેળવવા માટેનો ન હોવો જોઇએ પણ પોતાનો સંસાર ઉત્તમ રીતે ચલાવી ભવિષ્યની પ્રજાને પોતાના જ્ઞાનનો લાભ આપે એ હોવો જોઇએ. વિદ્વાં છતાં અભિમાન ન હોવું જોઇએ. પતિથી ચડીઆતાં થવું, દુનિઆની મોટાઇજ ઇચ્છવી, અને હકનો દાવો કરી સેવા ધર્મ તજવો એ અનિષ્ટ આશય કેળવણીનો નથી. પણ વ્યવહારિક કાર્યોમાં પતિને સલાહ આપી મદદગાર થવું, સહવાસમાં આવતી બીજી સ્ત્રીઓને કર્તવ્ય બોધ આપવો, તથા લીધેલી કેળવણી ન વગોવાય તેવું વર્તન રાખવું, એજ કેળવણીનો ઉચ્ચાશય છે. આ આશય ધ્યાનમાં રાખી તરૂણ સ્ત્રીઓને જો શિક્ષણ આપવામાં આવે તો સ્ત્રી સંસારની ઉન્નતિ થાય.

૪.-વિધવાઓને માટે ફંડ તથા આશ્રમોની જરૂર:

વિધવાઓની શોકજનક સ્થિતિ.

હિન્દુસ્ત્રીઓની સ્થિતિ પૈકી વિધવાઓની દશા તો બહુજ દયાજનક છે. શહેરના વસવાટને લીધે નાગરોમાં, બ્રહ્મક્ષત્રીયોમાં અને કાયસ્થાદિ કેટલીક કોમોમાં આગેવાનોના પ્રયાસથી સુધારો થતો આવ્યો છે, પણ ગામડામાં રહેતી **બીજી અશિક્ષિત જ્ઞાતિઓમાં વિધવાઓની સ્થિતિ હજુ કમકમાટ ઉપજાવે તેવી છે.** હિન્દુઓના પ્રાચીન ધર્મ પુસ્તકોમાં અને વૈદક ગ્રંથોમાં બ્રહ્મચર્ય પાળનારની ઘણીજ પ્રશંસા કરવામાં આવેલી છે. પરંતુ હાલ બ્રહ્મચર્ય પાળતી વિધવા તરફ લોકો ધીક્કારની નજરથી જોતા જણાય છે, એ ખેદની વાત છે. આપણામાં સન્યાસીઓને ભીક્ષા કરાવવાનો અને પૂજન અર્ચનથી પ્રસન્ન કરવાનો એક અંધ રિવાજ પડી ગયો છે. ધર્મને નામે અનાચારનો પ્રસાર કરનાર વૈરાગીઓને માલ મલીદાથી સંતોષવામાં આવે છે; પરંતુ અનાથ વિધવાને પેટપુરતું ખાવાએ મળતું નથી, એ દીલગીર થવા જેવું છે. આપણામાં ઘણું ખરૂં વિધવાઓને સાસરામાં રહેવાનું હોતું નથી કારણ કે સાસરીયાં તેને હલકા પગલાની ગણી તિરસ્કારે છે અને બીજી ઘણી રીતે પણ તે પોતાને ત્યાં ન રહે એવા ઇલાજો લે છે. પીયરમાં પણ તે બીચા-

રીતે તો દુઃખી જીવનજ ગાળવું પડે છે. દળવાનું, ખાંડવાનું, રાંધવાનું, વાસણ માંજવાનું, કપડાં ધોવાનું ઇત્યાદિ સઘળું ઘરનું કામ વિધવાને શિર હોય છે. આમ છતાંએ ભોજાઈ તરફથી "રાંડ બધો જન્મારો મારે માથે પડી, બાપના ઘર ઉપર રાંડી હોય તેમ હક કરવા આવે છે," ઇત્યાદિ બહુ બહુ મર્મ વચનો તેને સાંભળવાં પડે છે. પેટ પુરતું ખાવા નહિ મળવાથી તથા નિત્યના આવા શાબ્દિક મારથી તે જુદી રહેવા–સ્વતંત્ર થવા લલચાય છે. અને ઉંચા જ્ઞાનના અભાવે ઉદર પોષણ માટે ખરાબ સંગતિથી દુરાચાર તરફ પ્રેરાય છે. વિધવાઓની આ હૃદય ભેદક હાલત અવર્ણનીય છે. કન્યા જન્મે છે ત્યારથીજ તેને "પથરો" કહી હલકી ગણવામાં આવે છે, પરંતુ વિધવા થયા પછી તો તે બહુજ હલકી મનાય છે. શુભ કાર્યોમાં તેની અવગણના થાય છે, વહેમી લોકો સવારમાં ઉઠીને તેનું મ્હોઢું જોતા નથી, શુકન અપશુકન માનનારાઓ વિધવાનો પડછાયો લેતા નથી, તેની પાસે કઠિન વ્રત ઉપવાસ કરાવે છે, ટાઢ તાપ સહન કરાવે છે, ખાટલે સુવા દેતા નથી, શણગાર ઉતારી લઈ વિરૂપ બનાવે છે, સારૂં ભોજન ખાવા આપતા નથી, જમણવારોમાં કે ઉત્સવમાં ભાગ લેવા દેતા નથી, ઘરમાં કારણ વિના પણ તેના ઉપર સખત દેખરેખ રાખે છે, ઘરમાં તેનો હક ઓછો ગણે છે, અને ગરીબ અનાથ ગાય જેવી વિધવા ઉપર ખોટા આક્ષેપો મૂકી નિર્દયતામાં વધારો કરે છે. પોતાનાં આ મર્મવેધક દુઃખથી તે રાત્રિ દિવસ રડી રડીને પોતાનું જીવન પુરૂં કરે છે. અત્યંત મનોવ્યથાથી ક્ષય, તથા હીસ્ટીરીયા જેવાં ભયંકર દર્દોનો તે ભોગ થઈ પડે છે, અને માવજત કરનાર કોઇ હોતું નથી. ધાર્મિક જ્ઞાન આપવાને બદલે નાતરાનો કે પુનર્વિવાહનો દુષ્ટ પવન તેના કાનમાં ફુંકી કાનને–મનને મલીન કરે છે. હૃદયનું દુઃખ કથવાનું કે શાંતિ મેળવવાનું તેને કોઇ સ્થાન હોતું નથી. બળતા હૃદયના પથ્થરને પણ પીગળાવે તેવા ઉષ્ણ નિસાસાથી તે દુઃખ દેનાર કુટુમ્બને શાપ આપે છે. એના એ શાપથી કુટુમ્બની પાયમાલી થઇ જાય છે. ઘણીજ દીલગીરીની વાત છે કે **અહિંસા પરમો ધર્મઃ** માનનારી હિન્દુ કોમ આવાં અનેક અનાથ, અનાધાર રમણીરત્નોની વિના વાંકે હિંસા કરે છે. વિધવાઓની આવી અધમ દશા થતી અટકાવવા સારૂ તેને શિયળ વ્રત પાળવાનું ઉંચું જ્ઞાન આપી તપ કરતી તપસ્વીની ઉપર ઘરનાં માણસોએ પૂજ્યભાવ રાખવો જોઇએ. બહારના અતિથિ તરફ જેવી માનની લાગણી હોય છે, તેથી વિશેષ લાગણી આ ઘરના અતિથિ તરફ રાખી તેને સર્વે રીતે સંતોષ આપવો જોઇએ. પોતાને મળતા માન અકરામથી અને સદ્બોધથી તે અનીતિના માર્ગ તરફ જતી અટકશે અને પોતાનું જીવન સર્વ રીતે સુખમય બનાવી અન્ય વિધવાઓને ઉદાહરણભૂત થશે. સુધારકોએ આગળ પડીને વિધવાઓ માટે ફંડો કાઢવાં અને વિધવાશ્રમોને મદદ કરવી. હાલ અમદાવાદમાં મહીપતરામ અનાથાશ્રમને અંગે સ્થાપેલું 'વિધવાશ્રમ', મુંબઇમાં શ્રીયુત્ મલબારીનું 'સેવાસદન', સુરતમાં ન્હાની બ્હેન ગજ્જરનું તથા અમદાવાદમાં સુલોચના બ્હેનનું 'વનિતાવિશ્રામ', અને પુનાનું પ્રો. કર્વેનું તથા મુંબાઇમાં મગન બ્હેનનું 'વિધવાશ્રમ' એવી સંસ્થાઓ, જે વિધવાઓની સ્થિતિ સુધારવા સતત પ્રયાસ કરે છે, તેમને ઉદાર આશ્રય આપવો. સાસરામાં કે પીયરમાં જેઓને ગુજરાનનું સાધન ન હોય અને પુનર્વિવાહ ઉપર જેને તિરસ્કાર હોય તેવી વિધવાઓને આ સંસ્થાનો લાભ આપી તેમનાં નૈતિક બળમાં વધારો કરાવવો.

દુઃખી વિધવાઓના શાપથી પ્રજાનો નાશ થાય છે.

તપ કરતી તપસ્વિની.

પોતાના ગુણથી બીજાને ઉપયોગી થવાય, સ્વાર્થરહિત યથાશક્તિ દેશસેવા કરાય અને કલંક રહિત પોતાનું વૈધવ્ય પળાય, એવું ઉત્તમ શિક્ષણ તેમને આપવું. તથા અપરિપક્વ બુદ્ધિની બાળવિધવાઓને તેમનું અનુકરણ કરતાં શીખવવું. વિકારમાં વૃદ્ધિ કરે તેવી વાતો કે પુસ્તકો તેમને વાંચવા આપવાં નહિ, પણ ઉત્તમ સન્નારીઓ સતીઓનાં ચરિત્રની ચોપડીઓ તેમના હાથમાં મૂકવી. મહાપુરુષોનાં ચરિત્રો દુનિયાંનું કલ્યાણ કરી શકે છે. એક લેખક લખે છે કે "ઉદાહરણો માણસની નિશાળ છે." જેટલું જ્ઞાન શાળામાંથી મળે છે તેથી સોગણું જ્ઞાન મહાપુરુષોનાં દષ્ટાન્તોથી મળી શકે છે. માટે વિધવાઓને પતિપરાયણ સાધ્વી સતીઓનાં જીવન ચરિત્રો વાંચવા આપવાં. સત્યને માટે પતિની આજ્ઞાને મસ્તકે ચડાવી પોતાની જાતને વેચનાર તારામતી, અનેક લાલચો આપ્યા છતાં શીયળથી નહિ ડગનારી–રાજ્યલક્ષ્મીને લાત મારી ગરીબ ઝુંપડીને પણ ઉત્તમ ગણનારી જસમા, પતિને બદલે પ્રાણ આપવા તત્પર થએલી પદ્મીની, ધણી તથા પુત્રોનું મૃત્યુ નજરે જોવા છતાં શિયળ સાચવનારી રાણકદેવી તથા પતિના મૃત્યુ પાછળ પરહસ્તે ન જવાય તેથી 'જોહાર' કરતી રજપૂતાણીઓ પાછી જરૂર હિન્દુ સંસારમાં થશે અને અમર નામ કરી ગએલી પ્રાચીન સદ્‌ગુણી સ્ત્રીઓ જેવીજ આધુનિક મહિલાઓ માન મેળવશે. ગ્રીસનો પ્રખ્યાત વક્તા ડીમોસ્થીનીઝ લખે છે કે "ભલે સમયના અભાવે આપણા પૂર્વજો જેવા આપણે ન થઇ શકીએ. તોપણ તેઓના જેવા ઉચ્ચ વિચાર કરી તેમની મહત્તાનું અનુકરણ તો કરવુંજ જોઇએ." પવિત્ર વ્યક્તિઓનાં ચરિત્રો વાંચનાર કાળે કરીને પોતાના દુર્ગુણો તજી દઇ પવિત્ર બને છે. વીર સતીઓનાં શિયળ સંરક્ષણનાં વૃત્તાન્તો વાંચવાથી હાલની સ્ત્રીઓનાં મન અવિકારી, દઢતાવાળાં અને શિયળપ્રેમી થશે. વિધવાઓનાં દુઃખી હૃદય વધારે દુઃખી ન થાય, બળતા અગ્નિમાં ઘી ન હોમાય અને તેમને વૈધવ્ય જીવન કંટાળાભરેલું ન લાગે તેમ થવાની જરૂર છે. "સ્નેહલગ્નની વિધવા માટે પુનર્લગ્ન સમ પાપ નથી." માટે પ્રેમની કીંમત હલકી કરી વિધવાઓને પુનર્લગ્ન કરવાનું ઉત્તેજન ન આપવું. શાણી વિધવાઓએ વિશ્વાસઘાતના અનિવાર્ય પાપથી અલગ રહી પ્રભુરૂપ પતિની દિવ્યમૂર્તિને અંતરમાં ધરી રાખી દેશહિતમાં યથાશક્તિ સહાય કરવી.

વિધવાઓને કેવું જ્ઞાન આપવું ?

જેઓ વિકારો ઉપર વિજય ન મેળવી શકે તેને તો પુનર્લગ્નની છૂટ આપવી. સ્મૃતિકારો અને હાલના સુધારકો પુનર્વિવાહની છૂટ આપે છે તેનું કારણું તો એટલુંજ કલ્પી શકાય કે સ્ત્રીઓ વિષયની વૃત્તિ ઉપર અંકુશ ન મૂકે અને ગુપ્ત પાપો કરે તે કરતાં એક ઘર બાંધી રહે તો સારૂં. પરંતુ પુનર્લગ્નના હીમાયતીઓ શહેરના વસવાટને લીધે ગામડાનાં નાતરાના ખરાબ રિવાજને બારીકીથી જોઇ શકતા નથી. નાતરૂં કરનારી સ્ત્રી એક પતિ મરી ગયા પછી બીજા જોડે ઘર માંડે છે. એ નવા ઘરમાં તો ખાવાનું તથા વિષય વાંચ્છના તૃપ્ત કરવાનુંજ તેને ભાન હોય છે. જ્યાં સુધી પોતાની ઇચ્છા પાર પડે ત્યાંસુધી તે ઘરમાં રહે છે અને જરા અણબનાવ થતાં પલાયન કરી જઇ ત્રીજાનું ઘર માંડે છે! એક મૂકી બીજે, અને બીજે મૂકી ત્રીજે, એમ પશુની પેઠે તે સ્ત્રીઓ રખડતી કરે છે. શિથિલ મનની વિધવાઓ જેવાં અઘોર કૃત્યો કરે તેવાંજ કૃત્યો નાતરાં કરનારી સ્ત્રીઓ પણ

પુનર્લગ્નની છૂટ કેવા પ્રસંગોમાં આપવી ?

કરે છે. ધણી જોડે અણબનાવ થાય એટલે તેને ખાવા પીવામાં ઝેર આપી બીજાના દ્રવ્ય-રૂપથી મોહીત થઇ તેની સાથે મોજ માણવી એજ તેમના વૈધવ્ય જીવનનો ઉદ્દેશ હોય છે. જે કોમોમાં નાતરાં થાય છે તે કોમોની સ્ત્રીઓને કાંઇ પણ બંધન હોતું નથી. દિવ્ય દામ્પત્ય પ્રેમનું ભાન તો તેમને થાયજ ક્યાંથી ? મારા નમ્ર વિચાર પ્રમાણે તો ઉચ્ચ જ્ઞાન આપી વિધવાઓને વિધવાશ્રમોમાં રાખી વૈધવ્ય પળાવવું. "સંબંધીના મરણું પછી ના કાંઈ સંબંધ તૂટે." સ્નેહિના અવસાન પછી તેનો સંબંધ પુરો થયો ગણાતો નથી. માટેજ સ્વ. 'કલાપી' લખે છે કે—

ગામડાંઓમાં નાતરાંથી થતી હાનિ.

'બાબાં ! ત્હારા મૃદુ હૃદયને ઓપ વૈધવ્ય આપી.'

આ સંસાર દુઃખનો દરિયો છે. જેઓ વિરક્ત થાય છે તેમને તેમાંની ઉપાધીઓ નડતી નથી. દેશનું કલ્યાણ, જેવું જ્ઞાનદાન વગેરેથી વિરક્ત વ્યક્તિઓ કરી શકે છે તેવું શ્રીમન્તોથી પણ થઈ શકતું નથી. માટેજ વિધવાઓએ પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરી તે જ્ઞાનથી દેશ સેવા કરવી.

વૈધવ્યવ્રત અને પુનર્લગ્ન.

સુધારક બંધુઓ ! વિધવાઓની સ્થિતિ સુધારવાનું કામ અગત્યનું ગણી હિન્દુ સ્ત્રી સંસારની ઉન્નતિ કરશો, અનાથ વિધવાઓને માટે ફંડો કાઢી, આશ્રમો સ્થાપી, પુનર્લગ્નથી થતી સંકર પ્રજાને અટકાવશો, તથા સંસાર સુખની અતૃપ્ત વિકારવતી, ચંચળ મનોવૃત્તિવાળી તથા પતિપ્રેમની કીંમતને હલકી કરનારી જે વિધવા હોય તેને લગ્ન કરવાની છૂટ આપી તેમને અનીતિ તરફ જતી પણ રોકશો.

ઉચ્ચ ધાર્મિક કેળવણી:

અંધશ્રદ્ધાનું અનિષ્ટ પરિણામ.

હાલની કેટલીક બ્હેનોમાં ધર્મનું અંધજ્ઞાન જોવામાં આવે છે. ભગવાં પહેરનારનું આચરણ ગમે તેવું ખરાબ હોય તોપણ સ્ત્રીઓ તેના તરફ માનની દૃષ્ટિથી જુએ છે. પતિ, સસરો કે પિતા જે પૂજનીય છે. તેની પૂજા ન કરતાં શરીરે પુષ્ટ થએલા ધર્માચાર્યોની ચરણ સેવા કરે છે. ગાંજો, બીડી, ભાંગ વગેરે વ્યસન કરતો હોય તેવા વેરાગી સાધુને મિષ્ટાન્ન જમાડી સ્ત્રીઓ સંતોષ પામે છે. ઢોંગી બાવાઓનો, વ્યસની આચાર્યોનો અને પેટભરા બ્રાહ્મણોનો નિર્વાહ બહુધા વિધવાઓ ઉપરજ થાય છે માતા 'જેસંગી ' હોવાથી ઢેરસંઘર પાછળ દોડાદોડ કરે, ત્યારે પુત્રીને તેવું શિક્ષણ મળે એમાં શું આશ્ચર્ય ? આચાર્યો ઉપરની બાળપણની નિર્દોષ પ્રીતિ વય વધતાં મજબુત થાય છે અને નિરંકુશ વિધવા દશામાં તો તે અધોગતિ કરનારજ થઇ પડે છે. મહામહેનતે એકઠું કરેલું પતિનું નાણું તેની વિધવા પત્ની મહારાજની પધરામણી કરવામાં, તેમને સારાં ભોજન કરાવવામાં, અમૂલ્ય વસ્ત્રો લઇ આપવામાં, નિરક્ષર બ્રાહ્મણો પાસેથી કથા કહેવરાવવામાં અને ગોકુળ મથુરાં કે શ્રીનાથજીની જાત્રા કરવામાં ગુમાવી દે છે ! દીવાની દુનિઆં સારાસારનો વિચાર કરતી નથી. ભાવિક સ્ત્રીઓ સાધુના બેબાસમાં રહેલા સેતાનોને-પવિત્ર ફફની નીચે ઝેરી છુરી રાખતા ધાતકીઓને- પીછાણતી નથી. માત્ર નિરાકાર, નિરંજન, અલખ વગેરે અર્થ રહિત શબ્દોનો ઉચ્ચાર કરનાર સાધુઓ તરફ તેઓ પૂજ્ય ભાવનાવાળી હોય છે. આથી ઢોંગી ધર્મ ગુરૂઓ જ્યાં જાય

ત્યાં પૂજાય છે. જુવાન સ્ત્રીઓ સાથે એકાંત કરતાં અચકાતા નથી. ચંચળ મનની અંધશ્રદ્ધાળુ સ્ત્રીઓ વાક્‌શુરા વેરાગીઓથી ફસાઇ પડે છે. અને એવાં ગુરૂ-શીષ્યાઓ આર્ય સંસારને કમકમાટી ભરેલાં પાતકોથી અધમ બનાવે છે. હિન્દુ સ્ત્રીસંસારની ઉન્નતિને અર્થે આવા વેશધારીઓનો સમાગમ બંધ કરી સ્ત્રીઓને દ્રઢ મનની બનાવવી. સદ્‌ગુણી સ્ત્રીઓને પોતાની દક્ષતામાં વિશ્વાસ હોય છે. જેથી આવા સાધુઓની સોબતથી પોતાને કાંઈ નુકસાન થવાનું નથી એમ ધારે છે, અને પોતાના જ્ઞાનના ગર્વથી હલકી સંગત કરવામાં જરા પણ શંકા લાવતી નથી; પરંતુ આ તેમની મ્હોટી ભૂલ છે. લાંબે સમયે ખરાબ સંગતિની અસર થયા વિના રહેતીજ નથી. વિકાર બુદ્ધિને અને ડહાપણને હઠાવી દે છે, એકાંત અક્કલને ગુમ કરે છે, વૃત્તિ શક્તિનો પરાજય કરે છે, અને વાસના વિશ્વાસનો વિનાશ કરે છે! વૃદ્ધ અહંજ્ઞાની વિદ્વાન્ પુરુષના તથા વિદૂષી સ્ત્રીઓના સહવાસથી હૃદયમાં જ્ઞાનનો પટ ચિરસ્થાયી થાય છે. માટે સ્ત્રીઓને સારી સંગતીમાં રાખવી. વિઘ્નસંતોષી હોય તેઓ મુગ્ધ વયની સ્ત્રીઓને અવળી સલાહ આપે છે. અને તરૂણી વર્ગમાં પ્રીતિ પાત્ર થઇ પડે છે. વેષધારી સંન્યાસીઓ અને પેટંભરા પુરાણીઓ જેઓ યુવાન સ્ત્રીઓમાં અનીતિનો પ્રવાહ ચલાવે છે તેમને જેમ બને તેમ દૂર કરી વિદુષી સ્ત્રીઓ દ્વારા અજ્ઞાન સ્ત્રીઓની શ્રદ્ધાને પોષવી. સ્ત્રીઓએ સાધુ અને આચાર્યોમાં સારાનરસાનો વિવેક રાખવો. ઘરના દેવની પ્રસન્નતા મેળવી પછીથી મંદિરોમાં જવું. અને સત્સંગ વધારવો પણ અંધ શ્રદ્ધાનો ત્યાગ કરવો. આમ કરવાથીજ હિન્દુ સ્ત્રીસંસાર ઉત્તમ થશે.

સ્ત્રીઓને વ્યાવહારિક જ્ઞાન આપવું:

માણસમાં અને ઇતર પ્રાણીઓમાં જ્ઞાનનોજ તફાવત છે. જ્ઞાનેન હીનાઃ પશુભિઃ સમાનાઃ (જ્ઞાન વિનાનાં માણસો પશુ સરખાં છે! તનશક્તિ વધારવા કરતાં જ્ઞાનશક્તિ વધારનાર શ્રેષ્ટ ગણાય છે. સ્ત્રીઓમાં રહેલા જ્ઞાનતંતુને વૃદ્ધિ પમાડવાથી પોતાની પ્રજાને જ્ઞાનવાળી કરી શકાશે. કન્યા કેળવણી અને ગૃહશિક્ષણ ઉપરાંત સ્ત્રીઓને વ્યાવહારિક જ્ઞાન આપવું બહુ જરૂરનું છે. બાળકની પેઠે સ્ત્રીઓમાં જીજ્ઞાસા વધારે હોય છે. નવું નવું જાણવાની તેને બહુ ઇચ્છા થાય છે. કુદરતની તેમજ મનુષ્યનાં કરેલાં કાર્યોની તેને બારીક નિરીક્ષા કરાવવી. હિન્દુઓમાં યાત્રાનો રિવાજ સારો છે. પુરુષોએ પોતાની સાથે સ્ત્રીઓને લઈ જવી અને દેશાટનનો અભ્યાસ લાભ તેમને પણ આપવો. વિદેશનાં માણસોની રહેણીકરણીથી, ઐતિહાસિક સ્થળોનાં વર્ણનોથી, કુદરતના અલૌકિક સૌંદર્યથી, યાત્રામાં તીર્થમુંડીઆ લોકોની રીતભાતથી અને મુસાફરીનાં સાધનોથી સ્ત્રીઓની રસિક જીજ્ઞાસાને પૂર્ણ કરવી. યાત્રામાં મુસાફરીમાં જે ખર્ચ થાય તેનો હિસાબ પણ સ્ત્રીઓ પાસેજ રખાવવો. વ્યવહારમાં તેને પૂર્ણ પ્રવીણ કરવાથી પુરુષને પરદેશ એકલા જવું પડે તોપણ તે ઘરની આબરૂને એબ લાગવા દેતી નથી. કરકસરથી ઘર ચલાવતાં શીખે છે.-અને સુદામાની સ્ત્રીની પેઠે નિર્ધન દશામાં પણ પતિને ધૈર્ય આપી પોતાનો વ્યવહાર સારી રીતે ચલાવે છે. સ્ત્રીઓને જો ઉચ્ચ પ્રકારનું વ્યાવહારિક જ્ઞાન આપવામાં આવે તો હિન્દુ સ્ત્રીસંસારનો સડો ઓછો થાય.

યાત્રાના અનેક લાભ.

સ્ત્રીઓને વૈદ્યક જ્ઞાન આપવું:

ગમે તેટલું સુખ-વૈભવ હોય પણ અતંદુરસ્ત શરીરને કાંઈ રૂચતું નથી. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારે પુરૂષાર્થ નિરોગી શરીર સાધી શકે છે. માટે શરીરની આરોગ્યતા

ઉપર દરેકને ધ્યાન આપવાની જરૂર છે. સંસારમાં ગ્રહસ્થાશ્રમી સ્ત્રીપુરૂષ બન્નેએ ધર્મના સાધનરૂપ ગણાતા શરીરનું આરોગ્ય જાળવવું જોઇએ. જેમ સ્ત્રી વિનાનો સંસાર સંપૂર્ણ સુખી ગણાતો નથી, તેમ અશક્ત-અનારોગ્ય સ્ત્રીથી પણ પુરૂષને સંસાર સુખ જોઇએ તેવું મળતું નથી. જન્મથીજ આપણા દેશની સ્ત્રીઓ અશક્ત ને નબળા બાંધાની હોય છે. બાળલગ્નથી બાળાઓ 'બાળા' ન મટી હોય તેટલામાં તો 'માતા' થવાનો તેને પ્રસંગ આવે છે! ઇંદ્રિય નિગ્રહના અભાવે કાચી ઉમરમાં થએલી સંતતિ, નિર્માલ્યજ હોય છે. ગર્ભ ધારણ કરવાની ન્હાની ઉંમર, ગર્ભિણીની બેદરકાર માવજત, આરોગ્યતામાં બિગાડ કરનાર હિન્દુ સુવાવડની રીત, કન્યા ઉપરનો સ્વાભાવિક તિરસ્કાર, ઇત્યાદિક કારણોથી આપણા દેશની સ્ત્રીઓ વિદેશીય સ્ત્રીઓ કરતાં નબળી હોય છે. કન્યાઓને પૌષ્ટિક પદાર્થો ખાવા મળે નહિ, માતાની સાથે રહી અતિશ્રમ ભરેલું કામ કરવું પડે, નવરાશના વખતમાં ભાઇભાંડુની સંભાળ લેવાની હોય અને ઉમર લાયક થયા પહેલાં બ્રહ્મચર્યનો નાશ થાય, એટલે વૈદ્યકશાસ્ત્ર પ્રમાણે પણ શરીર નબળુંજ રહે. શ્વસુર પક્ષમાં પણ તન-મન ઉપર હુમલા થાય છે. માનસિક દુઃખોથી કેટલાક રોગો ઉત્પન્ન થાય છે. જાતી સ્વભાવ પ્રમાણે શરમ રાખી તેને છુપાવવામાં આવે છે. અને પરિણામે ઘણુંજ દુઃખ ખમવું પડે છે. બીજી બધી બાબતની કેળવણી સાથે સ્ત્રીઓને વૈદ્યકનું ઉપયોગી શિક્ષણ મળે તો ઘણોજ લાભ થાય. ઘરમાં કોઈ માંદુ પડે તેની તાત્કાલિક સારવાર કરવાનું જ્ઞાન સ્ત્રીઓમાં હોવું જોઇએ. છોકરાંઓ બાળપણમાં ન્હાના ન્હાના રોગોના સપાટામાં જલ્દી આવી જાય છે. અજ્ઞાન સ્ત્રીઓ તેને વખતે નજર બાંધવાના કે દોરા-મંત્રના ઉપચાર કરવા લલચાય છે. અને ભુવાઓ કે ઉંટવૈદ્યોના અપથ્ય ઉપચારથી કોઈ વેળા બાળકનું મરણ પણ નીપજે છે. સ્ત્રીઓમાં ખપજોગું વૈદક-જ્ઞાન હશે તો ચિકિત્સા કરી શાસ્ત્રીય ઇલાજ કરશે. બાળક માંદું પડશે તો ભારે ખોરાક બંધ કરી કાંજી જેવો હલકો ખોરાક આપશે, ટાઢ તડકામાં રખડતું અટકાવશે અને જે રીતે તેનું આરોગ્ય વધે તે રીતે પોતે વર્તશે. કેટલીક સ્ત્રીઓને ભુતડો, માટી વગેરે નહિ ખાવા લાયક વસ્તુઓ ખાવાની કુટેવ હોય છે ! સમજુ સ્ત્રી એવી કુટેવનું ખરાબ પરિણામ જાણી તેમ કરતી અટકશે અને પોતાનું આરોગ્ય જાળવશે.

સ્ત્રીઓનાં શરીરની નબળી હાલત.

પ્રાસંગિક ચર્ચા:

સ્ત્રીઓ ચંચળ મનની છે. કોઈની રસિક મોહક વાણીમાં તરત તે ફસાઇ પડે છે. ભવિષ્યની હાનીનો વિચાર તે કરતી નથી. મનુષ્ય પરીક્ષા તેનામાં હોતી નથી. માટે સ્ત્રીઓને સારી સંગતિમાં રાખવી એ વડિલનો ધર્મ છે. શ્રીમન્તોનાં છોકરાંઓ બહુધા ચાકરના હાથ નીચે ઉછરે છે. અને નિત્યના સહવાસથી કુલિનતા નાશ પામી ઉછેરનારના જેવા દુર્ગુણો તેમનામાં આવે છે. બાળપણમાં દ્રઢ થએલા દુર્ગુણો વય વધવા છતાં પણ જતા નથી. સ્ત્રીઓને દરેક અવસ્થામાં સારી સંગતિની બહુ જરૂર છે. કન્યાઓને શાળામાં કે ઘર આગળ કોની મિત્રતા છે, તે તરફ ધ્યાન આપવું. તરૂણ સ્ત્રીઓની કુરસદનો વખત કુથલી કરવામાં જતો અટકાવી નીતિનાં પુસ્તકો વંચાવવા તરફ વાળવો અને વૃદ્ધાઓએ 'સ્ત્રી શિક્ષણશાળા' જેવી પરોપકારી સંસ્થામાં વખતો વખત જઈ સારાં ભાષણો અથવા સારી વાતચીતથી બીજાને

સારી સંગતિની જરૂર.

બોધ આપવો. સ્ત્રીઓની નુકસાનકારક પ્રથાનો ત્યાગ કરવો. દાંત રંગવા, તેમાં સોનાની રેખો જડાવવી, છુંદણાં છુંદાવવાં, વગેરે શરીરને દુઃખ થાય તેવી રૂઢી કાઢી નાંખી, જ્ઞાન વધે તેવી પ્રથાઓ પાડવી. પરતંત્રતાની બેડીમાંથી તેમને મુક્ત કરવી. શરીરને ઇજા પહોંચે તેવું ઘરનું કામ તેમની પાસેથી ન લેવું. કન્યા વિક્રય તથા કજોડાં બંધ કરવાં અને હિન્દુ સંસારને સુધારવા. આ સિવાય બીજી પણ જે યોજનાઓ ઠીક લાગે તેનો અમલ કરવો.

ઉપસંહાર:

"સ્ત્રીઓ કેળવણીને લાયક છેજ નહિ," આમ બોલનારાઓ પત્નીપ્રણય અને તજ્જન્ય મળતા લાભોથી તદ્દન અજ્ઞાતજ હોવા જોઇએ! આપણાં કેટલાંક પુસ્તકોમાં નારીને અધમ ગણવામાં આવી છે. તે તો સંસાર સુખથી વિમુખ રહેલા સાધુ કવિઓના અતૃપ્ત હૃદયના બળાપાજ હોવા જોઇએ! મુક્તાનંદે નારીને "નરકનું દ્વાર" કહ્યું છે: પણ જ્યારે પુરુષની અધોગતિ કરનાર નારી છે, ત્યારે તેજ મતે નારીની અધોગતિ કરનાર શું પુરુષ નથી? વિરાગી કવિઓની આ દલીલ તદ્દન નાપાયાદાર છે. કેમકે જો એમ હોય તો એક સતી સ્ત્રીએ પતિત પતિનો ઉદ્ધાર કર્યો, એ વાત ખોટીજ ઠરે. સતીનો પતિથી ઉદ્ધાર છે. તેમજ પતિનો સતીથી ઉદ્ધાર છે. આ દુનીઆની સર્વ ઉપાધિઓને અન્યોન્યાશ્રયની જરૂર છે. ઐહિક તેમજ પારલૌકિક સુખને અર્થે સ્ત્રી પુરુષને પરસ્પર અપેક્ષા છે. તો પછી પુરુષની પેઠે સ્ત્રીઓના પણ હક હોવા જોઇએ. સ્ત્રી એ પુરુષનું અર્ધું અંગ છે. માણુસની એક આંખ ફુટવાથી પણ દુઃખ તો થાયજ. માટે એ દુઃખથી બચવા કેળવાએલા પુરુષે પોતાનું બીજું અર્ધું અંગ પણ કેળવવું જોઇએ. સ્ત્રીજાતી કેળવણીને લાયક ન હોય તો ત્હેમના ખોળામાં ઉછરેલા અનેક મહાત્મા દુનિયામાં થવાનો સંભવજ નહોતો. માતૃકેળવણીથીજ નેપોલીઅન વગેરે અમર નામ કરી ગયા છે. આર્યોનાં રમ્ય સંસારચિત્રો તે વખતની સ્ત્રીકેળવણીને લીધેજ હતાં. જનક સભાના ઋષિઓ સામે વાદ કરનાર ગાર્ગી, મંડનમિશ્રનો બચાવ કરવા શંકરાચાર્ય સામે લડત ચલાવનાર સરસ્વતી અને ગાદી ઉપર બેશી ઉત્તમ રાજ્યનીતિ ચલાવનાર હોલ્કર અહલ્યાબાઇ,—એ દરેક સ્ત્રીઓજ હતી. મધ્યકાળમાં રાજ્યોની ફેરફારીને લીધેજ સ્ત્રીકેળવણી નાશ પામી અને જે સ્ત્રી પોતાના પ્રેમના આવેશથી પતિની પ્રેમ-સેવા કરતી, તે આજ દાસી તરીકે મનાવા લાગી છે! પોતાના પ્રિયતમના દુઃખમાં સમભાગી થનાર, સાંસારિક કાર્યોમાં ઉત્તમ સલાહ આપનાર અને દુઃખની ભરતીમાં એક ક્ષણ પણ જુદી નહિ પડતાં પતિને દિલાસો આપનાર એક દાસી તરીકે મનાય એ કેવો અન્યાય? સ્ત્રીઓનો ધર્મ છે કે તેણે સ્વામીની તથા કુટુમ્બની સેવા કરવી અને 'યોગીઓને પણ અગમ્ય' એવો સેવા રૂપી ધર્મ બજાવતાં તેને રસોઇ કરવી, દળવું, વાસણ માંજવાં વગેરે ઘરનાં કાર્યો કરવાં પડે, તેથી તે કાંઇ દાસી ગણાય નહિ. સ્ત્રી ગૃહકાર્યોથી પુરુષની સેવા કરે છે. સ્ત્રીનું કૃત્ય દાસી કૃત્ય મનાતું હોય તો પુરુષનું કેમ ન મનાય? કવિ નર્મદાશંકર કહે છે કે "કામની વહેંચણી પણ કાંઇક એવાજ પ્રકારની કરેલી છે. રળવાનું શ્રમભરેલું કામ પુરુષ કરે છે જ્યારે ઓછી મહેનતનું ઘરનું કામ સ્ત્રીઓને માથે છે, સ્ત્રીઓની સ્વાભાવિક કોમળતાને દાસત્વ માનવું, એ અબળા જાતી ઉપર કેવો જૂલમ?" મતલબ કે સ્ત્રી દાસી નથી પણ મિત્ર છે, કે જેના જેવો મિત્ર દુનિઆમાં પુરુષને બીજો મળતોજ નથી. સંસારનું સામ્રાજ્ય ચલાવ-

સ્ત્રીઓની ખોટી નિન્દા.

સ્ત્રી-પુરુષની સમાનતા.

વામાં પુરુષ રાજા છે અને સ્ત્રી પ્રધાન છે. માટે રાજનીતિનું જ્ઞાન અને આવડત બન્નેને સરખાં હોવાં જોઇએ. કેળવણી વિના એ જ્ઞાન મળતું નથી માટે સ્ત્રીસંસાર સુધારવા સ્ત્રી-કેળવણીની પ્રથમ જરૂર છે.

સ્ત્રી કેળવણી અને સ્ત્રી સન્માન.

આર્ય સમાજના સ્થાપક સ્વામી શ્રી દયાનંદજીએ સ્ત્રીઓના હકમાં અનેક લાભો કર્યા છે. એક શુદ્ર તરીકે મનાતી અને વેદોચ્ચારાદિ પવિત્ર કાર્યોમાં અધમ ગણાતી અબળા જાતીની તેઓએ મુક્તકંઠે પ્રશંસા કરી છે. તેઓશ્રી એક ઠેકાણે લખે છે કે "जैसें पुरुषोंको व्याकरण धर्म और अपने व्यवहारकी विद्या अवश्य पढनी चाहीयें, वैसे स्त्रीयोंकोभी व्याकरण, धर्म, वैदक, गणित और सब विद्या अवश्य शीखनी चाहीये." આ સુવર્ણમય કીમતિ શબ્દો જેઓ સ્ત્રી કેળવણીની વિરુદ્ધ હોય તેઓને મનન કરવાની મારી ખાસ વિનતિ છે. અંગ્રેજી કેળવણીના પરિણામે અધમ મનાતા શુદ્રો પણ જ્યારે હાલ વેદાધ્યયન કરે છે, ત્યારે સ્ત્રીઓ કે જેના ઉપર પોતાની ઉન્નતિનો આધાર છે તેને ભણવાનો અધિકાર નથી એમ કહેવું એ કેટલી મૂર્ખાઇ? હાલના સ્ત્રી સંસારને ખરાબ દશામાં મૂકનાર પુરુષવર્ગ જ્યાં સુધી પોતાનાં મિલિત નેત્રો ન ઉઘાડે ત્યાં સુધી ગરીબ અબળાઓને વિટંબણા વેઠવાનીજ છે. વર્તમાનપત્રોએ, માસિકોએ અને વ્યાખ્યાનકારોએ સ્ત્રી કેળવણીના ફાયદા જણાવી લોકોને કાંઇક ભાન કરાવ્યું છે, પરંતુ હિન્દુ સ્ત્રીઓનો સંસાર સુધારવા હાનીકારક રૂઢીઓ તજવાની જરૂર છે.

લગ્ન કેવી રીતે કરવું?

વિવાહ જેવા મહાન્ કાર્યમાં હિન્દુઓ હજુ જોઇએ તેવા કાળજીવાળા થયા નથી. દેશનો અને સંસારનો ઉત્કર્ષ ત્યાંની પ્રજાના લગ્નવિધિ ઉપર આધાર રાખે છે, માટે બે ભિન્ન વ્યક્તિઓને એક કરવામાં સાવધાનતા અને સંપૂર્ણ વિચારની જરૂર છે. સાયન્સ (વિજ્ઞાન) વેત્તાઓ જેમ કોઈ બે પદાર્થોના ગુણો તપાસી તેમનો રસાયની સંયોગ કરે છે, તેમ દીર્ઘ દૃષ્ટિવાળાં માબાપે કન્યાના અને વરના ઉત્તમ ગુણો જાણીને તેમની એકતા કરવી ઘટે છે. સ્વ. બન્ધુ ગોવર્ધનરામભાઈ "સ્નેહ મુદ્રા"માં જણાવે છે કે—

સંસારમાંહિ પ્રયાણ કાજ્જ પાન્થ ચેતન સર્વ છે,
બે એકથીજ ભલાં પ્રવાસ વિષે વળી કહ્યુ અનુંચ.

× × × × ×

રસ ઐક્ય વિણ મન ઐક્ય નહિ, એ સૂત્ર શાખવ્યું તે દિને,
મન ઐક્ય વિણ નહિ મિત્રતા પ્રભવે શુરુજી કો રીતે.

સ્ત્રી પુરુષ કેરૂં લગ્ન એવી મિત્રતાનો હેતુ છે,
ઘણીવાર આપની પાસથી મ્હેં તાત ! એવુંજ સુણ્યું છે.

અન્યોન્ય કેરી ન્યૂનતા પુરે અનુગુણ દંપતી,
વિનિમય કરે નિજ રસતણો ઉર ઉર આગળ ઉઘડી;
સંસાર સ્વાર્થ અભિન્ન થાતાં ભેદનું કારણ નહિ,
સ્ત્રી પુરુષની તેથીજ સહુમાં મિત્રતા ઉત્તમ કહી.

એ મિત્રતા વા સ્નેહ કહો તે હાર્દ દમ્પતિ-ભાવનું,
રસ ઐક્યથી ઉત્પન્ન થઈ રસ ઐક્યનેજ વધારતું.

આ ઉપરના કાવ્યમાં લગ્નનો ઉત્તમ આશય આલેખેલો છે. વળી સ્વામી શ્રી દયાનંદજી લખે છે કે–" माता पिता लडका और लडकीका विवाह करना कभी विचारे तोभी लडका लडकीकी प्रसन्नताके विना न होना चाहीये." સ્વામીશ્રીના સ્ત્રી સુધારાની બાબતના આ વિચારો ઘણાજ સ્તુત્ય છે. આર્યોનો સ્વયંવરનો સમય યાદ આવતાં હાલના બળાત્કારનાં લગ્નનો સમય શોક ઉપજાવે છે; જ્યાં બાળલગ્ન અને કન્યાવિક્રય હોય ત્યાં પસંદગીનાં લગ્નની વાત શી રીતે થાય? જ્યાં સ્ત્રીઓને અધમ ગણી "ઘોડે નાર પાધરી!" એ સૂત્ર મુજબ પશુની પેઠે તાડન થતું હોય, ત્યાં સંસારનું સુખ કેમ સંભવે? મનુ મહારાજનું વચન 'यत्रनार्यस्तु पूज्यन्ते रमन्ते तत्रदेवताः' જ્યારે અમલમાં મૂકાશે, જ્ઞાનશક્તિ વધારવા પુરુષો તરફથી તેમને છૂટ મળશે, અને વહેમ તથા નિરક્ષરતા નાશ પામશે, ત્યારેજ અવશ્ય ઉન્નતિ થશે.

બળાત્કારનાં લગ્નો!

આ સંસારમાં સુખની સાથે દુઃખોનું મિશ્રણ થએલું છે. ગુલાબના ઝાડમાં સુગંધ અને કાંટા બન્ને છે. સૂર્યમાં પોષક શક્તિની સાથે શોષક શક્તિ પણ રહેલીજ છે. છાયાને માટે નિર્માણ કરેલું વૃક્ષ તાપથી તપેલા મનુષ્યને જેમ વધારે સુખ આપે છે તેમ દુઃખ સહન કર્યા પછી જે સુખ મળે તેજ ઉત્તમ છે. દૃઢ થએલી દુષ્ટ રૂઢીઓ તજવામાં પ્રથમ તો વિટંબણા પડે છે, પણ પરિણામે ઘણોજ લાભ થાય છે. માટે સ્ત્રીઓની સ્થિતિ સુધારવા મ્હારા સુજ્ઞ બાઇઓએ દુઃખકર રિવાજોને તિલાંજલી આપવી ઘટે છે. તેમ કરવાથી આર્ય મહિલાઓ જેવી ઉત્તમ હતી, તેવીજ આધુનિક અબળાઓ પણ થશે. કાપી નાંખેલું ઝાડ અને કૃષ્ણ પક્ષમાં ક્ષીણ થએલો ચંદ્ર જેમ ફરીને વધે છે, તેમ મધ્યમ કાળમાં અવનતિ પામેલા હિન્દુઓની પાછી અવશ્ય ઉન્નતિ થશે. મધ્ય કાળના આપણા પૂર્વજોને આપણા જેવી અનુકૂળતા નહોતી. મળેલા અમૂલ્ય સમયનો લાભ લઇ સ્વર્ગતુલ્ય સ્ત્રીસંસારની ઉન્નતિને માટે ઉન્નતિના આધારભૂત ઉછરતા વિદ્યાર્થીઓને તથા સ્ત્રીઓને ઉચ્ચ કેળવણી આપવી.

ખોટી રૂઢિઓનો ત્યાગ કરવો.

न गृहं गृहमित्याहु गृहिणी गृहमुच्यते। ઉંચા ઝરૂખાવાળી સુશોભીત હવેલીઓ ઘર નથી પણ ગૃહિણી એજ ઘર છે અને તેથીજ સ્ત્રીઓને માટે 'ગૃહરાણી', 'ગૃહદેવી' એવાં સંબોધનો જુનાં પુસ્તકોમાંથી મળી આવે છે. પુરુષને કમાવાની અને સ્ત્રીને તેની વ્યવસ્થા કરવાની ચિંતા હોય છે. સારી સ્ત્રી ધણીની કમાણીના પ્રમાણમાં ઘરનો ખર્ચ રાખે છે. ફુરસદનો વખત પરનિંદામાં કે પરઘેર ભટકવામાં નહિ ગાળતાં, નીતિનાં પુસ્તકો વાંચવામાં અને સીવણ ગુંથણનું કામ કરવામાં ગાળે છે. કેળવાએલી સ્ત્રીજ વ્યાવહારિક કાર્યોમાં મંત્રીત્વ ધરાવે છે, ગૃહકાર્યોમાં ચાકરડી માફક વર્તે છે, સ્નેહ દાખવવામાં માતાની બરાબરી કરે છે, શયનમાં રંભા થઇ રહે છે, ધાર્મિક ક્રિયામાં મદદરૂપ થાય છે અને સહનશીલતા રાખી ધર્મપત્નીનું નામ સાર્થક કરે છે. યોગેન્દ્ર ભર્તૃહરિ પણ લખે છે કે "પતીતપાવની ભાગીરથીની પેઠે પોતાનાં પવિત્ર ચરિત્રોથી પતિવ્રતા નારીઓ પૃથ્વીને પવિત્ર કરે છે, અને ગુણવાન્ પુત્રને ઉત્પન્ન કરે છે કે જે પુત્ર આખા જગત્‌નું કલ્યાણ કરી શકે છે. આવી

સાધ્વી સ્ત્રીઓ.

સાધ્વી સ્ત્રીઓ નિંદવા યોગ્ય નથી પણ મહાન્ પુરુષોએ વંદવા યોગ્ય છે." સ્વઃ નવલરામભાઇ પણ નારીની પ્રશંસા કરતાં લખે છે કે—

" ગોરી ફુલ ગુલાબનું, સુકે કે કરમાય;
" કે કોહે વણ કાળજી, તોએ જાતી સુગંધી ન જાય
"સજન; સંસારનું નૂર છે નારી."

ઘણાંએ હિન્દનાં રમણીરત્નો બીન કાળજીથી કાદવમાં પડયાં રહે છે કે જેમનો ઉત્કર્ષ કરવાની જરૂર છે.

સ્ત્રી ધર્મ:

બ્હેનો ! રોગનું નિદાન જાણ્યા પછી તેનો ઇલાજ ન કરવો એજ ખરી મૂર્ખતા છે. આપણે સમાજના દોષો કાઢીએ છીએ પણ શું આપણામાં દોષો નથી ? કાંટાવાળી ભૂમિને ચામડાથી મઢવા કરતાં રક્ષણને માટે પોતાના પગમાંજ જોડા પહેરવા એ ડહાપણ ભરેલું છે. હમણાંની કેટલીક અજ્ઞાન સ્ત્રીઓમાં જે દોષો નજરે પડે છે તે બધી સ્ત્રીજાતીને દૂષણરૂપ છે. અલ્પવિદ્યો મહાગર્વી–એ મુજબ કેટલીક અજ્ઞાન સ્ત્રીઓ પોતાના થોડા જ્ઞાનનો આડંબર રાખે છે.

નારી દૂષણ.

ધણીને ધમકાવવામાં, સાસુનણંદ જોડે કલહ કરવામાં, અને જ્યાં ત્યાં પોતાના જેવીજ બીજી અર્ધદગ્ધ સ્ત્રીઓની મંડળીમાં તડાકા મારવામાં પોતાનું સ્ત્રીત્વ સમાપ્ત થયું માને છે. વળી કેટલીક અજ્ઞાન બાઇડીઓ તો પતિને વશ કરવા ભુવા–જતિનો આશ્રય લેવામાં, છોકરાં ન થતાં હોય તો વૈદ–જોશી અને દેવ–દેવી પાછળ પૈસાનું પાણી કરવામાં અને ઘરેણાં લુગડાં માટે ધણી જોડે નિત્ય તકરાર કરવામાં પોતાની મહત્તા સમજે છે.

માટે સમજુ સ્ત્રીઓનો ધર્મ છે કે તેમણે આવી સ્ત્રીઓના સ્વભાવને દોષ દર્શાવી સુધારવા અને સમગ્ર સ્ત્રીજાતી ઉપરનો આક્ષેપ દૂર કરવો. ડૉ. જૉન્સન કહે છે કે " જે પોતાની પરીક્ષામાં પાર ઉતરે છે તે બીજાની પરીક્ષામાં પણ પાર ઉતરી શકે છે." માટે આત્મપરીક્ષક થવું બહુ જરૂરનું છે. પોતાની ભૂલો ખોળી કાઢી તે સુધારવાનો પ્રયાસ કરવો. પતિના વિચારો કદાચ ભૂલભરેલા હોય તો તેને મીઠી વાણીથી સુધારવા કહેવું. પોતાના સહવાસમાં આવતી અજ્ઞાન સ્ત્રીઓને તેમની 'અજ્ઞાનતાનું' ભાન કરાવી કર્તવ્યનો બોધ આપવો. ઘરમાં અને કુટુંબમાં સંપ રહે તેમ કરવું. પતિને પૂજ્ય ગણી તેની આજ્ઞામાં રહેવું, સદાકાળ આનંદી સ્વભાવ રાખવો. ચીડીઓ સ્વભાવ એ સ્ત્રીજાતીનું મ્હોટું દૂષણ છે. માટે તેનો ત્યાગ કરવો. પુરુષની કમાણીના પ્રમાણમાં વ્યય કરવો, બહુ ઉડાઉપણું ન રાખવું, નારીના શણગાર રૂપ સુઘડતા રાખવી. ઘરેણાં લુગડાં માટે કંકાસ ન કરવો. વડિલની મર્યાદા રાખવી. પ્રેમ આપ્યા વિના પ્રેમ મળતો નથી માટે કુટુમ્બનાં માણસોને પોતાનું નિષ્કપટપણું બતાવી આપી તેમનો પ્રેમ સંપાદન કરવો. સાસુ–નણંદ ક્રોધથી કાંઈ કહે તો સામે ક્રોધ નહિ કરતાં સહનશીલ થવું, ઘરના નોકરો તરફ બહુ સત્તા કે અતિ છૂટવાળું વર્તન ન રાખવું. મન વાણીને તો બહુજ અંકુશમાં રાખવાં, સહીપણાં કરવામાં પણ સાવચેતી રાખવી. સર્વસમીપ જેમ અંધકાર રહી શકતો નથી તેમ બ્હેનપણીમાં કોઈ દુર્ગુણ હોય તો તેને પોતાના

સન્નારીઓનું કર્તવ્ય.

હૃદયમાં પ્રવેશ કરવા દેવો નહિ, પણ યત્નથી તેને સુધારવી. છિદ્રો ઉઘાડવામાં બહુ અનર્થ થાય છે માટે કોઇનું છિદ્ર પ્રકટ કરવું નહિ. પ્રયોજન વિના પરઘેર ભટકવા જવું નહિ; ઘરના સામાનની સંભાળ રાખવી, ફુરસદના વખતમાં નીતિનાં ઉત્તમ પુસ્તકો વાંચવાં, ઘરની આર્થિક સ્થિતિ દુર્બળ હોય તો નવરાશના વખતમાં છોકરાનાં તથા પોતાનાં કપડાં શીવવાં. બાળક રૂપ વૃક્ષોને નીતિના વાતાવરણમાં પવિત્રતાના જળથી કર્તવ્યનું ખાતર પુરી ઉછેરવાં, મધુર સ્મિત અને મીઠી વાણીથી પરપુરૂષને આકર્ષવા નહિ પણ દુનિઆનાં કંઇક પીડા પામતાં હૃદયોને સાંત્વન આપવું. અને **'ન્હાવું' તથા સ્હેવું''** એ મહા મંત્રનું નિત્ય મનન કરવું.

શુભ આશા અને આશીષ.

બ્હેનો ! આપણામાંની ઘણી ખરી સ્ત્રીઓની જીંદગી પશુ કરતાંએ અધમ હોય છે. સ્વ. નવલરામભાઇએ યોગ્યજ કહ્યું છે કે "ખાવું, પીવું, ખેલવું, એ ત્રણેનુંજ જેને ભાન !" અજ્ઞાન સ્ત્રીઓને માત્ર આટલુંજ ભાન હોય છે. અરે ! એક પણ નિયમિત હોતું નથી. માટે અજ્ઞાનને મૂકી દઇ, કેળવણીને ગ્રહણ કરો. સુધારકોને પણ વિનતિ છે કે તેમણે, બાળલગ્ન, કન્યાવિક્રય આદિનો ત્યાગ કરાવી, સ્ત્રીઓને પરતંત્રતામાંથી મુક્ત કરવી. સ્ત્રીઓને માન આપવાથી, કન્યા કેળવણીના ફેલાવાથી, ઉચ્ચ ધાર્મિક કેળવણી આપવાથી, વિધવાશ્રમો કાઢવાથી, પ્રત્યેક અવસ્થામાં સ્ત્રીઓનું રક્ષણ કરવાથી હિન્દુ સ્ત્રીસંસારની ઉન્નતિ થશે. હિન્દુ સ્ત્રીઓ દુનિઆની દેવીઓ બનશે, હિન્દુ ગૃહો પવિત્ર મંદિરો બનશે, હિન્દુ સંસાર સુખમય સ્વર્ગસમો બનશે. અને કન્યાઓ, યુવતીઓ, વૃદ્ધાઓ તથા વિધવાઓ પોતાની અવસ્થા આનંદઉત્સાહમાં નિર્ગમશે. **"સ્ત્રીઓની ઉન્નતિ થવાથી પ્રજાની ઉન્નતિ થશે. પ્રજાની ઉન્નતિથી દેશની ઉન્નતિ થશે."** સર્વત્ર પવિત્ર પવનોથી મલિનતા નષ્ટ થશે. આત્માનો ઉદ્ધાર કરી સ્ત્રીજીવન દિવ્ય બનાવશે. સતિ પોતાનો અને પતિનો આત્મા વિશુદ્ધ કરી પરમાત્મા સાથે એકતા પામશે. અને પ્રાચીનકાળમાં આર્ય સંસાર જેવો સુરમ્ય ઉજ્વલ હતો તેવોજ હાલનો હિન્દુ સ્ત્રી સંસાર પ્રેમમય-સુખમય-આનંદમય બનશે. પરમાત્મા એ ઇચ્છા સત્વર પાર પાડે એજ આ સ્ત્રી હૃદયની મનોવાંચ્છના. **शुभं भवतु !**

અપત્ય સંગોપન.

લેખક:—સૌ. નર્મદાબાઈ દ્વિવેદી—ભાવનગર.

(મરાઠી ઉપરથી)

અપત્ય સંગોપન (બાલ પોષણ-સંરક્ષણ) નો પ્રશ્ન હાલમાં બહુ મહત્વનો છે. કારણ ? હાલમાં વિશેષે કરીને શહેરો તથા ગામડાઓમાં બાળકોની મૃત્યુ સંખ્યાનું અને

બાલ મરણનું વધતું જતું પ્રમાણ.

વ્યાધિ ગ્રસ્તતાનું પ્રમાણ બહુ વધતું જાય છે. મુંબઇ, અમદાવાદ, વડોદરા, ભાવનગર વગેરે શહેરોની મ્યુનિસિપલ કમીટી પાસે આ પ્રશ્ન પ્રમુખત્વથી ઉભો છે; અને તે સંબંધી ઉપાય ચિંતન તે તે શહેરોની કમીટીમાં ચાલુ છે. ઇતર શહેરોમાં પણ બાળકોની બાબતમાં મૃત્યુ સંખ્યાનું પ્રમાણ એવુંજ નિરુત્સાહજનક છે. તેનું મુખ્ય કારણ એ છે કે

બાળકોની જેવી માવજત થવી જોઇએ તેવી થતી નથી. બાળક સુમારે પાંચ વરસનું થતાં સુધી તેનું પોષણ અને સંગોપન વિશેષે કરી વિશિષ્ટ પદ્ધતિથી થવું જોઇએ. પરંતુ દુર્દૈવની બીના એ છે જે, હાલમાં બાળકોના સંબંધમાં તેનાં માબાપો આ મહત્વની બાબત ઉપર બહુજ બેદરકારી અને નિષ્કાળજી રાખતા હોય, તેવું નજરે પડે છે.

સ્ત્રીઓની વધતી જતી અજ્ઞાનતા.

બાળક ચાર પાંચ વર્ષનો થાય ત્યાં સુધી તેના સંગોપનની જવાબદારી સ્વાભાવિક રીતે સ્ત્રીઓ ઉપરજ હોય છે. અર્થાત્ એ સ્ત્રીઓને તે બાબતમાં જે જ્ઞાન હોય છે, તે પ્રમાણે તે જવાબદારી તેના હાથથી સિદ્ધ થાય. સુમારે ત્રીશ પાંત્રીશ વર્ષ પહેલાં ગુર્જરાષ્ટ્રમાં ઘણાં કુટુંબોમાં, આ વિષય સંબંધી બહુ ઉપયુક્ત જ્ઞાન ધરાવનારી વૃદ્ધ સ્ત્રીઓ હતી; અને તેના અનુરોધથી તે વખતે બાળકોનું સંગોપન કાંઇક પદ્ધતિ પ્રમાણે થતું હતું. તેથી કરીને તે વખતે બાળકો પણ હાલના વખત કરતાં વધારે સૌંદર્ય યુક્ત અને સશક્ત થતાં. પરંતુ ગઇ પા સદીથી આપણી સામાજિક સ્થિતિમાં અને રહેણી કરણીમાં પરિસ્થિત્યનુરૂપ પુષ્કળ ફરક પડેલો હોવાથી, હાલમાં ઘણાં ખરાં કુટુંબમાં તરૂણ અને બિનઅનુભવી સ્ત્રીઓ ઉપર અપત્ય સંગોપનની સર્વ જવાબદારી આવી પડી છે. કેટલેક ઠેકાણે આ સ્ત્રીઓ એટલી બધી અલ્પવયસ્ક દેખાય છે કે, કેટલીક બાબતોમાં તેનું પોતાનુંજ સંગોપન કરાવવા માટે અન્ય મનુષ્યની મદદ લેવાની અપેક્ષા છે. આવી તેર, ચૌદ, કિંવા પંદરથી સોળ વરસની બાલિકા અપત્ય સંગોપનનું જ્ઞાન કેટલું ધરાવતી હશે તેનો વિચાર વાંચકોએ કરવો યોગ્ય છે.

'જૂનું' ગયું અને 'નવું' મળ્યું નથી!

આપણી વિલક્ષણ સમાજ રચનાથી હાલમાં ચૌદથી તે વીશ વરસની અંદરની અનેક સ્ત્રીઓ ઉપર એ અત્યંત મહત્વની જવાબદારી આવી પડે છે, અને તે કામમાં તેને સલાહ–મસલત આપવા માટે પૂર્વ પ્રમાણે માહિતગાર, પુખ્ત અને અનુભવ સંપન્ન વૃદ્ધ સ્ત્રીઓ મળવી મુશ્કેલ હોવાથી, તેમના હાથથી અપત્ય સંગોપનનું કાર્ય કુશળતાથી થતું નથી. એવી અલ્પવયસ્ક અપત્યવયી સ્ત્રીઓને પરંપરાથી ચાલી આવેલા અનુભવજન્ય જુના જ્ઞાનનો ફાયદો મળતો નથી, અને આધુનિક કાળમાં ઉપલબ્ધ થએલા શાસ્ત્રીય જ્ઞાનની પણ માહિતી હોતી નથી; તેથી હાલનાં હિન્દુ કુટુંબોમાં તરૂણ સ્ત્રીઓની આ બાબતમાં બહુ શોચનીય સ્થિતિ થતી જાય છે. યદૃચ્છાએ જો કાંઈ થાય, અથવા કર્મ ધર્મ સંયોગથી જે કાંઈ થોડી ઘણી અર્ધવટ માહિતી મળે, તેના આશ્રયથી અપત્ય સંગોપનનું કામ સ્ત્રીઓ પાસે હાલમાં થાય છે. અર્થાત્ તેનું પરિણામ નિશ્ચિતપણે સારૂં થાય છે, એવી અપેક્ષા કરવી વ્યર્થ છે. આ સંબંધી કેટલેક ઠેકાણે તો એટલી બધી શોચનીય સ્થિતિ જોવામાં આવે છે કે, તે જોઇને બાળકોને આવાં માબાપના ઘેર જન્મ કેમ મળ્યો હશે, એવો પ્રશ્ન આપણા મનમાં ઉદ્‌ભવ્યા વીના રહેતો નથી! માબાપોનો તેનાં બાળકો

જો કાળજી નહિ, તો અતિ કાળજી!

ઉપર પ્રેમ નથી, એવું નથી; ઉલટું તે જો કાંઈ પણ વિશેષ હેરાનગતી ભોગવે તો તે પણ અતિશય પ્રેમથીજ થાય છે; એવું દેખાય છે. બાળક ચાર પાંચ માસનું થાય નહિ, ત્યાં તો તેના મ્હોંમાં ન્હાના મ્હોટા ચમચાઓ ભરેલા કરી પાવા, અને તેને ઠેઠ ગળા સુધી અન્ન ભરવું! અને દિવસમાં તેણે ચાર પાંચ વખત અન્ન નહિ ખાધાથી તેને અન્ન

પચતું નથી અથવા ભૂખ લાગતી નથી, એવી સમજુતીથી તેને કાંઈ કાંઇ પણ પાચક ઔષધ આપવું, ભારે પદાર્થ અને જડાન્ન મોમાં નાંખવું, વગેરે અનેક બાષ્કળતાના પ્રકાર જોઇને તે માતાની તથા તે બાળકની કોને દયા આવે નહિ ?

તેમજ માના શરીરમાં પૂર્ણ દૂધ હોય નહિ, તેથી તે બાળકના પોષણ સંબંધી જે શોચનીય સ્થિતિ થાય છે, તે પણ વિચારણીય છે! એવી સ્થિતિમાં શ્રીમંતોનાં બાળકો હોય તો, ડૉકટર, દાઇ, ગાયનું દૂધ વગેરેની સહાયથી તેનું પોષણ થઇ કોઇ પણ રીતે વૃદ્ધિ પામે છે; પરંતુ મધ્યમ અને કનિષ્ઠ વર્ગોમાં એવાં બાળકોની બહુ અનાવસ્થા હોય છે. એવા કુટુંબોમાં સારૂં દૂધ મેળવવાની પણ મુસ્કેલી હોય છે. એવું દૂધ મળ્યું તો તે બાળકને કેવી રીતે અને કેટલા પ્રમાણમાં આપવું, એ દૂધ પાનારને બરોબર સમજાતું નથી. બાળક રડવા લાગતાં તેને દૂધ પાવાની વૃત્તિ થાય છે, અને એ ઉપાયથી બાળકનું રોવું બંધ ન થયું, તો અફીણ મિશ્રિત બાળગુટીકા તૈયાર હોય છે! દૂધ સારૂં ન હોય, અથવા યોગ્ય પ્રમાણમાં નહિ આવવાથી બાળકને અપચો થાય છે, તેથી તેને ઝાડો અગર મરડો થાય છે, અને તેમ થતાં તેને ઔષધ આપવું શરૂ થાય છે. અને નાના પ્રકારની પેટંટ દવાઓ અથવા ગુટિકા કિંવા અફિણ આપીને બાળકનો કોઠો બગાડી નાખવામાં આવે છે! એ પ્રમાણે કેટલાક માસ–બાળક સાધારણતઃ હરતું ફરતું થતાં–સુધી એ પ્રકાર શરૂ રહે છે. એવાં બાળકો સશક્ત અને તેજસ્વી કયાંથી થાય? અર્ધમૃત પ્રમાણે જન્મભર તેની શોચનીય સ્થિતિ રહે, એ દેખીતું છે.

અજ્ઞાનતાનું 'ઉટવેદું'!

આ સ્થિતિમાં સુધારણા કરવાનો મુખ્ય ઉપાય, હાલની તરૂણ સ્ત્રીઓને અપત્ય સંગોપનના શાસ્ત્રનું-નિદાન તેનાં મૂળતત્વોનું–જ્ઞાન કરાવવું, એ છે. તે જ્ઞાન તેને આપવું કે આ બાબત માહિતીના અનર્થો થતા અટકશે. સ્ત્રી સુશિક્ષિત કિંવા અશિક્ષિત હોય, પણ તેને આ જ્ઞાન પ્રાપ્ત કરાવવું એ તેના પતિનું એક મહત્વનું કર્તવ્ય છે. જુની રૂઢીના જ્ઞાનનો લોપ થતો જાય છે, જેથી આ બાબતમાં નવિન શાસ્ત્રીય જ્ઞાન હાલમાં જે ઉપલબ્ધ છે તે તેણે પોતાની સ્ત્રીને આપવું જોઇએ. અને જ્યાં સ્ત્રી અને પુરૂષ ઉભય અક્ષરશૂન્ય હોય, ત્યાં તેની આસપાસના સુશિક્ષિતોએ તેમને એ જ્ઞાનથી માહીતગાર કરવાં જોઇએ.

બાલ પોષણના જ્ઞાનની સ્ત્રીઓને જરૂર.

બાળકનાં ઉછેર અને પોષણની બાબતમાં પ્રથમ એ બાબત લક્ષમાં રાખવા જેવી છે કે, તેનાં આંતરડાંઓ અત્યંત નાજુક હોવાથી તેને જે અન્ન આપવાનું છે, તે અતિશય શુદ્ધ અને સ્વચ્છ હોવું જોઇએ. બાળકને ઉત્તમ અન્ન તો તેની માતાનું દૂધ છે. જ્યાં તે મળવું શકય છે ત્યાં સ્વચ્છતા અને શુદ્ધતાનો પ્રશ્ન રહેતો નથી. માત્ર બાળક જ્યાં સુધી માતાનું પયપાન કરે છે ત્યાં સુધી તેની માતાએ ખાવાપિવાની બાબતમાં બાષ્કળપણાનું વર્તન કામનું નથી. પણ જ્યાં પોષણ માટે અન્ય દૂધનો ઉપયોગ થાય છે ત્યાં સ્વચ્છતા અને શુદ્ધતા સાચવવાની બાબતમાં બહું લક્ષ આપવાની જરૂર છે.

શોખ્ખું દૂધ.

માતાના દૂધથી ઉછરતા બાળકનું પોષણ કેમ કરવું, તેનો પ્રથમ વિચાર કરીશું.

બાળકને કેવી રીતે ધવરાવવું.

બાળક જન્મ્યાથી બે ત્રણ દિવસ થતાં સુધી દુધનો સ્રાવ ઓછો થાય છે, તે વખતે રોજ ચારથી છ વખત સુધી તેને ધવરાવવું; અને તે પછી દિવસમાં પ્રત્યેક બબ્બે કલાકને અંતરે અને રાત્રીએ બે વખત, એ પ્રમાણે બાળક બે માસનું થાય ત્યાં સુધી વર્તવું. એ મુદત પછી દિવસમાં દર અઢી કલાકે અને રાત્રિએ દસ વાગ્યા પછી પ્રાતઃકાળના છ વાગતાં સુધીમાં બે વખત એમ ત્રણ માસ પૂર્ણ થતાં સુધી,–તથા પછી દિવસમાં ત્રણ કલાકના અંતરે અને રાત્રીએ એક વખત એ પ્રમાણે પાંચ માસ થતાં સુધી–એવી રીતે બાળકને ધવરાવવું. તે પછી રાત્રિએ ધવરાવવાનું બંધ કરવું.

અન્ન આંપવાની શરૂઆત.

બાળક સાત આઠ માસનું થતાં સુધી તેને અન્ન આપવું નહિ. આઠમા અગર નવમા મહીનાથી દિવસમાં એક વખત, સવારે થોડો નરમ ભાત વગેરે અન્ન આપવું અને પછી જેમ જેમ વિશેષ દિવસ થતા જાય, તેમ તેમ–સુમારે માસે અગર પંદર દિવસના અંતરે બે વખત, ત્રણ વખત, એમ થોડું થોડું ખવરાવવું. ખોરાક ખવરાવવાના વધારા સાથે ધવરાવવાનું ઓછું કરતા જવું તથા બાળકનું ધાવવા તરફ દુર્લક્ષ થતાંજ ધવરાવવું બંધ કરવું. સામાન્યતઃ બાળક નવ અગર દસ માસનું થતાં ધવરાવવાનું બંધ કરવામાં કશી હરકત નથી. તેમ તે મુદતમાં એક અગર બે માસ વધારવામાં કશી અડચણ નથી. બાર માસથી વિશેષ મુદત કામની નથી. બાળક એક વર્ષનું થયા પછી તેને ધવરાવવું એ મોટી ભૂલ છે.

માતા અથવા ધાવ નીરોગી જોઇએ.

બાળક જ્યાં સુધી ધાવે છે, ત્યાં સુધી તેની માની પ્રકૃતિ તદ્દન નિરોગી રહેવી જોઇએ. જે સ્ત્રી નિરોગી હોતી નથી, તેના બાળકને ધવરાવવું નહિ, એ બહુજ ઉત્તમ છે. ક્ષય, ક્ષીણતા, પાંડુ, રક્તહીનતા, અથવા એવા અનેક આનુવંશિક (વંશપરંપરા ઉતરતો) અથવા જુના રોગ પૈકી કોઈ જ્યારે બાળકને ધવરાવનાર તેની મા અગર ધાવ (ધવરાવનારે અન્ય સ્ત્રી) ને થયો હોય, ત્યારે તેના સ્તનમાંથી ઉત્પન્ન થએલ દૂધના સ્રાવનો તેણે તે બાળકનાં પોષણ માટે ઉપયોગ કરવો કામનો નથી. એટલુંજ નહિ, પણ સ્ત્રી પ્રથમથી નિરોગ અને સશક્ત હોવા છતાં કાંઇ કારણવશાત્ બાળકને ધવરાવવાના કાળમાં આજારી થાય તો તેની પ્રકૃતિ તદ્દન પહેલાં પ્રમાણે થાય નહિ ત્યાં સુધી તેણે બાળકને ધવરાવવું નુકશાનકારક છે.

ગાયનું દૂધ.

જે કુટુંબમાં બાળકને પોતાની માતાનું દૂધ મળવું અશક્ય હોય, ત્યાં ગાયના દૂધ ઉપર તેનું પોષણ કરવું, એ ઉત્તમ છે. ગાયનું દૂધ ન મળે તો ના ઇલાજે બકરાંનું દૂધ લેવું. ગાયનું દૂધ ચાર કલાક વાસણમાં રાખ્યાથી તેના ઉપરના એક તૃતીયાંસ ભાગમાં સેંકડે ૧૦ એ પ્રમાણમાં ચરબીનો ભાગ ઉત્પન્ન થાય છે, અને તેજ દૂધના ઉપરના અરધા ભાગમાં સેંકડે એ પ્રમાણે ચરબીનો અંશ હોય છે. આ દૂધનું નીચે પ્રમાણે મિશ્રણ કરીને તે આપવું.

પહેલાં બે
દૂધમાં મિશ્રણ.

અગર ત્રણ અઠવાડીયામાં બે ઔંસ (૫ તોલા) ઉપર કહ્યા પ્રમાણે સેંકડે દશ પ્રમાણના ચરબીવાળા દૂધમાં ૧ ઔંસ દૂધની સાકર, જે ઈંગ્રેજી દવા વેચનારને ત્યાંથી મળે છે, ૧ ઔંસ લાઇમ વૉટર અને ૧૭ ઔંસ ઉકાળેલું સ્વચ્છ ઉનું પાણી, એ પ્રમાણે મિશ્રણ કરીને નીચેના કોષ્ટક પ્રમાણે દરેક વખતે આપવું*.

વયપ્રમાણ. (જન્મ પછી:)	કેટલા કલાકને અંતરે.	રાત્રીના ૧૦ પછી સવારના ૭ સુધીમાં કેટલી વાર.	૨૪ કલાકમાં કેટલી વખત મિશ્રણ આપવું.	એક વખતમાં કેટલા ઔંસ આપવું.	૨૪ કલાક મળીને કેટલા ઔંસ આપવું.
૨ દિવસથી ૭ દિવસ સુધી.	૨	૨	૧૦	૧ થી ૧॥	૧૦ થી ૧૫
૨ અઠવાડીયાથી ૩ અઠવાડીયા સુધી.	૨	૨	૧૦	૧॥ થી ૩	૧૫ થી ૩૦
૪ અઠવાડીયાથી ૫ અઠવાડીયા સુધી.	૨	૧	૯	૨॥ થી ૩॥	૨૨॥ થી ૩૧॥
૬ અઠવાડીયાથી ૩ મહીના સુધી.	૨॥	૧	૮	૩ થી ૫	૨૨ થી ૪૦
૩ મહીનાથી૫ મહીના સુધી	૩	૧	૭	૪ થી ૬	૨૮ થી ૪૨
૫ મહીનાથી૯ મહીના સુધી.	૩	૦	૬	૫ થી ૭॥	૩૦ થી ૪૫
૯ મહીનાથી ૧૨ માસ સુધી.	૪	૦	૫	૭ થી ૯	૩૫ થી ૪૫

આ પછી પ્રત્યેક ૩ અઠવાડીયા પછી એક એક ઔંસ, સેંકડે દશ પ્રમાણનું ચરબીવાળું દૂધ વધારવું, અને પાણીનું પ્રમાણ એક એક ઔંસ ઓછું કરવું. બાકીની વસ્તુ ઉપર પ્રમાણેજ મેળવવી.

બાળકને પાંચમો માસ શરૂ થતાં દૂધના મિશ્રણમાં નીચે પ્રમાણે ફેરફાર કરવો. સેંકડે સાત પ્રમાણનું ચરબીવાળું દૂધ ૭ ઔંસ, ૧ ઔંસ દૂધની સાકર (Milk sugar), ૧ ઔંસ લાઇમવૉટર, અને સ્વચ્છ ઉનું પાણી: એ પ્રમાણે મિશ્રણ કરવું, અને પછી દરેક વધતા મહિનાએ એક એક ઔંસ દૂધ વિશેષ મેળવી તેટલુંજ પાણી ઓછું કરવું. એ પ્રમાણે આઠ માસ પર્યંત કરવું. બાળક આઠ માસનું થતાં આ મિશ્રણમાં જે ભાગ પાણીનો મિશ્રિત કરવાનો છે, તેમાં રાંધેલો અને બહુજ પાણી સાથે પકવ કરીને રાબડી (કાંજી) જેવો કરેલો ભાત મેળવવો. જો એકંદર ૧૪ ઔંસ પાણી મિશ્રિત કરવાનું હોય તો ૭ ઔંસ પાણી અને ૭ ઔંસ ઉપર કહેલ ભાતની કાંજી મેળવવી. આ પ્રમાણે મિશ્રણ કરી ઉપર કહેલા કોષ્ટક પ્રમાણે બાળકને આપવી.

ભાતની કાંજી.

ઉપરના કોષ્ટકમાં; સરાસરી દિવસમાં બાળકના પેટમાં કમીમાં કમી અગર વધારેમાં વધારે કેટલું મિશ્રણ જવું ઉપયોગી છે, તે દર્શાવ્યું છે. તે ફક્ત માર્ગદર્શક સમજીને જૂદાં જૂદાં બાળક માટે પરિસ્થિતિને અનુરૂપ જરૂર જણાય તેમ ફેરફાર, અનુભવી વૈદ્ય અથવા ડૉક્ટરની સલાહ પ્રમાણે, કરવામાં હરકત નથી. પરંતુ સામાન્યતઃ બાળકના પોષણનું ધોરણું ઉપરના કોષ્ટકના અનુસાર ચલાવવું ફળપ્રદ છે.

કોષ્ટકનું પ્રમાણ માર્ગદર્શક છે.

* આ કોષ્ટક બાળકના સંગોપન અને પોષણની અનુભવજન્ય માહિતી ધરાવનાર હોલ્ટસ નામના પ્રખ્યાત યૂરોપિયન ગ્રંથકારના ગ્રંથમાંથી લીધેલ છે.

ઉપર જણાવેલા મિશ્રણ ઉપર જ્યારે બાળકનું પોષણ અવલંબિત છે, ત્યારે તે કાર્યમાં ઉપયોગી દૂધ બહુ સારી રીતે તપાસીને લેવું જોઇએ. જે ગાયનું દૂધ ઉપયોગમાં લેવાનું હોય, તે ગાય નિરોગી છે કે નહિ? તેની તપાસ પ્રથમ કરવી જોઈએ. તે પછી દૂધ રાખવાનાં વાસણો સ્વચ્છ જોઇએ. દૂધ દોનાર મનુષ્યે દૂધ દોતી વખત પોતાના હાથ સ્વચ્છ કરવા જોઇએ. દૂધ એક વાસણમાંથી બીજા વાસણમાં નાંખતાં પણ સ્વચ્છતા પ્રતિ લક્ષ આપવું અને તે માટે બારીક તપાસ કરવી જરૂરની છે. આ બાબતો જોવામાં નજીવી છે, પણ તે પ્રતિ દુર્લક્ષ્ય કરવાથી બહુ મોટી હાનિ થાય છે. દૂધ ટાઢું, વાશી અગર ઘણા વખત સુધી ઉઘાડા વાસણમાં રસ્તા ઉપર અગર દૂકાનો ઉપર રાખેલું હોય તેવું બાળકના પોષણ માટે કાંઈ પણ કામનું નથી. શહેરોમાં ખાસ કરીને તાજું અને ભેગ વગરનું દૂધ મેળવવા માટે અતિશય કાળજી રાખવી જરૂરની છે.

ટાલ અને ભેગ વિનાના દૂધની જરૂર.

ધારોષ્ણ (તરતનું દોહેલું) દૂધ સર્વમાં ઉત્તમ છે. પણ જ્યારે તે ન મળે, તો દૂધનો ઉપયોગ કર્યા પહેલાં તેને ૧૬૦ ડિગ્રી–(ફેરનહીટ) સુધી તપાવવું. એવી સ્થિતિમાં તેને ૨૦ મિનિટ રાખવું. ૨૦ મિનિટ સુધી એટલી આંચ દીધા પછી તેને તુરત અતિશય ઠંડા પાણીના વાસણમાં અગર તેવીજ ઠંડીવાળી જગ્યામાં મૂકી રાખવું. માત્ર તેમાં કચરો, ધૂળ, એવી ખરાબ વસ્તુ ન પડે, તે માટે કાળજી રાખવી. ધારોષ્ણ દૂધ કરતાં આ દૂધ થોડે અંશે ઓછું ફાયદાકારક અને તે પાચન થવામાં પણ તેના કરતાં વધારે જડ હોય છે. પરંતુ ધારોષ્ણ નહિ એવા કાચા દૂધ કરતાં ઉપર પ્રમાણે ઉનું કરેલું દૂધ લેવું ઇષ્ટ છે. કારણ કે વાશી દૂધમાં એક પ્રકારના સુક્ષ્મ જંતુ ઉત્પન્ન થાય છે તેનો દૂધ ઉનું કરવાથી નાશ થાય છે. ઉનું કરેલું દૂધ બહુ ઠંડું થયા પછી પુનઃ તેમાં જંતુ ઉત્પન્ન થવા લાગે છે, (આ જંતુ આંખોથી દેખાય તેવા મોટા હોતા નથી.) માટે તે વધારે વખત રાખી મુકવું કામનું નથી અને જેટલો વખત રાખવું હોય તેટલો વખત તે સ્વચ્છ રહે તેવી તજવીજ રાખવી. સાધારણ રીતે સવારે ઉનું કરેલું દૂધ સંધ્યાકાળ પહેલાં ખલાસ કરવું અને સંધ્યાકાળે પુનઃ તાજું દૂધ ઉનું કરવું. દૂધ એ પદાર્થ એટલો બધો નાજુક છે કે, તે માટે સહેજ પણ બેદરકારી રાખવાથી તે બગડી જાય છે, તેમાં જંતુ ઉત્પન્ન થાય છે, અને તે બાળકના પેટમાં જવાથી અનેક વિકારો થાય છે. માટે દૂધની સ્વચ્છતા તથા શુદ્ધતા માટે બહુ સાવધગિરી રાખવી જોઇએ. ગાય નિરોગી છે કે નહિ, તે વિષે ખાસ ચોકશી રાખવી જરૂરની છે. તે બાબતે શંકા હોય તો, દૂધ આવ્યા પછી તે બે ત્રણ વખત સ્વચ્છ કપડાથી ગાળી નાંખવું. તેમજ જે વાસણ (ઝારી, દૂધની શીશી નળી વગેરે)થી બાળકને તે પાવાનું હોય, તે વાસણ દરરોજ ધોઇ લ્હોઈ સાફ રાખવું જોઇએ, અને દિવસમાં જેટલી વખત તે ઉપયોગમાં લેવું પડે, તેટલી વખત તે સાફ કરવાં જોઇએ. કેટલેક ઠેકાણે એવું જોવામાં આવે છે કે એક વખત કાચના વાસણમાં દૂધ ભર્યું તે બધું ખપી જાય ત્યાં સુધી તેને સાફ કર્યા સિવાય તેમજ રાખી મુકે છે. કેટલેક ઠેકાણે તો સંધ્યાકાળ (અથવા બીજા દિવસ પર્યંત પણ) સુધી તે ધોવામાં આવતું નથી! આવી બેદરકારીનાં પરિણામ કુદરતી રીતે ભયંકર આવે છે.

ધારોષ્ણ અથવા ગરમ કરેલું દૂધ વાપરવું.

દૂધ રાખવાનું વાસણ.

ખોરાકનો સમય.

બાળકની ઉમ્મર એક વરસની થતાં તેને દૂધ આપવાનું બંધ કરી અન્ન આપવાનો ઉપક્રમ શરૂ કરવો. એ અન્ન તદ્દન સાદું, હલકું, અને પૌષ્ટિક હોવું જોઇએ; અને તે દિવસમાં ત્રણ ચાર વખત બાળકને આપવું. સવારે સુમારે સાતથી આઠની દરમ્યાન, પછી બપોરે બાર વાગે, પછી ત્રીજા પ્રહરે ચારના સુમારે અને પછી રાત્રીના સાત સાડાસાતના સુમારે. આઠથી સાડાઆઠના સુમારે બાળકને સુવરાવવું.

ખોરાક રૂચિ પ્રમાણે આપવો.

બાળક ત્રણ વર્ષનું થતાં સુધી આ ક્રમ શરૂ રાખવો. ત્રીજા પ્રહરે જમાડવા કરતાં દૂધ આપવું એ સારૂં છે. ત્રણ વરસ પછી ત્રીજા પહોરે અન્ન આપવું બંધ કરવું. સવારે, બપોરે અને સાંજે એમ ત્રણ વખત અન્ન આપવું. ત્રણ અથવા ચાર વખત અન્ન આપવાનો ક્રમ ચાલુ હોય, ત્યારે પ્રત્યેક વખતે તદ્દન માફક હોય તેટલુંજ અન્ન બાળકને ખવરાવવું. નિરોગી બાળકની ક્ષુધાની નૈસર્ગિક ભાવના તદ્દન નિર્દોષ હોય છે, તેવે વખતે જમતાં જમતાં બાળકે 'નહિ' કહી માથું હલાવતાં તુરત તેને ભૂખ નથી અર્થાત્ અધિક અન્નની જરૂર નથી એમ સમજી તુરત તેને ખવરાવવું બંધ કરવું. તેને ખાવા માટે તાણ કરવાની જરૂર નથી. તેમ નહિ કરતાં ઘણી વખત માતા અતિ પ્રેમથી બાળકે ના પાડ્યા છતાં 'અમુક થોડું' 'આ અમુક થોડું' એમ તાણ કરીને વધારે વધારે અન્ન ખવરાવે છે. આ પ્રકાર બહુ ખરાબ છે, તેથી બાળકને અજીર્ણ થઇને તેની નૈસર્ગિક ક્ષુધાની સંવર્દ્ધન શક્તિનો નાશ થાય છે અને તેથી તેની પ્રકૃતિ બગડે છે તથા તેથી અનેક પ્રકારના વિકારો ઉદ્દભવે છે.

મિષ્ટ પદાર્થો.

બાળક સુદૃઢ ૭ સાત વરસનું થઇ ધીંગામસ્તી કરવા લાગ્યા સુધી તેને બનતાં સુધી ભારે અપાચક પદાર્થ ખાવા આપવો યોગ્ય નથી. પણ આ વય પછી કદી કદી તેવા પદાર્થનું સેવન ક્ષમ્ય છે. કેટલાક બાળકોને નાનપણથી મીષ્ટ પદાર્થ—સાકર, ગોળ, મીઠાઈ, વગેરે બહુ ખાવાની ટેવ લાડકપણાથી કરાવે છે, તે સારી નથી. તેથી બાળકનો કોઠો બગડે છે, અને પેટમાં વારંવાર જંતુઓ ઉત્પન્ન થઈને તે બહાર કાઢવા માટે, જંતુનાશક ઔષધ અને રેચક પદાર્થ આપવાં પડે છે. તેથી આંતરડાંઓનું નૈસર્ગિક ચૈતન્ય ઓછું થાય છે અને તેથી પચનક્રિયા મંદ થવાનો પણ સંભવ છે.

બાળકને આપવાનો ખોરાક.

નાનાં બાળકને જે અન્ન ખોરાકમાં આપવું, તે ભાત, જુવાર અગર બાજરીની ભાખરી, કદી કદી ઘઉંની રોટલી, તુંવેર–મગ–મસુર, ચણા વગેરેની દાળ, કઢોળ (શાક તરીકે બનાવેલી દાળ અગર આખું કરેલ કઢોળ) વગેરે, તાજાં ફળ, ભાજી પાલો, દૂધ, દહીં, તેલ, માખણ, ઘી; તે પૈકી કોઇ પણ બે ત્રણ પદાર્થ એક વખતે માફકસર પ્રમાણ મુજબ આપવાં. બાળક સાત આઠ વરસનું થયું એટલે તેને ભોંયશીંગ, નાળીયેર, બદામ, પસ્તાં, અખોડ (વગેરે આચ્છાદિત પદાર્થ), દ્રાક્ષ, અંજિર, કેરી, સંત્રાં, મીઠાં લીંબુ, સફરજન, અનેનાસ, અને એ પ્રકારનાં અન્ય રસાળ તાજાં ફળો વારંવાર ખોરાકમાં આપવાં. બાળકોને સ્વભાવતઃ મીષ્ટ પદાર્થ ઉપર અતિ રૂચી હોય છે, તેથી તેને મિઠાઈ બહુ થોડી આપવી. તેને ઠેકાણે ખજૂર, અંજિર, જરદાળુ અથવા એવાં મિષ્ટતાયુક્ત ફળો તેને આપવાં. બજારમાં મળતી ખાંડની જે

મીઠાઇ ખાસ કરીને મધ્યમ અને ગરીબ વર્ગનાં બાળકોને વારંવાર આપવામાં આવે છે, તે આરોગ્યની દૃષ્ટિએ તદ્દન ખરાબ અને હાનિકારક છે. કદાચ મિઠાઈ આપવીજ હોય, તો કદી કદી ચોખ્ખી ગાંગડા સાકર બજારમાંથી લાવીને તેના પદાર્થ ઘેર બનાવી બાળકોને થોડા પ્રમાણમાં આપવા. યાત્રા અગર તહેવારના પ્રસંગે પણ બજારૂ મિઠાઈ બાળકોને આપવી નહિ. મોટાં માણસો કરતાં આ બાબતમાં બાળકો સંબંધી બહુ કાળજી રાખવાની જરૂર છે, કારણ કે ખરાબ મીઠાઇનાં અનિષ્ટ પરિણામ બાળકોની પ્રકૃતિ ઉપર વિશેષ થાય છે. બાળકોને પાવાનું પાણી પણ શુદ્ધ, તાજું અને સ્વચ્છ હોવું જોઇએ. આ પ્રમાણે તેની ખાવા પીવાનો બંદોબસ્ત રાખ્યાથી, તે વિશેષ નિરોગી અને સશક્ત થાય છે, અને તેથી તેના મૃત્યુનું પ્રમાણ પુષ્કળ ઓછું થશે, એ નક્કિ છે.

કેવાં કપડાં જોઇએ ?

ખાવાપિવા પ્રમાણે બાળકોનાં કપડાં તરફ પણ લક્ષ આપવું જોઈએ. જરૂર તેટલાં ઋતુ યોગ્ય કપડાં તેને પહેરાવવાં પણ નકામાં વધારે કપડાં પહેરાવવાં નહિ. તેમજ તેનાં કપડાં તંગ જોઇએ નહિ—શરીર માંહેની ઇંદ્રિયોના વ્યાપારને કપડાંથી અડચણ થાય તેવાં ઉપયોગનાં નહિ. બાળકનાં શૌચ વિધી સંબંધે વિશેષ કાળજી રાખવી ઘટે છે. તેને રોજ પ્રાતઃકાળે એક વખત શૌચ જવાની ટેવ પાડવી જોઈએ. ગમે ત્યારે અને ગમે તેટલી વખત શૌચ જાય તે શ્રેયસ્કર નહિ. તેમ થવાથી બાળકની પ્રકૃતિમાં કાંઇ પણ બગાડ થયેલો સમજીને તે માટે તાબડતોબ ઉપાય કરવા.

રમત ગમત.

બાળકને ખુલ્લી હવામાં રમવા દેવાં; પરંતુ તેને ખરાબ અગર ઉંડા પાણીવાળાં સ્થળોમાં જવા દેવાં નહિ. તેની વય પ્રમાણે તેને જુદા જુદા વ્યાયામની રમતો રમવા દેવી. કારણ આ વયમાં તે રમત રમવાને અતિશય ઉત્સુક હોય છે.

બાળક ઉપર દાબ.

નાનાં બાળકોને વારંવાર કઠોર શબ્દ બોલીને અથવા મારીને તેને ઉત્સાહ ભંગ કરવાં નહિ. તે સહેજસાજ તોફાન કરે તો, તે તરફ દુર્લક્ષ કરવું. માત્ર તેને સારી રીતે ચાલવા માટે અને તેનું શીલ ઉત્કૃષ્ટ બને તે માટે પ્રસંગોપાત તેના પર દાબ દર્શાવવો શ્રેયસ્કર છે. પણ આ બાબતમાં ક મનુષ્યે વિવેક વિચારથી કામ લેવું જરૂરનું છે.

આરોગ્ય અને શિક્ષણ.

સ્વચ્છતા અને આરોગ્યનું મહત્વ બાળકોનાં લક્ષમાં લાવી તેને અનુરૂપ વર્તન તેને શીખવવું. બાળક સાત આઠ વરસનું થતાં સુધી તેને નિશાળમાં નહિ મોકલવાં, અને તેના ઉપર અભ્યાસનો બોજો લાદવો નહિ. હોંશથી તે શીખે, તો રોજ એક કલાક ઘેર શીખવવું.

બાળ સંગતિ.

બાળક એ સદા સહવાસ પ્રિય હોય છે, અને તેથી તેને સદા કોઇની પણ સંગતમાં રહેવું ગમે છે. બારેજ ચાર બાળકો એકત્ર થતાં તેનો સ્નેહ તાબડતોબ બંધાય છે. આપણાં બાળકને સદ્વર્તનવાળા બાળકની સંગત થાય, એવું પ્રત્યેક માબાપને થાય છે; પણ તે બાબતમાં જોઇએ તેટલી દક્ષતા કે કાળજી રાખવામાં આવતી હોય એમ દેખાતું નથી. કુટેવોવાળાં બાળકો સાથે પોતાનાં બાળકોની સોબત થયા પછી તેનો સ્નેહ તોડાવીને તેનું મન ખાટું કરવા કરતાં કયા બાળકની સંગતમાં

પોતાના બાળકને રાખવો, તેની ચુંટણી અગાઉથી કરી તેજ બાળકની સંગતીમાં તે રહે, એવી યોજના બાળક ન જાણે તેમ કરવી એ સારી છે. તેમ ન થયું તો પ્રારંભથીજ બાળકને સ્પષ્ટ ઇસારો કરવો. તેમ કરતાં બાળક સમજી શકે, એવી ભાષા યોજવી, એટલે તેમનો ભંગ થશે નહિ. આ બાબત ઉપર આટલો બધો વિસ્તાર કરવાનું કારણ એ છે કે જે બાળકોને વારંવાર હડબડ કરીને તેનું વારંવાર મનોભંગ કરવામાં આવે છે, તેવા બાળકનો માનસિક વિકાસ થવો જોઇએ તેવો થતો નથી; તે વચમાંથીજ અટકે છે. લજામણીના છોડનાં પાંદડાંને સ્પર્શ કરતાં તેની જે સ્થિતિ થાય છે, તેજ સ્થિતિ કાંઇક અંશે બાળકોના મનની થાય છે. મનનો વિકાસ પૂર્ણ નહિ થવાથી તે દુર્બળ થાય છે, અને તેનું પરિણામ શરીર ઉપર પણ થાય છે. તેથી તેનો વૃથા ઉત્સાહભંગ અને મનોભંગ કરવો નહિ, તેમજ તેને અતિ લાડમાં બગાડવો નહિ. કહેવત છે કે Strictness is kindness (કડકપણું એજ માયાળુપણું છે) તે ધ્યાનમાં લઇ માબાપે બાળક સાથે પોતાનું વર્તન રાખવું, એટલે સર્વ બાબતમાં તે સારાં ચરિત્રવાન થવાનાં.

વેદમાં સ્ત્રીનું સ્થાન.

અનુવાદકઃ—મિસિસ સુરજ બ્હેન રંગીલદાસ કાપડિયા.—ગણદેવી.

" We do not wish our women to be the suffragists of England: we desire them to be Queens of our household, a Blessing to ourselves, true wives to their husbands, true mothers to their children, a source of our country's welfare, nay, Goddesses like Sita, and Damayanti of yore."

૧.

કુદરતના વ્યવહારમાં નારીની ઉત્પત્તિ એક અત્યુપયોગી પાઠ ભજવે છે એટલું નહિ, પણ તેટલાજ બલ્કે તેથી પણ વધારે પ્રમાણમાં મનુષ્યોત્પત્તિમાં પણ તે એક પ્રધાન સ્થાન ભોગવે છે. પુરૂષ અને સ્ત્રી બન્ને એકેકના સાથીઓ છે, અને જીવનનો મહાન હેતુ પાર પાડવા તેઓએ લગ્નમાં જોડાવાની જરૂર છે. આ બાબત કોઇને પણ શંકા નથી. સઘળા એકે અવાજે એ મતને અનુમતિ આપે છે. કેટલાક મેલ્થુઝીઅનો (Malthusians) કે જે મનુષ્યોત્પત્તિમાં વધારો થાય એવા ભયથી આ સંબંધથી વેગળા રહે છે, અગર જો કદાપિ આવો સંબંધ હોય તો પણ વંશવૃદ્ધિ થતી અટકાવવાને અનેક યુક્તિ પ્રયુક્તિઓ રચે છે, ત્હેવા કદાચ એ મતને અનુમત નહિ થાય; પરંતુ જ્યારે જનસમાજનો મ્હોટો ભાગ એ મતને અનુમતિ આપે છે, ત્યારે એમનો સવાલ રહેતો નથી. હવે સામાન્ય જનસમાજ માટે પ્રશ્ન એ રહે છે કે, સ્ત્રીઓને કયું સ્થાન આપવું ? તેઓનો કાર્યપ્રદેશ અગર મોભો માત્ર ધંધાદારીથી મર્યાદિત હોવો જોઇએ કે ત્હેમને જીવનના અન્ય પ્રદેશમાં પણ દાખલ થવા છુટ આપવી જોઇએ ?

આ પ્રશ્ન પર મતભેદ છે. સ્ત્રીઓને માટે 'મત'નું બૂમરાણ અને ઇંગ્લેન્ડમાં મતાભિલાષી મડમડીઓની યાને " સફ્રાજેસ્ટ "ની હીલચાલના સંબંધમાં બનેલા કેટલાક અનિષ્ટ અને વિષમ બનાવોએ એ પ્રશ્નને પુનઃ ઉપસ્થિત કર્યો છે. વળી હિંદીઓ કે જે હજુ તો રાષ્ટ્ર

જન્મની પ્રસૂતિ વેદનામાં છે અને જે લોકો પાશ્ચાત્ય શિષ્ટાચારના દેખાવ અને તેના સુધારા ઉપર રચાયેલી સંસ્થાઓ તરફ આકર્ષાયલા છે, ત્હેમને તો આ પ્રશ્ન ઘણોજ મહત્વનો થઇ પડ્યો છે. આપણી શાળાઓ અને કૉલેજોમાં અપાતી અંગ્રેજી કેળવણીએ આપણા લોકો પર અસર કરી છે અને આપણા પોતાના નહિ એવા સ્ત્રીત્વના કેટલાક ગુણો તરફ ત્હેમને ઘસડી જાય છે કે જો જો ભુલેચુકે પણ અત્ર દાખલ કરવામાં આવે તો આપણા સામાજીક બંધારણને મ્હોટો ધોક્કો પહોંચાડે એમાં કાંઈ શક નથી. અને ખરી રીતે જોતાં તો આ બાબતમાં આપણું સામાજીક બંધારણ પણ એ ચેપથી છેક મુક્ત તો નથીજ. આથી એવો ભય રહે છે કે જે લોકોને બાળક અને બાળાઓની કેળવણી તેમજ વર્તણુકની સુધારણાનું કાર્ય સોંપવામાં આવ્યું છે તે લોકો પણ આ પ્રવાહની સાથે આડે માર્ગે દોરવાઈ જાય અને પરિણામે આખો દેશ પોતાના પ્રાચીન ઉચ્ચ આદર્શના ટોચપરથી નીચે ઢળી પડે ! આવા સંજોગો વચ્ચે, મ્હારી ધારણા પ્રમાણે, વેદોમાં દર્શાવ્યા પ્રમાણે અને હિંદુ સંસારની વ્યવસ્થા કે જેણે હિંદુ રાષ્ટ્રની સ્થિરતા અને અખંડતાને પ્રાચીન કાળથી પોતાનો ફાળો આપ્યો છે તેને અનુકૂળ-આપણા પ્રાચીન ગૌરવના હિમાયતીઓએ નિશ્ચિત કરેલા અને અમલમાં મુકેલા સ્ત્રીત્વના સત્ય ગુણો હિંદુ સમાજની આગળ મુકવા એ યોગ્યજ ગણાશે.

૨.

એ વિષયપર લખાયેલા વેદ મંત્રોના આધારે આ વિષય હું યથાશક્તિ ચર્ચીશ અને ત્યારબાદ પતિ અને પત્ની વચ્ચે શો સંબંધ છે તે વર્ણવવા પ્રયાસ કરીશ. આટલી થોડી શરૂઆતની ટીકા બાદ હું આ વિષયને લગતા વેદના મંત્રો અત્ર આપું છું.

(१) इडेरन्ते हव्ये काम्ये चन्द्रे ज्योतेऽदिते सरस्वति महि विश्रुति ।
सतातेऽघ्न्ये नामानि देवेभ्यो यासुकृतं ब्रूतात् ॥

(२) आजिघ्रकलशम्महात्वा विशन्तु इन्दवः ।
पुनरूर्जा निवर्तस्वसानः सह अन्धुक्ष्वोरुधारापयस्वती ॥

पुनर्मा विशताद्रयिः । यजु० अध्य० ८ मं० ८१-८०

(૧.) સ્ત્રી " इडा " કહેતાં પૂજ્ય છે; સ્ત્રી તે છે કે જ્હેને સન્માન ઘટે છે તે ખરેખર ગૃહસ્થાશ્રમનો ઉલ્લાસજ છે. હમેશાં મધુર વચની અને આનંદી, સાન્ત્વન આપનારી અને ચન્દ્રમા જેવી શાન્ત પ્રકૃતિવાળી, તે ઘરના પ્રકાશરૂપ છે. ત્હેના આંતર્ સ્વભાવની કોઈ પણ રીતે અવગણના કરવી જોઇતી નથી. તે વાણીની, આપણા પવિત્ર ઘરબારની (महि) વાસ્તવિક દેવી, બુદ્ધિ પ્રભાવશાલિની, વેદમાં નિપુણ, રે ! અનાશવંત-ગાયના જેવી નમ્ર અને પોષણ કરનારી છે. અહો ! દેવી ! આ ત્હારાં જુદાં જુદાં નામો છે ? તું મ્હને માયાળુ શબ્દો કહે અને સદાચરણી કાર્યોનો ઉપદેશ કર, કે જેથી હું હૃદય અને મન ઉભયના ઉત્તમ ગુણોને પ્રાપ્ત થાઉં.

(૨) હે દેવી ! તું ખરેખર મહાન્ છે. તું હમારી પૂજાનું પાત્ર છે. આવ અને મ્હારા ગૃહરાજ્યની રાણી થા કે જ્યાં ત્હારે લીધે હું મધુર સંતોષ પામું. અનેક પ્રકારની સમૃદ્ધિ-નવનિધિ-મ્હને પ્રાપ્ત થાઓ અને એ ગૃહરાજ્યની ગાદી પર બેસીને મ્હારા દુઃખોનું તું સાન્ત્વન કર. તું હમને હજારગણું બળ આપ. હે અનેક પ્રકારના વિજ્ઞાન અને શિક્ષાને ગ્રહણ કરનારી-જાણનારી ! હે પુષ્કળ દુધ અને બીજી આશીષોથી ભરેલી દેવી ! ત્હારી મારફત મ્હને ભૌતિક તેમજ આધ્યાત્મિક આબાદી પ્રાપ્ત થાઓ.

૩.

આહા ! આ મંત્રો કેટલા બધા મધુર છે. તેઓ અબળાની કીર્તિ કેટલા ઉચ્ચ અને ઉમદા શબ્દોમાં પ્રતિપાદન કરે છે ! વાસ્તવિક રીતે તે ઘરસંસારની રાણી અને અધિષ્ઠાતા દેવી (Presiding Deity) છે. પવિત્ર હોમાગ્નિની માફક-અને જાણે કે તે પોતેજ યજ્ઞના અગ્નિનું પ્રતિબિંબજ નહિ હોયને ! તેમ-હમેશાં માન પામવા લાયક, કદી પણ નહિ અવગણના થવી જોઇએ એવી, કદી પણ અસંતોષ-અપમાન થવું જોઇએ નહિ એવી, પ્રજોત્પત્તિનું મૂળ કારણ કે જ્હેમાંથી આખી સૃષ્ટિ સરજાઇ છે, તે 'અદિતિ' તે જાતેજ ઘરની પુણ્યશાળી અને પવિત્ર દેવીના જેટલી પવિત્ર, હેના જેટલી કુલિન અને ઉદાર, હેના જેટલી પુણ્યાત્મા અને શુદ્ધ કરનારી અન્ય કોઇજ નથી. તે જનસમાજનો સૌથી મહાન્ શિક્ષક છે. વેદવાણીની માફકજ તે હમેશાં સર્વ શક્તિમાન પરમાત્માના ગુણાનુવાદનો ઘોષ કરતીજ હોય છે. તે કુદરતના રાજ્યમાં સૌથી શ્રેષ્ટ અને અત્યંત મનોહર છે. જે મનુષ્ય જાતને શ્રેષ્ટ પદે ચઢાવે છે અને હેને પ્રતિષ્ટાએ પહોંચાડે છે, તે સૌથી વધારે પવિત્ર અને ઉમદા ગુણોનું સ્થાન સ્ત્રીજ છે. પુરાતન કાળથી અને તે પણ સભ્ય અથવા જંગલી-સઘળા પ્રદેશોમાં તે પુરૂષના માનનું પાત્ર ગણાઇ છે અને તે પણ અવાસ્તવિકપણે તો નહિજ ! હેનામાં કુદરત સૌથી વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે. તે ખરેખર કુદરતનું પ્રતિબિંબજ છે. તે એક અનુકરણ કરવા જેવો નમુનો, અને મનુષ્ય સમાજની વર્તણૂક નિર્માણ કરનારી છે. ગાય અને ધરતી માતાની માફક તે મનુષ્ય જાતની પોષણ કરતી છે. બાળકને જન્મ આપનારી એજ છે. બાળક જ્હેને ધાવીને મ્હોટો થાય છે તે પણ એજ છે. તે એજ છે કે જ્હેની હાજરી અને સાન્ત્વન કરનારા મધુર શબ્દો દુઃખ અને પીડા દુર કરે છે. તે એજ છે કે જે પુરૂષને માટે સ્વર્ગનાં દ્વાર ખોલી આપે છે. હેના એકલીનામાંજ પુરૂષનો પ્રેમ સમાયલો છે. રે ! એટલુંજ નહિ પણ તે **જાતે પ્રેમનો અવતારજ** છે, તે પવિત્ર વિચાર (પ્રેમનો), તે અપૂર્વ-દુર્લભ-બક્ષીસ, તે સર્વોત્તમ ગુણ કે જે એકલોજ સ્વર્ગમાં જવાના પરવાના રૂપ મનાયો છે અને ભવિષ્યમાં હમેશાં મનાશે તે પણ જાતેજ છે. હા ! નિઃશંક સ્ત્રી વિના આ દુનિયા, 'પ્રેમ' એ પવિત્ર વિચારશૂન્ય હોત ! હેના વિના એ ગુણ કોણ જાણે ક્યાંએ દબાયેલો પડયો રહ્યો હોત ! તે એકલીજ એ ગુણને વિકાસ પમાડે છે, પૂર્ણ બનાવે છે. તેથીજ તે **रत्ना** અને **काम्या**-રમણીય અને ઇચ્છવા યોગ્ય કહેવાય છે. હેના વિના ગૃહસંસાર અંધારો ખીન્ન અને સુનો સુનો ભાસે છે; અને તેથીજ હેને **ज्योती** અને **चन्द्रा**ના નામથી સંબોધવામાં આવે છે, એટલે કે તે ગૃહસંસારનો પ્રકાશ અને જીવન છે. તે હમેશાં માન્ય કરવા લાયક અને કદી પણ નહિ ધુતકારવા અને નહિ ફેંકી દેવા લાયક છે, તેથીજ હેને **इव्या** અને **अघ्न्या** એટલે પૂજ્ય અને માન્ય કરવા લાયક કહેવામાં આવે છે, પવિત્ર હોમાગ્નિ કે જે એક વખત સળગાવ્યા પછી કદી પણ હોલવી શકાતો નથી, તેમજ તજી શકાતો નથી તેની માફક સ્ત્રી પણ પુજ્ય અને ગ્રહણ કરવા લાયક, મતલબ કે અનાજ્ય અગર તલાક નહિ આપવા લાયક છે.

પ્રિય વાંચનાર ! તું સ્ત્રી હો, પુરૂષ હો. સ્ત્રીના સમાન હકો અને પ્રતિષ્ટાનો પક્ષપાતી હો કે વિરોધી હો. જે હો તે હો. પરંતુ ઉપલા શબ્દોમાં સ્ત્રીના 'મૂલ્ય'ની લેશ પણ અતિશયોક્તિ છે એમ કહેવાની હારી તાકીદ નથી. વેદોમાં એવા અત્યુક્તિ કરનારા શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યોજ નથી. પુરાની દુરાગ્રહી આંખે સ્ત્રી જાતિના આ ગુણો કદાચ

નહિ પણ દેખાય, પરંતુ પરમાત્માની વાણી–વેદવાણી–તો ત્હેને આ માનની ઉચ્ચ પદવી આપે છે. પંજાબીઓ પતિ વિનાના ઘરને " તકીયા " અને " દેરા " કહીને ધિક્કારી નાંખે છે તે ઘણાએ સાંભળ્યું હશે. શું ત્હમે પંડેજ ત્હમારી જીંદગીમાં કદિ નથી અનુભવ્યું કે ગૃહદેવી કદાગ પ્રસંગોપાત્ બહાર ગઈ હોય છે તો ઘર આનંદ રહિત–સુનું સુનું–ભાસે છે? સત્ય છે કે આ લક્ષ્મી અને સરસ્વતી–દ્રવ્ય અને વિદ્યાની દેવીથીજ ઘર આનંદી અને સમૃદ્ધિવાન બને છે. દરેક નામ સાથે "દેવી" શબ્દનું જોડાણજ તે કોણ છે–ત્હેનું સંસારમાં કયું સ્થાન છે–તે પ્રતિપાદન કરે છે. એટલાજ માટે ત્હેને **वामा** અને મનુષ્યની અર્ધાંગના કહેવામાં આવે છે.

૪.

નીચે હું સ્ત્રીના ગુણો અને ફરજોનું વર્ણન આપતા યજુર્વેદના કેટલાક ચુંટી કાઢેલા મંત્રો ટાંકી દેખાડું છું. આશા રાખવામાં આવે છે કે તે ઘણાજ ઉત્સાહથી વંચાશે, કારણ કે ગૃહવ્યવહારમાં સ્ત્રીનું કયું સ્થાન છે અને હોવું જોઇએ ત્હેનો યથાર્થ ચિતાર તે શ્લોકો આપે છે. એમ છતાં તેમ કરૂં તે પહેલાં હું પરણેલા તેમજ હવે પછી પરણવાના એવા મ્હારા વાંચકોની ચોરીની આસપાસ ફેરા ફરતી વેળા ત્હેમને બોલવા પડતા મંત્રો યાદ કરીને ત્હેમનો સાર સમજવા સ્મરણ કરાવવા ઇચ્છું છું. પ્રિય વાંચક! સ્ત્રીની પ્રતિષ્ઠાનું નિમ્ન લિખિત શબ્દોમાં ગાન કરવાનું વચન આપવા ત્હેમાં ત્હને ફરમાવવામાં આવ્યું છેઃ–

(૧) **ओं सरस्वति प्रेदमव सुभगे वाजानीवति ।**
यान्त्वा विश्वस्य भूतस्य प्रजामास्यस्याग्रतः ॥
यस्यां भूतऽसमभवद्यस्यां विश्वमिदं जगत् ।
तामद्य गाथां गास्यामि या स्त्रीणामुत्तमं यशः ॥

" હે! વિદ્યાદેવી! સમૃદ્ધિ અને બળ આપવાવાળી! જ્હેણે ત્હારૂં પાણી ગ્રહણ કર્યું છે ત્હેનું તું રક્ષણ કર. આ વિશ્વનું પ્રથમ મૂળ છે. ત્હારાથીજ મનુષ્ય જાતની ઉત્પતિ છે. આખી સૃષ્ટિ ત્હારામાંજ સમાયેલી છે. હું ત્હારા ઉમદા ગુણોની કીર્તિનું હમેશાં ગાન કરીશ."

(૨) **कन्या उतत्वया वयं धारा उदन्य इवाति गाहे महि द्विषः ।**

" હે તેજસ્વી કન્યા! ત્હારી સહાયથી હું જેમ પાણીનો ઝરો પોતાની આગળ બધી મેલ ઘસડી જાય છે ત્યમ શત્રુદળને હું મ્હારી આગળ ઘસડી લઇ જાઉં."

(૩) **अहं निष्वामिमयि रुपमस्या वेददित् पश्यन् मनसा कुलायनस्ते ममंधि मनसोदमुच्ये स्वयं श्रन्धानो वरुणय पाशान् ।**

" હું મ્હારા કુટુંબનું કલ્યાણ ઇચ્છતો હોવાથીજ ત્હારા આનંદી ચ્હેરાની પ્રાપ્તિ તે ત્હેમાં આનંદ પામવા ઇચ્છું છું. તું સદાચરણી કાર્યો કર. હું કદી પણ મ્હારા મનમાં ઇ ખરાબ વિચાર અગર યુક્તિ આવવા દઇશ નહિ, નહિ કે હું ત્હારાથી વેગળો ોને એકલોજ કંઇ ચીજનો ઉપભોગ કરીશ. આ પ્રકારે ત્હારી સાથે સંબંધમાં રહીને અસુ‐ ા બંધનોને છિન્નભિન્ન કરી નાંખીશ—"

(૪) **ओं अमोऽहमास्मि सात्वं सात्वमासि, अमेऽहम सायूम्रंहमस्मि ऋक्त्वं ा रहं पृथिवी त्वं तावेव विवाहा वैह सहरेता दंधा वैह प्रजाय प्रजां प्रजनया**

वहै पुत्रान विन्दावहै वहन् ते सन्तु जरदष्टयः संप्रियौ रोचिष्णू सुमनस्य मानौ पश्येम शरदः शतम् ।

"વાસ્તવક રીતે ગૃહ રૂપી યજ્ઞમાં હું પ્રાણ રૂપ છું જ્યારે તું વાણી રૂપ છે. (પ્રાણ અને વાણી બે મળીને યજ્ઞ પુરો થાય છે) એટલે કે તું વાણીની જગ્યા સાચવે છે, જ્યારે હું પ્રાણની જગ્યા સાચવું છું. હું સામવેદ રૂપ છું જ્યારે તું ઋગ્વેદ સમાન છે. હું જ્યારે ર્લોક રૂપ છું, (કે જે પ્રકાશના કિરણો અને વરસાદ મોકલે છે) જ્યારે તું પૃથિવી રૂપ છે કે જે ત્હેને ગ્રહણ કરે છે. સારાંશ કે હું બીજ વાવનાર અને તું તે કે જેમાં બીજ પોતાનું મૂળ પેસાડે છે અને પુષ્ટીને પામે છે. આપણો ઉભયનો સંબંધ થાય અને પરસ્પરના ગુણો ગ્રહણ કરીએ, પ્રજોત્પત્તિ કરીએ, અને વૃદ્ધાવસ્થા સુધી જીવે એવા પુત્રોને જન્મ આપીએ. આ પ્રમાણે એકમેક સંતુષ્ટ કરીને અને એકમેકથી સંતુષ્ટ રહીને, દૃઢ મગજવાળાં, આંખ અને કાન સલામત એવા સો વર્ષ સુધી જીવી શકીએ."

(૫) पत्नि त्वमसि धर्मस्याहं गृहपति तव यमेममस्तु यो प्यामहं त्वादाद् बृहस्पतिः।

"પવિત્ર કાયદા પ્રમાણે તું મ્હારી પત્નિ અને હું ત્હારો પતિ છું. તું મ્હારી આરાધનાનું પાત્ર છું. આ સૃષ્ટિના સરજનહાર તરફથી તું મ્હને બક્ષીસમાં મળેલી છે. ત્હારા પતિ તરીકે મ્હારી સાથે તું સો વરસ જીવ અને છોકરાંને જન્મ આપ."

૫.

હવે હું સ્ત્રીના ગુણો અને ફરજો વર્ણવે છે એવા મંત્રો આપું છું. આ મંત્રોનો દેવતા એકલી પત્નિ છે કે પતિ પત્નિ બેઉ છે એ શોધી કહાડવું ઘણું અગત્યનું છે. થોડાક મંત્રોને ત્હેમના દેવતા તરીકે અગ્નિ છે, પણ ત્યાં સ્ત્રીને અગ્નિની સંજ્ઞાથી જણાવે છે, અને આ સૃષ્ટિમાં અગ્નિ જેટલો ઉપયોગી છે તેટલીજ મનુષ્ય વ્યવહારને પવિત્ર અને ઉપયોગી તે (સ્ત્રી) છે એમ કહેવામાં આવ્યું છે. સતપથ બ્રાહ્મણમાં માનસિક સંબંધને वाजपेय યજ્ઞના નામથી વર્ણવ્યો છે.

(૧) शर्मवस्थो वर्मवस्थोऽछिद्रे बहुल उभे व्यचस्वती संवसाथाभृतमग्निं पुरीष्यम् । यजु० अध्य० ११ मं० १३ ।

"હે પરિણિત યુગલ! ત્હમે એકમેકની શાંતિ છો. ત્હમે પરસ્પર રક્ષણ કરનારી ઢાલ છો. બગાડ રહિત, બહોળી સમૃદ્ધિવાળું આ ઘર ત્હેમાં રહો અને તંદુરસ્તી અને દ્રવ્ય આપનારા હોમાગ્નિનો ત્હેમાં અભિષેક કરો!"

(૨) लोकं पृणछिद्रं पृस्य अयोसीव ध्रुवात्वं इन्द्राग्नि त्वा बृहस्पतिरस्मिन या नाषसीपदन ।

"હે પ્રતાપી નવોઢા (કન્યા)! કુટુંબને સુધાર અને શુદ્ધ કર, ત્હેની ખામીઓ દુર કર અને પછી આ ઘરમાં ત્હારી સત્તા જમાવ. વેદોનો અને સૃષ્ટિનો સ્વામી પરણેલા યુગલને ઇન્દ્ર અને અગ્નિની માફક (ગૃહરાજ્ય પર) અભિષેક કરો!"

આ મંત્રોમાં પતિ પત્નિને એકમેકની શાંતિ અને રક્ષણ કરનારૂં બખ્તર કહેવામાં આવ્યા છે. ખરી રીતે પતિ પત્નિ બન્ને સાથેજ ચઢે અને પડે છે, અને દરેક જણ બીજાની વર્તણુક નિર્માણ કરવામાં મદદ કરે છે. પરંતુ બીજા મંત્રમાં બતાવ્યા પ્રમાણે અગ્ર સ્થાન સ્ત્રીનું છે, કારણ કે સ્ત્રીની યોગ્યતા આખા કુટુંબની અને પરિણામે આખાં રાષ્ટ્રની લાયકાત નિશ્ચિત કરે છે!

(૩) समितंऽसंकल्पे थां संप्रयौ रोचिष्णु सुमनस्यमान्सौ इर्षं मूर्जयभिसंवसानौ । यजु० अध्य० १२ मं० ५७.

" અરસપર ચ્હાતાં અને એકમેકને આલ્હાદ આપતાં, તંદુરસ્તી અને સમૃદ્ધિ પ્રાપ્ત કરતાં, આનંદમાં રહી એકમેકની સલાહપર આધાર રાખો."

(૪) मातेव पुत्रं पृथिवी पुरीष्यमग्निः स्वेयोनावभारुखातां विश्वैः देवैर्ऋतुभिः संविदानैः प्रजापति विश्वकर्म्मा विमुञ्चतु । यजु० अध्य० १२ मं० ६७.

" મનુષ્યનો ઇશ્વર અને સરજનહાર હમેશાં ત્હેને દુઃખમાંથી મુક્ત કરો–ત્હેને કે જે સઘળી વનસ્પતિના બીજને ફણગો ફુટીને ઉગી નીકળે ત્યાં સુધી પોતાના ખોળામાં રાખનાર પૃથિવી માતાની માફક પુત્ર રૂપી બીજને વૃદ્ધિ પામવા માટે પોતાના ઉદરમાં રાખે છે."

જેવી રીતે ધરતી માતાના પેટમાં અને ખોળામાં વનસ્પતિ રાજ્ય પુષ્ટી પામે છે તેવીજ રીતે મનુષ્ય જાત સ્ત્રીના ખોળામાં ઉછરે છે, અને તેથી સ્ત્રીને પૃથિવી સાથે સરખાવવામાં આવી છે.

(૫) विमुच्यध्वमघ्न्या देवया नागन्मतमसस्पारमस्य ज्योतिरयाम ।
यजु० १२ मं० ७३.

" હે મનુષ્યો ! ગાય તેમજ સ્ત્રીઓની શોધ કર. કારણ કે તે સ્વર્ગીય શાંતિ (દિવ્યમાતા)નું મૂળ છે અને તે દ્વારા અશાંતિ અને રોગોથી મુક્ત થાઓ. આ લોકમાં પ્રસરેલા મૃત્યુ અને અંધકારની બહાર નીકળો અને અખંડ પ્રકાશ અને જીવન પ્રાપ્ત કરો."

અહિં अघ्न्या ને સ્વર્ગે લઇ જનારી કહેવામાં આવી છે; ખરેખર, પત્નિ પોતાના પતિનું રોગ અને અધઃપાતથી અનેક પ્રકારે રક્ષણ કરે છે. જેમ ગાય આપણને દુધ અને માખણ આપીને આપણું રક્ષણ કરે છે, તેમ સ્ત્રી પણ બાળકોને–કે જે પુનઃ પ્રજોત્પત્તિ કરે છે—જન્મ આપીને આપણું રક્ષણ કરે છે. ગાય વિના યજ્ઞમાં ચાલી શકતુંજ નથી એમ મનાય છે. પરિણામે ગાય અને પૃથિવીનાં બધાં કારણો સ્ત્રીમાં હોય છે. વેદો अघ्न्या શબ્દ તેમજ गा શબ્દ સ્ત્રીને છુટથી લગાડે છે. આ પ્રમાણે વેદવાણી બન્નેમાં સરખાપણું અને ત્હેમના સામાન્ય ગુણોનું વર્ણન કરે છે.

૬.

વાંચક બગિનીઓ ! દુરાગ્રહી પુરૂષો ભલે આપણને સમાન હકો આપવા ના પાડે અગર આપણા પર જુલમ ગુજારવા ઇચ્છે, પરંતુ વેદો તો આપણને એક અવાજે ઉપર દર્શાવેલું પ્રતિષ્ઠિત સ્થાન આપે છે. એટલુંજ નહિ, પણ આપણાં કેળવાયલા પુરૂષોનું આ તરફ ધ્યાન ખેંચાયું છે. તે લોક તો આપણા પ્રત્યે માનની લાગણીથી જુએ છે. પણ તેથી આપણે ફુલાઈ જવાનું નથી, કારણ કે જ્યમ વધારે મ્હોટી પદવી ત્યમ જોખમદારી પણ વધારે. જો આપણે આ સ્થાન પર આપણો હક્ક હોવાનો દાવો કરીએ તો આપણા ર આપણી ફરજો યોગ્ય રીતે અદા કરવાની મ્હોટી જોખમદારી ઝુમઝુમી રહેલી છે. હેનો ! આપણે વિશ્વાસઘાતી નહિ નિવડીએ એ તરફ ખાસ લક્ષ આપવાનું છે. આપણી રજો યોગ્ય રીતે બજાવી દેશના અગ્ર પુરૂષોને ત્હેમના દેશોદ્ધારના પવિત્ર અને સ્તુત્ય ર્યમાં મદદ કરવી એ આપણી મહાન્ અને પવિત્ર ફરજ છે. ઇશ્વર ! ગુર્જરી બ્હેનોને ત્યમ રવા બળ આપો એ રંક હૃદયની અંતિમ પ્રાર્થના. અસ્તુ !

वार्ता लहरी.

અધ્યાત્મ.

લેખકઃ—સૌ. શકુન્તલા.—સુરત.

૧.

આ અટાટ અરણ્યમાં અત્યારે આમ એકલો અટુલો ઉભેલો આ કોણ છે? જુઓ, એ કાંઈ બબડે છેઃ

"અરે! મેં શું સાંભળ્યું? મારીજ વીણાનો પ્રતિનાદ-કેવું અપ્રતીમ લાવણ્ય!-શું મેં સ્વપ્ન જોયું?......ના, ના એવું કાંઈ નથી. હું જાગ્રત છું-હું એને શોધી ક્હાડીશ."

જુઓ, એ પોતાના વિચિન્તક અશ્વપર એક છલંગે સ્વાર થઈ ગયો.

સંધ્યા સમય છે. રાત્રિ પોતાના નક્ષત્ર ગણો સાથે આ પૃથ્વિ પર ઘેરો નાંખવા પ્રયાણ કરી ચુકેલી છે—આખી પૃથ્વિપર સપાટાબંધ અન્ધારૂં પ્રસરી ગયું.

આ અન્ધકારમાં આપણી વાર્તાનો નાયક રાજ્યમણી પ્રાજ્ઞ માત્ર પોતાના લક્ષ્યબિન્દુ તરફ દૃષ્ટિ રાખી વધારે ને વધારે આગળ કુચ કર્યો જાય છે.

અરે! એનો વેગ એકાએક આમ કેમ ધીમો પડી ગયો? અરે! એ કેમ ઉભો રહ્યો? એ કાન દઈ શું સાંભળે છે?

"પ્રાજ્ઞ! પ્રાજ્ઞ! આગળ ન વધશો." એમ કહેતી એક અતિ સુન્દર બાલિકા રાત્રિના પ્રગાઢ અન્ધકારમાંથી હાથમાં એક ફાનસ સાથે આપણા પ્રાજ્ઞ સામે આવી ઉભી રહી.

પ્રાજ્ઞ—અરે સ્ત્રી! તું કોણ છે? અને મને આગળ વધતાં શીદ વારે છે?

બાલિકા—હું તમે જેને શોધવા નિકળ્યા છો તેજ છું.

પ્રાજ્ઞ—ના, ના. એમ બનેજ નહિ. હું તને શોધવા તો નિકળ્યોજ નથી.

બાલિકા—ત્યારે તમે જેને શોધવા નિકળ્યા છો, તેની પાસે હું તમને લઈ જનારી છું.

પ્રાજ્ઞ—જો એમજ હોય તો ચાલો મને રસ્તો બતાવો.

અરેરે! આપણો પ્રાજ્ઞ ન સમજ્યો કે આવા રાત્રિના અન્ધકારમાં આવી રીતે પરોપકાર વૃત્તિ બતાવવામાં આવી સ્ત્રીની કાંઈ પણ સ્વાર્થ વૃત્તિ હશેજ.

બન્ને જણાંએ આગળ પાછળ અન્ધકારમાં એક ફાનસને પ્રકાશે આગળ વધવા માંડયું.

૨.

પ્રિય વાંચક! જ્યારે રાત્રિના અન્ધકારમાં એક તરફ આપણી વાર્તાનો નાયક આગળ વધ્યો જાય છે, ત્યારે તેજ અન્ધકારમાં બીજી તરફ શું થાય છે, તે તરફ નજર કર. તું જરા બિહનીશ નહિ. ત્હારે અનેક ચમત્કારો જોવાના છે.

જો, અહીં એક જગ્યાએ આ આંખને ઝાંખવી નાંખે એવો પ્રકાશ પડી રહ્યો છે. તારી દૃષ્ટિ એ પ્રકાશપર સ્થિર કર. તારા કાન સજ્જ કર. જો, એમાં કાંઈ મનુષ્યાકૃતિ જણાય છે. એ સ્ત્રીની છે. સાંભળ, એ કાંઈ બોલે છેઃ

"અરે પ્રાજ્ઞ! તમે ફસાયા, તમે પેલીની પાછળ ગયા? પણ ફિકર નહિ. હજી રસ્તો છે. તેના સૈન્ય સાથે પિતાજી છે. જ્યારે સર્વે રાવણું એકઠું થશે, ત્યારે મારી કર્પૂરની મશાલથી હું પેલીની પીઠપર પ્રકાશ નાંખીશ, પ્રાજ્ઞને હું ચેતાવીશ, પછી શું થાય છે તે જોઇશું."

પ્રિય વાંચક! આ અતિ સુન્દર, અવર્ણનીય મનોહરતાંવાળી બાલિકા બીજી કોઈજ નહિ પણ આપણી વાર્તાની નાયિકા પ્રજ્ઞા છે, અને એનેજ શોધવાને પ્રાજ્ઞ નીકળી પડ્યો છે.

એ બાલિકા પોતાના હાથમાં એક નાની સરખી ઘીની મશાલ લઈ પેલા પ્રકાશમાંથી બહાર નીકળી. એના ખોળામાં કર્પૂરનું એક અખૂટ પડીકું છે. મશાલને અજવાળે એ સપાટાબંધ આગળ વધી જાય છે.

પ્રિય વાંચક! વળી આપણે એજ જંગલની, એજ અન્ધકારમાં, એક બીજી બાજુ તરફ દૃષ્ટિ કરીએ.

જો, અહીં એક સ્થળે આ દીવ્ય આશ્રમ આવી રહ્યો છે. અહીં કોઇ દિવસ રાત્રિ પડતીજ નથી. છતાં પણ અહીં સૂર્યનાં પ્રખર કિરણના ઉગ્ર તાપને બદલે, સદા સર્વત્ર સતત શાંત નિર્મલ હૃદયાલ્હાદક કૌમુદી નિત્ય પોતાનો પ્રકાશ પાથરી રહી છે. અહીંનાં પુષ્પો કદી કરમાતાં નથી. અહીં હમેશાં સર્વત્ર સુમનની સુવાસથી સુગંધીત સમીરની શીત લહરીઓ સર્વને આનન્દ આપી રહી છે.

ખરે! આ આનન્દ આશ્રમજ છે. અહીં સ્વામી બ્રહ્માનન્દનો નિવાસ છે. એજ આશ્રમની, સ્વામી બ્રહ્માનન્દની ઉછેરેલી, આપણી વાર્તાની નાયિકા પ્રજ્ઞા છે.

૩.

રાત્રિના પ્રગાઢ અન્ધકારમાં ફાનસને પ્રકાશે આગળ વધતાં પ્રાજ્ઞે પેલી સ્ત્રીને હંમેશાં પોતાના તરફ મોઢું રાખી પાછલે પગે ચાલતી જોઈ-પણ પોતાના વિચારમાં મગ્ન-મસ્ત પ્રાજ્ઞે પહેલાં તો તે તરફ લક્ષ ન આપ્યું, પણ પછી તેની ચાલ ધીમી પડી ગઇ. પ્રકાશ પાછળ પડવા લાગ્યો. અન્ધકાર આગળ વધવા લાગ્યો. પ્રાજ્ઞની આંખ ઉઘડી. પેલીના પાછે પગે ચાલવા તરફ ધ્યાન દોરાયું.

પ્રાજ્ઞ—અરે બાઇ! તું આમ કેમ ચાલે છે? બરોબર ચાલ.

બાલિકા—રાજાઓની સન્મુખ અમ જેવી ગરીબ સ્ત્રીઓએ તો મજરાથી જ ચાલવું જોઇએ.

પ્રાજ્ઞ—પણ આ રીતે હું મારે ધારેલે સ્થાને ક્યારે પહોંચીશ? હું આજ્ઞા કરું છું : તું બરોબર ચાલ. ત્હારે આમ ચાલવાની જરૂર નથી. અરે! પણ આ આટલાં બધાં ંગલીનો અવાજ શો? અરે બાઇ! તારૂં ફાનસ કેમ હોલવાઈ ગયું?

આમ ઉપરા ઉપરી સવાલ પુછવા છતાં, ધમકી આપવા છતાં, ચીડાયા છતાં, સમર્થ અત્યારે દીન થયેલા પ્રાજ્ઞને કાંઇ જવાબ ન મળ્યો.

તે ગાઢ અન્ધકારમાંથી પાંચ સાત માણસના સવાલ ને જવાબના અવાજો ઉપરા-ઉપરી સંભળાવવા લાગ્યા.

૪.

પહેલો અવાજ—અરે! તમે આટલા વહેલા કેમ આવ્યા? તમારી સાથે પેલો ડોસો છે કે?

બીજો અવાજ—એ કમબખ્ત સેતાન હમારી પાછળ જ લાગેલો છે. અનેક યત્ને પણ એ તો છુટતો જ નથી.

ત્રિજો અવાજ—ભાઈ! ફીકર ન કરશો. મારી કમાન પાસે ગમે તેનો અને ગમે તેવો અનુભવ પણ રદ થઈ જાય છે.

ચોથો અવાજ—ભાઈ! એક વખત મને પ્રાજ્ઞે જોયો કે એ પછી મનેજ જોયાં કરશે. માટે ચિંતાનો ત્યાગ કરો.

પાંચમો અવાજ—ભાઈ! મારી જાળમાં ફસેલો મારી જાળ કદી પણ તોડી શકતો નથી. તો પછી આમ અનુભવ અનુભવ આપ શું કર્યા કરો છો?

છઠ્ઠો અવાજ—ભાઈ! મદમસ્ત મનુષ્યો હમેશાં મગતરાંની માફક મસળાઈ જાય છે, એ વાત આપની ધ્યાન બહાર ગઈ હોય, એમ આપની ચિંતા ઉપરથી જણાય છે.

સાતમો અવાજ—ભાઈ! હું જેનામાં વસું તેને આપણા મિત્રોનો મિત્ર કરૂં છું. મારા પર વિશ્વાસ રાખો અને આપણા અનુભવને અનુભવ સાથેજ રહેવા દો.

પહેલો અવાજ—અરે ખસો, સંતાઓ. હમણા પેલીની મસાલનો પ્રકાશ આપણી પીઠપર પડશે. પેલા ડોસાને કબજે રાખો.

૫.

"અરે પ્રાજ્ઞ! જો આ દૈવી પ્રકાશમાં તારાથી શું દેખાય છે? માત્ર અવિદ્યા અને તેના સાથી મનુષ્યના ૭ મહાન શત્રુ સિવાય બીજું કાંઈ નજરે પડે છે? અરે જો, એના સૈન્યની ઉપરી જરા સૈના ઉપર કેવી ડોકીયાં કરી રહી છે?" આમ કહેતો એક વૃદ્ધ ડોસો પેલા સૈન્યમાંથી તે આખા સૈન્યનો પ્રયત્ન છતાં પણ બહાર નીકળી આવ્યો.

પ્રાજ્ઞ—વૃદ્ધ મહાશય! આપ કોણ છો? અને આપ શું કહેવા માગો છો?

વૃદ્ધ—હું અનુભવ છું. અવિદ્યા તથા સુવિદ્યાનો પિતા તેમજ પુત્ર—અને હું એમ કહેવા માગું છું કે હજી જો ત્હારે બચવું હોય તો પાછો ફર. અસત્ય, અસ્પષ્ટ, અનિત્ય પ્રકાશને બદલે સત્ય, સ્પષ્ટ તેમજ નિત્ય પ્રકાશપર પ્રેમ રાખી, પ્રભુ પ્રેરણાપર લક્ષ રાખી, પરમાર્થી પ્રેમ પંથે પરવર.

પ્રાજ્ઞ—સમજ્યો મહારાજ! હું પાછો ફરૂં છું. પણ પાછો ક્યાં ફરૂં? મને રસ્તાની ખબર નથી.

વૃદ્ધ—મારી પાછળ આનન્દાશ્રમને રસ્તે–રસ્તો તને વિકટ લાગે તો પણ–મારા પર વિશ્વાસ રાખી ચાલ્યો આવ. તને તારી ઇપ્સિત વસ્તુ પ્રાપ્ત થશે.

પ્રાજ્ઞ—પણ મહારાય! હું જેમ એક વખત ઠગાયો, તેમ કદાચ બીજી વખત ઠગાઉં તો?

વૃદ્ધ—સંશય ગ્રસ્ત જીવ ! ત્યારે તો તું તારા સંશયમાંજ ગોથાં ખાયાં કર.

પ્રાજ્ઞ—પણ મહાશય !—× × × ×

—પ્રાજ્ઞના શબ્દ અધુરા રહ્યા. રાત્રિનો અન્ધકાર પુનઃ સનસનાટ કરવા લાગ્યો—અન્ધકારમાં અનેક વિચિત્ર શબ્દો સંભળાવા લાગ્યા-અનેક ભયાનક ચિત્રો પ્રાજ્ઞની માનસિક દૃષ્ટિ સામે ખડાં થયાં.

પ્રાજ્ઞ તે ગાઢ અન્ધકારમાં ત્યાંજ બેસી ગયો.

૬.

પ્રાજ્ઞને સ્વપ્ન થયું-અનેક અનુભવો એણે પુનઃ સ્વપ્નમાં જોયા-પુનઃ ઓળખ્યા-પુનઃ અનુભવ્યા—એ સ્વપ્નમાંજ ઉઠયો-સત્ય પ્રકાશ શોધ્યો. એકાએક પુનઃ પ્રજ્ઞાનો ઉજ્વળ પ્રકાશ પથરાયો. એ સ્વપ્નમાંથી જાગ્રત થયો. આનન્દાશ્રમને રસ્તે વળ્યો. પ્રાજ્ઞે પ્રજ્ઞા પ્રાપ્ત કરી-આનન્દાશ્રમ નિવાસી થયો-બ્રહ્માનન્દમાં લીન થયો.

૭.

પ્રિય વાંચક ! ઉપરના સામાન્ય ચિત્ર ઉપરથી તને સહજ સમજાયું હશે કે સત્ય પ્રકાશનું એક કિરણ માણસને કેવું આકર્ષે છે ? માણસ એ પ્રકાશની પાછળ પડતાં કેવો અસત્યમાં અથડાય છે ?—અને આખરે અનુભવથી પોતાનું અહિત અટકાવી પોતાનો અભ્યુદય કેવી રીતે ઓળખે છે ? ત્હારો પણ તે કલ્યાણનો માર્ગ સરળ થાઓ. **सर्वं शुभमस्तु.**

માતૃ સ્નેહ.

અનુવાદકઃ—સૌ. **હવલક્ષ્મી વ્રજલાલ**,-અમદાવાદ.

૧.

હેમલતાનું રૂદન આજે શાંત થતુંજ નથી. તેના પાંચ વરસની ઉમરના પુત્રે આજે કૉલેરાના રોગથી પરલોક યાત્રા કરી દીધી છે. પુત્ર શોકથી સ્નેહમયી માતા ગાંડીની માફક કરૂણાજનક સ્વરે રૂદન કર્યા કરે છે. ઘરમાં દાસી સિવાય બીજું કોઈ નથી. આ દાસીએ બાળકને જન્મથીજ પોતાના સહવાસમાં ઉછેરેલો હોવાથી તેનું ચિત્ત પણ ઘણું ચિંતાતુર બની ગયું છે. હેમલતાનો સ્વામી સુંદરલાલ મૃત પુત્રને ખભે નાંખી સંધ્યા સમયનો શ્મશાનમાં ગયો છે. હજુ સુધી તે ઘેર પાછો આવ્યો નથી. રાત્રિનો લગભગ ત્રીજો પ્રહર થયો છે. દાસી ચિંતાતુર ચિત્તે રસ્તા તરફ નજર કરી રહી છે. તેના મનમાં એવી આશંકા થાય છે કે કદાચ પુત્ર વિયોગથી શોકાતુર બનેલો પિતા આત્મહત્યા પણ કરી બેસે તો ! એવામાં એકાએક દાસીએ તેને પોતાના ખભા ઉપર એક બાળક નાંખી ઘર તરફ પાછો આવતો જોયો. દાસીએ વિચાર્યું કે, સુંદરલાલનું મન ભ્રમિત થઈ ગયું હશે અગર તો બાળક જીવતો હશે. તેથી તેણે ત્વરાથી જઈને આ સમાચાર હેમલતાને કહ્યા. બન્નેએ આવીને જોયું કે સુંદરલાલના ખભે જે બાળક છે તે આતુર નયને ચારે દિશા તરફ નજર કરી રહ્યો છે. બાળકનું મુખ ઘણું સુંદર છે. હેમલતાએ ત્વરાથી સ્વામી પાસેથી બાળકને પોતાની પાસે લીધો. અને તેને ઘણાં ચુંબનો કર્યા. તરતજ હેમલતાનાં નેત્રમાંથી ચોધારે

આંસુની ધારાઓ નીકળી પડવા લાગી. તેનો શોક કાંઇક અંશે દૂર થતાં, તેણે ધીમેથી પ્રશ્ન કર્યો:–"આને ક્યાંથી લાવ્યા? ભગવાને એકનું અપહરણ કરી તેના બદલામાં આ બીજો સુકુમાર પુત્ર આપ્યો છે કે શું?"

સુંદરલાલે ગદ્ગદ કંઠે કહ્યું: "રસ્તામાંથીજ એ અનાથ અવસ્થામાં મળી આવ્યો છે. રસ્તાની એક બાજુએ બેસી તે રૂદન કરતો હતો. તેને પૂછી જોયું તો તેનાં માબાપ ક્યાં છે, એ તે જાણતો નથી. છેવટે હું ભગવાનનું દાન સમજી તેને આપણે ત્યાં લઈ આવ્યો છું."

હેમલતાએ ચિંતાતુર ચિત્તે પ્રશ્ન કર્યો: "ભાઇ, ત્હારૂં નામ શું?"

બાળક હસીને બોલ્યો: "મ્હારૂં નામ અરૂણ છે."

હેમલતાએ ફરીથી પૂછ્યું: "ત્હારાં માબાપ ક્યાં છે? ત્હારૂં કોઈ છે કે નહિ?"

બાળકે ફરીથી સ્મિત હાસ્ય કરી ઉત્તર આપ્યો: "હું જ્યારે ન્હાનો હતો ત્યારે મ્હારી એક મા હતી. તે તમારી માફક મ્હારા ઉપર ઘણો પ્રેમ રાખતી હતી. ત્યાર પછી બીજી માતા પાસે હું રહેતો હતો. તે માતા મ્હને ઘણો માર મારતી હતી. દિવસે તે મ્હને ઘરમાં પુરી બ્હાર તાળું વાસી કોઈ ઠેકાણે જતી રહેતી હતી. માત્ર રાત્રેજ આવતી. આજે તે ઘરને તાળું મારવાનું ભૂલી ગઇ હતી અને તેથી હું ઘરમાંથી બહાર નીકળી નાઠો હતો; પરંતુ થાક લાગવાથી રસ્તાની એક બાજુએ બેસી રહ્યો હતો. હવે હું તેની પાસે કદિ જનાર નથી. તે મને બહુ મારે છે. બા! શું તમે મ્હારી ખરી બા છો?"

"હા. ભાઈ! હુંજ ત્હારી માતા છું." આમ કહી હેમલતાએ બાળકને પોતાની છાતી સાથે ચાંપ્યો. બાળકના શીતળ અંગના સ્પર્શથી હેમલતાનો આત્મા પણ કાંઇક શીતળ થયો. અંધકારમય પ્રદેશમાં જાણે કે કોમળ અનુપમ જ્યોતિનો વિકાશ થયો હોયની એમ દેખાયું.

૨.

એક વર્ષ વીતી ગયું છે. આપણો ન્હાનો બાળક હવે ૭ વર્ષની ઉમરનો થયો છે; ઘણા પ્રેમથી તેનું પ્રતિપાલન થતું હોવાથી તેના રૂપ ગુણમાં પૂર્વ કરતાં ઘણો વધારો થયો છે. નયનને આનંદ આપે એવા આ રૂપરાશી પુત્રે પોતાના બાળકના મરણ શોકથી દુઃખી થયેલાં માતાપિતાનો શોક કાંઇક અંશે દૂર કર્યો છે. આ સુકુમાર શીશુએ પોતાનાં પાળક માતાપિતા ઉપર પોતાનો ઘણો અધિકાર બેસાડી દીધો છે. તેઓ આ સુકુમાર બાળકને પોતાની પાસેથી એક ક્ષણ પણ દૂર જવા દેતાં સંકોચાય છે. કારણ, કંગાલ મનુષ્ય પોતાનું ધન ફરીથી ગુમાવે તો ઇશ્વર તેને પાછું ફરીથી બીજું ધન અર્પણ કરતો નથી.

શીયાળાની ઋતુ હતી. અરૂણ દાસીની સાથે ફરવા નીકળ્યો હતો. એવામાં દાસી તથા અરૂણ એક ચિત્રકારના ઘર આગળ જઇ ચડ્યાં. અસ્તાચળમાં ઉતરી પડતા સૂર્યનારાયણનાં કિરણો અરૂણના મુખની શોભામાં અપાર વૃદ્ધિ કરી રહ્યાં હતાં. ચિત્રકાર પોતાના એક મિત્ર સાથે વાતચીત કરવામાં ગુંથાયલો હતો. એકાએક બાળક અરૂણનું મુખ નજરે પડતાંજ તેને ઘણું આશ્ચર્ય લાગ્યું. વાતચીત કરવાનું માંડી વાળી ટગર ટગર અરૂણના સુંદર અને આકર્ષક મુખ તરફ જોઈ રહ્યો. તેને જોતાં જોતાં મુગ્ધ બની ગયો. તેણે દાસીને બોલાવી કહ્યું: "તું હમેશાં આ વખતે આ બાળકને અત્રે લાવી શકીશ કે? હું તેની એક સુંદર છબી ચીતરવાની ઇચ્છા રાખું છું. તને પણ આ કાર્ય માટે હું સારૂં ઇનામ આપીશ."

ઇનામના લોભથી દાસીએ તરતજ ચિત્રકારની વાત સ્વીકારી. બીજે દિવસથી તે અરૂણને લઇ સંધ્યા સમયને થોડો વખત બાકી હોય ત્યારે ચિત્રકારને ત્યાં જવા લાગી. વાતમાં ને વાતમાં ચિત્રકારે દાસીની પાસેથી બાળક સંબંધીની હકીકત જાણી લીધી.

૩.

એક વિશાળ બંગલો ગગન સાથે વાતચીત કરી રહ્યો છે. આ બંગલાની શોભાની સીમા નથી. અનેક પ્રકારનાં ચિત્રોથી બ્હારની તેમજ અંદરની ભીંતો દીપી નીકળી છે. આસપાસ આવેલા ન્હાના ઉદ્યાનમાંથી અનેક સુગંધિત પુષ્પોની સુવાસ ચારે દિશાએ ફેલાઈ રહી છે.

એકાએક એક કિંમતી મોટર ગાડી જલદીથી બાગમાં આવી પહોંચી, અને બંગલાના બારણા પાસે ઉભી રહી. તરતજ એક સુંદર દેખાવના પુરૂષે ગાડીમાંથી ઉતરી બંગલામાં પ્રવેશ કર્યો. એ પુરૂષ પોતાના સુવાના ઓરડામાં જઈ પહોંચ્યો. આ સુવાના ઓરડામાં એક યુવતી પલંગ ઉપર પડી પડી ખુલ્લી બારીમાંથી આકાશ તરફ જોઈ રહી હતી. યુવતીનું ચિત્ત ઘણું ચિંતાતુર જણાતું હતું. એકાએક સ્વામીને પોતાની પાસે આવી પહોંચેલો જોતાંજ તેણે પૂછ્યું: "આજે આટલા વહેલા કેમ આવી પહોંચ્યા? આ તમારા હાથમાં શું છે?"

યુવક યુવતીની પાસે જઈ બેઠો. પછીથી તેણે કહ્યું: "એ કહેવાને માટેતો હું આજે વહેલો ઘેર આવ્યો છું. અહીંથી બ્હાર નીકળ્યો તે વખતે રસ્તામાં એકાએક એક ચિત્રકારને ત્યાં મ્હેં એક 'ઑઇલ પેઇન્ટીંગ' ચીત્ર ટાંગેલું જોયું. એ ચિત્ર અસંખ્ય લોકો જોતા હતા, તેથી હું પણ મ્હારી જીજ્ઞાસાને રોકી શક્યો નહિ."

સ્વામીની વાતને વચ્ચેથીજ અટકાવીને યુવતીએ કહ્યું: "હું ધારૂં છું કે તમે એ ચિત્ર ખરીદી લાવ્યા હશો!–જીવનનું સર્વસ્વ જ્યારે ચાલ્યું ગયું છે, ત્યારે પછી એક છબી તરફ આટલું બધું આકર્ષણ શા માટે?"

"એ સત્ય છે. પરંતુ કમળા! આ ચિત્ર જોવાથી આજે તને પણ શાંતિ થશે." એમ કહી યુવકે પોતાના હાથમાંનું ચિત્ર ખુલ્લું કરી પોતાની સ્ત્રીની આગળ ધર્યું.

ચિત્ર જોતાંની સાથે કમળાનું આખું શરીર કંપી ઉઠ્યું. તથા તરતજ તે બેભાન બની ગઇ અને પલંગ ઉપર ઢળી પડી. માતાના હૃદયમાં પુત્ર વિયોગનો પૂર્વે થયલો આઘાત તાજો થઈ આવ્યો. પુત્રની સુંદર રમણીય કાંતિ તેનાં નેત્રો આગળ તરવરવા લાગી. અહા! કેવું એ સુંદર મુખ! કેવાં તેજસ્વી નેત્રો! કેવી આકર્ષક ભ્રમર! કેવા ગુલે ગુલાબી ગાલ! કેવા સુંદર ચમકતા કાળા કેશ!......બાળકને એક દિવસે બપોરે પારણામાં સુવાડયો હતો. દાસી તેને હિંચકા નાંખતી હતી. સંધ્યા સમયે તપાસ કરવામાં આવી તો બાળકનો પત્તો લાગ્યો નહિ; તેમજ દાસી પણ દેખાઈ નહિ. સર્વેએ એમ વિચાર્યું કે એ દાસીજ ઘરેણાં ગાંઠાના લોભથી બાળકને લઈ પલાયન કરી ગઇ હશે. આ વાતને આજકાલ કરતાં પાંચેક વર્ષ થઇ ગયાં છે. આ વર્ષોની અંદર સર્વત્ર શોધ કરી, પરંતુ કોઇ પણ સ્થળેથી દાસી મજ પ્રાણાધિક પુત્રનો પત્તો લાગ્યો નહિ.

કેટલાક સમય પછી કમળા શાંત થઈ, છતાં પૂર્વ-સ્મૃતિને દૂર કરી શકી નહિ. સ્વામીને ગળે વળગી પડી છુટે મોંયે તે રડવા લાગી. કમળા જ્યારે અઢાર વર્ષની ઉમરની હતી ત્યારે તેને પુત્ર રત્નની પ્રાપ્તિ થઇ હતી; પરંતુ ભાગ્યચક્રની અકળ ગતિને પરિણામે વિના

વિલંબે પ્રાણાધિક પુત્ર ગુમ થયો. ત્યાર પછી પતિગૃહનાં અતુલ ઐશ્વર્યનાં સાધનો ઉપરે પણ તેને કંટાળો છુટયો હતો. આવી અવસ્થામાં કેટલાંક વર્ષો વીતિ ગયાં હતાં; છતાં આજે કોણ જાણે કે શાથી, પતિ પાસેનું ચિત્ર જોતાંજ કમળાને પૂર્વની સઘળી વાત યાદ આવી. તેણુ પોતે કાંઇક સ્વસ્થ થતાં, તરતજ એ ચિત્રના ચિત્રકારને બોલાવી મંગાવવા માટે માણસ મોકલ્યું.

વિના વિલંબે ચિત્રકાર આવી પહોંચ્યો. કમળાના સ્વામીએ તેને યોગ્ય માન આપીને બેસાડયો, તથા કમળા ચિત્રકાર તથા પોતાના પતિની વચ્ચે ચાલતી વાત સાંભળવા લાગી.

યુવકે પૂછ્યું: "આપે જે આ ચિત્ર તૈયાર કર્યું છે તે કલ્પનાથી તૈયાર કર્યું છે કે કોઇ બાળકને જોઇને તૈયાર કર્યું છે?"

ચિત્રકારે ઉત્તર આપ્યો: "આ એક જીવતા બાળકનું ચિત્ર છે. મ્હેં મ્હારાથી બની શકે ત્યાં સુધી આ ચિત્ર એ બાળકના ચ્હેરાને બરાબર મળતું આવે તે પ્રમાણે તૈયાર કર્યું છે."

"આ બાળક હાલમાં જીવે છે?" યુવકે આતુરતાથી પ્રશ્ન કર્યો. કમળા પણ ચિત્રકાર શો ઉત્તર આપે છે તે સાંભળવાને ઘણી આતુર બની ગઇ.

"હાજી. હમણાં પણ એ બાળક જીવે છે. એક દાસી સાથે તે હમેશાં ફરવા જતો હતો. એક દિવસે એકાએક તે મ્હારી નજરે પડયો. હું તેનું અપાર રૂપ જોઈ આશ્ચર્ય પામ્યો, તથા તેનું ચિત્ર તૈયાર કરવાનો મ્હેં નિશ્ચય કર્યો. મ્હેં એ બાળકને જે દાસી ફરવા લઇ જતી હતી, તેને હમેશાં બાળકને લઈ મ્હારે ત્યાં આવવાની વિનંતી કરી, તથા દાસીએ તેમ કરવાનું કબૂલ કર્યું. આથી તે દરરોજ એ સુકુમાર બાળકને મ્હારે ત્યાં લઈ આવતી હતી. એ બાળક ક્યાં રહે છે, તે પણ એ દાસી પાસેથી હું જાણી શક્યો છું."

આ પ્રમાણે કહી ચિત્રકારે ઠેકાણું લખાવ્યું. યુવકે નમ્ર સ્વરે કહ્યું: "આજે તમે મ્હારા ઉપર જે ઉપકાર કર્યો છે, તે હું જીવીશ ત્યાં સુધી ભૂલી શકું તેમ નથી. કાલે પધારજો. હું તમને તમારા ઉપકારનો મ્હારાથી બનતો બદલો આપીશ."

ચિત્રકાર પોતાની આભારની લાગણી પ્રદર્શિત કરી ત્યાંથી ચાલ્યો ગયો.

૪.

હેમલતાએ સ્નેહપૂર્વક કહ્યું: "ભાઈ અરૂણ! ક્યાં સુધી નીચે બેસી રહીશ? ત્હારું ખાવાનું તો ઠંડું પણ થઇ જવા આવ્યું."

"આવ્યો, બા!" કહીને તરતજ અરૂણ મેડી ઉપર આવ્યો. હેમલતા પુત્ર તુલ્ય અરૂણને પ્રેમથી ખવડાવવા લાગી. એવામાં એક સુંદર ઘોડાગાડી હેમલતાના ઘર પાસે આવી પહોંચી. જલદીથી ગાડીમાંથી એક દાસી ઉતરીને ઉતાવળી ઉતાવળી ઘરમાં મેડી પર આવી. હેમલતા અજાણી દાસીની વ્યાકુળતા જોઈ ઘણું આશ્ચર્ય પામી. દાસીએ હેમલતાને કહ્યું: "બાઈ સાહેબ! મ્હારાં શેઠાણી જરૂરના કામે આપને મળવા આવ્યાં છે. તેઓ નીચે ગાડીમાં છે. જો તમે રજા આપો, તો તેઓ ઉપર આવે."

"એમાં રજા આપવા જેવું શું હતું? ચાલો, હું તમારી સાથે તેમને અહિં તેડી લાવવાને આવું છું." આમ કહી જલદીથી હેમલતા દાસીની સાથે નીચે ગઇ. નીચે જતાંની સાથેજ હેમલતાએ જોયું કે ગાડીની અંદર બેઠી બેઠી એક અતિ સુંદર યુવતી આતુર નયનોએ ચારે દિશા તરફ નજર ફેરવી રહી છે. યુવતીની પાસે જઇને હેમલતાએ કહ્યું: "બ્હેન! પધારો, આપને કેમ તસ્દી લેવી પડી?"

આવનાર યુવતીએ ગાડીમાંથી નીચે ઉતરી નમ્ર સ્વરે પણ વ્યાકુળ ચિત્તે કહ્યું: "બ્હેન! હું તમને ઓળખતી નથી. છતાં એક પ્રકારનું દુઃખ દેવા આવી છું. પુત્રના વિયોગનું દુઃખ સહન કરી શકવાને માટે હું અસમર્થ છું. તેથીજ તમારી પાસે એક પ્રકારની ભિક્ષા માગવા આવી છું."

વાંચનાર સ્હમજી ગયાં હશે કે આ આવનાર યુવતી બીજી કોઈ નહિ, પરંતુ કમળાજ હતી. હેમલતા કમળાનાં વચનોનું રહસ્ય સમજી શકી નહિ. તેણે કહ્યું: "બ્હેન! હું એક સાધારણ સ્થિતિની સ્ત્રી છું. મ્હારી પાસે આપને ભિક્ષા માગવાની કેવી? માટે કહો, તમારે મ્હારૂં શું કામ છે?"

કમળાએ પેલું ચિત્ર બ્હાર કાઢી પૂછયું: "આમાં જેનું ચિત્ર ચિતરવામાં આવ્યું છે, એ બાળક તમારી પાસે છે?"

હેમલતા કંપી ઉઠી. તેણે અસ્પષ્ટ સ્વરે કહ્યું: "હાજી. અહિંજ છે. અરૂણ-મ્હારો પ્રાણાધિક પુત્ર-ઉપર છે."

"અરૂણ!" નામ સાંભળવામાં આવતાંજ કમળાને સહજ પણ સંદેહ રહ્યો નહિ. કમળાએ હેમલતાના બન્ને હાથ પકડી ગદ્‌ગદ કંઠે કહ્યું: "બતાવો બ્હેન! બતાવો. મ્હારા અરૂણને એક વખત બતાવો. જન્મ જન્માંતર સુધી હું તમારી દાસી થઇને રહીશ."

એવામાં એકાએક અરૂણે હેમલતા પાસે આવી પહોંચી એના ગોદમાં ભરાતાં કહ્યું: "બા! આવી સુંદર ગાડી કોની આવી છે? આ કોણ છે, બા!"

અરૂણને જોતાંજ કમળા સ્થિર રહી શકી નહિ. તરતજ તેણે પુત્રને પોતાના બન્ને હાથમાં ઉંચકી લીધો અને તે તેના અધરોષ્ઠ ઉપર અનેક ચુંબનો કરવા લાગી. હેમલતાની આંખમાંથી પણ આ દેખાવ જોઈ આંસુ નીકળવા લાગ્યાં. તરતજ અરૂણ કમળાના હાથમાંથી છુટી હેમલતા પાસે આવ્યો અને બોલ્યો: "બા! તમે કેમ રડો છો? શા માટે? બા! તમને શું થયું છે?"

હેમલતાએ અરૂણને દઢતાથી પોતાની છાતી સરસો ચાંપીને કહ્યું: "બાઈ, હું મ્હારા અરૂણને તો કદિય આપીશ નહિ. જો અરૂણને લઇજ જવો હોય તો મ્હારા પ્રાણનો નાશ કરી, પછી લઇ જજો." હેમલતાથી વિશેષ બોલી શકાયું નહિ. તેને ચારે દિશામાં સંપૂર્ણ અંધકાર ફેલાયલો જણાવા લાગ્યો.

આનુંજ નામ અપૂર્વ માતૃ સ્નેહ ને?

અનુપમ શાન્તિ.*

અનુવાદક:—સૌ. પ્રિયમતી શુકલ.-મુંબાઈ.

વર્ષો થયાં એક ભિખારીની માફક શાન્તિની શોધમાં હું ગામેગામ રખડતો હતો. હું એકલો-તદન એકલો-સ્નેહિ સંબંધી વિનાનો, દ્રવ્યહીન, નિરાધાર સ્થિતિમાં આવી પડયો હતો. અને એ સર્વમાં મ્હારૂં જે જે કાંઈ હતું તે મ્હેં મ્હારી મૂર્ખાઈથી ગુમાવ્યું હતું. ગુમાવેલાં સ્નેહિઓ આ મૃત્યુ લોકમાં તો પાછાં મળી શકે એ અસંભવિતજ છે અને તેથી

* મનોરંજનના સન ૧૯૧૪ ના અંકમાંથી અનુવાદ.

મ્હને દ્રવ્યની પણ લાલસા ન્હોતી. સંસારનાં ક્ષણિક સુખો પરથી મ્હારૂં મન ઉઠી ગયું હતું. તૃષ્ટેલા જીગરે ગાંડાની માફક હું શાન્તિની શોધમાં રખડતો હતો. શાન્તિની શોધને માટે હું દેશવિદેશમાં ભટકવા લાગ્યો, પણ શાન્તિ ક્યાં છે? સમસ્ત જગત્ ક્લેશ કંકાસ, દુઃખ દારિદ્ર, રોગ, ચિંતા અને ભૂખમરાથી અશાન્ત નિઃસાર નીરસજીવન ગાળતું જણાય છે. હાય! નિરાશાથી કેટલાક દિવસ તો હું એકજ સ્થાન પર પડી રહ્યો. વળી પાછો શાન્તિની શોધમાં નિકળ્યો. કારણ મ્હારી ખાત્રી હતી કે પ્રયત્નને અંતે યશ મળવોજ જોઇએ. પરન્તુ જેને માટે હું મ્હારો જીવ આપવાને પણ તૈયાર છું, તે **શાન્તિ છે ક્યાં?**

તે સમયે શિશિર ઋતુ ચાલતી હતી. બરફ પડતું હતું. પવન જોસબંધ ફુંકાતો હતો. પક્ષીઓ પોતપોતાના માળામાં ભરાઈ બેઠાં હતાં. મનુષ્યનું નામનિશાન પણ જણાતું ન્હોતું. જ્યાં ત્યાં બરફના ઢગલા ને ઢગલા પડ્યા હોવાથી પગ મૂકવાની પણ જગ્યા ન્હોતી. તે નિર્જન પહાડી પ્રદેશમાં ઠંડીથી ધ્રુજતો, પડતો આખડતો હું આશ્રયસ્થાન શોધતો આગળ ને આગળ ચાલ્યો જતો હતો. કેટલોક સમય વીત્યા પછી મ્હને દૂર એક પ્રકાશ જણાયો. તે પ્રકાશને આધારે ચાલતો ચાલતો હું તે સ્થળે ગયો. તો ત્યાં એક ભવ્ય ઇમારત હતી. બારણા આગળ છ સાત વર્ષનો એક બાળક રમતો હતો. મ્હેં તેને પૂછ્યું: "ભાઈ! આ કોનું મકાન છે? હું આજનો દહાડો અહિં રહી શકીશ કે?"

બાળક આશ્ચર્યથી મ્હારા તરફ જોવા લાગ્યો. હું સમજ્યો કે ત્હેને બ્હીક લાગી હશે. જરાવાર પછી તે બોલ્યો: "હું તે જાણતો નથી. પેલા ઓરડામાં મ્હારા મ્હોટા ભાઇ વાંચે છે ત્હેમને પૂછો."

હું તે ઓરડામાં ગયો. ટેબલ આગળ બેસી વાંચતો એક તરુણ મ્હારી દૃષ્ટિએ પડ્યો.

"મહારાજ!" તરુણે મ્હારી તરફ જોયું.

"જો કૃપા કરીને મ્હને—"

"એ સંબંધી તમે પિતાજીનેજ પૂછી જુઓ! જુઓ તેઓ પેલા ઓરડામાં બેઠા છે."

હું તે ઓરડામાં ગયો. એક વૃદ્ધ પુરૂષ ત્યાં બેસી તપખીર સુંઘતા હતા. મ્હને જોઈ ત્હેમણે પૂછ્યું: "ત્હમારે શું જોઇએ છે?"

"આજની રાત—"

"જોડેના ઓરડામાં મ્હારા વૃદ્ધ પિતાશ્રી છે, ત્હેમને પૂછો. આ ઘરના માલિક તેઓ છે."

તે ઓરડામાં જઈ જોયું: એક છપ્પર ખાટ પર એક અત્યંત જરાગ્રસ્ત વૃદ્ધ સૂતા હતા. તે જીવતા હતા કે મૂએલા તે પણ સ્હમજવું મુસ્કેલ હતું.

"મહારાજ!—"

"શું હુકમ છે?"

"હું આજ અહિં—"

"તે મ્હને શું કામ પૂછો છો? ઘરના ધણી પિતાજી છે, તેઓને કહો. પાસેના ઓરડામાં તેઓ હશે."

ગયો તે ઓરડામાં. ખાટલા પર એક અતિ વૃદ્ધ, માણસ સૂતા હતા. ત્હેમનું શરીર કંપતું હતું. હાડકાં અને ચામડાંના-માંસ વગરના તે શરીરપર કરચલીઓ વળી હતી. જો જરા આંચકો લાગે, તો તેનું આયુષ્ય પૂરૂં થાય એવી સ્થિતિમાં તે હતા.

"મહારાજ! મ્હને આજ—"

આગળથી ઈશારત કરી ત્હેણે મ્હને પાસેની ઓરડી બતાવી.

હજી પણ એકાદ વધારે વૃદ્ધ મ્હારી દ્રષ્ટિએ પડશે એમ ધારી હું તે ઓરડામાં ગયો. પરન્તુ તેવો વૃદ્ધ તો કોઈજ દેખાયો નહિ! ઓરડામાં એક મૃગચર્મ પર અપૂર્વ સૌન્દર્યવતી તરુણી કૃષ્ણવસ્ત્ર પરિધાન કરી બેઠી હતી. તેણીના તેજને લીધે આખા ઓરડામાં પ્રકાશ ફેલાઇ રહ્યો હતો. કાળા પોષાકથી તેણીનું સૌન્દર્ય વિશેષ પ્રકાશતું હતું.

તે તરુણ સુન્દરી સાથે શું બોલવું તે મ્હને સુઝ્યું નહિ. હું દિઙ્મૂઢ થઈ ઉભોજ રહ્યો.

કેટલી બધી વાર સુધી હું મૂગો મૂગો ત્યાં ઉભો રહ્યો! જાણે મ્હારી વાચાજ બંધ થઈ ગઈ હોયની!

મ્હને સ્તબ્ધ ઉભેલો જોઇ તે તરુણીએ મ્હને પૂછ્યું, "આપને શું જોઇએ છે?"

અહાહા! કેવો મધુર સ્વર? તે મધુર અવાજથી મ્હારૂં હૃદય શાન્ત થયું. આટલા દિવસથી જે દારૂણ યાતના થતી હતી, તેનો એક મિનિટમાં નાશ થયો!

તે સુન્દરી ફરીથી મધુર સ્વરે બોલી: "શું આપને બ્હીક લાગે છે? આપને શું જોઇએ છે તે મ્હને કહો. હું સર્વ કાંઈ આપી શકું છું. મ્હારૂં નામ શું છે તે આપ જાણો છો?"

"ના."

"**મૃત્યુદેવી.** હવે કહો, શું જોઇએ છે આપને?"

શું માગવું એની પાસે? અંતઃકરણમાં હજારો વાસના જાગ્રત થઈ. આખરે વિચાર કર્યો કે જે જોઇએ તે જે આપી શકે છે, તેજ જો મ્હને પ્રાપ્ત થાય, તો મ્હારા મનોરથ પૂરા થશે.

સુન્દરીએ ફરીથી મ્હને પૂછ્યું: "શું જોઇએ છે આપને?" ધૈર્યથી પણ ધડકતી છાતીએ મ્હેં કહ્યું: "મ્હને તો તુંજ જોઇએ છે." "ઠીક ત્યારે. આપની એવીજ ઇચ્છા છે, તો મ્હને લઇ જાઓ!"

એમ કહી તે રમણી આગળ આવી. મ્હારા અસ્થિર, રોગગ્રસ્ત આત્માને તેણીનો દિવ્ય-શીતળ સ્પર્શ થયો!

અહાહા! કેવી અપૂર્વ-અનુપમ-અવર્ણનિય શાન્તિ!!

જૉન મૉરોનું હૃદય.

(ઇંગ્રેજી ઉપરથી)

લેખકઃ—સૌ. કુસુમ બ્હેન. એન. દિક્ષિત—અમદાવાદ.

"લીંકન ઇન"નો પ્રખ્યાત સોલીસીટર જૉન મોરો ભવાં ચ્હડાવતો હતો અને વિચાર કરતો હતો. પણ એ વિચારો એના વધતા જતા અસીલો વિષે નહતા. તેની પાસે મોરોક્કોના ચામડામાં બાંધેલી પિત્તળના તાળાવાળી ચોપડી હતી. તેમાં તે વારંવાર જોતો હતો પણ તે ચોપડી અસીલોના પૈસાની નોંધની ચોપડી નહતી. એ પોતાની માનગી બાબતમાં ગુંચાયેલો હતો. એના સુંદર ચ્હેરા પરની ચિન્તાને એની ધરાકીના કામ સાથે કાંઈ પણ લાગતું વળગતું નહોતું. લંડનમાં કાયદાની સાથે જે કોઇને જરાં પણ સંબંધ

હતો, તે જાણતા હતા કે મોરો તે ધંધામાં એક ઉદય પામતો માણસ હતો. તેની સાથેના કામ કરનારાઓનો પણ એને માટે ઘણો ઉંચો અભીપ્રાય હતો.

"ઈશ્વર કૃપાથી અંતે પૂરૂં થયું!" આખરે તે બબડયો.

તેણે ચોપડી બંધ કરી કાયદાનાં પુસ્તકોના કબાટની પછાડી ભીંતમાં યુક્તિથી ગોઠવવામાં આવેલી નાની તીજોરીમાં પાછી મુકી દીધી. તેના કારકુનની પાસથી ટેલીફોન મારફત થોડી ઘણી ખબર કાઢી લીધા પછી, બીડી પીતો પીતો તે પાછો વિચારમાં ગરક થઇ ગયો.

ઘણું બારીકીથી જોનારને પણ તે ખુશીના વિચાર કરતો હતો કે દિલગીરીના; તે શોધી કાઢવું મુસ્કેલ હતું. તેનું મોઢું ચીન્તાતુર જેવું લાગતું હતું. પણ તેની તેજસ્વી આંખોમાં સંતોષની છાયા દેખાતી હતી. જે કોઇને પણ પોતાનો ચોક્કસ અભિપ્રાય આપતાં અટકાવતી હતી.

સાત વર્ષ પહેલાં ૨૮ વર્ષની ઉંમરે તેણે રૂબી વોલ્સ નામની ૨૨ વર્ષની છોકરી પાસે લગ્ન માટે માગણી કરી હતી, જે તે બાળાએ પોતાના હંમેશના ભોળપણથી તુરત સ્વીકારી હતી; અને તે બંનેનું લગ્ન પણ થયું હતું. રૂબીને ભવિષ્યને માટે દરકાર નહતી. એક સ્ત્રીએ પતીની ચિન્તામાં ભાગ લેવો જોઇએ, એમ ધારી હંમેશ તે ખરી લાગણીથી જૉનને કામમાં મદદ કરતી હતી.

એ સઘળા વખત દરમિયાન એક ચીજ એવી હતી કે જે રૂબી જાણતી નહતી. લગ્ન પછી તરતજ જૉને પોતાનો વિમો ઉતરાવવાની ફરજ ધારી, એક વિમા કંપનીમાં તેમ કરવા તે ગયો હતો. પરંતુ ત્યાં તેનો વિમો લેવા ના પાડવામાં આવી તે જોઇ તેને ઘણી અજાયબી થઇ હતી. કારણ પૂછતાં વિમા કંપનીના ડૉક્ટરે કહ્યું કેઃ "તમારૂં હૃદય નબળું છે."

મોરોએ આ બધું પોતાનાપર ઘણી અસર થવા દીધા સિવાય સહન કર્યું. એવી રીતે સઘળું સહન કરવાની તેને ટેવજ હતી. તેણે પોતાની જાતે પોતાની વિમા કંપની થવા ધાર્યું; અને તીજોરીમાં મૂકેલી ચોપડીમાં તેણે રૂબીને માટે પૈસો બચાવવા માંડયો. આજે એની ઇચ્છા પરિપૂર્ણ થઈ હતી. જો જૉન આજે રાત્રે કે અત્યારે ખુરસીમાં મરી જાય, તોપણ એની વિધવાને એની સાચવેલી રકમમાંથી દર વર્ષે હજાર રૂપિયા મળે એમ હતું. ખુરસીપર બેઠો બેઠો તે વિચાર કરતો હતોઃ "ગરીબ બિચારી! તેને હમણાં ઘણી હાડમારી ભોગવવી પડી છે અને તે તેણે કેવી અપૂર્વ સહનશીલતાથી સ્વીકારી લીધી છે? સાત વર્ષ સુધી એકજ નાની સરખી કોટડીમાં રહેવાનું, ફરવા હરવાનું નહિ, કોઇને મળવા મુકવાનું નહિ, મ્હારા સહવાસનો જોઇએ એટલો લાભ મળે નહિ, અને એ સઘળું પણ પોતાની ખરેખરી જુવાનીમાં, જીંદગીનાં સારામાં સારા વરસોમાં!

"અત્યારે તે ઓગણત્રીસ વર્ષની છે અને તેનામાં ઘણો ફેરફાર થયો છે, પણ તે સારાને ખાતેજ. ખરે! હું અત્યારે ને અત્યારે ઘેર જાઉં, અને ચાહની વખતે હાજર રહી એને આશ્ચર્ય પમાડું.. હવે એના ભવિષ્યને માટે કાંઈ ચિન્તા રહી નથી. ગયે વર્ષે તે આગલાં સર્વ વર્ષો કરતાં વધારે સુંદર તથા વધારે ઉત્સાહ ભરેલી દેખાતી હતી. મ્હારૂં મૃત્યુ થવા પહેલાં હું એના સુખને માટે સંપૂર્ણ વ્યવસ્થા કરીશ, એ વ્યવસ્થા મ્હારે કરવીજ જોઇએ."

આ પ્રમાણે વિચાર કરતો કરતો તે ઘેર આવી પહોંચ્યો, ત્યાં એને ઘરમાં કામ કરતી બાઈ તરફથી ખબર મળી કે તારથી સંદેશો આવવાથી થોડી મીનીટ થયાંજ રૂબી બહાર ગઈ

હતી. જમવાનો વખત થતા લગણમાં આવી પહોંચશે. જૉન નીરાશ થઇ ગયો, ને તે દિવાનખાનામાં આમથી તેમ ફરવા લાગ્યો. એ દિવાનખાનું જાણે કોઇ પારકાનુંજ હોય તેવી રીતે તેણે આમ તેમ નજર કરવા માંડી. એક ચીનાઈ વાસણ ને નાનું ટેબલ કે જે તેણીએ ઘરખર્ચની પોતાને નાની સરખી રકમ મળતી હતી તેમાંથી બચાવીને વસાવ્યું હતું તે તેણે જોયું. તેનાપર એની પોતાની તથા રૂબીની છબી ... ડી હતી, તે જોવાને તે કાંઇ કાંઇ મીઠી આશાઓ સાથે મલકાતે મુખડે, એ ટેબલ તરફ વળ્યો. એટલામાં કાંઇક થયું. ટેબલના ઉઘાડા ખાના તરફ નજર કરતાં એક કાગળ તેના જોવામાં આવ્યો. તે કાગળ જોતાં સૌથી પહેલું એને એ જણાયું કે તેમાં ઘણી ભૂલો સુધારેલી હતી. કાગળ સુધારેલો જોઇને તેને હસવું આવ્યું, કેમકે સાધારણ રીતે રૂબીને કાગળ સુધારવાની ટેવ નહતી. પણ કાગળની બે લીટી વાંચતાંજ તે જડ જેવો અને ફીકોફચ પડી ગયો. તેણે પોતાનું મ્હોં એ પાસથી ફેરની પીઠ કરી પણ થોડીવાર વિચાર કરી નિશ્ચય કર્યો કે મ્હને એ કાગળ વાંચવાનો હક છે. તેણે પછી કાગળ લઇ વાંચવા માંડ્યો.

મ્હારા વ્હાલા,

"હું સારી રીતે જાણું છું કે તમારૂં દુઃખ મોટું છે પણ મ્હારૂં દુઃખ એથી પણ વધારે મોટું છે. હું ધારૂં છું કે તમારે માટે હજી મોટું ભવિષ્ય છે, પણ મ્હારે માટે હવે કાંઇ આશા નથી. સાત વર્ષના લાંબા વખત સુધી મ્હેં ન ભોગવી શકાય એવી ગુલામગીરી ભોગવી છે. છેલ્લા વર્ષમાં તમે મને ઘણો ઉત્સાહ આપ્યો છે. પણ વ્હાલા! મ્હને ભય રહે છે કે હવે તેનો છેડો આવ્યા વગર રહેશે નહિ. ફરજ પ્રેમને ભોગે પણ હજી બજાવી શકાય એમ છે. તમે કહો છો કે એ ભોગ ઘણો મોટો છે. કદાચ તેમ હશે પણ ખરૂં! હું તો તમને હંમેશ ચાહીશ. તમને ચાહ્યા વગર મ્હને ચાલે એમ છેજ નહિ અને હોત તો પણ મ્હારે એવાં અસ્થિર થવું નથી. પણ સારામાં સારો માર્ગ કદાચ એજ હશે કે આપણે એક બીજાથી છુટાં પડવું. મ્હારા વ્હાલા! ઈશ્વર તમારૂં ભલું કરે અને તમને સારા દિવસો બતાવે. હું તમને છેલ્લો કાગળ બરોબર એક અઠવાડીઉં રહીને લખીશ, તેમાં હું મ્હારો ચોક્કસ નિશ્ચય જણાવીશ."

જૉન મોરો ઘણો સહનશીલ કહેવાતો હતો અને હતો પણ ખરો. પોતાની પત્નીનો કાગળ વાંચી મ્હોંપર ફેરફાર ન થવા દેવાનો કુદરતી રીતેજ પ્રયત્ન કર્યો અને એ પ્રયત્નમાં તે થોડો ઘણો સફળ પણ થયો. "ગરીબ બિચારી!" એટલુંજ તે બોલ્યો.

આપણા સોલીસીટરને એની પત્ની બીજા કોઇને ચાહતાં શીખી હશે તેની ઝાઝી નવાઈ લાગી નહિ. તેણે એને પ્રેમ સિવાય કાંઇ પણ ઝાઝું આપ્યું નહોતું, અને પોતે જે અથાગ શ્રમ લેતો હતો તે પોતાની સ્ત્રીનેજ માટે હતો, એ વાતની તે સ્ત્રીને ખબર પણ નહોતી. પરંતુ આ ફટકો મોરો માટે પણ બહુ સખત હતો!

"સાત વર્ષની ગુલામગીરી" વિષે વિચાર કરતો કરતો તે બબડ્યો, "અરે! આ બનાવજ મને મારી નાંખવાને બસ થવો જોઇએ! તે ડૉકટરે કહ્યુંજ હતું કે વિધાતાનો એકજ અણુચિંતવ્યો પ્રહાર હમારૂં મોત નીપજાવવાને માટે બસ થાય, એવું હમારૂં હદય ...ળું છે. તે અરીસા પાસે ગયો અને પોતાનું મ્હોં બારીકાઈથી તપાસવા લાગ્યો. તેના ...ળ કાંઇક આછા તથા ધોળા થવા લાગ્યા હતા. તેની આંખ આગળ જરા જરા કરચ-

લીઓ પડી હતી, તેનું મ્હોં ફીકું પડી ગયેલું હતું; પણ હૃદયના નબળાપણાની કંઈ અસર કે ચિહ્ન જણાયું નહિ. "શું આ બનાવ મ્હારા હૃદયને ધક્કો લગાડવાને બસ થાય એવો નથી?" આ વિચાર તેના મનમાં આવવાથી તેણે એક ભયાનક હાસ્ય કર્યું. તેને એમ લાગ્યું કે રૂબીનો પ્યાર ખોવો તેના કરતાં મોતનું દુઃખ પણ તેને ઓછી અસર કરે એમ હતું. રૂબી પાછી ફરે ત્યાં લગી શું કરવું, તેની તેને કાંઈ સુઝ પડતી નહોતી. તેને જે ડૉક્ટરે તપાસ્યો હતો, તેની પાસે જવાનો તેણે નિશ્ચય કર્યો, અને તરતજ તે અમલમાં પણ મૂક્યો.

"કોણ વિલ્સન?"—દવાખાનાની બહાર થોડો વખત થોભ્યા પછી જ્યારે તેને ડૉક્ટર પાસે લઇ જવામાં આવ્યો ત્યારે તે બોલ્યો. "કોણ, મોરો? ખરેખર! આ ઘણુંજ ખુશી ભરેલું છે. મોરો! આપણે કેટલો વખત પછી મળ્યા, હેં?—લગભગ દશ વર્ષે હું તને જોઉં છું." તેઓ બન્ને શાળામાં સાથે હતા અને તેઓ ધંધામાં પડયા ત્યાર પહેલાં એક બીજાની સાથે ઘણો વખત આનંદમાં ગાળ્યો હતો.

"હું સર જેમ્સ આર્ક રાઇટને મળવા આવ્યો હતો," જૉન બોલ્યો.

"તે તો જર્મનીમાં નવી શોધ કરવા ગયા છે. જર્મન લોકો શોધમાં કેટલા ફાવે છે, એ ઘણું નવાઈ ભરેલું છે. હું કેટલાંક વર્ષ થયાં સર જેમ્સનો ભાગીઓ થયેલો છઉં. હું નથી ધારતો કે તું એને ત્હારા કોઈ દરદ વિષે પુછવા માંગતો હોય."

"હા! હું તે વિષેજ પુછવા માંગતો હતો."

"કારણ?—તું દેખાય છે તો તંદુરસ્ત."

"પણ મ્હારૂં હૃદય નબળું છે—તું કહે છે શું? તમારા જેવા ઉગતા જુવાનીઆઓને એજ પંચાતી મોટી જણાય છે."

"ચાલ હું તપાસું?"

"ખુશીથી."

ક્ષણવાર તેઓએ એક બીજાની સ્હામું જોયું, બેમાંથી એક પણ બોલ્યું નહિ પણ પોતાના મિત્રના મનમાં જે ઉજવળ આશા પ્રકટી હતી તે મોરોથી સમજાયા વગર રહી નહોતી. વિલ્સને ઘણી ચોક્કસ રીતે તપાસ કરી. એ તપાસ એવી તો બારીક હતી કે આખરે મોરોને કહેવું પડયું કે "તપાસમાં ને તપાસમાંજ તું મ્હારો અન્ત આણવાનો છે કે શું?" ડૉક્ટરે મોરોનો હાથ ઝાલીને કહ્યું કે "નહિ બચ્ચા! હું ખાત્રી કરવા માંગતો હતો. ત્હારૂં હૃદય પચીસ વર્ષના યુવાનનું સાધારણ રીતે હોય છે, તેના કરતાં પણ સારૂં છે. ઘંટના જેટલું જબરૂં છે એમ કહું તોપણ અતિશયોક્તિ કહેવાય નહિ.

"જો ત્હારે જોઇતી હોય તો હું તને દવા આપું પણ મ્હારો અભિપ્રાય એવો છે કે જો તું બેસવાનું ઓછું રાખીશ અને કસરત કરવાનું વધારે રાખીશ તો તેથી. દવાના કરતાં પણ ત્હને વધારે ફાયદો થશે. અને કદાપિ જો તને કાંઈ દુઃખ થયું હોય તો તે વધારે ચરબીને લીધેજ હશે." આ પ્રમાણે કહીને ડૉક્ટર ખડખડ હસી પડયો અને પોતાની ખુરશી ઉપર જઇને પાછો બેઠો. મોરોના મુખ ઉપર મનોવેદનાની જે અસર થઈ હતી તે તેના જોવામાં આવી નહિ.

"મ્હને દુઃખ તો કાંઈ થતું નથી,"

"કંઈ દુઃખ નહોતું તો તું શામાટે અહિં આવ્યો અને મ્હારૂં હૃદય નબળું છે એમ કહી નાહક મને ગભરાવી શેનો નાંખ્યો ?"

"અને તને કોઈ પત્ર નહોતો મળ્યો ?"

"હા, મળ્યો હતો. તેમાં લખ્યું હતું કે બીજા ડૉક્ટરની પાસે તમારૂં શરીર તપાસાવવું, પણ એક ખાનગી દરદી તરીકે પણ સર જેમ્સની મ્હેં સલાહ લીધી હતી; એટલે એ સંબંધમાં મ્હેં બીજું કાંઈ પણ કીધું નહિ. સાત વર્ષ પહેલાં સર જેમ્સે મ્હને તપાસ્યો હતો અને—"

"જવા દેને એ વાતજ !"

"કેમ વિલ્સન ?"

"એ હકીકતજ એવી છે કે માણસની ધીરજ રહે નહિ. તું વિમો પતરાવવા આવ્યો હતો ?"

"હા !"

"કેવું ખરાબ ! કેવું શરમ ભરેલું !"

"હું તદ્દન અંધારામાંજ છું. તું મને હવે કાંઈ સમજાવીશ ?"

લગભગ સાત વર્ષ થયાં હું એમના ભાગીઆ તરીકે કામ કરતો આવ્યો છું. પહેલીજ ફરીઆદ એમણે હમણાંના જમાના વિષે કરી હતી. એ કહે કે પાંચ મહિના થયાં જેટલાં હૃદય હું તપાસું છું તેટલાં બધાંજ નબળાં હોય છે. મ્હને ઘણી નવાઈ લાગી. પછી એમણે જે હૃદયો તપાસ્યાં હતાં તેજ મ્હેં પણ તપાસી જોયાં."

"તેનું પરીણામ શું આવ્યું ?"

"તદ્દન સારાં હતાં."

"ત્યારે એમ કહેવાનું કારણ ?"

"કારણ એજ કે સર જેમ્સના ડાબા કાનમાં નાનો ફોલ્લો થયો હતો, તથી તે જ્યારે તપાસતા, ત્યારે એમના કાનની નબળાઇને લીધે તેમને બધાં હૃદય નબળાં લાગતાં! પણ ખરી રીતે કોઇનાં હૃદય નબળાં નહતાં."

"ઓ ઇશ્વર !" વિમા કંપનીએ તો વધારે ચોકસ થવું જોઇતુંજ હતું."

"જો હું ત્હારે બદલે હત તો વિમા કંપનીને બરોબર બતાવી આપત. ફરીઆદજ માંડત."

"કંઈ માંડત નહિ. મ્હારી ખાત્રી છે કે તું જો મ્હારી જગાએ હત તો તું પણ મ્હારી પેઠેજ કરત. એ માત્ર ભૂલજ હતી તેને માટે ઇશ્વરનો ઉપકાર માનવો છે."

ક્ષણ વાર તો નિશ્ચિંતતાની લાગણીએ બીજા સઘળા મનોભાવ ઉપર સંપૂર્ણ સામ્રાજ્ય ભોગવ્યું, અને છુટા પડતી વખતે ડૉ. વિલ્સનને લાગ્યું કે મ્હારો મિત્ર હવે તદ્દન ફીકરથી મુક્ત થયો છે. પણ રસ્તામાં ડૉ. વિલ્સનની તપાસના પરીણામથી જૉનને ખેદ થવા લાગ્યો. તેને એમ થવા લાગ્યું કે "જો હું મરી જાઉં તો રૂબી છુટી થાય."

ઘેર ગયા પછી ઓરોએ ખરી વકીલાત કરવા માંડી, અને વાતચીતમાં કાંઇ કાંઇ યુક્તિઓથી તેની સ્ત્રીને ગુંચવવાનો પ્રયત્ન તે કરવા લાગ્યો. પણ વાતપરથી એનો એવો નિશ્ચય થયો કે રૂબી બીજી સાધારણ સ્ત્રીઓ કરતાં વધારે હોંશીઆર છે. જૉનનું ફીક્કું મ્હોં જોઇને રૂબીને એની તબિયતને માટે ઘણી ચીન્તા થવા લાગી. જ્યારે તે ઘેર આવ્યો

ત્યારે પોતે નહોતી માટે દીલગીરી બતાવી; પણ જે કારણને લીધે પોતાને જવું પડયું હતું તે સંબંધમાં તે એક શબ્દ પણ બોલીજ નહિ. વાતચીતમાં યુક્તિઓ કરી એ વાત કઢાવવાનો એના પતિએ જે પ્રયત્ન કર્યો તે બીલકુલ સફળ થયો નહિ.

કેટલાક દિવસ આ પ્રમાણે પસાર થયા. જૉનના મગજપર પેલો કાગળ ધગધગતા અંગારાની માફક ખટક્યાં કરતો હતો. તેને વિચાર આવતો કે બરોબર એક અઠવાડીક ક્યારે થાય કે જ્યારે રૂબીના છેલ્લા પત્રની આશા રાખી શકાય. ડૉ. વિલ્સન ઉપર તેણે ચેક મોકલ્યો, જેની જરૂર નથી કરી તે ડૉકટરે પાછો મોકલ્યો; ત્યારપછી કોઈ પણ વખતે પોતાની તબિયત વિષે એના મનમાં વિચાર સરખો આવ્યો નહોતો. ચોથે દિવસે રૂબીએ ટેલીફોનથી પૂછ્યું કે "આજે વહેલા આવવાનું બનશે ?"

"હા બનશે." જૉને જવાબ દીધો; અને પછી એ તે દહાડે વ્હેલો ઘેર ગયો. રૂબીએ એને સારો આવકાર આપ્યો. તેનું દિવાનખાનું તાજા ફુલોથી શોભતું હતું. ચાહની વ્યવસ્થા પણ આજે શોભીતી હતી, અને રૂબીએ પોષાક પણ નવો પહેર્યો હતો. મ્હોરોને બેવાર અંધારાં આવી ગયાં અને એને એમ લાગવા માંડયું કે આ સ્ત્રી તરફથી અત્યારે મ્હને એકાદ સખત પ્રહાર થવાનો છે. ચાહ પુરી થઈ પછી રૂબી એની પગ પાસેના સ્ટુલપર પતિના ચરણ આગળ જઈ બેઠી. અને મિનિટ લગણ એના સામું જોયાં કીધું.

"જૉન!" આખરે તે બોલી, "મ્હારે તમને કાંઇ કહેવાનું છે."

"તું તેને માટે ઘણી ગંભીર હોય એમ લાગે છે." જૉને હસવાનો પ્રયત્ન કરતાં કહ્યું.

"હા ! તે ગંભીર વાત છે."

"ત્યારે જલદીથી પુરી કરી દે કે તેનો નીકાલ આવી જાય."

"હું ચાલી જવાની છું!"

તે આવું કાંઇક સાંભળવાને તૈયારજ થઇ રહ્યો હતો, એટલે તેના મ્હોંપર સ્હેજ ફીકાશ સિવાય બીજું કાંઇ પણ ચિહ્ન જણાયું નહિ. પરંતુ ત્હેના હૃદયના ધબકારા પ્રતિપળ વધતા જતા હતા." રૂબી પોતાની વીંટી સાથે રમત કરતી હતી તેથી તેનું ધ્યાન તે તરફ ગયું નહતું.

"એકલી ?" જૉન ઘણી મુસ્કેલી સાથે બોલી શક્યો.

"ના એકલી નહિ. કોઈ મ્હારી સાથે આવવાનું છે."

ઘડીઆળ જે ટકટક અવાજ કરતી હતી તે અત્યારે ગાંડી થયેલી હોય એમ જણાતું હતું. તેનો ધીરો અને ગંભીર અવાજ અત્યારે પ્રચંડ અને ઉતાવળો જણાતો હતો. જૉન તેના સામું તાકીને જોઈ રહ્યો.

"મ્હારી સાથે કોણ આવનાર છે, તે જાણવાને શું તમને કાંઇ ઇચ્છા નથી થતી ?" રૂબી ધીમે અવાજે બોલી. તેનું શરીર ધ્રુજતું હતું અને જૉનને રૂબીની ઘણીવાર દયા આવતી, તેવીજ આ વખતે પણ આવી.

"તે હું જાણું તો સારું." તેણે બેદરકારી બતાવવાનો બહારથી પ્રયત્ન કર્યો.

"તમારી સાથે !" તેણીએ તેનો હાથ પકડી મન્દ હસીને નયન નચાવતાં કહ્યું.

"મ્હારી સાથે ?" જૉને ચકિત થઇને પુછ્યું.

"મ્હને બ્હોર ગામ જવાની જરૂર છે, અને તમને તેથી પણ વધારે જરૂર છે.

તમારૂં સુંદર મ્હોં હમણાં થોડા દહાડા થયાં ઘણુંજ ફિક્કુ જણાય છે; અને તમે કબૂલ કરો કે ના કરો તો પણ હું જરૂર તમને બહાર ગામ લઇ ગયા વગર રહેવાની નથી."

"પણ—પણ—"

"ખર્ચને માટે મ્હેરબાની કરીને એક શબ્દ પણ કાઢશો નહિ. હું પોતેજ બહારગામ જવા માગું છું. જરા થોભો!" તેણી ઉભી થઈ મેજ તરફ ગઇ અને જોરોએ જોયું કે તેણે ખાનું ઉઘાડયું.

"તમારા હાથ ધરો!" હુકમ કરતી હોય તેમ રૂબીએ પાછાં ફરતાં કહ્યું. તેણીએ ૫૦ પાઉન્ડની નોટ અને ગીનીઓનો ઢગલો ત્હેના હાથમાં વાળ્યો. "જુઓ!" એમ તેણે ગર્વ સાથે કહ્યું.

"આ શું?"

"સો પાઉન્ડ છે અને એ સઘળા આપણે બહારગામ જવામાં વાપરી નાંખવાના છે."

"સો પાઉન્ડ! એ તને ક્યાંથી મળ્યા? એ તો તદ્દન અશક્યજ છે, કે એ ત્હેં ઘર ખર્ચમાંથી બચાવ્યા હોય."

"તમે ખરી વાત કહો છો. તેમ બચેલા નથી, છતાં મ્હારી પાસે છે, એ તમે જુઓ છો એટલું બસ નથી?"

"ના નથી."

"શું મ્હારે કહેવુંજ પડશે?"

"હા. ત્હારે કહેવુંજ પડશે."

"શું તમે હુકમ કરો છો?"

"ના, હું વિનંતી કરૂં છું."

તે ફરીથી ટેબલ તરફ ગઇ અને એક ચોપાનીઉં ઉઘાડી જૉનના હાથમાં તે મૂક્યું. "આ વાંચો!" તેણીએ દબાવેલી લાગણી સાથે ધ્રૂજતા હોઠોવડે કહ્યું.

જૉને ચોપાનીઆ તરફ નજર કરવા માંડી. અર્ધો કોલમ વાંચી કે તરત એની નજર એક પત્ર ઉપર પડી.

"મ્હારા વ્હાલા!......"

"ઓ ઇશ્વર!" રૂબીને સહર્ષ ભુજબંધમાં લઇને બોલી ઉઠ્યો: "હે પ્રભુ! હું ત્હારો કેટલો આભાર માનું?"

"તમે ચીડાયા તો નથી?" રૂબીએ ધ્રુસ્કાં થઇને પુછ્યું.

"મને આ વિષે બધું કહે," એમ કહેતાં જૉનનો કંઠ જાણે બેસી ગયો હોયની તેમ ધીમો સ્વર થઈ ગયો.

"બે વર્ષ થયાં હું વાર્તાઓ લખું છું." રૂબીએ કહ્યું: "પહેલા વર્ષમાં ઘણી વેચાઇ ...તી, પણ આ વર્ષે સારી વેચાઈ છે. ચોપાનીઆં ચલાવનારાઓ તાર કરીને પણ વાર્તાઓ ...રી પાસેથી મંગાવે છે. દાખલા તરીકે–તમે તે દિવસે વ્હેલા આવ્યા ત્યારે આ ...ને માટે—, (એ વાર્તા તમે તો કદાચ વાંચી પણ નહિ હોય.) એની અંદર એક ... પત્ર છે, તે લખવામાં રડવાદનો સઘળો વખત રોકાયો હતો. એ વાર્તાથી મ્હારી

સિલિક બરોબર સો પાઉન્ડની થઈ છે. એટલે વ્હાલા ! હવે ત્હમારાથી હવાફેર માટે જવાશે અને ત્હમને ત્હમારા કામના ભારે બોજામાંથી થોડો વખત આરામ મળશે." • ·

"શું એ બધું મ્હારે હવાફેરને માટે બહારગામ જવા ખાતરજ ત્હેં કર્યું ?"

"હા ! વ્હાલા ! તમારેજ બહારગામ જવાને; અને હું પણ તમારી સાથે તમારી દાસી તરીકે આવીશ. તમારે શા માટે મ્હારા જેવી એ બદાગની દાસીને ખાતર આટલું હદ બહાર સુધી મરી મરીને કામ કરવું જોઇએ ને તબિયત બગાડવી જોઈએ ?" આટલું કહીને તે અટકી. કહેવાની જરૂર નથી કે જૉને પ્રિય પત્નીનાં આ વચનોને ઉજ્જાતા હદયના પૂરથી વધાવી લીધાં, જ્યારે તેઓ કાંઇક શાન્ત થયો ત્હારે રૂબીએ પાછી પતિના ચરણ આગળની પોતાની માનીતી બેઠક લીધી.

"વ્હાલા જૉન !" ભવિષ્યમાં મ્હારે ઘરનો ખર્ચ તમારી પાસે રખાવવો છે."

"એમ કરવાનું કાંઈ કારણ ?"

"કારણ એજ કે–તમે પૈસા વાપરવામાં ઘણા હોંશીઆર છો. હું ધારૂં છું કે સ્વિટ્ઝર્લેંડ તથા ઈટાલી જવાના ખર્ચ સિવાયજ એકલા પેરિસના એક સો પાઉન્ડ થાય."

"ત્હારા હાથ ધર." તેણે રૂબીના ચાળા પાડતાં કહ્યું.

"આતો મ્હેં આપી હતી તેજ નોટ છે. હું એના નંબર જાણું છું. એનો અર્થ શો ?"

પછી જૉને રૂબીને પોતાના હાથમાં લઇને સઘળી હકીકત કહી.

તેનો સર્વોત્તમ લેખ.

(ઇંગ્રેજી ઉપરથી)

લેખકઃ બ્હેન "લહરી"—વડોદરા.

ફીલીપ માર્ટનને પૂરા પચ્ચીસ વર્ષ નહોતાં થયાં. એટલામાં તેણે સુન્દર કાવ્યો, ન્હાની વાર્તાઓ વગેરે લેખો રચવા માંડયા હતા. આશાજનક ભવિષ્ય ત્હેની સ્હામે હસતું હતું. ત્હેને જગતમાં કોઇ સમ્બન્ધી ન્હોતું. તે કરકસરથી એક ન્હાના મકાનમાં ભાડે રહેતો હતો. ત્હેના સમાગમમાં આવતી બાળાઓમાંની એક સુશીલ, સુંદર બાળા જોડે તે બે ત્રણ વર્ષથી પ્રેમમાં હતો.

ત્હેનું નામ મોલી એન્ડ્રુસ હતું. તે ન્હાનાં બાળકોને સંગીતનું શિક્ષણ આપતી અને ત્હેમાંથી પોતાનું ગુજરાન ચલાવતી હતી.

ફીલીપ જે મકાનમાં ભાડે રહેતો હતો તેજ મકાનમાં એણે એક ઓરડો ભાડે રાખ્યો હતો; ત્યાં તે છોકરાંઓને શિખવતી.

તે માબાપ વિનાની હતી, અને સગાં સમ્બન્ધી પણ તેને કોઈ ન્હોતું. દૂરનાં કોઇક હશે તેઓ તો ત્હેનું અસ્તિત્વ છે કે નહિ તે પણ ભૂલી ગયાં હતાં. ફીલીપ અને મોલીને સ્વાભાવિક રીતે અન્યોન્ય માટે દયા આવતી. દયા એ મિત્રતાનું રૂપ લઈ અન્તે પ્રેમનું સ્વરૂપ લીધું. મોલી પ્રત્યે પોતાનો શુદ્ધ અને દઢ પ્રેમ છે એમ જ્યારે ફીલીપને ખાત્રી થઈ, ત્યારે એક દિવસ મોલી આગળ તેણે પોતાનો પ્રેમ જાહેર કર્યો, અને મોલી તરફથી સંતોષકારક જવાબ મળ્યો, ત્યારે ત્હેમના ઓરડાઓએ એકાએક સ્વર્ગનું રૂપ લીધું હોયની, એમ બન્નેને લાગ્યું.

મોલી જોડે જલદીથી કરી શકાય, તે માટે સખ્ત મ્હેનત કરવા માંડી. નવા ઉત્સાહ અને ઉમંગથી ત્હેણે કાવ્યો, વાર્તાઓ લખવા માંડયાં; અને વળી એક એક નાટકો લખવાનું પણ તેણે શરૂ કરી દીધું હતું. આથી આગેવાન પત્રોમાં ત્હેનું નામ ઝળકી રહેતું ને ત્હેના બદલામાં ન્હાની ન્હાની પૈસાની રકમો આવવા માંડી હતી. થોડા વખતમાં જાણીતા "મેટ્રોપોલીટન" પત્રમાં ત્હેની મ્હોટી ચાલુ વાર્તા પણ શરૂ થઈ.

ફીલીપને માટે તો તે ખરેખરો ખુશાલી ભર્યો દિવસ હતો. પોતાની શરૂ થતી વાર્તાવાળો નવો અંક બ્હાર પડયો, તે દિવસે પોતાની વાર્તા મોલીને મગરૂરીથી વંચાવવા વ્હેલો વ્હેલો તે ઘેર આવ્યો. મોલીએ પણ તેટલીજ મગરૂરીથી વાર્તાના મથાળાપરનું નામ વાંચ્યું.

ત્હેની આ ફત્તેહના બળથી પ્રોત્સાહિત થઇ ફીલીપે એક નવું "ટાઇપરાઇટર" (લખવાનું યંત્ર) લીધું તથા ફીલીપ અને મોલી કંઇ કંઇ સુખ સ્વપ્નાંઓ જોવા લાગ્યાં. પણ અરે! ત્હેમનો આ આનન્દ જલદીજ ઉડી ગયો: પ્રકાશ જતો રહ્યો અને સર્વત્ર અંધકાર પ્રસર્યો!

કેટલાક દિવસથી ફીલીપ જ્યારે દીવે કામ કરતો, ત્યારે ત્હેની આંખોમાં ઝાંખ વળવા લાગી હતી; પણ ત્હેની દરકાર ન કરતાં તેણે પોતાનું કામ ચાલુજ રાખ્યું. ધીમે ધીમે ત્હેની આંખો વધારે નબળી પડતી ગઈ અને અન્તે ત્હેની આંખોનો પ્રકાશ તદ્દન જતો રહ્યો. તેણે આંખના ખાસ ડૉક્ટરો પાસે પોતાની આંખ તપાસાવી; પણ ત્હેને સઘળી બાજુથી નિરાશાજનક જવાબ મળ્યા. માત્ર તેઓ એક આશાનું કિરણ ફીલીપના હૃદયમાં ફેંકતા ગયા અને તે એ હતું કે "ઓપરેશન" (વ્હાડકાપ)થી કદાપિ સારૂં થઈ શકે તો થઇ શકે; એ સિવાય બીજો એકે ઉપાય નથી.

"ઓપરેશન" કરાવ્યું પણ તે નિષ્ફળ નિવડયું. ફીલીપ હવે આશા વિનાનો અંધ હતો!

અત્યારે ફીલીપ માસ્ટર્ન બિચારો અંધ થયો હતો. તે ટેબલ આગળ બેઠો હતો. ત્હેની સ્હામે ખાધા વિનાનું ભોજન પડયુ હતું—શા માટે તેણે ખાવું જોઇએ? જીવન ટકાવી રાખવા? જીવન-અંધકારમય જીવન-ત્હેને શા કામનું હતું?

એટલામાં મોલીનો સ્નેહભર્યો હાથ ત્હેના ખભા પર પડયો. ત્હેના નરમ, સુન્દર હોઠો ફીલીપની તેજહીન આંખોપર દબાયા.

"વ્હાલા ફીલ!" તમારે બદલે હું લખીશ અને મ્હારાથી બનશે એટલી મદદ હું તમને કરીશ. હજી તમે ઘણું કરી શકશો. નિરાશ થવાનું શું કારણ છે?"

"ના, મોલી" ફીલીપે દિલગીરીથી કહ્યું: "મ્હારા જેવા એક આંધળા જોડે ત્હને હું કદીય બાંધી રાખીશ નહિ." મોલીએ પોતાનું માથું ત્હેના ખભાપર ટેકાવ્યું ને બોલી—

"ફીલીપ! આપણે એક બીજાને મદદ ન કરવી જોઇએ? તમારી આંખો ગઈ ને હું તમને ત્યજી દઇશ, એમ એક ક્ષણ પણ તમે માની શકો છો? ના, ના, આથી ઉલટી હું તમને વધારે ચ્હાહશ, મ્હારી આંખો આપણાં બન્નેનું કામ કરશે."

"પ્રભુ ત્હને સુખી રાખે, મોલી!" ફીલીપે કહ્યું: "ત્હારા સિવાય મ્હારે કોઈ નથી. વિશ્વમાં મ્હારૂં સર્વસ્વ તુંજ છે, મ્હારી મોલી!"

"ચાલો, ત્યારે નક્કી થઇ ગયું." મોલી આનન્દથી બોલી ઉઠી, જો કે ત્હેનાં નેત્રોમાં આંસુ ભરાઇ જતાં હતાં. તે ફીલીપ આગળ "ટાઇપ રાઇટર" લઈ આવી "આના પર તમારો હાથ મુકો." મોલીએ કહ્યું: "મ્હને કામ કરતાં શિખવો."

ફીલીપે ધીમે ધીમે ત્હેના પર આંગળાઓ ફેરવવા માંડી. એકાએક તે ચોંક્યો.

"મોલી !" તે હર્ષથી બોલી ઉઠ્યો: "થોડા વખતમાં તો હું મ્હારી મેળેજ આના પર કામ કરી શકીશ. જુદા જુદા અક્ષરોને કાળજીથી મ્હારે ધ્યાનમાં રાખવાના, એજ મ્હારે કરવાનું છે. અને પછી સ્હેલાઇથી લખી શકીશ." ત્હેનો ચ્હેરો વિચારથી-ઉત્સાહથી છવાઇ ગયો. ગમે એટલી મ્હેનતે પણ પોતે સ્વાશ્રયી તો થવુંજ જોઇએ. મોલીએ ત્હેના આ પ્રયત્નમાં ઉમંગથી લાગ લીધો. અક્ષરે અક્ષર ઓળખતાં તે બંને યંત્રપર જોડે હાથ ફેરવવા લાગ્યાં. થોડા વખતમાં મોલીની આંખે જોઈ, ફીલીપ આંગળાંના સ્પર્શથી અક્ષરો ઓળખી શકતો થયો.

દરેક કાગળને યંત્ર પર મુકતાં પહેલાં સંભાળથી તે ગણી રાખતો. લખાયલા કાગળોને પોતાના પગ આગળ રાખેલી ટોપલીમાં નાંખતો. મોલી સાંઝે પોતાના કામથી પરવારી ત્યાં આવતી. લખાયલા લેખોને બરાબર ગોઠવી પત્રકારોને ત્યાં મોકલી દેતી. લેખો સ્વીકારાતા ત્હેના બદલા તરીકે મળતી ફીલીપની ન્હાની રકમો બેન્કમાં એકઠી થઇ મ્હોટી થવા લાગી.

મોલી ત્હેનીજ છે, તો અંધકારમાં પણ ત્હેનું જીવન સુખમય, આનન્દમય થઇ શકશે. ફીલીપ વિચારતો હતો કે બીજા સો પાઉન્ડ ત્હેની પાસે હોય તો તેઓ લગ્ન કરી શકે.

એક દિવસ સાંઝે મોલી ફીલીપ આગળ ઉતાવળથી આવી. ત્હેના હાથમાં "મેટ્રોપોલીટન" પત્રનો નવો અંક હતો. ત્હેમાં એક નવી ખબર છપાઇ હતી. કેટલાક મ્હોટા ટીકાકારોનો મત એવો હતો કે પ્રતિષ્ઠીત વાર્તાઓ, ત્હેમાં ખાસ કરી ન્હાની વાર્તાઓ, લખનારા તરૂણો ન હોતાં મ્હોટી ઉમ્મરના હોય છે. આ પત્રનો તંત્રી એ મત સ્વીકારતો ન્હોતો. પુષ્કળ હોંશીયાર યુવાન લેખકો પડ્યા છે, એમ ત્હેની માન્યતા હતી. પોતાનો મત સાબીત કરવા સત્તાવીસ વર્ષની ઉમ્મર સુધીના લેખકોને કલ્પીત વાર્તા લખવા તેણે આમંત્રણ કર્યું હતું. **સર્વોત્તમ વાર્તાના** લેખકને સો પાઉન્ડનું ઇનામ આપવા કાઢ્યું હતું. હરિફાઇવાળી વાર્તા દસ હજાર શબ્દોથી મ્હોટી હોવી ન જોઇયે. એ આવતા માસની છેલ્લી તારીખ સુધીમાં મોકલવાની હતી.

"મોલી!" મોલી વાંચી રહી ત્યારે ફીલીપ બોલ્યો: "આ સો પાઉન્ડ મેળવવા હું યત્ન કરીશ. અને ધારો કે કદાપિ તે મ્હને મળ્યા તો આપણે લગ્નના સુખી દિવસ ક્યાં ગાળીશું!" મોલીએ સ્નેહથી ત્હેના હાથ પોતાની આંખો પર દાબ્યા અને તેના આ મ્હોટા કામમાં 'પ્રભુ સહાય કરે' એમ ઇચ્છ્યું.

તેજ દિવસથી તેણે ઇનામી વાર્તા માટે કલ્પનાઓ કરવા માંડી. બીજા લેખોનું કામ પડતું મુકી તેણે એક પ્રતિભાપૂર્ણ વાર્તાનું વસ્તુ ગોઠવવા માંડ્યું. દસ બાર વાર્તાના સાર હૃદયમાં ગોઠવી કાઢ્યા, કેટલીક વાર્તાઓ લખી પણ ખરી; પરંતુ એને એ સર્વમાં કંઈ ને કંઇ ન્યૂનતા જણાતી. ઇનામ મેળવવા લાયક તે ન્હોતી.

વાર્તા મોકલવાનો દિવસ પાસે આવતો જતો હતો. બેજ અઠવાડીયાં રહ્યાં, અને પછીથી તો માત્ર એકજ અઠવાડીયું રહ્યું; છતાં હજુ મોકલવા લાયક એકે વાર્તા લખાઈ નહોતી.

ત્રીસમી તારીખ પણ આવી પહોંચી! વાર્તા એકત્રીસમીએ બપોરે બાર વાગતાં સુધીમાં મોકલવીજ જોઇએ. મોડી રાત્રે ફીલીપ સુવા ગયો. લાંબા વિચારો અને કલ્પનાઓ

કરતાં હેનું માથું દુઃખી ગયું હતું. તેણે નકામાં ફાંફાં બહુ માર્યાં હતાં. તે ઉત્તમ વાર્તા લખવાના પ્રયત્નમાં નિષ્ફળ થયો હતો. સો પાઉન્ડ હેનું કેટલું બધું ભલું કરી શક્ત? તેણે કેટલાક કલાકો જાગ્રતાવસ્થામાં કાઢ્યા. પાસેના દેવલમાં તેણે બાર વાગતા સાંભળ્યા-એક વાગ્યો-બે થયા-ત્રણ વાગ્યા, પછી હેને નિદ્રા આવી. વાર્તાનાં ઇનામનાં હેને સ્વપ્નાંઓ આવવા માંડ્યાં. જાણે એક વાર્તા તેણે લખી હરીફાઈમાં મોકલી: હેને ઈનામ મળ્યું. તે મોલી જોડે લગ્ન કરી શક્યો.

ઓચિંતો ફીલીપ જાગી ઉઠયો. હેના ઓરડામાં સૂર્યનાં કીરણો પ્રવેશ્યાં હતાં. હેને તે જોઈ નહોતો શકતો, પણ તે જાણી શક્યો.

હેનું મગજ શાન્ત થયું હતું. સ્વપ્નાવસ્થામાં જે વાર્તા લખાઈ હતી તે જાગ્રતાવસ્થામાં સત્યજ જણાઈ. તે સ્વપ્ન નહોતું. ઇશ્વરી પ્રેરણાજ હતી. તે પથારીમાંથી એકદમ ઉઠી, ઉતાવળો ઉતાવળો પાસેના ઓરડામાં ગયો. અને કાગળનો એક મ્હોટો ચોડો લઈ તે 'ટાઇપરાઇટર' આગળ બેઠો. સ્વપ્નમાં રચાયલી વાર્તા ધીમે ધીમે વધારે સ્પષ્ટ થતી ગઈ. દરેક શબ્દ હેની અંધ આંખો આગળ તરવા લાગ્યો. તેણે આગળ અને આગળ લખ્યાં કર્યું. પહેલાં જુસ્સાથી અને પછી દૃઢતાથી નિયમસર તે આગળ ચાલ્યો. કાગળોના થોકડા હેણે ટોપલીમાં નાંખ્યા. હેનું આત્મત્વ હેમાં ઉતર્યું હતું. આ વાર્તા એ હેનો **સર્વોત્તમ લેખ** હતો.

આ વાર્તા વડે ઇનામ જરૂર મેળવી શકાશે. હેને સંપૂર્ણ શ્રદ્ધા હતી કે આની બરોબર કોઇ પણ વાર્તા લખાશે નહિ. હજી તે આગળ લખતોજ ગયો. અન્તે સંતોષ અને છુટકારાનો શ્વાસ મુકી તે અટક્યો. તેણે છેલ્લો કાગળ ટોપલીમાં નાંખ્યો.

"નવ વાગ્યા, સાહેબ!" હેની નોકર-બાઇએ બારણાં ઠોકી બ્હારથી કહ્યું.

"સારૂં, હું હમણાં આવું છું." ફીલીપે જવાબ દીધો. થોડા વખતમાં હાથ મ્હોં ધોઈ, તે નાસ્તાને માટે તૈયાર થઈ ગયો. અને ખરી ભૂખથી તેણે ખાધું.

"મિસ એન્ડ્રુસને જેમ બને તેમ જલદી અહિં આવવાનું કહી આવ." તેણે સ્ત્રી-નોકરને કહ્યું.

"મોલી! અંદર આવ." તે થોડી વારમાં મોલીને બારણાં ઠોકતાં સાંભળી બોલી ઉઠ્યો. તે અંદર આવી. ફીલીપના હર્ષે ભર્યા અવાજથી તે આશ્ચર્ય પામી.

"મ્હારો ઇનામી લેખ વાંચી જો!" ફીલીપે ટોપલી તરફ હાથ લંબાવી કહ્યું. મોલીએ તે વિખરાયલા કાગળોથી ભરેલી જોઈ. "મોલી! વ્હાલી! અન્તે એક અજાયબ સ્વપ્નની મદદથી હું આ લખી શક્યો છું. એ વિષે પછી હું હને બધું કહીશ. ખરેખર! વાર્તા ...જ સારી લખાઇ છે. તે જરૂર ઈનામ જીતી શકશે. એના કાગળોને બરાબર ગોઠવી ...ી દઇશ?-આપણે વખતસર છીએ. હમણાં દસ વાગ્યા હશે. ચાલ, આપણે "મેટ્રો...ટન" ઓફીસમાં આપી આવીએ. સુભાગ્યે બાર વાગ્યા પહેલાં તો આપણે ત્યાં પહોંચીશું."

"ઓ ફીલ! મ્હને કેટલો આનન્દ થયો છે?" મોલી કાગળોવાળી ટોપલી ટેબલ-ખાલી કરતાં બોલી.

ફીલીપે કાગળોને ટેબલપર પડતા સાંભળ્યા; અને પછી એકાએક મોલીને નિશ્વાસ ...મતાં સાંભળી.

આવનાર મોલી હતી. એક પત્ર તેણે હાથમાં લીધું હતું અને ઉતાવળથી આવી હોય તેમ ત્હેનો શ્વાસ ભરાઇ ગયો હતો.

"અરે, ફીલીપ!" તે શ્વાસ લેતાં બોલી.

"મોલી! શું છે? શું થયું?"

"સાંભળો, ફીલ! સાંભળો," તે બોલીઃ આજે નવો 'મેટ્રો પોલીટન' પત્રનો અંક બહાર પડયો છે.

"હું વાંચું, તે બરાબર સાંભળજે." તેણે અધિપતિની નોંધનું પાનું વાંચવા માંડયું.

"**સો પાઉન્ડની ઈનામની વાર્તાઃ**—કેટલાક લેખકોની માગણીથી હમે પ્રથમ જણાવેલી તારીખ ફેરવી આવતા મહિનાની વીસમી તારીખ રાખી છે. હમે હરીફાઈમાં ઉતરનાર સર્વ લેખકોને જણાવવા રજા લઇએ છીયે કે, વાર્તા મોકલવાનો તે છેલ્લો દિવસ છે."

"મોલી! વ્હાલી! આ બહુ સારા સમાચાર છે," ફીલીપ બોલી ઉઠયો. અને લખેલા કાગળો તરફ તેણે ત્હેનો હાથ લંબાવ્યો. મોલીએ આતુરતાથી તે તરફ જોયું. તરતજ તે ત્યાં ગઈ. બધું પરિપૂર્ણ હતું. કાગળો ગોઠવી તેણે બાંધી લીધા. ત્હેના લેખકને તેણે તે લેખ વાંચી સંભળાવ્યો. વાંચતાં વાંચતાં તે ત્હેના બેહદ વખાણ કરી ઉઠતી હતી.

"ખરે! ઘણીજ સુન્દર વાર્તા છે." વાંચી રહ્યા પછી મોલીએ કહ્યું.

"ખરાબ નથી." ત્હેના લેખકે વિવેકથી સ્મિતહાસ્ય કરતાં જવાબ દીધો.

બીજે દિવસે ફીલીપ અને મોલી પેપરની ઓફીસમાં લેખ પહોંચાડી આવ્યાં.

અન્તે તે ઇંતેજારી ભર્યો પરિણામનો દિવસ આવી પુહોંચ્યો.

મોલી ધડકતે હૃદયે તે પત્રનો અંક ફીલીપ પાસે લાવી. ફીલીપ વિના અંક ખોલવાની ત્હેની હિંમત ચાલી નહિ. તેણે અધિપતિની નોંધ તરફ નજર નાંખી. પહેલાં તો ત્હેની ઉશ્કેરાયલી નજર આગળ અક્ષરો નાચવા લાગ્યા; પણ પછી ફીલીપ માર્ટીનનું નામ મ્હોટે અક્ષરે ત્હેની સમક્ષ લખાયલું દીઠું. ત્હેની વાર્તાની પુષ્કળ પ્રસંશા થઈ હતી, અને છેલ્લા મેલા જાદુઈ શબ્દોનું વાક્ય "એક સો પાઉન્ડનું ઇનામ જીતનાર તે છે." એમ પણ વાંચ્યું."

મોલી આ શુભ સમાચાર ધ્રુજતા અવાજે વાંચતી હતી. ફીલીપે એક ચિત્તથી તે સાંભળ્યા. ત્હેનું વદન આનંદથી ખીલી રહ્યું. તેણે બન્ને હાથ મોલીના ખભાપર મૂક્યા.

જ્યારે તે વાંચી રહી ત્યારે એક ક્ષણ ત્યાં શાન્તિ પસરી રહી.

"મ્હારા પ્રભુ!" તે ઉપકારથી ઉભરાતા અંતઃકરણે બોલી ઉઠયો.

"ઓ ફીલ!" મોલી ધીમેથી બોલીઃ "હું કેટલી સુખી થઈ છું, તે ત્હમે શકશો?"

ફીલીપે ત્હેના નાજુક, સુન્દર હાથ સ્નેહથી દાબ્યા. તે બોલ્યોઃ

"મ્હારી મોલી! આપણે લગ્નના સુખી દિવસો ક્યાં ગાળીશું?"

એક સ્વપ્ન.

લેખક: સૌ. સુવર્ણા.

રાત્રિના દશ વાગ્યા હતા. રાત્રિ અજવાળી હોવાથી ચંદ્રની શિતળ ચંદ્રિકા અને મંદ મંદ મીઠો સુવાસિત પવન હૃદયને આનંદ આપતો હતો. આ સમયે અમે મુંબાઈ હતાં. એક દિવસ રાત્રિએ જમ્યા પછી મ્હારા પતિએ ચોપાટી ઉપર ફરવા જવાનો વિચાર જણાવ્યો. ગાડી જોડાવી અમે ત્યાં ગયાં. પરોપકારી ઓજસ્વી પુત્રને જોઈ પુત્રવત્સલ હૃદય આનંદોર્મિને ઉછાળી રહે, તેમ આ ચરાચર વિશ્વને આનંદ અને આશ્વાસન આપતા ચંદ્રને જોઇ તેનો ઉદધિ પિતા પણ પૂર જોસથી પોતાની અનંત ઉર્મિ ઉછાળી રહ્યો હતો અને અનાહત દિવ્ય નાદ ઘુમવતો હતો. એટલામાં ઉંચે દૂરથી આકાશ પરથી કોઈ દિવ્ય સત્ત્વ નીચે આવતું અમે જોયું. જેમ જેમ એ સત્ત્વ પાસે આવતું ગયું તેમ તેમ એ શુદ્ધ સત્ય અને સાત્વિક મૂર્તિ તરફ અમો અત્યંત આતુરતાથી જોવા લાગ્યાં. થોડી વારમાં તો તે પરમ પવિત્ર સત્ત્વ અમે ઉભાં હતાં ત્યાં છેક સમિપ આવી ઉભું. અમે જાણ્યું કે આ કોઈ મહાપુરૂષ છે, જેથી અમો બન્નેએ એ પૂજ્યતમ મહાત્માને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

થોડી વારમાં એક નાનું નાવડું તણાતું તણાતું ત્યાં આગળ આવી પહોંચ્યું. એ નાવડા સામે આંગળી કરી મહાત્માશ્રીએ મને તેમાં બેસવા કહ્યું. પરંતુ એ એટલું તો અસ્થિર હતું, કે તેમાં બેસતાં આવા દુસ્તર મોજાં ઉછાળતા સાગરની પેલી પાર જવું ખરેખર બહુજ ભયંકર લાગે તે સ્વાભાવિક હતું. મ્હને એ નાવડામાં બેસતાં બહુ બ્હીક પણ લાગવા માંડી. આથી મ્હેં ઘણા આગ્રહથી તેમાં બેસવાની નામરજી જણાવી; છતાં મ્હને બહુ બહુ સમજાવી હાથ ઝાલી મહાત્માએ અંદર બેસાડી અને પોતે પણ સમિપ સ્હામી બાજુએ વિરાજ્યા. અમે બેઠાં અને હોડી ચાલી તેમ તેમ દરિયાનું તોફાન પણ વધ્યું. જોડે મ્હારી બ્હીક પણ વધી. હોડી જેમ જેમ આગળ ચાલી તેમ તેમ મ્હારી ધાસ્તીએ ગંભીર રૂપ પકડવા માંડયું. ભરદરિયામાં હોડી વાંકીચૂકી થઈ '઼઼઼઼આ ડુબી!–આ ડુબી!' થવા માંડી; અને બળાત્કારે હિંમતને વળગી રહેલી હું હવે તદન નાહિંમત થવા માંડી. ગભરાયલે ચ્હેરે ને મુર્જતે શબ્દે મહાત્માશ્રીની કોટે બાઝી હું કહેવા લાગી: "હે પ્રભો! મ્હારે તો નથી આ સમુદ્ર પ્રવાસનો અનુભવ લેવો. અને તમે જે દાખવવા ઇચ્છા રાખતા હો તે જોવાને મ્હારાથી આ સર્વત્ર જળ. જળમય થઈ ગયેલા જગતની પાર આટલી નાની હોડીમાં બેસી જઈ શકાશે નહિ. જેથી હું આપને પગે પડી વિનવું છું કે તમારી આ દીન પુત્રીને હતી ત્યાં પાછી મૂકી આવવા કૃપા કરો." મહાત્મા પોતાનાં મધુર વચનોથી આશ્વાસન આપી કહેવા લાગ્યા. "આમ નાહિંમત થવાનું પ્રયોજન નથી. અને ધારેલું કાર્ય અધવચ પડ્યું મૂકી પાછાં જવું તે પણ ખોટુંજ છે. પાછાં ફરવાથી જો હોડી ડૂબવાની હશે તો તે ડૂબ્યા વિના તો નહિજ રહે! માટે ધૈર્ય રાખી ઈશ્વિર પર અનન્ય શ્રદ્ધા રાખ્યાથીજ સૌ સારાંવાનાં થશે." હું આ મહાત્માશ્રીને સંપૂર્ણ રીતે ઓળખતી હતી, અને મ્હને તેઓશ્રીના શબ્દો પર સંપૂર્ણ વિશ્વાસ હતો. એ પૂજ્યતમ ગુરૂવર્યને મ્હારૂં હૃદય નમતું, નમે છે, ને નમશે: તો પછી એમની ઉત્સાહક વાણીમાં મ્હને શ્રદ્ધા કાં ન હોય? તેમના આ આશ્વાસનથી હું શાન્ત થઇ, અને થોડી વારમાં તો અમે એક સ્થળે આવી પણ પહોંચ્યાં. હું અને મહાત્મા હોડીમાંથી ઉતરી કિનારા પર ઉભાં રહ્યાં.

અમે ઉભાં હતાં ત્યાં એક દશ વર્ષની હસતી રમતી હલેતી બાલિકા, ત્રીસ વર્ષનો એક પુરૂષ, અને પચીસેક વર્ષની એક સ્ત્રી,-એટલાં જણ હતાં. મહાત્માશ્રીએ મ્હને કહ્યુંઃ "અહીં જે થાય તે જોયાં કરવું; અને એ જોવાને માટેજ હને હું લાવ્યો છું." પેલાં લોકો ત્યાં આગળ ફરતાં હતાં, તેમને પૂછવાથી જણાયું કે તેઓ પતિ અને સ્ત્રી દમ્પતી હતાં અને પેલી નાની કલ્લોલની બાલિકા તેમની પુત્રી હતી. નિર્દોષ બિચારી બાળા જમીનપરથી કાંકરા લઈ દરીઆમાં ફેંકતી હતી, અને તેથી દરિઆના પાણીમાં થતાં વમળ જોઇ આનંદ પામતી હતી. બાલિકા આમ નિર્દોષ આનંદ માણતી હતી, ત્યાં તેનાં માતાપિતા કંઈ ગહન વિચાર કરતાં આમતેમ ફરતાં હતાં. ઘડીમાં માંહોમાંહી વાતચિત કરતાં હતાં, તો ઘડીમાં વિચાર ગ્રસ્ત થઇ મૌન ધરતાં હતાં, અને ઘડીમાં કંઇક સુલભ વિચાર સૂઝે સુખપર જરા સ્મિત પણ ફરકાવતાં હતાં. પરંતુ અરે હાય ! થોડી વારમાં તો ત્યાં અમને એક અત્યંત ક્રૂર અને કરૂણ દેખાવ જોવાનો સમય પણ આવી પડયો ! નિર્દોષમૂર્તિ બાલિકાને તેનાં વત્સલ, અરે હાય !-અંધ વાત્સલ્ય ધરાવતાં માતા-પિતાએ બિલકુલ પણ તરતાં શીખવ્યા વિના અનેક મોજાંથી ઉછળી રહેલા રત્નાકરમાં રત્ન શોધાવવા (!) તે બાલિકા ન જાણે તેમ પાછળથી સમુદ્રનાં મોજાં સાથે અથડાવા-પાણીના અનંત પ્રવાહમાં તણાવા-હિંસક જળચરોનો ભોગ થઈ પડવા, ચારે હાથે હડસેલી દીધી ! બાલિકા પડી; તેના અવાજ સાથે બીજાં અનેક માતાપિતા, તેમનાં પ્રિય પુત્ર પુત્રીઓ લઇ દોડતાં દોડતાં આવતાં અમને જણાયાં. અને "વ્હેલું તે પ્હેલું" (!) સ્હમજી તેમનાં પુત્ર પુત્રીઓને સમુદ્રમાં ઝંપલાવવા લાગ્યાં. પ્રથમ જે બાલિકા પડી હતી તે તણાતી તણાતી બેબ્કાકળી સમુદ્રના પાણીપર બાથોડીઆં વડે ફાંફાં મારતી-આશ્રય અર્થે કાંઇક પકડવાને પ્રયત્ન કરતી-દીનવદને "કાઢો ! કાઢો !" નો પુકાર કરતી, સમુદ્રનું ખારૂં પાણી પીતી, થોડી વારમાં શબરૂપ બની ગઇ ! બાલિકાને પાણીમાં વલખાં મારતી જોઇ માતા પિતાનું હૃદય દુઃખથી ફાટી જવા લાગ્યું, કરૂણ સ્વરે વિલાપ કરતાં કરતાં પુત્રીને તે કહેતાં હતાં કે "બ્હેન, ત્હારૂં દુઃખ જોઇ અમારૂં હૃદય કહ્યું કરતું નથી ! અમે શું કરીએ ? અમે તને દરિઆમાંથી કાઢવા અસમર્થ છીએ. અમે તો એમ ધાર્યું હતું કે તને આ રત્નાકરમાંથી જરૂર રત્નજ મળશે. પણ દૈવે કંઇ જૂદુંજ ધાર્યું. અમારો ધર્મ અમે બજાવ્યો (!) તું સુખી થાય વા દુઃખી તે તો ત્હારૂં નસીબ ! ત્હારા દુઃખથી અમારૂં હૃદય કંપે છે, ત્રાસે છેઃ ઢાંક્યા કર્મની વાત કોઇને ખબર પડતી નથી. ભાવિ કોનાથી મિથ્યા થયું છે ? માટે હવે ભાગ્યમાં લખેલું તું ભોગવી લે." (!)

થોડી વારમાં પેલાં સ્ત્રી પુરૂષો આવ્યાં હતાં, તેમનાં પગલાં જોતો જોતો એક વૃદ્ધ પુરૂષ પોતાની બાર વર્ષની બાલાને આંગળીએ વળગાડીને આવતો હતો. પેલાં માણસોનાં પગલાં જ્યાં વળ્યાં હતાં ત્યાં તે પણ વળ્યો. અને પોતાની બાલિકાની પણ એજ દશા કરી! બાળાના પડવાના અવાજ સાથે જે શાન્તિને ધૈર્ય અત્યાર સુધી મ્હેં રાખ્યાં હતાં તે હવે રહી શકયાં નહિ અને ક્રોધ તથા દીનતા ભરેલી નજરે મ્હેં ગુરૂજી સામું જોયું; તો તે મહાત્માની કફની પવનથી ફરફર ઉડતી હતી, જેમાંથી નીકળતો ધીર ગંભીર ધ્વની મ્હારા કાને અથડાયોઃ—

આ હિંદુ લોકનો ચાલ સહુએ માર્ગ એક લેવાનો,
જઇ જતાંની સાથે કૂવે પડી મરવાનો !,"

હું કંઇક બોલવા જતી હતી,-પણ મ્હને મહાત્માએ તેમ કરતાં અટકાવી. વૃદ્ધ હજી ત્યાંજ ઉભો હતો, અને મહાત્માની કફનીમાંથી નીકળતો કરુણ સ્વર તે સાંભળતો હતો. થોડીવારમાં પેલી બાલિકા ડૂબતી તણાતી સમુદ્રનાં મોજાંથી ધકેલાતી પાછી કિનારાપર આવી પડી. બિચારી બાલા હજી જીવતીજ હતી; પરંતુ સમુદ્રનાં પાણી પી પીને તે મૂર્છા-વશ-ચેતનહીન બની ગઈ હતી. તેને ભાન નહોતું કે, હું સમુદ્રમાં છું કે તેની બહાર છું. તેના પિતાએ તેને સચેત કરવાને તેની આસનાવાસના કરવા માંડી અને દુઃખી પુત્રીને જોઇ કરુણ ધ્વની ડોસાના દિલમાંથી નીકળ્યો.

"હું ભૂલ્યો વૃદ્ધ થઇ આજ, ચુકી કીધો ઘાવ, હાય! તુજપર મ્હેં,

"આ દુષ્ટ હિંદુ આચાર ભૂલાવ્યો મુજને."

થોડીવારે પુત્રી શુદ્ધિમાં આવી અને આંખ ઉઘાડી એક ટશે પિતાના સામુ પુત્રી જોઈ રહી. પુત્રીનો મનોભાવ પિતા કળી ગયો અને સાથેજ શોકોદ્‌ગાર નીકળી ગયા.

"તુજ ઉર મ્હેં ખોશી, અરે!-અજાણ્યે ખરે! કટારજ સાહી."

પુત્રી બેઠી થઇ અને બોલી: "પિતાજી! આ ખારા દરિઆનાં ખારાં પાણી પીવાથી હું બહુ હેરાન થઇ ગઇ છું, અને જિંદગીભર પણ એની ખારાશ હૃદયમાંથી જવાની નથી. પિતાજી! એ પાણી એટએટલું તો ખારૂં છે કે મ્હારૂં જિગર પણ ત્હેનાથી ખવાઇ ગયું છે."

પિતાએ કહ્યું: "બ્હેન તારા પાપી પિતાએજ તારી આ દશા કરી છે; પરંતુ હવે એ ક્રૂર નાઇલાજ થઇ ગયો છે.

હવે તો—

"જેમ તેમ દિન કાઢ, પ્રભુપતિ સાથે પુનીત જીવનમાં,
તું કરાવ જગને સ્નાન, સ્નેહ ઝરણામાં."

થોડીવારમાં આ સઘળો દેખાવ અદૃશ્ય થયો; હું અને મહાત્મા એકલાંજ રહ્યાં. એક પછી એક આવા વિચિત્ર કરુણ દેખાવો જોઈ હું તેમને પૂછવા લાગી: "પ્રભો! આ સર્વનો અર્થ શું છે?" મહાત્માશ્રી વધ્યા: "આ સંસારરૂપી સમુદ્ર છે; અને સમુદ્ર છે એમ જાણતાં છતાં, પોતાનાં પ્રિયતમ બાળકોને, અને અંધ આપોઆપ પોતાનાં કુમળાં બાળક પુત્ર પુત્રીને તરતાં શીખવ્યા વિના-સમુદ્ર વિશે જરૂરની માહિતી લેવા દીધા વિના ત્હેમાં ફેંકી દે છે. આપણા લોકની એ દૃઢ બન્ધન નાંખી બેઠેલી એ રૂઢી છે." મ્હેં પૂછ્યું: "આ રૂઢીનો અંત ક્યારે આવશે?" મહાત્માએ શાંત ગંભીર સ્વરે ઉદ્‌ગાર કર્યો કે, "રાત્રી વીતશે અને દિવસ ઉગશે ત્યારે." મ્હેં ફરીથી પૂછ્યું: "હવે રાત્રિના કેટલા પ્રહર રહ્યા છે?" આ પ્રશ્ન સાથેજ જાણે હવામાંથી સંગીત રેલાતું હોયની એમ લાગ્યું:

"નયન ઉઘાડ્યું પેલું ઓજસ્વી નવલ પ્રભાતનું,
"જગત બેરહું વ્હાલાં! જો તેજ ઉતરે તાતનું."

સંગીત વિરમ્યું અને તેની સાથે સ્વપ્ન વાટિકામાં વિહરણ કરતું હૃદય સૂંદેરેવ

રમણી મણિમાલા.

શ્રીમતી શારદાદેવી.

લેખકઃ સૌ. કુમુદ પાદરાકર—પાદરા.

"જેના હૈયાંમાં હેત હોય, જેની આંખમાં શરમ હોય, જેની જીભમાં મીઠાશ હોય, જેના હાથમાં કામ હોય, જેના જીવનમાં ઉચ્ચતા, સરળતા, કોમળતા, જ્ઞાન અને સેવા હોય, તે સ્વર્ગની સુન્દરી છે." પઢિયાર.

"મહાન વિભૂતિઓની જીવનરેખા (life) સમગ્ર વિશ્વનાં હૃદયપટ, કર્તવ્ય, સેવા, પ્રેમ, દયા ને પરોપકારના ઉદાત્ત પાઠોનાં ચોળમજીઠ રંગથી રંગી નાંખે છે." પાદરાકર.

શ્રીમદ્ સ્વામિ રામકૃષ્ણ પરમહંસના પવિત્ર, ઉજ્વલ નામથી, ભારતવર્ષમાં કોણ અજાણ્યુ છે?-જે મહાપુરુષે વિવેકાનંદ સ્વામી જેવી પ્રભુતાપૂર્ણ વિભૂતિ કે જેમનું સમગ્ર ભારત ઋણિ છે ત્હેને પોતાની પાછળ મૂકી હતી. શ્રીમતી ભગવતી શારદાદેવી તે ભગવાન રામકૃષ્ણ પરમહંસનાં પત્નિ થાય. તેમના પિતાનું નામ રામકમલ મુખોપાધ્યાય, અને નિવાસસ્થાન જયરામબાટી હતું. કમરપુકર ગામ ત્યાંથી ફક્ત ચારજ માઈલ દૂર છે, જ્યાં ભગવાન રામકૃષ્ણ જન્મ્યા હતા.

ભગવતીનો વિવાહ ઈ. સ. ૧૮૫૯ માં થયો, તે વખતે સ્વામીજીનું વય ૨૫ વર્ષનું હતું; પરંતુ શારદાદેવીનું વય તો માત્ર ૬ વર્ષનુંજ હતું. આ વખતે શ્રીમદ્ રામકૃષ્ણ ભગવદ્ ભજન, ને દેવદર્શનની ધૂનમાં ચકચુર બની ગયા હતા. તેમને સંસારમાં બાંધી રાખવા માટેજ તેમના વડિલ ભાઇએ આ સુવર્ણ શૃંખલા તેમના પગમાં નાખી હતી.

વિવાહ થયા બાદ બાર વર્ષ સુધી તો આ દંપતી એકમેકના સમાગમમાંજ આવ્યાં નહતાં. શ્રીમતી શારદાદેવી તરુણાવસ્થામાં હવે આવ્યાં હતાં, ત્યારેજ તેમણે જાણ્યું કે તેમનું લગ્ન થયું છે, અને પોતાના પતિ દેહભાન વિસરી કલકત્તાનાં શ્રી દક્ષિણેશ્વરીના મંદિરમાં રાત્રદિવસ પ્રભુ ભજનમાં લીન રહે છે. હવે તેમની ઉંમર અઢાર વર્ષની થઈ હતી, અને પતિ પત્નિનો સંબંધ શો? લગ્ન એટલે શું? પત્નિનું કર્તવ્ય શું? હિંદુ સ્ત્રીનો ધર્મ શો? વિગેરે બાબતો તેમને હવે સમજાવા લાગી હતી, ને તે પર તેમને વિચારો પણ ઘણા થતા હતા. હવે પોતાને સર્વકાળ પિયેરમાં રહેવું એ અયોગ્ય છે, પોતાનો નિવાસ પતીની બાજુમાંજ હોવો જોઇએ, એ વિચાર તેમના મગજમાં ઘોળાવા લાગ્યા. પોતાના પતિ કેવા હશે? અને પોતે કેવળ બાલિકા હતી તે વખતે માબાપે જેમની સાથે પોતાની જીવન દોરી બાંધી હતી તે મૂર્તિ એકવાર જાતે નજરે જોવી તો ખરીજ, એવો વિચાર કરીને એક દિવસે શ્રીમતી શારદાદેવી કલકત્તે જવા માટે પોતાની માતુઃશ્રીની આજ્ઞા લેવાને ગયાં. પણ ગમે તેટલું કરો તોપણ મા તે માજ કેની! તેનું હૃદય પોતાની પુત્રીને નારાજ કરી શક્યું નહિ, પણ શારદા તરુણ છોકરી, તે એકલી કલકત્તે શી રીતેજ જશે? અને તેનું ત્યાં શું થશે? વિગેરે વિચારો આવતાં તેનાથી 'જા' એમ એકદમ કહી શકાયું નહિ. પરન્તુ કન્યાના દૃઢ નિશ્ચય ને પતિ પરતી દૃઢ નિષ્ઠાએ, માતાનું હૃદય પીગળાવ્યું ને તેની આજ્ઞા ને આશિર્વાદ

લઇને આ બાળકન્યા પતિ પાસે જવા નીકળી ને કેટલોક સમય વિત્યાબાદ પતિ ચરણમાં સુખરૂપ આવી પહોંચી.

આ પતિ–પત્નીનો મેળાપ થયો તે વખતનું વર્ણન કઈ કલમ યથાર્થ કરી શકે? સમાધિવાળી સ્થિતિમાં પ્રકૃતી પુરૂષની ભેટ થાય છે તે વખતનો આનંદાનુભવ કોણ વર્ણવી શકશે? પોતાના પ્રાણેશ્વરની તે વૈરાગ્યપૂર્ણ દશા, ભક્તિરસ ભરિત અને બ્રહ્મતાનૈશ્વર્ય પૂર્ણ સૌમ્યમુદ્રા જોતાંજ–નિહાળીને શારદાદેવી આનંદ સાગરમાં ડુબકાં ખાવા લાગ્યાં. તે મૂર્તિ જોતાંજ દેવી ક્ષણભર તટસ્થ બની જઇને સમાધિ સુખનો અનુભવ લેવા લાગ્યાં અને એકાએક પ્રેમોન્માદમાં આવી જઇને, પતિભક્તિથી દેહભાન વિસરી જઇને તે પતિચરણમાં લોટવા લાગ્યાં. પતિચરણ પોતાના હાથે મજબુત પકડીને, તેનાપર શિર નમાવીને આનંદાશ્રુથી પતિચરણ ન્હવરાવવા લાગ્યાં. તેમનો કંઠ ગદ્ગદીત થઇ ગયો; એક શબ્દ પણ બોલાય નહિ, તોપણ પોતાની પતિભક્તિ, પતિપરની દ્દઢ શ્રદ્ધા, તેણે પોતાની કૃતીથીજ વ્યક્ત કરી. આજ દેવીના આનંદની પરમાવધી થઇ હતી, આજ તેમને અષ્ટસિદ્ધિ અને નવે નિધિ સાક્ષાત્ આવી મળ્યા હતા એમ ભાસતું હતું. જે ચરણનું તે આજ કેટલાંક વર્ષ થયાં સતત ધ્યાન ધર્યા કરતાં હતાં, જે મૂર્તિનું આજ કેટલાંક વર્ષ થયાં કલ્પનાથીજ પોતાના હૃદયપટ પર ચિત્ર ધેર્યા કરતાં હતાં, તે મૂર્તિ આજ પ્રત્યક્ષ પોતાના નેત્રોથી જુવે છે, તે ચરણ આજ પોતાના હાથમાં પકડીને તે પર પોતાનું શિર મુકી શક્યાં છે, તેના પર નેત્રાશ્રુથી અભિષેક કરવાનો આનંદ પોતાને પ્રાપ્ત થયો છેઃ આવી સ્થિતિ જોતાંજ અરે! સાક્ષાત અનુભવતાં દેવીને પરમાલ્હાદ થાય તેમાં શી નવાઈ?

અહીં ભગવાનની પોતાની પણ તેવીજ સ્થિતિ હતી. તેમની વયનાં સાડત્રીસ વર્ષ થયાં હતાં. પોતાનું લગ્ન થયું છે એ તો તેમના સ્મરણમાં હતું નહિ. પોતાના ઈષ્ટદેવના આરાધનમાં, તેમના ભજન ચિંતનમાં, પ્રભુની સાથે એકતાન થવામાં તે એટલા બધા તલ્લીન બની ગયા હતા કે તેમને પોતાની પણ શુદ્ધિ રહી નહોતી. પોતે પોતાપણું વીસરી પ્રભુમય બની ગયા હતા, તોપછી તેમને લગ્ન–સ્ત્રી કે સંસાર તેમનો સ્પર્ષ પણ ક્યાંથી કરી શકે? પોતે ગૃહસ્થાશ્રમી છે, પોતાનો આશ્રમ ધર્મ પોતાને પાળવાનો છે, પોતે એક ભારતી વનિતાના સ્વામી છે, પતિ ધર્મનું પાલન પોતે કર્યું નથી, ઇત્યાદિ વિચારોને, તેમના વિશ્વવ્યાપી હૃદયમાં, તેમના અનન્ય ભક્તિરસ પૂર્ણ અંતઃકરણમાં, કયે ખૂણે જગ્યા મળી હશે, અગર તે વિચારો બીલકુલ હદપાર થયા હશે? તેનો પત્તો લાગવો કઠિન હતો. વિવાહ પછીનાં બાર વર્ષ ભગવાને અતિ ઉગ્ર તપશ્ચર્યામાં ગાળ્યાં હતાં. પોતાનું દેહભાન વિસરી તે ભક્ત બન્યા હતા. આવા પ્રસંગે દેવીનું અનઅપેક્ષિત આગમન, અને 'પતિ'–'સ્વામિન' કહીને પોતાના ચરણનું કરાતું અવલંબન ભગવાનને પ્રથમ તો સમજાયુંજ નહિ; પણ પછી હેમને જ્યારે પોતાના લગ્નનું સ્મરણ થયું, ત્યારે તેમનાં નેત્રોમાંથી પણ ખળખળ અશ્રુ વહેવા લાગ્યાં. અરે! તમની સ્થિતિ પણ ભગવતિના જેવીજ દીન બની રહી.

થોડા વખતમાં ભગવાને દેવીને પોતાની સર્વ જીવન ચર્ચા–અરે, પોતાની મનઃસૃષ્ટિનું સર્વ સંચરણ નિવેદન કર્યું. સ્ત્રી માત્ર તરફ પોતાના હૃદયનો માતૃ ભાવ કેવો દ્દઢ છે, અને પોતે પુરૂષ–ગૃહસ્થાશ્રમી–છે એ કલ્પના પોતાના મનોવર્તુલમાંથી ભુસાઇ જવાથી, દેવીનો પતિ તરીકે સ્વિકાર થવો કેટલો કઠણ છે, એ વિગેરે બાબતના ભગવાને ખુલાસા દેવીને કર્યા. છેવટે છેલ્લે પાટલે બેસી ભગવાને એટલે સુધી પણ કહ્યું કે–" હજી પણ જો દેવીનો

આગ્રહજ હોય-મને આ ભક્તિના ઉન્નત ગિરિશૃંગપરથી ગબડાવી પાડવો હોય, તો આજ સુધીની પોતાની તપશ્ચર્યા પર પાણી ફેરવીને, પ્રભુને દૂર કાઢી મુકીને પણ પતિધર્મનું પરિપાલન કરવા હું તૈયાર છું. કારણ તે મારી ફરજ છે.-મારૂં સકળ ધર્મ સર્વસ્વ દેવીના હાથમાં છે. **મને પ્રભુ ચરણમાં જવા દેવો કે ઘોર નરકમાં ડુબાડી દેવો, એ દેવી! તમારા હાથમાંજ છે."**

ભગવતીએ પોતાના પ્રાણેશ્વરની આ અશ્રુપૂર્ણ વાણી સાંભળતાંજ તેમના હૃદયમાં એકદમ તિવ્ર આત્મજ્ઞાનનો પ્રકાશ પ્રકટી નીકળ્યો. પોતાના સ્વામિની તે તેજપુંજ મૂર્તિ, તપશ્ચર્યાનું ઐશ્વર્ય, ભક્તિપૂર્ણ કાંતિ, તથા વિરાગ સૌંદર્ય, એ બધાનું પોતાનાં નેત્રદ્વારા જાણે પાનજ કરવા માંડ્યું હોયની એમ ત્હેમને લાગ્યું. પતિ ચરણનું ફરીથી વંદન કરીને, ખુલ્લા હૃદયથી, આનંદપૂર્ણ વાણીથી, પ્રેમપૂર્ણ ચિત્તવૃત્તિથી, દેવીએ ભગવાનના ચરણમાં વિનંતિ કરી—"ભગવાન! પ્રભુને આપે 'પોતાના' કરી લીધા છે, આપ પ્રભુસેવામાં લીન-તદાકાર થઈ ગયા છો, આપનાં તન, મન, ધન સર્વસ્વ ભક્તિમાંજ અર્પાઈ ગયાં છે. આ નશ્વર જગતનો નાશ કરીને-અલૌકિક પરબ્રહ્મ સુખનો આસ્વાદ આપ ચાખી રહ્યા છો. આવા દિવ્ય આનંદમાંથી, આવા અલૌકિક સૌખ્યમાંથી, આવી અપૂર્વ શાંતિમાંથી આપને બહાર ખેંચી કાઢવાનું મહત્પાપ આ અભાગિનીને હાથે કદી પણ નહિ થાય, તેની ભગવાને ખાત્રી રાખવી. આપે આવા દિવ્ય બ્રહ્માનંદ શિખરપરથી નીચે ઉતરવા કરતાં, ભગવાન! આપે પોતાનો વરદ હસ્ત, આ દીન અબળાને શિરપર મુકીને, આ નશ્વર, કલ્પનાપૂર્ણ, માયા વેષ્ટિત જગતમાંથી પોતાનો છુટકો કરી લેવા સમર્થ કરવા દયા કરવી, ને ધીમે ધીમે આ ઐહિક પંકમાંથી નીકળીને જે ઉન્નત શિખરપર સ્વામિ આરૂઢ થયા છે, તે શિખર તરફ જવાનો માર્ગ બતાવવાની કરુણા સ્વામી કરશે-એટલે આ દીનદાસી પણ સ્વામિકૃપાથી તે માર્ગે આક્રમણ કરશે. સ્વામી ચરણ પાસે એકજ માગણું છે-કે સ્વામીએ દાસીને પોતાની પટ્ટશિષ્યા સમજીને ઉપદેશ કરવો, પોતાની આજ્ઞાધારક સેવિકા સમજી સેવા સ્વિકારવી, પોતાનો પડછાયો ગણી તેને પોતાની પાસે રાખવી, અને આપના ભક્તિ શુદ્ધ દેહની સેવા, આપના વૈરાગ્ય પૂર્ણ મનની સંગતી, અને આપના અમૃત વચનનું પાન દાસીને નિરંતર કરવા દેવું. **નાથ!** દાસીને આપના પતિતપાવન ચરણોમાંથી દૂર ન હાંકી કાઢતાં-સેવામાં રાખવા દયા કરવી. એજ. એ માંગણું છે."

બસ. આજથી ભગવતી-દેવી શારદા-નિરંતર ભગવાન રામકૃષ્ણજીની પાસે રહીને, અનન્ય ભક્તિથી, પોતાના ઇષ્ટદેવની આરાધના કરવા લાગ્યાં. ભગવાન પણ પત્નીમાં પોતાપણું વિસરી પ્રભુ ચરણમાં નિમગ્ન થયા: આ પ્રમાણે ભગવતી-ભગવાન (સ્વામિ)માં અને ભગવાન-પ્રભુ સેવામાં તલ્લીન બની ગયાં.

અહા! કેવાં દિવ્ય વૈરાગ્ય, ત્યાગ, શ્રદ્ધા, ભક્તિ, ને આત્મ સંયમન! ભ્રમરીની સોબતથી કીટ પણ ભ્રમરપણું પામે, તે ન્યાયે એક સાધારણ સ્ત્રી-ભગવાનની સોબતમાં ભગવતી બની ગયાં. સત્સંગ શું નથી કરતો! એવા અલૌકિક ત્યાગમય વૈરાગ્યને કોટી કોટી નમન.

આવી રીતે આ વિલક્ષણ, દૈવી, પરમપુજ્ય દંપતીએ પંદર વર્ષ ગાળ્યાં. ઐહિક રીતે જેમનો સંબંધ પતિ-પત્નીનો હતો, તે તેમની આધ્યાત્મિક વૃત્તિઓથી, તેમના શુદ્ધાચારથી, ને તેમની પારમાર્થિક પ્રગતિથી, ગુરૂ શિષ્યાનો-સ્વામિ સેવકનો સંબંધ બની રહ્યો. આવું તે પ્રકૃતી પુરૂષનું દર્શન આપતું જોડલું પોતાનો સર્વકાળ પ્રભુના ભજન, સેવન, પૂજન, અને

મૈનનમાં વ્યતીત કરવા લાગ્યું. તેમના સ્વાનુભવના આનંદનું વર્ણન કરવું, તે સમાધિ સ્થિતિમાં થયેલા અનુભવ ભાગ્યા તુટયા શબ્દોમાં દર્શાવવા, કિંવા વિશાળ સમુદ્રની કલ્પના એક ખાબોચીઆથી કરી બતાવવા સરખુંજ અશક્ય લાગે છે.

આ અપૂર્વ યોગને પંદર વર્ષ વીતી જવા બાદ સં. ૧૮૮૯ માં ભગવાન રામકૃષ્ણ પરમહંસ એમણે પોતાના પટ્ટશિષ્ય-નરેન્દ્રનાથ દત્ત-એટલે સ્વામિ વિવેકાનંદ, એમને પોતાનો બધો ભાર સોંપી દીધો; ને પોતાનું અવતાર કાર્ય પૂર્ણ થયું એમ જાણીને પોતે અનંતકાળની સમાધિમાં પ્રવેશ કર્યો. ભારતવર્ષના આકાશમાં સૌમ્ય પ્રકાશ રેલાવતો-મોટો તારલો ખરી પડયો-વિશ્વના વિશાળ બગિચાના બટમોગરાની ભક્તિ સુવાસે મઘમઘતું એક અલૌકિક પુષ્પ ખરી પડયું. ભારતવર્ષનો જ્ઞાનદિપક બુઝાઈ ગયો.

શ્રીમતી દેવી પર તો આજે આકાશજ તુટી પડયું હતું. પણ તેમના પૂર્વ પુણ્યોદયે તેમણે સ્વામિના સહવાસમાં પંદર વર્ષ ગાળ્યાં હતાં, એટલે સ્વામિ સ્થૂલદેહ ત્યાગી ગયા છે, પણ સૂક્ષ્મ દેહે તો તેઓ પોતાની પાસેજ-હૃદયમાંજ છે એમ તેઓની ખાત્રી હતી. માટે આપણે આ જડ દેહની શૃંખલા કર્માનુસાર જેટલા દીવસ ધારણ કરવાની હશે, તેટલો વખત શાંત વૃત્તિથી સ્વામિ સ્વરૂપનું ધ્યાન, પૂજન, અર્ચન, કરવું યોગ્ય છે, એ સદ્વિવેકે તુરત તેમના હૃદયમાં જગ્યા લીધી, અને વ્યર્થ શોકનો ત્યાગ કર્યો. હવે તેમણે પતિ ચિન્તનમાંજ પોતાનો કાળ વ્યતીત કરવા શરૂ કર્યું.

પતિવિરહિત સ્થિતિમાં પણ દેવીએ ભગવાન પાસેથી મેળવેલો અપૂર્વ જ્ઞાનાભ્યાસ-અપૂર્વ મનોનિગ્રહ, પ્રભુમાં તદાકારપણું, ને સર્વત્યાગનો સ્વીકાર કર્યો હતો, તે વડે આખરે જે ઉચ્ચ ગિરિશૃંગપર ભગવાન સિધાવ્યા હતા, તેજ શૃંગપર પહોંચવાનો રસ્તો સાધ્ય થયો. અન્તે પ્રભુ ચરણમાં શ્રીમતી શારદાદેવી પણ સિધાવ્યાં.

ધન્ય છે એવી પતિપરાયણા-પતિભક્ત, પ્રીતિ શ્રદ્ધાળુ, દેવીઓને! અમારા ભારતવર્ષમાં એવી દેવીઓ અનેક અનેક ઉત્પન્ન થાઓ, એ ઇચ્છા અને પ્રાર્થના છે.

નશીબ:—

(માલીની).

ગગન મહીં વીહારી દુખને દુરકારી,
દશ શત કીરણોથી જે પ્રકાશિત ભારી;
શશિ પણ વિધિ યોગે રાહુને મુખ જાયે,
કરમ અહીં લખેલું નાજ ભુંસી શકાયે.

મોહ:—

(વસંતતીલકા.)

ઉગે રવી પ્રતિ દિને વળી આથમે છે,
ઉદ્યોગમાં વખત એમ જતો રહે છે;
આવે જરા સમીપ, ના ભીતી મૃત્યુ વિષે,
ગાંડું બને જગત મોહ સુરા પીતાંરે !

काव्य कुंज.

સરસ્વતી સ્તુતિ.

લેખક: સ્વ. સૌ. છનુબ્હેન ગોપાળશંકર—અમદાવાદ.

(વાહરે લાલા, મોહન બંસીવાલા—એ રાહ).

ઓ ! વીણા–પુસ્તક ધારી, અખીલ વિશ્વે વસનારી,
મોરનૂં વાહન કરીને:—ઓ ! વીણા૦

જોઈ જોઈ અનન્ય મુજ ભક્તિ, મુજ ભક્તિ:
અર્પોને તમારી દિવ્ય શક્તિ, દિવ્ય શક્તિ:
અર્પોને દિવ્ય શક્તિ, શબ્દોની કરવા જુક્તી (૨).
જીહ્વાએ વસો મારી: મોરનૂં–ઓ ! વીણા૦

પ્રસાદી પૂરણ પામે (૨), જગમાં જસ તેનો જામે (૨);
પૂજાએ ઠામોઠામે (૨), થાયે સઘળૂં તમ નામે (૨),
ગુણ જ્ઞાતા, ફળ દાતા, સુખ શાતા, જગમાતા !
જીહ્વાએ વસો મારી: મોરનૂં–ઓ ! વીણા૦

તુળસી કયારે.

લેખક:—સૌ. "મંજરી."–પોરબંદર.

અંબાડ ઉર સમી ઉતર્યાં, પ્રાતઃ પ્રભા પ્રગટી જતાં,
આંગણ ઉગ્યું તુળસીતરૂ, જળ ઝારી લઇ ત્યાં સીંચતાં.
કરકમળ લઈ ઓવારણાં, આનંદ ઉરમાં રેલીયા;
લીલાં કુંઝર કરી સેવીયાં, રસ હૃદયનાં સૌ પીપીયાં.
વાડી વ્હાલપથી વાળતાં, સ્નેહ સુખ સુધા સોસીયાં;
પરાગ પુષ્પ પ્રસારતાં, સુન્દર સમાજે સુવાસીયા.
મંગળ કર્યાં ત્યાં માંડલાં, તો- માનથી મલકાવીયાં,
કુંમકુંમ અખીલ ગુલાલથી, રંગી હૃદયને રમાડીયાં.
નીદી નિર્મળ કર્યો ક્યારડો, દુઃખ દીલનાં સૌ ડુબીયાં;
અક્ષત ચોખા ચડાવતાં, અક્ષય સૌભાગ્ય સંભાળીયાં.
પ્રેમે પાવન થઈ પૂજતાં, દઇ પ્રેમ જ્યોતિ જગાવતાં;
અહો ! પ્રભુ પ્યારા ! આરાધતાં, હતી જીવન ઉજ્જવાળ
આશા કરી તમ આશની, નિષ્કામ પ્રેમ વધારીયા,
કહો તુળસી ! છે ત્હારી, એમ મંજરી મન માનતાં.

એક કળીને.

લેખકઃ—સૌ. મંગલા-વડોદરા.

(સોહિણીની ગઝલ.)

અયિ પુષ્પકળી ! તું કુમળી, મૃદુતાભરી શું ઝળકતી,
સુંદર, સુરમ્ય, મનોહરી ! વળી વૃક્ષપર શું શોભતી;

સુખકર, સુવાસિત લહરી ત્હારી, સર્વને તું આપતી,
દુઃખી બનેલાં જીગરને, હૃદયે તું શાંતિ સ્થાપતી.

કાંઇ પ્રવાસીના અતિ શ્રમને, અહા ! વિસરાવતી,
શ્રમ હરીને સર્વાંગમાં, આનંદ તું પ્રસરાવતી;

કેવી કળી સુંદર ? અરે તું હર્ષમાં ખીલી રહી,
વાયુ તણી મીઠી લહરીને, પ્રેમથી ઝીલી રહી.

પણ બ્હેન ! ત્હારો હર્ષ સઘળો, હૃદય માંહિ શમી જશે,
જે સમય આવી, કાળ તુજને રે ! ખીલતી ચુંટશે;

ડરતી નહિ તું ઉરમાંહે, ભાવિ મિથ્યા નહિ થશે,
નહિ અમર કોઇ વિશ્વમાંહિ, જન્મ્યું તે નક્કી જશે !

નહિ વ્હાલી ! તું દિલગીર થતી, પ્રફુલ્લ તો થાતી જજે;
આનંદમાં ખીલજે સદા, વિશ્વાસ પ્રભુમાં રાખજે.

વિયોગી સખીને પત્ર.

લેખકઃ—સૌ. કમળા.-મુંબાઈ.

(વૈદર્ભી વનમાં વલવલે.—એ રાહ.)

સુગુણ સુરૂપ સુમંગલા, સુસ્વર તારૂં ગાન,
ગુણ સ્મરતાં સ્તબ્ધ થઇ રહૂં; વૃત્તિ ભુલે છે ભાનઃ—સુગુણ૦

તુજ સ્નેહ, બ્હેની ! અપાર છે, વર્ણન તેનું ન થાય,
કવિવર પણ થાકી જશે, તો શું મુજથી કથાય ?—સુગુણ૦

ઉજ્વળ તારા પ્રેમનો, અંતર્ વિશુદ્ધ પ્રવાહ;
વહે નિરંતર બ્હેનડી ! પ્રકટે આત્મ સુવાસ.—સુગુણ૦

નિર્મળ પ્રેમને ચાખતાં, ટળશે સઘળાં દુઃખ,
બહિરંતર પછી પ્રકટશે, જ્યાં ત્યાં સુખજ સુખ !—સુગુણ૦

કદી કદી બ્હેની કહ્યાં હશે, કંઇ કંઇ કઠોર વચન,
આનન્દમાં કે ભૂલથી, લહીશ જરી તું ન મન.—સુગુણ૦

કમળ ખીલે પ્રિય આશ્રયે, એવો તારો સંબંધ,
તુજ વિયોગે હું, બ્હેનડી ! કેમ માનું આનંદ ?—સુગુણ૦

વ્હાલી ! તું વ્હેલી વધાવજે, પત્ર પુષ્પે હમેશ;
તારી સખી, વાટ જોઈ રહી, આતુર થઈ નિમેષ.—સુગુણ૦

પ્રભુ ! તને દીર્ઘાયુષ્ય દીયો, બ્હેની ! મારી આશિષ,
સંપત્તિ, સંતતી આપજો, માગું નામી શીષ.—સુગુણ૦

પ્રેમ ઘેલી.

લેખક:—બ્હેન શાન્તિદા.

ઘેલાં થયાં ઘનસ્યામ !—અમે તો ઘેલાં થયાં, ઘનસ્યામ
પ્રેમે પૂજીશું શ્યામ,—અમે તો૦
નામ ભુલું ન આડે જામ,—અમે તો૦
અર્પુ તન મન ધન તમામ.—અમે તો૦
રહી તુજ હાથ મુજ લગામ,—અમે તો૦
આવો સુખે મુજ ધામ.—અમે તો૦
મારા અંતરના આરામ !—અમે તો૦
મુજ પ્રીતિનું સ્થાન,—અમે તો૦
વ્હાલે વધાવું રામ !—અમે તો૦

બાલ વિધવા.

લેખક:—"સો. બ—"-મુબાઇ.

(ઓખાહરણનો રાગ.)

" ભૂપ બાલુડાં રમતાં બહૂ, નદી તટ પર ભમતાં સહૂ;
" ધેનુ નિર્દોષ અહિં તહિં ફરે, મૃદુ ઘાસ લીલું તે ચરે.
" નહિં એને વિપત્તિ તણો, કંઇ ભાસ હૃદયમાં જણાતો,"
" ત્યારે પાપ મ્હારાં કો ભવનાં ? દિલડુ શાન્તિ ધરતું ના.
" શશિ નિરખી ન ઠંડક વળે, અગ્નિ સમ ઉર ઉલટું બળે !
" બહુ એવું લવે દીન બાલા, "પ્રભુજી ! શું થયા ક્રૂર આવા ? "

(શાર્દૂલ)

દેખીને દૂરથીજ ખિન્ન વદને, આવી ત્રિચે ઓસરી,
માતાના ઉરમાં અનેકવિધ, હા ! ભીતિ ભરાઈ ત્યહાં,
દોડી આવી, દબાવી છાતી સહ, પૂછે વહાલે કરી,
" મ્હારી મીઠડી ! કેમ તુ દુઃખી દીસે ?—સાચું કહે બાલુડી !

(અનુષ્ટુપ)

પુત્રી ત્યાં શું કહે માને ?—દર્દ શું તે ન જાણતી ?
માતના અંકમાં માથું, મૂકી બાલા રડી પડી !
ખેદાતા ચિત્તથી માતા, આશ્વાસે ભાગ્યહીન તે.
બાલિકા—વિધવા પુત્રી "રાખ શ્રદ્ધા પ્રભુ પરે."

જીવન મિત્રો.

લેખક:—બ્હેન "લહરી"—સુરત

(દ્રુતવિલમ્બિત)

પ્રીતિ ગુણે દ્રઢ ગુંથન ગુંથીને,
હૃદય બે અમ એક ગુંથી દીધું;
કરગ્રહિ કર લૈ જગમાં રમ્યાં,
જીવન બે પણ એક ગુંથી કર્યું.

હૃદય ગુંથણી શી સુખદા બની ?
જીવન ગુંથણી સુન્દરે શોભતી;
સુખદ સ્વપ્ન ગયું ક્ષણમાં ઉડી,
યમદૂતે હતું તે હતું ના કર્યું !

દુઃખદ તે દિનથી ત્હમને સખે !
જીવનમિત્ર ગણ્યાં મમ પુસ્તકો !
નિરખતાં ત્હમને ઉર ઉછળે,
હરખ અશ્રુ વહે મુજ નેનથી.

પ્રિયજનો ઉર સ્નેહ ધરે ઘણો,
નયન અશ્રુ વહે મુજ માટ તો;
તદપિ પાસ રહી ન શકે સદા,
નિજકુળે નિજધર્મ બજાવતાં.

દુઃખ તિમિર કદી ઉર વ્યાપતું,
હૃદય આશ વિલુપ્ત થતી કદી;
નયનથી દુઃખ અશ્રુ વહી જતાં,
મુઝવણો અતિ આ ચિત્તને દમે.

સમય તે ત્હમને કરમાં ગ્રહું,—
ચિત પરોવું તુંમાં, પ્રિય પુસ્તકો !
તિમિરનું દળ ઉરથી ફેડતાં,
હૃદય આશ ત્હમે ઝળકાવતાં.

મૂંક છતાં ઉર સાત્વન દો ત્હમે,
કર વિના મુજ અશ્રુ લુવો ત્હમે;
કદી કદી પ્રભુ ગાન સુણાવતાં,
અમીરસે ઉરને ન્હવરાવતાં.

નીતિ સુપાઠ કદીય પઢાવતાં,
અશુભ પથ જતાં અટકાવતાં;
અધમ સ્વાર્થ ત્હમેજ ત્યજાવતાં,
મનુજ ધર્મ ત્હમે શિખવાડતાં.

પ્રીતિ પૂરે ઉરને છલકાવતાં,
હૃદય સદ્‌ગુણ બીજ ખીલાવતાં;
હૃદય ધ્વાન્ત ત્હમેજ નિવારતાં,
વિમલ સત્ય સુમાર્ગ બતાવતાં.

નહિ ભૂલું ઉપકાર કીધા ત્હમે,
ત્યજીશ ના ત્હમને જીવું ત્યાં સુધી;
લઇ શકે નહિ કો મુજ પાસથી,
યમદૂતે ત્હમને હરી ના શકે !

વિલય દેહ તણો મુજ જો થશે,
તમ પ્રસાદી રહે મુજ આત્મમાં.

લોભ:—

(શાર્દૂલવિક્રીડિત)

કીધા દેશ અનેક જેઇ વળીઓ તોયે કંઇ ના વળ્યું,
જાતીનું અભિમાન મુકી કરી મેં સેવા ન તોએ ફળ્યું;
ખાધું માન વિના પરાધીનપણે રે કાગ પેઠે સહી,
પાપી લોભ! શું બાકી છે (નશીબમાં)? સંતોષ થાતો નથી !

—સૌ. "ચારૂ."

પ્રિયતમને સંદેશ.

લેખકઃ બ્હેન "સન્ધ્યા."—વડોદરા.

(ઓધવજી સંદેશો—વિ. નો રાગ).

કાસદ મુજ થા, પ્રિય પારેવા! આજ તું,
સંદેશો લઈ જા તું પ્રિયતમ પાસજો;
મિત્ર ગણી સોંપુ હું તુજને કામ એ,
જઈ કહેજે આ મુજ ઉરના ઉદ્ગારજોઃ—કાસદ.

પ્રિય! હૃદય સોંપ્યું મેં તુજને જ્યારથી,
હર્ષ સુખ એ સર્વે તેની સાથજો;
હૃદય તલપતું તુજ સુખ દુઃખને કારણે,
તુજ દર્શન વિણ નહીં ઉરને આરામજોઃ—કાસદ.

સૂર્ય પ્રકાશે રંક નલિની ખીલતી,
સૂર્યવિના નવ ખીલતું એનું ગાત્રજો;
સૂર્યતણું તો કાર્ય જગતને કારણે,
નલિનીને વધુ ગણતો શું પ્રીતિપાત્રજો?—કાસદ.

તદપિ હું આ હૃદય પાત્ર પ્રેમે ભરી,
કર્યું છું વહાલા! તુજપર પ્રીતિ અભિષેક જોઃ
પણ તેની દરકાર કરે નહિં, પ્રાણ! તું,
તારે મનથી તુચ્છ, ક્ષુદ્ર એ ભેટ જોઃ—કાસદ.

બેદરકારી દેખીને તારી, અરે!
ભસ્મ થાય છે મારૂં કોમલ ઉરજો;
હૃદય માનુષિ જો કદિ તારૂં હોય તો,
"સ્નેહ દૃષ્ટિ" એ માગું તારી પાસ જોઃ
સંદેશો આ કહેજે મુજપ્રિય પ્રાણને!—

આશ્વાસન.

લેખકઃ સૌ. પ્રિયમતિ શુકલ.—મુબાઈ

થાવાનું તે થઇ ગયું, હવે શોચ શાને કરે છે?
વિધાતાના લિખિત 'ન લખ્યા', કોઈથી ના થયાં છે!
રે! રે! ત્હારા મૃદુ જીગરને, વ્યર્થ શાને ચીરે છે?
દૈવાધિન થૈ પ્રિય હૃદયને ઈશમાં દે પરોવી.
તું, હું ને તે કંઈજ નથી, એ ખ્યાલ ખોટાજનોના;
જાશું કાલે પ્રભુ ચરણમાં સર્વ રહેશે ખરે ત્યાં.
છે એકજ તે, અચળ સહુને શાન્તિનો આપનારો,
છે એકજ તે, સકળ જીવને પાપથી તારનારો.
આત્મા ત્હારો વિમળ, પ્રણયે દિવ્યમાં જોડી દેજે,
ને વાધો આ તુજ હૃદયમાં શાન્તિ, આશીષ એ છે.

પ્રતિઉક્તિઃ—

(શાર્દૂલવિક્રીડિત)

થા તું ચાતક સાવધાન મનથી લે વાત મારી સુણી,
છે મેઘો ગગને ઘણાક વસતા સર્વેય સરખા નથી;
કોઈ વર્ષી ભીની ધરા કરી રહે કોઈક ગર્જે વૃથા,
માટે જોઈ બધા ભણી તું વદતો ના દીન બોલો, સખા!
—સૈ

ભાઈને બ્હેનનાં આશીર્વચન.

૧.

લેખકઃ સૌ. વસન્તગૌરી—અમરેલી.

(નાથ ! કેસે ગજકો બન્ધ છુડાયોઃ એ રાગ.)

વીરા મ્હારા ! રવી ઉગમતે પ્રભાતે,
બ્હેની આશીષ દે છે ખાંતેઃ—વીરા૦

શુભ દિવસ આજ પસલી તણો છે, આનન્દ ઉર ન સમાયે;
કુશળ હજો અમ બન્ધવ કેરૂં, એવી ઉર્મિઓ થાયે.—વીરા૦

પ્રથમ માગીએ પ્રભુ પાસ એવું, વિદ્યા વધો અતિ સારી;
આશીષ અન્તઃકરણથી આપે, બંને ભગિની ત્હમારી.—વીરા૦

બાળપણામાં વિદ્યા વધો વળી, આગળ જશ બહુ જામો;
ભણી ગણીને શાણા બનો હવે, સગુણી પદ્મિની પામો.—વીરા૦

તનદુરસ્ત રહો બન્ધવ અમારા, વડિલને પુણ્ય પ્રતાપે;
પરમેશ્વર પાસે પ્રાર્થન કરીએ, વિઘ્નો તમારાં કાપે.—વીરા૦

આબાદી ને વળી સુખ–શાન્તિ માંહે, જીવન ગતિમાન થાયે;
દીર્ઘાયુષ થઈ સંપતિ–સંતતિ, પામો, બ્હેની ચહાયે.—વીરા૦

૨.

લેખકઃ બ્હેન સકીનાબાઈ અબ્દુલ્લાભાઈ—મુંદ્રા (કચ્છ.)

(હરિગીત.)

સુખ સંપાત ને શારદા, એ સર્વદા સાથે રહો,
શુભ કીર્તિ યશ ને આબરૂ આરોગ્યની સાથે ભળો;
થઈ દીર્ઘ જીવી, સુખ ખરૂં પ્રતિબંધ વિણ નિત પામજો,
બ્હેની તણી આશીષ નૂતન વર્ષમાં એ પામજો.

દુઃખ દ્વૈતનું ટળજો અને અદ્વૈત સુખમાં મ્હાલજો,
મિથ્યાત્વ–બુદ્ધિ ભ્રમ ટળીને બ્રહ્મ–બુદ્ધિ જાગજો;
શુભ વાંછના પુરી થજો, ઇચ્છિત ઈશ્વર આપજો,
વીરી તણી આશીષ તમને નવીન વર્ષે લાગજો.

અવિનાશી સુખ આનન્દ જે, તે પામવા મથજો સદા,
નિત શાસ્ત્રમાં રૂચિ રાખીને હો ભાગ્યશાળી સર્વથા;
જેથી બને કંઈ જ્ઞાન વૃદ્ધિ, મિત્ર એવા પામજો,
ભગિની તણી આશીષ નૂતન વર્ષમાં સ્વીકારજો.

જીંદગીની છેલ્લી શાન્તિ.

લેખક: સૌ. "લીલા" બ્હેન– અમદાવાદ.

હતી કેવી મીઠી, શુચિમય મઝા બાલ્ય વયની ?
નવા ઉત્સાહોથી, સુખભરી હદેને ખીલવતી;
અતિ આનંદેથી, નવલ પ્રણયે ઉર ભરતી,
ખરે બાલ્યાવસ્થા–સમ નહિ સ્થિતિ કો જીવનની.

હવે આવી યુવા, જીવન વનમાં આગળ વધે,
કદી છેટે છેટે, કુમળી તરુ પુષ્પાવલી દીસે;
ક્વચિત્ તૃષા વાધે, મૃગ જળની આશે મન ઠરે,
જતાં ત્યાં ના દીસે સુખજળ !–હવે હાય શું થશે ?

યુવાયે ગઇ ચાલી, કઠિન અતિ સંકટ સહતાં,
હવે આવી વૃદ્ધા, મન જીવનમાં માર્દવ ભર્યાં;
દીધા–ખાધા કંઈ ઘા, નરમ બની માર્ગો સુચવશે,
સ્વીકારો તે પ્રેમ, મુંઝવણ બધી દૂરજ જશે.

ખરે ! આ વિશ્વે છે, પ્રકૃતિ તણી તો પ્રૌઢ રચના,
મીઠી બાલ્યાવસ્થા, અટપટી યુવા, વૃદ્ધ મૃદુતાઃ
કરી જેણે યાત્રા જગત તણી શાન્તિમય હશે,
ખરી વિશ્રાન્તિ છે, મરણ શયને તે જીવનને.

હરિ દર્શનની અભિલાષા.

લેખક: સૌ. "કુસુમ."

(મોહોલે પધારો મહારાજ. એ રાગ)

દર્શન દો દીનાનાથ ! પ્રભુ ! મને દર્શન દોની,
પ્રસન્ન થઇ ગ્રહો હાથ, પ્રભુ ! મને દર્શન દોનીઃ
દિવ્ય લીલા તનુ ધારીને તાર્યા ભક્ત અનેક,
વિનવે અર્ભક આપનું, પિતા ! હાડે ન જાશો છેક. પ્રભુ ! મને૦
આ ઉરને વિકસાવીને થાઓ પ્રકટ જગદીશ !
પ્રભાલિપ્ત સુંદર તનુ, પ્રભુ ! નીરખી નમાવું શીશ. પ્રભુ ! મને૦
અર્પું અંતર આપને, જન્મ મરણ ભય જાય,
માયા ચક્ર મુકાવવા ચિત્ત આપ ચરણ ચિત્ય ચ્હાય. પ્રભુ ! મને૦
કરુણાસાગર છો વિભો ! નિજ જન રક્ષણહાર,
દોષ વિસારી દીનના, ખોલો હૃદય મંદીરનું દ્વાર. પ્રભુ ! મને૦
વિનતી અબળા તણી, શ્રવણ કરીને ઈશ !
થાઓ પ્રકટ હૃદયામ્બુજે, દીન કુસુમ નમાવે શીશ. પ્રભુ ! મને૦

પતિ પ્રતિ પ્રેમ યાચના.

લેખકઃ સૌ. કાન્તા—અમદાવાદ.

ભલે ! વ્હાલા મ્હારા દુઃખ અધીક છે તેથીજ પડે,
ભલે વૈરી મ્હારી તન મન તણી શાન્તિય હરે !

ભલે નીંદે લોકો, ગણુંજ નહિ એ, ફોક બધું એ;
ભલે આવો ઝાઝાં, ગજ કદી નહિ તે દીલ ધરે.

સખે ! મ્હાતાં સ્હેવું દુઃખ અધિક દાવાનલ થકી,
ભૂલુ સર્વે જોતાં પ્રિય મુખ મધુરૂં મધુ થકી.

તમે વ્હાલા મ્હારા ! ચરણુરજ દારા તમ તણી,
તમે શાન્તિ દાતા, હૃદય મમના જીવનમણી.

તમે દેવોથી, ઓ ઉરપતિ ! વધુ છો મુજ હદે,
પૂજું સ્નેહે, વ્હાલા ! ચરણ રજ બીજું નવ ગમે.

પ્રીતિ શાન્તિ આપો, હૃદય મહીં સ્થાપો પ્રિય ગણી,
સખા ! આજ્ઞાકારી ચરણુરજ દાસી તમ તણી.

સ્મરૂં સ્નેહે વ્હાલા ! મધુર મુખ ત્હારૂં સ્મિત ભર્યું,
સુનીતિ રીતીએ પરમ પ્રિય મ્હારૂં મન ઠર્યું.

તમારી શાન્તિમાં મુજ હૃદય આ શાન્ત બનશે,
સદા, દુઃખે દુઃખી, જિગર દીન દાસી તણું થશે.

તમે રાજી, વ્હાલા ! ચરણરજદારા ખુશ ખરે,
વિના વ્હાલા બીજું હૃદયે દુઃખ તે કોણ જ હરે ?

ક્ષમા દોષોની દો, દીન ગણી દયા, પ્રીતમ ! કરો,
ઘણા દોષો હોયે, તદપિ પ્રિય ! સૌ વીસરી જશો.

નથી ઇચ્છા કાંઈ, અધીક સુખ બીજું નવ ગણું,
તમારી પ્રીતિનું, સ્મરણ કરતી જન્મય બનું.

સદા યાચું, વ્હાલા ! નિશદિન દયાળુ પ્રભુ કને,
પરાભક્તિ-પ્રીતિ, પ્રિય ચરણમાં આપ જ મ્હને.

સદા વ્હાલા ! માગું અચળ દૃઢ શ્રદ્ધા તમ પદે,
અને પ્રાર્થું નિત્યે-કૃદ્રિ દૃઢ પ્રતિજ્ઞા નવ ફરે.

દિવ્ય પ્રેમ.

લેખકઃ સૌ. "ચારૂ."

અતિ દિવ્ય પ્રેમ તણી હતી આશા, અહા! ઉરની મહિં,
તે આશ રહીં મનમાં મહારા, ને બની સ્વપ્ના સખી!
જે દિવ્ય પ્રેમ તણાં મનોહર વર્ણનો મન હારતાં,
શું સર્વ તે પુસ્તક વિશે છે?—ના દીસે સંસારમાં!
તે દિવ્ય પ્રેમ હશે કદાપિ પૂજ્ય પ્રાચીનકાળમાં,
કે હશે કદિ તે સ્વર્ગમાં, પણ નથી આ સંસારમાં!
અતિ બાલવયમાં પુસ્તકોમાં દિવ્ય મનહર પ્રેમનાં;
વાંચી રૂડાં દૃષ્ટાન્ત મુજ ઉર ઝંખતું તે પ્રેમમાં.
મળિયો મને છે પ્રેમ ગાઢો, મુજ જીવનને ઠારતો,
પણ ના કદિ તે આત્મ-ઉરને જોરથી ઊછાળતો.
જોયું જગતમાં પ્રેમ તે નથી સ્વાર્થથી જૂદો નકી,
પ્રભુપદ સમર્પ્યો પ્રેમ મારા હૃદયનો મેં, તે થકી.
પ્રભુજી ચરણનું સ્મરણ કરતાં મુજ ઊરનિધિ મહિં,
નાચે તરંગો પ્રેમના, જયમ ચન્દ્ર જોઈ ઉદધિ.
હા! એજ પ્રેમ, ઉરે અતિ ઉલ્લાસ અર્પે નિત્ય જે,
નિઃસ્વાર્થ તેને કાજ મારૂં આત્મ-ઉર અર્પાય છે.

રામરટણ.

લેખકઃ સૌ. કનુબ્હેન—વડોદરા.

(પ્રભાતીયું.)

રામ નામ પ્યારૂં મને, રામ નામ પ્યારૂં:
સીતારામ નામ લેતાં સકળ દુઃખ સંહારૂં:—રામ૦
હૃદય રૂપી મંદિરે, ધ્યાન સદા ધારૂં,
સુખ દુઃખ આવી પડે, કદિ નહિ વિસારૂં:—રામ૦
રજની વીતી થયો પ્રભાત, રવિ કિરણ પ્રસારે,
પક્ષિ ઉડતાં ગગને, શબ્દ કરી બોલે:—રામ૦
જાગ જીવ નિદ્રા તજી, સમય શીદ ગુમાવે,
ગઈ ઘડી ફરી ન આવે, રામ સમર ભાવે:—રામ૦
રામનામનો હીરો, જગતમાં પ્રકાશે,
જો ગુમાવ્યો હાથથી જીવ! તું પસ્તાશે:—રામ૦
રામ મૂર્તિ મોહકારી, જાઉં તે પર વારી,
રામનું રસિલું નામ, રટ તું જીહ્વા મારી!—રામ૦

प्रवास मंजरी.

પૂનાની એક ન્હાનકડી સ્હેલ.

લેખકઃ સૌ. વસન્તબા ચન્દ્રશંકર પંડ્યા-મુંબાઈ.

થોડા દિવસ ઉપર હમે પૂનાની ન્હાનકડી સ્હેલ માટે ગયાં હતાં. ઘણા દિવસની હમારી હૃદયેચ્છા પરિપૂર્ણ થઇ તેથી ઘણો આનન્દ થતો હતો. શુક્રવારે બપોરે ૧૧ા ને સુમારે હમે ઘેરથી નીકળી, વિક્ટોરીયામાં બેઠાં અને બોરીબંદર સ્ટેશને ઉતર્યાં. હમે દમ્પતી અને બે પુત્રીઓ મળી ચાર જણાં જવાનાં હતાં. બીજાં બે બાળકો તેમજ એક મ્હારા દીયર ઘેર હતા. તેમને સાથે લઈ જઈ શકાય તેમ નહતું. તેથી તેમને માટે વારંવાર હમને દીલગીરી થતી કે તે બિચારાંને આ સૃષ્ટિ સૌન્દર્ય જોવાનો લાભ ક્યારે મળશે?

હમારી ટ્રેન પોણાત્રણે ઉપડતી હોવાથી, હમે જરા ઉતાવળ કરી પ્લેટફોર્મ ઉપર ગયાં. ત્યાં મેલટ્રેન હમારી વાટ જોતી ઉભી હતી. એ બાજુની રેલવેના ડબ્બા એકમેક સાથે જોડી દઇ વચ્ચે કમાનો કરેલી હોય છે. એટલે પહેલા ડબ્બાથી તે છેલ્લા ડબ્બા સુધી દરેક ઉતારૂની નજર પહોંચી શકતી હતી. વળી તેમાં જોવા લાયક દેખાવોના તકતા જડેલા હતા. સ્ટેશન ઉપર હમને મળવા માટે હમારા મિત્ર માસ્તર મનસુખલાલ આવ્યા હતા. તેઓ ત્હેમના આનન્દી સ્વભાવથી હમારા કુટુમ્બમાં પ્રિય થઇ પડેલા હોવાથી, ત્હેમને જોતાં સર્વને ખુશાલી થઇ. સ્ટેશન ઉપર ફરતા મેવા મીઠાઇવાળાની ઝુમેથી મ્હારી ન્હાની પુત્રી પ્રમોદ જે ચાર વર્ષની છે, તેણે તેની મીઠી ભાષામાં કાંઇક લેવા માટે સૂચના કરવા માંડી. "બા, આ નારંગી બહુ સરસ છે હોં, ને આ સકરજન તો મ્હને બહુજ ગમે છે. આપણે લઇશુંને બા!" મ્હેં જવાબ ન દીધો, એટલે બીજી બાજુએ ફરી "પિતાજી! એ પિતાજી! બોલોને, આમાંથી આપણે કંઇક લઇશું ને?" સ્હેજ મશ્કરી ખાતર એને ના પાડવામાં આવી એટલે એનું મ્હોં ઉતરી ગયું. પણ ફરીથી પાછો પ્રયત્ન કર્યો "ત્યારે બીજું કંઈ આવે તો લેશોને?" હમને બધાંને આ સાંભળી હસવું આવ્યું. એને માટે તે બધું ક્યારનું મંગાવી દીધું હતું. તે વાતચીત દરમ્યાન માસ્તર લઇને આવ્યા, જે જોતાં એને બહુ હર્ષ થયો. થોડીવારમાં સામસામા "આવજો, આવજો" ના પોકાર વચ્ચે ટ્રેન ઉપડી. બપોરનો વખત હોવાથી તે વખતે દેખાવ ખાસ ધ્યાન ખેંચનારો ન લાગવાથી મ્હેં જરા વાર નિદ્રાદેવીની ઉપાસના કરી.

ગાડીમાં એક ખાસ કમ્પાર્ટમેન્ટમાં ચ્હા, કૉફી, ફ્રૂટસ ઇત્યાદિ વેચનારાની જગા રાખેલી હોય છે. તેમાં બે માણસ અને બે ઓરડી હતી. વળી તેમાં તેઓની બધી વસ્તુઓ મુકવા માટે સારી સગવડ હતી. ચાલતી ગાડીએ આ માણસ બધાને પાંચ મીનીટમાં ચ્હા કેવી રીતે બનાવી આપે છે, તે હમે જઈને જોયું હતું. એક માણસ તેની કોટડીમાં બેસી રહે છે, ને બીજો માણસ છેક છેડા સુધી ફરીને બુમો પાડી જાય છે કે, "ચ્હા, કૉફી." વળી ફ્રૂટ હાથમાં લઇને ફેરી મારી જાય છે. હમે ત્હેની પાસેથી થોડાં કેળાં લીધાં, અને તેની રૂમ જોવા ગયાં. ઉના પાણીનો સંચો હોય છે એવોજ એક મ્હોટો પીતળનો બંબો હતો, તેમાં ગૅસની બત્તી રે... કળ ફેરવતાંજ તેમાં બત્તી શરૂ થતી, ને પાણી ગરમ થઈ જતું,

તે ગરમ થએલું પાણી કાચની ન્હાદાનીમાં ચ્હા નાંખીને જરૂર જેટલું પ્યાલા ભરીને રેડતો, થોડીવાર ઢાંકી મુકીને પછી ગાળી આપતો હતો. જેને બિસ્કીટ જોઇએ તેને તે પણ મળી શકતાં હતાં. ચ્હા કરતાં કૉફીનો ભાવ બમણો હતો.

ધીમે ધીમે સ્હાંજ પડવા માંડી તેમ તેમ દેખાવ બહુજ રળીયામણો લાગવા માંડ્યો. આસપાસ ખેતરો અને ન્હાનાં ન્હાનાં નાળાં મૂકીને હવે ઉંચે ચડવાનું હોવાથી, પર્વતો, ખીણો અને મંદ મંદ પવનની લહેરો વચ્ચે હમે રસ્તો કાપતાં હતાં. જેમ પૃથ્વી ગોળ હોવા છતાં આપણને તે જણાતી નથી, તેવીજ રીતે અમ્હારી ગાડી ધીમે ધીમે ઉંચે ચડતી હોવા છતાં અમને સપાટ સીધીજ લાગતી હતી. ફક્ત નીચે નજર કરતાં હમે ખેતરોની સપાટીથી દૂર ઉંચે લાગતાં હતાં તેથીજ ખાત્રી થતી હતી. કરજત સ્ટેશન આવતાં આખી ટ્રેનમાં દીવા સળગાવી દેવામાં આવ્યા, કારણકે આગળ જે અંધારી ટનલોમાંથી જવાનું હતું તેની એ સૂચક તૈયારી હતી. વળી ત્હેની બીજી તૈયારી રૂપે કરજતથી એક આગળ અને એક પાછળ એમ બે એનજીન જોડવામાં આવે છે, તેથી તેનો દેખાવ દબદબાવાળો લાગતો હતો. તે આપણી આણી પાસની ગાડીઓનાં દેખાતાં મ્હોટાં એનજીનો કરતાં દેખાવમાં તદ્દન જુદાંજ હોય છે. તેને ઘાટનાં એનજીન કહેવામાં આવે છે. બોરીબંદરથી પૂના સુધીમાં લગભગ ૨૦ ટનલો આવે છે. પર્વતમાંથી ફક્ત ગાડીને માટેજ કોરીને રસ્તો કહાડેલો હોવાથી તેમાં તદ્દન અંધકાર ફેલાયલો હોય છે. અને નાગની ફેણ પેઠે ફુંફાડા મારતું એનજીન તેમાં પળવારમાં અદ્રશ્ય થઈ જાય છે. કોઇ કોઇ લાંબી ટનલો બાદ કરતાં બીજીમાંથી તો તુરતજ તે બ્હાર નીકળે છે.

એ નવીન મુસાફરીનો આનન્દ ભોગવતાં સાંજના પાંચ સાડાપાંચને સુમારે અમે રીવર્સિંગ સ્ટેશને આવી પહોંચ્યાં. ત્યાંથી જાણે અમે આવેલે રસ્તે પાછાં જતાં હોઇએ, એમ તેજ દિશા તરફ ગાડી ચાલવા માંડી. ઓહો! શું તે સાંજનો સુન્દર મનોહર દેખાવ? વાદળાંથી વાતો કરતા પર્વતની હાર, અને પર્વતના મુકુટમણી જેવો અસ્ત પામતો સૂર્ય, લીલાં લીલાં વૃક્ષોની આવતી જતી હાર, અને ઉંડી ઉંડી પથ્થરની ખીણો જોતાં હૃદયમાં કુદરતના અનેક રંગથી રંગાતું ચિત્રપટ ખડું થતું. ધીમે ધીમે સાંજ પડી, વાયુનો વેગ વધતો ગયો, સૂર્યદેવ અદ્રશ્ય થયા, ચન્દ્ર દર્શન થયું, અને રાત્રિ પડતાં પૂના સ્ટેશને દેખાવ દીધો. અમે ટ્રેનમાંથી ઉતરીને પાસેજ આવેલી શેઠ મોરારજી ગોકુળદાસની ધર્મશાળામાં ગયાં. શેઠસાહેબની મેહેરબાનીથી અમને ધર્મશાળામાં તેમની પોતાનીજ રૂમ્સ વાપરવા મળી હતી. તેના ઉપર અગાશી હોવાથી અમ્હારે માટે તે બહુજ આનન્દમય બની હતી. તેને માટે હમે શેઠસાહેબનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

તે ધર્મશાળાનો વહીવટ કરનાર દક્ષણી વિઠ્ઠલરાવ કરીને આધેર ઉમ્મરના માણસ છે. તેઓ બહુ સમજુ અને કાર્યકુશળ માણસ છે. અમારે માટે તેમને પહેલાં પત્ર લખેલો હોવાથી તેમણે સર્વ સગવડ કરી રાખી હતી. રાત્રે તો સુવાનાં બિછાનાં, પીવાનું પાણી અને બત્તી એટલુંજ બસ હતું. હમે થોડીવાર વિશ્રાન્તિ લઈ અગાશીમાં ગયાં ને ત્યાં ફરી સહેજસાજ વાત કરી. ત્યાંથી પણ પૂના શેહેરનો દેખાવ બહુ રમણીય લાગતો હતો. નીચે આવી સાથે આણેલા ડબ્બામાંથી રૂચિ પ્રમાણે ખાધું.

બીજે દિને સવારમાં ચ્હા પી, વાસણ વગેરે વિઠ્ઠલરાવ પાસેથી લઇને અમે એ ટાંગા ભાડે કરી માર્કેટમાં ગયાં. સીધું અમે મુંબાઇથીજ સાથે બાંધી લીધું હતું તેથી અમને બહુ સગવડ થઈ. માર્કેટની રચના બહુ સારી હતી. એક ભાગમાં બધા ફ્રૂટસવાળાની દુકાનો હતી. બીજી બાજુએ શાક ભાજીવાળાની દુકાનો હતી. તો ત્રીજી બાજુએ ફુલફળાદિકની દુકાનો હતી. માર્કેટથી થોડે દૂર એક બે ગલી મુકીને જતાં "તુલસીબાગ" અને તેની

પાસેજ "બેલબાગ" નામે મ્હોટાં મંદિરો જોયાં. ત્યાં કેટલાંક દક્ષણી સ્ત્રી પુરુષો ભજન પૂજન કરતાં હતાં. સ્ત્રીઓ વધારે હતી. મૂર્તિ ઉપર એટલું અંધારૂં પડતું હતું કે ધારી ધારીને જોયા પછીજ દર્શન થતાં હતાં. ત્યાંથી પાછાં માર્કેટમાં આવી શાક વગેરે જરૂરની વસ્તુઓ લઇને, એક લૅન્ડો ગાડી ભાડે કરી અમે સૌ ઘેર આવ્યાં. વાસણ વગેરે બીજું બધું ધર્મશાળામાંથી બધાંને મળી શકે છે. અમે પહેલા થોડો નાસ્તો કરી લીધો. ને પછી રસોઇની તૈયારી કરી. રસોઇ થયા પછી અમે સૌ સાથેજ જમવા બેઠાં. ખરેખર, એ પણ એક લ્હાવો લેવા જેવો છે.

અમે જમી પરવારી થોડી વાર વિશ્રાન્તિ લઇ ફરવા ગયાં. અમે "બંડગાર્ડન" જવાનો વિચાર કર્યો હતો. તે વખતે ધારેલું કે "બંડગાર્ડન" બહુ દૂર નહિ હોય, એટલે સાંજનો વખત છે તેથી ચાલતાં જવાની મઝા પડશે. પરન્તુ ધાર્યા કરતાં તે બમણું દૂર લાગ્યું. રસ્તો મઝાનો હતો. બંગલા અને આસપાસની ન્હાની ન્હાની વાડીઓથી સુન્દર સુશોભીત કમ્પાઉંડ નિહાળતાં અમે છેક સંધ્યાકાળે "બંડગાર્ડન" આવી પહોંચ્યાં. ત્યાં કુદરતની અકળકળા દૃષ્ટિગોચર થઇ. મૂળા અને મૂઠા નામે બે નદીઓનો એકત્ર થયેલો પ્રવાહ વહે છે. તે જગાની મધ્યમાં એક મ્હોટી પાળ બાંધેલી છે. તે પાળ–બંધ–ઉપરથી એટલા જોસમાં પાણી પડે છે કે તેનો ઘુઘવાટ મ્હોટા એનજીનને મળતો આવે છે. અહા!!! શું સુન્દર તે દેખાવ! સામે પાસેજ મ્હોટા પર્વતાની હાર, અને તેની નીચે મ્હોટા ઝરા જેવું સ્વચ્છ નિર્મળ નદીનું પાણી, અને તેની જોડે બાગની શોભા નિહાળતાં હૃદય ધરાતુંજ નથી. પરન્તુ મ્હને અને ચિ. પમોદને પુષ્કળ થાક લાગેલો હતો ને વળી અધુરામાં પુરૂં તે બાજુ ભાડાની ગાડી ન હોવાથી અમે આવ્યાં એટલું ને એટલુંજ પાછું ચાલીને જવાની ચિન્તા હોવાથી અમે સહેજવાર બેથી, તરતજ પાછાં જવાને ઉઠયાં. ઘેર આવતાં હું પોતે તો તદ્દન થાકી ગઈ હતી.

ત્રીજે દિવસે રવિવારે સવારે અમે પર્વતી માતાનાં દર્શન કરવા માટે ચ્હા પીને આઠ વાગે લૅન્ડો ગાડીમાં બેઠાં. બજારની મધ્યમાં થઈ અમારી ગાડી ચાલી. તે વખતે દુકાનવાળા પોતાની દુકાનો સ્વચ્છ કરવામાં રોકાયા હતા. કેટલાકો લીપણ હોવાથી લીપીને સ્વચ્છ કરતા, કેટલાક પાટીયાં હોવાથી ધોઇ લૂછીને સાફ કરતા હતા. તે જોતાં બહુ સંતોષ થયો. વળી આગળ ચાલતાં કેટલાંક મકાનનાં નળીયાં તદ્દન જુદીજ જાતનાં દેખાયાં. જાણે કોહીકએલાં હોય તેવાં કાળાશ પડતાં ભુખરા રંગ જેવાં દેખાતાં હતાં. કેટલાંક આપણે ત્યાં હોય છે એવાં પણ હતાં, ને કેટલાંક વિલાયતી નળિયાં મ્હોટા બંગલા ઉપરજ હતાં. અમે ધીમે ધીમે પર્વતી આગળ આવી પહોંચ્યાં. ત્યાંના દેખાવો તથા રસ્તા વગેરે કાઠીયાવાડને ઘણા મળતા આવે છે. તળેટીમાં ગાડી ઉભી રહે છે. થોડુંક ચાલ્યા પછી ચડવાનું હોય છે. પગથિયાં ચ્હડતાં ઢાળ બહુ હોવાથી ને પહેલા દિવસનો થાક લાગેલો હોવાથી મ્હને તો ફેર આવવા માંડયા. એકંદરે મ્હારી તબિયત નબળી હોવાથી મ્હને થાક બહુ લાગતો હતો, તો પણ કંઇક આનન્દ થતો હતો. ધીમે ધીમે બેસતાં બેસતાં અને આસપાસની અપૂર્વ શોભા નિહાળતાં અમે ઉપર ચડયાં. જેમ જેમ ઉપર ચડતાં તેમ તેમ પૂના શેહેરનો દેખાવ બહુ આનન્દકારક લાગતો હતો. આજુબાજુ આવેલી ખીણો, પર્વતો, અને વૃક્ષોની સુરમ્ય ઘટા જોતાં અમારાં નયનને તૃષાતુર મનુષ્યની પેઠે તૃપ્તિ થતી નહોતી.

વળી ખાસ કરીને તે સર્વ દેખાવોમાંથી એક બાળપણનું ચિત્ર ખડું હતું. કાઠીયાવાડમાં જૂનાગઢ શેહેરમાં મ્હારા પરમપૂજ્ય પિતાજી રા. છગનલાલ હરિલાલ પંડ્યાને નોકરી હોવાથી, અમે ત્યાંનાં સ્થાનોથી અજ્ઞાત તો નજ હોઇએ. તે બાજુના અને આ બાજુના દેખાવો ઘણા મળતા હોવાથી મ્હને મ્હારા બાળપણના દિવસો યાદ આવે તેમાં શું આશ્ચર્ય?

જૂનાગઢના ગિરનાર પર્વતથી ભાગ્યેજ કોઈ અજાણ્યું હશે. જે ગિરનારની યાત્રા કરી આવ્યું હશે, તેને આમાં ખાસ નવીનતા નહિ લાગે, પરન્તુ ઝીણી દ્રષ્ટિએ જોતાં નવીનતા પણ જણાય. પર્વતી માતા (પર્વત ઉપર હોવાથીજ તેને પર્વતી કહે છે) ની મૂર્તિ સોનાની છે, ને નીચે મહાદેવજીનું લીંગ છે, વચમાં માતાજીનો ઘુમ્મટ છે. ને આસપાસ ઓસરીની ચારે બાજુ ચાર ન્હાની ન્હાની દેરીયો છે. તેમાં એકમાં સૂર્ય, બીજામાં ગણપતિ, ત્રીજામાં વિષ્ણુ અને ચોથામાં પર્વતીની જૂની મૂર્ત્તિ છે. બાજુ ઉપર ફરતી પથ્થરની અગાશી છે. તેના ઉપરથી આખા પૂના શહેરની ચારે બાજુનો દેખાવ બહુજ સુન્દર લાગતો હતો. તે સુરમ્ય દેખાવથી હૃદય પ્રફુલ્લિત થાય છે. ત્યાંથી ઉતરતા પહેલાં પાસેજ બીજાં બે મંદિરો છે. તેમાં એક કાર્તિક સ્વામીનું હોવાથી તેમાં સ્ત્રીઓને જવા દેતા નથી; બીજું વિષ્ણુ ભગવાનનું મંદિર છે, ત્યાં દર્શન કરી અમે નીચે ઉતર્યાં. ઉતરતી વખતે પણ બહુ સંભાળીને ઉતરવું પડે છે. જો પગ ખસ્યો તો જાય છેક નીચે. પરન્તુ તે વખતે થાક લાગતો નથી, પણ તેની અપૂર્વ શોભાથી પૂર્ણ સંતોષ થતો હતો. ત્યાંથી ઘેર આવી ભોજન વિધિથી પરવારી અમે જરા આરામ લીધો.

સ્હાંજે પાંચ વાગે એજ ગાડીવાળો વખતસર હાજર થયેલો હોવાથી, અમે તેમાં બેશી "એમ્પ્રેસ ગાર્ડન" જોવા ગયાં. તે પણ બહુ વિશાળ ને સુન્દર બાગ છે. વળી બાગની મધ્યમાં પગથીયાં હોય છે તે ઉપરથી આખા બાગની શોભા શાન્તિથી નિહાળી શકાય છે; તેમાં એક બાજુએ ન્હાનો હોજ બનાવ્યો છે. તેમાં કમળનાં ફુલ ઉગેલાં હતાં તે જોતાં આનન્દ થયો. થોડીવાર ફરી અમ ઘેર આવ્યાં, અને ઉપરની અગાશીમાં સુન્દર ખીલેલી ચન્દનીમાં બેશી વાર્તા વિનોદ કરતાં નાસ્તો કરી લીધો. પછી નીચે જઇ નિદ્રાધીન થયાં.

ચોથે દિવસે સોમવારે હમે પ્રોફેસર કર્વેનો "વિધવા આશ્રમ" જોવા જવાનાં હતાં. તેને માટે આઠ વાગે પરવારીને નીકળ્યાં. પહેલાં માર્કેટમાં જઇને કંઇક મુંબાઈ લાવવા માટે લેવાની ઇચ્છા હતી. તે લઇને પછી "વિધવા આશ્રમ" તરફ ગાડી લેવરાવી. સ્ડાકા દસ વાગે હમે ત્યાં પહોંચ્યાં. મીસીસ નામજોશી કરીને બાઇ ત્યાં છે તેમણે અમને ફરીને બધો આશ્રમ દેખાડયો. તેમાં એક વિધવાઓને માટે અને બીજો પરણેલી ને વગર પરણેલી બંને માટે આશ્રમ છે. તેમાં ન્હાવા ધોવાની, રહેવાની તથા ભણવાની તેમજ જમવાની સર્વ જાતની સારી સગવડ હતી. વળી તે એવી તો એકાન્ત જગામાં છે કે હેને સંસારની જંજાળ કંઈ પણ હરકત કર્તા થઇ ન પડે. ખરેખર, પ્રોફેસર કર્વેના આત્મ ત્યાગનું આ શુભ પરિણામ છે. એવા પરમાર્થી પુરૂષોની તેમજ મીસીસ નામજોશી અને મીસીસ આથવલે જેવાં આત્મ ત્યાગી મનુષ્યોની આપણે બહુ જરૂર છે. પ્રભુ હેમનો આશય ફલીભૂત કરો અને તેઓ વિજયી બનો એજ પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના છે. મીસીસ કર્વેને પણ હમે મળ્યાં, અને આનંદથી આશ્રમની મુલાકાત પૂર્ણ કરી પાછાં ફર્યાં. ઘેર આવી ભોજન વિધિથી પરવારી સર્વ સામાન તૈયાર કરી લીધો; બીજે દિવસે સવારમાંજ પાછાં મુંબાઇ તરફ ઉપડવાનું હોવાથી વાસણ વગેરે ત્યાંનો સામાન વિઠ્ઠલરાવને સોંપી દીધો ને અમારી ટ્રંક તૈયાર કરી નિદ્રાધીન થયાં. મંગળવારે પ્રાતઃકાળમાં પાંચવાગે ઉઠીને દાતણ પાણીથી પરવારી કપડાં પહેરી બીસ્ત્રો બાંધી લીધો. મજુર પાસે સામાન ઉચકાવી અમે સ્ટેશન ઉપર વખતસર હાજર થયાં. ત્યાં લોકોની પુષ્કળ ભીડ હોવાથી અમે મોડાં આવ્યાં હત તો જગા મળવી મુશ્કેલ હતી. બરાબર સાત વાગે ગાડી ઉપડી અને કુદરતની સુન્દર રચના જોતાં, અને તેનું હૃદયપટ ઉપર સોનેરી ચિત્ર આલેખતાં હમે બપોરે અગીયાર ને દસ મીનીટે બોરીબંદર સ્ટેશને–મુંબઈ–ઉતર્યાં.

'માલસર'ની યાત્રા.

(વનિતા વિશ્રામની વ્હેનો સાથે.)

લેખક:—વ્હેન પદ્માવતી—અમદાવાદ.

પ્રસ્તાવના:—આ નોંધપોથી લખતી વખતે તેને પ્રસિદ્ધિમાં મૂકવાનો મ્હારો બીલકુલ વિચાર નહોતો, કિન્તુ મ્હારાં એક પ્રિય સખી કે જે અમારી સાથે માલસર નહોતાં આવી શક્યાં તેઓને ત્યાંનાં બનતા બનાવોની હકીકત જાણવાની ઘણીજ જિજ્ઞાસા હતી તેમને કહેવાને માટે બનતા બનાવોની તથા તે ઉપરથી તે વખતે ઉપજેલા વિચારોની ટુંકી નોંધ કરી લેવી એજ વિચારથી આ નોંધ—આ વર્ણન—લખવા માંડ્યું હતું; તેથી મુસાફરીનું વર્ણન જેવી પંક્તિબંધ હોવું જોઇએ તેવું આ કદાચ નહિ હોય એટલે ધાર્યા પ્રમાણે બધાંને પ્રિય નહિ લાગે.

અમારાં વડીલ ભગિની પરમપ્રિય સુલોચના વ્હેનના હાથમાં આ નોંધ આવતાં તેમણે આને પ્રસિદ્ધિમાં મૂકવાની ઇચ્છા દર્શાવી તેથી આને આનંદસહ પ્રસિદ્ધિમાં મુકું છું પણ તે પહેલાં મ્હારા વિદ્વાન સુજ્ઞ વાંચક બંધુઓ અને બહેનોને એક વિનંતિ કરવાની રજા લઉં છું કે મને ખગોળ, ભૂગોળ કે ઐતિહાસીક જ્ઞાન નથી તેમ મુસાફરીનું વર્ણન મ્હેં ક્યાંય પણ વાંચ્યું કે સાંભળ્યું નથી એટલે ખરી રીતે તે કેવું લખાય તે મ્હને બીલકુલ આવડતું નથી. મ્હેં મુસાફરી પણ કરી નથી એટલે તેમાં અનેક પ્રકારના થતા અનુભવથી હું કેવળ અણવાકેફ છું. તેમ લખવાનો પણ આ પહેલો પ્રસંગ છે એટલે વિદ્વાન વાંચકોને આમાં બીલકુલ ઝમક નહિ લાગે, પરંતુ અમારી દુઃખી, નિરાધાર બહેનો કેવું જીવન ગાળે છે, કેવો આનંદ મેળવી બુદ્ધિનો વિકાસ કરે છે, ક્લિષ્ટ હૃદયને કેવી રીતે ખુલ્લું કરે છે ઇત્યાદિ ખ્યાલ આ વાંચવાથી કાંઇક અંશે આવશે એજ મ્હને પૂર્ણ સંતોષ અને આનંદનું કારણ છે.

પ્રયાણ:—માલસર એ શ્રીમંત ગાયકવાડ સરકારના તાબાનું ડભોઈ તાલુકાનું નાનું સરખું ગામડું છે. મીયાંગામ સ્ટેશને ઉતરી શિનોર લાઇનની ગાડીમાં બેશી ત્યાં જવાય છે. એ સ્થાન ઘણાંનાં જાણવામાં નથી, પણ પ્રારબ્ધ યોગે થોડા વખતથી ત્યાંનું વર્ણન સાંભળી સંસ્થાના વ્યવસ્થાપકની વૃત્તિ ત્યાં જવા માટે દોરાઇ. એ ગામડું ઘણુંજ ન્હાનું છે પણ ત્યાંનાં હવાપાણી તથા પરમહંસ માધવદાસજી મહારાજનું સત્યનારાયણનું મંદિર, ખાકચોક, રહેવા માટે મકાનની સોઇ, પતિતપાવની નર્મદાજીનાં સ્નાનની સગવડતા, તેમજ એકાંત સ્થળ હોવાને લીધે ઇશ્વર પ્રત્યેની કર્તવ્યપરાયણતા પણ વિશેષ બની શકવાના સંભવને લીધે થોડા દિવસ તે સ્થળે જવાનો નિશ્ચય કરી તા. ૧૨—૫—૧૪ ને દિવસે અગીઆર વાગે અમદાવાદથી જે ગાડી ઉપડે છે તેમાં માલસર જવાને માટે અમે નીકળ્યાં. સ્ટેશન ઉપર સ્નેહી સાંભરતાં હતાં. ગાડીમાં ઘણો આનંદ થતો હતો. નિર્દોષ બાળાઓની રમતગમતમાં વડીલો પણ સમાન વૃત્તિથી ભાગ લેતાં હતાં. બાળાઓ તેમજ મ્હોટાં, સ્તોત્ર ભજન કરી કાળ ગાળતાં હતાં. રસ્તામાં મીયાગામ ગાડી બદલવી પડી હતી તે વખતે હાથમાં 'વનિતા વિશ્રામ'ની પેટી હતી. તે લઇ હું સ્ટેશન ઉપર ઉભી હતી—ફરતી હતી. સ્વાભાવિક સ્ફુરણ થયું કે "સ્વયંસેવિકા" તરીકે જાણે હું ઉભી ના હોઉં! આ મ્હારૂં સ્ફુરણ એક બહેનને જણાવ્યું. તેઓએ એ ભવિષ્ય સૂચક માની "તેમ થશે" એમ કહ્યું. થોડીવારે મીયા-

ગામથી ગાડી ઉપડી. રસ્તામાં-ગાડીમાં 'તેડાવું કોને પ્રેમથી' એ-ભજન ગવાયું. આ વખતે પૂર્વસ્મરણ નિત્ય મુજબ થયું. હૃદય ગમગીન થયું. × × બહેન સાંભર્યા. તેઓ આ વખતે સાથે હોત તો જરૂર રડત, ને મ્હારાં આંસુનો ભાવ સમજત. આ સિવાય બીજા પણ એવાજ પ્રસંગોથી તે સાંભરતાં. સાંજના છએક વાગે માલસર ઉતર્યાં. ઉતારે આવ્યાં. ઉતારો સ્ટેશનની પાસેજ છે, અને ઘણોજ સોઇબંધ છે. આ ઉતારો-આશ્રમ-માધવદાસજી મહારાજનો છે. તેઓશ્રી અત્ર નથી પણ તેમના શિષ્ય છે. તેઓએ ઘણીજ સારી રીતે આતિથ્ય સત્કાર કર્યો. આવી, રેવાજીમાં નાહી આવ્યાં. અંધારૂં થઇ ગયું હતું. સૂર્યોપાસના કરી જરાક ગપ્પાં સપ્પાં મારી આમ તેમ સરસામાન ગોઠવી રાત્રે ચહા પી, મમરા ખાઇ નીચે આશ્રમ જોવા ગયાં.

માધવદાસજીનો આશ્રમ:—આશ્રમ ઘણો સરસ છે. વચમાં મોટો ચોક છે. તેમાં સત્યનારાયણની સ્થાપના કરવા સારૂ મંદીર બંધાવવા માંડયું છે. એક બાજુએ આવનાર જનારને ઉતરવાને માટે બંગલાના આકારના ઉતારા બનાવેલા છે. પાછળ રસોડું છે. એક બાજુપર ન્હાનું, સત્યનારાયણનું મંદીર અને એક બાજુ ઉતારૂઓને રસોઇ વિગેરે કરવાને ચાલી તથા ઓરડા વિગેરે છે. મંદિરના ચોકની બહાર નાનો સરખો બાગ છે. તેમાં ઝાડ, ફળ, ફૂલ, તરકારી વિગેરે વાવેલાં છે. પાસે મંદીરના કબજાનાં કેટલાંક ખેતરો છે. બાગમાં એક મોટો કુવો છે. પાછલી તરફ ગાય, ભેંસ, ઘોડા, ગાડી વિગેરે બંધાય છે. આ મંદિરમાં વાર્ષિક આવક ઘણી સારી છે. પાસે આવેલા ગામોમાંના ઘણાખરા શ્રીમંત પાટીદારો મહારાજના શિષ્યો છે. તેઓની આ મંદીરમાં ઘણી મદદ છે. અમે જે બાજુના ઉતારામાં ઉતર્યાં છીએ તે નર્મદાજીની સ્હામુંજ છે. મેડીમાં હરતાં ફરતાં પતિત પાવની નર્મદાનાં પવિત્ર પ્રવાહનાં દર્શન થાય છે.

આ આશ્રમ જોઇ, મંદીરમાં આરતિનો સમય હોવાથી ત્યાં દર્શન કરી ઉપર ગયાં અને અમારા નિત્ય નિયમની આરતિ ગાઇ સુઇ રહ્યાં.

<u>તા. ૧૩-૫-૧૪:—</u>

આજે રેહવારની હું નિવૃત્ત છું. બપોરે બધાં રસોડામાં જમવા બેઠાં. હું ઉપર ઉતારામાં બેઠી. રસોડામાં જમનારને ઘણોજ આનંદ થનો હતો. શ્લોકો ભણતાં, આનંદ કરતાં જમતાં હતાં. હું અભાગી આ આનંદમાં ભાગ ન્હોતી લઈ શકતી. દુરથી કાંઇ સુર સંભળાતા હતા. ઘણું રળાયામણું લાગતું હતું. બપોરે બેઠું થઈ હૃદય ઘણું દ્રવ્યું. થોડીવારે

ગોઆપણે અદ્યાપિ જે સુખ ભોગવ્યું તેનેજ કેવળ સુખ માનીએ છીએ, તેથી તે દૂર થતાં આપણને દુઃખ થાય છે; પરંતુ ખરૂં સુખ ક્યું છે તે જો આપણે જાણીએ તો દુઃખની આટલી બધી અસર થાય નહિ.

મ્હેં શંકા કરી કે જ્યારે આ સુખને ત્હમે, વાસ્તવીક સુખ નથી કહેતાં તો આ ભોગવ્યું તે શું?

જવાબમાં સાર સ્હમજાયો કે વ્યવહાર રીતે તે સુખ સત્ય, તેના વિયોગથી આ દુઃખ પણ સત્ય; પરંતુ તે સુખ વા દુઃખ વાસ્તવિક સ્થાયી નહિ હોવાથી અસત્ય છે. વ્યવહાર પણ તેથીજ અસત્ય સ્હમજાય છે, તે ક્ષણેક્ષણ પરિણામ પામવાવાળો છે. ન્હાનપણમાં માંબાપ આપણને અતી પ્રિય, યુવાવસ્થામાં પતિ અતી પ્રિય થાય છે. આ વખતે જુદા જુદા કર્તવ્યોથી આપણે જોડાઇએ છીએ. જેમ કર્તવ્યપરાયણતા અતીપ્રિય તેમ સંબંધ પણ અતીપ્રિય હોય છે. બાકી દુઃખરૂપ. પાછળથી આજ સંબંધના પરિણામથી પુત્રમાં અતી પ્રિયતાનો સમાવેશ આવી જાય છે તે એટલો બધો કે પતિનું સુખ જલદી વિસરી જવાય છે. હવે આ બધું દૃષ્ટિ સમીપ હોવા છતાં પણ અને ભોગવતા છતાં પણ સુખ બુદ્ધિ સ્થાયી એકમાં સમજાતી નથી. છતાં પણ કહીએ છીએ કે 'માતા પિતા' એ મ્હારૂં **આંતરસુખ.** 'પતિ' એ મ્હારા **વિશુદ્ધ પ્રેમનું સ્થાન-જીવન સર્વસ્વ**, અને 'પુત્રો' તો મ્હારૂં **હૃદય-સ્નેહ** સંબંધ-સ્નેહીઓ—એ સુખનાં સાધનો!

આ ઉપરથી એટલું તો જણાય છે કે આ આપણને સુખ મળવાનાં સાધનો છે. આ વખતે **સાધન** શબ્દ આપણને ઘણોજ હલકો લાગશે. ઉપરનાં વિશેષણો આગળ આ કેવળ તુચ્છ લાગશે, પરંતુ ઉંડી દૃષ્ટિ કરતાં તો તે આપણાં સાધનોજ ભાસે છે. તે જુઓઃ કે ધર્મ ભાન વિનાની નીચ કોમમાં માતાને પુત્રો કેવા પ્રિય હોય છે? પુત્રોને માતા કેવી પ્રિય હોય છે? પતીને પત્ની અને પત્નીને પતિ કેવાં પ્રિય હોય છે? જે ઘરમાં મા વ્યભિચારી હોય, પિતા પણ તેવાજ હોય તે ઘરમાં માતા પિતા શું બાળકોને પોતાનું હૃદય સમજી શકશે? બાળકો માતાને **આંતર સુખ** માની શકશે? ના, નહિજ માને; કારણ કે પુત્ર વાત્સલ્ય ભાવવાળી માતારૂપ **દિવ્ય સાધનના** અભાવે કરી આપણે તેમાંથી સુખ મેળવી શકતા નથી એટલે તે આપણને પ્રિય નહિ અને ત્હેના વિયોગથી દુઃખ પણ નહિ.

વળી પતિ જુઓઃ પુષ્કળ દારૂ પીને પતિ આવ્યો હોય, સ્રીને સારી રીતે બંઝોડતો હોય, ઝીણા ઝીણા દરેક પ્રસંગમાં તેને સતાવતો હોય તો બોલો બ્હેન! તે સ્રીને એ પતિ કેટલો પ્રિય લાગતો હશે? હું તો કહું છું કે સહેજે નહિ. કેટલીક સ્રીઓને મુખેથી મ્હેં એમ પણ સાંભળ્યું છે કે 'બળ્યું આનાથી તો રંડાપો સારો.' આ બધા ઉપરથી એટલું તો સ્હમજાય છે કે આ સર્વે સાધનો તો ખરાંજ. વળી આ ત્રણેજ સાધનો સુખના આપનાર હોય છે એમ ના માનશો. કારણ કે જેઓને આમાંથી સુખ નહિ મળતું હોય તેઓને અન્ય કોઇ સાધનો દ્વારા ઇશ્વર કાંઇક સુખનો—આનંદનો—અનુભવ કરાવતો હશેજ.

હવે આમાંથી આપણે એક મુદ્દાની વાત સ્હમજવાની છે તે જુઓ. બ્હેન! આપણે જે બધાં દુઃખનાં રોદણાં રડીયે છીએ તે એટલું તો સુચવે છે કે આપણને સુખ નથી, તે મેળવવું છે. પહેલાં જેનાથી સુખ મેળવતા હતા તે સાધન ગુમાવ્યું છે—દૈવેચ્છાથી દૂર થયું છે. તો હવે બીજા સાધનથી કાંઇક સુખ મળે અને હમેશને માટે રોદણાંજ રડવાનાં ના રહે એવું કાંઇક કરવું જોઇએ. સાધન મેળવવું જોઇએ. આને માટે કર્મ, ભક્તિ

એ ત્રણ સાધનો મારા ધાર્યા પ્રમાણે ખરૂં સુખ-વાસ્તવિક સુખ-મેળવી આપવાને ઘણાં ઉપયોગી છે. પતિરૂપ દિવ્ય સાધનથી આપણે વ્યવહારજન્ય સર્વ સુખ મેળવતાં હતાં-અરે! સુખરૂપ બનતાં હતાં તેવીજ રીતે આ સાધનોથી આપણે પ્રભુ પ્રતિના પ્રેમમાં તલ્લીન બની શકીશું.

હવે વળી એક બીજો વિચાર સ્ફુરે છે: કે, વ્યવહાર દૃષ્ટિથી મને લાગે છે કે જો આપણે આનંદનાં સાધનો વધારીએ તો, આપણે જે શેદણામાં અહોનિશ ત્હેનું સ્મરણ કરી શકીએ છીએ તે બંધ થાય. ત્યારે આપણે વિશ્વાસઘાતી કહેવાઈએ.

આ સવાલના જવાબમાં એ દિવ્ય ભગિનીએ જે કહ્યું તે પર પુષ્કળ વિચાર કર્યા પછી હું મ્હારા શબ્દોમાં લખું છું કે આપણે વિશ્વાસઘાતી કહેવાતા હોઇએ તો તે આપણા હાથમાં નથી, કારણ કે કાંઇક ઇશ્વિરી કાનુનજ એવો જણાય છે કે દરેકને આનંદ તો હોવોજ જોઈએ-સુખ પ્રિય હોવું જોઇએ, અને તે હરકોઈ રીતે ત્હેમને મળવું જોઇએ. કારણ કે આત્મા આનંદરૂપ લાગે છે-તે જુદા જુદા સાધનોથી આનંદ-સુખ-મેળવ્યાંજ કરે છે. તો પછી આ કુદરતી સ્વભાવને આપણે શી રીતે વાળી શકીશું? સાધનોના વિયોગે-અભાવે-કરીને આપણને થોડો વખત દુઃખ લાગે છે. પણ કાળે કરી પાછું નવું કાંઇક સાધન મેળવી સુખ લઈ લઇએ છીએ તે પ્રત્યક્ષ આપણા દાખલા ઉપરથી સ્હમજાય છે, કે જે દુઃખ આપણને તાજું લાગતું હતું, જેમાં હસવાનો બીલકુલ અવકાશ નહોતો તે હવે નથી લાગતું; કારણ કે **આનંદ રૂપ આત્માએ સાધનો દ્વારા પોતે પોતાનું સ્વરૂપ વિસ્તાર્યું.**

જ્યારે આ સર્વ ઇશ્વિરી સત્તાની વાત છે તો આપણે ત્હેને વિશ્વાસઘાતીપણું ના માનવું પણ ત્હેનો ખરો બદલો વાળવો. ઇશ્વિરી સૃષ્ટિમાં અને ઇશ્વિરી આનંદમાં નિરંતર અભિવૃદ્ધિ કરે એવા **દિવ્યસાધનના** વિયોગ પછી પણ ત્હેના ઉપકારનું સ્મરણ કરી ત્હેના ઋણમાંથી મુક્ત થવા ઇરાદો રાખવો. તે એ કે ત્હેના મોક્ષની ઇચ્છા કરી, સ્મરણ થાય ત્યારે દેવરૂપ જેવા વિચાર કરવો અને વિવિધ જાતનાં કાર્યોથી અનેકનાં અંતર આત્માને શાંતિ આપી-આત્મારૂપે-તત્વરૂપે-એકજ એમ માનવું. જેથી કાંઇક આપણે જાણે ઋણ મુક્ત થતાં હોઇએ ને વિશ્વાસઘાત કમી થતો હોય એમ મ્હને અનુભવથી લાગે છે માટે ઇશ્વિરી સત્તાને-આત્માના સ્વભાવને-અનુસરીને ચાલવું અને જે સ્વલ્પ સાધનોથી ક્ષણિક સુખ મેળવવાની લાલસારૂપ બાહિર વૃત્તિ છે ત્હેને કર્મ જ્ઞાન અને ભક્તિરૂપ ઉત્તમ સાધનથી અંતર્ગત કરી સુખ સ્વરૂપમાં લવલીન થવું જોઇએ. ૐ શાન્તિ.

<u>રાત્રી સમય:—</u>

રાત્રે ઘણો વખત ભજન કર્યા પછી બધાં નીચે મહારાજ સાથે વાતો કરવા ગયાં. પુરૂષની વાતોમાંથી ઘણું નવું જાણવાનું મળે છે. આવાં તીર્થોમાં એવા ઘણા મહાત્માઓ છે. આ મહારાજ કાંઇ સામાન્ય શુષ્ક વેદાંતી હોય એમ લાગતું નથી, પણ રસીક છે. ના સંપ્રદાયમાં ભક્તિને પ્રાધાન્ય પદ છે.

તેઓ વિવેકી, ધર્મમાં ઉંડા ઉતરેલા છે. તેમ બહુ દરકાર અને ભાવવાળા છે. ત્હેમનાં શબ્દો ફક્ત આઘેથી સાંભળવાથી પણ જણાય છે કે તે દરેક રાજકીય, વ્યવહારીક, મિક વિષયોમાં ઉંડા ઉતરી બુદ્ધિપૂર્વક તારણ કાઢનાર છે. આ માધવદાસજી મહારાજના ર છે, તો મહારાજથી તેથી પણ વિશેષ પ્રાપ્ત હોવા જોઇએ.

પ્રારબ્ધ:—બધાંએ થોડીવાર પ્રારબ્ધ ઉપર વાતો કરી. પ્રસંગ અનુસાર તેજ વિષય ઉપર કોઈ એક મહાત્માનો રચેલો દોહરો તેમણે કહ્યો. ત્હેનો અર્થ એવો હતો કે 'કળીયુગમાં માણસો જે પાપ કરે છે તેનું ફળ તેઓને મળતું નથી અને પુણ્ય કરે છે તેનું મળે છે.' આ શબ્દો બધાને ઘણા આશ્ચર્યકારક લાગ્યા. તેથી તેનો અર્થ મહારાજે કરી બતાવ્યો કે, કળીયુગમાં માણસોની વૃત્તિ તુચ્છ કાર્ય કરવા તરફ જલદી દોરાય છે. એને માટે વિચાર કરવાની–મનન કરવાની તેઓને જરૂર રહેતી નથી. તુરતજ વર્તનમાં મુકે છે. તેથી તેની વાસના તેમનામાં બંધાતી નથી. પણ તેથી ઉલટું પુણ્ય કર્મને માટે તેઓ કાંઇક વિચાર કરવા રહે છે. અને 'થશે' 'પછી કરશું' ઇત્યાદિ વિચારોથી તેની વાસના તેના મગજમાં રહેવાથી તેનું ફળ તેઓ પામે છે અને પાપનું નથી પામતા. આ ઉપરથી એટલું સ્હમજાય છે કે જે જે પુણ્ય પાપનાં કર્મો વાસનારૂપે બંધાય છે તે તે પાછળ આપણને પ્રારબ્ધરૂપ આપવા તૈયાર થાય છે. જો તેની વાસના બંધાતી ના હોય–નિર્વાસનામય નિષ્કામ કાર્યો થતાં હોય–તો લાગે છે કે પ્રારબ્ધ ભોગવવાં ના પડે.

વળી આ દોહરા ઉપરથી બીજું પણ એક જોવાનું છે કે આવી આવી ઘણી વાતો, શ્લોકો અને કવિતાઓ વાંચી તથા સાંભળી છે. કેટલીક વખત તે સાંભળીને હંબક જેવું લાગ્યું છે પરંતુ તે દરેકનો આવી રીતે ગુઢ અર્થ નીકળી શકે. પણ તેવો અર્થ સ્હમજાવનારની ઘણી ખોટ છે.

લગભગ સાડા અગીઆર વાગે આવી ઉંચા પ્રકારની ઘણી વાતો કરી બધાં ઉપર ચઢયાં અને આવી રીતે ઉત્તમ પ્રકારે સાધુ જીવન ગાળનારને પરોક્ષપણે ધન્યવાદ આપતાં અને શ્રવણ કરેલી વાતોનું મનન કરવા લાગ્યાં. અત્યારે ઘણોજ આનંદ થતો હતો. પરસ્પર હાસ્યવિનોદમાં લગભગ કલાકેક થઇ ગયો હશે પણ જણાયો નહિ.

તા. ૧૪–૫–૧૪.

બધાં બપોરે પનઇમાં બેસી પરમહંસજીના દર્શનાર્થે 'રણાપુર' ગયાં. એક પુખ્ત વયની બાઈ સાથે એમ ચારેક જણાં અહીં રહ્યાં. થોડુંક વાંચ્યું, લખ્યું, ભજનો ગાયાં ને દિવસ પૂરો કર્યો.

તા. ૧૫–૫–૧૪.

આજે નહાવાની પુષ્કળ મઝા પડી. ઘણો વખત નાહ્યાં. ઘેર આવી ચ્હા પી થોડુંક વાંચ્યું. ગપ્પાં માર્યાં. પછી પેલા લોકોની આવવાની વાટ જોઈ છેવટે મોડાં દશથી જમ્યાં. અત્યારે મ્હારૂં મન ઘણું આનંદ નિમગ્ન હતું. અને હસવા લાયક ઘણી વાતો મ્હારાથી બોલાતી હતી. મ્હારી વાતોથી કોઇને કંટાળો આવતો હોય તો ત્હેનું મને ભાન હોતું નથી. પછી કેટલીક ઉપયોગી વાતો પણ કરી. થોડો આરામ લીધો. કાંઇક વાંચ્યું, લખ્યું. પછી મહારાજ સાથે કેટલીક વાતો કરી. તે ઉપરથી જણાયું છે કે પરમહંસ માધવદાસજી મહારાજની પૂર્વ સ્થિતિ બંગાળામાં હતી. તેઓ ૧૮૫૭ ના બળવા વખતે નોકરી કરતા હતા અને તેમને બળીઆ કોણીની નીચે ટાંકેલા છે માટે તેમની ઉમર ઘણી મોટી થઈ હોય એમ લાગે છે.

વળી બંગાળા અને ગુજરાતની સ્થિતિની કેટલીક સરખામણી કરી. ત્યાં ગૌરાંગ પ્રભુનાં ઘણાં મંદિરો છે. લોકો શ્રદ્ધાળુ અને જુદા જુદા દરેક વિષયમાં આગળ વધેલાં છે;

ત્નર્વદ્વિપમાં વિધવાઓને એ સ્થિતિ પ્રાપ્ત થતાં તરતજ આ સંસાર સ્થિતિમાંથી દુર કરી મંદીરોમાંજ મુકવામાં આવે છે. આ વાત અમને ઘણી રૂચી, અને આપણા દેશની વિધવાઓની જીંદગી કેવા વ્યવહારી કામોમાંજ પૂર્ણતા પામી જાય છે એ વિચાર આવ્યો. અહા! જો એકજ જ્ઞાતિ કે દેશ જો આવો નિશ્ચય કરે કે હરકોઈ રીતે પણ વિધવાઓને અનુકુળતા કરી આપી આ કુટુંબભારથી દૂર કરીએ, તો ઠીક; પરંતુ હજી ગુજરાતના અને ખાસ કરીને વિધવાઓના કમનસીબ છે, ત્યાં સુધી એવું સ્ફુરણ શી રીતે થાય? પ્રભુ! સત્વર અમારી જીંદગી ઉન્નત પ્રકારે ગાળીએ એવી અનુકૂળતા કરી આપો.

આવી કેટલીક વાતો કર્યા પછી રણાપુરથી મહારાજશ્રીનાં દર્શન કરીને આવેલાંની સાથે ઘણી વાતો કરી. બાળાઓ તેમજ મ્હોટાં પોતપોતાના અધિકાર મુજબ જે આનંદ મેળવી આવ્યાં હતાં તે મુજબ તેમણે રસમય ભાવથી વર્ણન કર્યું અને આરતિ ગાઈને સુતાં.

તા. ૧૬–૫–૧૪.

આજે અમારામાંથી કેટલીક બ્હેનો સુરત 'વનિતા વિશ્રામ'ના વાર્ષિક મેળાવડા ઉપર જાય છે. તેઓને આ સ્થાન ઘણું ગમ્યું છે. બનશે તો પાછાં આવવાનાં છે. બપોરે જમી પરવાર્યા પછી આશ્રમમાં વાંચવા સુવાનું સ્થાન સૌએ શોધી કાઢ્યું. અહીં બપોરે એ દિવસથી તાપ સખત પડે છે. રાત્રે પવન પણ પુષ્કળ વાય છે. તેથી ઓઢવાની પણ જરૂર પડે છે. બપોરે ઉન્હી લુ વાય છે. અહીંની હવા ઘણી સારી મનાય છે. વ્યવહારી માણસોને તો ઝાઝું અહીં ગમે તેવું નથી. કારણ કે આટલામાં કાંઈ પણ જોવાનું કે ફરવા હરવાનું નથી, પરંતુ અમને તો ઘણુંજ સારૂં ગમે છે ને આનંદ પણ થાય છે. સાધારણ રીતે સંઘમાં જનારા માણસોને ઠેઠ સુધી પુરેપુરો સંપ રહેતો નથી પણ અહીં એમાંનું કાંઇ પણ જણાતું નથી. કેવળ ભાંડુભાવથી બધાં વર્તે છે. કારણ કે આ સંઘ જેવું નથી, પણ એક કુટુંબ જેવું છે. દરેકને પોતપોતાના મત પ્રમાણે કામ કરવાનું નથી પણ એકના મતથી કરવાનું છે. તેથી મોટો માંહ્ય કુસંપ થવાનું કારણ રહેતું નથી. છાયા નીચે રહેવાથી શાંતિજ મળે છે એ નક્કી જાણવું. દેખીતી પરતંત્રતા પણ અંતર્ગત શાંતિ છે. મુખ્ય માણસને માથાફોડ ઝાઝી છે. દરેકને સુખમાં રાખવાં. સારી રીતે લાવવાં, લઈ જવાં એ બધી ચીવટ તેમને રાખવી પડે છે. પરંતુ એકંદરે પોતપોતાની પદ્ધી પ્રમાણે બધાં મઝા મેળવે છે.

મૂર્તિ પૂજા:—રાત્રે કેશવદાસજી મહારાજ સાથે મૂર્તિપૂજા સંબંધી ઘણી વાતો થઈ. તેમણે યજ્ઞની અને મૂર્તિપૂજાની સરખામણી કરી. યજ્ઞને બદલેજ તે પ્રચલિત છે એમ જણાવ્યું. યજ્ઞો બંધ થતાં મૂર્તિપૂજા નિમિત્ત પણ ઘણાં ખરાં પારમાર્થિક પ્રભુ પ્રિત્યર્થ કર્મો કરી શકાય છે. પરંતુ હાલ તેનું ઘણું રૂપાંતર થઈ ગયું છે. કર્મ બંધ પડી ગયાં છે. એટલે યજ્ઞના જેવું ફળ મેળવી શકતા નથી. આથી સમાજીસ્ટોને આપણી મૂર્તિપૂજા ઉપર હસવું આવે છે. પરંતુ તેઓ એનો મૂળ ઉદ્દેશ સ્હમજતા નથી–તે પ્રમાણે વર્તવાની ઇચ્છા કરતા નથી, તેથીજ હસે છે. જાણ્યે અજાણ્યે દરેક માણસ મૂર્તિપૂજા કરે છે. જેવી રીતે કોઈ યુવકની એકાદ ઘણી સારી કન્યા સાથે સગાઇ કરી હોય–હમેશાં ત્હેના રૂપગુણના વખાણ સાંભળતો હોય, પણ ત્હેને પોતે પ્રત્યક્ષ જોઈના હોય તો તે યુવક શું કરે? સાંભળેલા વખાણ પ્રમાણે તેની મનોમયી મૂર્તિ ખડી કરે. તેનાંજ દર્શન કરે. સ્મરણ મનન કરે; ધ્યાન ધરે. અને જ્યારે તે પ્રત્યક્ષ થાય ત્યારે તેને આમ કરવાની જરૂર રહેતી નથી;

કારણ જેનું સ્મરણ મનન તે કરતો હતો તેને જ પ્રત્યક્ષ અનુભવવા લાગ્યો. તેવી જ રીતે, ઈશ્વરી સ્વરૂપના ભાવિક પુરુષો પ્રભુની મનોમયી મૂર્ત્તિ ખડી કરે છે, પરંતુ મન ચંચળ છે–વૃત્તિઓ અસ્થિર છે. તેથી પ્રભુ ચિંતનમય મન આખો વખત રહેતું નથી. વળી બહિર્મુખ વહારી મનુષ્યો વારંવાર મનને રોકી શકવાને ઓછા સમર્થ હોય છે તેથી તે મનોમયી સૂક્ષ્મ મૂર્તિનું બાહ્ય સ્થૂલ સ્વરૂપ કરવું આવશ્યક છે. બ્હેન ! દરેક સૂક્ષ્મ વસ્તુનું જ્યાં સુધી સ્થૂલરૂપ કરવામાં નથી આવ્યું ત્યાં સુધી તે જોઈએ તેવું ઉપયોગી થતું નથી. કારણ કે આપણી સ્થૂલ વૃત્તિઓને કેળવવાને સ્થૂલ પદાર્થોજ જોઈએ. મૂર્તિ પૂજા ઉપર બીજા ટીકા કરે છે. પરંતુ જુઓ ! દુનિઆમાં ચાર મોટા ધર્મ પંથો ગણાય છે. હિંદુ, બૌદ્ધ, ખ્રિસ્તી અને યાહુદિ. આમાં–આ મુખ્ય પંથોમાં–બીજા ઘણા મતો થઈ ગયા છે, પરંતુ તે દરેકનો અંતિમ ઉદ્દેશ એકજ અવિનાશી પ્રભુને પામવાનો હોય છે. અને મૂર્તિ પૂજા પણ દરેક કરે છે. છતાં 'અમારૂં તે સારૂં ને તમારૂં તે ખોટું' એવા અજ્ઞઃઆમંડળ જેવા ઝગડા, પ્રભુનો રસ્તો શોધનારા–તે રસ્તે જનારા વિદ્વાન પુરુષો પણ કરે છે એ કેટલું શોચનીય છે !

આ સર્વ તરફ આપણે તો દુર્લક્ષજ રાખવું. કારણ કે સર્વ મહાન્ પિતાનાં બાળકો છે. કર્મ ભક્તિ કે જ્ઞાનથી, કાયા વાચા કે મનથી પોતાની બુદ્ધિ પ્રમાણે દરેક તે મહાન્ પ્રભુની સેવા કરી રહેલા છે. યોગી પુરૂષો માનસીક સ્થિતિને સુદૃઢ બનાવી વૃત્તિઓનો નિરોધ કરી, ઉત્પત્તિ; સ્થિતિ અને લય ચિંતનદ્વારા સર્વવ્યાપક પ્રભુનું–વિરાટ સ્વરૂપનું–ધ્યાન કરી રહ્યા છે. વિવેકી પુરૂષો ભાગ ત્યાગ લક્ષણાએ કરી નામરૂપમય જગતમાં અસ્તિ સ્વરૂપ બ્રહ્મને તત્વમસિ ઈત્યાદિ મહાવાક્યોદ્વારા વિચારી રહેલા છે. સ્નેહી જનો માનસિક પ્રદેશને કોમલ, સ્નેહરૂપ બનાવી સાકાર વા નિરાકાર પ્રભુનું અત્યંત ભાવથી ભજન પૂજન કરે છે. કેટલાક વળી સર્વં ખલ્વિદં બ્રહ્મ એ સૂત્ર પ્રમાણે સર્વત્ર પ્રભુમય દૃષ્ટિ કરી, આપણે સર્વ એકજ ઈશ્વરાંશી છીએ એમ માની જગત્ પ્રતિ સ્નેહભાવ–દયાભાવ વધારે છે. તેમાંજ તેઓ ઈશ્વર ચિંતન કર્યા કરે છે. આવી રીતે સર્વ તે મહાન્ પ્રભુને જુદી જુદી પ્રક્રિયાઓથી સેવે છે, પૂજે છે, ભજે છે. પ્રભુ ! મ્હને પણ ક્રિયામાં, ધ્યાનમાં, ભક્તિમાં અને જ્ઞાનમાં ઉર્ધ્વ સ્થિતિએ ચઢાવ. ૐ શાન્તિ.

<u>તા. ૧૭–૫–૧૪:—</u>

સ્હવારે નર્મદા–સ્નાન કરી આવી દરેક પોતપોતાનું નિત્ય કર્મ કરવા બેઠા. હું પણ બેઠી. આજથી તે પાછી આ પતિતપાવની નર્મદાનો શાંત સ્થળનો; ઉત્તમ સમાગમનો, કુદરતની વનલીલાનો અને આનંદમય વાતાવરણનો સહવાસ છોડી વ્યવહારની ખટપટી ગલીઓમાં ધકેલાઉં ત્યાં સુધી પ્રભુમય સ્થિતિ ટકાવવા અમુક જપ કરવા–એવો વિચાર થવાથી તે કરવા લાગી.

અમારૂં કાર્ય–ઇશ્વર સેવા:—નિત્ય કર્મ પરવારી બધાં નીચે વાતો કરવા બેઠાં. બાળાઓ પાસે કાંઇ ભજન, સ્તોત્ર બોલાવ્યાં. જુદી જુદી વાતો કરતાં પ્રસંગોપાત મહારાજે કહ્યું કે આ ઉપાડેલું કાર્ય તમને ઉપાધિરૂપ લાગે છે પણ તે ઉપાધિ ન હોય પરંતુ એક સેવા છે–ઈશ્વરની સેવા છે–રંકની સેવા છે, એમ માની આગળ વધો. મૂર્તિ પૂજામાંજ નહિ પણ જગતમાં સ્નેહ પ્રસરાવો. આવી બાલિકાઓના ઉદ્ધાર માટે સ્નેહ વધારો. તમારૂં સર્વ ત્યાગીને બાળાઓને સુખનાં સાધન વધારી આપો. એમાંજ તમારો સર્વત્યાગ. અહં મમનો ત્યાગ છે. વાણીથી નહિ પણ કૃતિથી 'ન મમ' કરો. તમારૂં સર્વ ત્યાગ કરો એટલુંજ નહિ

પરંતુ અહમ્ નો ત્યાગ કરી દુઃખી બાલિકાઓને માટે ભીખ પણ માગો. તેથી અહંપણાનો ત્યાગ થાય છે. પોતાના કુટુંબ માટે સંસારમાં માણસો કેટલી જહેમતો અને અનેક કાળાં ધોળાં કર્મો કરે છે. તે તરફ દૃષ્ટિ કરતાં જગત્ પિતાના બાળકોને પોતાના કુટુંબી માની તે માટે ભીખ માગીશું તેમાં કાંઈ આપણી અધોગતિ થવાની છે? આપણે આપણાં કાર્યનું ફળ જોવાનું છે. અને મહાન્ પિતા તરફ જોવાનું છે. પરમાર્થનું કામ કરવા તત્પર થવાથી ભીખ માંગવી પડી છે એજ ઇશ્વર પ્રેમની સાબિતિ છે. અંતર્યામી પ્રભુ ધનવાન, શ્રદ્ધાવાનના હૃદયમાં ઉતરી ત્હમારી સાત્વિક ભિક્ષાની માગણી સ્વીકારશે. હું પણ મ્હારા મંદીરના કામની વ્યવસ્થા કરી તમારા આ કામને માટે પ્રયાસ કરીશ. મ્હને આ સેવાનો રસ્તો ઘણો ગમે છે.

સંધ્યા સમયની ક્રિયાઓ:—આ વિગેરે વાતો કર્યા બાદ ભોજન લઈ લગાર આરામ લીધા પછી નજીક આવેલા ચંગારેશ્વર મહાદેવમાં દર્શન કરવા ગયાં. અહીં આ બે મંદિરો સિવાય કાંઈ પણ બીજું જોવા લાયક સ્થળ નથી; પરંતુ મહારાજશ્રીની ઘણીજ મહેરબાની–ઘણોજ ઔદાર્યભાવનો આતિથ્ય સત્કાર, રમણીય સ્થળ, અને અમારા વિશ્વકુટુંબનો નિર્દોષ આનંદ અન્ય સ્થળે જવાની ઇચ્છાજ કરતો નથી. ત્યાંથી દર્શન કરીને આવ્યા પછી નહાવા ગયાં. આજે નહાવાની ઘણી મઝા પડી હતી. વડીલની રજાથી ઘણો વખત સુધી જળમાં આનંદ કરી–કુંભક, ત્રાટક વિગેરે કરી ઘણું નાહ્યાં. ઘેર આવી સર્વ સાંજનું કર્મ કરવા લાગ્યાં. મ્હેં પણ અલ્પ શક્તિ પ્રમાણે છજામાં જોસભર ફુંકાતો પવન ખાતાં સંધ્યોપાસન કર્યું. આ વખતે ઘણું નાહ્યાં હતાં તેથી દીલ પણ ઠંડુ થયું હતું. સાંજનો વખત હતો. બધાં–ન્હાનાં મોટાં તમામ–પોતપોતાનું કર્મ કરવા લાગી ગયાં હતાં. તેથી સર્વત્ર શાંત હતું. સવિતાનારાયણ અસ્તાચળમાં પહોંચી ગયા હતા. નિર્મળ સરિતા લહેરે ચઢી હતી. તેમ મ્હારૂં અંતર પણ લ્હેરે ચઢ્યું હતું અને જાણે શરીર પણ વાયુમાં ઉડી લ્હેરી સરિતામાં મ્હારા તરંગી લ્હેરી મનને ઝંપલાવતું ના હોય! એવો ભાસ થતો હતો. આ વખતે શ્રીયુત્ છોટાલાલ માસ્તરના રચેલા

" ચિતિ દરિયે ગળી જાજે, હે મન! ચિતિ દરિયે ગળી જાજે.

" લવણ તણી બની પુતળી પ્રિય આજે—હે મન!—"

ભજનનો સાક્ષાત્ અનુભવ–તન્મય સ્થિતિ થતી હતી, પણ કમનશીબે તે સ્થિતિમાં ઝાઝો વખત ટકાયું નહિ. માથું નબળું હોવાને લીધે અને ઝાઝો વખત જળમાં તેમજ પવનમાં રહેવાને લીધે ઘણુંજ ભમવા લાગ્યું. હું ઉઠીને અંદર આવી સુઈ ગઇ. બધાં નીચે બાગમાં વાતો કરતાં હતાં. મારૂં મન ત્યાં હતું પણ બાગનો પવન ખાઇ શકવા જેટલી શક્તિ અત્યારે નહિ હોવાથી હું સુઇ રહી. બધાં ઉપર આવ્યાં. દુધ પીવાને મ્હને શોધવા લાગ્યાં, અને ઉઠાડી. અત્યારે બધાંની અતિશય સ્નેહવૃત્તિથી મ્હારૂં હૃદય દુઃખ સહન કરી શક્યું નહિ. કેવળ ખાલી કર્યું. ઉઠી, દુધ પીને સુઇ ગઇ. આ થોડીવારમાં બધાંની લાગણીઓ મ્હારી તરફ એટલી બધી આકર્ષાવલી હતી કે તેનું વર્ણન મ્હારાથી થાય તેમ નથી. અને માટે એ બધાંનો શો ઉપકાર માનું?

<u>તા. ૧૮–૫–૧૪</u>

આજ કાંઈ ખાસ વિશેષ બનાવ બન્યો નથી. રાત્રે મહારાજે 'ઉત્તમ પ્રકારે જીવન રીતે ગાળવું' એ બાબત ઉપર થોડુંક વિવેચન કર્યું હતું. તે સાંભળી સુઈ રહ્યાં.

ता. १९-५-१४

માલસરથી વ્યાસ:—બરાબર સાડાચારે ઉઠી ન્હાઈ ધોઈ પૂજન વિગેરે પરવારી અમે ૭ સાત જણા દમણીઆમાં બેસીને વ્યાસ જવા નીકળ્યાં. ખાસ મ્હારે માટેજ આ બધાને આટલી બધી તકલીફ લેવાની જરૂર પડી છે. તેથી પ્રત્યક્ષ માગતાં શરમ આવી પણ પરોક્ષ રીતે માફ મંગાઇ. પૂજ્યભાવ વધ્યો. બરાબર ૭ વાગે અમારી ગાડી હંકાઈ. થોડે દૂર ગયાં એટલે એક વિશાળ આંબાવાડીયું આવ્યું. આ સ્થળ ઘણુંજ રમ્ય, કુદરતની અપૂર્વ લીલાનું, ઇશ્વરની અકલિત કળાનું ભાન કરાવતું હતું. ચોતરફ જ્યાં જ્યાં દૃષ્ટિ નાંખીએ ત્યાં ત્યાં વિશાળ આમ્રવૃક્ષપર સુંદર અમૃતફળ ઝુકી રહ્યાં હતાં. સૂર્ય દેવતાનાં આછાં કિરણોનો પ્રકાશ તે ઉપર પડવાથી રાતાં આમ્રફળ, જાણે સોનાનાં અલંકાર વૃક્ષે ધારણ કર્યાં ના હોય એવાં ભાસતાં હતાં. ધારણ કર્યાં પણ હોય કારણ કે જગદોદ્યાનનો વિશ્વ વિહારક માળી અતિ ઐશ્વર્યવાન છે. તેને ત્યાં શું ખોટ હોય ? પ્રભુ ! અત્યારે હું ત્હારી અવર્ણનીય લીલામાં કેવળ નિમગ્ન છું. ગાડી ધીમે ધીમે ચાલી જતી હતી.

यावत् प्रतापनिधिराक्रमते न भानुरह्नाय तावदरुणेन तमो निरस्तम् ॥ હજી પ્રતાપનિધિ સૂર્ય ઉગ્યો નથી તેટલાંમાં તો અરૂણે અંધારૂં નાશ કર્યું હતું. પ્રભાતનો મંદ મંદ સમીર કુદરતની અકલિત કળામાં તલ્લિન કરતો હતો. મોરલીધર કૃષ્ણ પરમાત્માના બાળ ચરિત્રનાં પ્રભાતીયાં મુક્ત કંઠથી ગવાતાં હતાં. અહા ! કેવો આનંદ ! પ્રશાન્ત ગીચ વનમાં વિશાળ વૃક્ષ છાયા નીચે આમથી તેમ ફરતા બાળમુકુંદ ભગવાનની મીઠી મોરલીના તીણાં સુરનો માનસિકભાવ મનને ઘણોજ આનંદ આપવા લાગ્યો. અત્યારે મ્હારા **બંસી પ્રિય જીવનને** પણ તન્મય જોવા લાગી. અત્યાર સુધીમાં જ્યારે જ્યારે મોરલીનો પ્રત્યક્ષ સ્થૂલનાદ મ્હારે કાને પડતો હતો ત્યારે ત્યારે જો કે મ્હને પ્રભુની સામગ્રી હોવાથી ઘણો પ્રિય લાગતો પણ હૃદયમાં ચણચણાટ ઉપજાવતો હતો. આ સૂક્ષ્મ નાદથી મ્હને ઘણો આનંદ થયો.

ઈશ્વરની અદ્ભૂત શક્તિ અને આપણી સંસાર સ્થિતિ સંબંધી વાતો કરતાં કરતાં, બીચારા દુઃખે પાપે પણ અતિવ ભાર વહન કરનારા બળદને આધીન થઇ અમે ચાલવા લાગ્યાં. દશેક વાગે વ્યાસ પહોંચ્યાં. ત્યાં લક્ષ્મીનારાયણના મંદીરમાં ઉતર્યાં. નર્મદામાં સ્નાન કરી પાછાં ફરતાં ખરો મધ્યાહ્ન થયો હતો. ઉપર સૂર્ય અને નીચે રેતી તપી હતી. આ પ્રસંગે મહારાજે કહ્યું કે અમારો ગુરૂ બન્ધુ આવામાં ચોરાશી ધુણી સેવતો હતો. અહો ! નીચે, ઉપર, આગળ પાછળ તાપ તાપ ને તાપજ. આવામાં વચમાં રહેનારની શી સ્થિતિ થતી હશે ? શા માટે આટલું બધું કષ્ટ સહેતા હશે ? અમારાથી એટલું એમને એમ ચલાયું પણ નહિ. ભીનાં કપડાં ઉપર પગ મૂકતાં મૂકતાં ઉતારે આવ્યાં. ત્યાં રસોઇ કરાવી જમ્યાં. થોડીક વાર બેઠાં, પછી પછી પાંચેક વાગે નીકળવાની તૈયારી કરી પાસે કૈલાસપુરીનાં દર્શન કરવા ગયાં. મંદીરમાં પેસતાં ઘણા શીવલિંગના દર્શન થયાં. મ્હને લાગે છે કે એ કૈલાસપુરીમાં શ્રી સાંબસદાશિવનું અહોનિશ સ્મરણ ભજન થવાને માટેજ આખો ચોક તેનાથી ભરી દીધો છે. અમને તો પ્રદક્ષિણા કરવાની જગ્યા શોધતાં પણ મુશ્કેલી નડી. ત્યાંથી દર્શન કરી અમે વ્યાસના મંદીરમાં આવીને બેઠાં. ત્યાં થોડાંક ભજન સ્તોત્ર ગાઇ ઘર તરફ આવવા નીકળ્યાં. ઠાકોરની માફક ત્યાં પણ બ્રાહ્મણો પાઈ પૈસો લેવા ભેગાં થઇ જાય છે. રસ્તામાં રેતીમાં અને કાંકરામાં આનંદ કરતાં ટેકરો ચઢી થોડે દૂર ગયાં ને એક ગાડીની કમાન તુટી એટલે ત્યાં અમારે થોડીવાર અટકવું પડયું.

બાળલગ્નનો દેખાવઃ—એટલામાં પાસે રહેનાર એક પાટીદારની ત્રણેક વર્ષની છોકરી કંઇ પણ વસ્ત્ર પહેર્યા વિનાની રમતી હતી. આખે શરીરે પીઠી ચોળી હતી, તેથી કાંઇક લાગ્યું કે આનાં લગ્ન હશે. પૂછતાં માલુમ પડયું કે એનાં આજેજ લગ્ન છે. અમે બેએક પૈસા, ને થોડોક ચેવડો આપીને એ છોકરીને પાસે બોલાવીને પૂછયું; પણ બરાબર બોલતાંએ આવડતું નહોતું, એટલે બિચારી શું કહે? આટલી ત્રણ વર્ષની છોકરી શું જાણશે કે લગ્ન એટલે શું? આવાં લગ્નોથી એમનો સંસાર કેવો નિવડે? આપણાં હિંદુ માબાપો એટલા બધા રૂઢિચુસ્ત બની ગયા છે કે કાંઇ ભવિષ્યનો, સારાસારનો વિચાર કર્યા વિના કેવળ આંખો મીંચીને ઝંપલાવે છે. વળી આ ગામ શ્રીમંત ગાયકવાડ સરકારનું છે. ન્હાની ઉમ્મરની છોકરીને જે કોઈ પરણાવે તેને દંડ ભરવો પડે છે. તો દંડ ભરીને પણ, છોકરી ન્હાની સરખી પરણાવીએ તોજ લ્હાવો લીધો કહેવાય. આ તો ઠીક છે કે કણબી પાટીદારની કન્યા હતી એટલે કંઈ થાય તો કામ બેસવામાં એમને કાંઇ વાંધો નહિ; પરંતુ એ સ્થળે બ્રાહ્મણ વાણીઆની છોકરીની, આવી ન્હાની અવસ્થામાં કાંઇ થાય તો? શી દશા? શી દશા શું, અત્યારે હિંદુસ્તાનમાં કરોડો વિધવાઓ છે તેમાં વધારો. કેવળ અણસમજમાં બગડવાથી ને અજ્ઞ સમૂહમાં ઉછરવાથી જે સ્થિતિ થવાની હોય તે થાય એમાં કોઇને-લ્હાવો લેનારને શું?

અમને સાં મોડું થયું. બીજી ગાડી આવી ને લગભગ સાંજના સાતેક વાગે નીકળ્યાં. એટલે રસ્તામાં અનસૂયાજી જવું હતું તે ના જવાયું. રાતના અગીઆર વાગે માલસર આવ્યાં ને દુધ પીને સુઈ રહ્યાં.

તા. ૨૦-૫-૧૪

સ્હવારે બધાંને ગાડાની અથડામણી લાગી હતી. મ્હારી તબીઅત સારી હતી. નિત્યકર્મ પરવારી થોડુંક વાંચ્યું, લખ્યું. એકાદશી હતી તેથી દુધ પીને ઘણાંજ ભજન ગાયાં. થોડીવાર આરામ લઈ સ્નેહી બ્હેનનો પત્ર વાંચ્યો અને વાંચી સંભળાવ્યો.

નિર્દોષ બાળાઓની **મનોવૃત્તિ** પર દબાણ હોવાને લીધે તે બિચારી કોઇ પણ દિવસ ખીલવા પામતી નથી. ઉલટી મનમાં ને મનમાં ધુંધવાયા કરે છે. એ એના પત્રથી સ્પષ્ટ સમજાઇ આવતું હતું. દરેક સ્ત્રીમાં બુદ્ધિ હોય છે. પણ આપણી હિન્દુઓની રૂઢી પ્રબલતાને લીધે તે બિચારી ખીલવા પામતી નથી. તેમાં વળી અમારી સ્થિતિ તો એટલી બધી પરતંત્ર છે કે વ્યવહારથી વિરક્ત થયાં તોએ-ઇચ્છાએ કે અનિચ્છાએ-તેને માન આપી મારી ભરાઇ રહેવું પડે છે. ગૃહસ્થીઓ પોતાનો ગૃહસ્થ ધર્મ પાળી આનંદ મેળવે. ત્યાગી તેમનું સાધીને આનંદ મેળવે ને અમે તો વચમાં ત્રિશંકુ જેવાં રહ્યાં. વ્યવહાર પણ બગડ્યો ને પરમાર્થ પણ બગાડીએ.

સાંજરે સ્નાન કરી આવી થોડી વાર ઇશ્વર સ્મરણ કરી મ્હા પી મહારાજ સાથે વાતો કરવા નીચે ગયાં. આજે એમણે એવો સારો ઉપદેશ આપ્યો છે કે જે મગજમાં ઠસ્યાંજ કરે છે.

મહારાજનો ઉપદેશઃ—મનુષ્ય જીવન ક્ષણભંગુર છે. જે જન્મ્યું તે જરૂર જવાનું છે. શાસ્ત્રના ઉપર નહિ તો સૃષ્ટિ જે પ્રત્યક્ષ બોધ આપી રહી છે તે તરફ નજર કરીએ. જુઓ કે ઘંટીના પડમાં જેમ નાંખેલા કણ દબાઈ, પીસાઇ જાય છે તેમ અસંખ્ય પ્રાણીઓ અથડાઇ કુટાઈ આયુષ્ય રૂપી માંકડીમાંથી ગરી, પીસાઇ જાય છે. કાળને આધીન થઇ જાય છે. આવી આપણી-જગતનાં પ્રાણીઓની સ્થિતિ છે. આમાંથી ભક્તિ રૂપી ખીલો ગ્રહણ

કરી મુક્તિની-બચાવની ઇચ્છા કોણ નહિ કરે? હું તો કહું છું કે બધાં કરે. દરેક મુમુક્ષુ પુરૂષોએ ભક્તિ કરવીજ જોઇએ. તે અહર્નિશ દૈવી પુરૂષોની સમીપજ રહે છે. તેનું બીજ આપણે મુમુક્ષુપણાથી શોધવા નીકળ્યા છીએ. તે બીજ આપણા અંતઃકરણમાંજ છે. છતાં સુવાનીની ભોગલગનીમાં તલ્લિન રહેવાથી તેને ઉગાડવાને માટે બીલકુલ ઉપાય કર્યો નથી. પણ પ્રમાદથી બીજને બાળી મુકીએ છીએ એટલે આપણે તેને જોઈ શકતાં નથી. પણ ખેર! એટલેથી આપણે નાસીપાસ થવાનું નથી. કારણકે દુર્વૃત્તિથી દટાઇ ગયેલું એ બીજ કંદવત્ જ્યારે જળસિંચન કરીશું ત્યારે ખીલશે, ઉગશે અને આપણને આત્માનંદ રૂપી ફળ પ્રાપ્ત કરી આપશે. માટે પ્રથમ સારી રીતે તે બીજને ખીલવવાનો, તેનું રક્ષણ કરવાનો ઉપાય યોજો. સરલતા રૂપી સપાટ ભૂમિકા ઉપર ઘણા વખતથી વવાયેલાં બીજનાં ઉદ્ધાર સારૂ નમ્રતાનું ખાતર પૂરો. ઉપર શુદ્ધ પ્રેમનું જળસિંચન કરો. કામ, ક્રોધ, ઈર્ષ્યા ઇત્યાદિ તીરો શત્રુ રૂપે વૃક્ષનો નાશ કરે છે માટે ત્હેને દૂર કરવાને દૃઢતા ધારણ કરો. ચારે તરફ સત્કર્મ રૂપી વાડ-કિલ્લો કરો અને તે એટલો મજબુત કરો કે તેમાં લગારે છિદ્રો રહી ના જાય.

આવી રીતે જ્યારે ત્હમારાં કર્મો શુદ્ધ થશે, સરલતા, નમ્રતા અને શુદ્ધ પ્રેમ ત્હમારામાં આવશે, અને ત્હમારા રિપુઓ નાશ પામશે, ત્યારે પ્રભુને પ્રસન્ન કરવાને સાત્વિક ભક્તિ તમે કરી શકશો. જેનાથી મુક્તિ સુખ મેળવી શકશો. માટે જે જે વસ્તુ પ્રભુની છે તે તે તરફ તમારો નમ્ર, વિશુદ્ધ પ્રેમ દોરવો. દરેક પ્રભુની મૂર્તિઓ છે એમ જુઓ. સર્વવ્યાપક મહાન્ પ્રભુ અણુઅણુમાં વ્યાપ્ત છે. એ ભૂલશો નહિ. આપણે એક વિશ્વકુટુંબી છીએ, એકજ પિતાનો પરિવાર છીએ. તેથી સર્વત્ર સ્નેહ, ક્ષમા અને દયાવૃત્તિ ફેલાવો. તમારાં કલેશો નિવૃત્ત થશે. સર્વત્ર પ્રભુમયતાનું ભાન થયા કરશે. આ રસ્તો ઘણો ઉત્તમ છે.

આ સિવાય બીજી પણ કેટલીક આનંદદાયક વાતો કરી બારેક વાગે સુવા ચઢયાં. મ્હને ઉંઘ નહોતી આવતી એટલે મ્હેં થોડુંક લખ્યું અને એક દોઢ વાગે સુઈ ગઇ.

તા. ૨૧-૫-૧૪.

આજ કાંઈ ખાસ બનાવ બન્યો નથી. ગુરૂવાર હોવાને લીધે વિધિપુરઃસર ગુરૂપૂજન કરી બાકીના વખતમાં થોડુંક વાંચ્યું, લખ્યું અને રાત્રે આરતિ કરી સુઈ ગયાં.

તા. ૨૨-૫-૧૪.

અત્રે એક દંપતિ વાનપ્રસ્થ ધારણ કરીને રહ્યાં છે તેનાં દર્શન કરવાને સવારે ગયાં. એમનો આશ્રમ અહિંથી થોડોક દૂર છે. તે બંગાળાનાં કાનકુબ્જ બ્રાહ્મણ છે. થોડો વખત ગૃહસ્થાશ્રમ સેવીને ઇષ્ટ સાધન સાધવા અત્રે ગુરૂ આશ્રમ સમીપ એકાંત સ્થળમાં રહ્યાં છે.

વાનપ્રસ્થ ધર્મ પાળવો એ એક કઠિન કાર્ય તો છે. આ એક તરવારની ધાર પર રહેવા જેવી સ્થિતિ છે. પણ કોને? કે જેને જગતને છેતરવું નથી-પ્રભુને છેતરવા નથી તેને. જેને ફક્ત આત્માનંદ પ્રાપ્ત કરવા સિવાય બીજી કાંઈ પણ અભિલાષા નથી તેને ફક્ત શરૂઆતમાં તે અસહ્ય લાગે છે. બાકી પછી તો સ્વયં આનંદ પ્રાપ્ત કરી લે છે.

આ વાનપ્રસ્થ દંપતિમાં, પત્ની સામાન્ય શિક્ષણ લીધેલાં છે. છતાં તે પતીવ્રત ધર્મ ઘણો સારો પાળતાં જણાય છે. પતિને પગલે પગલે ચાલી પતિની સાથે પોતાનું જીવન પણ તન્મય બનાવ્યું છે ને ભક્તિમાં વિલાવ્યું છે.

આપણાં ગૃહસ્થાશ્રમીઓમાં ઘણા સુગ્મો અપુત્રવાન્ છે. તેઓ પુત્રની અભિલાષાથી રેખપર મેખ મારવા તૈયાર થાય છે, પરંતુ તેમ છતાંએ નિરાશ થાય છે. તો પછી લોકોના છોકરાને ગાદીપતિ બનાવવાનું મન થાય છે. અને આખી જીંદગી ક્લેશમય વ્યતિત કરે છે. પણ તેને બદલે ઘરમાં રહી, વાનપ્રસ્થ જેવો ધર્મ પાળી મનપર કાબુ રાખી પોતાનું જીવન ભક્તિમાં કે જનસેવામાં અર્પી દે તો કેટલો આનંદ તેમને થાય, અને કેટલો લાભ જનસમુદાયને થાય! એ વિચાર કરો. મ્હારી અલ્પ બુદ્ધિનો અભિપ્રાય છે કે જેણે કાંઈ પણ કેળવણી લીધી છે અને જે અપુત્રવાન્ છે તેણે તો અન્ય ફાંફાં ન મારતાં, જીવન કેવળ નિરર્થક ન ગાળતાં જન સેવાજ-વિરાટ્ પ્રભુની સેવા કરવી જોઇએ. બુદ્ધિનો ઉપયોગ અનેક સ્ત્રીઓ પરણવામાં, ધુતારાઓને દેશમાં વધારવામાં કરવો અને પૈસાનો ઉપયોગ ન્યાતો જમાડવામાં કરવો એના કરતાં જન સેવા-વિરાટ્ પ્રભુની સેવા કરવામાં કર્યો હોય તો જીવન સુધરે, અનેકનું કલ્યાણ થાય ને પ્રભુ પ્રસન્ન થાય.

ત્યાંથી નજીકમાં મહાદેવ હતા ત્યાં દર્શન કરી ઘેર આવ્યાં. બપોરે તે અમારા મુકામે આવ્યા હતા. તે વખતે થોડાં ભજન ગાયાં હતાં. પછી સ્નાન કરવા ગયા. અત્યારે અમદાવાદથી પાંચ છ માણસ અહીં જોવાને સારૂ આવ્યાં છે. તેઓની સાથે વાત કરતાં પ્રતિકૂળ પરિસ્થિતિનો સંદેશ મ્હને ક્ષણવાર ચુકાવી, પણ અત્રના આનંદી સમુદાયે, ચારે તરફ શાંતિનો ફુવારો છોડયો જેથી ઘણી શાંતિ મળી. પછી બધાં ભેગાં મળી આટલા દિવસમાં કોઈ પણ વખત નહિ મળેલો એવો આનંદ મેળવ્યો ને સર્વે સુતાં.

<u>તા. ૨૩-૫-૧૪</u>

આજે આખો દિવસ ઘણી ગમગીનીમાં પસાર થયો છે, ઉદાસ મને બધાં આમતેમ ફર્યા કરે છે; કારણ કે આશ્રમમાં રહેનાર એક વિધવા બાઇનો એકનો એક યુવાન ભાઈ ગુજરી ગયો તેના મરણના સમાચાર આજે પાંચ છ દિવસે મળ્યા.

અહીં ટપાલનું એટલું દુઃખ છે કે કાગળ આવતોજ નથી. ટપાલ આવીને સાંખલી ગામે પડી રહે છે. જ્યારે કોઇ ખાસ માણસ જઇને તે લઈ આવે ત્યારેજ આવે. બીજે દીવસે કાગળ મળવો જોઇએ તેને બદલે પાંચ સાત દિવસે કાગળનું મ્હોં જોવાનો વખત આવે છે. આવી વખતે, આવાં ગામોમાં એટલો બધો ત્રાસ લાગે છે કે ન પૂછો વાત. ખાસ આવો કે બીજી કોઈ રીતનો તાકીદનો કાગળ હોય તો તેમને તો વિમાસીનેજ બેસી રહેવું પડે. આને માટે ગામના લોકો અને શ્રીમન્ યોગેશ્વર માધવદાસજી મહારાજે મળી નામદાર ગાયકવાડ સરકારને અરજી કરવાની જરૂર છે.

<u>તા. ૨૪-૫-૧૪</u>

માલસરથી રણાપુર.—સવારે આઠવાગે પરમહંસજીના દર્શનાર્થે હોડીને રસ્તે અમે રણાપુર ગયાં. સાડા અગીઆરે ત્યાં પહોંચ્યાં. ન્હાઈ, ભોજન કર્યા પછી મહારાજશ્રીનાં દર્શન કરવા તેમની ગુફામાં ગયાં, તેઓશ્રીની મુખાકૃતિ બાહોશ અને હસમુખી છે. સ્વભાવમાં ઘણા સાદા અને સ્નેહાળુ છે. સાંભળ્યા પ્રમાણે તેઓશ્રીએ બી. એ. સુધી અભ્યાસ કરી થોડો વખત નોકરી કરી હતી. ત્યાર પછી સંન્યસ્ત લીધું છે. હાલ એમની ઉમર ૪૫ વર્ષની હોય એવું અનુમાન કરી શકાય છે. અમારી સાથે થોડી વાતો કરી, વનિતા વિશ્રામને અંગે એકાદ માસિક કહાડવા સૂચના કરી. અને પ્રાણાયામ વિગેરે યોગની પણ કેટલીક [illegible] શીખવા તથા શીખવવાની યોજના કરવાનું કહ્યું.

આ વખતે વધારે લાભ લઈ શકાય તેમ નહોતું કેમકે કેટલીક વ્યવહારીક ઉપાધિઓનાં અનિવાર્ય કારણોને લીધે અમારે બધાંને મંગળવારે વીખરાઇ જવાનું હતું.

બપોરે સ્નાન કરી તેઓથી ભજનમાં બેસે છે, તે પ્રમાણે તેઓ આજે પણ બેઠા. ગામમાંથી કેટલાંક બૈરાંઓને મળવા માટે બોલાવ્યાં હતાં. લગભગ ત્રીસ, ચાળીસેક બૈરાં આવ્યાં હતાં. મહારાજશ્રીએ તેઓની આગળ કાંઇક બોલવાનું કહ્યું હતું.

ગામડાના લોકો ઘણાં ભાવિક હોય છે. બહારના માણસો જો થોડો ઘણો આડંબર કરીને જાય તો ફાવી જતાં વાર લાગે નહિ. પરંતુ અણઘડ એટલાં બધાં હોય છે, કે જે અસર એમને થવી જોઇએ તે થતી નથી, અને દુરો ધુતી જાય છે.

કેળવણીની અગત્યતા સંબંધી થોડી વાતો કરી. આશ્રમમાં અભ્યાસ કરતી એક બે ન્હાની બાલિકાઓને બતાવી. જે જોવાથી તાત્કાલિક તો એમને કેળવણીની જરૂર જણાઈ છે; પરંતુ પાછળ તો શેઠની શિખામણ ઝાંપા સુધી એ કહેવત પ્રમાણે બનશે એવું જણાય છે. કારણ કે આ ગામ ગાયકવાડી હદનું હોવાથી ફરજીઆત કેળવણી આપવાનો અહીં કાયદો છે; અને તે પ્રમાણે ન ચાલનારને દંડ આપવો પડે છે. દંડ આપે છે પણ છોકરીને ભણાવતા નથી. એ લોકોનો મત એવો હોય છે કે ભણાવે તો વહી જાય કે વિધવા થાય. ત્યારે આ વખતે મ્હને એવો વિચાર આવ્યો કે આ બધી વિધવાઓ દેખાય છે તે તો પંડીતાઓ જ થઈ ગઈ હશે, કારણ કે જો ભણે તેજ વિધવા થતી હોય તો આ બધી ના થવી જોઇએ, ને તેમ છતાં થઈ તો આ જન્મની નહિ તો પૂર્વ જન્મની પણ કોઈ જ્ઞાની પંડીતાઓજ હોવી જોઇએ !

ઉન્નતિની જુદી જુદી ગામડાને ઘટતી પદ્ધતિ પ્રમાણે કેટલીક વાતચીત કરી પાછાં માલસર જવાનો વખત થવા આવેલો હોવાથી મહારાજશ્રીની સાથે ઘડીભર વાતો કરવા ઉઠયાં. તેમની વાતચીત ઉપરથી જણાઇ આવતું હતું કે પ્રેમભક્તિ-દાસત્વ ભક્તિ કરવાનો એમના સંપ્રદાયનો જે મુખ્ય ઉદ્દેશ છે તે જનસમુદાય તરફ-પ્રભુનાં બાળકો તરફ તેઓથી યથાર્થ પાલન કરે છે.

સારસનું પ્રેમી જોડું—૭ વાગે ચ્હા પી નર્મદામાં સ્નાન કરી બરાબર સાતેક વાગે હોડી હંકારાઈ. શરૂઆતમાં પવન અનુકૂળ હતો. સાધારણ રીતે હોડી ઠીક ચાલતી હતી. ઘડીમાં જળ તરફ તો ઘડીમાં-સૂર્ય તરફ તો વળી ઘડીમાં કીનારા તરફ નજર ફર્યા કરતી હતી. તેટલામાં સ્હામા કિનારા ઉપર સારસના જોડાં ફરતાં હતાં તે તરફ નજર પડી. અહા ! પ્રભુ ! પ્રેમનો કેવો વિપુલ પ્રભાવ ! કેવી અદ્દભુત શક્તિ ! કોણ કહે છે કે પશુ પક્ષીમાં પ્રેમ નથી ! મ્હેં તો આજે માણસ કરતાં પણ તેમનામાં પ્રેમ વધારે દીઠો. માનવોમાં તો ભાગ્યેજ હજારે કેવચીત નીકળી આવે છે. કોઇકજ દંપતિ આ લોકમાં પ્રેમમય જીવન પુરૂં કર્યા પછી પરલોકમાં સહગમન કરે છે.

આ દંપતિ, આ સારસ યુગલો પગલે પગલે સાથે ચાલે છે, જીવન પણ સાથેજ અર્પે છે. પતિની પાછળ સ્ત્રી, સ્ત્રી પાછળ પતિ. ધન્ય છે આ પ્રેમને ! ધન્ય છે આ માનવ કરતાં પક્ષી જીવનને ! આપણે હજી પ્રેમનો સ્વાદ ચાખ્યો નથી. પ્રેમનો પાઠ પઢયા નથી. ત્યાંસુધી પ્રેમની અમૂલ્ય કિંમત શું સમજી શકીએ ! ઘણી વખતે એમ સાંભળીએ છીએ કે કેટલીક સ્ત્રીઓ પતિની પાછળ પોતાનું જીવન અર્પણ કરે છે; પરંતુ હજી સુધી એમ જાણવામાં

નથી આવ્યું કે—ગમે એટલાં પ્રેમી જોડાં હશે છતાં કોઇ પણ પતિએ સ્ત્રી પાછળ પોતાનું જીવન અર્પણ કર્યું હોય! પરંતુ આ સારસ યુગલમાં તેમ નથી. પરસ્પર સમાન પ્રેમમાં ન્યૂનાધિકપણું જરા પણ નથી. ભિન્નભાવ લેશ પણ નથી.

મ્હારો આ વિષય નો'ય. હું સ્નેહનો પાઠ પઢી નથી. તેની કીંમત સમજતી નથી. મ્હેં પણ પ્રેમને યોગ્ય ઈનસાફ આપેલો નથી. એટલે આ વિષય ઉપર કાંઇ પણ બોલવું તે ખોટું દોઢડહાપણ કર્યા જેવું છે. પરંતુ કિનારા ઉપર ફરતાં તે યુગલોને જોઇને જે વિચારો થોડી વાર આવ્યા તે નોંધું છું.

ધીમે ધીમે તે કિનારો છોડી ચાલવા લાગ્યાં. સૂર્ય અસ્ત પામ્યો. કૃષ્ણપક્ષ હોવાને લીધે ચંદ્રના દર્શનનો લાભ ના મળ્યો પણ તારામંડળ ઓછો પ્રકાશ આપવા લાગ્યું. કેવળ તેના પ્રકાશના આધારથી હોડીવાળા હોડી ચલાવવા લાગ્યા. આ રસ્તે કેટલેક ઠેકાણે પાણી બહુ ઓછાં હોય છે એટલે ઉતરીને ચાલવું પડે છે. પણ રાત અંધારી હોવાને લીધે બેસીજ રહ્યાં. જ્યાં સુધી અજવાળું હતું ત્યાં સુધી ભજનો ગાયાં. પછી વાતો ચલાવવા માંડી.

ઘેર આગળ પરમહંસજી મહારાજ સમક્ષ ડાયરી વાંચી સંભળાવતી વખતે + + + મહારાજનું પહેલા 'સ્નેહસંબંધ'ના લેખ ઉપર ખાસ લક્ષ રહ્યું હતું. એટલે નિવૃત્તિનો વખત હોવાને લીધે એજ વિષય ઉપર વાતો કરવા માંડી. પ્રથમ એમણે મ્હને કહ્યું કે તમને એવો વિચાર આવે છે કે વધારે આનંદ ફેલાવવાથી મૃતસ્નેહી સંબંધીનું વિસ્મરણ થઇ જાય છે, અને તેથી આપણે તેના તરફ વિશ્વાસઘાત કરતા હોઇએ એમ લાગે છે. પરંતુ બ્હેન! જ્યાં સુધી ત્હમે સ્નેહનું વાસ્તવિક સ્વરૂપ સમજ્યાં નથી ત્યાં સુધી આ બધી ગુંચવણ છે. જો કે તમે પણ કહ્યું છે કે આનંદ કરવો એ કુદરતી સ્વભાવ છે—આત્માનું સ્વરૂપ છે. તો એ તમારાજ શબ્દોને તમારાજ વિચારોને વધારે દૃઢ કરવાને માટે સ્નેહનું સ્વરૂપ સમજાવું છું.

સ્નેહનું સ્વરૂપઃ—એક કાગળ ઉપર બે ખાતાં પાડી પતિ પત્નિનાં અન્યોન્ય સ્નેહથી ભરપુર હૃદય બતાવ્યાં. કેવી રીતે કે, જુઓ કે બાળક જન્મે છે ત્યારથીજ તેમનામાં સ્નેહ હોય છે. જન્મ પછી પોતાના માતાપિતાને તે સ્નેહ આપે છે, અને તે વખતે પોતાના હૃદયમાં ખાલી પડેલું સ્નેહનું સ્થાન માતાપિતાનો સ્નેહ લઇને ભરે છે. દિવસ જતાં તે ઠેકાણે મિત્રનો સ્નેહ આવીને વધવા લાગે છે. ત્યારે તેટલો માતાપિતાનો ઓછો કરવા માંડે છે, અને જ્યારે લગ્ન થાય છે ત્યારે પતિના હૃદયમાં પત્નીનો અને પત્નીના હૃદયમાં પતિનો એમ અન્યોન્ય સ્નેહ ભરાવા માંડે છે. આ વખતે સ્ત્રી પુરૂષનો માતાપિતા તરફનો પ્રેમ ઘણો ઓછો થઇ ગયેલો લાગે છે; થોડો ઘણો માતાપિતા, કુટુંબીઓ તથા મિત્રવર્ગને પ્રેમ આપી તે સિવાય બીજો તમામ પ્રેમ પુરૂષ પોતાની સ્ત્રીને આપે છે અને તેટલાજ પ્રમાણમાં સ્ત્રીનો પ્રેમ મળવાથી પોતાનું ખાલી પડેલું સ્નેહનું સ્થાન પુરાય છે. આવી રીતે કેટલો વખત ચાલ્યા પછી [illegible]તાન થતાં, આ અન્યોન્ય ગાઢ સ્નેહમાં કાંઇક વિક્ષેપ પડે છે. પતિ પત્નિ પોતાનો સ્નેહ બાળકને [illegible]પે છે અને બાળકનો પોતે લે છે. આ એક સ્નેહની ફેરફારીનો સામાન્ય ક્રમ છે. જન્મેલા [illegible]ળકમાં સ્નેહ તો હોય છે પણ તે પોતાનો પ્રેમ પોતાનામાં હોય છે. તે નિર્વિકારી છે. [illegible]મ જેમ વિકારી દૃશ્યનું જ્ઞાન થાય છે, વિકારી દૃશ્ય સંબંધીનો સંબંધ સમજાય છે, [illegible]મ તેમ તે સ્નેહમાં પણ વિકાર એટલે ફેરફાર થાય છે. અત્યારે પાછો ફરેલો સ્નેહ હરકોઇ [illegible] દગારોજ જોઇએ. કયાં તો માતાપિતા તરફ, સખી તરફ, કુટુંબી તરફ, કોઈ બાળક [illegible], જેને ત્હમે પૂજ્ય માનતાં હો તે તરફ કે પ્રભુ તરફ તમારો સ્નેહ જરૂર વધવો જોઇએ.

જે ત્હમારા દૃશ્ય નિકટ **સંબંધી** તરફ તમારો સ્નેહ હતો, તે સંબંધી અદૃશ્ય થતાં તમારા સ્નેહે પોતાને માટે જરૂર કાંઈ સ્થાન શોધી લીધેલું હોવુંજ જોઈએ. કારણ કે કુદરતી વલણ એવું છે કે દૃશ્ય પદાર્થ સ્નેહનું જલદીથી આકર્ષણ કરી શકે છે. અદૃશ્યમાં તેટલી સત્તા નથી; છતાં પણ જેમ ડબ્બીમાં કપૂર ભર્યું હોય અને પછી તેને લઈ લઈએ તો પણ તેની સુવાસ તે મૂકતું જાય છે. તેમ વસ્તુ અદૃશ્ય થતાં તેના તરફની વાસના રહી જાય છે અને તેનું વારંવાર સ્મરણ કરાવે છે. પણ બ્હેન! એ વાસનામાંજ રહેવાથી-કપૂર ગયા પછી ખાલી દાબડીજ સુંઘ્યાં કરવાથી-શું ફળ! હવે તો જે ત્રિકાલાબાધ્ય, નિશ્ચય ઇશ્વરી સ્વરૂપ છે તે તરફજ ત્હમારો સ્નેહ દોરશો. એટલે વારંવાર કપૂર ઉડી જવાની ને સુવાસ સાચવી રાખવાની ફીકરમાં અધોગતિ નહિ થાય.

આ વખતે મ્હેં એક પ્રશ્ન કર્યો કે જ્યારે આપ કહો છો કે અદૃશ્ય વસ્તુ પ્રેમનું આકર્ષણ નથી કરતી તો ઇશ્વરનું અનિર્વચનીય અદૃશ્ય તત્ત્વ મ્હારા સ્નેહનું આકર્ષણ શી રીતે કરશે?

જવાબમાં તેઓએ કહ્યું કે ઇશ્વરની એટલી સત્તા છે-શક્તિ છે. જીવની નથી. આ ઉત્તરથી મ્હારા મનનું જોઈએ તેવું સમાધાન થયું નહોતું, પણ ત્યાર પછી એ વિચાર કેટલીક વાર મનમાં આવ્યા કરતો હતો. ત્હેને પરિણામે અત્યારે કાંઈક સ્ફુરે છે કે જીવ સત્તા પરિચ્છિન્ન, ભેદવાળી, સંકુચિત અને પરિણામ પામવાવાળી છે; અને ઇશ્વરી સત્તા અપરિચ્છિન્ન, અભેદવાળી, વિશાળ અને અપરિણામી છે. (જો કે જીવ બ્રહ્મની ઐક્યતા વિચારતાં આથી ઉલટો વિચાર કરી લક્ષણોની સરખામણી કરવાની છે, પણ આતો સામાન્ય દૃષ્ટિથી જીવની ને પરમાત્માની શક્તિનો વિચાર કર્યો છે.) માટે જીવ કરતાં ઇશ્વરી સત્તા શ્રેષ્ઠ છે. વિશાળ બ્રહ્માંડ પ્રતિ, વિરાટ્ પ્રભુની સત્તા પ્રતિ નજર કરીએ તો જણાય છે કે તે અદૃશ્ય હોવા છતાં દૃશ્ય થઈ શકે છે. અકર્તા હોવા છતાં આપણા સાત્વિક, અસ્ખલિત સ્નેહનું આકર્ષણ કરે છે. નિર્બન્ધ, નિર્લેપ હોવા છતાં આપણી **સતત દિવ્ય સ્નેહની દોરીથી** આપણે તેને બાંધી શકીએ છીએ, એ કેવળ પ્રેમ ભક્તિમાં તલ્લિન રહેનાર ભક્તોનાં અને ગોપાંગનાઓના ચારિત્ર્યપરથી સ્પષ્ટ સમજાય છે. જીવદૃષ્ટિનો વિચાર કરતાં તેમાં સદા સર્વદા સ્નેહનું એક સરખી રીતે આકર્ષણ રહેતું નથી. કારણ કે તેમાં પરિચ્છિન્નતા, ભેદ બુદ્ધિ હોય છે. આથી સર્વત્ર ઇશ્વરત્વનો વિચાર કરી પ્રભુમય દૃષ્ટિ કરી, તેનાજ પ્રતિ સ્નેહ દોરવજો, તેમાંજ સ્થિર કરજો એટલે જે હર્ષ શોક જીવપતિના સ્નેહથી-જીવદૃષ્ટિના વિચારથી વારંવાર થયાં કરે છે તે નહિ થાય.

આવી કેટલીક વાતો કરતાં હોડીની સાથે અમે પણ ડોલતાં ચાલવા લાગ્યાં. આ વખતે પવન તદ્દન પ્રતિકૂળ હતો. સ્હવારે જતી વખતે ત્રણ કલાકમાં પહોંચી ગયાં હતાં તેને બદલે અત્યારે બારેક વાગી ગયા. સાત વાગ્યાંનાં બેઠાં હતાં. તે હજી અડધે પણ આવ્યાં જણાયાં નહોતાં. પવન તદ્દન પ્રતિકૂળ હોવાથી હોડી ઘણી ડોલાયમાન થવા લાગી. તેમાં પાણી ભરાયાં કરતું અને અમે વારંવાર તેને ઉલેચ્યાં કરતાં હતાં. આ વખતે કાંઈક બીક લાગતી હતી, પણ અરસપરસ પુષ્કળ હસવા લાયક વાતો કાઢી એટલે બીજા બેએક કલાક વ્યતીત થઈ ગયા તે જણાયા નહિ. હવે કાંઈક માલસર પાસે આવી પહોંચ્યાની આશા લાગી. દૂરથી દીવો જણાયો. બરાબર બે વાગે માલસર ઉતર્યાં. હોડીની સ્થિતિ અને ગમ્મત સંભારતાં સુઈ રહ્યાં.

<u>તા. ૨૫-૫-૧૪</u>

આજ રોજ કરતાં સ્હેજ મોડું ઉઠાયું હતું. હોડીની અથડામણીને લીધે કેટલાંકની

તબીઅત નરમ થઈ હતી. આવતી કાલે અમદાવાદ પાછું ફરવાનું હોવાથી આજે બધો સામાન બાંધવા મૂકવાનું કામ ચાલ્યું. પછી રાત્રે વહેલાં પરવારી નિવૃત્તિથી ભજનો ગાવા માંડયાં. આ વખતે મહારાજ પણ ઉપર જ હતા. કેટલાક વિદાયગીરીનાં, ઉપકારનાં કરૂણા-જનક ભજનો ગાયાં. આ વખતે બધાંનાં હૃદયો ઘણાંજ પીગળ્યાં. આડી રાત સુધી કેટલાંક ભજનો ગાયા પછી બધાં સુતાં.

તા. ૨૬-૫-૧૪

ગૃહપ્રત્યે આગમનઃ—આજે અહિંથી મન ઉઠયું હતું, પણ ન્હાનાં મોટાં કોઇને ખસવું ગમતું નહોતું. તુટેલી માળાના મણકાની માફક બધાંને જુદાં જુદાં વીખરાઈ જવાનું હતું. જેટલો આનંદ અમદાવાદથી નીકળતી વખતે હતો, તેમાંનો લેશ પણ અહીંથી નીકળતી વખતે નહોતો. કારણ કે અહિંનો દિવ્ય આનંદ ધાર્યા કરતાં પણ થોડા દિવસમાં વિસારી જઈ વ્યવહારના ક્લેશમય કીચડમાં જઇને પડવાનું હતું. બપોરે નીકળતી વખતે બાળાઓને રડવું આવ્યું. બધાનાં આટલા બધા સ્નેહથી ગલિત હૃદયો જોઈ મહારાજનું હૃદય પણ પીગળ્યું. સ્ટેશન ઉપર મૂકવા આવી ગાડીમાં બેસાડી ઉપડયા પછી ચાલ્યા ગયા.

દૂરથી દેખાતા મંદીરના શીખરને છેવટના નમન કરી, પરમહંસજી મહારાજના અને તેમના શિષ્ય વર્ગના ઉપકારોનું સ્મરણ કરતાં, ધુંધવાટ કરતા અગ્નીરથના સુર સાથે અમારા હૃદયના ધુધવાટને મેળવતાં મધ્યાન્હની ઉન્હી લુના સપાટા ખાતાં કાંઈક તંદ્રાવસ્થા ભોગવવા લાગ્યાં. સાડાત્રણે **મીયાગામ** આવી પહોંચ્યાં, અને મુંબાઈ તરફથી આવતી ગાડીમાં સવાચારે બેસી અમે અમદાવાદ રાતના આઠવાગે આવ્યાં. ઘેર આવી ન્હાઈ ધોઇ અમારો માલસર-વાળો સાથ ચ્હા પીવા તથા મમરા ખાવા બેઠો. આ વખતે ત્યાંની અહીંથી માલસર ગયા તે વખતની સ્થિતિ મગજમાં ઘુમ્યા કરતી હતી. કાંઈક અંશે ત્યાં જેવો આભાસ થતો હતો, પણ ત્યાંનો આનંદ તો અલૌકિકજ હતો. અત્યારે કેટલાંકને અહીંથી છુટા પડી પોત-પોતાને નિવાસસ્થાને જવાનું હતું. આ વખતે દરેકનાં હૃદય ઘણાંજ દ્રવ્યાં. પુનઃ આવો પ્રસંગ ક્યારે આવશે? આવા સાત્વિક સમુહમાં રહી મુસાફરીનો-યાત્રાનો ખરો લ્હાવ-ખરો આનંદ ક્યારે પ્રાપ્ત થશે? પ્રભુ! અમને આવા પ્રસંગો વારંવાર મેળવી આપ.

હિંદુ સંસારમાં વિધવાઓની સ્થિતિ કેવી છે તે કોઈથી અજાણ્યું નથી. દરેક જણ જાણે છે કે વિધવાઓને કોઈ પણ આનંદનું સ્થાન નથી-આનંદનો પ્રસંગ નથી. (અને ઘણાંખરાંનું તો એવું પણ માનવું છે કે એમને આનંદના સ્થાન-પ્રસંગો હોવા પણ ના જોઈએ.) સાધારણ રીતે તો હિંદુ સ્ત્રીજાતિને માટે આનંદ-લોપાઇ ગયો છે. પ્રસંગો ઘણા છે પણ ખરો વિશુદ્ધ સ્થાયી આનંદ તેઓ મેળવી શકતાં નથી. પરતંત્રતા, હદઉપરાંત રૂઢી બંધન, અને કેળવણીની ખામી એ તેમને આનંદમાં વિઘ્નકર્તા છે. છતાં સુખની-આનંદની-તેમને ઇચ્છા હોય છે; પરંતુ જ્ઞાનવિના તે બરાબર મેળવી શકાતું નથી.

જ્યારે પતિવાળી પત્નીને, પુત્રોવાળી માતાને અને ધનવાળી શેઠાણીને પણ ખરો આનંદ મળતો નથી, તો પછી અમારા જેવી કેવળ નિરાધાર પરતંત્ર વિધવાઓને તો ક્યાંથી મળે. પણ 'જેનું કોઈ નહિ તેનો પ્રભુ છે.' એ કહેવત અમને બરાબર લાગુ પડે છે. પરમકૃપાળુ પરમાત્માએ અમારે માટે **દિવ્યાંશી** બ્હેનો દ્વારા સુખનાં વિશુદ્ધ સાધનો-ઉન્નતિના સરળ માર્ગો મેળવી આપ્યા છે. પ્રભુ! અમારી માફક અમારી ખુણેખાચરે રડતી, રીબાતી, ધિકારજને માટે શોકમાંજ ડુબતી બ્હેનોને પણ કાંઇક ઉન્નતિનાં-સુખનાં સાધનો આપ. અસ્તુ.

ॐ शान्तिः शान्तिः शान्तिः

સુન્દર આબુ!

(દેલવાડાનાં અદ્ભુત દેવાલયો!)

લેખક: સૌ. "કુમુદ" પાદરાકર.—પાદરા.

અમદાવાદથી દેલવાડા

રાત્રે સાડા દસ વાગે અમદાવાદના સ્ટેશનથી હમો આબુ જવા ઉપડયાં. જે સુન્દર આબુ માટે–તેની કુદરતી હવા–દેખાવો–ગુફાઓ ને તે ગીરિપર આવેલાં દેલવાડાનાં અદ્ભૂત કારીગીરિવાળાં ભવ્ય મંદિરો માટે–મ્હેં એટલું બધું સાંભળેલું; જેનાં મને ઘણીવાર જાણે સ્વપ્નાં આવતાં, તે બધું સાક્ષાત્કાર થવાનું–નજરોનજર જોવાનું મળશે એમ જાણી મ્હારો આનંદ તો માયો માય નહી–ને સમાયો સમાય નહી. પણ ગાડીના ડબામાંજ–ગરમીથી અકળાઈ મુઝાઇ ગયાં. કારણ કબ્તરોની પેઠે પુરી રાખી–અકળાવી–કળવળાવીને નાની ગાડીના ઝાંપા માસ્તર ઉઘાડે છે. જરા વહેલા ઉઘાડતાં તેમનું શું જતું હશે? મુઝાયીજ બફાઇ જતાં, હમે ગાડીમાં પરસેવાથી નાઇ ગયાં. કંઇ કંઇ પ્યાસોમાં આથડાતાં સવારના ચાર વાગે હમો આબુરોડ (ખરેડી)ના સ્ટેશને ઉતર્યાં. સામેજ ચારજ ડગલાં ધર્મશાળા છે, પણ મજુરોએ અમોને ઘણું દુર છે કરી ૭ આના પડાવ્યા. ધર્મશાળામાં મુકામ કરી–ડાક્ટર પાસે પાસ થઇ આવી–ગાડીઓ માટે ઠેકે ગયા. ઠેકો એટલે ડુંગર આબુપર જવા આવવા ગાડીઓ, ગાડાં, ઘોડા જે ભાડે મળે છે ને જેનો કોન્ટ્રાક્ટ અપાય છે, તે રાખવાની જગ્યા. ઠેકાવાળો ગાડીઓ આપવા બંધાયલા હોવા છતાં, ઉનાળાની મોસમને લીધે અનેક રાજા–રજવાડા–ઠાકોરો ને પોલીટીકલ એજન્ટો, કલેકટરો તથા મોટા લોક આબુ ડુંગરપર કેંપમાં હવા ખાવા જવાના હોવાથી તેમના રાક્ષસી સામાન, ઉપર લઈ જવા ૧૦૦–૧૦૦ ગાડાં રોકાઈ ગયેલાં હોવાથી ત્રણ દીવસે હમોને સદ્ભાગ્યે રંગસીડ ગાલ્લુ મળ્યું. ખરેડીના તાપે તો એવધીજ કરી–બળીજ મુવાં. સાંજે સાતે જોડેલાં ગાડાંએ હમોને દેલવાડાથી દોઢ માઇલ દુર ઉતારી મુક્યાં. ત્યાંથી મજુર વિગેરે મહા મુશ્કીલીએ લઇ ઠોકરો ખાતા ખાતા સવારના નવના સુમારે દેલવાડાની ધર્મશાળાએ આવી પહોંચ્યા. વિમળશા શેઠે તથા વસ્તુપાળ તેજપાળે કોટયાવધી દ્રવ્ય ખરચીને જે દિવ્ય કારીગીરીવાળાં મંદિરો બંધાવ્યાં છે, તેનીજ સામે હમો આવી લાગેલાં જોઇ મારૂં હૈયું તો હરખથી ઉભરાઇ જવા લાગ્યું, ને સામાન જેમનો તેમ નાંખી મંદિર તરફ દોડી ગયાં.

આરસમાં અદ્ભુત કોરણી

પથ્થરનાં પગથીઆં ચડતાં ચડતાં મંદિરમાં પેસતાં પ્રથમ મંદરના વહીવટ કરનારની પેઢી આવે છે. જ્યાં કેટલીક ખુરસીઓ, છબીઓ ને મોટાં ગાદી તકીઆથી પેઢી શણગારી રાખે છે. અહીં યુરોપીયનો કે જેઓ દેરાસરની દિવ્ય કારીગીરી પર મોહી તે જોવા આવે છે. તેઓ પોતાના ચામડાના જોડા બદલી કારખાનાવાળા તરફથી અપાતા કંતાનના બુટ પહેરે છે, ને તેઓ સાહેબોજ ખુરસીઓ પણ વાપરે છે. યાત્રાળુઓ કે જેમના વડે આ મંદિર છે ને જેમને માટે આ મંદિર છે તેમને ખુરસીઓમાં બેસવાની સાફ મનાઈ છે.

મોટા વિશાળ ચંપાના વૃક્ષ નીચે થઇને હમો મંદિરમાં પેઠાં. પેસતાંજ રંગ મંડપ, કે જેમાં છક્ક કરી નાંખનારી જુદી જુદી પ્રકારની અજબ જેવી એકજ આરસમાંથી કોતરી કાઢી થાંભલાપર મુકેલી કમાનો નજરે પડી. ફક્ત પહેલી કમાનજ બનાવતાં હજારો રૂપીઆ લાગે તો પણ થાય નહી તેવી એક એકથી ચડતી કારીગીરીવાળી અનેક કમાનો-જે થાંભલાઓ પર રાખી છે તેવાં-ઇંચે ઇંચ કોતરકામવાળા ભવ્ય ને સફાઇદાર નકસી થાંભલા જોઇ હમારી તો અકલ પણ કહ્યું કરવા ન લાગી. રંગ મંડપની છતમાં કરેલી બેસુમાર, લચી પડતી, એક જ પથરમાંથી કોરી કાઢેલી ભાતો જોઈ મને કંઇ કંઈ થવા લાગ્યું. જે અજબ કોરણી જોઇ કંઇક યુરોપીઅન સાહેબો મુગ્ધ થઇ જોયાજ કરે છે, ને થાકી થાકી ઉંચું જોઇ ડોકાં રહી જાય છે-ચાદરો બીછોવી કલાકોના કલાક પડયા પડયા ઉંચું નીહાળ્યા કરે છે, ને વળી તેવા સાહેબોજ જેને માટે આશ્ચર્યના ઉદ્ગાર કાઢે છે તેને માટે હું શાં વખાણ કરૂં! એવી સેંકડો છતો-જેમાંની એક છતની ભાત (Design) (ડીઝાઇન) તે બીજાપર નહિ -એવી સેંકડો ડીઝાઈનો જોઇ ચિત્ર વિદ્યા ને શિલ્પ વિદ્યાના શોખ (Test) વાળાઓની Roaman રોમન ને ઇટાલીઅન ડીઝાઇનો, કે જેનાપર આજનો શોખીન વર્ગ આફરીન પોકારે છે, તે ડીઝાઇનો હજાર હોય પણ આવી એક આગળ તે પાણી ભરે છે. અહા! ભારત! જ્યાં સુધી આવાં અદ્ભુત દેવાલયો વાળા કુદરતની અલૌકિક લક્ષ્મિવાળા આબુ જેવા પહાડો અસ્તિત્વ ભોગવતા તહારા ખોળામાં રમે છે ત્યાંસુધીજ તું રત્ન ગર્ભા કહેવાઇશ. છતોની કોરણી જોઇ આપણા આર્યાવર્તની પુર્વેની જાહોજલાલી-સત્તા ને જૈનોના વૈભવ ટેસ્ટ-શોખ-ધર્મની શ્રદ્ધા ને વિપુલતાનો આપણને ખ્યાલ આવ્યા વિના રહેતો નથી.

ઉપર કહેલા વિમળશાના આદિનાથના મંદિર સાથેજ વસ્તુપાળે બંધાવેલું શ્રી નેમનાથનું ભવ્ય મંદિર છે. જેની કારીગીરી ઉપરના મંદિરના કરતાં કોઇ રીતે ઉતરે તેમ નથી. તે દેરાસરમાં છતો, થાંભલા ને કમાનોની કારીગીરી જોતાં પ્રથમના દેરાણી જેઠાણીના ગોખલા. મંદિર કરતાં તેમાં કંઇ વિશેષ રમણિયતા તથા દિવ્યતા જણાય છે. કારણ, બારીક કોતરણીનું કામ આ મંદિરમાં વિશેષ અદ્ભુત જણાય છે. આ મંદિરના ગર્ભદ્વારની બહાર બે અદ્ભુત ગોખલા છે. જેના ઇચેઇચ કોરણીથી શોભી રહ્યા છે. તે બેમાંથી કયો ગોખલો વધારે સુન્દર તે કલ્પી શકાતું નથી. કહે છે કે-એક ગોખલો વસ્તુપાળના ઘરના સ્ત્રીમંડળમાંથી જેઠાણીએ બંધાવ્યો. તે જોઇ દેરાણીએ પણ પોતાના પીયરથી દ્રવ્ય મંગાવી જેઠાણીથી વધી જાય તેવો ગોખલો બંધાવ્યો. આ બે ગોખલા અરાઢ લાખ રૂપીઆ ખરચી આ પ્રમાણે બંધાવ્યાં. આનું નામ તે હરીફાઈ. ખોટી ફેશનની હરીફાઇ કરી, ધણીઓને ખર્ચના ખાડામાં ઉતારવા કરતાં ધર્મની વૃદ્ધિથી સારા કામમાં હરીફાઈ કરવી શ્રેષ્ટ છે.

આરસ જેવી કઠણ ને નાજુક ચીજ પર ધાર્યા મુજબની કોરણી કરવી તે ઘણું કઠણ કામ છે. એક કમળની ઝીણામાં ઝીણી અણી ખરી જતાં આરસની કોરણીની કિંમત બધો ઘાટ બગડી જવા સંભવ છે. તેવા કામમાં કોતરણી ને વળી તેમાં કોતરણી કેમ કરી હશે તેનો ખ્યાલ આવી શકતોજ નથી.

દૈવી સહાયથીજ આ કોરણી ન કરાવી હોય?

દંતેવાય છે કે શેઠે સલાટોને કોતર કામ કરવા કહ્યું ને તે થયા બાદ શેઠે રી

સલાટોને એકઠા કર્યા ને કહ્યું કે આ તૈયાર કોતર કામમાં હવે જો કોતર કામ કરી શકો તો જેટલી આરસની રજ કોતરકામ કરી લાવશો તેટલું સોનું આપીશું. આ ઉપરથી, ઉમંગભેર સલાટો કામ પર મચી પડ્યા ને બન્યું તેટલું કોતર કામ કર્યું ને સુવર્ણ લીધું. પણ રસીલા શેઠજીને તેથી સંતોષ ન થયો. તેમણે વળી તે કામ કે જેમાં ટાંકણું ખુંપે તેવું નહોતું તે કામમાંથી વળી કોતરી જેટલી ભુકી લાવે તેના બરોબર રત્નો આપવા જણાવ્યું. તે પરથી સલાટોએ પોતાની બધી કારીગીરી વાપરી કોતર કામ કર્યું. આ પરથી કોતર કામ કેવું હશે તેનો ખ્યાલ આવશે. કોતર કામ કરનાર ને કરાવનારનો શોખ ને ધર્મશ્રદ્ધા તથા વૈભવનો શો મત બાંધવો! શિલ્પ શાસ્ત્ર ને ચિત્રકળાની કદરદાની આપણા આર્યાવર્તમાં કેટલાં પ્રબળ હતાં તે સમજાશે. રત્નોના બદલે કોતરાયલી રજ મેળવનાર કદરદાન—વૈભવશાળી ને ધર્મિષ્ટ પુરૂષોને લાખો ધન્યવાદો!

જેવી રીતે કવિ કવિતાના છેડે પોતાનું નામ મુકી પોતાનું નામ અમર કરે છે, તેમ મંદિર બંધાવનાર શેઠે પોતાની તથા પોતાના કુટુંબીઓની આર-

અદ્ભુત કોરણીવાળા હાથી ને ઘોડાઓની ફોજ. સની મુર્તિઓ હાથી તથા ઘોડાઓ પર મુદ્રિત કરાવી છે. આ હાથી ને ઘોડાઓ પરનું કોતર કામ દાંતમાં આંગળાં પકડાવે છે. તે મોટા કદના તથા જાણે હમણાં ચાલવા માંડશે એવા જણાય છે. તેના પર લેખો પણ માલુમ પડે છે. એક હાથી અગર ઘોડો કરાવવો હોય તો આજે હજારો રૂપીઆ આપતાં બનવું મુશ્કેલ છે.

અનર્ગલ દ્રવ્ય કમાયલા સલાટોએ, પ્રાપ્ત કરેલું ધન ઘેર લઇ જવા યોગ્ય ધાર્યું નહિ. તેમણે પોતે લક્ષ્મિ લઈ રાજી થવા કરતાં શેઠની સાથે પોતાનું નામ અમર કરવા યોગ્ય ધાર્યું. ને તેઓએ પોતાને ખરચે પોતાની બધી શક્તિ ને કારીગીરી

સલાટોની ધર્મશ્રદ્ધા. ખરચી "સલાટોનું દેરાસર" બાંધ્યું; ને તેમાં વધેલો સામાન પણ ગતે ઘાલ્યો. આ મંદિર કારીગીરી તેમજ ભવ્યતામાં અદ્ભુત છે. આવી સલાટ જેવી કોમ—તેઓને પણ મંદિર બંધાવવાની ઉદાર ઇચ્છા થઇ તો પછી બીજી શી વાત!

આબુના ડુંગર પર ચંપા તથા ગુલાબના મોટાં મોટાં ઝાડો પુશ્કળ છે ને ફુલ પણ અનર્ગલ આવે છે, જે મંદિરમાં તેમજ જનોપયોગમાં ઘણાં આવે છે. તે સીવાય આંબા તથા લીંબુ પણ ઘણાંજ થાય છે, ને રાજ્ય તરફથી કોઈ પણ ફુલ, વનસ્પતિ, હવા ને જાતની બંધી સીવાય, ગમે તે માણસને ગમે તેટલી ફેરી વગેરે

ગુફાઓ. તોડી વાપરવા છુટ છે. અહીંની હવા શીતળ પ્રફુલ્લ મન કરનાર, તથા ક્ષયના દરદીઓને માફક આવે તેવી છે. ગરમી, પરસેવો, તથા ફેફડાનું પાણી તો અહિં સ્વપ્ના માંયે માગો તો પણ ન મળે. અહીંનો સખ્તમાં સખ્ત તાપ, શીયાળાના પ્રાતઃકાળના તડકા જેટલો ગરમ લાગે છે. અહીં ઘણી ગુફાઓ છે જે બહારથી નાની તથા અંદરથી વિશાળ તથા સગવડવાળી હોય છે. તેમાં ચાતુર્માસ કરનાર તથા જયુક્ના રહેનાર યોગીઓ રહે છે. અહીં હિંસક પશુઓનો ભય જણાતો નથી.

દેલવાડાથી દોઢ માઈલ દૂર યુરોપીઅનોએ કેંપ બનાવ્યું છે. જેમાં રાજપુતાનાના

રાજાઓ, ઠાકોરો તથા યુરોપીઅનોના સંખ્યાબંધ બંગલાઓ આવી રહ્યા છે. તે બધાઓ ઉનાળાની ઋતુમાં ઉતરી પડે છે. પોલો, હોકી, ટેનીસ, ક્રીકેટ, બેડ-આણુ કેંપને સનસેટ પોઇંટ; મીંગટન જેવી સુન્દર રમતોમાં યુરોપીઅન તથા દેશી બઈરાંઓ વખતો વખત સાંજે ઉતરી પડે છે ને કેંપને વધુ રળીયામણું બનાવે છે. બગીચાઓ, કલબો, બંગલાઓ ને રમત ગમતની જગ્યાઓથી કેંપ બહુ રળીઆમણું લાગે છે.

કેંપથી દોઢેક માઈલ દુર "સનસેટ પોઇંટ" આથમતા સૂર્યને નીરખવાની જગ્યા છે. એક ઉંચા ઓટલા પર બેસી, સામેની તદ્દન ખાલી જણાતી જગ્યા ઉપર પૃથ્વિ ને આકાશની વચ્ચે, દૃષ્ટિ મર્યાદામાં ઝુલતો સૂર્ય સાંજે થોડા તેજવાળો બની જાણે આખા દિવસના થાકથી કંટાળ્યો હોય તેમ, ઘેર જવા નીકળેલો જણાય છે. લાલ ગોળો આથમવાની તૈયારી કરતાં હજારો રંગો આકાશમાં ધારણ કરાવે છે. રમણિય આકારોને રંગે વિલસી રહેતો વાદળાનો સમુદાય ક્વચિત રૂપેરી ને ક્વચિત સોનેરી સાથીઆ પુરતો, તો કદાચ મેઘધનુષ્યના સુન્દર રંગોથી રંગાયલા ઓઢણાં જેવો પહેરવેશ પહેરતો, છેવટે સૂર્ય પરાવર્તો પરાવર્તો, જાણે પાઠ કર્યા વગર આવેલો નીશાળીઓ માસ્તરે પુછેલા સવાલનો જવાબ ન આપી શકવાથી ભોંયમાં પેશી જવા માગતો હોય તેમ, ભોંયમાં પેસવા માંડે છે. જે "ઓ જાય–ઓ જાય" એમ કરતાંમાં તો 'ગેબ' થઇ જાય છે. આ જોઇ હવે આથમેલા સૂર્ય તરફ જોતાં જોતાં પાછાં કેંપમાં આવ્યાં ને તેર માઇલનું સુન્દર **નખી તલાવ** જોયું.

દેલવાડાથી પાંચેક માઇલ દૂર અચળગઢ નામે ગીરીશૃંગ છે ત્યાં જવાય છે. ત્યાં શૃંગની ટોચીમાં અચળેશ્વર મહાદેવનું સુન્દર મંદિર છે. તેમજ તેની નજીક **'ભીમનીમોઇ'** ભીમસેનને રમવાની લોખંડી મોઈ પડેલી છે. પથ્થરનાં બાંધેલાં અચળગઢમાં અચળેશ્વર તથા પગથીયાં પર થઇ ઉપર જતાં મોટું જૈન મંદિર આવે છે. જેમાં

જોવાલાયક જગ્યાઓ.

ચૌદસો ચુમાળીશ મણ વજનની નકર સોનાની ચૌદ મૂર્તિઓ બિરાજે છે. જે જોઈ કૃતાર્થ થયાં. ઉપર ભર્તુહરી તથા ગોપીચંદની ગુફાઓ, કુંભારાણાનો પડી ભાગેલો મ્હેલ તથા શ્રાવણ ભાદરવો તળાવ જોવા લાયક ગણાય છે. તે જોઈ સાંજે પાછાં દેલવાડે ગયાં.

દેલવાડાના કારભારી મુનીમની બેદરકારીથી સારું સીધું, શાક, દુધ, દહીં, શાક, કપડાં ધોવાનું, તથા વાહનની ઘણીજ અગવડ યાત્રાળુઓને વેઠવી પડે છે. યાત્રાળુ તથા મુસાફરોને પોતાની સાથેજ સીધું તથા શાક લઈ જવા ભલામણ છે.

દેલવાડામાં અગવડ.

અપ્રતિમ સુન્દરતાથી ઉભરાતાં દેવાલયો નીબીડ તરૂરાજ, ફળફુલવાળાં વૃક્ષો, ગુફાઓ, રણાં આદિથી વિભૂષિત હોવાથી મગરૂર જણાતા કાળા આબુગિરીને છેલ્લાં પ્રણામ કરી મે સાંજે સાતે બેસી સવારે પાંચ વાગે ખરેડી આવ્યા, ને સવારે સાતની ગાડીમાં નીકળી પોરે બે વાગે અમદાવાદ આવ્યા તો તાપે તોબા તોબાં પોકરાવી. નક્કી કર્યું કે આવતે વર્ષે પણ હવે તો આબુજ જવું કે ગરમી ને ગરબડથી મુક્ત થવાય.

મહાબલેશ્વરની મુસાફરીનું વર્ણન.

લેખક:—બ્હેન 'જયવંતી'.

મહાબલેશ્વર એ મોટા પહાડોની ઉપર આવેલું છે અને તે હવા ખાવાનું તથા તીર્થનું મોટું ધામ છે. મહાબલેશ્વરની સીઝન નવેમ્બર, ડીસેમ્બર, માર્ચ, એપ્રીલ અને મે એટલા મહીના રહે છે. જે વખતે નામદાર ગવરનર તથા બીજા રાજા રજવાડા તથા પૈસાદાર લોકો હવા ખાવાને જાય છે અને તે વખતે ત્યાંનો દેખાવ ઘણોજ ચીત્તાકર્ષક લાગે છે.

મહાબલેશ્વર જવાને માટે પુના સ્ટેશનથી સધર્ન મરાઠા રેલ્વેમાં બેસી વથાર સ્ટેશન ઉપર ઉતરવું પડે છે અને રેલ્વે ટીકીટના રૂા. ૦–૧૧–૬ પડે છે. અમે પુનેથી તા. ૨૮મી સપ્ટેમ્બરે સ્વારની સાડાસાત વાગે ઉપડતી ટ્રેનમાં બેઠા હતા. આ રેલ્વેના ડબ્બા ઘણાજ નાનાં હોય છે, અને આગગાડી પહાડોની બાજુમાંથી પોતાનો રસ્તો કરતી વાંકી ચુકી જાય છે અને કેટલીક જ્ગોએ પહાડોની અંદરના બુગદા (Tunnel)માં થઇ આગળ વધે છે, અને તે દેખાવ ઘણો રમણીય લાગે છે. પુનેથી ચોથું સ્ટેશન આણંદી આવે છે, જ્યાંથી શીવાજીનો શીવનેરી કીલ્લો પહાડ ઉપર દેખાય છે. ત્યાર પછી જેજુરી આવે છે, જ્યાં દક્ષણી લોકોની મોટી જાત્રા ભરાય છે. ત્યાં ડુંગર ઉપર ઘણાં દેવળો છે; જેમાંનું મોટું દેવળ ખંડોબાનું છે અને ઉપર જવાનાં પગથીઆં છે. આ દેવળો પેશ્વાના વખતનાં બાંધેલા છે અને તેમની બાંધણી ઘણીજ સુંદર છે. આ બધો દેખાવ ટ્રેનમાં બેઠા બેઠા દેખાય છે. ત્યાં આસપાસના ગામમાં પહાડોની ખીણમાં ફળો જેવાં કે દાડમ, સંતરાં, અંજીર વગેરેના મોટા મોટા બગીચા હોય છે; ત્યાંથી પુના ગામના વેપારીઓ ખરીદી કરી મુંબાઈ મોકલાવે છે. આ ફળો સ્ટેશન ઉપર ત્યાં ઘણાંજ સસ્તાં મળે છે. ત્યાર પછી ચાર સ્ટેશન આવે છે, પણ તેમાં કાંઈ જાણવા લાયક હેવાલ ન હોવાથી અત્રે લખ્યું નથી.

અમો વથાર (Wathar)ના સ્ટેશન પર સાડાબાર વાગતે બપોરે પહોંચ્યા. તે વખતે મહાબલેશ્વરની સીઝન ન હોવાને લીધે ટાંગા કે મોટર અમોને મળી શક્યાં નહિ. અમો બધાં મળીને આઠ માણસો હતાં અને સામાન પણ હતો તેથી અમે બે ગાડાં ભાડે કર્યાં, જે દરેકનું ભાડું રૂા. ૮ હતું. જેમાંના એકમાં અમારો સામાન નાંખ્યો અને બીજા ગાડામાં અમો સર્વે બેઠાં. વથારથી મહાબલેશ્વર ચાલીસ માઇલ છે અને સડક ઘણી મોટી છે. રસ્તામાં જતાં પહેલું ગામ પીમ્પુડા આવે છે, પછી સાકરખીડી અને સરકલવાડી આવે છે. જ્યાંથી બે માઇલનો ઘાટ ઉતરવો પડે છે એટલે નીચે શીરગાંવ આવે છે. ત્યાં ઉતારૂઓને માટે નાની ધર્મશાળા છે. ત્યાંથી આગળ જતાં હુકુરડા ગામ આવ્યું: જ્યાં આગળ રાત્રી થવાથી અમોએ ત્યાંની પોલીસ ચોકીમાં અમારો મુકામ કર્યો અને દુધ પુરી ખાઈ ગાડાના શ્રમને લીધે તરતજ નીદ્રાવશ થયાં. પરોઢીએ ત્રણ વાગે ઉઠી સ્નાન કરી ચાર વાગતે પાછી અમારી મુસાફરી શરૂ કરી એટલે સવારના સાત વાગતે વાઈ નામના ગામમાં આવ્યાં, જ્યાં કૃષ્ણા નદી વહે છે. એ ગામ ઘણું મોટું છે. અને એની આજુ બાજુ મોટા પહાડો છે. કૃષ્ણાનો ઘાટ ઘણોજ જોવા લાયક છે કારણ કે નદીની અંદર પેશ્વાઓએ મોટા મોટાં દેવળો બંધાવ્યાં છે, જેની બાંધણી ઘણી વખાણવા લાયક છે. વાઈ ગામમાં પ્લેગ ચાલતો હોવાને લીધે અમો ગામમાં ન જતાં ઘાટ આગળ આવ્યાં. અત્રેથી બે સડક છે. જેમાંની એક સતારા જાય છે અને બીજી મહાબલેશ્વર જાય છે. એ બન્નેનું છેટું વાઈથી વીસ મા-

ઇલ છે. અમો સવારના સાડાસાતે વાગતે ઘાટ નજીક આવ્યાં. જેનું નામ **પાસરની** ઘાટ છે. જેનો ચઢાવ છ માઇલનો છે અને ચઢવાને પહાડની બાજુમાંથી મોટી સડક કરી છે, જે વાંકીચુકી થઇ ઘાટની ટોચ ઉપર જાય છે. આ ઘાટમાં કોઇ પણ ઠેકાણે પાણી મળી શકતું નથી અને બળદો ચઢાવને લીધે ઘણાજ ધીમા ધીમા ચાલે છે. અત્રે ઘાટની વચમાં ગાડા દીઠ ચાર આના દસ્તુરી (Toll) લે છે. અમે બપોરના બે વાગતે આ ઘાટ ચઢી રહ્યાં અને ટોચ ઉપર આવ્યાં, જ્યાં **ધાંડેગર** પ્લેગ કેમ્પ છે. ત્યાં આગળ એક સરકારી ડાક્ટર અને પાંચ પોલીસ રહે છે. જે માણસોએ પ્લેગની રસી મુકાવી હોય તેઓને મહાબળેશ્વર જવા દે છે નહિ તો તેમને ત્યાં આગળ દશ દીવસ ક્વોરનટાઇનમાં રાખે છે. અમોએ ત્યાં વીશ્રાંતી લેવાનો વીચાર કરી ત્યાં ઉતર્યાં. અમો સર્વેએ પ્લેગની ટોચાવેલી રસી હોવાથી કશી અડચણ પડી નહિ. ત્યાં અમોએ રસોઈ કરી અને જમીને થોડી વિશ્રાંતી લીધી. અત્રેથી ખીણોનો દેખાવ કે જેમાં નાનાં ગામો આવેલાં છે તે તથા પહાડો ઉપર ઉગેલી વનસ્પતીઓનો દેખાવ ઘણોજ સુંદર લાગે છે અને ઈશ્વરી માયાનું ભાન કરાવે છે. ત્યાંથી અમો સાડાચાર વાગતે નીકળ્યા તે **પંચગની** નામના ગામમાં આવ્યાં. જે **ધાંડેગરથી** એક માઇલ છે. અત્રે સાહેબ લોકોના મોટા મોટા બંગલાઓ અને સુંદર બગીચાઓ નાની નાની ટેકરીઓ ઉપર આવી રહ્યા છે. **પંચગની** એ મોટું ગામ છે અને ત્યાંના રસ્તાઓ લાલ માટીને લીધે ઘણાજ સુંદર લાગે છે. અત્રેથી **મહાબળેશ્વર** બાર માઇલ રહે છે. અમો ત્યાં ન થોભતાં આગળ ચાલ્યાં ત્યારે ગુરેગર નામના ગામમાં જ્યાંથી ચારે બાજુના મોટા મોટા પહાડ તથા **સતારાનો** ઘાટ દેખાય છે ત્યાં પહોંચ્યાં. અત્રે પહાડોમાં નાના નાના ઝરા વહે છે ત્યાં આગળ ત્યાંના કોંકણી લોકો ભાત, બટાટા, વટાણા વગેરે વાવે છે, જે દેખાવ દુરથી જોનારને ઘણોજ આનંદ ઉપજાવે છે. ત્યાર પછી ગુરાડ અને **લીંગમળા** ગામ આવે છે જ્યાં મોટું તળાવ છે. તેમાંથી **વેના** નદી નીચે પહાડોની ખીણમાં પડે છે. પાણીનો ધોધ ઘણોજ જોવા લાયક છે. ત્યાં રાત્રી થઇ જવાથી અમો કાંઈ બીજા દેખાવ જોઈ શક્યા નહિ. અમો રાતના સાડાદશ વાગતે મહાબળેશ્વરમાં પહોંચ્યાં. અમારો મુકામ **મહાબળેશ્વરની** માલકમ પેંઠમાં હતો. ગાડામાં અમોને બેસવાનો મહાવરો ન હોવાને લીધે છોકરાંઓ ઘણાંજ કંટાળી ગયાં હતાં તેથી રાતના રસોઇ ન કરી અને દુધ પુરી ખાઇ થાકને લીધે નિદ્રાધીન થઈ ગયાં ને સવારના સાડાસાતે ઉઠયાં. તે વખત ઠંડી ઘણી હતી.

મહાબળેશ્વરની સીઝનને થોડા દીવસ બાકી હોવાને લીધે અત્રેનો બજાર બરાબર ભરાયલો નહોતો. પણ અમારી સાથે ઘણો થોડો સામાન લીધેલો હોવાને લીધે બજારમાંથી સામાન લાવવો પડયો હતો. અત્રે એંશી તોલાભારનો શેર હોય છે અને અનાજ વગેરે ભરીને આપે છે, જે માપને **પાલી** કહે છે. એક પાલી એટલે ચાર શેર થાય છે. અત્રે સીઝનની અંદર મુંબઇ કરતાં પણ સામાન ઘણો મોંઘો મળે છે. અત્રે પાણીને માટે ઠેકાણે ઠેકાણે કુવા અને ઝરા હોય છે. કુવાની ઉંડાઇ વીસ પચીસ ફીટ હોય છે જેના ઉપર લોખંડી **રહાટ** હોય છે, જેની ઉપર દોરડાં વીંટી પાણી કાઢે છે. અમો બીજે દીવસે મહાબળેશ્વરમાં ફરવા નીકળ્યાં.

મહાબળેશ્વરમાં બધા મળીને ૩૫૦ બંગલા છે, જે જંગલમાં ટેકરીઓ ઉપર એક એકથી દુર આવેલા છે, અને દરેક બંગલાનાં નામ જુદાં જુદાં હોય છે. મહાબળેશ્વરના ડુંગરનાં નાકાં એટલે જ્યાંથી ડુંગરની નીચેની ખીણોનો દેખાવ જોઇ શકાય છે તેને પોઇન્ટ છે. એમાંનાં પાંચ ઘણાંજ જોવા લાયક છે: તેમનાં નામ નીચે પ્રમાણે છે.

બેબીંગ્ટન પોઇન્ટ, કારનેગ પોઇન્ટ, બૉમ્બે પોઇન્ટ, લોડવીગ પોઇન્ટ, સેન્ટ આર્થર સીટ પોઇન્ટ. પહેલે દીવસે અમો બોમ્બે પોઇન્ટ જોવા નીકળ્યાં, કે જ્યાં જવાંજ રસ્તામાં ગવર્નમેંન્ટ હાઉસ આવે છે. ત્યાં મુંબઇના નામદાર ગવર્નરનો સીઝનમાં મુકામ હોય છે. ત્યાં જતાં રસ્તામાં બન્ને બાજુમાં ઝાડો ખીચોખીચ છે, જેની ડાળો સામ સામેના ઝાડોને મળી કુદરતી ઘટા રસ્તામાં કરી રહે છે જેને બપોરના સૂર્યનો પણ તડકો ફરવા જનારને લાગતો નથી.

ગવર્નમેંન્ટ હાઉસ એક ઉંચી ટેકરી ઉપર આવેલું છે, જેની આજુબાજુમાં નાના મોટા ઘણાં બંગલાઓ છે. તેમાં નામદાર ગવરનરના રસાલાના માણસો રહે છે. ત્યાં આગળ કોઇના નદી વહે છે, જે ઉપરના ડુંગરમાંથી નીકળી નીચેની ખીણમાં પડે છે અને ત્યાંથી બીજા નાના ગામોમાં જાય છે, જે દેખાવ જોનારને ઘણોજ આનંદ ઉપજાવે છે. ગવર્નમેંન્ટ હાઉસમાં પાણીને માટે એન્જીન અને પમ્પ રાખેલાં છે જે કોઇના નદીનું પાણી ખેંચે છે.

ત્યાંથી સામેના ડુંગર ઉપર **શીવાજીનો** પ્રતાપગઢનો મજબુત કીલ્લો દેખાય છે, અને તેનીજ પાસે અફઝુલખાનની કબર દેખાય છે. કીલ્લાની અંદર માતાનું મોટું મંદીર છે જે **શીવાજીએ** સ્થાપેલું છે, અને મંદીરનો ખર્ચ આજુબાજુના ગામોની ઉત્પન્નમાંથી થાય છે. ત્યાં જવાને મહાબળેશ્વરથી બાર માઇલની મોટી સડક છે, અને ડુંગર ચઢવાને ખુરશી અથવા ડોળી મળી શકે છે. આ બધો દેખાવ બોમ્બે પોઇન્ટ પરથી દેખાય છે. ત્યાંથી પાસેજ કારનેગ પોઇન્ટ આવેલું છે જ્યાંથી ડુંગરની બીજી બાજુ તથા ઉંડી ખીણોના દેખાવ જોઇ ઉઠવાનું પણ મન થતું નથી. ત્યાં આગળ બેસવાને માટે બાંક હોય છે જે સખી ગૃહસ્થોએ ભેટ કરેલા છે. સાંજ ઘણી પડી હોવાથી અમારે મુકામે પાછાં આવ્યાં. બીજે દીવસે અમારો વિચાર જુના મહાબળેશ્વર જવાનો હતો.

જુનું મહાબળેશ્વર એ ત્યાંથી ચાર માઇલ આવેલું છે. ત્યાં જવાને બે રસ્તા છે. એક તો મોટી સડક છે, અને બીજો ઝાડીમાં થઇને જવાનો છે, અને તે ઘણોજ પાસે પડે છે અમે તેજ રસ્તે જવા નીકળ્યાં. ત્યાંથી સામેની બાજુના કૃષ્ણા નદીના તળાવનો દેખાવ ઘણોજ રમણીય લાગે છે. રસ્તામાં ઝાડી સિવાય બીજું કાંઇ જોવા લાયક ન હોવાથી તેનું વર્ણન અહીં કર્યું નથી. એક કલાકમાં અમો જુના મહાબળેશ્વર પહોંચ્યાં. ત્યાં પવિત્ર ગણાતો એક કુંડ છે જેમાં ગૌમુખમાંથી પાણી આવે છે. એ પાણી પાંચ નદીના સંગમનું છે, જે ડુંગરમાંથી જુદે જુદે રસ્તે આવી પથ્થરની નીકોમાં થઇ ગૌમુખમાં આવે છે. એ નદીઓનાં નામ કૃષ્ણા, વેન્ના, કોઇના, ગાયત્રી અને સાવીત્રી છે. એ કુંડ તથા આજુબાજુની જગા પથ્થરની કમાનોથી બાંધેલી છે અને ઉપર પતરાનું છાપરૂં છે. ત્યાં અમોએ સ્નાન કર્યું અને ભાગીરથી કુંડ આગળ ગયાં કે જ્યાં બાર વરસે ગંગા આવે છે, એમ ત્યાંના લોકો કહે છે. ત્યાં આગળ **મહાબળેશ્વર મહાદેવનું** મોટું દેવાલય છે, જ્યાં શીવરાત્રીને દીવસે ઘણી મોટી જાત્રા ભરાય છે. ત્યાં દેવળમાં પેસતાંજ આગળના ઓરડામાં એક મોટો નંદી છે જે એક પથ્થરમાંથી બનાવેલો છે, અને સામેના ઓરડામાં શીવલીંગ છે, અને તેની જટામાંથી પાંચે નદીઓ નીકળે છે એમ ત્યાંનાં લોકોનું માનવું છે. એ ઓરડામાં ઘણુંજ અંધારૂં છે અને તેથી યાત્રાળુને પુજારીઓ દીવા સળગાવી બતાવે છે. શીવનાં દર્શન કરી અમો ત્યાંથી નીકળ્યાં. ત્યાં પાછળ બ્રહ્મા અરણ્ય આવ્યું છે, જ્યાં બ્રહ્માએ તપ કર્યું હતું.

જુના મહાબળેશ્વરમાં યાત્રાળુને ઉતરવાને ધર્મશાળા છે; અમે ત્યાંના એક બંગલામાં મુકામ કર્યો હતો. અને સીધું સામાન લાવેલાં હોવાથી રસોઇની શરૂઆત કરી નાંખી હતી જે

બે કલાકમાં થઈ ગઇ. પછી અમોએ જમીને જરા વિશ્રાંતિ લીધી. અત્રેની વસ્તી ઘણે ભાગે બ્રાહ્મણની છે, જેઓ યાત્રાળુની દક્ષણા અને યજમાનવૃત્તી ઉપર ગુજારો કરે છે. ત્યાં આગળ કાંઇ પણ વસ્તુ મળી શકતી નથી પણ નવા મહાબળેશ્વર કે જેને ત્યાંના લોકો નહેર કહે છે ત્યાંજ મળે છે; ત્યાંથી સાંજના અમો અમારે મુકામે પાછાં આવ્યાં અને રસ્તામાં શ્રમને લીધે જલદીથી નિદ્રાધીન થયાં.

બીજે દીવસે અમો બજાર જોવા નીકળ્યાં જેને ત્યાં માલકમ-પેઠ કહે છે. એનું નામ માલકમ સાહેબ જે પહેલો યુરોપીઅન મહાબળેશ્વરમાં આવી વસ્યો હતો તે પરથી પડયું છે. બજારની દુકાનો ઘણીજ પાસે છે અને વેપારીનો મોટો વર્ગ મરાઠી છે. બજારની પાસે એક બાગ છે. ત્યાંથી આગળ સરકારી દવાખાનું, પોસ્ટ ઓફીસ, ટેલીગ્રાફ ઓફીસ, હોટેલો તથા બંગલાઓ જોઈ અમારે મુકામે પાછાં ફર્યાં.

ત્યાર પછી અમો ચાર દીવસ મહાબળેશ્વરમાં રહ્યાં, જેમાંની જાણવાજોગ બીના નીચે પ્રમાણે છે:—એક દીવસ અમો સતારારોડ જોવા નીકળ્યાં જ્યાંથી સતારા બત્રીસ માઇલ છે. અને કલેધરનો ઘાટ ઉતરવાનો છે. અમો ત્યાં પાંચેક માઇલ સુધી ગયાં, જ્યાં માચુભા નામનું એક ગામડું આવે છે. જ્યાં આગળ બટાટાનાં મોટાં મોટાં ખેતરો છે. અને પહાડના કુદરતી ઝરાઓ બારે માસ પાણી પુરૂં પાડી શકે છે. શાકની અંદર લીલા વટાણા, ફણસી, વેગણ, શકરીઆ, (સફેદ) અને સીંગ (ફરાળની) પુષ્કળ થાય છે. અનાજમાં ઘઉં, ચોખા, વરાઇ, એટલું પાકે છે. ત્યાંથી વેન્નાં નદીનો ધોધ પડતો દેખાય છે. તેની વચ્ચે પહાડમાં કોતર છે. ત્યાં સૌથી સરસ અને મોટા મધપૂડા બાઝે છે જે ત્યાંના જંગલી લોકો ઘણીજ સાવધગીરીથી કાઢે છે. કારણ કે તેની નીચે બે માઇલ ઉંડી ખાઇ છે. માચુભામાં એક ધર્મશાળા છે, જેનું છાપરૂં સરકારે કઢાવી નાંખ્યું છે. તે વીષે પુછતાં માલમ પડયું કે કોઇ પણ મુસાફર ત્યાં ઉતરે છે તે માંદો થઇ જાય છે અને અંદર ભૂત હોવાનો વહેમ છે. ત્યાં આગળ સતારા રસ્તાની ઓબઝરવેશન કેમ્પ છે. ત્યાં કવોરેન્ટાઈન છે. રહેવાનાં ઝુંપડાં તદન ઘાસનાંજ હોય છે. આજુબાજુના લોકો જેઓ મહાબળેશ્વરમાં સામાન વેચવા અથવા ખરીદી કરવા જાય તો તેઓ પાસે હડપ (કપડું અથવા ધાબળી) લઇ પાસ આપે છે. અને ચોવીસ કલાકમાં પાછા ફરવાનું કહેવામાં આવે છે. જે લોકો સતારેને રસ્તેથી આવી મહાબળેશ્વર થઈ બીજે ગામ જવાના હોય તો પોલીસની એસ્કોર્ટ સાથે મોકલવામાં આવે છે. તે પોલીસો બે માઇલ પર બદલાય છે. અને એ રીતે મહાબળેશ્વરના ઘાટપરથી નીચે ઉતારે છે, પણ મહાબળેશ્વરમાં એક રાત પણ રહેવા દેતા નથી. ઉપર લખ્યા પ્રમાણે વાઇના રસ્તાની ઢાંઉગર કેમ્પના કાયદા હોય છે.

મહાબળેશ્વરની નવાઇમાં, સ્ટ્રોબેરીઝ. રોઝ, બેરીઝ, બટાટા અને મધ છે. ત્યાં વરસાદ ચોમાસામાં બસોથી અઢીસો ઇંચ પડે છે તેથી ત્યાં દરેક બંગલા અને ઘરોને રાતા પથ્થર બાંધેલા હોય છે અને દરેક પતરાનાં છાપરાં હોય છે અને નળીઆં અને ઇંટ કોઈ પણ જગાએ દીઠામાં આવતાં નથી. ત્યાંના ડુંગરામાં લોઢાની ખાણો પુષ્કળ હોવાને લીધે ત્યાંનું પાણી ઘણુંજ ઉત્તમ છે, અને દરીઆની સપાટીથી ઘણુંજ ઉચું આવેલું હોવાને લીધે હવા પણ ઘણી સારી રહે છે.

પાછા ફરતી વખતે મહાબળેશ્વરથી વથાર સુધી અમે મોટરમાં આવ્યા હોવાને લીધે રસ્તામાં કાંઈ પણ જાણવાજોગ બીના બની નહોતી; ફક્ત અમો બે કલાકમાં વથારના સ્ટેશને પહોંચ્યા હતા. ત્યાંથી રેલ્વે ટ્રેનમાં બેસી રાતના સાડાદશ વાગતે અમારે મુકામે-પુને ક્ષીમકુશળ પહોંચ્યાં.

જંગબાર વિષે કાંઈક જાણવા જોગ.

લેખકઃ—સૌ. રતનબાઇ નારાયણજી ડોસાણી.—જંગબાર.

જંગબારઃ—જંગબાર (ઝાંઝીબાર.) શહેર આફ્રિકાનું મધ્ય સ્થળ છે, એમ કહીએ તો ચાલે. મુંબઈ અને જંગબાર વચ્ચે બ્રીટીશ ઈન્ડીયા કમ્પનીની તથા જર્મન લાઇનની સ્ટીમરો (આગબોટો) ફરે છે. જંગબાર આવતાં પ્રથમ આફ્રિકાનાં લામુ તથા મોમ્બાસા, એ બે બંદરો આવે છે. તે સિવાય આફ્રિકામાં બીજે કોઈ પણ બંદરે જવું હોય, તો પણ ત્યાં જંગબાર થઈનેજ જવાય છે. પ્રથમથીજ આ જંગબારના રાજ્યકર્તા આરબ છે અને તે જંગબારના સુલતાન કહેવાય છે. થોડાં વર્ષ થયાં જંગબારમાં બ્રીટીશ ગવર્નમેન્ટ (વહીવટ.) થયું છે અને આ વર્ષમાં તે બ્રીટીશ સંરક્ષક સત્તા તળે મુકાયું છે.

નીપજઃ—અહીંની મુખ્ય નીપજ લવીંગ તથા ટોપરાંની છે. અહીં લવીંગ આખી દુનિયાને પુરાં પડે તેટલાં થાય છે. આ સિવાય કેળાં, મચુંગા (નારંગી), સંતરાં, અનોનસ, જામફળ વગેરે મેવો, તથા જાયફળ, સોપારી વગેરે બહુ થાય છે. તેમાં મચુંગા બહુજ ઉત્તમ છે. તે લોહી સુધારનાર હોવાથી ડૉક્ટરો પણ ગમે તેવા રોગમાં મચુંગા ખાવાની સલાહ આપે છે, અને તે અહીંથી બહાર દેશાવર ખાતે પણ ઘણાં ચડે છે. જંગબાર સાથે પેમ્બાનો ટાપુ છે. ચારે તરફ પાણીની વચમાં એ એક બેટ છે. આ સમુદ્રને "ઇન્ડીઅન ઓશન" અથવા "હિન્દી મહાસાગર" કહે છે. જંગબાર ટાપુનો વિસ્તાર ૬૦ માઇલનો છે. અહીં પ્રથમ ગુલામી વેપાર ચાલતો હતો અને ત્યાં વેચાતા ગુલામોને બીજા દેશવાળાઓ પણ ખરીદ કરી જતા હતા. પણ હવે માયાળુ બ્રીટીશ સરકારના પ્રતાપથી આ અમાનુષી વેપાર સદંતર બંધ પડ્યો છે.

વસ્તીઃ—અહીંઆં આપણા ઇન્ડીયનો (હિન્દના વતનીઓ) ની વસ્તી લગભગ ૧૨૦૦૦ ની છે. તેમાં ખોજા કોમ વિશેષ છે. ખોજાઓમાં "ઇસ્નાઅસરી" ને "ઇસમાઈલી" એમ બે ભાગ છે. તે સિવાય હિન્દુ—જેવા કે નાગર, બ્રાહ્મણ, વાણીયા, ભાટીયા, જૈન, કણબી, લુહાણા, દરજી, સુતાર, કડીયા, કુંભાર, મોચી, વાળંદ, ખારવા, આદિ ઘણી કોમો છે. ૫૦૦ થી ૬૦૦ યુરોપીયનો છે. અહીંની નેટીવ (દેશી) પ્રજાનો રંગ કાળો છે તે "સ્વાહીલી" કહેવાય છે. તે પરથી આ ભૂમીને પણ કેટલાક "સ્વાહીલ ભૂમિ" કહે છે.

સ્વાહીલી ગોલીઓઃ—અહીં ખોજાઓનાં ઘરની અંદર કંઇક અપવાદ સિવાય સર્વે જગ્યાએ અત્રેની સ્વાહીલી સ્ત્રીઓ (ગોલીઓ) રસોઇ કરે છે. તેને "આયા" કહે છે. તે ઉપરાંત બચ્ચાંઓને પણ રમાડવા કરવા માટે મુખ્યત્વે કરીને તેજ "ગોલીઓ" ને રાખે છે. આ ચેપ આપણી હિન્દુ કોમને પણ લાગ્યા સિવાય રહ્યો નથી; અને તેથી તેમાં પણ પૈસાવાળાઓ હોય છે, તે પોતાની શ્રીમંતાઈ બતાવવા ખાતર અને બીજાની દેખાદેખીથી પોતાનાં સંતાનોને રમાડવા—ફેરવવાં વગેરેનું કાર્ય આ "ગોલીઓ" રાખી તેને સોંપે છે. આ કેટલું નુકશાનકારક છે, અને કુમળા મગજના બાળક પર આવી જંગલી સ્ત્રીના સહવાસથી કેટલી ખરાબ અસર થાય, તે સમજવાનું મારી બ્હેનોનેજ હું સોંપું છું!

હિન્દીઓનું આગમનઃ—આ જંગબાર ટાપુમાં પ્રથમ આવનારા હિન્દીઓમાં ભાટીઆઓ સૌથી પહેલા અને મુખ્ય હતા, અને તે વખતના અત્રેના રાજ્યકર્તા સુલતાનની મતલબ આ દેશને ખુબ આબાદ બનાવવાની હતી અને તે હિન્દુઓની કાર્યકુશળતા જોઈ, તેઓનાથી થશે તેવું માની, હિન્દીઓ પ્રત્યે બહુજ પ્યાર અને માનની લાગણી ધરાવતા

હતા, તેથી તેઓને ઘણા પ્રકારની સગવડો કરી આપી હતી. એટલે સુધી તે નામદારની આપણા લોકો તરફ પ્રીતિ હતી કે રાજ્યકારોબારની બધી સત્તા એક સમયે શેઠ જેરામ શીવજી (ભાટીયા)ના કબજામાં હતી, એમ કહીએ તો ખોટું નથી. એમ કહેવાય છે કે આ વખતે તે વખતના સુલતાને શેઠ જેરામ શીવજીને કહેલું કે તમે તમારી સ્ત્રીઓને તેડાવો. તમારે માટે રહેવાને આ જંગબારમાં જુદુંજ સ્થળ આપી, ત્યાં પાણી વગેરે દરેક પ્રકારની સગવડ કરી આપીશ. હું ખાસ સ્ટીમર મોકલું કે જેથી તેઓ વગર પૈસે આવે તથા બીજી પણ બક્ષીસો આપું. તે રાજ્યકર્તાની એટલી વિનંતી છતાં તે વખતે આ વાત હિન્દુ ભાઇઓને ગળે ઉતરી નહિ–ઠીક લાગી નહિ. વળી તે પછી થોડા વખતમાં એક હિન્દુ બ્હેન અહીં આવેલાં, તેને સુલતાને કેટલાક રૂપીઆ અને ઘરેણાં ભેટ પણ કર્યાં હતાં. આજે તો સમય બદલી ગયો છે! હિન્દુઓને તે વખતે પોતાની સ્ત્રીઓને માન-પાનથી અહીં બોલાવવાનું ઠીક ન લાગ્યું, તે તો ઠીક; પણ હવે તો સાધારણ માણસ ઉપરાંત વાણીયા, કુંભાર, ને મોચી ખારવા સુદ્ધાંતની સ્ત્રીઓ અહીં આવી છે. કારણ કે હાલની પૈસા કમાવાની દોડાદોડમાં માનાપમાનની આપણને થોડીજ દરકાર હોય-ને! એટલે એકંદર રીતે હવે જાણે આ જંગબાર શહેર એક આપણા ઇન્ડીયાનો ટુકડો ઉડીને અહીં આવી પડયો ન હોય, તેવો ભાસ થાય છે.

વિવિધ માહિતી:—પ્રથમ અહીં પાણી ભરવાના કુવા હતા; પણ હમણાં કેટલાંક વર્ષો થયાં નળ થયા છે, અને હાલમાં બ્રિટિશ સરકારે મેલેરીયા (તાવ)ના ભયથી કુવાને પુરી નાંખ્યા છે. અહીં બે ત્રણ માઇલ પર આવેલો એક પાણીનો નાનો ઝરો છે તે આખા જંગબારને પાણી પુરૂં પાડે છે. તેના પર હમણાં સરકારે બાંધકામ કરાવ્યું છે. અહીં આપણી બ્હેનોને પાણી ભરવા જવું પડતું નથી; પરંતુ પાણી ભરવાનો ધંધો કુંભાર આદિ કરે છે. પહેલાં અહીંના રસ્તા બહુજ સાંકડા અને ખડબચડા હતા, પણ હમણાં સરકારે રસ્તાને સુધાર્યા છે, અને તેથી આગળના કરતાં આ શહેરની શોભામાં બહુ વધારો થયો છે. સ્ટીમર જ્યારે જંગબારના બારામાં દાખલ થાય છે, ત્યારે શહેરની બહારની રમણીયતા તથા ભવ્યતા જોતાં મનને અપૂર્વ આનંદ થાય છે. મુંબઇમાં જેને "માળો" કહે છે તેમ અહીં તેને "ગુલફો" કહે છે. હિન્દુસ્તાન કરતાં આ મુલક પશ્ચિમ તરફ આવેલો હોવાથી અહીં અઢી કલાક સૂર્ય મોડો દેખાય છે. હિન્દુસ્તાનમાં અંગ્રેજી (સ્ટેન્ડર્ડ) ટાઇમ–વખત ચાલે છે; પરંતુ અહીં "અરબી ટાઇમ" ચાલે છે. એટલે સવારના એકથી શરૂ થાય, તે સાંજે બાર વાગતા સુધી, અને પાછા સાંજના ૧ થી શરૂ થાય તે સવારે ૧૨ વાગતા સુધી. ઇંગ્રેજી બપોરના ૧૨ વાગતાં અહીં અરબી ૬ વાગ્યા ગણાય છે. એજ પ્રમાણે બીજી ગણત્રી કરવી.

આપણા વ્હેમો:—ઇન્ડીયામાંના વ્હેમોને આપણી બ્હેનો અહીં પણ સાથે લાવેલી છે, અને અજ્ઞાનતાના પરિણામે સ્વચ્છતા આદિના નિયમો અને ખુલ્લી હવાના ફાયદા ના જાણી શકવાથી અનેક રીતે રોગોની ભોગ થઈ પડે છે; છતાં પણ વ્હેમોને છોડતી નથી.

મુલાકાતની રીત:—આપણે ઘેર કોઇ મળવા આવે અથવા આપણે ક્યાંક જઇએ, ત્યારે જેને ત્યાં જવું હોય તેના ઘરને બારણેથી "હોડી" એમ કહેવું પડે છે. સામો જવાબ મળે કે "હોડી" ત્યારેજ ઘરની અંદર પ્રવેશ કરી શકાય. તે મુજબ "હોડી" કહ્યા સિવાય જવું તે સભ્યતાની વિરૂદ્ધ ગણાય છે.

વિવિધ વિહાર.

પારસી કોમના રીત રીવાજો.

લેખકઃ મિસ જરબાનુ એચ. ભરૂચા.—અમદાવાદ.

જન્મ અને બચપણ—છોકરો યા છોકરીના જન્મ પછી છઠ્ઠે દિવસે રાત્રે એક થાળીમાં કાગળ, ખડીયો, કલમ, કંકુ, પાન, સોપારી, ચોખા, અને નાળીએર વગેરે મુકે છે. કેમકે અમારા લોકોની એવી માન્યતા છે કે તે દિવસે બાળકના લેખ લખવા એક દેવતાઇ બાઈ આવે છે, અને આ લેખને "છઠ્ઠીના લેખ" (વિધાત્રાના લેખ) કહેવામાં આવે છે. ત્યાર પછી બાળક દશ દિવસનું થાય છે, ત્યારે સુંઠ, ગૌનું દુધ, ભાત એવી રીતે દશ પાન લઈ દરેક ઉપર તે દરેક ચીજ થોડી થોડી મુકે છે. અને આ પાન પછી ઘરનાં માણસો વ્હેચી લઇને ખાઇ જાય છે. સવા મહીનાનું બાળક થાય છે, ત્યારે ત્હેની માને દસ્તુરજી (ગૌર)ની પાસે ધર્મક્રિયા કરાવ્યા પછી નવરાવવામાં આવે છે. એટલે તે દરેક ઠેકાણે અડકવા લાયક થાય છે. તે ક્રિયા કર્યાં પહેલાં તે એને કોઈ પણ વસ્તુને અડકવા દેતા નથી. જ્યારે એક વર્ષનું બાળક થાય છે, ત્યારે સગાંવહાલાં તથા માયાવાળાઓ તેને કપડાં, રમકડાં અને ઘરેણાંની ભેટ કરે છે.

જનોઈ યાને કસ્તી ધારણ કરવાની ક્રિયા.

જ્યારે બાળક સાત વર્ષનું થાય છે, ત્યારે તેને ધર્મની બાબતોમાં દાખલ કરવામાં આવે છે. બાળકની ઉમ્મર સાતથી નવ દશ વર્ષની થાય ત્યાં સુધીમાં તેને "કસ્તી" ધારણ કરાવવી જોઇએ, નહિ તો ઇશ્વરનો ગુન્હો કર્યા જેવું ગણવામાં આવે છે. વળી એવી સમજણ છે કે જ્યાં સુધી બાળકે "કસ્તી" ધારણ કરી ના હોય, ત્યાં સુધી જે કાંઇ ભૂલથી તે ગુન્હો અથવા પાપ કરે, તે સઘળા ત્હેની માના શીર ઉપર રહે છે. તેથી બનતાં સુધી બાળકને સાત વર્ષની ઉમ્મરેજ "કસ્તી" પહેરાવવામાં આવે છે, અને આથી ઘણું પુન્ય થયું એમ ગણવામાં આવે છે. કસ્તી (સદરો અને કસ્તી) પહેરાવ્યા પહેલાં દસ્તુરજી (ધર્મગુરૂ) તેને બળદનું મુતર પાય છે. આ બળદનું મુતર જ્યારે બનાવવાનું હોય છે ત્યારે તે બળદને આઠેક દિવસ સુધી બાંધી રાખે છે. આ બળદને સારૂં સારૂં ખાવાનું (જેવું કે શીરો, મલીદો, વગેરે) ખવરાવે છે. આ સિવાય તેને કાંઇ પણ ખાવા દેતા નથી, અને જ્યારે તે મુતરે છે ત્યારે તે મુતરને વાસણમા ઝીલી લેવામાં આવે છે. આ મુતરને દસ્તુરજી ધર્મની ક્રિયા કરીને શુદ્ધ બનાવે છે. આ શુદ્ધ થયેલા મુતરને એક શીશીમા ભરી લેવામાં આવે છે અને જ્યારે લગ્ન યા જનોઇનો પ્રસંગ હોય છે, ત્યારે પાક (પવિત્ર) કરવા વાસ્તે માણસ પર ભરીને પાય ૭ ટીપાં આપવામાં આવે છે, જેવડે તે પુરૂષ યા સ્ત્રી "દીન" (ધર્મ)માં આવી શકે છે. આ પાક થયેલા મુતરને "તરો" કહેવામાં આવે છે. અને આ 'તરો' ધર્મની ચોક્કસ ક્રિયાઓ કર્યા પછી ત્રણ વખત લેવામાં આવે છે. તે પીધા પછી

દાડમનું પાંદડું ખાવા આપે છે. આ પાંદડાને ચાવી-થૂંકી-નાખવામાં આવે છે. ત્યાર પછી કુવાના પાણીથી નવડાવવામાં આવે છે. નાહી રહ્યા પછી પગથી માથા સુધી નવાં કપડાં પહેરવા આપે છે. પહેરી રહ્યા પછી દસ્તુરજી પોતાની સાથે અગીઆરી (અમારૂં ધર્મમંદિર) જ્યાં પવિત્ર આતસ-અગ્નિ હમેશાં બળતો હોય છે તેની આગળ જગ્યા રાખી હોય ત્યાં બેસાડે છે. ત્હેની સામે દસ્તુર ધર્મની ક્રિયાનો પાઠ ભણે છે; અને જે કસ્તી પહેરાવવાની ક્રિયા છે તે ભણતી વખતે બાળકના ગળામાં સદરો (ટુંકી બાંયનું પહેરણ) નાંખે છે. ત્યાર પછી સદરાનું ગદીયાન (કપડાની કાપલી) સદરા ઉપર રાખવામાં આવે છે અને જેને અમો ઘણીજ પવીત્ર ગણીએ છીએ, તે પકડાવી રાખે છે. ત્યારપછી તેને આખા શરીરે સદરો પહેરાવે છે. પછી તેને ઉભો રાખે છે અને દસ્તુર પોતાના બન્ને હાથો પકડાવે છે. પણ બાળક તેમની બાંય પકડી રાખે છે. પછી ભણતાં ભણતાં કસ્તી બાંધે છે અને છેવટે પછી જે કાંઈ ભેટ-પહેરામણી આવી હોય તે પહેરાવે છે.

લગ્ન ક્રિયા.

જ્યારે છોકરો યા છોકરી સત્તર કે અઢાર વર્ષની અથવા તેથી પણ મ્હોટી ઉમ્મરનાં થાય છે, ત્યારે તેઓનાં લગ્ન પોતાની મરજીથી કરવામાં આવે છે. આ લગ્ન થયા પહેલાં તેમની સગાઈ કરે છે. જ્યારે સગાઈ (જેને અદરાવવું કહે છે તે) કરે છે, તે વખતે છોકરીની સાસુ છોકરીને માટે એક થાળીમાં છોકરીનાં કપડાં લઇને આવે છે. અને તેને "સેસ" કહે છે. ત્યાર પછી તેને પોતાને ઘેર લઈ જાય છે, જ્યાં છોકરીને છોકરો એક બીજાની વીંટીઓ અદલબદલ કરે છે. લગ્ન વખતે ચાર દિવસ અગાઉ માંડવો રોપે છે. જ્યારે માંડવો રોપે છે, ત્યારે ઘરના ઓટલા આગળ ખાડો ખોદે છે. ખાડો ખોદતી વખત વરનો યા કન્યાનો બાપ માથે લાલ સાડી બાંધી પોતાના હાથે ખોદી તેમાં સોનું, રૂપું અને મોતી મુકે છે. આ મુકેલું કોઈ ગરીબ માણસ લઈ લે છે. પછી, "વરધ" ભરે છે. (ચાર નદીના પાણીથી ભરેલા ઘડાઓ હોય છે, તેના ઉપર લોટના મ્હોટા રોટલા જેવડાં વડાં કરી તે ઘડાઓ ઉપર મુકે છે. આની ઉપર લાલ સાડી ઢાંકે છે. આને વરધ કહે છે.) પછી દસ્તુર ધર્મની ક્રિયા એના ઉપર કરે છે. ત્યાર પછી આ ઘડાઓમાંથી એકેક ઘડો પાડોશીઓને ત્યાં મોકલવામાં આવે છે. લગ્નના ચોથે દિવસે પીઠી ચોળે છે. દસ્તુર "તરો" પીવડાવે છે. પછી સાંજે સાડાચાર વાગે નવરાવે છે; આને "નાહન નાહા." કહીએ છીએ. ત્યાર પછી વાદળી અગર સફેત રંગનાં લગ્નનાં કપડાં પહેરી એક બાજુ છોકરી બેસી રહે છે. છોકરા (વર)ને પણ આવી રીતે નવરાવે છે. ત્યાર પછી વરરાજન વાજા સાથે કન્યાના બાપે જે જગા મુકરર કરેલી હોય, ત્યાં જાય છે. સાંજના સાત વાગે ચોરી સારે છે. ત્યાર પછી દસ્તુર ચોખાથી આશીરવાદ આપે છે. આ વખતે સગાં વહાલાઓ તરફથી ભેટ આપવામાં આવે છે. આ એક વખતનો આશીર્વાદ પૂરો થાય છે. પછી વરરાજની સાળી વરના પગ ઉપર દૂધ અગર પાણી રેડે છે. આ ધોવરામણીના પાંચ અથવા તેથી વધારે રૂપીઆ વહુની બ્હેનને આપવામાં આવે છે. પછી વરકન્યા જમવા બેસે છે. જમ્યા પછી તેઓ ફરવા જાય છે. રાત્રે બે વાગે ફરીથી ચોરી સારે છે. અને દસ્તુરજી આશીર્વાદ આપે છે. ત્યારપછી કન્યાને વરરાજા પોતાને ઘેર લઈ જાય છે. તે વખતે કન્યાના પગ પાણીની માટલીમાં બોળાવે છે. (પાણીનું માટલું જેમ ભરેલું રહે છે, તેમ આ

ઘર ભર્યું રહે એવા હેતુથી.) આને "ખરપડુ" કહે છે. છેડાછેડી છોડતી વખતે વહુની બ્હેનને તે પૈસા મળે છે.

મરણક્રિયા.

માણસ મરણ પામ્યા પછી, તેને કોઇ અડકતું નથી. પછી તે મુડદાને નવરાવે છે. દસ્તુરજી તેને તરાથી સાફ કરી પવિત્ર કરે છે. પછી તેને કપડાં પહેરાવે છે. અને પછી કુતરાને તે માણસનું મોઢું બતાવે છે તથા એ આરસ પહાણના પથરા ઉપર સુવાડે છે. પછી તેની ઉપર મંત્ર ભણે છે. ત્યારપછી એટલે કે રવાન (શબ)ને લઈ જતી વેળા, તેને "ગ્યાન" (લોઢાની ખાટલી) ઉપર મુકે છે. અને પાછું લઈ જતી વખતે કુતરું દેખાડે છે. પછી તેની ઉપર સફેદ કપડું નાંખે છે, અને બધી બાજુથી બાંધી લે છે. અને તેને દસ્તુરો ઉપાડી લે છે. રવાનને દોખમા (મરી ગયેલાંને નાંખવાની જગો)માં લઈ ગયા પછી તરાથી ઘર પવિત્ર કરે છે અને ત્યાર પછી જ્યાં આગળ રવાન મુકયું હોય તે જગ્યા ઉપર દીવો બળતો રાખે છે, ને ત્યાં પાણીનો લોટો ભરેલો અને ફુલ નાંખે છે. એવી રીતે કરીને ચાર દીવસ સુધી તે જગ્યાની ઉપર અમારા દસ્તુરજી રાત દીવસ ભણે છે, અને મરણની રાતે આખી રાત ભણે છે. ચાર દીવસની ક્રિયાનો ખરચ ઘણો મોટો થાય છે. મરણ પામ્યાને ત્રીજે દીવસે માણસો મરી ગયેલાંને ત્યાં બેસવા જાય છે. અને અગીઆરીમાં જાય છે. ત્યાંથી તે મરેલાંને ઘેર આવે છે, જ્યાં આગળ ફુલ પાણી માણસોને આપે છે. પછી સૌ પોતપોતાને ઘેર જાય છે. ત્યાર પછી ત્રીજે દીવસે બધાં બૈરાં ઘરનાં બૈરાં આગળ દીલાસો દેવા આવે છે. અને દશ દીવસ થયા કે મરેલાને માટે આટાનાં ચપટાં કરે છે, અને પોળી (વેઢમી), શબ મુકયું હતું તે જગ્યા ઉપર મુકે છે. અને ત્યાં દસ્તુરજી ભણે છે. પછી તે બહાર મોકલાવે યોતો ઘરમાં રાખે, ત્યાંસુધી દરરોજ દસ્તુર ભણવા ઘેર આવે છે. પછી છમાસી (૬ મહીના) વીત્યા પછી મરેલાંને માટે બધી જાતની મીઠાઈ બનાવે છે; ૩૩ ઇંડાં, ૩૩ ચપટાં; જાતજાતની મીઠાઈ, વગેરે દસ્તુરજીનાં બૈરી, જેને અમે "ગોરાણી" કહીએ છીએ, તે પોતે બનાવે છે. અને તેની ઉપર દસ્તુરજી શાસ્ત્રનું ભણતર ભણે છે. પછી તે પણ પાડાપડોશીને ત્યાં મોકલે છે. તે લઈ જનાર અમારાજ માણસો હોય છે. હીંદુઓ-મુસલમાનોને અમે તેને હાથ લગાડવા દેતાં નથી. પછી વરશી આવે છે, અને તેને માટે દાહેકો ગણવામાં આવે છે. તે દીવસે બધી ચીજ થોડી થોડી બનાવે છે, અને દસ્તુરજીને તે ભણવા આપે છે. તેની ઉપર ભણી રહ્યા પછી લોબાન ધુપ મુકી, તે મુવેલાની નૈવતે પુગે એમ કરી, તે બધું લઈ લઇએ છીએ. અને તે બધું કરવાને માટે એક માણસ ચોખ્ખું થાય છે; એટલે તે કશાને અડકતું નથી. નાહી ધોઈ સ્વચ્છ કપડાં પહેરે છે. વરસ દીવસ પછી દાહેકે દાહેકે તેનું ભણતર કરવામાં આવે છે.

કુતરાનું મ્હોં શબને બતાવવા વિષે એવી માન્યતા છે કે સ્વર્ગનો રસ્તો મરનારને બતાવે. મરણ પછી રડવાની અમારા ધર્મ શાસ્ત્રમાં સખ્ત મનાઇ છે.

દાડમનું પાંદડુ ખાવા આપે છે. આ પાંદડાને ચાવી થૂંકી નાખવામાં આવે છે. ત્યાર પછી કુવાના પાણીથી નવડાવવામાં આવે છે. નાહી રહ્યા પછી પગથી માથા સુધી નવાં કપડાં પહેરવા આપે છે. પહેરી રહ્યા પછી દસ્તુરજી પોતાની સાથે અગીઆરી (અમારૂં ધર્મમંદિર) જ્યાં પવિત્ર આતસ-અગ્નિ હમેશાં બળતો હોય છે તેની આગળ જગ્યા રાખી હોય ત્યાં બેસાડે છે. ત્હેની સામે દસ્તુર ધર્મની ક્રિયાનો પાઠ ભણે છે; અને જે કસ્તી પહેરાવવાની ક્રિયા છે તે ભણતી વખતે બાળકના ગળામાં સદરો (ટુંકી બાંયનું પહેરણ) નાંખે છે. ત્યાર પછી સદરાનું ગદીયાન (કપડાની કાપલી) સદરા ઉપર રાખવામાં આવે છે અને જેને અમો ઘણીજ પવીત્ર ગણીએ છીએ, તે પકડાવી રાખે છે. ત્યારપછી તેને આખા શરીરે સદરો પહેરાવે છે. પછી તેને ઉભો રાખે છે અને દસ્તુર પોતાના બંન્ને હાથો પકડાવે છે. પણ બાળક તેમની બાંય પકડી રાખે છે. પછી ભણતાં ભણતાં કસ્તી બાંધે છે અને છેવટે પછી જે કાંઈ ભેટ-પહેરામણી આવી હોય તે પહેરાવે છે.

લગ્ન ક્રિયા.

જ્યારે છોકરો યા છોકરી સત્તર કે અઢાર વર્ષની અથવા તેથી પણ મ્હોટી ઉમ્મરનાં થાય છે, ત્યારે તેઓનાં લગ્ન પોતાની મરજીથી કરવામાં આવે છે. આ લગ્ન થયા પહેલાં તેમની સગાઈ કરે છે. જ્યારે સગાઈ (જેને અદરાવવું કહે છે તે) કરે છે, તે વખતે છોકરીની સાસુ છોકરીને માટે એક થાળીમાં છોકરીનાં કપડાં લઇને આવે છે. અને તેને "સેસ" કહે છે. ત્યાર પછી તેને પોતાને ઘેર લઈ જાય છે, જ્યાં છોકરીને છોકરો એક બીજાની વીંટીઓ અદલબદલ કરે છે. લગ્ન વખતે ચાર દિવસ અગાઉ માંડવો રોપે છે. જ્યારે માંડવો રોપે છે, ત્યારે ઘરના ઓટલા આગળ ખાડો ખોદે છે. ખાડો ખોદતી વખત વરનો યા કન્યાનો બાપ માથે લાલ સાડી બાંધી પોતાના હાથે ખોદી તેમાં સોનું, રૂપું અને મોતી મુકે છે. આ મુકેલું કોઈ ગરીબ માણસ લઈ લે છે. પછી "વરધ" ભરે છે. (ચાર નદીના પાણીથી ભરેલા ઘડાઓ હોય છે, તેના ઉપર લોટના મ્હોટા રોટલા જેવડાં વડાં કરી તે ઘડાઓ ઉપર મુકે છે. આની ઉપર લાલ સાડી ઢાંકે છે: આને વરધ કહે છે.) પછી દસ્તુર ધર્મની ક્રિયા એના ઉપર કરે છે. ત્યાર પછી આ ઘડાઓમાંથી એકેક ઘડો પાડોશીઓને ત્યાં મોકલવામાં આવે છે. લગ્નના ચોથે દિવસે પીઠી ચોળે છે. દસ્તુર "તરો" પીવડાવે છે. પછી સાંજે સાડાચાર વાગે નવરાવે છે; આને "નોહન નાહ્યા" કહીએ છીએ. ત્યાર પછી વાદળી અગર સફેત રંગનાં લગનનાં કપડાં પહેરી એક બાજુ ...કરી બેસી રહે છે. છોકરા (વર)ને પણ આવી રીત નવરાવે છે. ત્યાર પછી વરરાજા ... સાથે કન્યાના બાપે જે જગા મુકરર કરેલી હોય, ત્યાં જાય છે. સાંજના સાત ...ે ચોરી સારે છે. ત્યાર પછી દસ્તુર ચોખાથી આશીરવાદ આપે છે. આ વખતે સગાં ...ાલાઓ તરફથી ભેટ આપવામાં આવે છે. આ એક વખતનો આશીર્વાદ પૂરો થાય છે. ...ી વરરાજાની સાળી વરના પગ ઉપર દૂધ અગર પાણી રેડે છે. આ ધોવરામણીના પાંચ ...થવા તેથી વધારે રૂપીઆ વહુની બ્હેનને આપવામાં આવે છે. પછી વરકન્યા જમવા બેસે ... જમ્યા પછી તેઓ ફરવા જાય છે. રાત્રે બે વાગે ફરીથી ચોરી સારે છે. અને દસ્તુરજી ...શીર્વાદ આપે છે. ત્યારપછી કન્યાને વરરાજા પોતાને ઘેર લઈ જાય છે. તે વખતે કન્યાના ... પાણીની આટલીમાં બોળાવે છે. (પાણીનું માટલું જેમ ભરેલું રહે છે, તેમ આ

છે. ઓસરીમાં જમણા હાથ તરફ જતાં અને ડાબા ઓરડાની લગભગ સામે ન્હાની પુજાની ઓરડી હોય છે. તેને મન્દિર પણ કહે છે. મન્દિરમાંથી અને રસોડામાંથી એકબ્બારણું ટાંકાંવાળી ઓસરીમાં પડે છે. અને બીજું મુખ્ય દ્વાર અંદરની ઓસરીમાં હોય છે. ઓરડાની પછવાડું લાંબી છીત્રી હોય છે. હવે પુરૂષ વર્ગને બેસવાની જગ્યા ડેલીમાં બેઉ બાજુના ઓટલા ઉપર હોય છે. કોઈ ડેલી કે ડેલા ઉપર મેડી હોય છે. તેને માઢ મેડીના નામથી ઓળખાવે છે. રહેણાક ઘર ઉપર મેડી હોય તો તેની ગોઠવણ નીચે પ્રમાણેજ હોય છે. જેટલા ખંડ નીચે તેટલાજ ઉપર અને તેને જમણા કે ડાબા ઓરડાની મેડી એ નામથી ઓળખવામાં આવે છે. તે ન્હાનાં દંપતીને સુવાના ઓરડા તરીકે વપરાય છે.

સરસામાનમાં ઠામ-વાસણ વગેરે ઓસરીમાં અને ગજારમાં મોટી લાકડાની છાજલી ઉપર ગોઠવાય છે. તેને માંડ કહે છે. બાકી ગોદલાં કે સામાન ઓરડામાં પેટી કે પટારા ઉપર રાખવામાં આવે છે. બેઠકમાં એક લાલ જાજમ અને એકાદ ગાદી તથા તકીયો હોય છે અને એકઢાળીયું ટેબલ હોય છે. આજ ઘરનું મુખ્ય રાચરચીલું કે ફરનીચર જે કહીએ તે છે. ઓસરીમાં હીંચકવાનું પાટીયું એટલે જેને ખાટ પણ કહે છે તે હોય છે.

આ પ્રમાણે ઘરની બાંધણી ખાસ કરીને હાલારમાં અને સાધારણ રીતે આખા કાઠીયાવાડમાં હોય છે. તો પણ સ્થળફેરે જુજ ફરક પડતો હશે. છતાં બે ઓરડાં ઓસરી અને રસોડું એવું ઘર તો બધે જોવામાં આવે છે. અને આંગણું તથા ડેલી ઘર રસ્તા ઉપર એમને એમ હોતાં નથી.

આ ઘરની બાંધણી ઉપરથી વિચાર કરતાં એટલું તો કહી શકાય છે કે જે જાતની રહેણી કરણી અસલ પ્રચલિત હતી તે જોતાં તો બહુજ સુઘાથી અને વિચારપૂર્વક બંધાએલી છે. હવે જમાનો બદલાતાં અને તેને લઇ વિચાર પણ બદલાતાં આ જાતનાં મકાનો અનુકૂળ આવતાં નથી એટલે હવે નવાં ઘરો આ પ્રમાણે બંધાતાં નથી. માત્ર કહેવાનું એટલુંજ કે અંત્યારે એક નિર્ણય ઉપર આવ્યાં નથી એટલે હજી ઘર કેવાં અને કઇ જાતનાં છેવટ અનુકૂળ થશે એ વિચારવા યોગ્ય અને ચચાપાત્ર પ્રશ્ન રહે છે.

અમારી તરફના રીત રીવાજ અને બીજી કેટલીક જાણવા જોગ હકીકત હવે પછી ફુરસદે લખોશ. આ બાબતની ચર્ચા કે ટીકા હું સર્વ બ્હેનોને સોપું છું. ફક્ત અહિંતો જે ખરી હકીકત છે, તેજ પ્રકટ કરવા ધારી છે.

એપ્રીલ-ફુલ.

૧. એપ્રીલ માસની શરૂઆત હોવાથી મનમોહને તેના મિત્ર નરોતમદાસને બાનું કરી ચાપાણીનું આમંત્રણ આપ્યું. સવારપર આવવા જણાવેલ અમુક જગ્યાએ મળશ કહેલ. સવારે મળતાં વખત કઢંગો ગણી સાંજપર સાત વાગે રાખ્યું. ચોકસ વચન લેવાયાં. તે બીચારો સાંનને દસે બરાબર સાયકલ લઇ કહેલ ઠેકાણે હાજર થયો. અર્ધો કલાક રાહ જોઇ પણ કોણ મળે! છેવટે એપ્રીલ ફુલમાં મૂર્ખ બની પાછો ઘેર ગયો. પણ ન સમજ્યો કે એપ્રીલ ફુલ! બન્યો. આ વાત સાંભળી બધાએ ગમન કરી ને તે હાસ્યને પાત્ર થયો.

૨. બી. આર્ટ કોલેજમાં એક મોટા ભાષણકર્ત્તા આવવાના છે. લગભગ ઑડીયન્સ ૨૦૦-૨૫૦ માણસોનું થયું. પ્રમુખ બીરાજ્યા પણ ભાષણકાર હાજરજ ન થયો. છેવટે બન્યા એપ્રીલ-ફુલ ! મી. વાગલેએ મહેનત કરાવી તસ્દી આપી તે માટે ક્ષમા માગી.

"કાન્તાગવરી"

ભરત રામની પાદુકા લઇ ગયા પછી ત્રણે જણ અત્રિ ઋષિના આશ્રમમાં ગયાં. ત્યાં ઋષિ પત્નીએ તેમનો આદરસત્કાર કરી સીતાને અલંકાર આપ્યા. પછી ઋષિનો આશીર્વાદ લઇ નીકળ્યાં અને દંડકારણ્યમાં પંચવટી નામના વનમાં ગોદાવરીને તીરે એક પર્ણકુટિ બાંધી રહ્યાં. લક્ષ્મણ કંદમૂળ ને ફળ લાવતા ને રામ સીતાનું રક્ષણ કરવા ઘેર રહેતા. તે પ્રમાણે કેટલોક કાળ વ્યતીત કર્યા બાદ સુર્પણખા નામની રાક્ષસી તેમની પાસે આવી અને નકામું ખરાબ વર્તન કરવા લાગી. આથી રામચન્દ્રની આજ્ઞા લઇ લક્ષ્મણે બાણ મારી ત્હેનાં નાક કાન કાપ્યાં. તેથી બૂમ મારતી ત્હેમના સોબતી ખર દુષણ વગેરે રાક્ષસ પાસે ગઇ અને સઘળી હકીકત કહી. ત્હેની સાથે આવવા ખર ને દુષણે કહ્યું આથી બધા રામ પાસે ગયા. ત્રીશીરા, ખર, ને દુષણ સરખા તો શું પણ એથી ભયંકર રાક્ષસને રામે લડાઇમાં હરાવ્યા. તેથી રાક્ષસી સુર્પણખા પોતાના ભાઇ રાવણ પાસે વેર લેવરાવવા લંકામાં ગઈ.

રાવણ રાજ્ય સભામાં બેઠો હતો ત્યાં સુર્પણખા રડતી રડતી આવીને બોલી, તું સ્વસ્થ કેમ બેઠો છે? જંગલમાં એક છોકરાએ અન્યાય કર્યો છે ત્હેનો બંદોબસ્ત કર નહિ તો ત્હારૂં સર્વસ્વ નાશ પામશે. તેણે મ્હારાં નાક કાન કાપી કદરૂપી કરી અને ખર દુષણ જેવાને પણ મારી નાંખ્યા. ત્હેની સાથે ત્હેનો એક ભાઈ છે તથા ત્હેની વહુ છે. તે ઘણીજ સુંદર છે. માટે હે ત્રીલોકના રાજ્ય કરનાર ત્હને તે યોગ્ય છે, એમ મને તો લાગે છે.

સીતાનું હરણ.

બ્હેનની આવી અવસ્થા જોઇ તથા ત્હેને મ્હોંડેથી વાત સાંભળી રાવણ ક્રોધથી લાલચોળ થઇ ગયો ને ગમે તે યુક્તિ કરી રામનો જલદી નાશ કરવો એમ નક્કી કર્યું. તે મારિચી નામના રાક્ષસ પાસે ગયો અને કપટ કરી સીતાને ફસાવી લાવવા કહ્યું. મારિચીએ કહ્યું કે ત્હને આવી બુદ્ધિ કોણે સુઝાડી? આવું દુષ્ટ કામ આદરવાથી કુંભકરણ વિભીષણ વિગેરે ભાઇઓ સાથે ત્હારૂં સર્વસ્વ નાશ થશે. પરંતુ મરણ પાસ આવેલું હોય ત્યારે ઓસડનો ગુણ લાગતો નથી તેમ મારિચીનો ઉપદેશ રાવણને રૂચ્યો નહિ. રાવણને સ્હમજાવવા ઘણા પ્રયત્ન કર્યા પણ તે સ્હમજ્યો નહિ, અને ઉલટી તેને ધમકી આપી કે મ્હારી આજ્ઞાનો ભંગ કરીશ તો ત્હને મારી નાખીશ. આથી મારિચીએ વાત કબુલ કરી ને બન્ને રથમાં બેસી દંડકારણ્યમાં ગયા. જ્યાં સીતાની પર્ણકુટી હતી તેની નજીકમાં જઇને મારિચી હરણનું રૂપ લઇ ચારે તરફ ફરવા લાગ્યો. તે હરણનું શરીર સોના જેવું, શીંગડાં પરવાળા જેવાં અને શરીર ઉપરના વાળ મોતી જેવા તથા ડોળા રત્ન સરખા જોઇ ત્હેને ઘેર પાળવા સીતાની ઇચ્છા થઇ, જેથી પોતાની ઇચ્છા રામને જણાવીને ઘણોજ આગ્રહ કર્યો. આથી સીતાનાં રક્ષણ માટે લક્ષ્મણને રાખી રામ હરણના માર્ગ તરફ ગયા. હરણ દેખા દઇ રામની પર્ણકુટિ ... સંતાઇ ગયું. આ કપટની રામને તરત ખબર પડી અને તેણે બાણ માર્યું. મારતાની પહેલેથી નક્કી કર્યા પ્રમાણે મોટેથી અવાજ કર્યો. ઓ સીતા! ઓ લક્ષ્મણ! કોઇ આવો ...રૂં રક્ષણ કરો. આવી બુમો સાંભળી સીતાને એમ લાગ્યું કે નક્કી કંઇ રામ ઉપર ...કટ આવેલું જોઇએ, એમ ધારી સીતાએ લક્ષ્મણને રામની તપાસ કરવા જવા કહ્યું. લક્ષ્મણે કહ્યું કે રામનો તે અવાજ નથી તથા રામને માટે કશી બીતી રાખવા જેવું નથી. તોપણ સીતાએ માન્યું નહિ. તેથી લક્ષ્મણે નીરઉપાય થઈ જવાની હા કહી. પરંતુ જતી વખત પર્ણકુટીને ફરતી રામની આણ દઇને ગયો. આ વખત રાવણ યતિનો વેષ લઇ ભિક્ષા માગવા પર્ણકુટિ પાસે આવ્યો. સીતા પર્ણકુટીની અંદરજ ઉભાં રહી ભિક્ષા આપતાં હતાં પરંતુ તે ન સ્વીકારતાં રીસ ચડાવી પાછા ફરવા માંડ્યું. તેથી બહાર આવી સીતા જેવાં આપવા જાય છે કે તરત ઉચકી રથમાં નાંખી લંકા તરફ ચાલવા માંડ્યું. (અપૂર્ણ.)

पत्रमंजूषा

૧. ગુજરાતી બ્હેનો શું વાંચે છે?

ગુજરાતી બ્હેનો શું વાંચે છે?—આ સવાલના જવાબમાં હું આ પત્ર લખું છું. મને વાર્તો વાંચવાનો ઘણોજ શોખ છે. અને તે પણ પારસી નવલકથા વાંચવાનો. કદાચ આપને આ જાણીને આશ્ચર્ય લાગશે. કારણકે ગૂજરાતી સાહિત્યમાં પારસી સાહિત્યને માટે બીલકુલ માન નથી. હું કંઈ વિદ્વાન નથી કે એ વિષે વધુ ચર્ચા કરૂં, પણ મારો નમ્ર અભિપ્રાય એવો છે કે એમાં પારસી સાહિત્યને થોડો ગેરઇન્સાફ થાય છે. પારસી નવલકથા, અને માસિકોમાં આવતી છુટક વાર્તાઓ અસલ કરતાં અંગ્રેજીના તરજુમા વધારે હોય છે, અને તેથી તે વાંચવી વધારે ગમે છે, કારણકે અંગ્રેજીનું જ્ઞાન મેળવવાને જે કમનસીબ હોય છે, તેને એ રીતે અંગ્રેજી સંસાર, રીવાજો, એ લોકોના સમાજના કાયદા વિગેરે ઘણી બાબતોનું જ્ઞાન મળે છે. સાથે નીતિ વિગેરે બાબતો પણ ઘણી સુન્દર અને રસિક રીતે હોય છે, કે તે વાંચતી વખતે અશુદ્ધ ભાષાનો વિસ્તાર રહી શકેજ નહિ, પણ એમજ લાગે છે કે જાણે આપણે અસલ વાર્તાજ વાંચતા હોઇએ. મને લાગે છે કે 'નીતિ' નું સીધી રીતે શિક્ષણ આપવાથી, એટલે કે "પતિવ્રત પાળજે!" "નીલિની સાડી પહેર!"—"શીયળની ચોળી પહેર!"—વિગેરે ઘણાંઓ લખે છે, તેમ નીતિના બોધથી જે હેતુ પાર ન પડે તે હેતુ રસિક નવલકથામાં રસિક રીતે ગુંથેલ નીતિના બોધથી વધારે સારી રીતે પાર પડે છે. પારસી ભાષા અશુદ્ધ છે એ ખરૂં, પણ ટુંકાં વાક્યોમાં ઘણી સુન્દર ઉપમાઓ અને સારા વિચારો બતાવવા, એ જે અંગ્રેજી સાહિત્યની ખુબી છે તેનો પણ તરજુમોજ હોય છે, અને તેથા મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે પારસી વાર્તાઓ વાંચવી તે નુકશાનકારક નથી. આપની સંસ્કારી ગુજરાતી ભાષામાં એવાં સુન્દર ભાષાન્તરો બહાર પડે છેજ ક્યાં? કોઇક ભાષાન્તરો છે ખરાં પણ તે કેવી કઠોર ભાષામાં? મહાન કવી શેકસ્પીઅરની નવલકથાઓ "ઓથેલો" અને 'મેઝર ફોર મેઝર' એનું ભાષાન્તર બહાર પડેલું છે, પણ તે વાંચતાં અસલ વાર્તાનો રસ બીલકુલ સચવાઈ રહેતો નથી. અને બન્ધુ સમાજની વાર્તાઓ બાજુએ મુકતાં હાલના આપણા ગુજરાતી લેખકોની વાર્તાઓ બહુધા હાથમાં લેવીએ ગમે નહિ એવી હોય છે. એવા લેખકો વાંચનારનો રસ તુટી જશે એવો વિચારજ રાખતા હોય એમ લાગતું નથી. પોતાની પંડીતાઇ બતાવવી, એ વધારે અગત્યનું તેમને લાગે છે. અને એવી "સુપડે રોપલે" ઉભરાતી અરસિક ગુજરાતી વાર્તા કરતાં મને તો પારસી (અંગ્રેજી) વાર્તાઓ વધારે ગમે છે. પારસી લેખકોની વગી એક વિશેષ ખુબી એ છે કે હાસ્યરસ પણ તેઓ પોતાના લખાણમાં લાવી શકે છે. પારસી વાર્તાઓમાં બ. ન. કાબરાજીની નવલકથાને સૌથી ઉંચી પંક્તિએ મુકવી મને વધારે ગમે છે. આમાં હું અમુક કોઈ ઉપર આક્ષેપ મુકવા માગતી નથી, પણ મને જે લાગ્યું છે તે લખ્યું છે. હું એક ઉચ્ચ જ્ઞાતિની હિંદુ સ્ત્રી છું અને હિંદુ હોવાનું મને અભિમાન છે પણ જે ખરૂં હોય તે સ્પષ્ટ કહેવું, એવો મારો અભિપ્રાય હોવાથી મને યોગ્ય લાગ્યું તે મેં લખ્યું છે. કાંઇ વધારે પડતું લખાયું હોય તો ક્ષમા કરશો.

(વડોદરા.)

સૌ. દક્ષા મહેતા.

૫. લખવા થતી વૃત્તિ.

..... આપે મંગાવેલું ...વર્ણન હું મારી ફુરસદે લખી શકાશે તેવું થોડા દિવસ પછી લખી મોકલીશ. હાલમાં મેં લખવાનો પ્રયાસ નહિ કરેલો હોવાથી આપને અરૂચતું લાગે તો પ્રકટ ન કરતાં પરત મોકલાવશો.

શ્રીમન્ ઉપેન્દ્ર ભગવાનનું રચેલું કાવ્ય તેમના તરફથી નીકળતી "સદુપદેશ શ્રેણી"માં ...પ્રકટ થયેલું છે. પરંતુ મેં એક વખત સુન્દરી સુબોધમાં તેમને હસ્તે રચાયલું "પ્રભુને પ્રાણથી પ્યારા, પધારો આ મઢુલીમાં !" એ પદ વાંચ્યું હતું. તેથીજ આ (સાથે મોકલેલું) સ્ત્રીઓને બોધ લેવા લાયક હોવાથી આપના તરફ (પ્રકટ થવા) લખી મોકલ્યું છે.

અમારા હૃદયમાં ઉત્સાહ રેડનાર...બન્ધુ ! આપ બ્હેનોને માટે ઘણી કાળજી રાખો છો, તેમજ ઉત્તેજન આપો છો, જે ઉપકાર અમારાથી કદી ભૂલાય તેમ નથી. સુન્દરી સુબોધ મને ઘણું પ્રિય લાગે છે. દરેક અંકમાં એવું જ્ઞાન સહિત લખાણ આવે છે કે જે હાથમાંથી છોડવાજ ગમતું નથી...તેમાં કેટલીક બ્હેનો તરફથી લખાયલા વિષય જોઈ મને પણ લખવા વૃત્તિ થઇ આવે છે. પરંતુ "મારાથી સારૂ લખાશે નહિ," એ વિચારથી પાછું મન મંદ પડી જાય છે. ...વળી ઘરકામથી જરા ફુરસદ ઓછી મળે છે. માટે બન્ધુ ! આપને હરકત ન હોય તો "કેવી રીતે લખવું" અને "શા વિષય પર લખવું" તે ટૂંકામાં આ બ[illegible] નીને દર્શાવી જશો, તો ઉપકાર થશે.

મારા પર મારી એક સખીનો કવિતામાં લખેલો પત્ર છે, તે જો આપની ઇચ્છા હોય તો હું લખી મોકલું. મેં આપના માસિકમાં તેવાં કાવ્યો વાંચ્યાં છે, માટેજ લખું છું. સૌ. વિજ્યાલક્ષ્મી બ્હેન જેવાં સ્ત્રીલેખકના સ્વર્ગવાસથી આપના પત્રને ઘણી ખોટ પડી છે. ખરે, તેમના તરફથી લખાયલાં કાવ્યો ઘણાં માર્મિક અને સારાં છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પો ! છેવટે બન્ધુ ! પરમાત્મા આપના શુભ કાર્યમાં સહાયતા કરે, આપના પત્રના ગ્રાહકોમાં પ્રતિદિન વધારો કરે, એ મ્હારી અંતીમ શુભેચ્છા છે.

(વડોદરા), લિ. આપના માસિકની તેમજ આપની...શુભેચ્છક ભગિની. * * *

૬. એક વાંચકની મમતા.

...તમે અમારા માટે માસીક કાઢો છો. જાનેવારીનો ને ફેબ્રુઅરવારીનો અંક નીકળે છે તે "ગુજરાતી" પત્રમાં કરેલી ટીકા તથા તમે આપેલા જવાબ ઉપરથી જાણ્યું. મારે એક બેનપણીને ત્યાં સુંદરી સુબોધ આવે છે, તે અમે બે જણી સાથેજ વાંચીએ છીએ [illegible]નારી ને ફેબ્રુઅરવારીનો અંક આવ્યો નથી તે મોકલશો. એનું ઠેકાણું આ પ્રમાણે છે.. [illegible]રીમાં તમે જે ટીકા કરી છે તે ખરી છે. મને એ વાંચવાનું બહુ ગમે છે ને હું પણ ઘરનાં માણસને દેખાડીને જરૂર મંગાવીશ. કારણ કે......સુવાવડ માટે એને પીયર ગઈ છે એટલે હમણાં માસીક વાંચવા મળતું નથી.

અમે કાઠીઆવાડની બાઇડીઓ અભણ છીએ. પણ સુંદરી સુબોધમાં વાર્તાઓ ને જ્ઞાનનો બોધ એવું આવે છે તેથી અમને ફાયદો થાય છે......નાનો ને મોટો અંક નીકળે છે તે જાણ્યું છે પણ મોટો અંક કેવી રીતે લેવાય, તે બધું વીગતવાર લખજો.

આ કાગળ મારા ઘરમાંથી વાંચીને [illegible] માસીકનાં વારેઘડીએ વખાણ કરે છે.